બ્રહ્મસ્વરૂપ
યોગીજી મહારાજ

ભાગ-૫

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ શતાબ્દી મહોત્સવ પ્રકાશન

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ

ભાગ-૫

લેખક
સાધુ ઈશ્વરચરણદાસ

પ્રકાશક
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

BRAHMASWARUP YOGIJI MAHARAJ, PART-5

(Biography of Brahmaswarup Yogiji Maharaj)

By Sadhu Ishwarcharandas

Inspirer: HDH Pramukh Swami Maharaj

Presented by:
Bochasanwasi Shri Akshar Purushottam Swaminarayan Sanstha
Shahibaug, Amdavad - 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad - 380 004. India.

3rd Edition:
May 2005. Copies: 5,000 (Total copies: 11,000)

ISBN: 81-7526-284-2

રજૂકર્તા: બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બી.એ.પી.એસ.)
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

લેખક : સાધુ ઈશ્વરચરણદાસ

તૃતીય આવૃત્તિ : મે ૨૦૦૫

પ્રત : ૫,૦૦૦ (કુલ પ્રત : ૧૧,૦૦૦)

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

ક્રમિકા

પ્રેમલધારા-૩

પ્રેમલધારા-૪

પ્રેમલધારા-૫

પ્રેમલધારા-૬

પ્રેમલધારા-૭

પ્રેમલધારા-૮

પ્રેમલધારા-૯

પ્રેમલધારા-૧૦

પ્રેમલધારા-૧૧

પ્રેમલધારા-૧૨

પ્રેમલધારા-૧૩

પ્રેમલધારા-૧૪

પ્રેમલધારા-૧૫

પ્રેમલધારા-૧૬

પ્રેમલધારા-૧૭

પ્રેમલધારા-૧૮

પ્રેમલધારા-૧૯

પ્રેમલધારા-૨૦

પ્રેમલધારા-૨૧

પ્રેમલધારા-૨૨

બ્રહ્મસ્વરૂપ
યોગીજી મહારાજ

ભાગ-૫



પૂર્વાંચલનું પ્રબુદ્ધ પર્વ

અક્ષરપુરુષોત્તમ સત્સંગ મંડળ કલકત્તાના અગ્રણી હરિભક્તો મણિભાઈ મહેતા, કાનજીભાઈ શેઠ, વૈષ્ણવ સમાજ - કલકત્તાના પ્રમુખ મૂળચંદભાઈ પારેખ, છોટુભાઈ ઠક્કર, વજુભાઈ કામદાર (મુંબઈવાળા), અમૃતલાલ વાઢેર, નંદલાલભાઈ કોઠારી, દલપતભાઈ અજમેરા, કાંતિભાઈ અજમેરા, પ્રભુદાસ અજમેરા, પ્રવીણભાઈ તથા કાંતિભાઈ શેઠ, ચીમનભાઈ દાણી, હંસરાજભાઈ ઠક્કર, માધવજીભાઈ ઠક્કર, ડૉ. ચંદ્રકાંતભાઈ ઠક્કર અને પ્રમુખસ્વામી, મહંત સ્વામી વગેરે સંતોએ કલકત્તાના 'ડમડમ' ઍરપોર્ટ ઉપર, શનિવાર, તા. ૨૦-૪-'૬૮ના રોજ સ્વામીશ્રીનું હારતોરાથી વી.આઈ.પી. કક્ષમાં સાંજે ૬-૪૫ વાગે સ્વાગત કર્યું. સ્વામીશ્રીને ઍરોપ્લેનથી સ્વાગત સ્થળ સુધી લાવવા માટે મોટર લઈ જવાની પરવાનગી મળી હતી.

સ્વામીશ્રીને શણગારેલ મોટરમાં પધરાવ્યા અને મહમદઅલી પાર્ક આવી પહોંચ્યા. ચીમનભાઈ દાણીની પેઢીએ થોડો સમય બિરાજ્યા.

તે દરમિયાન નગરયાત્રામાં સહુ સંતો તથા હરિભક્તો વ્યવસ્થિત રીતે ગોઠવાઈ ગયા. સૌથી મોખરે આતશબાજી પ્રગટાવતા યુવકો ચાલતા હતા. બૅન્ડ પછી લાઇટો તથા રંગબેરંગી કાગળનાં ફૂલોથી સુંદર શણગારેલી ખુલ્લી હંસ આકારની મોટરમાં સ્વામીશ્રી, પ્રમુખસ્વામી અને સંતસ્વામી બિરાજ્યા. સ્વામીશ્રીની મોટરની આજુબાજુ સ્વયંસેવકો કોર્ડન કરી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરતા અને જયનાદોથી વાતાવરણને દિવ્ય બનાવતા ચાલતા હતા. ત્રણ ખુલ્લી જુદા જુદા આકારની શણગારેલી મોટરોમાં સંતો બેઠા હતા. પછી હરિભક્તો અને ત્યારપછી મહિલા મંડળ મંગલ કળશ લઈ ધૂન કરતું ચાલતું હતું. મોટરોની બંને બાજુએ સ્વયંસેવકો વ્યવસ્થા કરતા ચાલતા હતા.

૭-૪૫ વાગે નગરયાત્રાનો પ્રારંભ થયો અને ૯-૦૦ વાગે 'પ્રિન્સેપ

સ્ટ્રીટ'માં સભા સ્થળે પધાર્યા. નગરયાત્રાનું આયોજન ચીમનભાઈ દાણી, પ્રસન્નવદન બક્ષી, પ્રવીણભાઈ શેઠ, કનુભાઈ ફડિયા વગેરેએ કર્યું હતું.

સભા સ્થળે મંડળના પ્રમુખ મણિભાઈ મહેતાએ સ્વાગત-પ્રવચન કર્યું. પ્રમુખસ્વામીએ સ્વામીશ્રીને હાર પહેરાવ્યો. પછી સર્વ હરિભક્તોએ એક પછી એક હારતોરા કર્યા. સ્વામીશ્રીએ સહુને આશીર્વાદ આપ્યા અને કલકત્તામાં અક્ષરપુરુષોત્તમનું મંદિર કરવાનો શુભ સંકલ્પ કરી પ્રસ્તાવ મૂક્યો. સહુ હરિભક્તોએ એકમના થઈ સત્સંગ લાભને માટે મંદિરનો પ્રસ્તાવ સ્વીકારી લીધો. સ્વામીશ્રી દલપતભાઈ અજમેરાને ત્યાં એવરેસ્ટ કૉલોનીમાં ઉતારે પધાર્યા.

આજે સ્વામીશ્રી વિમાનમાં બેઠા હતા એટલે શ્રીજીમહારાજની આજ્ઞાનુસાર રાત્રે સવસ્ત્ર સ્નાન કર્યું અને ઉકાળો-નાસ્તો કંઈ લીધું નહિ. આટલી ઉંમરે પણ શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે જ વર્તવાનું આવું તાન તેમને સ્વાભાવિક રહેતું. એમાં કોઈ વિક્ષેપ તેઓ ચલાવી લેતા નહિ.

તા. ૨૧મીએ સ્વામીશ્રી સવારે ૫-૧૫ વાગે ઊઠ્યા. સ્વામીશ્રીએ પૂછ્યું : 'અહીં બંગાળમાં મહારાજ પધારેલા ?'

હર્ષદભાઈએ કહ્યું : 'અહીં સુંદરવનમાં, કલકત્તાથી ૬૦ માઈલ દૂર પધારેલા. ગંગાસાગરનો સંગમ થાય છે. મકરસંક્રાંતિને દિવસે લાખો માણસો ભેગા થાય છે.' *'સબ તીર્થ બાર બાર ગગાસાગર એક બાર'* – એવો આ તીર્થનો મહિમા છે.'

એક હરિભક્ત પ્લેનમાં મુંબઈ જતા હોવાથી પૂજા વખતે પત્રો લખી આપ્યા. અને પ્લેનમાંથી ઊતરી સીધા મંદિરે જઈ, સમાચાર આપવા આજ્ઞા કરી.

પછી નિત્ય વિધિ આટોપી, પૂજા બાદ વચ. ગ.પ્ર. ૩ વંચાવી અદ્‌ભુત વાતો કરી, જીવ અક્ષરધામને પામે તેવા આશીર્વાદ આપ્યા.

યોગેન્દ્ર દેસાઈ (યોગસુંદર) દર્શને આવ્યા હતા. તેઓ સારા નૃત્યકાર ને શિક્ષક છે તે જાણી, સ્વામીશ્રી તેમને કહે : 'તમારો કાર્યક્રમ કરી બતાવો.'

સૌ હસી પડ્યા. પછી પૂછપરછ કરતાં જ્યારે જાણ્યું કે 'તેઓ ભક્તિબાના દીકરા ને મહેન્દ્ર બાપુના ભાઈ છે,' ત્યારે રાજી થઈ આશીર્વાદ આપ્યા.

સ્વાગત સભા

કલકત્તાના ગુજરાતી ભાઈઓ અને સત્સંગ મંડળ તરફથી સ્વામીશ્રીનું સ્વાગત સાંજે ૫-૦૦ વાગે પ્રિન્સેપ સ્ટ્રીટમાં વૈષ્ણવ સમાજ - કલકત્તાના પ્રમુખ

છોટુભાઈ ડી. ઠક્કરના અધ્યક્ષપદે કરવામાં આવ્યું હતું.

ધૂન-કીર્તન બાદ સ્થાનિક સત્સંગ મંડળ તથા લોહાણા જ્ઞાતિના અગ્રગણ્ય કાર્યકર્તા છગનબાપાએ હારતોરા કર્યા. મણિભાઈ મહેતાના સ્વાગત-પ્રવચન બાદ સ્વયંપ્રકાશ સ્વામી, પ્રમુખસ્વામી, હર્ષદભાઈ દવે, ગુજરાતના જાણીતા લેખક જયભિખ્ખુ, યુ.કો. બૅંકના ચૅરમૅન રમણભાઈ શાહ, નંદલાલભાઈ કોઠારી વગેરેએ સ્વામિનારાયણ સંપ્રદાયની વિશિષ્ટતા અને સ્વામીશ્રીની વિશિષ્ટતા દર્શાવતાં પ્રવચનો કર્યાં. અધ્યક્ષપદેથી છોટુભાઈએ પ્રવચન કર્યું. ચીમનભાઈ દાણીએ આભાર વિધિ કરી.

અંતે સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં *'હાંજી ભલા સાધુ...'* એ કીર્તન બોલી, સાચા સાધુનાં લક્ષણો સમજાવ્યાં. પછી આરતી કરી, સ્વામીશ્રીનાં દર્શન કરી, સભા વિસર્જન થઈ.

સભામાં આફ્રિકાથી સત્સંગી થયેલા પારસી ભક્ત રુસ્તમજી દર્શને આવ્યા હતા. તેમને ઘણાં વર્ષો બાદ મળવા છતાં સ્વામીશ્રી ઓળખી ગયા ને સભામાં જ બે-ત્રણ વખત નામ લઈને યાદ કર્યા. ને કહે : 'રુસ્તમજી પારસી ઘણાં વર્ષ ખોવાઈ ગયા હતા. ૨૦ વર્ષ પહેલાં મળ્યા હતા. વચનામૃત પંચાળા ૧લું તેમને સમજાવેલું તે હજુ યાદ છે. સુરતમાં મળેલા. પોસ્ટમાં હતા. સુરતમાં અરદેશર કોટવાલ પણ પારસી ભગત હતા.'

સ્વામીશ્રી રાત્રે પોઢવા પધાર્યા. કાંતિભાઈ શેઠના નાના દીકરા રોહિતભાઈ જમ્યા ન હતા. ઉતારે બધા પરવારી ગયા હતા. સ્વામીશ્રીએ સંતોને આજ્ઞા કરી, તેમને જમાડવાની ખાસ વ્યવસ્થા કરી. આમ, નાના-મોટા સૌનું સ્વામીશ્રી ધ્યાન રાખતા.

હરિપ્રકાશ સ્વામીને પહેલે જ દિવસે કલકત્તામાં નગરયાત્રામાંથી આવ્યા બાદ યુવક મંડળ સ્થાપવાની વાત કરી. બીજે દિવસે ફરીથી તેમને જ વાત કરી. આજે ઉકાળો લેતાં પણ એ જ વાત કરી.

દર વર્ષે કલકત્તા આવવાનો સંકલ્પ કર્યો. વળી, મદ્રાસ શહેર પણ જગાડવાનો સંકલ્પ કર્યો.

ઘણાં વર્ષો પછી કલકત્તાને આંગણે પધારતા સ્વામીશ્રીના દિવ્ય સ્વરૂપમાં સૌને અનેરું ખેંચાણ થયું હતું. બાર-બાર વર્ષથી સ્વામીશ્રીનાં દર્શન-સમાગમને ઝંખતા સૌ એકમને સ્વામીશ્રીનો લાભ લેવા તત્પર થયા હતા. વહેલી સવારે મંગળ પ્રવચનમાં ઘણા હરિભક્તો આવી જતા. ત્યારપછી પૂજામાં ને છેવટે

સવારની વચનામૃતની કથાનો લાભ તો કોઈ ચૂકતા જ નહિ. આ મોટા શહેરમાં દૂર દૂરથી પણ હરિભક્તો સમાગમમાં પહોંચી જતા.

'અજમેરા ભવન'માં કથાવાર્તા, કીર્તન-ભક્તિથી અલૌકિક વાતાવરણ જામ્યું હતું. ટેરેસમાં મંડપ બાંધ્યો હતો ત્યાં સવારની સભા થતી હતી. સ્વામીશ્રી જ્ઞાન સાથે ગમ્મત કરાવતાં બ્રહ્માનંદમાં સૌને તરબોળ કરી દેતા. ઘડીકમાં કોઈ હળવી વાતો કરી રમૂજ કરાવે, તો વળી બીજી જ ક્ષણે કોઈ ગંભીર મુદ્દાઓ સરળ રીતે સહજ વારમાં સમજાવી દેતા. ક્યારેક સંતસ્વામી પણ સુંદર રીતે નિરૂપણ કરી, વચનામૃતનું પાન કરાવતા.

આ પછી થોડી વાર આરામ કરી, સ્વામીશ્રી ટપાલ લખતા. દરમ્યાન પ્રમુખસ્વામી, સંતસ્વામી, મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી પધરામણીએ પધારતા. બપોરે પ્રસાદમાં સ્વામીશ્રી સાથે ઘણા હરિભક્તો પણ લાભ લેતા. ત્યારપછી કથા ને પૂજન બાદ સૌ વિખરાતા ને સ્વામીશ્રી આરામમાં પધારતા. પણ હર કોઈ પ્રસંગે સ્વામીશ્રી અહીંના હરિભક્તોને બોલાવી, યાદ કરી, ખબર-અંતર પૂછી, રમાડી, જમાડી, લાડ લડાવી સુખ આપતા ને હેત વધારતા.

સાંજે પણ ઘણા હરિભક્તો ઉતારે દર્શન કરવા આવતા. સાંજે નિત્ય વિધિથી પરવારી સ્વામીશ્રી સંતો-હરિભક્તો સાથે પ્રિન્સેપ સ્ટ્રીટમાં સભા સ્થળે પધારતા.

'યાહોમ' કરીએ તો ધાર્યું નિશાન પડે

તા. ૨૨મીએ મંગળ પ્રવચનમાં સ્વામીશ્રીએ કલકત્તામાં મંદિર બાંધવાનો સંકલ્પ કર્યો. પછી કહે :

'હરિમંદિર કરી, અક્ષરપુરુષોત્તમની પટની મૂર્તિઓ પધરાવવી. ઇચ્છાઓ ભગવાન પૂરી કરે. ભાવ જોઈએ. 'યાહોમ' કરવું જોઈએ. દશમો ભાગ તો કાઢવો જ. બધાય એવી રીતે કાઢે તો ધાર્યું નિશાન પડે. સંપ ને સુહૃદભાવ જોઈએ.

'ઊના પાસે એક ગામમાં કોળી ભગતે, મંદિર ઉપર ઘાસ ઢાંકેલું તે કાઢી, પોતાના ઘરનાં નળિયાં ઉતારી, મંદિર ઉપર નાખ્યાં. આવો મંદિરનો પક્ષ. લો. ૩ પ્રમાણે નિશ્ચય હોય તો શું ન થાય ?'

અગાશીમાં મંડપ નીચે સવારની કથામાં ગ.પ્ર. ૧૭ વચનામૃત વંચાવી વાત કરી :

'આશીવાળા દામોદરભાઈ ગાંઠનું ભાડું આપી, ૧૦ જણને શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કરવા લઈ જતા. માટે પૈસા મળશે, પણ દર્શન નહિ મળે.'

'મોળી વાત શું ? એક વખત હરિભક્તોએ સંતોને કહ્યું : 'અત્યારે મહારાજના સંતો જેવા સંતો કેમ નથી ?' ત્યારે સંતો કહે : 'તમે ક્યાં પર્વતભાઈ, ગોરધનભાઈ જેવા છો ?'

આજે સાંજે સ્વામીશ્રીના સાંનિધ્યમાં શ્રીમદ્‌ભાગવતના દશમ સ્કંધની પારાયણનો વિધિસર પ્રારંભ થયો. આ પ્રસંગે સ્વામીશ્રીની આજ્ઞાથી અમદાવાદના વિદ્વાન વક્તા ડૉ. ભગવતીપ્રસાદ પંડ્યા કથા કરવા આવ્યા હતા. કલકત્તા વૈષ્ણવ સમાજના અગ્રગણ્ય સદ્‌ગૃહસ્થો તેમજ સેંકડો અન્ય ભાવિક ભક્તો પણ આ પ્રસંગે લાભ લેવાનું ચૂક્યા ન હતા.

૭-૩૦ થી ૯-૦૦ વાગ્યા સુધી શ્રીમદ્‌ભાગવતનો કથા પ્રસંગ ચાલતો. શાસ્ત્રીજીની સંસ્કૃત પ્રચુર મધુર વાણીના અસ્ખલિત પ્રવાહમાં સૌ એવા તો મુગ્ધ બની જતા કે સમય પૂરો થઈ ગયાનું સ્મરણ થતાં સૌને દુઃખ થતું ને ફરીથી ક્યારે આ લાભ મળે તે માટે સૌ તલસી રહેતા. ભારતીય તેમજ પશ્ચિમાત્ય પંડિતોનાં સમર્થનો તેમજ આધુનિક વિચાર શૈલીથી પ્રસંગોની રજૂઆત ને તેની પ્રમાણભૂતતાના પુરાવાઓ વગેરે કથા પ્રસંગોમાં વણી લેવાથી કલકત્તાના વિદ્વાન સમાજને ઘણો જ આનંદ થતો.

ત્યારપછી સંતો તેમના અનુભવ-જ્ઞાનનો લાભ આપતા. છેવટમાં સ્વામીશ્રી પોતાની અમૃત વાણીથી સૌને પરમ શાંતિનો અનુભવ કરાવતા.

રોજ સવારે પૂજામાં ડૉક્ટર સ્વામી પણ હરિભક્તોને સ્વામીશ્રી પાસે લાવી વર્તમાન ધરાવતા હતા. તેમને કંઠી, માળા, પૂજા આપી, સત્સંગનો મહિમા સમજાવતા. આ પ્રસંગે મુંબઈથી કેશવચંદ્રભાઈ અમીન પણ ખાસ કલકત્તા દર્શને આવ્યા હતા. પોતાની સાથે કામ કરતા રણજિતભાઈ તેમજ ઍલેમ્બિક કંપનીના બીજા ઘણા ઑફિસરોને તથા બંગાળી ભાઈઓને સ્વામીશ્રી પાસે વર્તમાન ધરાવ્યાં.

દ્વેષના ઝેર ઉપર સાધુતાનું અમીઝરણું

સાંજે ૪-૪૫ વાગે અક્ષરપુરુષોત્તમ સત્સંગ મંડળના સભા સ્થાને વસંતભાઈને ત્યાં પધાર્યા. પછી કરબલા સ્ટ્રીટમાં, સ્વામિનારાયણના જૂના મંદિરે પધાર્યા.

સંતોએ સ્વામીશ્રીનું સ્વાગત તો ઠીક, પણ બોલાવ્યા પણ નહિ. અને 'જય સ્વામિનારાયણ' પણ ન કહ્યા ! સ્વામીશ્રી નિર્માનીપણે નીચે હરિભક્તોનાં

આસન પર બેસી ગયા. હંસરાજભાઈ શેઠ ને કોયાભાઈએ સંતોની લાઇનમાં આસન ઉપર બેસવા સ્વામીશ્રીને નમ્રતાપૂર્વક ભાવથી કહ્યું, પણ જૂનાગઢના તે પીઢ સંતે સ્પષ્ટ ઇન્કાર કરતાં કહ્યું : 'ત્યાં જ બેસો.'

પછી સ્વામીશ્રીએ પૂછ્યું : 'અહીં જૂનાગઢવાળા સાધુ ક્યાં છે ?'

ત્યારે કોઈએ તે સાધુને બતાવ્યા. એટલે સ્વામીશ્રીએ તેમની ઓળખાણ પૂછી. ત્યારે તે કહે : 'હું તમારી સાથે વાત કરવા નથી માગતો.'

તે સાધુએ મોં મચકોડ્યું અને આડું જોઈને બેસી રહ્યા. સ્વામીશ્રી સામું જોવા પણ તેઓ તૈયાર ન હતા. તેથી એક સ્થાનિક હરિભક્તે સ્વામીશ્રી વતી પૂછ્યું : 'તમે જૂનાગઢ દેશના ?'

ત્યારે મોઢું બગાડી તે સંતે પોતાની ઓળખાણ આપી કે 'બાળમુકુંદ સ્વામી અમારા ગુરુ હતા.'

સૌ કચવાતે મને મંદિરથી ઉતારે આવ્યા. સ્વામીશ્રીના આવા હડહડતા અપમાનથી મણિભાઈ મહેતા વગેરે કેટલાક હરિભક્તો ખૂબ જ ગુસ્સે થઈ ગયા કે 'આ સાધુની સ્વામીશ્રીનું અપમાન કરવાની શી હિંમત !' મહામુસીબતે તેમને વાર્યા.

પછી તેમને સમજાવતાં સ્વામીશ્રી કહે : 'સાધુ બહુ સારા, આપણને દર્શન કરવા દીધાં.'

વળી કહે : 'આપણે મંદિરે શું કરવા ગયા હતા ? દર્શન માટે. તે થઈ ગયાં, પછી બીજો વિચાર કરવો નહિ.' એમ ગુણ જ લીધો ને સૌનો રોષ શાંત પાડી દીધો. એમની દિવ્ય દૃષ્ટિમાં ને વાણીમાં બળતા અંગારાને ઠારી દેવાની શક્તિ હતી !

દિલ્હી, કલકત્તા ને મદ્રાસમાં મંદિર કરવાનું ઘેલું

એક વહેલી સવારે સ્વામીશ્રીએ કાંતિભાઈ અજમેરાને કહ્યું : 'આપણે મંદિર કરવું છે, તો જગા શોધવા મંડી પડો. એક મંદિર દિલ્હીમાં કરવું છે. પછી એક મદ્રાસમાં. કરો ધૂન.' એમ અવારનવાર મંદિરના સંકલ્પમાં સૌને ભેળવતા ને પોતાનું કાર્ય શરૂ રાખતા.

તા. ૨જમીએ કથા પ્રસંગે આશીર્વાદ આપતાં કહે : 'હરિમંદિર થાય, મદ્રાસ, દિલ્હી ને કલકત્તામાં અક્ષરપુરુષોત્તમનો વાવટો ચડાવવો છે. માટે જગા શોધો.'

સાંજે આરતી પછી પણ રાજકોટમાં કેવી રીતે મંદિર થયું તે વાત કરી કહે : 'બાઢડાવાળા નારણભાઈ ગરીબ, તોય કર્યું, રાજુલાવાળાએ કર્યું. માટે મંદિર કરવું.'

પછી ઠંડાઈની વાત નીકળી ત્યારે કહે : 'ઠંડાઈ કરો, માલપુઆ કરો, પણ અત્યારે તો મંદિર કરવું છે !

પાંચને પૂછીને કાર્ય કરવું

તા. ૨૬મીએ સ્વામીશ્રી ૪-૪૫ વાગે ઊઠી, ડૉક્ટર સ્વામી, હરિપ્રકાશ સ્વામી, નારાયણ ભક્ત તથા અમે સૌ સંતો પૂજા કરતા હતા, ત્યાં એકલા આવ્યા. ને કહે : 'શ્રીમદ્‌ભાગવત ભણી કથા કરતાં શીખી જાવ.'

પછી બીજા ગ્રંથોની પણ કથા કરવાની વાત કરી. અને આશીર્વાદ આપતાં કહે : 'વહેલા ઊઠી પ્રભાતિયાં બોલવાં. કથાવાર્તા કરવી.'

સંતો અષ્ટકો બોલ્યા પછી વાત કરી : 'નમ્યો તે સહુને ગમ્યો. દાસનું લક્ષણ શું ? પ્ર. ૧૪. ડાહ્યા પોતાનાં બીબાં ન છોડે. ભોળો સમજી ન શકે.

'કંઈ કામ કરવું હોય તો પાંચને બોલાવીને કરવું. શાસ્ત્રીજી મહારાજ ધણી હતા તોપણ અમને પાંચને બોલાવીને કામ કરતા.' એમ કહી મંદિર કરવા સંબંધી બળભરી વાત કરી.

અહીંના નવા ભક્ત પ્રસન્નવદન બક્ષીને કહે : 'તમારું નામ બે દી' ગોખવું પડ્યું ત્યારે યાદ રહ્યું !'

સૌને આ સાંભળી ખૂબ ગમ્મત થઈ. બક્ષીને આ રીતે સ્મૃતિ આપી દીધી.

તા. ૨૭મીએ કથા પ્રસંગમાં સ્થાનિક હરિભક્તોને સંબોધીને મંદિર કરવા બાબત વાત કરતા કહે :

'ગઢડાનું મંદિર કરતાં મહારાજે સોનેરી મોળિયું પહેરેલું તે ઉપર જાતે પથ્થર લીધા. લેલું હાથે લીધું !

'અમદાવાદમાં એક શેઠિયાએ આઠ લાખ રૂપિયા આપ્યા. હૉસ્પિટલ બંધાવી. એ કીર્તિનું દાન.' પછી ગઢડા મંદિરનો ઈતિહાસ વિગતથી કહ્યો.

વળી કહે : 'બાંગલા દેશનું (બંગાળ પ્રદેશનું) કલ્યાણ ક્યારે થાય ? મરતી મરતી કાન હલાવે, તો કામ ન થાય. 'યાહોમ' કરવું જોઈએ. પોતાની આંગળી કાપી હોય તો જ લોહી નીકળે. તો મંદિર થાય.

'બીજા દરબાર ઘણાએ; પણ દાદાખાચરનો દરબાર લખાણો. બીજા

દરબારમાં ઘુ-ઘુ-ઘુ એમ હોલા બોલે.

'દશાંશ ભાગ કાઢે તો ખરડો કરવો ન પડે. સરકારે 'એમ. ટેક્સ' નાખ્યો છે. એક લાખમાંથી દસ હજાર લઈ જાય. આવરદાનો ધર્માદો પણ કાઢવો.

'ગોંડલમાં મંદિર કરવું હતું તે અમદાવાદમાં હરિભક્તોના બાર બાર પગાર લીધા. પચાસ હજાર થીયા. મુહૂર્ત અમદાવાદમાં થીયું. બધા સુખી થઈ ગયા. કોઈને ખોટ નથી પડી. સેવા કરે તો મેવા મળે. જૈનનાં મંદિર, વૈષ્ણવનાં મંદિર, તો સ્વામિનારાયણનું નહિ ?'

આમ, મંદિર કરવા સૌને વધુ ને વધુ જાગ્રત રાખતા.

સાજે નારાયણપ્રસાદ સ્વામીનાં અધ્યાત્મવાદનાં રહસ્યમય ચિત્રોનું એક પ્રદર્શન 'યુનાઈટેડ કોમર્શિયલ બૅંક'ના વાતાનુકૂલિત હૉલમાં યોજવામાં આવ્યું હતું. જેનું ઉદ્‌ઘાટન બૅંકના ચૅરમૅન આર.બી. શાહે કર્યું. સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપ્યા. શાહે જણાવ્યું કે આ પ્રસંગે - આ નિમિત્તે પોતાની બૅંકમાં સ્વામીશ્રીનાં પગલાં થયાં તે બૅંકનું અને પોતાનું મોટું ભાગ્ય છે.

અહીં સૂર્યોદય વહેલો થતો. તેથી વહેલી સવારે પક્ષીઓનો કલરવ પણ બહુ થતો. સ્વામીશ્રી ઘણી વાર બહુ વહેલા લગભગ ૪-૦૦ વાગે ઊઠીને સભાખંડમાં પધારતા. એક વાર અમને કહે : 'સૂર્ય વહેલાં દર્શન દે છે, તે ઊંઘતો નહિ હોય ?'

'બાપા ! એ તો વહેલો ઊંઘી જાય.' નારાયણ ભક્તે કહ્યું.

'એમ ! પણ બીજે પ્રકાશતો હશે ને...! ભગવાનની આજ્ઞા કેવી પાળે છે.' સ્વામીશ્રીએ સમર્થન કર્યું.

આ પ્રમાણે જોતજોતામાં ભાગવત સપ્તાહના સાત દિવસ ક્યાં પૂરા થયા તેની કોઈને ખબર ન પડી.

તા. ૨૮મીએ સ્વામીશ્રી ૪-૨૫ વાગે ઊઠીને ઠાકોરજીના રૂમમાં આવ્યા. કોઈ ઊઠ્યું ન હતું. તે સૌને ઉઠાડ્યા. મંદિર કરવાની વાત કરી.

આજે પારાયણની પૂર્ણાહુતિ હોવાથી સવારની આરતી વહેલી કરી. ઉકાળા-પાણી કરી, સીધા સભા હૉલમાં ૮-૩૦ વાગે પ્રિન્સેપ સ્ટ્રીટ પધાર્યા.

સવારે ૧૦-૦૦ વાગે કથાની સમાપ્તિ થઈ. પ્રાસંગિક પ્રવચનો થયાં પછી સ્વામીશ્રીએ સૌને અંતરના રૂડા આશીર્વાદ આપ્યા. આ પ્રસંગે સંતોએ બનાવેલો એક મોટો હાર મંડળ તરફથી સ્વામીશ્રીને અર્પણ કરવામાં આવ્યો. જે પ્રસાદીરૂપે સ્વામીશ્રીએ વૈષ્ણવ સમાજના અગ્રણી છગનબાપાને પહેરાવ્યો. આ

પછી સૌએ સ્વામીશ્રી તથા સંતોનું-ગ્રંથનું પૂજન કર્યું.

સાંજે ૫-૦૦ વાગે પ્રિન્સેપ સ્ટ્રીટમાં જ રવિવારની જાહેર સત્સંગ સભા યોજવામાં આવી. જેમાં ધૂન-પ્રાર્થના બાદ પત્રિકા વાંચી સભા ભરવાની સ્વામીશ્રીએ આજ્ઞા કરી. પત્રિકા આવી ન હતી, તેથી લેવા મોકલ્યા. રવિવારે પત્રિકા પ્રમાણે સભા થાય તેનો સ્વામીશ્રી અત્યંત આગ્રહ રાખતા. ગ.પ્ર. ૫૯ સંતસ્વામીએ સમજાવ્યું.

સ્વામીશ્રીએ શ્રીજીમહારાજે પંચાળામાં મંદિર બાંધવાનો સંકલ્પ કર્યો તે વાત કરી, કલકત્તામાં મંદિર બાંધવાનો સંકલ્પ વધુ દૃઢ કરાવ્યો.

આજે ઘણા ભાવિક ભક્તોએ લાભ લીધો હતો.

આ પ્રસંગે ઘણા હરિભક્તો આજુબાજુથી તેમજ ગુજરાતથી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. આસનસોલથી જૂના પારસી હરિભક્ત રુસ્તમજીભાઈ તથા બીજા કેટલાક હરિભક્તો, કટકથી મુંબઈવાળા ચત્રભુજભાઈ આશરા, જમશેદપુર, બનારસથી કેટલાક હરિભક્તો તેમજ મુંબઈથી પુરુષોત્તમદાસ ફડિયા, ડૉ. કૃષ્ણાભાઈ મહેતા, જીતુભાઈ, રજનીભાઈ, નવીનભાઈ, પ્રવીણભાઈ, સુરેશભાઈ દાણી વગેરે યુવકો, અમદાવાદથી અંબાલાલભાઈ તથા રાજકોટથી પ્રવીણભાઈ કક્કડ, ભેંસદડથી રામજીભાઈ મેપા, જામનગરથી ભાસ્કરભાઈ તથા સત્સંગ મંડળના લગભગ ૧૫ થી ૨૦ હરિભક્તો પણ છેક અહીં સુધી સમાગમનો લાભ લેવા પધાર્યા હતા. આ પહેલાં સર્વ વ્યવસ્થા માટે હર્ષદભાઈ દવે તથા પ્રભુદાસભાઈ સાંગાણીએ એક માસ અગાઉ આવી, મંડળને દોરવણી આપી હતી.

પ્રગટનું સુખ !

હવે થોડા દિવસો જ બાકી રહ્યા હતા. તેથી સ્વામીશ્રીનાં દર્શન, સેવા, સમાગમનો લાભ લેવાની સર્વેની ઉત્કંઠા વધતી જતી હતી. અહીં સૌ હરિભક્તને ઘરે જ રોજ વારાફરતી સવારે ઉકાળા-પાણીનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો.

નંદલાલભાઈ કોઠારી, કાંતિભાઈ અજમેરા, દલપતભાઈ અજમેરા, ચીમનભાઈ અજમેરા, ચંપકભાઈ અજમેરા, પ્રાણજીવનભાઈ અજમેરા તથા ચીમનભાઈ દાણી, સમગ્ર અજમેરા તથા શેઠ કુટુંબ સ્વામીશ્રીની સેવા-ભક્તિમાં તન, મન, ધનથી ઓતપ્રોત થઈ ચૂક્યું હતું. નાનાં-મોટાં, બાઈ-ભાઈ સર્વે કેમ કરીને બાપાને રાજી કરીએ એ જ એક તાનમાં હતાં.

રોજ સવારે વારાફરતી સ્વામીશ્રી તેમને ઘરે પધારતા. સોથી દોઢસો હરિભક્તો વિવિધ પ્રકારના પ્રસાદનો લાભ લેતા. પૂજન, આરતી પછી સ્વામીશ્રી જાતે વચનામૃત કઢાવતા ને ક્યારેક પોતે સમજાવતા, તો ક્યારેક સંતસ્વામી સમજાવતા; પણ સ્વામીશ્રી સહુને ખૂબ સુખ આપતા ને વાતવાતમાં રમૂજ કરાવી, જ્ઞાન આપી, મૂર્તિમાં તન્મય કરી દેતા. આવા અલૌકિક પ્રસંગોમાં જ અહીં નવા-જૂના સૌ હરિભક્તોને સત્સંગમાં આત્મબુદ્ધિ ને પ્રીતિ વધતાં, સ્વામિનારાયણ ભગવાનનો આશરો દૃઢ થયો. અક્ષરપુરુષોત્તમનો નિશ્ચય થયો ને સત્સંગનો પાયો પાકો થયો.

હજાર વર્ષનાં દાનનું પુણ્ય

છેલ્લા દિવસોમાં મણિભાઈ પટેલ તથા ગોરધનભાઈને ત્યાં પણ આવા પ્રસંગોથી ખૂબ જ આનંદ થયો. આ પ્રસંગે અમદાવાદથી સોમાભાઈ ચાવાળા ખાસ આવી પહોંચ્યા હતા ને પોતાના ભાણા મણિભાઈને આ લાભ અપાવી સારી સેવા કરાવી. જ્યારે ગોરધનભાઈ તો પ્રિન્સેપ સ્ટ્રીટમાં પોતાના મકાનના હૉલનું છેલ્લા એક મહિનાથી હજારો રૂપિયાનું ભાડું જતું કરીને, કથાવાર્તા માટે સત્સંગ મંડળને અર્પણ કરી દીધો હતો.

સ્વામીશ્રી તેનાથી પ્રસન્ન થઈને બોલ્યા : 'ગોરધનભાઈ શેઠે હૉલ આપ્યો તે ૧,૦૦૦ વર્ષ દાન કરે તેનાથી વધુ પુણ્ય શેઠને સાત દિવસમાં મળ્યું.'

મંદિર એ મોક્ષની કૉલેજ

તા. ૨૯મીએ સવારે ૫-૦૦ વાગે મંગળ પ્રવચનમાં સ્વામીશ્રી કહે :

'સંગ શું ? માળાના મણકાની જેમ ભેગા હોય તે. પણ તેમાં અવગુણ આવી જાય. જ્યારે પ્રસંગ શું ? દૂધમાં સાકર પડી પછી નોખી ન પડે. અવગુણ ન આવે. કાથીની ત્રણ વળ જુદી ન પડે.'

કથામાં ગ.મ. ૬૧ વચનામૃત સમજાવતાં કહ્યું કે 'આપણે મંદિર કરવું. એ મોક્ષની કૉલેજ છે.' આમ, પ્રસંગોપાત્ત મંદિર કરવા અંગે સ્થાનિક હરિભક્તોને સ્વામીશ્રી સતત પ્રેરણા આપતા રહેતા.

આજથી રોજ રાત્રે હૉલમાં સ્વામીશ્રીની આજ્ઞાથી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની વાતુંનું પારાયણ સ્વયંપ્રકાશ સ્વામી વાંચતા. ધીર, ગંભીર ને પ્રાસાદિક શૈલીમાં નિરૂપતા ડૉક્ટર સ્વામીએ કલકત્તાની ભાવિક

જનતાને ઘણી જ રંજન કરી.

એ જ સવારે બે પંજાબી યુવાનો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેમને વર્તમાન ધરાવતાં સ્વામીશ્રી કહે : 'માંસ-દારૂ ન ખાના, વર્તમાન લ્યો - આપકા નામ કયા ? એક નિયમ તો લેના... સાધુ બનના... !'

'બાપા ! આ તો માંસ મૂકતા નથી, તે સાધુ કેમ થાય ?' એક સંતે પૂછ્યું

સ્વામીશ્રી કહે : 'થાયેગા.'

સ્વામીશ્રી જે કોઈ આવે તેને નિધડકપણે વર્તમાન આપી શુભ સંસ્કાર પાડતા. આ બાજુ આવ્યા પછી સ્વામીશ્રી હિંદીમાં ઘણી વાર બોલતા ને સૌને આનંદ કરાવતા.

'સારું વરસ !'

બીજે દિવસે સ્વામીશ્રી ૪-૧૫ વાગે ઊઠી ગયા અને સંતોને વાત કરતાં કહે : 'અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાવાળા આપણે ત્યાગી થયા છીએ. વાતોથી સત્સંગ વધ્યો છે. વાતો મોળી પડે તો સત્સંગ મોળો પડે.

'અખાત્રીજ - વૈશાખ સુદ ૩ - કાંઈ શુભ કરવું હોય તો આજે કરે. આપણે શુભ કામ મોક્ષનું. આવતું વર્ષ કેવું જાશે ? એમ લોકો અખાત્રીજના વા' જુએ.

'આપણે વરસ સારું શું ? મનુષ્યભાવ ન આવે. અંદરોઅંદર સુહૃદભાવ હોય તો ધાર્યું નિશાન પડે.

'સંત કહે એમ સેવા કરે એમ નહિ, પણ પૂછે. જાગા સ્વામી ચાર પ્રકાર ગણાવતા : ૧. મરજી જાણીને કરે તે ઉત્તમ; ૨. બતાવે એટલું કરે તે મધ્યમ; ૩. બતાવે એમાં ફેર પાડે તે કનિષ્ઠ; ૪. સાંભળે જ નહિ !

'અભિપ્રાયમાં ભળવું. સુધન્વા ને અર્જુન ભક્ત હતા. સુધન્વા અભિપ્રાયમાં ન ભળ્યા તો માથું કપાણું. અર્જુન અભિપ્રાયમાં ભળ્યા તો મૂર્તિ બેસી ગઈ. જાગા સ્વામી, ભગતજી મહારાજ કહેતા : 'અમે સ્વામીને કોઈ દી' ઓશિયાળા કર્યા નથી. દેહને જોયું નહિ.' મરજી જાણીને કામ કરે.

'ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી ચૂનો કાલવવાની ક્રિયા ભગતજી મહારાજે માથે લીધી.

'ત્રણ પ્રકારની સેવા છે – મન, કર્મ, વચને. શાસ્ત્રીજી મહારાજે લાખો જીવોને સેવા આપી આગળ લીધા.

'ભગવાને ગરીબ રાખ્યા છે. 'ગરીબના બેલી ભગવાન' એમ કહે છે, પણ

શાહુકારના બેલી એમ કોઈ કહે છે ?

'જ્યાં ભગવાન ને સંતનાં પગલાં પડે તે દેશનો ઉદ્ધાર થઈ જાય. તેમ આ દેશનો ઉદ્ધાર થઈ ગયો.'

બેલૂરમઠમાં પધરામણી

આજે સાંજે ૪-૦૦ વાગે સ્વામીશ્રી સૌ સંતો-હરિભક્તો સાથે બેલૂરમઠ - રામકૃષ્ણ મિશનમાં પધાર્યા હતા.

અહીં મંદિરમાં રામકૃષ્ણ પરમહંસની મૂર્તિનાં દર્શન કર્યાં. પછી મંદિર જોતાં જોતાં એનો ઇતિહાસ પૂછતાં, ગંગા કિનારે ઘાટ ઉપર પધાર્યા. અહીં પ્રગટ ભગત ગંગાજળ લાવ્યા તે પોતે માથે ચઢાવ્યું ને પછી સૌ સંતો-હરિભક્તોને પણ જળથી પાવન કર્યા. સ્વામી વિવેકાનંદની સમાધિએ દર્શન કરી, મિશનની ઑફિસે પધાર્યા, ભેટ મુકાવી.

અહીં મિશન વતી સ્વામી ભૂતેશાનંદજીએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું ને પ્રસાદ આપ્યો. તેઓ અગાઉ ગોંડલમાં ઘણી વાર આવી ગયા હતા. સ્વામીશ્રીએ તેમનો આભાર વ્યક્ત કર્યો.

અહીંથી નીકળી સોજિત્રાવાળા મધુભાઈને ત્યાં પધરામણીએ પધાર્યા. પૂજન પછી સ્વામીશ્રી તેમના કારખાનામાં ફર્યા, પુષ્પ છાંટ્યાં ને આશીર્વાદ આપ્યા. મધુભાઈએ પણ આ પ્રસંગે ખૂબ જ સેવા કરી હતી.

પછી સત્સંગના રંગે રંગાયેલા ભક્તરાજ અમૃતલાલભાઈ વાઢેરને ત્યાં સ્વામીશ્રી સંતમંડળ સાથે પધાર્યા. છેલ્લા એક માસથી અમૃતલાલભાઈ તથા તેમના પુત્રો જગદીશભાઈ, હરીશભાઈ, કમલભાઈએ સ્વામીશ્રી તથા સંતોની નિષ્કામભાવે ખૂબ સેવા કરી હતી. તેમની બંને મોટરો ચોવીસ કલાક સંતોની સેવામાં હાજર રહેતી. તેમના ડ્રાઇવર મિશ્રાજી પણ એવા જ ભાવિક હતા.

અહીં સ્વામીશ્રીએ નિત્ય વિધિથી પરવારી ઉકાળા-પાણી લીધાં. અમૃતલાલભાઈએ ખૂબ જ ભાવથી અનેક વાનગીઓ બનાવી હતી. સૌને પ્રેમથી જમાડ્યા પછી પૂજા વિધિ કરી. સ્વામીશ્રી મકાનને પાવન કરી, રાત્રે ૯-૦૦ વાગે સભામાં જવા માટે નીકળ્યા.

'સ્વામીની વાતું'ની પારાયણ પછી સંતસ્વામી, પ્રમુખસ્વામી તથા જુદા જુદા સંતો લાભ આપતા ને અંતમાં સ્વામીશ્રીની અમૃત વાણીનો લાભ સૌને મળતો.

આજની સભામાં એક મુદ્દાની વાત કરી : 'ઘરે માળા ફેરવે તો એક માળા;

ગાય બાંધી હોય ત્યાં ફેરવે તો દસ માળા; નદી કિનારે ફેરવે તો હજાર માળા; અને ભગવાન ને સંત પાસે એક જ માળા ફેરવે તો લાખ માળાનું પુણ્ય મળે.'

દલપતભાઈ તથા પ્રભુદાસભાઈ અજમેરાએ પોતાનો આખો ફ્લેટ સ્વામીશ્રી તથા સંતોને ઉતારા માટે આપી દીધો હતો. જેમાં બધી જ સગવડો હતી. તદુપરાંત પોતે રાત-દિવસ સ્વામીશ્રીની સેવામાં રહેતા ને ઉનાળાના દિવસો હોવાથી સ્વામીશ્રીને માટે સમયે સમયે નારંગીનો રસ, ઠંડાઈ વગેરે હાજર કરતા. તેમજ નાસ્તામાં પણ સ્વામીશ્રીને અનુકૂળ વાનગીઓ બનાવી લાવતા. સ્વામીશ્રીએ તેમને સ્વપ્નમાં દર્શન આપી, અધિક સુખિયા-બળિયા કર્યા હતા.

નંદલાલભાઈ કોઠારીએ પોતાના મકાનમાં એક ફ્લેટ ખાલી કરી આપ્યો, જેમાં હકાભાઈ, અંબાલાલભાઈ (આફ્રિકાવાળા), નારાયણભાઈ બાઢડાવાળા વગેરે હરિભક્તો તથા યુવકો ઊતર્યા હતા. આ પ્રસંગે ગોંડલથી છોટુભાઈ વકીલ તથા શિવુભાઈ વૈદ્યરાજ પણ સ્વામીશ્રીનાં દર્શને કલકત્તા આવી પહોંચ્યા. તેમજ અમદાવાદથી વનમાળીભાઈ પણ ખાસ આ પ્રસંગે સ્વામીશ્રીના ક્ષૌર-કર્મની સેવા કરવા કલકત્તા આવી ગયા હતા.

મંદિરની ભૂમિ પાવન કરી

એક દિવસ સવારે સ્વામીશ્રી સંતમંડળ સાથે મંદિર માટે જગ્યા જોવા ચક્રબેરિયા રોડ ઉપર પધાર્યા. ત્યાં સંકલ્પ કરી પુષ્પો છાંટ્યાં. તે પછી મંદિરની લખણી શરૂ કરી. જેમાં ઘણો જ સારો સહકાર સૌ તરફથી મળ્યો હતો.[1]

---

૧. અહીંના અરવિંદ હિંમતભાઈ દેસાઈએ સ્વામીશ્રીને કહેલું : 'બાપા ! હું મકાન તથા જમીનનું કામ કરું છું. આપ મંદિર કરવા માટે જમીનનો સંકલ્પ કરો છો, તે પવિત્ર કાર્યમાં નિમિત્ત બનાવી મને કૃતાર્થ કરો.'

સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ પણ આપ્યા હતા : 'જાઓ, મંદિર થઈ જશે. તમે જગ્યા બતાવો, અમે જાતે ફૂલ છાંટવા માટે આવીશું. શાસ્ત્રીજી મહારાજની પ્રેરણાથી કાર્ય સિદ્ધ થશે.'

આ પછી અરવિંદભાઈએ ચક્રબેરિયા રોડ પર મારવાડી શેઠ શ્યામસુખા બુદ્ધમલજીની જગ્યા બતાવી. સ્વામીશ્રીએ ફૂલ છાંટ્યાં અને બધે પગલાં કર્યાં અને બોલ્યા : 'આ જગ્યાએ મંદિર થશે અને મહારાજ-સ્વામી બેસશે.'

જો કે સ્થાનિક હરિભક્તોને જગ્યાની દૃષ્ટિએ આ સ્થળ નાનું લાગ્યું. તેથી બીજાં અનેક સ્થળે મકાનો તેમજ જમીન જોયાં અને સ્વામીશ્રીના શબ્દો વીસરાઈ ગયા. કલકત્તાના હરિભક્તો કાનજીભાઈ શેઠ, પ્રવીણભાઈ શેઠ, ચીમનભાઈ દાણી, ➤

તા. ૩-૫-'૬૮ના રોજ અત્રે હૉલમાં અંબાલાલભાઈએ અમૃત મહોત્સવ તથા શતાબ્દીની ફિલ્મો બતાવી, સૌને દિવ્ય સ્મૃતિ કરાવી હતી.

બીજે દિવસે સ્વામીશ્રી નંદલાલભાઈ તથા કાંતિભાઈ અજમેરાની સાથે તેમની ફેક્ટરીએ પધરામણી કરવા ડમડમ પધાર્યા. સાંજે પણ કેટલાક હરિભક્તોની દુકાનોમાં પધરામણી કરી, પ્રસન્નવદનભાઈ બક્ષીને ત્યાં પધાર્યા.

કલકત્તા સત્સંગ મંડળના મૂકસેવક પ્રસન્નવદનભાઈ બક્ષી ખૂબ જ નિષ્ઠાવાન ને કાર્યદક્ષ હરિભક્ત. તેમના કુટુંબીઓ કનુભાઈ ફડિયા, નટુભાઈ બક્ષી તથા પ્રદીપભાઈ, કિરણભાઈ, કેતનભાઈ વગેરે ખડે પગે સેવામાં રહેતા. સભા વ્યવસ્થા સુશોભન તેમજ અન્ય સેવાઓ તેમણે નિષ્ઠાપૂર્વક બજાવી હતી.

એમના ગયા પછી આપણને બધું ફીકું લાગશે

આજે રાત્રે વૈષ્ણવ સમાજ તરફથી વિદાય સભા યોજવામાં આવી. આ પ્રસંગે લક્ષ્મીનારાયણ મંદિર કમિટીના પ્રમુખ નંદલાલભાઈ કોઠારીએ જણાવ્યું કે –

'બાપા પાસે જઈએ તો એમ લાગે કે મારી ઉપર બહુ પ્રેમ છે. છોટુભાઈને એમ થાય કે મારી ઉપર બહુ પ્રેમ છે. ખરેખર ! એમના ગયા પછી આપણને બધું ફીકું લાગશે. જે કાંઈ એમણે ઉપદેશ આપ્યો છે, તેમાંથી એક ટકો પણ વર્તનમાં મૂકશું તો આપણે મહાભાગ્યશાળી થઈશું. સ્વામીશ્રી અને સંત-મંડળે એમનાં શુદ્ધ વર્તનથી આપણને ઘણો ઉપદેશ આપ્યો છે. સાંભળવા કરતાં વર્તનથી ઘણું જાણવા મળે છે. અહીં અક્ષરપુરુષોત્તમ મંદિર જલદી તૈયાર થઈ

કનુભાઈ ફડિયા તથા સર્વ હરિભક્તોનો મંદિર માટે ઉત્સાહ અનેરો હતો. છેવટે નંદન રોડ પર એક મકાન નક્કી કર્યું. ત્યાં સ્વામીશ્રીનો તથા હર્ષદભાઈનો પત્ર આવ્યો. તેમાં નંદલાલભાઈ કોઠારી, કાંતિભાઈ અજમેરા તથા પાનુભાઈ અજમેરાને ભલામણ હતી કે 'ફરી મારવાડી શેઠનો સંપર્ક કરો. તે જ જગ્યા મળી જશે.'

આ સમયગાળા દરમિયાન મારવાડી શેઠ શ્યામસુખા બુદ્ધમલજીના હૃદયમાં સ્વામીશ્રી પ્રતિ અપાર શ્રદ્ધા પ્રગટી હતી. તેઓ પોતાની જમીન મંદિર માટે આપવા આતુર થયા. હરિભક્તોની ઇચ્છા મુજબ પ્રથમની કિંમતથી લગભગ પચ્ચીસ હજાર જેટલી ઓછી રકમથી જમીનનો દસ્તાવેજ થઈ ગયો. એટલી રકમ તેમણે મંદિરના ફાળામાં આપી. છેવટે સ્વામીશ્રીએ ફૂલ છાંટ્યાં હતાં તે જ જગ્યાએ મંદિર થઈ ગયું અને પ્રમુખસ્વામી મહારાજના વરદ હસ્તે કલકત્તામાં અક્ષરપુરુષોત્તમ મહારાજ બિરાજી ગયા.

જાય ને સ્વામીશ્રી મૂર્તિપ્રતિષ્ઠા કરવા માટે જલદી પધારે એ જ પ્રાર્થના.'

સ્વામીશ્રીના નિર્દોષ વાત્સલ્ય-સ્વરૂપથી અતિ આકર્ષાયેલા દરેક હરિભક્ત પોતાની લાગણી વ્યક્ત કરતાં, સ્વામીશ્રીને વિદાય આપતાં દુઃખ અનુભવતા હતા. ખાસ કરીને વૈષ્ણવ સમાજના મંત્રી ચીમનભાઈ દાણી, ભાનુભાઈ શુક્લ, રતનશીભાઈ રાજા વગેરેએ સમાજ વતી પોતાનો ભક્તિભાવ પ્રદર્શિત કર્યો. અંબાલાલભાઈએ સૌનો આભાર માન્યો. હર્ષદભાઈએ મંદિર અંગેની લખણીની જાહેરાત કરી. પછી વૈષ્ણવ સમાજ તરફથી સમાજના પ્રમુખ છોટુભાઈ ઠક્કરે સ્વામીશ્રીને માનપત્ર અર્પણ કર્યું હતું.

આ પ્રસંગે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'સંતને માન ન જોઈએ. સંતને તો 'દાસત્વભક્તિ' જોઈએ. વળી, *સંત તો ફીરતા ભલા*. દેશ-પરદેશ ફરવું ને સત્સગ કરાવવો એ સતનો ધર્મ છે.' *'સરુવર, તરુવર, સંતજન'* એમ કહી, *'મન માન્ય કહ્યું તું મારું, તેં કામ બગાડ્યું તારું'* એ કીર્તન બોલી, સ્વામીશ્રીએ કલકત્તાના સમગ્ર સત્સંગ મંડળને રૂડા આશીર્વાદ આપ્યા ને ટૂંક સમયમાં મંદિર તૈયાર કરવાની આજ્ઞા કરી.

સંતસ્વામીએ પણ શુભકામના વ્યક્ત કરી. અંતમાં સભાના પ્રમુખ છોટુભાઈ ઠક્કરે સમાપન કર્યું. મંડળના સભ્ય મનુભાઈએ સુંદર કીર્તન ગાઈ સભા વિસર્જન કરી.

આ જ્ઞાનયજ્ઞના પંદર દિવસ ક્યાં જતા રહ્યા તે કોઈને ખબર ન પડી. છેવટમાં તો નાના-મોટા સૌને એવો તો રંગ લાગી ગયો કે સ્વામીશ્રી આપણી વચ્ચે કાયમ રહે અને આવું ને આવું સુખ આપતા રહે એમ થતું. છૂટા પડવાનો વિચાર સરખો કોઈને ગમતો ન હતો.

રવિવાર, તા. ૫-૫-'૬૮ના રોજ ગોરધનભાઈ શેઠ તરફથી સમૂહ-ભોજનનો કાર્યક્રમ હતો. સૌએ સ્વામીશ્રી સાથે પ્રસાદનો લાભ લીધો. આ દિવસો દરમ્યાન રસોડાની સેવા શેઠ કુટુંબમાંથી કાંતિભાઈ, પ્રવીણભાઈ, વસંતભાઈ, જશુભાઈ, અનુભાઈ તેમજ ત્રિભોવનદાસભાઈ રાત-દિવસ કુશળતાપૂર્વક બજાવી રહ્યા હતા.

શેઠ કુટુંબમાં મુખ્ય કાનજીભાઈ તથા સત્સંગ મંડળના પ્રમુખ મણિભાઈ મહેતા તથા પ્રસન્નવદન બક્ષી, અમૃતલાલભાઈ વાઢેર સૌને દોરવણી આપી રહ્યા હતા. આ પ્રસંગે નવાગામથી શેઠ કેશવલાલ પણ ખાસ સ્વામીશ્રીનાં દર્શન-સમાગમ માટે પોતાની વૃદ્ધાવસ્થા હોવા છતાં આવ્યા હતા.

આજે રવિવાર હોવાથી દર્શનાર્થી હરિભક્તોની ભીડ ખૂબ જ જામી હતી. સૌ સ્વામીશ્રીના આશીર્વાદ માટે પડાપડી કરી રહ્યા હતા. કોઈને મળીને, કોઈને ધબ્બો મારીને, કોઈને દૃષ્ટિથી સુખ આપતા સ્વામીશ્રી સર્વની એક સાથે સંભાવના કરી રહ્યા હતા.

બોલ્યા, ચાલ્યા માફ કરના !

અહીં દલપતભાઈ અજમેરાના ઘરે એકવીસ દિવસ રોકાઈ આજે સ્વામીશ્રી વિદાય લઈ રહ્યા હતા. દલપતભાઈના નોકરે સ્વામીશ્રી અને સંતોની ખૂબ સેવા કરી હતી. તેથી વિદાય લેતાં પ્રવીણભાઈ શેઠ વગેરેએ ખુરશી ઉપાડી ત્યારે સ્વામીશ્રી આજુબાજુ જોવા લાગ્યા. નોકરને જોયો, એટલે એકદમ બોલાવ્યો ને હાથ જોડી કહે : 'લ્યો, બોલ્યા, ચાલ્યા માફ કરના !'

નોકર સ્વામીશ્રીની ભાવનાને સમજી ગયો. આટલાં આદર, માન અને આશીર્વાદ પામી, તે ધન્યતા અનુભવતો હતો. એવામાં લાગણીની આ ઘેરી છાલક લાગતાં તેની આંખમાં આંસુ આવી ગયાં. વાતાવરણ વિદાયની ઘડીઓથી કરુણ હતું, તે વધુ હૃદયદ્રાવક બન્યું. હવામાં ગુણાતીત સંતના પ્રેમની સૌરભ પ્રસરી રહી. સૌની આંખો ભીની થઈ. જે પુરુષ નોકરની સાથે આટલી આત્મીયતા બાંધી શકે, એમનો હરિભક્તો સાથેનો નાતો કેટલો ઘનિષ્ઠ હશે તે ત્રિરાશિ મૂકવાની કોઈનામાં સુધ નહોતી.

સાંજે ૬-૩૦ વાગે કલકત્તાથી બનારસ જવા સ્વામીશ્રી હાવડા સ્ટેશને પધાર્યા. બનારસના ધીરુભાઈ અગાઉથી કલકત્તા આવી સ્વામીશ્રીને બનારસ ખાસ પધારવા માટે આમંત્રણ આપી ગયા હતા. અને તે માટેની તમામ તૈયારીઓ પોતે કરી રાખી હતી.

સ્ટેશને જતા રસ્તામાં કલકત્તાના શેઠિયાઓ નંદલાલભાઈ, કાંતિભાઈ, દલપતભાઈ, ચીમનભાઈ દાણી સ્વામીશ્રીને ગંગા કિનારે ચાંગપાલ ઘાટ લઈ ગયા. અહીં ગંગાજળથી સ્વામીશ્રીનાં ચરણો ધોઈ, તીર્થ સલિલ લીધું.

કલકત્તા આવ્યા પછી ગંગા નદીમાં સ્નાન કરવા જવાનો વિચાર સ્વામીશ્રીએ દર્શાવ્યો હતો. અમે બેલૂર ગયા ત્યારે કિનારા ઉપરનાં નારિયેળીનાં વૃક્ષોની હારમાળામાંથી ભાગીરથીનાં દર્શન થયાં. સ્વામીશ્રી કહે : 'આ જ ગંગા.'

સંતનાં દર્શનથી પોતાને પરમ ભાગ્યશાળી ગણતી ગંગા આનંદમાં ઊછળતી હતી. જો કે અહીં તે હુગલી નદીના નામે પ્રસિદ્ધ છે ને આગળ જઈને

સમુદ્રને મળે છે. અહીં ગંગાને સંતનો સાક્ષાત્ સંબંધ થયો. સ્વામીશ્રી પણ એને મળવા અતિ આતુર હતા. ઘાટનાં પગથિયાં ઊતર્યાં. ખળખળ કરતી એ નદી નાચતી-કૂદતી, સંતનાં ચરણ પખાળવા - પાવન થવા દોડી આવી હતી.

તા. ૫-૫-'૬૮, કલકત્તાથી રાત્રે ૭-૩૦ વાગે હાવડા સ્ટેશનથી અમૃતસર (પંજાબ) મેલમાં બનારસ જવા બેઠા. આ પ્રસંગે કલકત્તાના ભાવિક ભક્તોએ ભારે હૃદયે સ્વામીશ્રીને ભાવભીની વિદાય આપી.

સ્વામીશ્રી, પ્રમુખસ્વામી, સંતસ્વામી, મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી, નિરંજન સ્વામી, હરિપ્રકાશ સ્વામી, યોગેશ્વર સ્વામી, નીલકંઠ સ્વામી, દેવચરણ સ્વામી, નારાયણપ્રસાદ સ્વામી તથા હું તેમજ નારાયણ ભગત, પ્રગટ ભગત તથા ધર્મજના અંબાલાલભાઈ, હકાભાઈ ખાચર, અમદાવાદના અંબાલાલભાઈ વગેરે પાંત્રીસથી ચાલીસ સંતો-હરિભક્તોની મંડળીએ બનારસ તરફ પ્રયાણ કર્યું.

'અહીં સુધી આપણે આવ્યા તો આપણે છપૈયાની જાત્રા તો કરવી જ જોઈએ' – બંગભૂમિ ઉપર પગ મૂકતાં જ સ્વામીશ્રીએ આ સંકલ્પ કર્યો, ત્યાં સુધી કોઈને કલ્પના પણ ન હતી કે કલકત્તાથી અયોધ્યા-છપૈયાની યાત્રા થશે.

રાત્રે આસનસોલ સ્ટેશને પારસી હરિભક્ત રુસ્તમજી તથા બીજા હરિભક્તો દર્શને આવ્યા હતા. સવારે ૫-૦૦ વાગે પટના સ્ટેશને પણ કેટલાક હરિભક્તો દર્શને આવ્યા હતા. અમે સ્વામીશ્રીનાં દર્શને ગયા ત્યારે સ્વામીશ્રી ફર્સ્ટ ક્લાસના કમ્પાર્ટમેન્ટમાં બેઠા હતા.

'આ ક્યું સ્ટેશન ?' સ્વામીશ્રીએ પૂછ્યું.

'પટના.'

'આ ગાડી કઈ કહેવાય ?'

'પંજાબ મેલ, આપ ઘણી વાર વાત કરો છો ને ! તે જ !' અમે સ્વામીશ્રીને કહ્યું.

'પણ ઝડપથી નથી ચાલતો.'

'રાત્રે બહુ ઝડપથી ચાલતો હતો.' અમે કહ્યું.

'પથરા ઊડતા હતા ?' સ્વામીશ્રીના આ બાલસહજ પ્રશ્નથી અમને હસવું આવ્યું. સવારે લગભગ ૧૦-૩૦ વાગે અમે વારાસણી ઊતર્યા.

વારાણસીમાં વધામણાં

કાશી સ્ટેશન ઉપર મંદિરના મહંત વિદ્વાન શાસ્ત્રી શ્વેતવૈકુંઠ સ્વામી તથા

ધીરૂભાઈ મિરાણી, જયંતીભાઈ ગાંધી, ડાહ્યાભાઈ વગેરે હરિભક્તોએ સ્વામીશ્રીનું ખૂબ જ ભક્તિભાવથી સ્વાગત કરી હારતોરા કર્યા. કોઈને ધબ્બો મારી, કોઈને દૃષ્ટિથી મળી, સ્વામીશ્રીએ સૌને રાજી કર્યા.

મોડું ઘણું જ થઈ ગયું હતું. સૌને નાહવા-ધોવાની ઉતાવળ હતી. માથે સૂર્યનારાયણ પણ સારા તપતા હતા. સ્થાનિક હરિભક્તોએ નગરયાત્રાની તૈયારી કરી હતી. તેથી ધીરૂભાઈએ સ્વામીશ્રીને નગરયાત્રામાં પધારવા પ્રાર્થના કરી. ઘણાને આ સૂચન જરા વસમું લાગ્યું, પણ ભક્તવત્સલ સ્વામીશ્રીએ તો એક હાથ ઊંચો કરી જાહેર કર્યું : 'જાવ, ડંકો મારો.'

ખુશખુશાલ થતાં સૌ દોડધામ કરવા લાગ્યા. બેન્ડ-વાજાં વગાડ્યાં. શણગારેલ ખુલ્લી મોટરમાં ઠાકોરજી સાથે સ્વામીશ્રી તથા સંતો બિરાજ્યા. છત્ર-ચમર ઢળી રહ્યાં હતાં. વાજતે-ગાજતે થોડી વારે સૌ ધીરૂભાઈ મિરાણીને બંગલે ઉતારે પધાર્યા.

સ્વામીશ્રી સભાખંડમાં બિરાજ્યા. ઘડિયાળના કાંટા દોડતા હતા, પણ સ્વામીશ્રીના કાર્યક્રમને તે રોકટોક કરે તેમ ન હતું. સભા કરી સ્વામીશ્રીએ બનારસના હરિભક્તોનો આભાર માન્યો ને સમૂહ આશીર્વાદ આપ્યા.

સ્વાગત પ્રવચનમાં શાસ્ત્રી શ્વેતવૈકુંઠ સ્વામીએ કહ્યું : 'જેમ કલકત્તામાં અક્ષરપુરુષોત્તમ મંદિરનો સંકલ્પ કર્યો તેમજ અહીં પણ અક્ષરપુરુષોત્તમનું મંદિર થાય અને અક્ષરપુરુષોત્તમનો વિજયધ્વજ ફરકે એવી સ્વામીશ્રી યોગીજી મહારાજને પ્રાર્થના. સ્વામી કલ્પતરુ સમાન છે. એટલે આપણે જે જે શુભ સકલ્પો કરશું તે સર્વે પૂરા થશે.'

આ અગાઉ બનારસ મંદિરમાં રહેતા અમદાવાદના બે સંતો સ્વામીશ્રી વિરુદ્ધ બોલતા ત્યારે શ્વેતવૈકુંઠ સ્વામીએ પક્ષ રાખતાં ભારપૂર્વક કહ્યું હતું કે 'સ્વાગત કરવું જ જોઈએ. બે લાખના(ભક્તોના) નિયંતા છે. શિક્ષાપત્રી વાંચો.' કલકત્તાવાળા સંતોનો પત્ર પણ શાસ્ત્રી ઉપર આવ્યો હતો કે 'કોઈ પ્રકારનું સન્માન ન કરવું;' પણ તેમણે સખત જવાબ આપ્યો અને પક્ષ રાખી સ્વામીશ્રીનું હૃદયપૂર્વક સ્વાગત કર્યું.

નિત્ય-નિયમથી પરવારી, થોડો આરામ કરી, બપોરે લગભગ ૩-૦૦ વાગે સ્વામીશ્રી સંતો તથા હરિભક્તો સાથે જમવા બિરાજ્યા. સાંજે તથા રાત્રે પણ સત્સંગ સભા યોજાઈ.

અહીં લોકો માટીના બટેરામાં જ ચા વગેરે પીતાં હોય છે. તે પછી

શુદ્ધિને ખાતર નાખી દે છે. તેના અનુસંધાનમાં સ્વામીશ્રીએ રાત્રે સભામાં તે વિશે વાત પૂછી : 'શું કિંમત ? શું ખવાય ? પાણી પીવાય ? દૂધપાક લેવાય ? પી ને ક્યાં રાખે ? નાખી દે ! પછી ગરીબ માણસો લઈ જાય ! પૂર્વના રાજા કે ઋષિઓએ ઠેલ માર્યો હશે.' એમ કહી હસી પડ્યા.

ગંગા-સ્નાન ને નૌકાવિહાર

બીજે દિવસે વહેલી સવારે ૫-૩૦ વાગે નિત્ય વિધિથી પરવારી, સૌ સંતો-હરિભક્તો સાથે સ્વામીશ્રી પરમ પુનિત ભાગીરથીને કિનારે અસિ ઘાટ ઉપર પધાર્યા; જ્યાં મહાત્મા તુલસીદાસે રામાયણની રચના કરી હતી.

અહીં ધીરૂભાઈએ એક મોટી નૌકા ભાડે કરીને તૈયાર રાખી હતી. કિનારા ઉપર પહોંચતાં ગંગાનું એક વિહંગ દર્શન કરી, સ્વામીશ્રી નાવમાં પધાર્યા. નીચેના ભાગમાં લાકડાની કૅબિન હતી. તેમાં થોડી વાર પોરો ખાઈ, સ્વામીશ્રીએ સ્નાન માટે ગંગાજળ મગાવ્યું. થોડું ગરમ પાણી તૈયાર કર્યું હતું. પહેલાં સ્વામીશ્રીએ શુભ સંકલ્પો કરી, સૌ સંતો-હરિભક્તોને માથે જળ ચઢાવ્યું. સાથે ન હતા તે સૌ સંતોને પણ સંભાર્યા. સૌને રૂડા આશીર્વાદ આપ્યા. પછી પોતાની મેળે જ ધીમે ધીમે સર્વ અંગ ઉપર જળ ઢોળતાં સ્નાન કરવા લાગ્યા. સૌનાં પાપ ધોતી ગંગા આજે પોતાના કલ્મષ ધોવા અધીરી બની હતી. સ્વામીશ્રીના દિવ્ય અંગ-સ્પર્શથી 'પરમ પુનિતા' બિરુદને સાર્થક કરતી ગંગાએ કૃતકૃત્યતા અનુભવી.

વસ્ત્ર-પરિધાન કરી, સ્વામીશ્રી અંદરના ભાગમાં બીજી મોટી કૅબિન હતી ત્યાં બારીમાં અઢેલીને નિરાંતે બેસીને, કેટલાક યુવકો, હરિભક્તો તથા સંતો નદી કિનારે સ્નાન કરતા હતા તે ઠાવકાઈથી નિહાળવા લાગ્યા.

સૌને કેબિનના ઉપરના ભાગમાં ખુલ્લામાં બેસવાનું હતું. કોઈએ સ્વામીશ્રીને ઉપર પધારવા વિનંતી કરી, પણ તેઓ તો બરાબર ગોઠવાઈ બેસી ગયા હતા, તે ત્યાંથી ખસવાની જ અનિચ્છા દર્શાવી.

વિવિધ ઘાટનાં દર્શન

'બાપા ! આપને માટે ઉપર આસન ગોઠવ્યું છે ને છાંયો પણ કર્યો છે, આપ ઉપર પધારો તો સારું.' ધીરૂભાઈએ સ્વામીશ્રીને નમ્રભાવે પ્રાર્થના કરી.

તેમના પ્રેમને વશ થઈ સ્વામીશ્રી નૌકાની છત ઉપર પધાર્યા ને આથમણે

મુખારવિંદે, ગંગા નદીના ઘાટ તરફ જોતા બેઠા હતા. આજુબાજુ પ્રમુખસ્વામી, સંતસ્વામી, મહંત સ્વામી વગેરે સંતો તથા હરિભક્તો બેઠા.

સવારે ૭-૦૦ વાગ્યાનો સમય થયો હતો. સૂર્યોદય થઈ ચૂક્યો હતો. સંતના સંબંધથી, સ્પર્શથી ગંગાજળ પવિત્ર થાય તો પછી અમે પણ એ સંબંધથી વંચિત કેમ રહીએ ? વિશુદ્ધ કેમ ન બનીએ ? - એ આશયથી સૂર્યકિરણો સ્વામીશ્રીને આંબવા દોડી રહ્યાં હતાં. પ્રસન્નચિત્ત સ્વામીશ્રી ભગવત્ સભામાં અધિકાધિક શોભી રહ્યા હતા. એમની આજ્ઞા થતાં ગંગામાં નૌકાવિહાર શરૂ થયો.

ધીરે ધીરે નાવ ગંગાની સપાટી ઉપર વહી રહી હતી. સૌ પ્રથમ સંતો-હરિભક્તોએ 'સ્વામિનારાયણ' મહામંત્રની ઉચ્ચ સ્વરે ધૂન બોલાવી. સૌ હરિભક્તોએ હરિજયંતી હોવાથી ફરાળી નાસ્તો, ઉકાળો લીધો. સૌ સંતોને નિર્જળા ઉપવાસ હતો. સૌનો આગ્રહ થતાં સ્વામીશ્રીએ પણ જરા જેટલી બરફી ગ્રહણ કરી હતી.

આ બાજુ ધીરૂભાઈ એક પછી એક ઘાટ સ્વામીશ્રીને બતાવી રહ્યા હતા. સ્વામીશ્રી વારે વારે પૂછે : 'આ કયો ઘાટ ? આ કયો ઘાટ ?' એમ પૂછી આનંદ કરાવતા હતા.

તુલસી ઘાટ, જાનકી ઘાટ, રાજા ઘાટ, જૈની ઘાટ, પંચવટી ઘાટ, ચેતસિંહ ઘાટ, રાણાપ્રતાપ ઘાટ, મૈસુર ઘાટ વગેરે એક પછી એક ઘાટ સ્વામીશ્રી નિહાળી રહ્યા હતા. વચમાં રાજા ઘાટ આવ્યો. સ્વામીશ્રીએ એકાએક પૂછ્યું : 'શું અહીં બધા રાજા જ ન્હાય ?'

ધીરૂભાઈ કહે : 'ના, આ તો રાજાએ બંધાવેલો છે.'

'એમ.' સ્વામીશ્રીએ ટાઢકથી ઉત્તર વાળ્યો.

આ પ્રમાણે આનંદ કરતાં જઈ રહ્યા હતા. ત્યાં સ્વામીશ્રીએ એક પ્રસ્તાવ મૂક્યો કે 'આપણે અહીં સ્વામિનારાયણ ઘાટ કરીએ તો કેવું ? એનો શું ખર્ચ થાય ?' વગેરે બાબત ધીરૂભાઈને તપાસ કરવા કહ્યું. વળી, એક શુભ સંકલ્પ કર્યો કે 'ઘેલા નદીને કિનારે પણ આવા સુંદર - ભવ્ય ઘાટોનું નિર્માણ થાય ને તે પરિપૂર્ણ થાય.' તે માટે ધૂન કરાવી. જ્યાં હરિશ્ચંદ્ર રાજાએ સત્યને માટે બલિદાન આપ્યું, તે હરિશ્ચંદ્ર ઘાટ જોઈને સ્વામીશ્રી ખૂબ જ પ્રસન્ન થયા ને વારે વારે તે તરફ જોઈ રહ્યા.

દૂર નદીમાં કોઈ નાવમાંથી મડદું પધરાવતું હતું. 'જુઓ જુઓ' – કોઈ કહેવા લાગ્યું. તે સાંભળી સ્વામીશ્રી કહે : 'એમાં શું જોવાનું છે ? એનું નામ

ન લેવું.'

મધ્ય પ્રવાહમાં આવ્યા ત્યાં કેટલાક બાળકો સ્નાન કરતા હતા. તે જોઈ સ્વામીશ્રીએ સૌ સંતોને અહીં સ્નાન કરવાની રજા આપી. 'અહીં નાહી લ્યો, તરતાં આવડે ઈ ના'જો.' સ્વામીશ્રીએ વાત્સલ્યથી કહ્યું. પછી પૂછવું જ શું ? જોતજોતામાં તો સૌએ ગંગાના પ્રવાહમાં ઝંપલાવ્યું. સૌ સ્નાન કરી રહ્યા પછી નાવ ચાલવા લાગી.

દશાશ્વમેઘ ઘાટ ઉપર હજારો ભાવિકો સ્નાન કરતા હતા. તે જોઈ સ્વામીશ્રી બહુ પ્રસન્ન થયા. વળી, અહીં એક મંદિર પાણીમાં ડૂબી ગયું છે તે પણ સાશ્ચર્ય જોવા લાગ્યા. તાપ વધતો જતો હતો, તેથી ઉપર તાડપત્રી ગોઠવી છાંયો કરવામાં આવ્યો. થોડી વારમાં મણિકર્ણિકા ઘાટનાં દર્શન થયાં.

અતિ રહસ્યની વાત

અહીં એકાએક સ્વામીશ્રીએ વાત કરી :

'સ્વામીએ વાતુંમાં કહ્યું છે કે કોટિ તપ કરીને, કોટિ જપ કરીને, કોટિ વ્રત કરીને, કોટિ દાન કરીને જે ભગવાન તથા સાધુને પામવા હતા તે આજ આપણને મળી રહ્યા છે. આમાં પ્રશ્ન એ થાય છે કે કોટિ તપ કરે, કોટિ વ્રત કરે, કોટિ દાન કરે તેનો મહિમા, પણ આ પ્રાપ્તિ થઈ તેનો મહિમા નહિ. તપ કરે, સૂકું-લૂખું ખાય, પાણીમાં બેઠા રહે, વ્રત-ઉપવાસ કરે, ઈ બધાં સાધનો કરે એની કીર્તિ બહુ થાય. ગંગા-ત્રિવેણીમાં સ્નાન કરી, હજારો લોકો દાન-પુણ્ય કરે તેનો મહિમા; પણ આપણને જેને પામવા હતા તે વગર સાધને મળ્યા.

'કુશળકુંવરબાએ કેટલાં દાન, પુણ્ય કર્યાં હતાં ! પણ બ્રાહ્મણને શું કીધું ? રુક્મિણીનું કાંડું ભગવાને પકડ્યું તેમ ભગવાન આપણું કાંડું પકડશે ત્યારે કલ્યાણ થશે.'

એકાએક હકાભાઈ કહે : 'અમારું કાંડું આપે પકડ્યું કે નહિ ?'

'ઈ તો પકડ્યું જ છે ને !' સ્વામીશ્રીએ દૃઢતાથી હસતાં હસતાં કહ્યું : 'આપણે દાન-પુણ્ય કર્યાં હશે ! કદાચ શ્રીજીમહારાજનો સંબંધ આપણને ન થયો હોય, પણ શાસ્ત્રીજી મહારાજ મળ્યા તે ભેળા મહારાજ મળી ગયા. ભગવાનના સંતનો સંબંધ થયો તે મહારાજનો સંબંધ થઈ ગયો.

'આજે આપણને અનંત તીર્થનું ફળ મળી ગયું. અહીં બધા લાખો માણસો સ્નાનાદિક કરે છે, પણ બધાને ઉધારું પડ્યું; પણ ભગવાન ને સંત સાક્ષાત્ મળે,

તેને અર્થે પુણ્યદાન કરે, તો અનંત ગણું પુણ્ય મળી જાય.'

અતિ રહસ્યની વાત સ્વામીશ્રીએ અહીં કરી.

ઘનશ્યામ મહારાજે આઠેક વર્ષની ઉંમરે ધર્મપિતા સાથે કાશીમાં આવીને સભા જીતી હતી. તે સ્થળે આવેલા પ્રસાદીના લીંબડાનાં દર્શન કરવાની ખાસ ઈચ્છા સ્વામીશ્રીની હતી. તે વારે વારે પૂછતા હતા. ગોમઠ પાસે તે સ્થળ દેખાય છે. સ્વામીશ્રી નાવમાંથી તે લીંબતરુને ભાવપૂર્વક પગે લાગ્યા.

સ્પેશિયલ ટ્રેનની જાત્રા વખતે અહીં સૌ સંતો-હરિભક્તો સાથે નાહવા પધારેલા તે સ્મૃતિ કરી : 'આ પહેલાં આવ્યા હતા, પણ આવો લાભ મળ્યો ન હતો. આજે બહુ ફર્યા.' સ્વામીશ્રીએ રાજીપો દર્શાવ્યો.

પછી આ બધી જાત્રા કરાવનારા ત્રણે ભાઈઓ ધીરૂભાઈ, કાંતિભાઈ તથા લલિતભાઈને ખૂબ આશીર્વાદ આપ્યા. અહીં અમદાવાદના અંબાલાલભાઈની પ્રેરણાથી સૌ હરિભક્તોએ ઠાકોરજી સાથે સ્વામીશ્રીનું તથા સંતોનું પૂજન કર્યું ને આરતી ઉતારીને ધોતિયાં ઓઢાડ્યાં. લગભગ બે કલાકના સતત નૌકાવિહાર પછી, ૯-૩૦ વાગે છેલ્લે આવતા રાજ ઘાટે સૌ ઊતર્યા.

સ્વામિનારાયણ મંદિરનાં દર્શને

અહીં રમણિકભાઈ પોતાની ગાડીઓ લઈને તૈયાર ઊભા હતા. સ્વામીશ્રી તથા સંતો સ્વામિનારાયણ મંદિરે પધાર્યા. મંદિરના મહંત શાસ્ત્રી શ્વેતવૈકુંઠ-દાસજીએ મંદિરના આંગણામાં સ્વામીશ્રીનું ફૂલહારથી સ્વાગત કર્યું. પછી સૌને ઉપર દર્શને લઈ ગયા. અહીં મધ્ય મંદિરમાં સ્વામીશ્રીએ આરતી ઉતારી. પોતે ખૂબ જ રાજી થયા. પછી બધે દર્શન કરી, પ્રદક્ષિણા કરી.

શાસ્ત્રી શ્વેતવૈકુંઠ સ્વામીએ મંદિરના ઘુમ્મટ નીચે સ્વાગત સભા ગોઠવી હતી. સુંદર આસન ઉપર સ્વામીશ્રીને પધરાવ્યા. પછી તેમણે સ્વામીશ્રી તથા સંતોની પૂજા કરી. બીજા હરિભક્તો પાસે પણ પૂજા કરાવી. ઠાકોરજી સાથે સ્વામીશ્રીની ભાવથી આરતી ઉતારી ને એક એક શાલ, હરિભક્તોને પ્રેરણા કરી, સ્વામીશ્રી તથા સૌ સંતોને ઓઢાવડાવી.

ખરેખર શાસ્ત્રી શ્વેતવૈકુંઠ સ્વામીને સ્વામીશ્રીનો એટલો બધો મહિમા કે પોતે આવી વૃદ્ધ ઉંમરે પણ સ્વામીશ્રીની સેવા-સરભરા માટે અહીંથી તહીં બાળકની જેમ દોડાદોડી કરતા હતા. સ્વામીશ્રીનો ઉતારો તથા રસોઈઓ વગેરે પોતે મંદિરમાં જ ગોઠવવા માગતા હતા, પણ ધીરૂભાઈના આગ્રહને માન

આપી, તેમને ત્યાં ઉતારો રહેવા દીધો. તે છતાં પોતાને જે લાભ મળ્યો તે ખૂબ જ ધન્યતાપૂર્વક ઉઠાવી રહ્યા હતા.

કાશીવિશ્વનાથ મહાદેવનાં દર્શને

સભામાં સ્વામીશ્રીએ શાસ્ત્રીજીને ખૂબ આશીર્વાદ આપ્યા. પછી દૂધ-પ્રસાદ લઈને કાશીવિશ્વનાથના મંદિરે દર્શન કરવા પધાર્યા. રસ્તામાં એક પધરામણી કરી, મંદિર પાસે આવ્યા. અહીં ભક્તોની ખૂબ જ ભીડ હોય છે. તેમાં સ્ત્રીઓથી દૂર રહીને દર્શન કરવા જવું એ ઘણું જ કઠણ છે.

લગભગ વીસથી પચીસ હરિભક્તોએ સ્વામીશ્રી તથા સંતોની આજુબાજુ લક્ષ્મણ રેખા બાંધી ત્યારે અંદર જવાનું શક્ય બન્યું. રસ્તામાં એક મોટો નંદી છે, જે જૂના મંદિરમાં હતો. પછી ઔરંગઝેબે તે મંદિર તોડીને મસ્જિદ કરી. શિવલિંગ કૂવામાં નાખી દીધું, પણ સદ્‌ભાગ્યે નંદી યથાવત્ રહી ગયો હતો. સ્વામીશ્રીએ તેનાં દર્શન કર્યાં ને પ્રદક્ષિણા કરી. પછી એકદમ સાંકડી ગલીમાંથી માંડ મંદિરના પ્રવેશદ્વાર સુધી પહોંચ્યા. અહીં સારી એવી ભીડ હતી અને ગડબડાટ પણ એટલો જ, પંડાઓ આમતેમ દોડતા - બૂમ પાડતા વ્યવસ્થામા ભારે અવ્યવસ્થા ઊભી કરતા હતા.

ઘણી જ મુશ્કેલીથી સ્વામીશ્રી નિજ મંદિર સુધી પહોંચ્યા. કેટલાક પંડાઓ સ્વામીશ્રીને ગર્ભગૃહમાં દર્શન કરાવવા બૂમાબૂમ કરવા લાગ્યા. ત્યાં વળી એક પંડાએ બધાને રોક્યા : ‘યહાં નહિ.’ વળી એક બાવો આવ્યો. તેણે પેલા પંડાને પાછો પાડ્યો. થોડી ખેંચતાણ પછી મહામુશ્કેલીએ સ્વામીશ્રી ગર્ભગૃહમાં પ્રવેશ્યા. કાશીવિશ્વનાથ મહાદેવ નજીક આવી પહોંચ્યા.

જયંતીભાઈ પૂજા માટે પુષ્પ તથા માળા લાવ્યા હતા. પંડાઓ બૂમરાણ મચાવી રહ્યા હતા. સ્વામીશ્રીએ મહાદેવ ઉપર એક મોટું શ્વેત કમળ ચઢાવ્યું ને પુષ્પની માળા પહેરાવી. પછી ધીરેથી કહે : ‘આ જ કાશીવિશ્વનાથ મહાદેવ ?’

અમે કહ્યું : ‘હા, બાપા !’

‘આજે પ્રસાદીના થયા !’ સ્વામીશ્રી સ્વસ્તિ વચન બોલ્યા.

પછી તુરત ત્યાંથી બહાર નીકળ્યા. અત્રે મંદિરના પરિસરમાં સત્સંગી, સંન્યાસી પૂજ્ય માધવતીર્થજીએ સ્વામીશ્રીને જોયા. તેઓ ઝડપથી નજીક આવ્યા. સ્વામીશ્રીને પગે લાગી તેમનો હાથ પકડી બોલ્યા : ‘હું જાત્રાએ નીકળેલો. આપનાં દર્શન થયાં. મારી યાત્રા પૂરી થઈ.’

અહીંથી બહાર નીકળતા સ્વામીશ્રીને થોડી મુશ્કેલી પડી, પણ દર્શન હેમખેમ પાર પડ્યાં. જો કે હજુ પણ પાછળ પંડાઓનો ધસારો ચાલુ જ હતો. આઠથી દસ પંડાઓનું એક ટોળું જતાં જતાં સ્વામીશ્રી પાસે આવી પહોંચ્યું. 'કુછ દક્ષિણા દે દો' - એ તેમની માગણી ચાલુ રહેતાં સ્વામીશ્રીએ રાજી થકા હરિભક્તો પાસે તેમને દરેકને પાંચ રૂપિયા અપાવ્યા. ને માંડ માંડ રસ્તા ઉપર આવી મોટરમાં ગોઠવાયા. અહીં પણ એક પંડો દોડી આવ્યો હતો, તેને પણ રાજી કર્યો.

રસ્તામાં કાશીવિશ્વનાથ મંદિરનો ઇતિહાસ, મંદિરના મહંત કોણ છે ? કેટલાં માણસો દર્શને આવે છે ? શું આવક છે ? વગેરે પૂછવા લાગ્યા.

બપોરે ઠાસરાના જયંતીભાઈ ગાંધી તથા તેમના દીકરા રમણિકભાઈ તથા ચંદ્રકાંતભાઈ, રમેશભાઈ વગેરે કુટુંબીઓના આગ્રહને માન આપી, સ્વામીશ્રીએ તેમને ત્યાં ઠાકોરજી જમાડ્યા ને તેમનો ઘણા વખતનો સંકલ્પ પૂરો કર્યો. સૌને રૂડા આશીર્વાદ આપી, ઉતારે પધારી આરામ કર્યો.

તુલસી માનસ મંદિરમાં દર્શને

સાંજે કાશીનાં મુખ્ય મંદિરોમાં દર્શને જવાનો કાર્યક્રમ હતો. સૌ પ્રથમ અમે તુલસી ઘાટ પાસે આવેલા તુલસીમાનસ મંદિરે આવ્યા. આ મંદિર એક જ મારવાડી ભક્તે લાખો રૂપિયા ખર્ચીને બનાવ્યું છે.

મંદિરમાં પ્રવેશતાં સુંદર બગીચો છે. તે પસાર કરી મંદિરના પ્રાંગણમાં આવ્યા. અહીં મંદિર બંધાવનાર શેઠના ફોટાઓ તથા તક્તિઓ વગેરે છે. તે સ્વામીશ્રીએ ભાવથી નિહાળ્યાં ને રાજી થયા. પછી મંદિરમાં પધાર્યા.

આ બે માળના મંદિરની સમગ્ર દીવાલો ઉપર આરસમાં સંપૂર્ણ તુલસીકૃત રામાયણ કંડારેલી છે ને મંદિરનો ખૂણેખૂણો આરસથી મઢી દેવામાં આવ્યો છે. સ્વામીશ્રી ધીરે ધીરે ફરતાં આ બધું નિહાળતા હતા. સાથે સાથે કાચમાં ઉપાડથી તૈયાર કરાયેલા રામાયણના મુખ્ય પ્રસંગો પણ જોવાલાયક છે, તે પણ જોઈ આશ્ચર્ય વ્યક્ત કરતા હતા. અહીં રામ-લક્ષ્મણ-જાનકીની આરસની પ્રતિમાઓ છે. ઉપરના માળમાં સંત તુલસીદાસની આરસની પ્રતિમા છે. તે પણ સ્વામીશ્રીએ ભાવથી નિહાળી હતી. આરસના મોટા મોટા થાંભલાઓ જોઈ સ્વામીશ્રી એ થાંભલાને પણ હાથથી સ્પર્શ કરતા આનંદ અનુભવતા હતા.

આખા મંદિરમાં ખૂબ જ શાંતિથી દર્શન કરી, અમે સૌ નીચે ઊતર્યા.

અહીં મંદિરના વ્યવસ્થાપક સ્વામીશ્રીનાં દર્શને આવ્યા ને ખૂબ જ ભાવથી પગે લાગ્યા. સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપતાં કહ્યું : 'મંદિર બો'ત અચ્છા હૈ. શાંતિ થઈ ગઈ.'

મોટરમાં સ્વામીશ્રીએ મંદિરની તથા વ્યવસ્થાની પ્રશંસા કરી. પછી કહે : 'પરોક્ષમાં કાંઈ નહિ, તોય લોકો લાખો રૂપિયા ખર્ચે છે.'

અહીંથી આગળ જતાં તુલસીદાસે પધરાવેલા હનુમાનજીનું મંદિર આવે છે. ત્યાં જવાની સ્વામીશ્રીની ઇચ્છા હતી, પણ ખૂબ જ ભીડને લીધે જઈ શકાય એમ ન હતું. આપણને ઘણી વાર એમ થઈ જાય કે 'આ બધાં સ્થળોએ સ્વામીશ્રી શું કામ જવા ઇચ્છતા હશે ?' પણ પ્રગટના સંબંધથી તીર્થને તીર્થત્વ આપવા ને લાખો મુમુક્ષુઓને પ્રગટનો સંબંધ પમાડવા ઇચ્છતા મહાપુરુષોની દૃષ્ટિ આપણી પાસે ક્યાં છે ?

હિંદુ વિશ્વવિદ્યાલયમાં

થોડી વારે પંડિત મદનમોહન માલવિયા સર્જિત હિંદુ વિશ્વવિદ્યાલયમાં આવી પહોંચ્યા. રમણિકભાઈ સ્વામીશ્રીને એક પછી એક વિદ્યાલયની ભવ્ય ઈમારતો બતાવતાં ધીરે ધીરે જઈ રહ્યા હતા. સ્વામીશ્રી પણ ખૂબ જ રસપૂર્વક બધું નિહાળી રહ્યા હતા. 'વિદ્યાનગર કૉલેજો છે, પણ આવી નહીં. આ તો મોટા મહેલો જેવી લાગે છે,' સ્વામીશ્રીએ પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

મધ્ય ભાગમાં બિરલા મંદિર છે, ત્યાં સૌ આવી પહોંચ્યા. અહીં સ્વામીશ્રી સૌ સંતો-હરિભક્તો સાથે મંદિરના ગર્ભગૃહમાં પધાર્યા. શિવજીનાં દર્શન કર્યાં. પૂજારીએ ભાવથી સ્વામીશ્રીનું સ્વાગત કરી, હાર પહેરાવ્યો. સ્વામીશ્રીએ એને દક્ષિણા અપાવી રાજી કર્યો.

ઉપરના ભાગમાં પણ ભવ્ય મંડપ ને જુદા જુદા ધર્મના આચાર્યો-ભક્તોની મૂર્તિ છે. તે જોતાં જોતાં સ્વામીશ્રી ખૂણામાં એક સુંદર અગાશી હતી ત્યાં પધાર્યા. અહીં સારી બેઠક જોઈ સ્વામીશ્રીએ સભા કરી. પછી મંદિરની વિગત સ્થાનિક હરિભક્તોને પૂછી. સ્વામીશ્રી ચારે તરફ દૃષ્ટિ પ્રસારી રહ્યા હતા. ઊંચે જોતાં ઠેઠ શિખરના કળશ સુધી પહોંચી ગયા. લગભગ ૨૫૫ ફીટની ઊંચાઈ છે. પછી પ્રસન્નચિત્તે થોડી 'સ્વામીની વાતું' બોલ્યા ને સૌને અલૌકિક દર્શનનું સુખ આપ્યું.

સહસા મેં પૂછ્યું : 'બાપા ! આ બિરલાએ લાખો રૂપિયા ખર્ચી સત્કર્મ

કર્યું, એનું તેને શું ફળ મળશે ?'

'આપણે બેઠા ઈ.' એટલો તો ઠાવકાઈથી ને સહજતાથી સ્વામીશ્રીએ ઉત્તર આપ્યો કે અમે સૌ દિંગ થઈ ગયા.

મંદિર નીચે આવી દાતાઓની નામાવલિ વાંચી. પછી મોડું ઘણું થયું હતું તેથી સીધા ઉતારે આવી પહોંચ્યા. સંધ્યા આરતી કરી. નિત્યકર્મથી પરવારી, રાત્રે સત્સંગ સભા કરી.

ભજન કરે તો મોતૈયાનો વરસાદ વરસાવે

તા. ૮-૫-'૬૮ના રોજ બપોરે ઉમેદભાઈને ત્યાં પ્રસાદ લઈ, આરામ કરી, લગભગ સાંજે ૫-૩૦ વાગે સ્વામીશ્રી રમણિકભાઈની મોટરમાં અયોધ્યા જવા નીકળ્યા.

બપોરે સંતો યાત્રા માટે ચોખ્ખો નાસ્તો તૈયાર કરવા લાગ્યા. સમય થોડો હતો તેથી સૌ સંતો સાથે પ્રમુખસ્વામી પણ પૂરી વણવા બેસી ગયા. સેવાકાર્યમાં તેમની ચપળતા અવર્ણનીય હતી. કલકત્તામાં પણ ઘણી વાર બપોરે મહેમાનો વધી જાય ને સંતો વધી જાય તો અમારી સાથે પૂરી કરવા લાગે. બીજી પણ તૈયારીમાં ખૂબ સરળતાથી ને સહજતાથી ભળી જાય. અમને નાના સંતોને આ જોઈ ઘણો ક્ષોભ થાય, પણ પ્રમુખસ્વામી તો અમારી સાથે ભળી જવામાં અત્યંત આત્મીયતા ને પ્રસન્નતા અનુભવતા.

સૌ સંતો-હરિભક્તો માટે ધીરૂભાઈએ એક ખાસ નવી લકઝરી ડીલક્ષ બસ ભાડે કરી હતી. જેમાં યાત્રા માટે સીધું-સામગ્રી વગેરે જરૂરિયાતની તમામ વસ્તુઓ સાથે લેવામાં આવી હતી. અમે પણ થોડી વાર પછી તે બસમાં ધૂન-કીર્તન કરતાં ઊપડ્યા.

રસ્તામાં જોનપુર ગામે કેટલાક હરિભક્તોના આગ્રહથી સ્વામીશ્રી દર્શન દેવા ઊતર્યા. અહીં જિલ્લા-સ્વાસ્થ્ય અધિકારીના બંગલામાં પધરામણી કરી, સાયં વિધિથી પરવારી, ઉકાળો-નાસ્તો કરી, સૌ હરિભક્તોને દર્શન-સમાગમનું સુખ આપી, આગળ જવા નીકળ્યા.

આ વખતે સ્વામીશ્રી અમારી સાથે ડીલક્ષ બસમાં એમને માટે આગળની સીટોમાં સુંદર આસન ગોઠવ્યું હતું ત્યાં બિરાજ્યા. લગભગ ૯-૦૦ વાગે અમે નીકળ્યા. ધૂન-કીર્તન ચાલતાં હતાં. પછી પોઢી ગયા. રાત્રિનો વખત થયો હતો તેથી સૌ ઝોલે ચઢ્યા હતા. ૧૦-૦૦ વાગે રસ્તામાં લઘુ કરવા સ્વામીશ્રી

ઊતર્યા. પછી હાથ ધોઈ પાણી પીધું. અમે પૂછ્યું : 'બાપા ! આપને ફાવ્યું ?'

ત્યારે કહે : 'અમે તો પહેલાં ગાડામાં ફરતા, હાલીને જતા, તેના કરતાં આ લાખ રૂપિયાની બસમાં બેસવાનું મળ્યું. અમને તો ખરેખરું ફાવ્યું.'

પછી કહેવા લાગ્યા : 'જુઓ, આપણને મહારાજને પ્રતાપે આવી બસ મળે છે ને સુખેથી જાત્રા કરીએ છીએ. તે આપણે ભજન કરવું. કીર્તન કરતાં કરતાં જવું. અમે શાસ્ત્રીજી મહારાજ સાથે ફરતા, તે હું કીર્તન, ભજન, વાતું બોલું ને શાસ્ત્રીજી મહારાજ બેસે ને સાંભળે. વચમાં વાત કરવી હોય તો કરે. વળી પાછો હું ભજન ચાલું રાખું. એમ દસ-પંદર માઈલ સુધી એમ ચાલતું.

'આપણે બસમાં કથા-કીર્તન કરતાં જઈએ તો ધીરૂભાઈને પણ ગુણ આવે કે 'સંતો કેવા સારા !' તેમને ઉત્સાહ થાય ને આપણને ફરી જાત્રા કરાવે. આપણા નસીબમાં તો ગાડું હતું, તે મોટર-પ્લેન થઈ ગયાં તે મહારાજનો પ્રતાપ જાણવો. જો આપણે ભજન કરીએ તો મહારાજ તો મોતૈયાનો વરસાદ વરસાવે. માટે અખંડ ભજન કરવું. માટે હવે કીર્તન બોલો તે ઠેઠ અયોધ્યા આવતાં સુધી. તેની આપણને સ્મૃતિ રહે.'

રાત્રે લગભગ ૧૦-૩૦ થી ૧૨-૩૦ સુધી સંતોએ ભજન ચાલુ રાખ્યાં ! સ્વામીશ્રી આરામ કરતાં વચ્ચે હોંકારો કરી સૌને જાગ્રત રાખતા હતા.

અયોધ્યાથી થોડે દૂર રહ્યા ત્યારે ફરીથી સ્વામીશ્રી લઘુ કરવા ઊતર્યા. પછી પોતાને આસને આવીને બેઠા. મોડું ઘણું થઈ રહ્યું હતું.

થોડી થોડી વારે સ્વામીશ્રી પૂછે : 'અયોધ્યા આવ્યું ? અયોધ્યા આવ્યું ?' એમ કરતાં રાત્રે ૧-૦૦ વાગે અયોધ્યા મંદિરે પહોંચ્યા.

ઠાકોરજી પોઢી ગયા હતા. તેથી સીધા મંદિરની ઉપરના ભાગમાં ઉતારો છે ત્યાં પધાર્યા. પહેલાં સ્પેશિયલ ટ્રેનમાં અહીં પધારેલા ને આ જ જગ્યાએ પોતે ઊતરેલા, તે જૂની સ્મૃતિ સ્વામીશ્રી પ્રમુખસ્વામી સાથે તાજી કરવા લાગ્યા. પછી થોડી વારે આરામમાં પધાર્યા.

શ્રીહરિની રમણભૂમિમાં

સવારે નિત્ય વિધિથી પરવારી, કથા કરી, સ્વામીશ્રી સંઘ સાથે દર્શને જવા નીકળ્યા. સૌ પ્રથમ મંદિરમાં ઘનશ્યામ મહારાજનાં દર્શન કર્યાં. સંતોને મળ્યા.

પાછળના ભાગમાં જ્યાં ધર્મપિતા, ભક્તિમાતા તથા ઘનશ્યામ મહારાજ રહેતાં તે જગ્યાએ છત્રી છે ત્યાં પધાર્યા. અહીં લેખ વંચાવ્યો. દંડવત્ કર્યા. આ

સ્થાનનાં દર્શન કરી, ખૂબ જ પ્રસન્ન થયા. પછી પ્રદક્ષિણા કરીને બાજુમાં રામાનંદ સ્વામીનું જન્મ સ્થાન છે ત્યાં દર્શન કરી, દંડવત્ કર્યા ને લેખ સાંભળી રાજી થયા. બાજુમાં પ્રસાદીનો કૂવો છે તેનાં દર્શન કર્યાં ને પાણી લઈ લેવા આજ્ઞા કરી. છત્રી આગળ સૌ હરિભક્તોના દેશકાળ સારા થાય એની ધૂન કરાવી.

રસ્તામાં એક ઓટો છે, જ્યાં ધર્મપિતા ઘનશ્યામ મહારાજને ધર્મશાસ્ત્ર ભણાવતા, તે સ્થળે દર્શન કર્યાં ને દાદરમાં ભણતા સંતો-આચાર્ય થઈ જાય તેવો સંકલ્પ કરી, ધૂન કરાવી.

મંદિર સામે કંદોઈની દુકાન છે, જ્યાં મહારાજે અંગૂઠી સાટે મીઠાઈ ખાધી હતી ત્યાં ગયા. અહીં તે દુકાનનો માલિક ઊભો હતો. સ્વામીશ્રીએ તેને આ સ્થાનની ખાત્રી માટે પૂછ્યું. તેણે બધી વાત કરી. સ્વામીશ્રીએ તેને નજીક બોલાવી પૂછ્યું : 'તુમારા નામ ક્યા ?'

'રામદાસજી.' એણે જવાબ આપ્યો.

ખૂબ જ ભાવથી બે હાથ જોડી સ્વામીશ્રી એને પગે લાગ્યા. મહારાજનો સંબંધ પામેલા કંદોઈનો કુટુંબી ક્યાંથી ! પછી તેને એક રૂપિયો ભેટ અપાવ્યો. (હાલ અહીં રહેણાંકનાં મકાન છે.)

બાજુમાં મલ્લકુસ્તી કરેલી તે પ્રસાદીની આંબલી છે. અહીં પણ પગે લાગી, સ્વામીશ્રીએ આંબલીને બથમાં ઘાલીને ભેટ્યા : 'અહો ! મહારાજની પ્રસાદીની આંબલી ક્યાંથી !' (હાલ, આંબલી જોવા મળતી નથી.)

સ્વામિનારાયણ મંદિરની પાછળ શિવજીનું એક પુરાતન મંદિર છે. જ્યાં ઘનશ્યામ મહારાજ નાના હતા ત્યારે સૂવા આવતા ને એક કાયસ્થ આવીને શિવજીને પ્રાર્થના કરતો (વચ. ગ.અં. ૧૪) ત્યાં દર્શને પધાર્યા. ખૂબ જ ભાવથી લળી લળીને પ્રસાદીનાં સ્થાનનાં દર્શન કરી, લેખ વાંચી, સ્વામીશ્રી સંતો-હરિભક્તો સાથે હનુમાનગઢી પધાર્યા.

અયોધ્યામાં હનુમાનગઢી ખૂબ જ પુરાતન મંદિર છે. અહીંના હનુમાનજી અયોધ્યા નગરીના રાજા મનાય છે. ગઢની ઉપરના ભાગમાં મંદિર છે. હનુમાનજીની મોટી મૂર્તિ છે, તેનાં દર્શન ભાવથી કર્યાં. પૂજારીએ સ્વામીશ્રીનું સ્વાગત કરી, પ્રસાદીનો હાર પહેરાવ્યો. સ્વામીશ્રીએ પૂજારીને આ સ્થાનનો ઇતિહાસ તથા મહિમા પૂછ્યા, ને દક્ષિણા અપાવી એમને રાજી કર્યા.

મંદિરના સામેના ભાગમાં રામકથા થાય છે. ત્યાં હનુમાનજીનું આસન છે. અહીં ઘનશ્યામ મહારાજ રોજ દર્શને આવતા ને રામકથા સાંભળવા બેસતા.

તે પ્રસાદીના સ્થળે પણ દર્શન-દંડવત્ કર્યાં. અહીં મંદિરના મહંત સાથે મેળાપ થયો. સ્વામીશ્રી એકદમ નીચે બેસી ગયા ને મહંતજીને 'મંદિરમાં કેટલા સંતો છે ? આજીવિકા શું છે ?' વગેરે પૂછવા લાગ્યા ને કેટલાક હરિભકતો પાસે મહંતની સેવા કરાવી.

અહીંથી કનક મંદિરે દર્શને પધાર્યા. આરતીને હજુ વાર હતી. તેથી દર્શન બંધ હતાં. સ્વામીશ્રી મંદિર આગળ સંતો-હરિભક્તો સાથે બેસી ગયા. અહીં રામધૂન થતી હતી. ઘણા ભાવિકોએ સ્વામીશ્રીનાં દર્શનનો લાભ લીધો. મંદિર બહુ જ વિશાળ ને પુરાતન છે, તેથી સ્વામીશ્રી સર્વત્ર દૃષ્ટિ પ્રસારી રહ્યા હતા. અમે બહારથી આવ્યા એટલે સ્વામીશ્રીએ પૂછ્યું : 'મંદિરમાં બધે ફર્યા ?'

અમે કહ્યું : 'ના, અહીં બહાર જ હતા.'

પછી પોતે કહે : 'રામચંદ્ર ભગવાનને લાખો વરસ થયાં તોપણ લોકોને પરોક્ષમાં કેટલી પ્રતીતિ છે !' પ્રગટની ભક્તિનો મહિમા સમજાવ્યો.

લગભગ ૧૧-૩૦ વાગે આરતીનાં દર્શન કરી, ઉતારે સ્વામિનારાયણ મંદિરે પધાર્યા.

અહીં સભામાં શ્રીજીમહારાજનાં લીલાચરિત્રોની વાત થતી હતી. તેમાં મહારાજે ભાભીની વીંટી ચોરી અને તે સાટે પેંડા ખાધેલા તે પ્રસંગ નીકળ્યો. ત્યારે અમદાવાદના વનમાળીદાસ કહે : 'બાપા ! હું એક કિલો પેંડા લાવ્યો છું. તે હજુ એમ જ પડ્યા છે.'

તે સાંભળીને સ્વામીશ્રી હસીને બોલ્યા : 'મહારાજે પેંડા ઉત્સવ કર્યો હતો. આપણે પણ મહારાજને ધરાવીને પેંડા ઉત્સવ કરીએ.' એમ કહી, વનમાળીદાસને પેંડા લાવવા કહ્યું. તે લાવ્યા ત્યારે સ્વામીશ્રીએ તે સૌ સંતો તથા હરિભક્તોને આપી સ્મૃતિ આપી.

આજે એકાદશી હોવાથી લલિતભાઈ તથા કાંતિભાઈ અને તેમના માણસોએ ફરાળ તૈયાર રાખ્યું હતું. બપોરે ફરાળ કરી, કથા કરી, આરામમાં પધાર્યા.

બપોરે ઉત્થાપનનાં દર્શન કર્યાં. પછી સ્વામીશ્રી સૌ સંઘને લઈને સરયૂ-સ્નાન માટે પધાર્યા. સરયૂ કિનારે સ્વામીશ્રી ખુરશી નાખી બિરાજ્યા ને સૌ સંતો-હરિભક્તોએ સ્નાન કર્યું. સ્વામીશ્રીએ ઠાકોરજીને સ્નાન કરાવ્યું ને પ્રસાદીનું જળ સૌને માથે ચઢાવ્યું. નિરંજન સ્વામીએ એક વાર ઠાકોરજીને સ્નાન કરાવ્યું હતું, પણ સ્વામીશ્રી કહે : 'મારે ફરીથી સ્નાન કરાવવું છે.'

સૌ હરિભક્તોએ સ્વામીશ્રીનું પૂજન કરી, ધોતિયાં ઓઢાડ્યાં. નીકળતાં

નીકળતાં પણ ફરીથી સ્વામીશ્રી સરયૂના નીરમાં જઈને બંને ચરણકમળ પલાળી જળ માથે ચઢાવ્યું ને સ્વચ્છ જળથી મોઢું ધોયું. સ્વામીશ્રી કહે : 'બધા નાહ્યા, તે મારે મોઢું તો ધોવું જોઈએ ને !'

મોટાપુરુષની પ્રત્યેક લીલામાં કંઈક અલૌકિક સંકેત હોય !

રામ-જન્મભૂમિ ઉપર મંદિર-નિર્માણના શુભાશિષ

અહીં રામ-જન્મભૂમિની અસલ જગ્યા ઉપર પહેલાં મંદિર હતું, જે બાબરે તોડી નાખેલું. આ સ્થાનનો કબજો હિન્દુઓને મળે તે માટે આ સ્થાન ઉપર ૧૯ વર્ષથી અખંડ રામધૂન ચાલી રહી હતી. આ વાત જ્યારે સ્વામીશ્રીએ સાંભળી, ત્યારથી એમણે અહીં આવવાની ઘણી જ ઉત્સુકતા બતાવી હતી.

સરયૂ-સ્નાન કરીને અમે સૌ અહીં આવ્યા. મૂળ જન્મ સ્થાન પાસે કોઈ જઈ શકતું નથી. ને ત્યાં ચોવીસ કલાક પોલીસ પહેરો રહે છે. તે સ્થાનનાં સ્વામીશ્રીએ દૂરથી દર્શન કર્યાં. પછી પોતે પણ વેદિકા ઉપર રામધૂનની મંડળી ભેગા બેસી ગયા. ને તાળીઓ વજાડી ધૂન કરવા લાગ્યા. સને ૧૯૪૯થી સતત રામધૂન અને અખંડ જ્યોત ચાલતી જોઈને સ્વામીશ્રી તેમના દાખડાથી ખૂબ જ પ્રસન્ન થયા. અહીંના કાર્યકર્તા મહંત રામલખમનશરણજીને ખૂબ જ આશીર્વાદ આપ્યા ને હરિભક્તો પાસે સારી સેવા કરાવી.

પછી પોતે મંદિરે પધાર્યા. અહીં પણ મહંત રામલખમનશરણજી સાથે આવ્યા હતા. તેમણે રામ-જન્મભૂમિનો સઘળો ઈતિહાસ સ્વામીશ્રીને કહ્યો. ખૂબ જ રસપૂર્વક તે સાંભળીને સ્વામીશ્રીએ એમને આશીર્વાદ આપ્યા કે : 'જાવ, તમારું કાર્ય થઈ જશે.' એમ કહી બોલ્યા : 'કેસમાં જીત થાય અને મુસ્લિમોનો કબજો નીકળી જાય અને મંદિર થાય તે માટે કરો ધૂન !' એમ ધૂન કરાવી. પછી નિત્યકર્મ કરવા પધાર્યા. (ગુરુવાર, તા. ૯-૫-'૬૮).

અહીંના સંતોએ ઘણી જ સારી સરભરા કરી, બધી જ સગવડ પૂરી પાડી હતી. ધીરૂભાઈને પણ એટલો બધો પ્રેમ કે પોતે બધી જ વસ્તુઓ – સીધું-સામાન, રસોઈઓ, સ્વામીશ્રી માટે ઢોલિયો, ઍરકુલર વગેરે તમામ ચીજો સાથે લઈ લીધી હતી. જેથી કોઈ સંત-હરિભક્તને જરાપણ તકલીફ પડે જ નહિ.

રાત્રે સભા ભરી સ્વામીશ્રીએ સંતો પાસે *'અનુભવી આનંદ...'*નું કીર્તન ગવરાવ્યું. *'જે વડે આ જક્ત છે તેને કોઈ ન જાણે રે...'* એ લીટી બે-ચાર વાર બોલાવી, સુંદર નિરૂપણ કરી, યાત્રાવાસીઓને પ્રગટનો મહિમા સમજાવ્યો.

શ્રીહરિની જન્મભૂમિમાં

ગુરુવાર, તા. ૯-૫-'૬૮ના રાત્રે અયોધ્યા મંદિરમાં સૌ સંતો, હરિભક્તો સાથે સ્વામીશ્રી સભામાં બિરાજ્યા હતા. બીજે દિવસે સવારે છપૈયા જવા નીકળવાનું હતું. તેથી સ્વામીશ્રીએ સૌને સવારે વહેલા ઊઠીને તૈયાર થઈ જવા માટે ભારપૂર્વક આજ્ઞા કરી. એમના આદેશમાં છપૈયા જવાની ભારોભાર ઉત્કંઠા જણાતી હતી.

'હું ત્રણ વાગે ઊઠીને તૈયાર થઈ જઈશ.' સ્વામીશ્રીએ પોતાનો નિર્ણય જાહેર કર્યો. પછી સૌના નાસ્તા માટે થોડી પૂરી વગેરે તૈયાર કરવાની સંતોને આજ્ઞા કરી.

વહેલી સવારે સ્વામીશ્રી ઊઠી ગયા. નાહતાં નાહતાં પોતે કહે : 'આજે રાત્રે છપૈયા જવાનો જ ફડકો રહ્યો છે. ઊંઘ નથી આવી.'

જલદી જલદી નિત્ય વિધિથી પરવારી તૈયાર થઈ ગયા ને સૌને નીકળવા માટે પડકારો કર્યો. નીચે ઠાકોરજીનાં દર્શન કરવા પધાર્યા, પણ ઠાકોરજી પોઢ્યા હતા તેથી દ્વારનાં દર્શન કર્યાં ને સ્થાનિક સંતોને મળીને મોટરમાં બિરાજ્યા. પ્રમુખસ્વામી, સંતસ્વામી, મહંત સ્વામી વગેરે સંતો-હરિભક્તો બસમાં ગોઠવાઈ ગયા.

લગભગ ૬-૦૦ વાગે અમે સૌ મનકાપુર સ્ટેશને આવી પહોંચ્યા. સરયૂનો એ હરિયાળો પ્રદેશ ઘનશ્યામ મહારાજનું સ્મરણ કરાવતો હતો. આગળ છપૈયા જવાનો રસ્તો સારો નહોતો, તેથી અહીંથી છપૈયા અમારે ટ્રેનમાં જવાનુ હતું. ટ્રેનનો સમય હજુ થયો ન હતો. તેથી સ્વામીશ્રી વિશ્રામ ઘરમાં આરામખુરશી ઉપર આરામથી બંને ચરણો પ્રસારીને બિરાજ્યા હતા. કેટલાક સંતો-હરિભક્તો આજુબાજુ ઊભા હતા.

છપૈયા દર્શન કરકે જમેગા

સવારની પૂજાનો પ્રસાદ કાજુ તથા પેંડા યોગેશ્વર સ્વામીએ સ્વામીશ્રી આગળ ધર્યો. એમાંથી થોડું સ્વામીશ્રી ગ્રહણ કરે તો સારું – એવો તેમનો આશય હતો; પણ સ્વામીશ્રીએ તો તે સઘળો પ્રસાદ સૌ સંતો-હરિભક્તોને વહેંચી દીધો. એક કણ પણ મોઢામાં ન મૂક્યો.

યોગેશ્વર સ્વામીએ ફરીથી થાળી ભરીને મગજ સ્વામીશ્રી આગળ ધર્યો.

તે પણ સ્વામીશ્રી સૌને વહેંચવા લાગ્યા. 'બાપા ! આપ થોડું લો ને !' અમે સૌએ વિનંતી કરી.

'હું તમને જમાડું છું ને તમારામાં રહીને જમું છું.' સ્વામીશ્રીએ કહ્યું.

બહુ આગ્રહ કર્યો ત્યારે કહે : 'છપૈયા દર્શન કરકે જમેગા !'

સ્વામીશ્રીની આ ભક્તિભાવભરી ટેક સાંભળી સૌ છોભીલા પડી ગયા.

સાક્ષાત્ છપૈયા તીર્થસ્થાનનાં દર્શન કર્યાં પછી જ કંઈ લેવાના નિર્ણયથી બંધાયેલા, આ ઉંમરે પણ સ્વામીશ્રીની શ્રદ્ધા ને ભક્તિ જોઈ અમે શરમિંદા બન્યા. કારણ, અમે સૌ તો સ્વામીશ્રીએ આપેલા મહાપ્રસાદનો મહિમા સમજીને ક્યારનાય જમી ગયા હતા.

એટલામાં ટ્રેન આવી, સૌ ગોઠવાયા. લગભગ ૭-૩૦ વાગે અમે 'છપૈયા સ્વામિનારાયણ' સ્ટેશને ઊતર્યા. આ સ્ટેશન સ્વામીશ્રીના આશીર્વાદથી જ અસ્તિત્વમાં આવ્યું છે. અહીં મંદિરના મહંત સ્વામી હરિશ્ચંદ્રપ્રકાશદાસજી તથા વ્યવસ્થાપકો સ્વામીશ્રી તથા સંઘના સ્વાગત માટે આવી પહોંચ્યા હતા. તેઓ તો હાથી લાવવાના હતા. લગ્નગાળો હોવાથી તે મળ્યો નહીં, તેથી સુંદર સિગરામ તથા સંઘને માટે છથી સાત ગાડાંઓ લઈને સ્ટેશને આવ્યા હતા. સ્વામીશ્રી અને સંઘનું બંદૂક ફોડીને સ્વાગત થયું. સ્વામીશ્રી સિગરામમાં બિરાજ્યા. સાથે પ્રમુખસ્વામી તથા સંતસ્વામીને પણ બેસાડ્યા. કેટલાક ગાડામાં બેઠા, તો કેટલાકે ચાલવાનું પસદ કર્યું.

ઉદયાચલ ઉપર સૂરજ ધીરે ધીરે ખસી રહ્યો હતો. સ્વામીશ્રી આથમણે મુખારવિંદે ભગવો ધાબળો ઓઢીને બિરાજ્યા હતા, પણ એમના મુખારવિંદ ઉપર કોઈ અદમ્ય આનંદ પ્રકાશતો હતો. શ્રીહરિનાં પુનિત પાદારવિંદ અંકિત થયેલી આ ભૂમિનાં દર્શનમાત્રથી એમનું ગુલાબી મુખકમળ ખૂબ જ ખીલી ઊઠ્યું હતું.

જો કે ગાડા-રસ્તો બહુ જ ખરાબ હતો. ને સિગરામ આમથી તેમ હિલોળા લેતો હતો. સાથે સંતો પણ પછડાતા હતા. પણ સ્વામીશ્રીને એનું લગીર પણ કષ્ટ જણાતું ન હતું. ધૂન બોલ્યા પછી *'આજ પ્રગટ્યા પૂરણ બ્રહ્મ રે'* એ કીર્તન ઝીલતાં સૌ સંતો-હરિભક્તો સાથે ચાલી રહ્યા હતા.

મંદિર નજીક આવી પહોંચ્યા. સ્વામીશ્રીએ 'ઘનશ્યામ મહારાજની જય' બોલાવી ને મંદિરના ચોકમાં આવી ઊભા. સિગરામમાંથી ઊતરતા પહેલાં સ્વામીશ્રી કપડાં ઉપરથી ધૂળ ખંખેરતાં કહે : 'ધૂડ સોંટ્યા હૈ.' આ બાજુ ઘણી વાર પોતે ખૂબ પ્રસન્ન હોય ત્યારે આવી રીતે હિંદીમાં બોલી ઊઠતા.

પછી ખુરશીમાં બેસી મંદિરમાં દર્શને પધાર્યા. મૂર્તિમાં લીન બની સ્વામીશ્રી દર્શન કરી રહ્યા હતા. મૂર્તિઓનાં નામ પણ પૂછતા જતા હતા. અહીં પ્રથમ દેરામાં કુંજવિહારી સાથે વાસુદેવ નારાયણ; મધ્ય મંદિરમાં ધર્મ, ભક્તિ ને અયોધ્યાપ્રસાદ સાથે ઘનશ્યામ મહારાજ; અને છેલ્લા દેરામાં રેવતી, બળદેવ સાથે હરિકૃષ્ણ મહારાજ – આમ ત્રણ સ્વરૂપો છે.

અહીં મધ્ય મંદિરમાં બે નાના પૂજારી સંતોએ સ્વામીશ્રીને ઘનશ્યામ મહારાજની પ્રસાદીનો હાર પહેરાવ્યો ને પુષ્પ ધર્યાં.

'મહારાજ ! બેઠા છો ને ! દર્શન આપ્યાં ને ! નિર્વિઘ્ને પહોંચાડ્યા.' સ્વામીશ્રીએ વાસુદેવ નારાયણની મૂર્તિ સાથે ખૂબ જ ભાવાન્વિત વચનોથી વાત કરી પ્રાર્થના કરી. એક પ્રદક્ષિણા ફર્યા.

ઘનશ્યામ પ્રભુના તેજમાં

પછી 'ઘનશ્યામ ભુવન'માં પધાર્યા. અહીં બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજની મૂર્તિનાં દર્શન કરતાં સ્વામીશ્રી બહુ જ રાજી થયા. નાનકડી લાલ રંગની - સોનેરી બુટ્ટાવાળી અંગરખી ને માથે નાનકડી લાલ રંગની સોનેરી ભાતવાળી ટોપીમાં ઘનશ્યામ મહારાજ અલૌકિક શોભતા હતા.

'બહુ તેજ !' સ્વામીશ્રી દર્શન કરતાં કરતાં બોલ્યા.

પૂજારી સ્વામી શ્રીહરિદાસજીએ ખૂબ જ ભાવથી સ્વામીશ્રીને અંદર બોલાવી દર્શન કરાવ્યાં. અહીં બાલપ્રભુ ઘનશ્યામ મહારાજનાં પ્રસંગચિત્રો છે. તે દરેકે દરેક ચિત્ર સ્વામીશ્રીએ ખૂબ જ બારીકાઈથી - ભક્તિભાવથી નિહાળ્યાં. એક એક પ્રસંગ બબ્બે વાર જુએ ને ચિત્રોમાં ઘનશ્યામ મહારાજને શોધે ને જોઈને રાજી થાય. બહાર આવી સ્વામીશ્રીએ પૂજારીનો ખૂબ આભાર માન્યો.

ઘનશ્યામ ભુવનની સામે મહાપ્રસાદીનો ગંગાજળિયો કૂવો અને છત્રી છે, તે લેખ વંચાવી, કૂવામાં દર્શન કર્યાં.

તુરંત સ્વામીશ્રીએ પોતાના ગાતરિયાના એક છેડે બાંધેલાં સવારની પૂજાનાં પ્રસાદીનાં પુષ્પો છોડ્યાં. ને કૂવામાં પધરાવતાં કહે : 'પૂજન કરીએ.'

પળે પળે મહારાજના સંબંધને પામેલા આ તીર્થમાં સ્વામીશ્રીના મહિમા ને ભક્તિપૂર્ણ હૃદયનાં દર્શન કરતાં અમારા આનંદાશ્ચર્યનો પાર રહેતો નહિ.

ઘનશ્યામ ભુવનની નીચેના ભાગમાં જ્યાં શ્રીહરિનો પ્રાદુર્ભાવ થયો તે જન્મ સ્થાનની સાક્ષાત્ પ્રસાદીની ભૂમિનાં દર્શને સ્વામીશ્રી પધાર્યા. અંદર

અંધારું હતું અને અંદર જવાનો માર્ગ પણ ઘણો જ સાંકડો હતો.

સ્વામીશ્રી ધીરે ધીરે અંદર પધાર્યા. પછી ટોર્ચના પ્રકાશથી ઓરડીનાં દર્શન કર્યાં. એક પથ્થર ઉપર ઘનશ્યામ મહારાજની ધર્મપિતા તથા ભક્તિમાતા સાથે મૂર્તિ છે, તેનાં પણ દર્શન કર્યાં. પછી અંદર ખાડામાં હાથ લંબાવીને પ્રસાદીની રજ લેવા ખૂબ અધીરા થઈ ગયા ને કહે : 'મને લેવા દ્યો.' એમ કહેતાં ધૂળ લઈને માથે ચઢાવી. આંખે લગાડીને અમને બાંધી લેવા કહ્યું. ખૂબ જ શાંતિથી, ધીરજથી સ્વામીશ્રીએ આ સ્થાનનાં દર્શન કર્યાં. થોડી વાર ધૂન કરી. વાતાવરણ ઘણું જ શાંત ને પ્રિય જણાતું હતું.

પછી ઉતારે આવ્યા. ધ.ધુ. આચાર્ય દેવેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી અહીં મહંતશ્રીએ આચાર્ય મહારાજનો જ સુંદર ઉતારો સ્વામીશ્રીને માટે તૈયાર રાખ્યો હતો. અયોધ્યામાં પણ આવી જ વ્યવસ્થા થઈ હતી. નિત્ય વિધિથી પરવારી સ્વામીશ્રીએ થોડી વાર આરામ કર્યો. બપોરે ઠાકોરજી જમાડી કથા કરી.

સભામાં વાત કરતાં અહીંના મહંત સ્વામીએ કહ્યું કે 'પહેલાં મને એમ રહેતું કે આ બોચાસણવાળા છે; પણ પછી બોરસદનો કેસ વાંચ્યો ત્યારે ખબર પડી કે ખાસ કંઈ ભેદ નથી. સહુ મહારાજનો પ્રચાર કરે છે. જે વિરોધ કરે છે, તે સંકુચિત દૃષ્ટિવાળા છે.'

પછી કથામાં વચનામૃત ગ.પ્ર. ૩૭ વંચાવ્યું. એવામાં પુલહાશ્રમ વગેરે જગાએ યાત્રા કરવાની વાત નીકળી. સંતો કહે : 'બાપા ! જાત્રા તો અહીં આવ્યા ને આપ મળ્યા એટલે પૂરી થઈ; પણ જોવા-ફરવાનું મળે.'

ત્યારે સ્વામીશ્રી 'સ્વામીની વાત' બોલ્યા : 'જે જોવાનું છે, પૂછવાનું છે, તે તમારા ભેગું છે.' એમ કહી આરામમાં પધાર્યા.

છપૈયાની કુંજગલીમાં

બપોરે ૪-૦૦ વાગે સ્વામીશ્રી સૌ સંતો-હરિભક્તોનો સંઘ લઈને મંદિરની આસપાસનાં મહારાજનાં પ્રસાદી સ્થાનોનાં દર્શન કરવા પધાર્યા. સૌ પ્રથમ મંદિર સામે નારાયણ સરોવરનાં દર્શન કર્યાં ને પ્રસાદીનું જળ માથે ચઢાવ્યું. પછી સૌ સંતો-હરિભક્તોને પણ પ્રસાદીના જળથી પાવન કર્યા.

પ્રગટ ભગત કહે : 'મારે માથે જળ ચઢાવો.'

સ્વામીશ્રી કહે : 'પહેલાં મારી દાઢી ઓલવવા દે !'

આગળ જતાં ધર્મપિતા તથા ભક્તિમાતાના ઓટા છે ત્યાં દર્શન કર્યાં.

પ્રદક્ષિણા કરી ને દંડવત્ કર્યાં. અમારી સાથે ભોમિયા(Guide) એક ભગત હતા. તેમને સ્વામીશ્રી વારે વારે બોલાવે ને બધાં સ્થળોનો વિગતવાર ઈતિહાસ-મહિમા પૂછે.

અહીં ભગતજી મહારાજના પરમ કૃપાપાત્ર ને ગુરુ શાસ્ત્રીજી મહારાજના ગુરુભાઈ વિજ્ઞાનદાસ સ્વામી ધામમાં પધારેલા. તે જગ્યા શોધવા સ્વામીશ્રીએ ઘણો પ્રયાસ કર્યો.

થોડાક આગળ જતાં મહારાજે અસુર કાલિદત્તનો સંહાર કર્યો હતો તે જગ્યા છે. ત્યાં જૂના વૃક્ષનાં દર્શન કરી, દંડવત્ કર્યાં. દરેક પ્રસાદી સ્થળે સ્વામીશ્રી દંડવત્ કરતા ને સ્થળનો મહિમા સૌને સમજાવતા. વારાફરતી સૌ સંતો તથા યુવકો સ્વામીશ્રીની ખુરશી પકડતા હતા. સ્વામીશ્રીના સાંનિધ્યમાં સૌના આનંદનો પાર ન હતો. સૌ આનંદકિલ્લોલ કરતાં, ધૂન કરતાં જઈ રહ્યા હતા. વળી, આ સાક્ષાત્ ભૂમિનાં દર્શનથી જ સૌનાં હૃદય પુલકિત થઈ ગયાં હતાં.

આગળ જતાં ત્રિખૂણિયું ખેતર તથા મીન સરોવર, જ્યાં મહારાજે માછીમારને સમાધિમાં નર્કનું દુ:ખ બતાવી માછલાં મારતા રોક્યો, તે પ્રસાદીનાં સ્થળોના દશન કર્યાં.

પછી ગામમાં જતાં મંદિરની પાછળના ભાગમાં જાંબુડાનું વૃક્ષ છે, જેની ઉપર ચડી મહારાજ જાંબુ જમ્યા હતા, તે વૃક્ષનાં દર્શન કર્યાં. અહીં એક કૂવો છે, તેનું પાણી સ્વામીશ્રીએ મંગાવી પીધું. પણ કહે : 'પાણી અચ્છા નહીં.'

થોડે દૂર ખાંપા તલાવડી છે, જ્યાં મહારાજને ઝાડ ઉપરથી પડતાં ખાંપો વાગેલો, ત્યાં દર્શન કર્યાં. ને પાણી માથે ચઢાવ્યું. પછી અહીં સભા કરી, સ્વામીશ્રીએ થોડી વાતો કરી. બાજુમાં ઓટે દર્શન કરી મંદિર તરફ જવા નીકળ્યા.

ખુરશી ઉપાડી એ પણ તીરથ

રસ્તામાં સૌ સંતોએ સ્વામીશ્રીની ખુરશી ખભા ઉપર ઉપાડી હતી ને સ્વામીશ્રી પણ ઊંચા આસન ઉપર રાજાધિરાજની જેમ શોભતા બિરાજ્યા હતા. સૌ આનંદમાં કીર્તનો ગાઈ રહ્યા હતા.

ત્યાં કોઈએ કહ્યું : 'બાપા ! જાત્રા બહુ સારી થઈ. બહુ મજા આવી.'

એટલે સ્વામીશ્રી એમના સૂરમાં સૂર પુરાવતાં કહે : 'આ ખુરશી ઉપાડી એ પણ મોટું તીરથ !' એમ મરમમાં પ્રગટનો મહિમા સમજાવ્યો. ને સૌ પ્રેમભક્તિમાં તરબોળ થતાં મંદિરે આવ્યા.

અહીં ભક્તિકુળના કેટલાક સત્સંગીઓએ સ્વામીશ્રીને બોલાવ્યા ને પોતાને આંગણે પધરાવ્યા. સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપ્યા.

મંદિરે પધારી સ્વામીશ્રીએ અહીંના મહંતશ્રી સાથે વાર્તાલાપ કર્યો.

રાત્રે મંદિરમાં સ્થાનિક તથા સંઘના સૌ સંતો-હરિભક્તોની સભા થઈ. સ્વામીશ્રીની આજ્ઞાથી અહીંના મહંતશ્રીએ છપૈયા મંદિરનો ઇતિહાસ તથા મહિમા કહ્યો. ત્યારપછી હકાભાઈ તથા પ્રમુખસ્વામીએ વાતો કરી. અને મંદિરમાં કેટલાક જીર્ણોદ્ધાર કામ માટે સારી સેવા સ્વામીશ્રી અને મંડળ તરફથી જાહેર કરી. અંતમાં સ્વામીશ્રીએ આશીર્વાદ આપી સૌને રાજી કર્યા.

રાત્રે પોઢવા જતાં પહેલાં સ્વામીશ્રીએ એક ઇચ્છા દર્શાવી કે 'અહીં એક પ્રસાદીનો પીપળો છે, જેના ઉપર મહારાજ મુમુક્ષુ ખોળવા ચઢ્યા હતા, તેનાં દર્શન કરવાં છે.'

અહીં ક્ષૌરકર્મ કરાવવાનો ઘણો જ મહિમા છે. યોગાનુયોગ અમારે અહીં જ મુંડન કરાવવાનો સમય થઈ ગયો, તેથી સૌ સંતોએ ને કેટલાક હરિભક્તોએ મુંડન કરાવ્યું. સ્વામીશ્રીનું મુંડન કરવા માટે અમદાવાદથી ખાસ આવીને વનમાળીભાઈએ સેવાનો લાભ લીધો હતો. તેઓ દર સુદ તેરશે સ્વામીશ્રી જ્યાં બિરાજતા હોય ત્યાં પહોંચી જતા ને ક્ષૌરકર્મની સેવાનો લાભ લેતા.

બધાં તીર્થોનો શેઢો

સવારે વહેલા ઊઠીને સ્વામીશ્રી મંદિરમાં દર્શને પધાર્યા હતા. પછી મુંડન કરાવી, સૌ સંતો-હરિભક્તો સાથે નારાયણ સરોવરમાં સ્નાન માટે પધાર્યા. અહીં કાંઠે ગરમ પાણીમાં નારાયણ સરોવરનું પ્રસાદીનું પાણી ગાળી લઈ, સ્વામીશ્રી ખુલ્લામાં સૂર્યના પ્રકાશમાં સ્નાન કરવા લાગ્યા. સૌને પ્રસાદીનું જળ પણ ચઢાવ્યું. સાથે સાથે સાતે મંદિરોના તથા વરતાલ, અમદાવાદના સંતોને તથા મુંબઈ, કલકત્તા વગેરે ગામોના સંત-હરિભક્તોને સંભારીને સ્નાન કર્યું.

અહીં શરીર લૂછતાં લૂછતાં સ્વામીશ્રી કહે : 'બધાં તીર્થમાત્ર અહીં આવી ગયાં. બધાં તીર્થોનો આ શેઢો. જેમ પૃથ્વીનો છેડો આવે પછી આગળ ન જવાય, પાછા આવવું પડે; તેમ છપૈયામાં તીર્થમાત્ર આવી ગયાં.'

પૂજા વિધિમાં મંદિરના બે નાના સંતોએ બ્રહ્માનંદ સ્વામી રચિત *'દેખત બડભાગ લાગ'* એ છંદો સુંદર રાગથી ગાયા, અને સ્વામીશ્રીને રાજી કર્યા. પૂજા બાદ સ્વામીશ્રીએ મંદિરમાં, ઘનશ્યામ ભુવનમાં, ગંગાજળિયા કૂવાનાં દર્શન કર્યાં.

આજે પણ કૂવામાં પ્રસાદીનાં પુષ્પો પધરાવ્યાં ને પ્રસાદીનું જળ સાથે લઈ લેવા મને આજ્ઞા કરી. પછી જન્મ સ્થાનનાં દર્શને પધાર્યા. આજે પ્રસાદીની રજ મોઢામાં મૂકી હતી.

પછી સભામંડપમાં પધાર્યા. અહીં સભા ભરી, સૌ હરિભક્તો પાસે મંદિરના મહંતશ્રી તથા સૌ સંતોનું પૂજન કરાવ્યું. ધોતિયાં ઓઢાડાવ્યાં ને ઠાકોરજીની સેવા કરાવી. મહંતશ્રીએ સ્વામીશ્રીને તથા પ્રમુખસ્વામીને પ્રસાદીના હાર પહેરાવ્યા. ને ઘનશ્યામ મહારાજની પ્રસાદીનાં વસ્ત્રો અર્પણ કર્યાં.

પરમ દયાળુ સ્વામીશ્રીએ તુરત બંને વસ્ત્રો એમને પાછાં ધર્યાં. મહંતશ્રીએ તે પ્રસાદી સ્વીકારવા સ્વામીશ્રીને ઘણો જ આગ્રહ કર્યો. સ્વામીશ્રી કહે : 'અમારે તો આપનું લેવાય જ નહિ, અમે બીજું લઈ આપને ઓઢાડીશું.' એમ કહી પ્રેમથી પાછું ધર્યું.

મહંતશ્રીએ બીજા પણ કેટલાક હરિભક્તોને ઘનશ્યામ મહારાજની પ્રસાદીના રૂમાલ વગેરે ભેટ આપ્યા ને સંતોને પ્રસાદીની ચંદનની ગોટી આપી. ખરેખર ! આ વખતે મહંતશ્રીએ તથા સૌ સંતોએ સ્વામીશ્રીની તથા સંઘની ખૂબ જ સેવા-સરભરા કરી હતી.

અહીંથી નીકળતાં સ્વામીશ્રી ફરીથી મંદિરે દર્શને પધાર્યા ને ઘનશ્યામ મહારાજ પાસે પ્રાર્થના કરતાં કહ્યું : 'મહારાજ ! હારે હાલજો.'

પ્રેમથી દર્શન કર્યાં. પછી સૌને મળીને સિગરામમાં બિરાજ્યા. ધીરે ધીરે સંઘે મંદિરમાંથી વિદાય આપી.

આ બહુ મોટું તીરથ !

રસ્તામાં દૂર ખેતરમાં પ્રસાદીના પીપળાની જગ્યા આવે છે. અહીં દર્શન કરવા સ્વામીશ્રી ઊતરતા હતા. દૂરના ગાડામાં ખુરશી હતી તે આવતાં વાર લાગી. ખુરશી આવી ત્યાં ગુણવંતભાઈ આવી પહોંચ્યા ને તેઓ કહે : 'સ્વામીને નથી લઈ જવા.'

સ્વામીશ્રી આ સાંભળી ગયા. તેથી એકદમ ભાવથી ગળગળા થઈને બોલી ઊઠ્યા : 'સ્વામીને દર્શન કરવાં છે, સ્વામીને જ પહેલાં જવું છે.' એમ પોતે જાતે બોલ્યા ને આજીજી કરતાં કહેવા લાગ્યા : 'બાપા ! દર્શન કરવા દ્યો ને ! ગુણુભાઈ ! એટલી દયા કરો !'

શ્રીહરિ પ્રત્યેની સ્વામીશ્રીની પરાભક્તિનાં દર્શન આમ ક્યારેક સાકાર થતાં.

આ સ્થાન માટે સ્વામીશ્રીની આટલી બધી લાગણી જોઈને મારાથી પુછાઈ ગયું : 'બાપા ! આ મોટું તીરથ છે ?'

'હા, આ બહુ મોટું તીરથ. અહીં મહારાજ પીપળે ચડેલા હતા, આપણને ખોળવા માટે.' સ્વામીશ્રીએ સ્થાનનો મહિમા સમજાવ્યો.

સ્વામીશ્રી ખુરશીમાં બિરાજી, જ્યાં પીપળો હતો તે જગ્યાએ પધાર્યા. અત્યારે પ્રસાદીનો પીપળો નથી. માત્ર જગ્યા છે. એનાં દર્શન થયાં. ધીરે ધીરે સ્ટેશને આવી પહોંચ્યા.

અહીં સ્ટેશન સામે રાધારમણપ્રસાદજીના મકાનમાં પધરામણી કરી. તેમની સેવા કરાવી. પછી સ્ટેશને આવી પહોંચ્યા. અહીં પણ ગણેશપ્રસાદજી તથા ભક્તિકુળ તેમજ ધર્મકુળની કેટલાક હરિભક્તો પાસે સેવા કરાવી, રાજી કર્યા. ગાડી ઘણી જ મોડી હતી.

ગાડી આવી, પણ ગિરદી ખૂબ જ હતી. જરાપણ જગ્યા ન હતી. સ્વામીશ્રીને ક્યાં બેસાડવા તે મોટો પ્રશ્ન થયો. ત્યાં ગાડીને ઊપડવાનો સમય થયો. છેવટે ગાર્ડની રહેમથી સ્વામીશ્રી અને સંતો બ્રેકવાનમાં ગોઠવાયા. બીજા પણ જ્યાં ત્યાં ગોઠવાઈ ગયા. થોડી વારમાં મનકાપુર આવી પહોંચ્યા. અહીંથી સૌ મોટર અને બસ દ્વારા અયોધ્યા આવી ગયા.

અહીં ધીરુભાઈના ભાઈઓએ નૃસિંહ ચૌદશ નિમિત્તે ફરાળ વગેરે તૈયાર કરાવ્યું હતું. તે ઠાકોરજીને થાળ ધરી સૌ જમ્યા. મંદિરમાં સભા કરી. સ્વામીશ્રીએ હરિભક્તો પાસે ઠાકોરજીની સેવા કરાવી. પછી વારંવાર ઠાકોરજીનાં દર્શન કરી, સ્વામીશ્રી બનારસ જવા મોટરમાં બિરાજ્યા. સૌ સંતો બસમાં ગોઠવાઈ ગયા. રાત્રે ૧૧-૦૦ વાગે સૌ બનારસ આવી પહોંચ્યા.

બીજે દિવસે સવારે શાસ્ત્રી શ્વેતવૈકુંઠદાસજીએ સૌ સંતો-હરિભક્તોને બાસુંદી-પૂરીની રસોઈ જમાડી. પ્રમુખસ્વામી, સંતસ્વામી, મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી વગેરે સંતો તથા અંબાલાલભાઈ, હકાભાઈ ખાચર વગેરે હરિભક્તો ભૂસાવળ થઈ, સુરત જવા ટ્રેનમાં નીકળ્યા.

રાત્રે સ્વામીશ્રી બનારસથી ટ્રેનમાં નીકળી કલકત્તા જવા નીકળ્યા. ટ્રેન ઘણી જ મોડી હતી. તેથી તા. ૧૩-૫-'૬૮, બપોરે કલકત્તા મણિભાઈ મહેતાને ત્યાં પહોંચ્યા. અહીંથી નાહી-ધોઈ, જમી-પરવારી, પ્લેન દ્વારા મુંબઈ આવી પહોંચ્યા.

❀ ❀ ❀

નડિયાદમાં જન્મ જયંતી મહોત્સવ



સ્વામીશ્રી મુંબઈથી સંત-હરિભક્તો સાથે તા. ૧૬-૫-'૬૮, ગુજરાત એક્સપ્રેસમાં નડિયાદ આવવા નીકળ્યા. રસ્તામાં દરેક સ્ટેશને સ્વામીશ્રી ડબ્બાની બહાર આવી હરિભક્તોને દર્શન આપતા ને આજ્ઞા કરતા કે 'નડિયાદ પારાયણમાં આવવા માટે સૌ હરિભક્તોને સહકુટુંબ નોતરું છે. ઈશ્વરભાઈના પારાયણમા સૌએ આવવાનું છે.'

સ્વામીશ્રીની સ્વયં ઇચ્છા અને પ્રેરણાથી જ આ પારાયણ યોજવામાં આવ્યું હતું. કેટલાય વખતથી ઈશ્વરભાઈને મકાનના વાસ્તુ પ્રસંગે પારાયણ કરાવવા માટે પ્રેરણા કરતા ને ત્યારપછી સ્વામીશ્રીની જયંતી સાથે જ આ પ્રસંગ ઊજવવાનો નિર્ણય ઈશ્વરભાઈએ લીધો. સ્વામીશ્રીએ તેને અનુમોદન આપ્યું ને આ પારાયણ ને જન્મોત્સવનું આયોજન થયું.

નડિયાદ સ્ટેશન ઉપર જમનાદાસભાઈ અમીન, બકુભાઈ અમીન તથા ઈશ્વરભાઈએ નડિયાદના અસંખ્ય હરિભક્તો સાથે સ્વામીશ્રી, પ્રમુખસ્વામી તથા સંતમંડળનું સ્વાગત કર્યું. સૌ ઈશ્વરભાઈના બંગલે 'યજ્ઞભુવન'માં ઉતારે પધાર્યા. નીચેના ભાગમાં સ્વામીશ્રીનો સુંદર ઉતારો હતો ને ઉપરના આખા માળમાં સમગ્ર સંતમંડળને વિશાળ ઉતારો આપવામાં આવ્યો હતો.

છેલ્લા એક માસથી ઈશ્વરભાઈ અને તેમના કુટુંબે આ ઉત્સવ માટે રાત-દિવસ એક કરીને સમગ્ર તૈયારીઓ શરૂ કરી હતી.

સ્વામીશ્રી નિત્ય વિધિથી પરવારી, ઠાકોરજી જમાડીને આરામમાં પધાર્યા.

રાત્રે ૧૦-૦૦ વાગે સ્વામીશ્રીએ સભામંડપ, રસોડા વિભાગ વગેરેનું અવલોકન કર્યું. અહીં સભા કરી, સ્વામીશ્રીની આજ્ઞાથી બાલુભાઈએ યુવકોને જુદાં જુદાં ખાતાંની સોંપણી કરી. ઉતારા, પાગરણ, સભા વ્યવસ્થા, પીરસવાની સેવા, દાતણ, પાણી, સ્વચ્છતા, પગરખાં સાચવવાં વગેરે વિભાગો સોંપાઈ ગયા.

મંડપનું સુશોભન કામ થોડું બાકી હતું. તે રાત્રે મહંત સ્વામી તથા સંતો સાથે બકુભાઈ તથા જમનાદાસભાઈ વગેરે હરિભક્તોએ પૂરું કરાવ્યું.

હંમેશના કાર્યક્રમ મુજબ, સવારે ૫-૦૦ વાગે સ્વામીશ્રીએ મંગળ પ્રવચનનો લાભ આપ્યો. ત્યારપછી નિત્ય વિધિથી પરવારી પૂજામાં પધાર્યા. ભક્તોની ભીડ સારી એવી જામી હતી. કારણ, એક માસ પછી સ્વામીશ્રી ગુજરાતમાં પધારતા હતા. ને વળી રજાના દિવસો હતા, તેથી દેશ-પરદેશથી સંત-હરિભક્તોનો સમૂહ ખૂબ જ સારા પ્રમાણમાં એકત્રિત થતો જતો હતો.

સવારે ૯-૦૦ વાગે વિધિસર 'હરિલીલાકલ્પતરુ'ના પંચમ સ્કંધની પારાયણનો પ્રારંભ પ્રમુખસ્વામીએ કર્યો. પોતાની મધુર શૈલીમાં સૌને કથામૃતનું પાન કરાવ્યું. આ પછી રોજ નારાયણ ભગત તથા હું વારાફરતી કથા કરતા. ૧૦-૩૦ વાગે કથા સમાપ્તિ પછી સ્વામીશ્રી પોતાની અમૃત વાણીથી સર્વને સુખી કરતા.

લગભગ ૧૧-૦૦ વાગે 'વાસુદેવ હરે' થઈ જતા. રસોડાની વ્યવસ્થા આ વખતે ઉત્તમ પ્રકારની હતી. ઈશ્વરભાઈ માસ્તર તથા રાવજીભાઈ દેસાઈ(ઈશ્વરભાઈના ભાઈ)ની દેખરેખ નીચે સવારે સુંદર રસોઈ તૈયાર થઈ જતી. કૃષ્ણાભાઈ તથા શાંતિભાઈ સોનીની દેખરેખ નીચે, નડિયાદ મંડળ પીરસવાની સેવા સુંદર રીતે કરી રહ્યું હતું. જોતજોતામાં તો હજારો હરિભક્તો જમીને પરવારી જતા.

અંબાલાલભાઈ દવે તથા સ્વયંસેવકો પારાયણમાં પધારતા હજારો આમંત્રિત હરિભક્તોનું સ્ટેશન ઉપર રાત-દિવસ સ્વાગત કરતા. ત્યાંથી સ્ટેશન સામે બકુભાઈ અમીનની પેઢીમાં સૌને ઠંડાં પાણી પાઈને જુદાં જુદાં વાહનોમાં ઈશ્વરભાઈને બંગલે મોકલવાની વ્યવસ્થા થતી.

તે જ પ્રમાણે એસ.ટી. સ્ટેન્ડ ઉપર પણ નટવરભાઈ બ્રહ્મભટ્ટ, જેમની આ સાત દિવસ પૂરતી અહીં જ ડેપોમાં નિમણૂક કરવામાં આવી હતી, તેઓ ગામોગામથી પધારતા હરિભક્તોને મહોત્સવના પ્રાંગણમાં પહોંચવાની વ્યવસ્થા કરી આપતા ને ક્યારેક સ્પેશિયલ બસો પણ દોડાવતા.

સભામંડપ આગળ એક પૂછપરછ કાર્યાલય ખોલવામાં આવ્યું હતું. જ્યાં નવનીતભાઈ પંચાલ તથા પ્રેમશંકરભાઈ હજારો મહેમાનોને ઉતારા-પાગરણની યોગ્ય વ્યવસ્થા કરી આપતા. ભાનુભાઈ દવે ને ઘનશ્યામભાઈ બ્રહ્મભટ્ટ સૌને ઉતારે પહોંચાડવાની ને અન્ય સહાયો આપી રહ્યા હતા.

બહારગામથી પધારેલા ખાસ મહેમાનો માટે ડૉ. શાહ તથા ડૉ. ઈશ્વરભાઈ પટેલનાં સુંદર મકાનોમાં સારી વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમજ ઈશ્વરભાઈના કુટુંબીના એક નવા મકાનમાં સમગ્ર મહિલા મંડળનો ઉતારો હતો. તેમજ જમનાદાસભાઈ અમીનના પ્રયાસથી નડિયાદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજના પ્રિન્સિપાલ વ્યાસ સાહેબે કૉલેજની હૉસ્ટેલમાં એકસો રૂમો ઉતારા માટે આપી હતી. જ્યાં નાહવા-ધોવા તથા રહેવાની સંપૂર્ણ સગવડ હતી. તેમજ ગામમાં પણ ઈશ્વરભાઈના જૂના મકાનમાં અને અન્ય હરિભક્તોને ત્યાં પણ ઘણા હરિભક્તોને ઉતારવામાં આવ્યા હતા.

સાંજે ૫-૦૦ વાગે 'ભક્તચિંતામણિ'ના પારાયણમાં સ્વામીશ્રી પ્રસંગોપાત્ત નિરૂપણ કરી, સભાને રંજન કરતા. લગભગ ૬-૦૦ વાગે સ્વયંપ્રકાશ સ્વામી 'સ્વામીની વાતું'નું પારાયણ કરતા. પોતાની જ્ઞાનગંભીર મુદ્રામાં જ્ઞાનપ્રચૂર સુંદર કથામૃતનું પાન સર્વેને કરાવતા. ત્યારબાદ સ્વામીશ્રી આશીર્વાદ આપતા અને સભામાં આરતી કરી, પોતાને ઉતારે નિત્ય વિધિ માટે પધારતા.

રાત્રે પણ આરતી પછી તુરત 'વાસુદેવ હરે' થઈ જતા. ઉકાળો લઈ લગભગ ૯-૦૦ વાગે સ્વામીશ્રી સભામાં પધારતા. સંતોનાં ધૂન-કીર્તન બાદ સંતસ્વામી, પ્રમુખસ્વામી, ઘનશ્યામ સ્વામી, બાળમુકુંદ સ્વામી, મહંત સ્વામી વગેરે સંતોનો લાભ મળતો. અંતમાં સ્વામીશ્રી અમૃત વાણી વહાવતા.

આ પ્રસંગે લગભગ ૮૦ થી ૯૦ સંતોએ મહોત્સવમાં પધારી સૌને દર્શનનો લાભ આપ્યો હતો. આફ્રિકાથી ભટેસા પણ ખાસ સ્વામીશ્રીની આજ્ઞા થતાં આવી પહોંચ્યા હતા. તેમજ સિકંદરાબાદથી રવિભાઈ પંડ્યા, મુંબઈ, વલસાડ, સુરત, બિલીમોરા, ભરૂચ, વડોદરા, આણંદ, અમદાવાદ, રાજકોટ, ભાવનગર, લીંબડી, સુરેન્દ્રનગર ને ગુજરાતના ગામોગામથી હજારો હરિભક્તોએ પધારી લાભ લીધો હતો.

પ્રમુખસ્વામી, મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી વગેરે સંતો રોજ કથા પ્રસંગ પછી નડિયાદમાં જુદા જુદા હરિભક્તોને ત્યાં પધરામણીએ પધારતા. ઉત્તર-સંડામાં પણ પધરામણીઓ થઈ હતી.

'હરિચરિત્રામૃતસાગર' ગ્રંથની પૂજા

કૃષ્ણાભાઈ અને નડિયાદના હરિભક્તોએ ખૂબ જહેમત ઉઠાવી, દિવસે નોકરી-ધંધામાંથી પરવારી, રાતની રાતો જાગીને સદ્‌ગુરુ આધારાનંદ સ્વામીએ

લખેલ 'હરિચરિત્રામૃતસાગર' ગ્રંથની નકલ કરી હતી. ગ્રંથનાં કુલ ૭,૦૦૦ પાન થાય. વ્રજ ભાષામાં - પદ્યમાં આ ગ્રંથ લખાયેલો છે. સ્વામીશ્રીએ તારીખ ૧૭મીએ રાતની સભામાં આ ગ્રંથ લખવાની સેવા કરનાર હરિભક્તોને ચંદન ચર્ચીને આશીર્વાદ આપ્યા હતા.

સ્વામીશ્રી આજે બપોરે ગ્રંથ જોવા પધાર્યા અને નકલ કરેલા ગ્રંથને જોઈ ખૂબ જ રાજી થયા. ગ્રંથની આરતી ઉતારી ઠાકોરજીને પ્રસાદ ધરાવ્યો અને ખૂબ ભાવથી ગ્રંથને દંડવત્ કર્યા.

બીજે દિવસે સવારે ૫-૦૦ વાગે ઊઠ્યા અને ભટેસા પાસે આફ્રિકાના સત્સંગની વાતો કરાવી. સાંજે ૪-૩૦ વાગે સંતરામ મંદિરે પધાર્યા હતા. મંદિરના મહંત જાનકીદાસજી મહારાજ પથારીવશ હતા.

તા. ૧૯મીએ સ્વામીશ્રી સવારે ૪-૩૦ વાગે ઊઠ્યા અને અમદાવાદના જૂના હરિભક્ત જગજીવન રૂડા પાસે શાસ્ત્રીજી મહારાજના પ્રસંગો કહેવડાવ્યા.

હાલ નડિયાદમાં જ્યાં સંતરામ મંદિર છે ત્યાં શ્રીજીમહારાજ પધારેલા. લોકોએ એ જગ્યાએ મંદિર કરવા કહ્યું. ત્યારે શ્રીજીમહારાજ કહે : 'આ બાવાજી (સંતરામ મહારાજ ત્યાં હતા) મંદિર બાંધશે અને આજુબાજુ ખૂબ વિસ્તાર થશે.' એ આશીર્વાદ અહીં સાર્થક થયા હતા.

વડતાલથી કાનજી ભગત તથા કમિટીના મેમ્બર ભીખાભાઈ પણ દર્શને આવી ગયા.

યથા દેવે તથા ગુરૌ

આ પ્રમાણે પારાયણના દિવસો જોતજોતામાં પસાર થઈ ગયા. ત્રણ દિવસ સુધી રોજ રાત્રે સભામાં સ્વામીશ્રીના આમંત્રણને માન આપી, ગુજરાતના પ્રખર વિદ્વાન ભાગવત કથાકાર કૃષ્ણશંકર શાસ્ત્રી પધારતા. ને રોજ લગભગ એક કલાક સુધી સંત સમાગમ - સંત મહિમાની ભાગવતપુરાણના આધારે સુંદર વાતો કરી, સભાને મુગ્ધ કરતા. તેમણે કહ્યું :

'દર્શનશાસ્ત્રોથી જે તૃષા નથી છીપતી, તે પુણ્ય-પુણ્યતમ આત્માનાં દર્શનથી છીપે છે. છતાં વારંવાર દર્શન કરવાની તૃષા રહ્યા જ કરે છે. દેહનાં દર્દો દૂર થાય, પણ દિલનાં દર્દો દૂર થતાં નથી. તે આવાં દર્શનથી થાય છે.

'એકને નમીએ તો અનેકને નમવાનું ન રહે. એકને જ શરણે જઈએ પછી બીજાને શરણે જવાનું ન રહે.

'નજર નાખતાં નજર ઠરે એનું નામ સંત. જેનામાંથી કશું નાખી દેવા જેવું નથી એનું નામ સંત. જેનામાંથી કશું લેવા જેવું નથી એનું નામ સંસાર.

'સંતોમાં સમત્વ હોય. પાપી કે પુણ્યાત્મા. સંપન્ન કે અસંપન્ન. યોગીબાપા આવા સંત છે.

'મૃત્યુના મુખમાંથી ન છોડાવે તે ગુરુ નથી. તેથી આવા પુરુષનું શરણું લેવાની જરૂર છે.

'યસ્ય દેવે પરાભક્તિઃ યથા દેવે તથા ગુરૌ ।'

'હૃદયમાં અનેક ઈચ્છા થતી હોય, પણ ધર્મ વિરુદ્ધ હોય તો તે ઈચ્છા ઉપર પડદો પાડવો એ સદ્‌ગુરુની કૃપાથી બની શકે.

'મોહ ને પ્રમાદમાંથી કોઈ બચાવે તેવું નથી, પણ સંત બચાવી શકે છે.

'ગુરુ જ્યારે ઘેર પધારે ત્યારે સાષ્ટાંગ પ્રણામ કરી પ્રાર્થના કરવી કે આપનાં ચરણની રજનો સ્પર્શ કરું; કારણ કે રજનો પણ સ્પર્શ કરવાનો અધિકાર નથી, તો ચરણનો તો હોય જ ક્યાંથી ?'

યુવાનોનાં વ્રતનો આનંદ

દશમની સવારે શૌચ પછી હસ્તપ્રક્ષાલન કરતાં કરતાં સ્વામીશ્રી કહે : 'આવતીકાલે એકાદશી છે. તો કહો - કેટલા યુવકો નિર્જળા ઉપવાસ કરશે ?'

બાથરૂમમાં છ-સાત યુવકો ઊભા હતા. બધા એકી સાથે બોલી ઊઠ્યા : 'અમે બધા નિર્જળા ઉપવાસ કરીશું.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'આવતીકાલે એકસો એક યુવકો નિર્જળા ઉપવાસ કરે એવો સકલ્પ થાય છે.'

સ્વામીશ્રીનો સંકલ્પ જાણીને બધા યુવકોએ સહર્ષ કહ્યું : 'અમે નામ લખી સાંજ સુધીમાં લિસ્ટ તૈયાર કરી આપીશું.'

પછી તો એક યુવકે ઉત્સાહમાં આવીને કહ્યું : 'બાપા ! સાંજ સુધીમાં આપની પાસે ૧૦૧ યુવકો જ નહિ, પરંતુ ૧૫૧ ઉપવાસી યુવકોનાં નામનું લિસ્ટ તૈયાર કરીને આપીશ.'

સ્વામીશ્રી અત્યંત પ્રસન્ન થઈ ગયા અને પેલા યુવકની પીઠ ઉપર ચાર ધબ્બા મારતાં કહ્યું : 'જાઓ, લિસ્ટ કરવા માંડો.'

પછી સ્વામીશ્રીએ દાતણ હાથમાં લીધું. ડોલતાં ડોલતાં કહે : 'તમને સૌને આજે જયંતી ઊજવવાનો આનંદ છે, પણ આજે મને શેનો આનંદ છે તેની

તમને ખબર છે ?'

એકાએક સ્વામીશ્રીનો આવો પ્રશ્ન સાંભળીને હું ઘડીભર સ્થિર બની ગયો. મેં આશ્ચર્યચકિત બનતાં કહ્યું : 'ના, આપને શાનો આનંદ છે ?'

સ્વામીશ્રી કહે : 'આવતીકાલે એકાદશી છે ને એકસો એકાવન યુવકો નિર્જળા ઉપવાસ કરશે, એનો મને આજે આનંદ છે. એકાદશીનો મહિમા શ્રીજીમહારાજે બહુ કહ્યો છે. શાસ્ત્રીજી મહારાજ પણ એકાદશીને દિવસે નિર્જળા ઉપવાસ કરતા અને સૌ નાના સાધુઓ પાસે ઉપવાસ કરાવતા. હું તો એકાદશી આવે પછી બીજી એકાદશી ક્યારે આવે તે માટે દિવસ ગણ્યા કરું. આવો ઈશક ! આજે યુવકોએ વચન અધ્ધર ઝીલી લીધું, એનો આજે આનંદ-મહોદધિ ઊભરાય છે. એકાદશીનો ઉપવાસ કરે તેને મહારાજ સાક્ષાત્ દર્શન આપે.'

સ્વામીશ્રીના મુખમાંથી એક પછી એક એકાદશી-માહાત્મ્યના શબ્દો સરી રહ્યા હતા. આ શબ્દે શબ્દનું રસપાન સહજ રીતે હૃદયમાં ઊતરી રહ્યું હતું. એનું મૂલ્ય આંકી શકાય તેમ ન હતું.

જન્મોત્સવનો આનંદ નહિ, પરંતુ ૧૫૧ યુવકો એકાદશીનો નિર્જળા ઉપવાસ કરશે એનો આનંદ સ્વામીશ્રીને સ્પર્શી ગયો. આમ કેમ હશે ?

અગાધ સાગર સમા સ્વામીશ્રીના જીવનમાં બે રેખાઓ સમાંતર ગતિ કરતી જણાતી. એક સેવા-ભક્તિની, અને બીજી તપની. સેવા અને તપ સ્વામીશ્રીના જીવનના ઉચ્ચતમ આદર્શો. એમણે અત્યંત પરિશ્રમ વેઠીને ભગવાન અને ભક્તોની આજ સુધી સેવા કરી. તપ તો જૂનાગઢથી એમના જીવનના સાથીરૂપે ચાલ્યું આવ્યું. જૂનાગઢમાં હતા ત્યારથી એ તપ્તકૃચ્છ ચાંદ્રાયણ વ્રત આદરપૂર્વક કરતા. એમની આવી આકરી તપઃસાધનાને લીધે સંતો-હરિભક્તો એમને 'જોગી'ના લાડીલા નામથી સંબોધતા. આ તપઃસાધનાને એમણે આજ સુધી જીવંત કરી રાખી.

૭૭મો જન્મ જયંતી મહોત્સવ : પ્રથમ સમારંભ

બુધવાર, તા. ૨૨-૫-'૬૮ના રોજ સ્વામીશ્રીના જન્મોત્સવની ભવ્ય તૈયારીઓ કરવામાં આવી હતી. વિદ્યાનગર યુવક મંડળ, સંતમંડળ તથા બકુભાઈ, બાલુભાઈ, ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ, કૃષ્ણાભાઈ વગેરે હરિભક્તો તેમજ અન્ય કલાકારો, સ્વયંસેવકોએ આખી રાત જાગી, મંડપ, સ્ટેજ તથા સ્વામીશ્રીનું સિંહાસન વગેરે રંગબેરંગી તોરણો, સાડીઓ તથા આસોપાલવનાં તોરણોથી

સુંદર રીતે શણગાર્યું હતું. તેમજ ચોકમાં સુંદર રંગોળીઓ પૂરી, રસ્તાઓ વગેરે સુશોભિત કર્યા હતા.

નિત્યક્રમથી પરવારી સવારે ૮-૦૦ વાગે સ્વામીશ્રી સંતમંડળ સાથે સભામાં પધાર્યા. ઉદયાચલ ઉપર અરુણોદય થતાં રક્તવર્ણથી સુશોભિત સુંદર બાલસૂર્ય સમાન સ્વામીશ્રીની કાંતિ તેજસ્વી દીસતી હતી. હજારો આબાલવૃદ્ધ હરિભક્તો સ્વામીશ્રીના આ દિવ્ય સ્વરૂપનાં દર્શન પામી કૃતકૃત્યતા અનુભવતા હતા. સૌ પોતપોતાનાં સ્થાને ગોઠવાયા.

સંતમંડળે ધૂન-પ્રાર્થનાથી કાર્યક્રમ શરૂ કર્યો. બરાબર ૮-૩૦ વાગે આજના સમારંભના અતિથિવિશેષ ને પ્રમુખ, ગુજરાત રાજ્યના રાજ્યપાલ માનનીયશ્રી શ્રીમન્નારાયણ તથા ગુજરાત રાજ્યના પુરવઠા પ્રધાન બાબુભાઈ જશભાઈ પટેલ આવ્યા. સભામંડપના મુખ્ય પ્રવેશદ્વાર આગળ મોટેરા હરિભક્તોએ એમનું સ્વાગત કર્યું. ત્યારપછી પોલીસ બૅન્ડે સલામી આપી ને સ્વયંસેવકોએ શ્વેત ગણવેશમાં વિધિસર નમસ્કાર કર્યા. દેશ-પરદેશના મુખ્ય મહેમાનોની ઓળખાણ અપાયા પછી, પ્રમુખસ્વામી તથા મહંત સ્વામીએ રાજ્યપાલશ્રીનું તથા બાબુભાઈનું હારતોરાથી સ્વાગત કર્યું.

તેઓએ પણ નતમસ્તકે આ સત્કાર ઝીલ્યો. સ્વામીશ્રીનાં ચરણોમાં પોતાનું મસ્તક ઝુકાવી નમસ્કાર કર્યા. સ્વામીશ્રીએ પ્રસાદીનો હાર પહેરાવી સત્કાર કર્યો. આ પ્રસંગે મહારાષ્ટ્ર હાઉસિંગ બૉર્ડના ચૅરમૅન નારાયણરાવ પાટિલે ખાસ મુંબઈથી આવી હાજરી આપી હતી. તેમજ મહેન્દ્રભાઈ દરબાર તથા બીજા પણ મોટા અમલદારો, વેપારીઓ અને સદ્‌ગૃહસ્થો આવ્યા હતા. ખબરપત્રીઓ પણ આવી પહોંચ્યા હતા.

મણિભાઈ બ્રહ્મભટ્ટે સભાનું સંચાલન શરૂ કર્યું. સૌ પ્રથમ પ્રમુખસ્વામીએ સ્વાગત પ્રવચન કરતાં રાજ્યપાલશ્રીનો તથા બાબુભાઈ જશભાઈનો આ શુભ પ્રસંગે આવવા બદલ આભાર વ્યક્ત કર્યો ને સ્વામીશ્રીનાં જીવન ને કાર્યનો ટૂંકમાં ખ્યાલ આપ્યો. ત્યારપછી હર્ષદભાઈ દવેએ સ્વામિનારાયણ તત્ત્વજ્ઞાનનો ખ્યાલ આપી, સ્વામીશ્રી આજે દેશની જે સેવા કરી રહ્યા છે તે રજૂ કર્યું.

ધર્મ વિનાની રાજનીતિ ધૂળ જેવી છે

ગુજરાતના રાજ્યપાલ શ્રીમન્નારાયણે અતિથિવિશેષપદેથી મનનીય પ્રવચન કરતાં કહ્યું : ‘પૂજ્ય યોગીજી મહારાજની ૭૭મી જન્મ જયંતી પ્રસંગે

યોગીજી મહારાજનાં દર્શન થયાં એથી હું આભારી બન્યો છું. મને વિશેષ પ્રસન્નતા થાય છે.'

'આજે સંસારમાં સાધુઓનો જે આદર થાય છે, તેથી વધુ થવો જોઈએ. આજે રાજકારણનું વધુ પડતું મહત્ત્વ થઈ ગયું છે. સ્વતંત્રતા વખતે ગાંધીજીએ પણ રાજનીતિમાં ભાગ લીધો. તે જરૂરનું હતું. પણ મહાત્મા ગાંધી કહેતા કે 'ધર્મ વિનાની રાજનીતિ ધૂળ જેવી છે.' ધર્મનું મહત્ત્વ ન હોય તો આર્થિક, સામાજિક જીવન ઊંચું ન આવે.

'આપણું રાષ્ટ્ર બિનસાંપ્રદાયિક છે. તેથી ધર્મની વાત ન કરવી, રાષ્ટ્રીય જીવનમાં ધર્મનો સંબંધ નથી – આ સમજ ભૂલભરેલી છે. ગાંધીજી કહેતા : 'આપણે ત્યાં સર્વ ધર્મ સમભાવ છે. કારણ, બધા ધર્મોનો પાયો - મૂળ સિદ્ધાંત એક જ છે : સદાચાર ને ધર્મભાવના.'

'ઉપનિષદોમાં સર્વ શાસ્ત્રોનો નિચોડ છે. શિક્ષાપત્રી પણ મેં વાંચી છે. સર્વ ધર્મશાસ્ત્રોનો એક જ સાર છે :

'પરોપકારઃ પુણ્યાય પાપાય પરપીડનમ્ ।'

'ધર્મની વાત એ ફૅશનની બહાર છે – એમ કહેવું એ ભૂલભરેલું છે. કોઈ ધાર્મિક વ્યક્તિને સમાજમાં ઉચ્ચ સ્થાન અપાય તેમાં રાજી થવું જોઈએ. રાજનીતિનું મહત્ત્વ એટલું વધ્યું છે કે તેમાં ધાર્મિક વ્યક્તિનું સન્માન ન થાય તે મોટી ભૂલ છે. આજના પ્રસંગે યોગીજી મહારાજને અભિનંદન કરતાં હું ઇચ્છું છું કે તેઓ ઘણાં વર્ષો સુધી દર્શન આપતા રહે ને સમાજની સેવા કરતા રહે.

'રાજ્યમાં સ્થાયી વિકાસ-શાંતિ જોઈએ, તે માટે આધ્યાત્મિકતા-ધર્મ તરફ વધુ ધ્યાન આપવું જોઈએ. પ્રાચીન શાસ્ત્રોમાં ધર્મનું કેટલું મહત્ત્વ છે! મહાભારતનો એક સાર છે. સોનાના અક્ષરોએ લખવા જેવો છે. ભગવાન કૃષ્ણની મદદથી પાંડવોની યુદ્ધમાં જીત થઈ, પણ રાજ્ય ભોગવી ન શક્યા. તે ભારતસાવિત્રીમાં વ્યાસે કહ્યું છે : 'ધર્મો નિત્યઃ સુખદુઃખે અનિત્યે.'

'આટલી પંક્તિમાં મહાભારતનો સાર છે. ઉપનિષદમાં મહર્ષિઓ પોકારે છે : 'ન વિત્તેન તર્પણીયો મનુષ્યઃ' ધનથી મનની તૃપ્તિ થતી નથી. કૌટિલ્ય, જે ગુપ્ત સામ્રાજ્યના મુખ્ય સલાહકાર હતા, અર્થશાસ્ત્રના પ્રણેતા હતા, તેમણે એમ પણ કીધું છે : 'સુખસ્ય મૂલં ધર્મઃ' આ તમને મેં પ્રાચીન સ્મરણો કરાવ્યાં.

'આજના જમાનામાં વિજ્ઞાનની બોલબાલા છે. વિજ્ઞાન વગર જીવનનો વિકાસ નથી; પરંતુ એ વિજ્ઞાનની સાથે અધ્યાત્મ ન હોય તો વિનાશ છે.

લોકોમાં પ્રામાણિકતા જોઈએ. બુદ્ધિ થોડી હોય તો ચાલે, પણ પ્રામાણિકતા ન હોય તો શું થાય ? આ કામ સરકારથી ન થાય. પ્રામાણિકતા શીખવાડવા માટે કૉલેજોની જરૂર નથી. તે કામ તો સાધુ-મહાત્માઓ જ કરી શકે.

'હું ગુજરાતમાં ઘણું ફર્યો. મેં જોયું કે ગુજરાતમાં લોકો ધર્મપ્રેમી છે. વળી શાંત છે. સાથે સાથે ઉદ્યમી છે. થોડાં વર્ષોમાં ગુજરાત સારી પ્રગતિ કરી શકશે.'

'આજે યોગીજી મહારાજને અભિનંદન આપવા તમે જે સમારોહ કર્યો તે ઘણું ઉત્તમ કાર્ય છે. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે યોગીજી મહારાજને દીર્ઘાયુ બક્ષે અને તેઓ સમાજમાં ધાર્મિક ભાવના વધુ ને વધુ જાગ્રત કરે.'

જીવનભર ઈશ્વર સાથેનું એકાત્મ્ય

આ પ્રસંગે રાજ્યના પુરવઠા પ્રધાન બાબુભાઈ જંશભાઈ પટેલે મનનીય પ્રવચન કરતાં જણાવ્યું :

'સદ્‌ભાગ્યે પૂજ્ય બાપાની જન્મ જયંતી નડિયાદમાં ઊજવાય છે. રાજ્યપાલશ્રી અત્રે ઉપસ્થિત રહી શક્યા. તેમની દૃષ્ટિ સમગ્ર વિકાસની છે. ગાંધી વિચારે રંગાએલી છે. સર્વાંગી વિચારનું ચિત્ર આપી, તેમણે ઘણી મૌલિક વાતો રજૂ કરી.

'બાપાને વિશે દેશ ને પરદેશમાં ઘણો મોટો આદર છે. તેનું સૌથી મહત્ત્વનું કારણ ઊંડાંમાં ઊંડાં અધ્યાત્મ તત્ત્વોને સમજવાની આવડત, અનેક શુભ ગુણો, તે બધું હોવા છતાં પોતે શૂન્ય છે તે સમજવાની તૈયારી. જીવનભર ત્યાગ, સેવા, સમર્પણ, ગુરુ અને ઈશ્વર સાથેનું એકાત્મ્ય.

'બાલ્યાવસ્થાથી જ ભક્તિના રંગે રંગાએલા છે. જીવનમાં બીજી કોઈ વૃત્તિ સવાર થઈ શકી નથી. આ સિદ્ધિ એક જન્મની નથી, અનેક જન્મની છે. બચપણથી ધર્માભિમુખ થવું, સેવાવૃત્તિ રાખવી તે આસાન નથી. સાધુ-સત્સંગીઓની સેવા કરવી, જે સામાન્ય માણસ ન કરી શકે એ બધું કરતા. એક રાગ ઈશ્વરમાં જ રહે. તન્મયતા પ્રભુ સાથેની. બધી બાબતોમાં ઈશ્વરને જોવો, તેથી અનેકના આદરને પાત્ર બન્યા છે.

'દુનિયામાં ભાગ્યે કોઈ મહાત્મા મળશે કે પોતાનું ઐશ્વર્ય પણ ભૂલી શકે. ઐશ્વર્યની સત્તા જેની પ્રબળ થઈ, એના દિલમાં અહં રહી જાય છે.

'અહીં એક એવા પુરુષ છે, જેને કંઈ અભિમાન નથી. ત્યાગનું અભિમાન નથી.

'ખરા બપોરે બધા ઊંઘતા હોય ત્યારે પોતે વાસણ ઊટકે. કોઈ પૂછે, 'વાસણ કોણે ઊટક્યાં ?' તો કહે, 'કોઈએ ઊટક્યાં હશે.' કોઈ ન જાણે તેવી રીતે સેવા કરી શકે છે. શૂન્યત્વ પ્રાપ્ત કર્યું છે.

'યોગી ને સંન્યાસી કોણ ? ગીતાએ કહ્યું :

'અનાશ્રિતઃ કર્મફલં કાર્યં કર્મ કરોતિ યઃ ।
સ સંન્યાસી સ યોગી ચ ન નિરગ્નિર્ન ચાક્રિયઃ ॥

'જેણે કર્મના ફળનો ત્યાગ કર્યો છે, જેને કોઈ આસક્તિ નથી, એ સંન્યાસી છે.' વાસણ ઊટકવાનું, માટી ખોદવાનું, મંદિર કરવાનું, ઠાકોરજીની પૂજા કરવાનું કાર્ય કરી શકે, તૈલવૃત્તિથી કરે, કર્મફળની ચિંતા ન રાખે, એ પુરુષ સંન્યાસી ને યોગી છે, જે અગ્નિ પેટાવતો નથી તે અવધૂત નથી.

'આ દૃષ્ટિએ આપણી વચ્ચે યોગીજી મહારાજે એક દૃષ્ટાંત રજૂ કર્યું છે. સ્વામિનારાયણ ધર્મનો પ્રચાર થાય તે દૃષ્ટિએ તે ધર્મમાં તેવું શું છે ?

'હિંદુસ્તાનમાં અનેક સંપ્રદાયો છે, પણ આ એક એવો સંપ્રદાય છે કે જે દરેક વ્યક્તિને કંઈ કાર્ય કરતા રહેવાનું સમજાવે છે. અને સદાચારનું સ્થાન પ્રથમ છે. દેશમાં અનાચાર ચાલતો તે વખતે એની સ્થાપના થઈ છે. શ્રીજીમહારાજે કહ્યું કે ભગવદ્ગીતા વગેરે આઠ સત્શાસ્ત્રો મારાં છે. તે વાંચજો. શિક્ષાપત્રી એ આચારગ્રંથ છે. સાધુ, સત્સંગી તથા બહેનો કેમ રહે ? (અર્થાત્) પગ ધરતી ઉપર રાખીને બધાં કેમ રહે, તે શીખવે છે.

'યસ્મિન્ પરિહિતેપિ સ્યુ ર્દૃશ્યાન્યંગાનિ ચાત્મનઃ ।
તદ્દૂષ્ય વસન નૈવ પરિધાર્યં મદાશ્રિતૈઃ ॥

'પાતળાં, ઝીણાં વસ્ત્રો કે જે પહેરવાથી અંગ દેખાય છે, તેવાં વસ્ત્રો ન પહેરવાં.' આ શ્રીજીમહારાજે બસો વર્ષ પહેલાં આજ્ઞા કરી. ગાંધીજી તો તે પછી આવ્યા.

'વહેલા ઊઠી શૌચ જવું, પછી એક જ સ્થાનકે બેસીને દાતણ કરવું, એ આચાર મૂક્યો. રોજ આરતી પછી સદ્ગુરુ પ્રેમાનંદ સ્વામીએ એક જ પ્રાર્થના આપણને શીખવી છે. *'નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય તવ ઘનશ્યામ...'* દરરોજ આ પ્રાર્થનામાં ગવાય. યોગીજી મહારાજ આ બધું કરતા હોય તો આ માટે જ.

'હિન્દુસ્તાનમાં શક્તિ-બળ વધ્યું છે, પણ સંસ્કારિતા-ચારિત્ર્ય નથી વધ્યાં. તે ખૂટે છે. તે માટેનો આગ્રહ જેવો સ્વામિનારાયણે આપ્યો છે, તેવો ભાગ્યે જ બીજાએ આપ્યો હશે.

'નવયુવાનો, પંડિતો, વિદ્વાનો, કવિઓ, ચિત્રકારો ભગવાં ઓઢીને બેઠા છે, તેમનું એક જ ધ્યેય છે - જે શ્રીજીમહારાજે આપ્યું છે તેનો પ્રચાર કરવો.

'આવા પુરુષને દીર્ઘાયુ કરે એવી શ્રીજીમહારાજ તથા શાસ્ત્રીજી મહારાજને પ્રાર્થના !'

સ્વામીશ્રીના વ્યક્તિત્વની અલૌકિક છાપ હૃદયમાં લઈ, આ બંને રાજકીય પુરુષોએ વિદાય લીધી.

રવિભાઈ પંડ્યા તથા આશાભાઈએ પ્રસંગને અનુરૂપ પ્રવચન કરતાં આવો બ્રહ્મરૂપ ને મહાવિષ્ણુરૂપ સત્સંગ મૂકીને, કુસંગમાં ન ફસાવાનો અનુરોધ કર્યો હતો. લગભગ ૧૨-૦૦ વાગે સભા વિસર્જન થઈ. તે પછી સાતથી આઠ હજાર હરિભક્તોએ એકાદશીનું ફરાળ લીધું. આજે ૧૫૧ યુવકો અને ૮૦ સંતોને નિર્જળા ઉપવાસ હતો.

જેને ભગવાન વશ, તેને બ્રહ્માંડ વશ

કોઈને થાય કે સ્વામીશ્રીને આવા રાજકીય રીતે મોટા માણસો પણ કેમ નમી પડતા હશે ? સામાન્ય દૃષ્ટિએ આ બધું સમજવું બહુ કઠિન છે, પરંતુ તે જ દિવસે બપોરે આ વાતની પ્રતીતિ આવી.

આજે એકાદશીનો શુભ દિવસ હોવાથી સ્વામીશ્રી ફળાહાર કરી, બપોરે ૨-૩૦ વાગે આરામ કરવા માટે પધાર્યા. હજી તો પા કલાક થયો હશે ત્યાં તો સ્વામીશ્રી પથારીમાં એકદમ બેઠા થયા અને નિરંજન સ્વામી સ્વામીશ્રીની પથારીની બાજુમાં સૂઈ ગયા હતા ત્યાં ધીમે પગલે ગયા. અને ધીમેથી ઊઠાડ્યા અને પૂછ્યું : 'નિરંજન ! ઠાકોરજીને આજે શીરા-પૂરીનો થાળ ધરાવ્યો છે કે કેમ ?' નિરંજન સ્વામી પથારીમાં જાગીને બેઠા થઈ ગયા.

સ્વામીશ્રી તો આગળ બોલતા હતા : 'ઠાકોરજીને થાળ ન ધર્યો હોય તો હું પૂરી બનાવી લઉં અને તમે શીરો બનાવો.'

ત્યારે નિરંજન સ્વામી કહે : 'બાપા ! ત્યાગવલ્લભ સ્વામીએ ઠાકોરજીને શીરા-પૂરીનો થાળ કરીને જમાડ્યા છે. હું થાળ બોલવા ગયો હતો.'

સ્વામીશ્રીએ સંતોષનો શ્વાસ લીધો અને આનંદમાં આવીને કહે : 'મને એમ હતું કે આજે સંતોને નિર્જળા ઉપવાસ છે અને હરિભક્તો માટે પણ રસોઈમાં ફળાહાર સિવાય બીજું બનાવ્યું ન હોય, તેથી રખે ઠાકોરજી માટે શીરા-પૂરીનો થાળ કરવાનો રહી ગયો હોય ! તેથી જ ઊંઘ નહીં આવી હોય !

એટલે જ ઊઠીને આપને પૂછ્યું.'

સ્વામીશ્રીના આકર્ષક વ્યક્તિત્વના પ્રભાવનો જવાબ આ પ્રસંગમાં હતો.

પોતાના ઇષ્ટદેવ પ્રત્યેની આવી પરાભક્તિનું દર્શન આપણને પ્રત્યેક ક્ષણે એમના જીવનમાં જોવા મળતું. સ્વામીશ્રીના હૃદયની વિશુદ્ધ ભક્તિ જ સૌનાં હૃદયને તત્ક્ષણ વશ કરવામાં કારણભૂત હતી. જેમણે ભગવાનને પરાભક્તિથી વશ કર્યા હોય, તેને સર્વ જગત વશ થાય છે. આવી લોકોત્તર સંતવિભૂતિ પાસે પ્રત્યેક માનવીનું મસ્તક નમી પડે તેમાં નવાઈ શી હોઈ શકે ?

શોભાયાત્રા

નડિયાદમાં જયંતી મહોત્સવ ઊજવવાની સાથે સૌ હરિભક્તોનો દૃઢ સંકલ્પ હતો કે 'સ્વામીશ્રીની ભવ્ય શોભાયાત્રા નડિયાદમાં કાઢવી.' આ માટે બકુભાઈ અમીન, જમનાદાસભાઈ અમીન તથા કૃષ્ણાભાઈ અને સહાયકોએ સર્વ વ્યવસ્થા સુંદર રીતે કરી હતી. કૃષ્ણાભાઈ સાથે ૫૦ થી ૬૦ ભાઈ-બહેનોએ આખી રાત જાગી, હજારો વારનાં રંગબેરંગી તોરણો બનાવ્યાં હતાં. જે તોરણો શહેરમાં જ્યાં જ્યાંથી નગરયાત્રા નીકળવાની હતી, તે તમામ રસ્તાઓ તથા ચોકમાં શણગારવામાં આવ્યાં હતાં. ને રસ્તામા મુખ્ય મુખ્ય સ્થાનો ઉપર બધી મળીને ૭૭ સુંદર કમાનો બનાવવામાં આવી હતી.

સાંજે ૫-૦૦ વાગે સ્વામીશ્રી સંતમંડળ સાથે ઈશ્વરભાઈને ત્યાંથી દેસાઈવગામાં પધાર્યા. અહીં નિશાન-ડંકા પછી બૅન્ડ તથા ભજન મંડળીઓની પાછળ સંતમંડળી સ્વામિનારાયણની ધૂન કરતી શોભતી હતી. પાછળના ભાગમાં વસો, બોચાસણ વગેરે ગામોની ભજન મંડળીઓ, ઠાકોરજીની બે ઘોડાની ચાંદીની બગીઓ અને હજારો હરિભક્તો ભજન કરતા જણાતા હતા. સુંદર ચાર શ્વેત અશ્વોથી વહન થતી બગીમાં સ્વામીશ્રી, પ્રમુખસ્વામી, ઘનશ્યામ સ્વામી ઠાકોરજી સાથે શોભતા હતા. ઈશ્વરભાઈ છત્ર ધરીને ચામર ઢોળી રહ્યા હતા. મોટરમાં મોટેરા સંતો, સ્વયંસેવકો ને છેલ્લે ધૂન-કીર્તનનું મંગલગાન કરતું સકળશ મહિલાવૃંદ. આ પ્રમાણે નગરયાત્રાની સુંદર રચના કરવામાં આવી હતી.

ઠેકઠેકાણે નડિયાદના ભાવિક નગરજનો સ્વામીશ્રીનું હારતોરાથી સ્વાગત કરતા હતા. અટારીઓમાંથી દર્શન કરતાં હજારો ભક્તો, ભાવિક જનો અક્ષત અને પુષ્પની વૃષ્ટિ કરતાં 'યોગીજી મહારાજ'ના જયનાદોથી વાતાવરણ ગજવી રહ્યા હતા. ભજન મંડળીઓ ભાન ભૂલીને ભજનની ધૂનમાં મસ્ત બની હતી.

અંતરીક્ષમાંથી દર્શન કરતા દેવતાઓને પણ ઈર્ષા આવે એવી અલૌકિક શોભા રચાઈ હતી.

યાત્રામાં અનેક ઠેકાણે સૌને માટે ઠંડાં પાણીની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. લગભગ બે કલાક પછી ૭-૦૦ વાગે સ્ટેશન પાસે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે નગરયાત્રાનું જાહેર સન્માન સભામાં પરિવર્તન થયું. અહીં નડિયાદ તાલુકા પંચાયતના કાર્યકરો અને અન્ય નાગરિકોએ સ્વામીશ્રીનું ફૂલહારથી સ્વાગત કર્યું. સૌને આશીર્વાદ આપી, સ્વામીશ્રી સંતો સાથે 'યજ્ઞ ભુવન'માં ઉતારે પધાર્યા. આ પ્રસંગે દેશ-પરદેશના હજારો હરિભક્તોએ નગરયાત્રાનો લાભ લીધો.

રાત્રે જાહેર સભા થઈ, જેમાં રતિકુમાર વ્યાસ તથા શંકર કવિએ સભાને ભજન-કીર્તનથી તરબોળ કરી દીધી. સ્વામીશ્રીએ સૌને રાત્રે ૧૨-૧૫ વાગ્યા સુધી દર્શનનો લાભ આપ્યો. સભા સ્થાનમાં આસનેથી નીચે ઊતરી ગયા પછી, ખુરશીમાં બેઠાં બેઠાં સૌને આશીર્વાદ આપ્યા.

નિષ્ઠાથી મોક્ષદ્વાર ખુલ્લું

ગુરુવાર, તા. ૨૩-૫-'૬૮, જન્મોત્સવ દિન. આજે મંગલ પ્રવચન નહિ થાય એવી જાહેરાત ગઈકાલે રાત્રે થઈ હતી; છતાં સભા થઈ.

સ્વામીશ્રી કહે : 'ઉપવાસ હોય ને જેમ પાણીની ઈચ્છા રહે, તેમ મોક્ષનો ખપ હોય તો કંઈ બાકી ન રહે.

'આપણે ભગવાન ને સંતના વચને એક ઉપવાસ કરીએ તેનું બાર ગણું ફળ મળે. વ્રત-ઉપવાસથી આત્માની શુદ્ધિ થાય. શાંતિ મળે. વર્ષીતપ કરે છે, પણ કાંઈ ફળ નહીં.

'આપણે કેટલાં વર્ષોથી જમીએ છીએ, પણ પેટ ન ભરાણું. ટાંકાં-તળાવ ભરાણાં. ગરીબ સુખિયા છે તેવા તાલેવંતો સુખિયા નથી.

'બીજે લાખો રૂપિયા વાપર્યા હશે, પણ આ વાપર્યા તે કામમાં આવ્યા.

'આપણો છેલ્લો જન્મ કરવાનો ટાઈમ આવ્યો છે. નિષ્ઠા બેસી જાય એટલે મોક્ષનું દ્વાર ખુલ્લુ.

'દરેક ભક્તનો ગુણ લેવો. અવગુણ લેવાની ટેવ ન રાખવી. દત્તાત્રેયે ચોવીસ ગુરુ કર્યા. ગુણ લેવાની ટેવ હોય તો ગુણ જડી જ જાય. ભગવાન ને સંતમાં દિવ્યભાવ એ જ મોટી ભક્તિ છે. ખરી સેવા છે.

'મેળા, ખેળા (ભવાયા) ને માંડવા એ બગડવાના હેતુ. સમૈયા-ઉત્સવ શ્રીજીમહારાજે પ્રવર્તાવ્યા. તે મોક્ષના હેતુ. મહારાજે પંચરાત્ર ગોઠવ્યું તે જીવના કલ્યાણ માટે. માળા ફેરવવાનો - ભક્તિનો ખરો અવસર આવ્યો છે.'

દ્વિતીય સમારંભ

આજે મહોત્સવનો મુખ્ય દિવસ હોવાથી આખી રાત જાગી સ્વયંસેવકો તથા સંતોએ ફરીથી મંડપને શણગારી સુશોભિત કર્યો હતો. સ્વામીશ્રીના સિંહાસન પાસે ને રસ્તાઓ પર સુંદર રંગોળીઓ પૂરી હતી.

સવારના ૮-૩૦ વાગે સમારંભ શરૂ થયો. આજની સભાના પ્રમુખ નગરપતિ બાબુભાઈ પટેલ હતા અને અતિથિવિશેષ તરીકે ગુજરાતના મૂક લોકસેવક રવિશંકર મહારાજ પધાર્યા હતા. સ્વામીશ્રીને પગે લાગી તેઓ સભામાં બિરાજ્યા. સ્વામીશ્રીની બીજી તરફ પ્રમુખસ્વામી, સંતસ્વામી, મહંત સ્વામી હતા. જમણી બાજુ સંતમંડળી શોભતી હતી. આમંત્રિત મહેમાનો, ખબરપત્રીઓ તથા ભાવિક ભક્તો હજારોની સંખ્યામાં પોતપોતાનાં સ્થાને બેઠા હતા.

સંતોએ ધૂન-પ્રાર્થનાથી સમારંભની શરૂઆત કરી. નારાયણ ભગતે તેમના મધુર કંઠે વેદગાન કરી, સ્વામીશ્રીના સાંનિધ્યમાં દિવ્ય વાતાવરણને અધિકાધિક મંગળ કર્યું. દેશ-પરદેશથી આવેલા અસંખ્ય શુભ સંદેશાઓનું વાંચન ગોરધનભાઈ બ્રહ્મભટ્ટે ટૂંકમાં કરી સંભળાવ્યું. આ પછી મણિભાઈ સલાડવાળા તથા ખેંગારજીભાઈએ મનનીય પ્રવચનો કર્યાં. મુંબઈથી આ પ્રસંગે ખાસ પધારેલા નારાયણરાવ પાટિલે સ્વામીશ્રી વિશેના પોતાના દિવ્ય અનુભવો હિંદીમાં વર્ણવી, સભાને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધી હતી.

પ્રમુખસ્વામીએ સ્વામીશ્રીના ગુણાનુવાદ કરતાં સ્વામીશ્રીનો એક જ આશરો રાખી આત્યંતિક કલ્યાણ કરી લેવા સૌને અનુરોધ કર્યો હતો. ત્યારપછી નગરપતિએ સ્વામીશ્રીને સમર્પણ કરવાનું સન્માન પત્ર વાંચી સંભળાવી, તે પત્ર સુંદર ચાંદીની મંજૂષામાં સ્વામીશ્રીનાં કરકમળમાં અર્પણ કર્યું. આ પછી નડિયાદની જુદી જુદી સામાજિક સંસ્થાઓ તરફથી પણ હાર-તોરા કરવામાં આવ્યા.

આફ્રિકાથી ખાસ આ પ્રસંગે પધારેલા ભક્તરાજ ગોરધનભાઈ ભટેસા, અંબાલાલભાઈ, શિવાભાઈ પટેલે સ્વામીશ્રીના ગુણાનુવાદ ગાયા.

વડોદરા યુવક મંડળે તૈયાર કરેલ સુંદર હસ્તલિખિત માસિકનું

સ્વામીશ્રીના વરદ હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. અતિથિવિશેષ રવિશંકર મહારાજે સત્સંગનો મહિમા સમજાવ્યો. વળી, સ્વામીશ્રીએ કરેલા ધર્મસંસ્કારનાં સિંચનને સભાપતિ બાબુભાઈ પટેલે મહાન કાર્ય તરીકે બિરદાવ્યું.

સંતમંડળ તરફથી, આફ્રિકાથી પધારેલા નૈરોબી યુવક મંડળના પ્રતિનિધિ નગીનભાઈ પુરુષોત્તમભાઈ પટેલ તરફથી તથા ઈશ્વરભાઈ દેસાઈ તરફથી સુંદર મોટા ત્રણ હાર સ્વામીશ્રીને અર્પણ કરવામાં આવ્યા.

સ્વામીશ્રીએ સૌને સુંદર દર્શન આપ્યાં અને એક મોટો પ્રસાદીનો હાર ઈશ્વરભાઈ દેસાઈને આશીર્વાદરૂપે આપ્યો.

જ્ઞાન ને નીતિ પ્રવર્તાવવી છે

સ્વામીશ્રીએ સૌને અંતઃકરણપૂર્વક રૂડા આશીર્વાદ આપતાં જણાવ્યું :

'શાસ્ત્રીજી મહારાજ વાત કરતા : 'સંતને સન્માન શું ? માનમાં ફુલાય નહિ ને અપમાનમાં કરમાય નહિ તે સંત.'

'જયંતી ઊજવી ક્યારે કહેવાય ? જ્યારે આપણે સંગઠનભાવ રાખીએ, એકબીજાનો ગુણ લઈએ, સત્સંગમાં દિવ્યભાવ રાખીએ, તો જયંતી ઊજવી કહેવાય. જયંતી તો શાસ્ત્રીજી મહારાજની થાય.

'સાધુનું બહુ સન્માન થાય તે ઠીક નહિ. સાધુને તો દાસત્વભક્તિ જોઈએ. (ગ.પ્ર. ૧૪) દેહને મિથ્યા જાણે ને પોતાના આત્માને સત્ય જાણે, અને પોતાના જે સ્વામી તેને ભોગવ્યાના જે પદાર્થ તેને પોતે ભોગવવાને અર્થે ઇચ્છે જ નહિ, અને પોતાના સ્વામીનું ગમતું મૂકીને બીજું આચરણ કરે જ નહિ, એવો હોય તે હરિનો દાસ કહેવાય. ને દેહરૂપે વર્તે તે તો પ્રાકૃત ભક્ત કહેવાય.

'દરેકે દાસત્વભક્તિ શીખવી, દરેકે આ મુદ્દો શીખવો – એમ શાસ્ત્રીજી મહારાજ કહેતા. દાસત્વમાં પ્રવીણ થવું.

'જનસેવા એ ભગવાનની સેવા છે. આ બધા ભક્તોને જમાડવા, પીરસવું એ બધી સેવા કહેવાય. આપણે જમી, પેટે હાથ ફેરવવો, તે સેવા નહિ. ગાંધી મહાત્મા દક્ષિણ આફ્રિકા ગયા હતા. ત્યાં કોઈ અંગ્રેજે 'કુલી કુલી' બૂમ પાડી, તે ગાંધીજીએ પોતે જાતે તેનું પોટલું ઉપાડી લીધું.

'મુદ્દો શું ? *'માન-અપમાનમેં એકતા, સુખ-દુઃખમેં સમભાવ; અહીં કે સુખ અલ્પ હૈ, નહિ સ્વર્ગ લુચાવ.'* સ્વર્ગનું સુખ ન ઇચ્છે તો બીજું શું ઇચ્છે ? રવિશંકર મહારાજે કેવી સરસ વાત કરી ! 'મહાજનો યેન ગતઃ સ પન્થાઃ!'

'સૌ ભક્તિ કરવા ભેગા થયા છીએ. મિત્રભાવ રાખવો. બીજાની ભૂલ હોય, તો 'મેં ભૂલ કરી છે' એમ કહેવું. પ્રધાનના પુત્રે રાજકુમારનું ગળું કાપ્યું તોપણ રાજકુમારને તેનો અવગુણ ન આવ્યો.

'ગ.છે. ૮ના વચનામૃતમાં મહારાજે સદા સુખિયા થવાના ઉપાયો બતાવ્યા છે. દૃઢ વૈરાગ્ય ને દૃઢ સ્વધર્મે કરીને ઇન્દ્રિયો વશ કરવી. સ્વધર્મ શું ? સદાચાર. શિક્ષાપત્રી પ્રમાણે વર્તવું. બીજું, ભગવાન ને ભગવાનના ભક્તમાં અતિશય પ્રીતિ. થોડી લખી હોય તો બાધ હતો ? પણ દેહ કરતાં વધારે એટલે અતિશય શબ્દ મૂક્યો.

'ભગવાન ને સંતથી ઉદાસ ન થવું. તાપ પડતો હોય તો 'કોણ સભામાં જાય છે ?' એમ ન કરવું. ઘણા ઠંડી હવા ખાવા સિમલા જાય છે. આવી હવા - ભીડાની હવા - તે જ હવા.

'ગોંડલ બાપુને કોઈએ પૂછ્યું : 'બીજા બધા પોરબંદર હવા ખાવા જાય છે. તમે કેમ જતા નથી ?' ત્યારે બાપુ વાત કરતા હતા : 'આપણે કાઠિયાવાડના માણસને તડકો એ જ હવા.'

'ઘણાં એમ કહે : એકાંતે-નિરાંતે દર્શન કરી આવશું. સમૈયામાં શું જવું ?' ભીડામાં વસ્તુ ન મળી, પણ નિરાંત તો ઘેર છે જ. ભીડો વેઠવો ને દરેકનો ગુણ લેવો, એ જ ખરી સેવા છે.

'ભગવાન ને ભગવાનના ભક્તથી ઉદાસ ન થવું. ઉદાસ શું ? પહેલી ગાડી પકડે. 'પાણીનો છાંટોય ન મળ્યો.' ઘરમાં કોઈ ઉદાસ થયો ! કોઈ ઘરથી ઉદાસ થઈને સાધુ થવા નથી આવતો. ધોકા ખાય તોય પડી રહે. દાદાખાચર ઉદાસ ન થયા. મહારાજને ત્રીસ વરસ રાખ્યા ને લાખો રૂપિયા ખર્ચ્યા.

'પાંચમી કલમ - ભગવાન ને ભક્તના સંગે જ રાજી રહે. આ બધો સંગ કહેવાય. છઠ્ઠી કલમ - કોઈ વિમુખ જીવની સોબત ગમે નહિ. ભગવાનનો દ્રોહ કરતા હોય તે વિમુખ કહેવાય. આ છ ઉપાય કરે તે આ લોક ને પરલોકમાં સદાય સુખિયો રહે છે. આ છ કલમમાં જે ત્રીજી કલમ છે, જે ભગવાન ને ભગવાનના ભક્તમાં મિત્રભાવ રાખવો, તેમાં બધું આવી જાય છે.

'ગાંધીજીએ - રવિશંકર મહારાજે સેવા પ્રવર્તાવી.

'એક વખત તરણેતરના બાવા જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામીને મળવા આવ્યા હતા. સ્વામી ગૌશાળા વાળતા હતા. બાવાએ સ્વામીને પૂછ્યું : 'તમારા મહંત ક્યાં હૈ ?' સ્વામીએ કહ્યું : 'જાવ, ગાદી-તકિયે. ત્યાં આવશે.' પછી

સ્વામી હાથ-પગ ધોઈ ગાદી-તકિયે બેઠા. ત્યારે બાવાએ પૂછ્યું : 'તમે મહંત !' સ્વામી કહે : અમારામાં વાળે એ જ મોટેરા, ગાદી-તકિયે હાંફે તે નહિ.'

'પછી બાવાએ પૂછ્યું : 'તમને કેટલાં વરસ થયાં ?' સ્વામી કહે : 'એંશી વરસ.' ત્યારે તેમણે કહ્યું : 'અમારામાં તો બબ્બે વરસે પાર પાડી દે છે. તમે ચાલીસ વરસથી કેવી રીતે મહંત રહ્યા ?' પછી સ્વામીએ પોતાના સેવકને બોલાવ્યા અને કહ્યું : 'ઝોળી લાવો.' પછી સ્વામીએ ઝોળીમાંથી તિલકિયું, તુંબડી, પત્તર વગેરે લાકડાનાં બતાવ્યાં. 'આ મંદિરનો પૈસો-ટકો તો આચાર્યનો ને દેવનો છે. અમે તો એમના સેવક છીએ. એમનો હુકમ આવે તો અહીંથી બદલી કરવી પડે.' સ્વામીએ કહ્યું. આ બધું જોઈને બાવાને ગુણ આવ્યો.

'માટે સેવા એ જ ધર્મ છે. હરિભક્તોને રાજી કરવા. દેહને પરપોલા જેવું ન કરવું; ખાસડાં જેવું કરવું. ઘરમાં નહિ, પણ સત્સંગમાં; દેહને કથાવાર્તા, સેવામાં વાટી નાખવું.

'શ્રીજીમહારાજ લોજમાં પાયખાનાં સાફ કરે, કપડાં ધોવે. નીલકંઠ વર્ણી છાણાં થાપે. ભગવાન સાક્ષાત્ હતા તોય ઐશ્વર્ય ન બતાવ્યું. અમારા સ્વામી શાસ્ત્રીજી મહારાજે ઐશ્વર્ય ન બતાવ્યું, દાસભાવે વર્ત્યા.

'એક દિવસે નિર્ગુણ સ્વામીએ શાસ્ત્રીજી મહારાજને કહ્યું કે 'આપણે કલેક્ટરને મળવા જવું છે. તો રૂમાલ(પાઘ) સરખો બાંધો.' ત્યારે સ્વામીએ કહ્યું : 'કલેક્ટર મારા મોઢા સામું જોશે કે રૂમાલ સામું.' એમ કહી બે આંટા વીંટી લીધા.

'તો દરેક હરિભક્તને આશીર્વાદ આપવામાં આવે છે કે તમે બધા ભીડો વેઠીને પધાર્યા. નડિયાદ મંડળે કેવું સ્વાગત કર્યું ! માટે બધા તને, મને, ધને સુખી થાશો. મહારાજ રક્ષા કરશે. દેશમાં પણ મુસીબત છે. દેશ ધાર્મિક થઈ જાય તેવા આશીર્વાદ છે. ધર્મ ને નીતિ પ્રમાણે વર્તવું. કાળાં બજાર ન કરવાં.

'આશીર્વાદ આપવામાં આવે છે કે મહારાજ ભક્તની રક્ષા કરે ને અભક્તની પણ રક્ષા કરે. *'દાસના દુશ્મન હરિ કેદી' હોય નહિ...'* કોઈ સંભારે કે ન સંભારે, તેની રક્ષામાં મહારાજ બેઠા છે. માટે અહીં જમવાનું મળ્યું કે ન મળ્યું, પણ ગુણ ગાતાં ગાતાં જશો : 'આવી સરભરા થઈ, રવિશંકર મહારાજે, ગવર્નર સાહેબે, બાબુભાઈએ આવી વાતો કરી.' દેશ-પરદેશમાં ગુણ ગાવા.

'હવે પોર સમૈયામાં પચાસ હજાર માણસો થાય, પછી લાખ ને પછી આખો દેશ સર કરવો છે. પૈસો નથી લેવો, પણ જ્ઞાન ને નીતિમાં પ્રવર્તાવવા છે.

'માટે હૃદયમાં શાંતિ થાય ને ભગવાન વિરાજમાન થાય તેવા આશીર્વાદ

આપવામાં આવે છે.'

અંતમાં ઈશ્વરભાઈએ આ પ્રસંગ કેવી રીતે યોજાયો ને સ્વામીશ્રીએ કેવી રીતે તેમને બળ આપ્યું, તે વાત કરી. તેમજ આ પ્રસંગને સહાયરૂપ થતા અનેક હરિભક્તોનો તેમણે ખૂબ જ ભાવપૂર્વક આભાર માન્યો હતો.

આ પછી ઈશ્વરભાઈ દેસાઈ તથા તેમના બંને પુત્રો રાજેન્દ્રકુમાર, સતીશકુમાર તથા તેમનાં કુટુંબીઓએ તેમજ જમનાદાસભાઈ અમીન, બકુભાઈ અમીન, કૃષ્ણાભાઈ, ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ વગેરેએ ઠાકોરજી સાથે સ્વામીશ્રીની તથા સંતોની વિધિપૂર્વક પૂજા કરી ધોતિયાં ઓઢાડ્યાં. ૭૭ દીપકથી ભવ્ય આરતી ઉતારી. સૌ કૃતકૃત્ય થયાં. આ પછી હજારો હરિભક્તોએ વ્યક્તિગત રીતે સ્વામીશ્રીનાં પૂજન તથા આશીર્વાદનો લાભ લીધો.

'...ત્યારે ગુણ આવ્યા કહેવાય'

લગભગ ૧૨-૩૦ વાગે સ્વામીશ્રી સંતો સાથે કૃષ્ણશંકર શાસ્ત્રીને ત્યાં તેમના ખાસ આમંત્રણથી પધરામણીએ પધાર્યા. આ પ્રસંગે સ્વામીશ્રીએ શાસ્ત્રીજીને સોલા - ભાગવત વિદ્યાપીઠ માટે રૂા. ૫,૦૦૦ની સેવા સત્સંગ મંડળ વતી જાહેર કરાવી.

સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે ઘણા યુવકો સ્વામીશ્રીની આસપાસ હતા. સ્વામીશ્રીએ તેમને આજ્ઞા કરી : 'અહીં કેમ ઊભા છો ? પીરસવા માટે જાઓ. આજે તો સેવા જ કરવી જોઈએ.'

વળી કહ્યું : 'યુવકો ! પતરાળાં ઉપાડી લેજો. ચોકો સાફસૂફ કરી લેજો. અને આપણે જ્યારે અહીંથી જઈએ ત્યારે બધું સાફસૂફ થઈ જવું જોઈએ. આપણી ખરી સેવા એ જ છે. ચાલો, હું પીરસવા આવું.'

સ્વામીશ્રીની આજ્ઞા થતાં બધા યુવકો ઉત્સાહથી સેવામાં દોડી ગયા.

હજારો હરિભક્તોએ ભોજન લીધું અને તૃપ્ત થયા. સ્વામીશ્રી તથા સંતો પણ ઠાકોરજી જમાડી, વચનામૃતની કથા કરી, આરામ માટે પધાર્યા.

એ વખતે રોહીશાળાના એક હરિભક્ત દર્શને આવ્યા. સ્વામીશ્રીએ તેમને બોલાવ્યા અને બધા હરિભક્તોના સમાચાર પૂછ્યા. ભાદરા-ગુણાતીતનગર મંદિરનું કામ ચાલે છે તે સંબંધી થોડી વાતચીત કરી અને તે હરિભક્તની રાખ-રખાવટ કરવાની આજ્ઞા એક અંતેવાસી યુવકને કરી :

'ગામડાના હરિભક્ત છે. મંદિરની સેવા બહુ કરી છે. પણ અહીં કોઈ

ઓળખે નહિ. અમને પણ ગામડાંમાં રહેવું બહુ ગમતું. આખો દિવસ કથાવાર્તા કરીએ અને સૌની સેવા કરવામાં આનંદ આવતો. ચોકો સાફ કરવો, પતરાળાં ઉપાડવાં, એ જ મોટી સેવા છે. સેવા કરવાનું, ભીડો ખમવાનું મન થાય, ત્યારે ગુણ આવ્યા કહેવાય. રવિશંકર મહારાજે ગુણ આવ્યાની વાત કરી. શબ્દો પકડવા, ગુણ લેવા એમ સમજાવ્યું. સત્પુરુષના ગુણ આવ્યા હોય ત્યારે જયંતી ઊજવી કહેવાય.'

સ્વામીશ્રીના શબ્દોમાં માધુર્ય હતું, પરાવાણીની સુવાસ હતી.

જયંતી મહોત્સવમાં ગુજરાત રાજ્યના ગવર્નર તથા મોટા મોટા પ્રધાનો પધાર્યા. ગુજરાતના લોકસેવક રવિશંકર મહારાજ તથા કૃષ્ણશંકર શાસ્ત્રીજી પધાર્યા. એ સૌએ સ્વામીશ્રીનાં જીવન અને કવનને બિરદાવ્યું. પરંતુ કીર્તિ અને મહત્તા સ્વામીશ્રીના હૃદયને સ્પર્શતાં નહીં. એમને તો સેવા કરવી, પતરાળાં ઊંચકવા, એ જ ગમે છે. ગામડાના એક નાના હરિભક્તને ખૂબ પ્રેમથી મળે, તેનાં સુખ-દુઃખની વાતો પૂછે, પોતે મહાન હોવા છતાં આવા ભવ્ય પ્રસંગે પણ નાના સાથે નાના બની જાય, એ એમના વ્યક્તિત્વનું ઉન્નત પાસું હતું.

સ્વામીશ્રી બોલતા હતા : 'સત્પુરુષના ગુણ આવ્યા હોય ત્યારે જયંતી ઊજવી કહેવાય.' આ વાક્ય કેટલું અર્થપૂર્ણ છે !

ચૌદથી પંદર હજાર હરિભક્તો આજનો મહાપ્રસાદ લઈ, સ્વામીશ્રીનાં પ્રત્યક્ષ દર્શન તથા આશીર્વાદ મેળવી, કૃતકૃત્ય થયા. નડિયાદ, ડભાણ, વસો, આણંદ, અમદાવાદ વગેરે યુવક મંડળોએ પીરસવાની સેવા ખૂબ જ સુંદર રીતે બજાવી. નટુભાઈ બ્રહ્મભટ્ટે ખાસ એસ.ટી. બસો તૈયાર રાખી હતી, જેમાં સૌ વિદાય લેતા હતા.

આ પ્રસંગે ઈશ્વરભાઈ અને તેમના કુટુંબે તન, મન, ધનથી ખૂબ જ સેવા કરી, સ્વામીશ્રીનો અપાર રાજીપો મેળવ્યો. જમનાદાસભાઈ પણ પોતાની નાદુરસ્ત તબિયત હોવા છતાં રાત-દિવસ સૌની સરભરામાં ખડે પગે રહેતા. બકુભાઈ અમીને પણ અનેક પ્રકારની સેવા પોતાની વ્યવસ્થા-શક્તિથી બજાવી હતી. મંગુભાઈ વાળંદે દરેક પ્રકારની સામગ્રીઓ ખૂબ જ સરળતાથી તાબડતોબ પોતાના કાર્યક્ષેત્રમાંથી પૂરી પાડી અપાર સેવા બજાવી. તેમજ કૃષ્ણાભાઈ, ગોરધનભાઈ અને નડિયાદ મંડળે પણ રાત-દિવસ ખૂબ જ જહેમત ઉઠાવી. હર્ષદભાઈ દવે તથા બાલુભાઈ બ્રહ્મભટ્ટે મુંબઈથી આવીને સમગ્ર સમારંભની વ્યવસ્થા સારી રીતે હાથ ધરી. તેમજ મણિભાઈ બ્રહ્મભટ્ટે સભાઓનું સંચાલન

કર્યું હતું. ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ, હરિકૃષ્ણભાઈ તથા પિનાકીનભાઈ અને અમદાવાદ યુવક મંડળે બૂટ-ચંપલ વ્યવસ્થા સંભાળી તેમજ રાજુલાના વલ્લભભાઈ તથા બાઢડાના નારણભાઈએ પણ તનતોડ સેવા કરી હતી. વિદ્યાનગર યુવક મંડળના કિરીટભાઈ, બળદેવસિંહ રાણા અને શ્રીકૃષ્ણ પંડ્યા વગેરેએ સુશોભનનું કાર્ય હાથ ધર્યું હતું. રાજકોટના ચુનીભાઈ તેમજ અન્ય મંડળોએ પણ આ ગુરુજયંતીના શુભ અવસરે ખૂબ જ સેવા કરી હતી.

મહોત્સવની જાહેરાત માટે એક પત્રકાર પરિષદ અમદાવાદમાં બોલાવવામાં આવી હતી. મહોત્સવની સુંદર જાહેરાતો બધાં જ વર્તમાનપત્રોમાં થઈ. તા. ૨૨મીના રોજ ગુજરાતનાં ચાર મુખ્ય દૈનિકો - 'સંદેશ', 'ગુજરાત સમાચાર', 'જનસત્તા' ને 'લોકસત્તા'માં ખાસ એક પાનાની પૂર્તિઓ આપવામાં આવી હતી, જેથી સ્વામીશ્રીનાં જીવન ને કાર્યનો ખ્યાલ ગુજરાતની ભાવિક જનતાને આવ્યો હતો. આ ઉપરાંત, રોજેરોજના સમાચારો આપી, મહોત્સવનો મહિમા અને લાભ સામાન્ય જનસમાજ સુધી પહોંચાડ્યો હતો. તેમજ ગુજરાતના ખ્યાતનામ કલાકાર આર. તોલાટે આ પ્રસંગની સંપૂર્ણ ફિલ્મ પણ ઉતારી. આ બધી વ્યવસ્થા હર્ષદભાઈ દવે તથા મણિભાઈ બ્રહ્મભટ્ટે સંભાળી હતી.

'સ્વામિનારાયણ નામ લેવું, વિજય થશે'

તા. ૨૩મીના રોજ સ્વામીશ્રી નડિયાદથી ચાર માઈલ દૂર આવેલા ગુજરાત રાજ્યના અનામત પોલીસ દળના કૅમ્પમાં પધરામણીએ પધાર્યા હતા. એ કૅમ્પ નવો જ બનાવવામાં આવ્યો હતો. અહીં એક હજાર ક્વાટર્સ બાંધવામાં આવ્યા હતા. કૅમ્પના સેનાપતિ ઘોરપાડે તથા સહાયક સેનાપતિ ધોકલસિંગ ચંપાવત સ્વામીશ્રીના પ્રસંગમાં આવ્યા હતા. તેમની અહીં બદલી થવાથી તેમણે ભાવભીના આમંત્રણથી સ્વામીશ્રીને પધરાવ્યા હતા.

કૅમ્પનો દરવાજો આસોપાલવનાં તોરણો ને સૈનિકોના હેલમેટથી શણગારવામા આવ્યો હતો. મેદાનમાં ૧૦૧ સૈનિકો બંદૂક સાથે સ્વામીશ્રીને સલામી આપવા અને સ્વાગત કરવા તૈયાર થઈ ઊભા હતા.

બ્યૂગલોના બુલંદ ધ્વનિથી સૈનિકોએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. પછી સ્વામીશ્રી તથા પ્રમુખસ્વામીને જ્યાં મુખ્ય મહેમાનને માન આપવાનું હોય તે ડાયસ ઉપર ઊભા રાખ્યા. અને કમાન્ડરે મિલિટરી ઓર્ડર્સ આપ્યા. સૈનિકોએ બંદૂકોથી સલામી આપી. કૅપ્ટન ઉઘાડી તલવારે સ્વામીશ્રી પાસે આવ્યા ને


મિલિટરી રૂએ અભિવાદન કર્યું. સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપ્યા અને મંડપમાં પધાર્યા.

મંડપ તંબુના આકારે સુંદર રીતે શણગારવામાં આવ્યો હતો. સ્વામીશ્રીનું સિંહાસન સરસ રીતે શોભાડવામાં આવ્યું હતું. જુવાનો સ્વામીશ્રીનાં દર્શન કરી રહ્યા હતા.

આ પ્રસંગે બાલુભાઈ બ્રહ્મભટ્ટે હિંદીમાં સુંદર રીતે સ્વામીશ્રીનો મહિમા સમજાવ્યો. બીજાં પ્રવચનો થયાં. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા કે 'આપકા બડા ભાગ્ય હૈ. તમારાં આજ સુધીનાં પાપ બળી ગયાં. બીજું, દારૂ-માંસનું સેવન ન કરવું. તમારે સરહદ ઉપર લડવા જવાનું હોય ત્યારે પહેલાં પાંચ વાર સ્વામિનારાયણનું નામ લઈને લડવું. વિજય તમારો થશે. જ્યાં હો ત્યાં સ્વામિનારાયણ ભગવાનને સંભારવા, તે તમારું રક્ષણ કરશે. અહીં અક્ષરપુરુષોત્તમનું મંદિર થશે.'

એક પછી એક તમામ સૈનિકોએ સ્વામીશ્રીને પગે લાગી આશીર્વાદ મેળવ્યા. વિદાય આપતાં ઠેઠ સુધી 'યોગીજી મહારાજની જય' એમ જયનાદો ગજવતાં સૈનિકોએ સ્વામીશ્રી તથા સંતોને ભાવથી વળાવ્યા ને કૃતકૃત્ય થયા. નિષ્ઠાવાન કમાન્ડર ધોકલસિંગે ખૂબ જ ઉત્સાહપૂર્વક સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા કરી હતી અને સ્વામીશ્રીના રૂડા આશીર્વાદ મેળવ્યા હતા.

❀ ❀ ❀



આરાધના !

નડિયાદથી રાત્રે ૯-૩૦ વાગે આણંદ - મણિભાઈ જીવાભાઈના સુપુત્ર અરુણકુમારના લગ્ન પ્રસંગે આશીર્વાદ આપી, બીજે દિવસે ભૂલાકાકાના પ્લોટમાં ફૂલ છાંટી, સ્વામીશ્રીએ વડતાલમાં રાજભોગ-આરતીનાં દર્શન કર્યાં. અહીં ગામમાં એક સત્સંગી બ્રાહ્મણ જેમના વડવા દયારામને મહારાજે વડતાલમાં જનોઈ આપેલી અને પોતાનાં ચરણારવિંદ પથ્થર ઉપર પાડી આપેલાં, તેમના ઘરે પધરામણી કરી પ્રસાદીનાં ચરણારવિંદનાં દર્શન કર્યાં.

ઉત્તરસંડા થઈ, આણંદ - રાવજીભાઈ દૂધવાળાને ત્યાં લગ્ન પ્રસંગે વાડીમાં ઠાકોરજી જમાડ્યા.

તા. ૨૪-૬-'૬૮, આણંદમાં નાના અડધની ધર્મશાળામાં સર્વે સંતો-હરિભક્તોને જમવાનું આમંત્રણ હતું. ઉનાળાનો તાપ માથે તપતો હતો. જમીને સૌ બહાર આવી રહ્યા હતા. થોડી વારમાં સ્વામીશ્રી પણ બહાર પધાર્યા. એ વખતે વાડીના રસ્તા ઉપર ઊભી રહેલી ગાડીઓ સખત તપી ગઈ હતી. સ્વામીશ્રી ગાડી નજીક બેસવા પધારે તે પહેલાં પ્રમુખસ્વામી એકદમ ગાડી પાસે આવી પહોંચ્યા. એક પાર્ષદનું ઉત્તરીય વસ્ત્ર લઈ, ગાડીમાં જ્યાં સ્વામીશ્રી બિરાજવાના હતા તે સીટ ઉપર એમણે પાથરી દીધું. પ્રમુખસ્વામીની આ સમય-સૂચકતા અને સ્વામીશ્રી પ્રત્યેની ભક્તિ સૌ જોઈ રહ્યા. કોઈ અજાણમાં ડામ દે ને વસમું લાગે એવી સખત તપી ગયેલી સીટો હતી. આ સેવા સ્વામીશ્રી પ્રત્યેની અસાધારણ ભક્તિ વિના કેમ સંભવે ! સ્વામીશ્રી પણ પ્રમુખસ્વામી તરફ સૂચક દૃષ્ટિથી જોઈ રહ્યા.

અહીં લંડન રહેતા બાબુભાઈ પુરુષોત્તમભાઈએ પોતાના માત્ર ૧૦ માસના બાળકને સ્વામીશ્રીનાં દર્શન અને આશીર્વાદ લેવા ખાસ એરહોસ્ટેસ સાથે પ્લેનમાં દેશમાં મોકલ્યો હતો. આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ તેને કહ્યું :

'કેમ ઓળખાણ પડે છે ને ?'

પછી વર્તમાન ધરાવી, યજ્ઞેશકુમાર નામ પાડ્યું. બાળક પણ આશીર્વાદનો પ્રસાદ હોય એમ સ્વામીશ્રીનાં દર્શનથી મરક મરક હસતો હતો.

મહેળાવ દર્શન કરી, સ્વામીશ્રી તારાપુર પાસે સાયલા પધાર્યા.

શાસ્ત્રીજી મહારાજે અહીં સંસ્થાની જમીનો રાંખેલી. નીલકંઠ સ્વામી અહીં બહુ રહેતા અને સત્સંગ કરાવતા. સ્વામીશ્રીની પ્રેરણાથી બોચાસણના કોઠારી અક્ષરપ્રિય સ્વામીએ અહીં મંદિર તૈયાર કરાવ્યું હતું. વીરજીભાઈ, શનાભાઈ વગેરે ગામલોકોએ સારી તૈયારી કરી હતી.

અહીં લંડનથી પ્રફુલ્લ રાવજીભાઈ પટેલ સ્વામીશ્રીનાં દર્શન કરવા ખાસ આવ્યા હતા. પરદેશમાં વસતા હિંદી ભાઈઓને સ્થિર થવામાં મદદ કરવાના તેમના શુભ કાર્ય માટે સ્વામીશ્રીએ તેમને રૂડા આશીર્વાદ આપ્યા. પ્રમુખસ્વામી તથા સંતોને મળીને પણ તેમણે શુભેચ્છા મેળવી.

તા. ૨૫મીએ સવારે વેદોક્ત વિધિથી સ્વામીશ્રીએ હરિમંદિરમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા કરી. મૂર્તિઓની સેવા ગાડાના ચુનીભાઈએ કરી તથા ધજા ચઢાવવાની સેવા વિરોજાના ફૂલચંદભાઈએ કરી હતી. સભા પ્રસંગે સ્વામીશ્રીએ ગામોગામ અક્ષરપુરુષોત્તમનાં મંદિરો કરવાનો આદેશ આપી, સાયલાના હરિભક્તોને રૂડા આશીર્વાદ આપ્યા. વીરસંગ દરબાર તથા ગુલાબસિંહ દરબાર વગેરે યજ્ઞમાં બેઠા હતા.

મુમુક્ષુને મોક્ષદાતાની પ્રાપ્તિ

આ અરસામાં એક યુવાન મુમુક્ષુનું જીવન સ્વામીશ્રીનાં દર્શન થતાં જ સુખી અને આનંદમય બની ગયું. તે યુવાને કેટકેટલી સાધના કરી, કેવી મુસીબતો વેઠી અને કેટલાય ગુરુઓ કર્યા, પણ જે શાંતિ ન મેળવી શક્યો એ સ્વામીશ્રીના સાંનિધ્યમાં તેને સાંપડી. ત્યારે તેનો અંતરાત્મા પોકારી ઊઠ્યો : *'ભ્રાંતિના ભર્યા ભવ ભટક્યો, ત્યારે અલખ પુરુષ તારી લેહ લાગી.'*

એ યુવાન ચંદ્રવદનભાઈ એમ. પટેલ, બારડોલી છાત્રાલયમાં ભણતા ત્યારે એક મરાઠી બ્રાહ્મણના પરિચયથી સ્વામી દયાનંદનું જીવન ચરિત્ર, વિવેકાનંદ સ્વામીનો રાજયોગ વગેરે પુસ્તકો વાંચ્યાં. ગામથી દૂર નદીએ પ્રાણાયામ કરવા પણ તેઓ જતા. જળનેતિ વગેરે ક્રિયા શીખી તેમણે સ્વામી ભદ્રનો સત્સગ પણ કર્યો.

પછી બારડોલીથી સુરત આવી, ગાંધી આશ્રમમાં પોતાનો અભ્યાસ શરૂ કર્યો. અહીં ગાંધી સાહિત્ય તથા વિનોબાજી, જુગતરામ દવે, ઢેબરભાઈ, રવિશંકર મહારાજ, આપ્ટેજી વગેરેના સંપર્કમાં આવવાનું થયું. કિશોરલાલ મશરૂવાળાનું 'શ્રી સહજાનંદ સ્વામી' પુસ્તક પણ તેમના વાંચવામાં આવ્યું.

એ પછી એન્જિનિયરીંગ કૉલેજમાં અભ્યાસ કરવા અમદાવાદ આવવાનું થયું. અહીં જૈન આચાર્ય સાગરાનંદસૂરિના શિષ્ય મુનિ ચંદ્રપ્રભસાગરજીના યોગમા આવ્યા. તેમણે ગ્રેજ્યુએટ થયા બાદ સુભાષબાબુ સાથે કામ કરેલું અને પછી દીક્ષા લીધેલી. ચંદ્રવદનભાઈ તેમની પાસેથી નવકાર મંત્ર, પૂજા વિધિ, ઉપાસના વિધિ વગેરે શીખ્યા. ડુંગળી, લસણ વગેરે કંદમૂળમાત્ર ખાવાનું બંધ કર્યું. ચોથ, ચૌદશના આયંબિલ અને એકટાણાં શરૂ કર્યાં. પ્રતિક્રમણ શીખ્યાં. ચાતુર્માસમાં પર્યુષણ કર્યાં. ધર્મબિન્દુ, ઉત્તરાધ્યયન સૂત્ર, યોગબિન્દુ વગેરેનો અભ્યાસ કર્યો. છતાં જાણે શૂન્ય જેવું લાગતું હતું. શાંતિનો, અધ્યાત્મ-સુખનો અણસાર પણ તેમને દેખાતો નહોતો. આટલી સાધના પછી પણ આવી શૂન્યતા ઘેરી વળતાં આબુ જઈને અચળગઢના યોગી શાંતિવિજયસૂરિ પાસે ગયા, પણ અપૂર્ણતા મટી નહીં. અંતરમાં અશાંતિ વધતી હતી. તેથી તેમનું મન નાસ્તિકતા તરફ ઢળી જવા બળવો પોકારતું હતું.

રામકૃષ્ણ મિશન, અરવિંદ સર્કલ, પ્રાર્થના મંડળ વગેરે કેટલીક આધ્યાત્મિક પ્રવૃત્તિ ચાલતી, તેમાં ભાગ લેતા. સાધના-કુટિરમાં ધ્યાન શીખવાનું શરૂ કર્યું. અરવિંદ સર્કલમાં પણ જતા. પૂર્ણયોગ ઉપર માતાજીનાં લખાણો વાંચ્યાં. સુંદરમ્ વગેરે સાધકો સાથે પત્ર-વ્યવહાર કર્યો. આ ઉપરાંત, રામકૃષ્ણ પરમહંસની વાણીનો સંગ્રહ વાંચતા. રામકૃષ્ણ પરમહંસની છબી પાસે દરરોજ ત્રણ કલાક ધ્યાનમાં બેસતા. સાથે સાથે સ્વામી શિવાનંદના ધ્યાનયોગ, જપયોગ વગેરે પુસ્તકો વાંચ્યાં. મનુવર્યજીના યોગમાં પણ આવ્યા.

દશનામી સંપ્રદાયની પરંપરાના યોગી કાશીનાથનાં દર્શન કર્યાં. તેમની પાસેથી ચાર જાતના પ્રાણાયામ, બ્રહ્મદાતણ, ત્રાટક, કપાલભાતિ વગેરે ષટ્ક્રિયા શીખ્યા. કાશીનાથ 'પ્રકાશ-તેજ'ને જ પરમાત્મા કહેતા. ચંદ્રવદનભાઈએ તેમની પાસે દશનામી સંપ્રદાયની કંઠી બાંધવા માટે વિનંતી કરી. તેમણે પ્રથમ હા કહી. પછી કંઠી હાથમાંથી એક બાજુ મૂકીને કહ્યું : 'તમને કોઈ મહાસમર્થ પુરુષ મળશે. જ્યાં મનોકામના પૂર્ણ થશે ને અંતરમાં શાંતિ થઈ જશે.'

વૅકેશનમાં ચંદ્રવદનભાઈ સુરત આવ્યા. કુંભારિયામાં તેઓ રંગઅવધૂતના

યોગમાં આવ્યા. તેમણે કેરીનો પ્રસાદ આપતાં કહ્યું કે : 'તમારી મનોકામના પૂર્ણ થશે.'

પછી અમદાવાદ આવ્યા ત્યારે બંગાળી સંત ચરણગિરિની વાત સાંભળી. તેઓ નદીનાં કોતરોમાં ભોંયરું બનાવી, તેમાં સાધના કરતા. ચરણગિરિજી તંત્રવિદ્યાના નિષ્ણાત હતા. તેમને સેવીને ચંદ્રવદનભાઈ ગાયત્રી મંત્ર શીખ્યા. અને રોજ ત્રણ હજાર ગાયત્રીના જપ કરતા. ધ્યાન અને ઉપવાસ શરૂ કર્યાં. ચોવીસ હજાર મંત્રનાં બે અનુષ્ઠાન કર્યાં. પછી ભૂતનાથના અખાડાવાળા બ્રહ્માનંદ ભારતી નારાયણ સ્વામીનો પણ સમાગમ થયો. પણ એ જ નિરાશા ! એ જ અપૂર્ણતા ! જો કે આટઆટલી સાધનાનું જોર દૈવી સંસ્કારો તો સંચિત કરતું જ રહ્યું હતું. અનેક સાધનોના ફળરૂપે જ સત્સંગની પ્રાપ્તિ થાય છે, તેની તેમને ખબર નહોતી.

ત્યારપછી વિદ્યાનગરના ભાઈકાકાના પૌત્ર ગૌતમભાઈએ તેમને યોગીજી મહારાજનાં દર્શન કરવા ભલામણ કરી. ત્યારે મણિનગરના એક યૌગિક ક્રિયા કરતા તેમના મિત્રે કહ્યું : 'યોગીજી મહારાજ તો યોગ કંઈ જાણતા નથી. બધાએ 'યોગી યોગી' કહી ઠોકી બેસાડેલ નામ છે !' આ શબ્દોની વિપરીત અસરરૂપે સત્સંગનો ઊંબરો નજીક આવવા છતાં તેઓનું સુકાન મરડાઈ ગયું.

એન્જિનિયરીંગની અંતિમ પરીક્ષામાં નાપાસ થવાથી તેમણે ડિગ્રીનો અભ્યાસક્રમ છોડી ડિપ્લોમાનો અભ્યાસ શરૂ કર્યો. તે માટે તેઓ વિદ્યાનગર 'રામકૃષ્ણ મિશન'માં રહેવા ગયા. પરીક્ષામાં નાપાસ થવાથી અને સાધનાની વણથંભી દોડ છતાં, તેમજ અનેક ગુરુઓને સેવ્યા પછી પણ કોઈ અધ્યાત્મ-સુખને ન પામવા બદલ તેમની અશાંતિ ગાઢ અને વધુ ગાઢ બનતી જતી હતી. આ વિચારોમાં જ તેમનું 'હાઈડ્રોલિક્સ'નું પેપર પણ નબળું ગયું.

આ જ દિવસોમાં સ્વામીશ્રી 'રામકૃષ્ણ મિશન'માં પધાર્યા. એમનાં દર્શન થતાં જ ચંદ્રવદનભાઈની ગ્લાનિ જાણે હઠવા લાગી. કોઈ અધ્યાત્મ પુરુષને તેમણે આટલા પ્રસન્ન ચિત્ત, સ્ફટિક નિર્મળ અને ભગવાનની સંનિધિમાં રાચતા નહોતા જોયા. તેમને અંતરમાં આનંદ આનંદ વ્યાપી ગયો ! તેઓ ધીરે ધીરે નજીક ગયા. વંદન કર્યાં. એવામાં તો સ્વામીશ્રી પ્રેમનો આત્મીય ધબ્બો આપી બોલી ઊઠ્યા : 'અહોહો ! આવી ગયા ? ઘણું ફરી આવ્યા !'

આટલા શબ્દો સાંભળતાં જ તેમને સ્વામીશ્રીની સર્વજ્ઞતાનો, અધ્યાત્મ વ્યક્તિત્વનો પરિચય મળી ગયો. તેમને લાગ્યું કે જાણે, 'મારી કુંડલિની શક્તિ

જાગ્રત થઈ ગઈ છે !' તેમને અંતરમાં આધ્યાત્મિક પ્રકાશ, સુખ અને આનંદ વ્યાપી ગયો.

તેમના મિત્ર જયંત દવેએ સ્વામીશ્રીના ઉતારે જઈ સ્વામીશ્રીને ઉપરની બધી વાત કરી અને ચંદ્રવદનને પણ ભેગા રાખ્યા. ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં આશીર્વાદ આપતાં કહે : 'ફરી આવી ગયા ! જાવ, પાસ જઈ જશો.'

તેમને અંતરમાં શ્રદ્ધા જન્મી ચૂકી હતી. ૪૪ માર્ક્સનું પેપર લખ્યું હતું, તેમાંથી તેમને ૪૩ માર્ક્સ મળ્યા ! સ્વામીશ્રીનું વચન સત્ય થયું અને તેઓ પાસ થઈ ગયા. પછી ઉકાઈમાં નોકરી મળી. અહીં ઝાડેશ્વરના છગનભાઈ ભગતનો સમાગમ થયો. તેમના દ્વારા સ્વામીશ્રીનો ઘણો મહિમા સમજાયો અને તેમના ઘરે જ સત્સંગ સભાની શરૂઆત થઈ.

તેમણે મહેળાવમાં સ્વામીશ્રી પાસે વર્તમાન ધરાવ્યાં. તેમ છતાં સ્વામીશ્રીને મોટરમાં વિચરણ કરતાં જોઈને, ગાદી ઉપર બેઠેલા જોઈને, એક વખત તેમને સંશય થયો : 'બાપાને લહેર છે, મહેલમાં રહેવાનું ને મોટરમાં ફરવાનું !'

એ જ ક્ષણે સ્વામીશ્રીએ પાસે બોલાવીને તેમને કહેલું : 'સાયલા પ્રતિષ્ઠામાં આવજો.'

પેટલાદ પાસે સાયલામાં મૂર્તિપ્રતિષ્ઠાનો ઉત્સવ ઊજવાઈ રહ્યો હતો. તેઓ સાયલા પહોંચ્યા. સાવ નાનું ગામ. એકેય પાકું મકાન ન મળે ! સ્વામીશ્રીનો ઉતારો પણ સામાન્ય ગાર-માટીના ઘરમાં જ હતો. ત્યાં પણ સ્વામીશ્રીની એ જ મસ્તી અને આનંદ જોઈને ચંદ્રવદનભાઈના સંશયનું નિવારણ થઈ ગયું.

સ્વામીશ્રીને મન બંગલો કે ઝૂંપડું, મોટર કે ગાડું બધું જ સરખું હતું, એ વાત તેમના અંતર સોંસરી ઊતરી ગઈ. આ પ્રતિષ્ઠાના અવસરે સ્વામીશ્રીની અલૌકિક મૂર્તિની ચંદ્રવદનભાઈના હૃદયમાં પણ જાણે પ્રતિષ્ઠા થઈ !

મુંબઈ સંતમંડળને સ્વામીશ્રીએ અહીંથી સાંજે વિદાય આપી. પોતે છેક ગામને પાદર એસ.ટી. બસ ઊભી હતી ત્યાં પધાર્યા અને બસમાં બેસી સંતોને મળ્યા. પછી વિરોજામાં જમીનો ઉપર દૃષ્ટિ કરી, ધુળાભાઈની મોટરમાં બિરાજી, લીંબાસી મંદિરે દર્શન કરી, પ્રાગજીભાઈ તથા ડાહ્યાભાઈને ત્યાં સ્નાન વિધિ - ઉકાળા-પાણી કરી, રાત્રે ૧૧-૩૦ વાગે બોચાસણ આવી પહોંચ્યા.

તા. ૨૬મીએ સ્વામીશ્રીએ મહંત સ્વામી તથા પાંચ સંતોને વડતાલ તથા મહેળાવ દર્શને મોકલ્યા હતા. સંતો દર્શનમાં રહી ગયા હતા તેથી સ્વામીશ્રીએ યાદ કરીને મોકલ્યા.

આ એક એમની વિશેષતા હતી કે આ બધાં ધામોમાં પોતે તો દર્શને અવારનવાર પધારે જ, પણ સંતો-હરિભક્તો તથા યુવકોને પણ વારંવાર દર્શને જવાની પ્રેરણા આપે.

એ જ રીતે, મહારાષ્ટ્ર હાઉસીંગ બૉર્ડના ચૅરમૅન નારાયણરાવ પાટીલ જેઓ નડિયાદ ઉત્સવમાં આવ્યા હતા. તેમને પણ નડિયાદના જમનાદાસ અમીનની મોટરમાં ગોંડલ, ગઢડા, સારંગપુર, જેતપુર, જૂનાગઢ દર્શને મોકલ્યા હતા. તેઓ બધે દર્શન કરી, બોચાસણ સ્વામીશ્રીને મળ્યા. બધાં મંદિરોનાં દર્શનથી ખૂબ જ પ્રભાવિત થયા હતા.

બીજે દિવસે સવારે સભામાં મંદિરના રંગકામનો ખરડો કર્યો. આશીર્વાદ આપતાં કહે : 'બધાયને ટાઢું ટાઢું રહેશે. ચાર-પાંચ વર્ષ બાદ નડિયાદમાં ફરીથી પારાયણ કરવી છે. પચાસ હજાર માણસ સભામાં બેસે એવી ગોઠવણ કરવી.'

જૂનાને સોનું પરખતા

અહીં ધર્મજથી ભક્તરાજ ઉમેદભાઈ તેમના મંડળ સાથે સ્વામીશ્રીનાં દર્શને આવતા. ગાના તથા બોચાસણની ભજન મંડળીઓ કીર્તનોની રમઝટ બોલાવતી. 'લાઈફ ઍન્ડ ફિલોસોફી ઑફ શ્રી સ્વામિનારાયણ' એ અંગ્રેજી પુસ્તકની સ્વામીશ્રી અહીં કથા કરાવતા. મંદિરના ખેતરમાં મોટા અક્ષર સ્વામી, નાના અક્ષર સ્વામી તથા કોઠારી ભક્તિવલ્લભદાસના ઓટાએ સંતો-હરિભક્તો સાથે દર્શને પણ પધારતા. પ્રદક્ષિણા તથા દંડવત્ કરી સભા ભરતા. મોટા સંતોનો મહિમા સમજાવતા. આમ, જૂના સંતોને કદી ભૂલતા નહિ અને અવારનવાર તેમનાં સ્મારકોને પાવન કરી, ભક્તોને પણ તેમ અનુસરવા સૂચવતા.

બે દિવસ પછી તળાવ ઉપર છત્રીએ દર્શન કરી, અ.નિ. સદ્ગુરુ મોટા અક્ષર સ્વામી બેસતા ત્યાં સભામંડપ પાછળ સંતોના જૂના ઉતારામાં થાંભલા પાસે પધાર્યા ને થાંભલાને દંડવત્-પ્રદક્ષિણા કર્યાં.

પછી પુરુષોત્તમ સ્વામીની દેરીએ દર્શન કરી, વંડાનું ખાતમુહૂર્ત કર્યું. ગામમાં રામજી મંદિર તથા રણછોડજીના મંદિરે પણ દર્શને ગયા હતા.

ગુણાતીત દીક્ષા સ્થાનની પ્રમાણતા

સાંજે ડભાણ પધાર્યા. અહીં એક હરિભક્તને મહારાજે સ્વપ્નમાં દર્શન દઈ ખેતરમાં અમુક જગ્યાએ ખોદવા આજ્ઞા કરી. તે પ્રમાણે ખોદતાં

ગુણાતીતાનંદ સ્વામીની દીક્ષા દેરીથી દસથી પંદર હાથ જ દૂર યજ્ઞના કુંડ મળી આવ્યા. સ્વામીશ્રી કુંડમાં ઊતર્યા. દંડવત્ કર્યા, ફૂલ છાંટ્યાં, સભા ભરી. સ્થાનિક તથા નડિયાદ સત્સંગ મંડળે અહીં સ્વામીશ્રીની પૂજા કરી. શ્રીજીમહારાજે ડભાણમાં યજ્ઞ કરી, જે સ્થાને સ્વામીને દીક્ષા આપી હતી, તે યજ્ઞ સ્થાન અને કુંડ આ રીતે મહારાજની પ્રેરણાથી જ મળી આવતાં આવા અદ્‌ભુત સ્થાનનો સ્વામીશ્રીએ સૌને મહિમા સમજાવ્યો અને સમર્થન કર્યું કે આ એ જ સ્થાન છે.

ખેડા પેટ્રોલ પંપ આગળ હરિભક્તો રાહ જોઈને ઊભા હતા. તેમને મળ્યા. સભા કરી. બકુભાઈ અમીનના ગૅરેજનું ખાત કર્યું. રાત્રે ૯-૩૦ વાગે અમદાવાદ આવી પહોંચ્યા.

બીજે દિવસે રાત્રે મંદિરના નવા બંધાઈ રહેલા સભાખંડમાં જાહેર સત્સંગ સભા થઈ. મંત્રીશ્રી બાબુભાઈ જશભાઈએ સ્વામીશ્રીની અલૌકિક સ્થિતિનું વિસ્તારથી વર્ણન કર્યું. આશરે એક હજાર ભક્તો સભામાં હાજર હતા.

તા. ૩૧મીએ લીંબડી - ભૂપેન્દ્રભાઈ તથા ચંદ્રકાંત શાહની નવી દુકાનનું ઉદ્‌ઘાટન કરી, રાજકોટ આવી પહોંચ્યા.

અહીં તા. ૧-૬-'૬૮, સવારે ૫ વાગે મંગળ પ્રવચનમાં સ્વામીશ્રી કહે :

'ભગવાને નરસિંહ મહેતાને એક પરચો આપ્યો, મામેરું પૂર્યું. તે આખું જગત સંભારે છે. પણ શ્રીજીમહારાજ રોજ લાખો પરચા આપે છે, તેને કોઈ યાદ કરતું નથી. શ્રીજીમહારાજે ભગવાન ભજવા મંદિરો બાંધ્યાં. આરતી થાય. નિયમથી ભગવાન ભજાય. સહાય કરે. ભગવાનનો આશરો ને ભક્તિ કરવી એ જીવનું ભાથું છે.

'જીવને મોક્ષનું અભયદાન દેવું એ માટે સતનો દેહ છે. હેત થાય એટલે રસ્તો જડે. મહિમા સમજાય તો સમાગમ થાય. ભીડો વેઠાય.'

પ્રવીણભાઈ કક્કડ મોડા આવ્યા. સ્વામીશ્રી તેમને 'ભાઈસા'બ' કહીને સંબોધતા. સ્વામીશ્રી કહે : 'કેમ મોડા આવ્યા ? મોડા ન આવવું.'

'પૂજા કરીને આવ્યો.' તેમણે કહ્યું.

'પૂજા ૪-૩૦ વાગે કરી લેવી.'

'ચાર વાગે ઊઠ્યો હતો.' તેમણે બચાવ કર્યો.

ત્યારે સ્વામીશ્રી કહે : 'ભાઈસા'બે તંગડી ઊંચી રાખી !'

સ્વામીશ્રી આગળ કહે : 'વાતો સાંભળીને પણ સ્વભાવ ન જાય ત્યાં સુધી અસર ન થઈ કહેવાય.

'તુમ બક બક, હમ સુન સુન. રાજા ચોપાટે રમે. કથા કરનાર પૈસા માટે કથા કરે. રાજા વખાણ માટે કથા કરાવે. કથા સાંભળીને પણ અહીં જ મૂકીને જઈએ છીએ.

'શાંત વાતાવરણ. નિર્દોષભાવ. કોઈનો અવગુણ નહિ. ત્યારે કથા સાંભળી કહેવાય.'

સવારની કથા પછી પધરામણીઓ કરી, જૂના સ્વામિનારાયણ મંદિરે પધાર્યા. અહીં સભામંડપમાં ગાદી-તકિયે બિરાજી વાતો કરી. રસ્તામાં સેવકને વાતો બોલવાની આજ્ઞા કરતાં કહે : 'સમય નકામો ન જવા દેવો.'

બપોરની કથામાં વચનામૃત ગ.પ્ર. ૬ સમજાવતાં કહ્યું : 'મોટપ એટલે ગાદી-તકિયા મળે એ નહિ, પણ અંતરે શાંતિ રહે. સેવા થાય, માન-અપમાન ન લાગે.' એમ કહી સૌને સેવાનો આદેશ આપ્યો.

સાંજે ગોંડલ પધારતાં રસ્તામાં ટી.બી. હૉસ્પિટલ આગળ ડૉ. ઝાલા તથા અન્ય દર્દીઓએ સ્વામીશ્રીનાં દર્શનનો લાભ લીધો.

ગોંડલ ધામમાં યોગીબાપા બિરાજ્યા છે...

ગોંડલ - અક્ષર દેરીમાં આરતી કરી, શિખરમાં ઘનશ્યામ મહારાજ તથા અક્ષરપુરુષોત્તમ મહારાજનાં દર્શન કર્યાં. સભા ભરી. આ પ્રસંગે જસ્ટિસ શેલત, જસ્ટિસ પટેલ તથા અન્ય અગ્રણી સદ્ગૃહસ્થો હાજર હતા.

સ્વામીશ્રી તા. ૧-૬-'૬૮, ગોંડલ પધાર્યા ત્યારથી સંતો-હરિભક્તોને દર્શન-સમાગમનું સુખ આપી બ્રહ્માનંદ કરાવતા. સ્થાનિક તથા આજુબાજુનાં અને દૂર દૂરનાં ગામોમાંથી સેંકડો હરિભક્તો અને અન્ય મુમુક્ષુઓ દરરોજ મંદિરે દર્શને આવતા અને ૫૦૦ ઉપરાંત હરિભક્તોની હાજરી કાયમ મંદિરમાં રહેતી. અને સમૈયા જેવું વાતાવરણ રહેતું.

તા. ૨જીએ સવારે ૫-૧૫ વાગે મંગળ પ્રવચનમાં સ્વામીશ્રી કહે :

'શ્રીજીમહારાજના સમયમાં સંતો ઘંટીનાં પડિયાં મૂકી, ચોટી બાંધી ધ્યાન કરતા. શાસ્ત્રીજી મહારાજના સમયમાં વસો-સોજિત્રામાં સંતો બબે કલાક ધ્યાન કરતા. પાકી રસોઈ ન લે. બાર ગામમાં ફરતા. લોકોને ભાર પડી ગયો. બધા બોલાવે. કથા કરાવે. ધ્યાની મંડળ કહેવાય.

'દેહને વેરી કહ્યો છે. ખેડી લેવો. શાસ્ત્રીજી મહારાજે આખો ગુજરાત વશ કર્યો. તે વર્તનથી ભાર પડ્યો. ને જ્ઞાન પણ ખરું.

'શ્રીજીમહારાજના સમયમાં સંતો લીંબડો પીને રહ્યા. તેને ઠેલે આપણને લોકો રસોઈ આપે છે ! ભીડો ખમ્યા; પણ 'બહુ થયું' એમ ન કહ્યું.'

પછી અક્ષર દેરીમાં પૂજા કરવા પધાર્યા. પૂજા કરતાં પહેલાં જો મહાપૂજાની આરતી ન થઈ હોય તો સ્વામીશ્રી અવશ્ય પ્રથમ આરતી કરે. મહાપૂજામાં થોડી આરતી કરી, અક્ષર દેરી તથા પાછળ દેરીમાં શાસ્ત્રીજી મહારાજની ચિત્ર-પ્રતિમા આગળ અને બાજુમાં - મહારાજ, સ્વામીને છડી અડાડે છે તે મોટી પટપ્રતિમા આગળ પણ આરતી કરી. પ્રદક્ષિણા ફર્યા.

મહાપૂજાની આરતી કરી પૂજા કરી, શિખરમાં આરતી કરવા પધાર્યા.

દરરોજ મધ્ય શિખરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની આરતી ઉતારે. પછી મંદિરમાં ત્રણેય શિખરમાં દર્શન કરી, દંડવત્ કરી, એક પ્રદક્ષિણા કરે ને હનુમાન-ગણપતિનાં દર્શન કરે.

આજે મૂર્તિઓને વાઘા પહેરાવતા હતા. આરતીને થોડી વાર હતી. તેથી સીડી સામેની બારી ઉપર બિરાજ્યા અને સાધુતા શીખવા ઉપર સંતોને ૧૫ મિનિટ વાતો કરી.

આરતી પછી સભામંડપના સિંહાસનમાં પટ-પ્રતિમાઓનાં દર્શન-દંડવત્ કરી, શાસ્ત્રીજી મહારાજને ઓરડે પ્રસાદીના ઢોલિયે દર્શન, પ્રદક્ષિણા, દંડવત્ કરે. ઢોલિયા ઉપર શાસ્ત્રીજી મહારાજની પોઢેલી મૂર્તિ કેસમાં ગોઠવેલી. ત્યાં બાજુમાં ઘંટડી પડી હોય તે અચૂક વગાડે. જાણે પોતાના ગુરુ શાસ્ત્રીજી મહારાજને મુજરા ન કરતા હોય !

આજે સવારથી મંદિરમાં ઘઉં વીણવાનો યજ્ઞ ચાલુ થયો હતો. બપોરે ભંડારમાં ખુરશી નાખી સૌને પીરસવા બેઠા. બધા હરિભક્તો જમી રહ્યા પછી પોતે જમ્યા. બપોરની કથામાં ગ.મ. ૨૮ અને ૨૯ વચનામૃતો વંચાવી, વાતો કરી. સૌ સભામંડપમાં ઘઉં વીણતા હતા ત્યાં સૌ સાથે બેસી કથા કરી. એવામાં વલ્લભીપુરના ચંદુભાઈ લીંબાણી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેમને આશીર્વાદ આપી, ઘઉં વીણવાનું કામ ચાલુ રખાવી, આરામમાં પધાર્યા.

બપોરે ૩-૩૦ વાગે ઊઠી, ટપાલ વાંચવા બેઠા. ૪-૦૦ વાગે દેરીમાં આવ્યા. ૫૧ પ્રદક્ષિણા ધીરી ચાલે, ભજન કરતાં મૂર્તિમાં મગ્નભાવે ફર્યા. પછી ધ્યાન કરતાં બેઠા.

બપોરની કથામાં એક નવા મુમુક્ષુ આવ્યા. તેઓ થોડા દિવસ બાદ એડન જવાના હતા. સ્વામીશ્રીએ પૂછ્યું : 'તમે કાંઈ સેવા કરી ?'

'હા.'

'શું ?'

'ઘઉં વીણ્યા.'

'એમ નહિ, પૈસે-ટકે શું સેવા કરી ?'

'સવા પાંચ રૂપિયા.'

'બસ ? વ્યવહાર કેવો છે ?'

'બહુ સારો નથી. હમણાં જ ભણીને નોકરીમાં જોડાયો છું. રૂપિયા હજાર મળે છે.' તે ભાઈએ જણાવ્યું.

'હજાર રૂપિયા મળે છે ને ! હવે દશમો ભાગ કાઢજો. સો રૂપિયે દસ રૂપિયા ઠાકોરજીના. હજાર રૂપિયે સો રૂપિયા કાઢવા.' સ્વામીશ્રીએ સેવાની ભલામણ કરી.

સાંજે રવિવારની સભા થઈ. સ્વામીશ્રીએ સા. ૧૧મું વચનામૃત સમજાવ્યું :

'ભગવાનના તુલ્યપણાને પામે છે એ શું ? ભગવાન મડાં બેઠાં કરે તેમ એ કરે. મોજીદડના કહળચંદ શેઠ હતા. સ્વામી રાતે મોજીદડ ગયા. શેઠ કહે : 'મારે ધામમાં જાવું છે.' શાસ્ત્રીજી મહારાજ કહે : 'તમને પંદર વરસ રાખવા છે.' બીજે દી' બેઠા થઈ ગયા.

'કુબેરભાઈ વઢવાણના સોની હતા. મંદવાડ ઘેરો હતો. બોચાસણ તાર આવ્યો. સ્વામી હાજર હતા. વઢવાણ આવ્યા. કુબેરભાઈ રડ્યા. સ્વામી કહે : 'ધામમાં નથી લઈ જવા. દસ વર્ષ રાખવા છે.' એક દવા હતી તે ઘસીને પાઈ, તે બેઠા થઈ ગયા.

'શુભ ને અશુભ કર્મનું બંધન થાય. સત્પુરુષ કોઈને વર્તમાન ધરાવે તેનાં અનંત અશુભ કર્મો હોય તે બાળી નાખે. તેનું બંધન સંતને ન લાગે.'

બીજાં ધામની વાત સમજાવતાં કહે : 'રાજા વાંકમાં આવે તો મદ્રાસની જેલમાં મૂકે. બાગ-બગીચા ફરવાનું, પણ બહાર નીકળાય નહિ.

'દેવતામાંથી મનુષ્ય ને વળી દેવતા. જેમ એન્જિનમાં પાણી એકનું એક ફર્યા કરે છે તેમ.

'અંતસમે કેમ નિર્વાસનિક થાય ?

'શાસ્ત્રીજી મહારાજ કહેતા : 'અંતસમે સત્પુરુષ હાજર થઈ જાય. 'આ જ મારા મોક્ષદાતા. આથી પર કોઈ કલ્યાણ નથી.' એમ સમજાય ને જોડાઈ જાય, તો નિર્વાસનિક થાય.'

'તો સ્વામી છેટા નહિ જાય...'

રાત્રે ૯-૪૫ વાગે સભામાં સંબોધતાં કહ્યું :

'દુઃખ આવે અને 'શાસ્ત્રીજી મહારાજ' એમ બોલે તે દુઃખ ભાગી જાય. આફ્રિકા, ઇંગ્લેન્ડ બધે શાસ્ત્રીજી મહારાજને સંભારે છે. શાંતિ થાય ને અશાંતિ જતી રહે. શાસ્ત્રીજી મહારાજ દયાળુ હતા. ગમે તેવા ગુના માફ કરી દે. શાસ્ત્રીજી મહારાજની બધા ઉપર દૃષ્ટિ બહુ.

'એક વાર શાસ્ત્રીજી મહારાજ સારંગપુરમાં હતા. માલપૂઆ બનાવ્યા. અમે બે પીરસવા નીકળ્યા. જમ્યા પછી શાસ્ત્રીજી મહારાજ બબે ત્રણ-ત્રણ પીરસે. હજુ મને યાદ છે. બનાવવા, પીરસવામાં હું હતો. હોલ-સોલ વેપાર. (સેવાનો અમારે માથે હતો).'

પછી માલપૂઆ બનાવવાની રીત બહુ વિગતે કથામાં જ સમજાવી અને કહે : 'બોચાસણમાં આ વખતે માલપૂઆ કરેલા તે જાડા, બળી ગયેલા. પણ મુંબઈમાં ત્યાગવલ્લભ સ્વામી કરે, સો જણના - પણ સરસ થાય.'

એક સંપ રાખી કથાવાર્તા કરશું તો સ્વામી છેટા નહિ જાય.

'સ્વામીના રાત-દી' ગુણ ગાવા, તો શાંતિ થાય; પણ વ્યાવહારિક વાત કરીએ તો શાંતિ ન થાય. માટે કથાવાર્તા કરવી ને સરભરા કરવી.

'રાખ-રખાવટ જેવું કામ કરે છે તેવું જ્ઞાન ન કરે. શાસ્ત્રીજી મહારાજે જમાડી-રમાડી, જ્ઞાન આપી, સેવા લીધી. ભવિષ્યમાં શાસ્ત્રીજી મહારાજનો મહિમા ખૂબ વધશે.

'જ્ઞાન શું ? પ્રગટનો મહિમા - શાસ્ત્રીજી મહારાજનો સમજાવવો તે.'

આમ, વેણે વેણે પોતાના ગુરુ શાસ્ત્રીજી મહારાજના નામ ને મહિમાનું ઉચ્ચારણ કરતાં થાકતા નહિ, ધરાતા નહિ, ત્યારે સ્વામીશ્રીમાં અજોડ, વિરલ શિષ્યત્વનાં દર્શન થતાં !

સ્નાન કરતાં આજે જ આવેલા ચંદુભાઈ લીંબાણી તથા અન્ય યુવકોને કહે : 'ગુરુ ! કાલે નિર્જળા ઉપવાસ કરશો ? કરજો. મહારાજ બળ દેશે...' એમ દરેક યુવકને હેત-પ્રીતથી ઉપવાસ આપ્યા.

બીજે દિવસે સવારે ૫-૩૦ વાગે સ્વામીશ્રી કહે :

'સવારે ૪-૦૦ વાગે ઊઠીને કુંડમાં દરેક સંતે નાહીને ૨૦૦ પ્રદક્ષિણા દેવી જ જોઈએ. આ નદીમાં શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ વગેરે નાહેલા.

પહેલાં નદી હતી તેમાં સ્નાન કરતા. બાલમુકુંદ સ્વામી (જૂનાગઢના) પધારતા ત્યારે સ્નાન કરવા આવે. ૨૦૦ સાધુ પાછળ આવે. પછી દેરી આગળ ઓટા ઉપર ધ્યાન કરે. તીર્થ મૂકી ન્હાય તે ઠીક નહિ. અમે અને દાજી બાપુ હંમેશાં ૩-૦૦ વાગે ઊઠી સ્નાન કરતા. નદીમાં પથરા હોય, લાઇટ નહિ.'

'ગંગાજીમાં ખર્ચ કરી નાહવા જાય; તેનાથી તો આ શ્રેષ્ઠ. એક પ્રદક્ષિણાએ એક જગતનું પુણ્ય. પ્રદક્ષિણાનો શ્લોક છે : 'પદે પદે યા પરિપૂજકેભ્યઃ...।'

'સિદ્ધપુર પાટણમાં પાણી સાવ ખરાબ, તોય લોકો સરાવવા જાય. કપિલદેવ ભગવાન નાહેલા ને માતાજીને ઉપદેશ આપેલો. એ પરોક્ષ તીર્થનું માહાત્મ્ય છે.

'શાસ્ત્રીજી મહારાજ ૩૦ થી ૪૦ વર્ષ પહેલાં પોષ મહિનામાં ગઢડા ગયા હતા. શંકર ભગત કહે : 'હું ઠરી જઈશ.' પણ શાસ્ત્રીજી મહારાજે પરાણે મોકલ્યા ને ઘેલામાં નવરાવ્યા.

'આપણે સ્વામીના શિષ્ય. તેમને જેવું માહાત્મ્ય તેવું આપણે મૂર્તિઓ, મંદિરનું, તીર્થનું રાખવું.

'અક્ષર દેરી જેવું માહાત્મ્ય કોઈ જગ્યાએ નથી. પાંચેય આરતીમાં જવું. આરતી પૂરી થાય ત્યાં સુધી ઊભા રહેવું. લોકો કાશીમાં ધામમાં જવાય તે માટે રૂમ રાખીને રહે છે. પરોક્ષ તીર્થ કરતાં આ તીર્થ અધિક છે.'

સવારે ૭-૪૫, શણગાર આરતી પહેલાં શિખરમાં બેસી સ્વામીશ્રીએ વાત કરી : 'સાધુ થાવું, સાધુતા શીખવી ને સ્વભાવ મૂકવા. આપણે કાંઈ ભૂલ ન કરી હોય ને 'ભૂલ કરી' એમ કહે, તે સહન કરવું તે સાધુતા. ચૂરમું કર્યું પછી ઘી નાખે ત્યારે લાડુ કહેવાય. તેમ સાધુ-ત્યાગી થયા. તે રીસ ન કરવી, ક્રોધ ન કરવો, કોઈની વસ્તુ ન લેવી, સર્પ પડ્યો છે તેમ માનવું. શાસ્ત્રીજી મહારાજ આવી રીતે દરેકને બેસાડી વાતું કરતા. સ્વભાવ કાઢતા. હરિભક્તો સાધુતા શીખે છે. તો આપણે શીખવું.'

આજે સાંજે ગુરુકુળમાં પ્રાર્થના હૉલમાં પધાર્યા. ધૂન-પ્રાર્થના બાદ મણિભાઈ બ્રહ્મભટ્ટ, ડૉ. દેવશીભાઈ, નગરપાલિકાના પ્રમુખ ધનજીભાઈ શિંગાળા, મહંત સ્વામી, સિદ્ધેશ્વર સ્વામીનાં પ્રેરણાત્મક પ્રવચનો બાદ સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા :

'મોટા મોટા સદ્ગુરુઓ અહીં ગોંડલ આવતા. શ્રીજીમહારાજ આશાપુરા માતાનાં સ્થાનમાં બે મહિના રહેલા. અષ્ટાંગ યોગ શીખવતા. હાથીએ ઘરે

સ્નાન કરતા. રાજ્યમાંથી સીધું આવતું.

'સંગ્રામસિંહ બાપુએ ગુણાતીતાનંદ સ્વામી પાસે માગણી કરી : 'મારો મોક્ષ થાય એવો ઉપાય બતાવો.' સ્વામી કહે : 'મન-કર્મ-વચને સાધુની સેવા કરજો.'

પછી રાત્રે ૧૦-૦૦ વાગે મંદિરમાં સભા-પ્રસંગમાં સંબોધતાં કહ્યું :

'શાસ્ત્રીજી મહારાજ બે વચ્ચે ઝઘડો હોય તો હેતથી સમજાવે. સરકાર-દરબારમાં જાવા ન દે. સંપ કરાવે.

'રેશનિંગ હતું ત્યારે હરિકૃષ્ણ સ્વામી કહે : 'અન્નકોટ નથી કરવો.' શાસ્ત્રીજી મહારાજ કહે : 'રૂપિયા એકની શેર ખાંડ મળે તો લાવો, પણ અન્નકૂટ કરો. લોભ ન રાખવો.' ઠાકોરજી માટે એવો પ્રેમ કે જાતે અન્નકૂટ કરે. ૧૦ જાતના શાક થાળ માટે જાતે બનાવતા.'

વળી, સ્વામીશ્રી કહે : 'પહેલાં મને સેવા મળતી, એવી નથી મળતી. પણ હજુ ભાવ બહુ.'

મહારાજે બ્રહ્મરૂપ થવાનો કીમિયો બતાવ્યો

તા. ૪થીએ સવારે ૫-૩૦ વાગે મંગળ પ્રવચનમાં, *'અતિ મનોહરં...'* એ શ્રીજીમહારાજનાં અષ્ટકો સંતો બોલ્યા. સ્વામીશ્રી પણ સાથે સાથે બોલતા. ઘણી વાર ચોપડી હાથમાં રાખતા. આંખે ઝાંખપ એટલે ઝડપથી વંચાતું નહિ. તેથી શ્લોક ઉપાડવામાં ને પૂરો કરવામાં બધાથી પાછળ રહી જતા. પણ સાદ ઘેરો ને લહેકો એવો મીઠો કે એમના પડઘાતા અવાજથી વાતાવરણમાં મધુરતા ભરાઈ જાય. સાંભળનાર સૌનાં હૃદય આનંદથી પુલકિત થઈ જાય. પૂર્વે કંઠસ્થ કરેલી પરિચિત કડીઓ આવે ત્યારે ઊંચે સાદે બોલે. વચ્ચે વચ્ચે અટકે ને પછી ઉપાડે એવી એમની વિશિષ્ટ ગાનશૈલી સવારના મંગલ વાતાવરણને વિશેષ મંગલમય બનાવતી.

આજે સ્વામીશ્રી કહે : 'તમામ જગતના જીવો પંચ વિષયમાં રચ્યા-પચ્યા છે. ચોવીસ કલાક મંડ્યા છે. બ્રહ્મરૂપ શું ? એ કોઈને ખબર નથી, એ શ્રીજી-મહારાજે બતાવ્યું : 'નિજાત્માનં...' એ શ્લોક લખ્યો. ગીતામાં લખ્યું, પણ મહારાજે કેમ બ્રહ્મરૂપ થવાય એ બતાવ્યું.

'આપણે બ્રહ્મરૂપ થાવું ને બીજાને કરવા. લો. ૭ વચનામૃત પ્રમાણે, બ્રહ્મરૂપ થાય તેને ભગવાનની ભક્તિનો અધિકાર.

'પ્રેમ દિવસે દિવસે વધે; પણ માયા અંદર ન પેસે. લૂખાપણું નહિ. તેમાં

અંતરાય ન થાય.

'આવી રીતે પ્રાર્થના કરીએ તો ભગવાન સાંભરે. ધ્રુવજી ભણવા નહોતા ગયા, પણ સ્તુતિ કરી તો વેદના અર્થની સ્ફુરણા થઈ. દેશકાળ સારા થાય.

'પ્રેમ વધે, પણ 'બહુ દર્શન કર્યાં. હવે શું જાવું. કાલે ગયા હતા.' એમ નહિ. કથાવાર્તા, સેવામાં પ્રેમ વધતો જાય.'

શણગાર આરતી પહેલાં નિજ મંદિરમાં જ ૭-૪૫ વાગે સંતોને સંબોધતાં સ્વામીશ્રી કહે :

'ક્રોધ જીતવો. લો. ૧ વચનામૃત. સંતનો ધર્મ સેવા. રસોઈમાં દરેકે જાવું. રઘુવીરજી મહારાજની વાતું અમે અડવાળમાં વાંચતા, તેમાં વાત આવી : સાધુએ મંદિરનું ત્રણ કલાક કામ કરવું; નહિ તો વ્યાજ ચઢે. તે વ્યાજ, મુદ્દલ રકમ કરતાં વધી જાય તો ભરવું કઠણ પડે. ભંડારી, કોઠારીને પૂછવું. સેવા-ભક્તિ પરમ ધર્મ. રસોઈ, પાણી, બાગ-બગીચાની સેવા કરવી. ઘરડા ડોસા કથા કરે. આપણે જુવાનિયાએ ચોકા સાફ કરવા, વાસીદું વાળવું.

'શ્રીજીમહારાજ કૌપીન ધોતા, છાણાં થાપતા. એ પ્રમાણે શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, શાસ્ત્રીજી મહારાજે સેવા કરી. જે મંદિરમાં જઈએ ત્યાં પૂછવું. મુંબઈમાં ઘાટી ને રસોઈયાનું પૂછતા હતા, મેં ના પાડી. તોપણ ચાલે છે. ત્યાગવલ્લભ સ્વામીએ બીડું ઝડપ્યું તો બધાયને રસોઈ આવડે છે.

'અમારી વારીમાં નાસ્તો ન હતો. સાંજે ભૂખ લાગે તો ડાળિયા ફકાય. ઉકાળા, કૉફી, દૂધ નહિ. હરિભક્તો પાસે ડાળિયા ન મંગાય. મંદિરમાંથી આપે.

'ત્યાગ શોભા સંતની...' નિષ્કુળાનંદ સ્વામીએ ગાયું - *'ત્યાગે એનું આગે, માગે એનું ભાગે.'* આ પ્રમાણે શાસ્ત્રીજી મહારાજ, ૫૦૦ પરમહંસો વર્ત્યા. શાસ્ત્રીજી મહારાજ ગયા નથી. આપણે બીજા બાવાના સંત નથી. તેમના જેવું કથા, થાળ, આરતી વગેરે કરવું. બાળકપણું, છોણિયાપણું ન રાખવું. આખો દી' કામ કરવું. દેહને સેવામાં ચોંટાડી મૂકવો. ભૂતને વાંસડો.

'હરિભક્તોની રાખ-રખાવટ કરવી. પાણી પાવું. જમાડવા. લોભ ન રાખવો. મંદિરમાં ખૂટતું નથી.'

અવગુણ ટાળવાની કુનેહ

એક સંતે પૂછ્યું : 'કોઠારી રાખ-રખાવટમાં માનતા ન હોય તો ?'

સ્વામીશ્રી કહે : 'આપણે માળા ફેરવવી. કોઠારીના ગુણ ગાવા. ટાઢો રોટલો

- છાશ આપવી. અવગુણ ન ગાવા. બહુ નમીએ તો આપે. ઉપેક્ષા ન કરવી.'

બીજા સંતે પૂછ્યું : 'કોઈ મંદિરે આવે ને પૂછે કે ભેટ લખાવી ? પછી જમાડે, તેનું શું ?'

સ્વામીશ્રી કહે : 'એવું આપણે ત્યાં ન હોય. ને કોઈ પૂછે તો હેત હોય તો સેવા કરાવવા પૂછે.'

આમ, સ્વામીશ્રીએ કોઠારીનો પક્ષ જ લીધો. કોઈના પણ અવગુણની વાત ટાળવાની સ્વામીશ્રીમાં જબરી કુનેહ હતી.


આરતી બાદ ધામ, ધામી ને મુક્તની મૂર્તિઓ આગળ દર્શન કરતાં સતોને યાદ કયા.

ઘનશ્યામ મહારાજની મૂર્તિ આગળ દર્શન કરતાં કહ્યું : 'આ મૂર્તિ ધ્યાન કર્યા જેવી છે. એક ચિત્તે દર્શન કરે, ધ્યાન કરે, તો શાંતિ થઈ જાય.'

આજે કોઠારી હરિજીવનદાસ સ્વામી ગઢડાથી આવ્યા હતા. સ્વામીશ્રી ઢોલિયા ઉપરથી ઊભા થયા. મળ્યા (ભેટ્યા). 'કેવી રીતે આવ્યા ? તબિયત કેવી છે ? શું જમો છો ?' વગેરે પૂછ્યું. જમવાની ખાસ વ્યવસ્થા કરવા ભક્તિ-કિશોર સ્વામીને બોલાવી આજ્ઞા કરી. ઉતારા માટે સગવડ કરવા કહ્યું. લગભગ ૧૫ મિનિટ વાતો કરી. ત્યાં ઊભેલા સંતોને કોઠારીને દંડવત્ કરી, મળવા આજ્ઞા કરી. ગઢડા મંદિરના ખબર પૂછ્યા.

સાંજે ૬-૦૦ વાગે અક્ષર ઘાટ ઉપર પધાર્યા. પગથિયાં ઊતરી ઠેઠ પાણી સુધી પહોંચ્યા ને પ્રસાદી-જળ માથે ચઢાવ્યું. પહેલાં યુવકો પાણી લઈ ઉપર આવતા હતા, તે ના પાડી ને પોતે કુંડ સુધી ગયા. હરિભક્તો ઉપર પ્રસાદીનું જળ છાંટ્યું. બાદ સભા થઈ.

❀ ❀ ❀



આસક્તિ

૭-૪૫ વાગે સભા પૂરી કરી.

રાત્રે ૧૦-૦૦ વાગે સભામાં, ચંદ્રકાંતભાઈ ત્રિવેદી દિલ્હી જતા હોવાથી સ્વામીશ્રીએ તેમને દિલ્હીમાં મંદિર માટે જમીન જોવા આજ્ઞા કરી.

બ્રાહ્મણ લાડવાના કેફમાં કૂવામાંથી બહાર નીકળી ગયો તે દૃષ્ટાંત વિસ્તારે સમજાવતાં કહ્યું :

'તેમ બારેય મહિના કેફ રાખવો જોઈએ. ભગવાન ને સંત, શાસ્ત્રીજી મહારાજનો કેફ રાખવો. જંગલમાં કે શહેરમાં સુખિયા. લો. ૧૦ વચનામૃત પ્રમાણે બળના શબ્દો સાંભળ્યા હોય તો કેફ મોળો ન પડે.

'ભાવનગરમાં વજેસિંહ દરબારે સૌને તેડાવ્યા. સભામાં દરબારોને હોકો પાય. પહેલાં દરબારે પીધો. પછી બીજાએ. ગ્રેડ પ્રમાણે દરબારોને હોકો પીવા મળે. બે ગામના દરબારને ત્રણ ફૂંક મળી. ગામમાં જઈને દરબારોએ ધમાલ ઉપાડી. કેફમાં ને કેફમાં ફરે. સૌએ પૂછ્યું : 'શાનો કેફ ?' 'અઢારસેં ગામના ધણીનો હોકો મળ્યો છે.'

દાજી બાપુ સભામાં ઊંઘી ગયા હતા. તે ઉપર વાત કરી : 'અમે મેવાસા ગયા હતા. દાજી બાપુ આબાદી ઇન્સ્પેક્ટર હતા. અમે રાતે ૧૨-૦૦ વાગે ઊંઘીએ. મને ઊંઘવાની ટેવ અને એમને પણ ઊંઘવાની ટેવ. હું વાત કરું ત્યારે એ ઝોકાં ખાય ને હું એનો હાથ તાણું; અને હું ઊંઘું ત્યારે તે મારો હાથ ખેંચે. રાતના ૧૨-૩૦ થી ૩-૩૦ સુધી ઊંઘતા. પછી નદીએ નાહવા જઈએ.'

પછી એવી આસક્તિ કેમ થાય તે વાત ગ.મ. ૨૯ વચનામૃત પ્રમાણે કરી. એવી આસક્તિ નિર્ગુણ સ્વામીને હતી. મુંબઈમાં ૧૦૨ ડિગ્રી તાવ આવ્યો. મેં હર્ષદભાઈને કહ્યું : 'દસ હરિભક્તોને લાવો. ભગતજી મહારાજનું આખ્યાન કઢાવો.' પછી તેમ કર્યું. રાતના ૧૨-૦૦ સુધી વાત કરી. પરસેવો વળી ગયો.

તાવ ઊતરી ગયો. એમણે દાખડા કરી આ મંદિરો ઊભાં કર્યાં. હરિભક્તોની રાખ-રખાવટ કરે. ગાદલાં રાખી મૂકે. પાણી પાય...'

સ્વામીશ્રી ૧૦-૧૫ વાગે પોતાના ઓરડામાં પધાર્યા.

બીજે દિવસે સવારના ૫-૧૫ વાગે *'સિતસાન્દ્ર...'* અષ્ટકગાન પછી, છેલ્લા થોડા શ્લોકોનું ભાષાંતર વંચાવી, ગુણાતીતાનંદ સ્વામીનું વડતાલમાં અપમાન થયું તે વાત વિસ્તારે કરીને કહે : 'બીજો હોય તો આ રહ્યો તમારો સત્સંગ. 'જય સ્વામિનારાયણ', એમ કહી જતા રહે.

'શાસ્ત્રીજી મહારાજ ને મોતીકાકા બે એક ગામે ગયા. અપમાન થયું. શાસ્ત્રીજી મહારાજ કંઈ ન બોલ્યા. પછી એક જગાએ મોતીકાકાએ વાત કરી. ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે : 'તમે ને હું બે જાણતા હતા. તમે જાહેરાત કરી.

'સ્વરૂપનિષ્ઠા દૃઢ થઈ હોય, તો કટકા કરી નાખે તોપણ ન ખસાય. ભીમનાથના રાંકાંની જેમ સત્સંગ ન મૂકે. જો મોક્ષ - આત્યંતિક કલ્યાણ માન્યું હોય, તો મૂકીને ન જાય. કડછો થૂલું અહીં અક્ષરપુરુષોત્તમને ઘરે જ છે. મહિમા સમજાય તો 'ભેટંભેટા' ને ન સમજાય તો 'છેટંછેટા.'

સવારે પૂજા સમયે અક્ષર દેરીમાં ચાંગાના જયંતીભાઈ લંડન જતા હતા, તેમને હારતોરા કરી વિદાય આપી અને મંદિર માટે મકાન લેવા આજ્ઞા કરી. ધૂન કરાવી.[૨] એ.પી. પટેલ પાસે ચાલુ પૂજાએ પ્રવચન કરાવ્યું. શનિવારે સભામાં જવા અને એક વચનામૃત વાંચવા આજ્ઞા કરી.

ઉત્કૃષ્ટ વક્તા

સવારે ૮-૦૦ વાગે શણગાર આરતી પહેલાં નિજ મંદિરમાં સીડી સામેના બારીના ગોખમાં બેઠા. નીચે આજુબાજુ સંતો ગોઠવાઈ ગયા. મહંત સ્વામી ચંદનના વાઘા-શણગાર કરતા હતા. તેથી આરતીને થોડીક વાર હતી. સ્વામીશ્રીએ સંતોને પૂછ્યું : 'ઘાટમાં નાહવા ગયા હતા ?'

એટલામાં બાળમુકુંદ સ્વામી આવ્યા. તેઓ પાછળ બેસી ગયા. આગળ બેઠેલા નાના સંતને ઊભા કરી, સ્વામીશ્રીએ તેમને આગળ બેસાડ્યા અને કહ્યું :

---

૨. સને ૧૯૭૦માં જયંતીભાઈના જ પ્રયત્નોથી લંડનમાં મંદિર માટે ઈસલિંગ્ટન વિસ્તારમાં સંસ્થાએ ચર્ચ ખરીદ્યું અને સ્વામીશ્રીના આશીર્વાદ સત્ય ઠર્યા. કારણ, બીજા ઘણા મોટેરા ભક્તો હતા, પણ સ્વામીશ્રીનાં ભાવિકથનો પ્રમાણે તેમના દ્વારા જ સંકલ્પ સત્ય થયો.

'મોટા હોય, વયોવૃદ્ધ હોય, તેને માન આપવું, બોલાવવા-ચલાવવા. આવો, બેસો. દરેક સાધુને ઘાટમાં (નાહવા) જવું. સંપ રાખવો. મોટેરા કહે તેમ કરવું. પાંચ ટાઈમ કથા કરવી. તે જુદી વાત. શાસ્ત્રીજી મહારાજ રાજી થાય. દૃષ્ટિ થાય. એકાંતિક ધર્મ સિદ્ધ થાય.

'શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનમ્...' ઝાઝા સંતોને ઝાઝું કામ કરવું. વાડીમાં જવું, વાસણ ઊટકવા જવું, ચોખા-ઘઉં જોવા; દરેકે સેવાનો લાભ લેવો. બેસી રહેવાથી ન વધાય. દેહાભિમાન વધે. સેવાથી જીવમાં શાંતિ થાય.

'આત્મનિવેદી ભક્તની સર્વ ક્રિયા નિર્ગુણ થાય છે. પાણી પણ ધરાવીને પીવું. ઠાકોરજી સાથે રાખતા હોય તેમણે વિધિસર ઋતુ અનુસાર સેવા કરવી.

'નાના સાધુને કીર્તન-વાતું શીખવાડવાં. શ્રદ્ધા, ખપ, સમાગમ વધવાનાં સાધન. હઠ, માન, ઈર્ષા ઘટવાનાં. આત્મબળ શીખવું. દેહબળ કામ ન કરે. આનંદ કરવો. પોતાના આત્માને બ્રહ્મરૂપ માનવું, એવી સમજણ કરવી. સમજણ કામ આવે. દેશકાળ ન લાગે. માટલાં ભરાવી, (પાણીનાં) પ્યાલા ને આંકડિયા (પાણી કાઢવા માટે ડોયા) મૂકી દેવા.

'જૂનાગઢમાં એક ગોળે બધા સંતો પાણી પીવા જાય. એક ગોળે ગોળો. એક દીવે દીવો.'

પછી બાળમુકુંદ સ્વામી પાસે વાતો કરાવી. આમ, એક ક્ષણ પણ ભગવદ્‌વાર્તા - ગોષ્ઠિ સિવાય સ્વામીશ્રી નિર્ગમવા દેતા નહિ. સદાય બળની ને મહિમાની વાતો કરે જ જતા. લેશપણ કંટાળે કે થાકે નહિ. ચોવીસ કલાક એ જ ઉદ્યમ. વાત એકની એક, પણ ક્યારેક જીવને ચોટ લાગી જાય તો પળ પાકી જાય ને કામ થઈ જાય.

જેઠ સુદ દશમની મહારાજની તિથિના સમૈયાની જાહેરાત પોતે જ માઇક ઉપર કરી : 'સમૈયો ઊજવવાનો છે. કાલે સવારે ૪-૦૦ વાગે બધાએ કુંડમાં નાહવા જવું. રાજારામ બાપુ તથા અંબાલાલભાઈ બે જ ન જાય.'

માઇક ઉપર જાહેરાત કરવાનો સ્વામીશ્રીને બહુ ઉત્સાહ. બધી નાની-મોટી અંગત કે જાહેર સૂચના જાહેરમાં જ આપે અને સભાને આનંદમાં ગરકાવ કરી દે.

રાત્રે ૧૦-૩૦ વાગે બે ગુણભાવવાળા હરિભક્તો મોરબીથી આવ્યા. સ્વામીશ્રીએ તુરત કૃષ્ણકાંતભાઈને કહ્યું : 'પૂછો, ક્યાંથી આવ્યા છે ? પાણી આપો. ઉતારા આપો. સામે બેઠા છે એમ ન ચાલે. સ્વામિનારાયણ હરે સ્વામીએ

વાત કરી, એમ ટાઢું ન થાય. સરભરા કરો.' એમ મીઠી સૂચનાઓ આપી, યુવકોને તે હરિભક્તોની સેવામાં મોકલ્યા.

હીરા નહિ પણ ડુંગળી

અહીં સંતો સાથે આનંદ કરતા હતા. તેવામાં કોઈએ એક સાધુ ગૃહસ્થાશ્રમમાં ગયા હતા, તેની વાત કરી કહ્યું : 'હવે હીરા ઘસે છે.'

સ્વામીશ્રી તરત જ બોલ્યા : 'હીરા તો તમે ઘસો છો, એ તો ડુંગળી ઘસે છે !'

કેટલું મર્મવેધક સત્ય સ્વામીશ્રીએ એક જ વાક્યમાં ભરી દીધું હતું !

સ્વામીશ્રીએ એક વાર કહેલું કે 'ગમે તેવો હોય, પોદળા જેવો હોય, પણ સત્સંગમાં પડ્યો રહે તો આગળ વધી જાય, તેવો સત્સંગનો પ્રતાપ છે. પરંતુ જે પડ્યા નથી રહેતા, તેને ડુંગળી ઘસ્યા સિવાય છૂટકો પણ નથી !'

આજુબાજુ બેઠેલા યજ્ઞેશ્વર સ્વામી વગેરે સંતોને દૃઢતા કરવાની નવી દિશા મળી.

સ્વામીશ્રી સંવત તથા તિથિનો હંમેશાં ખ્યાલ રાખતા. વાર અને અંગ્રેજી તારીખનું પણ રોજનું જાણપણું. ટપાલોમાં પણ તારીખ, વાર ખાસ લખે. ઘણી વાર સમય પણ નોંધે. મહત્ત્વની તિથિ હોય તો એ પણ લખવાનું ભૂલે નહિ. વાર-તહેવારે, શુભ પ્રસંગે વાર ને તિથિનો મેળ પણ બેસાડે ને સૌને સભાન કરે કે આજે સમય બહુ સારો છે. ભગવાન ને સંતની પ્રાપ્તિ થઈ એ પણ સમય બહુ સારો છે. એનો પણ ખ્યાલ રાખજો. એવી ગર્ભિત ટકોર કરવા જ તો કહેતા હશે. 'સાતમ ને સોમવાર;' 'આજે મગળવાર, મંગળ કરે ગગળ;' 'આજે ગુરુવાર - ગુરુનો વાર;' 'આજે શનિવાર, રવિવારનો આગલો દિવસ ! કાલે સભા !' 'આજે રવિવાર - રજાનો દિવસ, આપણે રજા નહિ. આપણે ભગવાન ભજવાનો દિવસ.' આવા ઉદ્ગારોથી, સત્પુરુષના સાંનિધ્યમાં કાળ પણ શુભ છે, હંમેશાં સત્યયુગ જ વર્તે છે, તેનું જાણુંપણું સૌને આપતા.

મહિમા સમજીએ તો દિવ્યભાવ રહે

જેઠ સુદ ૧૦, શ્રીજીમહારાજની અંતર્ધાન તિથિએ સવારે ૬-૦૦ વાગે *'શ્રીવાસુદેવ...'* તથા *'વિહરતિ...'* આ બંને મહારાજના મહિમાનાં અષ્ટકો સંતોએ ગાયાં પછી, હંમેશ મુજબ એક વિદ્વાન શાસ્ત્રીની અદાથી સ્વામીશ્રી

જાણે શ્લોકો ઉપર ભાષ્ય કરતા હોય એમ સહજ રીતે પોતાના સ્વતંત્ર અર્થો-વિચારો ખુલ્લા કરતા. આ જ સાચો ભાવાર્થ છે, એવાં નિધડક વચનોથી મહારાજનો અમાપ મહિમા ગાતા. ખરેખર શ્રોત્રિય સંત વગર શાસ્ત્રના સાચા અર્થો પણ કોણ સમજાવી શકે ?

ઘણી વાર એવું લાગે કે સ્વામીશ્રી આડેધડ બોલે છે, પણ એમના એક એક બોલનો તોલ કરતાં જણાતું કે શબ્દના મર્મને ખુલ્લી કરતી એમની વાણી, અનંત ચિંતનને પણ ઠેલી દે એવી સ્પષ્ટ, અનુભવસિદ્ધ અને ભગવત્ પ્રેરિત છે.

સ્વામીશ્રી કહે : 'બ્રાહ્મણ, ધર્મ, સાધુ, ગાય અને ઋષિઓ વગેરે પાંચનું રક્ષણ કરનારા એમ મહારાજ માટે લખ્યું. અત્યારે કોઈ ગાયનું રક્ષણ કરતા નથી. ગાય અને સાધુ માટે ભગવાન વરસાદ વરસાવે છે. ધર્મ પાળે તેનું રક્ષણ કરે. અધર્મનો નાશ કરે.

'કા. પ. વચનામૃતમાં ભક્તના મનોરથ ભગવાન પૂરા કરે છે એમ કહ્યું. 'તે કયા મનોરથ ? સકામ કે નિષ્કામ ? નિષ્કામ - એ જલદી પૂરા કરે. સકામમાં વાર લાગે. મંદિરો બાંધવાં છે. લાખો જીવોને આ માર્ગે ચડાવવા છે. અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા કરાવવી છે. આ જીવને બ્રહ્મરૂપ કરવો છે.'

વચમાં અમદાવાદના અંબાલાલભાઈની વિનંતીથી અમદાવાદમાં મંદિરની જગ્યામાં રહેતો ઠાકરડો, મંદિરની જગ્યા જલદી ખાલી કરે તે માટે બે વખત ધૂન કરાવી.

'આજની તિથિનો મહિમા બહુ. શ્રીજીમહારાજ ૪૯ વર્ષ, ૨ મહિના, ૧ દિવસ આ લોકમાં રહ્યા; પણ કેટલું કામ કર્યું ! ગુણાતીતાનંદ સ્વામીને પોતાનું કામ સોંપ્યું ને કહ્યું : 'મેં આંબા વાવ્યા છે તે ઉછેરજો.' સ્વામી દ્વારા મહારાજ રહ્યા. ૫૮ વર્ષની આવરદા હતી તે ખોટી પડી. ૮૨ વર્ષ રહ્યા. સ્વામી કહેતા : 'હું ચિરંજીવ છું.'

ગુણાતીતાનંદ સ્વામી, દાદાખાચર, પૂજા ડોડિયા વગેરેને મહારાજે દિવ્ય દર્શન દીધાં તે વાત વિગતે કરી. શાસ્ત્રીજી મહારાજે તથા ગુણાતીતાનંદ સ્વામીએ પણ ધામમાં ગયા પછી દિવ્ય દેહે દર્શન દીધાં તે પ્રસંગો વર્ણવ્યા.

પછી કહે : 'મહિમા સમજીએ તો દિવ્યભાવ રહે. ન સમજીએ તો મનુષ્યભાવ આવે.

'આજે મહારાજની તિથિ છે. શુભ સંકલ્પ કરો – બ્રહ્મની સ્થિતિ થાય; પંદર ગણો સત્સંગ વધે; સૌ એકાંતિક ધર્મ સિદ્ધ કરે.'

તે માટે ધૂન્ય કરાવી. ૫-૪૫ વાગે સભા પૂરી કરી. બાળમુકુંદ સ્વામીને ગ.મ. ૯ વચનામૃત સમજાવવા આજ્ઞા કરી.

વ્હાલો વરસે અમૃત મેહ

નિત્ય વિધિથી પરવારી નિજ મંદિરમાં પધાર્યા. આરતીની તૈયારી થતી હતી તે પહેલાં ૭-૫૨ વાગે મુંબઈથી આવતા પાનાચંદભાઈને લેવા મોટર લઈને સામે જવા સંતોને આજ્ઞા કરી. પછી આજનો કાર્યક્રમ ઘડી આપતાં કહે : '૯-૦૦ થી ૧૦-૩૦ પારાયણ કરવું. 'ભક્તચિંતામણિ'નાં બે પ્રકરણ, વચનામૃત બે, પ્રવચન થાય, પૂજન થાય...'

કાર્યક્રમ ઘડવો, તેમાં કથાવાર્તાનો, ભજન-ભક્તિનો સોપો પડવા ન દેવો એ ઉપર સ્વામીશ્રીને બહુ તાન. પોતે ભજન કરે ને બીજાને પણ આટલા જ ઉમંગથી કરાવે, એ જ નાની-મોટી પ્રવૃત્તિ પાછળનો એમનો હેતુ સમયે સમયે પ્રગટ થયા વગર રહેતો નહિ.

સંતોને કહે : 'બધા શુભ સંકલ્પ કરો – પ્રાણ જાય, ગળું કપાઈ જાય, માન-અપમાન થાય, દોષ પીડે, બરોબરિયા ટોકે, અપમાન કરે, સત્સંગમાં મરી જાવું પણ ઘેર નથી જાવું.'

'શુદ્ધ વર્તન રાખવું. બરોબરિયાપણું ન કરવું. પુરુષોત્તમ નારાયણ અને શાસ્ત્રીજી મહારાજે જેવું કાર્ય કર્યું તેવું કોઈ કરી શકે ? તેલનું ટીપું, હીરની ગાંઠ. ૨૫ હજાર આપે પણ ગાંઠ ન છૂટે. તેવી સત્સંગમાં રહેવાની ગાંઠ પાડવી. વખાણ થાય તો ને ? અપમાન થાય તોપણ ? તો સત્સંગમાં નભે. મોટા નેતા થઈ જાય; પણ સત્સંગમાં રહીએ તો. પણ છાનામાના ઘરની વહેલી ગાડી પકડીએ તો ન થાય.

'આજનો દિવસ, કયો વાર ? ગુરુવાર, દ્દકી તારીખ, દ્દકો મહિનો, ૬૮ની સાલ, જેઠ સુદ ૧૦. સવારે ૮-૦૦ વાગે અક્ષર દેરીમાં ઠાકોરજી આગળ આશીર્વાદ દીધો, તે યાદ રાખજો. ૧૦૦ વર્ષના થઈએ પણ આ તિથિ ન ભૂલવી. આશીર્વાદ મળ્યો તે ન ભૂલવો. પછી આપણે સોનાના થવાય.

'નાનો છોડ બકરી ખાઈ જાય, ગાય ખાઈ જાય, ઊંટ ખાઈ જાય... પણ વીઘાવડ થાય પછી હાથી બાંધે તોય ન પડે. જ્ઞાન થાય ત્યારે એવું થાય. માટે અવળો વિચાર ન કરવો.

'શરીર સારું નથી, બોલાતું નથી, શક્તિ નથી, તોય હેત છે એટલે વાત

થાય છે. હેતની વાતો છે. યાદ રાખવી. બાળકપણું ન કરવું. ઠરેલપણું રાખવું. તો દરેકને ગુણ આવે. પવિત્ર છે, નાના સાધુ ! કથા કરવી. રાખ-રખાવટ કરવી. મહારાજને સંભારવા....'

સ્વામીશ્રી જાગ્રતમાં સમાધિ ભાષા બોલતા. આંખો ખુલ્લી હોય, હાથનાં લટકાં કરતાં હોય, દરેક સામું કરુણાસભર જોતાં હોય, પણ એમના મુખમાંથી મહારાજ, સંતનો મહિમા, સાધુતાની રીત... વગેરે અમૃત વચનો અમૃત ઝરણાની જેમ અસ્ખલિત સર્ સર્ સરતાં રહેતાં. જાણે પાન કર્યા જ કરીએ, આસ્વાદ લીધા જ કરીએ. તૃપ્તિ જ ન થાય.

આરતીનો ડંકો પડ્યો ને સૌ અક્ષરધામના સુખમાંથી - દેહાતીત અવસ્થામાંથી બહાર આવ્યા. જો કે સ્વામીશ્રીની એ રમણીય મૂર્તિ તો એ જ પરભાવમાં સામે બિરાજમાન હતી. પણ એ અમૃત પ્રવાહ ચાલુ જ રહ્યો :

'જમવામાં ઘી, મીઠું, સૂંઠ તૈયાર રાખવાં. પૂરી ફૂલેલી કરવી. (આજે રસ-પૂરીની રસોઈ હતી) સત્સંગમાં નભવા સારુ વાત કરી છે.

'નભવું એ પહેલી ઘાંટી.

'કોઈનો અવગુણ ન લેવો, એ બીજી ઘાંટી.

'મિત્રપણું – કોઈનું વાંકું ન બોલવું, ભૂલ માથે લેવી, એ ત્રીજી ઘાંટી.

'મોટેરા ટોકે. આપણે ટોકવા ન જવું. તો વધીએ. અમે અત્યારે સમજાવીએ છીએ, પછી કોણ સમજાવશે ? સમાગમ કરીએ તો બળ રહે. પણ ઘમાઘમ કરીએ તો બળ રહે ? મોટેરા કહે તેમ કરવું. પણ મનગમતું કરીએ તો ન વધીએ. ડહાપણ-ડોળ કરીએ તો ન વધીએ...'

પછી ઠાકોરજીની આરતી કરવા પધાર્યા. શણગારના થાળમાં ઠાકોરજીને શીરો ધરેલ, પણ પાપડ ન હતો, એટલે પાપડ મૂકવા સૂચન કર્યું. બાજુમાં થોડાં ફૂલ એમ ને એમ લૂગડાંમાં વીંટેલાં પડ્યાં હતાં, તે બધાં ગોઠવી દીધાં.

ઠાકોરજીને ગળપણ સાથે થોડું ખારું-ચરચરું હોય તો શીરો વધુ જમાય - એવી લાગણીથી સ્વામીશ્રી મીઠાઈ સાથે ફરસાણ મૂકવાનું અચૂક સૂચન કરતા. પોતે કદી મીઠાઈ, ફરસાણ કે પાપડ જમતા નહિ; પણ ઠાકોરજીને જાણે પ્રત્યક્ષ જમાડતા હોય, એ ભાવનાને લીધે આવાં સૂચનો સહેજે કરતા. હરિભક્તોને પણ પ્રેમથી જમાડવા, રસ સાથે સૂંઠ, મીઠું, ઘી વગેરે ભોજનની રીત પ્રમાણે સૂચવવાનું આજે ચૂક્યા નહિ.

આરતી પછી રસોડામાં કેરી ઘોળાતી હતી ત્યાં ગયા. કેરી જોઈ. કેવી

ઘોળાય છે તે જોયું. 'બરાબર નથી ઘોળાતી, અહીંના બે માણસને રાખો.' એમ કહી ખીમા ભગતને બોલાવ્યા : 'ઠાકોરજીનો રસ જુદો કાઢજો.' વધારે ચોખ્ખાઈથી, સ્વચ્છતાથી રસ નીકળે એ હેતુથી સ્વામીશ્રીએ કહ્યું.

પછી દેરીમાં અમદાવાદના સોમાભાઈ શેઠના ભાણાને બાધા ઊતરાવેલ તે વર્તમાન ધરાવી, પૂજન કર્યું. માથા ઉપર સાથિયો ધીરેથી ખંતપૂર્વક કર્યો. વિધિવિધાન કરવાનો સ્વામીશ્રીને બહુ શોખ. શેઠના જમાઈને વર્તમાન ધરાવ્યાં.

શ્રીજીમહારાજની તિરોધાન તિથિ નિમિત્તે પારાયણનો પ્રારંભ થયો. સ્વામીશ્રીના આસનની બાજુમાં સભામંડપમાં પારાયણની પાટ ગોઠવી હતી. ૯-૧૫ વાગે પૂજન વિધિ બાદ સ્વામીશ્રી વચનામૃત વાંચવા બેઠા.

સ્વામીશ્રી કહે : 'વચનામૃત' અને 'સ્વામીની વાતું'માં બ્રહ્મરૂપ થવા ઉપર અને પુરુષોત્તમમાં જોડાવા ઉપર - એ બે ઉપર વાત છે.' બ્રહ્મરૂપ કેમ થવાય અને પુરુષોત્તમમાં કેમ જોડાવાય ? તે ઉપર 'સ્વામીની વાત' બોલ્યા :

'બ્રહ્મરૂપ થવાનું વચનામૃત વરતાલ-૧૧.

'સર્વોપરીપણાનું વચનામૃત છેલ્લાનું ૩૮. છેલ્લી શીખનું.' સ્વામીશ્રીએ તે જાતે વાચ્યું અને સમજાવ્યું :

'ભગવાન સદા વિરાજમાન છે. પરોક્ષ ન માનતા. તમારા ઈષ્ટદેવ છે. કો'કના નહિ. સભામાં બેઠા છે તેના. સિંહાવલોકી શબ્દો ! સિંહ આગળ જાય ને પાછળ જોતો જાય. આ સમજણની વાત થઈ.

'પછી શ્રીજીમહારાજે વિચાર્યું, હવે હરખા નહિ હાલે. એટલે આજ્ઞાની વાત કરી.

'લોભ શું ? છોકરાને અમેરિકા મોકલે, પણ સાધુને દેવું હોય તો ના પાડે. ક્યાંય પણ ન્યાય-નીતિથી દાન ન કરે તે લોભ. પોતાને અર્થે મોટર વાપરે, પણ સાધુને અર્થે નહિ.'

પછી 'સ્વામીની વાતું' વંચાવી. 'ભક્તચિંતામણિ' પાઠ કરાવ્યો. અંબાલાલભાઈ પાસે પ્રવચન કરાવ્યું અને આશીર્વાદ આપ્યા. બપોરે હરિભાઈ કોટકની રસ-પૂરીની રસોઈ હતી. ૫૦૦ હરિભક્તોએ પ્રસાદ લીધો.

જોગીડાના જાદુ

આ વખતે હર્ષદભાઈ દવે સાથે તેમનો પુત્ર વાસુદેવ વૅકેશનમાં ગોંડલ સ્વામીશ્રીનાં દર્શન-સમાગમ માટે આવેલો. સ્વામીશ્રીને યુવકોને નિર્જળા ઉપવાસ

કરાવવાનો બહુ આગ્રહ; પણ વાસુદેવ એકાદશી પણ ફરાળ લઈને કરતો. એવામાં સુદ નોમની સવારે વાસુદેવ સ્વામીશ્રીનાં દર્શને ગયો. ત્યારે સ્વામીશ્રી આરતી કરીને ખુરશીમાં નીચે આવતા હતા. વાસુદેવને જોતાં જ નજીક બોલાવીને સ્વામીશ્રી કહે : 'આજે નોમ છે, તો તમે નિર્જળા અપવાસ કરજો.'

'પણ બાપા ! મેં સવારમાં ચા પીધી છે.'

સ્વામીશ્રી કહે : 'વાંધો નહીં, હવે કાંઈ ન લેશો.' એમ કહી આશીર્વાદનો ધબ્બો માર્યો.

સખત ગરમીના આ દિવસો હતા. વાસુદેવે મહાયત્ને દિવસ પસાર કર્યો, પણ રાત્રે ઊંઘ કેમ આવે ? તેણે મનમાં નક્કી કર્યું કે 'પરમ દિવસે એકાદશી આવે છે, તો સ્વામીશ્રીને ચોખ્ખું કહી દેવું કે હું ફરાળી એકાદશી કરીશ, પરંતુ નિર્જળા ઉપવાસ નહીં થાય !' તે રાત્રે ૧૨-૦૦ વાગે પારણાં કરીને સૂઈ ગયો.

બીજે દિવસે સ્નાન-પૂજા બાદ અલ્પાહાર કરીને તે દર્શને ગયો. ભીડ બહુ હતી તેથી સ્વામીશ્રીને મળ્યા વિના જતો રહ્યો.

બપોરે ૧૨-૦૦ વાગતાં સ્વામીશ્રી ભોજનશાળામાં પધાર્યા. અહીં સૌને પીરસાવીને સામે ખુરશી નાખી સ્વામીશ્રી બેસતા. આ નિત્યક્રમ જેવું હતું. ક્યારેક પોતે પંગતમાં પીરસે પણ ખરા. પહેલી પંગત પછી સ્વામીશ્રી જમવા માટે જતા.

અચાનક જ સ્વામીશ્રીએ વાસુદેવને જોયો અને તુરત જ પોતાની પાસે બોલાવીને તેના ગળે હાથ ફેરવીને કહેવા લાગ્યા : 'ક્યાં ગયા હતા ? મેં સવારે તમારી બહુ વાટ જોઈ. તમને પ્રસાદી આપવી હતી. લીંબુનું પાણી પીધું ?'

'હા, બાપા !'

'તમારે અમારાથી છેટું ન રહેવું. તમે પાસે હો તો અમને બહુ કેફ રહે.' સ્વામીશ્રી હેતથી બોલી રહ્યા હતા.

'નાના છો પણ કેવા ઉપવાસી ! ગઈકાલનો ઉપવાસ કેવો લાગ્યો ?' સ્વામીશ્રીએ એકદમ જ પૂછ્યું.

તેથી વાસુદેવથી સાહજિક બોલાઈ ગયું : 'ઉપવાસ સારો ગયો.'

'પારણાં ક્યારે કર્યાં ?'

'બાપા ! રાત્રે ૧૨-૦૦ વાગે પારણાં કરીને સૂઈ ગયો હતો.'

'રાત્રે ૧૨-૦૦ વાગે પારણાં ન કરાય.' સ્વામીશ્રીએ હેતથી સમજૂતી આપી : 'વહેલી સવારે ૩-૦૦ વાગે નાહી-ધોઈ, પૂજા કરીને પારણાં કરાય.'

વાસુદેવ તરત જ બોલી ઊઠ્યો : 'ભલે બાપા ! હવે તેમ કરીશ !'

સ્વામીશ્રીએ પણ તરત જ આશીર્વાદનો ધબ્બો આપી દીધો. કહે : 'કાલે એકાદશી છે, તો નિર્જળા કરજો !'

વાસુદેવ એ રુચિમાં ભળી ગયો. સ્વામીશ્રીએ આશીર્વાદનો બીજો ધબ્બો આપતાં કહ્યું : 'હવે તમે જમી લો.'

આટલો બધો વાર્તાલાપ સ્વામીશ્રી સાથે થયો. તેમાં તેને ખબર ન રહી કે મારે સ્વામીશ્રીને શું કહેવાનું હતું અને શું કહી બેઠો ! સ્વામીશ્રીએ તેનાં ઇન્દ્રિય-અંતઃકરણને વશ કરી, નિર્જળા ઉપવાસની હા પડાવી લીધી !

સ્વામીશ્રી જીવને અધ્યાત્મનો ઢાળ પાડવા અને તે માર્ગે સહભાગી કરવા એવી કળા અપનાવતા કે તે અલૌકિકતાથી ભાવિક સહજ નમી પડતો અને એમના પ્રેમાળ વશીકરણમાં આવી જતો.

અલૌકિક ઓલિયાની અલક-મલક

સાંજે ૬-૨૦ વાગે સ્વામીશ્રી ગૌશાળાએ ગયા. ત્યાંથી વાસુદેવ સ્વામીને ઓટે પધાર્યા. પછી શાસ્ત્રીજી મહારાજના પ્રસાદીના લીંબડે આવ્યા. તેને પ્રદક્ષિણા કરી, સભા ભરી. કૂવા ઉપર એંજિન ચલાવી, કેટલું પાણી નીકળે છે તે જોયું. પોતે સભા ભરી ધૂન કરાવી. કલકત્તા-બનારસના વિચરણની વાતો કરાવી. હાઈવે ઉપર દરવાજાથી બહાર નીકળી, મોટરમાં બેસી, મંદિરે આવ્યા.

આ બધી ચેષ્ટામાં સ્વામીશ્રી એટલા તો નિર્દોષ લાગે કે ન પૂછો વાત. મોટરમાં પણ બેઠાં બેઠાં ધોળી દાઢી ઉપર હાથ ફેરવે, માળા ફેરવે, ઉછાળે. વધુ સમય હોય તો અવશ્ય વાતું-કીર્તનો બોલાવે. ઊઠતાં-બેસતાં, બોલતાં-ચાલતાં, દરેક ક્રિયામાં સાહજિક નિર્દોષતા. એમનામાં રહીને કોઈ બીજું કાર્ય કરતું હોય એવું જણાય. પોતે માત્ર ખોળિયું, ને છતાં કોઈ પ્રતિભાસંપન્ન, નિર્ભય પુરુષ હરતો-ફરતો જણાય. મુખારવિંદ ઉપર દિવ્યતા છવાયેલી જણાય. જેનો અનુભવ નાના-મોટા સૌને થાય.

રાત્રે ૯-૩૦ વાગે સભામાં પધાર્યા. ધૂન કરાવી. પછી ભગતજી મહારાજનું જીવન ચરિત્ર વંચાતું હતું. સ્વામીશ્રી કહે : 'ભગતજી મહારાજ જેવા નિર્માની વર્તવું. કોઈ ધુંબા મારે તો બે સામા વળગાડવા ? ખમવું. તો વાંચ્યું પરમાણ કહેવાય.' એમ કહી, અમદાવાદમાં ત્રણ દિવસ મંદિર બહાર રહી ખીચડી ખાધી, એ પ્રસંગ પછી વાત કરી કે

'આવી સહનશક્તિ હિન્દુસ્તાનમાં કોને હોય ?

'શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણ સ્વામીને કેટલી સહનશક્તિ ! સાધુતા. 'મહાજન ગતસ્ય પન્થા' (મહાજનો યેન ગતઃ સ પન્થાઃ). તે રીતે ચાલીએ તો સુખી થઈએ કે દુઃખી ? તે માર્ગે સંતો-હરિભક્તોએ ચાલવું.'

વાતેવાતે શાસ્ત્રીજી મહારાજને સંભારવાની ટેવ. ગુરુ-ભક્તિની અસીમતા ! વચ્ચે તૂટ્યાં-ફૂટ્યાં સંસ્કૃત સુભાષિતો. હળવા વ્યંગ પ્રશ્નો પૂછી, વાત ઉપર ભાર મૂકવાની રીત. તેના સચોટ જવાબો આપી, વાતને વધુ યાદગાર બનાવવાની ટેવ. વચ્ચે હળવા રમૂજી વાર્તાલાપો, આડ વાર્તા... આવી અનેક રીતે વાત કરવાની કોઈ અજબ કળાથી સ્વામીશ્રી શ્રોતાઓને ગજબ પકડી રાખતા. એમના તાળીના પડકારા, ગળાના ખોંખારા, ખડખડાટ હાસ્યમુદ્રા - વાતના પ્રસંગો સભાને ખડખડતી હસતી રાખતાં. કોઈ બગાસું સુદ્ધાં ખાઈ ન શકે !

કોઈ નીરસ શ્રોતાને બગાસું આવે તો પકડે, ઝોલું આવે તો ઊભો કરે : 'એ બગાસું આવ્યું ! એ ઝોલું આવ્યું !' મોઢું ખૂલ્યું નથી, આંખ મીંચાણી નથી ને એમનો પડકાર થાય. એટલે સૌ સાવધાન થઈ જાય.

આમ, વાતનો દોર પકડી રાખી, વિવિધ રસથી સભાજનોને તરબોળ કરી, સૌને મંત્રમુગ્ધ કરવાનું સ્વામીશ્રીમાં અજબ વાણીચાતુર્ય હતું.

આગળ વાત કરતાં કહે : 'ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, સરભરા ખાતાના ગુણ શીખવા. તો સ્વામી રાજી થાય. સરભરા ખાતું વિશેષ. તે મોળું પડે તો સત્સંગ મોળો પડી જાય. સરભરાથી દરેકને ગુણ આવે.

'ગુણ ન શીખીએ તો અક્ષરધામમાં પેસવા ન દે. ઠેલો મારે (અટકાવે). ત્યારે કહે : 'હું સાધુ છું.' 'સાધુ તારા ઘરનો ! ગુણ ક્યાં શીખ્યા છો ?' એમ પૂછશે.

'ભગતજી મહારાજ આગળ તેમના એક શિષ્ય બોલ્યા : 'વડતાલના સાધુ તગડિયા જેવા છે. ખાઈને પડ્યા રહે છે.' તે સભામાંથી કાઢી મૂક્યા. વડતાલ મોકલી સાધુની માફી મંગાવી. તે ડોસાએ અમને વાત કરી હતી.'

અંબાલાલભાઈએ પૂછ્યું : 'અમે બોલીએ કે સાધુ જાકીટ પહેરે છે... વગેરે બોલીએ છીએ તે !'

સ્વામીશ્રી કહે : 'નો બોલવું. મંદિરે દર્શન કરવાં. આપણે આપણી દાઢી ઓલવવી.'

'તુલસી જા કે મુખન સે...' એમ ગુણ લેવો, પણ અવગુણ ન લેવો. મહારાજે જે વાણી વાપરી છે તે વાપરવી.'

રામચરણ સ્વામી કથા વાંચવા બેઠા. સ્વામીશ્રી અને ચાર સંતોએ પૂજન કરી આરતી ઉતારી.

પારાયણની પૂર્ણાહુતિ થઈ એટલે કહે : ‘જેણે સવારે ભેટ લખાવી હોય તે અત્યારે ન લખાવે.’ જાહેરમાં જ સૂચના આપી.

અમદાવાદના અંબાલાલભાઈ ભગત સત્સંગના ખૂબ મમત્વવાળા અને સ્વામીશ્રીની રુચિને સમજનારા. તે તુરત બોલ્યા : ‘આ તો ભગતજી મહારાજનો ગ્રંથ. અમારામાં નિર્માનીપણું આવે, માટે સેવા કરવી હોય તે બધાય કરે. સવારે કરી હોય તે પણ કરે.’

સ્વામીશ્રી કહે : ‘ભલે ! તમે કહો છો તેમ કરે. અમારી ના નથી. કોઈ સેવા દેવા આવે તો ના કહીએ, પછી કહે : ‘લો, લો.’ ને આપણે ના પાડીએ, પછી લઈએ એટલે ગુણ આવે. માટે ઠાકોરજી બેઠા છે, તે જેને સેવા કરવી હોય તે કરો.’

માનવ મનની નિર્બળતાને છતી કરતી આવી વાતો જાહેરમાં કરતાં સ્વામીશ્રી સંકોચાતા નહિ. એમાં કોઈ કપટ નહોતું. નિખાલસતા હતી. સેવા તો ઠાકોરજીની થતી હતી. રખે કોઈને અવગુણ આવે ! મનુષ્યભાવ આવે ! એ જ સમજવાનું હતું.

માવતર

આ વખતે કલકત્તાથી જયંતીલાલ વોરા એમના નાનકડા પુત્ર કિરીટને ગોંડલ ગુરુકુળમાં દાખલ કરવા આવ્યા. દસ-અગિયાર વર્ષનો કિરીટ મા-બાપથી છૂટો પડ્યો ન હતો. તેથી અહીં એકલો રહેવા તે તૈયાર થતો ન હતો. એના બાપુજી એને સ્વામીશ્રી પાસે લઈ આવ્યા.

સ્વામીશ્રીએ ખૂબ વહાલથી એને રહેવા સમજાવ્યો : ‘રોજ મને મળવા આવવું, કાંઈ જોઈતું હોય તો મને કહેવું...’ વગેરે શબ્દોથી આશ્વાસન મળતાં કિરીટ રહેવા માટે તૈયાર થયો.

એના પિતાજી તો પછી ચાલ્યા ગયા, પણ સ્વામીશ્રીએ કિરીટને બીજે દિવસે સંધ્યા આરતી વખતે બોલાવ્યો. તેને માથે હાથ ફેરવતાં આશીર્વાદ આપ્યા અને પ્રસાદીનો મગજનો લાડુ આપ્યો. બીજે દિવસે પણ તે જ સમયે આવવા આજ્ઞા કરી. પછી તો કિરીટનો એ નિત્યનો ક્રમ બની ગયો. રોજ સંધ્યા આરતી પછી સ્વામીશ્રી તેને હેતથી બોલાવીને લાડુ આપતા.

એ જ અરસામાં, ધર્મજના ઈશ્વરભાઈના પુત્ર ભરતભાઈ પણ ગુરુકુળમાં

દાખલ થયા હતા. સ્વામીશ્રી એને પણ રોજ બોલાવતા અને પ્રસાદી આપતા.

કિરીટ હંમેશાં ગરમ કોટ પહેરતો. એક દિવસ તેણે કોટ પહેર્યો નહોતો અને તે સ્વામીશ્રીના ઓરડામાં નિયમ પ્રમાણે આવ્યો. પગે લાગ્યો. સ્વામીશ્રીએ એને પ્રસાદી આપી.

થોડી વાર તેના સામું જોઈને કહે : 'કાળો કોટ આજે નથી પહેર્યો ? ઠંડીમાં પહેરવો, ઠંડી ન લાગે. કાલે પહેરી લાવજે.'

સ્વામીશ્રીનું આવું સૂક્ષ્મ અવલોકન અને તે બાળક પ્રત્યેની મમતાભરી રીતથી અમને સૌને આશ્ચર્ય થયું કે કદાચ એ બાળકનાં મા-બાપ પણ એની આટલી ખબર ન રાખી શકે.

વળી, આ જ અરસામાં ડર્બનથી કેટલાક હરિભક્તો આવેલા. તેમાં બે નાના બાળકો હતા. વિજય અને દેવેશ. પરદેશથી આવેલા આ બાળકો પહેલાં તો સ્વામીશ્રી પાસે આવતાં જરા ખચકાતા; પણ રોજ સવારે પૂજા પછી સ્વામીશ્રી તેમને પેંડાની પ્રસાદી આપે, તેથી આ બાળકો હેવાયા થઈ ગયા. તેમાં પણ નાનકડો દેવેશ જે વધારે ગભરાતો હતો, તે તો સ્વામીશ્રીની પાસે જ રહેવા લાગ્યો. ક્યારેક સ્વામીશ્રી તેમને પૂછતા કે 'તમને અહીં ગમે છે ?' ત્યારે બંને બાળકો હસીને હા પાડતા. સ્વામીશ્રીની હૂંફમાં કોને ન ગમે !

સવારમાં જ્યારે સ્વામીશ્રી પૂજા કરતા હોય, ત્યારે તો નાના બાળકો જ એમની આસપાસ ગોઠવાઈ જાય. હરિભક્તોને તો દૂર બેસવું પડતું. કોઈ સ્વામીશ્રીને ફૂલ આપે, તો કોઈ દીવો પ્રગટાવે, કોઈ પાથરણું સરખું કરે, તો કોઈ કીર્તન ગાય... આ પણ એક અલૌકિક દૃશ્ય હતું.

તેમાં પણ આણંદના રાવજીભાઈના નાના દીકરા યોગેશને સ્વામીશ્રી હંમેશાં 'શેઠ' કહીને જ બોલાવતા અને ઘણી વાર પોતે જમતા હોય ત્યારે બીજા હરિભક્તની સાથે પાટલા ઉપર તેને બેસાડતા અને પોતાની પ્રસાદી પણ આપતા.

બાળસનેહી

અમદાવાદના ભોગીભાઈ ચોકસીના શેઠ ઇન્દ્રજિતભાઈ સ્વામીશ્રીના પ્રસંગમાં આવ્યા. તેઓ ઘણા ભાવિક, તેથી અવારનવાર સ્વામીશ્રીનાં દર્શને આવતા. તેમનો દીકરો સંજય પણ ભેગો જ હોય. અમદાવાદમાં આવેલા તેમના ભવ્ય નિવાસમાં સ્વામીશ્રી પધરામણીએ પણ પધાર્યા હતા.

આ અરસામાં સંજય તેમનાં માતુશ્રી સાથે ગોંડલ ખાસ સ્વામીશ્રીનાં

દર્શને આવ્યો. સાંજનો સમય હતો. સ્વામીશ્રીએ તેને પાસે બોલાવીને ખૂબ આશીર્વાદ આપ્યા અને હેત કર્યું. સ્વામીશ્રી એની સાથે બાળક જ બની ગયા અને કહેવા લાગ્યા :

'તમે કાલે રોકાવ ને જમીને જાવ.'

'ના, અમારે સવારે જવું છે.' સંજયે કહ્યું.

'પછી તમારે અમને તમારે ઘેર લઈ જવા છે કે નહિ, અમદાવાદમાં ?' સ્વામીશ્રીએ એવા તો વહાલથી પૂછ્યું કે સંજય શરમાઈ ગયો.

'હા.' સંજયે હસતાં હસતાં કહ્યું.

એટલે સ્વામીશ્રીએ તેને ફરીથી આગ્રહ કર્યો કે : 'તમે અહીં રોકાવ. સવારે જમીને જજો, વહેલા જમાડી દઈશું.'

'પછી તડકો લાગે ને !' સંજયે ચિંતા વ્યક્ત કરી.

ઘડીના પણ વિલંબ વગર સ્વામીશ્રીએ પોતાના બે હાથની હથેળી ભેગી રાખી, વાદળાંની મુદ્રા બતાવતાં કહ્યું કે 'અમે છે ને તમારી ઉપર આમ વાદળાં મૂકી દેશું, એટલે તમને તડકો નહિ લાગે.'

અને સંજયને પણ સ્વામીશ્રીના વચનમાં વિશ્વાસ આવી ગયો. તેણે તરત માની લીધું ને રોકાઈ જવા કબૂલ કર્યું. સ્વામીશ્રી બહુ રાજી થયા અને તેને ખૂબ આશીર્વાદ આપ્યા.

આ વાર્તાલાપ એટલો તો નિર્દોષ, બાલસહજ અને અદ્‌ભુત હતો કે બે નાના બાળકો પોતાની બાળભાષામાં ગોઠડી ન કરતાં હોય !

બન્યું પણ એવું જ. બીજે દિવસે સ્વામીશ્રીએ તેમને વહેલા જમાડી વિદાય કર્યા અને આકાશ પણ તે દિવસે વાદળાંથી આચ્છાદિત જ રહ્યું. જાણે એ સ્વામીશ્રીના બે હાથ આકાશમાં રહ્યા એને છાંયો આપતા હતા !

સવારે શણગાર આરતીમાં પણ સ્વામીશ્રીએ સંજયને મંદિરમાં બધે પોતાની સાથે ફેરવ્યો. બધી જ મૂર્તિઓની ઓળખાણ કરાવી, દર્શન કરાવ્યાં. સ્વામીશ્રીએ સંજયને એટલાં તો લાડ લડાવ્યાં કે કદાચ એનાં મા-બાપે એને આવો નિર્વ્યાજ પ્રેમ નહિ આપ્યો હોય !

જીવદયા

અક્ષર મંદિરમાં આધુનિક અને મોટી ગૌશાળા હોવાથી ડૉ. ચંદ્રકાંત પંડ્યાને પશુચિકિત્સક અધિકારી તરીકે વારંવાર મંદિરની મુલાકાતે આવવાનું

થતું. ગૌશાળાની વ્યવસ્થા સંભાળતા ભક્તિકિશોર સ્વામી તેમને જરૂર પડ્યે અચૂક બોલાવતા.

આ અરસામાં ગૌશાળાની એક સુંદર બળદની જોડીમાંથી એક બળદને શિંગડામાં તકલીફ થઈ. તેથી ડૉ. ચંદ્રકાંત પંડ્યાને સારવાર માટે બોલાવ્યા. તેમણે તપાસ કરી જણાવ્યું કે : 'બળદને કંજબોઈ (Horn Cancare) થઈ છે. શિંગડાનું ઑપરેશન કરવામાં આવે તો મટી શકે.'

પણ ભક્તિકિશોર સ્વામી કોઈ નિર્ણય ન લેતાં ડૉ. પંડ્યાને લઈને સ્વામીશ્રી પાસે આવ્યા. વિગત જાણી ત્યારે સ્વામીશ્રીએ સહજ જ કહ્યું કે 'ઑપરેશન કરાવવું નથી. બળદને અક્ષર દેરીનું ચરણામૃત પાજો.'

ડૉ. પંડ્યા તો વિચારમાં પડી ગયા અને ભક્તિકિશોર સ્વામીને સ્પષ્ટ કહ્યું કે 'જો બળદનું ઑપરેશન નહીં કરવામાં આવે, તો રોગ વધી જશે અને કદાચ તે જીવલેણ પણ નીવડે.'

પરંતુ ભક્તિકિશોર સ્વામીને તો વચનમાં વિશ્વાસ. તેથી સ્વામીશ્રીએ કહ્યું હતું તેમ કર્યું અને આશ્ચર્યજનક રીતે બળદ તદ્દન સાજો-સારો થઈ ગયો ! ડૉક્ટર આ જાણી ખૂબ જ વિસ્મિત થઈ ગયા !

વિજ્ઞાનથી ન સમજી શકાય તેવી પરાશક્તિથી સંતો અને સિદ્ધપુરુષો આવાં કાર્ય કરી શકતા હોય છે. એમના પ્રત્યે દિવ્યભાવ વિના એ દિવ્ય શક્તિનો સાક્ષાત્કાર બહુ દુર્લભ બને છે.

સત્સંગનો પર્યાય આત્મબુદ્ધિ

ભીમ એકાદશીએ સવારે *'પ્રાતઃ સ્મરામિ...'* *'જલધર સુંદર...'* બે અષ્ટકોનું ગાન સંતોએ કર્યું. બાળમુકુંદ સ્વામી પાંચ વાત બોલ્યા. છેલ્લી વાત બોલ્યા : 'ત્યાગ-વૈરાગ્યને શું કરવા છે. આત્મબુદ્ધિ એ જ સત્સંગ.'

સ્વામીશ્રીએ તરત જ વાત ઉપાડી :

'આત્મબુદ્ધિ નિત્ય વાંચીએ છીએ, પણ ટાણે રહે ત્યારે ખરું. ગ.મ. ૫૪ વચનામૃત પ્રમાણે. મૂળુભાઈએ દીકરાનો હાથ કચરાણો ત્યારે ચીસ પાડી. એવી આત્મબુદ્ધિ રાજાભાઈને હતી.

'જ્યાં સુધી ભગવાનના ભક્તને જોઈને મન હરખે નહિ, હૃદય પ્રફુલ્લિત ન થાય, ત્યાં સુધી ક્યાં આત્મબુદ્ધિ છે ? શુષ્કભાવ હોય ને મૂર્તિ દેખે તોય શું ?

'કોઈ જૂનાગઢ આવે ત્યારે મોટા નંદ સાધુ પણ રોકે ને કહે : 'ત્યાં શું છે !

ત્યાં તો કાળમીંઢ પાણો છે.' ભગવાનના ભક્તને દુઃખ થતું હોય તો સહાય કરે. દીકરાનો પક્ષ રાખે છે, તેમ ભગવાનના ભક્તની સેવા કરે. એવો ભીડો ખમે...

'ભગવાન ને સંત ક્યારે રાજી થાય ? અનુવૃત્તિ.

'મારી ઉપર સ્વામીનો કાગળ આવ્યો હોય ને જમતો હોઉં તો પહેલી ગાડી પકડી લઉં; બીજી નહિ. ત્યારે શાસ્ત્રીજી મહારાજ રાજી થયા. દૃષ્ટિ પડી ગઈ. અમે ત્રણેય – સ્વામી, નિર્ગુણ સ્વામી ને હું સાથે ફરતા. સ્વામીને રાજી કર્યા તો અંતરમાં ટાઢું. ભલેને દેહમાં તાવ હોય, તોય શું ?

'આજે મોટા મોટા સદ્‌ગુરુ જૂનાગઢ જાતા. જૂનાગઢનો મોટો સમૈયો. બાલમુકુંદ સ્વામી ગાદી-તકિયે બેઠા હોય. ૫૦૦ સંતો બેસે. ૬ વાગે મંગળા. પછી કથા શરૂ થઈ જાય. શ્રીજીમહારાજે બાંધેલો સમૈયો. સદ્‌ગુરુઓ આખો મહિનો રોકાય. નોમ કે દશમે બધા સંતો-હરિભક્તો આવી જાય. જાગા સ્વામી ને ભગતજી મહારાજ પણ હાજર હોય. વચનામૃત, વાતું, કીર્તનની ઝડી બોલાવે. ઘુંમટમાં ઘોષ થાય. સત્યુગ વર્તે. 'ન ભૂતો ન ભવિષ્યતિ.' આજે આપણે સમૈયો અહીં કર્યો. મહારાજનો સમૈયો કાલે કર્યો. આજે મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીનો સમૈયો.'

સવારે ૮-૦૦ વાગે કથામાં સ્વામીશ્રી કહે : 'ઠાકોરજીને આપણે લાડ લડાવીએ, તો તે આપણને લડાવે.

'લાડ શું ? સાજા-નરવા રાખે. સત્સંગમાં રાખે. અક્ષર દેરી જેવું સ્થાન બ્રહ્માંડમાં ન મળે. પ્રદક્ષિણા દેવી, કુંડમાં નહાવું.'

એવામાં હરિપ્રકાશ સ્વામીને બગાસું આવ્યું. સ્વામીશ્રી કહે : 'આજે બગાસાં ન આવવાં જોઈએ. આજે કાંટો ચડવો જોઈએ. જૂનાગઢની એકાદશી - *'આજ પ્રગટ્યા પૂરણ બ્રહ્મ રે, સ્વામી સુખકારી...'*

આરતી પછી પ્રદક્ષિણા કરતાં, હનુમાનજી તથા ગણપતિજીની દેરી આગળથી ઠાકોરજીનાં દૂરથી દર્શન કર્યાં. સાથેના સહુને ત્યાંથી દર્શન કરવા કહ્યું. દર્શન કરી બહુ રાજી થયા.

ઘણી વાર આવી બાળક સમાન ચેષ્ટા સ્વામીશ્રી બતાવતા. એમાં પણ એમને તો અલૌકિકભાવ જ ઊભરાતો હોય. લૌકિક ભાન જ નહિ. એમની ભગવન્મય દૃષ્ટિ છાની રહી શકતી નહિ.

આજે ૫૧ યુવકોને નિર્જળા ઉપવાસ કરવા આજ્ઞા કરી.

સાંજે ૫-૦૦ વાગે સ્વામીશ્રી ઘઉં વીણવા બેઠા. ૬-૪૫ વાગે કોઠારી

હરિજીવન સ્વામીને મળીને બગીચામાં સભા ભરી. ત્યાં સિમેન્ટના બાંકડા ઉપર ગોદડાં ગોઠવી સ્વામીશ્રીનું આસન બનાવ્યું હતું.

સદ્ગુરુ રુગનાથચરણ સ્વામી લિખિત 'હરિચરિત્ર-ચિંતામણિ' ગ્રંથનું વાચન કરાવ્યું. સ્વામીશ્રી કહે : 'અમે ને નિર્ગુણ સ્વામી રુગનાથ સ્વામીનાં દર્શન કરવા ગયા હતા. અપમાન કર્યું.' એમ સ્મૃતિ કરી.

રાત્રે ૯-૩૦ વાગે સભામાં વિનોદ જોશીએ બે ભજન ગાયાં. આશીર્વાદ આપતાં સ્વામીશ્રી કહે : 'કીર્તન બીજે ગાય, પણ ભગવાનના સંબંધમાં ગાય તે કલ્યાણ થયું લેખે લાગ્યું. બીજે ઈનામ મળે. રેડિયોમાં પૈસા સરકાર આપે. પણ આ લાભ જુદો.'

'ઘનશ્યામ' હૃદયે મૂર્તિ યોગીની સ્થિર છે

અહીં ગઈકાલે રાતે સ્વામીશ્રીના સાંનિધ્યમાં રેડિયો આર્ટિસ્ટ અલીભાઈ તથા વલીભાઈનાં ભજનોનો કાર્યક્રમ હતો. સ્વામીશ્રીએ પૂછ્યું હતું : 'આપણા ઘનશ્યામભાઈ ગવૈયા ક્યાં છે ? તેમને બોલાવો. ભજન સાંભળીએ.'

તેમના મિત્ર જીલુભા આ ભજન મંડળીમાં હતા. તેમણે કહ્યું : 'બાપા ! તેઓ હાલ કચ્છમાં છે.'

સ્વામીશ્રી બોલ્યા : 'આવતીકાલે એકાદશી આવે છે. તે ભજનો ગાય તો સારું.'

જીલુભા કહે : 'બાપા ! એ તો શક્ય નથી. આપ ગોંડલ છો એ તેમને ખબર નથી.'

સ્વામીશ્રી કહે : 'તે આવે તો સારું.'

પરંતુ આજે એકાદશીએ ૪-૦૦ વાગે તો ઘનશ્યામભાઈ ગોંડલ આવી ગયા હતા ! જીલુભાને અત્યંત આશ્ચર્ય થયું. ઘનશ્યામભાઈ પાસે જઈને તેમણે કહ્યું : 'સ્વામીબાપાએ તમને ગઈકાલે બહુ યાદ કર્યા.'

ઘનશ્યામભાઈએ જવાબ આપતાં કહ્યું : 'મને પણ કોઈ બોલાવતું હોય - ખેંચતું હોય, તેમ અંતરાત્મામાં લાગતું હતું !'

રાત્રિસભામાં ઘનશ્યામભાઈ આવ્યા. સ્વામીશ્રી તેમને જોઈને અત્યંત રાજી થઈ ગયા અને બોલ્યા : 'અમે તમને યાદ કરતા હતા.'

'બાપા ! હું તો કચ્છમાં હતો. ત્યાંથી કેવી રીતે આવી શકું ? પરંતુ આપે જ ખેંચ્યો છે !' ઘનશ્યામભાઈ આનંદિત થતાં બોલી ઊઠ્યા.

એ પછી તેમણે કીર્તનોની રસલહાણ કરી. પ્રગટનાં કીર્તનોથી સભાજનો પણ દિવ્ય આનંદમાં ગરકાવ બની ગયા. સ્વામીશ્રી પણ તેમના પર અત્યંત પ્રસન્ન થયા. અંતરના ભક્તિભાવથી સ્વામીશ્રીના મહિમાગાનનું એક કીર્તન તેમણે રચી દીધું. હૈયાના આર્દ્રભાવને શબ્દસ્થ કરીને, દર્દને ઘૂંટી ઘૂંટી દીનભાવે પ્રાર્થનામાં મગ્ન બનતો આ અલગારી કવિ ઘનશ્યામ, ભક્તોનાં હૃદયને સ્વામીશ્રીનાં ચરણે આંસુ બનાવીને વહાવી દેતો.

સ્વામીશ્રી પણ તેમણે રચેલા આ પદને સાંભળતાં ઓઠીંગણ છોડીને ખસતાં ખસતાં આસનની ધાર ઉપર આવી ગયા. શબ્દોમાં ઘૂંટાયેલી આરઝૂનો હાર્દ સ્વીકારવામાં લીન બની ગયા.

સૌનાં હૃદયમાં ફરી ફરીને કીર્તન ગુંજ્યા કરતું હતું :

યોગીજી આંખડી તમારી, આ જમુનાના નીર છે,
જો જો જરા નજર કરી, આ ઈજા ગંભીર છે..
જાણો છો દિલના દર્દને, શું મુખથી કહું;
કૃપાનિધાન કરશો કૃપા, આ દિલને ધીર છે....૧
મથી મથીને માંડ હું, પહોંચ્યો છું તમ કને;
સ્વીકારો સોંપ્યું આપને આ મન-શરીર છે....૨
આ બેસહારા બાળનો, છો આપ આશરો;
માગે તે આપવાની, તમારી તાસીર છે....૩
દુર્ગુણની વણઝારને, હવે તો દૂર કરો;
પાપોની પીડને હરો, મનડું અધીર છે....૪
ઈચ્છા બધી મટાડીને, આશા પૂરી કરો;
'ઘનશ્યામ' હૃદયે મૂર્તિ, યોગીજીની સ્થિર છે....૫

કીર્તન પૂરું થતાં જ ઘનશ્યામની આંખો વહેવા લાગી. સ્વામીશ્રીનાં નેત્રો પ્રેમપ્રવાહથી કરુણા નિતારી રહ્યાં હતાં. ભાવિક ભક્તોનાં અંતસ્તલ આ વાતાવરણથી ભીંજાઈ ગયાં. બ્રહ્મના આહ્‌લાદનો સૌને અનુભવ થયો. સ્વામીશ્રીએ તેમને ખૂબ ધબ્બા આપ્યા. હાર પહેરાવી, પ્રસાદ આપી, ખૂબ પ્રસન્નતા બતાવી.

રાત્રે ૧૦-૩૦ વાગે આરામ માટે પધાર્યા, પણ દિશાએ જવાનું થયું એટલે ૧૧-૧૫ વાગે આરામમા ગયા.

નાહીને આવ્યા ત્યારે લાઈટો ચાલુ હતી. યોગેશ્વર સ્વામીને કહે :

'આટલી લાઇટ ચાલુ ન રાખવી. આઠ આઠ આના કરી, પધરામણી કરી અહીં મોકલીએ, તે લાઇટવાળા લઈ જાય.'

તા. ૮મીએ સવારે ૫-૧૫ વાગે *'ધ્યાન ધર'*નું એક પ્રભાતી પદ સંતો બોલ્યા. *'આદૌ પ્રેમવતી...' 'વદનતર્જિત...'* અષ્ટકો બોલ્યા.

સામાન્ય રીતે ૮ શ્લોકો બોલીએ. કોઈ વખત ૧૬ શ્લોકો થાય. સ્વામીશ્રી આગ્રહ કરે : 'આખું અષ્ટક પૂરું કરો. તમને એમ કે હમણાં બંધ કરે, બંધ કરે, પણ વધુ સ્વાદ આવે તો શાક વધુ ખવાય. એમ મહારાજની મૂર્તિનો સ્વાદ આવે તો વધુ સંભળાય. દર્શન થાય.

'ભગવાનની વાણી મધુર, પ્રિય લાગે. 'વધુ બોલે તો સારું, વધુ બોલે તો સારું,' એમ રહ્યા કરે. ભગવાનની મૂર્તિમાં જોડાઈ જાય પછી બીજો સંકલ્પ જ ન ઊઠે.'

આમ, વહેલી સવારે મંગળ પ્રવચનના પ્રારંભમાં પ્રભાતિયાં, અષ્ટકો ઉચ્ચ સ્વરે રાગ-ઢાળથી બોલાય, ઉદ્‌ઘોષ થાય, એ સ્વામીશ્રીને બહુ જ પસંદ. જોરથી તાળી વગાડતા જાય. જાણે પરોઢના અંધકારની સાથે ભક્તોના અજ્ઞાન-અંધારાને દૂર કરતા ન હોય ! એમના જ શબ્દોમાં કહીએ તો મૂર્તિનું 'ચહ ચહ સુખ' લેતા હોય, તેમ મૂર્તિમાં ઓતપ્રોત જણાય.

કોઈને એમ થાય કે 'એમને સંસ્કૃત તો આવડતું નથી, તો સંસ્કૃત અષ્ટકોમાં એમને શું સમજ પડતી હશે ? શું સુખ આવતું હશે ?' પણ એમને મૂર્તિનું સુખ આવતું હતું. કારણ, પોતે જ મૂર્તિ બની ગયા હતા !

વળી કહે : 'ભીમ એકાદશીનો મહિમા બહુ. બધા સાધુ નિર્જળા કરતા. એકાદશી કરીએ તો શાંતિનાં ગાડાં. પાણી ન પીવે તો ફર્સ્ટ. પાણી પીવે તો સેકન્ડ અને ફરાળ કરે તો તે થર્ડ નંબરે પાસ થાય. એકાદશીના ૧૧ ફાયદા.'

'દાજી બાપુએ ૫૦ વર્ષ નિર્જળા કર્યા. મૂળીના એક સાધુ ચાર-ચાર ઉપવાસ કરતા. મંદિરનું કામ કરતા. એમ શ્રદ્ધા હોય તો હરિભક્તને પીરસાય, સેવા થાય. શ્રદ્ધા છે તેને ઉપવાસ કરવો કઠણ ન પડે. સેવા કરવી કઠણ ન પડે. સેવા કરે તો ખરો રાજીપો થાય.

'ગુરુ દે કરપાવ... ગુરુદેવ મેરો ઘાટ દૂસરો બનાયો... દૂસરો ઘાટ શું ? બ્રહ્મરૂપ કરે. ગુરુની આજ્ઞા એ જ બ્રહ્મવાક્ય. ગુરુની ઇચ્છા એ જ આપણું પ્રારબ્ધ. મનમુખી થાય તેને સુખ ન મળે. ગુરુમુખી થાય તેના ઉપર રાજીપો થાય. ભગતજી મહારાજ ઉપર રાજીપો થયો. હાથછૂટી બલા થઈ. કોઈએ કહ્યું :

'પાછું લઈ લો.' સ્વામી કહે : 'પાતાળે પાયા છે.'

બાલમુકુંદ સ્વામીને ગ.અં. ૧૭મું વચનામૃત દેરીમાં જઈ સમજાવવાની આજ્ઞા કરી.

'એવું મંડવું...'

સવારે ૭-૫૫ વાગે, નિજ મંદિરમાં ગોખમાં બિરાજી સંતો સમક્ષ કહે :

'આપણને સ્વામીની સેવા મળી તે મોટાં ભાગ્ય કહેવાય. જેઠ સુદ ૧૨, હજુ સમૈયો ચાલે છે. આ સમૈયો મોટો ગણાય. ઠેઠ એક મહિનો ચાલશે. અષાઢ સુદ ૧૫ના સાધુ ફરવા જાય. *'વરસો વરસ એક માસ રે, કરવો આ મંદિરમાં નિવાસ રે.'* એ આજ્ઞા પ્રમાણે આ વખતે સૌ એક મહિનો રહે.

'એવું મંડવું... - 'અર્થં સાધયામિ...' દેહ પડી જાય, પણ મોક્ષમાં ખામી ન રાખવી. જમવાનું તો મળે જ છે. એ વિશેષ વાત નથી. જીવને સત્સંગી કરવો એ વિશેષ છે. જમવાનું, લૂગડાં દરેક સંપ્રદાયમાં મળે. આ નાના મંદિરમાં ઢગલા થાય છે, તો બીજે થાય એમાં શું નવાઈ ?

'યોગેશ્વર સ્વામી જૂનાગઢના કહેતા : 'કપડાં રંગ્યા પણ જીવ રંગના.' તેના ગુણ, કથાવાર્તા, ભક્તિ, સેવા તેમાં નવરાશ નહિ. સેવા, સેવા ને સેવા. કથાવાર્તા એ રુચે. વ્યાવહારિક વાત, છાપાં વાંચવાં, એ ન ગમે. રાતના બાર વાગ્યા સુધી કથા કરે. યુવકોને બોલાવી વાતો કરે. નિર્ગુણ સ્વામીને બોલાવી, બોલાવી કથા કરતા.

'કોણ સાધુ થાય એ ધ્યાન ખેંચવું. નવા બનાવવા. જે બન્યા હોય તેમને જ્ઞાન આપવું. મુઝાતા હોય તેને સમજાવવું. હરિભક્તની રાખ-રખાવટ કરવી. કોઠારી(ભક્તિપ્રિય સ્વામી)ને ખાનકૂવામાં વાતો કરી. મહંત સ્વામી તથા ઈશ્વર સ્વામીને રોડેશિયામાં વાતો કરી. ઈશ્વર સ્વામી રસોઈ કરતા હોય, હું નવરો હોઉં તો કલાક જાઉં, ત્યાગવલ્લભ સ્વામીને મુંબઈ - હીરાબાગમાં સમજાવ્યા. રાતે વહેલા ઊઠીને માથું પકડી ઉઠાડું.'

સંતોએ પૂછ્યું : 'આપને કોણે સાધુ થવાનું કહ્યું ?'

સ્વામીશ્રી કહે : 'હું સાધુને જાતે કહેવા ગયો – 'મને બનાવો.'

'નહિ કરીએ, નહિ કરીએ.' એમ સાધુ કહે.'

'હું કહું, બનાવો.' પછી જાઉં. પકડીને પાછા લઈ જાયે(ઘેર), પાછો જાઉં...'

સ્વામીશ્રીએ કયા કયા સંતોને, ક્યારે ક્યારે વાત કરી હતી, તેનું આવું

અનુસંધાન, એમની સૂક્ષ્મ યાદદાસ્ત, એમની ધ્યેયની તીવ્રતા ને એકાગ્રતા સૂચવે છે. યુવકોને સાધુ બનાવવાનો કેટલો ખપ ! કોઈને ટપાલો લખી, કોઈને સાથે ફેરવ્યા, સેવા આપી, રમાડ્યા, જમાડ્યા, લાડ લડાવ્યા. શહેરના યુવકો સાથે યુવકો જેવા જ બની, અઢળક પ્રેમ વરસાવી, સૌને વશ કરી લીધા. યુવકો સાથે ફરતા હોય, તેની જાતે સેવા કરે, પથારી કરી આપે, કપડાં ધોઈ આપે, રસોઈ કરી જમાડે, પીરસે, વાડીએ નાહવા સાથે લઈ જાય. સવારે વહેલા ઊઠાડી હેતથી વાતો કરે. યુવકો ઝોલાં ખાતા હોય તો તેમનો હાથ ખેંચી આળસ ખંખેરે. બરડામાં હેતનો થાપો મારે. આમ, એમના દિવ્ય સાંનિધ્ય, વાત્સલ્ય અને સ્પર્શથી માયા દૂર નાસી જતી. યુવકોનાં ચિત્ત નિર્મળ બનતાં. સંસાર ત્યાગ કરવાની પ્રેરણા મળતી.

યુવકોને માત્ર પ્રેમથી વશ કર્યા હતા એટલું જ નહિ, પણ તેમને સત્સંગના મહિમાની વાતો મોડી રાતે અને વહેલી સવારે જાતે જગાડી જગાડીને કરી. સમજણ આપી, સેવાનો મહિમા સમજાવ્યો. જાજરૂ સાફ કરવાં, ઉકરડા સાફ કરવા, વાસણ ઊટકવાં, વાળવું-ચોળવું વગેરે નાનામાં નાની સેવા ઉમંગથી કરાવી. સંબંધનો મહિમા સમજાવી, પરસ્પર હેતની કડીથી સૌને જોડ્યા. જીવ ઉપર કેવળ પરોપકાર ! નિ:સ્વાર્થ પ્રેમની કોઈ અસીમ લાગણીથી સ્વામીશ્રીએ લૌકિક મહેચ્છાઓનાં શિખરો આંબવા ઇચ્છતા યુવકોને ભગવત્પરાયણ કરી દીધા. ગુણાતીત સંત સિવાય આવું ઐશ્વર્ય સંભવે નહિ. જીવોનું અનાદિ અજ્ઞાન નાશ કરવાનું દુષ્કર કાર્ય મહારાજના ધારક, એકાત્મભાવને પામેલા સંત વગર કોણ કરી શકે ?

અક્ષરધામનું તખત

રાત્રે ૧૦-૦૦ વાગે *'જન્મ્યા કૌશલ...'* *'જેનું નામ રટ્યા થકી...'* એ બે શ્લોકો બોલ્યા. ગુરુ અને ગોવિંદના બે મંગળ શ્લોકોથી જ હંમેશાં સ્વામીશ્રી કથાવાર્તાનો પ્રારંભ કરતા. ઘણુંખરું વાતની શરૂઆત ગુણાતીતાનંદ સ્વામીની વાતથી જ થાય. ત્રીજા પ્રકરણની કે બીજા પ્રકરણની, મહિમાની કે સ્વરૂપ-નિષ્ઠાની કે સંત સમાગમની વાતોથી વાતોનો દોર શરૂ કરે. આજે કહે :

'ભગવાનનું ધામ ગુણાતીત છે, જીવને ગુણાતીત કરવા છે... અક્ષરધામમાં જાવું છે. તે ત્યાં જવાય એવા સ્વભાવ કરવા. ગુણાતીત સ્થિતિ પામીએ ત્યારે માન-અપમાનમાં એકતા થઈ જાય. સમદષ્ટિ થઈ જાય. 'બ્રહ્મરૂપ

કેમ થવાય ?'

'હેતે કરીને સત્પુરુષમાં જીવ બાંધ્યો નથી. જીવ બાંધ્યો હોય તો તે વિના રહેવાય નહિ.

'૩૬ ચટકા ખાય ત્યારે ઈયળ ભમરી થાય. બે પગે ઊભી થાય તેને લઈ જાય. કેટલીક ખોખાં થઈ જાય. ઠહરડાતી હોય તે પાંખો આવે તે ઊડીને ઝાડે બેસી જાય.

'જેમ ભમરી ભરે ભારે ચટકો, પલટવા ઈયળનું અંગ;
તેમ સત વચન કટુ કહે, આપવા આપણો રગ...'

'શિવલાલ શેઠ સોપારી ખાતા હતા. સ્વામીએ સભામાં ટોક્યા : 'કોણ હાડકું ચાવે છે ?' તરત થૂંકી આવ્યા. ખોટું ન લાગ્યું.

'અમે ઘણાં વર્ષ પહેલાં વિજ્ઞાનદાસ સ્વામી સાથે મોજીદડ ગયા હતા. એક પટેલ હતા. એ કહે : 'અમને વિશ્વાસ. રાત કહે તો રાત સમજીએ. કર્તા કોણ છે ? રાત કોની કરી થાય છે.' પણ તેને તમે બે રૂપિયા છોડાવો, તો વિશ્વાસ ન આવે !

'વિશ્વાસનું વચનામૃત છેલ્લાનું ૧૪મું.

'નિષ્કપટ થવાનું વચનામૃત લોયાનું ૫મું.

'એક હરિભક્તને વર્તમાનમાં ફેર પડ્યો. મંદિરમાંથી બહાર કાઢ્યા. જૂનાગઢ ગયા ને વાત કરી. સ્વામી કહે : 'જાવ, પાંચ દંડવત્ કરો.' ત્યારે તે કહે : 'એમ પ્રાયશ્ચિત્ત થતું હશે ?' ત્યારે સ્વામી કહે : 'સભામાં નિષ્કપટ થયા તે એટલું બસ છે. હવે તમે શંકા કરી તો બે મહિનાનાં ધારણાં-પારણાં કરો.'

'ભગવાન ને સંતમાં જોડાય તો ભગવાન રક્ષા કરે. *'કરું છાયા કર દોઈ.'* છત્રી ધરે ? ના, હાથ ધરે. છત્રી છેટે મૂકે, પણ હાથ કંઈ વેગળા મુકાય છે ?

'આ ગોંડલમાં ગુણાતીતાનંદ સ્વામી ધામમાં ગયા છે. આ તો દેરી નથી. અક્ષરધામનું તખત છે !'

શું ફીફાં ખાંડો છો ?

બીજે દિવસે જેઠ સુદ ૧૩, મુંડન હતું. તેથી મંગળ પ્રવચન બંધ રાખેલું.

આરતી પહેલાં સ્વામીશ્રી નિજ મંદિરમાં ગોખલે બેસી વાતો કરતા હતા. એક સંત ઠાકોરજીના સિંહાસને પગથિયે બેઠા. સ્વામીશ્રી કહે : 'ત્યાં ન બેસાય.' સાક્ષાત્ મહારાજ છે.'

પછી સિંહાસનને ટેકો દીધો. તો કહે : 'ટેકો ન દેવાય.' એમ વિવેક

શીખવાડતા.

એક સંતને પૂછ્યું : ''ના'વા કુંડમાં જાઓ છો ?'

તેમણે કહ્યું : 'ના.'

સ્વામીશ્રી કહે : 'શું ફીફાં ખાંડો છો ! રોજ ના'વા જવું. ગંગા કરતાં વધુ પવિત્ર છે !'

ખરી શ્રદ્ધા સંતના વચનમાં

સાંજે ૬-૦૦ વાગે, રવિવારની સભા 'નૈમિષારણ્ય પ્રાર્થના હૉલ'માં ભરી. ધૂન તથા પત્રિકા બાદ સા. ૧૮મું વચનામૃત સ્વામીશ્રીએ સમજાવ્યું :

'સારંગપુરના ઓરડા કાયમ છે. દર્શન કરીએ છીએ તો મહારાજની સાક્ષાત્ સ્મૃતિ થાય છે.

'શ્રદ્ધાવાન દુનિયામાં ઘણાં છે. ગઢ-કોઠા કરે, પુણ્યદાન કરે, યજ્ઞ કરે, દવાખાનાં કરે; પણ ખરી શ્રદ્ધા સત્પુરુષના વચનમાં થાય તે.

'સાંધા એટલા વાંધા. એક ટેક. ખોટા તો ઘણાય હોય. સાચા હોય ત્યાં એક કલાક બેસે, એક આનો ખર્ચે, તો ફળ જુદું.

'સાચા સત્પુરુષમાં વિશ્વાસ આવે તો કળિયુગમાં સત્યુગ થઈ જાય. વૈરાગ્ય – જેમ-તેમ, જ્યાં-ત્યાં, જેવું-તેવું ચલાવી લેવું. 'ફલાણું જોઈશે જ' – એમ નહિ. વૈરાગ્ય ક્યાંથી મળે ? ઘરોઘર મળતો હશે ? સત્પુરુષના વચનમાં શ્રદ્ધા રાખે તો આવે.

'વિવેક શું ? મૂઢપણું નહિ. અસત્યને છોડી દે. પોતાનો અવગુણ લે. ભગવાન ને સતનો ગુણ ગ્રહણ કરે.

'જ્ઞાન શું ? આત્મા ને પરમાત્માનું. જ્ઞાન ન હોય તો દેશકાળ લાગે. કોઈ સાધુ ન બોલાવે તો દેવ જેવા જાણવા. દેવ કંઈ બોલાવે છે ? જનક રાજા જ્ઞાની હતા. વનમા હોય તો રાજ્યમા, રાજ્યમા હોય તો વનમા. લો. ૧૦મું વચનામૃત. જ્ઞાન થયું હોય તો કોઈનો અવગુણ આવે જ નહિ. આત્મા-પરમાત્માનું જ્ઞાન નથી થયું, ત્યાં સુધી ખરો સત્સંગી નથી.

'ભક્તિ શું ? માહાત્મ્યે સહિત ભગવાનને વિશે સ્નેહ. ભક્તિ ન હોય તો સેવા ન કરી શકે. ભક્તિવાળા દેહ પાડી નાખે.

'શ્રદ્ધા શું ? દેહને ઘસી નાખે. કામ સોંપ્યું તે કરે જ છૂટકો. પણ 'સ્વામી તો કીધા કરે' એમ નહિ.

'સત્સંગ થયો ત્યારથી' એટલે શું ? સત્સંગ તો નાનપણથી હોય; પણ સત્પુરુષ મળ્યા ત્યારથી કેટલા સ્વભાવ ટળ્યા ? એ તપાસે.

'દેહાભિમાન વધ્યું એટલે ? કામ બતાવે તે ઠીક ન લાગે. 'હું આવો ને મને કામ બતાવ્યું ?' એમ થાય.'

આ રીતે ૭-૦૦ વાગ્યા સુધી સભામાં વચનામૃત સમજાવ્યું.

સા. ૧૫મું વચનામૃત સ્વામીશ્રીની આજ્ઞાથી મહંત સ્વામીએ સમજાવ્યું.

રાત્રે ૯-૩૦ વાગે મંદિરના સભામંડપમાં, રાત્રિસભામાં બિરાજ્યા. ઠાકોરજીના પ્રસાદીના કદમનાં ફૂલના સુંદર હાર પૂજારીએ સ્વામીશ્રીને પહેરાવ્યા. સ્વામીશ્રીએ એ પ્રસાદીના હાર હરિભક્તોને પહેરાવ્યા.

સભામાંથી આજે સ્વામીશ્રી જાતે જ 'આરામ કરવો છે' એમ કહી, ૯-૫૫ વાગે રૂમમાં પધાર્યા. ડૉ. રણછોડભાઈએ સ્વામીશ્રીનું બી.પી. માપ્યું.

પછી તેમને તથા ડૉક્ટર સ્વામીને કહે : 'નાડી જુઓ.' તેઓ બંને એક એક હાથની નાડી જોવા લાગ્યા.

પછી કહે : 'હવે છાતી તપાસો... તપાસવું ત્યારે પૂરું તપાસવું. પેટ તપાસો... પેટ ખુલાસીને આવતું નથી. ગોળી લેવી પડે છે. ચાર ગોળી લેવી પડે છે. આ ગોળી જુઓ. ગોળી ન લેવી પડે એવું કંઈ છે ? પેટ સાફ કેમ નહિ આવતું હોય ? ઊંઘ માટે ગોળી લેવી પડે છે. ગઈકાલે ફરી લેવી પડી. ઉધરસ આવી હતી.'

પછી ડૉ. રણછોડભાઈએ સ્ટ્રેપ્સિલ ગોળી કાઢી. સ્વામીશ્રી મને કહે : 'કાઢીને જુઓ. લાલ હશે.' દવા લીધા બાદ એ ગોળી મોઢામાં મૂકી.

રાતની બસમાં પ્રભાશંકર પંડ્યા તથા ગિરજાશંકર શાસ્ત્રી અમદાવાદ જતા હતા. તેમને બોલાવ્યા અને આશીર્વાદ આપી જવાની રજા આપી.

❀ ❀ ❀



સત્સંગીના સત્સંગી

તા. ૧૦મીએ, પૂર્ણિમાની સવારે ૫-૦૦ વાગે સ્વામીશ્રીએ પૂછ્યું : 'અષ્ટકની ચોપડીમાં કેટલાં અષ્ટક છે ?'

'અઢાર.'

'વધુ નથી ? વધુ છપાવવાં. વધુ હોય તો મહારાજનો વધુ મહિમા ગવાય.'

પછી કહે : 'ભગવાનના ભક્તને પોષે એટલે શું ? સંભારે. શાંતિ કરે. દુઃખ હોય તો ટાળે. ગ.પ્ર. ૭૬ વચનામૃતમાં કહ્યું : 'એવા હરિભક્ત ઉપર વગર કર્યું સહેજે જ હેત થાય છે.' સાડા ત્રણ લીટીમાં આખા વચનામૃતનો ભાવાર્થ આવી ગયો. વચનનો ભીડો, એક-બે વર્ષ સહુ પાળે પણ આખી જિંદગી ! આવું કરે તો પોષે, પોષે ને પોષે જ. પાસે બેસાડે. એવા ગુણ ન હોય તો માળા ફેરવે, ધ્યાન કરે, ધર્માદો દે, પણ પોષે નહિ.

'મહારાજે પૂછ્યું : ઢોલિયાના સત્સંગી કે સત્સંગીના સત્સંગી ?' પર્વતભાઈ મહારાજ પાસે આવ્યા. દૂર કાઢ્યા, બીજાને પાસે રાખ્યા. પછી મહારાજ પર્વતભાઈ પાસે ગયા. કહે : 'હું તો સત્સંગીનો સત્સંગી છું. સત્સંગીનો ભીડો વેઠે. ચાકરી કરે. સેવા ઉઠાવે.' બધાને મહિમા સમજાયો. 'મારી સેવા કરો છો, હવે મારા ભક્તની કરો. હઠ ન રાખે, માન ન રાખે.'

પછી ખુશાલભાઈને કહ્યું : 'તમને શિવાભાઈ(મોટા ભાઈ)ના પગ દાબવાનું કહે તો કરો ?'

'ભીડો શું ? મનમાં આપણે ધાર્યું ન હોય ને તે કરાવે. નાના હોય તેની સેવા કરાવે. તે સરળતાથી કરે. સરળ પ્રકૃતિ રાખે. કોઈના ઉપર આંટી ન રાખે. તો મહારાજ રાજી થાય. વગર કર્યું સહેજે જ હેત થાય.

'વચનામૃતના શબ્દો ઉચ્ચ કોટિના છે, પણ જીવમાં ઉતારે તો. *'વાંચે પણ કરે નહિ વિચાર.'*

પછી કથામાં કહે : 'નાની ઉંમરમાં 'વાતું', 'વચનામૃત' થઈ શકે. સો વચનામૃત મોઢે કર્યાં હતાં, હવે બે ન થાય.

'જ્ઞાન શીખે ને સેવા કરે તે વધતો જાય. સેવાનું અંગ પાડીએ, તો વધીએ. આપણે દેહાભિમાનનું અંગ પાડ્યું છે. સ્વામિનારાયણ, નારાયણ, નારાયણ... એમ કરી જમી લે; પણ સેવા નહિ. દસ ક્રિયા કરીએ તો વધીએ. વધવા માટે સેવા.

'આપણે પે'લો નંબર રાખવો. બીજો નથી રાખવો. એમ શાસ્ત્રીજી મહારાજ, ભગતજી મહારાજ વગેરેએ કર્યું. મહેમાનોનું બહુ રાખ્યું.

'મંદિરમાં પાંચ મણ દાણા લાવે તેના પગ ધોઈને પીએ. મને ગમે તેની જોડમાં મૂકો, હું નવડાવું, ધોવડાવું. લાવો, હું આ સ્વામીની જોડમાં રહું. અમે સાંકરદા ગયા હતા. દસ સાધુ હતા. એક શેર ઘી ત્રણ મહિના ચલાવતા. હું જ રસોઈ કરું. ઝોળી માગું ને સવારના ૪-૦૦ વાગે *'ધીર ધુરંધરા...'* બોલીએ. તો સાત ગામમા સત્સગ થયો. પણ ન ગયા હોત તો ન થાત.

'જ્યાં મોકલે ત્યાં જાવું પડે. કાળા પાણીએ જવું પડે. શિયાળે, ઉનાળે ફરવું. ચોમાસે ફરવાનું નથી. ગામડે જઈએ તો પછી રાખ-રખાવટ થાય. મંદિરે આવ્યા હોય તો ખબર પડે, નહિ તો કોણ આવ્યું ? કોણ ગયું ? એ ખ્યાલ ન આવે.'

સાંજે ગુજરાત રાજ્યના આરોગ્ય મંત્રી મોહનલાલ વ્યાસ દર્શને આવ્યા. ત્યારપછી ચૅરિટી કમિશનર ચોખાવાલા પણ આવ્યા. જેમણે રાત રોકાઈ, સત્સંગનો લાભ લીધો હતો અને મંદિરની પ્રવૃત્તિ નિહાળી ખૂબ રાજી થયા.

સાંજે ગામના મંદિરે પધાર્યા. ખુરશી ન હતી એટલે પગથિયાં ચઢી ગયા. ઠાકોરજીનાં દર્શન કરી, પ્રદક્ષિણા કરતાં, પ્રસાદીના કોઠલાનાં દર્શન કર્યાં. સભામંડપમાં પ્રસાદીની થાંભલી જ્યાં ગુણાતીતાનંદ સ્વામીએ દેહ મૂક્યો તથા ઢોલિયો વગેરે પ્રસાદીની વસ્તુનાં દર્શન કર્યાં.

કૈલાસ બાગ પધાર્યા. અહીં પૂજારી આરતી કરી, દરવાજો બંધ કરી, ઘરે ગયા હતા. મુખ્ય પ્રવેશદ્વાર પર તાળું જોઈ સંતોએ કહ્યું : 'મંદિરે તાળું છે.'

સ્વામીશ્રી કહે : 'ભલે તાળું હોય. આપણે ઊતરીએ.' એમ કહી પોતે મોટરમાંથી નીચે ઊતર્યા અને દરવાજાની બાજુની જાળીમાંથી દૂરથી મંદિરનાં દર્શન કર્યાં અને દરવાજાનો સ્પર્શ કરી પગે લાગ્યા. પછી રસ્તામાં વાત કરી : 'મોટા સદ્‌ગુરુઓ એમ કહેતા કે મંદિર બંધ થઈ જાય તો દરવાજાનો સ્પર્શ કરી શિખરનાં દર્શન કરીએ એટલે મહારાજ માની લે.'

રાત્રે આફ્રિકાવાળા મોહનલાલ પી. પોપટ તરફથી શિક્ષાપત્રીનું પારાયણ યોજાયું હતું. કથાનું વાંચન બાલમુકુંદ સ્વામીએ કર્યું હતું. ૧૦-૩૦ વાગે આશીર્વાદ આપતાં સ્વામીશ્રી કહે : 'શિક્ષાપત્રી પાળે તે ભૂખ્યો, દુઃખિયો રહે જ નહિ. દુષ્કાળ પડે તો મહારાજ સોડમાં રોટલા દઈ જાય.'

પછી આરતી-પૂજન કરી, આરામમાં પધાર્યા.

પ્રમુખસ્વામી કહે તે સવા સોળ આની !

તા. ૧૧-૬-'૬૮, એક સંત સ્વામીશ્રી પાસે આવ્યા અને ફરિયાદના રૂપમાં વાત કરતાં કહ્યું : 'પ્રમુખસ્વામી મને કહે છે કે ફલાણાં મંદિરમાં જઈને રહો.'

સ્વામીશ્રી તરત જ હસી પડ્યા અને બોલ્યા : 'ગુરુ ! બરાબર કહે છે. આ તો પ્રમુખસ્વામીની આજ્ઞા છે. મારે પણ પાળવી પડે. નાનામાં નાનો કોઠારી હોય તેની પણ આજ્ઞા હું તો પાળું, તો આ તો પ્રમુખસ્વામીની આજ્ઞા ! જાવ, આજ્ઞા પાળો. સ્વામી કહે એ બરાબર છે. આપણે અક્ષરધામમાં જવું છે કે નહિ ? તે એમની આજ્ઞાનું સારધાર પાલન જોઈએ. પ્રમુખસ્વામી કહે તે સવા સોળ આની !'

ચોખા લઈ ચોખ્ખા કર્યા

અહીંના જેઠાલાલ પારેખને ઘરે એક કિલો જેટલા રંગૂનના ચોખા હતા. તેમને થયું કે 'સ્વામીશ્રી આ ભાત જમે તો બહુ સારું.' પરંતુ આટલા ચોખા ધરીએ તો શરમ જેવું કહેવાય. તેથી શરમમાં અને શરમમાં તેઓ ન ગયા.

બીજે દિવસે સ્વામીશ્રીએ તેમને પાસે બોલાવીને કહે : 'તમારી પાસે સારા ચોખા હોય તો ઠાકોરજીનો થાળ સારો થાય. ઘનશ્યામ મહારાજ પ્રેમથી જમે.'

આ વાત સાંભળીને તેઓ બહુ રાજી થયા. સાથે ઘણું આશ્ચર્ય થયું કે સ્વામીશ્રી તેમનો સંકલ્પ કેવી રીતે જાણી ગયા ! તેઓ ચોખા લાવ્યા, પણ બધાની હાજરીમાં સ્વામીશ્રીને આપતાં સંકોચ થયો. તેથી યોગેશ્વર સ્વામી પાસે લઈ ગયા. તે બંને સ્વામીશ્રી પાસે સભામાં પહોંચ્યા. સ્વામીશ્રી આનંદથી કહે : 'જેઠાભાઈ સાહેબ ! ચોખા લાવ્યા ? અમને બતાવો.'

ચોખા હાથમાં લઈને રાજી થઈને બોલ્યા : 'અહોહો ! ચોખા બહુ સારા, રંગૂનના ચોખા છે. કુશળકુંવરબાએ મહારાજ માટે મોકલ્યા હતા તેવા ભાવથી

લાવ્યા છે. મોતીના દાણા જેવા છે.'

એમ કહી બોલ્યા : 'થોડા છે માટે મુઝાવું નહિ. એક તલના દાણામાંથી ચોરાશી વૈષ્ણવ થયા. તેમ થોડામાં ઘણું કહેવાય. તમારો ભાવ એવો છે.'

જેઠાલાલને આ સાંભળતાં જ ધરપત અનુભવાઈ. તેમને લાગ્યું : વધુ ઓછાનું મહત્ત્વ નથી. ભાવની જ પ્રધાનતા છે.

'માગ્યું દઈ દેતા...'

અહીં રોજ સ્વામીશ્રી પૂજાનાં પુષ્પો સર્વ હરિભક્તોને આપતા. અહીંના ચીમનભાઈ પ્રજાપતિને તે મેળવવાનો સંકલ્પ થયો. તેમને અમદાવાદમાં N.C.C.ના ઑફિસર માટેનો ઇન્ટરવ્યૂ હતો. 'પૂજાનું પુષ્પ મળે તો જ ઇન્ટરવ્યૂમાં પસાર થઈ શકશે,' તેવી તેમને શ્રદ્ધા. તેમને થયું : 'જો સ્વામીશ્રી ફૂલ આપે તો જ ઇન્ટરવ્યૂ આપવા માટે જવું.' પરંતુ પૂજા પછી સ્વામીશ્રીએ સર્વ હરિભક્તોને બધાં ફૂલ આપી દીધાં ! તેઓ બાકી રહી ગયા.

તે પછી અક્ષર દેરીમાં તેમજ ઉપર દર્શન કરી, સ્વામીશ્રી ઉકાળા-પાણી પીવા પધાર્યા. મુલાકાતો શરૂ થઈ ગઈ. ચીમનભાઈ સ્વામીશ્રીના રૂમની બહાર બેઠા હતા. થોડી વારે સ્વામીશ્રી એક યુવકનો હાથ પકડી રૂમમાંથી બહાર આવ્યા. સભામંડપમાં કથાવાર્તા થતી હતી. સ્વામીશ્રીની દૃષ્ટિ ચીમનભાઈ ઉપર પડી. એટલે પોતાના મસ્તકે ધારેલી ગુલાબી કાનટોપી હતી તે હાથમાં લઈ, તેમાંથી ચીમનભાઈને ફૂલ કાઢીને આપતાં બોલ્યા : 'લો પૂજાનું ફૂલ, જાઓ કામ સફળ થશે !'

ચીમનભાઈ તો આ સર્વજ્ઞતા જોઈ ડઘાઈ ગયા ! 'સ્વામીશ્રીની કાન-ટોપીમાં પૂજાનું પુષ્પ કેવી રીતે આવ્યું ? પોતાનો સંકલ્પ કેવી રીતે પકડ્યો ?' તે તેમને માટે પ્રશ્નો જ રહ્યા. તેમને ઇન્ટરવ્યૂમાં સફળતા માટે શંકા ન રહી.

તેઓ બીજે દિવસે ઇન્ટરવ્યૂમાં અમદાવાદ ગયા. પૂજાનું પુષ્પ એવું ને એવું તાજું હતું ! ચીમનભાઈ ઇન્ટરવ્યૂમાં પાસ થઈ ગયા.

અહીંના ભરત વડોદરિયાને રાજકોટ ખાતે એ.જી. ઑફિસમાં જવા ઑર્ડર મળ્યો.[3] ઘરનાં બધાંની ઇચ્છા રાજકોટ જવા વિરુદ્ધ હતી. ભરતભાઈએ

૩. તેમને સ્વામીશ્રીને જમાડવાની તીવ્ર ઇચ્છા હતી. સને ૧૯૭૦માં સ્વામીશ્રી પરદેશથી પાછા ફર્યા પછી છેલ્લે ગોંડલ બિરાજતા હતા, ત્યારે સ્વામીશ્રીને આ વાત કરી. સ્વામીશ્રી ખૂબ રાજી થયા અને પોતે જમવા પધારશે તેમ કહ્યું. ➤

સ્વામીશ્રીને આ બાબતમાં પૂછ્યું, તો સ્વામીશ્રીએ રાજકોટ જવાની આજ્ઞા કરી. અને બોલ્યા : 'દૂધમાં રોટલી કરીને સાથે લઈ જવી, પણ બહારનું આપણે કંઈ ખાવું નહિ.' પછી કહે : 'નોકરીમાં આગળ પણ વધી જશો.'

સ્વામીશ્રી પોતાના આશ્રિતોની ઝીણામાં ઝીણી બાબતો પ્રત્યે પણ લક્ષ આપી માર્ગદર્શન આપતા અને નિયમોમાં વર્તાવવાનો ખાસ આગ્રહ રાખતા.

સ્વામીશ્રીની કૃપાથી થોડા વખતમાં જ ભરતભાઈ ઓફિસર માટેની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા અને તેમને પ્રમોશન મળ્યું.

'દુઃખડા દૂર કરો, સકટ સર્વે હરો'

આ દિવસોમાં જૂનાગઢથી અડવાળના મંગળસિંહ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સાથે ગુજરાત રાજ્યના જમીન-વિકાસ બૅન્કના જૂનાગઢ ડિસ્ટ્રિક્ટના એક ઑફિસર જેઠવા સાહેબને પણ લાવ્યા હતા. તેમને તીવ્ર આઘાતને કારણે માનસિક અસર થયેલી, જેના કારણે તેઓ સૂનમૂન બની ગયા હતા. કોઈની સાથે વાતચીત કરે નહીં અને વિચારમાં ઊંડા ઊતરી ગયા હોય તેમ કોઈ પૂછે તેનો જવાબ ન આપે.

સગાં-સંબંધીઓએ ઘણી દવા કરાવી. સારા સારા ડૉક્ટરોની સારવાર લીધી. જ્યોતિષીઓ પાસે જોશ જોવડાવ્યા. ભૂવા-જાગરિયાને બતાવ્યું, મંત્ર-તંત્ર કરાવ્યા. કંઈ નડતર હશે એવા વહેમથી પિતૃતર્પણ અને બીજી અનેક વિધિ કરાવી. તેમના પડોશીઓએ કહ્યું : 'તમે ઘણી જગ્યાએ જેઠવા સાહેબને લઈ ગયા, પણ હવે અક્ષર મંદિરમાં યોગીજી મહારાજ પાસે લઈ જાઓ. કદાચ ફેર પડી જાય. એ મોટા ભાગે દુઃખ દૂર કરી નાખે છે.'

સ્વામીશ્રીનું નામ સાંભળીને ઘરનાએ નક્કી કર્યું કે ગોંડલ જવું. છેવટે તેમના મિત્ર અને સંપ્રદાયના અનુયાયી તરીકે મંગળસિંહને સાથે લઈ જવા વિચાર્યું.

સૌ ગોંડલ આવી પહોંચ્યા. સ્વામીશ્રીનાં દર્શન થતાં જ જેઠવા સાહેબની સુષુપ્ત ચેતના જાગ્રત બની ગઈ અને એમના આશીર્વાદના બે ધબ્બા પીઠમાં પડ્યા.

સ્વામીશ્રીએ ભરતભાઈને ૧૦૦ માણસોની રસોઈ કરવા આજ્ઞા કરી હતી. પરંતુ સંતો-હરિભક્તો મળી કુલ ૩૦૦ માણસો જમ્યા છતાં પણ રસોઈ ખૂટી નહીં !

સ્વામીશ્રી હવે તો ટૂંક સમયમાં પોતાની લીલા સંકેલીને અક્ષરધામ પધારવાના હતા, પણ તે પહેલાં પોતાના ભક્તોના લાડ અને કોડ પૂરા કરી, તેમનાં હૃદય હંમેશ માટે પ્રસન્નતાથી ભરી દીધાં !

સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'જાવ, સારું થઈ જશે ! અક્ષર દેરીની મહાપૂજાની માનતા કરશો. પાંચ માળા ફેરવજો. અક્ષર દેરીનું પ્રસાદી-જળ પીજો.'

બસ આટલા દિવ્ય સ્પર્શથી જેઠવા સાહેબની બધી બિમારી મીણના પૂતળાની માફક જાણે ઓગળી ગઈ. એમની આત્મશક્તિ પ્રફુલ્લિત બની ગઈ અને રોગે તેમના શરીરમાંથી સદંતર વિદાય લીધી ! તેમનું આખું કુટુંબ સત્સંગી બની ગયું.

એ તો ઠાકોરજીનો ધર્માદો

અહીં ધોરાજી મંડળના ઉત્સાહી હરિભક્ત બી.ટી. નથવાણીએ સ્વામીશ્રીને વાત કરી કે 'અમારા મંડળનો વાર્ષિક ઉત્સવ છે. માટે કથાવાર્તા-દર્શનનો લાભ આપવા માટે પધારો. રાત્રે ઘનશ્યામભાઈ ભજનિકનો પણ કાર્યક્રમ રાખ્યો છે.'

સ્વામીશ્રીએ કહ્યું : 'સંતોને મોકલશું, તે અમે આવ્યા તુલ્ય માનશો.'

તેમની સાથે સંતો ધોરાજી ગયા. રાત્રે ધૂન-ભજન-કથાવાર્તા બહુ સારાં થયાં. હરિભક્તોએ સેવા કરી.

બીજે દિવસે તેઓ સંતોને ગોંડલ મૂકવા માટે આવ્યા. સ્વામીશ્રીએ તેમને બધા સમાચાર પૂછ્યા અને બહુ રાજી થયા.

પછી પૂછ્યું : 'સંતો શેમાં આવ્યા ?'

ત્યારે તેમણે કહ્યું : 'બાપા ! બસ-ટ્રેનમાં બેસવાની બહુ તકલીફ પડે, તેથી ટૅક્સી બાંધીને સંતોને લાવ્યા.'

'ભાડું કોણે આપ્યું ?'

'સંતોને ધર્માદાની રકમ ખરડામાં થઈ, તેમાંથી ભાડું આપ્યું.'

ત્યારે સ્વામીશ્રી જરા વિચારમાં પડી ગયા. પણ હેતથી કહે : 'ગુરુ ! તેમ ભાડું ન કઢાય. એ તો ઠાકોરજીનો ધર્માદો થયો. સંતો માટે પણ તેમાંથી ન કઢાય કે ખર્ચ ન થાય. એ તો ઠાકોરજીના કોઠારમાં બધી રકમ જમા કરી દેવી પડે.'

સ્વામીશ્રીની મીઠાશ અને વ્યવહારની પવિત્રતા જોઈને નથવાણી તો બે હાથ જોડીને કહે : 'બાપા ! અમે ભાડું આપી દઈશું.'

તા. ૧૧મીએ સવારે સંઘ સાથે છ મોટરકારોમાં રાજકોટ પધાર્યા. કૃષ્ણજી અદાની દેરીએ આવ્યા. દંડવત્-પ્રદક્ષિણા કરી, પત્રો લખવા બેઠા. સંતોને *'હરિગુણ ગાતા'* કીર્તન બોલવા કહ્યું. આરતી કરી.

મંદિરમાં દર્શન કરી, દંડવત્ કર્યા. પટની મૂર્તિ આગળ દર્શન કરી,

પ્રદક્ષિણા કરી. '*હે હરિ હરિ...*' કીર્તન બોલ્યા. આ મંદિરમાં મૂર્તિઓની સ્વામીશ્રીએ સેવા કરેલી. ઠાકોરજીના સિંહાસન પાસે એમનું આસન રહેતું.

પછી રજપૂતપરામાં અક્ષરપુરુષોત્તમ મંદિરમાં દર્શન કરી, ચંદ્રકાંતભાઈ ત્રિવેદીને ત્યાં આવ્યા. તેઓ દિલ્હી જતા હોવાથી આજે તેમની રસોઈ હતી. ડૉક્ટર સ્વામીને ખૂબ રસ જમાડ્યો ને કહે : 'સંભારવા થાય – આમ રસ અને ઘી આપ્યું હતું. મુંબઈ કહેજો.'

લક્ષ્મીદાસ ગણાત્રાએ માનપત્ર વાંચ્યું અને સ્વામીશ્રીના વરદ હસ્તે ચાંદીના કાસ્કેટમાં માનપત્ર અને ચાંદીની ફ્રેમમાં મઢેલી મૂર્તિઓ આપી. ત્યારબાદ પ્રાણલાલભાઈ જોશી, એ.પી. પટેલ, મહેન્દ્રભાઈ દેસાઈ, કલેક્ટર કુસુમરાય દીવાન, મોહનલાલ અજાગિયા, મેરુભા ગઢવી તથા મહંત સ્વામી અને બાલમુકુંદ સ્વામીએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં અને ટૂંક સમયમાં ચંદ્રકાંતભાઈએ કરેલ સેવાઓની પ્રશંસા કરી. તેમણે રાજકોટમાં અક્ષરપુરુષોત્તમ મંદિર કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. દિલ્હીમાં સત્સંગ મંડળ વધારવા તથા મંદિર કરવા સ્વામીશ્રીએ તેમને ખાસ આદેશ આપ્યો હતો. આશીર્વાદ આપતા કહે : 'અક્ષરધામનું માનપત્ર. સેવા કરે તો મેવા મળે.'

અહીંથી વજુભાઈ ટાંકને ત્યાં પધરામણી કરી, મંદિરે પધાર્યા. સભા ભરી, વાત કરી : 'મંદિરે આવવું. ખાલી દર્શન કરી ન જવું. કથા વાંચવી. કાશીમાં તુલસીમાનસ મંદિર છે. સાંજે સૌ ફરવા આવે. ફરીને જતા રહે. કથાવાર્તા નહિ. શ્રીજીમહારાજને કરતાં આવડે એવું કોઈને ન આવડે.'

હરિભક્તોનાં નામ દઈ મંદિરે આવવા આજ્ઞા કરી કહે :

'આ નૈમિષારણ્ય ક્ષેત્ર. સત્પુરુષની આજ્ઞા. ચડતો રંગ રાખવો. કથામાં બેસવું. આખા દેશમાં ક્યાંય કથાવાર્તા નહિ. મોટાં મોટાં મંદિરો છે. મહારાજે પાંચ ટાણાંની કથા ચલાવી છે. ભગવાનનું કર્તવ્ય છે. કથાવાર્તાનું અંગ રાખવું. રાંક રાજા થાય. ગ.પ્ર. ૫૮મું વચનામૃત.

'મનુષ્ય દેહે જીવનું ભાથું કરી લેવું. સત્સંગ કરવો. બાળ મંડળ થાપવું. યુવક મંડળ થાપવું. પત્રિકા-પ્રકાશ મગાવવું. વાચવાં. આજીવન સભ્ય થાવું. સો રૂપિયા ભરી દેવા.'

ભગવાનનું બળ

ગઈકાલે રાત્રે સૂવાનું ઘણું જ મોડું થયું હોવાથી, તા. ૧૨મીએ સ્વામીશ્રી

સવારે ૫-૫૫ વાગે ઊઠી સ્નાનાદિક વિધિ માટે પધાર્યા.

સવારે ૭-૪૫ વાગે પૂજા બાદ મંદિરના હૉલમાં પધાર્યા. ગ.પ્ર. ૨૪મું વચનામૃત સમજાવતાં કહ્યું :

'મહિમા અને હેતભાવ આવે ત્યારે લૂખાપણું જતું રહે. ભૂંડા ઘાટ શું ? ભૂંડામાં ભૂંડું મનુષ્યભાવ આવે તે. સારામાં સારું શું ? સંબંધ થયો તે.

'સૂર્યને માથે ધૂળ નાખે તો ધૂળ સૂર્યને અડેને ! ચંદન નાખે તો ચંદન પોતાને માથે પડે અને પુષ્પ નાખે તો ?

'આપણામાં ગમે તેવા દોષ હોય તોપણ ભગવાન અને સંતને નિર્દોષ સમજે તોય દોષ ટળી જાય.

'બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું કે 'ત્રણ ગુણ – જે વિષયમાં ઇન્દ્રિયો તણાતી નથી, અંતરમાં ખોટા ઘાટ થતા નથી અને યથાર્થ નિશ્ચય છે, છતાં ક્યાં ટેલિફોન બગડ્યો છે તે બતાવો. કરોડપતિ છે, છતાં કંગાલપણું કેમ રહે છે ?'

'હે બ્રહ્માનંદ સ્વામી ! તમે એમ માનો છો કે ઇન્દ્રિયો તમે જીતી છે, એમ ન માનો, પણ ભગવાનના બળે જિતાણી છે. કૃપા કરીને અમારું સ્વરૂપ ઓળખાવ્યું છે. પણ 'મેં ઓળખ્યા' એમ છોડી દો. ભગવાનનું બળ રાખો. ભગવાનની કૃપા થઈ તે દોષ જિતાણા. કૃપાથી સમાગમમાં રાખ્યા છે.

'પૂછ્યું બ્રહ્માનંદ સ્વામીએ, પણ મહારાજે નામ હરિભક્તનું લીધું. બ્રહ્માનંદ સ્વામીનું નામ આવવા ન દીધું.'

આજે સવારે રાજકોટથી ૯-૩૦ વાગે વિદાય લઈ, પડધરીના હરિભક્તોને રોડ ઉપર જ દર્શન આપી, જાયવા રોડ ઉપર બસ સ્ટેન્ડ પાસે ઊભા રહ્યા. હરિભક્તોએ સ્વાગત કર્યું અને સંતોને ઉકાળા-પાણી કરાવ્યાં. પછી ધ્રોળ આવ્યા.

ઊંડને તીરે...

ગામમાં દાખલ થતાં દાજી બાપુના ભાણેજ જમાઈને ત્યાં પધરામણી કરી. પારાયણ કરવા સંકલ્પ કર્યો. ત્યાંથી ભાદરા પધાર્યા.

ભાદરા, ગુણાતીતાનંદ સ્વામીના જન્મ સ્થાન ઉપર સુંદર મંદિર બંધાઈ રહ્યું હતું. ભોંયતળિયું તૈયાર થઈ ગયું હતું. પહેલા માળે ધાબું ભરાતું હતું અને શિખર પણ તૈયાર થઈ રહ્યા હતા.

સાંજે ૫-૦૦ વાગે મોટરકારમાં ઊંડ નદીના ઘાટ ઉપર પધાર્યા. પ્રસાદીના વડ નીચે સભા ભરી. પોતે નદી તરફ મુખારવિંદ રાખી, ખુરશીમાં બિરાજ્યા.

સ્વામીશ્રીની પ્રેરણાથી સરકારે ગામથી નદી સુધી નાની સડક કરી આપી છે.

અહીં ઘાટ ઉપર જોડિયા તાલુકા પંચાયતના પ્રમુખ જીવરાજભાઈ પણ સ્વામીશ્રીનાં દર્શને આવી પહોંચ્યા હતા. સ્વામીશ્રીની આજ્ઞાથી તેમણે વાત કરી : 'સ્વામીશ્રી વચનસિદ્ધ પુરુષ છે. બાપાને હું યાદ કરું છું ને મારું કામ થાય છે.'

પ્રેમી ભક્તરાજ કાનજી ભક્તે, *'આવ્યા હરિ ઊંડને તીરે...'* એ કીર્તન તથા *'શોભી રહ્યા...'* એ કીર્તન ગાયું. સ્વામીશ્રી કહે : 'આપણે ગંગાજીમાં નાહેલા એવું આ પાણી. માટે નાહી લો.' એમ કહી, ઊંડ નદી ઉપર ઘાટની બાજુમાં કૂવા ઉપર એંજિન ચાલુ કરાવ્યું. સંતોએ સ્નાન કર્યું. સ્વામીશ્રીએ પાણી મંગાવી માથે ચઢાવ્યું, કારણ કે નદીમાં બિલકુલ પાણી નહોતું.

ગામમાં જૂના મંદિરે આવ્યા. દર્શન કરી, મંદિરમાં પ્રસાદીનો ઓટો છે, તેના ઉપર લેખ છે તે વંચાવ્યો. જ્યારે જ્યારે અહીં આવે ત્યારે દર વખતે આ લેખ અચૂક વંચાવે. સાથેના સંતો-હરિભક્તોને સંભળાવે. જેથી સૌને મહારાજની સ્મૃતિ થાય.

શાસ્ત્રીજી મહારાજ આ મંદિરમાં રહેલા અને મેડા ઉપર પોઢતા. ત્યાં સૌને દર્શન કરવા મોકલ્યા. મંદિરમાં રહેતા પ્રજ્ઞાચક્ષુ માવજી ભગતને રૂપિયા અગિયાર ભેટ મુકાવી, ઠાકોરજીને મગફળીનો થાળ ધરાવ્યો.

આપણાં મંદિરે પધારી પહેલે માળે કામ ચાલતું તે જોયું. ગર્ભગૃહમાં ઠાકોરજીના સિંહાસનનું માપ વગેરે લેવરાવ્યું.

રાત્રે ૮-૦૦ વાગે મઢીવાળા વૈદ્યરાજ મંચેરશા સુરાલીવાળા આવ્યા હતા. કેડના દુઃખાવા માટે પોતે પ્રખ્યાત વૈદ્ય છે. સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું : 'અમે આશીર્વાદ આપીએ છીએ, લાખો માણસોને સાજા કરો.' હરજીવનદાસ બારદાનવાળા તથા ડેપ્યુટી કલેક્ટર હરિપ્રસાદભાઈ ત્રિવેદી સાહેબ સાથે હતા.[૪]

સ્નાન કરતી વખતે ડૉક્ટર સ્વામીને બોલાવી, પગનું ગૂમડું બતાવ્યું. ગૂમડામાં થોડું પરુ થયું હતું, તેથી ચામડી ખેંચાવાથી દર્દ થતું હતું. પણ કદી

૪. એચ.સી. ત્રિવેદી સાહેબ જ્યારે ગોંડલમાં ડેપ્યુટી કલેક્ટર તરીકે હતા, ત્યારે દુર્લભજીભાઈ તેમને સ્વામીશ્રીનાં દર્શને મંદિરે લઈ આવ્યા હતા. ત્રિવેદી સાહેબની ખાસ ઇચ્છા નહિ, પણ દુર્લભજીભાઈના આગ્રહથી તેઓ મંદિરે આવ્યા અને સ્વામીશ્રીનાં પ્રથમ દર્શને જ અત્યંત પ્રભાવિત થયા. પછી ધીરે ધીરે સત્સંગના રંગે રંગાયા. જામનગર બદલી થતાં, ગોરાણા મંદિરના દસ્તાવેજનું કામ તેમણે સરળતાથી પાર પાડ્યું ત્યારે સ્વામીશ્રી બહુ રાજી થયા. પછી ઉત્તરોત્તર સત્સંગની ઘણી સેવા કરી અને નિષ્ઠાવાન સત્સંગી થયા.

ફરિયાદ તો કરે જ નહિ.

રાત્રે ૧૧-૩૦ સુધી સભામાં બિરાજ્યા. આરામ કરવા પધાર્યા. સંતો તાળવે તથા તળિયે ઘી ઘસતા હતા. ત્યારે વળી ડૉક્ટર સ્વામીને બોલાવ્યા અને કહે : 'કાલે સવારે ૫-૦૦ વાગે મને 'જય સ્વામિનારાયણ' કહેવા આવજો. કાલે સવારે પ્રવચન રાખવું નથી. વહેલા પહોંચવું છે.'

બીજે દિવસે સ્વામીશ્રી ૫-૦૦ વાગે ઊઠ્યા. આગલી રાત્રે મંગળ પ્રવચનની ના પાડી હતી, પણ હરિભક્તો પ્રભાત ફેરી કરીને આવ્યા એટલે *'ધ્યાન ધર...'* પ્રભાતી પદ બોલાવ્યું.

પથારીમાં સ્વામીશ્રીએ નજર ઊંચે કરી તો પલંગ ઉપર મચ્છરદાની બાંધવા માટે, લાકડાની પટ્ટીનું માળખું જોયું. 'આ ઉપર ચઢવા માટે છે ?' સ્વામીશ્રી બોલ્યા. ઘણી વાર આવી નિર્દોષ ચેષ્ટા પણ કરતા.

પૂજા બાદ જૂના મંદિરે દર્શને ગયા. ત્યાં આરતી કરી. સાકરનો પ્રસાદ જાતે સૌને વહેંચ્યો. જેટલા દિવસ ભાદરામાં રોકાયા, તેટલા દિવસ જૂના મંદિરે અચૂક જાય. દરેક ગામ કે તીર્થમાં, મહારાજના પ્રસાદીના જૂના મંદિરે ગયા વગર સ્વામીશ્રીને ચાલે જ નહિ. અને દરેક વખતે એટલા જ ભાવથી દર્શન, દંડવત્, પ્રદક્ષિણા કરે. જાણે ભક્તિ અને મહિમા એ જ એમનું જીવન જણાય ! ઉપરથી દેહક્રિયા કરતા જણાય, પણ ક્ષણે ક્ષણે મહારાજ, સ્વામી, શાસ્ત્રીજી મહારાજનું અનુસંધાન !

ઉતારે આવી ઉકાળા-પાણી કર્યાં. ભાદરા-ગુણાતીતનગર સ્ટેશને પધાર્યા. સ્ટેશન જોયું. સ્ટેશન માસ્તરની ઓરડીમાં પ્રેમશંકરભાઈ, જેઓ સ્વામીશ્રીની આજ્ઞાથી ટિકિટ આપવાની સેવા કરતા હતા, એમને આશીર્વાદ આપ્યા.

'એમનું અંતર ચોખ્ખું છે...'

ભાદરાથી વિદાય લઈ ધ્રોળ આવ્યા. ઠાકોર સાહેબને બંગલે પધરામણી કરી. હડમતિયા સ્ટેશનથી ડાંગરા સુધીનો રસ્તો કરી આપવા સ્વામીશ્રીએ તેમને સૂચન કર્યું.

ઠાકોર સાહેબ કહે : 'સ્વામીશ્રીના મને દસ-પંદર અનુભવ થયા છે. એમના અંતરની ઇચ્છા હોય તે સાચી પડે છે. પણ 'આશીર્વાદ આપો' એમ કહી બોલાવડાવે તો કંઈ ન વળે. એમનું અંતર ચોખ્ખું છે. ભગવાન રહ્યા છે. તેથી વચન સિદ્ધ થાય છે. આપણે તે જે રસ્તો બતાવે તે પ્રમાણે કરીએ, તો

આપણો મોક્ષ થાય. સ્વામીશ્રી બીજું ઓછું જાણે છે, પણ અંતર ચોખ્ખું છે.'

એમણે સ્વામીશ્રીને ખાસ વિનંતી કરી કે 'જ્યારે જ્યારે આપ આ તરફ પધારો, ત્યારે મારે ત્યાં જરૂરથી પધારશો.'

ઠાકોર સાહેબ સ્વતંત્ર પક્ષ તરફથી ચૂંટણીમાં ઊભેલા. જ્યારે સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપતાં કહ્યું : 'જાવ, તમે કૉંગ્રેસમાંથી ચૂંટાઈ જાશો.'

એના અનુસંધાનમાં તેમણે કહ્યું કે 'સ્વામીશ્રી લૌકિક વાતો ઓછી જાણે છે.'

આવું તો ઘણી વાર બનતું. ચૂંટણી વખતે ઘણા ઉમેદવારો આશીર્વાદ લેવા આવે. કેટલાક ઉમેદવારો સામસામે ઊભા હોય ને જુદાં જુદાં સમયે આશીર્વાદ લેવા આવે. સ્વામીશ્રી દરેકને આશીર્વાદ આપે.

કોઈ પૂછે : 'સ્વામી ! આમ કેમ ?'

તેઓ કહે : 'આપણે કાંઈ ન જાણીએ. આપણને એમાં ખબર ન પડે. આપણે આશીર્વાદ આપવા. પછી મહારાજને જેમ કરવું હોય તે કરે.'

આવી એમની નિર્દોષતાથી પણ લોકોને બહુ આનંદ થતો અને આ જાણવા છતાં ઉમેદવારો આશીર્વાદ લેવાનું ચૂકતા નહિ.

ધ્રોળથી રાજકોટ આવતાં, રસ્તામાં પડધરી ગામે રસ્તા ઉપર હરિભક્તોને દર્શન આપ્યાં. રાજકોટમાં સભા કરી. અહીંથી વિદાય લઈ ગોંડલ પધાર્યા. દેરીમાં તથા શિખરમાં દર્શન કરી, સભામાં બિરાજ્યા.

સાંજે ૭-૦૦ વાગે અક્ષર ઘાટમાં સભા કરી. 'હરિચરિત્રચિંતામણિ'નું વાચન કરાવ્યું. ધર્માખ્યાન ગ્રંથની વાત નીકળી. સ્વામીશ્રી કહે : 'મુક્તાનંદ સ્વામીએ આ ગ્રંથ રચ્યો છે. શાસ્ત્રીજી મહારાજ આ ગ્રંથ ભણેલા. આ ગ્રંથ ક્યાં હશે ? તપાસ કરો.'

અક્ષરધામની કમાણી કરવી

રાતની સભામાં મહેળાવના હરમાનભાઈ મલાવી, આફ્રિકા જઈ રહ્યા હતા. તથા મ્વાન્ઝાના ભક્તો કનુભાઈ, દેસાઈભાઈ લંડન જઈ રહ્યા હતા. તેમને આશીર્વાદ આપી, સત્સંગ જાળવવા સંબંધી વિદાયની શીખ આપી :

'શાકાહારી રહેવું. રવિવારની સભામાં જાવું. આશરો ભગવાનનો રાખવો. સત્સંગ રાખવો. અક્ષરધામમાં જવાની કમાણી કરવા ભરતખંડમાં આવ્યા છીએ. પાંચ માળા ફેરવવી. ભાઈબંધને સભામાં તેડી જાવા. ખાંડાની ધાર ઉપર રહેવું.'

સભાજનોને સંબોધતાં કહે : 'સરભરા કામ કરે. જ્ઞાન ઠઠ્યું રહે.

જૂનાગઢના સંતો ગામડાંના હરિભક્તોનું બહુ રાખતા. શાસ્ત્રીજી મહારાજ બહુ રાખતા. રાખ-રખાવટનો સત્સંગ ખરો છે. એક જીવને આ માર્ગે ચડાવે તો બ્રહ્માંડ ઉગાર્યાનું પુણ્ય થાય. રાખ-રખાવટ શું ? ચા-પાણી પાય. આવો ભાઈ ! બેસો. રાખ-રખાવટ એનું નામ જ જ્ઞાન. રાત-દી' કથાવાર્તા કરવી. સોપો પડવા ન દેવો. સોપો પડે તો થઈ રહ્યું. ગ.મ. ૬૬ના વચનામૃતમાં કહ્યું : 'જેને સાક્ષાત્ ભગવાન ને ભગવાનના સંતની પ્રાપ્તિ થઈ, તેને જીવતે તો ભગવાનનાં કથા-કીર્તન કરતાં થકા જ દિવસ ને રાત્રિ વીતે છે.'

અહીં સ્વામીશ્રીએ રાખ-રખાવટનો બહુ મહિમા કહ્યો. કારણ, પોતે પણ સમગ્ર જીવન નાના-મોટા સૌ હરિભક્તોની સેવા કરી છે. ભક્તોને ગરમ ગરમ રસોઈ જમાડી છે. કપડાં ધોયાં છે. પથારી કરી આપી છે. તેથી એમનાં રોમરોમમાં વણાયેલું સેવાનું કર્તવ્ય, વાણીરૂપે સહેજે બહાર આવી જતું; પણ સ્વામીશ્રી જે ભક્તોની સેવા-શુશ્રૂષા કરતા તે ભગવાનના સંબંધવાળા જાણી, મહિમાપૂર્વક કરતા. પોતાના પ્રત્યે ભાવ પ્રગટ કરવાનો લેશ હેતુ નહિ. આથી તેઓ શુદ્ધભાવની સરભરા જ સૂચવતા; નહિ કે સરભરા કરી, લોકને આકર્ષી પોતાનો સ્વાર્થ કાઢી લેવો. 'રાખરખાવટ એ જ જ્ઞાન' - ત્યાં સુધી કહીને, પોતે મહિમાપૂર્વકની સેવાનું ગૌરવ વધારતા. સાથે કથાવાર્તાને પણ એટલું જ પ્રાધાન્ય આપતા.

પારાયણોના પુરસ્કર્તા

સ્વામીશ્રીએ રાત્રે વચનામૃતનું વાચન વ્યાસપીઠ ઉપર બિરાજી કર્યું હતું. અને ગ.અં. ૮મું વચનામૃત સુંદર રીતે સમજાવી સહુને અપાર આનંદ કરાવ્યો હતો.

મુંબઈના શેઠ પાનાચંદભાઈ તરફથી 'સ્વામીની વાતું' તથા 'વચનામૃત'નું પારાયણ ચાલતું હતું. પ્રમુખસ્વામી તા. ૧૪મીએ અમદાવાદથી પધાર્યા. સાથે મગનભાઈ સેક્રેટરી, રસિકભાઈ, મણિભાઈ, ખેંગારજીભાઈ, ભોગીભાઈ ચોકસી, બકુભાઈ, જમનાદાસભાઈ અમીન વગેરે હરિભક્તો પણ આવ્યા હતા. સ્વામીશ્રી ગોંડલ બિરાજતા હોય ત્યારે ગામોગામથી હરિભક્તો સમાગમ માટે ઊમટતા. સૌને દર્શનની ખૂબ જ તાણ રહેતી.

સ્વામીશ્રીને થોડી ઉધરસ શરૂ થઈ હોવાથી ડૉ. જમનાદાસભાઈ જોવા આવ્યા હતા. ગોંડલ રાજ્યના જૂના અનુભવી આ ડૉક્ટર સાહેબ ગોંડલ ખાતે

સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય હંમેશાં જોતા અને મહિમાપૂર્વક સેવા કરતા. ઉધરસ માટે આજથી સોવેન્ટોલ સીરપ શરૂ કર્યું. સ્વામીશ્રી કહે : 'પાણી વધારે નાખવું. એક ચમચી દવા ને ચાર ચમચી પાણી.' પછી ડૉક્ટર સ્વામીને કહે : 'તમારે બે વખત દવા આપવા આવવું.'

સવારે પારાયણ પછી સ્વામીશ્રી આશીર્વાદ આપતા હતા અને લાઇટ જતી રહી. માઇક બંધ થઈ ગયું. તુરત સ્વામીશ્રી બોલ્યા : 'અમેરિકામાં બંધ ન થાય. વિલાયતમાં બંધ ન થાય. માણસો ઉપર કડપ બહુ. અહીં તો રહેતા હૈ, ચલતા હૈ...' પારાયણનો પ્રસંગ ચાલુ હતો.

રાત્રે 'વચનામૃત' વાંચવા સ્વામીશ્રી બિરાજ્યા. તેઓની વાંચવાની પદ્ધતિ ધીરી, પણ જુસ્સાવાળી રહેતી. વાચનમાં શબ્દો ઉપર એવી રીતે ભાર આપતા કે મહત્ત્વના શબ્દો ઉપર સૌનું ધ્યાન ખેંચાય. તે જ પ્રમાણે જરૂર હોય ત્યાં સાવધાનીથી અટકતા અને વાક્યનો મર્મ સમજાવતા.

ગ.મ. ૮ના વચનામૃતમાં વાત આવી કે 'ગાદી-તકિયા નંખાવીને વિરાજમાન હતા' ત્યાં અટક્યા ને કહે : 'કોઈ નવરો નહિ હોય એટલે નંખાવવા પડ્યા !' આમ, પ્રસંગ અને સમયનો હૂબહૂ ચિતાર પણ એમની લાક્ષણિક શૈલીમાં આવી જતો. જે શ્રોતાઓને વધુ રસપ્રદ બનતો.

'મહારાજમાં પતિવ્રતાપણું થાવું એ કઠણ. એક હરિભક્ત જૂનાગઢ આવ્યા. સ્વામીએ પૂછ્યું : 'કેટલી માળા ફેરવો છો ?'

'વીસ. પાંચ જમિયા દાતારની, પાંચ મેલડીની, પાંચ ગણપતિની અને પાંચ માતાની.'

'પછી કોણ તેડવા આવે ?'

પ્રસંગોચિત્ત નાનકડાં દૃષ્ટાંતો, વ્યાવહારિક પ્રસંગો આબેહૂબ વાર્તાલાપમાં હાવભાવ સાથે રજૂ કરી, સ્વામીશ્રી શ્રોતાઓને મુગ્ધ કરતા એટલું જ નહિ, પણ અધ્યાત્મ-વાતનો મર્મ પણ જીવ સોંસરવો ઉતારી શકતા.

સુખી થવાના સાધનમાં સ્વધર્મ સમજાવતાં કહે : 'સ્વધર્મ નકરો કીધો હોત તો ન હાલત ? પણ દૃઢ કીધો. નાનાં-મોટાં વચન પાળવાં તે સ્વધર્મ. સ્વામિ-નારાયણના આશ્રિત થયા તે સરઘસ(સરકસ) જોવા જાય તો ક્યાં સ્વધર્મ રહ્યો !'

સ્વધર્મની ઊંડી વાત સમજાવતાં પહેલાં સામાન્ય જીવનમાં ડગલે ને પગલે મોહ પમાડતાં પ્રલોભનો રજૂ કરે. એક વાર તો સૌને સચોટ જાણપણું આપે જ કે સરકસ કે સિનેમા, નાટક કે ચેટક સત્સંગીએ તો કદી જોવાય જ

નહિ. સ્વામીશ્રીની નરી નિર્દોષ વાણી કઠણ હૈયાંને પણ હલાવી નાખતી.

'અડધું વચનામૃત વાંચવું, પણ જીવમાં ઉતારવું...'

સભામાં બેઠેલા મોહનભાઈ રાઠોડને સંબોધીને સ્વામીશ્રી કહે : 'સાંધા એટલે વાંધા. શાસ્ત્રીજી મહારાજ આપણા ગુરુ. બીજે માલ ન મનાય.

'બહુ ભીડો પડે, કારસો આવે, એટલે ઉદાસ થઈ જાય. ઘર ભેગો થઈ જાય. દાદાખાચર ઉદાસ થયા ? જગતથી કોઈ ઉદાસ થાય છે ? બૈરાં-છોકરાં જોડા મારે તોય ઉદાસ ન થાય.

'બેપરવાઈ શું ? ત્યાં જ કલ્યાણ ભાળ્યું છે ! ઘરે માળા ફેરવશું. વચનામૃત વાંચી લઈશું. ત્યાં નથી જવું. જીવાખાચર, અલૈયાખાચર, નિર્વિકલ્પાનંદ તેમને બેપરવાઈ થઈ ગઈ.'

વચનામૃત પૂરું થયા બાદ સ્વામીશ્રી મને કહે : 'ધૂન બોલાવો.'

સંતોએ સ્વામીશ્રીને વિનંતી કરી : 'આપ બોલાવો.'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'મારું ગળું બેસી ગયું છે.'

પછી જમવાની પંગતમાં જે રીતે ધૂન બોલાય છે તે ઢાળથી થોડી ધૂન બોલાવી. પછી અમે ઉપાડી લીધી. કોઈ અતિ નિકટના સ્વજન સમા સ્વામીશ્રીનો આ પ્રકારનો લહાવો-મોકો મળે તો સંતો લઈ લેતા, જે સ્મૃતિરૂપ બની જતું.

મોહનભાઈ રાઠોડ તથા હર્ષદભાઈ દવે પાસે પ્રવચનો કરાવ્યાં. વચનામૃતની કથા પછી પણ સભામાં સ્વામીશ્રીએ પ્રવચનો કરાવ્યાં. જાણે કથા-વાર્તા અખંડ ચાલુ જ રહે, સોપો પડે જ નહિ, એવી એમની સદાય રુચિ રહેતી.

બીજે દિવસે વહેલી સવારે મંગળ પ્રવચન પહેલાં સ્વામીશ્રીએ પત્રવાંચન કરાવ્યું. તેમાં લંડનથી મનુભાઈ શાહનો પત્ર હતો. સ્વામીશ્રીને લંડન પધારવા આમંત્રણ આપ્યું હતું તથા બોર્ડિંગ હાઉસ કરવા માટે એક મકાન અંગે સૂચન કરેલું. પ્રોપર્ટી ન મળે તો પોતાનું મકાન પણ પાંચસો પાઉન્ડ ઓછા લઈ, આપી દેવા લખેલું. સ્વામીશ્રીએ તે અંગે સંમતિ આપતો પત્ર લખાવ્યો.

સેવામાં ન મુઝાય તે ભક્તિ

મંગળ પ્રવચનમાં કહે : 'આજે વહેલું જવું છે... માટે એક અષ્ટક બોલી લો.' પછી વાત કરી :

'અત્યારે તો મહારાજ જેવો ભીડો નથી. રામરાજ્ય જેવું છે. તેમાંય અનુવૃત્તિ પાળે તો રાજીપો થઈ જાય. મોટાને જેવો જાણે તેવો થાય. તેની ક્રિયા

ગુણાતીત. રાંક હોય તે રાજા થાય. ભીડો આવે તેમાં પસાર થઈ જવું. અંતરનો રાજીપો લઈ લેવો. સેવા કરે ને ન મુઝાય તે ભક્તિ કહી. શાસ્ત્રીજી મહારાજ છતાં આશાભાઈ, રામચંદ્રકાકા, મણિકાકા આજ્ઞામાં વર્ત્યા તો અઢળક ઢળ્યા.

'સારંગપુરમાં મંદિર થતું હતું તે ગામના ગલઢેરાંએ વિરોધ કર્યો. તે કહે : 'શાસ્ત્રીજી મહારાજ ગામ તાણી જાશે.' કલેક્ટર આવ્યા ને કહે : 'ગલઢેરાં નહિ ગધેડા છે.'

ઊઠતાં ઊઠતાં અંબાલાલભાઈ અમદાવાદવાળાને પૂછ્યું : 'દીકરા આવી ગયા ? મળ્યા ? ભલુ આવી ! જગન પૂરો.' એમ કહી ખૂબ હસ્યા.

પછી તે વાત પૂરી કરી : 'સાંભળો. એક બાવો હતો. તેની બાઈનું નામ ભલુ. તે જતી રહી. તે ક્યાં ગોતવા જાવી ? એટલે મોટો યજ્ઞ કર્યો. બધે આમંત્રણ દીધાં. બાવાએ પૂછ્યું : 'બૈરી ભલુ આવી ?' કોઈએ કહ્યું : 'હા, આવી.' બાવો કહે : 'જગન પૂરો.' એમ ઊભા થતાં થતાં વાત પૂરી કરી સૌને આનંદ કરાવ્યો.

નાના નાના રમૂજી દૃષ્ટાંતો સ્વામીશ્રી પ્રસંગોચિત રજૂ કરી, સૌને આનંદમાં મગ્ન રાખતા. સ્વામીશ્રીની મસ્તીમાં સૌ મસ્ત બનીને ફરતા.

પ્રથમ અક્ષરપુરુષોત્તમ હાઈસ્કૂલ

તા. ૧૫-૬-'૬૮ના સવારે ૯-૦૦ વાગે સ્વામીશ્રીના સાંનિધ્યમાં ગુજરાત રાજ્યના કેળવણી પ્રધાન ગોરધનદાસ ચોખાવાળાના હસ્તે 'અક્ષર-પુરુષોત્તમ સ્વામિનારાયણ હાઈસ્કૂલ'નું ઉદ્ઘાટન થયું.

સ્વામીશ્રીના આશીર્વચન પછી આ વિધિ હતો. આશીર્વાદ આપતાં સ્વામીશ્રી કહે : 'હવે ચોખાવાલા સાહેબનું ઉદ્ઘાટન થશે.'

ચોખાવાલા સહિત આખી સભા હસી પડી. 'ચોખાવાલા સાહેબના હસ્તે ઉદ્ઘાટન થશે' તેને બદલે સ્વામીશ્રી જુદું જ બોલ્યા, પણ સૌને સ્મૃતિ રહી ગઈ.

ત્યારબાદ નૈરોબી સત્સંગ મંડળના ઉપપ્રમુખ ગોરધનદાસ ભટેસાના હસ્તે 'સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી સંસ્કૃત પાઠશાળા'નું તેમજ ગોંડલના વૈદ્યરાજ શિવકુમારના હસ્તે 'ગુણાતીત આયુર્વેદિક ઔષધાલય'નું ઉદ્ઘાટન થયું.

આ પ્રસંગનું પ્રમુખ સ્થાન નાયબ પ્રધાન જયરામભાઈ પટેલે લીધું હતું. સૌ પ્રથમ પ્રાથમિક ટીચર્સ ટ્રેનિંગ સ્કૂલના સ્કાઉટ મંડળે સલામી આપી. પછી ઉદ્ઘાટન વિધિ થયો. સભામાં સૌ પ્રથમ ધૂન બાદ શાસ્ત્રી નારાયણ ભગતે વેદગાન કર્યું. હાઈસ્કૂલના આચાર્ય પ્રહ્લાદભાઈ ટી. પટેલે સંદેશાવાચન કર્યું.

હર્ષદરાય દવેએ સ્વાગત પ્રવચન કર્યું.

ત્યારબાદ ગોંડલ નગરપાલિકાના પ્રમુખ ધનજીભાઈ તથા શહેરના જાણીતા કાર્યકરો ડૉ. દેવશીભાઈ પટેલ અને ઍડવોકેટ દુર્લભજીભાઈ શુક્લ, ભટેસા, શિવકુમાર વૈદ્ય અને પ્રમુખસ્વામીએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં.

ચોખાવાળાએ પ્રવચન કરતાં કહ્યું : 'અહીં આ ત્રણ શુભ કાર્યો થયાં છે. આધુનિક સમયમાં વિદ્યાર્થીઓની સમસ્યાનો ઉકેલ લાવનારી આવી સંસ્થા પૂજ્ય યોગીજી મહારાજે ઊભી કરી છે, તેથી ઘણો જ આનંદ થાય છે. અહીં રહી વિદ્યાર્થીઓ નીતિ, શિસ્ત અને શ્રમનો મહિમા સમજતા થશે.'

જયરામભાઈ પટેલે પણ સ્વામીશ્રીની વ્યાપક દૃષ્ટિ અને આ સામાજિક પ્રવૃત્તિ જોઈ આનંદ વ્યક્ત કર્યો હતો. સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું કે 'શાસ્ત્રીજી મહારાજના પ્રતાપે આ હાઈસ્કૂલ થઈ છે. આખા હિન્દુસ્તાનમાં તે નામ કાઢશે. અહીં અક્ષર દેરીમાં લાખો માણસો પગે લાગવા આવશે. કૉલેજો થશે.'

અંતમાં મગનભાઈ સેક્રેટરીએ આભાર વિધિ કર્યો. સભામાં આશરે ૧,૫૦૦ જેટલા હરિભક્તો અને અન્ય મુમુક્ષુઓ હાજર રહ્યા હતા.

શીતળ વૈરાગ્યની ભભક

બપોરે અક્ષર દેરીમાં પ્રદક્ષિણા કરી, સ્વામીશ્રી ઘાટ ઉપર પધાર્યા. અહીં યુવકો પાણીના પૂરમાં ઘાટમાં ધસી આવેલા પથ્થરો કાઢી, ઘાટ સાફ કરતા હતા. તેમની કાર્યતપાસ કરી, આશીર્વાદ આપી, સભામાં પધાર્યા.

આજે મુંબઈથી હરિભાઈ સોની આવેલા. તેઓ લીલાં અંજીર ઠાકોરજી માટે લાવેલાં તે ટોપલી ખોલી નિરીક્ષણ કર્યું. ફળમાં ક્યારેક લીલાં અંજીર મુંબઈના હરિભક્તો લાવે તે સ્વામીશ્રી અંગીકાર કરતા. બાકી સામાન્ય રીતે ફળમાં પપૈયું તથા ચીકુ જો પાકાં હોય તો ગ્રહણ કરતા. તે પણ નાનું બાળક મોઢામાં મૂકે એટલું જ. કોઈ વસ્તુ ભાવે એટલે જરા વધારે લેવાની વાત જ નહિ. તમે આગ્રહ કરતાં થાકો, પણ એમનું મન લેશપણ પલળે નહિ. તમને જ સામે આગ્રહ કરી, પ્રસાદરૂપે આપવા માંડે. એટલે તમે બોલતા બંધ થઈ જાવ. ખાવાની કોઈ વિશેષ રુચિ જ નહિ. ફક્ત દેહ-નિભાવ માટે ન છૂટકે, પરાણે જમતા હોય એવું જણાય. ઘણી વાર પોતે કહેતા કે 'કાઈ ગયા, ખાઈ ખાઈને કાઈ ગયા... તમે નાના છો, તમે જમો.'

અતિશય તીવ્ર વૈરાગ્ય. વૈરાગ્યની વ્યાખ્યામાં પણ ન સમાય એટલો

વૈરાગ્ય. પણ દેખાડવાની લેશ વૃત્તિ નહિ. અતિશય છુપાવીને વર્તે. લેશ હુંહાટો નહિ કે ફુંફાડો નહિ. એમના અંતરમાં પ્રજ્વળતો વૈરાગ્યનો પ્રચંડ અગ્નિ, બહાર અત્યંત શીતળ હતો. બીજાને એ વૈરાગ્યની જ્વાળાઓનો સ્પર્શ થવા ન દે. પ્રેરણા આપે, પણ દઝાડે નહિ; પણ એમના વૈરાગ્યનો એ શીતળ અગ્નિ, લોકોનાં હૃદય સોંસરો ઊતરી જતો. યુવાનીના મદમાં મહાલતા, રૂપ, કુળ ને બુદ્ધિમાં રાચતા, જીવનની અનેક આકાંક્ષાઓના મહાલયોમાં નાચતા યુવાનોનાં હૃદયને, એ વૈરાગ્યની તીખી અણીવાળા પણ પ્રેમ-રસાયનમાં ડૂબેલાં બાણોએ આરપાર વીંધી નાખ્યા. મા-બાપ, કુટુંબ-કબીલાનો છેડો અંતરથી ફાડીને નવલોહિયાઓએ એ મહાપુરુષના ખોળામાં પડતું મૂક્યું. આ હતી એમના વૈરાગ્યની ભભક !

યુવાનો સ્વામીશ્રીને ઘણી વાર કહેતા કે : 'તમે સાધુ થવાનું કહો છો, પણ અમારામાં લેશમાત્ર વૈરાગ્ય નથી. તો અમારો ત્યાગ નભશે કઈ રીતે ?'

ત્યારે સ્વામીશ્રી હંમેશાં એક જ ઉત્તર આપતાં, જે શ્રીજીમહારાજે વચનામૃત ગ.અં. ૨૯માં જણાવ્યું છે કે 'પોતાને વિચારે કે કોઈ રીતે તીવ્ર વૈરાગ્ય થાય નહિ; અને જો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ એ ચાર ગુણે સંપન્ન જે મોટા સાધુ તેની સાથે એને અતિશય હેત થાય, જેમ ભગવાન સાથે હેત થાય છે, તો વૈરાગ્ય ન હોય તોપણ એનો ત્યાગ પાર પડે.'

રાત્રે સભામાં મોહનભાઈ રાઠોડની પાસે વાત કરાવી. મુંબઈના પ્રતિષ્ઠિત આર્કિટેક્ટ મોહનભાઈ રાઠોડ સંતો અને શાસ્ત્રોના વ્યસની હતા. વળી, રામાયણની ચોપાઈઓ સ્પષ્ટ અને સુંદર રીતે ગાઈ સંભળાવતા ને સમજાવતા. જ્યારે પણ મુંબઈ કે બીજે સ્થળે તેઓ સ્વામીશ્રીનાં દર્શને આવે, સ્વામીશ્રી અચૂક તેમની પાસે સત્સંગના મહિમાની વાતો કરાવે. પરોક્ષપણે ભક્તિ કરતા મોહનભાઈને સ્વામીશ્રી ધીરેથી સમજાવે કે 'બીજા સાંધા મૂકી દેવા. મહારાજની ભક્તિ કરવી. સંતો ઘણા, પણ શાસ્ત્રીજી મહારાજ એક અને અજોડ.'

સ્વામીશ્રીનાં આવાં પ્રેમાળ વચનોથી મોહનભાઈને પરોક્ષના આંકડા એક પછી એક છૂટતા ગયા ને પ્રગટમાં ભાવ વધવા લાગ્યો. ગેડ બેસવા લાગી. ધીરેથી ને હેતથી મોટાપુરુષ જીવનું કેવું રૂપાંતર કરી શકે છે તે આવા પ્રસંગે જોવા મળતું.

ચોકસાઈના આગ્રહી

સ્વામીશ્રીનો સાદ બેસી ગયો હતો. જુદી જુદી ગોળીઓ લીધી પણ ખુલ્યો

નહિ. પહેલાં કોઈએ વાત કરેલી કે 'ટંકણખાર ફુલાવીને મોઢામાં પાઈ ભાર રાખવો.' એટલે ટંકણખાર મગાવેલો. પણ આવ્યો ન હતો તેથી ગુણવંતને પૂછ્યું : 'ટંકણખાર આવ્યો ?'

તે કહે : 'દુકાન બંધ થઈ ગઈ છે, તેથી મળ્યો નથી.'

આ વાત ચાલતી હતી ને રાજકોટવાળા સોની ટંકણખાર લઈને આવ્યા.

'આટલો બધો શું કામ લાવ્યા ?'

સ્વામીશ્રીને કોઈ વસ્તુ જોઈતી હોય તે કોણ ઓછું લાવે ! સામાન્ય વસ્તુનો થોડો બગાડ થાય એ પણ જેને પાલવતું નથી તે સ્વામીશ્રી કહે : 'થોડો લાવવો. બે આનાનો લાવ્યા ? એટલો બધો ન લાવવો. પૈસાભાર લાવવો.' એમ પ્રશ્નોની ઝડી વરસાવી.

ત્યારે આપણને ખ્યાલ આવે કે આવી નાની બાબતમાં મોટાપુરુષ કેમ પૂછપૂછ કરતા હશે ! આવી નાની નાની ચોકસાઈથી જ એમનું જીવન સંપૂર્ણ ચોકસાઈવાળું બન્યું છે, એમ તેઓ બતાવતા હશે, અને સૂચવતા હશે કે એમાં પણ દિવ્યતા જોતાં શીખો.

રાત્રે સભામાં થોડી વાર દર્શન આપી સ્વામીશ્રી ઓરડામાં પધાર્યા. સ્નાન કરી આરામમાં પધાર્યા.

સૌને નિરખતાં સાચા પ્રેમથી

ઓરડામાં આવ્યા પછી પણ સ્વામીશ્રીની પાછળ પાછળ મુલાકાતીઓની વણઝાર હોય જ. તેઓ દવા લેતા હોય કે સ્નાન કરવા જતા હોય, દિશાએ જઈને માટીથી હાથ ધોતા હોય કે વસ્ત્રો પહેરતા હોય, પણ ભક્તો કંઈ ને કંઈ પૂછપરછ માટે નજીક આવી પહોંચે. કોઈ રોક-ટોક નહિ, તેથી સમય-કસમયનો કોઈ વિચાર ન કરે. પોતાની સગવડ પ્રમાણે દોડી આવે.

સ્વામીશ્રી કોઈપણ ક્રિયા કરતા હોય પણ હસતાં હસતાં સૌને મળે, પૂછે, જવાબ દે, ઉકેલ કરી આપે, સાંત્વન આપે ને છેવટે આશીર્વાદ તો ખરા જ. ગાતરિયાની નાજુક ગાંઠ વાળતાં વાળતાં પણ એમનો વાર્તાલાપ ચાલુ હોય. એક હાથે જળપાન કરે ને બીજે હાથે આશીર્વાદ આપે. આશીર્વાદનો ધબ્બો જ્યાં સુધી આવેલ મુલાકાતીના બરડામાં પડે નહિ, ત્યાં સુધી એને પૂર્ણ સંતોષ થાય જ નહિ. ત્યાં સુધી એના પગ ઓરડાની બહાર જાય જ નહિ. કોઈ પરાણે જવાનું કહે તો એનું મન તો એ કરકમળોના ધબ્બારૂપી સ્પર્શસુખ લેવા ત્યાંથી

ખસી શકે જ નહિ.

સત્સંગ અને નાનામાં નાના ભક્તોની શુશ્રૂષા સુધીની અનેક સ્વૈચ્છિક જવાબદારીઓથી સતત પ્રવૃત્તિશીલ રહેતા સ્વામીશ્રી ૭૭ વર્ષની ઉંમરે, શરીરના નાના પ્રકારના રોગોને અવગણીને, અખંડ પ્રસન્ન ચિત્તે ભક્તોની સંભાવના કરતા. એમનું આકર્ષણ જ એવું હતું કે કોઈ રોગી કે કોઈ દુઃખી એમની આગળ જ્યાં સુધી વેદના ઠાલવે નહિ ત્યાં સુધી ઘાયલની જેમ તરફડ્યા કરે. બે શબ્દો પણ દિલના સ્વામીશ્રી આગળ નિવેદન કરે, એમની કૃપાદૃષ્ટિ પડે અને આશીર્વાદનો ધબ્બો મળે એટલે એ દુઃખિયારો છુટકારો પામે. એ જ ક્ષણે એના મનની સમગ્ર વેદના દૂર થઈ જતી. અંતરમાં શાંતિનો અનુભવ થતો.

ધબ્બાનો કીમિયાગર

અહીંની બેઝિક ટ્રેનિંગ કૉલેજના પ્રિન્સિપાલ મોરબીના પી.જી. નાયક, સાંજે અક્ષર મંદિર સુધી બીજા પ્રૉફેસરો સાથે ફરવા આવતા. એ વખતે સ્વામિનારાયણ મંદિર વિશે વાતો થતી, પણ તેમને આ ધર્મ પ્રત્યે સૂગ હતી. તેઓ બ્રાહ્મણ હોવાથી શિવ અને ગણેશના ચુસ્ત ઉપાસક. 'મંદિર સારું અને મોટું છે,' એ સિવાય તેમને કોઈ મહિમા ન હતો.

એવામાં એક સત્સંગી પ્રૉફેસર મિત્રે માંગણી મૂકી કે 'સાહેબ ! આપણી સંસ્થામાં સ્વામિનારાયણ સંપ્રદાયના વિશ્વવંદનીય ગુરુ યોગીજી મહારાજ તથા સંતોને બોલાવીએ તો સારું.'

પણ તેમને સ્વામિનારાયણ ધર્મ પ્રત્યે સૂગ, તેથી નારાજ થઈ ગયા. છેવટે સાધુઓ શિક્ષણને લગતી સાંસ્કારિક વાતો કરશે તેમ માનીને સંમતિ આપી.

નક્કી કરેલા દિવસે અને સમયે સ્વામીશ્રી તથા સંતો પધાર્યા. થોડી વાર સ્વામિનારાયણ મંત્રની ધૂન ચાલી. સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમ મહારાજથી માંડીને ગુરુપરંપરાની જય બોલાવી. પ્રિન્સિપાલ સાહેબ તો ધૂંધવાઈ ગયા કે 'આ તો કૉલેજ છે કે કોઈ સ્વામિનારાયણનું મંદિર ?' તેમણે સત્સંગી પ્રૉફેસરને કહ્યું : 'હું તો સમજતો હતો કે અહીંયા શિક્ષણને લગતી વાતો કરવાની છે !'

પણ થોડી જ વારમાં પેલા પ્રૉફેસર મિત્રે તેમની સ્વામીશ્રી સાથે ઓળખાણ કરાવી. સ્વામીશ્રીએ હસતાં હસતાં કંઈપણ વાત કર્યા વિના વાંસામાં જોરથી ધબ્બો માર્યો ! બસ, એ જ ક્ષણે પ્રિન્સિપાલ સાહેબનો ગુસ્સો ઓગળી ગયો. તેમનું હૃદય પરિવર્તન થઈ ગયું ! વિદ્યુત કરંટની માફક સ્વામીશ્રીના

હાથમાંથી કોઈ અલૌકિક શક્તિ પસાર થઈ રહી હોય તેવો અનુભવ કર્યો. તેમને લાગ્યું કે 'આ સાધુપુરુષ જુદા જ છે !'

સંતોનાં પ્રવચનો પછી સ્વામીશ્રીએ તેમને પ્રસાદ આપ્યો. સ્વામીશ્રીની વાણીમાંથી ઝરતાં અનુપમ અમૃતનું પાન કરી, તૃપ્તિ અનુભવતા પ્રિન્સિપાલ સાહેબે સ્વામીશ્રી પાસે વર્તમાન ધરાવી લીધાં ! સર્વે પ્રૉફેસરો પણ આશ્ચર્ય-ચકિત થઈ ગયા.

સ્વામીશ્રીએ મારેલા ધબ્બાએ ગજબનું પરિવર્તન કરી દીધું. ગણપતિના ઉપાસક અને સ્વામિનારાયણ સંપ્રદાયને ધિક્કારનારા એક વિદ્વાન બ્રાહ્મણે સ્વામિનારાયણની કંઠી કેમ કરીને બાંધી ? સર્વેએ સ્વામીશ્રીની સામે જોયું. સ્વામીશ્રી મરક મરક હસી રહ્યા હતા. તેઓ ધારે તે કરી શકવાને સમર્થ હોય, તેવું તેજ તેમના મુખારવિંદ પર ઝળકી રહ્યું હતું.

સ્વામીશ્રીએ મંત્ર, તંત્ર કે કંઈપણ વિશેષ ઉપદેશ આપ્યા સિવાય, એક ધબ્બાથી પ્રિન્સિપાલ સાહેબનું હૃદય રંગી નાખ્યું. પી.જી. નાયક સાહેબના પુત્ર હરેન્દ્રભાઈ તથા તેમનું આખુંય કુટુંબ સત્સંગના રંગે રંગાઈ ગયું.

મુઝવણ-મુક્તિની યુક્તિ

બીજે દિવસે મંગળ પ્રવચનમાં અમદાવાદના પ્રિન્સિપાલ કે.કે. દવે સાહેબના વ્યાવહારિક કામ માટે ધૂન કરાવી.

પછી સ્વામીશ્રી કહે : 'મુઝવણમાં ત્રણ ઉપાય : ભગવાન ને સત્પુરુષના આશીર્વાદ. ભગવાન ને સંતની સ્તુતિ કરે. મહારાજ રક્ષા કરે, તો એક મિનિટમાં થઈ જાય. એક ચિત્તથી ધૂન કરે તો મહારાજ અરજી સાંભળે. પ્રાર્થના કરે તો શાંતિ થઈ જાય. દુઃખ ટળી જાય !'

વિરલ દાનેશ્વરી

મુંબઈના પાનાચંદ શેઠ અત્યારે પ્લેનમાં મુંબઈ જઈ રહ્યા હતા. સ્વામીશ્રીએ રૂડા આશીર્વાદ આપી, લગભગ પાંચ કિલો જેટલો પ્રસાદ આપ્યો.

વિદાય લેતા હરિભક્તોને ઠાકોરજીનો પ્રસાદ આપવાનું સ્વામીશ્રી ક્યારેય ચૂકે નહિ. આવી નાની બાબતો - જે કોઠારી કે નાના સાધુ પણ સંભાળી શકે; પણ સ્વામીશ્રીને આ વાતનો જાતે જ બહુ ઉમંગ. અગાઉથી સૂચના આપી દે. આટલી આટલી વસ્તુ, આટલું વજન, બરાબર બાંધીને લાવજો અને વળાવતી

વખતે હરિભક્તોને હાથથી જાણે ખોળો ભરી દેતા હોય, તેમ જ્યારે જાતે પ્રસાદ આપે ત્યારે એમને સંતોષ થાય.

હરિભક્તોને પણ એટલો જ આનંદ કે 'બાપાએ મને યાદ કરીને પ્રસાદ આપ્યો.'

ઘણી વાર સ્વામીશ્રી પ્રસાદ બહુ બંધાવે. હરિભક્તોને એટલો બધો પ્રસાદ લઈ જવાની ઇચ્છા ઓછી થાય. કેટલાક પ્લેનમાં જતા હોય, પરદેશ જતા હોય, તે વિનંતી પણ કરે કે 'બાપા ! પ્રસાદ ઓછો આપો તો ચાલશે.' પણ સૌની ઝોળી છલકાવી આપવાથી ટેવાયેલા સ્વામીશ્રીનું મન ઓછા પ્રસાદથી, સામાન્ય પ્રસાદથી માને જ નહિ. જેમ એમના પ્રેમને મર્યાદા નહિ, તેમ કશીક વસ્તુ આપવામાં પણ એટલા જ અમર્યાદી. સૌને ઢગલા મોઢે દેવાનું જ તાન ! પછી તે લૌકિક હોય કે અલૌકિક !

સવારે ૧૦-૦૦ વાગે પ્રાથમિક શાળા ટ્રેનિંગ ટીચર્સ સ્કાઉટના વિદ્યાર્થીઓની સભામાં પધાર્યા. હર્ષદભાઈ તથા સત્યપ્રિય સ્વામી પાસે વાતો કરાવી. પછી પોતે આશીર્વાદ આપ્યા.

❀ ❀ ❀



સોરઠની બ્રહ્મધાર

સાંજે ગોંડલથી જેતપુર જવા નીકળ્યા. રસ્તામાં 'ગુજરાત ઇલેક્ટ્રિસિટી બૉર્ડ'ની ઑફિસે પધરામણી કરી. જેતપુર મંદિરમાં દર્શન કર્યાં. અહીં ચાંદીના ઉપાડની અક્ષરપુરુષોત્તમની સુંદર મૂર્તિ છે. સ્વામીશ્રી જ્યારે જૂનાગઢ હતા અને અહીં પધારેલા, ત્યારે આ મૂર્તિની આરતી ઉતારેલી. પ્રદક્ષિણા કરી સભામંડપમાં દર્શન કર્યાં.

ધોરાજી પધાર્યા. ઓઈલ મિલવાળા જાદવજીભાઈને ત્યાં પધરામણી થઈ. હરિભક્તોએ ઠાકોરજી તથા સ્વામીશ્રીનું પૂજન કર્યું. હાર-તોરા પહેરાવી સ્વાગત કર્યું. સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં અહીં પારાયણ કરવાનો સંકલ્પ કર્યો અને તે માટેની તૈયારીઓ કરવા આજ્ઞા કરી.

રાત્રે ૯-૦૦ વાગે કુતિયાણા આવી પહોંચ્યા. મંદિર માટે લીધેલા મકાનમાં સ્વામીશ્રીનો ઉતારો હતો. બાજુના ઓરડામાં મોદિયા બાંધી જાજરૂ બનાવેલું. ત્યાં દિશાએ જઈ સ્વામીશ્રી સ્નાનાદિકથી પરવાર્યા. દરમ્યાન એ.પી. પટેલ તથા બાળમુકુંદ સ્વામીએ કથાવાર્તા કરી.

સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું : 'અહીં હવે મંદિર તૈયાર થયું છે તો માગશરમાં પ્રતિષ્ઠા થાય તેવું કરો. લાકડાનું સિંહાસન કરો. એક જણ મૂર્તિ કરાવે. બીજા સિંહાસન કરાવે. પછી હરિભક્તોને જમાડીને પ્રતિષ્ઠા કરી લઈએ.'

આમ મંદિર તો થયું, પણ જલદી મૂર્તિપ્રતિષ્ઠા કરવાની સ્વામીશ્રીએ પ્રેરણા આપી.

રાત્રે ૧૧-૧૫ વાગે પોરબંદર પહોંચ્યા. સભા ભરી. હેમેન્દ્રભાઈને ત્યાં ઉતારો હતો. પછી ૧૨-૦૦ વાગે આરામમાં પધાર્યા.

સ્વામીશ્રીના સૌરાષ્ટ્રના વિચરણમાં રાજકોટના ચંદુભાઈ અનડાની મોટી મોટર ડીસોટો સેવામાં આવે. તેમાં આગળની એક સીટ કાઢી, લાંબી પથારી

જેવું આસન રજાઈઓ ગોઠવી સંતો બનાવે. સ્વામીશ્રી લાંબા પગ કરી, ગરમ ધાબળો ઓઢી એમાં બિરાજે. બાજુમાં બે સેવકો હોય. ચંદુભાઈના દીકરા અરુણભાઈ ગાડી સારી ચલાવતા. જેથી ક્યાંય હેલો ન આવે. જુવાન માણસ એટલે સ્વાભાવિક રીતે ગાડી વેગમાં જ જતી હોય. સ્વામીશ્રી પૂછે : 'કેટલી સ્પીડ છે ?' તેઓ સ્પીડ ૬૦ હોય ત્યારે ૪૫ કહે. 'હં... ધીરે હાંકવી... ભજન કરતાં કરતાં જવું... આપણે ક્યાં ઉતાવળ છે...!' એમ સ્વામીશ્રી સૂચના આપે. તોપણ આવી દૂરની મુસાફરીમાં રાત્રે ૧૨-૦૦ વાગી જતા.

સદાય મદદનો હાથ આપવો

તા. ૧૭મીએ મંગલ પ્રવચનમાં કહે : 'ભગવાનમાં પ્રેમ વધવો જોઈએ. કેમ વધે ? મહિમા સમજાય તો. આશાભાઈ મોટાસ્વામીને પ્રેમ બહુ. સચ્ચિદાનંદ સ્વામીને પ્રેમ હતો.

'ધન નથી તો બેઠા છીએ. મોરારકા બાપા બોલે : 'સ્વામી બહુ મોટા.' પણ ઢૂંકડા ન આવે. અક્ષરપુરુષોત્તમ સ્વામી ગયેલા તે કહે : 'સમાગમ કરો.' ત્યારે કહે : 'અમે એક કલાક બેસીએ તો ઉથલપાથલ થઈ જાય.'

'માન આપે, બોલાવે-ચલાવે, તો રાજી થાય. ગમે એટલું ભણેલા હોય, લાખોપતિ હોય, પ્રધાન કે ગવર્નરનો હોદ્દો હોય તો અભિમાનમાં કોઈને મદદ ન કરે; પણ પાંચ વર્ષ પૂરાં થાય એટલે આપણા જેવા. પછી કોઈ ન પૂછે : 'ભાઈ ક્યાં બેઠા છે ?' કોઈ આપણું ભલું ન કરે તો ભલે, પણ આપણે કરવું. પરોપકાર !' રંતિદેવ રાજાનું આખ્યાન કહ્યું : 'દેહ પડી ગયો, પણ કીર્તિ રહી ગઈ. તે ગયા ન ગણાય.'

'સ્વાધ્યાયાન્ મા પ્રમદઃ'

એવામાં શંભુસિંહને ઝોલું આવ્યું. ત્યારે સ્વામીશ્રી કહે : 'ઝોલાને પૈસા બેસે છે ? પણ દસ હજાર રૂપિયા મળવાના હોય તો ઝોલું આવે ?'

કથાવાર્તાના પ્રસંગમાં કોઈ ઝોલું ખાય તે સ્વામીશ્રીના ધ્યાન બહાર જાય નહિ. કથામાં ભલે બસો-ત્રણસો હરિભક્તો બેઠા હોય, તોપણ વાતો કરતાં કરતાં પણ સ્વામીશ્રી ઝોલું ખાનારને અચૂક પકડે. ઘણી વાર તો કોઈ ઝોલું ખાવાની તૈયારીમાં હોય, અરે ! બગાસું ખાવાની પણ તૈયારીમાં હોય, ત્યાં જ સ્વામીશ્રી એને ઝડપી લે અને કહે : 'એ...! ઝોલું આવ્યું.' અને એ યુવક કે મોટા

હરિભક્ત તુરત સાવધાન થઈ જાય. સવારે મંગલ પ્રવચનમાં ને બપોરની કથામાં અને મોડી રાતની કથામાં પણ આવું બને. વહેલી સવારે સૌ નાહી-ધોઈ, પૂજા પાઠ કરીને આવ્યા હોય, સ્વાભાવિક કથામાં સૌ એવા તો લીન થઈ જાય કે ઝોલે ચડે. એટલે સ્વામીશ્રી વચ્ચે વચ્ચે કેટલાકને નામ દઈને બોલાવે, તાળીઓના પડકારા કરે, ને રમૂજી દૃષ્ટાંતો ને વાર્તાલાપથી સભાને ખડખડાટ હસતી કરી દે. સૌની ઊંઘ-આળસ પણ સાથે ખંખેરાઈ જાય.

'શું આવ્યું ?' એમ સંતો-હરિભક્તોનાં નામ દઈને પણ એમને પૂછવાની બહુ ટેવ. એટલે સૌ જાગ્રત રહે. જેને એક વાર પણ સ્વામીશ્રી યાદ કરે, બોલાવે, પૂછે, અરે ! આંખનો ઇશારો કરે અથવા દૃષ્ટિ પરોવીને જુએ, તેનો આનંદ સમાય નહિ. આખો દિવસ ઉત્સાહમાં ને મસ્તીમાં રહે.

સ્વામીશ્રીનો એ દિવ્ય સંબંધ, એમનું હેતથી બોલાવવું, ચલાવવું, જોવું, એ દરેકના હૃદય ઉપર સુવર્ણાક્ષરે અંકિત થઈ જાય. જીવનનું એક અવિસ્મરણીય સંભારણું બની જાય.

ઝોલામાંથી કોઈને જાગ્રત કરે, ત્યારે સ્વામીશ્રી ઘણી વાર એક સાખી બોલતા :

'ડોલા ખાઈને ડગમગે, હરણ ખાઈ ગયાં બગબગે,
સવારે ઊઠીને જોયું તો કો'ક છોડવો ફગફગે.'

એમ કહી, રખેવાળ ઊંઘી રહ્યો ને હરણિયા ખેતર ખાઈ ગયાં એ વાત લડાવીને કહી.

જોગી તારી વાણીની બલિહાર

સમયે સમયે સૌને ભગવદ્વાર્તા સાંભળવા સ્વામીશ્રી સૌને સાબદા કરે. જૂની કાઠિયાવાડી કહેવતો ને પંક્તિઓનો ઉલ્લેખ કરી તેના સંદર્ભની વાતો સ્વામીશ્રી આબેહૂબ રજૂ કરતા. ઓલિયા સંત તરીકે જાણીતા સ્વામીશ્રી સમાજ-જીવનના અને લોક-જીવનના પણ ઊંડા ને માર્મિક અભ્યાસી હતા તે કથાવાર્તામાં ને તેમની સાથેના વાર્તાલાપમાં સહેજે જણાઈ આવે.

સભામાં ભલેને પાંચસો, હજાર કે તેથી વધુ માણસો બેઠા હોય, પણ દરેકે દરેક સભાજન સાથે કથાવાર્તા દરમ્યાન સ્વામીશ્રીનો વ્યક્તિગત હૃદયતાર સંધાતો. તે એમની બહુમુખી પ્રતિભા, દિવ્યતા ને લોકમાનસ ઓળખી ભગવદ્વાર્તા કરવાની એક અજોડ કળા ને સિદ્ધિ હતી. ત્યારે ઘણા અનુભવી

સંતો-ભક્તો કહેતા કે આ સ્વામીશ્રી નથી બોલતા, પણ એમનામાં રહીને સાક્ષાત્ ભગવાન જ બોલે છે. એટલે જ હજારોનાં હૃદયને એમની વાણી ભેદી શકે છે. અને ઉપનિષદનાં વચનોનું તેઓ પ્રમાણ આપતા કે સાક્ષાત્કાર પામેલા પુરુષનાં વચનો સાંભળી હૃદયગ્રંથિ ભેદાય છે, સંશયો છિન્ન થાય છે, કર્મો ક્ષીણ થાય છે.

આ વાણીના જાદુએ આબાલવૃદ્ધ સૌને ઘેલું લગાડ્યું હતું. એ જાદુગારી મર્માળી વાણીને કાગ બાપુએ અપૂર્વ કાવ્યઅર્ઘ્ય અર્પી પોતાની ભક્તિ અદા કરી હતી. કોઈને આ વાણીમાં 'વરસંતો મેઘ મલાર' અનુભવાતો, તો કોઈને 'વાણીમાં અમૃત' જણાતું, કોઈ ભાવિક એ અવધૂતની અલગારી બોલીમાં 'વહાલાની વાંસળી'નો સૂર પણ સાંભળતો. અને એટલે જ કવિ કાગ એ વાણીને વારંવાર બલિહારી જતાં લખે છે :

જોગી તારી વાણીની બલિહાર, એ છે ત્રિભુવનની તારણહાર.
સાદી ને સોયલી સહજાનંદની આપેલી અમૃતધાર જી;
મુડદા માથે પડી મસાણે, બોલે જય જયકાર... જોગી.
જીભ ન બોલે, બુદ્ધિ ન બોલે, બોલે ન વેદ વિસ્તાર જી;
આતમને તારા વાચા ઊપજી, ઝીલે સકળ સંસાર... જોગી.
અધમ ઉદ્ધારન પતિત પાવન, ખળકે ગંગાધાર જી;
જેના ઉપર એનો ધોધ પડે એનો બેડલો થાય પાર... જોગી.
કાળા રંગનો 'કાગડો' એની લીધી સ્વામીએ સાર જી;
કાળો હતો તે બન્યો ઊજળો, હંસ ભણી અણસાર... જોગી.

✧

સભા પ્રસંગમાં ઘણા રમૂજી પ્રસંગો બનતા. કથાવાર્તાના ઈશ્કી સ્વામીશ્રીની હાજરીમાં સભા પ્રસંગ ઘણો જ લંબાય. જેમ પોતે એક ઉત્તમ વક્તા, તેમ ઉત્તમ શ્રોતા પણ હતા. સમૈયા-ઉત્સવોમાં સભામાં બેઠેલા ઘણા સંતો-ભક્તો પાસે પોતે પ્રવચનો કરાવે. તેથી ઘણી વાર કલાકો સુધી સભા ચાલે. કોઈ શ્રોતા કંટાળે ત્યારે દાઢી નીચે હથેળીનો ટેકો માંડીને સભામાં બેસે. સ્વામીશ્રી જાણે કે જરૂર આ બેધ્યાન થયો છે. તેથી તુરત તેને ટકોર કરે – 'કથામાં ટટ્ટાર બેસવું,' એમ કહી પોતે ટટ્ટાર બેસી બતાવે. અદ્‌ભુત અભિનય કરી બતાવે ! અભિનય કરવાની કળામાં પણ સ્વામીશ્રી ઉત્તમ. આથી બધાનું ધ્યાન સ્વામીશ્રીમાં કેન્દ્રિત થાય ને આળસનું મોજું જતું રહે. સ્વામીશ્રી કહે : 'ઘર પડે ત્યારે ટેકો દેવો પડે.' અર્થાત્ વૃદ્ધ હોય, માંદા હોય તે કદાપિ ટેકો દે,

પણ તમે તો જુવાન છો, તમારે તો ટટ્ટાર જ બેસવું જોઈએ.

વળી, કોઈ જુવાન કે આધેડ હોય, ને ભીંતે કે થાંભલે ટેકો દઈને બેસવાનો પ્રયાસ કરે, ત્યાં સ્વામીશ્રીનું ધ્યાન જાય જ. ને પોતાની બાજુમાં ઓશીકું પડ્યું હોય તે ઊંચું કરી કહે : 'લો, ઓશીકું.'

જ્યારે ટેકો જ દેવો છે તો ઓશીકું પણ રાખો, એટલે વધુ આરામ થશે – એવું કંઈક કહેવા માગતા સ્વામીશ્રીની આ ચેષ્ટા એકને બહાને સભામાં બેઠેલા તમામને ટટ્ટાર કરી દે. ધીરે રહીને તે વ્યક્તિને ભીંત કે થાંભલાથી દૂર બેસવાની સૂચના આપે. ભરસભામાં જ્યારે આ રીતે સ્વામીશ્રી સૌને મીઠું ટોકતા, ત્યારે નાના-મોટા જેને પણ કહે તે જાગ્રત થાય, સ્વામીશ્રીના વચનસ્પર્શથી આનંદિત થાય અને અંતરમાં મલકાય કે 'સ્વામીશ્રીએ મને બોલાવ્યો. મારી સામું જોયું.' કોઈને પણ એમ ન થાય કે 'સ્વામીશ્રી કેમ આ જાહેર સભામાં મને ટોકે છે, મારી ભૂલ કાઢે છે.' કારણ, નાના-મોટા સૌનું એમની સાથેનું જોડાણ લૌકિક ભાવથી પર, અમાયિક હતું. જ્યાં અહં-મમત્વનાં આવરણો ખસી ગયાં હતાં.

મંગળ પ્રવચનને અંતે સ્વામીશ્રી હંમેશાં ધૂન કરાવતા.

સવારે ઉકાળો પીતાં વાત કરી : 'શાસ્ત્રીજી મહારાજ અહીં પાંચ વખત પધારેલા. મોતીલાલ લવજી કરાંચીવાળાએ તેડાવેલા.'

'આ ગાંધીજીની જન્મભૂમિ.' મેં કહ્યું.

'આપણે તેમના જન્મ સ્થાન ઉપર જવું પડશે.' સ્વામીશ્રીએ કહ્યું.

પછી બધા સંતોને વારાફરતી પૂછ્યું કે 'અગાઉ અહીં આવેલા કે નહિ.'

મહંત સ્વામી કહે કે 'પહેલી વાર.'

'લો પ્રસાદી,' એમ કહી સ્વામીશ્રીએ તેમને ખાજલી આપી. પધરામણીમાં સંતોને મોકલ્યા.

રખડતા રામ

બપોરે સ્વામીશ્રી ઠાકોરજી જમાડતા હતા ત્યારે એક સંત સ્વામીશ્રીની પ્રશસ્તિના શ્લોકો બોલ્યા. તે સાંભળી સ્વામીશ્રી કહે : 'રખડતા રામ...' કહેતાં અમે તો રખડતા રામ છીએ. અમારી સ્તુતિ ન હોય.

જમ્યા બાદ ગ.પ્ર. ૫૭ વચનામૃત વંચાયું. તે ઉપર વાત કરી : 'હરિ-નારાયણ સ્વામી મૂળીના હતા. તે કોઈએ રસોઈ આપી હોય અને લાડુ વધ્યા હોય તેનું બીલ ન કરે. ગુણાતીતાનંદ સ્વામીના હેતવાળા હતા. મૂળી મંદિરમાં

એક વખત સભામાં વાત નીકળી. 'અક્ષર સાકાર કે નિરાકાર ?' બધા કહે : 'હરિનારાયણ સ્વામી કહે તે સાચું.' ત્યારે તેમણે ગ.પ્ર. ૭૧નું વચનામૃત કઢાવ્યું ને 'અક્ષર સાકાર છે' એમ સમજાવ્યું.

'સ્વરૂપનું જ્ઞાન શું ? મહારાજને ઓળખ્યા પણ તેના સંબંધવાળાને ઓળખે તે યથાર્થ જ્ઞાન કહેવાય.'

શાસ્ત્રીજી મહારાજની ઓળખ

સંતોએ સ્વામીશ્રીને પૂછ્યું : 'બાપા ! આપ શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ-જ્ઞાન કેવી રીતે કહેતા ?'

ત્યારે કહે : 'શાસ્ત્રીજી મહારાજે ભગતજી મહારાજની ખૂબ સેવા કરી છે. ભગતજીનું સ્વરૂપ હતા. ખૂબ ભીડો ખમ્યા છે. એમના સમાગમ માટે ધોળા પહેર્યાં છે. ભગતજીનું સ્વરૂપ એ મહારાજનું સ્વરૂપ છે.'

સાંજે સ્વામિનારાયણ મંદિરે પધાર્યા. દર્શન કરી, સભા ભરી. પૂજારી રામ ભગતે હાર પહેરાવ્યો. સંતો પાસે *'હરિગુણ ગાતાં...'* કીર્તન ગવરાવ્યું. કેટલાક નવા મુમુક્ષુઓને વર્તમાન ધરાવ્યાં.

પછી સુદામા મંદિરે પધાર્યા. ત્યાંથી ગાંધીજીના જન્મ સ્થાન - કીર્તિ મંદિર થઈ, સ્વામીશ્રી ભારત મંદિર પધાર્યા. બધા સંતો-ભક્તોની મૂર્તિઓ જોતાં જોતાં સ્વામીશ્રી મહારાજની મૂર્તિ આગળ પધાર્યા. દર્શન કર્યાં અને બોલ્યા : 'બધે ફરીને અહીં આવે ત્યારે શાંતિ થઈ જાય. આનો ફોટો લઈ લો.'

આખા મંદિરનું - મૂર્તિઓનું પુસ્તક છે તે જોયું. ધૂન કરાવી અને આવું આપણે ક્યાંક કરવું એવો શુભ સંકલ્પ પણ કર્યો. અહીંથી નીકળતા ખુરશી ઊંચી કરાવી અને મહારાજનાં ધારી ધારીને દર્શન કર્યાં. મૂર્તિનો સ્પર્શ કર્યો.

સ્વામીશ્રી ઉતારે પધાર્યા અને સંતો આજ્ઞા લઈ પ્લેનેટોરિયમ જોવા ગયા. સંતોએ સ્વામીશ્રીને સમજાવ્યું કે 'ત્યાં ધોળે દિવસે તારા બતાવે છે.'

'મને આ ગૂમડાં થયાં છે, તે ધોળે દિવસે તારા જોઉં છું,' એમ ગમ્મત કરી. આટલું દુઃખ હોવા છતાં એમણે ડાબે પગે થયેલાં બે ગૂમડાંની પીડા ક્યારેય વ્યક્ત કરી ન હતી.

નિપટ નિઃશંક મગન હોઈ બિચરત

સંન્યાસ આશ્રમમાં રાત્રે જાહેર સભા યોજાઈ હતી. હજારેક જેટલા

ભાવિકો આવ્યા હશે. ધૂન-કીર્તન બાદ પ્રવચન કરતાં ભટેસાએ કહ્યું કે 'આજે યોગીબાપા મોક્ષનો કૉલ આપે છે. એવા સમર્થ પુરુષ છે.'

આ સાંભળી લોકોએ તાળી પાડી. સ્વામીશ્રી પણ સાથે તાળી પાડવા લાગ્યા ! આ એક વિશેષ દર્શન હતું. સ્વામીશ્રીએ *'વિવેકી નરને એમ વિચારીને'* તથા *'પ્રાણ થકી મુને...'* એ કીર્તનો ગાઈ, બ્રહ્મસુલભ નિરૂપણ કર્યું.

રાત્રે ૧૧-૩૦ વાગે ઉતારે પધાર્યા. પગે ગૂમડા થયાં હોવાથી ટેટ્રાસાઈક્લિન કેપ્સ્યૂલ આપવાનું શરૂ કરેલ. મોડી રાત્રે આરામમાં પધાર્યા.

વળતે દિવસે સવારે ૫-૦૦ વાગે અષ્ટકગાન પછી વાત કરી :

'મહારાજે અન્યથાકર્તું શક્તિ બે જગ્યાએ વાપરી – જૂનાગઢમાં, જ્યાં નાગર વિરુદ્ધ; વડોદરા, જ્યાં દીવાન વિરુદ્ધ.

'જૂનાગઢમાં નાગરોએ અડદ મંત્રીને નાખવા માટે બાઈઓને તૈયાર કરી. સુરાખાચર કહે : 'શું કામ અડદ બગાડો છો ? શાક કરીને ખાવ.' બૅન્ડ-વાજાંથી સ્વાગત કર્યું. મહારાજે હાથી ઉપર બેસી કાકડી ખાધી. નવાબ નાગરોને કહે : 'હજારો પશુ બેઠાં હોય તેની આપણને ગણતરી હોય ?' નાગરો કહે : 'મસ્જિદ આગળ વાજા વાગે છે.' ત્યારે નવાબ કહે : 'અલ્લાના દરબાર આગળ વાજાં વાગે એમાં શું ?'

'મહારાજ મુક્તાનંદ સ્વામીમાં રહીને બોલી જાય. પંડિતોને વશ કર્યા. ગાયકવાડને મહિમા સમજાણો. છાણી આગળ છ હાથી મોકલ્યા. ત્રણ ગાઉથી સામૈયું કર્યું. માંડવી આગળ પધરાવ્યા. ત્રણ દિવસ રાખ્યા. દીવાન આડો પડ્યો પણ કાંઈ ન હાલ્યું.'

સંતો તથા શાસ્ત્રીજી મહારાજના પ્રતાપની વાત કરી :

'અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા બેઠી હોય તો ભીડો વેઠાય; ન બેઠી હોય તો ન થાય. પારાયણ થશે તો આખું પોરબંદર રંગી ઊઠશે. મહારાજને પ્રતાપે કાર્ય કરવું. આ લોક તો ગણતરીમાં જ નહિ. જે કામ કરો તેમાં મહારાજ ભળે. લંડનમાં બોર્ડિંગ હાઉસ કરવું છે. તેમાં મનુભાઈ ભળ્યા. ભગવાનનું કામ ભગવાન કરે.'

હેમેન્દ્રભાઈને કહે : 'રેકડી (રેકોર્ડિંગ) લાવો. ઉદ્ઘાટન થઈ જાય.' એમ કહી થોડી વાત કરી. પછી મને કહે : 'એક કીર્તન બોલો, રેકડી થઈ જાય.'

નિરંજન સ્વામીને પેટમાં સખત દુઃખતું હતું. તે સ્વામીશ્રી પાસે આવીને બેઠા. એમને પેટે હાથ ફેરવ્યો, પછી ડૉ. ઝાલાને બોલાવી ઈંજેક્શન અપાવ્યું.

પધરામણીમાં દિલાવરસિંહજી જાડેજાના દીકરાને યાદ કરી બોલાવ્યો. 'ભાણાભાઈ ક્યાં ગયા ?' પછી કહે : 'બોલો, હું મસ્તી નહિ કરું...' 'બોલો, હું ભણીશ.' એમ બોલાવ્યું. ચાર-પાંચ પધરામણી કરી, મંદિરે થઈ, ઉતારે પધાર્યા.

જમતી વખતે એક સંત જુસ્સાથી અષ્ટકો બોલ્યા. એટલે સ્વામીશ્રી કહે : 'રસ ખાધો તેનું બળ છે. કોદરી-કઢી મળી હોય તો ખબર પડે !' એમ ગમ્મત કરી. પ્રસંગોપાત્ત ગમ્મત કરવાની સ્વામીશ્રીની વિલક્ષણતા હતી. તેમાં ભક્તોને આનંદ ઊપજાવતા, સ્મૃતિ આપતા ને સાથે જ્ઞાન પણ ખરું. ટાણે ચોટ લાગી જાય તો કામ થઈ જાય.

બપોરે કથામાં ગ.મ. ૬૩મું વચનામૃત સમજાવતાં કહે : 'અંતસમે આધિ, વ્યાધિ ઊપડે. જેમ દરિયામાં મોજાં આવે છે, તેમ સંકલ્પ-વિકલ્પ ઊપડે. તે ભગવાન ને સંતનાં દર્શને શમી જાય છે.'

નારાયણ ભગતને કહે : 'લખી લેવું, લખી લો છો ને !'

કથા વખતે હેમેન્દ્રભાઈના મિત્ર નવલભાઈ વાડિયા દર્શને આવ્યા. તેમને સ્વામીશ્રી કહે : 'થોડું બેસો. આ મોક્ષને માટે છે. આપે વેપાર માટે ઘણો સમય કાઢ્યો, હવે આ કાઢો. ત્યાં ધામમાં આ ચોપડે લખાય છે.'

સાંજે અહીંથી વિદાય લેતાં હેમેન્દ્રભાઈએ પૂજન કર્યું. સ્વામીશ્રી કહે : 'અહીં માગશરમાં સાત દિવસનું પારાયણ કરવું છે. બધા તૈયાર થાવ. હરિલીલાકલ્પતરુનું પારાયણ થાય તો આખા ગામમાં સત્સંગ થાય.'

અહીંથી ગોરાણા જવા નીકળ્યા. રસ્તામાં એક ગામ આગળ ઊતર્યા. લઘુ કરી, હાથ ધોઈ પાણી પીધું, હેમેન્દ્રભાઈને પાયું ને કહે : 'આ યાદ રાખજો.'

જાકુ દેખી છાતી ઠરે...

ગોરાણા ગામના મેર કોમના માલદેવભાઈ જીવાભાઈ સિસોદિયા એક જ હરિભક્ત. નવા છતાં ખૂબ ઉત્સાહી ભક્તરાજ. અહીં સમગ્ર પારાયણનું આયોજન અને ખર્ચ તેમણે ઉપાડ્યું હતું. રૂપિયા ૫૦૦થી પણ ઓછો તેમનો પગાર. જામનગરમાં દિગ્વિજય મિલમાં નોકરી. નાનપણથી યોગસાધનામાં રત. દક્ષિણના સ્વામી રામદાસ તથા માતાજી કૃષ્ણાબાઈ તેમજ કાનપુરના રઘુવીર દયાલ, રણછોડદાસજી મહારાજ, કાનજી મુનિ, સત્ય સાંઈબાબા, આનંદમયી મા વગેરે સંતોના જોગમાં આવેલા. અને છેવટે સ્વામી રામદાસને ગુરુ તરીકે પણ સ્વીકારેલા. નોકરી સિવાયના સમયમાં મનન, ચિંતન, ધ્યાન અને ઉપાસના

કરતા. હિમાલયમાં પણ તેમણે કેટલોક સમય ગાળ્યો હતો.

આ દરમિયાન તેઓ ભાસ્કરભાઈ, રતિભાઈ તથા પ્રવીણભાઈ દાસાણીના સંપર્કમાં આવ્યા. તેમણે સ્વામીશ્રીના મહિમાની વાત કરી અને પૂર્વના ઉત્તમ મુમુક્ષુ હોવાથી તેમને તત્કાળ આકર્ષણ થયું. ભાસ્કરભાઈ સાથે તેઓ ગોંડલ આવ્યા અને સ્વામીશ્રીનાં દર્શન થતાં જ તેમણે અકલ્પ્ય શાંતિ અનુભવી. આજ સુધી અગાઉ કોઈ સંતપુરુષ પાસે નહિ અનુભવેલું સુખ, તેમણે સ્વામીશ્રીના સાંનિધ્યમાં અનુભવ્યું. સ્વામીશ્રીનું તેમને અનેરું આકર્ષણ થયું. તેમને થયું કે 'તેમની યોગસાધનાની ફલશ્રુતિરૂપે જે પ્રાપ્તિ થવાની હતી, તે સાચા સંત તેમને મળી ગયા છે !'

એ પછી સત્સંગ કરતાં કરતાં તેમને સત્સંગનો અતિ અપાર મહિમા સમજાયો ને નિષ્ઠા દૃઢ થઈ. પોતાના વતનના ગામ ગોરાણામાં પારાયણ થાય અને તેમના ભાઈઓ તથા ખમીરવંતી અને મારકણી મેર કોમના લોકો પણ સ્વામીશ્રીના યોગમાં આવે, એવી ઇચ્છા તેમણે સ્વામીશ્રી સમક્ષ રજૂ કરી.

સ્વામીશ્રી આ ભક્તની આર્થિક પરિસ્થિતિ જાણતા હતા. તેથી કહ્યું : 'પારાયણમાં ઘણા હરિભક્તો બહારગામના આવે, તો આટલો મોટો ખર્ચો ન ખમી શકો. માટે અમે તમારે ગામ પગલાં કરી જાશું.'

સ્વામીશ્રી જાણે તેમની ભક્તિની કસોટી કરી રહ્યા છે, એમ તેમને લાગ્યું. તેમણે કહ્યું : 'બાપા ! મારે કોઈપણ ભોગે પારાયણ કરી, આપને મારે ગામ રાખવા છે. સાત દિવસનું પારાયણ કરવું છે. અને સીધા-સામગ્રી તથા ખર્ચની બધી વ્યવસ્થા હું કરી લઈશ. બાપા ! આપ પધારો એટલે મારે બધું જ આવી ગયું. આપનાં ચરણોમાં હું લક્ષ્મી આળોટતી જોઉં છું.'

સ્વામીશ્રી તેમના અંતરના ભાવને જાણતા હતા. આખરે સાત દિવસની પારાયણ રાખવાની સ્વામીશ્રીએ અનુમતિ આપી.

ભગવાન ને સંતને અર્થે શું ન થાય ?

પરંતુ પારાયણ માટે ખર્ચની રોકડ રકમ લાવી, સીધા-સામગ્રી તથા લાઈટ-મંડપથી માંડી અનેક પ્રકારના ખર્ચની જોગવાઈ કરવાની હતી. માલદેવભાઈએ તેમનાં પત્નીની પાસે તેમનાં ઘરેણાં માગ્યાં. હંમેશાં પતિને અનુસરનારાં પત્નીએ પ્રેમપૂર્વક બધાં ઘરેણાં આપ્યાં ! માલદેવભાઈ બધાં જ ઘરેણાં રાવલ ગામે જઈને એક વેપારી પાસે ગીરવે મૂકી, વ્યાજે રૂપિયા લઈ

આવ્યા; પરંતુ આટલી રકમથી ચાલે તેમ ન હતું. માલદેવભાઈએ જરા ખચકાટ સાથે તેમનાં પત્નીને કહ્યું : 'હજુ મંગલસૂત્ર છે તે આપો, તો કંઈક ખાડો પુરાય.'

દરેક સ્ત્રીને મંગલસૂત્ર પોતાના પ્રાણથીય અધિક વહાલું હોય. તેમણે કહ્યું : 'હવે મંગલસૂત્ર માગશો નહિ. એ મારા સૌભાગ્યનું ચિહ્ન છે. તે હું કોઈપણ સંજોગોમાં વેચી ન શકું.'

માલદેવભાઈ સમજણવાળા ભક્ત હતા. પત્નીનું હૃદય કોચવીને મંગલ-સૂત્ર લેવું ન હતું. તેમણે પત્નીને ખૂબ જ સમજાવ્યાં. 'પૂર્વેના ભક્તોએ ભગવાન અને સંતોને અર્થે સર્વસ્વ આપેલું છે,' એમ કહી શેઠ સગાળશા વગેરેનાં દૃષ્ટાંતો આપ્યાં; પરંતુ તેમનાં પત્નીને ગળે આ વાત ન ઊતરી.

બીજે દિવસે સવારે માલદેવભાઈને ચિંતાતુર જોઈ તેમના નાના ભાઈ જોધાભાઈએ સર્વે હકીકત પૂછી. જોધાભાઈએ જાણ્યું કે 'મોટા ભાઈને પારાયણમાં રૂપિયા ખૂટે છે તેથી ચિંતામાં છે.'

જોધાભાઈ પરણ્યા ન હતા, પરંતુ પોતાના ભાગમાં બાપ-દાદાના વારસામાં ઘરેણાં મળેલાં તે માલદેવભાઈને આપી દીધાં. માલદેવભાઈ તે ઘરેણાં પણ ગીરવે મૂકી આવ્યા. છતાં હજુ થોડી રકમ ખૂટતી જ હતી.

પોતાના દિયરે બધાં ઘરેણાં આપી દીધાં છે અને હજુ પણ રૂપિયાની જરૂર હતી તે જાણ્યા પછી, માલદેવભાઈનાં પત્નીને અંતર્દૃષ્ટિ થઈ. તે વિચારવા લાગ્યાં કે 'મંગલસૂત્ર તો ગીરવેથી છોડી શકાશે, પણ સ્વામીશ્રી જેવા સત્પુરુષ આંગણે આવે છે, તે તક જતી કરવી નથી.' તેમના હૃદયમાં સ્વામીશ્રીને રાજી કરવાની અધિક તમન્ના જાગ્રત થઈ. તેમણે માલદેવભાઈને પોતાનું મંગલસૂત્ર આપતાં કહ્યું : 'આજે રાવલ જઈને ખૂટતા રૂપિયા લઈ આવો.'

માલદેવભાઈ મંગલસૂત્ર જોઈને ચમક્યા. તેમણે કહ્યું : 'ના રે ના, હવે મંગલસૂત્ર મૂકવાની જરૂર નથી. જોધાભાઈએ ઘરેણાં આપ્યાં તેથી ઘણી બધી વ્યવસ્થા થઈ જશે. હવે થોડી રકમ મિત્રો પાસેથી વ્યાજે મળી જશે.'

તેમનાં પત્નીની આંખમાં આંસુ ઊભરાયાં, કહે : 'સ્વામીશ્રી જેવા સત્પુરુષ પધારે ત્યારે તેમને રાજી કરવા તમારી પડખે ઊભા રહીને મારો સાથ હું ન આપી શકું અને તમે બીજા મિત્રો પાસેથી રૂપિયા લઈ આવો, તો મારા જીવતરમાં ધૂળ પડી કહેવાય. કાળ જાય ને કહેણી રહી જાય. અને આપણા સૌના સૌભાગ્યમૂર્તિ સ્વામીશ્રી છે, તેમના માટે આવા એક મંગલસૂત્રની કિંમત શા વિસાતમાં છે ?'

પત્નીના હૃદયમાં સાચી ભક્તિભાવના ઉદય થઈ તે જોઈ માલદેવભાઈને તેમનામાં સ્વામીશ્રીનું જ પ્રેરકબળ દેખાયું. તેઓ સ્વામીશ્રીનો અધિકાધિક મહિમા સમજ્યા ! તેમનો ધામધૂમથી પારાયણ કરવાનો સંકલ્પ સફળ રીતે પૂર્ણ થવાનો છે - એવી તેમના અંતરમાં પ્રતીતિ થઈ અને અંતરમાં આનંદની સરવાણી પ્રગટી. જો કે આ બધાં ઘરેણાં ગીરવે મૂકતાં પણ રકમ ખૂટી. છેવટે વાહનમાં એકમાત્ર મૂડી જેવી સાઇકલ વેચીને પણ તેમણે કુલ પંદર હજારનું ખર્ચ પારાયણમાં કર્યું !

માલદેવભાઈએ કોઈ વાતની કમી રાખી નહિ. સ્વામીશ્રી તથા સંતો-ભક્તોને ખૂબ સાચવ્યા, રમાડ્યા-જમાડ્યા અને જયજયકાર કર્યો. સ્વામીશ્રીનો એક બોલ પણ પાછો પડવા દીધો નહિ. પોરબંદરના આ ઘેડ પ્રદેશમાં મેર જાતિ ઘણી તીખી, મારકણી ને ખુન્નસવાળી. આવી શૂરવીર જાતિમાં માલદેવભાઈ પણ શૂરવીર ભક્ત પાક્યા. અનેક સાધુ-સંતોને મળ્યા પછી યોગીજી મહારાજમાં તેમનું મન ઠર્યું અને તન, મન, ધન અર્પણ કરી દીધાં. તેમના ભાઈઓ માંડણભાઈ, નાગાજણભાઈ, જોધાભાઈ તથા અન્ય હરિભક્તો માલદેવભાઈ પૂંજાભાઈ, પૂંજાભાઈ ખીમાભાઈ, પર્વતભાઈ વગેરેએ પણ ખૂબ સહકાર આપ્યો હતો.

સ્વામીશ્રી પધારતાં જ ગામલોકોએ બૅન્ડ-વાજાંથી સ્વામીશ્રીનું સામૈયું કર્યું. શણગારેલી બળદગાડીમાં સ્વામીશ્રીને પધરાવ્યા અને સૌ ભક્તો હર્ષઘેલા બની ગાડું ખેંચવા લાગ્યા. જયનાદોથી વાતાવરણ દિવ્ય બની ગયું હતું. બંદૂકોના અવાજો થતા હતા. મહિલાઓ માથે કળશ લઈ, ઉચ્ચ સ્વરે ગાતી-વધાવતી વાતાવરણને વધારે મંગળમય બનાવતી હતી. વળી, આ નાનકડા ગામમાં જનરેટરથી ઇલેક્ટ્રિસિટી ઉત્પન્ન કરી, પારાયણનો મંડપ, સ્વામીશ્રી તથા સંતોનો ઉતારો વગેરેને વીજળીથી ઝળહળાટ કર્યા હતા.

માથું કાપે તોય જવાય નહિ

રાત્રે આરતી બાદ સ્વામીશ્રી સંતોને ઉતારે પધાર્યા. ચોસઠ પદી બોલાવી. તેમાં 'ડોરી' શબ્દ આવ્યો. 'એ શું ? 'ડોળી' શબ્દ હશે. એટલે દંભ.' એમ પોતે જ સમાધાન કર્યું.

પછી સંતો પાસે શ્લોકો બોલાવ્યા. સ્વામીશ્રી કહે : 'માથું કાપે તોય જવાય નહિ. હિન્દુ મુસલમાન થાય ખરો ? શેઠિયાને પૂછો, હોળી સળગે છે.

આપણને રસ મળે છે. પૂછો છે કોઈને ! સંસ્કૃત ભણી લેવું. ભણીએ તો ભાર પડે.' પછી કીડીસખી ને નિર્વિકલ્પાનંદનાં દૃષ્ટાંતો આપ્યાં.

એક સંત ત્યાગાશ્રમ છોડી ગયા હતા. તેને સંબોધીને કહ્યું : 'કોઈ પૂછે છે ? કોઈ ખાવા દે છે ? કોઈ પૂછે નહિ કે ટિકિટભાડું લો. અહીં છીએ એટલે પૂછે છે. પછી કોઈ નહિ પૂછે. ઘરે બૈરાં-છોકરાં મારે. ચૌદ વર્ષના છોકરે બાપને ગોળી મારી. મહારાજ ને સ્વામીને પ્રતાપે આનંદ કરીએ છીએ. કેફ રાખવો. મોળા ન પડવું.

'અમે ૫૦૦ જણની રસોઈ કરતા. મુંબઈ રસોઈયો રાખ્યો હોત તો મરી જાત. ઘાટી રાખ્યો હોત તો બે વાટકા ઉપાડી જાત.

'અમે મીરસાપરામાં ગયા. મકાન નહિ. મંડપ બાંધ્યો. ગાદલાં નહિ. ઘાસ નાખીને સૂતા. નીચે સાપ ગરી ગયો. ઘોઘાવદર કોઢમાં સૂતા. મચ્છર-જુવા હતા, પણ બંગલા જેવો આનંદ. બંગલો ને કોઢિયું સરખું થવું જોઈએ. લો. ૧૦ વચનામૃત પ્રમાણે.'

ભાસ્કરભાઈ ટેમ્પોમાં પોરબંદરથી સામાન લાવ્યા હતા. સ્વામીશ્રી કહે : 'કેટલા રૂપિયા આપ્યા ?

'ચાલીસ આપ્યા.'

'ચાલીસ રૂપિયા ને સો થાપાના (આશીર્વાદના).' પછી ચાલીસને બદલે એકતાલીસ અપાવ્યા. ને કહે : 'રાજીપાનો એક રૂપિયો હજાર જેવો છે.'

ગઈકાલે Carbitratથી રાત્રે ૧-૦૦ વાગ્યા સુધી ઊંઘ ન આવી. એટલે બીજી ગોળી લેવી પડી હતી. આજે ગોળી બદલી. Meditrione ગોળી લીધી.

દેશને આગળ લાવવો છે ?

તા. ૧૯મીએ સવારે ૫-૦૦ વાગે સ્વામીશ્રી કહે :

'ગોંડલના પુરાણી હરિસ્વરૂપદાસજીને ગુણાતીતાનંદ સ્વામીએ સ્વપ્નમાં દર્શન દીધાં અને કહ્યું 'જોગીને કહેજો એક શિખરનું મંદિર કરે.' હરિસ્વરૂપદાસજી નિષ્ઠાવાળા, હરિલીલાકલ્પતરુ ગ્રંથ તેમણે આપ્યો. પછી મેં શાસ્ત્રીજી મહારાજને કહ્યું : 'હરિલીલાકલ્પતરુની કથા સંભળાવો.' શાસ્ત્રીજી મહારાજ કહે : 'ત્રણ ઠેકાણે છે. ધોળેરા, વડતાલ ને જૂનાગઢ.'

'બીજો સંકલ્પ - ભાગવતના શાસ્ત્રી બોલાવવા પડે છે તે બંધ કરીએ. સંતો જ વાંચે. શાસ્ત્રીજી મહારાજ જાતે વાંચતા. ભગવતીપ્રસાદ લડાવતા

એમ લડાવવું.

'આખો દેશ સત્સંગમાં લેવો છે. આખું બ્રહ્માંડ જગાડવું છે. નાના સંતો આખું હિન્દુસ્તાન વશ કરશે. દરેક ઠેકાણે ફરશે. આપણે તો દરેક ગામમાં ભીડો વેઠીને અક્ષરપુરુષોત્તમની મૂર્તિ પધરાવી દેવી છે. પ્રધાનો વાત કરે છે : 'આપણા દેશને આગળ લાવવો છે,' પણ કેમ આવે ? લાંચ-રુશ્વત લે. દેશને આગળ લાવવો હોય તો નિષ્ઠા અક્ષરપુરુષોત્તમની કરાવવી. વર્તન શુદ્ધ રાખવું.'

પૂજા વખતે એક હરિભક્ત સ્વામીશ્રી પાસે આવ્યા અને પૂછવા લાગ્યા કે 'કૂવો ગાળવો છે તે ક્યાં ગાળવો એ કહો.'

સ્વામીશ્રી કહે : 'ઈશાન ખૂણામાં ગાળો અને આ પુષ્પો કૂવો ખોદતાં પહેલાં ત્યાં નાખજો.' એમ કહી પુષ્પો આપ્યાં. વળી કહ્યું : 'મહારાજનું નામ લેજો. પાણી નીકળે એટલે સો મહાપૂજા ગોંડલ કરજો અને દર્શને આવી જજો.'

આ બધી વિગતો એ ભાઈને બરાબર સમજાઈ નહિ તેથી બીજા એક ભાઈએ તેને સમજાવ્યું કે 'ફૂલ નાખજો ને બાપાને સંભારજો.' એમણે 'મહારાજ'ને બદલે 'બાપા' કહ્યું.

સ્વામીશ્રી આ સાંભળી ગયા ને કહે: 'બાપા તો રખડતા રામ ! મહારાજને સંભારજો.' એમ કહી હસવા લાગ્યા.

સવારે ઉકાળો લેતાં સ્વામીશ્રીએ વાત કરી. ગમે ત્યારે પણ પોતાને કોઈ મુદ્દાની વાત યાદ આવી જાય તો સ્વામીશ્રી તરત કહે. એમાંય રમૂજી વાત તો અચૂક કહે. પણ કહેતાં પહેલાં પોતે હસી પડે. પછી વાતની શરૂઆત કરે.

સ્વામીશ્રી કહે : 'નિર્ગુણ સ્વામી એક ગામમાં ગયા. વાળંદને પાણી ભરી લાવવા કહ્યું. વાળંદ તરત જ પાણી લાવ્યો. નિર્ગુણ સ્વામી સમજી ગયા કે જરૂર આ વાળંદ હવાડામાંથી પાણી લાવ્યો હશે. એટલે ઊંધી રીતે કહ્યું : 'અમારે તો હવાડાનું પાણી ખપે.' તરત જ તે બોલ્યો : 'હું ત્યાંથી જ લાવ્યો છું !' આમ, ગામડામાં ઓડનું ચોડ થઈ જાય. એટલે સંતોએ ધ્યાન રાખવું !' એમ ઈશારો કર્યો.

ગોરાણાનું ગૌરવ વધે છે

શાસ્ત્રોક્ત વિધિ અનુસાર હરિલીલાકલ્પતરુ ગ્રંથની પારાયણનો આજે પ્રારંભ કરાવ્યો.

બપોરે જમતી વખતે સંતો પાસે લોટા ન જોયા. એટલે પૂછ્યું : 'લોટા

ક્યાં ?' પછી ખબર પડી કે નથી; એટલે લોટા રાખવાનું સૌને નિયમ આપ્યું.

જમ્યા બાદ કથામાં બાળ મંડળ પાસે સ્વામિનારાયણ ધૂન બોલાવરાવી.

ગ.મ. ૪૬ વચનામૃત સમજાવતાં કહ્યું :

'ગમે તેટલા પૂજાતા હોય, ગાદી-તકિયે બેઠા હોય, સદ્‌ગુરુ હોય, પણ શાસ્ત્રીજી મહારાજ જેવાનો અવગુણ હોય તો જીવતા છતાં મરેલા છે.

'ક્રોધે કરીને પડ્યો એટલે શું ? મોટાપુરુષમાં ક્રોધ પરઠ્યો. અમથો સત્સંગમાં પડ્યો હોય તેનો પણ અવગુણ ન આવે, તો પછી એકાંતિકનો તો ક્યાંથી આવે ?

'જૂનાગઢમાં બ્રહ્મચારી હતા. બાબરિયાવાડના હરિભક્ત રોજ બ્રહ્મચારીને દૂધ લાવીને જમાડે. તે બ્રહ્મચારી કહે : 'સ્વામીનો સમાગમ ન કરવો.' પછી હરિભક્ત કહે : 'વહેલું કહેવું હતું ને ! દૂધ ન પાત. ને ભરોડામાં રેડત.' પછી બ્રહ્મચારીને ગાંડપણ આવ્યું. એટલે હરિભક્ત કહે : 'ઊંટનો દોડ પહોંચ્યો ખરો.'[૫]

સાંજે ૪ થી ૫, એક કલાક વર્તમાન ધરાવવાનો કાર્યક્રમ નિશ્ચિત કર્યો

---

૫. એક આરબ પાસે પુષ્કળ સંપત્તિ હતી. તેને બે જ દીકરા હતા. તેણે એવું વસિયતનામું કર્યું કે 'બંને દીકરા ઊંટ પર બેસી મક્કાની દોડ કરે અને જે દીકરાનું ઊંટ સૌથી છેલ્લું મક્કા પહોંચે તેને બધી મિલકત મળે.'

બંને છોકરાઓએ ઊંટ પલાણ્યાં, પણ આંગણામાંથી બહાર નીકળતાં અઠવાડિયું લાગ્યું. મહિના પછી તેઓ માંડ ગલીના નાકે હતા. એક શાણો માણસ તેમને મળ્યો. તેને નવાઈ લાગી. બંને દીકરાએ કહ્યું : 'શું કરીએ ? બાપા વિચિત્ર વસિયત કરી ગયા છે.'

'તમારા બાપાએ શું કહ્યું છે ?' ડાહ્યા માણસે પૂછ્યું.

'તેમણે લખ્યું છે કે જેનું ઊંટ છેલ્લું મક્કા પહોંચે તેને સંપત્તિ મળે. એટલે તો અમે ધીમેથી ઊંટ ચલાવીએ છીએ.'

'પણ આ રીતે તમારી જિંદગી પૂરી થશે તોય તમે મક્કા નહીં પહોંચો.' શાણા માણસે કહ્યું.

'એ તો જાણીએ છીએ. પણ કરવું શું ?'

'તમારા બાપે તો એવી શરત મૂકી છે કે જેનું ઊંટ છેલ્લું પહોંચે તેને સંપત્તિ મળે. તમારે સૌથી છેલ્લા પહોંચવું એમ નથી લખ્યું ને ?'

'ના.'

'તો ઊંટની અદલાબદલી કરી નાખો. તમે જે ઊંટ પર બેઠા હશો તે તમારા ભાઈનું હશે. તમે એને એટલું દોડાવો કે એ જ પહેલું પહોંચે. એટલે સ્વાભાવિક રીતે તમારું ઊંટ પાછળ રહેશે.' અને ઊંટ ખરેખર દોડ્યાં.

હતો. પચાસ ઉપરાંત ભાવિકો અને યુવાનોને વર્તમાન ધરાવ્યાં. ૫-૧૫ વાગે પારાયણનો પ્રારંભ થયો. સંતો વારાફરતી સ્વામીની વાતું વાંચતા અને બાલમુકુંદ સ્વામી વચનામૃત સમજાવતા.

રાજકોટથી પારાયણનો લાભ લેવા પ્રવીણભાઈ કક્કડ તથા બીજા એક ભાઈ અડવાણા ગામ થઈ ચાલતા આવ્યા. સ્વામીશ્રી ખૂબ રાજી થયા. ચાલુ સભાએ 'આવો, આવો,' એમ પ્રેમથી બોલાવી આશીર્વાદ આપ્યા. એક હરિભક્તને કહે : 'આમને પાણી પાવ.'

વળી માલદેવભાઈને બોલાવ્યા ને કહે : 'તેમને ચા-પાણી માટે લઈ જાવ. નાસ્તો કરાવજો. થાક્યા હશે. આપણે પગચંપી કરીએ.'

થોડો પણ ભીડો વેઠી સમાગમ કરવા આવ્યા, તેથી સ્વામીશ્રીએ રાજીપો બતાવ્યો.

મનને માર્યું કેમ કહેવાય ?

રાત્રે અમૃત પાન બાદ ૯-૦૦ વાગે સંતોને સંબોધીને સાધુતા ઉપર વાતો કરી. તેમાં કહે : 'મન સંકલ્પ કર્યા કરે. તેને મારી નાખવું. કહો, કેમ માર્યું કહેવાય ! મનધાર્યું કરે તે માર્યું ન કહેવાય. મનનું ધાર્યું ન કરે, સંત કહે તેમ કરે, તે માર્યું કહેવાય. અહીંથી દસ-વીસ સાધુ થાય એવા છે. યુવક મંડળ સ્થાપી દેવું. અહીં ખાણ છે.'

આજે રાત્રે ઠીક ન હોવાથી સભામાં પધાર્યા નહિ.

સત્સંગરૂપી જમણવાર

બીજે દિવસે ૫-૦૦ વાગે મંગળ પ્રવચનમાં સ્વામીશ્રી કહે :

'મંદિર બાંધવું છે. પ્લોટ લઈ રાખો. ફૂલ છાંટીએ. ઠાકોરજી પધરાવીએ. અહીં મોક્ષભાગી બહુ છે. મંદિર આવતા વર્ષે તૈયાર કરી પ્રતિષ્ઠા કરીએ. હરિમંદિર કરી વિલાયતી નળિયાં ચઢાવીએ. શ્રમયજ્ઞ કરાવો. જે બ્રહ્માંડમાં એક મંદિર થાય તેની આવરદા દસ હજાર વર્ષ વધે. એક ભાસ્કરભાઈ જામનગરમાં થયા, તો બસો માણસોને સત્સંગ કરાવ્યો. માલદેવભાઈને તેમણે સત્સંગ કરાવ્યો. ઉત્સાહથી કામ થાય છે. માલદેવભાઈને ઉત્સાહ છે તો કોઈ વિઘ્ન નહિ થાય. સત્સંગ કરે તો વ્યવહાર સુધરે. દુઃખ નથી રહેતું. ગોરાણા ગામનાં બધા સુખી થાવ. સત્સંગ કરો. કંઠીઓ બંધાવો. માલ સારો છે. સત્સંગરૂપી જમણવાર છે.'

સ્વામીશ્રી વાત કરતા હતા તેવામાં ઓશીકાં પડ્યાં. એટલે કહે : ‘ઓશીકાં સ્વાદ લેવા આવે છે...’ પછી કહે : ‘હવે તો ખુરશી આવી. લોકો-અજાણ્યાને એમ લાગે કે સાધુને પગ નથી લાગતા !’

સ્વામીશ્રી ખુરશીમાં બેસી, બોચાસણ રવિશંકર મહારાજની તબિયત જોવા, દવાખાનું છે ત્યાં ગયા, ત્યારે લોકો એમ કહેવા લાગ્યા હતા કે ‘સ્વામી માંદા થયા છે તે દવા કરાવવા આવ્યા છે.’ એ અનુસંધાનમાં સ્વામીશ્રી બોલ્યા.

સવારે સ્વામીશ્રી સંતો-હરિભક્તો સાથે ઉકાળો લઈ રહ્યા હતા. એક સંત છાશ પીરસતા હતા. છાશના બોઘરણાની દોરી છૂટી ગઈ અને છાશ ઢોળાઈ ગઈ. સંતો-હરિભક્તોનાં ધોતિયાં પલળ્યાં. સ્વામીશ્રી પ્રેમથી એકદમ બોલ્યા : ‘આ તો સંતો પાસ થયા તેનાં શુકન થયાં !’ આવી વિચિત્ર પરિસ્થિતિમાં પણ એમના મુખમાંથી પ્રેમાળ શબ્દો સરી પડતા.

આજે એક વૃદ્ધ ડોસા સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીને પત્ર લખતા જોઈ ધીમે રહીને ડોસા બોલ્યા કે ‘આ તો ભણેલા લાગે છે !’

ખંખેરીને ન ઊઠવું

સાંજની સભા બાદ આશીર્વાદ આપતાં સ્વામીશ્રી કહે :

‘જેનું શાસ્ત્ર સાંભળીએ તેનો સમાગમ કર્યો કહેવાય. શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી ને પાંચસો પરમહંસો સભામાં બેઠા છે. આ સભા અક્ષર-ધામની છે. સાચા ભાવથી કથામાં બેસવું. લઈને જવું, પણ ખંખેરીને ન ઊઠવું. બીજું યાદ ન રહે તો એટલું યાદ રાખવું કે ‘બાલમુકુંદ સ્વામી વચનામૃત વાંચતા હતા. આપણે સાંભળતા હતા. તે મહારાજની વાણી સાંભળી ગણાય.’

‘કોઈ પાપી હોય તેને આ સ્મૃતિ થાય તેનું પણ કલ્યાણ થઈ જાય, એવું મહાતમ છે. ગામનાં ભાગ્ય કે આવી કથા થઈ ! આજુબાજુનાં ગામોમાં સંસ્કાર પડશે. અમે ડાંગરામાં પારાયણ કરી. આજુબાજુનાં ગામના આવે. લાડુ ઉડાડે. ગુણ લઈને જાય. કદાચ માળા ન ફેરવે, તોય પારાયણ સંભારે તોય કલ્યાણ થઈ જાય. સત્પુરુષના વચને એકાદ નિયમ રાખીએ તોય કલ્યાણ થઈ જાય.’

આજે રાત્રે સભામાં ગામના હરિભક્તો રાસ રમ્યા હતા. સ્વામીશ્રીને પગે બે ગૂમડાં થયાં હતાં તેનું ડ્રેસિંગ ડૉક્ટર સ્વામી કરતા હતા. સ્વામીશ્રી કહે : ‘ગૂમડાં આવી પડ્યાં. મટતાં નથી.’

‘આ વખતે અળાઈઓ નથી થઈ. નહિ તો દર વર્ષે તો બહુ હેરાન

થવાય.’ ગુણવંતે કહ્યું.

સ્વામીશ્રી કહે : ‘હા, નથી થઈ. અળાઈઓ ઘર ભૂલી ગઈ. આપણે કલકત્તા ગયા તેમાં ઘર ભૂલી ગઈ...’ સૌ હસી પડ્યા.

આવી ઘરગથ્થુ, હળવી પણ રમૂજી વાતો પણ સ્વામીશ્રી ઘણી વાર વહેતી મૂકતા ને સૌને આનંદ કરાવતા. બ્રાહ્મીસ્થિતિની ટોચે બિરાજેલા મહત્તમ સ્વામીશ્રી પોતાની આજુબાજુનું વાતાવરણ તો હંમેશાં હળવું ફૂલ જ રાખતા અને સૌ સાથે હળીમળી જતા, દિવ્યભાવ ભુલાડી દેતા.

ચોક વાળે તેની વાસના બળે

તા. ૨૧મીએ પરોઢ પહેલાં સ્વામીશ્રી હાથમાં ફાનસ લઈ સેવકોને જગાડવા નીકળ્યા. ને બોલતા જાય : ‘નિરંજનભાઈ ! ગુણુભાઈ ! જાગોને ! ના’વા ગયા ? યોગેશ્વર છે ? હાલો... શાસ્ત્રીજી મહારાજની વાત કરવી છે. દર્શન દીધાં. શાસ્ત્રીજી મહારાજ એક મોટી પાટ ઉપર બિરાજ્યા હતા. મેં ચોક વાળ્યો તે જોઈ સ્વામી બહુ રાજી થયા. ને કહે : ‘ભગવાનનો ચોક વાળે તેની વાસના બળે, ઊભી ન રહે.’ ભગવાન ને સંતની દૃષ્ટિમાં રહેવું, તો દોષમાત્ર બળી જાય.

‘અમારું રહસ્ય - સંપ, સુહૃદભાવ, એકતા જડી દેવી. અમારા ભેગા રહે તો કથાવાર્તાનું વિશેષ અંગ હોય તો વધી શકે. નહીં તો કોરાધાકોર રહે. સાચી વાત પોતાની ભેગા રહે એને જ કહેવાય.

‘એકતાથી કાર્ય કરવું. સુખ-દુઃખમાં ભાગ લેવો. એક ગુરુના ચેલા થઈએ તો આખો હિન્દુસ્તાન અક્ષરપુરુષોત્તમનો બને. મંડવું જોઈએ. તો ભગવાન ને સંત દૃષ્ટિ કરે. ત્રણ ટાણાં ખાઈને પેટ ઉપર હાથ ફેરવી સૂઈ રહે, તો ભગવાન ને સંત દૃષ્ટિ પાછી ખેંચી લે. લો હાલો, હવે આરામ કરીએ. પાંચ વાગે અનુપમ ભગત જગાડવા આવશે. આવી રીતે મહિમા ને હેત હોય તો દર્શન થાય. સ્વામી શાસ્ત્રીજી મહારાજનું સ્મરણ કરીશ ત્યાં ૫-૦૦ વાગી જશે. તમે ના’વા-ધોવા જજો. સૂઈ ન રહેશો. જાવ લ્યો, તકલીફ માફ કરજો, જગાડ્યા. સહજાનંદ સ્વામી મહારાજની જય !’

ક્યારેક આવો લાભ પણ સ્વામીશ્રી સેવકોને આપી દેતા. હજુ સવાર પડ્યું ન હોય ને પોતાને કોઈ અલૌકિક દર્શન લાધ્યું હોય, તો તેના સુખનો ઊભરો સેવકો પાસે ઠાલવી દેતા. અડધી રાતે પણ એમના મુખકમળમાંથી મહિમા-દિવ્યતાની સરવાણી વહેતી રહેતી.

સવારે ૫-૦૦ વાગે સંતોને સંબોધતાં સ્વામીશ્રી કહે : 'અહીં જેટલા ભગવાનનો આશરો કરે તેનો ચોથો ભાગ માલદેવભાઈને જશે. માલદેવભાઈ એટલે દુનિયામાં જેટલો માલ છે, તેના માલિક - તેના દેવ.'

ઘણી વાર સ્વામીશ્રી કેટલાંક ગામ કે વ્યક્તિના વિશેષ નામની વ્યુત્પત્તિ કરી અર્થો કરતા. સ્થાન કે વ્યક્તિનો વિશેષ મહિમા સમજાવતા. જાણે પોતે ભાષાના પ્રખર પંડિત હોય ને ભાષ્ય કરતા હોય તેવી અદાથી ને જુસ્સાથી બોલતા.

'મહારાજ જાતે પીરસવા જાતા. મહારાજને કસર જેવું હતું. ઉઠાય એવું ન હતું. નિત્યાનંદ સ્વામી ને બીજા સાધુ બે હાથ પકડીને ચાલે ને મહારાજ પીરસે એવો પ્રેમ. મહારાજ કલ્યાણ શાથી કરે ? ભક્તોને જમાડીએ, રમાડીએ, રાજી કરીએ.

'જૂનાગઢમાં યોગેશ્વર સ્વામીને ત્રણ મણના રોટલા ઘડવાનું સોંપ્યું. કારખાનું ચાલે. ચાર રોટલા શેકે. મહારાજની મૂર્તિનાં ચિહ્ન ગણે. કોઈ પૂછે કેટલા રોટલા થયા ? તો કહે : 'સાઈઠ ચિહ્ન થયાં.' તે સાઈઠ રોટલા નીકળે. ક્રિયામાં પણ મૂર્તિ દેખાય. એમ સંસ્કૃત ભણતા મહારાજની મૂર્તિ દેખાય. વચનામૃત વાંચતાં મહારાજ મૂર્તિ ખડી થાય.

'ગામ સુખી થાય. મંદિર બાંધી દઈએ. સંસ્થાના નામે દસ્તાવેજ કરી, મંદિર બાંધી, મૂર્તિ પધરાવી દઈએ. છોકરા બધા આવે. ભજન-કીર્તન થાય.

'હવે અનુપમ ભગત આચાર્ય વાત કરશે.' પછી કહે : 'વારાફરતી બધાય વાત કરે. સત્યપ્રિયનો કાલે વારો.' શ્રીહરિદાસ સ્વામીએ આજે કથા કરી.

સભા બાદ મંદિર માટે ગામમાં બે પ્લોટ જોયા. અને બંને જગ્યાએ પુષ્પો છાંટ્યાં. ગોરાણા જેવું ગામડું હોય કે કલકત્તા જેવું મોટું શહેર, અક્ષરપુરુષોત્તમનું મંદિર દરેક જગ્યાએ થાય એ માટેનો સ્વામીશ્રીનો ઉત્સાહ ગજબ હતો.

અહીં રોજ સવારે મહંત સ્વામી અને પાંચ સંતો પધરામણીએ જતા. પારાયણ દરમ્યાન ૪૦ ઘરે પધરામણી થઈ. સાંજે ૪-૦૦ થી ૫-૦૦ વાગ્યા સુધી વર્તમાન ધરાવવાનો કાર્યક્રમ રહેતો. ૫૦૦ મુમુક્ષુઓએ તે લાભ લીધો.

સૂઈ જાય તો કૃપા ન થાય

જમ્યા બાદ ગ.મ. ૭મું વચનામૃત સમજાવ્યું. સ્વામીશ્રી કહે : 'વૈરાગ્ય નથી ને વિકાર ટાળવા છે. ખાવું નથી ને ભૂખ ટાળવી છે. મુક્તાનંદ સ્વામીને

કોઈ મોટા સંત - ગુણાતીત બતાવ્યા. સેવા કોની કહી ? સંતની. દષ્ટિ કોણે કરી ? પરમેશ્વરે. અપવાસ કર્યો હોય ને પાણા ઉપડાવે. રસોઈ કરાવે. શાસ્ત્રીજી મહારાજ છતાં ઉપવાસને દિવસે સેવા કરવાની. આખો દી' કામ કરવું પડતું. બધા સંત કામ કરતા. ત્યારે કૃપા થાય. 'જાવ નિર્દોષ થઈ જાશો.' પણ આ તો સવારથી સૂઈ જાય તો કૃપા ન થાય. અમે ભાવનગર ગયેલા. એક મહિનો રહેલા. તે ઉપવાસને દિવસે સૂવાનું નહિ. જૂનાગઢમાં એવી રીતે સંતો વર્તતા. ત્યારે કૃપા થાય કે નહિ ?

'મોહનલાલ ઓધવજીનો જાડિયો વાસુદેવ મુંબઈ આવ્યો. ઉપવાસ ઠપકાર્યો. તે કહે : 'બળ આપો.' 'જા, બે કિલો બળ.' તે ઉપવાસ થયો.'

જાડા બાળકો કે યુવકોને જોઈને સ્વામીશ્રી રાજી થતા. તેને 'જાડિયો' કહીને સંબોધતા. તેનું કાંડું પકડે ને કેટલું જાડું છે તે જોઈ લે અને જાણીતા યુવક હોય તો ઉપવાસ કરવાનું જરૂરથી કહે. એટલે સ્વામીશ્રી ઉપર બોલ્યા કે 'ઉપવાસ ઠપકાર્યો.' કહેતાં આપી જ દીધો. વાર ન લગાડી. ફરી દાવમાં ક્યારે આવે ? એકંદરે ઉપવાસ કરાવવાનું જ તાન, પણ જાડિયા યુવકોને અચૂક ઉપવાસ કરાવે. કારણ, તેને ઉપવાસ કરવાનો સંકલ્પ જ ન થાય. સ્વામીશ્રી તેના મનનું ધાર્યું મુકાવે.

સંતો હરિલીલાકલ્પતરુની કથા વાંચે ત્યારે શ્લોકો ખાસ ન બોલે. એટલે સ્વામીશ્રી કહે : 'શ્લોકો બોલવા. એક એક શ્લોક બોલવો ને અર્થ કરતા જાવું.'

ત્યારે કોઈ સંતે કહ્યું : 'અત્યારે કથાકારો એક-બે શ્લોક વાંચે.'

સ્વામીશ્રી કહે : 'આપણે આપણી રીતે વર્તવું. બીજાની રીતે કરવા જોઈએ તો બસનું ડચ થઈ જાય. ગાડું ઊભું રાખવા માટે ગાડાવાળો 'બસ' ને બદલે 'ડચ' બોલ્યો, તે બળદ ચાલ્યા. તે પડ્યો હેઠો. એવું થાય. માટે આપણે શ્લોકો બોલવા ને વાંચવું. શિખરિણી છંદ, કોકિલવૃત્ત છંદ... એમ છંદ બોલવા...'

બપોરે વર્તમાન ધરાવવાના કાર્યક્રમમા ચાલીસથી પચાસ નવા મુમુક્ષુઓને વર્તમાન ધરાવતા. પારાયણમાં પણ આજુબાજુનાં ઘણાં ગામોમાંથી રાવલ, મોરઝર, પોરબંદર, જામનગર, રાજકોટ, જૂનાગઢ વગેરે ગામોમાંથી હરિભક્તો લાભ લેવા આવતા.

સાંજે ૭-૨૦ વાગે કથા પછી સંબોધતાં કહે : 'આ પારાયણમાં આજુબાજુનાં ગામના હરિભક્તોને આમંત્રણ છે. જમણવાર હોય તો સૌ લાભ લ્યે. તેમ આ કથાવાર્તાનો જમણવાર છે. ભગવાન વરણીય થાય. આપણે

મહેમાન તરીકે આવ્યા છીએ. કોઈ સો વરસના, કોઈ એંસી વરસના એમ આયુષ્ય લઈને આ લોકના મહેમાન થયા છીએ. તેમાં આ દેહનો નિર્ધાર નથી. તો નિરાંત કે'દી મળવાની ? માટે પેંગડે પગ ને બ્રહ્મઉપદેશ, એમ ન થાય. બે કલાક બેસાય તો રંગ આવે.'

ગોરાણા નજીક બખરલાના ડૉ. વિનુભાઈ સ્વામિનારાયણ ગોરાણા આવ્યા ન હતા. સ્વામીશ્રીએ તેમના ભાઈ ડૉ. કાંતિભાઈ સ્વામિનારાયણ અને ફૂવા ડૉ. નથુભાઈ ટાંકને કહ્યું : 'કેમ નથી આવતા ?'

ડૉ. ટાંકે કહ્યું : 'હું કાગળ લખવો ભૂલી ગયો છું. મારી ભૂલ છે.'

સ્વામીશ્રી કહે : 'તમારી ભૂલ નથી. અહીં અમે ત્રણ દિવસથી છીએ. તેમણે આવવું જોઈએને ! ઓછા જાનમાં તેડાવવાના છે !' એમ નાના-મોટા કોઈ ભક્તોને સ્વામીશ્રી કદી ભૂલતા નહિ અને મીઠો ઠપકો આપી જાણપણું આપતા.

બીજે દિવસે જામ રાવળ કાંતિભાઈને ઘરે પધરામણી હતી. ઉકાળા-પાણી કરવા બેઠા. રૂમ ઘણો નાનો હતો. એ.પી. પટેલ અને ભટેસા સ્વામીશ્રી સાથે બેઠા હતા. સામે બાળમુકુંદ સ્વામી અને મહંત સ્વામી બેઠા હતા. જગા બિલકુલ ન હતી. એક યુવક બહાર ઊભા હતા. સ્વામીશ્રીએ તેમને અંદર બોલાવ્યા. સંતોએ કહ્યું કે 'અમે તેમને માટે બહાર વ્યવસ્થા કરીએ છીએ.' પણ સ્વામીશ્રી ઊભા થઈ ગયા, પોતાનું આસન જાતે સંકોર્યું અને બાજુમાં એ યુવકને બેસાડ્યા. ત્યારે એ ભાઈ અત્યંત ગળગળા થઈ ગયા.

અલૌકિક અલપ-ઝલપ

ક્યારેક વિશેષ કાર્યક્રમ કે પ્રવૃત્તિ ન હોય તો સ્વામીશ્રી પાસે ભક્તો પોતાના વિચારો રજૂ કરતા. અલબત્ત, સત્સંગ સંબંધી જ. બીજી પણ એવી કેટલીક વાતો નીકળતી. ડૉ. ટાંકે કહ્યું કે : 'નારાયણ ભગત આચાર્ય થયા. હવે મહામહોપાધ્યાયની પદવી મળે.'

સ્વામીશ્રી તુરત પૂછવા લાગ્યા : 'એ કોને મળે ? કોણ આપે ?'

કોઈ કહે : 'ડૉ. ઝાકીરહુસેન (રાષ્ટ્રપતિ) આપે.'

'એ તો મુસલમાન, એ શું સંસ્કૃત જાણે ?...' સ્વામીશ્રીએ દલીલ કરી.

'એમ નહિ બાપા ! એ તો રાજ્યના પ્રધાનો લખે. બાબુભાઈ જશભાઈ લખે. આપણે તેમને કહીએ...'

કોઈએ કહ્યું : 'જામ સાહેબ પહેલાં કરતા.'

સ્વામીશ્રી કહે : 'જામ સાહેબ તો આપણા હેતવાળા છે. આપણે પ્રેસિડેન્ટને ટેલિફોન કરવો જોઈએ.'

નારાયણ ભગત કહે : 'એ તો પુસ્તક લખીએ ત્યારે થાય. કિયો પૂછે છે !'

સ્વામીશ્રી કહે : 'આપણે ચાર જણને પદવી મળે એવું કરો. આપણે સર્વોપરી કામ કરવું છે. 'અલ્યા બોચાસણિયા આવા થયા,' એમ ભાર પડે. સહુ નમતા આવે. કરો ધૂન...

'ભણનારા આળસ-પ્રમાદ છોડી આ કાર્ય ઉપાડી લે તો ભાર પડે. આપણે કંઈ કહેવા નથી જવું. એની મેળે ગોતતા ગોતતા આવે. એ મુદ્દો છે. સરકારે નહેરો કરી, લોકોને આગળ લઈ જવા. હવે નર્મદાની નહેર બાંધવાની છે. લાખો માણસોને પાણી મળે. વરસાદબાપા મોળા પડે છે. પછી તેમને કહીએ - તમે બેઠા રહો.'

મુંબઈમાં વરસાદનું પૂછ્યું ને કહે : 'ત્યાં થાય એટલે અહીં થાય.'

પછી વરસાદ સારો થાય તેવી ધૂન કરાવી. અને બોલ્યા : 'વરસાદ સોળ આની પડશે, લોકો સુખી થશે.' પછી પધરામણીની આરતી કરાવી.

ગોરાણામાં એક ૭૫ વર્ષના વૃદ્ધે વાત કરી : 'સ્વામીશ્રીએ આ પારાયણમાં પ્રતાપ બહુ જણાવ્યો. અમારે ત્યાં સો માણસો ભેગા થાય, તો તકરાર થાય. લાકડીઓ ઊડે. ઘણી વાર ખૂન પણ થઈ જાય. સ્વામીબાપા અઠવાડિયું રહ્યા. રોજ રોજ પાંચસો માણસ ભેગા થાય, જમે, પણ બોલાચાલી પણ થતી નથી. બહુ પ્રતાપ જણાવ્યો.'

કારણ, ગોરાણા મેર લોકોનું ગામ. આ લોકો બહુ માથાભારે. મારામારી ને ખૂનામરકી તો વાતવાતમાં થઈ જાય.

નવાં ખેડાણ

તા. ૨૩મીએ બાલમુકુંદ સ્વામી વિસાવડા ગામે પધરામણીએ ગયા હતા તે અહેવાલ લીધો. પછી કહે : 'ગુણાતીતાનંદ સ્વામી મેલી ગામ તરફ જતા હતા. પટેલિયાને વાતો કરી, સત્સંગી કર્યા. મેલી ગામને ઊજળી કરી. આ દેશ બરડો-કઠણ છે. તે માલદેવભાઈ દ્વારા ઊજળો થવા મંડ્યો. કણકો ખાધો હોય તો કૂકડો થઈને બોલે. જમાડ્યા વિના સત્સંગ ન થાય. કેટલાક કહે છે કે 'એનું એ શું ખૂંદો છો, નવું ખેડો છો ?' તે આ નવું ખેડીએ છીએ. ગુણાતીતાનંદ સ્વામીએ મેલીને ઊજળી કરી, તેમ હવે આ દેશ ઊજળો થશે.

'મહારાજ છતાં કેટલાક હરિભક્તો ધજાનાં દર્શન થાય ત્યાંથી દંડવત્ કરતાં કરતાં જાય. શાસ્ત્રીજી મહારાજના રાજ્યમાં લાડવા ટાટકીએ છીએ. દાખડો એમનો. માટે શૂરવીર થાવું. ૧૨-૦૦ વાગે સૂઈએ અને ૪-૦૦ વાગે ઊઠીએ તો દેશ જાગ્રત થાય. ગાંધી એક મહાત્મા થયા તો દેશ જગાડ્યો. નવાગામમાં શાસ્ત્રીજી મહારાજે તેમને આશીર્વાદ લીધા. શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ ને દૃષ્ટિથી સ્વરાજ્ય મળ્યું; પણ તે લોકોએ લખ્યું નહિ. કારણ, મહિમા નહિ.'

સવારે કથા પછી આશીર્વાદ આપતાં કહે :

'મહારાજ દુર્વાસાના શાપથી પધાર્યા અને અનેક જીવોનું કલ્યાણ કર્યું. ન આવ્યા હોત તો ત્યાં રહીને પણ કલ્યાણ કરત. પણ જમાડવાનું, રમાડવાનું સુખ ન આવત.

'કોઈ જાતનું વ્યસન આ ગામમાં ન રહેવા દેવું. આપણી મેળે જ કાઢી નાખવું. ન જાય તો આશીર્વાદ લેવા આવવું. કોઈ જાતનો ફેલફતુર, બીડી-બાકસ આજથી રહેવા ન દેવા. ભગવાન મોક્ષના દાતા છે. આપણે ગમે એવી વાતો કરીએ, પણ ચારિત્ર્ય સારાં ન હોય તો ભાર ન પડે. દ્વારકામાંથી દ્વારકાનાથ વિસાવડામાં[૬] આવ્યા, એમ શ્રીજીમહારાજ ગોરાણા આવ્યા.

'પ્રેમને વશ છાપરું હોય તોય બંગલો છે, અને બંગલો હોય પણ પ્રેમ ન હોય તો નકામો.'

સાંજની સભા બાદ પણ વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'ભગવાનની પ્રાપ્તિ થઈ તે લૉટરી લાગી ગઈ, અક્ષરધામમાં જવાની. શ્રીજીમહારાજ પાસે બેસવાની. કોઈ ગવર્નર કે રાજા બોલાવે તો કેટલો કેફ આવે ! છાતી પહોળી થાય. તેમ પુરુષોત્તમ નારાયણનો કેફ આવે તો મોળો ન પડે. માટે સંબંધ થયો તે અલમસ્ત રહેવું. અહોહોપણું થાવું જોઈએ. ક્યારેક મોળું પડી જાય. વ્યવહાર તો સુધરે છે, અન્ન-વસ્ત્ર આપે છે. શાંતિનાં ગાડાં આવ્યાં છે.'

આજે રવિવાર હોવાથી પત્રિકા વાચન કરાવ્યું અને આજ્ઞા પ્રમાણે વચનામૃત ને વાતુંની કથા સંતો પાસે કરાવી. સંતોને દ્વારકા દર્શન કરવા મોકલ્યા હતા, તે મોડી રાત્રે પાછા આવ્યા.

---

૬. વિસાવડામાં વિજાત ભગત થયા. તે દ્વારકાની ધજાનાં દર્શન કરી જમતા. તે ઘોડી ઉપર જતા. વાઘેર લોકોએ ઘોડી લેવાનું નક્કી કર્યું. પછી દ્વારકાધીશે દર્શન દીધાં ને કહ્યું : 'હું અહીં રહીશ.' તેમ દ્વારકાધીશ વિસાવડામાં બેઠા.

આપણને ખરો મુદ્દો મળ્યો છે

વળતે દિવસે સવારે ૫-૦૦ વાગે સભામાં ભટેસા અને સંતો, જેઓ ગઈકાલે દ્વારકા દર્શને જઈ આવ્યા હતા, તેમની પાસે યાત્રાનો અહેવાલ સાંભળ્યો. પછી સ્વામીશ્રી કહે :

'સચ્ચિદાનંદ સ્વામીને અગિયાર ઉપવાસ દ્વારકામાં થયા. ગુગળીએ માર્યા. કાઢ્યા. પછી મહારાજ રણછોડજીને વડતાલ લાવ્યા. મોટાસ્વામીને ડાકોરમાં રણછોડજીએ દર્શન દઈ કહ્યું. બધી વસ્તુ સ્વામિનારાયણને ઘેર છે. મૂર્તિઓ, સાધુ, હરિભક્તો સર્વસ્વ છે.

'ખાંડિયા ગામનો એક લૂલો, લોટો-દોરી લઈને, ચાર ધામની યાત્રા ચાર વખત કરી. અમને મોજીદડ મળ્યો હતો. લોકો બહુ ખપવાળા હોય છે.

'મુદ્દો એક - સ્વામિનારાયણ ભગવાનને ત્યાં છે, એવું ક્યાંય નથી. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું : 'આગળ ધોળકા, અમદાવાદ આવે છે, પણ જે જોવાનું છે તે તમારી ભેગું છે.' આપણને ખરો મુદ્દો મળ્યો છે, તે ઉપર ધોરણ રાખીએ તો સુખ-શાંતિ રહે.'

સવારે સભા પછી, ગામની પ્રાથમિક શાળામાં સભા યોજી હતી.

રાત્રે દેવળિયા ગામની ભજન મંડળી આવી. સ્વામીશ્રી આરામમાં જતા હતા, પણ ખાસ દર્શન દેવા પધાર્યા. પછી તો સભામાં બિરાજ્યા. મંડળીએ સુંદર કીર્તનો ગાયાં. તે સાંભળી આશીર્વાદ આપતાં સ્વામીશ્રી કહે :

'પચાસ વર્ષની સ્મૃતિ તાજી કરાવી. આવાં કીર્તનો ઓછાં ગાય. મહારાજની મૂર્તિનાં કીર્તન ઓછાં. એ મહારાજના રાજીપાનાં કીર્તન. મંડળી જાય નહિ અને જાય તો કાલે સવારે ૧૦-૦૦ વાગે પાછા આવે. મંડળે શેરે શેરે ઘીના લાડુ જમાડ્યા. મહારાજની મૂર્તિનાં કીર્તનો ગાયાં (એટલે), શ્રીજીમહારાજ ભક્તોના મનોરથ પૂરા કરે છે. નિષ્કામભાવનો મનોરથ પારાયણનો હતો, તે પૂરો કર્યો. હવે વરસાદ બે દિવસમાં ધમધોકાર પડવાનો છે. બે મિનિટ ધૂન કરો કે વરસાદને આવવું જ પડે...'

ગોરાણામાં હીરાની ખાણો

એવામાં માલદેવભાઈએ ઝોલું ખાધું. ત્યારે સ્વામીશ્રી કહે : 'તમારે ઘેર ધામધૂમ છે ને તમે ઝોલું ખાવ એ કેમ ચાલે ? આફ્રિકામાં હીરાની ખાણો

નીકળી. હજાર પોલીસ પહેરો ભરે. અહીં ગોરાણામાં હીરાની ખાણો નીકળી. સત્સંગની છાવણી નાખી. સંતો-હરિભક્તોને તેડાવ્યા. ઘીનાં આંધણ મૂક્યાં. બીજે તેલ નથી મળતું. જ્યાં ભગવાન ને સંત હોય, ત્યાં સત્યુગ હોય. પછી કળિયુગ, ત્રેતા ન હોય. એમ થાય કે આખી રાત જાગીએ; પણ દેહ ખમે નહિ. *'રે શિર સાટે નટવરને વરીએ...'*

'હરિનો મારગ છે શૂરાનો... મને શૂરાતન આવ્યું તે હું આવી ગયો. ભગવાને પવન ઓછો કર્યો. મને સુખ થયું. બધાને દુઃખ થયું.'

પછી વરસાદ માટે જોર જોરથી તાળી પડાવી ધૂન કરાવી. ત્યારબાદ ગોરાણામાં ખૂબ ધોધમાર વરસાદ પડ્યો હતો.

રાતના ૧૧-૦૫ વાગે આરામ કરવા માટે ઉતારે પધાર્યા. સંતો કહે : 'બહુ મોડું થયું.'

'વરસાદ માટે ધૂન કરવાની જરૂર હતી. વરસાદ કહી ગયો - હવે આવશે.' સ્વામીશ્રીએ કહ્યું.

ઊંઘની ગોળી લેતાં પહેલાં બાલમુકુંદ સ્વામી, મહંત સ્વામીને બોલાવ્યા. મંગળવાર, તા. ૨૫મીએ મંદિરનું ખાતમુહૂર્ત કરવા વાત કરી અને મુહૂર્ત જોવરાવ્યું.

તા. ૨૫મીએ સવારે ૫-૦૦ વાગે, છગનભાઈ મોરઝરવાળાના દેશકાળ સારા થાય એ માટે ધૂન કરાવી.

પછી માલદેવભાઈના મોટા ભાઈ માંડણભાઈને કહે : 'જમીનમાંથી પાકે તેનો અડધો ભાગ નાના ભાઈ માલદેવભાઈને આપવો. નાના ભાઈનું વધારે રાખવું.' માંડણભાઈએ તરત જ હા પાડી.

પછી બધા ભાઈઓને બોલાવી આશીર્વાદ આપ્યા : 'જેના કુળમાં એક ભક્ત થાય, તેના આખા કુળનો ઉદ્ધાર થઈ જાય. સત્સંગ વધે તો આવ્યા પ્રમાણ; નહિ તો લાડવા ઉડાડ્યા.'

મોટપનો માપદંડ કયો ?

ગોરાણા નજીક એક ગામમાં સંસ્કૃત પાઠશાળા છે. પ્રાચીન મંદિર છે. ત્યાંના મહંતને મળવા સંતો ગયેલા. 'તેઓ ટાટ પહેરીને રહે છે ને બે ટંક ગાયનું દૂધ જ પીએ છે. અન્ન લેતા નથી. વળી, પ્રખર વિદ્વાન છે. મંદિરની આવક પણ સારી છે.' એવી વાતો મળતાં સંતોએ તેમને પારાયણમાં પધારવા

અને સ્વામીશ્રીને મળવા આમંત્રણ આપ્યું હતું.

આજે સવારે તેઓ તેમના શિષ્યો સાથે આવી પહોંચ્યા. સ્વામીશ્રી સાથે વાર્તાલાપ થયો. પછી સૌ સભામાં આવ્યા. મહંતનું આસન સ્વામીશ્રીના આસનથી અજાણતા જ નહિ જેવું નીચું થયું હતું. તેથી તેમને જ્યારે બેસવા માટે આગ્રહ કર્યો, ત્યારે તેઓ કહે : 'હું ત્યાં નહિ બેસું.' તેઓ ઊભા રહ્યા.

તરત સ્વામીશ્રી ઊભા થઈ ગયા અને કહે : 'હું નીચે બેસું ને મારા આસન પર એમને બેસાડો.' પછી સ્વામીશ્રીના આસન ઉપર જ, બાજુમાં થોડી જગ્યા કરી, તકિયો ગોઠવી તેમને બેસાડ્યા.

આચાર્યને કંતાન પહેરેલા જોઈ સ્વામીશ્રી ખુશ ખુશ થઈ ગયા. ને કહે : 'અહોહો ! ટાટાંબરી ! શ્રીજીમહારાજ આવાં કંતાન ૫૦૦ પરમહંસોને પહેરાવતા. આજે પ્રત્યક્ષ જોવા મળ્યા.' સ્વામીશ્રી તો ગુણ જ ગાતા હતા.

આ એક જ પ્રસંગથી સભાજનોને ખ્યાલ આવી ગયો કે સાધુ કોણ ? કંતાન પહેરતા હોય ને દૂધ ઉપર રહેતા હોય, ગમે તેટલો ત્યાગ હોય કે વિદ્વત્તા – પણ અહંભાવ જવો દુષ્કર છે. જ્યારે સ્વામીશ્રી તો નીચે બેસી જવા તૈયાર થઈ ગયા. ગાદી-તકિયામાં નહિ, પણ સેવક થવામાં એમણે મોટપ માની હતી.

પોતાની યોગ્યતા પ્રમાણે આસન મળ્યા પછી જ તેઓ સ્વસ્થ થયા. પોણો કલાક પ્રવચન કર્યું. ધર્મની મહત્તા સમજાવી. સ્વામીશ્રીએ ભટેસા પાસે એમને ભેટ મુકાવી રાજી કર્યા. ડૉક્ટર સ્વામીએ કથાની પૂર્ણાહુતિ કરી. સ્વામીશ્રીએ સૌને રાજી થકા આશીર્વાદ આપ્યા : 'આજે પારાયણ થઈ, સાત દી'ની સપ્તાહ. આ ગામને આશિષ છે – તને, મને, ધને સુખી થાઓ. દરેકના રોગ મટી જાવ. ગામ સદાકાળ સુખી થાવ. દેશકાળ સારા થશે. અઠવાડિયું રહ્યા તો ત્રણ લાભ થયા – એક સત્સંગ થયો ને બીડી-બાકસ છૂટ્યાં; બીજું, સંતો પધાર્યા; ત્રીજું, ઠાકોરજી બેસશે.'

પછી માલદેવભાઈ તથા તેમના કુટુંબીજનોએ પૂજન કર્યું.

પુરુષોના મંદિરનું ખાતમુહૂર્ત કર્યું. માલદેવભાઈએ આ પ્લોટ અર્પણ કર્યો હતો. સાથે સ્ત્રીઓના મંદિર માટે વિશાભાઈ મૂળુ તથા સવાભાઈ સામતે મળીને એક પ્લોટ અર્પણ કર્યો હતો. આજે આખા ગામને પ્રસાદ લેવાનું આમંત્રણ હતું.

ઉતારે સવારની સભામાં આવેલા મહંતને સંભારીને કહે : 'ઓલ્યા આચાર્ય આવ્યા, તે કોથળો જ પહેરે છે.'

કોઈ બોલ્યું : 'બાપા ! એમને ઊંચે જ બેસવા જોઈએ...!'

તરત જ સ્વામીશ્રી બોલ્યા : 'તપ કેવું કર્યું ! કોથળો જ પહેરે...'

પછી કહે : 'આપણે તો જુઓ, આ વડને છાંયડે બેસી રહીએ. આ ચોક ને આ ઝાડ યાદ રાખજો.' એમ કહી જે વડ નીચે બેઠા હતા તે નાનું વૃક્ષ હતું. તેથી પોતાની તુંબડીથી પાણી પાયું ને બોલ્યા : 'હજાર વર્ષ આવી છાયા રાખજે.'

માલદેવભાઈ મોક્ષનો માલ લૂંટે છે

પારાયણમાં માલદેવભાઈએ ખર્ચ સામું જોયું નહિ. દૂધ, દહીં, છાશની રેલમછેલ. ચોખ્ખું ઘી વાપર્યું. ઇલેક્ટ્રિસિટી માટે જનરેટર લાવ્યા. કેરીની રસોઈ વખતે સંતો કેરીનાં છોતાં તથા ગોટલા ઘસતા હતા. તે જોઈ માલદેવભાઈ કહે : 'છોતાં ને ગોટલા ઘસવાનું રહેવા દ્યો. એ તો છોકરાં ખાઈ જશે. તમે ખાલી રસ જ કાઢો.' પછી સંતો માન્યા નહિ તેથી ગોટલા-છોતાં ધોવા માટે પાણીની જગ્યાએ દૂધ લાવ્યા. આવો એમનો પ્રેમ હતો.

પારાયણમાં એમના ભાઈઓ માંડણભાઈ તથા નાગાજણભાઈ પણ સાથે હતા. તેમજ માલદેવભાઈ પૂંજા, પૂંજાભાઈ ખીમા, પરબતભાઈ, જોધાભાઈ વગેરેનો પણ સાથ હતો. જામનગર મંડળે પણ પારાયણમાં સારી સેવા કરી હતી. આજુબાજુનાં ગામોમાંથી અનેક ભાવિકો આ પર્વનો લાભ લેતા. સાથે રાવલ, સોઢણા, અડવાણા, રાજકોટ, પોરબંદર, મુંબઈ વગેરે ગામોમાંથી પણ હરિભક્તો આવ્યા હતા.

ગોરાણાથી સાંજે નીકળી ડૉ. વિનુભાઈ સ્વામિનારાયણના આગ્રહથી પોરબંદર પાસે બખરલા ગામે પધરામણી કરી. રાત્રે ૮-૪૫ વાગે પોરબંદર આવી પહોંચ્યા. આમ, બરડા ડુંગરના આ ઘેડ વિસ્તારમાં મેર કોમમાં સત્સંગનાં બીજ નંખાયાં. સ્વામીશ્રીની સાધુતાના પ્રભાવથી આ તીખી અને મારકણી પ્રજા સત્સંગ સુવાસથી મહેકવા લાગી.

પોરબંદરમાં હેમેન્દ્રભાઈને ત્યાં સ્વામીશ્રી સંતો સાથે રાત્રે ઉકાળો લેવા બેઠા. થોડી વાર પછી સંતો કેરી લાવ્યા. 'ધોઈને આપો,' સ્વામીશ્રીએ કહ્યું. કેરી ધોઈને લાવ્યા પણ ઘોળ્યા વિનાની હતી. તે જોઈ સ્વામીશ્રી કહે : 'લાવો, હું ઘોળીને આપું.' પછી બે-ત્રણ કેરી જાતે ઘોળી અને કહે : 'આવો અવસર ક્યાંથી મળે !'

અહીં સભામાં મેજિસ્ટ્રેટ લખતરિયા તથા મહર્ષિ દયાનંદ સાયન્સ કૉલેજના પ્રિન્સિપાલ જાની વગેરે દર્શને આવ્યા હતા. સભામાં થોડી વાતો કરી.

ઊઠતા હતા ત્યાં શ્રીહરિ સ્વામીએ પ્રિન્સિપાલ જાની સાહેબનો પરિચય સ્વામીશ્રીને આપ્યો કે 'મહંત સ્વામી એમની પાસે ભણેલા.'

સ્વામીશ્રી કહે : 'એમ...! આ તો શિષ્ય ગુરુ થઈ ગયા ! ગુરુ શિષ્ય થયા !'

બીજે દિવસે સવારે અષ્ટકો બોલ્યા પછી હું ગુજરાતી અનુવાદ વાંચતો હતો. અર્થ વાંચી રહ્યો એટલે બોલ્યો : 'પૂરું થયું.'

સ્વામીશ્રી કહે : 'એમ ન બોલવું. જય બોલાવવી. બોલો, સહજાનંદ સ્વામી મહારાજની જય...' એમ કહી પોતે જય બોલાવી.

રાઈનો મેરુ !

તા. ૨૬મીએ સવારે ૫-૦૦ વાગે ધૂન કરાવીને કહે : 'આજે ૫-૩૦ વાગ્યા સુધી ગોષ્ઠિ કરીએ. વહેલું જવું છે. માટે ૫-૩૦ થાય ત્યારે મને ખબર આપજો.' પછી વાત શરૂ કરી :

'જીવમાત્ર ભગવાનનું શરણું લે તો મોક્ષ થાય; પણ બારોબાર બીજા કોઈ સાધનથી મોક્ષ નથી થતો. આશરો હોય તો જ મોક્ષ થાય. શરણે આવે તેની થોડી સેવા હોય તોય 'શું સેવા !' 'બહુ મોટા !' એમ કહી આગળ લઈ લે, પણ પાછો ન પડવા દે. જરાક જેટલો ગુણ હોય - સેવાનો, કથાનો... તેને આગળ કરે.

'ભગવાન આપણને દિવ્ય દૃષ્ટિ આપે પછી અવગુણ જ ન દેખાય. જાગા સ્વામી કહે : 'પારકો આકાર, ક્રિયા ને દોષ ન જોવાં.' આપણામાં પેસી જાય. ભગવાન દિવ્ય દૃષ્ટિ આપે તો જ દિવ્યભાવ રહે.

'આ જીવ ભગવાનને માર્ગે જાય તો આ બ્રહ્માડમા જેટલા બ્રાહ્મણ છે તેને જમાડવાનું પુણ્ય થાય અને બધાં તીર્થ ફર્યાનું પુણ્ય થાય.

'ભગવાનનાં નેત્રો કરુણામય. કોઈ ગુનેગાર હોય તો છોડી મૂકે.

'પોરબંદરમાં ફાગણ મહિનામાં પારાયણ કરવું છે.' આમ સંકલ્પ કરી, આરતી-પૂજા બાદ ગામમાં મંદિરે પધાર્યા.

ગિરધરભાઈને ત્યાં ઉકાળા-પાણી કરી, બે પધરામણી કરી, કુતિયાણા આવ્યા અને ૧૨-૦૫ વાગે જૂનાગઢ વજુભાઈ ટાંકને ત્યાં ઉતારે પધાર્યા.

હેતનું લક્ષણ શું ?

વજુભાઈને તાવ આવતો હતો. તેઓ મેડા ઉપર સૂતા હતા. સવારે પૂજા બાદ સ્વામીશ્રી સર્વને 'જય સ્વામિનારાયણ' કહેતાં સીડી નજીક આવ્યા અને

કહે : 'હાલો, ઉપર વજુભાઈને મળવા જવું છે.'

ડૉક્ટર સ્વામીએ કહ્યું : 'ઉપર ચડવાનું ફાવે એવું નથી. દાદરો સીધો છે. સાંકડો છે. અને ખુરશીમાં બેસી ઉપર ચડાય એમ નથી.'

'ભલે રહ્યો, ચડી જઈશું.' એમ કહી ખુરશી વગર ઉપર ચડી ગયા.

વજુભાઈને મળ્યા. આશીર્વાદ આપ્યા અને તબિયત સારી થાય તે માટે ધૂન કરી. એમની છાતીએ તથા બરડે હાથ ફેરવ્યો. દાદરો ઊતરતાં તેમને કહે : 'તમને તકલીફ ન અપાય, અમારે આવવું જોઈએ. એ હેતનું લક્ષણ છે.'

આપણે બ્રહ્મવિદ્યા અહીં ભણેલા

બપોરે સંતોને ફ્રૂટસલાડ જમાડ્યો. જો કે પોતે તો કદી આવું ખાતા નહિ, પણ જુવાન સંતોને ખૂબ આગ્રહ કરી પીરસતા-પીરસાવતા. જમતાં જમતાં કહે :

'દાઢી મૂછ મુડાવ્યા, મોઢું કર્યું ફક;
કલ્યાણનું થાય ત્યારે, પણ શિરાવ્યાનું તો સખ.'

એમ બે વખત બોલી હસ્યા. પછી કહે : 'આપણે બ્રહ્મવિદ્યા અહીં ભણેલા.'

સાંજે ગુજરાત ઇલેક્ટ્રિસિટી બૉર્ડના ચૅરમેન શાંતિકુમાર રાજા તથા રતિભાઈ શાહ દર્શને આવ્યા. તેમને સંબોધીને થોડી વાતો કરી.

ગુરુબંધુના મુખે ગુરુગુણ

સાંજે ૫-૩૦ વાગે સ્વામિનારાયણ મંદિરે દર્શને પધાર્યા. મૂર્તિઓનાં તથા પ્રસાદીની વસ્તુઓનાં દર્શન કર્યાં. પૂજારીએ પ્રસાદીનો હાર પહેરાવ્યો. પછી બ્રહ્મચારીના આશ્રમમાં પધાર્યા. ત્યાં સંતોને પાણી પાયું.

સાધુની ધર્મશાળામાં ગુણાતીતાનંદ સ્વામી સ્નાન કરતા તે ઓરડીને સ્થાને ઓટો અને મૂળ સ્થાન બાજુના ઓરડામાં છે, ત્યાં સ્વામીશ્રીએ બારીમાંથી દર્શન કર્યાં. કૃષ્ણચરણ સ્વામીના આસને સ્વામીશ્રી થાંભલાને ભેટ્યા. બાજુમાં પોતાનું આસન, માધવપ્રિય સ્વામીનું આસન, બાલમુકુંદ સ્વામીનું આસન, ગુણાતીતાનંદ સ્વામી જે થાંભલે બેસતા તે થાંભલો, અહીં બાજુમાં સિંહાસનમાં મહારાજની છૂટી મૂર્તિ જે ગુણાતીતાનંદ સ્વામી મહાપૂજામાં રાખતા, નારાયણ સ્વામીનું આસન જ્યાં ભીંતમાં ગોખલો છે, ભગતજી મહારાજ નાહેલા તે એંઠવાડની કૂંડી, ભગતજી મહારાજે વતું કરેલું તે ઓટો વગેરે સ્થળોએ દર્શન કર્યાં.

પછી કોઠારમાં કોઠારી સ્વામી સાથે થોડું બેઠા. કોઠાર પાસે ગોપાળાનંદ

સ્વામીનો ઓરડો, ભગતજી મહારાજને સ્વામીએ સાક્ષાત્કાર કરાવેલો તે ઓરડો, જે ઓરડામાં બાલમુકુંદદાસ સ્વામી ધામમાં ગયેલા, જાગા સ્વામીનો ઓરડો વગેરે બાકી રહેલાં સ્થળોનાં દર્શન કરી, પોતાના ગુરુભાઈ અક્ષરપુરુષ સ્વામીને ઓરડે પધાર્યા. એમની ઉંમર ૮૨ વર્ષની હતી.

'શું ખવાય છે, પીવાય છે ?' સ્વામીશ્રીએ હેતથી પૂછ્યું.

'મહારાજને કહો ધામમાં લઈ જાય.' તેમણે મનની વાત ઠાલવી.

'સાવ સાજા થઈ જાવ.' સ્વામીશ્રીએ કહ્યું.

સ્વામીશ્રીએ બધા સંતોને વારાફરતી બોલાવી તેમનાં દર્શન કરાવ્યાં. અક્ષરપુરુષ સ્વામીએ કહ્યું : 'કૃષ્ણ અને રામનો નિશ્ચય તો છે જ; પણ આનો કરવો ને એનું પ્રતિપાદન કરવું. દુનિયામાં મતપંથનો પાર નથી. આથી કરોડ ગણો સત્સંગ થાશે. મહારાજનો સંકલ્પ શાસ્ત્રીજી મહારાજે પૂરો કર્યો. આરસનું મંદિર ગઢડામાં કર્યું. મહારાજ, સ્વામી ને મુક્ત પધરાવ્યા...' સ્વામીશ્રી પણ શાસ્ત્રીજી મહારાજનાં ગુણગાન સાંભળી હરખાતા હતા.

શ્રીજીમહારાજના વખતનું કુળ

પછી હરિપ્રસાદ સ્વામી, જેઓ બાપલા સ્વામીને નામે ઓળખાતા, તેમને આસને પધાર્યા. ખાસ તો એમની તબિયત સારી નહોતી એટલે ખબર કાઢવા પધાર્યા. તેમણે વાત કરી : 'આ જોગી તો શ્રીજીમહારાજના વખતનું કુળ ! વળગી રહેજો ! કેરી પાકી થાય ત્યાં સુધી આંબા ઉપર વળગી રહે તો ઘી-ખાંડ ભળે, પણ કાચી તૂટી જાય તો મીઠું ને તેલ ભળે. તેમ તમે સમજો છો તે બરાબર છે. માટે જોગીને વળગી રહેવું.' તેમણે અમને સૌ સંતોને શિખામણ આપી.

સ્વામીશ્રી તેમને મળીને બહાર આવ્યા ત્યારે કેટલાક નાના સાધુઓ મોટાની ચડવણીથી સ્વામીશ્રીની મશ્કરી કરતા હતા. છતાં સ્વામીશ્રીએ તેમને ખૂબ જ પ્રેમથી, નમ્રભાવથી 'જય સ્વામિનારાયણ' કહ્યા. ત્યારે મને મનમાં સંકલ્પ થયો કે 'આવા નાના છોકરાઓ અપમાન કરે છે તેને સ્વામી શું કામ 'જય સ્વામિનારાયણ' કહી પગે લાગતા હશે !'

તરત જ સ્વામીશ્રી બોલ્યા : 'એ બધા અમારા જૂનાગઢના છે.'

રાત્રે અનંત ધર્માલયમાં જાહેર સત્સંગ સભા યોજાઈ. સ્થાનિક કાર્યકર્તા નારણદાસ પાઉંએ જણાવ્યું કે 'રણછોડદાસજી મહારાજે કહેલું કે હિંદમાં કોઈ એક પુરુષ વટાળ પ્રવૃત્તિને રોકે એમ હોય તો યોગીજી મહારાજ છે. એમના

જેવો શક્તિશાળી બીજો પુરુષ હું જોતો નથી. એ માટે બિહાર-ઓરિસ્સામાં મંદિરો થાય એવી પ્રાર્થના છે.'

બ્રહ્મની ટેકરી

વળતે દિવસે ૫-૦૦ વાગે વરસાદની ધૂન કરાવી. પછી કહે :

'ગૌ સંતને કારણે, વસુ વરસાવે વરસાદ;

જેઠ માસ ઘામત વરસાદ કી આશ...'

'જેઠ માસ ઘામે, પરસેવો થાય, પવન ઓછો થાય, ત્યારે વરસાદ થાય.

'૨૧ની સાલમાં વરસાદ ન થયો. પછી ગુણાતીતાનંદ સ્વામી કહે : 'મે'થી નહિ તળેથી-જમીનમાંથી પાણી નીકળ્યું ને વરસ સારું થયું.' એ વાત કરી સ્વામીશ્રી કહે : 'જૂનાગઢમાં મંદિર કરી નાખો.'

વશરામભાઈ કહે : 'મારી જમીનમાં ચણી દઉં.'

'ભગવાન પ્રવેશ કરે તો સૌ આપે. આ ગુણાતીત સ્થાન...' એમ કહેતાં કેફમાં કહેવા લાગ્યા : 'જૂનાગઢ યોગીઓની ભૂમિ. તેમાં મૂળ યોગી ગુણાતીત. વાતો કરીને ભગવાનની મૂર્તિ ખડી કરી દે. આ તો બ્રહ્મની ટેકરી ! બધાં દર્શને આવે.' એમ કહી સ્થાનિક ભક્તો તરફ જોતાં કહે : 'તમારે તો ઘેર બેઠા ગંગા !'

'અહીં પ્રાગજી ભક્તને સાક્ષાત્કાર કરાવ્યો. બાળ મંડળ, વાલી મંડળો સ્થાપો. પાંચસો હરિભક્તો કરો, તો મંદિર થઈ જાય. હરિપ્રસાદ ચોકસી કહેતા : 'સ્વામિનારાયણ સંપ્રદાયમાં સાધુ તો શાસ્ત્રીજી મહારાજે કર્યા.' રવિવારે સભામાં સહુને આવવું. યુવકોને વાતું, વચનામૃત શીખવવાં.'

'વરસાદની ધૂન કરી લઈએ.' એમ કહી ધૂન કરાવી. આરતીમાં પધાર્યા.

સવારે પૂજા પછી જૂનાગઢમાં મંદિર માટે દાતાર રોડ ઉપર જગ્યા જોઈ. ફૂલ છાંટ્યાં ને લેવા માટે નક્કી કર્યું. પ્રાગજીભાઈને ત્યાં ઉકાળા-પાણી કરી, આજે ફરીથી સ્વામિનારાયણ મંદિરે પધાર્યા. એક એક પ્રસાદીનાં સ્થળે દર્શન કર્યાં.

સ્વામીશ્રીનો આ ક્રમ હતો કે જૂનાગઢ, ગઢડા વગેરે તીર્થોમાં પધારે ત્યારે મહારાજ, સ્વામીના એક એક પ્રસાદીના સ્થળે જેટલા દિવસ રહે એટલા દિવસ દર્શને જાય. દરેક જગ્યાએ દંડવત્, પ્રદક્ષિણા અને અધિકાધિક ભાવથી દર્શન કરે, લેખ વાંચે-વંચાવે. સાથેના હરિભક્તોને સ્થાનનો મહિમા સમજાવે. દર્શનાદિકમાં જરાપણ મોળપ નહિ, નિત્ય નવીન શ્રદ્ધા, અતિશય શ્રદ્ધા, અકલ્પ્ય શ્રદ્ધાનાં એમનામાં દર્શન થતાં !

આજે પણ અક્ષરપુરુષ સ્વામીને ઉતારે તેમને મળવા ગયા. ખબર-અંતર પૂછ્યા. તેઓ કહે : 'વંથળીમાં એક બ્રાહ્મણે 'સ્વામીની વાતો'ના પુસ્તકમાંથી વાતો સાંભળી. ત્યારે બ્રાહ્મણ કહે : 'આ શબ્દો બહુ બળના છે. મને વાંચવા આપો. આમાં તો છ શાસ્ત્ર ને પુરાણોનો સાર છે.' એમ કહી પુસ્તક વાંચવા લઈ ગયો.'

અહીંથી પ્રકાશપુરી, જ્યાં ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ છે, હાલ ગુરુકુળ છે, ત્યાં પધાર્યા. બાજુમાં બ્રહ્મ કુંડ - જેમાં મહારાજે અનેક વાર સ્નાન કરેલું, ત્યાં દર્શન કર્યાં.

કરુણા કરી જન ઉરમાં વસવું

બપોરે નટુભાઈ ગઢિયાને ત્યાં ઠાકોર જમાડવા પધાર્યા. અહીં જમતાં જમતાં શ્રીહરિ સ્વામીને એક પછી એક એમ છથી સાત કેરી આપી અને કહે : 'આ યાદ રાખજો.'

શ્રીહરિ સ્વામી કહે : 'હા, જૂનાગઢ આવશું ત્યારે યાદ આવશે.'

સ્વામીશ્રી કહે : 'દરરોજ યાદ રાખજો.'

ઉતારે ટાંક સાહેબને ત્યાં પધાર્યા. ધારાસભ્ય પ્રભુલાલ વ્યાસ દર્શને આવ્યા હતા.

સાંજે લાલ બાગ એગ્રિકલ્ચર કૉલેજમાં પધરામણી કરી. કૉલેજના સ્ટાફે સ્વામીશ્રીનું પૂજન કર્યું. વશરામભાઈને ત્યાં ઈગલ સિમેન્ટ ફેક્ટરીમાં ઉકાળા-પાણી કરી, ગોંડલ જવા નીકળ્યા.

જેતપુર પાસે ફાટક બંધ હતું. તેથી આરતી-અષ્ટક અહીં જ બોલ્યા. રાત્રે ૮-૪૦ વાગે ગોંડળ આવી પહોંચ્યા. દેરીમાં દર્શન કરી, મધ્ય મંદિરમાં શયન આરતી ઉતારી, સભા ભરી.

ગોરાણા પારાયણ તથા પોરબંદર, જૂનાગઢનો હેવાલ સંતો પાસે અપાવ્યો. પછી કહે : 'ખેતર ખાલી પડ્યાં છે. વાવનાર કોઈ નથી. શાસ્ત્રીજી મહારાજ કોઈ દિવસ એક ઠેકાણે ન રહે. મંદિરો બાંધવાં, ઝોળી માંગવી, ઉપદેશ આપવો. રાખ-રખાવટ કરવી. મુંબઈથી સોરઠ સુધી સત્સંગ કરાવ્યો. હાઈસ્કૂલ થઈ. શાસ્ત્રીજી મહારાજનો સંકલ્પ હતો તે પૂરો થયો. દવાખાનું, પાઠશાળા, ગુરુકુળના સંકલ્પો પૂરા થયા. સિદ્ધેશ્વર કાર્યકર્તા સારા છે. તે દોરવણી આપશે.'

રાત્રે સૂતી વખતે ઊંઘની ગોળી લેતાં ગુણવંતને બોલાવી પૂછ્યું :

'સામાન બધો બરાબર ઊતરી ગયો ? બધાને જમાડી દીધા ? રાજકોટવાળા બધાને પ્રસાદ આપી દીધો ?'

'હા, બાપા !' ગુણવંતે કહ્યું.

'એટલા માટે જ બોલાવ્યા હતા, હવે જાવ.' સ્વામીશ્રીએ કહ્યું.

તા. ૨૮મીએ સવારે ૫-૧૫ વાગે સ્વામીશ્રીએ કહ્યું : 'અમને હાથી ઉપર ચડાવ્યા. તે હાથી ઊંચો, પગથિયાં ટૂંકાં. એટલે પડ્યા હેઠે. પછી શાસ્ત્રીજી મહારાજે હાથ પકડી લીધો. સાધુજનોના શણગાર. બાપ જેમ દીકરાને ઘરેણાં વગેરે લાવી આપે, દીકરો ક્યાં કમાય છે ? પણ પોતે કમાઈને લાવે; તેમ ભગવાન ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ ગુણો આપે.'

❀ ❀ ❀



ગુરુકુળમાં મૂર્તિપ્રતિષ્ઠા

તા. ૨૮-૬-'૬૮, સવારે ૧૦-૦૦ વાગે, ગુરુકુળના હૉલમાં શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે અક્ષરપુરુષોત્તમ મહારાજ, શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજની સુંદર મૂર્તિઓની પ્રતિષ્ઠા થઈ. યજ્ઞમાં ભટેસા બેઠા હતા. મુંબઈના જયસુખભાઈ કોઠારી પણ હાજર હતા. આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'સ્વામીના સંકલ્પે અક્ષરપુરુષોત્તમ, શાસ્ત્રીજી મહારાજ બેઠા. અષાઢ સુદ બીજ, શુભ મુહૂર્ત. હવે આ ભર્યું મંદિર ગણાય. યુવકો બધા પગે લાગીને જશે - વિદ્યા સારી આવડશે. મૂર્તિઓમાંથી તેજ છૂટે છે. આવી ફરેમ (ફ્રેમ) ક્યાંય હિંદુસ્તાનમાં છે ? આજથી માયા બધી દુનિયામાંથી ગઈ. દુઃખ કે અશાંતિ કોઈને નહિ રહે. મકાન બાંધ્યું પણ મૂર્તિઓ વિના ન શોભે. ગુરુકુળ થઈ ગયું, હાઈસ્કૂલ થઈ ગઈ, તે શ્રીજીમહારાજને પ્રતાપે થઈ. આપણી દેન નહિ. સૂકું પાંદડું પણ આપણું હલાવ્યું હલતું નથી.' પછી વરસાદ માટે ધૂન કરાવી.

બપોરે મંદિરમાં ઘુમ્મટ નીચે સંતોએ હિમાલય, ગંગા નદી ઉપર નગર-યાત્રાનું સુંદર દૃશ્ય રચી, ઠાકોરજીને રથમાં તથા હાથી ઉપર પધરાવ્યા હતા. સ્વામીશ્રીએ રથયાત્રામાં બિરાજેલા ઠાકોરજીની આરતી ઉતારી હતી.

ડહોળું પાણી સોના કરતાં અધિક

સાંજે ઘાટ ઉપર સભા કરી. સોમા ભગતની વાતો કરતાં કહે : 'મેં તેમને ૨૭ લાડવા ખવડાવેલા. જબરા હતા. અમે આઠ સાધુ સારંગપુર રહેતા. તે ગામના લોકો ઘોડાનો સામાન લઈ જાય, ગોદડાં લઈ જાય, વાસણ લઈ જાય; પણ સોમા ભગતના આવ્યા પછી બધું બંધ થઈ ગયું.

'આવો સારો કુંડ નાહવાનો ! આ તો હું માંદો પડ્યો, નહિ તો છોડું જ નહિ. તોય માથે ચડાવું છું. દરેક સંતે નાહવા જવું. અત્યારે કુંડમાં ન્હાય તેનું

પુણ્ય બહુ.'

કુંડનું પાણી બંધિયાર એટલે ગંદું રહેતું. એટલે કોઈને નાહવાનું મન ન થાય. છતાં સ્વામીશ્રી આગ્રહ કરે ને કહે : 'હાલ આ ગંદા પાણીમાં પણ ન્હાય તેને પુણ્ય. કરોડ ગંગા કરતાં આ અધિક. આનું ડહોળું પાણી સોના કરતાં અધિક. અહીં મહારાજ વર્ષોવર્ષ નાહેલા. મહિમા સમજાય તો સ્નાન થાય ને પ્રદક્ષિણા થાય.'

પછી દેરીમાં દર્શન કરી, મંદિર ઉપર આરતી કરવા પધાર્યા. સામાન્ય રીતે સાંજે દેરીમાં કે મંદિરમાં જતા નહિ, પણ આજે રથયાત્રા હતી એટલે ખાસ દર્શને પધાર્યા.

રાત્રે સભામાં ૯-૪૫ વાગે ગુરુકુળના વિદ્યાર્થીઓને સંબોધતાં કહ્યું : 'વર્તમાન ધરાવી પૂજા આપવી. કપડાં, તિલકિયાં, કંઠી પરોવીને તૈયાર રાખો.'

શંકર ભગતને બોલાવ્યા ને કહ્યું : 'તમારી પૂજાના કેટલા થાય ?'

ભટેસાને કહે : 'તમે દરેક પૂજાના બે રૂપિયા લેખે આપજો. માળા ફેરવવી. પાંચ શ્લોક વાંચવા. કુંડમાં મોટા હોય તે ન્હાય. ઘેર ન જાવું. એક છોકરો રોવા લાગ્યો કે મુઝાઉં છું. ઘર સાંભર્યું. પછી ફોસલાવ્યો, પટાવ્યો, પ્રસાદીનો પડિયો આપ્યો. ત્યારે માંડ છાનો રહ્યો.' એમ કહી મને બાળકોને સંબોધવા કહ્યું.

તે પહેલાં બાળકોને પૂછ્યું : 'આ કોણ બોલે છે ?' એટલે છોકરાઓ નામ બોલ્યા. 'ક્યાંના છે ? મુંબઈના.'

મહાકાળ ઠેલી દીધો

એટલી વારમાં જૂનાગઢથી ફોન આવ્યો કે 'વજુભાઈ ટાંકને ૧૦૫° ડિગ્રી તાવ છે અને ખૂબ ગંભીર પરિસ્થિતિ છે.' સ્વામીશ્રીએ તરત જ ધૂન કરાવી. બાલમુકુંદ સ્વામીને જૂનાગઢ જવા આજ્ઞા કરી. તેઓ તૈયાર થયા ત્યાં જ ફરી ફોન આવ્યો કે 'તાવ એકદમ જ ઓછો થઈ ગયો છે.' સૌ સ્વામીશ્રીની ધૂનનો પ્રતાપ વિચારવા લાગ્યા.

એવામાં હસમુખભાઈ લાખાણી જૂનાગઢથી વજુભાઈ માટે આશીર્વાદ લેવા આવી પહોંચ્યા. તેમને અક્ષર દેરીનાં પ્રસાદી પુષ્પો અને જળ આપી સ્વામીશ્રી કહે : 'જાવ, મહાકાળ આવ્યો છે, પણ હઠી જશે. ચિંતા કરશો નહીં.'

હસમુખભાઈ જૂનાગઢ ગયા. તે જ રાત્રે સ્વામીશ્રીએ વજુભાઈને સ્વપ્નમાં દર્શન આપ્યાં ને પૂછ્યું : 'વજુભાઈ ! ધામમાં તેડી જવા છે, કાંઈ ઈચ્છા છે ?'

'બાપા ! છોકરાં નાનાં છે તેટલી ચિંતા રહે છે.'

'પણ જિંદગી પૂરી થાય છે. હવે નવું જીવન દઈએ છીએ.' સ્વામીશ્રીએ કહ્યું : 'જાવ, પાંચ વર્ષ સુધી કશું જ નહીં થાય.'

વજુભાઈ એકદમ જ જાગી ગયા. આ અલૌકિક સ્વપ્નથી તેમનો આનંદ સમાતો ન હતો. તેમને સંબંધીઓને આ દિવ્ય દર્શનની વાત કરી. સૌ આ ભક્તવત્સલ ગુરુહરિની દયાથી ગદ્ગદ થઈ ગયા. થોડા જ દિવસોમાં તેમનું સ્વાસ્થ્ય તંદુરસ્ત થઈ ગયું. સ્વામીશ્રીએ ભક્ત માટે મહાકાળને ઠેલી દીધો !

રાત્રે સ્વામીશ્રીના પગે ડ્રેસિંગ કરવા ડૉક્ટર સ્વામીએ કેરોસીન મંગાવ્યું. (પટ્ટી ઉખાડવા). થોડું વધુ આવ્યું. સ્વામીશ્રી કહે : 'થોડું કેરોસીન લાવવું. આ તો બગડે. મંદિરના ધણી થાવ.'

ભક્તોને પ્રેમનો મનુવાર

ધૂન-ભજનના આગ્રહ સાથે સ્વામીશ્રીને હરિભક્તોની સેવા-સરભરાનો પણ એટલો જ આગ્રહ રહેતો. અહીં રસિકભાઈ સેક્રેટરી તથા મણિભાઈ બ્રહ્મભટ્ટને ગુરુકુળના કામકાજ માટે દર મહિને ગોંડલ આવવાની આજ્ઞા હતી.

તેઓ આવે ત્યારે સ્ટેશનેથી ઘોડાગાડીમાં લઈ આવવા તેવી સ્વામીશ્રીએ કોઠારીને આજ્ઞા કરી હતી.

બપોરે જમવામાં અથાણાં, પાપડ વગેરે આપવાં અને ખૂબ જ સારી સરભરા કરવાની કૃષ્ણકાન્ત બ્રહ્મભટ્ટ તેમજ હર્ષદ ચાવડાને આજ્ઞા કરી હતી.

તેવી જ રીતે મગનભાઈ સેક્રેટરી અને અંબાલાલ ભગત આવે ત્યારે ગરમ પાણી તેમના ઉતારે પહોંચાડવું અને તે પછી તરત ચા મોકલવાની તકેદારી સ્વામીશ્રી રખાવતા.

આ રીતે સ્વામીશ્રી સૌની સેવા કરાવતા. તેઓ ઘણી વાર કહેતા : 'અમે હરિભક્તોની આવી સેવા કરી છે, તેથી શાસ્ત્રીજી મહારાજ રાજી થઈ ગયા છે.'

આ રીતે યુવકોને રાજીપો મેળવવા માટે પ્રેરણા અને બળ આપતા.

બીજે દિવસે સવારે ૫-૦૦ વાગે મોમ્બાસા યુવક મંડળે તૈયાર કરેલ સાઇક્લોસ્ટાઇલ પ્રકાશન 'જ્ઞાનજ્યોત' વંચાવ્યું. ધૂન કરાવી. ભટેસાને નૈરોબી જવા વિદાય આપી. સ્વામીશ્રીને તેમની સાથે બહુ સોરવતું. તેમને હંમેશાં સાથે રાખે. ઉકાળા-નાસ્તા, જમવામાં યાદ કરે. જ્યાં પણ સો, બસો, પાંચસો ભેટ મૂકવાની હોય, કોઈને આપવાના હોય તો સ્વામીશ્રી ભટેસાને તુરત બોલાવે

અને તેઓ રાજી થકા તુરત સેવા કરે. સ્વામીશ્રીને વિશે ખૂબ જ હેત-નિષ્ઠાને લઈને તેઓ વર્ષમાં બે-ત્રણ વાર દેશમાં આવતા. સ્વામીશ્રી સાથે જ ફરતા. સમાગમનો લાભ લેતા.

સવારે ૧૦-૩૦ વાગે સ્વામીશ્રી હાઈસ્કૂલમાં પધાર્યા. એક એક વર્ગમાં, પ્રિન્સિપાલ, ક્લાર્ક તથા શિક્ષકોની ઑફિસ, લાઇબ્રેરી વગેરેમાં ફરી પ્રાર્થના હૉલમાં પધાર્યા. અહીં સભા ભરી વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા :

'અભ્યાસ એવો કરવો વન (one) નંબર આવે. ધાર્મિક સંસ્થામાં વિદ્યા અને જ્ઞાન બેય મળે. પુત્રનાં લક્ષણ પારણામાંથી. બાર દિવસમાં સારું કામ થયેલું જોવા મળે છે. માસ્તરો ખંત રાખી ભણાવે. અમે દેરીમાં પ્રાર્થના કરતા કે હાઈસ્કૂલ કરો. સંકલ્પ સિદ્ધ થયો. અહીંથી મોટા મોટા દાક્તરો થશે. સ્કૂલનું નામ કાઢશે. હજુ તો સ્કૂલમાં પડાપડી થશે. એવો આશીર્વાદ આપીએ કે કોઈ નાપાસ જ નહિ થાય.' એમ કહી બે મિનિટ ધૂન કરાવી. પછી ગૃહપતિની ઑફિસ, સંસ્કૃત પાઠશાળા, ભોજનશાળા, રસોડું તથા કોઠાર જોઈ ઠાકોરજી જમાડવા પધાર્યા.

નારાયણપ્રસાદ સ્વામીના ચિત્રકામ અંગે 'કુમાર' માસિકમાં એક લેખ પ્રગટ થયેલો તે સ્વામીશ્રીએ વંચાવ્યો. સાથે ફોટો હતો, જેમાં સ્વામીશ્રી સાથે રવિશંકર રાવળ તથા નારણપ્રસાદદાસનો ફોટો હતો. તે જોઈ સ્વામીશ્રી કહે : 'આપણે બંને છાપે ચડ્યા !'

તીર્થવાસીનાં દર્શન !

આ દિવસોમાં શાસ્ત્રી પાંડુરંગ આઠવલેજીએ દ્વારકામાં શિબિર યોજી હતી. ત્યાં ગયેલા લાસા (સાવરકુંડલા પાસે) ગામના પચાસેક જેટલા આહિર ભાવિકો ગોંડળ દર્શને આવ્યા હતા. તેમને આઠવલેજીએ જ આ સૂચન કર્યું હતું કે 'યોગીજી મહારાજનાં દર્શન કરી મારા પ્રણામ કહેજો.'

તેઓ આવ્યા ત્યારે સ્વામીશ્રી આરામમાં હતા, પણ થોડો અવાજ થતાં જ બહાર આવ્યા. સૌને જોયા એટલે પ્રેમથી આવકાર આપ્યો. પૂછપરછ કરી. સૌએ પાંડુરંગ આઠવલેજીની શિબિરમાં જઈ દ્વારકાથી આવીએ છીએ તે વાત કરી અને તેમના પ્રણામ પણ પાઠવ્યા. સ્વામીશ્રી હાથ જોડી કહે : 'અમારા પણ તેમને જય સ્વામિનારાયણ !'

પછી આનંદિત થઈને કહે : 'અહોહો ! આ તો બધા તીર્થવાસી કહેવાય. આપણે જમાડવા પડે.' એમ કહી સ્વામીશ્રી જાતે જ સેવક સંતોને સૂચના

આપવા લાગ્યા.

આ આહિર ભક્તોએ કહ્યું : 'સ્વામીજી ! આપ આરામ કરો.'

સ્વામીશ્રી કહે : 'મને કાંઈ થતું નથી. તમ જેવા તીર્થવાસી ક્યાંથી ? અમને દર્શન થઈ ગયાં !' એમ કહી પોતે રસોડા સુધી આવ્યા. સૌને જમાડીને વિદાય કર્યા.[૭]

સાંજે ગુરુકુળના પ્રાર્થના હૉલમાં, સર્વ વિદ્યાર્થીઓને વર્તમાન ધરાવી પૂજાના સેટ આપ્યા. સ્વામીશ્રીએ સહુને ધર્મ-નિયમમાં રહીને પૂજા કરવા આજ્ઞા કરી : 'ઘેર જાવ ત્યારે પણ અહીંનું નિયમ પાળવું. કોઈ ના પાડે તોય પાળવું. ગામમાં તિલક-ચાંદલો તાણવો. પૂજા કરવી. બીજાને વાતો કરવી. સિનેમા-નાટક ન જોવાં.'

સંગ્રામસિંહ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ પ્રવીણભાઈએ તેમજ ગુરુકુળના ગૃહપતિ ચુનીભાઈએ વિદ્યાર્થીઓને સંબોધન કર્યું.

રાત્રે ૯-૩૫ વાગે સભામાં વરસાદ માટે ધૂન કરાવી. થોડી વાતો કરી. એ.પી. પટેલ ઘણા વખતથી ટપાલ વગેરે સેવામાં સાથે હતા. તેઓ અમદાવાદ જતા હોવાથી આશીર્વાદ આપ્યા.

જાગો ! જાગો...!

સ્વામીશ્રી જ્યારે ગોંડલમાં બિરાજમાન હોય, ત્યારે ગુરુકુળના વિદ્યાર્થીઓ મંગલ પ્રવચનમાં તથા રાત્રે ૯-૧૫ વાગે સભામાં આવતા.

તા. ૩૦મીએ સવારે ૫-૦૦ વાગે મોમ્બાસાથી પ્રગટ થયેલ યુવકોના હસ્તલિખિત સાઈક્લોસ્ટાઈલ ગ્રંથનો પાઠ કરાવ્યો.

યુવકોના હસ્તલિખિત અંકો તથા પ્રકાશ-પત્રિકા જેવા પોતાને મળે કે તુરત સ્વામીશ્રી તેનો પાઠ કરાવતા. પોતે ઉત્સાહથી સાંભળતા ને યુવકોને ખૂબ પ્રોત્સાહન આપતા. એક લેખમાં મથાળું હતું : 'જાગો ભાઈઓ, જાગો !'

તે જોઈ સ્વામીશ્રી પણ જોરથી બોલ્યા : 'જાગો, જાગો, જાગો.'

ગૃહપતિ ચુનીભાઈ બહાર બેઠા હતા. તેમને અંદર બોલાવ્યા ને કહે : 'લેખો લખાવો... બૅન્ડ-વાજાં શીખવવાનું શરૂ કરો... લોકો કહે : 'દવાખાનાં

---

૭. આ સંઘના એક આહિર ભક્તને ઘણા સમય પછી પણ આ પ્રેમ સાંભરી આવ્યો હતો અને તેમણે લાસાની જાહેર સભામાં નારણભાઈ બાઢડાવાળાને આ વાત કરી હતી.

કરો;' પણ મંદિરો સદે નહિ. 'આ શું દંડવત્ કરવા...' અત્યારથી દોરવણી અપાય છે તો કેવું લખ્યું !

'ભાયાવદરમાં તકરાર થઈ. બે છોકરા બાટક્યા. ગાયોને ઘાસ નીરતા હતા. એક કહે, 'તું ગોલોકમાં જઈશ. તું ગાયોમાં પડ્યો છું.' પેલો કહે, 'હું શેનો ગોલોકમાં જાઉં ? હું તો અક્ષરધામમાં જઈશ.' બીજાને ખબર જ નથી. અક્ષરધામની કોઈને ખબર નથી. સ્વર્ગની ખબર નથી. હવે ચંદ્રલોકની વાત કરે છે. કોઈ કહે : 'ધૂડ લાવ્યા. સોનું લાવ્યા ?'

એવામાં શંકર ભગતે ઝોલું ખાધું. એટલે કહે : 'મૂર્તિ વેચાણી. તેને મૂર્તિ વેચાય તો ઝોલું ન આવે.

'...એ તો બધા ચંદ્રમાં જતા હશે, પણ બીડી પીતા હશે, શીશો(દારૂનો) રાખતા હશે; પણ વર્તમાન કોઈ ન પાળે. થોડું જ્ઞાન પણ સારધાર નભે તે સાચું. થોડો પ્રેમ, પણ કાયમ નભે તે ખરો. સ્વામિનારાયણ ભગવાને રીતિ, નીતિ અને સ્થિતિ પ્રવર્તાવી. રીતિ – વહેલા ઊઠવું, નાહવું-ધોવું, પછી મંદિર જઈ કામે જવું. સ્થિતિ શું ? ધર્મમાં આઘુંપાછું ન કરે.'

એવામાં કૃષ્ણકાંતે ઝોલું ખાધું. એટલે કહે : 'એ ચંદ્રકાંત-કૃષ્ણકાંત કેટલાં રીંગણાં જોખ્યાં ?

'મહારાજે દરેકને લાભ અને શાંતિ મળે એવી રીત પ્રવર્તાવી.

'મંદિરમાં કોઈ નવા આવે તો પ્રદક્ષિણા ને માળા મૂકી, દેરીનો મહિમા કહેવો. નિર્ગુણ સ્વામી માળા ઓછી ફેરવે પણ અમલદારોને લઈ આવે. મંદિરમાં સેંટલમેંટ (શિસ્ત) જોઈએ. બધા માળા ફેરવવા બેસે ને ધ્યાન ખેંચે તો અવગુણ લઈને જાય કે 'મને ન બોલાવ્યો.'

'અમે સારંગપુર હતા તે નવા આવે તેને મંદિર ઉપર લઈ જાઉં. કુંડ ઉપર લઈ જાઉં. સ્વામી પાસે લઈ જાઉં. મંદિરમાં હજારો માણસ આવે. કૂતરાં આવે તેને કાઢવાં. કાગડા આવે તેને ઉડાડવા અને મહેમાન આવે તેને બોલાવવા.'

આગ્રહ હોય તો ભગવાન ભજે

પછી સ્કૂલના શિક્ષકોને વર્તમાન ધરાવવાની વાત કરી. વરસાદની ધૂન કરાવી. આગળ કહે : 'આગ્રહ હોય તો ભગવાન ભજે, પણ તે વિના ન ભજે. સૂતા હોય તો ઉઠાડવા અને કહેવું : 'હાલો, પ્રદક્ષિણા કરવા.'

ફરીથી ધૂન કરાવી. બાલમુકુંદ સ્વામીને દેરીમાં કથા કરવા જવા આજ્ઞા કરી.

એવામાં કોઈએ ડૉ. દેવશીભાઈની વાત કાઢી કે 'તેઓ પ્રધાન ન બની શક્યા !'

સ્વામીશ્રી કહે : 'તે થઈ જાત. પણ તેમણે ના પાડી તે સારું થયું. કાંઈ નહીં, પ્રધાન થોડા દી' પૂરતા જ રહે છે. પણ આ તો કાયમ શાસ્ત્રીજી મહારાજનો રાજીપો મળી ગયો...'

બપોરે ૧-૦૦ વાગે સંતો-હરિભક્તો સભામંડપમાં ઘઉં વીણતા હતા. ત્યાં સ્વામીશ્રી સૌ સાથે બેઠા હતા. વચનામૃત ગ.મ. ૫૪મું વંચાવ્યું. સ્વામીશ્રી કહે :

'આત્મબુદ્ધિ શું ? પોતાનું ખાવાનું ભક્તને દઈ દે. જે વચન કહે તે ટૂક ટૂક થઈને પાળે. આત્મબુદ્ધિ થઈ હોય તો બળ રહે. કેફ રહે. વચન પળે. ખાધું હોય તો ભૂખ જાય કે ન જાય ? આ મધ્યનું ૫૪ તેને માટે છે. એવી આત્મબુદ્ધિ ન હોય તો ગધેડો ને આખલો કીધો. એમ કોઈને કહે તો રીસ ચડે. મંદિરે ન આવે. પણ ભાગવતમાં કહ્યું છે. ઝાઝાં વચનામૃત સિદ્ધ થાય અથવા ન થાય, પણ આ એક સિદ્ધ થાય તો ઘણું.

'ઘોડેસવાર ત્રણ ઠેકાણે વૃત્તિ રાખે છે. તેમ આપણે ઘઉં વીણવામાં વૃત્તિ રાખવી. કથા સાંભળવી અને કાંકરા કાઢવા.'

આજે બપોરે આરામમાં જતાં કહે : 'હવે પંખો નાખવાની જરૂર નથી. અષાઢ મહિનો શરૂ થયો. આપણે નિયમ છે કે ગરમી હોય ત્યાં સુધી પંખો નાખવો.'

'આ વખતે અળાઈઓ ઘર છાંડી ગઈ ! બહુ ચટપટી થતી. આ વખતે કેમ છાંડી ગઈ હશે !'

પછી શક્તિની ગોળી 'માયાડેક' (Myadec) આપી. સ્વામીશ્રીએ પૂછ્યું : 'આનાથી શું થાય ?'

'શક્તિ આવે.' ડૉક્ટર સ્વામીએ કહ્યું.

'શક્તિ તો કંઈ આવતી નથી. કળતર મટતું નથી ! કળતર મટે કે નહિ ?' સ્વામીશ્રીએ ફરિયાદ કરી.

એટલે ડૉક્ટર સ્વામીએ સમજાવ્યું કે 'કળતર તો ન મટે, પણ વિટામિન વગેરે ઓછાં પડતાં હોય તે આમાંથી મળી રહે.'

આપણી મરજી શું ?

આજે રવિવારની સભા સાંજે ૫-૩૦ વાગે ગુરુકુળના પ્રાર્થના હૉલમાં

ભરી. ગુરુકુળ તથા પટેલ બોર્ડિંગના વિદ્યાર્થીઓ હાજર હતા. સ્થાનિક તેમજ રાજકોટ વગેરેના ભક્તો બેઠા હતા. વચનામૃત કારિયાણી-૯ સમજાવતાં કહ્યું :

'રીસ રાખે, આંટી રાખે, તે સાધુ ન કહેવાય. જળમાં લીટો. ભક્તિ એટલે ભગવાન અને સંત ઉપર હેત. મહિમા સંબંધનો સમજવો. આ શાસ્ત્રીજી મહારાજના સંબંધવાળા એનો અવગુણ કેમ આવે ? તેની સાથે કેમ ન બને ? શાસ્ત્રીજી મહારાજનું કોઈ ગમે એટલું અપમાન કરે તોય મંદિરે દર્શને જાય. રીસ આવે, આંટી પડે, તો મહિમામાં ખામી છે.

'રસ્તો ખાડા-ખાધરાવાળો હોય તો કહેવું પડે, પણ સીધો હોય તો કહેવું પડે ? 'જ' મૂક્યો.

'ઉદ્ધવજીને પાંચ હજાર વર્ષ થઈ ગયાં તોપણ આગળ કરે છે. તેમ મારા ભક્તોનો મહિમા સમજશે તો નામ આગળ આવશે. ઉદ્ધવજીએ 'તૃણ થાઉં' એવું માગ્યું, પણ 'સુપ્રિટેન્ડન્ટ સાહેબ થાઉં' એવું માગ્યું ?

'આ વચનામૃત સાંભળે તો હૈયામાં ટાઢું થઈ જાય. ભૂખ લાગી હોય ને કોળિયો ભરીએ - હૃષ્ટિ, પુષ્ટિ ને સંતોષ થઈ જાય. દિવ્યભાવ-એકાત્મપણું થઈ જાય.'

વચનામૃત કા. ૧૧. બાલમુકુંદ સ્વામીને સમજાવવા આજ્ઞા કરી. અડધું વચનામૃત થયું ત્યાં સિદ્ધેશ્વર સ્વામી પાસે વાત કરાવી. કારણ, પટેલ બોર્ડિંગના વિદ્યાર્થીઓને જવાનો સમય થયો હતો. પછી પોતે કહ્યું :

'આપણી મરજી શું ? રવિવારની સભા કરવી. તેનો અલૌકિક લાભ મળે. દરેક ગામમાં સભા હોવી જ જોઈએ. પચીસ હજાર પત્રિકા જશે ને પચીસ હજાર ગામમાં સત્સંગ સભા થશે. મિત્રોને તેડી લાવવા. કેટલાક પોતાના મિત્રોને ફી આપી સિનેમામાં તેડી જાય, એ ન કરવું.

'દાખડો કરવો. યુવકો વધારવા. એમ ન માનવું - 'સ્વામીશ્રીને ક્યાં ખબર છે ?' બધી ખબર પડે છે. કેવી સ્થિતિમાં છે તે ખબર પડે.'

પછી બોર્ડિંગના ગૃહપતિ પાસે વાત કરાવી અને વિદ્યાર્થીઓને જવાની રજા આપી. ગુરુકુળના ગૃહપતિ ચુનીભાઈને બોલવા કહ્યું. વળી પોતે થોડી વાત કરી. વિદ્યાદાનની પેટીઓ રાખવા આજ્ઞા કરી. છેવટે જયસુખભાઈ કોઠારીને, તેમણે બનાવેલી ધૂન બોલવા આજ્ઞા કરી. તે પૂરી થયા પછી બીજી ધૂન બોલાવવા કહ્યું.

બાદ મંદિરે પધાર્યા. આફ્રિકા ગેસ્ટ હાઉસના પાયા ખોદાતા હતા. તેને

માટે ધ્રોળથી ત્રણ ખટારા ઈંટો આવી હતી. સ્વામીશ્રીએ મહંત સ્વામીને બોલાવી આજ્ઞા કરી કે 'સંતોને લઈ જાવ અને ઈંટો ઊતરાવો.' સંતો-હરિભક્તો ઈંટો ઉતારવા ગયા.

રાત્રે સભામાં ડૉ. દેવશીભાઈ, છોટુભાઈ વકીલ તથા સિદ્ધેશ્વર સ્વામી પાસે વાતો કરાવી. પછી પોતે કહે : 'પહેલાં અમે અહીં આવતા. અહીં ખીચડી રાંધવાનું શરૂ કર્યું. 'બંડિયા છે' એમ કહી મંદિરવાળાએ ઉપડાવી. નદીમાં જઈને ખીચડી રાંધી. મંદિર ન થવા દેવું એ મત હતો, પણ તેમ થયું નહિ. આપણે રહેવાનું થયું તે ક્યાંથી બને ? ભગવાનની અન્યથાકર્તું શક્તિ. મોટાપુરુષ જે ધારે તે કરી શકે, નમતો ન હોય તેને નમાવે.'

આજે સંતોએ કથા વહેલી પૂરી કરી. જેથી સ્વામીશ્રી વહેલા આરામમાં પધારે. ત્યારે સ્વામીશ્રી કહે : 'સ્વામી (શાસ્ત્રીજી મહારાજ) કોઈ દિવસ ૧૨-૦૦ વાગ્યા વગર સૂતા નથી ને આપણે ૧૦-૦૦ વાગ્યામાં 'શ્રીપતિમ્' કરીએ છીએ !'

પલ પલ નિર્ઝરતી મંગલતા

તા. ૧-૭-'૬૮, સવારે ગુરુકુળના વિદ્યાર્થીઓને સ્તુતિ બોલવા આજ્ઞા કરી. એટલે *'શ્રીહરિ જયજય જયજયકારી...'* પ્રાર્થના બોલ્યા. આવતીકાલની આજ્ઞા પણ આજે જ કરી દીધી કે 'કાલે વાતો બોલજો.' અને કહ્યું : 'કસરત અને આસનો શીખવાં.'

મોમ્બાસાના હસ્તલિખિત માસિકમાં એક લેખમાં એવું આવ્યું કે 'રાત્રે ઓછું ખાવું.' સ્વામીશ્રીએ આ મુદ્દો પકડી લીધો અને કહે : 'જૂનાગઢમાં રાત્રે ખીચડી ને રોટલા બંધ. સવારે કામે જાય ત્યારે અડધો રોટલો મળે. આ કોણે લખ્યું ? છોકરો બનાવવા જેવો છે (સાધુ). આપણે પુછાવો - કોણ છે એ ?'

સ્વામિનારાયણ પ્રકાશ વાંચવા સૌને આજ્ઞા કરી અને કહે : 'બધું ફરતું ફરતું કરવું. પંચરાત્ર ગોઠવવું.' 'પ્રકાશ'માં પહેલેથી શરૂ કરી, 'સ્વામીશ્રીની જ્ઞાનવાર્તા' સુધી લેખો વંચાવ્યા. પછી ધૂન કરાવી.

હેમેન્દ્રભાઈને આજ્ઞા કરી કે 'બે-ચાર સંતો ને યુવકો સ્ટેશને જાવ. કીર્તિ મેલમાં પ્રમુખસ્વામી આવે છે તેમને તેડી આવો.'

આમ, મંગળ પ્રવચનમાં સત્સંગની મહત્ત્વની વાતોથી લઈ પ્રસંગોચિત હળવા વાર્તાલાપો-આદેશો સ્વામીશ્રી રજૂ કરતા. સ્વામીશ્રીના મુખેથી નીકળતી કોઈપણ કથાવાર્તા, કે જ્ઞાનગમ્મત કે નાના-મોટા આદેશો - દરેક બાબત

ભક્તોને મન કોઈ દિવ્ય અવિસ્મરણીય સંભારણું બની જતું. સ્વામીશ્રીના મુખારવિંદ ઉપર જે બ્રહ્માનંદ અને દિવ્યતા છવાયેલાં રહેતાં તેનો આબેહૂબ પ્રતિભાવ સભામાં બેઠેલા આબાલવૃદ્ધ સૌ સંતો-ભક્તોના મુખ ઉપર દેખાતો. ત્યારે નક્કી થતું કે ‘આ અક્ષરધામની જ સભા છે, એ વગર આ આનંદ અને દિવ્યતા સંભવે જ નહિ.’

ઈશ્વરભાઈ પટેલ એડન જતા હોવાથી તેમને હારતોરા કરી આશીર્વાદ સાથે વિદાય આપી.

અડાસના ડાહ્યાભાઈને ચાર મહિના પહેલાં સ્વામીશ્રી તેમને ગામ મળેલા. Dy. S.P. તરીકે તેમની ગોંડલમાં બદલી થઈ. તેઓ ગોંડલ આવ્યા. એક મહિના પછી સ્વામીશ્રી ગોંડલ પધાર્યા ત્યારે તેમને બોલાવ્યા અને દોઢ મહિનો મંદિરમાં રાખ્યા. સ્વામીશ્રીના આશીર્વાદથી ગોંડલમાં તેમને ઘણી સફળતા ને નામના મળી.

નિખાલસ !

આજે સાંજે સારો વરસાદ થયો. રાત્રે ૯-૪૫ વાગે કથાવાર્તામાં સ્વામીશ્રી કહે : ‘પાંચમની વીજળી થઈ તે સોળ આની વરસ થશે. પ્રહ્‌લાદભાઈ ! સ્કૂલ એવી ચલાવો કે આખા હિન્દુસ્તાનમાં નામ કાઢે. આ સ્વામિનારાયણ કૉલેજ - સ્કૂલ કહેવાય. એમાં કોઈ બીડી ન પીવે, ચા ન પીવે. આપણાં મોટાં પુણ્ય હોય ત્યારે દેરીમાં રહેવાનું મળે. કુંડમાં નાહવાનું મળે. પ્રહ્‌લાદભાઈ ! તમોને પગાર ઓછો મળે (પહેલાં બૅન્કમાં વધુ પગારની નોકરી હતી તે છોડીને સ્વામીશ્રીની આજ્ઞાથી સ્કૂલમાં પ્રિન્સિપાલ તરીકે રહ્યા હતા), પણ સેવા જાણી કાર્ય કરી બતાવવું, તો જ મહારાજ કદર કરે.’ પ્રમુખસ્વામીને વાત કરવા આજ્ઞા કરી.

વળી, માઇક નજીક મંગાવી કહ્યું : ‘આજે સ્વપ્નું આવ્યું હતું. અમે જૂનાગઢ હતા. નારાયણ ધરે નાહવા ગયા. ઉપર વાદળી જોઈ થયું કે ‘હમણાં પલળી જશું. ચાલો, ચાલો, જલદી મંદિરે.’ ત્યાં તો વરસાદ થયો ને પલળી ગયા. પછી જાગી ગયા. ત્યાં તો કાંઈ ન મળે. ને બપોરે વરસાદ થયો. આ સ્વપ્નની વાત મેં સવારે ન કરી. કદાચ વરસાદ ન થાય તો આબરૂ જાય.’

કેવી નિખાલસતા ! આવા માનવસહજ ભાવો - ઉદ્‌ગારો પણ સ્વામીશ્રી બતાવતા.

રાત્રે મથુરભાઈ પંચાળાના એક યુવકને સ્વામીશ્રી પાસે લઈ આવ્યા. તે

રાજકોટ ભણવા જતા હતા. નાદુરસ્ત તબિયત છતાં મુમુક્ષુને જોઈને સ્વામીશ્રી તત્પર થઈ ગયા. આશીર્વાદ આપ્યા ને પૂછ્યું : 'વર્તમાન ધરાવ્યાં છે ?'

સ્વામીશ્રીએ જળ આપી વર્તમાન ધરાવ્યા. કંઠી પહેરાવી. પૂજાની મૂર્તિઓ ને માળા આપ્યા. નિયમ સમજાવ્યા. માંદગીને બિછાને પણ મુમુક્ષુને સત્સંગાભિમુખ કરવાની અત્યંત શ્રદ્ધા !

રાજ્યનો ધર્મ હોવો જ જોઈએ

વળતી સવારે ૫-૧૦ વાગે ગુરુકુળના વિદ્યાર્થીઓ પાસે 'શ્રીહરિ...' પ્રાર્થના બોલવી. પછી દરેક પાસે એક એક વાત બોલાવી. બીજે દિવસે આસનો કરવાની આજ્ઞા કરી. અષ્ટકગાન પછી 'જ્ઞાનજ્યોત' અને 'પ્રકાશ'નો પાઠ કરાવ્યો. એમાં વાત આવી કે 'આપણો દેશ બિનસાંપ્રદાયિક છે.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'રાજ્યનો ધર્મ હોવો જ જોઈએ.'

'પ્રકાશ' વંચાતા ગવર્નર શ્રીમન્નારાયણના પ્રવચનમાં ધર્મ ને ચારિત્ર્યની મહત્તા આવી. ત્યારે કહે : 'મહારાજ બોલી ગયા.

'શ્રીજીમહારાજનો ધર્મ આખા દેશમાં પ્રવર્તશે. અક્ષરપુરુષોત્તમને નથી માનતા તેને માન્યા વિના છૂટકો નથી. ગુણાતીતાનંદ સ્વામી કહેતા : 'હાથે વાધરી નથી છોડતા, પણ દાંતે છોડાવું.' જે મારો દ્રોહ કરે તેની પાસે પ્રતિપાદન કરાવું.

'આ તો ઊંટની દોડ છે. પાછળ આવશે તે પસ્તાશે. જમણવારમાં પાછળથી આવ્યો હોય, દાળ ખલાસ થઈ ગઈ હોય, પછી સબડકો શેનો મારો ? આ સર્વોપરી જ્ઞાન થયું છે, શાસ્ત્રીજી મહારાજે ઝંડો ઉપાડ્યો, હવે આ સંતો બમણો ઉપાડે.'

પછી વરસાદની ધૂન કરાવી. પછી દરેકને છેટેથી પગે લાગીને જવાની જાતે જ આજ્ઞા કરી.

બપોરે પંગતમાં સંતોને મોતૈયા લાડુ આગ્રહ કરી પીરસ્યા. પછી સૌ સંતો-હરિભક્તો સાથે ઘઉં વીણતાં સભા કરી.

સાંજે ઘાટ ઉપર પધાર્યા. અહીં થોડો કચરો પડેલો જોયો ત્યારે કૃષ્ણકાંત બ્રહ્મભટ્ટને બોલાવ્યા ને કહે : 'ઘાટ સાફ કરી નાખો. કોઈ જુએ તો સાફસૂફ હોય તો આપણો ગુણ આવે.'

'પણ બાપા ! અહીં તો કોઈ આવતું નથી.' કોઈએ કહ્યું.

'પણ આપણે સેવા કરીએ તો રાજીપો મળી જાય ને !' સ્વામીશ્રીએ સેવાનો મર્મ સમજાવ્યો અને ગુરુકુળના વિદ્યાર્થીઓ સાથે પ્રહ્લાદભાઈ દર્શને આવ્યા ત્યારે તેમને આજ્ઞા કરી : 'દર રવિવારે ઘાટ સાફ કરવા બાળકોને મોકલવા.'

નાની વાતનો પણ ખટકો રાખી સ્વામીશ્રી સૌને જાગ્રત રાખતા.

સાંજે વરસાદ પડ્યો હતો. તેથી વહેલા આરામમાં પધાર્યા.

'સત્પુરુષ વાક્ય ન ચલંતિ'

તા. ૩જીએ સવારે ૫-૦૦ વાગે ગુરુકુળના બાળકો ગુણાતીતાનંદ સ્વામીની વાતું બોલ્યા. એના અનુસંધાનમાં સ્વામીશ્રી એકદમ ભાવમાં કહે :

'આખા બ્રહ્માંડને સત્સંગ કરાવવો છે. કેટલા સાધુ જોઈએ ? કેટલા નોકરો ? કેટલા મહેતાજી ? સમિતિઓ સ્થાપવી જોઈએ. આખા બ્રહ્માંડમાં અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન ફેલાવવું. એક લાખ સંતો જોઈએ. મોટાપુરુષ બોલે તે ખોટું ન થાય. 'સત્પુરુષ વાક્ય ન ચલંતિ !' ગામોગામ ફરીને, કથાવાર્તા કરીને, સુખ-દુઃખ વેઠીને, માન-અપમાન વેઠીને સત્સંગ થાય.'

એવામાં ધર્મકુળના વંશજ આચાર્ય રાધારમણપ્રસાદ આવ્યા. સ્વામીશ્રીએ વાતો બંધ કરી. તેમને બેસવા ગાદલું પથરાવ્યું. તેમની પાસે થોડી વાતો કરાવી.

અષ્ટક બોલાવ્યા બાદ ગુરુકુળના વિદ્યાર્થીઓ પાસે યોગાસનો કરાવ્યાં. યુવકો ઓરડાની બહાર હરોળમાં ગોઠવાઈને આસનો કરતા હતા. સ્વામીશ્રી કહે : 'અંદરથી આસન ન જોવાય.' બહાર ઠંડી હતી. છતાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવાનો પોતાને એટલો ઇશક કે ઓરડાના દરવાજે ઊંબરામાં-અંદરના ભાગમાં નીચે આસન ઉપર બેઠા. જેથી આસન કરતા યુવકોને જોઈ શકાય. યુવકો પણ સ્વામીશ્રીનાં દર્શન કરી શકે.

પછી વિદ્યાર્થીઓને કહે : 'કાલે સંતો આસનો વાળશે (કરશે).'

નીચી ટેલની ઊંચી મહત્તા

અહીં સરભરા વિભાગમાં સેવા કરતા યુવક કૃષ્ણકાંત બ્રહ્મભટ્ટ, જેઓ મુંબઈ યુનિવર્સિટીના વિજ્ઞાનના સ્નાતક હતા, તેમની વાત કરતાં ડૉક્ટર સ્વામી સ્વામીશ્રીને કહે : 'બાપા ! આ કૃષ્ણકાંત ભણેલા છે, તો તેમને લાયક કોઈ સેવા સોંપીએ તો ?'

સ્વામીશ્રીએ કહ્યું : 'ગુરુ ! નીચી ટેલ ક્યાંથી મળે ? માટે છે એ સેવામાં

ભલે રહ્યા.'

સ્વામીશ્રીનો આ આગ્રહ હતો, દેહના ચૂરેચૂરા કરીને યુવકો સાત સમેલિયા થાય તેવો તેમાં હેતુ હતો. જેમણે ભીડો જ સહન કર્યો હોય, તેમને ભીડાથી થતાં ઘડતરનો ખ્યાલ હોય ને !

આજે સ્વામીશ્રી ૪-૦૦ વાગે ઊઠ્યા હતા. સ્નાનાદિક વિધિથી પરવારીને મંગળ પ્રવચન બાદ દેરીમાં પૂજા કરવા પધાર્યા. વરસાદને લીધે વાતાવરણ ઠંડું હતું. તેથી ગરમ શાલ ઓઢી હતી.

આરતી માટે મંદિરમાં વહેલા પધાર્યા. નિજ મંદિરમાં બારી ઉપર બેઠા. અને મેં ભાદરા મંદિરની મૂર્તિઓ, સિંહાસન વગેરે કેવી રીતે કરવું તે નકશો બતાવ્યો, તે અંગે સ્વામીશ્રી સાથે ચર્ચા કરી. પછી આરતી હાથમાં લીધી અને કહે : 'જેવી રીતે રામચરણ સ્વામી આરતી ઉતારે છે, તેવી રીતે આરતી ઉતારવી. ખાલી હાથ હલવો જોઈએ. શરીર સ્થિર રહેવું જોઈએ.' એમ કહેતાં હસી પડ્યા. આરતી બાદ આરામમાં પધાર્યા.

સવારે ઉકાળો ન લીધો. બપોરે થોડી ખીચડી જ જમ્યા. તબિયત સારી ન હોવાથી સાંજે પણ સભામાં પધાર્યા નહિ. રાત્રે ઓરડામાં ઢોલિયા ઉપર બેઠાં બેઠાં જ વાતચીત કરી. રાજકોટમાં રજપૂતપરામાં મંદિર કેવી રીતે થયું તે વાતો કરી.

રાજકોટના એક ભાઈ દર્શને આવ્યા હતા. તેમના ગેરેજમાં ચંદુભાઈ અનડાની ગાડી, જેમાં સ્વામીશ્રી હંમેશાં બેસતા, તે રિપેર થાય છે. તે જાણીને સ્વામીશ્રી તેમને કહે : 'મફત કરી દેવી. અમને એ ગાડીમાં બેસાડે છે. અમદાવાદ સુધી લઈ જાય. વડોદરા સુધી લઈ જાય. મહારાજના પ્રતાપે વ્યવહાર સુધરશે. બધાના સુધર્યા...'

રાત્રે આરામમાં જતાં કહે : 'રાત્રે ઊંઘ ઊડી જાય છે. એટલે બે વાગે પા ગોળી લઈએ તો ?'

ડૉક્ટર સ્વામી કહે : 'તો સારું.'

પછી પોતે જ કહેવા લાગ્યા : 'બે વાગે તમને ઉઠાડવા ને તકલીફ આપવી, તે સારું નહિ. ઊંઘમાંથી ઊઠવું, હાથ ધોવા, પાણી ગાળવું. મને તો કષ્ટ સહન કરી લેવું ગમે, પણ મારે માટે બીજાને કષ્ટ પડે તે ન ગમે.'

અક્ષર દેરીની અલભ્ય સેવા

અક્ષર મંદિરમાં નોકરી કરતા છોટુભાઈ મહેતાજીના દેશકાળ બહુ કઠણ

હતા. તેમને સંકલ્પ રહ્યા કરે કે 'પાર્ટ ટાઈમ કરતાં પણ આજીવિકાનું ઠેકાણું પડતું નથી, તો હવે નોકરી બદલવી.'

આજે તેઓ છગનભાઈ અને દાજી બાપુની રજા લેવા ગયા અને અન્ય નોકરી કરવા માટે રજા આપવા વિનંતી કરી.

બરાબર એ જ સમયે અંતર્યામીપણે સ્વામીશ્રી સભામંડપમાંથી ઑફિસમાં પધાર્યા અને કહે : 'છોટુભાઈને બોલાવો.'

તેઓ આવ્યા ત્યારે હેતથી ધબ્બો આપતાં સ્વામીશ્રી કહે : 'તમે જે સંકલ્પ કર્યો છે તે બંધ રાખજો. સ્વામીના પ્રતાપે સૌ સારાં વાનાં થશે. અક્ષર દેરીની સેવાથી દેશકાળ સુધરી જશે. આશીર્વાદ છે !'

આ હેતનાં વચનો સાંભળી છોટુભાઈએ બધા વિચાર માંડી વાળ્યા. આજ્ઞા પાળી લીધી અને ટૂંક સમયમાં જ તેમના દેશકાળ સુધરવા લાગ્યા.

સેવાનો અલૌકિક લાભ કોઈ ઐહિક ઇચ્છાથી છોડે તે સ્વામીશ્રીને કેમ પસંદ પડે ? એથી જ એવા ભક્તોને તેઓ કરુણા કરીને સાચવી લેતા.

બીજે દિવસે બપોરે દેરીમાં પ્રદક્ષિણા કરતા હતા. તેવામાં મહુવાથી ડૉ. આઈ.પી. મહેતા આવ્યા. સ્વામીશ્રી બહુ ભાવથી મળ્યા અને જમવા મોકલ્યા. પ્રદક્ષિણા કરી સભામાં પધાર્યા. તેવામાં રાજકોટથી પ્રવીણભાઈ કક્કડ આવ્યા. તેમને ખબર-અંતર પૂછ્યા. પછી કહે : 'રોજ મંદિર જજો, તમારું કામ જલદી પતશે.'

સ્વામીશ્રી અહીંથી સુરેન્દ્રનગર થઈ બોચાસણ પધારવાના હતા, પણ તબિયત નરમ હતી તેથી પ્રમુખસ્વામી, મહંત સ્વામી બધા સંતોને બોલાવ્યા ને કહે : 'બોચાસણ સમૈયા ઉપર હજારો માણસો આવે. એટલે ત્યાં જઈ આવીએ ને પછી અહીં આવી આરામ કરીએ તો ?' પછી પ્રમુખસ્વામી તથા બધા સંતોની ઇચ્છાથી ગોંડલમાં જ શરદ પૂનમ સુધી આરામ કરવાનું નક્કી કર્યું. વચ્ચે જળઝીલણી એકાદશી ઉપર સારંગપુર તથા ગઢડા જઈ આવવા ગોઠવ્યું. પ્રમુખસ્વામીને ગુરુપૂર્ણિમાના સમૈયા ઉપર બોચાસણ મોકલ્યા. પાણી મગાવ્યું ને કહે : 'મારે પાણી બહુ પીવા જોઈએ.'

સાંજના ભાગમાં સ્વામીશ્રી ઘણું પાણી પીતા. લગભગ પાંચથી છ તુંબડી ભરીને પાણી પીતા હશે. સવારે ઓછું પીએ. લગભગ ન જ પીએ. સિવાય કે દવા સાથે. તે પણ ગોળી ગળવા પૂરતું. ગોળીઓ ઘણી લેતા, પણ તે થોડા પાણીથી જ ગળે ઉતારી જતા. ધર્મ-નિયમ અને ચોખ્ખાઈના પાઠ સ્વામીશ્રી

અનેક વાર સંતોને આપતા. કોઈ સંત પીવાનું પાણી લાવે એટલે તરત પૂછે : 'હાથ ધોઈને લાવ્યા ? પાણી ગાળ્યું ?' સાંજે ૪-૦૦ વાગ્યા પછી સ્વામીશ્રી હંમેશાં પાણી ગળાવડાવે. પોતે પણ દવા લેતાં પહેલાં હાથ ધોઈને દવા લેતા.

પાણી પીતાં પીતાં પોતે જ બોલવા લાગ્યા કે 'ચરણતીર્થ મહારાજે (ગોંડલના વૈદ્યરાજ) કહ્યું છે કે તમારી એંશી વર્ષની આવરદા છે. તે હવે મને સિત્તોતેર થયાં. ત્રણ બાકી છે. તો સેવા કરી લઈએ...' (ઠાકોરજીની સેવા, ગામડે ફરવું, હરિભક્તોને લાભ આપવો વગેરે).

દૃષ્ટિ તેવી સૃષ્ટિ

રાત્રે સૂતાં પહેલાં પોતાના ઓરડામાં ખૂણામાં ગાદી ઉપર બેઠા હતા. ત્યાં રાધારમણપ્રસાદ આવ્યા. તેમણે ખભાથી કમર સુધી રિવૉલ્વરની ગોળીઓનો પટ્ટો બાંધ્યો હતો. રિવૉલ્વર પણ હતી. સ્વામીશ્રીએ પૂછ્યું : 'આ શું ?'

રિવૉલ્વરમાંથી ગોળીઓ કાઢી સ્વામીશ્રીને બતાવવા લાગ્યા. પણ સ્વામીશ્રીએ તે હાથમાં ન લીધી. આંગળી પણ ન અડાડી. જાણે બીતા હોય તેવા ભાવથી જોવા લાગ્યા. પણ રિવૉલ્વરને સ્પર્શ ન કર્યો.

પછી ફરીથી પૂછ્યું : 'તમે આ શું કામ રાખો છો ? તમને કોણ મારે ? જાવ, કોઈ દુ:ખ નહિ દે.' એમ કહી આશીર્વાદ આપ્યા.

વળી કહે : 'મને એમ કે આ શું હશે ? પૂજા હશે શું ? આ માળા જેવું શું છે ?' આ સાંભળી સૌ હસવા લાગ્યા.

જ્ઞાનપૂર્ણ હોવા છતાં આવી લૌકિક અજ્ઞાનતાનું દર્શન પણ સ્વામીશ્રીની એક વિશિષ્ટતા હતી. બાળક જેવા ભોળા ભાવે તેઓ આવી પૃચ્છા કરતા. જાણે કંઈ જાણતા જ નથી. આવા નાજુક હથિયારને પોતે અડે સુદ્ધાં નહિ. તે ચેષ્ટાથી પોતાનો અણગમો પણ અજાણે બતાવતા. પાકીટમાં પુરાયેલી સજ્જ રિવૉલ્વરમાં એમણે પૂજાની કલ્પના કરી, ગોળીઓથી સજ્જ પટાને હારની ઉપમા આપી, સ્વામીશ્રીએ પોતાની ભક્તિસભર દૃષ્ટિનું સૌને દર્શન કરાવ્યું. સમગ્ર વાર્તાલાપમાં અજ્ઞાન બતાવી જ્ઞાન આપ્યું. આનંદ આપ્યો. આરામમાં પધાર્યા.

તા. ૫મીએ સવારે ૫-૦૦ વાગે શ્રીહરિ સ્વામીએ મોમ્બાસાના યુવકો રચિત હસ્તલિખિત અંકનું વાચન કર્યું. તેમાં એકાદશીના મહિમા ઉપર લેખ આવ્યો તે સાંભળી બહુ રાજી થયા અને કહે : 'બનાવવા જેવા છે.' (જે યુવકે લેખ લખ્યો તેને). સી.ટી. સાહેબનો સમાગમ તે બળ મળ્યું. અહીં ચુનીભાઈ

સાહેબ છે તે ગુરુકુળના વિદ્યાર્થીઓને બળ મળશે.' એમ કહી કેટલા વિદ્યાર્થીઓને નિર્જળા ઉપવાસ કરાવવો ને કેટલાને ફરાળ કરાવવું, તે વિદ્યાર્થીનું શરીર ને ઉંમર જોઈ ચુનીભાઈને નક્કી કરવા કહ્યું.

ગુરુકુળના વિદ્યાર્થીઓનો મુખ્ય હેતુ તો શૈક્ષણિક હતો, પણ તેમના જીવન ઘડતરની, આધ્યાત્મિક જાગૃતિની પણ સ્વામીશ્રી આટલી ચિંતા કરતા !

સ્વામિનારાયણ પ્રકાશમાં 'દિવ્ય જીવનની ઝાંખી' એ લેખમાળા વંચાતી હતી. તેમાં પણ નિર્જળા એકાદશી કરવાનો બહુ મહિમા આવ્યો. તે સાંભળી કહે : 'શાસ્ત્રીજી મહારાજ ત્રણ એકાદશીનો મહિમા બહુ કહેતા. આખા દેશમાં હરિભક્તો નિર્જળા કરે છે. શાસ્ત્રીજી મહારાજે ૮૫ વર્ષ સુધી નિર્જળા કરી. ઍંજિનનો ઠેલ ડબાને લાગે તો એક માઈલ વહ્યો જાય; તેમ આપણને ઠેલ વાગ્યો છે, તો આપણે તો કરવું જ. આપણી જીભ સો મણ સાટા ખાઈ ગઈ. ટાંકાં ભરાણાં, તળાવ ભરાણાં, પણ પેટ ન ભરાણાં. એકાદશીને દિવસે ઊંઘવું નહિ. વાંચવું. પ્રદક્ષિણા કરવી.

'ચંદુભાઈ સાહેબ કહેતા : 'ગુરુકુળ કરો, નહિ તો હું ભૂત થઈશ. વચન આપો.' દસ વાગે વાત કરેલી. આર્યસમાજી, પણ દેરીનો મહિમા બહુ. આજે શુભ દિવસ છે. સ્વામીના પિતા ધામમાં પધાર્યા ને મહારાજ વનમાં પધાર્યા...'

આમ, લગભગ ૯-૧૦ સુધી ઘણી વાતો કરી.

સકલ લોકમાં સૌને વંદે

આજે પણ સ્વામીશ્રીને પેટમાં ગડબડ હતી. બપોરે થોડો તાવ પણ હતો. રાજકોટથી વૈદ્યરાજ ધામી આવ્યા હતા. તેમણે સ્વામીશ્રીની તબિયત જોઈ અમુક દવા આપી. બીજી રાજકોટથી મોકલવા જણાવ્યું. તેમણે એક કાગળમાં દવા લખી આપી. તે કાગળ હાથમાં લઈ તેમની સાથે આવેલા કલેક્ટર જોબનપુત્રાને સ્વામીશ્રી કહે : 'આને હાથ અડાડો.'

એટલે જોબનપુત્રા કહે : 'મારા ત્રણ દીકરા ડૉક્ટર છે. એક એમ.ડી. છે. પણ હું વિલાયતી દવા લેતો નથી. મારાં માને ૮૨ વર્ષ થયાં, પણ કોઈની દવા લીધી નથી.'

એ સાંભળી સ્વામીશ્રી કહે : 'આવો, તમે બહુ મોટા. પગે લાગીએ !' એમ કહી નજીક બોલાવ્યા. એમના પગ તરફ નીચા નમી હાથ અડાડી, આંખે અડાડ્યો.

આ પણ એમની એક આગવી રીત હતી. નાનામાં નાની બાબતોમાં પણ બીજાનો ગુણ જોઈ-સાંભળી રાજી થાય. મનોમન વંદે એટલું જ નહિ, પણ દેહથી પણ વંદે. કોઈએ સારું કાર્ય કર્યું હોય, સારો ગુણ દર્શાવ્યો હોય, તો અત્યંત ગુણાનુરાગી સ્વામીશ્રી એને નમી પડતા. ઘણી વાર લાગ આવે તો ચરણસ્પર્શ સુધ્ધાં કરી લેતા. ગુણીને વંદવામાં હિમાલયના શિખરેથી ખીણ સુધી હાથ નમાવવામાં એમને લેશ નાનપ નહોતી. ગુણગ્રાહક વૃત્તિની પરાકાષ્ઠા ! સૌને ગુણગ્રાહક થવાનુ હમેશા તેઓ કહેતા.

મારે એમનાં દર્શનની તાણ છે

બપોરે ૩-૪૫ વાગે પથારીમાં જ સ્વામીની વાત બોલ્યા : 'માંદગીમાં જે હિંમત રાખતા તે મહારાજને ગમતું. મારે પ્રદક્ષિણાનો નિયમ છે. કરી આવું ?'

બધાએ ના પાડી એટલે કહે : 'પ્રમુખસ્વામીને કહો સ્કૂલમાં જાય ને પછી દર્શને આવે. મારે એમનાં દર્શનની તાણ છે.'

થોડું મગનું પાણી લીધું. મારી પાસે 'ભક્તચિંતામણિ'નું પ્રકરણ ૬૪મું વંચાવ્યું.

સાંજે રાજકોટના હરિભક્તોનું લિસ્ટ કરાવ્યું અને ગુરુપૂનમની સેવા જાતે લખાવી. ડૉ. જમનાદાસે શરદીનું નિદાન કરી, તાવ તથા શરદીની દવા શરૂ કરી. તાવ આવ્યો એટલે સ્વામીશ્રી કહેવા લાગ્યા : 'કેમ તાવ આવ્યો હશે ? કોઈનો અપરાધ થયો હશે ?'

સાંજે મગનું પાણી લેવા બેઠા ત્યારે મેં કહ્યું : 'એક અઠવાડિયાથી અહીં સંપૂર્ણ આરામ મળે છે તોય તકલીફ થઈ. ભીડો વધારે હોય ત્યારે કંઈ થતું નથી. તેનું શું કારણ ?'

'હા, હરિભક્તોની ભીડ ઓછી થઈ ગઈ એટલે આ બધું થાય છે.' સ્વામીશ્રી કહેવા લાગ્યા. ચોમાસું બેસવાથી મંદિરમાં ભક્તોની ભીડ ઓછી થઈ ગઈ હતી.

અષાઢ સુદ એકાદશીને સવારે ઊઠ્યા ત્યારે કહે : 'પિચોટી ખસી ગઈ લાગે છે.' પછી ગુણવંતને જોવા કહ્યું. જમીન ઉપર સીધા-સપાટ સૂઈ ગયા. ભાદરણના જશભાઈ આના જાણકાર. તેઓને બોલાવ્યા ને તેમની રીત પ્રમાણે પિચોટી સરખી કરી દીધી.

આજે તબિયત નરમ હતી તેથી મંગળ પ્રવચનનો કાર્યક્રમ બંધ હતો. દેરીમાં

પૂજા કરવા પધાર્યા નહિ. ઓરડામાં જ પૂજા કરી. ખુરશીમાં બેસીને જ દેરીમાં દર્શને પધાર્યા. ખુરશીમાં જ બેસીને એક પ્રદક્ષિણા કરી, પાછા ઓરડે પધાર્યા.

સવારે ૮-૩૦ વાગે ડૉ. જમનાદાસ આવ્યા. તેમણે રાજકોટથી ડૉ. બક્ષીને બોલાવવા કહ્યું. સ્વામીશ્રી કહે : 'બીજા કોઈને બોલાવવાની જરૂર નથી. મને આપનામાં વિશ્વાસ છે.'

પણ ડૉ. જમનાદાસ કહે : 'મારે તેમની સલાહ લેવી છે. એટલે આવે તો સારું.'

સ્વામીશ્રી કહે : 'ભલે, પણ તેમને કહેજો કે ફી ન લે. આપણે તેમને ત્યાં પધારી આશીર્વાદ આપેલા છે.'

સ્વામીશ્રીએ મારી પાસે વચનામૃતનો પરથારો વંચાવ્યો. પછી મેં સ્વામીશ્રીને સૂતાં સૂતાં જ મોસંબીનો રસ પાયો.

અલમસ્ત જે યોગી તણો શ્રીજીસ્વરૂપમાં વાસ છે...

બપોરે ૪-૩૦ વાગે કહે : 'બે ઘડી વાત કરીએ : આ...રા...મ... હ...રા...મ... શાસ્ત્રીજી મહારાજ અહીં બહુ રહેતા. સુખ આપતા. સેવા કરે તેને સુખ આપતા. ડૉક્ટરની કાંઈ જરૂર નથી. કસર હોય ત્યાં સુધી રોગ મૂકે. કર્તા મહારાજ છે. મટાડનારા પણ મહારાજ છે. અષ્ટાંગ યોગ કાં તો રોગ, તે વિના અંતરનો મેલ ન જાય. દેહમાં વાસના હોય એટલે ભગવાન રોગને પ્રેરે.'

ઘડી - બે ઘડી સમય મળે ને સ્વામીશ્રીને સત્સંગની વાત કર્યા વિના ચાલે નહિ. ઊંઘ ખાસ આવે નહિ, તેથી પથારીમાં જાગતાં આરામ કરતા હોય. થોડી થોડી વારે, 'ભગવાન ભજી લેવા...' 'ભગવાન સૌનું ભલું કરો...' એવું બોલતા જાય, ઊંડાં બગાસાં ખાતા જાય, બે હથેળીઓ ઘસતા જાય ને પડખાં ફરતાં જાય. રોગાદિક નાની-મોટી આપત્તિ આવે તો જલદી જણાવે નહિ. બહુ પૂછપરછ કરીએ ત્યારે કહે ખરા, પણ મુખારવિંદ ઉપર લેશપણ એનાં ચિહ્ન નહિ. અખંડ આનંદ !

વાત કરવાનું તાન એટલે શાસ્ત્રીજી મહારાજની જ વાત કરે. કારણ, એ જ રટણ ચાલતું હોય ! એક ક્ષણ પણ ગુરુથી વિખૂટા નથી તે આવે પ્રસંગે જણાય. શાસ્ત્રીજી મહારાજને યાદ કરતાં, એમની વાતો કરતાં, ગુણ ગાતાં સ્વામીશ્રીની જીભ થાકતી નહિ, સુકાતી નહિ. ગુરુમહિમાની અસ્ખલિત સરવાણી એમના મનોપ્રદેશથી મનન દ્વારા, રટણ દ્વારા, વચન દ્વારા સતત વહ્યા

કરતી. જાણે ગુરુનું ઘેલું લાગ્યું ન હોય ! દરેક વાતમાં શાસ્ત્રીજી મહારાજનું જ મુખ્યપણું. પોતે કાંઈ છે જ નહિ. પોતાની કોઈ હસ્તી જ નહિ. કોઈ એમના મહિમાની વાત ઉમેરવા જાય તો કહે : 'ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી...' એમ પોતાને તદ્દન ઉતારી પાડે. જો ગુરુ પ્રત્યે આટલી હદ સુધી દાસત્વભાવ હોય, તો પોતાના ઇષ્ટદેવ શ્રીજીમહારાજ પ્રત્યેના એમના દાસત્વભાવની કલ્પના જ થઈ શકે એમ નથી. છતાં જ્યારે દ્વેષભાવથી કોઈકને કહેતા સાંભળીએ કે 'યોગીજી મહારાજને તો ભગવાન થવું છે...' ત્યારે બોલનાર ઉપર સહેજે ફિટકાર થયા વિના રહે નહિ. કારણ, જેમણે યોગીજી મહારાજને નજીકથી જોયા છે, અનુભવ્યા છે, તેઓ પણ એમની દાસત્વ-ભક્તિનું વર્ણન કરી શકતા નથી. દૂર રહેનારા પામર જીવો તો કેવળ દ્વેષભાવથી જ એમનો મહિમા સમજી શકતા નથી.

ઊલટું, સ્વામીશ્રી 'ભગવાનની ઇચ્છાથી રોગ આવ્યો છે, કસર છે એટલે મહારાજે રોગ મોકલ્યો છે...' એવાં વચનો કહી સૌને મોહમાં નાખી દેતા. એમ મનુષ્યભાવ જણાવતા અને એમાં જ દિવ્યભાવ જોવાની તાલીમ પણ સાથે આપતા.

સાંજે રાજકોટથી ગણાત્રા ડૉ. બક્ષીને લઈને આવ્યા. સ્વામીશ્રીને છાતીમાં ઊંડે શરદીની અસર છે એમ જણાવ્યું. ડૉક્ટરે ભક્તિભાવથી સ્વામીશ્રીને તપાસ્યા. તેથી સ્વામીશ્રી રાજી થયા હતા.

મંદિરમાં હાજર મોટા ભાગના સંતો, હરિભક્તો તથા ગુરુકુળના વિદ્યાર્થીઓ - કેટલાક નવ વર્ષના પણ હતા, બધા મળીને ૨૫૦ જણે આજે નિયમની એકાદશીનો ઉપવાસ કર્યો હતો. એમની આજ્ઞાથી આટલા બધા ભક્તોને તપ કરતા જોઈ સ્વામીશ્રી પ્રસન્ન રહેતા.

રાત્રે સૌના આગ્રહથી સ્વામીશ્રી રાબ પીતા હતા. નારાયણ ભગત કહે : 'આપને પહેલાં તો કોઈ દિવસ તાવ આવ્યો જ નથી.'

'સોળ-સત્તર વર્ષ પહેલાં મુંબઈમાં બ્રહ્મક્ષત્રિયની વાડીમાં ઊતર્યા હતા ત્યારે તાવ આવેલો. કોણ જાણે તાવને આ ઘર ક્યાંથી જડી ગયું ?' સ્વામીશ્રી પૂછવા લાગ્યા.

આજે રાત્રે અક્ષર દેરીમાં પ્રમુખસ્વામીની હાજરીમાં સંતોની એક મિટિંગ યોજાઈ હતી. જેમાં સંતોના નીતિ-નિયમોની સ્પષ્ટતા અને તેમાં ખબડદાર રહેવાની વાતો થઈ હતી. મિટિંગ બાદ સૌએ ધૂન કરી હતી.

રાત્રે પેટમાં ગેસની તકલીફ હતી. બેથી ત્રણ વાર દિશાએ જવાનું થયું.

રાત્રે ૧-૪૫ વાગે શરદી તથા ઊંઘની ગોળી ફરીથી આપી.

અક્ષરધામમાં કાંઈ ન થાય

સ્વામીશ્રીએ તા. ૭મીએ નરમ તબિયતને કારણે ઓરડામાં જ પૂજા કરી. તાવ ધીરે ધીરે ઊતરતો હતો. બપોરે 'પિચોટી ખસી ગઈ છે' - એવી સ્વામીશ્રીએ ફરિયાદ કરી. તેથી ભાદરણના જશભાઈએ આવીને બેસાડી દીધી. પછી દૂધીનું ગળી ગયેલું થોડું શાક જમ્યા. થોડો આરામ કર્યો.

૪-૦૦ વાગે પરાણે ઓરડાની બહાર આવ્યા. બહાર થોડો વરસાદ હતો, પણ ઠંડો પવન સખત ફૂંકાતો હતો. સ્વામીશ્રીએ દેરીમાં દર્શન કરવાની ઇચ્છા જણાવી. બધાએ ના પાડી ત્યારે કહે : 'અક્ષરધામમાં કંઈ ન થાય. હાલો, હાલો, જવું જ છે.' એમ કહી દેરીમાં આવ્યા. દર્શન કરી, ત્રણ પ્રદક્ષિણા કરી. પછી સામે બેઠા. હરિભક્તોએ પૂજન કરી ધોતિયાં ઓઢાડ્યાં. આશરે અડધો કલાક સૌને દર્શન આપ્યા.

રવિવારની સભા ગુરુકુળમાં રાખી હતી. તેમાં પ્રમુખસ્વામીને મોકલ્યા. નબળાઈને લીધે સૌના આગ્રહથી સ્વામીશ્રીએ આરામ લીધો. રાત્રે મોસંબીના રસ સામે કોમ્પ્લાન ફૂડ પાવડર (Complan Food) ભેળવીને આપ્યું, પણ મોઢું એકદમ બગાડ્યું. તેથી વધુ આપ્યું નહિ.

રાત્રે સૂતી વખતે યોગેશ્વર સ્વામીને કહે : 'નિરંજનદાસને જમાડ્યા ? બોલાવીને લઈ જાવ. કોઈ શરમાતું હોય તો ખબર રાખવી. સુહૃદભાવ ઓછો કહેવાય. 'ચાલો, તમે જમવા આવો, નહિ તો હું નહિ જમું,' એમ કહ્યું. પ્રેમ હોય તો જમવા આવે. શાસ્ત્રીજી મહારાજને જમવું ન હોય તોપણ અમે કહીએ એટલે પછી આવે અને જમે. આ તો 'જમે તોય શું ને ન જમે તોય શું ?' એમ નહિ. વિવેક સમજવો.'

ગુણવંતને કહે : 'તમે જમ્યા ?'

'હા.'

'તમે નિરંજન સ્વામીને તાણ કરી હતી ?'

'એ તો અહીં હતા.'

સ્વામીશ્રી કહે : 'એમ ન ચાલે, બોલાવવા. આ તો પ્રેમની વાત કરી.'

આમ, માંદગીમાં પણ બધાની ખબર રાખતા, ત્યારે નક્કી જણાય કે માંદગીમાં જ્યારે કોઈને પણ પોતાનાં દરદ, દુઃખ ને દેહનો જ વિચાર આવે

ત્યારે આ પુરુષ બીજાની આટલી બરદાસ્ત કરી શકે છે, એટલે સદાકાળ દેહાતીત દશામાં જ રહે છે. વળી, ક્યારેક દુ:ખ જણાવી સૌને મોહમાં પણ નાખે ખરા !

આજે અષાઢ સુદ ૧૩, મુંડનનો દિવસ હતો. અમદાવાદથી વનમાળીદાસ આવેલા, પણ અશક્તિને કારણે સ્વામીશ્રીએ પૂનમે મુંડન કરાવવાનો નિર્ણય લીધો. પૂજા પછી ઊભા થતાં કહે : 'હવે સારું થઈ ગયું. આ તો કસર ટાળવા તાવ આવ્યો.'

એક યુવક સ્વામીશ્રીનું ધોતિયું ધોઈને સુકવતો હતો. નીચેના ભાગમાં થોડી કરચલીઓ રહી ગઈ હતી. તે જોઈ સ્વામીશ્રી કહે : 'નીચેથી પકડી કરચલીઓ ભાંગી નાખો.'

ભક્તવત્સલ હરિ બિરુદ તિહારો

બપોરે ઓરડામાં બધા સંતો સાથે બેઠા હતા. પ્રમુખસ્વામી પણ બાજુમાં હતા. વરસાદ ક્યાં ક્યાં - કેટલો કેટલો પડ્યો તે સંબંધી વાત પૂછી. નિર્ગુણ સ્વામીને કહે : 'મહારાજના પગ પકડી પ્રાર્થના કરો કે વરસાદ વરસાવે. ઈશ્વર સ્વામી ! તમે કરો.' પછી સ્વામીશ્રી જાતે જ કહેવા લાગ્યા : 'નર્મદા ઉપર ડેમ બંધાઈ જાય તો સારું. તો ગુજરાતને પાણી મળે ? વડોદરાને મળે ?'

'કચ્છ સુધી મળે.' સંતોએ કહ્યું.

'કેમ નથી થતો ?'

પ્રમુખસ્વામી કહે : 'મધ્યપ્રદેશવાળા ના પાડે છે.'

'કેમ ના પાડે છે ? તેમની ક્યાં નદી છે ? નદી તો ભરૂચ આગળથી જાય છે.' સ્વામીશ્રી કહેવા લાગ્યા :

'સરકાર બાપાએ (અંગ્રેજોએ) આવું કાંઈ ન કર્યું ? એમણે કંઈ કરેલું ? હવે સરકાર બાપા છે કે ગયા ? લંડનમાં બેઠાં બેઠાં શું કરે છે ?'

સ્વામીશ્રીને અંગ્રેજ સરકારમાં વિશ્વાસ કે એ જ આ બધું કરી શકે !

પછી કહે : 'ડાંગરામાં ડેમ બાંધે તો સારું. ગોંડલી ઉપર બાંધે તો સારું. સારંગપુર ફલ્ગુ ઉપર બાંધે તો સારું... આ બધું કોના હાથમાં ? મોરારજી બાપાના હાથમાં છે ? કે હિતેન્દ્ર દેસાઈના હાથમાં છે ? ટાઢા બહુ... એટલે ન કરી શકે. પચાસ લાખ સોનીને ઠેકાણે પાડ્યા.' (સુવર્ણ ધારો લાવી મોરારજી દેસાઈએ સોનીઓને બેકાર બનાવ્યા તે અનુસંધાનમાં બોલ્યા). સ્વામીશ્રી આમ બોલ્યે જતા હતા.

'સોનીનો ધંધો તો ચાલે છે.' સંતોએ કહ્યું.

'નાથાલાલનું ક્યાં હાલે છે...?!' સ્વામીશ્રીએ પોતાના ભક્તની ચિંતા કરી.

રાજકોટના નાથાલાલ સોની સ્વામીશ્રીના નિષ્ઠાવાન ભક્ત. પોતાના એક એક ભક્તનો - નાનામાં નાના ભક્તનો સ્વામીશ્રીને કેટલો ખ્યાલ છે ને તેમના યોગ-ક્ષેમની કેટલી ચિંતા કરે છે, તે આવા પ્રસંગે જણાય. કદાચ હજારો ભક્તોના સમુદાયમાં નાથાલાલ સોનીને સ્વામીશ્રી ક્યારેક મળે અથવા ન પણ મળે, બોલાવે અથવા ન પણ બોલાવી શકે; પણ એ નાથાલાલ સોની અને એવા બીજા નિષ્ઠાવાન હજારો ભક્તો સ્વામીશ્રીના હૃદયમાં કેવા અંકિત થઈ ગયા છે ને સ્વામીશ્રી પોતાના ભક્તની વત્સલહૃદયે કેવી ચિંતા કરે છે !

જોગીના અનોખા જોગમાં

લગભગ અડધો કલાક વીતી ગયો હતો. પ્રમુખસ્વામીએ કહ્યું : 'બાપા ! રૂમમાં બે જણથી વધુએ ન બેસવું' તેમ ડૉક્ટરે કહ્યું છે. એટલે અમે બહાર બેસી વાતો કરશું.'

સ્વામીશ્રીને પવન માફક નહિ, તેથી ઓરડો હંમેશાં બંધ રાખતા. બારીઓ પણ બંધ. હવાની હેરફેરને કોઈ અવકાશ જ આપતા નહિ. તેથી બંધ ઓરડામાં પણ સ્વામીશ્રીને શુદ્ધ પ્રાણવાયુ મળી રહે એ હેતુથી, ઓરડામાં ઓછા માણસોને બેસવાનું ડૉક્ટરો સૂચવતા.

સ્વામીશ્રી કહે : 'બેસોને ! કંઈ થતું નથી. ભાદરણમાં વૈદ્ય શાસ્ત્રીજી મહારાજને કહે, 'ત્રણ મહિના બહાર નહિ જવાય...' પણ શાસ્ત્રીજી મહારાજ તો બીજે દિવસે સારંગપુર ગયા. કંઈ ન થયું.'

પ્રમુખસ્વામી બેઠા હતા એટલે સ્વામીશ્રીને બહુ સોરવતું હતું. તેથી વાતનો દોર ચાલુ રાખતા હતા. પછી સંતોએ આગ્રહ કર્યો એટલે રૂમમાં બાલમુકુંદ સ્વામીને બેસાર્યા. તેમને વાતો કરવા કહ્યું ને હરિભક્તોને બહાર બેસી સાંભળવા કહ્યું.

સ્વામીશ્રી રૂમમાં બેઠા હોય, ભર ઉનાળો હોય, પણ બારીઓ બધી બંધ કરાવે. ખૂણામાંથી પણ જરા સરખો પવન આવતો હોય તો ધીરેથી કહે : 'પવન ક્યાંથી આવે છે ?' એમ કહી નાનો સરખો પણ પવનનો માર્ગ બંધ કરાવી દે.

પોતે સભામંડપમાં દાખલ થાય ને પંખો ફરતો જુએ એટલે તરત કહે : 'પંખા બંધ કરો.'

પછી તો સ્વામીશ્રીને આવતાં જોઈને જ સેવકો પંખા બંધ કરી દેતા.

ચૈત્ર-વૈશાખની સખત ગરમીમાં પણ સ્વામીશ્રી પગ ઉપર બ્લૅન્કેટ ઓઢીને બેસે. હરિભક્તો પરસેવે રેબઝેબ થતા હોય. સભામાં સ્વામીશ્રીની ઉપર કે નજીક પંખો ન રખાય. તેથી પાસે બેઠેલા હરિભક્તોને તો સખત ઘામમાં જ જકડાઈ રહેવું પડતું. વળી, સ્વામીશ્રી વારે વારે પૂછે એટલે એકાગ્રતા પણ રાખવી પડે. એ પણ એક પ્રકારનો યોગ હતો.

એ બધો શાસ્ત્રીજી મહારાજનો પ્રતાપ

આજે ગઢડાથી દેવપ્રસાદ સ્વામી ખાસ સ્વામીશ્રીની તબિયત જોવા આવ્યા હતા. બપોરે થોડી સાબુદાણાની પાતળી ખીર અને દૂધીનું શાક સ્વામીશ્રીએ લીધાં. એક વાગે ડૉ. જમનાદાસ આવ્યા. તેમણે સંતોના ગુણ ગાયા. એટલે સ્વામીશ્રી કહે : 'એ બધો શાસ્ત્રીજી મહારાજનો પ્રતાપ છે.'

'આપ એમને ભૂલતા જ નથી.' ડૉક્ટર કહેવા લાગ્યા : 'એક નિષ્ઠાથી આપે તો એમની સેવા કરી છે. સામે જ રાખ્યા છે.' એમ કહી પલંગ સામે દીવાલે ટીંગાડેલી શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ તેમણે સ્વામીશ્રીને બતાવી.

'શાસ્ત્રીજી મહારાજની સેવા કરી તો આ બધા સંતો મળ્યા. નહિ તો ક્યાંય સોળના ભાવમાં ખપત !' સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ સામું જોતાં સ્નેહભીની આંખે કહ્યું.

પછી તો, 'તબિયત સુધારા ઉપર લાવવી હોય તો મુંબઈમાં સારી દવા થાય' તે વાત નીકળી. ત્યારે કહે : 'દવા તો અહીં બહુ સારી થાય છે. મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીથી કયો મોટો ડૉક્ટર !'

આજે તબિયત થોડી સારી હતી તેથી સ્વામીશ્રીએ પોતાનું કાર્ય શરૂ કરી દીધું. ટપાલો લખી. જાણે સેવા વિના - સત્સંગની પ્રવૃત્તિ વિના ઘડી પણ રહી શકતા ન હોય એવી એમના પંડમાં હોંશ હતી.

વહાલપની વાતો

સાંજે સંતો બોચાસણ જવાના હતા. તેથી તેમને બોલાવ્યા અને આદેશ આપ્યો : 'પાંચ ટાઈમની કથા કરવી. ભેળા રહ્યા તે સંભારજો. સંપીને રહેજો, શાસ્ત્રીજી મહારાજે મંદિરો બાંધ્યાં.

'હરિશંકરભાઈ ધોળકાવાળાને સુરતમાં મહારાજે દર્શન દઈ કહ્યું : 'તમે

મારું સ્વરૂપ જાણો છો ને કેમ બેસી રહ્યા છો ? જાવ, જૂનાગઢ.' પછી રાજીનામું આપી જૂનાગઢ ગયા. જે જે વસ્તુ થાય તે લખી લેતા. બે પ્રકરણ સ્વામીની વાતુંમાં તેમનાં છે.

'જાગા સ્વામીની ૪૦૦ વાતો હતી, તે ભેગી કરી ૭૫ કરી એમ શાસ્ત્રીજી મહારાજ કહેતા.

'પ્રાગજી ભગત ને શામજી ભગત જોડ હતા. લખાવે પ્રાગજી ભક્ત. શામજી ભગત લખી લે. પછી પ્રાગજી ભગત સહી કરે.

'મહુવામાં પ્રાગજી ભગતના સ્થાને મંદિર થઈ જાય. જગા મૂળ રાખીને ઉપર બાંધી દેવું. મહાન પુરુષોનાં મકાન મળવાં કઠણ. ૫૦૦ વર્ષે કામ બહુ કરે. આપણે એમનો વંશ ગણાઈએ. એ જેમ રાજી થાય એમ કરીએ. નિયમ-ધર્મ પાળીએ. પ્રમુખસ્વામી કહે એમ કરીએ. આજ્ઞા, ઉપાસના, સંપ, સુહૃદભાવ રાખીએ. બાલમુકુંદ સ્વામી વાત કરતા : 'પોતે પોતાના ગુરુ થાવું.' કેટલી ભૂલ છે ? કેટલો સુધારો થયો ? એ જોવું.

'શાસ્ત્રીજી મહારાજ ટ્રેનમાં જતા હતા. એ ટ્રેનમાં બાલમુકુંદ સ્વામી પણ હતા. સાથે એક સાધુ પુરુષોત્તમદાસ હતા. તેમણે સ્વામીને કહ્યું : 'અહીં જગા નથી.' બાલમુકુંદ સ્વામી કહે : 'કોઈ દાઢીવાળો બેસશે ને બીડીઓ ફૂંકશે એના કરતાં આ સારા છે.' એમ કહી સ્વામીને બેસાડ્યા : 'આવો, સ્વામી ! બેસો.'

'શાસ્ત્રીજી મહારાજ જેવા ગુરુ મળ્યા છે. સંભારીએ તો દુઃખ તો ક્યાંય ઊભું ન રહે. પણ મહિમા સમજાવો જોઈએ. પ્રમુખસ્વામી ઉપર શાસ્ત્રીજી મહારાજને હેત બહુ. બોલાવે, વાતો કરે. મોટામાં જોડાવું. પોતા જેવી પદવી આપી દે.

'બોચાસણનો સમૈયો સારો કરજો. જય સ્વામિનારાયણ કહેજો. સમાચાર આપજો. કોઈ દોડાદોડ (તબિયત જોવા) ન કરે.' અડધો કલાક સંતોને શીખ આપી.

પાછળથી બોચાસણના કોઠારી અક્ષરપ્રિય સ્વામી, સ્વામીશ્રીને ગુરુ-પૂનમના સમૈયામાં તેડવા માટે ખાસ આવ્યા. સ્વામીશ્રીએ બપોરે જ બોચાસણ પાછા જવા તેમને આજ્ઞા કરી. કારણ, બીજે દિવસે સમૈયો હતો. સાથે આવેલા શંકર ભગત અહીં આવ્યા પછી પાછા જવાની ના પાડતા હતા. સ્વામીશ્રી તેમને જમતાં જમતાં પ્રેમથી સમજાવવા લાગ્યા : 'ખોટું દેખાય, તમે જાવ...' ભગત ના પાડે. સ્વામીશ્રીએ ફરી વિનંતી કરી : 'ભગત ! આપણે જોડમાં જવું પડે.' તેથી જવા તૈયાર થયા.

નાના માણસની આમ અતિ નમ્રભાવે સંભાવના જોઈ એમનાં ધીરજ ને દાસત્વભાવનો સહેજે ખ્યાલ આવતો.

મુંબઈથી છગનભાઈ પટેલ, માણેકલાલ શેઠ, કેશવચંદ્ર અમીન, ડૉ. ભગુભાઈ વગેરે હરિભક્તો આવેલા. છગનભાઈ કહે : 'ચરણતીર્થ મહારાજને હું મળ્યો હતો. તેઓ કહે : સ્વામીને મંગળ નડે છે.'

આ સાંભળી સ્વામીશ્રી ખૂબ હસ્યા અને બોલ્યા : 'આપણે વળી મંગળ શાનો ? મંગળ-બંગળ માર્યા ફરે...!'

નવાબી ખાતું ન રાખવું !

આમ ગમ્મત કરાવી તેમને જમવા મોકલ્યા. સરભરા કરતા હર્ષદને તુરત કહેવરાવ્યું કે 'ગેસ્ટ હાઉસમાં ચાર ખાટલા, ગાદલાં વગેરે તૈયાર કરો.'

એક સંતે કહ્યું કે 'હરભમજી બાપુ તૈયારી કરવા ગયા છે. તૈયારી કરે છે.'

'એમ વિશ્વાસ ન આવે,' સ્વામીશ્રી કહે : 'જાવ, નક્કી કરીને આવો.'

પછી કૃષ્ણકાંતભાઈને ગેસ્ટ હાઉસમાં મોકલ્યા. ને નક્કી સમાચાર આવ્યા ત્યારે એમને સંતોષ થયો.

આમ, નાની નાની બાબતો પણ ચોક્કસ કરવાની સ્વામીશ્રીની ટેવ હતી. નહિ તો મોટા સમૂહમાં પેલો પેલાને કહે, એમ એકબીજાને કામ સોંપે તો કામ થાય નહિ. ઘણી વાર તદ્દન રહી જાય. એટલે સ્વામીશ્રી કહેતા : 'નવાબી ખાતું ન રાખવું – થાય છે, રહે છે. ચોક્કસ કરવુ.'

બપોરે જમીને ગઢડા પ્રથમ ૨૦ તથા ૨૧ વચનામૃતો મારી પાસે વંચાવ્યાં. રાજકોટના લક્ષ્મીદાસભાઈ ગણાત્રાને વરસાદના સમાચાર પૂછ્યા. ગણાત્રા સાહેબે વિગતવાર સમાચાર આપ્યા.

'કાલે પૂનમે ધૂન કરો, બરાબર વરસાદ થાય.' બાલમુકુંદ સ્વામીને આજ્ઞા કરી. વળી કહે : 'કાલે મને એવું સ્વપ્નું આવ્યું કે હું, પ્રમુખસ્વામી, સંતસ્વામી એક મંદિરમાં હતા. ખૂબ વરસાદ પડ્યો. બધે પાણી ભરાઈ ગયા. દરિયા જેવું થઈ ગયું. મંદિરમાં મકોડા ઘણા નીકળ્યા. આવું સ્વપ્નું આવ્યું. તે સ્વપ્નાની વાત સાચી પડે તો ખરું.'

એટલામાં જૂનાગઢથી નટુભાઈ ગઢિયાના દીકરા મધુભાઈના મિત્ર પ્રફુલ્લભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેની પાસે રેઈનકોટ ને હેટ હતાં. તે જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું : 'આ શું છે ?'

પ્રફુલ્લભાઈ કહે : 'હેટ અને રેઈનકોટ છે.'

'પહેરો જોઈ.' એમ કહી સ્વામીશ્રીએ તેને રેઈનકોટ ને હેટ પહેરાવ્યાં ને જોઈને રાજી થયા.

મુંબઈના હરિભક્તો પરવારીને સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તબિયત સારી નહોતી એટલે મુંબઈ આરામ કરવા પધારવા સ્વામીશ્રીને સૌએ વિનંતી કરી. એમનો સૌનો આગ્રહ હતો કે મુંબઈમાં દવા સારી થાય, તબિયત જલદી સારી થઈ જાય; પણ સ્વામીશ્રીએ અહીં જ રહેવાની ઇચ્છા દર્શાવી અને કહે : 'સાક્ષાત્ સ્થાનમાં પાંચ વર્ષે રહેવાનું મળ્યું. સ્વામી મોટા ડૉક્ટર છે. મોટા મોટા રોગ મટાડે છે. તો આનો શું ભાર !' એમ મહિમા કહી, ગોંડલ જ રહેવાનું નક્કી કર્યું.

ક્ષણે ક્ષણે સંભાળ

કોઈ હરિભક્ત કે સંત સ્વામીશ્રીની રજા લઈ, પોતાને ગામ કે મંદિર જતા હોય તો સ્વામીશ્રી તે ગામ કે મંદિરના હરિભક્તો તથા સંતોના વ્યક્તિગત નામ લઈ 'જય સ્વામિનારાયણ' કહેવડાવે.

લક્ષ્મીદાસ ગણાત્રા તથા ભાનુભાઈ ગઢિયા રોજ રાજકોટથી ગોંડલ આવતા. ગણાત્રા સાહેબ આજે પાછા રાજકોટ જતાં સ્વામીશ્રીને મળવા આવ્યા. સ્વામીશ્રી કહે : 'ભાનુભાઈને 'જય સ્વામિનારાયણ' કહેજો.' હજુ ભાનુભાઈ તો કાલે જ મળ્યા હતા, પણ સ્વામીશ્રી એ નિમિત્તે પણ વારંવાર હરિભક્તોને યાદ કરી જય સ્વામિનારાયણ પાઠવતા.

કલકત્તાના યુવક હરેશ શેઠ સ્વામીશ્રીના સમાગમ માટે આવેલા. તેઓ પાછા જઈ રહ્યા હતા. ડૉક્ટર સ્વામીને સ્વામીશ્રી કહે : 'નંદલાલકાકા, કાંતિભાઈ, બક્ષી સાહેબ, દલપતભાઈ, કાનજીભાઈ બધાનાં નામ લઈ જય સ્વામિનારાયણ કહો.'

ડૉ. જમનાદાસ રોજ સવાર-સાંજ સ્વામીશ્રીને ખૂબ ભાવથી તપાસવા પોતાને ઘેરથી ચાલીને આવતા. સ્વામીશ્રી તેમને સવાર-સાંજ બંને સમયે અચૂક પ્રસાદ અપાવડાવે.

કોઈ ડૉક્ટર તપાસવા આવે એટલે સ્વામીશ્રી સેવામાં રહેતા સંતને કહે : 'આપણે જે લઈએ છીએ એ બધી જ દવાઓ બતાવો.'

સંતો ડૉક્ટરને દવાનાં નામો વ્યવસ્થિત ગણાવે તે ન ચાલે; દવાઓ

બતાવે ત્યારે જ સ્વામીશ્રીને સંતોષ થતો. કોઈપણ વૈદ્ય કે ડૉક્ટર સેવા કરવા આવે તેની દવા ભાવથી લે. થોડો વખત બરાબર લે પણ ખરા. ત્યાં નવા ડૉક્ટર કે વૈદ્ય આવી જ ગયા હોય. તો તેમની દવા શરૂ કરે. પણ કોઈને નારાજ ન કરે. જેવો જેનો ભાવ, એ પ્રમાણે ઘણી વાર સામાન્ય ગણાતા ડૉક્ટર કે વૈદ્યની સેવા પણ લાંબો સમય સુધી લે અને તેની જ સલાહ માને.

ઘણી વાર ગોળી લેતાં મોઢામાં જતાં પહેલાં નીચે પડી જાય. તુરત સ્વામીશ્રી બાળકની જેમ બોલી ઊઠે : 'જો પડી !'

બધા ગયા પછી સ્વામીશ્રી ઢોલિયા ઉપર જ તકિયે ઓઠિંગણ દઈને બેઠા હતા. સામે થોડા સંતો ને યુવકો હતા. સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા : 'ભગવાન ભજી લેવા, થવાની હોય તે થાય.'

દવા લેતાં પણ ભગવાનને યાદ કરે. દવાની ગોળી કે પીવાની દવા (સીરપ) સ્વામીશ્રી મહારાજની મૂર્તિ સમક્ષ ધરે. અને બોલે : 'મહારાજ ! ગોળી લો.' એમ કહી ગોળી કે દવા લે.

લઘુની તકલીફ ઘણી જ હતી. રાત્રે ચારથી પાંચ વખત લઘુ કરવા ઊઠતા. દરેક વખત પાંચથી સાત મિનિટ બેસવું પડે. ત્યારે થોડાં ટીપાં લઘુ ઊતરે. લઘુ કરતાં ખૂબ જ જોર કરે. તે વખતે સ્વામીશ્રી કષ્ટપૂર્વક બોલતા સંભળાય કે 'મહારાજ પધારો ! સ્વામી પધારો ! મહારાજ પંડે પધાર્યા ! સ્વામી પંડે પધાર્યા.' અને ડાબા હાથની પહેલી આંગળીના વળી ગયેલા નખથી પાટલા ઉપર 'ટક...ટક...' ખખડાવે.

ઘણી વાર લઘુ કરતા પોતાને કોઈ પૂર્વે બનેલી રમૂજી ઘટના યાદ આવી જાય તો પોતે એકલા એકલા ખૂબ હસતા.

વળી, ગામડામાં કે રસ્તાને છેડે પોતે ખુલ્લામાં લઘુ કરવા બેસે તે કોઈ જુએ, તે પોતાને ગમતું નહિ. તેથી યુવકો પાસે બ્લૅન્કેટ કે કપડું પકડાવી આડશ જેવું રખાવે. રાત્રે લઘુ કરવા જાય ત્યારે રૂમમાં પણ પડદાથી દૂર ઊભા રહેવાનું જ કહે. કોઈ નજીક આવતું જણાય તો તરત પૂછે : 'કોણ ?'

ઠાકોરજીનાં દર્શનનો સ્વામીશ્રીને ખૂબ મહિમા. દેરીએ દર્શને જવાયું નહોતું. એટલે રાત્રે કહે : 'દર્શને જવાતું નથી.' પછી પૂજારી નિર્ગુણ સ્વામીને કહે : 'ઠાકોરજીનાં દર્શનની બહુ તાણ રહે છે. દર્શન કરવા ઉપર આવવું છે.'

પછી સંતો-હરિભક્તોએ વિનંતી કરી કે 'કાલે ગુરુપૂનમ છે, કાલે દર્શને પધારજો.' છતાં સ્વામીશ્રી રોજ પૂછી લેતા કે 'આજે ઠાકોરજીને શું વાઘા

પહેરાવ્યા છે ?'

રાત્રે થોડી રાબ તથા દૂધીનું શાક લીધાં. વરસાદ માટે બે આરતી વચ્ચે દેરીમાં ધૂન કરવા આજ્ઞા કરી.

આ અગાઉ ત્રણ દિવસ સુધી સતત તાવ રહ્યો. ત્રણ દિવસના ઉપવાસ પણ થયા હતા. તેમાં વળી રાત્રે શૌચ જવું પડતું. ત્યારે બધા ના પાડે છતાં સ્વામીશ્રી શૌચ પછી સ્નાન કરતા.

વળતે દિવસે નાહી-ધોઈ પૂજા કરવા બેઠા. ખૂબ જ અશક્તિ હતી. બેસાતું પણ નહોતું, છતાં પૂજામાં બેઠા. ઠાકોરજીની મૂર્તિઓ પધરાવી. પુષ્પ ચઢાવ્યાં. પ્રસાદ ધરાવ્યો. માળા ફેરવી. સમગ્ર વિધિ નિયમ મુજબ જ કરી. પછી પ્રદક્ષિણા કરવાની સૌએ ઘણી ના પાડી. પણ તેઓ કહે : 'ના, બે કરી લઉં. મને કંઈ થવાનું નથી.' એમ કહી માંડ માંડ ઊઠ્યા ને પાંચ પ્રદક્ષિણા કરી અને બે દંડવત્પ્રણામ પણ કર્યા. પૂજાનાં દર્શન કરતાં સૌ સ્વામીશ્રીની આ પરાભક્તિ જોઈ જ રહ્યા હતા !

પૂજા કરી સ્વામીશ્રી અક્ષર દેરીમાં પધાર્યા. અહીં દર્શન કરી જેવા પાછળ ફર્યા કે તુરત પથારીમાં ઢળી જ પડ્યા, પછી એક ક્ષણ પણ બેસી શક્યા નહિ. ત્રણ ડિગ્રી તાવમાં પણ નાહવું, ધોવું, પૂજા, દંડવત્, પ્રદક્ષિણા બધી જ વિધિ નિયમસર, પ્રેમથી, શ્રદ્ધાપૂર્વક કરતા સ્વામીશ્રીને જોઈને સૌ દ્રવિત થઈ ગયા.

તકલીફ એટલે શું ?

ગુરુપૂર્ણિમાએ વનમાળીદાસ પાસે મુંડન કરાવ્યું.

સવારે પૂજા ઓરડામાં જ કરી. સંતો કીર્તન ગાતા હતા. તે બંધ રખાવી સ્વામીશ્રી કહે : 'સાંભળો, 'સ્વામીને તકલીફ થશે' એમ માનીને ઘણા મળવા નથી આવતા. પણ તકલીફ એટલે શું ? તકલીફ કોને કહેવાય તે સમજો. તકલીફ કયા પ્રકારની છે ? તો પાસે આવવું, પૂછવું - 'સ્વામી, કેમ છે ?' એમ ખબર પૂછી ચાલ્યા જવું. એમાં કાંઈ તકલીફ નથી. ઊલટું એ તો ભગવાનના ભક્તને મળાય, દર્શન-પર્શન થાય, ઈ લાભ છે.' એમ બે વાર બોલ્યા.

પછી કહે : 'ખરી તકલીફ - જોવા આવે અને પૂછે કે 'મને નોકરી નથી. મારે શરીર સારું નથી રહેતું, તે સારું થઈ જાય.' એમ જે પૂછે તે તકલીફ કહેવાય. માટે સૌએ આવવું, મળવું, ખબર પૂછવા ને વયા જાવું. તો દર્શન-પર્શનનું સુખ મળે. અને ભગવાનના ભક્તને મળવાથી આનંદ થાય. માટે

સમજ્યા ? હાં... હવે કીર્તન બોલો.'

સાત દિવસ પછી મંદિરમાં દર્શને પધાર્યા અને મધ્ય મંદિરમાં આરતી ઉતારી. આરતીમાં જતાં પહેલાં બાપુ સ્વામી દર્શને આવ્યા તેમને સૂચના આપવા લાગ્યા : 'ગાદલાં ભેગાં કરી ગોઠવ્યાં કે ? ઉંદર તો નથી પેસી જતા ને ? ગાદલાં ને વાસણનું ધ્યાન રાખવું. પેલા દહીંના નાના વાડકા છે કે નહિ ? દેખાતા નથી. મોટા મહેમાન હોય તેને દહીં માટે જુદા વાડકા આપવા, પણ દાળવાળા વાડકામાં દહીં ન આપવું. એઠું થાય...'

આરતી બાદ મધ્ય મંદિરમાં ધૂન કરાવી : 'માણેકલાલ શેઠના દેશકાળ સારા થાય. કેશવચંદ્ર અમીનનાં માતુશ્રી ધામમાં જાય. વરસાદ સારો પડે.'

આરતી વખતે બાલમુકુંદ સ્વામીને આજ્ઞા કરી કે 'આજે ગુરુપૂર્ણિમા છે એટલે બધા સંતોને જનમંગલના પાઠ કરવા લઈ જજો.'

સ્મૃતિની બક્ષિસ

પછી કૃષ્ણકાંત અને હર્ષદ ચાવડાને બોલાવ્યા ને પૂછ્યું : 'હરિભક્તોને ચા-પાણી કરાવો છો ને ?'

'હા, બાપા !' તેમણે કહ્યું : 'ચાની જ તૈયારી કરતા હતા.'

આ સાંભળી સ્વામીશ્રી બહુ રાજી થયા ને બંનેની છાતી ઉપર વારાફરતી હાથ ફેરવતાં કહે : 'આ સંભારી રાખજો.'

બસ, આટલી જ સ્મૃતિથી બંનેનાં હૈયાંમાં શાંતિનો શેરડો વળી ગયો.

ઉકાળા-પાણી કરી આરામમાં જતા હતા. કફ માટે બિકોઝાઈમ સીરપ આપ્યું, પણ તે ન ફાવ્યું તેથી તેની જ ગોળી આપી.

આજે મોજીદડના રામજીભાઈની રસોઈ હતી. મથુરભાઈ રસોઈનું બીલ લઈ આવ્યા. આ બીલમાં સ્વામીશ્રીએ સૂતાં સૂતાં સહી કરી. કદાચ પહેલી જ વાર આવી રીતે સહી કરી હશે. રામજીભાઈ સ્વામીશ્રીના અનન્ય ભક્ત. આવા ભક્તને રાજી કરવા સ્વામીશ્રીને હંમેશાં સામેથી ઉમળકો થતો.

આ પણ સ્વામીશ્રીની એક અનોખી રીત હતી. આજ્ઞાથી હરિભક્તો રસોઈ આપે કે સેવા કરે. પછી અનેક વાર સ્વામીશ્રી સેવાની રસીદ પાછળ આશીર્વાદની-રાજીપાની સહી કરી આપતા. સેવકો ના પાડે તોપણ સ્વામીશ્રી રસીદ સામેથી માગીને સહી કરતા. તન, મન, ધનથી ઠાકોરજીની સેવા કરતા ભક્તો માટે સ્વામીશ્રીને થાય કે શું કરી નાખું ?

માંદગી દરમ્યાન બપોરે મોડેથી સ્વામીશ્રી સામાન્ય આહાર અંગીકાર કરતા. ગોરખ આસન જેવી પલાંઠી વાળીને બેસતા. સેવકો ખોળામાં રૂમાલ મૂકતા જેથી ધોતિયું બગડે નહિ. કારણ, સ્વામીશ્રી સેવકોની ઈચ્છાથી ખીર, શાક એવું ચમચીથી જમતા. જો કે તેનાથી ફાવતું નહિ. વળી, બહુ ઈચ્છા પણ નહિ. પણ સેવકોના આગ્રહને માન આપતા. શરૂઆતમાં તો ચમચીથી વસ્તુ લેવી ફાવે નહિ. તે સેવકો શાક વગેરે ચમચીમાં ગોઠવી આપે. પછી ધીરેથી જમે. પણ ઘણી વાર શીખાઉ બાળકની જેમ ચમચી મોઢાની આજુબાજુ જતી રહેતી. નિરાંતનો સમય હોય, એકલા હોય, તો જમતાં જમતાં મજાની વાતો કરતા.

આજે રોજ કરતાં મોડેથી લગભગ ૧-૩૦ વાગે ઊઠ્યા. મેં કહ્યું : 'ચાલો જમવા.'

તો કહે : 'પેટમાં ભૂખનો શેરડો નથી પડતો. કેટલાં વર્ષથી ખાતા આવ્યા ! હવે ક્યાં સુધી ખાવાનું ! ઋષિમુનિઓ કાંઈ નહોતા ખાતા. પાંદડાં ખાતા. હમણાં આવીએ.' પછી થોડું દૂધી ને પરવળનું શાક જમવા લાગ્યા.

વચ્ચે પૂછ્યું કે 'ડૉક્ટરો ક્યાંથી જાણે કે દૂધી ખાવું ? કે આ ખાવું ? તેમને ક્યાંથી ખબર પડતી હશે ?'

આવા એમના બાલસહજ પ્રશ્નો પણ સૌને ભૂલાવામાં મૂકી દેતા કે એંશીને ઉંબરે પહોંચેલા આ પુરુષ આવું શું પૂછતા હશે ? કે પછી એમના સ્વરૂપમાં સ્થિત આપણી શ્રદ્ધાને ડગમગાવી રહ્યા છે ?

જમ્યા બાદ ગ.પ્ર. ૩૧ વચનામૃત વંચાવ્યું.

❀ ❀ ❀

યોગી દેરીએ ખેલે



આજે ગુરુપૂનમનો દિવસ હતો. બપોરે ૪-૩૦ વાગે વરસાદ પડતો હતો. સ્વામીશ્રીને અશક્તિ એટલી જ હતી. ડૉક્ટરોએ પથારીમાંથી ઊઠવાની પણ ના પાડેલી. સ્વામીશ્રીએ અક્ષર દેરીમાં જવાની તૈયારી કરી. તેઓ કહે : 'બધા હરિભક્તો આવ્યા છે, જવું પડે.' બધા સેવકોએ ઘણું રોક્યા, પણ સ્વામીશ્રી કહે : 'ના, મને કાંઈ થવાનું નથી.'

'પણ બાપા ! ડૉક્ટરોએ ખાસ ના પાડી છે.'

'ડૉક્ટરોએ ભલે ના પાડી. આ તો અક્ષરધામ છે. અક્ષર દેરીમાં મારો વાળ પણ વાંકો થવાનો નથી. હરિભક્તો ઠાકોરજીની સેવા કરે, આપણાથી ના કેમ પડાય ?'

વરસાદ અને પવન ઘણો હતો, પણ ન છૂટકે આજુબાજુ, ઉપર-નીચે, આડશ ગોઠવી સ્વામીશ્રીને દેરીમાં લઈ ગયા. બહાર વરસાદની હેલી વરસતી હતી. અંદર દેરીમાં સ્વામીશ્રીએ સૌના ઉપર આશીર્વાદની વર્ષા કરી. હરિભક્તોને રાજી કર્યાના ઉમંગમાં સ્વસ્થતા અનુભવતા સ્વામીશ્રી ઉતારે પધાર્યા.

રાત્રે ઈશ્વરભાઈ દેસાઈ દર્શને આવ્યા. નડિયાદ પારાયણની વાત સ્વામીશ્રીએ કાઢી. પછી પૂછ્યું : 'શું શું વધ્યું ?' અનાજ તથા બીજી સીધા-સામગ્રી વધી હતી તે જણાવી અને તેમણે કહ્યું કે 'વધેલો માલ બધો મુંબઈ લઈ ગયા હતા.' સ્વામીશ્રી કહે : 'લો, મુંબઈ લઈ ગયા. અહીં લાવવું જોઈએ ને ! અહીં લાવ્યા હોત તો ઠાકોરજી જમત.'

રાત્રે રાબ ને દૂધીનું શાક લેતાં સ્વામીશ્રી કહે : 'સુરતમાં દૂધી-ચણાનું શાક બહુ સારું બનાવે. દૂધી ગળી જાય. ત્રણ વાડકા ચડાવી જવાય.'

ક્યારેક સુરત જવાનું થાય ત્યારે સ્વામીશ્રી રસોઇયા પાસે દૂધી-ચણાનું શાક અવશ્ય મંગાવે. તે પડિયો ભરીને સ્વામીશ્રીના પત્તર સામે મૂકે. સ્વામીશ્રી

જોઈને વખાણ કરે, પણ લે નહિ. બહુ આગ્રહ કરે તો થોડું લે. કારણ, તે શાકમાં તેલ તરતું હોય ને લીલાં મરચાં નાખ્યાં હોય, જે એમને જરાપણ અનુકૂળ નહોતું આવતું.

વળી, જમતાં જમતાં કહે : 'આ જીભ સો મણ સાકર ને સો મણ ઘી ખાઈ ગઈ, પણ ભૂખી ને ભૂખી.'

તા. ૧૧મીએ ઓરડામાં સ્વામીશ્રી પૂજા કરતા હતા. નડિયાદમાં જન્મ જયંતી પ્રસંગે સ્વામીશ્રીએ જે પ્રવચન કરેલું તે અનુપમ ભગતે રેકોર્ડિંગમાં વગાડ્યું. એમાં સ્વામીશ્રી પ્રવચન કરતાં ગળું ખંખેરે છે, તે ખરેરીનો અવાજ આવ્યો. 'આમાં પણ રોગ ગરી ગયો.' સ્વામીશ્રી બોલી ઊઠ્યા. સૌ હસી પડ્યા.

સદા સાવધાન, સમયસૂચક ને પ્રસંગોચિત તત્કાળ રમૂજ પીરસતી સ્વામીશ્રીની પ્રતિભામાં સૌ ખોવાઈ ગયા.

બપોરે જમવા માટે સેવકે સાદ કર્યો. સ્વામીશ્રી ઢોલિયા ઉપર બેઠા હતા ને સંતો સાથે વાતો કરતા હતા. તેથી કહે : 'પાંચ મિનિટ ખમો, આવીએ.'

પછી વાતના પ્રસંગમાં કહે : 'અમે અટલાદરા સ્વામી શાસ્ત્રીજી મહારાજ માંદા હતા ત્યારે સેવા કરતા. અક્ષરપ્રિય રસોઈ કરતા. નાની સગડી ઉપર રસોઈ બનાવે. સ્વામી થોડું જમે અને પ્રસાદી દઈ દે. થાથા થાબડા જેવાની પણ સ્વામી સેવા અંગીકાર કરે. અક્ષરપ્રિય બહુ બુદ્ધિશાળી નહિ; પણ સ્વામી સેવા લે. અક્ષરસ્વરૂપ સ્વામીને રસોઈ સારી આવડે, પણ સ્વામી તેની પાસે રસોઈ ન કરાવે. અક્ષરપ્રિયને કહે.'

આજે મગની દાળ, ભાત, શાક થોડું જમ્યા. જમવામાં લીલી હળદર હતી. તે જોઈ સ્વામીશ્રી કહે : 'હું લીલી હળદર ઝોળીમાં રાખતો. પછી પતિકાં પાડી ઠાકોરજીને ધરીને જમીએ.'

મૂર્તિનું ચિંતનાત્મક દર્શન

દર્શન બાદ ગ.પ્ર. ૪૧ તથા ૪૨ વચનામૃતો વંચાયાં. તેમાં વર્ણન આવ્યું કે મહારાજ પાઘ પહેરીને બેઠા હતા. તે સાંભળી સ્વામીશ્રી કહે : 'દરેક વચનામૃતમાં પાઘ પહેરીને બેઠા હતા એમ આવે. સવારે, બપોરે, રાત્રે - જ્યારે ને ત્યારે પાઘ પહેરીને બેસે, તે શું ઉઘાડે માથે નહિ બેસતા હોય ?'

મહેન્દ્રભાઈ બાપુ કહે : 'કેટલાંક વચનામૃતમાં ખાલી એટલું જ લખેલું હોય છે કે મહારાજ સર્વ શ્વેત વસ્ત્રો પહેરીને બેઠા હતા. તેમાં પાઘની વાત

નથી, એટલે ઉઘાડે માથે બેઠા હશે.'

'લખવાનું ભૂલી ગયા હશે ?' સ્વામીશ્રીએ શંકા કરી.

'ભૂલે તો નહિ. ઘણી ઝીણી ઝીણી વિગતો ભૂલ્યા નથી.' મહેન્દ્રભાઈ બોલ્યા.

'ઉઘાડે માથે બેઠા હતા એમ લખે તો સારું ન લાગે અને તે વખતે ઉઘાડું માથું રાખવાનો રિવાજ ન હતો.' મેં કહ્યું.

સ્વામીશ્રીએ ઉમેર્યું : 'સંતોય બધા પાઘ પહેરીને બેસતા હશે ?'

એક વિશિષ્ટ વાર્તાલાપ સ્વામીશ્રીએ વહેતો મૂક્યો. જો કે તેનું સમાધાન કર્યું નહિ. આમ, ઘણી વાર કથા પ્રસંગમાં સ્વામીશ્રી ઝીણી વિગતોની પણ છણાવટ કરતા, એક દૃષ્ટિ આપતા - વિચારવાની !

આજથી હિંડોળા શરૂ થતા હતા. સાંજે સૌને હિંડોળાની આરતીમાં મોકલ્યા. રાત્રે જમવામાં રાબ ને થોડું થોડું શાક લીધું. ઈશ્વરભાઈ દેસાઈ વગેરે સામે બેઠા હતા. તેમને પણ રાબ પીવડાવી. સંતો વાટકીમાં રાબ આપતા હતા. તે સ્વામીશ્રી કહે : 'ના, પડિયામાં આપો. પડિયા સારા, ઊટકવા ન પડે. ને ફેંકી દેવાના. ચોખ્ખા.'

પડિયામાં બધાને થોડી રાબ પીવડાવી, ને કહે : 'આ તો નિઃસ્વાદી વર્તમાન.' કારણ, સ્વામીશ્રીની રસોઈ તદ્દન મોળી ને ફિક્કી હોય.

કાણા ઈન્દ્રનું રાજ્ય

દેરીમાં ઠાકોરજીના પડદા ખોલી, વરસાદ માટે ધૂન કરવા આજ્ઞા કરી : 'મરતી મરતી ધૂન નહિ, તબલાં વગાડીને નહિ, તાલી વગાડીને. ઈશ્વર સ્વામી ! મેઘરાજાને ઠપકારો ! એવી ધૂન કરો - રાતે જ વરસાદ આવે. આખા દેશમાં પડે. ઈન્દ્ર કાણો છે, એટલે હરખો નથી હાલતો. વળી હોકો પીએ છે. એટલે કેફમાં બેઠો હોય. કાણા ઈન્દ્રનું રાજ્ય છે.'

ખેડાવાળા ચતુરભાઈના દીકરા મૂળજીભાઈ બે દિવસથી દર્શને આવેલા, પણ દૂરથી દર્શન કરી સભામાં બેસી જતા. નજીક ન જાય. આજે સ્વામીશ્રીની નજર પડી, એટલે પૂછ્યું. તેઓ કહે : 'ગિરદી હોય અને આપને તકલીફ પડે એટલે દૂર બેસી જતો.'

'એમ નો કરવું.' સ્વામીશ્રી કહે : 'મને કહેવું કે હું મૂળજી. ખેડાથી આવ્યો છું. હવે કાલે રોકાવ અને સાંજે જજો.'

આમ, નાના-મોટા સૌની ખબર રાખતા ને સૌ પર પ્રેમ વરસાવતા.

દર્શને સંબંધનો લાભ

આવી જ રીતે એક વાર માંદગી દરમ્યાન બપોરે સ્વામીશ્રી પોઢ્યા હતા અને લગભગ ૩-૦૦ વાગે રાજકોટના એક મહેમાન એક અમેરિકન સાધુને સ્વામીશ્રીનાં દર્શને લઈને આવ્યા. અમે સ્વામીશ્રીને ઉઠાડ્યા નહિ.

૪-૦૦ વાગે સ્વામીશ્રી ઊઠ્યા ત્યારે મહેમાનો દર્શને આવેલા તે વાત સાધારણપણે કરી.

સ્વામીશ્રી કહે : 'દરેકને દર્શને લાવવા, હું સૂતો હોઉં તોપણ મને ઉઠાડવો. નવો મહેમાન હોય, દર્શન થાય તો સંબંધ થાય ને !'

સત્પુરુષના સંબંધનો મહિમા સ્વામીશ્રી વિના કોણ સમજાવી શકે ?

આનંદમય બ્રહ્મનો પર્યાય

આ દિવસોમાં નારાયણપ્રસાદ સ્વામીએ જમપુરીનું ચિત્ર બનાવ્યું હતું. સ્વામીશ્રી તે જોઈ ખૂબ રાજી થયા, અને જે કોઈ મહેમાન આવે તેને બતાવે. ને કહે : 'અમારા પેન્ટર સ્વામીએ બનાવ્યું છે.'

એવામાં જામનગરથી શેઠ બારદાનવાળા દર્શને આવ્યા. સ્વામીશ્રીને પેલું ચિત્ર બતાવવાનો ભારે ઉમંગ; પણ આજુબાજુ જોયું છતાં નારાયણપ્રસાદ સ્વામી દેખાયા નહીં. સ્વામીશ્રીએ એક યુવકને કહ્યું : 'બોલાવો એમને.'

તેઓ આવ્યા ત્યારે સ્વામીશ્રી કેફમાં બોલ્યા : 'શેઠબાપાને જમપુરી બતાવી દ્યો !'

શેઠ તો ડઘાઈ ગયા ને કંઈક કહેવા ગયા ત્યાં સ્વામીશ્રી કહે : 'આ અમારા પેન્ટર સ્વામીએ જમપુરીનું ચિત્ર બનાવ્યું છે.'

આ સાંભળી શેઠને રાહત થઈ. સ્વામીશ્રી પાસે આનંદની ભાષા હતી. રમૂજના ભંડાર હતા. હાસ્યના ઉદ્‌ગારો હતા અને કેફના ફુવારા હતા. એટલે જ તો 'આનંદમય બ્રહ્મ' શબ્દ એમના વ્યક્તિત્વનો પર્યાયમાત્ર હતો.

શેઠ જ્યારે જ્યારે પણ આવતા ત્યારે સ્વામીશ્રી ઉમળકાથી બોલી ઊઠતા : 'આવો, બારદાન શેઠ આવ્યા !'

શેઠ આ સાંભળી રમૂજ કરતાં કહેતા : 'બાપા ! મને બીજું કોઈ આ રીતે બોલવતું નથી ને જો બોલાવે તો મારું માથું તપી જાય. પણ આપ બોલાવો છો તે મને મીઠું લાગે છે !'

તા. ૧૨મીએ સવારે ૪-૦૦ વાગે ઊઠ્યા. પછી તુરત વાત શરૂ કરી કે 'મને આજે સ્વપ્નું આવ્યું. અમે નડિયાદ કૃષ્ણાભાઈને ઘેર હતા. તેમની રસોઈ હતી. પછી મેં તેમને કહ્યું : 'આપણે ડભાણના હરિભક્તોને જમવા બોલાવીએ.' પછી કૃષ્ણાભાઈ કહે : 'હું માણસ મોકલું.' મેં કહ્યું : 'ના, હું જાઉં.' પછી વિષ્ણુ સ્વામી ને હું ડભાણ ગયા. બેચરભાઈને ત્યાં ગયા પછી દેરી છે ત્યાં ગયા. ત્યાં દર્શન કરી, કુંડ નીકળ્યા છે ત્યાં દર્શને ગયા. ત્યાં આંખ ઊઘડી ગઈ !'

આજે ઘણા દિવસ પછી સવારે દસથી પંદર મિનિટ મંગળ પ્રવચન કર્યું. શણગાર આરતીમાં પધાર્યા હતા. માંદગીના સમાચાર સાંભળી ઘણા હરિભક્તો દૂર દૂરથી ખબર કાઢવા આવતા. બપોરે જમવામાં ખાખરા મૂક્યા. તે જોઈ કહે : 'આનાથી શું ફાયદો થાય ? આ તો નવી ફૅશનનું ! શાસ્ત્રીજી મહારાજના વખતમા ખાખરા ન હતા.'

પરસ્પર પ્રેમની પ્રતિષ્ઠા

બપોરની ટ્રેનમાં નડિયાદથી કૃષ્ણાભાઈ વગેરે સાત હરિભકતો આવ્યા. અત્યંત શૂરવીર એવા કૃષ્ણાભાઈ નિષ્ઠાવાન ને પ્રેમી પણ એટલા જ. સ્વામીશ્રીનો વિરહ તેઓ ખમી શકતા નહિ. થોડા દિવસ થાય ને મંડળી લઈને સ્વામીશ્રીનાં દર્શને આવી પહોંચ્યા હોય ! પ્રેમી એવા કે 'સ્વામીબાપાને આ ભાવે ! આ જોઈએ ! આના વગર તો ચાલે જ નહિ !' એવા અહોભાવથી સારામાં સારી વસ્તુ ઠાકોરજી અને સ્વામીશ્રી માટે લઈને આવે. 'યોગીજી મહારાજ ! રાજાધિરાજ ! એમને માટે શું ન થાય ?' એવી નિષ્ઠા ! આવા બળવાળા - શૂરવીર ભક્તોને જોઈને સ્વામીશ્રીની છાતી પણ ગજ ગજ ફૂલતી, તેમને મળતાં હૈયામાં હિંસોરો આવી જતો. કોઈ મરતાં મરતાં ભક્તિ કરે એ એમને ગમે નહિ. નભાવે, પણ હેતનો ઊમળકો ન આવે. કોઈ હંમેશાં બળની વાત કરે, નિષ્ઠાની-મહિમાની વાત કરે, શૂરવીરતા દાખવે, તેને જોઈ સ્વામીશ્રી બહુ રાજી થતા.

નડિયાદ એટલે ચરોતરનો ચોક. રિદ્ધિ-સિદ્ધિની રેલમછેલ. ચરોતરના ભક્તો પણ શૂરવીર ને ભક્તિવાળા. કૃષ્ણાભાઈ મોટા મોટા ટોપલા ભરીને લીલાં શાક – કંકોડાં, ફ્લાવર, ટામેટાં, ભીંડાં, તુવેર, પરવળ, કોબીજ, પાકી કેરી, પાપડ, સેવ, ચેવડો, કોપરા પાક, બદામ, ચારોળી, કાજુ વગેરે લાવ્યા હતા. સ્વામીશ્રી કહે : 'લાવો, બતાવવું જોઈએ.' એમ કહી બધું મંગાવ્યું.

એક પછી એક બધું જોયું. સ્વામીશ્રી માટે લૂગડાની સપાટ, ઠંડીમાં મંદિરમાં પહેરીને પણ ફરી શકાય, તે ખાસ લાવ્યા હતા. તે પહેરાવી જોઈ. પ્રસન્નતા વ્યક્ત કરતાં સ્વામીશ્રીએ કૃષ્ણાભાઈ તથા સાથેના ભક્તોને આશીર્વાદ આપ્યા.

કોઈ હરિભક્ત ઠાકોરજી માટે વસ્તુઓ લાવે તે સ્વામીશ્રી હંમેશાં જોતા. લીંબુ, સફરજન, દાડમ હોય તો હાથમાં લે. ફેરવીને જુએ. આંખ અડાડે. દૃષ્ટિ-પ્રસાદી કરે અને દરેક વસ્તુનો યોગ્ય ઉપયોગ થાય તેની કાળજી લે.

ઘણી વાર રાત્રે કોઈ હાર લાવે ને સ્વામીશ્રીને પહેરાવવા જાય તો પોતે હાર ન પહેરે. હાથમાં લઈ લે. કોઈ સાધુને બોલાવીને હાર આપે ને કહે : 'કાલે સવારે ઠાકોરજીને પહેરાવજો. ઠાકોરજી પહેરે તો આખો દી' દર્શન થાય, સંત પહેરે તો બે મિનિટ દર્શન થાય, ને પછી હાર કાઢી લે. માટે હાર ઠાકોરજીને પહેરાવવો.'

કોઈ કાપડનો તાકો લાવે તો કપડાનો છેડો ખેંચીને કેટલું ઘટ્ટ છે વગેરે આંગળી ને અંગૂઠાથી કાપડને ચપટીમાં લઈને ચકાસીને જુએ. મુંબઈમાં એક વખત જયંતીભાઈ કપૂરચંદને મંદિરો માટે તાકા લાવવાનું કહ્યું, પણ તે પહેલાં નમૂનો મગાવ્યો. તેઓ નમૂનાનું કપડું લાવ્યા. સ્વામીશ્રીએ તે પાસ કર્યું. પછી કહે : 'આ કકડો લઈ ન જતા. અહીં રાખી મૂકજો. ગરણાં થશે.' એમ ઘણી વખત તદ્દન સામાન્ય પદાર્થ પણ છોડતા નહિ. કરકસર ને નાની વસ્તુનો પણ ઉપયોગ કરી લેવાની ત્રેવડ સ્વામીશ્રી ડગલે ને પગલે સૌને શીખવતા. એમના મનમાં એક જ જાણપણું હતું કે 'આ બધું ઠાકોરજીનું છે. હરિભક્તો ઠાકોરજી માટે બધું લાવે છે. તો તેનો પૂરેપૂરો ઉપયોગ થવો જોઈએ. એક પાઈનો પણ ઠાકોરજીની મિલકતનો બગાડ ન થવો જોઈએ.'

હજારો હરિભક્તો સ્વામીશ્રીને રાજી કરવા માટે પદાર્થના ઢગલા કરતા હતા. તેમને મન સ્વામીશ્રીને ચરણે ધર્યા પછી, તે વસ્તુનો તેઓ ગમે તે ઉપયોગ કરે, તેમાં તેઓ રાજી હતા. સ્વામીશ્રી ઠાકોરજીને જ ધણી માનીને સાચા અર્થમાં, સંપૂર્ણ અર્થમાં તેના ટ્રસ્ટી બનીને જ રહેતા.

આપણને નવું ગમે નહિ

આજે ઠાકોરજી જમાડવા બેઠા ત્યારે સેવકે સ્વામીશ્રી સમક્ષ પત્તર ગોઠવ્યું ને બાજુમાં છ ખાનાવાળી સ્ટેનલેસ સ્ટીલની ડીશ મૂકી. જુદી જુદી વસ્તુઓ તેમાં પીરસાય પછી સ્વામીશ્રી રુચિ પડે તે પત્તરમાં લઈને જમે એ હેતુથી. પણ

સ્વામીશ્રી ડીશને આંગળીથી ટકોરા મારતાં કહે : 'જુઓને, દુનિયામાં શું ફેશન કરે છે ! ચમચા ને ચમચીઓ જોઈને લોકો મોહમાં પડે છે. પણ જૂનું એ સોનું. આપણને નવું કાંઈ ગમે નહિ.' એમ સહેજે વિતરાગની ઝલક ઉપસી આવી.

ભક્તોને અર્થે દેહ કૃષ્ણાર્પણ

આજે બપોરે જમ્યા પછી બાલમુકુંદ સ્વામીને આજ્ઞા કરી કે 'ભગવત્સિંહ બાપુ તથા ગોવિંદસિંહ બાપુ(કલેક્ટર)ને જમાડવા. ભગવત્સિંહ બાપુને ઘેર ડીફીન(ટિફિન) મોકલવું.'

નિવૃત્ત થયા પછી ભગવત્સિંહ બાપુ લગભગ મંદિરની સેવામાં જ હોય ! પણ બપોરે જમવા ઘરે જતા. ગોવિંદસિંહ બાપુ પણ સ્વામીશ્રી ગોંડલમાં બિરાજે ત્યારે અવારનવાર મંદિરે આવ્યા હોય. સ્વામીશ્રીનો આગ્રહ કે એમને જમાડવા અને ભગવત્સિંહ બાપુ મંદિરની બાજુમાં જ રહેતા ને વળી ઘરમાં બે જ માણસ, એટલે એમને ટિફિન મોકલી દેવું. હરિભક્તો જ એમનું જીવન હતું. એ વગર આટલી ખબર કેમ રખાય ! કોણ રાખે ?

ડૉ. જમનાદાસભાઈ ગોંડલ સ્ટેટ સમયના જૂના અનુભવી ડૉક્ટર. મંદિર સાથે જૂનો સંબંધ. તેઓ પણ રોજ એક વાર તો સ્વામીશ્રીની તબિયત જોવા આવે જ. નાડીના ધબકારા જુએ, બી.પી. જુએ ને થોડાં સલાહ-સૂચન આપે.

સ્વામીશ્રી જ્યારે બીમાર હોય ત્યારે તો તેઓ દિવસમાં બે વાર પણ આવી જાય. સ્વામીશ્રીને એમની સાથે સારું ફાવતું. જમનાદાસભાઈ સ્વામીશ્રી કરતાં ઉંમરમાં થોડા નાના, પણ ધીર ગંભીર, વયોવૃદ્ધ ને વિવેકી. ભાવિક પણ ખરા. તેથી મહિમાપૂર્વક સેવા-ભાવનાથી આવતા.

શરૂઆતમાં તેઓ તપાસવા આવતા ત્યારે એક વાર તેઓ નીચે બેઠા. એક યુવક પાસે સ્વામીશ્રીએ ખુરશી મંગાવી.

'ખુરશી ઉપર બેસો.' સ્વામીશ્રીએ કહ્યું.

'બાપા ! આપની પાસે ખુરશી ઉપર બેસવું એ ઠીક નહિ. મારું મન ના પાડે છે.' ડૉક્ટરે કહ્યું.

'ના બેસો, તમે ન બેસો તેમાં મારું મન ના પાડે છે.' એમ કહી ખૂબ આગ્રહ કરી, સ્વામીશ્રીએ તેમને ખુરશી ઉપર બેસાડ્યા.

✧

ગુજરાત રાજ્યના માજી આરોગ્ય મંત્રી અને સૌરાષ્ટ્ર આયુર્વેદિક

યુનિવર્સિટીના ઉપકુલપતિ મોહનભાઈ વ્યાસ દર્શને આવ્યા હતા.

સામાન્ય રીતે સ્વામીશ્રી રાત્રે ઉકાળા પહેલાં એક કલાક કંઈ લેતા ન હતા; પણ માણેકલાલ શેઠે મુંબઈથી પ્લેનમાં મોસંબી, સફરજન ને ઈન્જેકશન મોકલ્યાં તે જાણી ખૂબ રાજી થયા. મોસંબી મંગાવ્યાં, જોયાં અને કહે : 'વાહ મોસંબી વાહ ! મને ભૂખ લાગી છે. બે મોસંબીનો રસ કાઢો.'

આમ, સામેથી રસ માગીને પીધો ! સ્વામીશ્રી લગભગ મોસંબીનો રસ ક્યારેય પીતા નહિ. સારામાં સારી, મીઠી મોસંબીનો રસ આપીએ, તો ના ન પાડે, પણ સહેજ ચાખીને માથું ધ્રુજાવતાં કહે : 'ખાટો છે. શરદી માથે ચઢી જાય. નો પીવાય. મારી પાડે.' પણ આજે પ્રેમીભક્ત માણેકલાલભાઈની સાચી સેવાને વશ થઈ ગયા.

શાસ્ત્રીજી મહારાજનો દાખડો !

ગોંડલ સંસ્કૃત પાઠશાળામાં સંતોને ભણાવતા શાસ્ત્રી દર્શને આવ્યા. 'કેટલા સંતો ભણે છે ?'

'પાંચ.'

સ્વામીશ્રીને થયું : 'ઓછા ભણે છે, વધુ ભણવા જોઈએ.' તેથી બીજાને પણ ભણવાની આજ્ઞા કરી. પછી પગાર અંગે પૂછ્યું. એના અનુસંધાનમાં કહે :

'શાસ્ત્રીજી મહારાજ ત્રણ બાબતમાં ધ્યાન બહુ ખેંચતા. પધરામણીમાં કોઈ એક રૂપિયો મૂકે. નિર્ગુણ સ્વામી કહે : 'પાંચ કહોને !' સ્વામી કહે : 'હું ના કહું.'

'બીજું, શાક સુધારવા બેસાડે. પહેલાં ધોવડાવે. સુધારતાં શીખવાડે. લીલાં શાકભાજીમાં છાલ લેવાની હોય તો ઓછો બગાડ થાય એમ પાતળી છાલ લેવરાવે. તુરિયાં સુધારતાં શીખવાડે. વઘાર મૂકતાં શીખવાડે. ભીંડાનાં ડીટિંયાં ઉતાવળમાં વધારે કાઢી નાખે તે ન ચલાવી લે. બરાબર માપમાં જ કાઢવાનું શીખવાડે. ભાજીનાં એક એક પાન ને કૂણાં ડાળખાં પણ વીણાવે.

'ઘોડાગાડી કરવા જાય. દસ આના માગે તો કહે, 'આઠ આના દઉં.' એક વખત દસ આના માગ્યા તે બેસી ગયા'તા તે ઊતરી ગયા.

'આવા ત્રણ સિદ્ધાંતો હતા તો મંદિરો થયાં. આવી રીતે ખબર ન હોય તો કેમ વાપરવું તે ખબર ન પડે. જૂના સાધુને એક પૈસો જાય તો પ્રાણ નીકળી જાય. સ્વામી ઉદાર ખરા, પણ વધુ ન દે. બોચાસણમાં મજૂરના છ પૈસા હતા. વધુ માગ્યા, ન આપ્યા. પછી મજૂરો છ પૈસામાં આવ્યા. ગુણાતીતાનંદ સ્વામીએ

વાળંદને એક પૈસો વધુ ન આપ્યો.'

જૂનાગઢથી વજુભાઈ ટાંક આવેલા. સ્વામીશ્રીએ તેમના સ્વાસ્થ્યને અનુકૂળ આવે તેમ સંતોને સૂચના આપી કે તેમને મોળું આપવું. અમદાવાદથી અંબાલાલભાઈ ભગત આવ્યા. સ્વામીશ્રીએ તેમને જમવા મોકલ્યા. હરિભક્તો માટે ખીચડી-કઢી જ હતી એ ખબર પડી એટલે સંતોને કહે : 'અંબાલાલભાઈ ખીચડી ખાતા નથી. તેમને પૂરી ને શાક અથવા રોટલો ને દૂધ આપજો.' આવી રીતે હરિભક્તોની ખબર રખાવી.

બીજે દિવસે ૪-૪૫ વાગે ઊઠી ગયા. પથારીમાં બેસી વાત કરવા લાગ્યા : 'મને આજે એવું સ્વપ્નું આવ્યું; શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણ સ્વામી, પ્રમુખ-સ્વામી, મહંત સ્વામી, ઈશ્વર સ્વામી, ડૉક્ટર સ્વામી વગેરે સંતો અટલાદરા હતા. શાસ્ત્રીજી મહારાજ માથે પાઘ ન હતો. શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણ સ્વામી બધા સામે મોઢે મંદિરમાં બેઠેલા. એવાં દર્શન થયાં. શાંતિ થઈ ગઈ. શાસ્ત્રીજી મહારાજ ને મારે હેત બહુ, તે દસ દી'એ - પંદર દી'એ દર્શન દે..!'

ભક્તિ સદા મન ભાવે

પૂજા પછી મંદિરમાં પધાર્યા. ઠંડી હતી તેથી હરિભક્તો રજાઈની આડશ કરી ખુરશી સાથે ચાલતા હતા. ઠાકોરજીને હજુ હાર ધરાવવાના બાકી હતા. તેથી સ્વામીશ્રી કહે : 'હાર આવે પછી આરતી કરીએ.'

એક સંતને હાર લેવા મોકલ્યા. અને કહે : 'હાર પહેર્યો હોય તો આરતી શોભે બહુ. વડતાલમાં હાર પહેરાવ્યા પછી જ આરતી કરે.'

આરતી કરી, સિંહાસનની થાંભલીએ કેલેન્ડર લટકતું હતું તેમાં ગઈકાલની તારીખ ને તિથિ હતા, તે કાગળ ફાડ્યો. બધે દર્શન કરી, કૃષ્ણાભાઈ સહિત નડિયાદ મંડળને ખેતરમાં નિંદવા જવા આજ્ઞા કરી. નડિયાદ મંડળ એટલે બધા શહેરના હરિભક્તો. એમને નિંદવાનું શું ? કેમ નિંદવું ? ફાવે જ નહિ. પણ સ્વામીશ્રી સમાગમમાં આવેલા સેવાભાવી હરિભક્તોને જુદી જુદી નાની-મોટી બધી ક્રિયામાં જોડતા. જે ન જાણ્યું હોય, ન આવડતું હોય, એ પણ સૌ શીખે એવી એમની ભાવના. સૌ સાત સમેલિયા થાય. કોઈ ક્રિયામાં-સેવામાં કોઈ પાછા ન પડે, એવા સૌને તૈયાર કરવાનું એમને બહુ તાન.

રાજકોટથી ગણાત્રા આવેલા. તેમણે સ્વામીશ્રીને પૂછ્યું કે 'બાપા ! હું માણેકલાલ શેઠને ટેલિફોન કરું છું. તો ટેલિફોનમાં શું કહું ?'

સ્વામીશ્રી કહે : 'કહેજો કે તમારું ભજન કરે છે !'

ભગવાનની દયા શું ?

બપોરે જમ્યા પછી ૧-૩૦ વાગે વચનામૃત ગ.પ્ર. ૬૧મું સમજાવ્યું. મૂર્તિના વર્ણનમાં આવ્યું કે મહારાજે શ્વેત ધોતિયું મસ્તકે બાધ્યું હતું. તે સાંભળી સ્વામીશ્રીના મુખમાંથી ઉદ્‌ગારો નીકળી ગયા 'અહાહા...!' પછી તો જેમ જેમ મૂર્તિનું વર્ણન આવતું ગયું, તેમ તેમ મૂર્તિમાં લીન હોય એમ 'અહાહા ! અહાહા !' એમ ભાવપૂર્ણ ઉદ્‌ગારો નીકળતા ગયા.

આ વચનામૃતમાં એમ વાત આવી : 'જેમ જેમ ભગવાન અતિ કસણી દેતા જાય તેમ તેમ અતિ રાજી થવું...'

આ શબ્દો સાંભળતાં સ્વામીશ્રી બોલી ઊઠ્યા કે : 'ભગવાન દુઃખ દે તો છાતી પહોળી થવી જોઈએ ! અહાહા, શું ભગવાનની દયા !'

આવું કોણ સમજાવી શકે ? જેણે જીવનભર કસણીનો અનુભવ કર્યો હોય, માત્ર કસણી નહિ અતિશય કસણી વેઠી હોય, છતાં એક ડગ પણ પાછો ભર્યો ન હોય, અતિ રાજી થકા સહન કર્યું હોય, તેવા પુરુષના મુખમાંથી આ અનુભવ વાણી સરી શકે કે 'છાતી પહોળી થવી જોઈએ. શું દયા !'

અનુભવી પુરુષ વગર શ્રીજીમહારાજની વાણીનું રહસ્ય કદાપિ સમજી શકાય નહિ. અને આવા અનુભવી પુરુષ પોતાના આશ્રિત ભક્તોને પણ આવું આત્મબળ આપી, પોતા જેવા જ તૈયાર કરી શકે. ત્યારે જ મહારાજના શબ્દો સાર્થક થાય ! વાણી સાકાર થાય !

સ્વામીશ્રીની માંદગીના સમાચાર જાણી, રોજ દૂર દૂરથી – ગુજરાતથી, મુંબઈથી, કલકત્તાથી હરિભક્તો આવતા. ફળફળાદિ લાવે તે બધું સ્વામીશ્રી ઠાકોરજી માટે મોકલી દેતા. આજે કહે : 'હું રાજકોટ હતો (કૃષ્ણચરણદાસ સ્વામી સાથે) તે મેવા-મીઠાઈ આવે. મોસંબી આવે. તે સાંજે કૃષ્ણજી અદાને મોકલીએ. રહી જાય તો બગડે. હું તો જમતો નહિ. અદા પણ જમે નહિ. પ્રસાદ કરી બધાને વહેંચી દે.'

તા. ૧૪મીએ સવારે ૩-૪૫ વાગે ઊઠ્યા ને સ્નાનાદિક કરી સૂઈ ગયા. ઉકાળા વખતે સંતોએ ઈદડાં પીરસ્યાં અને આગ્રહ કર્યો : 'આ ચોખાનાં ઢોકળાં બહુ સારાં, પચવામાં હલકા...'

સ્વામીશ્રી કહે : 'છે તો બહુ સરસ, પણ પેટ ના પાડતા હૈ. હિંદુકા સિધા

બહોત અચ્છા...' એમ કહી હસી પડ્યા !

સ્વામીશ્રીની તબિયત સારી થઈ જાય તે માટે, આજથી સવારે ૯-૦૦ વાગે 'સ્વામીની વાતું'ની પારાયણ અમદાવાદના અંબાલાલભાઈ તથા કચરાભાઈએ યોજ્યું. બાલમુકુંદ સ્વામી વાચન કરતા હતા.

થૂલું ને કંસાર !

બપોરની કથામાં ગ.પ્ર. ૭૪ તથા ૭૫ વચનામૃત વંચાવ્યાં. સભામાં ગોંડલના યુવક પ્રમોદભાઈ બેઠા હતા. વચનામૃતમાં 'એકોતેર પરિયાં તર્યા'ની વાત સમજાવતાં સ્વામીશ્રી કહે : 'કોઈ તમારો ગુણ લે – 'પ્રમોદ બહુ સારા. સ્વામીનું ભજન કરે છે.' તો તેનું કલ્યાણ થાય. આવતા જન્મે સત્સંગમાં દેહ ધરે.'

નિશ્ચયની વાત સમજાવતાં કહે : 'માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય ન હોય તે તો થૂલા જેવો. પણ તેમાં ઘી ને ખાંડ ભળે તો કંસાર કહેવાય. માહાત્મ્યે સહિત નિશ્ચય કંસાર જેવો. પેલો અમથો હુંહાંટો કરે. હોય નહિ કાંઈ. ખરો મહિમા ને પ્રેમ હોય તે તો આંખમાં જણાઈ જાય.'

સ્વામીશ્રી ઉકાળો લઈ રહ્યા હતા. માંદગીને કારણે દૂર દૂરથી બહુ હરિભક્તો દર્શને આવી રહ્યા હતા. 'બાપા ! આપના ઉપર બધાને બહુ હેત, તે દર્શન કરવા આવે છે...' યોગેશ્વર સ્વામીએ કહ્યું.

'મેં બધાનું સાચવ્યું છે. બધાની સેવા કરી છે. કોઈનું અપમાન નથી કર્યું. કોઈનો તિરસ્કાર નથી કર્યો. એટલે બધાને મારા ઉપર હેત થાય ને... મેં કોઈની પાસે કાંઈ માગ્યું નથી. ઠાકોરજી માટે સેવા કરાવી છે. પણ મારા માટે - દેહ માટે કંઈ નથી માગ્યું. મને માગતા પણ શરમ આવે. એટલે બધાને મારી ઉપર હેત થાય ને...!' સ્વામીશ્રીએ ઘણી વાત કરી.

પુરુષાર્થથી મનુષ્ય ભગવાન અને સંત સાથે હેત નથી કરી શકતો, પણ સંતકૃપાથી જ મનુષ્યને ભગવાન સાથે હેત સંભવે છે - એક સિદ્ધાંતનું અહીં દર્શન થયું. સાચા પરમાર્થી સંત-ગુરુ જીવને ભગવાન સન્મુખ કરવા કેટલો યત્ન કરે છે !

રાત્રે સ્વામીશ્રી આરામમાં જઈ રહ્યા હતા. ગુણવંતભાઈએ વર્તમાનપત્ર 'જયહિંદ'માંથી વરસાદના સમાચાર વાંચ્યા. સ્વામીશ્રી સાવધાન થઈને સાંભળવા લાગ્યા અને કહે : 'ત્યાંય દુઃખ દે છે અને અહીં પણ દુઃખ દે છે. ત્યાં બહુ વરસ્યો ને અહીં બિલકુલ નહીં.'

મને કહે : 'ઇન્દ્રને ધોકાટો.' એમ બે વાર કહ્યું.

રાત્રે ઉકાળો લેતા હતા ત્યારે બગીચામાં કૂતરાં ભસતાં હતાં. તે તરત સંતોને કૂતરાં કાઢવા મોકલ્યા ને કહે : 'શાસ્ત્રીજી મહારાજ કૂતરાંને પેસવા ન દે. નિર્ગુણ સ્વામી કૂતરાં પેઠાં હોય તો તુરત દોડે અને કાઢે.'

બીજે દિવસે સવારે ૫-૪૫ વાગે ઊઠ્યા. હરિભક્તોને દર્શન દઈ સ્નાનાદિક કરવા પધાર્યા. પૂજા વખતે ગુજરાત રાજ્યના પુરવઠા પ્રધાન બાબુભાઈ જશભાઈ દર્શને આવ્યા હતા.

વરસાદની ખેંચને કારણે આ સાલ તેલના ભાવમાં વધારો થયો હતો. તેથી જનતામાં તેનો ભારે ઉહાપોહ હતો અને સરકાર વિકટ સંજોગોમાં આવી ગઈ. તેથી પુરવઠા મંત્રી બાબુભાઈ મુઝાયા અને રાજકોટ જઈ ભક્તિબાને મળી, સૌ સાથે જ અહીં આવ્યાં હતાં.

તેમણે પરિસ્થિતિની ગંભીરતા જણાવતાં કહ્યું : 'બાપા ! તેલના ભાવ નહીં ઘટે તો મારે રાજીનામું આપવું પડશે. પ્રજાની હાડમારી વધી છે. સરકાર કશું કરી શકે તેમ નથી. વરસાદ થાય તો જ પ્રશ્ન હલ થાય.' એમ કહેતાં તેઓ ગળગળા થઈ ગયા.

સ્વામીશ્રી કહે : 'તમે ચિંતા કરશો નહીં. આપણે ધૂન કરીએ. અક્ષર દેરીનો પ્રતાપ અલૌકિક છે. ગુણાતીતબાપા ખૂબ વરસાદ વરસાવશે અને તેલના ભાવ ઘટી જશે.'

આ આશીર્વાદથી તેમને ઘણી હિંમત આવી ગઈ અને વિદાય લીધી.[૮]

બપોરે જમતી વખતે બાલમુકુંદ સ્વામીને બોલાવ્યા. તેમને એમ કે કંઈક કામ હશે. તેથી આવીને પૂછ્યું. ત્યારે સ્વામીશ્રી કહે : 'દર્શન થાય ને !'

આવી રીતે પણ ભક્તોને યાદ કરવાની એમની ટેવ હતી.

જમતાં જમતાં કહે : 'રોટલી ફુલાવવી ને શેકવી, તે દાળમાં સારી લાગે.'

જ્યારે પણ જમવા પધારે તે પહેલાં અવશ્ય પૂછે : 'થાળ કર્યો ?' આ પણ એક સ્વાભાવિક પૂછવાની ટેવ હતી. જેના ઉપરથી ખ્યાલ આવે કે ઠાકોરજી જમ્યા કે નહિ, એનું કેટલું સહજ અનુસંધાન રાખતા.

જમતાં જમતાં એક યુવકને પૂછ્યું : 'તમને શું ભાવે ?'

તે કહે : 'મને તો પેડા ભાવે.'

---

૮. થોડા જ સમયમાં બધેથી સારા વરસાદના વાવડ મળવા લાગ્યા. પ્રજાનું દુઃખ દૂર થયું અને બાબુભાઈનો યશ પણ વધ્યો.

પછી તેણે સ્વામીશ્રીને પૂછ્યું : 'તમને શું ભાવે ?'

'મને તો ભાજી ભાવે !' સ્વામીશ્રીએ સહજ કહ્યું.

વચનામૃતનાં ચોજ

બપોરની કથામાં વચનામૃત સા. ૧ સમજાવતાં કહે : 'પંચ વિષયનો ત્યાગ અતિ દૃઢપણે એટલે શું ? ત્યાગ તો ખરો, પણ સંકલ્પ જ ન ઊઠે.

'વિષય ઉપર કાંઈ પ્રીતિ શું ? નિયમ લીધો હોય, 'ઘઉંનું બને તે ન ખાવું.' પછી ભાણામાં જલેબી આવી તે નિયમ મૂક્યો ને ઘઉંને બદલે ચોખાનું નિયમ લીધું. પછી દૂધપાક આવ્યો તે નિયમ મૂક્યો ને કહે, 'હતું તે જ રાખો.'

'માહાત્મ્ય શું ? કલેક્ટર કે વાઇસરૉય બોલાવે તો કેફ ચડે. ગામમાં બધે કહેતો ફરે, 'મને કલેક્ટરે બોલાવ્યો.' આ તો લૌકિક મોટાઈ. તેમ આનો આનંદ - કેફ આવવો જોઈએ. શાસ્ત્રીજી મહારાજ હતા અમારી છાતી ફૂલે. મન પહોળું થાય કે 'આપણને એમની પાસે બેસવાનું મળ્યું !' કામ બતાવે તો ઉત્સાહ આવે. પ્રાણ પાથરી દઈએ. મહિમા ન હોય તો કહેતા ભલા. 'એ તો કીધા કરે' - એમ થાય.

'વિષય સુખ તો નરક તુલ્ય લાગે. નરક શું ? ભંગી ઢહરડે છે તેવું.'

સાંજે ડૉ. જમનાદાસ તપાસવા આવ્યા. તેમને પૂછ્યું : 'ક્યારે સારું થશે ?'

તેઓ કહે : 'હવે સાત-આઠ દિવસમાં આપ સભામાં બેસી શકશો. પછી આરામ લેવો.'

પછી તેઓ બ્લડ પ્રેશર તપાસતા હતા તે સાધન જોયું ને પૂછ્યું : 'આમાં શું ખબર પડે ?' સ્ટેથોસ્કોપ પણ જોયું ને તે વિષે પણ પૂછ્યું. જમનાદાસભાઈએ બધું ટૂંકમાં સમજાવ્યું. સ્ટેથોસ્કોપ બોલતાં ફાવ્યું નહિ તેથી 'કોસ્ટીક' બોલ્યા.

સામાન્ય રીતે ડૉક્ટર તપાસે ત્યારે દર્દી પોતાના દુઃખની વાત કરે અને રોગ અંગે ઝીણવટથી પૂછપરછ કરે. અથવા બહુ જાણે નહિ તો બોલે નહિ; શાંત રહે. પણ સ્વામીશ્રીને ડૉક્ટર સાથે વાત કરવાની ટેવ. વાત કરવાથી વ્યક્તિ વધારે નજીક આવે.

આત્મીયતા કેળવે. એમની પાસે સંતો શાંત બેઠા હોય ને કંઈ બોલે નહિ તો તરત કહે : 'વાત કરો. કંઈ પૂછો.' મૂંગા બેસી રહે તે તેમને ગમતું નહિ. નિર્દોષ વાતો કરે, કરાવે ને તેમાંથી કંઈ ઉપદેશ આપે અથવા ગમ્મત કરાવે. આવી પણ એમને એક સાહજિક ટેવ હતી.

વાતચીતના પ્રસંગથી સૌ સાથે હેતપ્રીત વધારવી, સૌને સ્મૃતિ આપવી એવું પણ એમનું લક્ષ્ય હશે !

આજે આણંદથી જીવાભાઈ હરિભાઈ તથા મણિભાઈ જીવાભાઈ દર્શને આવ્યા.

મહીસાગરનો પ્રવાહ !

તા. ૧૬મીએ મંગળ પ્રવચનમાં સંબોધન કર્યું :

'અક્ષરપુરુષોત્તમનો સિદ્ધાંત સાચો છે. શાસ્ત્રીજી મહારાજે સ્થાપ્યો. સ્વામીના પ્રતાપે સર્વોપરી ચાલશે. મહીસાગરનું પાણી ધીમે ધીમે આવે, પણ ઓછું ન થાય. બીજું પાણી આવે બહુ, ખળખળ આવે, પણ ટકે નહિ. મહારાજે પ્રવર્તાવ્યું છે તે સોળ આના કેફમાં રહેવું. ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. આપણા જેવી પ્રાપ્તિ કોઈને થઈ જ નથી.

'શાસ્ત્રીજી મહારાજ કહેતા : 'સ્વરાજ્ય આવ્યું, પણ જો જો સુખ કેટલું મળે છે ?' લોકો કહેતા : 'હિંદુનું રાજ્ય આવ્યું. હવે સુખ આવશે.' સુખ તો ભગવાનની મૂર્તિ ને સમાગમમાં છે. પોતાની દાઢી ઓલવવી. પંચાતમાં ન પડવું. શ્રીજીમહારાજ ને સ્વામી મળ્યા, કેફમાં રહેવું. 'આત્મા-અક્ષર છું,' એમ માનવું. કોઈનો અવગુણ ન લેવો. વચનામૃતમાં અવગુણ લેવાની વાત ક્યાંય કરી નથી. સારે રસ્તે હાલ્યા જવું.'

આમ, ૫-૩૫થી ૫-૫૦ સુધી વાતો કરી. પછી વરસાદ માટે ધૂન કરાવી. સોમાભાઈ ચાવાળા તરફથી આજે પારાયણની પૂર્ણાહુતિ હતી. ધર્મજથી અંબાલાલભાઈ તથા ભાદરણથી ડાહ્યાભાઈ દર્શને આવ્યા હતા.

વળતે દિવસે સવારે ૧૦-૦૦ વાગે અંબાલાલભાઈ અમદાવાદના પાંચ હરિભક્તોને લઈને સ્વામીશ્રી પાસે આવ્યા. ત્રણ દિવસનું પારાયણ યોજવાનું કહ્યું ને સાથે એ પણ કહ્યું કે 'છસો રૂપિયા સેવા કરશું.'

સ્વામીશ્રી કહે : 'તમારા છસો તે છ હજાર બરાબર છે.'

બપોરે જમ્યા પછી વચનામૃત સા. ૧૮મું સમજાવતાં કહે : 'આજે કેવું સુખ ! બધાને ઉપવાસ. એ...ય ખાવું નહિ. પીવું નહિ. મૂર્તિ સામું જોઈ રહેવું ને ભજન કરવું.'

શ્રદ્ધાની વાત સમજાવતાં કહે : 'શ્રદ્ધા ન હોય તે તો એવું કે ખાટલામાં પાયો જ ન મળે.'

જીવનું ભાથું

કથા દરમ્યાન નવસારીના બે હરિભક્તો આવ્યા. તેમની ઓળખાણ મેળવી. કથા પૂરી થઈ ત્યાં સુધી બેસાડ્યા. તેમને ઉતાવળ હતી. પણ બે મિનિટ બેસવાનું કહી સ્વામીશ્રીએ તેમને પંદર મિનિટ બેસાડ્યા. પછી કહે : 'તમે આ બેઠા એ જ જીવનું ભાથું. અહીંથી દરવાજાથી બહાર નીકળ્યા એટલે જીવનું ભાથું નહિ. વ્યવહારનું ભાથું.'

રાત્રે ઉકાળો લેતાં કહે : 'પહેલાં સાંજે અમે રોજ બગીચામાં ફૂલ વીણવા જતા. દેરીમાં થાળ બોલવા જઈએ. ત્રણ થાળ બોલીએ. મંદિર નહોતું. શાસ્ત્રીજી મહારાજ બેસે. સવારે ૫-૦૦ વાગે કથા થઈ જાય. પછી મહાપૂજા થાય. હું પૂરી કરું ને બધા સંતોને મોકલાવું. પાનેલીની ખાણમાં સંતો રહે ને પથ્થર મોકલે.

'વરસાદ સારો થાય એ માટે ૪-૦૦ વાગે ઊઠીને સૂતો સૂતો ધૂન કરું છું. ગુણાતીતાનંદ સ્વામીને કહો કે 'તમારી જયંતી ઊજવવાની છે તે વરસાદ વરસાવે,' એમ કહો.'

રોજ રાત્રે ગુરુકુળમાં સભા કરવા ડૉક્ટર સ્વામી તથા મને મોકલતા.

તા. ૧૮મીએ મંગલ પ્રવચન વખતે વરસાદ માટે ધૂન કરાવી. 'રાત્રે ધૂન કરી હતી કે નહિ' - તે બાલમુકુંદ સ્વામીને પૂછ્યું અને કહે : 'રાત્રે ત્યાં (દેરીમાં) ધૂન કરવી. અત્યારે અહીં કરવી. બે ઈન્જીન લગાડો.'

મુંબઈથી મોસંબી આવી હતી તે લઈને ગણાત્રા રાજકોટથી આવ્યા હતા. સ્વામીશ્રીએ મોસંબી ગણાવી. સાડા ચાર ડઝન હતી. પછી કહે : 'કેટલી છે તે જાણવું જોઈએ. લખતાં ફાવે.'

આવી નાની નાની વસ્તુની પણ સ્વામીશ્રી નોંધ લેતા ને કાગળ લખી, મોકલનારને જણાવતા. ભક્તોની નાની સેવાની પણ કેટલી કદર ! માણેકલાલભાઈ મુંબઈથી નિયમિત પ્લેનમાં મોસંબી વગેરે ફળો મોકલતા.

બપોરે જમવામાં સંતો રોટલીનાં ફૂલકાં ફુલાવી, ખાખરા જેવા કડક કરી, તેનો ઝીણો ભૂકો કરી, મગની પાતળી દાળમાં નાખી, સ્વામીશ્રીને જમાડતા. રોટલીની કોર કાઢી લઈ વચ્ચે નરમ ભાગ પણ જમાડતા.

બપોરે જમ્યા બાદ સભામંડપમાં ૧૫ દિવસ પછી પધાર્યા હતા. પત્રિકા વંચાવી લોયાનું બીજું વચનામૃત વંચાવતા કહે : 'લોયા ગામ નાનું, પણ પ્રશ્ન બહુ મોટા. વડ જેવા પ્રશ્નો.'

અગ્નિદેવ મૂર્તિમાન છે એ વાત આવી, ત્યારે કહે : 'આમ બેઠા હોય. ધુમાડા ન નીકળતા હોય.' મનુષ્ય જેવા મૂર્તિમાન છે એ વાત ઉપર ભાર મૂક્યો.

લુધિયાણાથી એફ.સી. જૈન તથા ખંભાતથી કાકુભાઈ વગેરે હરિભક્તો દર્શને આવ્યા હતા.

રાત્રે જમ્યા બાદ ચળું કરતાં વાત કરી કે 'શ્રીજીમહારાજે મરચાં ને મીંઢીઆવળ ખાધાં ત્યારે સંતોએ ઉપવાસ કર્યા. ખટરસનાં વર્તમાન પાળ્યાં. મોટેરા કરે તો બીજા કરે.'

દલપતભાઈ અને તેમના કુટુંબીઓ કલકત્તાથી આવેલા. તેમને જેતપુર તથા જૂનાગઢની જાત્રા કરાવવા રાજકોટથી ચંદુભાઈ અનડા તથા ભાનુભાઈ ગઢિયાની મોટરો મગાવી, ગુણવંતભાઈને સાથે મોકલ્યા. સ્વામીશ્રી કલકત્તા પધાર્યા ત્યારે દલપતભાઈને ત્યાં ઊતર્યા હતા. તેઓ અહીં દર્શને આવ્યા તો સ્વામીશ્રીએ તેમની વિશેષ સંભાવના કરી.

શરણાગતવત્સલ તુમ સમરથ

આ વખતે અમદાવાદના વૈદ્યરાજ અંબાશંકર ઉમિયાશંકરને સ્વામીશ્રીના સાંનિધ્યમાં બાવીસ દિવસ રહેવાનો અલૌકિક લાભ મળી ગયો. સ્વામીશ્રીને તેઓ અવારનવાર જાતે બનાવેલાં ચોખ્ખાં ચાટણ અને કિંમતી દવાઓ આપતા.

આજે તેમને સ્વામીશ્રીએ પૂછ્યું : 'દવાખાને કોણ બેસે છે ?'

'ત્યાં આપ બિરાજો છો.'

'આપ બિરાજમાન, વાત સાચી, બંધ રહે છે ?' સ્વામીશ્રી હસતાં હસતા બોલ્યા.

'તેની કોઈ ચિંતા નથી. આપનું સ્વાસ્થ્ય સારું થઈ જાય તેની પાસે દવાખાનાનો કોઈ પ્રશ્ન નથી.' તેમણે ભક્તિભાવથી કહ્યું.

ત્યારે સ્વામીશ્રી કહે : 'ના, આપ હવે અમદાવાદ જાઓ, દરદીઓ પાછા જાય. તમારો ધંધો-રોજગાર બંધ રહે એ અમને ન ગમે.'

પછી અંબાશંકરભાઈને એકાંતમાં મળી આશીર્વાદ તથા પ્રસાદ આપ્યો. તેઓ ઘણા ઉંમરલાયક હતા, તેથી તેમને ટ્રેનમાં બેસાડવા માટે યુવકો સાથે મોકલ્યા.

અંબાશંકરભાઈને એ દિવસની સ્મૃતિ જીવનભરનું ભાથું મળી ગયું. આમ, સ્વામીશ્રી ભક્તોના યોગ અને ક્ષેમ બંનેની સંભાળ લેતા.

બીજે દિવસે લાઇટ ગઈ હતી. તેથી પેટ્રોમેક્સને અજવાળે સવારની સભા થઈ. સ્વામીશ્રીએ મંગળ પ્રવચનમાં વાત કરી :

'ગાનાવાળા મગનભાઈ બહુ વાસનાવાળા. માંદા પડ્યા. સ્વામીને બહુ યાદ કરે. સ્વામી પહોંચ્યા. કહે : 'હવે ધામમાં જવું છે.' સ્વામીશ્રીએ આશીર્વાદ દીધા. મહારાજ ધામમાં તેડી ગયા.

'જીવને અભયદાન દેવું અને કાળને કાઢી નાખવો તે મોટાપુરુષ કરી શકે. ધર્મ પાળતા હોય તેની રક્ષામાં મોટાપુરુષ ભળે છે.'

૬-૧૫ વાગ્યા સુધી મંગળ પ્રવચન ચાલ્યું. સવારે પૂજા સમયે મહીજડાથી કાશીકાકા તથા બીજા હરિભક્તો દર્શને આવ્યા.

આજે ઉકાળા બાદ આરામ કરી, ૧૦-૦૦ વાગે ઊઠ્યા અને ડૉક્ટર સ્વામીને કહે : 'આરામ સવારે સારો મળે છે. આરામથી શું ફાયદો ?'

'થાક ઊતરી જાય.' ડૉક્ટર સ્વામીએ કહ્યું.

સ્વામીશ્રી કહે : 'એમ કે...'

બપોરે અમદાવાદથી ખેંગારજીભાઈ, શિવાભાઈ, ગોરધનભાઈ, મણિભાઈ (ડભાણવાળા) વગેરે હરિભક્તો દર્શને આવ્યા. આજે સંતોને આજ્ઞા કરી કે 'જ્યાં સુધી હિંડોળા છે, ત્યાં સુધી રોજ સાંજે ૫-૩૦ થી ૬-૦૦ ઠાકોરજી આગળ ઉત્સવ કરવો.'

સ્વામીશ્રી ગોંડલમાં બિરાજમાન હોય ત્યારે રોજ બપોરે ઉત્થાપન પછી ૪-૩૦ વાગે શાસ્ત્રીજી મહારાજના ઓરડામાં કોઠારી તથા કાર્યકર્તા સાથે બેસે. 'બીજે દિવસે શું રસોઈ કરવી ? કેટલી કરવી ?' વગેરે માર્ગદર્શન આપે. 'સવારે પૂરું થઈ રહ્યું કે વધ્યું ? કેટલું વધ્યું ?' તેની પણ પૂછપરછ કરી લે.

સામાન્ય રીતે સ્વામીશ્રી છાપું વાંચવાનો બહુ નિષેધ કરતા. હંમેશાં કહે : 'અઠવાડિક એટલે એંઠવાડિયું; આખા ગામનો એંઠવાડ એમાં હોય. પંચાત હોય. વંચાય જ નહિ.' એમ સંતો તથા મુમુક્ષુ યુવાનોને છાપાં વાંચવાની ના જ પાડે. પણ છાપામા વરસાદના સમાચાર હોય તો વંચાવે. સત્સગના સમાચાર હોય તો તે પણ વંચાવે. તેનું કટિંગ રાખી મુકાવે ને કહે : 'રાખી મૂકો, ભવિષ્યમાં કામ આવશે.' ત્યારે ખ્યાલ આવે કે મોટાપુરુષ આવા દસ્તાવેજી પુરાવાઓનો પણ ખ્યાલ રાખે છે ને સાચવી રાખવા કહે છે, જેથી ભવિષ્યની પેઢીને પણ ભૂતકાળની વાતોમાં વિશ્વાસ આવે.

તા. ૨૧મીએ સ્વામીશ્રી ઉકાળો લઈ રહ્યા હતા. રાજકોટથી ભાનુભાઈ

ગઢિયા મોગરાનો એક સુંદર મોટો હાર લઈને આવ્યા હતા. તેમનો નાનો દીકરો દીપક સ્વામીશ્રીને હાર પહેરાવવા ગયો. સુગંધીમાન સારો હાર જોઈ સ્વામીશ્રી તેને કહે : 'આ તો સાચાં ફૂલોનો હાર છે. બીજાં ખોટાં હોય છે. આપણે દેરીમાં મહારાજને ચઢાવીએ તો ! હું તો હમણાં કાઢી નાખીશ. ત્યાં આખો દિવસ દર્શન થશે.' એમ કહી હાર દેરીમાં મોકલાવ્યો.

દીપકને કહે : 'થોડાં ફૂલ લાવો. માથે મૂકો.' એમ કહી, પોતાનું માથું નમાવી, થોડાં ફૂલ પોતાના મસ્તકે મુકાવ્યાં. બાળકને પણ રાજી કર્યો. સ્વામીશ્રીને હાર પહેરાવવાની એની ભાવના પૂરી કરી.

❀ ❀ ❀



અમને ઘેલા ઘેલા બનાવ્યા

આજે સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય જલદી સારું થઈ જાય તે માટે મહિલા મંડળ તરફથી એક દિવસનું પારાયણ હતું. ભેંસદડના રામજી મેપા પ્લેનમાં કંપાલા જઈ રહ્યા હતા. ધર્મજના અંબાલાલભાઈ તથા ગણાત્રા પાસે સ્વામીશ્રીએ પ્રવચનો કરાવ્યાં. ચાંદલા તથા હારતોરા કરી, સ્વામીશ્રીએ ભાવપૂર્વક વિદાય આપી. હજારો ભક્તો દર્શને આવે-જાય, પણ સ્વામીશ્રી દરેકની આગવી સંભાળ લેતા. સ્વામીશ્રીની આ નિજી દેખભાળથી સૌને એમનો અંગત - અલૌકિક સ્પર્શ મળતો, જે કદાપિ વીસરાય નહિ. એક-બે નહિ, હજારો હરિભક્તોને એક-બે વાર નહીં, પ્રસંગે પ્રસંગે આવકારવા ને પોતાના કરવા, એમાં જ સ્વામીશ્રીની દૈવી શક્તિનો અણસાર મળતો. એમાં પણ દૂર દેશથી આવ્યા હોય તેને માટે નાનકડો વિદાય સમારંભ યોજે. તેમની ભક્તિ ને નિષ્ઠાનો સૌને પરિચય કરાવે. પરસ્પર હેતભાવ વધારે.

બપોરે ગઢડા મધ્યનું ૧૧મું વચનામૃત સમજાવતાં કહે : 'તમે હરિભક્તો ધોતિયાં ઓઢાડો, રસોઈ આપો, એ રીતે સેવા કરો. અમે શું કરીએ ? અમે કોને રસોઈ આપીએ ? અમે કોને ધોતિયાં ઓઢાડીએ ? અમારે એટલું છે – કોઈ આવે તો કહેવું : 'તમારું આ મંદિર છે. ચા-પાણી લો.' ઓરડા આપીએ. તો ભગવાન રાજી થાય. પણ ઠેબે ઉડાડીએ તો ? બધું તમારું છે ને અમે વચમાં દલાલ થઈ બેઠા...'

ત્યાગ-વૈરાગ્યનાં શિખરો ઉપર બેઠા પછી પણ નાનામાં નાના ભક્તોનો આટલો બધો આદર એમની મહિમાદૃષ્ટિની પરાકાષ્ઠા સૂચવે છે. દરેકે દરેક ભક્ત પ્રત્યે અલૌકિકભાવ ! *'જ્યાં જુએ ત્યાં રામજી, બીજું ન ભાસે રે...'* મુક્તાનંદ સ્વામી રચિત આ કાવ્યપંક્તિ સ્વામીશ્રી વારંવાર બોલતા. એટલું જ નહિ, પણ એમના જીવનમાં પણ એ આત્મસાત્ કરી હતી. ભક્તો આ જ કારણે

ઘેલા બની સ્વામીશ્રીની ચોતરફ વીંટળાઈ રહેતા, એ અનેક વાર અનુભવાતું.

રાત્રે ઊંઘ ન આવી તેથી ઊઠ્યા, પણ કોઈ ઓરડામાં હતું નહિ. બાજુના ઓરડામાં અજવાળું હતું. કોઈ વાંચતું હશે એમ ધારી ત્યાં ગયા. ગુણવંતભાઈ ઉપવાસનાં પારણાં કરી, નીચે પથ્થર ઉપર જ સૂઈ ગયા હતા. તેમને ઉઠાડ્યા નહિ ને પોતે ઓરડાનું બારણું ખોલી બહાર આવતા હતા ત્યાં ડૉક્ટર સ્વામી મળ્યા. તેમણે કહ્યું કે 'ગુણવંતને ઉઠાડવો હતો ને ! તે અમને બોલાવવા આવત.'

સ્વામીશ્રી ધીરેથી કહે : 'ઉપવાસીને ન જગાડાય. અમારા જૂનાગઢમાં એવો નિયમ કે ઉપવાસી હોય તેને ન જગાડે.'

વળતી સવારે ઉકાળો લઈ રહ્યા હતા. વાત નીકળી કે સંતો આજે ભંડારમાં પૂરણપોળી વણવા ગયા છે. સ્વામીશ્રી કહે : 'મને પણ વેડમી કરવા જવાનું ઘણું મન થાય છે.'

જમ્યા બાદ લો. ૧૬મું વચનામૃત સમજાવતાં કહ્યું : 'મહાતમ શું ? જેવું ભગવાનનું સમજે, તેવું ભક્તનું સમજે. જેવી ભગવાનની સેવા કરે, તેવી ભક્તની પણ કરે. પણ ઠેબે ન મારે !'

રામરસ રેડ્યાની રીત

વઢવાણ મંદિરના પૂજારીના ભાઈ કે.એચ. પાઠક જ્યોતિષી હતા. તેઓ સાંજે દર્શને આવ્યા. તેમને કોઈ કાર્યની સિદ્ધિ માટે સુવર્ણચંદ્રક મળેલ. તે વાત તેમણે સ્વામીશ્રીને કરી. મૂળ સત્સંગી અને સ્વામીશ્રી તેમને વર્ષોથી ઓળખે. સ્વામીશ્રી તેમને રસપૂર્વક પૂછવા લાગ્યા :

'હવે વરસાદ ક્યારે થશે ?'

'સાડા ચાર દિવસમાં થશે ?'

'હવે મારી તબિયત ક્યારે સારી થશે ?'

'૨૯ તારીખે આપની તબિયત એકદમ સારી થઈ જશે.' તેમણે ઉત્સાહ ને ભાવથી કહ્યું : મેં આપના ગ્રહ જોયા છે.'

'એકદમ સાજા, હરાય-ફરાય એવા ?' સ્વામીશ્રીએ આગળ પૂછ્યું. સ્વામીશ્રીના મુખેથી જ્યોતિષી સાથેની આ પ્રશ્નોત્તરીમાં બધાને રસ પડ્યો.

મૂળ તો પાઠકભાઈને જ સત્સંગમાં રસ લેતા કરવા સ્વામીશ્રીએ રસ લીધો. રાત્રે ઉકાળો લેતી વખતે સ્વામીશ્રી કહે : 'આપણને ગ્રહ-પનોતી હોય નહિ. આ તો અમસ્તું પૂછ્યું હતું.'

જે તે વ્યક્તિના જે તે વિષયમાં રસ લઈ, તેને સત્સંગમાં રસ જગાડવાની એમની એક રીત હતી. સ્વામીશ્રી જેવા પુરુષ પોતાના વિષયમાં રસ લે, એ વિચાર જ સૌને અહોભાવથી ભરી દેતો.

તા. ૨૩મીએ સવારે મંગળ પ્રવચનમાં નૈરોબી યુવક મંડળનો હસ્ત-લિખિત અંક 'યોગી સુવાસ' આવ્યો હતો, તેનું વાચન કરાવ્યું. હજુ તો રાત્રે જ પોસ્ટમાં અંક આવ્યો. સ્વામીશ્રી જોઈને બહુ રાજી થયા અને અત્યારે પાઠ શરૂ કરાવ્યો. ગામોગામ સ્વામીશ્રી યુવકોને હસ્તલિખિત અંક કાઢવાની આજ્ઞા કરતા. યુવક મંડળો સુંદર હસ્તલિખિત અંકો પ્રગટ કરતા. સ્વામીશ્રીને મોકલતા. તેનો પાઠ સ્વામીશ્રી અચૂક કરાવતા. ખૂબ પ્રશંસા કરતા.

સભા પૂરી થઈ. ખેંગારજીભાઈ દર્શને આવ્યા. સ્વામીશ્રીએ પૂછ્યું : 'ગરમ પાણીએ નાહ્યા કે ઠંડે ?'

'હજુ નાહવાનું બાકી છે.' તેમણે કહ્યું.

સ્વામીશ્રીએ બાલમુકુંદ સ્વામીને આજ્ઞા કરી કે 'તેમને ગરમ પાણી મોકલાવજો.'

ભક્તિકિશોર સ્વામીને બોલાવીને કહ્યું : 'તમારે અંબાલાલભાઈ, ચંદુભાઈ - બધાનું ધ્યાન રાખવું. મોળું જમવા આપવું. શાસ્ત્રીજી મહારાજે મને કહ્યું, પચાસ વર્ષ સુધી દરબારોનું ધ્યાન રાખ્યું. એકેય દિવસ ફેર નથી પડ્યો. 'કેમ ગોપીનાથ ! તમે જાણો.' ત્યારે આ ધર્માદો આવે છે. આમાં જ્ઞાન ન નભે. બરદાશ (બરદાસ્ત) જોઈએ. જ્ઞાન કરીએ ને મોળું ન જમાડીએ તો પહેલી ગાડી પકડે. 'તાર આવ્યો છે, જાઉં છું;' એમ કહે. નાનજીભાઈ ત્રણ-ચાર દિવસથી અંબાલાલભાઈ(નૈરોબીવાળા)ને પોતાને ઘેર જમાડવા લઈ જાય છે. એમને અહીં જમાડવા. એ કેમ લઈ જાય...'

પ્રગટ ભક્તિ બાંધી દૃઢ પેટી

આજે બપોરે થોડો વરસાદ પડ્યો. ઘણા વખત પછી પડ્યો એટલે સૌનું ધ્યાન એ તરફ ગયું. તે જોઈ સ્વામીશ્રી કહે : 'ત્યાં ન જોશો, વયો જશે.'

થોડી વારમાં જ બંધ થઈ ગયો. એટલે કહે : 'જો બંધ થઈ ગયો ને ! જોયું ન હોત, કથા સાંભળી હોત તો આવત.'

જૂની વાત કરતાં કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજ સાથે અમે બોટાદથી આવતા હતા. બે મહિનાથી વરસાદ આવેલો નહિ. ત્યાં અચાનક આવ્યો એટલે

સંતો કહે : 'વરસાદ આવ્યો.' સ્વામી કહે : 'જોશો નહિ, નહિ તો વયો જશે.'

વર્ષો જૂની શાસ્ત્રીજી મહારાજ સાથેના પ્રસંગોની સ્મૃતિ સ્વામીશ્રી ઘણા પ્રસંગોએ યથાવત્ કરતા. ગુરુભક્તિનું અનુસંધાન સતત રાખતા-રખાવતા.

બપોરે આરામમાં જતા હતા ત્યાં ઢોલિયા સામે ટીંગાડેલી શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ પાસે ઊભા રહ્યા ને પ્રાર્થના કરવા લાગ્યા : 'લોકો વરસાદની બહુ રાહ જુએ છે, તો વરસાદ વરસાવો. આજે સાંજે ખૂબ વરસાદ કરો ! કરશો ને ?'

પછી મને બોલાવી, મારો હાથ શાસ્ત્રીજી મહારાજની મૂર્તિને અડાડી ફરીથી એ પ્રમાણે કહેવા લાગ્યા. પછી જાતે કહે : 'શાસ્ત્રીજી મહારાજ કહે છે, વરસાદ વરસાવશું.'

સાંજે ભાનુભાઈ સાવરકુંડલાવાળાની મોટરમાં બેસી મંદિરની પ્રદક્ષિણા કરી, મોટર પ્રસાદીની કરી.

બીજે દિવસે સવારે ૪-૩૦ વાગે ઊઠ્યા. પૂછ્યું : 'કોણ જાગે છે ?'

યોગેશ્વર સ્વામીએ સ્વામીશ્રીના કહેવાથી લાઇટ કરી. ડૉક્ટર સ્વામી જાગ્યા. તેમને પૂછ્યું : 'કાલે યુવકોને વાત કરી હતી ? શું વાત કરી ? 'મહારાજ સર્વોપરી છે; અનંત ભગવાનના ભગવાન છે;' એવી વાત કરવી. અભ્યાસની વાત કરવી. નેવું ટકા માર્ક્સ લાવે. સ્કૂલનું નામ આગળ લાવે. ઈશ્વર સ્વામીએ વાત કરી હતી ?'

'એક દિવસ હું વાત કરું અને એક દિવસ એ કરે.' ડૉક્ટર સ્વામીએ ખુલાસો કર્યો.

'માસ્તરો બધા આવે છે.'

'બધા નહિ પણ ચાર જણ આવે છે.'

'આરતીમાં બધા છોકરા આવે છે ?'

'હા.'

'લાઇનમાં ઊભા રહે છે કે ગમે તમે ? ગમે તેમ ઊભા ન રાખવા. લાઈનમાં ઊભા રાખવા. 'રામકૃષ્ણ ગોવિંદ' બે જણ બોલાવે. અષ્ટકો આપણે સવારે બોલીએ છીએ તેમાંથી મોઢે કરાવવાં.' સ્વામીશ્રીએ સૂચના આપી.

કૃષ્ણકાંતભાઈને આખા દિવસમાં, સવારથી સાંજ સુધી શું શું કામ કરે છે તે પૂછ્યું. તેમાં ગુરુકુળનું શું કામ કરે છે તે બાકી રહી ગયું હતું. તેથી ફરી પૂછ્યું : 'ગુરુકુળમાં શું કરો છો ? માલ લાવવો તે ભાવ બરાબર કસીને લાવવો.

માલ સારો લેવો. બે જગ્યાએ પૂછીને લેવો. ચુનીભાઈને માલિશ કરો છો ?'

પછી આરામમાં પધાર્યા. સવારે ૪-૩૦ વાગે જાગીને આટલી ઝીણવટથી પૂછપરછ કરતા. દરેક બાબતમાં કેટલી ચોકસાઈથી કાર્ય થાય એ એમના નાનામાં નાના માર્ગદર્શન ઉપરથી જણાઈ આવતું.

મંગળા આરતી પછી મંગળ પ્રવચનમાં મોમ્બાસા યુવક મંડળનો હસ્ત-લિખિત અંક 'જ્ઞાનજ્યોત' વંચાવ્યો. છેલ્લે પાને કીર્તન હતું તે મારી પાસે ગવરાવ્યું. નૈરોબીના અંકમાં એક કીર્તનનો રાગ બેસતો નહોતો. પુરુષોત્તમ ભગતને કહે : 'આ બેસાડો, તો ખરા !' એમણે તુરત ગાવાનું શરૂ કર્યું. એટલે કહે : 'બે વાર વાંચો ને પછી રાગ બેસે એટલે ગાવ.'

વરસાદની ધૂન કરાવી. બાલમુકુંદ સ્વામીને દેરીમાં કથા કરવા મોકલ્યા.

આજે અમાસ હોવાથી શિખરમાં ઠાકોરજીનાં દર્શને પધાર્યા. જમ્યા બાદ ગ.મ. ૫મું વચનામૃત વંચાવ્યું. શ્રાવણ માસમાં એકટાણાં કરવા સૌને આજ્ઞા કરી અને કહે : 'બે વખત ચા-ઉકાળા પીતા હોય તેમણે પીવા; પણ અનાજ નહિ. કાતરી ન બનાવવી. એક મહિનો કુંડમાં સ્નાન કરવું. રામચંદ્રકાકા, દાજી બાપુ, રાજારામ બાપાને ગરમ પાણી આપવું. પુરુષોત્તમ ભગત ! તમારે ગરમ પાણીએ ન નાહવું; ઠંડા પાણીએ નહાવું. તમારા શરીરે કાંઈ નહિ થાય.'

વાત કરતા હતા ત્યારે વાસણ આગળ કાગડા આવ્યા. તે જોઈ પુરુષોત્તમ ભગતને કહે : 'કાગડા ઉડાડો !' હોંકાટો કરો. કહો કે હજુ વરસાદને વાર છે...'

રાજકોટ જિલ્લાના કલેક્ટર રામકૃષ્ણન્ સાંજે દર્શને આવ્યા. મંદિર પાસે ગુણાતીત સાગર ડેમ બાંધવાની યોજના તેઓ વિચારી રહ્યા હતા.

જ્ઞાનની કવાયત

તા. ૨૬મીએ સવારે ૪-૪૫ વાગે રૂમમાં સૌને જગાડ્યા. દરેકને પૂછ્યું : 'કેટલી પ્રદક્ષિણા કરો છો ?' પ્રદક્ષિણા કરવા આજ્ઞા કરી. પછી કહે : 'ભગવાન ભજવાનું આ સર્વોપરી સ્થાન છે. ગામમાં ૨૦૦ યુવકો કરવા. વાતો કરવી. કૉલેજમાં વાતો કરવી. વાતો કરીએ તો કેટલાક સાધુ પણ થઈ જાય...'

જીવ-પ્રાણીમાત્રને સંબંધમાં ખેંચી સાધુ કરવા, અંતરથી રંગવા, સાચા ભક્ત કરવાનું જ તાન ક્ષણે ક્ષણે સ્વામીશ્રીને રહેતું.

મંગળ પ્રવચનમાં 'યોગી સુવાસ'નો પાઠ કરાવ્યો. કહે : 'આ દેશના યુવકો તૈયાર થાય ને હસ્તલિખિત અંક કાઢે તો સારું. પત્રિકામાં છાપવું.

મલ્લકુસ્તી કરે તે પટો રમતાં શીખી જાય. જ્ઞાન થઈ જાય તો પછી મોટા થાય તોપણ ન જાય...'

શાળાના ઇન્સ્પેક્ટર સતીશભાઈ આવ્યા. તેમને જોઈને કહે : 'સાહેબ બે દિવસ રહ્યા. દર્શન ઠાકોરજીનાં થયાં. સમાગમ થયો તે લાભ મોટો થયો. એ જીવનું ભાથું. બહુ મોટા પુણ્ય હોય ત્યારે આવો જોગ મળે...'

સમાગમમાં કોઈ ભાવિક ભક્તજન આવે અને લાભ લે તે સ્વામીશ્રીને બહુ ગમતું. ખૂબ ભાવમાં આવી સમાગમનો મહિમા ને લાભની વાત પોતે સમજાવતા. ત્યારે જણાય કે આ વાત કેટલી દુર્લભ છે ! બ્રહ્મગંગાના નિર્મળ નીર વહી રહ્યાં છે. આચમન કરવાનો કોઈને સમય નથી !

ખેંગારજીભાઈની ઇચ્છાથી ડાબા હાથની પહેલી આંગળી ઊંચી કરી સભામાં સૌને બતાવી. કહે : 'અહીં સર્પ કરડી ગયા. ઘી કાઢવા જેવી રહી. શાસ્ત્રીજી મહારાજ વચનસિદ્ધ હતા ને ભજન કર્યું તો કાંઈ ન થયું. આ બેઠા ! તમારાં દર્શન કરીએ છીએ.'

સ્વાભાવિકપણે આવું જ બોલી શકતા કે 'તમારાં દર્શન કરીએ છીએ;' નહીં કે 'મારાં દર્શન તમે કરો છો !'

સ્વામીશ્રીની તબિયત સારી થઈ એ નિમિત્તે છોટુભાઈ વકીલ વગેરે હરિભક્તોએ રસોઈ આપી અને ચાર મણ સાકર ધરાવી. ઠાકોરજીની આરતી કરી. વચનામૃત ગ.મ. ૧૧ સમજાવતાં કહે : 'કેટલાક લોકો કહે : 'બીજા ભૂખે મરે છે ને અહીં તો સાટા-જલેબી ઉડાડે છે.' પણ આ ક્રિયા જુદી જ છે, એ તે શું જાણે ? *'એક જમતાં બોલિયો શંખ....'* શંખ વાગે એ શું જાણે ?'

કથા પછી કહે : 'હકાભાઈ પાંચ મિનિટ ભાવાર્થ કહેશે.'

'બાપા ! હવે મોડું થયું છે.' હકાભાઈએ કહ્યું.

સ્વામીશ્રી કહે : 'હવે શું છે ? હવે તો સાજા થયા.' એમ કહી સૌને આનંદ કરાવી, વાત કરવા આજ્ઞા કરી.

રાત્રે ઉકાળો લેતાં, પ્રમુખસ્વામીનો પત્ર સંતો ઉપર આવ્યો તેની વાત નીકળી. સ્વામીશ્રી કહે : 'મને કેમ ન વંચાવ્યો ? મને વંચાવવો.'

પછી પત્ર મંગાવી વંચાવ્યો. સાથે શાસ્ત્રીજી મહારાજના સમયમાં ૪૨ વર્ષ પહેલાં, સંવત ૧૯૯૨માં બોચાસણમાં સંતોએ એક ઠરાવ કરેલો તેની કોપી મુંબઈથી આવેલી. તે પણ વાંચી. સ્વામીશ્રી ખૂબ રાજી થયા. તે ઠરાવમાં ઘણા જૂના સંતોની સહી હતી. સ્વામીશ્રીની સહી નહોતી. રસિકભાઈ સેક્રેટરીએ

પૂછ્યું કે 'આપની સહી કેમ નથી ?'

સ્વામીશ્રી કહે : 'અમે બોચાસણમાં નહોતા !'

ઘણુંખરું સ્વામીશ્રી એ વખતે ચાણસદ હતા.

બીજા દિવસથી શ્રાવણ માસ નિમિત્તે પારાયણનું આયોજન સ્વામીશ્રીએ જાતે જ કર્યું હતું કે 'સવારે ૮-૩૦ થી ૧૦-૦૦ હરિલીલાકલ્પતરુ ઈશ્વર સ્વામી વાંચે, ૧૦-૦૦ થી ૧૧-૩૦ વચનામૃત બાલમુકુંદ સ્વામી વાંચે. સાંજે ૫-૦૦ થી ૬-૩૦ હરિલીલાકલ્પતરુની પારાયણ ને ૬-૩૦ થી ૭-૦૦ સ્વામીની વાતું પોતે વાંચશે.' ગ્રંથ, વક્તા ને સમય વગેરે પોતે જ નક્કી કરતા ને તે પ્રમાણે સૂચના આપતા.

આજે મુંબઈથી મોહનભાઈ રાઠોડ તથા હર્ષદભાઈ દર્શને આવ્યા.

મેઘરાજાને મનામણા

બપોરે જમતી વખતે કહે : 'આ વરસાદ આવે તે માટે શું કરશું ? બાલમુકુંદ સ્વામી ! કહો. ઈશ્વર સ્વામી ! કહો.'

સંતો કહે : 'આપ કહો તો ઉપવાસ કરીએ.'

સ્વામીશ્રી કહે : 'અમે મોજીદડ હતા તે મેઘરાજા રીઝવવા પાંચ શેરનો મગજ માન્યો હતો. આપણે પાંચ કિલો મગજ માનીએ. હું સભામાં વાત કરીશ, ખરડો કરવો. મંદિરમાંથી ધરવો નહિ.' એમ કહી સભામાં આવ્યા ને હરિભક્તોને એક પછી એક પૂછવા લાગ્યા : 'મેઘરાજાને રાજી કરવા શું દૂધપાક કરશું ? શું શિખંડ-પૂરીની રસોઈ કરશું ?' પછી અંબાલાલભાઈ ધર્મજવાળાને કહ્યું એટલે શિખંડ-પૂરી રસોઈ ને પાંચ કિલો મગજ કરવાનું નક્કી થયું.

લાખાણી કવિનું મેઘરાજાને પ્રાર્થના કરતું કાવ્ય પુરુષોત્તમ ભગત પાસે ગવરાવ્યું અને હરિભક્તોને ઝીલવાનું કહ્યું.

રોજ બપોરે જમતી વખતે, પોતાને માટે બનાવેલાં મોળાં શાક, દાળ સ્વામીશ્રી અંબાલાલભાઈ ધર્મજવાળા તથા દાજી બાપુને મોકલતા. રાત્રે ઉકાળા વખતે અંબાલાલભાઈને રોજ યાદ કરતા.

અહીં એક બાવો આવ્યો હતો. તેણે કમંડલુ વગેરે વસ્તુની સ્વામીશ્રી પાસે માગણી કરી. બાલમુકુંદ સ્વામી એક લાકડાનું પાત્ર લઈ આવ્યા. એ જોઈ બાવો કહે : 'મારે એ ન ચાલે. અમારે તો પિત્તળનું જોઈએ.'

'અમારા સાધુને તો આવું જ વપરાય.' સ્વામીશ્રીએ સમજાવ્યું.

તે કહે : 'અમારે આ ન ચાલે.'

ચાલીસ રૂપિયા ને એક ધોતિયું અપાવી સ્વામીશ્રીએ બાવાજીને રાજી કર્યા ને કહ્યું : 'આશીર્વાદ આપજો, વરસાદ થાય !'

તા. ૨૮મીએ મંગળ પ્રવચનમાં 'યોગી સુવાસ'નું વાચન કરાવ્યું. તેમાં એક અંગ્રેજી લેખ મહેન્દ્રભાઈ બૅરિસ્ટરનો હતો તે હર્ષદભાઈ પાસે વંચાવી તેનો ગુજરાતી અનુવાદ સાંભળ્યો. પછી કહે : 'હવે બુદ્ધિનો જમાનો છે. શ્રીજી-મહારાજ પધાર્યા, શાસ્ત્રીજી મહારાજ પધાર્યા. તેમાં એ સમજાય ત્યારે જાણવું કે મહારાજ પ્રગટ છે.'

હર્ષદભાઈને દેરીમાં કથા કરવા જવા કહ્યું. ગ.અં. ૧૧મું વચનામૃત સમજાવવા કહ્યું.

નિજ શબ્દોમાં નિજ અવહેલના

બપોરની કથા પછી કહે : 'આવતીકાલે સૌને એક લાડુ મગજનો ઠાકોરજીને ધરાવીને આપવો. ભાંગવો નહિ. બપોરે જમતી વખતે આપી દેવો. સાધુને ઉપવાસ છે તે પરમ દિવસે આપવો.'

એટલે હકાભાઈ ગમ્મતમાં કહે : 'સાધુની ચિંતા કરશો નહિ, એના હાથમાં કોઠાર છે એટલે એ વ્યવસ્થા કરી લેશે.'

'લો, એક ખાનગી વાત કરીએ,' એમ કહી ૨૦૦ માણસોની સભામાં સ્વામીશ્રી કહે : 'ઘણાં વર્ષો પહેલાં શ્રાવણ મહિનામાં રણછોડ સ્વામી સાથે અમે ફરતા. મેં એકટાણાં કરેલા. તે જોઈ તેમના શિષ્ય નારણ ભગતે એકટાણાં કરવાનું નક્કી કર્યું. એટલે રણછોડ સ્વામી કહે : 'તું રહેવા દે. જોગી તો રસોડામાં છે, અને ડબો પાસે છે. તે ગમે ત્યારે ખાઈ લેશે. પણ તું શું કરીશ ? માટે તું રહેવા દે...'

આ જૂની વાત કરતાં જાય ને ખૂબ હસતાં જાય. હસવું રોકી શકે નહિ. સભા પણ હાસ્યમાં ગરકાવ થઈ ગઈ. મેવા-મીઠાઈ સામે પડ્યાં હોય તોપણ મોઢામાં મૂકવાનો સંકલ્પ સ્વામીશ્રીને ન થાય. છતાં જાહેરમાં જ પોતાને માટે આવું બોલે. નરી નિખાલસતા ! નિર્દોષતા !

વળતી સવારે ૫-૦૦ વાગે ઊઠી ધૂન બોલવા લાગ્યા. રામચંદ્રકાકા દર્શને આવ્યા. તેમનાં કપડાં મેલાં હતાં. તે જોઈ ગુણવંતને કહે : 'તેમને બે ધોતિયાં ને એક ફેંટો બંધાવો. કપડાં ધોઈ નાખો. બધું એમનું જ છે.'

તેઓ માથે નાનો ચોફાળ વીંટતા ને ટૂંકી પોતડી પહેરતા. વૃદ્ધાવસ્થાને કારણે કપડાં ને શરીરનું ભાન રાખતા નહિ. શાસ્ત્રીજી મહારાજના ભજનમાં જ મશગૂલ રહેતા.

સત્સંગને માટે પ્રાણ પાથરવા

'યોગી સુવાસ' અંકમાં કેનેડી અને અબ્રાહમ લિંકનના ખૂનનો પ્રસંગ આવ્યો. તે સાંભળી સ્વામીશ્રી કહે : 'આ લેખમાં શું ભાવાર્થ આવ્યો ? આમાં સત્સંગની વાત ન આવી. આ તો ગ્રામ્યવાર્તા થઈ. આવા લેખ ન લખવા. આપણે જણાવી દેવું. દેશને માટે મર્યા, પણ સત્સંગને માટે મર્યા હોય તો ખરું.

'દેશને માટે મર્યા પણ ક્યાંય નરકમાં રખડતા હશે ! સત્સંગને અર્થે માથું દે, પ્રાણ પાથરે, તેનું નામ શાસ્ત્રમા રહે. ભગતજી મહારાજ, જાગા સ્વામી, જનકવિદેહી એમનાં નામ શાસ્ત્રમાં રહી ગયાં. સત્સંગ માટે માથું દેવું, તો નામ રહી જાય. આ લેખ લખ્યો તે અંગ્રેજી બહુ સારું. આજે આ લખ્યું તે કાલે હવે સત્સંગનું લખશે. પણ જે કાંઈ ન લખતા હોય, તે સત્સંગનું પણ શું લખવાના હતા ?'

બપોરે ઠાકોરજી જમાડતા હતા. સંતો કહે : 'મહારાજ જમો !'

સ્વામીશ્રી કહે : 'સંતો ઉપવાસ કરો.' સંતોને આજે ધારણાં-પારણાં વ્રતને લીધે ઉપવાસ હતો.

કથામાં પધાર્યા. બધાને પૂછ્યું : 'લાડુ જમ્યા ? હવે ઇન્દ્ર શું કહે છે ?'

'આજે આવવો જોઈએ.' હકાભાઈએ કહ્યું : 'જો ન આવે, તો દંડો લેવો જોઈએ.'

'દંડો કોણ લે ?' સ્વામીશ્રી કહેવા લાગ્યા. પછી વરસાદ માટે પાંચ મિનિટ ધૂન કરાવી.

તા. ૧-૮-'૬૮, સવારે 'યોગી સુવાસ' હસ્તલિખિત અંક વંચાવ્યો. પુરુષોત્તમ ભગત વાંચતા હતા. તેમની સામું જોઈ હસતાં હસતાં કહે :

'ચચાણામાં પારાયણ હતી. લાડુ હળવદિયા બહુ સારા બનાવ્યા હતા. પુરુષોત્તમ ભગતે સાડા પાંચ લાડુ ખાધા. પેટ ચડ્યું. નિર્ગુણ સ્વામી કહે : 'મૂરખના જામ.' 'એમ ન કહો,' શાસ્ત્રીજી મહારાજ કહેવા લાગ્યા : 'જૂનો માણસ છે.' પછી ઉતારા પાછળ ખાડો કરાવી આપ્યો. ટાટિયા (કંતાન) બાંધી આપ્યા. આખી રાત ખાડે ગયા.' એમ કહી ખૂબ હસ્યા.

પુરુષોત્તમ ભગત પણ આ વાત સાંભળતા હતા. પછી તે કહે : 'દાજી બાપુની છડી બોલું ?' સ્વામીશ્રીએ આજ્ઞા આપી એટલે છડી બોલ્યા. સ્વામીશ્રી અને દાજી બાપુને સખાભાવ. તેઓ કંથારિયા ગામના દરબાર, જૂના રીત-રિવાજના હિમાયતી, રાજા-મહારાજાની જેમ તેમની છડી સ્વામીશ્રી બોલાવતા, ગમ્મત કરાવતા, રાજી થતા.

પછી કહે : 'પાંદડે પાંદડે સ્વામિનારાયણનું નામ લેવાશે. કૉલેજે કૉલેજે જવું. ૧૦૦ જણે ૫ જણને ગુણ આવે. એક કૉલેજવાળો કરે એટલે બીજો ગોઠવે. વિવેકાનંદ પરદેશમાં ગયા ને અંગ્રેજીમાં વાતો કરી, તો હાલ્યું. તો આપણું તો સર્વોપરી છે, તો કેમ ન ચાલે ?'

ઊઠતાં ઊઠતાં પાનાચંદ શેઠના દીકરા નટુભાઈને ભાદરાનું આરસનું સિંહાસન કરવા આજ્ઞા કરી. ગ.મ. ૨૬મું વચનામૃત દેરીમાં સમજાવવા હર્ષદભાઈને આજ્ઞા કરી.

બપોરે ગ.મ. ૫૯મું વચનામૃત સમજાવતાં કહ્યું : 'ચચાણામાં હોકામેડીમાં ૫૦ થી ૬૦ દરબારો ભેગા થઈ હોકા પીતા હતા. મેડી તૂટી. બધા હેઠા પડ્યા. હોકા તૂટ્યા.'

કથાવાર્તામાં રમૂજી વાતો કરી, સ્વામીશ્રી સૌને સારો રસ ઉત્પન્ન કરાવતા. વર્ષો જૂની વાતો સ્મરણપટમાંથી તાજગીભરી રીતે રજૂ કરતા.

સાંજે ડૉક્ટર જમનાદાસ આવ્યા. બીજે દિવસે ઈન્જેક્શન આપવાનું હતું. ડૉક્ટરે ઈન્જેક્શનની સોય (Needle) મંગાવી. સ્વામીશ્રી કહે : 'લાવો જોઈએ.' વચમાં પોલી જોઈ આશ્ચર્યપૂર્વક હસવા લાગ્યા ને કહે : 'બહુ ઝીણું કાણું. સોય નવી વાપરવી. મુંબઈમાં ડૉક્ટર નવી સોય વાપરતા.'

દાજી બાપુના દીકરા ધીરૂભા રાણાના પુત્ર પ્રવીણસિંહ સબ ઈન્સ્પેક્ટર હતા. તેમણે ગુજરાતમાં દમણ પાસે લાખો રૂપિયાનો માલ પકડ્યો. દાણચોરો પાસેથી બહુ મોટી લાંચ મળતી હતી તે જતી કરી. તે વાત જાણી સ્વામીશ્રી ખૂબ રાજી થયા ને કહે : 'આપણે લાંચ તો લેવાય જ નહિ.' પછી પ્રવીણસિંહને ખૂબ આશીર્વાદ આપ્યા.

આજે નાગરવેલનાં પાન ને ગુલાબનાં ફૂલના હિંડોળા બનાવ્યા હતા. તે જાણી સ્વામીશ્રી રાજી થયા. સવારની આરતી વખતે હિંડોળાનાં દર્શન કરતા.

બીજે દિવસે પુરુષોત્તમ ભગતે કોઈ ભક્ત રચિત એક કીર્તન ગાયું. સ્વામીશ્રી કહે : 'કીર્તન નોટબુકમાં લખી લેવું. છૂટાં કાગળિયાં ન રાખવાં.'

આવી નાની બાબતોનું પણ નિરીક્ષણ કરતા ને સૂચના આપતા. પુરુષોત્તમ ભગતને સ્વામીશ્રી ઘણી વાર 'મૂળ પુરુષ' કહી સંબોધતા.

રમત-ગમતનો હેતુ

'યોગી સુવાસ'નો પાઠ ચાલતો હતો. તેમાં રમત-ગમતનો લેખ આવ્યો. તે સાંભળી સ્વામીશ્રી કહે :

'આ રમત-ગમત કરાવી હેતુ સત્સંગ પ્રધાન કરાવવો એ છે. 'મહારાજ સર્વોપરી ભગવાન છે,' એ સમજાવવું છે. રમત-ગમતમાં જ ફસાઈ જાય એ નથી કરવું. રમત કર્યા કરે, ગમત કર્યા કરે, એ કરવું નથી. છોકરું કાંટાળા જાળામાં ફસાઈ ગયું. તે નીકળે નહીં. બીજાં છોકરાં બોલાવ્યાં ને રમવા લાગ્યાં. તે જોઈ જાળામાં ફસાયેલું છોકરું પણ બહાર નીકળી ગયું. એમ જીવ માયાના કાંટાળા જાળામાં પેસી ગયા છે; પણ રમત-ગમત કરાવી, માયામાંથી બહાર કાઢી નાખવા. સત્સંગ સિવાય છાપાં વાંચવાં, 'શું તકરાર થઈ?' એ બધું એંઠવાડિયું છે. ભગવાન સંબંધી વાત જ સારી લાગે. ગોરાણા ગામમાં મેરની વસ્તી. ખૂન કરે ત્યારે શાંતિ થાય. પણ ગાય જેવા થઈ ગયા. એક ભક્ત નીકળ્યો તો જાવું પડ્યું. મહારાજ એક ભક્ત સારુ ધરમપુર ગયા.'

હર્ષદભાઈને ગુરુકુળમાં વિદ્યાર્થીઓને સંબોધવા જવા આજ્ઞા કરી. આજે મુંબઈના હરિભક્તોને જૂનાગઢની જાત્રાએ મોકલ્યા.

આજે રેશમની પટ્ટીનો સુંદર હિંડોળો સંતોએ બનાવ્યો હતો.

તા. ૩જીએ સવારે મંગળ પ્રવચનમાં જૂની વાતો કરી. સ્વામીશ્રી કહે :

'સ્વામી છતાં શરદ પૂનમના સમૈયામાં મૂળ પુરુષ માઈક પકડે. કહે : 'મને બોલવા દો.' નિર્ગુણ સ્વામી કહે : 'તારું કપાળ !' સ્વામી કહે : 'ભલે બોલે.' પ્રોગ્રામ ઘડ્યો હોય તેનું કાંઈ નહિ. આવું ચાલતું. પુરુષોત્તમ ભગતને ઈશક એવો કે જૂનાં પત્તાં પડ્યાં હોય તે વાંચે. કો'કના લેખ વાંચે. પુરુષોત્તમ ભગત આવા અડબંગી; પણ તોય શાસ્ત્રીજી મહારાજ એનું રાખે, એને નભાવે.

'મહાનત સ્વામી ગમતી બહુ. બોચાસણમાં એક વાર ટપાલ બહુ મોડી પડી. નિર્ગુણ સ્વામી રાહ જોયા કરે. પછી મહાનત સ્વામી થોડા જૂના કાગળની થોકડી ભેગી કરી આવ્યા. કહે : 'લો.' એટલે નિર્ગુણ સ્વામી બહુ ખિજાયા.

'નિર્ગુણ સ્વામી, અમે ને દાજી બાપુ દરબારમાં મળવા ગયા. એક કલાક બેસાડ્યા. નિર્ગુણ સ્વામી તો ઊભા થઈ ચાલતા થયા.'

આમ, જૂના પ્રસંગો સંભારી, સૌને ગમ્મત કરાવી, પોતે પણ ખૂબ હસ્યા. હસવું માય નહિ. ઘણી વાર સ્વામીશ્રી વાત કરતાં ખૂબ હસતા. ત્યારે શું બોલે છે તે બહુ ઓછું સમજાય. પણ પોતે હસવું રોકી શકે નહિ. આવો નિર્દોષ આનંદ તેઓ અવારનવાર કરતા ને સૌને કરાવતા.

જોડાવું એ સમાધિ

બપોરે જમ્યા પછી વરતાલનું પહેલું વચનામૃત વંચાવ્યું. તે સમજાવતાં કહે : 'ગુણાતીત સ્થિતિ શું ? માન-અપમાન, સુખ-દુઃખ, હાણ-વૃદ્ધિમાં એકતા થઈ જાય. હજારો માણસ અપમાન કરે તોય કાંઈ નહિ. હાર પહેરાવે તોય કાંઈ નહિ.

'અક્ષર દેરીમાં પાંચ સુખ – કુંડમાં નાહવાનું, જમવાનું, દર્શન, પારાયણ-કથાવાર્તા અને પ્રદક્ષિણા; એ લેતાં આવડવું જોઈએ. પાંચ લે એ ફર્સ્ટ. ત્રણ લે એ સેકન્ડ. એક લે તે થર્ડ. પાંચ આરતીનાં દર્શને જાવું. ગોંડલની નદી પ્રસાદીની. ન ન્હાય તો બળતરા થાય.

'અચળ મતિ શું ? ચળે નહિ. 'હશે કે નહિ ?' એમ ન થાય.

'મહારાજ આંબાવાડિયામાં બેઠા હતા તે આંબાને સંભાર્યો. જ્યાં જે હોય તેને આગળ લેવા પડે. આંબાને ન સંભારે તો એને એમ થાય કે 'મને કેમ યાદ ન કર્યો ?' મુઝાય.

'નિશ્ચય શું ? કર્તા, સાકાર, સર્વોપરી, અક્ષરધામના પતિ આ જ સર્વોપરી ભગવાન છે.'

એવામાં ભક્તિકિશોર સ્વામીએ ઝોલું ખાધું. સ્વામીશ્રી કહે : 'ઝોલું આવ્યું ને ! ઝોલાં એવાં સરસ આવે, અક્ષરધામમાં લઈ જાય.'

પછી ભરૂચના ડૉ. મગનભાઈને વચનામૃતનો સાર કહેવા કહ્યું. પોતે બોલ્યા : 'શ્રીજીમહારાજ બેઠા હતા તેમાં જોડાય, તો સમાધિ હોય કે ન હોય તોય સમાધિ જ છે. મન સાથે વૈર બાંધવું. તે તો સો ઘોડા ઘડે. સત્પુરુષ એ જ આપણું મન. તો મન અમન થયું. સત્પુરુષ રૂપ થઈ જાય.

શ્વાસોચ્છ્‌વાસ પ્રભુપદ સમરન

'આ જ આપણા ઇષ્ટદેવ, પુરુષોત્તમ ભગવાન. એ જ નિર્વિકલ્પ સમાધિ. પછી એ છતી દેહે અક્ષરધામમાં બેઠો. જાવું-આવવું ન રહ્યું. અહીં રહ્યો રહ્યો

ધામનું સુખ લે. રાત-દિવસ કથાવાર્તા કરવાનો એ જ હેતુ છે. મરણ થવા ન દેવું. મરણ શું ? ભગવાન ને સંતમાં મનુષ્યભાવ.

'તે દી' લાઉડ સ્પીકર હતું ને ? મહારાજનો સાદ બહુ મોટો. દૂર સુધી સંભળાય ! પ્રબોધિની એકાદશી. સમૈયો. લાખો માણસો આવેલા. એટલે ભીડો. તેથી સભા ખુલ્લામાં રાખી.

'સભા પછી ઉતારે આવ્યા. તે મોટરમાં આવ્યા એમ ને ! ના, ના, હાલતા. હરિભક્ત આગળ ધૂન-કીર્તન કરતા હશે.'

જાણે પોતે જોતા હોય ને બોલતા હોય એમ સમાધિ ભાષામાં મહારાજને જોતાં, સંભારતાં, અનુભવતાં સ્વામીશ્રી બોલી રહ્યા હતા. એ સમયે જો કોઈ આ મૂર્તિમાં લીન થતું, તેને મહારાજની મૂર્તિનું જ સુખ અનુભવાતું. વચનામૃત હોય કે કીર્તન, મહારાજની મૂર્તિનું વર્ણન કરતાં સાંભળતાં સ્વામીશ્રી મૂર્તિમાં રસબસ થઈ જતા, તે અનેક પ્રસંગોએ અનુભવાતું.

વળતી સવારે મંગળ પ્રવચનમાં 'યોગી સુવાસ' અંકમાં વિજ્ઞાનનો લેખ વંચાતો હતો. તેમાં વાત આવી – હૃદય સેકંડનો છઠ્ઠો ભાગ બંધ રહે છે.

સ્વામીશ્રી કહે : 'સમાધિમાં જોયું ? એમણે ક્યાંથી જાણ્યું, મરી ગયા પછી કે કેવી રીતે ? અને હૃદય બંધ થઈ ગયું કહે છે, એ શું ?' એમ પ્રશ્નો પૂછવા લાગ્યા.

પછી કહે : 'આવી રીતે યુવકો વિજ્ઞાનમાં ઊંડા ઊતર્યા, તેમ જ્ઞાનમાં ઊંડા ઊતરે તો ધ્યાન ખેંચાય. આત્મા-પરમાત્માનો સંલગ્ન સંગ એ સત્સંગ. આત્મા કોણ ? અક્ષર. વચનામૃતમાં લખ્યું. વચનામૃતમાં ઊંડા ઊતરે ત્યારે ખબર પડે; નહિ તો લીંબડો ને દાદાનો દરબાર લાગે. શાસ્ત્રમાં જ્ઞાન તો હોય પણ સત્પુરુષ થકી સમજાય.

'બાલમુકુંદ સ્વામીએ અક્ષરપુરુષોત્તમની પટની મૂર્તિઓ કરી, ગામોગામ પધરાવી. કોઈને ખબર ન પડે. અત્યારે નવું પ્રકરણ ચાલ્યું છે. સાધુઓ રાધાકૃષ્ણ ને મહારાજ, ગોપીનાથ ને મહારાજ, લક્ષ્મીનારાયણ ને મહારાજ પધરાવે છે. ક્યાં રાધાકૃષ્ણ ને ક્યાં મહારાજ ! શું લેવા-દેવા છે ? એકલા મહારાજ પધરાવતા હોય તો શું ?

'જૂના મંદિરમાં અક્ષરપુરુષોત્તમની જય ન બોલાવવી. બહાર બોલવી. બહારવાળા કંઈ ન કહે. તે તો આપણા ભાઈબંધ જ કહે. અમદાવાદમાં જય બોલાવી, ડંડા પડ્યા. એક વાર, બે વાર, ત્રણ વાર. હરાજીમાં ત્રણ વાર બોલે.

એમ ત્રણ વાર બોલે એટલે હોલસોલ, કોઠાર-ભંડારમાંથી બધા આવી જ જાય. ડડા પડે.

'સારા કામમાં માયા ખીજે. માતા-મહાદેવમાં કોઈને કાંઈ નહિ. ભાદરામાં શિવજીની મૂર્તિ બેઠી. આખું ગામ જમ્યું. 'શંકરબાપા !' સૌ કહે. પણ અક્ષરપુરુષોત્તમની વાત આવે ત્યારે માયા ખીજે. સાચી વસ્તુ હોય તો માયા ફુંફાડા મારે જ.'

બાળકને તત્પરતાથી સંતોષે છે

અહીં કંપાલાના આશાભાઈનો પાંચ-છ વર્ષનો ભાણો તરુણ બપોરની કથામાં આવ્યો અને સ્વામીશ્રી પાસે ઠાકોરજીનું પાનબીડું માગ્યું. પણ તે તો થોડી વાર પહેલાં સૌ હરિભક્તોને વહેંચી દીધાં હતાં. આથી સ્વામીશ્રીએ તેને પાટ નજીક જ બેસાડ્યો. નિર્ગુણ સ્વામીને બોલાવી ધીરેથી કહે : 'પાન લઈ આવો. ને ન હોય તો નવું બનાવીને લાવજો !'

નિર્ગુણ સ્વામી નવું પાનનું બીડું બનાવી લાવ્યા. સ્વામીશ્રીએ તે તરુણને આપ્યું, જેથી તે ખુશખુશાલ થઈ દોડી ગયો.

પછી સ્વામીશ્રી બોલ્યા કે 'બાળક નિર્દોષ છે. તેમાં ભગવાન રહ્યા છે. તેથી બાળકને રાજી કરીએ તો ભગવાન રાજી થાય અને વરસાદ વરસાવે !'

ડૉ. નવીનભાઈ સ્વામિનારાયણ લંડનથી આવ્યા હતા. સ્વામીશ્રીએ તેમની પાસે રવિસભામાં યુવકોને સંબોધન કરાવ્યું.

સભામાં હકાભાઈએ વાત કરી : 'ઢેબરભાઈ કૉંગ્રેસ પ્રમુખ ને સૌરાષ્ટ્રના અગ્રણી કાર્યકર. યોગીજી મહારાજના સમાગમમાં આવતા અને કહેતા : 'મેં પ્રેમ વિશે ઘણું વાંચ્યું છે, પણ પ્રેમની મૂર્તિ આ યોગીજી મહારાજ છે. બીજું હું કાંઈ જાણતો નથી.'

કાશ્મીરમાં કૈવલ્યધામનો સંકલ્પ

હમણાં થોડા દિવસથી રાત્રે સૂતા પહેલાં સ્વામીશ્રી યુવકોને પોતાના ઓરડામા બોલાવતા અને વાતો કરતા.

આજે પવિત્રા એકાદશી હોવાથી મંદિરમાં દર્શને પધાર્યા. આરતીને થોડી વાર હતી. તેથી જાત્રાએ જતા સંતોને શીખ આપી : 'કલ્યાણ કરવા જાવ છો. છપૈયામા દર્શન કરજો. શાસ્ત્રીને 'જય સ્વામિનારાયણ' કહેજો. સવારે

વચનામૃતની કથા કરવી. અક્ષર દેરીનો, પ્રમુખસ્વામીનો મહિમા કહેવો. થાળ થાય એટલે ધરાવી જમવું. વર્તમાન ધરાવવાં. કંઠી, માળા, પૂજા, આરતી પાવર આપ્યો છે. અહીં આવી પાવર મૂકી દેવો. (યાત્રામાં મુમુક્ષુને વર્તમાન ધરાવવાની છૂટ આપી). કાશ્મીર મંદિર થાય એવો સંકલ્પ કરવો. અમે કન્યાકુમારીમાં બે દરિયા ભેગા થાય છે ત્યાં સ્નાન કરેલું. જાત્રા સફળ થાય એવા આશીર્વાદ છે. કરો ધૂન...'

જે કોઈ હરિભક્ત કે મુમુક્ષુ અક્ષર મંદિરે દર્શને આવતા તેમને સ્વામીશ્રી ગુરુકુળ તથા સ્કૂલ જોવા અવશ્ય મોકલતા.

બપોરે ફરાળ કર્યું. થાળમાં શીરો કાળો હતો. ગોળ એવો હતો. સ્વામીશ્રી કહે : 'શીરો ખાંડનો બનાવવો.' જો કે પોતે ચાખ્યો પણ નહોતો; પણ ઠાકોરજી માટે સુંદર વસ્તુ બને તેવો આગ્રહ.

સરભરા એ ઉત્તમ કથા

જમ્યા પછી કથામાં વરતાલનું ૧૧મું વચનામૃત સમજાવતાં કહે : 'સરભરા એ ઉત્તમ કથા છે – એમ નિર્ગુણ સ્વામી કહેતા. શાસ્ત્રીજી મહારાજના 'ટચ'માં આવ્યો હોય તો તે કોરો ન રહે. નહિ તો કોરો રહી જાય.'

આમ, ઘણી વાર વાર્તાલાપમાં અંગ્રેજી શબ્દોનો પ્રયોગ સહેજે કરતા, ત્યારે જણાય કે ગમે તે ભાષા પોતે સહેલાઈથી ગ્રહણ કરી શકે છે.

'દ્રોહ શું ? ભગવાન પુરુષોત્તમ નારાયણને અવતાર જેવા કહેવા. એકાંતિક હોય તેને સામાન્ય જેવા કહેવા. ગુણાતીતાનંદ સ્વામીને બીજા જેવા કહેવા. શાસ્ત્રીજી મહારાજને સામાન્ય જેવા જાણે.

'ગરીબ શું ? સ્વભાવે ગરીબ. ખમવાનો સ્વભાવ.

'પરલોક શું ? દેવલોક ને ? ના, ના, અક્ષરધામ.

'મારા હરજી શું...' તથા *'મારા વ્હાલાજી શું...'* આ બે પદ મોઢે કર્યાં છે કે નહિ ? તે એક પછી એક સંતને પૂછ્યું.

રાત્રે ઉકાળા બાદ સંગીતનો કાર્યક્રમ સ્વામીશ્રીના સાંનિધ્યમાં સંતોએ યોજ્યો. રામચરણ સ્વામી, સિદ્ધેશ્વર સ્વામી, યોગીપ્રસાદ સ્વામી તથા અનુપમ ભગતે રાગ શિવરંજની તથા રાગ પીલુ સાજ ઉપર વગાડ્યા. તથા ધૂન અને પ્રાર્થના સાજ સાથે રજૂ કર્યાં. સ્વામીશ્રી રાજી થયા.

તા. ૬ઠ્ઠીએ સવારે મંગળ પ્રવચનમાં ડૉ. નવીનભાઈ દેખાયા નહિ.

એટલે સ્વામીશ્રીએ તેમને યાદ કર્યા. પછી કહે : 'સૂતા હશે. ભલે સૂતા.' કોઈએ કહ્યું કે 'જાગી ગયા છે.' એટલે તરત એક યુવકને બોલાવવા મોકલ્યા.

આમ, સભામાં કોઈ ગેરહાજર હોય તો ધ્યાન રાખી, યાદ કરીને સ્વામીશ્રી બોલાવતા.

શ્રીજીમહારાજનાં જીવન અને કાર્યનો લેખ વંચાતો હતો. તે સાંભળતાં કહે : 'ક્યા લોજ ને ક્યા ભગવાન ! ક્યાં કૂબો ને ક્યાં હાથી ! કેવું ગોતી કાઢ્યું ! આપણને જડેય નહિ. ક્યાં પુરુષોત્તમ નારાયણ ને ક્યાં આપણે ! ક્યાં દરિયો ને ક્યાં તલાવડી ! મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહ્યા. કોણ અત્યારે રહે ? ઐશ્વર્ય હોય તો કહે : 'જાવ, ચલે જાવ.' મોક્ષભાગીને ખોળવા નીકળ્યા. આપણે આફ્રિકા, લંડન, અમેરિકા પૈસા ગોતવા જાય છે.

'અવતારોએ કલ્યાણ કર્યાં પણ કારણ શરીર રહ્યાં. શ્રીજીમહારાજે કારણ શરીરના ભુક્કા ઉડાડી આત્યંતિક કલ્યાણ કર્યાં. તે માટે મંદિરો નાનાં-મોટાં શિખરબદ્ધ બાંધ્યાં. આપણે મહારાજના સંબંધમાં આવ્યા હોઈશું; પણ નહિ માન્યા હોઈએ, આડા હાલ્યા હોઈશું, તે આ વખતે ઉથરેટી થઈ.

'નવીનભાઈ લંડન, માંચેસ્ટર ને અમેરિકા ગયા. તે ઘણાના યોગમાં આવ્યા. તે બીજે જન્મે સત્સંગમાં આવશે.'

નવીનભાઈ વચમાં કહે : 'આ જન્મે આવે તો શું ખોટું ?'

સ્વામીશ્રી કહે : 'આ જન્મે તો ન આવે. તરત ભડાકો ન થાય. બીજે જન્મે થાય.'

રાત્રે વરસાદ સારો થયો. નદીમાં બે કાંઠે પાણી આવ્યું. સ્વામીશ્રી રાત્રે ૨-૦૦ વાગે ઊઠ્યા ને કહે : 'બારી જુઓ, પવન આવે છે.' બારી થોડી ખુલ્લી હતી. પૂરી બંધ કરાવી.

સવારે ૪-૩૦ વાગે ઊઠ્યા ને કહે : 'બારી ક્યાંક ખખડે છે ! આખી રાત ખખડી, તપાસ કરો.' ત્યારે ખ્યાલ આવ્યો કે કદાચ આખી રાત જાગતાં જ સૂતા હશે. પોતે ઠંડો પવન જરાપણ ખમી શકતા નહિ. તેથી બારી કે બારણાંનાં કમાડ જરાપણ ખુલ્લાં રહી જતાં તો તેમને તરત ખબર પડી જતી ને અડધી રાત્રે પણ જાગીને બંધ કરાવતા.

સવારે ઊઠતાં વેંત સ્વામીશ્રી પહેલાં અક્ષરપુરુષોત્તમની ઊભી ચિત્ર-પ્રતિમા બે હાથમાં રાખી ધારી ધારીને દર્શન કરતા. બીજે દિવસે વરસાદ તથા પવનને કારણે લાઈટ ગઈ હતી તેથી દર્શન ન કરી શક્યા. સ્વામીશ્રી કહે :

'પરાધીનપણે સ્વપ્ને સુખ નહિ... આ લાઇટ ધુવારણથી આવે તે એવું થયું.'

નારણભાઈ બાઢડાવાળાને કીર્તન બોલવા કહ્યું. સવારે પવન અને વરસાદ ઘણો હતો. એટલે ઓરડામાં જ બારણાં બંધ કરી પૂજા કરી. દેરીમાં દર્શન કરવા પધાર્યા નહિ.

ઉકાળો લેતી વખતે હર્ષદને બોલાવ્યો ને કહે : 'મગનભાઈની ખબર રાખવી. ડોલ ગરમ પાણીની ને બે પ્યાલા ચાના આપવા. અમે સરભરામાં બહુ ધ્યાન રાખતા. સો માણસની રસોઈ કરીએ. કોઈની ફરિયાદ ન આવે. અનુભવ ખરો ને ! અત્યારે કેટલાક નવા એટલે બરાબર ન થાય.'

સ્વામીશ્રીની આજ્ઞાથી નાની ઉંમરના પણ ઉત્સાહી ને હસમુખા સેવક હર્ષદ ચાવડા અક્ષર મંદિરમાં પધારતા નાના-મોટા મહેમાનોની અખંડ સેવા કરતા. વહેલી સવારે ૪-૦૦ વાગ્યાથી રાત્રે ૧૨-૦૦ વાગ્યા સુધી સૌને ગરમ પાણી આપવું, ચા-નાસ્તા કરાવવા, જમાડવા, ઉતારા આપવા, ગાદલાં-ગોદડાં પહોંચાડવાં, એવાં નાનાં-મોટાં અનેક કામો હર્ષદભાઈ તથા કૃષ્ણકાંતભાઈ વગેરે યુવકો મહિમાપૂર્વક કરતા. હજુ ઓછું હોય એમ સ્વામીશ્રી આ પોતાના આજ્ઞાંકિત સેવકોને ગૌશાળામાં વાસીદું કરવા, ગોબર ગેસ પ્લાન્ટ માટે છાણ એકઠું કરી, પગથી ખૂંદી, રગડો કરી પ્લાન્ટમાં નાખવો, આવી અનેક સેવાઓ કાયમ માટે સોંપતા. થાક કે ઊંઘને ન ગણકારતા, શરીરની પરવા કર્યા સિવાય આ સેવકો, મહિમાથી દોટ મૂકી આ બધી ફરજો બજાવતા.

અંતર પરમ દયાલા

પછી ઉકાળો લેતાં કહે : 'રેલને લીધે સુરતમાં નુકસાન ન થાય અને નર્મદાને લીધે પણ નુકસાન ન થાય તે માટે ધૂન કરો.'

સામે બેઠેલા હરિભક્તો ઉકાળો-નાસ્તો લેવાનું બંધ કરી ધૂન કરવા લાગ્યા. સ્વામીશ્રી કહે : 'ઉકાળો ચાલુ રાખો ને ધૂન કરો.'

ત્રણ-ચાર દિવસથી ખરેટી ને ઉધરસ થઈ હતી. સાધારણ કફ હતો. તેથી ભરૂચથી ખાસ સમાગમમાં આવેલા ડૉ. મગનભાઈની સૂચના પ્રમાણે દવા શરૂ કરી. પાછળથી ડૉ. રણછોડભાઈની આયુર્વેદિક દવા પણ મધ સાથે લેવાનું શરૂ કર્યું હતું. રણછોડભાઈ આમ તો ડૉક્ટરને ત્યાં કામ કરતાં કરતાં અનુભવથી ડૉક્ટર તરીકે ઓળખાતા હતા, છતાં સ્વામીશ્રી તેમનો ભાવ જોઈ, સેવા અંગીકાર કરતા. ઘણાને થાય કે 'મોટા ડૉક્ટરોને મૂકીને સ્વામીશ્રી આમની

સલાહ કેમ માનતા હશે ?' પણ આ જ એમની વિશિષ્ટ રીત હતી. જે હંમેશાં અકળ રહેતી.

આજે સવારે ડૉ. જમનાદાસ સમયસર આવી ન શક્યા. સ્વામીશ્રીએ યાદ કર્યા. ઉકાળા બાદ કહ્યું કે 'પ્રસાદી આપી આવજો.' બે ત્રણ દિવસ પહેલાં પણ હાજર ન હતા, તે પ્રસાદી જુદી કઢાવી મોકલાવી હતી. ૪-૦૦ વાગે ઊઠીને પૂછ્યું : 'ડૉ. જમનાદાસને પ્રસાદી પહોંચાડી ?' આમ, ખૂબ જ ખબર રાખતા.

બપોરે ઠંડો પવન ને વાતાવરણમાં ભેજ હોવાને કારણે ઓરડામાં જ સભા કરી. ગ.અં. ૬ઠ્ઠું વચનામૃત વંચાવ્યું. નવીનભાઈને કહે : 'લંડનમાં હૉલ કરવો છે. તે આપણે કરીએ તો થાય. મોટા કરશે એમ નહિ. આંગળી ઉપર ઘા કરવો પડે. વાતો કરતાં તો વરસો નીકળી જાય. શૂરવીર થાવું જોઈએ. બોડાણો ધારાળો હતો. તે રણછોડજીને દ્વારકા લાવ્યો.' પછી નવીનભાઈને વચનામૃતનો ભાવાર્થ કહેવા કહ્યું.

સુરત-ભરૂચમાં અતિવૃષ્ટિને લીધે મુશ્કેલીઓ ઊભી થઈ હતી, તે પાણી ઓછું થઈ જાય તે માટે ધૂન કરાવી. સ્વામીશ્રી કહે : 'પહેલાં આવતો ન હતો. 'જય સ્વામિનારાયણ, જય સ્વામિનારાયણ' કરતો, ને હવે આવ્યો ત્યારે ઘણો આવ્યો.'

બપોરે જમતાં જમતાં વાત નીકળી કે ઈટલીમાં એક માણસ ૨૧ વર્ષથી ઊંઘ્યો નથી. સ્વામીશ્રી કહે : 'પેપરવાળા પ્રોપેગેન્ડા બહુ કરે છે.' પછી પૂછ્યું : 'તે માણસ બ્રાહ્મણ છે ? પગે લાગવા જેવા.'

ઉપવાસની વાત નીકળી. સ્વામીશ્રી કહે : 'ઉપવાસના ફાયદા બહુ. ૯ ગુણ. ગોળી લેવી ન પડે. ગેસ ન થાય. રોગ ન થાય... હું ધારણાં-પારણાં કરતો તે સવારે થોડાં મગ ને દહીં લઈએ. પછી સાંજે ચાર-પાંચ વાગે જમીએ. પછી કાંઈ નહિ. એવી ભૂખ લાગે !'

આણંદના રાવજીભાઈ દૂધવાળા સામે જમતા હતા. યોગેશ્વર સ્વામી તેમને થૂલી પીરસવા લાગ્યા. સ્વામીશ્રી કહે : 'એ તો રાંકનું ખાણું. ભાત પીરસો.' એમ કહી ભાત પીરસાવ્યો. સ્વામીશ્રીને વિશે નિષ્ઠાવાળા આ ભક્તરાજને તો સ્વામીશ્રીની પ્રસાદીનો મહિમા હતો. પણ, 'ચરોતરના આવા મોટા પાટીદાર ભક્તોને થૂલી કેમ પીરસાય ?' એવો સ્વામીશ્રીને પણ સામે ભાવ અને આદર હતો.

રાત્રે મગનભાઈ સેક્રેટરીને પૂછ્યું : 'સુરતના શું સમાચાર છે ?'

તેમણે રેલ સંબંધી રેડિયો પરથી સાંભળેલી વાત કરી.

સ્વામીશ્રીએ પૂછ્યું : 'આગાહી શું છે ?'

મગનભાઈ કહે : 'દરિયામાં તોફાન ખૂબ છે અને રાત્રે પવન તથા વરસાદ ખૂબ થશે.'

પવન ને વરસાદ બંધ થાય તે માટે ફરીથી ધૂન કરાવી. ભરૂચ અને સુરત રેલસંકટમાંથી મુક્ત થાય તેની પણ ધૂન કરાવી. બપોરે આ બધી ધૂન કરાવી હતી, પણ ધૂન જ એકમાત્ર એમનું અમોઘ શસ્ત્ર હતું. તે કોઈપણ નિમિત્તે સૌને ભગવાનનું ભજન કરાવતા. ભગવાનનું કર્તાપણું હંમેશાં દૃઢ કરાવતા.

બીજે દિવસે શ્રાવણી પૂર્ણિમા - બળેવનું પર્વ હતું. મંગળા આરતીમાં સૌને દર્શને મોકલ્યા. સ્વામીશ્રીની નજીક ઓરડામાં બેસવા મળે એટલે સવારે મંગળ પ્રવચન વખતે કેટલાક મંગળા આરતી શરૂ થાય પણ ઊઠે નહિ. તેથી સ્વામીશ્રી હંમેશાં આગ્રહ રાખી દરેકને આરતીમાં મોકલતા.

'પ્રકાશ'નો પાઠ ચાલતો હતો. સ્વામીશ્રી કહે : 'દરેક સંપ્રદાયવાળા 'માસિક' કાઢવાનું શીખી ગયા. આ સ્વામી શાસ્ત્રીજી મહારાજની પ્રસાદીનું સર્વોપરી 'માસિક' કહેવાય. આવે કે તરત શાસ્ત્રીજી મહારાજ પાઠ કરી લેતા. દરેકે પાઠ કરી લેવો. ગમે તેવાં કામ પડ્યાં મૂકવાં.'

ડૉ. નવીનભાઈને કહ્યું કે 'તમે લંડનમાં માસિકનો પ્રચાર કરો.'

પત્રિકા સમયસર મળે તે માટે પોસ્ટમાં જઈ મળવા કહ્યું : 'પ્રસાદ આપવો. હર્ષદભાઈને લઈ જવા. ચસમપોશી કરવી. આ તો લાંચિયું રાજ છે. રેગ્યુલર કામ કરવું, તો સંપ્રદાય હાલે.'

કાળ સમાન સન્માનકું જાનત

આજે પારાયણની પૂર્ણાહુતિ હતી. રાવજીભાઈ દૂધવાળાના ભક્તિભાવને લઈને સંતોએ સભામંડપમાં પુષ્પનો સુંદર હિંડોળો શણગારીને તૈયાર કર્યો હતો. સ્વામીશ્રી સભામાં પધાર્યા ત્યારે એમને હિંડોળે બેસવા સંતોએ ખૂબ આગ્રહ કર્યો, પણ સ્વામીશ્રી પોતાના આસન તરફ જવા લાગ્યા. સંતોએ બે હાથ પકડેલા તેથી તે છોડાવી શક્યા નહિ.

ત્યાં રાવજીભાઈ વગેરે હરિભક્તો ઊભા થયા ને સ્વામીશ્રી નજીક આવી બહુ વિનંતી કરી. ત્યારે કચવાતે મને, ઠાકોરજી સાથે સ્વામીશ્રી હિંડોળામાં બેઠા. પણ મુખારવિંદ ઉપરની પ્રસન્નતા મુરઝાઈ ગઈ હતી. રાવજીભાઈએ

પુષ્પનું છત્ર સ્વામીશ્રી ન દેખે તેમ પાછળ ધરી રાખ્યું. સૌએ આત્મસંતોષ લીધો, પણ સ્વામીશ્રીનો સંતોષ મળી શક્યો નહિ. આરતી ઉતારી. બે શબ્દો આશીર્વાદના ઉચ્ચારી, સ્વામીશ્રી હિંડોળા ઉપરથી નીચે ઊતરી ગયા.

પછી પાટ ઉપર બેસી નિરાંત અનુભવી. પૂર્ણાહુતિના આશીર્વાદ આપ્યા. હરિભક્તોએ પૂજન કરી ધોતિયાં ઓઢાડ્યાં.

સાંજે ૬-૦૦ વાગે સ્વામીશ્રી સભામાં આવી રહ્યા હતા. ફળ-ફૂલથી સજાવેલા આકર્ષક હિંડોળામાં સ્વામીશ્રીને જરૂરથી બેસાડવા – એવું આયોજન સૌ સંતો-હરિભક્તોએ ગોઠવ્યું હતું; પણ સ્વામીશ્રી સીધા જ પોતાના આસને બેસી ગયા. સંતો-હરિભક્તોએ ઘણી વિનંતી કરી, ચલાયમાન થયા નહિ. બળજબરી તો કરાય નહિ. એટલે સૌના વિચારો મનમાં જ રહી ગયા. સભા પૂરી થયા પછી હરિભક્તોએ આગ્રહ ચાલુ રાખ્યો, એટલે એક ક્ષણ બેઠા - ન બેઠા ને ચાલી નીકળ્યા.

ઓરડામાં આરામ કરવા પધાર્યા ત્યારે હંમેશાં પ્રસન્ન મસ્તીમાં મહાલતા સ્વામીશ્રીનું વદન અત્યારે ખિન્ન જણાતું હતું. સવારે તથા સાંજે સૌએ એમને પરાણે હિંડોળામાં બેસાડવાનો જે પ્રયત્ન કર્યો એ એમને જરાપણ રુચ્યું નહિ. સમગ્ર શરીરમાં ઉદાસી છવાઈ ગઈ હતી. એટલે એ જોશીલી ચાલ પણ ઢીલી પડી ગઈ હતી. રૂમમાં આવીને કોઈ સાથે કશું બોલ્યા વિના સીધા પથારીમાં પોઢી ગયા. નહિ તો નાની નાની વાતમાં સૌને મગન રાખે, પૂછપરછ કરે, બોલે-ચાલે, તે સ્વામીશ્રી આજે મૌન ધારણ કરી પોતાનો અણગમો બતાવી રહ્યા હતા. ઓરડામાં લાઇટ ચાલુ હતી. તે પણ બંધ કરવાની સૂચના આપી નહિ. મીઠી રીસ ગ્રહણ કરી. રીસ દેખાડતાં આવડે નહિ, એટલે મૌનનું હથિયાર ગ્રહણ કર્યું. સન્માનને સદાય પગે ઠેલતા સ્વામીશ્રી સન્માનની જીત કેમ સહન કરી શકે ?

હમણાં ઠંડી સારી એવી હતી. તેથી સ્વામીશ્રીએ આજે પડવાને દિવસે મુંડન કરાવ્યું. અમદાવાદથી મણિભાઈ બ્રહ્મભટ્ટ તથા રસિકભાઈ સેક્રેટરી આવ્યા. તેઓ ઠાકોરજી માટે સુંદર હાર લાવ્યા હતા. જેમાં સેલથી લાઇટ થાય તેવી કરામત હતી. તે જોઈ સ્વામીશ્રી રાજી થયા અને કહે : 'આ તો પરચો કહેવાય.' એક મુમુક્ષુને પાર્ષદ દીક્ષા આપી.

સવારે ઉકાળો લેતાં સ્વામીશ્રીએ પૂછ્યું : 'આઝાદી શું કહે છે ?' આગાહીને બદલે આઝાદી બોલ્યા એટલે સૌ હસી પડ્યા.

ઘણી વાર સ્વામીશ્રી આવું અજ્ઞાન બતાવતા, આપણને હસાવતા, પણ

આપણું અજ્ઞાન પ્રદર્શિત કરાવતા.

બપોરે સભામાં ગ.અં. ૨૧મું વચનામૃત વંચાવ્યું. હકાભાઈ ઘણા દિવસથી અહીં હતા. સ્વામીશ્રીને તેમની હાજરી ગમતી. હકાભાઈ ગમ્મતી એટલે સ્વામીશ્રી આગળ નિર્દોષ ગમ્મત કરે. જૂની જૂની પ્રસાદીની વાતો કરે. તેઓ શ્રાવણ માસ ગોંડલ રહેવાના હતા, પણ પ્રમુખસ્વામીની આજ્ઞા આવી તેથી તેમને શ્રીજીપુરા જવાનું નક્કી થયું. સ્વામીશ્રી તેમને કહે : 'તમારી માળા લાવો, પાંચ માળા ફેરવી લઈએ.' એવી સહજ સ્મૃતિ આપી રાજી કર્યા.

વચનામૃત ઉપર વાત કરી : 'ભગવાનના ભક્તને અર્થે ભીડો વેઠવો એ જ નિવૃત્તિ. કેટલાક સંન્યાસી હોય તે ધ્યાન ધરીને બેસે, તે નિવૃત્તિ પારાયણ હોય તોય પ્રવૃત્તિમય જાણવા.'

કથા પૂરી થયા બાદ કહે : 'હવે સૂવાનો આરામ કરો.' સૂઈને આરામ કરવાનો એમ વિક્તિ કરી.

સાંજે આણંદથી મણિભાઈ, જીવા ભગત વગેરે ૧૦ થી ૧૨ હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

તા. ૧૦મીએ સવારે દારેસલામ યુવક મંડળે પ્રગટ કરેલું 'પ્રગટ પ્રકાશ' વંચાવ્યું. તેમાં *'બોલ મા, બોલ મા...'* એ કીર્તન હતું. તે સ્વામીશ્રીએ સૌ પાસે ઝિલાવ્યું. એક પ્રાર્થના પણ હતી. તેનો રાગ મને બેઠો નહિ. તેથી સ્વામીશ્રી કહે : 'આપો મૂળપુરુષને ! લો મૂળપુરુષ.' એમ કહી પુરુષોત્તમ ભગતને વાંચવા આપ્યું. તેમણે તેનો રાગ બેસાડ્યો. તે સાંભળી સ્વામીશ્રી રાજી થયા અને હસવા લાગ્યા. આ અંકમાં એક યુવકે ૐ સાથે સ્વામીશ્રીનું રેખાંકન ગોઠવ્યું હતું. તે બતાવ્યું એટલે કહે : 'ૐ માં ચીતર્યું. ૐ નમઃ...' એમ બોલતાં મદ મંદ હસવા લાગ્યા.

સ્વામીશ્રી કહે : 'અમે દારેસલામ મંદિરમાં દર્શને જતા. આરતી કરતા. આપણો પક્ષ ઓછો. ત્યાં વઢવાણના ઠાકર રવિશંકર મહારાજ હતા. તેમના દીકરાએ શાસ્ત્રીજી મહારાજને વઢવાણ જમાડેલા. ચિકિત્સક હતા. અમારું ચારનું મંડળ. મેળાવીને જમીએ. 'માળા સાધુ ! પાણી નાખીને જમે છે !' જોઈને રાજી થયા. રસોઈ દીધી. જાડાં લૂગડાં પહેરતા. સંતોનાં લૂગડાં જુએ. કૌપીન જુએ. ગુણ આવી ગયો. મંદિરમાં આવીને બેસી રહે. પ્રફુલ્લભાઈને વાતો કરી : 'મંડળ બાંધો.' સોમાભાઈ મંડળ ચલાવતા. હવે આફ્રિકામાં વધશે. ધીરે ધીરે દેશકાળ સારા થશે.'

સત્સંગવેલના પરિપોષક

સભામાં ગાનાના દાસ ભગત - હરમાનભાઈના નાના ભાઈ - પુરુષોત્તમદાસ બેઠા હતા. તેમને સત્સંગ વધારવાનો બહુ જ ઇશક. આફ્રિકામાં તેઓ ગામોગામ ફરતા અને કથાવાર્તા કરી, નવા નવા મુમુક્ષુઓને સત્સંગ દૃઢ કરાવતા અને પ્રગટ સત્પુરુષનો મહિમા સમજાવતા. તેમને સંબોધીને કહ્યું : 'દર રવિવારે એક ગામ ગોતવું. ગાના હેડ ઑફિસ. નિષ્ઠાની વાત પહેલી કરવી.' સ્વામીશ્રીએ ટૂંકમાં પણ કાર્ય કરવાની પ્રેરણા આપી.

એ સમયમાં જ્યારે સત્સંગ-વિકાસનાં ખાસ આયોજનો સંસ્થાકીય રીતે વિચારાતાં નહિ, ત્યારે સ્વામીશ્રી વ્યક્તિગત રીતે અનેક ઉત્સાહી સત્સંગીઓને આ રીતે પોતાના ગામની આજુબાજુ સત્સંગ-વિકાસ માટે ફરવાની અદ્ભુત પ્રેરણા આપતા. વધારે ઉપદેશ કે બીજા કશા માર્ગદર્શન વગર પણ, સ્વામીશ્રીના બે જ શબ્દો ઉત્સાહી હરિભક્તોને પ્રચંડ પ્રેરણા આપી શકતા. કોઈ સુવિધા કે પ્રચારના કોઈપણ માધ્યમના સાથ વગર આ હરિભક્તો દ્વારા સત્સંગ-પ્રવૃત્તિનો વેગ સદાય વધતો રહેતો. એ સ્વામીશ્રીના બે શબ્દો અને પ્રેરણાનો પ્રભાવ હતો.

પછી તેઓ કહે : 'પહેલાં અમે સત્સંગ-પ્રચાર માટેનો કાર્યક્રમ ઘડ્યો હતો. કાનમમાં મણિભાઈ, દંઢાવ્યમાં અંબાલાલભાઈ, સૌરાષ્ટ્રમાં કાનજીભાઈ તથા મોહનભાઈ અને મુંબઈમાં બાલુભાઈ ટી.ટી. બધે ફરે...'

ત્યાં મણિભાઈ બ્રહ્મભટ્ટે સમાચાર આપ્યા કે 'મોહનભાઈ બગડવાળા બહુ બીમાર છે.' એટલે સ્વામીશ્રી કહે : 'કરો ધૂન, ધામમાં વયા જાય.' એમ કહી ધૂન કરાવી.

મણિભાઈ બ્રહ્મભટ્ટને પાંચ મિનિટ વાત કરવા કહ્યું અને બોલ્યા : 'મને મણિભાઈની વાત બહુ સારી લાગે.'

વાતનો પ્રસંગ તો કોઈ વિશેષ નહોતો, પણ હરિભક્તો ઉપર સ્વામીશ્રીને એવું હેત, જાણે સ્વજનની જેમ એવી તો મીઠી પ્રશંસા કરે કે એ સ્વામીશ્રીના શબ્દો, એમની મૂર્તિ, એ ભક્તના હૃદયમાં જડાઈ જાય.

રાવજીભાઈના જમાઈ ત્યાં બેઠા હતા. તેમને જોઈને કહે : 'તમે ખંભોળજમાં મંડળ કરો.'

જે કોઈ હરિભક્ત જે કોઈ ગામના હોય, સ્વામીશ્રી એમને મળે, તુરત હેતથી આદેશ આપે કે 'તમારા ગામમાં મંડળ કરો.' કહેતાં : 'સત્સંગ મંડળની

શરૂઆત કરો. રવિવારની સભા ભરો.' આ આદેશ અચૂક એમના મુખમાંથી સરી પડે. સહેજ પણ કંટાળો નહિ. એકના એક હરિભક્તને અનેક વાર કહે. એની ક્ષમતા ન હોય તોપણ કહે. કોઈપણ વ્યક્તિમાં, કોઈપણ કાર્ય કરવાની અક્ષમતા, તેઓ વિચારતા કે જોતા નહિ. કારણ, બ્રહ્મનો આદેશ કોઈ ઝીલે તો તુરત એમાં બ્રહ્મનો સંચાર થાય અને અશક્ય શક્ય બને જ. જે કોઈ યુવક કે હરિભક્ત બહારથી ભલે ગમે તેવો ગાંડો-ઘેલો દેખાતો હોય, પણ સ્વામીશ્રી એના ઉત્સાહને અચૂક બિરદાવતા. એને 'કાર્યકર્તા'નું બિરુદ આપી દેતા. અને એની પાસે પણ ધાર્યું કામ કરાવતા. એની સેવા લઈ, આગળ વધવાની તક આપતા. ગામોગામ આ રીતે જાતે રસ લઈ, લેશપણ પાછી પાની કર્યા સિવાય, સ્વામીશ્રીએ જાતે તેમજ હરિભક્તો દ્વારા સત્સંગ મંડળોની સ્થાપના કરી, કરાવી છે, અને ગુણાતીત બાગને સતત વધાર્યો છે, ઊછેર્યો છે.

આજે મંદિરમાં લેસ તથા રાખડીના હિંડોળા હતા. તે જોઈ રાજી થયા અને ઠાકોરજીને ઝુલાવ્યા.

બપોરે રોટલા અને અડદની દાળની રસોઈ હતી. જમતી વખતે - મેવાસામાં શાસ્ત્રીજી મહારાજ સં. ૧૯૬૭ની સાલમાં અડદની દાળ બનાવી હતી, તે વાત કરી. સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ એવી વેડમી બનાવે કે પૈસો નાખે તો વચ્ચેથી આરપાર નીકળી જાય...'

બીજે દિવસે સવારે ઉકાળો લેતી વખતે ગાનાના દાસ ભગત સામે બેઠા હતા. તેમને ડાયાબિટીસની તકલીફ હતી. તેથી ખાંડ વગરનો ઉકાળો ખાસ બનાવીને આપ્યો. ફરાળ કરનારા હરિભક્તો માટે પેંડા મગાવ્યા. આમ, દરેક હરિભક્તની નાની મોટી જરૂરિયાત - ખબર સાચવવામાં જ સ્વામીશ્રી મશગૂલ રહેતા. એમાં જ એમને અતિશય આનંદ આવતો. પોતાની જરૂરિયાત કે સાચવણીનો વિચાર કરતા જ નહિ.

દસમી ભક્તિ શું ?

બપોરે જમ્યા પછી ગ.અં. ૩૩ વચનામૃતમાં દસ પ્રકારની ભક્તિની વાત આવી. તે સમજાવતાં કહે : 'નવ પ્રકારની ભકિત તો સૌ કહે છે પણ પ્રત્યક્ષ ભગવાનમાં આત્મા હોમી દેવો એ દસમી ભક્તિ છે. અફીણ મોઘું, કાળું, ઝેરી, કડવું, તોપણ તેનું વ્યસન પડે છે. ઈશક હોય તો છોકરા ભણે, પરિણામ સારું આવે. અમને ઈશક છે તો તમને કથામાં બેસાડીએ છીએ. એવો ઈશક નિર્ગુણ

સ્વામીને હતો... મહારાજે 'વાસુદેવ ભગવાનની ભક્તિ' એમ કહ્યું, પણ પોતાની ભક્તિ એમ ન કહ્યું.

સાંજે આફ્રિકાના એક હરિભક્ત સાથે હંગેરીથી ત્રણ એન્જિનિયરો દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીનાં દર્શન કરી તેઓ ઘણા પ્રભાવિત થયા.

ચૌદલોક તૃણવત્ કરી સમજત

રાત્રે ૯-૪૦ વાગે યુવકોને સંબોધન કર્યું : 'કરોડ રૂપિયા ખર્ચે આવા સાધુ ન મળે. આવો જોગ ન મળે. આવો જોગ શું ? સત્સંગ ! સંત-સાધુ-બાવા તો ઘણા છે. કેટલાક ચોપાટી ઉપર બેઠા છે. ઋષિકેશમાં છે. કાળી કામળીવાળા, ભગવાં લૂગડાંવાળા બહુ છે. જૂનાગઢના દીવાન જાત્રામાં ગયા. અણિશુદ્ધ સાધુ ક્યાંય ન દીઠા. વાતું ન મળે. છાપાની વાતો તો મળે છે; પણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સંબંધી વાતો ન મળે. મનુષ્ય દેહ ન મળે. આ દેહ ખાવા-પીવા માટે દીધો છે ? કમાવા માટે દીધો છે ? મોક્ષ માટે દીધો છે.

'સુરેશભાઈ કંપાલાવાળા જાપાન, અમેરિકા, લંડન જઈ આવ્યા. આધુનિક ચાર ધામની જાત્રા કરી. રૂપિયા પાંચ હજાર ખર્ચ થયો. શું યુરોપિયન સાહેબ મળ્યા ! ભગતે દરિયો જોયો. અહીંથી અમેરિકા, જાપાન જોઈ લઈએ. સોનાના માળ ક્યાંય દીઠા ? ફ્રાન્સમાં દીઠા ? જાપાનમાં દીઠા ? યુરોપિયન સાહેબો બધા જંગલી ! કમાઈ જાણે. ધર્મ જેવું કાંઈ જ્ઞાન નહિ ! બ્રહ્મા પણ અહીં દેહ માગે. નિયમ-ધર્મ પાળીએ તો ભગવાન સોડમાં રોટલા દઈ જાય. શ્રદ્ધા હોય તો ભગવાન ગમે ત્યાંથી ખાવા દઈ જાય. માટે સારે ઠેકાણે વાપરીએ – પરોપકારમાં, ભક્તિમાં. અહીં દર્શન કરવા આવીએ છીએ તે ભગવાનને ચોપડે જમા થાય. ફરી આવ્યા. પાંચ હજાર ભગવાનને ચોપડે જમા નહિ થાય. આપણે છેલ્લો જન્મ કરવા આવ્યા છીએ.

'અહોહો ! માણસ બધા આ થાંભલાનાં (સભામંડપનાં) દર્શન કરે છે. થાંભલો જોવે, પણ સાધુને ન જુએ. આપણે ભગવાન પાસે બેસવું છે તે બેસાય એવા સ્વભાવ શીખવા.'

આજે સાંજે રાજકોટના કલેક્ટર રામકૃષ્ણન્ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સંસ્થા તરફથી રેલરાહત ફંડમાં રૂા. ૧,૫૫૧/- આપ્યા હતા.

તા. ૧૨મીએ સવારે 'સ્વામિનારાયણ પ્રકાશ'નો પાઠ કર્યો. મહારાજ સંબંધી લેખનું વાચન થયું. તેના અનુસંધાનમાં કહે : 'મહારાજ પાંચ વાનાં

લાવ્યા. સ્વયં પધાર્યા, નિયમ, ઐશ્વર્ય, ધામ, મુક્તિ... લાવ્યા. શું શું કાર્ય કર્યું ? સ્વયં શું ? એમણે સાકાર ઉપાસના કહી. નિરાકાર-તેજમાં તેજ ભળી જાય એમ નહિ. અક્ષરધામમાં શું ? આત્યંતિક પ્રલયના અંતે જેવું સ્વરૂપ છે તેવું લાવ્યા. મુક્તો શું ? શુદ્ધ વર્ત્યા ને વર્તાવ્યા. નિયમ પાળ્યા ને પળાવ્યા. ઐશ્વર્ય શું ? જીવનાં ઊંધાં કમળ સવળાં કર્યાં. ભગવાન સન્મુખ કર્યા. નિયમ શું ? નિર્વિઘ્ન રાખ્યા.

'શાસ્ત્રીજી મહારાજે શ્રીજીમહારાજનું કાર્ય દીપાવ્યું. રાધા-કૃષ્ણ - એ વાત સાચી. ભક્તે સહિત ભગવાન એ સમજવાનું. નર-નારાયણની મૂર્તિ અમદાવાદમાં પધરાવી તે 'અક્ષરાત્મક નરોત્તમ નારાયણ' લખ્યું. ધડાધડી ન થાય એ માટે નર-નારાયણ, રાધા-કૃષ્ણ પધરાવ્યા.'

બીજે દિવસે સવારે 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા'નો ૩૩મો અંક વંચાવ્યો. ધૂન કરાવી. સ્વામીશ્રી કહે : 'પત્રિકાથી સમાસ થાય છે. દરેકે ગ્રાહક થવું. એટલા પૈસા તો બીડી-બાકસમાં જાય. પુનિત મહારાજના કેટલા અંક નીકળે છે (જનકલ્યાણ) ! ગોરખપુરના કેટલા નીકળે છે (હિંદી - 'કલ્યાણ') ! આપણે એક લાખ નીકળવા જોઈએ.' એમ કહી તે માટે ધૂન કરાવી.

મોહનભાઈ બગડ ધામમાં પધાર્યા તે નિમિત્તે ધૂન કરાવી. ગયા શનિવારે સવારે ૫-૩૦ વાગે મોહનભાઈ ધામમાં જાય તે માટે ધૂન કરાવી હતી અને તે જ દિવસે સાંજે તેઓ ધામમાં પધાર્યા હતા !

ગોંડલના શિક્ષક દિનુભાઈ મહેતા નિયમિત મંદિરે આવતા ન હતા. તેમને પાણી આપી, રોજ આવવાનો નિયમ આપ્યો. ને કહે : 'જે દિવસે ન આવે તે દિવસે પચીસ માળાનો દંડ !' મોહનભાઈ વેલાને પણ પાણી આપી રોજ આવવાનો નિયમ આપ્યો.

દિવ્ય વિચરણ ગોથાં ખાય છે

તા. ૧૪મીએ સવારે 'સ્વામિનારાયણ પ્રકાશ'નો પાઠ કર્યો. તેમાં 'સ્વામીશ્રીનું દિવ્ય વિચરણ' એ લેખ આવ્યો. તે સાંભળી કહે : 'કેવો અલંકાર ચડાવ્યો ! ગોથાં ખાવાં એ દિવ્ય વિચરણ.'

'પાંગળો પર્વત ચડે, અંધને આંખ્યો જડે...' આ સાખી બોલ્યા અને કહે : 'યાદશક્તિ રહેવી કઠણ. ભગવાન ને સંતની દયા થાય ત્યારે શબ્દ નીકળે. 'પ્રકાશ' સંતો ચલાવે છે તે બુદ્ધિ ખીલી કહેવાય. દસ-વીસ જણ ફરનારા નીકળે

તો પચીસ હજાર ગ્રાહકો પ્રકાશ-પત્રિકાના થઈ જાય. આ હોનારત (રેલ) થઈ ને યુવકો ફરે છે તો લોકો સીધાં મોકલે છે. ટી.ટી. મુંબઈમાં છે બળિયા. પણ વ્યવહાર ખરો. પણ છૂટા થાય તો કરે. આજીવન સભ્ય વધારવા.'

હમણાં વરસાદ ઘણો પડી ગયો એટલે ઘાટમાં નાહવાનું બંધ કર્યું હતું. સ્વામીશ્રી કહે : 'હવે આઠમથી શરૂ કરવું. શ્રાવણ મહિનાનું પુણ્ય બહુ. પરોક્ષવાળા બહુ મહિમા સમજે છે.'

નવાગામથી હિંમતભાઈ વગેરે અગિયાર ભક્તો આવ્યા. સ્વામીશ્રીએ ભક્તિકિશોર સ્વામીને બોલાવી આજ્ઞા કરી કે 'તેમને માટે રોટલા, શાક, દહીં તૈયાર કરો.'

પ્રિન્સિપાલ પ્રહ્‌લાદભાઈને પૂછ્યું : 'નિશાળ કેવી ચાલે છે ? કેટલા છોકરા આવે છે ?'

'હમણાં ગુરુકુળમાં રજા છે. એટલે ૧૨૫ છોકરા આવે છે.' તેમણે કહ્યું.

સ્વામીશ્રી કહે : 'એટલા તો ઘણા છે. પાંચસોને ભારે.'

આવી નાની વાતોમાં પણ સ્વામીશ્રી વાતને મોળી પડવા ન દે. બળના શબ્દોથી વાતમાં જોશ મૂકી દે. મોળી વાત કે મોળપ એમનાથી ક્યાંય ભાગતા ફરે, તે સહેજે જણાઈ આવતું.

બપોરે જમ્યા બાદ ગ.મ. ૪૭ વંચાવ્યું. પછી કહે : 'મૂળજી બ્રહ્મચારીને વગર વાંકે કાઢ્યા તોય અવગુણ ન આવ્યો. તો નામ લખાણું. શાસ્ત્રીજી મહારાજે સારંગપુરમાં મૂળજી બ્રહ્મચારીની મૂર્તિ પધરાવી. મહારાજ એમનું માહાત્મ્ય જાણે છે. પણ ઠેબે નથી મારતા.

'કોઈ હરિભક્ત આવ્યો હોય તો માળા ફેરવવા બેસી ન જવું. ધ્યાન રાત્રે કરવું. ચા પાવી. ધ્યાનમાં રાખવું. આપણે પહેલી વાતચીતે કરીને સેવા કરવી. વાતચીતે કરીને શું ?

'ચીત એટલે શું ? ધ્યાન રાખવું. 'ક્યાં ઊતર્યા છો ? શું ખાધું ? શું પીધું ? ગાદલું મળ્યું કે નહીં ?' ચંપકભાઈ શેઠે કાંકરોલીમાં રૂા. ૧,૨૫૧નો થાળ કર્યો, પણ 'ક્યાં ઊતર્યા છો ?' કંઈ ન પૂછ્યું. એવું આપણે ન કરવું.'

આજે અર્જુનભાઈ ચાવડા અમદાવાદથી દર્શને આવ્યા. ગઢડાના કોઠારી હરિજીવન સ્વામીને રાજકોટ સરકારી દવાખાનામાં દાખલ કર્યા હતા તે સમાચાર મળ્યા. સ્વામીશ્રીએ ડૉક્ટર સ્વામી અને એક સંતને તુરત રાજકોટ તેમની ખબર કાઢવા તથા સેવા કરવા મોકલ્યા.

જન્માષ્ટમીને દિવસે સવારે સભામાં પધારી, સ્વામીશ્રીએ સૌને દર્શન આપ્યાં. બપોરની સભામાં ગ.મ. ૧૫મું વચનામૃત સમજાવી સૌને આનંદ કરાવ્યો. સ્વામીશ્રીની આજ્ઞાથી આજે લગભગ બધા જ હરિભક્તોએ નકોરડો ઉપવાસ કર્યો હતો. સાંજે પણ સભામાં સૌને દર્શન આપ્યા.

રાત્રે ૯-૦૦ થી ૧૦-૩૦ સ્વામીશ્રીની દિનચર્યાની ફિલ્મ બતાવવામાં આવી. મંદિરમાં ઘુમ્મટ નીચે જન્મોત્સવનો ઓચ્છવ કર્યો. ઠાકોરજીને પંચામૃત સ્નાન કરાવી, ૧૧-૩૦ વાગે પારણામાં ઠાકોરજીને ઝુલાવી, સ્વામીશ્રીએ આરતી ઉતારી.

ધોરાજી મંડળે કીર્તનો ઝીલાવ્યાં. અક્ષર દેરીમાં આરતી ઉતારી, સૌને રૂડા આશીર્વાદ આપી, ૧૨-૦૦ વાગે ઉત્સવની સમાપ્તિ કરી. પંચાજીરી તથા પંચામૃતનો પ્રસાદ સૌને વહેંચાયો હતો.

ભક્તવત્સલ બિરૂદ સોહાયો

તા. ૧૮મીએ રાજકોટમાં કોઠારી હરિજીવન સ્વામીએ દેહત્યાગ કર્યો. તેમના મૃતદેહને મોડી રાત્રે ગોંડલ લઈ આવ્યા. સવારે સ્વામીશ્રીએ 'કેવી રીતે ધામમાં ગયા ?' વગેરે સમાચાર પૂછ્યા. પ્રમુખસ્વામીને તાર કરાવ્યો. ગામમાંથી છોટુભાઈ વકીલ વગેરે હરિભક્તોને બોલાવ્યા. જ્યાં તેમનો પાર્થિવ દેહ સુવાડ્યો હતો, ત્યાં સ્વામીશ્રી પધાર્યા. કોઠારી સ્વામીને સ્વામીશ્રી દંડવત્ કરવા લાગ્યા. પછી સ્વામીશ્રીની સૂચનાથી, તેમના દેહને ઓરડાની બહાર લાવી લાંબી ખુરશીમાં પધરાવ્યો. ગરમ પાણી તથા પંચામૃતથી સ્નાન કરાવ્યું. નવાં વસ્ત્રો પહેરાવ્યાં. નવી કંઠી, જનોઈ વગેરે ધારણ કરાવ્યાં. પવિત્રાનો ઠાકોરજીનો પ્રસાદીનો હાર પહેરાવ્યો અને માથે પુષ્પ મૂક્યાં.

સ્વામીશ્રી કોઠારી સામું જોઈ રહ્યા હતા. નાની ઉંમરમાં શાસ્ત્રીજી મહારાજ પાસે દીક્ષા લઈ, મંદિરોનાં અનેકવિધ કાર્યો જીવનભર ઉત્સાહથી કરનાર એક બાહોશ કોઠારી, આજે અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તનના કાર્યમાં પોતાનું જીવન સમર્પિત કરી અહીં પોઢ્યા હતા. અને ત્યાં અક્ષરધામમાં મહારાજની સેવામાં બિરાજ્યા હતા. સ્વામીશ્રીના મુખારવિંદ ઉપર એ સંતોષ હતો કે કોઠારીએ શાસ્ત્રીજી મહારાજને ખરા રાજી કર્યા છે. અને આજ પર્યંત સત્સંગની સાચી સેવા કરી છે.

હરિભક્તો ધૂન કરતા હતા. સૌએ વારાફરતી કોઠારી સ્વામીની પૂજા

કરી. સ્વામીશ્રીએ કોઠારી સ્વામીનાં સેવા-કાર્યોને બિરદાવ્યાં અને મહિમા કહ્યો. બાદ આરતી ઉતારી ત્યારે પ્રમુખસ્વામીને ખાસ યાદ કર્યા. ગૌશાળા પાસે વાસુદેવ સ્વામીના ઓટાની બાજુમાં જ તેમનો વિધિપૂર્વક અગ્નિસંસ્કાર કર્યો. પંદર શેર ચંદનનાં લાકડાં મગાવ્યાં હતાં.

જળઝીલણી સાર્થક થઈ

ભાદરવા સુદ ૧૧, જળઝીલણીનો સમૈયો સાક્ષાત્ સ્થાન ગોંડલમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં ખૂબ જ ધામધૂમપૂર્વક ઊજવાયો. ઠાકોરજી અને ગણપતિને ચાંદીની પાલખીમાં પધરાવી, ગુરુકુળના સુસજ્જ યુવકો બૅન્ડ વગાડતાં અક્ષર કુંડે લઈ ગયા. વરસાદ થવાથી ત્રણે કુંડ ભરાયેલા હતા. આખું શહેર જોવા ઊમટ્યું હતું. કુંડમાં ત્રણે કાંઠા માણસોથી ચિક્કાર ભરાઈ ગયા હતા. ગામડાના તેમજ ગુજરાતમાંથી પણ ઘણા હરિભક્તો ખાસ દર્શને આવેલા. ઠાકોરજીને પાંચ વખત પંચામૃત સ્નાન કરાવ્યું. પછી ઠાકોરજી તથા ગણપતિને હોડીમાં પધરાવી, સિદ્ધેશ્વર સ્વામી ને સંતોએ કુંડમાં પાંચ પ્રદક્ષિણા કરી. દરેક પ્રદક્ષિણા વખતે પંચામૃત સ્નાન અને વેદોક્ત વિધિ પ્રમાણે આરતી કરતા. દરેક આરતી વખતે બૅન્ડ વાગતું અને જયનાદોના ઘોષ થતા. છેલ્લી આરતી વખતે સંતોની વિનંતીથી સ્વામીશ્રી પણ હોડીમાં બિરાજ્યા અને માથે પાણી ચડાવ્યું. સૌ હરિભક્તો કુંડમાં સ્નાન કરતા હતા. છેલ્લે પાલખીમાં ઠાકોરજીને પધરાવી, સાત સંતો શહેરમાં પધરામણીએ ગયા.

આમ, સ્વામીશ્રીએ સાક્ષાત્ ગુણાતીત સમાધિ સ્થાન ગોંડલમાં ઘણો સમય રોકાઈ સંત, પાર્ષદો અને હરિભક્તોને કથાવાર્તા, દર્શન, સમાગમનું અપાર સુખ આપી કૃતાર્થ કર્યા. દૂર દૂરના હરિભક્તો પણ અવારનવાર પધારી દર્શન-સમાગમનું સુખ લેતા. અને સાક્ષાત્ સ્થાનમાં શાંતિ અનુભવતા.

સ્વામીશ્રીએ કોઠારી હરિજીવનદાસના ઓટા ઉપર તા. ૬-૯-'૬૮, ભાદરવા સુદ ૧૫, શુક્રવારે સવારે ઘણા પ્રતિષ્ઠિત હરિભક્તોની હાજરીમાં શ્રીજીમહારાજનાં ચરણારવિંદ પધરાવ્યાં.

આ પ્રસંગે ભરાયેલી સભામાં સ્વામીશ્રીએ કોઠારી હરિજીવનદાસ સ્વામીની તનતોડ સેવાને યાદ કરી, ખૂબ પ્રશંસા કરી હતી. તા. ૧૦મીએ શાસ્ત્રીજી મહારાજનું શ્રાદ્ધ પણ અહીં કર્યું હતું.

ચોઘડિયાં તો વાગી ગયાં

તા. ૧૧મીએ સ્વામીશ્રી ભાવનગર પધાર્યા. રાત્રિસભામાં વાત કરતાં બોલ્યા : 'તમામ દેશના માણસ ભગવાનની શોધમાં મંડ્યા છે. ભગવાનનો સાક્ષાત્કાર થાવા માટે દાખડો કરે છે. કોઈ જોગી તપ કરે, કોઈ ઊંધે માથે લટકે, કોઈ કાંઈ કરતા હોય, પણ 'ભગવાનની શોધ કેમ થાય' એ કોઈ જાણતા નથી. વચનામૃત વાંચે તો ખબર પડે. પંદર મિનિટમાં સાક્ષાત્કાર થાય. મહારાજે વચનામૃતમાં કહ્યું છે ઈ પ્રમાણે સમજે તો વાર ન લાગે. પણ સમજ્યા નહીં. આ તો મોરલી વગાડતા હોય, મુગટ ધારણ કરેલો હોય, આભૂષણો પહેર્યાં હોય, પડછાયો ન પડતો હોય, કંકુનાં પગલાં પડે, ત્યાં સમજે - ભગવાન છે. ચોઘડિયાં વાગશે - એમ માને, પણ ચોઘડિયાં તો વાગી ગયાં.

'મહારાજે છેલ્લાના બીજામાં કહ્યું, પરોક્ષ દેવમાં ને પરોક્ષ ભક્તમાં જેવી પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિમાં આવે તો કાંઈ કરવાનું રહેતું નથી. આ વાણી સમજે તો અ-મૃત થઈ જાય.

'હું શું કરવા આવ્યો છું, શું થાય છે ? એમ પોતે પોતાનો વિચાર કરે ઈ પુરુષપ્રયત્ન !'

ભાવનગરનો ભાવ ફળ્યો

બીજા દિવસથી કાનજીભાઈ ભાઈચંદ સોની, તેમના સુપુત્ર બળવંતભાઈ તથા સત્સંગ મંડળ તરફથી પારાયણ યોજાયું. હરિભક્તોએ છેલ્લા એક માસથી આની તૈયારી કરી હતી. બે-ત્રણ વાર સૌ સ્વામીશ્રીને લેવા ગોંડલ પણ ગયા હતા. સૌને શંકા હતી કે 'નાદુરસ્ત તબિયતને કારણે સ્વામીશ્રી નહીં પધારી શકે.' પરંતુ એમણે તો પારાયણમાં આવવાનું વચન આપ્યું અને અહીં આવી પહોંચ્યા. પીતાંબરભાઈ, મોહનભાઈ પટેલ, મોહનભાઈ ચૌહાણ, રમેશભાઈ રાવળ, પુરુષોત્તમભાઈ, નિરૂભા ઝાલા, બળવંતભાઈ, ઈશ્વરભાઈ ઠક્કર, અન્તુભાઈ તથા સત્સંગ મંડળના સભ્યોએ એક સંપથી અને એક અવાજે આ ઉત્સવ ખૂબ સફળ રીતે ઊજવ્યો.

લોહાણા જ્ઞાતિ તરફથી વાડી સેવામાં આપી હતી. પ્રમુખસ્વામી તથા હું 'હરિલીલાકલ્પતરુ'ની પારાયણ કરતા. ૧૨મીએ પારાયણ બાદ આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'કલ્પતરુ નીચે બેસીને જે ચિંતવે તે પ્રાપ્ત થાય.

મોટાપુરુષને સેવ્યા હોય, બધા દેશકાળ આડા અવળા હોય તે ભગવાન સુધારે છે. આશરો કરવો જોઈએ. હરિલીલાકલ્પતરુનો એક શબ્દ કાને પડશે તેને શ્રીજીમહારાજ તેડવા આવશે. એવું મહાતમ છે. 'આપણે ભાવનગર કથામાં બેઠા હતા,' એટલું યાદ રહે તો ભગવાન તેડી જાય. અક્ષરધામનું ભાથું થાય.'

સાંજે ૪-૦૦ વાગે પ્રમુખસ્વામી પધરામણીએ જતા અને સ્વામીશ્રી પાસે વર્તમાન ધરાવવાનો કાર્યક્રમ ચાલતો.

રાત્રે ઉતારે દિશાએ જઈ બાજુના રૂમના બાથરૂમમાં સ્વામીશ્રી હાથ ધોવા જતા હતા. પણ એ રૂમમાં ઠાકોરજીને થાળ ધરાતો હતો. તે જોઈ ત્યાં ન જતાં બહાર નાના બાથરૂમમાં ગયા ને હાથ ધોયા. દિશાએ ગયેલા, ઠાકોરજી નજીક જવાય તો નહિ પણ દૂરથી પસાર પણ થવાય નહિ. એવી ઠાકોરજીની મર્યાદા રાખવામાં સ્વામીશ્રી હંમેશાં સાવધાન રહેતા.

પારાયણ દરમિયાન સ્વામીશ્રીએ ભાવનગરમાં હરિમંદિર કરવાનો સંકલ્પ કર્યો. યોગ્ય સ્થળની શોધ કરવા આજ્ઞા કરી.

સ્વામીશ્રી દરરોજ સવારે ૫-૦૦ થી ૬-૦૦ મંગળ પ્રવચન કરતા. તેમાં પણ ઘણા હરિભક્તો હાજર રહેતા. કવિશ્રી ત્રાપજકર સાંજે કથા બાદ ભજનો ગવરાવી આનંદ કરાવતા. છેલ્લા ૪ દિવસ સાંજે ૫-૦૦ થી ૭-૦૦ ચીમનલાલ શાસ્ત્રીએ શ્રીમદ્‌ભાગવતની કથા વાંચી, આનંદ કરાવ્યો. છેલ્લા બે દિવસ શંકર કવિએ આખ્યાનો કહ્યાં.

હાર કરતાં અધિક ધબ્બો

અમદાવાદના હરિહર આશ્રમના મહંત વાસુદેવાનદજી બે વખત સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા અને પોતાનાં સંબોધનોમાં સ્વામીશ્રીનો મહિમા કહ્યો હતો :

'આપણે બધા ટ્રેનના ડબ્બા જેવા છીએ. યોગીજી મહારાજ એંજિન જેવા છે. ડબ્બો ગમે તેવો સારો હોય પણ પોતે એકલો આગળ જઈ શકતો નથી. જૂનો તૂટેલો ડબ્બો હોય, પણ એંજિન સાથે જોડાય તો એંજિન જ્યાં જાય ત્યાં લઈ જાય.

'આજે દુનિયામાં અનેક પ્રકારની ઊથલપાથલો થઈ રહી છે. તેવા સંજોગોમાં કોઈપણ સાચું માર્ગદર્શન આપે એમ હોય તો આવા યોગીજી મહારાજ જેવા પુરુષ છે. દુનિયામાં લોકો ભગવાનને અનેક રીતે માને છે, પણ

શિષ્યની નિર્બળતાઓ દૂર કરી તેને બળ આપનાર ગુરુની જરૂર છે. તેવા પુરુષ યોગીજી મહારાજ છે.

'જૂનાગઢમાં નરસિંહ મહેતાને ભગવાને હાર આપેલો તેથી અધિક આ ધબ્બાનો મહિમા છે.

'શિક્ષાપત્રીનું પાલન કરે અને યોગીજી મહારાજનો આશ્રય કરે તો જ્ઞાન થાય. ધૂળનો ઢગલો પડ્યો હોય તેમાં વચ્ચે કોહિનૂર હીરો દટાયો હોય તે શોધે તો જડી જાય, એમ આજે આપણે બધા ધૂળના ઢગલા જેવા છીએ. તેમાં યોગીજી મહારાજ કોહિનૂર હીરો છે.'

અહીં મહારાજા વીરભદ્રસિંહજીના આમંત્રણથી સ્વામીશ્રી રાજમહેલમાં પધાર્યા હતા. સ્વામીશ્રીનું ઉમળકાભેર સ્વાગત કર્યું. સ્વામીશ્રીના આશીર્વાદથી તેમને ત્યાં કુંવરનો જન્મ થયો હતો. કુંવરને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. પછી મહારાજાએ પૂજન કર્યું હતું.

સાંજે સનાનત હાઈસ્કૂલમાં સત્સંગ સભા યોજી હતી. ડૉક્ટર સ્વામી તથા મેં વિદ્યાર્થીઓ સમક્ષ સત્સંગ વિષયક પ્રવચનો કર્યાં હતાં.

ભાવનગર સત્સંગ સમાજના અગ્રણી કાર્યકરો મુગટભાઈ કામદાર વગેરેએ સ્વામીશ્રીને સ્વામિનારાયણ મંદિરે પધારવા ખાસ આમંત્રણ આપ્યું હતું.

સાંજે સ્વામીશ્રી સંતો તથા હરિભક્તો સાથે મંદિરે પધાર્યા. મંદિરના કાર્યકરોએ ફૂલહારથી સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. આ પ્રસંગથી સહુને ખૂબ ગુણ આવ્યો.

સાંજે પારાયણ બાદ સ્થાનિક બાળ મંડળના સભ્યોએ સુંદર સંવાદ ભજવી સ્વામીશ્રીને રાજી કર્યા.

પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે ભાવનગર સત્સંગ સમાજના અગ્રણી હરિભક્તો મુગટભાઈ કામદાર વગેરેએ પ્રેરક પ્રવચનો કરી, સ્વામીશ્રી પ્રત્યે ખૂબ જ પ્રેમ અને સદ્‌ભાવ વ્યક્ત કર્યો હતો.

પારાયણ દરમિયાન ભાવનગરના મેયર શેઠ બકુભાઈ, શેઠ માસુમ અલીભાઈ, કલેક્ટર જોશી, દરેડ દરબાર, લાઠી દરબાર, વળા દરબાર તથા શહેરના અગ્રણી ડૉક્ટરો, વકીલો, પ્રાધ્યાપકો, વેપારીઓ વગેરે દર્શને આવતા અને સ્વામીશ્રીનું દિવ્ય વ્યક્તિત્વ, સાધુતા અને પારાયણનું સુંદર આયોજન જોઈ પ્રભાવિત થયા.

ભાવનગરમાં આઠ દિવસ સુધી દર્શન, સેવા અને સમાગમનું સુખ આપી,

તા. ૧૯મીએ સાંજે સ્વામીશ્રીએ ગઢડા જવા વિદાય લીધી.

ધબ્બાની અસર

રસ્તામાં શિહોરમાં ૫૦૦ જેટલા હરિભક્તોને દર્શન લાભ આપી, સોનગઢ ટી.બી. હૉસ્પિટલમાં પધાર્યા. સાંખેજના ભગવતીભાઈને અહીં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને મળ્યા. સ્થાનિક ગુરુકુળના પ્રમુખ, ચુસ્ત આર્ય-સમાજી મણિભાઈ પટેલે સ્વામીશ્રીનું બૅન્ડ વગેરેથી સ્વાગત કર્યું. શિક્ષકો અને મણિભાઈએ સ્વામીશ્રીને હાર પહેરાવ્યો. પ્રાસંગિક પ્રવચનો પણ થયાં. જો કે મણિભાઈએ હાર પહેરાવ્યો તેનું સૌને ખૂબ આશ્ચર્ય થયું, કારણ કે પોતે આર્યસમાજી હોવાથી આવી ઔપચારિક વિધિ તેમને જરાય પસંદ નહોતી. પાછળથી ભગવતીભાઈએ સ્વામીશ્રીને તેમનો પરિચય આપ્યો. સ્વામીશ્રીએ રાજી થઈ જોરથી તેમને ધબ્બો આપ્યો અને વિદાય લીધી. જેવી મોટર ઊપડી, તરત જ મણિભાઈ મોટેથી જયનાદ કરી ઊઠ્યા : 'યોગીજી મહારાજની જય !'

શિક્ષકો તો આ ઘટના આશ્ચર્યવત્ જોઈ રહ્યા. મણિભાઈમાં આવો ભક્તિભાવ કે ઉમંગ આ પહેલાં તેમણે ક્યારેય જોયેલો નહીં ! તેમણે વિસ્મિત ભાવે પૂછ્યું : 'આ શું મણિભાઈ ?'

'બસ, ધબ્બાની અસર ! એ ધબ્બાએ આત્માને ઢંઢોળી દીધો. એ ખરેખર મહાન સંત છે ! મને લાગ્યું કે અહીં નમ્યા વિના છૂટકો નથી !' મણિભાઈએ કહ્યું.

❀ ❀ ❀

પ્રેમલધારા ૧૦



વંદું સહજાનંદ ચરણરજ

સ્વામીશ્રી અહીંથી ૯-૩૦ વાગે ગઢડા પધાર્યા.

બીજે દિવસે સવારે જૂના મંદિરે તથા લક્ષ્મીવાડીએ દર્શને પધાર્યા. આ એમનો હંમેશનો ક્રમ. ગઢડામાં જેટલા દિવસ રહે એટલા દિવસ હંમેશાં જૂના મંદિરે તથા લક્ષ્મીવાડીએ દર્શને અચૂક પધારે. અને એક એક પ્રસાદીનાં સ્થળે અવશ્ય દર્શન કરવા જાય જ. દંડવત્ કરે, ભાવથી દર્શન કરે. ક્યારેક ઓછું રોકાવાનું હોય તો સાંજે ફરી વાર મંદિરે તથા લક્ષ્મીવાડીએ દર્શને જાય.

મંદિરમાં પહેલાં દરબારના લીંબડાનાં દર્શન કરે. દંડવત્ કરે. લીંબડાને બાથમાં લઈ ભેટે. પછી વાસુદેવ નારાયણના ઓરડે દર્શન કરે. મૂર્તિ ધારી ધારીને નીરખે. ઢોલિયો, ગોળી, ગોખ એક એક પ્રસાદીનો સ્પર્શ કરી, દર્શન કરે. ઘણી વસ્તુઓ ઉપર રજોટી ચડી ગઈ હોય, તે હાથમાં આવે તો રાજી થાય ને આંખ ઉપર ને માથે ઘસે.

દાદાખાચરના ઓરડા ઉપર જ્યારે બીજાં છાપરાં ચડાવ્યાં અને જૂના ઓરડાના રક્ષણ માટે સુંદર વ્યવસ્થા કરી, તે જોઈ સ્વામીશ્રી બહુ રાજી થયા હતા. અને આ પ્રકારે સારંગપુર, કારિયાણી તથા લોયામાં પણ પ્રસાદીના ઓરડાઓ ઉપર ઢાંકણ થઈ જાય ને તેના રક્ષણની વ્યવસ્થા થાય, એમ હંમેશાં શુભ સંકલ્પ તેઓ કરતા. ઊગમણા બારના ઓરડા પણ લેવાઈ જાય ને લીંબડા ફરતા બધા ઓરડાનાં ને ચોકનાં સરસ દર્શન થાય એમ પણ તેઓ હંમેશ મહારાજને પ્રાર્થના કરતા. ઘણી વાર બજાર તરફથી ઊગમણા બારના ઓરડાનાં ને પ્રસાદીનો પૂનમિયો કૂવો છે, તેનાં દર્શન કરવા જતા.

પાછળથી વાસુદેવ નારાયણના ઓરડા પાસેના ખૂણાની સાંકડી બારીમાંથી સ્વામીશ્રી આથમણા બારના ઓરડાનાં દર્શન કરવા જતા. દરેક ઓરડામાં સિંહાસન ને મૂર્તિઓની ગોઠવણી પણ એમને ગમી ગઈ હતી અને

નીરખી નીરખીને દર્શન કરતા. એ જ રીતે ઊગમણા બારના ઓરડાનાં દર્શન કરતા. પહેલા ઓરડાના દરવાજા પાસે મહારાજ જમવા બેસતા ને બાજુના બારણામાંથી (દીવાલમાં જડી દીધેલ છે) મૂળજી બ્રહ્મચારી થાળ લાવતા, એ સ્થળે પણ દંડવત્ કરી, સૌને મહિમા સમજાવતા.

રસ્તામાં મહારાજ માણકી ઘોડી બાંધતા એ સ્થળે પગે લાગી અક્ષર ઓરડીએ પધારતા. અંધારું હોય છતાં જાળીમાંથી અંદર ઊંડે સુધી દર્શન કરવા પ્રયત્ન કરતા. જાણે મહારાજને સાક્ષાત્ હરતાં-ફરતાં નિહાળતા હોય, એમ બહુ વખત સુધી ભાવવિભોર બની ઓરડીમાં જોઈ રહેતા. અક્ષરધામનો તખતો - ચિત્ર-પ્રતિમા જોવાનો પણ પ્રયત્ન કરતા. ક્યારેય કોઈ ભાવિક દરવાજો ઉઘાડી અંદર દર્શન કરાવે ત્યારે તો એમના આનંદનો પાર રહેતો નહિ. પ્રદક્ષિણા કરી, ગંગાજળિયા કૂવાનાં પણ દર્શન કરવાનાં જ. પોતે એક હાથે પાઘ પકડી રાખે ને એક હાથે સેવકનો ટેકો લીધો હોય, ને કૂવાની અંદર ઊંડે સુધી જોવા પ્રયત્ન કરે ને કહે : 'અહીં મહારાજ માણકી ઉપર બેસી દર્શન દે છે, એમ સૌ કહે છે.'

ભગવાન સંબંધી આવી નાની નાની લોકમાન્યતાઓ અને શ્રદ્ધાનો પણ એટલો જ આદર અને આસ્થા.

પછી ઓરડી સામે બેસી, શુભ સંકલ્પ કરી, ધૂન કરાવે. જે કંઈ નવાં કાર્યો થતાં હોય, થવાનાં હોય, તેને યાદ કરી ધૂન કરાવે. અહીં હરિભક્તો પાસે ઠાકોરજીનો પ્રસાદ મગાવે ને તે પોતાને હાથે બધાને વહેંચે. પ્રસાદ વહેંચવામાં બહુ આનંદ, લેશ કંટાળો નહિ.

મંદિરમાં ગોપીનાથજી મહારાજ તથા દરેક મૂર્તિનાં, પ્રદક્ષિણામાં હરિકૃષ્ણ મહારાજ ને પ્રસાદીની વસ્તુઓનાં ખૂબ ભાવથી દર્શન કરે. દરેક સ્થળે દંડવત્ તો કરવાના જ. પછી પ્રદક્ષિણાના પાછળના ભાગમાંથી બ્રહ્મચારીના આસને પધારે. અહીં સિંહાસનમાં મૂર્તિઓનાં દર્શન કરી, સભામંડપમાં સિંહાસનમાં દર્શન કરે અને પછી મંદિર સામે વચનામૃતની છત્રીનાં દર્શન કરી, લક્ષ્મીવાડી તરફ પ્રયાણ કરે. મંદિરમાં ફરતાં રસ્તામાં નાના-મોટા જે સંતો ઊભા હોય તે બધાયને બે હાથ જોડી, મસ્તક નમાવી પગે લાગવાની પણ એમને સહજ ટેવ હતી. કોઈ ગમે તે ભાવથી સામે જોઈ રહ્યા હોય, અનાદર દાખવે, પણ સ્વામીશ્રીના આદરનો ભક્તિપૂર્ણ સ્રોત દરેક દિશામાં વણથંભ્યો વહી રહ્યો હોય. એને કોઈ ખાળી શકે નહિ.

લક્ષ્મીવાડીમાં પણ પ્રથમ મંદિરે, નિષ્કુળાનંદ સ્વામીની ઓરડીએ, વિમાન

મૂકેલું તે છત્રીએ, પાછળ ખૂણામાં ખેતરના છેડે ખીજડે તથા બીજા છેડે કૂવા તરફના ખૂણે ગુણાતીતાનંદ સ્વામીને મહારાજે દર્શન આપેલાં તે સ્થળે અચૂક દર્શને જવાનું. પછી ઉનાળાનો સખત તડકો કે વરસાદ વરસતો હોય, પણ દરેક સ્થળનાં દર્શનનું એમનું નિયમ સ્વામીશ્રી ચૂકતા નહિ. બેઠકે સ્વામીશ્રી થોડું બેસતા. શરૂઆતમાં અહીં છતનું કામ ચાલતું તે ઘણાં વર્ષો સુધી ખુલ્લું પડી રહેલું. કામ આગળ વધતું નહિ. તે જોઈ સ્વામીશ્રીને દુઃખ થતું અને હંમેશાં પ્રાર્થના કરતા કે ‘આ આરસની છતનું કામ, થાંભલા વગેરે જલદી થઈ જાય.’

અહીં પણ ઘણી વાર બધાને મગજનો પ્રસાદ વહેંચતા. આ બધાં દર્શનમાં સ્વામીશ્રી ખોવાઈ જતા. કાંઈક અદૃશ્યમાં જોઈ રહ્યા હોય, તન્મય થઈ ગયા હોય, એવા ભાવવિભોર તેઓ દેખાતા.

આજે, મહારાજને અગ્નિસંસ્કાર કરેલો એ સ્થળે બેઠા. પછી કહે : ‘શાસ્ત્રીજી મહારાજ અહીં આવતા ત્યારે બેસતા. શાસ્ત્રીજી મહારાજને ઘેલા નદીનો મહિમા બહુ. બે વખત અહીં ગ્રહણનું સ્નાન કરેલું. સારંગપુરથી ખાસ આવતા. એક વખત શંકર ભગત કોઠારીને સાથે લાવ્યા. પોષ મહિનાની ઠંડી હતી એટલે તેઓ નાહવા ન ગયા. શાસ્ત્રીજી મહારાજને ખબર પડી એટલે કહે : ‘નાહવા કેમ ન ગયા ? એટલા માટે તો લાવ્યા છીએ. દેહ પડી જાય તોય શું ? ધામમાં જવાય !’ એમ કહી, એક પાર્ષદને જોડમાં મોકલી, ઘેલામાં નાહવા મોકલ્યા.’

ચાલો, સુખિયા કરી દઈએ

સાંજે સહસ્ર ધરે પધાર્યા. અહીં મેઇન રોડથી ધરા સુધી પાકો રસ્તો બાંધવાનો હતો તેનું નિરીક્ષણ કર્યું અને તેનો અમુક ખર્ચ સંસ્થા તરફથી આપવાનો નિર્ણય કર્યો.

ધરા પાસે પધારી સ્વામીશ્રી કહે : ‘આ ધરામાં પાંચસો પરમહંસો સહિત ઘણી વાર શ્રીજીમહારાજે સ્નાન કર્યું છે ને ત્યાં મગર તથા માછલાંને સમાધિ કરાવી છે.’ એમ કહી નજીકમાં એક બાવાજીએ બાંધેલી ઝૂંપડીમાં પધાર્યા. સ્વામીશ્રીએ તેમને કહ્યું : ‘અહીં ભગવાન પધરાવો.’ સ્વામીશ્રીએ અહીં ઠાકોરજીને પધરાવવાનું નક્કી કર્યું હતું.

થોડી વારે ધરામાં સ્નાન કરવા પધાર્યા. કિનારે બેસી લોટે લોટે સ્નાન કરવાની એમની વિલક્ષણતા સૌને ખૂબ આકર્ષતી. પ્રમુખસ્વામી તથા સંતો-

હરિભક્તોના માથે પાણી ચડાવતાં રાજીપો બતાવતા હતા. સિદ્ધેશ્વર સ્વામીને માથે પાણી રેડતાં બોલ્યા : 'ગોંડળના સંતો વતી ન્હાવ...' એમ કહી, સ્નાન પછી પથ્થરનો ગોખ હતો ત્યાં બેઠા ને એકદમ કહે : 'જેને જેને દુ:ખની વાત હોય તે મંડો કહેવા. સુખિયા કરી દઈએ !'

કોઈ બોલે તે પહેલાં સંતસ્વામી બોલી ઊઠ્યા : 'સ્વામીશ્રીની શરદી મટી જાય તેવી ધૂન કરો...'

સૌ ધૂન કરવા લાગ્યા. સાથે સ્વામીશ્રી પણ હસતાં હસતાં જોડાઈ ગયા.

'આપ ક્યાંના મહંત છો ?'

પછી બાવાજીની ઝૂંપડીની ઓસરીએ પધારી સભા ભરી. સ્વામીશ્રીને બાવાજીએ પૂછ્યું : 'આપ ક્યાંના મહંત છો ? તમે બેઠા છો એ સ્થાનનો હું મહંત છું.' તેમણે જરા ભારે અવાજે કહ્યું.

સ્વામીશ્રી બધાનો પરિચય કરાવવા લાગ્યા કહે 'આ અમારા સંતસ્વામી, સારંગપુર મંદિરના મહંત. આ બાલમુકુંદ સ્વામી, અક્ષર મંદિર - ગોંડલના મહંત. અને પ્રમુખસ્વામી તો સંસ્થાના ધણી !'

એવામાં પ્રમુખસ્વામીએ પૂછ્યું : 'આપ ક્યાંના મહંત ?'

'અક્ષરધામના !' સ્વામીશ્રીએ લહેકાથી હાથ ઊંચો કરીને કહ્યું. સૌ ખૂબ રાજી થયા.

મરજી શું ?

રાત્રે મંદિરમાં સભા થઈ. વરતાલના ૫માં વચનામૃતમાં વાત આવી : 'દૃઢ આશ્રયવાળો ભક્ત પ્રભુની જેમ મરજી હોય તે પ્રમાણે જ વર્તે.' એ વાત ઉપર સ્વામીશ્રીએ સંતસ્વામીને પૂછ્યું : 'તમે કહો, ભગવાનની શું મરજી ?'

સંતસ્વામી કહે : 'છપ્પન લાખ બાવા છે. તેમાં ત્રણ અબજની વસ્તી ચોંટી છે. તેમાં સાચા પુરુષ ઓળખાવી તેમાં જોડવા ને અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા પ્રવર્તાવવી.'

સ્વામીશ્રીના શબ્દોમાં કહીએ તો સંતસ્વામી પણ 'ઘાવેડુ' હતા. શાસ્ત્રીજી મહારાજને સેવી, સંતના મર્મને જાણી, પ્રસંગોપાત્ત સચોટ ઉત્તર આપતા.

પછી પોતે બોલ્યા : 'મરજી શું ? નિષ્ઠા પ્રવર્તાવવી અને ભગવાન અને સંતમાં જોડી દેવા. બીજે માલ ન મનાય. એવી નિષ્ઠા થઈ પછી જોવાનું -

જાણવાનું રહેતું નથી.'

તા. ૨૧મીએ સવારે જૂના મંદિર, લક્ષ્મીવાડીએ દર્શન કરી મંદિરે આવ્યા.

આજે અમાસનું સૂર્યગ્રહણ હોવાથી સવારથી સ્વામીશ્રીએ વેધને કારણે કાંઈ જ લીધું ન હતું. છેવટે પ્રમુખસ્વામી તથા સંતસ્વામીએ ખૂબ આગ્રહ કર્યો ત્યારે રકાબીમાં થોડો ઉકાળો લીધો.

આજે મુંબઈથી મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી, ભટેસા વગેરે સ્વામીશ્રીને મુંબઈ તેડી જવા અહીં આવી પહોંચ્યા.

સ્વામીશ્રી કહે : 'સારંગપુર દર્શન કરવા છે. એટલે તરત ન અવાય.'

સૌએ ખૂબ જ આગ્રહ કર્યો, પણ સ્વામીશ્રીએ રાત સારંગપુર રહેવા નિશ્ચય કરી લીધો હતો.

બપોરે આરામમાં જતાં સ્વામીશ્રી કહે : 'સારંગપુર દર્શન કર્યા વિના જઈએ તો શાસ્ત્રીજી મહારાજ ઠપકો આપે કે જોગી અહીં સુધી આવ્યા ને સારંગપુર કેમ ન આવ્યા ?' આમ, પોતાની અનન્ય ગુરુભક્તિ દર્શાવી.

સાંજે ૪-૪૫ થી ૬-૪૦ સુધી સુંદર ભજન-કીર્તન થયાં. સ્વામીશ્રીના આશિષ પછી સૌએ ઘેલા-સ્નાન કર્યું. સ્વામીશ્રીએ પણ ઘેલા નીર મગાવી, સ્નાન કરી પૂજા કરી હતી.

ગ્રહી બાંય છોડો નહિ ગિરિધર

તા. ૨૩મીએ બોટાદ થઈને રાણપરી મૂર્તિપ્રતિષ્ઠા માટે પધાર્યા. આજુબાજુનાં ગામોના અનેક હરિભક્તોએ આ ઉત્સવનો લાભ લીધો.

અહીં અડવાળના મેરુભા આવ્યા હતા. હકાભાઈ સાથે મુરબ્બી તરીકેની લાગણી હોવાથી તેમના આગ્રહથી મેરુભા સૌ પ્રથમ અડવાળ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા, ત્યારે પ્રેમાર્દ્ર થઈને ધબ્બો આપતાં સ્વામીશ્રીએ કહેલું : 'મેરુભા ! અમે તમને નહીં ભૂલીએ, તમે અમને નહીં ભૂલોને !'

આ લાગણી મેરુભાને ધીરે ધીરે વધુ ને વધુ આકર્ષતી જ રહી. છેવટે તેઓ સારા સત્સંગી બની ગયા.

અહીં અક્ષરપુરુષોત્તમ મહારાજ ધામધૂમથી બિરાજી ગયા. સૌ મહાપ્રસાદ લેતા હતા ત્યાં સ્વામીશ્રી પધાર્યા. મેરુભા ઉપર દૃષ્ટિ પડી. અને ચાર વર્ષ પહેલાં મળ્યા હતા તે સ્મૃતિ કરતાં સ્વામીશ્રી હેતના ઉમળકા સાથે બોલ્યા : 'કેમ મેરુભા ! આવી ગયા છો ને ?'

મેરુભાને શાંતિનો શેરડો વળી ગયો. તેમને થયું : 'આપણે કદાચ ભૂલીએ પણ આ સાધુ આપણને ભૂલે તેવા નથી !'

અહીંથી સાંજે વિદાય લઈ, સ્વામીશ્રી ઝમરાળા, કારિયાણી થઈ, રાતે સારંગપુર આવી પહોંચ્યા.

કંપાલાવાળા ત્રિભોવનદાસભાઈ સ્વામીશ્રી સાથે હતા. સ્વામીશ્રીએ પૂછ્યું : 'સૂવાની-ઉતારાની સગવડ કરી ?'

તેઓ કહે : 'બાપા ! આપ ચિંતા ન કરશો. બધું થઈ જશે. આપ આરામ કરો.'

'એમ નહીં, ગુરુ ! એમ આરામમાં ન જવાય. પહેલાં તમારી સગવડ કરાવી જોઈએ.' એમ કહી એક હરિભક્તને મોકલી, તેમની સંપૂર્ણ વ્યવસ્થા કરાવી. ત્રિભુવનદાસભાઈને સ્વામીશ્રીના વાત્સલ્યનો - સાર-સંભાળનો આ એક જ અનુભવ નહોતો !

અહીં અડવાળથી કરસનસંગ બાપુ, દાદુભા બાપુ, નાગભા બાપુ વગેરે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

આ લાભ ચૂકવો નહિ

સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના સમાધિ સ્થાને દર્શને ગયા. વાદળાં ઘેરાયાં હતાં અને વરસાદના છાંટાય પડતા હતા. સ્વામીશ્રી કહે : 'પ્રસાદીના કુંડે અહીંથી દર્શને જવાનું છે. માટે સૌ ચાલો.'

કરસનસંગ બાપુ કહે : 'બાપા ! વરસાદથી ગારો થઈ ગયો છે ને હમણાં વરસાદ તૂટી પડશે. બધા પલળી જઈશું. આપને શરદી લાગી જશે. માટે અત્યારે જવાનું મોકૂફ રાખો તો સારુ.'

'ના, બાપુ ! એવી મોળી વાત કરો મા. આપણે દર્શને જવું જ છે.'

સ્વામીશ્રીએ કુંડે જઈને જળ મસ્તકે ચઢાવ્યું. અને સર્વના માથે પણ ચઢાવ્યું. ઘણા શુભ સંકલ્પોની ધૂન કરાવી. પછી વાત કરતાં કહ્યું : 'જ્યારે શાસ્ત્રીજી મહારાજ સારંગપુર પધારતા, ત્યારે નિત્યે કુંડ પર દર્શને આવતા, અને એક વચનામૃત અને પાંચ સ્વામીની વાતું વંચાવતા અને પોતે તે પર સાર સમજાવતા. માટે આપણે આ સ્થાનનાં દર્શનનો લાભ કદી ચૂકવો નહીં.'

પછી એક ખીજડા પાસે આવ્યા, ત્યાં દંડવત્ કરવા લાગ્યા. સૌ સંતો-હરિભક્તો સ્વામીશ્રીને અનુસર્યા. સ્વામીશ્રીએ ફરી શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિ

કરી : 'શાસ્ત્રીજી મહારાજ જ્યારે ઉનાળામાં કુંડે દર્શન આવે, ત્યારે આ ખીજડા નીચે ઊભા રહેતા. તે સ્મૃતિ સાથે દર્શન કરો.'

પછી શાસ્ત્રીજી મહારાજની દેરીએ, સારંગપુરના મિસ્ત્રી ધનજીભાઈને ૬૯ વર્ષે પાર્ષદ દીક્ષા આપી, વલ્લભ ભગત નામ પાડ્યું.

સ્વામીશ્રી વરસતા વરસાદમાં કાદવ ખૂંદતા પણ કુંડે દર્શન કરવા ગયા, તે જોઈ કરસનસંગ બાપુના મનમાં થયું કે 'આટલી ઉંમરે સ્વામીશ્રીને કેવી શ્રદ્ધા અને કેવો મહિમા ! ખરેખર સત્પુરુષો જ તીર્થને તીર્થત્વ આપે છે.'

તા. ૨૫મીએ સવારે મંગળ પ્રવચનમાં નવા પાર્ષદ વલ્લભ ભગતને જોઈ સ્વામીશ્રીએ પૂછ્યું : 'પારણાં કર્યાં ?' તેમને ગઈકાલે દીક્ષા આપી હતી એટલે ઉપવાસ હતો, તે સ્વામીશ્રીના ખ્યાલમાં હતું. તેથી શરબત બનાવી તેમને પીવડાવવા સ્વામીશ્રીએ તુરત સંતોને મોકલ્યા. તેમનો પરિચય આપતાં કહ્યું : 'ધનજીભાઈ જૂના મંદિરના, ચૂનાની ચક્કી હાંકવા આવે, હું સાથે ફરું, વાત કરું, હેત થઈ ગયું, ભગત થઈ ગયા.'

કથાવાર્તામાં સ્વામીશ્રીએ કહ્યું : 'એકાંતિક ધર્મ સિદ્ધ કરવામાં દેહ, દોષ ને સ્વભાવ નડે છે. એકાંતિક ધર્મ સિદ્ધ થાય એટલે કોઈનો અભાવ-અવગુણ આવે નહિ. નિર્દોષભાવ રહે. ભગવાન ને ભગવાનના ભક્તમાં દિવ્યભાવ રહે એટલા માટે કથાવાર્તા છે.'

મહારાજના સંબંધની અસ્મિતા

સવારે જીવાખાચરના ઓરડે દર્શન કરવા ગયા. ત્યા એક સતને આજ્ઞા કરી કે 'દર અઠવાડિયે એક માણસ મોકલી આ ઓરડા સાફ કરાવવા.'

આ પ્રસાદીના ઓરડાઓ જૂના મંદિરના તાબામાં હતા. ખાસ સાફ થતા નહિ. તેથી સ્વામીશ્રીએ પોતાનું માનીને સૂચના આપી.

ગામમાં શ્રીજીમહારાજનો પ્રસાદીનો ચોરો છે, ત્યાં સ્વામીશ્રીની પ્રેરણાથી રૂપિયા ચાર હજારના ખર્ચે જીર્ણોદ્ધાર થયો હતો. તે ચોરાનું દરબારોએ સ્વામીશ્રીના હસ્તે ઉદ્‌ઘાટન કરાવ્યું.

રાત્રે સભામાં ઘનશ્યામચરણ સ્વામીએ ધૂન તથા કીર્તનોની રમઝટ બોલાવી. નાના સંતોએ મુજરા કર્યા. સ્વામીશ્રી કહે : 'કલૌ કીર્તનાત્. મુક્તાનંદ સ્વામી પણ મહારાજ આગળ ઘૂઘરા બાંધી નાચતા. બધો સરંજામ જોઈએ. આવી રીતે ભજન-કીર્તન થાય તો સભામાં ન આવતા હોય તે આવે.

'મોટી કુંકાવાવમાં દામોદર શેઠ ઘીનો વેપાર કરે. ભક્તચિંતામણિનાં છ પ્રકરણ વાંચવાનો તેમને નિયમ હતો. અનંત કોટિ મુક્તો સાંભળવા આવતા. ત્રણ પ્રકરણ વાંચ્યાં ને ઘીની વાત કાઢી તે મુક્તો ચાલ્યા ગયા. માટે ભજનમાં વ્યવહાર ન સંભારવો.'

બે દિવસ પછી સવારે આફ્રિકાથી સ્ટીમરમાં આર.યુ. પટેલ, મણિભાઈ ગૅરેજવાળા, ઈશ્વરભાઈ, સુરેશભાઈ, છોટાભાઈ, વીરચંદ શાહ વગેરે હરિભક્તો આવ્યા. તેમના સમાચાર પૂછ્યા.

સાંજે વાડીમાં બધે ફર્યા. વંડો પડી ગયો હતો તે જોયો. પછી દેરીએ પધાર્યા.

થઈ એકમના પ્રભુને ભજીએ

રાત્રે સભામાં વાત કરી : '*હરિગુણ ગાતાં...* એ ચાર કીર્તન શાસ્ત્રીજી મહારાજને બહુ પ્રિય હતાં. એમાં બહુ જ્ઞાન આવી ગયું. મહારાજની મૂર્તિ સામું જોઈ કીર્તન કરેલાં. અહીં પોઢતા ને ૧૨ વાગ્યા સુધી કીર્તન સાંભળતા. એમાં લખ્યું - '*થઈ એકમના પ્રભુને ભજીએ...*' એક સંપથી કામ થતું હોય તો સહુ ભળી જાય. 'એ તો એને માથે ક્રિયા છે. મારે શું ?' એમ નહિ. શાસ્ત્રીજી મહારાજ દરેક કામમા જતા.'

એક હરિભક્ત ઝોલું ખાતા હતા. તે જોઈ કહે : 'થાંભલો જડ છે. તેનો આશરો લઈએ તો જડ કરી નાખે.'

'પાંચસે પરમહંસો એકમના થઈ પ્રભુ ભજતા. શાસ્ત્રીજી મહારાજના ૫૦ સંતો હતા. એક અવાજ, બીજો વિચાર નહિ. રિસાઈ જવું નહિ. ઠરડાવું નહિ. આપણું ઘર જાણી સેવા કરવી. શાસ્ત્રીજી મહારાજ રાત કહે તો રાત; દી' કહે તો દી'. એમાં શંકા નહિ. તૈંયે મોટાપુરુષ રાજી થયા છે.

'મહાપુરુષ સ્વામી કહેતા : 'અમે નાક કાપી પૂંઠે ચોડ્યું છે ત્યારે ભગતજી મહારાજ રાજી થયા છે. કોઈ દી' સન્માન તો ભગતજી મહારાજે કર્યું જ નથી. મહુવા જઈએ તો તગેડી મૂકે.'

રાત્રે મોમ્બાસાના મોહનલાલ ઓધવજી સમાગમમાં આવી પહોંચ્યા હતા.

જીવની હડતાલ !

તા. ૨૮મીએ સવારે પ્રાતઃ સભામાં ધૂન, સ્તોત્ર-ગાન બાદ હડતાલની વાત નીકળી. સ્વામીશ્રી કહે : 'જીવની હડતાલ પડે છે. ભગવાન ને સંતનો

અભાવ આવ્યો તે હડતાલ પડી. પછી એકાંતિક ન થાય. ભગવાન ને સંતનો અભાવ આવ્યો એ મરણ; દેહે કરીને મરવું એ મરણ નથી. તેથી મહારાજે પાને પાને કહ્યું કે 'અભાવ ન લેવો.'

'આફ્રિકામાં સત્સંગનું જૂથ છે. બહુ સારું છે. મહારાજનો પ્રવેશ હોય ત્યાં સુખ-શાંતિ હોય. સી.ટી. સાહેબને ખૂબ ધગશ. આફ્રિકાવાળા આવ્યા તે ખર્ચ થાય, કષ્ટ પડે; પણ મહિમા હોય તો થાય, નહિ તો ગામમાંથી પણ ન અવાય. જડ આળસ, ચેતન જીવને આવીને ખાઈ જાય.'

જય થાંભલો !

સવારે રંગમંડપમાં દર્શન કરવા ગયા ત્યારે શાસ્ત્રીજી મહારાજના ઢોલિયાની ડાબી બાજુમાં જે થાંભલો છે તેને સ્વામીશ્રી ભેટ્યા ને કહે : 'જય કાંતિભાઈ ! જય થાંભલો !'

શાસ્ત્રીજી મહારાજે ખાસ શોભા આવે એટલે રંગમંડપ ઘણો ઊંચો લીધો હતો. અને તેમાં ઊંચા થાંભલા ગોઠવ્યા હતા. આ થાંભલાઓ ઉપર કાંતિભાઈ મિસ્ત્રી તથા તેમના પિતાશ્રી મોહનભાઈ મિસ્ત્રીએ ખૂબ ખંતથી આરસનું સુંદર મઢાઈકામ કર્યું હતું. થાંભલાઓ આરસના જ લાગતા હતા એટલું સુંદર જડાઈ-કામ થયું હતું. તે સ્વામીશ્રી હંમેશાં વખાણ કરતા. કાંતિભાઈ પણ ભક્તિથી આ સેવા કરતા તેથી સ્વામીશ્રી વિશેષ પ્રસન્નતા બતાવતા. શાસ્ત્રીજી મહારાજે ઊભા કરેલા થાંભલાનું પણ કેટલું માહાત્મ્ય ગણાય, તે સ્વામીશ્રી આ રીતે થાંભલાને બાથ ભીડી મહિમા સમજાવતા.

સવારે ૧૦-૦૦ વાગે આરામ બાદ ગામની પ્રાથમિક શાળામાં પધાર્યા. ઢોલ-ત્રાંસાથી વાજતે-ગાજતે સૌએ સ્વાગત કર્યું. પ્રાથમિક શાળામાં એક ઓરડો બાંધવાનો હતો તેનું ખાતમુહૂર્ત સ્વામીશ્રીએ કર્યું. આ નિમિત્તે રૂપિયા ચાર હજારની સેવા કંપાલાના ઈશ્વરભાઈ પાસે સ્વામીશ્રીએ કરાવી.

સાંજે સારંગપુરથી બોટાદ થઈ, રાતે ૮-૦૦ વાગે ટ્રેનમાં નવાગામ પહોંચ્યા. બીજે દિવસે સવારે ધૂન, સ્તોત્ર-ગાન પછી સ્વામીશ્રી કહે :

'આ ગામમાં એક મહિનો રહેલા. શાસ્ત્રીજી મહારાજ અહીં આવતા. વાસર નદીમાં સ્નાન કરેલું. ભાદરવા માસની અમાસ ઉપર શાસ્ત્રીજી મહારાજ આવતા ને આજુબાજુનાં સાત ગામોમાં ફરતા : મોજીદડ, ચચાણા, અચારડા, ભોયકા, લીંબડી, ખારવા, કંથારિયા વગેરે.

'આ ગામના બે હરિભક્ત ભૂધરભાઈ ને તુલસીભાઈ. તુલસીભાઈ અમારી સાથે સોખડા, મિરસાપુરા ફરતા. વાંચતા ન આવડે, તે અમે તેમને કક્કો શીખવાડ્યો. ક-ખ-ગ... બાળબોધ અક્ષર વાંચતા શીખ્યા. પછી શિક્ષાપત્રી વાંચતા.

'પછી શાસ્ત્રીજી મહારાજે મને સોંપ્યું કે 'અડવાળ મંડળને જમાડવું. ફૂલકાં ખવરાવવાં. લાડવા કર્યા હોય તોય રોટલી કરવી.' તે પાંચ શેરની રોટલી કરીએ. ત્યારે આ સત્સંગ થયો. વીસ વર્ષ આવી રીતે સેવા કરી ત્યારે નિષ્ઠા થઈ ગઈ અને હવે સેવા કરે છે.

'વઢવાણનું મંદિર કરનાર નિર્મળ સ્વામી અડવાળના હતા. ને તેમને બોચાસણ આવવાની ઇચ્છા હતી.

'શાસ્ત્રીજી મહારાજે વઢવાણમાં મધ્ય મંદિરમાં અક્ષરપુરુષોત્તમ પધરાવવા રૂપિયા પચાસ હજાર આપવા કહેલું. નારાયણજી મહારાજને મોકલેલા. પણ ઝુઝો સોની કહે : 'આ દેશ કોનો ? રાધાકૃષ્ણનો. એટલે અક્ષરપુરુષોત્તમ વચ્ચે ન બેસે.'

આમ, જૂની પ્રસાદીની વાતો કરી, વરસાદ માટે ધૂન કરાવી.

પ્રસાદીમાં ત્રણ લોકનું સુખ

સવારે ૧૦-૩૦ વાગે સ્વામીશ્રી ગામમાં મંદિરે દર્શન કરવા પધાર્યા. સભા ભરી, સ્વામીશ્રી કહે : 'અહીં અમે આવેલા. મેં કંટેવાળો કરી પાંચ શેરની ખીચડી મૂકી. કઢી બનાવવાની થાય ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે : 'મને બોલાવજો.' પછી નિર્ગુણ સ્વામી કહે : 'શું કામ આવું બડથલ બનાવો છો ? એમ ને એમ કઢી કરો.' શાસ્ત્રીજી મહારાજ કહે : 'તમે જુઓ તો ખરા, ત્રણ વાટકા ખાશો.' પછી ખાધી તે ત્રિલોકી સાંભરી.'

નવાગામના હિંમતભાઈએ માનતા રાખેલી કે 'સ્વામીશ્રીના હાથે ફેંટો બાંધવો.' તે માટે સ્વામીશ્રી ખાસ ચોમાસાની ઋતુમાં રસ્તાઓ બંધ, છતાં ટ્રેનમાં અહીં પધાર્યા. તેમને આશીર્વાદ આપતાં કહે : 'હિંમતભાઈને પાઘડી બંધાવી તે આખા દેશને પાઘડી બાંધી.'

'પિંડેષુ બ્રહ્માંડે' - એ ન્યાયે, ભક્તનું સન્માન એ આખા દેશનું સન્માન – એવું સમજાવ્યું.

પછી મોજીદડ, લીંબડી, રાજકોટ થઈ, તા. ૩૦મીએ ગોંડલ પધાર્યા.

ગોંડલ, તા. ૧-૧૦-'૬૮, દશેરાના શુભ દિને સવારે મંગળ પ્રવચનમાં

આફ્રિકાના હરિભક્તો આટલે દૂરથી સમાગમ કરવા આવેલા, તેમનો મહિમા કહ્યો. સ્વામીશ્રી કહે : 'નવીનભાઈ લંડનથી - 'માનચેસેટર'થી આવ્યા. તેમના બાપાનું સાધુ થવાનું નક્કી કર્યું.'

નવીનભાઈના પિતાશ્રી પ્રો. શાંતિલાલ સ્વામિનારાયણ નિવૃત્ત થયા પછી, સ્વામીશ્રી તેમને ઘણી વાર સાધુ થવાનું કહેતા. 'તેઓ અંગ્રેજી, સંસ્કૃત વગેરે ભાષાઓ જાણે તે પરદેશમાં પ્રસાર કરી શકે' – એમ સ્વામીશ્રી કહેતા. વળી, 'તેમના પિતાજી પ્રો. જેઠાલાલ સ્વામિનારાયણ 'અક્ષરપુરુષોત્તમ ચરિતમ્' - સંસ્કૃત ગ્રંથ મૂકીને ગયા હતા તે પણ તેઓ સાધુ થઈ પૂરો કરે' – એમ સ્વામીશ્રી વારંવાર કહેતા. આમ, એક યા બીજા નિમિત્તે દરેકને સાધુ બનાવવાનું તાન સ્વામીશ્રીને રહેતું.

કંપાલાના મણિભાઈ ગૅરેજવાળાને સ્વામીશ્રી કહે 'મણિભાઈની તબિયત સારી ન હતી. કેડનો દુઃખાવો હતો. પણ આવ્યા. સારી નોકરી મળતી હતી તે ન લીધી.'

તેમને સભામાં ઓઠિંગણ માટે તકિયો ગોઠવીને સ્વામીશ્રી બેસાડતા. તકિયો મૂકવાની સેવા વજુભાઈ નૈરોબીવાળાને સોંપેલી. આજે ઉતાવળમાં તેઓ તકિયો મૂકવાનું ભૂલી ગયેલા. તેથી વજુભાઈને ઊભા કરી, તકિયો મંગાવી - ગોઠવાવી, પછી બેસાડ્યા. આમ, હરિભક્તો પણ પરસ્પર એકબીજાનો મહિમા સમજે ને સેવા કરે એવું સ્વામીશ્રી ગોઠવતા.

સવારે ૯-૦૦ વાગે વચનામૃતની પારાયણનો પ્રારંભ કર્યો. અંત્યનું ૧લું વચનામૃત જાતે વાંચીને સમજાવ્યું. શરૂઆતમાં કોલાહલ થતો હતો, એટલે સ્વામીશ્રીએ સૌને શાંતિ જાળવવાનું કહ્યું. ભટેસા બોલ્યા : 'પીન ડ્રોપ સાયલેન્સ' રહેવી જોઈએ.'

તે સાંભળી સ્વામીશ્રી કહે : 'પીન બોર્ડ...' એમ ભાંગ્યું-તૂટ્યું અંગ્રેજી બોલી, સૌને આનંદ કરાવ્યો ને સભામાં આપોઆપ શાંતિ પ્રસરી ગઈ.

'આંખથી યોગીબાપાને મેં જોયા...'

સ્વામીશ્રી સભામાં પત્ર લખી રહ્યા હતા. ત્યારે કવિ વિજયદાનજી અને બાઢડાવાળા નારણભાઈ સ્વામીશ્રીનાં દર્શને આવી પહોંચ્યા. હકાભાઈ બાજુમાં જ બેઠા હતા. તેમણે કવિનો પરિચય આપતાં સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! આ દરેડ દરબારના કવિ વિજયદાનજી છે.' સ્વામીશ્રી ખૂબ પ્રસન્ન થયા.

વિજયદાનજી બાઢડાના સંન્યાસ આશ્રમમાં રામકથા માટે ગયા હતા. ત્યાં નારણભાઈના મુખે બ્રહ્માનંદ સ્વામીનું આખ્યાન સાંભળ્યું ત્યારે સ્વાભાવિક જ તેમણે નારણભાઈનો હાથ પકડી પૂછ્યું હતું : 'આ આખ્યાન તમે ક્યાં શીખ્યા ?'

'યોગીબાપાના આશીર્વાદથી શીખ્યો છું.' નારણભાઈએ કહેલું.

વિજયદાનજીએ પણ તેમને, 'વલ્લભીપુરમાં સ્વામીશ્રીનાં દર્શન કર્યાં હતાં' - તેમ કહી, સ્વામીશ્રીનાં દર્શનની ઇચ્છા જણાવી. નારણભાઈ વગેરે ગોંડળ આવવાના જ હતા. તેથી તેમના સૂચનથી તેમની સાથે જ તેઓ અહીં આવી પહોંચ્યા હતા.

સ્વામીશ્રીએ તેમને રાજી થઈને કહ્યું : 'કવિરાજ ! એક ભજન બોલો.'

તેમણે ચારણી ભાષામાં કેટલાક છંદો રજૂ કર્યા. સ્વામીશ્રી એકીટશે તેમના તરફ જોઈ રહ્યા હતા. કવિને લાગ્યું કે 'આ દૃષ્ટિથી મારું હૈયું હળવું થતું જાય છે.' સ્વામીશ્રીના પંડમાં તેમને પારસમણિનું કૌવત દેખાયું. તેમનું એક ભજન પૂરું થયું કે તરત સ્વામીશ્રી લહેકાથી બોલ્યા : 'બીજું...'

કવિના હૃદયમાં વાણીની સરવાણી ફૂટી અને તેઓ ગાઈ ઊઠ્યા :

આંખથી યોગીબાપાને મે જોયા,
કે હૈયાં મારાં હળવાં થયાં રે જી;
અંતરમાં યોગી મહારાજ જ્યાં આવ્યા,
કે હૈયાં મારાં હળવાં થયાં રે જી... આંખથી
હાં રે એની બોલીમાં ભાગવત પોતે,
આવીને મંડે બોલવા રે જી,
હાં રે એની વાણી છે વચનામૃત ધારા,
કે દુનિયા માંડે ડોલવા રે જી... આંખથી
હાં રે એનુ પંડ છે પારસમણિ,
લોઢાને કંચન કરે રે જી,
હાં રે એની આંખ્યુંમાં અમૃત કૂપા,
મડાંને બેઠા કરે રે જી... આંખથી
હાં રે એના થાપે થર થર કંપે,
પહાડ ઓલ્યા પાપના રે જી,
હાં રે એનાં ચરણોમા દુઃખ દૂર
થઈ જાય ઓલ્યા જન્મોજનમનાં જી... આંખથી

હાં રે એને ગોતવા આકાશ-પાતાળ,
ત્રણે લોક ફરી વળ્યો રે જી,
હાં રે મારા દિલમાં પ્રગટ્યા દીવા,
ખાવિંદ મને ખરો મળ્યો રે જી... આંખથી
હાં રે મેં તો વાણીનાં ફૂલડાં ગૂંથ્યાં,
કે ફૂલમાં ફોરમ નથી રે જી,
ફોરમું યોગી બાપાની પાસે,
આપે તો ફૂલ ફોર્યાં કરે રે જી... આંખથી

સ્વામીશ્રીને ચરણે પોતાની સરસ્વતીનાં અર્ઘ્ય ધરીને વિજયદાનજીએ હૃદયમાં અપાર શાંતિ અનુભવી. પોતાના પતિતપાવન ધબ્બાના સ્પર્શે સ્વામીશ્રીએ તેમને કૃતાર્થ કર્યા.

કલ્યાણનું જતન

સભા પ્રસંગમાં સ્વામીશ્રીએ વાત કરી :

'દરેક પોતાની બુદ્ધિને સવાઈ માને છે. મોટા શેઠિયા, રાજા, બધા પોતાની બુદ્ધિને સવા શેર માને છે. બધાને આ લોકની જ મોટપ છે. શ્રીજીમહારાજ અમદાવાદ ગયા. ત્યાં પેશ્વાએ મહારાજને પૂછ્યું : 'તમે આ સંપ્રદાય સ્થાપ્યો તેમાં મધ્યસ્થ કોણ છે ? લલ્લુ બાદર કે મણકી જેવાએ તમારો સંપ્રદાય માન્ય કર્યો છે ?' આ સાંભળી મહારાજ બોલ્યા : 'લલ્લુ બાદર કે બેચર મણકી અમારું શું જાણે ? એ તો વ્યાવહારિક મોટપવાળા છે, તે અમારું શું પ્રમાણ કરવાના હતા ? નવ યોગેશ્વર, સનકાદિક વગેરે અમારા મધ્યસ્થ છે.' પેલો પેશ્વા આમાં શું સમજી શકે ?

'શ્રીજીમહારાજનો આશરો કરવો, શ્રીજીમહારાજના એકાંતિક સંત હોય તેમાં આત્મબુદ્ધિ કરવી, અને 'શ્રીજીમહારાજ જ એક આપણા ઇષ્ટદેવ છે, કર્તાહર્તા છે,' એવો જે ભાવ બેસી જવો, તે જ કલ્યાણનું જતન કહેવાય. અને આવું કલ્યાણનું જે જતન કરે તે જ કુશાગ્ર બુદ્ધિવાળો છે.

'એક શેઠ હતા. તે રાત્રે સૂતા હતા, તેમને ઘેર સોનાનો ડાબલો હતો. રાત્રે ચોર આવ્યા. શેઠાણી જાગતાં હતાં. તેમણે શેઠને કહ્યું : 'ઊઠો, ચોર ઘરમાં પેઠા.' શેઠ સૂતાં સૂતાં કહે : 'જાગું છું.' ત્યાં તો ચોરે પટારો ઉઘાડ્યો.' શેઠાણીએ શેઠને હલાવી કહ્યું : 'ઊઠો, આ તો પટારો ઊઘાડ્યો.' તોય શેઠ બોલ્યા : 'જાગું છું.'

ત્યાં તો ચોર સોનાનો દાબડો લઈને ચાલવા માંડ્યા. શેઠાણીથી રહેવાયું નહિ. તેમણે શેઠને ઢંઢોળીને કહ્યું : 'ઊઠો, ઊઠો, શું સૂઈ રહ્યા છો, ચોર તો આ દાબડો લઈને ચાલ્યા.' છતાંય શેઠ સૂતાં સૂતાં બોલ્યા : 'જાગું છું.' તે આ જાગ્યા શા ખપના ? ઊઠીને ચોરને પકડી પાડવો જોઈએ. જો જતન ન કર્યું તો દાબડો ગયો.

'ભગવાન કે સંત મળ્યા છે તેમાં દિવ્યભાવ લાવવો તે જતન કહેવાય. તેમાં મનુષ્યભાવ આવે તે જતન ગ્યું.

'મોક્ષ એટલે આત્યંતિક કલ્યાણ. કલ્યાણનો માર્ગ સત્પુરુષ છે. સત્પુરુષ એ રસ્તો બતાવનારા છે. એમાં વિશ્વાસ રાખવો. પરંતુ 'સાધુ કહેતા ભલા અને આપણે સાંભળતા ભલા' એમ થાય તો કલ્યાણના માર્ગમાંથી પડ્યો.

'ગોપીઓ જાડી બુદ્ધિવાળી હતી પણ ભગવાનને ઓળખ્યા. ઋષિઓએ કૃષ્ણ ભગવાનને ન ઓળખ્યા. લોકલને આગળ લીધી, મેલ પાછળ રહી ગયો. ભગવાનને 'ગોપીજનવલ્લભાય નમઃ' એમ કહેવાય છે. વેપાર-રોજગાર ચોવીસ કલાક બરાબર કરે અને કલ્યાણનું જતન ન કરે તો જાડી બુદ્ધિવાળા કહેવાય.

'નરસીં મે'તા ભગવાનના ભક્ત હતા. ચોવીસ કલાક ભજન કરતા. પણ હતા ત્યારે કોઈએ ઓળખ્યા નહિ. અત્યારે ત્યાં માથાં ઘસે છે, તે વખતે કોઈ પાણી પાવા નહોતા જતા. અત્યારે નાગરો કહે : 'અમારા કુળમાં નરસીં મે'તા થઈ ગયા !'

'શાસ્ત્રીજી મહારાજ હતા ઘણા સાધુઓએ ન ઓળખ્યા. પછી કહે : 'શાસ્ત્રીજી મહારાજ અમારા વંશના હતા.' કલકત્તામાં નેવું લાખ માણસ છે, પણ કોઈ ભગવાન ભજવા નવરો નથી.

'માટે પોતાના કલ્યાણને અર્થે જે સાવધાનપણે વર્તે છે તે કુશાગ્ર બુદ્ધિવાળા છે. વીજળી ગાડીમાં બેસવું હોય તો સાવધાન રહેવું પડે. એક મિનિટ ઊભી રહે. થાથા-થાબડ જેવો હોય તે તો પડી જાય. મોટા રાજા હોય તોય જો સાવધાન ન રહે તો રહી જાય.

'આ જગતમાં જેણે ભગવાનને નથી ઓળખ્યા તે સર્વે મૂરખ છે.'

બાળા જોગી !

બીજે દિવસે સવારે ધૂન, સ્તોત્રગાન થયું. ઘણી વાર સ્વામીશ્રી સ્તોત્રનો એક એક શ્લોક વંચાવતા ને તે ઉપર વિવેચન કરતા. શ્લોકોના ગુજરાતી અર્થો ખાસ વંચાવે. આજે પણ એ રીતે કર્યું.

બોચાસણથી ઘનશ્યામ સ્વામી આ સમૈયામાં ખાસ આવ્યા હતા. તેઓ આજે વહેલી સવારે મંગળ પ્રવચનમાં સ્વામીશ્રીના ઓરડે આવી પહોંચ્યા. તેમને બેસવા માટે સ્વામીશ્રીએ ખુરશી મંગાવી ને સૌને કહે : 'મહાત્મા છે, જગા આપો.' કારણ, આખો ઓરડો ખીચોખીચ ભરેલો. કોઈ તસુ પણ ખસી શકે એમ નહોતું. સ્વામીશ્રીની સૂચનાથી એક-બે જણા ઊઠી ગયા ને જગા ખાલી થઈ ગઈ. શાસ્ત્રીજી મહારાજના આ વયોવૃદ્ધ જૂના સંત અવસ્થાને લીધે ઉપરથી જરા લબડધબડ જેવા લાગે, પણ ઘણા ચકોર અને સમયસૂચક હતા.

તેઓ ખુરશી ઉપર બેઠા. પછી સ્વામીશ્રી સામું જોઈને ધીરેથી બોલ્યા : 'આ તો શાસ્ત્રીજી મહારાજ છે. જો જો ભૂલા પડતા. અનંત કોટિ બ્રહ્માંડના ધણી છે. બાળા જોગી ! બાળા જોગી ! હાં ! અલૌકિક ! આ લોકના ના સમજશો.'

એકદમ ભાવમાં આવી હરિભક્તો સામે જોઈ, સ્વામીશ્રી તરફ નિર્દેશ કરી તેઓ બોલી રહ્યા હતા.

યુવાનોને આશ્ચર્ય !

અહીં બિલાડા(રાજસ્થાન)ના ઠાકોર સાહેબના કુમારો માધવસિંહ દીવાન તથા ગોપાલસિંહ તેમનાં માતુશ્રી સાથે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રી તેમના પર ખૂબ હેત વરસાવતા.

આજે સવારે બન્નેએ સ્વામીશ્રીની ખુરશી ઉપાડવાની સેવા કરવા ઇચ્છા દર્શાવી. સ્વામીશ્રી બહુ રાજી થયા. સ્વામીશ્રીના ઓરડામાંથી અક્ષર મંદિર સુધી બંને ભાઈઓએ ખુરશી ઉપાડી, પણ તે વખતે તેમને ખુરશીનું અને સ્વામીશ્રીનું ભારે વજન લાગ્યું; જાણે ખભામાંથી હાથ છૂટો પડી જશે ! તેઓ પરસેવે રેબઝેબ થઈ ગયા.

સ્વામીશ્રી દેરીમાં દર્શન કરવા ગયા. એટલામાં તેઓ પોતાને ઉતારે જતા રહ્યા. કારણ, ભાર ઘણો લાગ્યો હતો. ફરીથી ખુરશી ઉપાડવામાં તેમને બીક લાગી કે 'રખે ખુરશી હાથમાંથી છટકે તો સ્વામીશ્રી પડી જાય.'

દેરીમાં દર્શન કરીને સ્વામીશ્રી ઉપર નિજ મંદિરમાં જવા માટે બહાર આવ્યા. ત્યાં કુમારોને જોયા નહીં. સ્વામીશ્રી કહે : 'તેના ઓરડે હશે. બોલાવી લાવો.' એમ કહી તેમની વાટ જોતા રહ્યા. એક હરિભક્ત તુરત જઈને તેમને બોલાવી લાવ્યા.

'ક્યાં ગયા હતા ? અમે તમારી વાટ જોતા'તા ! હાલો, ઉપાડો.'

સ્વામીશ્રીએ તેમને હેતથી કહ્યું. બન્ને ભાઈઓએ એકબીજાની સામે જોયું ને ન છૂટકે સ્વામીશ્રીની ખુરશી ઉપાડી.

પણ આશ્ચર્ય ! મંદિરનાં પગથિયાં ચડ્યા તોપણ જરાય વજન નહીં ! જાણે ફૂલની સેજ ઊંચકીને લઈ જતા હોય તેવી હળવાશ તેમણે અનુભવી.

ઉપર ખુરશી મૂકી ત્યારે સ્વામીશ્રી હસીને બોલ્યા : 'ગુરુ ! હવે ભાર નો'તો લાગ્યો ને ?' સ્વામીશ્રીએ તેમનો સંકલ્પ અંતર્યામીપણે પકડી તેમને અલૌકિક અનુભવ કરાવ્યો.

બન્ને ભાઈઓએ સ્વામીશ્રીનાં ચરણોમાં માથું નમાવી દીધું ને બોલ્યા : 'બાપા ! આપની લીલા અકળ છે.'

સ્વામીશ્રી તેમના ભક્તિભાવથી પ્રસન્ન થયા ને આશીર્વાદના ધબ્બા આપી સ્મૃતિ આપી.

હરિયાગ અને શરદોત્સવ

અનાદિ મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને અંતર્ધાન થયે આસો સુદિ ૧૩, સંવત ૨૦૨૪ના ૧૦૧ વર્ષ પૂરાં થતાં હોવાથી તેમના સમાધિ સ્થાન, અક્ષર મંદિર - ગોંડલમાં એક વિશ્વશાંતિ હરિયાગ અને પારાયણ કરવાનું આયોજન થયું.

દેશ-પરદેશથી હરિયાગ નિમિત્તે એક હજાર જેટલા હરિભક્તોએ ૧૫ કરોડ મંત્રો લખી મોકલ્યા.

સિદ્ધેશ્વર સ્વામી અને રામચરણ સ્વામી વગેરે સંતોએ મહોત્સવની પૂર્વ તૈયારીઓ ૧૫ દિવસ અગાઉથી શરૂ કરી દીધી. આમંત્રણ પત્રિકાઓ છપાવી ગામેગામ મોકલી આપી.

મુંબઈથી મહંત સ્વામી અને ત્રીસ સંતો દસ દિવસ અગાઉ ત્યાં આવી, સેવામાં જોડાઈ ગયા હતા. પ્રમુખસ્વામી પણ એક અઠવાડિયા અગાઉ આવી પહોંચ્યા અને હરિભક્તો માટે ઉતારા, પાગરણ તથા સભામંડપ, યજ્ઞમંડપ, ભોજન-વ્યવસ્થા વગેરેનું સંપૂર્ણ આયોજન કરી, જવાબદાર વ્યક્તિઓને કાર્યની વહેંચણી કરી દીધી. સ્વામીશ્રીએ મુંબઈ - બળવંતરાય બ્રહ્મભટ્ટને અગાઉથી પત્ર લખી, પાંચસો સ્વયંસેવકો તૈયાર કરવા આજ્ઞા કરી હતી.

મંદિરના બીજા પ્રવેશદ્વાર ઉપર સુંદર દરવાજો બનાવ્યો હતો. અને રંગબેરંગી લાઇટો તથા તોરણોથી શણગાર્યો હતો. આખું મંદિર તથા અક્ષર દેરી

અને ઠાકોરજીનાં સિંહાસનો રંગબેરંગી લાઇટોથી શણગાર્યાં હતાં. રાત્રિના ઘેરા રંગમાં મંદિર ખૂબ જ સુંદર ઝળહળતું હતું.

મંદિરમાં પ્રવેશ કરતાં જમણી બાજુએ યજ્ઞમંડપ તથા હરિભક્તોને મંત્રો અર્પવા બેસવાનો સુંદર મંડપ બાંધ્યો હતો. ડાબી બાજુ તથા મંદિરના પાછળના ભાગમાં સુંદર મંડપો બાંધ્યા હતા. ખેતરમાં વિશાળ રસોડું, શીરા તથા વાલના મોટા કુંડો અને ભોજનમંડપ બાંધ્યા હતા. મુખ્ય સભામંડપ ગુરુકુળના વિશાળ ચોગાનમાં બાંધ્યો હતો.

પુસ્તક-ફોટા વગેરેના વેચાણ માટે બુકસ્ટોલ ખોલ્યો હતો. હરિભક્તોના ઉતારા માટે મંદિર, ગુરુકુળ તથા પટેલ બોર્ડિંગમાં સુંદર વ્યવસ્થા કરી હતી.

આજથી ઉત્સવનો પ્રારંભ થતો હતો. તેથી સવારે સ્વામીશ્રી ભોજનમંડપ તથા રસોડાની વ્યવસ્થા જોવા પધાર્યા. ભોજનમંડપમાંથી ઘાસ કાઢી લેવા તથા કાંકરા વીણી લેવા સ્વયંસેવકો તથા સંતોને આજ્ઞા કરી. નદી કિનારે ઘાટ ઉપર મહોત્સવનો સભામંડપ બાંધ્યો હતો, પણ ખૂબ જ પવનને કારણે તે પડી જતાં ગુરુકુળના પ્રાંગણમાં સભામંડપ ફરીથી ગોઠવ્યો.

સવારે ૯-૪૫ વાગે ગુરુકુળના સભામંડપમાં પારાયણનો પ્રારંભ થયો. પૂજનમાં ભગવત્‌સિંહ બાપુના જમાઈ દિલાવરસિંહ અને ભાણેજ માધવસિંહ તથા નાના ભાઈ પૃથ્વીસિંહ અને પૂર્વ આફ્રિકા સત્સંગ મંડળના પ્રતિનિધિ રવિભાઈ પંડ્યા બેઠા હતા. સવારે વચનામૃતની કથા શાસ્ત્રી સ્વયંપ્રકાશદાસ વાંચતા અને સાંજે ભક્તચિંતામણિ તથા સ્વામીની વાતુંની કથા થતી. સભામંડપમાં ઠાકોરજીનું સિંહાસન, બાજુમાં વ્યાસપીઠ, તેની બાજુમાં સ્વામીશ્રી માટે સુંદર કમલાકારનું આસન. પછી પ્રમુખસ્વામી અને સંતોનાં આસનો ગોઠવ્યાં હતાં. સામે દસ હજાર હરિભક્તો સારી રીતે બેસી શકે એવી નવી સુંદર વ્યવસ્થા સંપ્રદાયની સ્ત્રી-પુરુષ મર્યાદાને લક્ષમાં રાખી કરી હતી.

ગુણાતીત બાગનાં આત્મીય પુષ્પો

સમૈયાની તૈયારી ચાલતી હતી. બારસને સવારે મંગળ પ્રવચનમાં સૌ એકત્રિત થઈ ગયા હતા. ત્યાં ભંડારીનો સાદ પડ્યો કે 'શાક સુધારવાનું છે.' તેથી સ્વામીશ્રીએ સૌ સંતોને શાક સમારવા મોકલ્યા.

પછી વચનામૃત લો. ૧૭ ઉપર વાત કરી : 'દેશકાળ વિષમ થાય તોપણ સારો ને સારો કેમ રહે ? બે જણ સાથે હેત ને બે સાથે નહિ, એમ નહિ.

ગુણાતીત બાગના દરેક સાથે, બૈરાં-છોકરાં જેવું હેત. તો સારો રહે.'

બાદ ૮-૩૦ વાગે કરુણાશંકર શાસ્ત્રી તથા ચીમનલાલ શાસ્ત્રીએ યજ્ઞનો પ્રારંભ કર્યો. ગુરુકુળના પ્રાંગણમાં સવાર-સાંજ પારાયણનો કાર્યક્રમ ચાલુ રહેતો.

બપોરની સભામાં વાતો ચાલતી હતી. દેવચડીથી નાનજીભાઈ મકાઈનું પોટલું લઈને આવ્યા. સ્વામીશ્રીએ તેમને દૂરથી આવતા જોયા એટલે બોલાવ્યા ને કહે : 'આવવા દ્યો, માલ લાવ્યા છે.' એમ કહી, ચાલુ સભાએ પાસે બોલાવ્યા. નાનજીભાઈ જૂના ભક્તરાજ, તેમને નજીક બોલાવી પવિત્રાનો પ્રસાદીનો હાર પહેરાવ્યો.

તા. ૪-૧૦-'૬૮, આજે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની ૧૦૧મી તિરોધાન તિથિ હતી. સવારે સભામાં સ્વામીશ્રી સમક્ષ યુવકોએ ગુરુવંદના કરી, આસનો અને સમૂહ પ્રાર્થના કર્યાં. યુવક પ્રવૃત્તિ અંગે એ.પી. પટેલ, મેં તથા પ્રમુખસ્વામીએ પ્રવચનો કર્યાં. હરિપ્રકાશ સ્વામીના કીર્તનગાન બાદ, સ્વામીશ્રીએ વિદ્યાર્થીઓને સારો અભ્યાસ કરી, સારા નાગરિક બને અને સત્સંગ-પ્રચાર કરે એવા આશીર્વાદ આપ્યા. યજ્ઞમંડપમાં વિધિસર મંત્રઅર્પણ વિધિ થયો. પારાયણની પૂર્ણાહુતિમાં હરિભક્તોએ પૂજનનો લાભ લીધો.

રાત્રે ૯-૦૦ વાગે સભામાં સંતોએ સમૂહમાં ગુણાતીતાનંદ સ્વામીનાં અષ્ટકોનું ગાન કર્યું. ડૉક્ટર સ્વામીના પ્રવચન બાદ પ્રહ્‌લાદભાઈએ શાળાની પ્રવૃત્તિની માહિતી આપી. સિદ્ધેશ્વર સ્વામી લિખિત સુંદર પ્રેરણાત્મક સંવાદ ગુરુકુળના વિદ્યાર્થીઓએ આકર્ષક રીતે રજૂ કર્યો હતો. પંચાળાનો રાસ પણ સુંદર રીતે રજૂ કર્યો. સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપ્યા.

બીજે દિવસે સવારે ૮-૩૦ વાગે ૬ પાર્ષદોને સાધુની દીક્ષા અને ૫ યુવકોને પાર્ષદની દીક્ષા આપી. દીક્ષા વિધિ બાદ સ્વામીશ્રી સભામંડપમાં પધાર્યા. સભાની શરૂઆતમાં શાસ્ત્રી નારાયણ ભગતે વેદગાન કર્યું તથા મહંત સ્વામીએ યુવકોને સંબોધન કર્યું.

પછી ગુરુકુળના વિદ્યાર્થીઓએ કસરતના વિવિધ દાવો કરી બતાવ્યા. ગુરુકુળના ગૃહપતિ ચુનીભાઈ પટેલે હેવાલ આપ્યો. રવિભાઈ પંડ્યા તથા ભટેસાએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં. સંવાદમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને સોમાભાઈ ચાવાળા તરફથી ઇનામો અપાયાં.

અંતમાં સ્વામીશ્રી આશીર્વાદ આપતાં કહે કે : 'અહીં સમૈયામાં સહુને માટે પ્રમુખસ્વામીએ બધી સગવડ કરી છે, પણ કોઈનું સચવાયું ન હોય તો માફ

કરશો. સારી વસ્તુનું વર્ણન કરવું, પણ ગૂમડાનું વર્ણન ન કરવું. શાસ્ત્રીજી મહારાજ કહેતા કે 'એક એક મંદિરમાં સો સો સાધુ કરવા છે. પચાસ સાધુ મંદિરમાં રહે; આવ્યા ગયા મહેમાનોની સરભરા કરે, કથાવાર્તા કરે. અને બીજા પચાસમાંથી પાંચ પાંચનાં મંડળો કરી, ગામડે ફરે.' આ સંકલ્પ જલદી પૂરો થાય એવી પ્રાર્થના કરીએ.'

પછી ગુરુકુલ તથા સ્કૂલના વિદ્યાર્થીઓની વિવિધ પ્રવૃત્તિઓથી પ્રસન્ન થઈ, તેમને પ્રોત્સાહન મળે તે માટે જુદાં જુદાં ઇનામોની જાહેરાત હરિભક્તો તરફથી કરવામાં આવી હતી.

સવારે ૧૧-૩૦ વાગે યજ્ઞની પૂર્ણાહુતિ થઈ. સ્વામીશ્રીને ગજરાજ પર પધરાવી નગરયાત્રા કાઢવાનો ગોંડળના આંગણે આજે પ્રથમ પ્રસંગ હતો. ગુરુકુળથી નગરયાત્રાની શરૂઆત થઈ. ગજરાજ ઉપર સ્વામીશ્રી તથા સંત-સ્વામી બિરજ્યા હતા.

નગરયાત્રામાં સહુથી મોખરે નિશાન-ડંકા, ઘોડેસવાર, ઊંટ, એસ.આર.પી.નું બૅન્ડ, ગુરુકુળનું બૅન્ડ, ખુલ્લી મોટરમાં ઠાકોરજી, પછી મેવાસા, બોટાદ અને વસોની ભજન મંડળીઓ અને હરિભક્તો ધૂન, ભજનો તથા જયનાદોથી વાતાવરણ ગજવતાં ચાલતા હતા. પછી સંતો ધૂન, ભજન કરતાં ચાલતા હતા. સ્વામીશ્રી નીચી દૃષ્ટિ રાખી અખંડ મહારાજને સંભારતાં હાથી ઉપર ભક્તોની ખૂબ વિનંતી પછી બિરાજ્યા હતા. પાછળ પ્રમુખસ્વામી વગેરે સંતો મોટરમાં બેઠા હતા. રસ્તાઓ ઉપરનાં વૃક્ષો અને મકાનોની અટારીઓ ને અગાશીઓ ઉપર માણસો દર્શન માટે ચડ્યા હતા. રસ્તાની બન્ને બાજુએ હજારો નગરજનો સ્વામીશ્રી અને નગરયાત્રાનાં દર્શન કરી કૃતકૃત્યતા અનુભવતા હતા. ગામલોકોએ ઠેર ઠેર હરિભક્તો માટે ઠંડાં પાણીની વ્યવસ્થા કરી હતી. રસ્તા પરનાં મકાનોમાંથી લોકો અક્ષત અને પુષ્પોથી સ્વામીશ્રીને વધાવતા હતા. કેટલેક ઠેકાણે ગામના હરિભક્તો સ્વામીશ્રીને હારતોરા કરવા ઊભા હતા. સાંજે ૭-૩૦ સુધી નગરયાત્રા ગામના મુખ્ય રસ્તાઓ ઉપર ફરી. સહુ મંદિરે આવ્યા. નગરયાત્રામાં શિસ્ત અને વ્યવસ્થા સંપૂર્ણ જળવાયાં હતાં. નગરયાત્રામાં આશરે પચીસથી ત્રીસ હજાર ભક્તો જોડાયા હતા.

આવું નો કરવું

કૉલેજ ચોકથી આગળના ચોકમાં સ્વામીશ્રીએ એકાએક હાથી ઊભો

રખાવ્યો અને લઘુ કરવા જવાની ઇચ્છા દર્શાવી. એકાએક આવી આજ્ઞા થતાં હાથીને બેસાડ્યા પછી નિસરણીની જરૂર પડી; પરંતુ તાત્કાલિક વ્યવસ્થા ન થઈ શકતાં મહેન્દ્રસિંહ ચૌહાણે, શંભુસિંહને હાથી નજીક ઊભા રાખ્યા. અને તેમનો ટેકો લઈ સ્વામીશ્રીને નીચે ઉતારવા વિનંતી કરી. એટલે સ્વામીશ્રીએ પ્રથમ અંબાડી પકડી, એક પગ તેમના માથા પર મૂકી અને પછી ખભા પર મૂક્યો. તે જ રીતે બીજો પગ મૂક્યો. પછી મહેન્દ્રસિંહે ધીમેથી સ્વામીશ્રીને ઝાલીને શંભુસિંહને ખભે બેસાડી દીધા. નાનો બાળક જેમ બે પગનો ઘોડો પલાણે એ રીતે શંભુસિંહ સ્વામીશ્રીને હાથીથી મોટર સુધી લઈ ગયા. તેઓ નીચે બેસી ગયા અને સ્વામીશ્રીને ધીમેથી ઊતાર્યા.

'ઈ કોણ ?' સ્વામીશ્રીએ પૂછ્યું.

'એ તો હું શંભુ, બાપા !'

'આવું નો કરવું. ગુરુ !' સ્વામીશ્રીએ મોટરમાં બેસતાં હસતાં હસતાં કહ્યું.

વામન ભગવાને બલિરાજાને માથે પગ મૂક્યો હતો તેમ શંભુસિંહને આ સહજ લાભ મળી ગયો.

અનાદિ મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનો આજે ૧૮૪મો જન્મ જયંતી ઉત્સવ હતો. આ વર્ષે પૂર્ણિમાના દિવસે ગ્રહણ હોવાથી જન્મ જયંતીનો ઉત્સવ આજે રાખ્યો હતો.

ઉત્સવની શરૂઆતમાં ધૂન પછી સ્વામીશ્રી તથા શિવરાજ બાપુએ ઠાકોરજીની પ્રથમ આરતી કરી. આશાભાઈ પટેલના સંબોધન પછી પ્રમુખ-સ્વામીએ બીજી આરતી ઉતારી. હર્ષદરાય દવે તથા સી.ટી. પટેલના પ્રવચન બાદ સંતસ્વામીએ ત્રીજી આરતી ઉતારી. મહેન્દ્રભાઈ બૅરિસ્ટરના પ્રવચન પછી મહંત સ્વામીએ આરતી ઉતારી.

ત્યારબાદ હરિભક્તોએ ઠાકોરજીનું તથા સંતોનું પૂજન કરી, ધોતિયાં ઓઢાડ્યાં. સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું : 'દેશના તથા પરદેશના બધાય હરિભક્તોનાં અંતરમાં સુખ, શાંતિ અને પ્રકાશ રહેશે. મહારાજ અંતરમાં બિરાજશે. કલકત્તા, મદ્રાસ અને દિલ્હીમાં મંદિર થઈ જાય એવા આશીર્વાદ. આફ્રિકાના દેશકાળ સુધરે તેવા આશીર્વાદ.'

છેલ્લી આરતી આફ્રિકાના અગ્રણી હરિભક્તોએ કરી. દરેક આરતી વખતે ગુરુકુળના વિદ્યાર્થીઓએ બૅન્ડ વગાડી સૂર પુરાવ્યા હતા.

રાત્રે ૧૨-૦૦ વાગે દૂધ-પૌંઆનો પ્રસાદ લઈ, સભા વિસર્જન થઈ.

આ મહોત્સવમાં આશરે ૨૦ થી ૨૫ હજાર હરિભક્તોએ લાભ લીધો હતો. વિવિધ મંડળોના ૫૦૦ જેટલા સ્વયંસેવકોએ તમામ સેવાઓ સારી રીતે બજાવી. કૃષ્ણાભાઈ સાથે નડિયાદ મંડળ, વલ્લભભાઈ સાથે રાજુલા મંડળ તથા ગોરાણા મંડળે અગાઉથી આવી, સારી સેવા બજાવી હતી. સરભરા વિભાગમાં કૃષ્ણકાંત બ્રહ્મભટ્ટ તથા હર્ષદભાઈ ચાવડા યુવકોની ટુકડી સાથે તનતોડ સેવા બજાવી સૌનું આકર્ષણ બન્યા હતા.

જોગી તારે લટકે લોભાણાં મન

અમદાવાદના ઉપેન્દ્રભાઈ શાહ જૂનાગઢ યાત્રા કરીને અહીં આવ્યા અને સ્વામીશ્રીને મળ્યા. સ્વામીશ્રીએ પૂછ્યું : ‘ડુંગરો ચડ્યા હતા ?’

તેમણે કહ્યું : ‘હા, બાપા !’

સ્વામીશ્રી કહે : ‘દત્તાત્રેયની ટૂકે મહારાજ પધાર્યા હતા. તે પ્રસાદીની જગ્યાનાં દર્શન કર્યાં હતાં ? ત્યાં ચરણારવિંદ પધરાવ્યાં છે.’

તેમણે કહ્યું : ‘બાપા ! બે ટૂક સુધી ગયા હતા. થાક લાગવાથી પાછા નીચે આવી ગયા.’

જૂના મંદિરે બધાં જ પ્રસાદી સ્થાનોએ દર્શન કર્યાં તે જાણીને સ્વામીશ્રી બહુ રાજી થયા.

પોતાનાં માતુશ્રીની પ્રેરણાથી ઉપેન્દ્રભાઈ શાહને પંદર વર્ષની ઉંમરે ઠાસરામાં સ્વામીશ્રીનાં દર્શન અને સેવા-સમાગમનો લાભ મળ્યો હતો. પછી અમદાવાદ મિલમાં નોકરી મળી. અહીં સત્સંગ વધુ દૃઢ થયો. ખાસ તો ગોમતીપુરમાં રહેતા નિષ્ઠાવાન હરિભક્ત ચંદુભાઈ રાવના સમાગમથી ઉપેન્દ્રભાઈને ઘણું બળ મળ્યું.

સેવા-સમાગમનો નિત્ય લાભ લેતા. તેમને સ્વામીશ્રીએ સાધુ થવાની પ્રેરણા આપી. સ્નાન વખતે સ્વામીશ્રી ઉપવાસ આપતા, શ્લોક બોલાવતા, વાતો કંઠસ્થ કરાવતા અને યુવકોને અનેક રીતે લાડ લડાવતા. આવું દિવ્ય વાતાવરણ જોઈને તેમને પણ સાધુ થવાનું સહેજે મન થઈ ગયું.[૯]

આ વખતે સારંગપુરના મૂળજીભાઈ સેવામાં ગોંડલ આવ્યા. ચાતુર્માસ ચાલતો હોવાથી સ્વામીશ્રી તેમની પાસે બપોરે વચનામૃત, સ્વામીની વાતો વગેરે

૯. સ્વામીશ્રીના સંકલ્પ મુજબ પાછળથી તેમણે પ્રમુખસ્વામી મહારાજ પાસે દીક્ષા લીધી અને સાધુ અમૃતજીવનદાસ નામ રાખવામાં આવ્યું.

વંચાવતા અને કહેતા : 'બહુ સારું વાંચો છો ? ક્યાંથી શીખ્યા ?' એમ ખૂબ હેત વરસાવતા.

એક વખત કહે : 'પ્રથમનું આઠમું વચનામૃત મોઢે કરજો.'

બીજે દિવસે તેમની પાસે બોલાવ્યું. તેમણે અડધું જ વચનામૃત મોઢે કર્યું હતું. છતાં સ્વામીશ્રી રાજી થયા અને કહે : 'લાવો, હું પૂરું બોલી જઉં.' પછી સ્વામીશ્રી પૂરું વચનામૃત મોઢે બોલી ગયા. અને મૂળજીભાઈને પણ વચનામૃત પૂરું મોઢે કરી લેવા જણાવ્યું. જીવનમાં મૂક્યું હોય તો જ ગુરુનાં વચન શિષ્યને અસર કરે.

પાછળથી સ્વામીશ્રીએ ધર્મજવાળા એ.પી. પટેલની સેવામાં તેમને મૂકેલા. તેઓ તેમની સેવા ખંતપૂર્વક કરતા. તેમને નાહવા માટે ગરમ પાણી લાવી દેવું, કપડાં ધોઈ દેવાં, રૂમ સાફ કરવી વગેરે સર્વ પ્રકારની સ્વામીશ્રી સૂચના આપતા. તે મુજબ તેઓ સેવા કરતા. પછી જ સ્વામીશ્રીની સેવામાં તેઓ આવતા.

સ્વામીશ્રી જ્યારે સારંગપુર પધારે ત્યારે તેઓ સ્નાન કરાવવાની સેવામાં આવતા. સ્વામીશ્રી કહેતા : 'તમને (સાધુ) બનાવવા છે.'

સ્વામીશ્રી સવારે ૧૦-૦૦ વાગે આરામમાંથી ઊઠીને પત્ર લખતા. તે વખતે મૂળજીભાઈને બોટાદ શાળાએ જવાનો સમય. તેથી સ્વામીશ્રી તેમને કહેતા કે 'ટપાલ બોટાદ લેતા જજો. ત્યાં પોસ્ટ કરી દેવી.' મોડું થતું તોપણ સ્વામીશ્રી હેતથી કહે : 'બે ટપાલ બાકી છે. તે લઈને જાવ. તમે સમયસર પહોંચી જશો. વાંધો નહીં આવે.'

સ્વામીશ્રીની આવી રીતથી યુવકો એમની પાસેથી ખસી શકતા નહીં.[૧૦]

મચ્છરનો ગુણ લેવો

અહીં મચ્છરો બહુ. તેથી રાત્રે ઘણી વાર લોકોને બહુ મોડી ઊંઘ આવે. અથવા તો સવાર સુધી મચ્છર ઊંઘવા જ ન દે. આવો અનુભવ એક સંતને પણ થયો. તેઓ સવારે મંગળ પ્રવચનમાં મોડા આવ્યા.

તેમણે સ્વામીશ્રીને ફરિયાદ કરતાં કહ્યું : 'બાપા ! મચ્છર બહુ કરડ્યા. મોડે સુધી ઊંઘ ના આવી. પછી ઊંઘ આવી એટલે વહેલું ઊઠી શકાયું નહીં. ને

૧૦. તેમને સ્વામીશ્રીનાં વચનોની ઊંડી અસર થઈ. અને પ્રમુખસ્વામી મહારાજના હસ્તે દીક્ષા લઈ, આજીવન સેવામાં આવી ગયા. તેમનું નામ ધર્મચરણદાસ રાખવામાં આવ્યું.

મોડું થઈ ગયું.'

સ્વામીશ્રી કહે : 'મચ્છરોનો ગુણ લેવો. આપણને જગાડે છે તો ભજન થાય છે.'

આણંદના રાવજીભાઈ દૂધવાળાના નાના દીકરા યોગેશને સવાર-સાંજ ઉકાળો પીવા સ્વામીશ્રી બોલાવે. ન આવ્યો હોય તો કોઈ યુવકને બોલાવવા મોકલે. ને પાટલા પર બેસાડી ઉકાળો-નાસ્તો આપવા સેવકને આજ્ઞા કરે.

યોગેશને પણ સ્વામીશ્રી સાથે હેત થઈ ગયું હતું. તે સ્વામીશ્રીને પૂછતો : 'બાપા ! તમારી તબિયત સારી છે ને ?'

બીજે દિવસે કહે : 'બાપા ! આજે તમે હસતા કેમ નથી ?'

એટલે સ્વામીશ્રી હસી પડે અને તેને ધબ્બા મારી આશીર્વાદ આપવા લાગે ને બોલે : 'માળો, ઘાવેડુ લાગે છે !'

સત્યુગનો સંયમસાર

એક દિવસ સ્વામીશ્રીએ બધા યુવકોને બ્રહ્મચર્ય અંગે ખૂબ વાત કરી. પછી નિષ્કપટ થવા પણ કહ્યું ને કહે : 'લ્યો, નિષ્કપટ થાઓ, નિષ્કપટ થાઓ.'

પછી એકએક યુવકને વ્યક્તિગત કહેવા લાગ્યા. તેમાં લીંબડીવાળા ભરતનો વારો આવ્યો.

તે કહે : 'બાપા ! હું તો પરણેલો છું.'

'તે શું થયું ?' સ્વામીશ્રીએ કહ્યું. 'જા, છ મહિના વ્રત (બ્રહ્મચર્ય) રાખજે !' એમ કહી પ્રતિજ્ઞા લેવડાવી.

આવો બ્રહ્મચર્યનો એમનો આગ્રહ જોઈને જ ઘણાને આ ખાંડાની ધારે ચાલવા જેવાં કઠિન વ્રતપાલનનું બળ મળતું અને સામેથી સ્વામીશ્રી પાસે તેની પ્રતિજ્ઞાઓ લેતા. આમ, હેત કરીને યુવાનો પાસે આવાં દુર્લભ વ્રતો પળાવી, સ્વામીશ્રીએ ખરેખર કળિયુગમાં સત્યુગ ઊભો કર્યો હતો !

છોડત ગ્રંથિ અનંતકી

અહીં પ્રવીણભાઈ રંગપરિયા તથા ઇન્દ્રસિંહ ઝાલા સભામંડપના ઓટલે નવાં પેન્ટ-શર્ટ પહેરી, અપ-ટુ-ડેટ બનીને બેઠા હતા. સભા પછી સ્વામીશ્રી ત્યાં આવ્યા અને બન્નેને બોલાવીને કહ્યું : 'તમે બેય એક એક સાવરણો લઈને ઘાટ વાળવા જાવ. જલદી જજો, નહીંતર હમણાં વરસાદ પડશે.'

જો કે એ વખતે આકાશમાં એક પણ વાદળું ન હતું.

બન્ને જણે નવાં કપડાં પહેરેલાં તેથી થોડી શરમ અને સંકોચ સાથે સાવરણા લઈ ઝડપથી ઊપડ્યા અને પરસ્પર વાત કરવા લાગ્યા કે 'સ્વામીશ્રી વરસાદની બીક દેખાડી આપણને ઝડપથી કાર્ય કરવા માટે સૂચન કરી રહ્યા છે.'

તેમણે ઘાટ ઉપર જઈ વાળવાનું શરૂ કર્યું અને ત્યાં જે જે હરિભક્તો હતા તેમને મજાકમાં કહેવા લાગ્યા કે 'વરસાદ હમણાં આવશે, માટે મંદિરમાં જાઓ.'

બન્યું એવું કે ઘાટ પૂરો વાળી-ઝૂડીને સાફ કર્યો ત્યાં અચાનક આકાશમાં વાદળો ચઢી આવ્યાં. વાતાવરણ પલટાયું ને હજુ બન્ને ઘાટનાં પગથિયાં પર જ હતા ત્યાં જ અનરાધાર વરસાદ શરૂ થઈ ગયો. અને મંદિરમાં પહોંચતાં સુધીમાં બંને સાવ પલળી ગયા.

સ્વામીશ્રીએ તેમની ખરી કસોટી કરી હતી ! તેમને પ્રતીતિ આવી કે 'સ્વામીશ્રીનું પ્રત્યેક વચન સત્ય છે. પ્રકૃતિના સમગ્ર સામ્રાજ્ય પર સ્વામીશ્રીની શક્તિ, સામર્થ્ય જ કાર્ય કરી રહ્યાં છે.'

મિષ્ટાન્નની થાળી મળી છે

તા. ૬-૧૦-'૬૮ના ચંદ્રગ્રહણ હોવાથી સાંજે ૩-૧૫ થી ૭-૧૫ સુધી ધૂન-ભજનનો કાર્યક્રમ રાખ્યો હતો.

તા. ૮મીએ 'આફ્રિકા ગેસ્ટ હાઉસ'નું વાસ્તુ કરી, ત્યાં જ ઠાકોરજી જમાડ્યા.

આજે ગુજરાતના વિખ્યાત ભાગવતકાર કૃષ્ણશંકર શાસ્ત્રીજી આવ્યા હતા. તેમણે ગોપાળાનંદ સ્વામી લિખિત ભાગવત પરની ભક્તરંજની ટીકા ગ્રંથ રૂપે છપાવી, સ્વામીશ્રીનાં ચરણે તે ગ્રંથ અર્પણ કર્યો. આ પ્રસંગે તેમણે કહ્યું :

'યોગીજી મહારાજ માટે મને સહજ અનુરાગ છે. કોણે કર્યો, કેવી રીતે કર્યો, તે ખબર નથી. મિષ્ટાન્નની થાળી ઉપર બેઠા પછી આ ઘઉં કોણે પકવ્યા, કોણે દળ્યા વગેરે જાણવાની કંઈ જરૂર નથી. ભાગવત ને ભગવાન અનુરાગ કરવા જેવી ચીજો છે. જેને ભગવાન વિના ગમતું નથી તે પરમ ભાગવત. જેના વિના ભગવાનને નથી ગમતું તે આપણને મળ્યા છે.

'આ સ્થાનમાં આવવાથી વિકારો દૂર થાય છે. તે આ પુરુષના ત્યાગ, વૈરાગ્ય ને નિવાસનો પ્રતાપ છે. એ સહજાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજના યશના પ્રતાપથી છે.

'કાલે હું આ સમયે સાંગલીમાં હતો, પણ યોગીજી મહારાજની કૃપાથી

અહીં આવી શક્યો. મારે માથે સ્વામીબાપાનું ખૂબ દેવું છે. ભાગવત વિદ્યાપીઠના શિલારોપણ વખતે રાજકોટમાં મૂર્તિપ્રતિષ્ઠા હતી. બાપાને વિનંતી કરી. તરત જ રાજકોટનો કાર્યક્રમ શિથિલ કરી હાજર રહ્યા. ખૂબ પરિશ્રમ વેઠ્યો.

'તે વખતે મને એમ હતું કે બે હજાર ભાવિકો આવશે; પણ બે લાખ માણસ આવ્યું ત્યારે મને ખાત્રી થઈ કે 'બાપા જ્યાં જ્યાં પગ મૂકશે ત્યાં આંકડા ઉપર મીંડાં ચડશે.'

'ભાગવત વિદ્યાપીઠના 'યોગી મંડપ'માં યોગીજી મહારાજનું સ્વરૂપ પણ પધરાવવાનું છે.'

સાંજે હરિભક્તોના ઉતારા તરફ યજ્ઞના સ્થાને સ્વામિનારાયણ મંત્રોની સ્થાપના કરી, તે ઉપર આરસની છત્રી કરવા માટે સ્વામીશ્રીએ ખાતમુહૂર્ત કર્યું.

તા. ૧૩મીએ ગુરુકુળના હૉલમાં જાહેર સત્સંગ સભા યોજવામાં આવી હતી. ધૂન-કીર્તન બાદ, ધારાસભ્ય બાલુભાઈ, એડવૉકેટ શુક્લ સાહેબ, કૉલેજના પ્રિન્સિપાલ સ્વાદિયા સાહેબ, હાઈસ્કૂલના પ્રિન્સિપાલ જોશી સાહેબ, કલેક્ટર ચુડાસમા સાહેબ, પ્રૉ. ચંદારાણા તથા પ્રમુખસ્વામીએ યુવકોને સંબોધ્યા હતા. સ્વામીશ્રીએ આશીર્વાદ પાઠવ્યા બાદ ચાર દિવસનું વચનામૃતનું પારાયણ મંદિરમાં યોજ્યું હતું, જેનો લાભ સંતસ્વામીએ આપ્યો હતો.

દિવાળીનું વેકેશન હોવાથી અનેક બાળકો-કિશોરો પણ પોતાના માતા-પિતા સાથે સ્વામીશ્રીનો લાભ લેવા આવી પહોંચ્યા હતા. વડોદરાનો ૯-૧૦ વર્ષનો બાળક સંજય શાહ બીજે દિવસે સવારે સ્વામીશ્રીની પૂજામાં દર્શન કરતો બેઠો હતો. તેના કપાળમાં તિલક-ચાંદલો ન જોયો, એટલે સ્વામીશ્રીએ હેતથી નજીક બોલાવ્યો. પોતે તો તિલક-ચાંદલો કરી લીધો હતો. એટલે ધીમે રહી હેતથી પૂછ્યું : 'તિલક-ચાંદલો કેમ નથી ? લાવો, અમે કરી દઈએ.'

પછી પોતાના ઓરસિયામાંથી વધેલું ચંદન લઈ, પોતાના તિલકિયા પર ઘસીને સંજયને તિલક-ચાંદલો કરી આપ્યા.

પૂજા પૂરી થઈ ત્યારે થાળમાંથી આખો પેંડો લઈ તેને પ્રસાદ આપ્યો. પછી શિક્ષાપત્રી વાંચતા નજીક ઢળીને કહે : 'વાંચતાં આવડે છે ?'

સંજયે કહ્યું : 'આવડે છે.'

સ્વામીશ્રી કહે : 'લ્યો, આ શ્લોકનું ગુજરાતી વાંચો.'

તેણે 'દિવાસ્વાપો ન કર્તવ્યો' એ શ્લોકનું ગુજરાતી વાંચ્યું, તેથી ખૂબ રાજી થયા અને ધબ્બો આપી વહાલથી કહે : 'આપણે મેટ્રિક થયા પછી સાધુ

થાવું છે !'[૧૧]

કેવી અલૌકિક સ્નેહ-રીત ! નાનકડા બાળકને હેતમાં નવરાવીને પોતાની રુચિ કહી, સ્વામીશ્રીએ તેના હૃદયમાં અધ્યાત્મનાં બીજ વાવી દીધા !

માળા ફેરવો

સ્વામીશ્રી પોતાના ઓરડામાં પત્રલેખન કરતા હતા. ત્યાં સાઠ-પાંસઠ વર્ષના એક ભાભા સ્વામીશ્રી પાસે આવ્યા અને કહે : 'મારે ખાનગી કરવી છે.'

'બહુ હારુ.' સ્વામીશ્રીએ પેન-પેડ બાજુએ મૂક્યાં.

ભાભાએ વાત કરી : 'બાપા ! મને લાખ રૂપિયા આપો, તો મારે પચાસ હજાર પારાયણમાં વાપરવા છે.'

'એમ !' સ્વામીશ્રીએ અત્યંત સ્વસ્થતાથી, સરળતાથી પૂછ્યું : 'તમારા ગામમાં મંદિર છે ?'

'હા, બાપા !'

'ત્યાં ઊભાં ઊભાં રોજ એકાવન માળા છ મહિના ફેરવશો તો લાખ રૂપિયા મળશે.' સ્વામીશ્રીએ બિલકુલ સ્વસ્થતાથી કહ્યું. ભાભા રાજી થઈને રવાના થયા.

આ નિઃસંકોચ આશીર્વાદથી ત્યાં ઊભેલા યુવક પિનાકીન બ્રહ્મભટ્ટને હસવું આવ્યું. તેમણે પૂછ્યું : 'બાપા ! આપે આ ડોસાને આશીર્વાદ આપ્યા, તે લાખ રૂપિયા મળશે ?'

સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા હતા એટલી જ સરળતાથી કહ્યું : 'ભાભો માળા જ ચાં ફેરવવાનો છે !' એમ કહી હસી પડ્યા.

જે સ્વામીશ્રી પાસે આવે તેને પોતે ક્યારેય નિરાશ તો કરે જ નહિ, છતાં વાસ્તવિકતાનું ભાન પણ કરાવે અને મુશ્કેલી નિવારવાના ઉપાયમાં પણ સ્વામીશ્રી ભગવત્ અનુસંધાન મેળવી આપે તે એમની વિલક્ષણતા હતી.

દિવાળી સમયે સ્વામીશ્રી ઉપર અસંખ્ય દિવાળી કાર્ડ આવતાં. જેમાં અમુક કંપનીઓ તરફથી છપાયેલાં અક્ષરપુરુષોત્તમનાં કે મહારાજનાં કાર્ડ ઘણાં કદરૂપાં ને કઢંગાં છપાયેલાં હોય, જે જોવાં પણ ગમે નહીં; પરંતુ સ્વામીશ્રી આ

૧૧. હાલ, સાધુ પ્રિયદર્શનદાસ. પ્રમુખસ્વામી મહારાજે તેમને સામેથી ત્યાગી થવા આદેશ આપ્યો અને મેટ્રિક પહેલાં જ, માત્ર ૧૫ વર્ષની ઉંમરે, સને ૧૯૭૩માં તેમને દીક્ષા આપી.

બધાં કાર્ડ રાખી મુકાવે, ગામડે વિચરણમાં હરિભક્તોને પ્રસાદીનાં કરીને આપે.

એક વાર આવી રીતે કાર્ડ રાખવાનું સૂચન કર્યું. એક સંત કહે : 'આવાં કાર્ડ તો ફેંકી દેવાં જોઈએ.'

સ્વામીશ્રી કહે : 'એ તો મહારાજ-સ્વામી સાક્ષાત્ છે ! એવું ન કરાય.'

હું તેમને ભાળું છું

પ્રત્યેક દિવાળીએ શિવાભાઈ હરિભાઈ પટેલ અમદાવાદથી ફળોના ટોપલાઓ સ્વામીશ્રી પાસે લાવતા અને તે અન્નકૂટમાં ધરાવતા.

આ વખતે શિવાભાઈને અમદાવાદથી નીકળતાં મોડું થઈ ગયું. આથી સંતોએ સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! શિવાભાઈનાં ફળો હજી સુધી આવ્યાં નથી અને મોડું થયું છે. કદાચ ભૂલી ગયા હશે કે કેમ ?'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'શિવાભાઈ મોટરમાં આવે છે. હજુ રાજકોટ મૂક્યું છે અને અડધા કલાકમાં અહીં આવી જશે. જો હું તેમને ભાળું છું !'

આ સાંભળી સંતો આશ્ચર્ય પામ્યા. સ્વામીશ્રી તો અનંતને નિરાવરણ સ્થિતિ કરાવી દે એવા હતા, કારણ કે તેઓ તો સાક્ષાત્ બ્રહ્મ હતા. તેમની આવી નિરાવરણ સ્થિતિ હોય તેમાં શું આશ્ચર્ય ?!

બરોબર અર્ધા કલાકમાં જ શિવાભાઈ મોટરમાં ફળોના ટોપલા સાથે મંદિરે આવી પહોંચ્યા. સંતોએ જ્યારે તેમને આ વાત કહી, ત્યારે શિવાભાઈને ઘણું જ આશ્ચર્ય થયું !

અહીંના જાણીતા વકીલ દુર્લભજીભાઈ શુક્લ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રી તેમની પાસે સભામાં ઘણી વાર વાતો કરાવતા. આ વખતે તેમણે જણાવ્યું હતું કે 'ડોંગરે મહારાજને અમે નૈમિષારણ્ય ગુરુકુળમાં ભાગવત સપ્તાહ કરવા આમત્રણ આપવા ગયેલા ત્યારે ડોગરે મહારાજે કહેલું : 'ત્યાં તો પરમ ભાગવત સંત યોગીજી મહારાજ બિરાજે છે. તમને તો બોલતું-ચાલતું ભાગવત પ્રાપ્ત થયું છે.'

❀ ❀ ❀



'ભગવાને આપેલી શક્તિ કામ કરે છે'

અન્નકૂટોત્સવ બાદ સ્વામીશ્રીએ રાજકોટ, ભાદરા, સુરેન્દ્રનગર થઈ, એકાદશીનો ઉત્સવ અમદાવાદ કર્યો. આ પ્રસંગે ગીતામંદિરના મહંત સદાનંદજી મહારાજ, કૃષ્ણશંકર શાસ્ત્રી તથા બાબુભાઈ જશભાઈએ, સ્વામીશ્રી અને સત્સંગના મહિમાની મનનીય વાતો કરી હતી.

અહીં હરિપ્રસાદ મંછારામ ચોકસી દર્શને આવ્યા હતા. આમ તો તેઓ પેઢીગત પાકા સત્સંગી. તેમના પિતાશ્રી મંછારામભાઈ જૂના સંપ્રદાયમાં અગ્રણી. મુંબઈ રાજ્યમાં સરકારી વકીલ અને ગુજરાત રાજ્ય જુદું પડતાં ગુજરાતમાં સરકારી વકીલ તરીકે હરિપ્રસાદભાઈ નિમાયા. સત્સંગમાં પણ એટલા જ અનુભવી અને જૂના. 'શાસ્ત્રીજી મહારાજ વડતાલથી શાથી છૂટા પડ્યા ?' – એ સમજવા તેમણે પ્રયત્ન કરેલો. એથી શાસ્ત્રીજી મહારાજની સાધુતા, વિદ્વત્તા અને સિદ્ધાંતનિષ્ઠા માટે તેમને ખૂબ જ આદર.

પાછળથી યોગીજી મહારાજની સાધુતાએ અને નિર્દોષતાએ તેમનું હૃદય જીતી લીધું હતું. સ્વામીશ્રી મુંબઈ પધારે ત્યારે અચૂક દર્શને આવે, આશીર્વાદ મેળવે. ૧૯૬૧માં સ્વામીશ્રીએ ગ્રહણ કરેલ બીમારીમાં ચોકસી સાહેબે પોતાના વિશાળ આવાસ - કમલ મહાલમાં સ્વામીશ્રીને બે મહિના રાખી, ખૂબ સેવા કરી. સ્વામીશ્રી પ્રત્યે તેમને કોઈ અનેરો ભાવ જાગ્યો.

તેઓ હાથ જોડીને કહે : 'સ્વામી ! આપ આ ઉંમરે બહુ ભીડો કેવી રીતે વેઠી શકો છો, તે મને સમજાતું નથી ? આપ સ્વામિનારાયણ પોતે છો કે શું છો ? તે મને સમજાવો.' સ્વામીશ્રીના બે હાથ પોતાના હાથમાં લઈ તેઓ ગદ્‌ગદિત થઈ પૂછી રહ્યા હતા.

'એવું કંઈ નથી, અમે તો દાસના દાસ છીએ.' સ્વામીશ્રીએ જાણે આવું સાંભળવામાં પણ અપરાધ થઈ જતો હોય એમ દાસભાવે બોલ્યા.

છતાં ચહેરાના અતિ ગદ્‌ગદભાવ-પ્રતિભાવરૂપી શબ્દોથી જાણે એ જ પ્રશ્ન ચોકસી સાહેબ પૂછી રહ્યા હતા એમ જણાતું હતું. તેમણે સ્વામીશ્રીના બંને હાથ દબાવી, આગ્રહ ચાલુ રાખ્યો.

તેમના આર્દ્રભાવથી મહાત થઈ છેવટે સ્વામીશ્રી બોલ્યા : 'સ્વામિનારાયણ ભગવાને આપેલી શક્તિ કામ કરે છે.'

હૃદયને જે જવાબ જોઈતો હતો તે મળતાં ચોકસી સાહેબ હરખાઈ ગયા. આજુબાજુ ઊભેલા સૌનાં હૈયાં પણ હસી રહ્યાં. આત્માનો અવાજ આત્મા જ સાંભળે અને સમજે !

'તમારા હૃદયમાં મને રાખજો ને હવે જલદી ધામમાં લઈ જાવ.' ચોકસી સાહેબના આ અંતરના અંતિમ શબ્દો હતા.

✧

છેલ્લા ત્રણેક દિવસથી સ્વામીશ્રીને પત્રો મળતા ન હતા. વળી, પ્રકાશ-પત્રિકા પણ નહોતાં મળ્યાં. તેથી જરા ઉદાસ થઈને કહે : 'પોસ્ટ સાહેબને કાંઈ પડી નથી. ગમે તેમ કરી પ્રકાશ-પત્રિકા ટાઈમસર પહોંચવી જોઈએ. અમારે ગોંડલમાં પોસ્ટ (ટપાલ પેટી) કરવી હતી. તે અધમણ મગશ ખવરાવ્યો તો પોસ્ટની પેટી મંદિરમાં મૂકી. પોસ્ટમૅન નત અમારી પાસે આવે છે. પ્રસાદીનો પડિયો આપી દઉં. મુંબઈમાં એમ કરો - ભલે મણ એક અન્નકૂટનો પ્રસાદ વધારે વપરાય, પણ આંટા ન ખાવા પડે. નાના સાધુ એટલે ભાર ન પડે. હર્ષદભાઈ... એ બધાએ ભેગા મળીને જવું. આ તો લાંચ લૂંચિયું રાજ છે.'

તા. ૨-૧૧-'૬૮, ગીતામંદિરમાં મહંતજીના આગ્રહથી પધરામણી કરી, સભામાં મુમુક્ષુ જનતાને આશીર્વાદ આપી, અસલાલી નાથાભાઈને ત્યાં ઠાકોરજી જમાડ્યા. વસોથી તા. ૪થીએ સાંજે વિદાય લઈ, પલાણા, ડભાણ, પીપલગ, મહેળાવ દર્શન કરી, રાત્રે ૯-૦૦ વાગે બોચાસણ આવ્યા.

પૂર્ણિમાના સમૈયે હજારો હરિભક્તોને નવા વર્ષના આશીર્વાદ આપ્યા.

આજે અમે સૌ સંતોએ મળીને સ્વામીશ્રી માટે સુંદર હિંડોળો તૈયાર કર્યો હતો. તેમાં બિરાજી સ્વામીશ્રીએ અલૌકિક સુખ આપ્યું. અને પ્રવચન પણ હિંડોળે બેસીને જ કર્યું.

ગાનામા પારાયણ પર્વ

તા. ૭મીએ સાંજે સ્વામીશ્રી ગાના પધાર્યા. ઘીની મશાલોથી સ્વાગત

થયું. શોભાયાત્રામાં સ્વામીશ્રી મોટરમાં બિરાજ્યા હતા અને હરિભક્તોનો ભાવ પૂરો કરવા સ્વામીશ્રીને બદલે પ્રમુખસ્વામી, સત્યપ્રિય સ્વામી સાથે હાથી ઉપર સ્વામીશ્રીની આજ્ઞાથી બેઠા.

ગામ બહાર ચોકમાં વિશાળ મંડપ બાંધ્યો હતો. જેમાં તા. ૮થી 'હરિલીલાકલ્પતરુ'ની પારાયણનો પ્રારંભ પ્રમુખસ્વામીએ કર્યો. સાંજે 'શાસ્ત્રીજી મહારાજનું જીવન ચરિત્ર' પુરાણી શ્વેતવૈકુંઠદાસજી વાંચતા. સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું હતું કે 'સાત દિવસનો ઉત્સવ છે, તો ખેતીવાળા ખેતી બંધ કરી દેશો. દુકાનવાળા દુકાન બંધ કરી દેશો. આ કથાનો લાભ લેશો. ખેતી કે વેપારમાં ખોટ નહિ આવે.'

સ્વામીશ્રીના આદેશ મુજબ સ્થાનિક હરિભક્તોએ પારાયણનો સારો લાભ લીધો. તેમજ તનતોડ સેવા કરી હતી. ચરોતરનાં ગામોગામથી ઘણા હરિભક્તોએ પણ લાભ લીધો હતો.

આજે રાત્રે ૮-૦૦ વાગે સ્નાન કરતાં પહેલાં વિદ્યાનગર યુવક મંડળ દર્શને આવ્યું હતું. સ્વામીશ્રી કહે : 'કોણ કોણ ઉપવાસ કરશે ? અગિયાર જણ તૈયાર થાઓ.'

પછી બોલ્યા : 'કાગળ લાવો. કાગળમાં ઉપવાસી યુવકોનાં નામ નોંધો.'

પછી વારાફરતી અગિયાર યુવકોએ આશીર્વાદ લીધા. એ વખતે સ્વામીશ્રી ધબ્બો આપે ને બોલતા જાય : 'જાવ, બે કિલો બળ મળશે.' સાથે ગળામાં હાથ નાખીને કંઠીની તપાસ કરે. અને તિલક-ચાંદલો કરવાની સૌ યુવકોને આજ્ઞા કરે.

આમ, થોડી વાર ગમ્મત કરી, યુવકોને બહુ આનંદ કરાવ્યો ને બોલ્યા : 'હવે આપણા છાત્રાલયના ૬૦ યુવકો એક નિયમ લ્યો કે 'પંદર દિવસે એકાદશી આવે તે એકાદશીએ નિર્જળા ઉપવાસ કરવો.' અત્યારે ઉપવાસ આપ્યો તે હેતનો ને રાજીપાનો; પણ હું પાસે ન હોઉં ને આઘો હોઉં, ત્યારે પણ એકાદશીએ ઉપવાસ કરવાનું સૌ નિયમ રાખો.'

વિદ્યાનગર યુવક મંડળે સ્વામીશ્રીની આજ્ઞા સહર્ષ ઝીલી લીધી. સ્વામીશ્રી ખૂબ જ રાજી થયા.

ભગવાન ક્યારે આપણા થાય ?

બીજે દિવસે સવારે ગાના સત્સંગ મંડળ કીર્તન ગાતું હતું. તેમાં *'તમે મારા થયા, હું તમારો થયો'* એ કીર્તન ઉપાડ્યું. ત્યારે સ્વામીશ્રીએ પ્રશ્ન પૂછ્યો :

'તમે મારા થયા એટલે શું ? ભગવાન ક્યારે આપણા થાય ?' પછી જુદા જુદા હરિભક્તો પાસે પ્રશ્નોના ઉત્તર કરાવ્યા.

બાદ સ્વામીશ્રીએ સ્નાન કરતાં યુવકોને કહ્યું કે 'મધ્યનું ૬૧મું વચનામૃત સિદ્ધ થાય, તો એ કીર્તન પ્રમાણે વર્ત્યા કહેવાય.'

જગતનું ઓછું સૂઝે છે

ગાનામાં જૂના હરિભક્ત શનાભાઈ લાલાજી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેમણે કહ્યું : 'બાપા ! મને આંખે ઓછું સૂઝે છે.'

સ્વામીશ્રી કહે : 'મને પણ ઓછું સૂઝે છે.'

એ સાંભળતાં બધા ખૂબ હસી પડ્યા. સ્વામીશ્રી પોતે પણ ખૂબ હસવા લાગ્યા ને કહે : 'આ જગતનું ઓછું સૂઝે છે.'

સ્વામીશ્રી ટપાલ લખતા હતા. ત્યાં એક સંત ટપાલમાં સહી કરાવવા આપી ગયા. ત્યારે સ્વામીશ્રી કહે : 'અમારા જૂનાગઢમાં એવો નિયમ કે સાધુથી બહુ જ જરૂરી કામ સિવાય ટપાલ લખાય જ નહિ. ને સોય જેવી વસ્તુ જોઈતી હોય તોપણ ગુરુને કહે કે 'મને લાવી આપો.' પણ વધુ ટપાલ લખવાથી બાહ્ય દૃષ્ટિ થઈ જાય. સાધુઓએ તો ભજન, કીર્તન ને વાતો જ કરવી જોઈએ.' એમ ઘણી પ્રાસાદિક વાતો કરી.

તા. ૧૪મીએ સાંજે ગાનાથી નીકળી મેઘવા, ભાદરણ, ઝારોળા થઈ, સ્વામીશ્રી વિદ્યાનગર પધાર્યા. મણિભાઈ સાહેબ તથા છાત્રાલયના ગૃહપતિ હીરુભાઈએ યુવકો સાથે મળીને, છાત્રાલયમાં મંડપ બાંધી, બે દિવસ સ્વામીશ્રીનો સૌને સારો લાભ મળે એવું આયોજન કર્યું હતું.

તા. ૧૬મીએ ગો.જો. વિદ્યાલયમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં, એચ.એમ. પટેલ દ્વારા નારાયણપ્રસાદ સ્વામીનાં અધ્યાત્મવાદી ચિત્રોનું પ્રદર્શન ખુલ્લું મુકાયું. છાત્રાલયમાં સત્સંગ સભાઓમાં લગભગ ૧૦૦ જેટલા નવા મુમુક્ષુ યુવાનોએ સ્વામીશ્રી પાસે વર્તમાન ધરાવ્યાં. એકાદશીને દિવસે સ્વામીશ્રીની પ્રેરણાથી ૫૧ યુવકોએ નિર્જળા ઉપવાસ કર્યો હતો.

દેવદર્શનમાં આકર્ષણ

તા. ૧૭-૧૧-'૬૮, કિરીટભાઈ,[૧૨] બળદેવભાઈ,[૧૩] વગેરે યુવકોએ અહીં

---

૧૨. હાલ, સાધુ અક્ષયમુનિદાસ. ૧૩. હાલ, સાધુ યજ્ઞપ્રિયદાસ.

છાત્રાલયની દરેક રૂમમાં સ્વામીશ્રીની પધરામણીનો કાર્યક્રમ ગોઠવ્યો. પહેલી રૂમમાં તૈયારી ન હોવાથી છેલ્લે ત્રીસ નંબરની રૂમથી પધરામણીની શરૂઆત કરી.

અહીં રહેતા યુવક રાજેન્દ્રભાઈ આચાર્યના રૂમમાં પધાર્યા. તેઓ રામ-કૃષ્ણ, શિવજી, માતાજી, હનુમાનજી વગેરે દેવ-દેવીઓનાં વિવિધ સ્વરૂપોની પૂજા કરતા. જ્યારે કિરીટભાઈ વગેરે મિત્રો તેમને કહેતા કે 'આમાં સ્વામિનારાયણની મૂર્તિ મૂકો.'

ત્યારે તેઓ હાજર જવાબ આપતા કે 'સ્વામિનારાયણની મૂર્તિ આ મંદિરના સિંહાસનમાં છે, જ્યારે બાકીના બધા અહીં મેં રાખ્યાં છે !'

પણ તેઓ નિખાલસભાવે સાચા હૃદયથી માળા ફેરવતા અને પ્રાર્થના કરતા : 'જે કોઈ સ્વરૂપ મુખ્ય હોય તેની હું માળા ફેરવું છું.'

તેમની પૂજા ચાલુ હતી. ત્યાં જ સ્વામીશ્રી આવી ગયા. તેમને મનમાં એમ થયું કે 'સ્વામીશ્રી આટલાં બધાં સ્વરૂપો જોઈને ઠપકો આપશે અથવા ઉપદેશના બે શબ્દ કહેશે.'

પરંતુ સ્વામીશ્રી તેમની પૂજા જોઈને આનંદથી બોલી ઊઠ્યા : 'અહોહો ! આટલાં બધાં દેવનાં દર્શન અમને કરાવ્યાં !' એમ કહી પોતે બે હાથ જોડી, પૂજાને ભાવથી નમસ્કાર કર્યા.

આ એક જ ક્રિયાથી અભિભૂત થઈ રાજેન્દ્રભાઈએ સ્વામીશ્રી પાસે તરત જ વર્તમાન ધરાવ્યાં. પછી સ્વામીશ્રી બોલ્યા : 'હવે પ્રમુખસ્વામી કંઠી પહેરાવશે.'

રાજેન્દ્રભાઈ પ્રમુખસ્વામી પાસે ગયા. તેઓ રૂમ નં. ૧૦નાં પગથિયાં પાસે જ બેઠા હતા. રાજેન્દ્રભાઈએ તેમના હાથે કંઠી ધારણ કરી.[૧૪]

તા. ૧૭મીએ વી.પી. સાયન્સ કૉલેજના હૉલમાં જાહેર સભા યોજાઈ હતી. એન.સી.સી.ના વિદ્યાર્થીઓએ સ્વામીશ્રીનું અભિવાદન કર્યું. નટવરલાલ દવે, હર્ષદભાઈ, ભટેસા, ડૉ. રણછોડભાઈ તથા પ્રમુખસ્વામીએ 'વિજ્ઞાન અને ધર્મ' ઉપર મનનીય પ્રવચનો કર્યાં હતાં. સ્વામીશ્રીએ સૌને રૂડા આશીર્વાદ આપ્યા. આખો હૉલ વિદ્યાર્થીઓથી ચિક્કાર ભરાઈ ગયો હતો.

સાંજે વડતાલ તથા ડભાણ દર્શન કરી, કંપાલાવાળા પ્રભુદાસભાઈને ત્યાં કરોલી પધરામણી કરી. રામોલ, વસો થઈ, તા. ૧૮મીએ રાત્રે મહીજડા આવી પહોંચ્યા.

---

૧૪. પાછળથી પ્રમુખસ્વામી મહારાજે તેમને ભાગવતી દીક્ષા આપી, 'સાધુ નરેન્દ્ર-પ્રસાદદાસ' નામાભિધાન કર્યું.

હર રંગમેં સેવકરૂપ ચહે

પ્રમુખસ્વામી અહીં અચાનક બીમાર થઈ ગયા. સ્વામીશ્રી તથા એમનો ઉતારો અંબાલાલ મુખીના ડેલામાં જ હતો. કાશીકાકાએ તરત ડૉક્ટરને બોલાવ્યા. સ્વામીશ્રી પણ પ્રમુખસ્વામી જે ઓરડામાં હતા, ત્યાં પધાર્યા અને એક કોથળા પર નીચે બેસી ગયા. પ્રમુખસ્વામીને જલદી સાજા કરી દેવાની ડૉક્ટરને ભલામણ કરી.

ડૉક્ટર વિદાય લેતા હતા ત્યારે કાશીકાકા કહે : 'ડૉક્ટર ! સ્વામીશ્રીના આશીર્વાદ લેવા જેવા છે.'

સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ તથા પ્રસાદીનો પડિયો આપ્યો. અને પ્રમુખસ્વામી પાસે બેસીને વિશેષ ખબર-અંતર પૂછ્યાં. પછી નિરંજન સ્વામી તથા દેવચરણ સ્વામીને કહે : 'ગુરુને આમ નીચે ન સુવાડાય. આપણી રૂમમાં પાટ ઉપર પથારી કરાવો.'

બીજે દિવસે સ્વામીશ્રીએ પૂજા વિધિ પછી, પૂજાની પ્રસાદીનાં પુષ્પો પ્રમુખસ્વામીને માટે મોકલ્યાં અને ઉકાળો લઈ જવા કહ્યું. પાછળથી પોતે પણ જોવા આવ્યા. પ્રમુખસ્વામીએ કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજ અને આપની દયાથી આજે સારુ છે.'

બપોરે ૧૧-૦૦ વાગે સ્વામીશ્રીએ દેવ સ્વામીને પૂછ્યું : 'સ્વામી માટે રસોઈ શું બનાવી છે ?'

તેમણે કહ્યું : 'બાપા ! કાંઈ નહીં !'

ત્યારે યોગેશ્વર સ્વામીને બોલાવ્યા. તેમણે કહ્યું : 'પ્રમુખસ્વામી માટે મોળી દાળ અને ભાત મોકલશું.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'ઈ નો હાલે, માંદાને ખીચડી હોય ! લાવો, હું ખીચડી બનાવી દઉં. લાવો દાળ-ચોખા ! આપણે પ્રમુખસ્વામીની સેવા થઈ જાય.'

બપોરે ખીચડી જમાડ્યા પછી પ્રમુખસ્વામીની તબિયત તદ્દન સારી થઈ ગઈ. આમ, સ્વામીશ્રી અને પ્રમુખસ્વામીની આત્મીયતાનાં અનેક વાર સેવકોને દર્શન થતા.

સવાયા લાભનો કોલ

અહીં સ્વામીશ્રીની નાદુરસ્ત તબિયતને લીધે પધરામણીઓ બંધ હતી,

પણ સ્વામીશ્રીની પધરામણી કરાવવાની સર્વેને ઇચ્છા હતી. જ્યારે સ્વામીશ્રીની પાસે આ વાત પહોંચી, ત્યારે સ્વામીશ્રી કહે : 'પ્રમુખસ્વામીને લઈ જાવ. હું રૂપિયો છું અને પ્રમુખસ્વામી સવા રૂપિયો છે. પ્રમુખસ્વામીની પધરામણીનો ડંકો મહીજડામાં વગાડવો છે.'

સ્વામીશ્રીની મરજી જોઈને સર્વે હરિભક્તો સમજી ગયા અને બીજે દિવસે પ્રમુખસ્વામીની ૫૩ પધરામણીઓ થઈ. સૌને જાણે સ્વામીશ્રી પધાર્યા હોય તેવું જ સુખ અને આનંદ પ્રાપ્ત થયાં. હજુ હમણાં જ નાદુરસ્ત તબિયતમાંથી ઊઠ્યા હતા, પણ પ્રમુખસ્વામી હરિભક્તોને રાજી રાખવામાં, સ્વામીશ્રીને રાજી કરવામાં એવી મુશ્કેલીઓને ક્યારેય ગણતા નહીં.

અહીંથી નવાગામ થઈ, પુરુષોત્તમપુરા પધાર્યા.

સભા પ્રસંગમાં સ્વામીશ્રી કહે : 'અમારે તો સેવા કરવાનું તાન છે, એટલે સુખિયા છીએ. દરેક કાર્ય મહિમાથી જ થાય છે. અમારે તો અનુભવ છે. મહિમા વગર બધું લૂખું. એમાં તાજગી ન હોય.'

પછી રઢુ, બાવળા, ધંધુકા થઈ, તા. ૨૧મીએ રાત્રે ગઢડા આવી પહોંચ્યા.

વિદ્યાર્થીઓએ શોભાયાત્રા કાઢી, ગઢડાની શેરીઓને 'અક્ષરપુરુષોત્તમ મહારાજની જય,' 'યોગીજી મહારાજની જય' વગેરે જયનાદોથી ગૂંજવી દીધી. સ્વામીશ્રીને કન્યાશાળામાં, નવા મકાનના ખાત વિધિ માટે પધરાવ્યા. નિશાળ તથા ગામ દિન-પ્રતિદિન ખૂબ જ વિકાસ પામે અને અનેક વિદ્વાનો શાળામાંથી તૈયાર થાય – એવા શુભ આશીર્વાદ સ્વામીશ્રીએ આપ્યા.

બોટાદ, સારંગપુર થઈ, તા. ૨૩મીએ સ્વામીશ્રીએ અમદાવાદ મંદિરે દર્શન કરી, આર.યુ. પટેલને ત્યાં ઠાકોરજી જમાડ્યા. સાંજે શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર શિષ્ય વિનાયકરાવ ત્રિવેદી સાહેબની તબિયત જોઈ મંદિરે આવ્યા.

રાત્રિસભામાં વાત કરતાં કહે : 'સાધુ મળે તો મુકાવે બલા ને આપે અલ્લા. માટે આસક્તિ રહિત સત્સંગ કરવો. અક્ષર દેરીનો પ્રતાપ બહુ મોટો છે. સંકલ્પમાત્ર બંધ થઈ જાય. શાંતિ થઈ જાય. અંતર ધગતું હોય તેને દેખીને મોટા સંત રાજી ન થાય. આપણને જે સુખ મળ્યું છે, તે વિના બીજે સુખ ન ઇચ્છવું. મોળાનો સંગ ન કરવો. ઉત્તમ પુરુષનો સંગ કરવો. પ્રમુખસ્વામી, સંતસ્વામી જેવાનો સંગ કરવો. અવયવ ફરી જાય.'

સખત શરદીને કારણે વડોદરાનો કાર્યક્રમ રદ કરી, સ્વામીશ્રી આજે રાત્રે ગુજરાત મેલમાં અમદાવાદથી મુંબઈ આવી પહોંચ્યા.


અક્ષર ભવનનું નવનિર્માણ

સ્વામીશ્રીનું વિચરણ અનેક જીવોને બ્રહ્મરૂપ કરી, અક્ષરધામમાં પુરુષોત્તમ નારાયણની સેવા-ભક્તિના અધિકારી બનાવવા માટે હતું. તે હેતુ સિદ્ધ કરવા એમણે અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી. તેમાં દેશ-પરદેશમાં ગામોગામ મંદિરો કરી, અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ પધરાવવાનું કાર્ય ખૂબ જ ઉત્સાહ-પૂર્વક કરી રહ્યા હતા.

સ્વામીશ્રીને મુંબઈમાં મંદિર કરવાનો ઘણા સમયથી સંકલ્પ હતો. અને ૧૯૬૧માં તે સંકલ્પ સિદ્ધ થયો અને દાદર (સે. રેલવે) સ્ટેશન સામે એક મકાન ખરીદી, તેમાં બીજે માળે અક્ષરપુરુષોત્તમ મહારાજની ચિત્ર-પ્રતિમાઓ પધરાવી. પછી જૂના સત્સંગી અ.નિ. રામજી કેશવજીના પુત્ર આર્કીટેક્ટ નારણભાઈએ ત્રીજે માળે એક સુંદર હૉલ બંધાવી આપ્યો. અને તેમાં શાસ્ત્રીજી મહારાજની સુંદર ચિત્ર-પ્રતિમા પધરાવી. ભોંયતળિયે ગવર્ન્મેન્ટની ઑફિસ હતી. સ્વામીશ્રીએ તે ઑફિસ ખાલી કરાવવાનો શુભ સંકલ્પ કર્યો ને તે માટે હરિભક્તોએ હિલચાલ શરૂ કરી. નારાયણરાવ પાટિલ (ચૅરમૅન, મહારાષ્ટ્ર હાઉસિંગ બૉર્ડ), હર્ષદભાઈ નેણશીભાઈ ગણાત્રા, અંબાલાલભાઈ (કુર્લાવાળા), રમણિકભાઈ ઠક્કર વગેરેના પ્રયત્નમાં સ્વામી-શ્રીજી અને શાસ્ત્રીજી મહારાજની કૃપા ભળી ને કોઈ પ્રકારના ખર્ચ સિવાય ઑફિસ ખાલી થઈ ગઈ. ભોંયતળિયે દીવાલો તોડી એક સુંદર હૉલ બનાવ્યો. તેમાં મોહનભાઈ રાઠોડ, મણિભાઈ નાનાણી તથા દેવુભાઈ નાનાણીએ ખૂબ જ પરિશ્રમ લીધો. ગોંદિયાવાળા મનોરભાઈએ આરસ પથરાવવામાં સેવા કરી. ગર્ડર માટે જશભાઈ વસોવાળાએ સેવા કરી. સહજાનંદ એન્જિનિયરીંગ વર્કસવાળા નવીનભાઈએ ગર્ડરનું ફેબ્રીકેશન કરી આપ્યું. ઇલેક્ટ્રિક ફિટિંગ અને તેનાં સાધનોની સર્વે સેવા સુનીલભાઈ દમણિયાએ કરી. લવજીભાઈએ આરસ બેસાડવામાં ઘણી સેવા કરી. આમ, ટૂંક સમયમાં હૉલનું કામ સંપૂર્ણ થઈ ગયું.

❀ ❀ ❀

પ્રમુખસ્વામીના જન્મોત્સવની પ્રથમ ઉજવણી



માગશર સુદ ૮, ગુરુવાર, તા. ૨૭-૧૧-'૬૮, સવારે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર સ્વામીશ્રી તથા પ્રમુખસ્વામીના સાંનિધ્યમાં યજ્ઞનો શુભ પ્રારંભ થયો. ૧૫ હરિભક્તો યજ્ઞમાં બેઠા. સી.એમ. પટેલ ટરોરોવાળાના હસ્તે હૉલનું ઉદ્‌ઘાટન થયું. ૧૧-૦૦ વાગે સ્વામીશ્રી યોગીજી મહારાજના પરમ પુનિત હસ્તે અક્ષરપુરુષોત્તમ મહારાજની પટમૂર્તિઓની પ્રતિષ્ઠા ખૂબ જ શાનદાર રીતે થઈ. બૅન્ડ-વાજાં ને શરણાઈના નાદોથી તથા ધૂન અને જયનાદોથી વાતાવરણ ખૂબ જ દિવ્ય બની ગયું. દરેકને આનંદ આનંદ થઈ ગયો. પછી સહુ હરિભક્તોએ ઠાકોરજી તથા સંતોનું પૂજન કરી, ધોતિયાં ઓઢાડ્યાં. સર્વ હરિભક્તોને સહ-કુટુંબ જમવાનું આમંત્રણ હતું. જમવા માટે ગુર્જર વાડી(માટુંગા)માં વ્યવસ્થા કરી હતી. આશરે પાંચ હજાર હરિભક્તોએ મહાપ્રસાદ લીધો. મુંબઈ પ્રતિષ્ઠાનો તમામ ખર્ચ ખંભાતના અંબાલાલ ઝવેરી(હાલ, બૅંગકોક)એ આપ્યો હતો. કૃષ્ણ-શંકર શાસ્ત્રી પણ દર્શને આવ્યા હતા અને હૉલ જોઈ ખૂબ જ રાજી થયા હતા.

'એવું શોભે નહિ, હું તો સેવક છું'

પ્રમુખસ્વામી - શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી આજે સંવત ૨૦૨૫ના માગશર સુદ ૮ના ૪૭ વર્ષ પૂરાં કરી ૪૮મા વર્ષમાં પ્રવેશ કરતા હતા. મહંત સ્વામી અને સંતોને એ વાતનો ખ્યાલ આવતાં તેઓની જન્મ જયંતી ઊજવવાનો પ્રસ્તાવ વડીલ હરિભક્તો સમક્ષ મુકાયો. સહુએ પ્રેમ અને ઉત્સાહથી તે વધાવી લીધો.

આ વાતની જાણ પ્રમુખસ્વામીને ન થાય તે રીતે આયોજન થયું. પરંતુ સાંજે ૪-૦૦ વાગે પ્રમુખસ્વામીને આ કાર્યક્રમની ગંધ આવી ગઈ. તેમને આ વાત જરાપણ ગમી નહીં. પણ કાર્યક્રમ બંધ રહે તે શક્ય નહોતું. તેથી એ

પ્રસંગ ટાળવા પધરામણીનું નિમિત્ત ઊભું કર્યું. આવા પ્રસંગે કોઈ નાના સંતને જોડમાં લઈ જવા – એમ વિચારી પ્રેમપ્રકાશ સ્વામીને કહ્યું કે 'હમણાં પધરામણીએ જવાનું થશે. પાઘ લઈને તૈયાર રહેજે.'

પણ ક્યારેય નહીં ને આજે, બીજા કોઈને નહીં ને આ નાના સંતને સાથે થઈ જવાનું કારણ આજનો પ્રસંગ ટાળવાનું હોઈ શકે – એ શંકા ત્રણેક સંતોને એક સાથે થઈ. તેથી સિદ્ધેશ્વર સ્વામી, અનુપમ ભગત વગેરે પ્રેમપ્રકાશ સ્વામીને લઈ સ્વામીશ્રી પાસે ગયા. વાત જાણી સ્વામીશ્રી પ્રેમપ્રકાશ સ્વામીને કહે : 'તમે પાઘ અહીં મૂકીને જાવ. પ્રમુખસ્વામીને બોલાવી લાવો.'

પ્રમુખસ્વામી આવ્યા એટલે સ્વામીશ્રીએ આજ્ઞા કરી કે 'સંતોને બહુ પ્રેમ છે. રાત્રે કાર્યક્રમ રાખ્યો છે અને મારી ઇચ્છા પણ છે કે તમારે સભામાં આવવું.'

પ્રમુખસ્વામીએ હાથ જોડી આજીજી કરી : 'બાપા ! એવું શોભે નહીં, હું તો સેવક છું.'

'ના, ના, તમારે આવવું પડશે.' સ્વામીશ્રીએ તેમના હાથ પકડી હસતાં હસતાં ખૂબ પ્રેમથી આગ્રહ કર્યો.

પ્રમુખસ્વામી લાચાર બની ગયા અને યોગીજી મહારાજના સાંનિધ્યમાં પ્રમુખસ્વામીની ૪૮મી જયંતી ધામધૂમથી ઊજવાઈ.

પ્રમુખ ગુણ પરાગ

રાત્રે ૮-૩૦ વાગે હૉલ ચિક્કાર ભરાઈ ગયો. કાર્યક્રમની શરૂઆત થઈ. ધૂન તથા કીર્તન બાદ હર્ષદભાઈ દવે, છગનભાઈ પટેલ, મગનભાઈ સક્રેટરી, આશાભાઈ પટેલ (સુરત), હકાભાઈ, મોહનભાઈ રાઠોડ, સિદ્ધેશ્વર સ્વામી તથા મહંત સ્વામીએ પ્રવચનોમાં પ્રમુખસ્વામીના ગુણાનુવાદ ગાયા. પ્રવચનોનો સાર એ હતો કે –

'સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજે ૧૮ વર્ષની નાની વયે દૃષ્ટિમાં લીધા. ને સાધુની દીક્ષા આપી, પોતાની સાથે રાખી, સંસ્કૃતનો અભ્યાસ કરાવ્યો. ને સત્સંગ તથા વ્યવહારની રીતભાત સમજાવી, લાખો હરિભક્તો, સેંકડો સંતો અને સેંકડો મંદિરોવાળી વિશાળ સંસ્થાના પ્રમુખપદ માટેનું પાત્ર તૈયાર કર્યું. ૨૮ વર્ષની નાની વયે એ મહાન જવાબદારી સોંપી. પ્રમુખ તરીકેની વરણી થઈ ત્યારે કોઈને ખ્યાલ પણ નહિ કે 'પ્રમુખસ્વામી આટલી સુંદર રીતે આ સંસ્થાનું સુકાન સંભાળશે.'

'પ્રમુખપદ સ્વીકાર્યા બાદ, વીસ વરસ સુધી એકધારી સેવા કરી તેમણે સર્વ સંતો ને હરિભક્તોનાં મન જીતી લીધાં. નાના-મોટા સર્વ પ્રસંગોમાં સંપૂર્ણ સાધુતા સાથે તેમણે જે સેવા કરી છે તે અજોડ છે.

'અત્યંત ધીરજ, ક્ષમા, નિર્માનીપણું, વ્યવહારદક્ષતા, શુદ્ધ ઉપાસના અને આજ્ઞાપાલન વગેરે ગુણોની સહુનાં હૃદયમાં ઊંડી અસર થઈ છે. સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ તથા સ્વામીશ્રી યોગીજી મહારાજ પ્રત્યેની ગુરુભક્તિનાં દર્શન એમના દરેક કાર્યમાં થાય છે. સ્વામીશ્રી યોગીજી મહારાજની આજ્ઞા કે મરજી વિરુદ્ધ હજી સુધી એક પગલું પણ એમણે ભર્યું નથી. આવા અનેક ગુણોથી સ્વામીશ્રી યોગીજી મહારાજની એમના ઉપર અખંડ દૃષ્ટિ છે. પ્રમુખ પદને શોભાવી રહ્યા છે.

'સદ્. નિર્ગુણદાસ સ્વામીએ પણ જ્યારે જાણ્યું કે સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજે શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીને પ્રમુખપદે નિયુક્ત કર્યા છે. ત્યારે તેઓ ખૂબ જ પ્રસન્ન થયા હતા અને કહ્યું હતું : 'શાસ્ત્રીજી મહારાજે શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીની સંસ્થાના પ્રમુખ તરીકે નિમણૂક કરી છે તેથી હું ખૂબ જ રાજી થયો છું. શાસ્ત્રીજી મહારાજે આ મહાન કાર્ય કર્યું છે અને અક્ષર-પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, બોચાસણના પાયા પાતાળે નાખ્યા છે.'

'પ્રમુખસ્વામીની કથા વાંચવાની શૈલી ખૂબ જ સુંદર છે. એમનો અત્યંત સરળ સ્વભાવ, નિખાલસ હૃદય ને પ્રેમભાવ નિહાળી, નાના-મોટા સહુ એમને ચાહે છે. અને અત્યંત માનભરી દૃષ્ટિએ જુએ છે અને આજ્ઞાનું પાલન કરે છે.'

આ પ્રવચનો બાદ શાસ્ત્રી નારાયણ ભગતે એમના જીવન અને અનેક ગુણોને વણી લેતા સંસ્કૃતમાં રચેલા શ્લોકોનું ગાન કર્યું.

સ્વામી-સેવકત્વના ઉત્કૃષ્ટ ઉદ્‌ગારો

ત્યારબાદ પ્રમુખસ્વામીએ પ્રવચન કરતાં ખૂબ ગંભીરતાથી જણાવ્યું કે –

'સ્વામીશ્રીના સાંનિધ્યમાં આ રીતે તમોએ સભા યોજી તે મને જરાપણ યોગ્ય લાગતું નથી. અત્યારે તો આપણા સહુની દૃષ્ટિ એક યોગીજી મહારાજ તરફ જ હોય ! એ જ આપણા મોક્ષદાતા છે. એમના વિના આપણું આત્યંતિક કલ્યાણ કરે એવો બીજો કોઈ પુરુષ આપણે માટે નથી. શ્રીજીમહારાજ એ દ્વારા અખંડ પ્રગટ છે. હું ઘણો જ નાનો માણસ છું. અને શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજની કેવળ કૃપાદૃષ્ટિ અને આશીર્વાદથી આ સંસ્થાની સેવા કરી

રહ્યો છું. તેમાં મારી ઘણી ભૂલો થાય છે. સ્વામીશ્રી યોગીજી મહારાજે અત્યંત ઉદાર દિલે મને ક્ષમા આપી છે. ને અવારનવાર માર્ગદર્શન આપી, મારા કાર્યને સરળ બનાવ્યું છે. વળી, એમણે આ સંતો તૈયાર કર્યા છે તેથી મને ખૂબ શાંતિ રહે છે. મહંત સ્વામીનાં દર્શન કરતાં ટાઢું થઈ જાય છે. જેમ સદ્. પુરુષોત્તમદાસ સ્વામી(ખાનદેશી)નાં દર્શન કરતાં સહુ સંતો-હરિભક્તોને ટાઢું થતું, તેમ આજે મહંત સ્વામીનાં દર્શનથી થાય છે. તેમની સાધુતા અને નિર્માનીપણું સહુને આકર્ષે છે. તેમનો મને સંપૂર્ણ સહકાર છે. વળી સહુ હરિભક્તો પણ મારા પ્રત્યે ખૂબ જ પ્રેમ રાખે છે અને દરેક કાર્યમાં મદદ કરે છે.

'શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજની અને આપ સહુની મારા પ્રત્યે જે લાગણી છે તેનો બદલો હું કોઈ રીતે વાળી શકું તેમ નથી. તેમ છતાં હું આ દેહે કરીને આ સંસ્થાની સેવા કરી શકું, એવા આશીર્વાદ આપ સહુ આપશો અને ફરીથી આવો પ્રસંગ કદી પણ ઊભો ન કરવા આપ સહુને મારી નમ્ર અરજ છે.'

પ્રવચન બાદ પ્રમુખસ્વામીએ એક મોટો હાર સ્વામીશ્રીને અર્પણ કર્યો. અંબાલાલભાઈ ઝવેરી, જીવણભાઈ શાહ (સાન્તાક્રુઝવાળા) અને બી.કે. મોદી તરફથી સારંગપુર મંદિરના ઠાકોરજીને મુખવાસ તથા પાનબીડી ધરાવવા તૈયાર કરેલ ચાર ચાંદીની પાનદાનીના સેટ સ્વામીશ્રીના વરદ હસ્તે પ્રમુખસ્વામીને આ પ્રસંગની સ્મૃતિરૂપે અર્પણ કર્યા હતા. પ્રતિષ્ઠા ઉત્સવની બધી જ સેવા ખંભાતના અંબાલાલ ઝવેરી (બૅંગકોક) તરફથી હતી. મહંત સ્વામીએ સમગ્ર સંત-મંડળ વતી એક મોટો હાર પ્રમુખસ્વામીને અર્પણ કર્યો. આફ્રિકા મંડળના પ્રતિનિધિઓ ભટેસા, રવિભાઈ પંડ્યા, એ.પી. પટેલ, સી.એમ. પટેલ તથા મણિભાઈ પટેલે એક મોટો હાર અર્પણ કર્યો. ત્યારબાદ હરિભક્તોએ વારાફરતી હારતોરા કર્યા.

'પ્રમુખસ્વામી શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ છે'

સ્વામીશ્રીએ આ પ્રસંગે આશીર્વાદ આપતાં કહ્યું હતું કે –

'આપણે પ્રમુખસ્વામીની જયંતી ઊજવવા ભેગા થયા છીએ. શાસ્ત્રીજી મહારાજે નાનપણથી પ્રમુખ નીમ્યા. મને કાનમથી આવતાં મળ્યા. મેં શાસ્ત્રીજી મહારાજને કહ્યું : 'ચાણસદથી મુક્ત આવ્યા છે.' શાસ્ત્રીજી મહારાજ તેમને કહે : 'ભણવું રહેવા દ્યો. સેવામાં આવી જાવ.' મોટાપુરુષ જીવને ઓળખે. મોટાપુરુષ ધારે તે કરે. શાસ્ત્રીજી મહારાજની તેમના ઉપર નાનપણથી દૃષ્ટિ પડી ગઈ.

તેમને પ્રમુખ તરીકે નીમ્યા. શાસ્ત્રીજી મહારાજ જે કાર્ય કરે તે નિર્ગુણ જ હોય. સારું જ હોય. કેવું પરિણામ આવ્યું ?! કેવી સ્થિતિ થઈ ?! કેવો સત્સંગ વધાર્યો ?! કેવા સાધુ કર્યા ?! સૌએ પ્રમુખસ્વામીની આજ્ઞામાં રહેવું. સૌએ તે કહે તેમ કરવું. તો શાંતિ થાય. શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ છે, એમાં રોમનો ફેર નથી, એવો દિવ્યભાવ રાખવો. આપણે સાતસો સાધુ કરવા છે, તે પ્રમુખસ્વામી દ્વારા પૂરા થશે. એક એક મંદિરના સો સો સાધુ; પચાસ મંદિરમાં રહે ને પચાસ ગામડે ફરે. આજે મંદિરનો પ્રતિષ્ઠા ઉત્સવ ને વળી પ્રમુખસ્વામીની જન્મ જયંતી, તે શંખને દૂધે ભર્યો એવું થયું. દર વર્ષે આ જન્મ દિવસ શાનદાર રીતે ઊજવવો જોઈએ. અત્યારે સવા દસ વાગ્યા છે, પણ ૧૨-૦૦ વાગ્યા સુધી જયંતી ઊજવવી જોઈએ. તમામ હરિભક્તો તન, મન અને ધનથી સુખી થાય એવા આશીર્વાદ શાસ્ત્રીજી મહારાજના છે.'

૧૦-૩૦ વાગે સભા પૂરી થાય બાદ કેશવચંદ્ર અમીન તરફથી ખાસ તૈયાર કરેલ પ્રસાદ સહુને વહેંચવામાં આવ્યો હતો.

આમ, સ્વામીશ્રીની ઇચ્છાથી જ એમની જ હાજરીમાં પ્રમુખસ્વામીની જયંતી ઊજવાઈ. પ્રમુખસ્વામીના મહિમાની અલૌકિક પ્રેરણા સ્વામીશ્રીના મુખેથી જ સૌને મળી. સાથે પ્રમુખસ્વામીની નિર્માનિતા ને દાસત્વ-ભક્તિનાં સૌને દર્શન થયાં. એમાં પણ સંસ્થાના ઉત્કર્ષના ભાવિ કાર્યક્રમો - ૭૦૦ સાધુ કરવા વગેરે પ્રમુખસ્વામી પૂર્ણ કરશે, એવો મહિમા વર્ણવી સ્વામીશ્રીએ પોતાના અનુગામી તરીકે એમનો સ્પષ્ટ નિર્દેશ કર્યો ને સૌને એમની આજ્ઞામાં રહેવાનું ભાવિ માર્ગદર્શન આપી દીધું.

જગતનું સ્વરૂપ બદલી શકે તેવી શક્તિ

આ અરસામાં રણછોડદાસજી મહારાજની તબિયત નરમ રહેતી હોવાથી તેઓ મુંબઈ પધાર્યા હતા. તે વાતની સ્વામીશ્રીને જાણ થતાં સ્વામીશ્રીએ તેમને મળવા જવા તીવ્ર ઇચ્છા વ્યક્ત કરી અને પ્રમુખસ્વામી, મહંત સ્વામી વગેરે સંતો અને દસ-પંદર વડીલ હરિભક્તો સાથે તા. ૨૮મીએ સવારે તેમને મળવા પધાર્યા. નેપિયન્સી રોડ ઉપર તન્નાને બંગલે બંને સંતોનું સુભગ મિલન થયું. સ્વામીશ્રીને રણછોડદાસજી મહારાજ પ્રત્યે ખૂબ જ પ્રેમ. અને એવો જ પ્રેમ રણછોડદાસજી મહારાજને સ્વામીશ્રી પ્રત્યે હતો. આ મિલન પ્રસંગે રણછોડ-દાસજી મહારાજે સ્વામીશ્રીનું માહાત્મ્ય કહેતાં કહ્યું :

'યોગીજી મહારાજ સમર્થ છે. ચાહે તો જગતનું સ્વરૂપ બદલી શકે તેવી તેમની શક્તિ છે. યોગીજી મહારાજના પરિચયમાં ઘણી વખત આવ્યો છું. આ વખતે મને વિચાર હતો કે ગોંડલ જઈ સ્વામીશ્રીને મળું અને વિનંતી કરું કે હવે આપ આદિવાસીઓને આગળ લો, આપનાં મંડળ મોકલો. એમાં મારી ઘણી ઇચ્છા છે. આપની પાસે જનસમુદાય છે, દ્રવ્યશક્તિ અને કાર્યશક્તિ છે. બધું જ છે. આપની શક્તિ આ દેશના આદિવાસીઓના ઉદ્ધારમાં વપરાય એ માટે હું આપને વિનંતી કરું છું. દસ વર્ષ સુધી આદિવાસીઓ માટે કંઈ કરવામાં નહીં આવે તો બધા ખ્રિસ્તી જઈ જશે. તેમને ખ્રિસ્તી થતા અટકાવે એવા કોઈ સમર્થ હોય તો યોગીજી મહારાજ છે. હું કોઈ સંપ્રદાયનો નથી. ભક્તિમાર્ગના સર્વ સંપ્રદાય મારા છે. ભક્તિમાર્ગના આચાર્યોએ ભક્તિનો પ્રચાર કર્યો છે. તે સહજાનંદ સ્વામીએ આગળ ધપાવ્યું. આપ પણ ભક્તિમાર્ગના આચાર્ય જ છો. તો હવે આદિવાસીઓ માટે કંઈક કરજો.'

સત્પુરુષની ચિઠ્ઠી મળે તો દરવાજા ખૂલે

અહીં કથા પ્રસંગમાં સ્વામીશ્રી કહે : 'આપણા અટલાદરા શતાબ્દી મહોત્સવમાં ડૉ. રાધાકૃષ્ણન્‌ને બોલાવવા દસ હજાર રૂપિયા ખર્ચ્યા. દિલ્હી - રાષ્ટ્રપતિ ભુવનમાં આમંત્રણ દેવા પ્રમુખસ્વામી, હર્ષદભાઈ, હકાભાઈ ગયા તો દરવાજા માંડ મળ્યા. ચોકીવાળા 'ખડે રહો' કરે. આ લોકના રાષ્ટ્રપતિની આટલી ચોકી, તો પુરુષોત્તમ નારાયણની કેટલી ચોકી ! કેટલી વાર 'ખડે રહો' થાય ! પ્રકૃતિ પુરુષ, વૈરાટ નારાયણને દર્શન નથી થતાં, પણ સત્પુરુષની ચિઠ્ઠી મળી જાય તો દરવાજા ખૂલે. આશીર્વાદ મળે. સામાન્ય માણસને નથી મળતું તે આપણે પામ્યા છીએ.'

આણંદ એગ્રિકલ્ચર ઇન્સ્ટિટ્યૂટના ઉપકુલપતિ ડૉ. રણછોડભાઈ એમ. પટેલનો પત્ર હતો. ગુણવંતભાઈએ તે પત્ર સ્વામીશ્રીને આપ્યો ને કહ્યું કે 'ડૉ. રણછોડભાઈનો પત્ર છે.'

સ્વામીશ્રી કહે : 'કોણ ડૉક્ટર ? રણછોડભાઈ ખેતીવાડીવાળા ક્યાં ડૉક્ટર છે ? ડૉક્ટર તો દવા કરે તેને કહેવાય. આ બધા ખોટી ખોટી ડિગ્રીઓ આપે છે.'

મેડિકલ સાયન્સની શાખાના સ્નાતક સિવાય બીજા ડૉક્ટરની ઉપાધિવાળાને સ્વામીશ્રી જલદી સ્વીકારતા નહિ.

અહીં પધાર્યા પછી સ્વામીશ્રીને જમણા પગમાં ઢીંચણ નીચેના ભાગમાં

પગે દુઃખાવો થતો હતો. સ્વામીશ્રી કહે : 'આયોડેક(આયોડેક્સ) ઘસો.'

આયોડેક્સ ઘસાવે. વાંસામાં રગતગ થઈ હતી. તેથી ત્યાં પણ આયોડેક્સ ઘસાવે. ત્રણેક દિવસ ઘસાવ્યા પછી કહે : 'મટી ગયું, દુઃખતું નથી.'

ફરી પછી બે દિવસ રહીને કહે : 'દુઃખાવો રહે છે, આયોડેક્સ ઘસો.' એમ ફરી બે દિવસ દવા ચોળાવી.

વળી એમ પૂછે : 'વા આવ્યો હશે કે કંઈ વાગ્યું હશે ? શું થયું હશે ?'

એમ ક્યારેક દેહપીડા જાહેર કરતા ત્યારે ખ્યાલ આવતો કે આવું તો કેટલુંય દુઃખ તેઓ દાબીને વર્તતા હશે. અસહ્ય બને ત્યારે અથવા તો ક્યારેક સેવા આપવા જ તે જણાવતા હશે.

તા. ૨૯મીએ સવારે 'પુરુષોત્તમ પ્રકાશ'નો પાઠ થતો હતો. તેમાં પ્રશંસાની વાત આવી. સ્વામીશ્રીએ તેનો અર્થ કર્યો કે 'કહીને વહ્યો જાય એમ નહિ, પણ બીજાના જીવમાં ઉતારી દે એ પ્રશંસા.'

નારાયણ ભગતે પૂછ્યું કે 'આમાં સંત કહ્યા તે મભમ કહ્યા કે કોઈ અમુક કહ્યા ?'

સ્વામીશ્રી કહે : 'એ ગુણાતીત અનાદિ સંતનો મહિમા છે. નિષ્કુળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી ભેગા રહેતા ને મહિમા સમજતા.'

આજે દેવનાયકાચાર્યના દર્શનસંસ્કૃત વિદ્યાલય અને બાલાજી મંદિર, ઘાટકોપર રજત જયંતી મહોત્સવનો પ્રારંભ સ્વામીશ્રીના અધ્યક્ષપદે થયો હતો. અહીં સૌથી પહેલાં ૯ સંતોએ રહીને સંસ્કૃત અભ્યાસનો પ્રારંભ કર્યો હતો. સ્વામીશ્રીએ સંસ્થા તરફથી આ પ્રસંગે મોટી રકમ દાનમાં આપી.

નિશાન ક્યારે પડે ?

બીજે દિવસે પ્રાતઃ પ્રવચનમાં સ્વામીશ્રી કહે : 'ધાર્યું નિશાન ક્યારે પડે ? જો દેહને કારસો દે ત્યારે. સમાસ ક્યારે થાય ? ભીડો વેઠે ત્યારે.

'એક જણને હાથે વસ્તુ સારી રહે. લાઉડ સ્પીકર એક જણ સાચવે. વીજળી ઘડિયાળ એક જણ માથે રાખે. બીજાનો ઘોંચ પરોણો નહિ. કોઠાર એક જણ રાખે. તો સચવાય છે. ભંડાર ત્યાગવલ્લભ એક સાચવે છે, તો કંઈ બગડે નહિ. બીજાએ સહકાર આપવો.'

આવી વ્યાવહારિક સૂચના પણ સ્વામીશ્રી આપતા. ઘણી વાર લાગે કે સ્વામીશ્રી આવી નાની બાબતોનો ખ્યાલ નહિ કરતા હોય, પણ દરેક વાતનો

તેમને કેટલો સચોટ ખ્યાલ છે, તે એમની શિખામણ ઉપરથી સમજાતું.

સાંજે ૪-૪૫ વાગે મોટા મંદિરે ત્રીજા ભોઈવાડામાં લગભગ ૧૩ જેટલી ગાડીઓમાં સંતો-હરિભક્તોને લઈને દર્શને ગયા હતા.

રાત્રે ભટેસા આફ્રિકા જતા હતા, તેમને આશીર્વાદ આપી વિદાય આપી. ગોંડલમાં વિદાય આપી હતી. અહીં ફરી વિદાય આપી. આમ, માત્ર નિમિત્ત ઊભાં કરી સ્વામીશ્રી ભક્તોને સુખ આપતા, સ્મૃતિ આપતા ને હેત કરતા. એક વાર વિદાય આપ્યા પછી વારે વારે ન અપાય, એવાં વ્યાવહારિક બંધનો એમને નડતાં નહિ. અંતરનો પ્રેમ ખરોને !

ભૂંડો કાળ શું ?

કથા પ્રસંગમાં વાત કરી : 'ભૂંડો કાળ શું ? ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ આવે તે. સારો કાળ શું ? ભગવાન ને ભગવાનના ભક્તમાં દિવ્યભાવ રહે તે.

'આખો સંપ્રદાય વચનામૃત વાંચે છે. પણ શ્રીપતમ્... પતંગ ઊડ્યો પછી ઘર ભેગા. વચનામૃતનો અભ્યાસ કરવો. હરિપ્રસાદ ચોકસી કહેતા : '૧૦૦ પાઠ કરે તો શ્રીજીમહારાજ તેડવા આવે.' વચનામૃત વાંચવાં ને જીવનમાં ઉતારવાં, તે વાત ગુણાતીતાનંદ સ્વામીએ પ્રવર્તાવી.'

રવિસભામાં સ્વામીની વાતું નિરૂપતાં બોલ્યા : 'આ લોકમાં અક્ષરના જેવું સુખ તે શું ? શુભ સંકલ્પો થાય. અને જમપુરીના જેવું દુઃખ તે શું ? ભૂંડા સંકલ્પો ઊઠે...' આપણે સુહૃદભાવ, દિવ્યભાવ અને એકતાપણું રાખવું. ભગવાનના ભક્તની સેવા ક્યાંથી મળે ? વ્યવહારમાં તો સગાં-સંબંધીની સેવા મળે છે. મહારાજ વખતે પાંચસો પરમહંસો મહારાજની સેવા ઇચ્છતા. મહારાજને પુરુષોત્તમ જાણવા અને સંતને વિશે સદ્ભાવ રાખવો કે આ જ મારા મોક્ષના દાતા છે. દિવ્યભાવના શુભ સંકલ્પ થાય તો હૃદયમાં સુખ વર્ત્યા કરે.

'મોટામા સદ્ભાવ એ નિર્વાસનિકપણાનો હેતુ છે, અસદ્ભાવ એ વાસનાનો હેતુ છે. કેવું સુગમ છે ? 'જેટલે રૂપિયે મણ તેટલા આને અઢી શેર.' શાકભાજીમાં એ કૂંચી લાગુ પડે. તે ઘી-ગોળમાં ન પડે ? પડે જ. તેમ આ વાત મોક્ષની કૂંચી છે. *'જ્ઞાનકૂંચી ગુરુ ગમ સે ગયાં તાળાં ઊઘડી...'* મોટાપુરુષમાં સદ્ભાવની સાથે એના સંબંધવાળામાંય સદ્ભાવ રાખવો. એની સેવા કરવી એ ભક્તિ.'

સ્વામીશ્રી મુંબઈમાં બિરાજતા હોય ત્યારે રોજ સવારે પોતે પહેલે માળે રસોડાની અચૂક મુલાકાત લે જ. ત્યાગવલ્લભ સ્વામી અને મદદનીશ સંતો ઘનશ્યામપ્રસાદ સ્વામી, યજ્ઞસ્વરૂપ સ્વામી તથા દાસ ભગત વગેરેને મળે. રસોઈ અને એની વ્યવસ્થા અંગે પૂછપરછ કરે. સૂચનો આપે. રસોડાની સેવામાં રાત-દિવસ મંડેલા સંતોને આથી ઘણી પ્રેરણા મળતી. આમ, હરતાં ફરતાં સ્વામીશ્રી તાલીમ-માર્ગદર્શન આપતા ને જુદાં જુદાં ક્ષેત્રના સંતોને જુદી જુદી શિક્ષા મળતી રહેતી.

એની કરુણાના શિયા કરું વખાણ ?

એક નાના સંતને સ્વામીશ્રીએ રસોડામાં રોજ સેવા કરવા આવી જવા આજ્ઞા કરી હતી. પોતે રસોડામાં આવે ત્યારે અચૂક તેમને યાદ કરે. તે સંત હાજર ન હોય. તેથી સ્વામીશ્રી ઘનશ્યામ સ્વામીને તેમને બોલાવવા મોકલે. તે સંત આવે પછી તેને રસોડામાં સેવા કરવા - પ્રેમથી આશીર્વાદ આપી, સ્વામીશ્રી વિદાય લે.

ત્યાગવલ્લભ સ્વામી તે સંતને ખાસ કહે કે 'તમારે બાપા આવતાં પહેલાં આવી જવું, જેથી તમને બોલાવવા ન પડે.' પણ તે ક્યારેય આવે જ નહિ. છતાં સ્વામીશ્રી અચૂક તેમને બોલાવવા મોકલે. તેના આવ્યા પછી તેને પ્રેમથી મળીને જ જાય.

આ કાર્યક્રમ ઘણા દિવસો નિયમિત ચાલ્યો, પણ સ્વામીશ્રીએ ક્યારેય એ સંત ઉપર નારાજગી બતાવી નહિ. એક જ નિર્દોષભાવથી તેમને રોજ બોલાવતા ને મળતા. જીવની આવી અવળાઈ, છતાં એક જીવને પણ સત્સંગમાં વૃદ્ધિ પમાડવા માટે સ્વામીશ્રીના આ ધગશ, પ્રયત્ન ને પ્રેમ જોઈ, રસોડાના સૌ સંતો આશ્ચર્યમાં ડૂબી જતા ને સ્વામીશ્રીના ઋણભારમાં ખોવાઈ જતા.

સત્સંગના બી.ટી.

યજ્ઞેશ્વર સ્વામી ત્યારે સંસ્કૃતનો અભ્યાસ કરતા. રસોડામાં રોટલી વણવા જવાની સંતોને સ્વામીશ્રીની આજ્ઞા હતી. તેથી તેઓ જતા પણ ઘણી વાર બેસી રહેવું પડતું એટલે વ્યાકરણનાં સૂત્રો ગોખવા માટે શણગાર આરતી પછી ઉપર અગાસીમાં જતા રહેતા.

સ્વામીશ્રીએ એક દિવસ તેમને પૂછ્યું : 'રોટલી વણવા જાવ છો ?'

તેમણે ઉપરોક્ત વાત કરી. ત્યારે સ્વામીશ્રી કહે : ‘પછી એ કરવું. પણ કાંઈ કામ ન હોય તોપણ રસોડામાં છેવટે દાળ હલાવવી, પણ સેવામાં જવું.’

બપોરે જમ્યા પછી સારંગપુરના ત્રીજા વચનામૃતનો કથા પ્રસંગ ચાલતો હતો. સ્વામીશ્રીએ વચનામૃત બંધ રખાવીને કહ્યું :

‘અમે શાસ્ત્રીજી મહારાજ ભેળા રહ્યા તે બી.ટી.[૧૫] પાસ થયા છીએ. મંદિરમાં રહીએ તે ઠાકોરજીની સેવા કરવી જોઈએ. નહિ તો ઋણ માથે ચડે.

‘અત્યારે અમે માંદા થયા એટલે ફરાય નહીં, વિચરણ ન થઈ શકે, પણ જેની રસોઈ હોય તેને પાસે લાવવા. તે ચાંદલો કરે, પૂજન કરે, એટલે આપણે સેવાનું કહીએ. એટલું તો કરવું જ !’

પછી બોલ્યા : ‘જેના ગાડે બેસના તેના ગીત ગાના.’ એમ ગુજરાતી મિશ્રિત હિન્દી બોલ્યા. તે સાંભળી સર્વે સંતો-યુવકો હસી પડ્યા.

સ્વામીશ્રી તો ધણી હતા, વળી બીમાર હતા. એ સંજોગોમાં કદાચ દેવની સેવા ન થાય તે સ્વાભાવિક હતું. પણ છતાં એમને ઠાકોરજીની સેવા કરાવવાનો એવો ઇશક હતો કે પોતે સેવાનો અવસર ચૂકતા નહિ.

પરઉપકારી રે, જન પ્રેમ-નિયમમાં પૂરા

સ્વામીશ્રી અહીં બિરાજતા ત્યારે કિશોરો સ્વામીશ્રીને સ્નાન કરાવવા આવતા. આજે બે જોડિયા ભાઈઓ નિરન્ન અને યાજ્ઞ દવે સ્વામીશ્રીને સ્નાન કરાવવા માટે આવેલા. તે વખતે સ્વામીશ્રીએ યાજ્ઞને ઉપવાસ કરવાની આજ્ઞા કરી. યજ્ઞેશ્વર સ્વામી બાજુમાં જ ઊભા હતા. તેમણે કહ્યું : ‘બાપા ! નિરન્નને ઉપવાસની આજ્ઞા કરો.’

સ્વામીશ્રીએ તેમની સામે દૃષ્ટિ માંડી જોયું. તેમનું શરીર એકવડિયા કાઠાનું હતું. તેથી સ્વામીશ્રીએ પ્રશ્ન કર્યો : ‘ઉપવાસ થઈ શકશે ?’

યજ્ઞેશ્વર સ્વામી બોલ્યા : ‘આ બન્ને જોડિયા છે. ઉંમર સરખી છે.’

‘જોડિયા એટલે શું ?’

‘બન્નેનો જન્મ સાથે થયો છે.’

‘એમ થાય ?!’

આશ્ચર્યસભર સ્વામીશ્રીની નિર્દોષ બાલસહજ વાણી સાંભળીને ત્યાં

---

૧૫. બી.ટી. - બેચલર ઑફ ટીચિંગ - સ્નાતક થયા પછીની શિક્ષકની ઉપાધિ. કહેવાનો ભાવાર્થ : સત્સંગના સ્નાતક થયા છીએ.

ઊભેલા સર્વ સંતો, યુવકો હસી પડ્યા.

નિરન્ન દવે[૧૬] એ જ વખતે સ્વામીશ્રીની દૃષ્ટિમાં આવી ગયા.

સ્વામીશ્રી યુવકોને ઉપવાસ આપે તેમાં હંમેશાં ત્રણ-ત્રણ અથવા પાંચ-પાંચ યુવકોના વારા ઉપવાસના ગોઠવતા. તેમાં નિર્જળા ઉપવાસ કરે તો ફર્સ્ટ ક્લાસમાં, પાણી પીને ઉપવાસ કરે તે સેકન્ડ ક્લાસ, ને ફળાહાર કરે તે થર્ડ ક્લાસમાં ગણાતા. તેમાં ઉપરના બે ક્લાસના વિદ્યાર્થીઓ પાસ. બીજા થર્ડ ક્લાસ... વગેરે નાપાસ ગણાય. સ્વામીશ્રી કહે : 'આજ્ઞાથી એક ઉપવાસ એટલે અઠ્યાસી હજાર ઋષિઓને એક વર્ષ સુધી જમાડીએ એટલું પુણ્ય થાય.'

જે કોઈ ઉપવાસ કરે તેને માટે સ્વામીશ્રી આગલા દિવસથી લીંબુના પાણીનું સંતોને કહી રાખે અને સવારે મગ કે ખીચડી વહેલા જમાડવા માટે ખટકો રાખે. તે માટે રાતે અંગત સેવામાં રહેલા સંતોને ફરી યાદ કરાવે.

વળતે દિવસે સવારે ૧૦-૦૦ વાગે મેવો (ફળની પ્રસાદી) જમે ત્યારે આગલા દિવસના ઉપવાસી યુવકોને બોલાવીને ફળોનો પ્રસાદ - મેવો બે-ત્રણ વાર આપે અને બોલતા જાય : 'ઉપવાસી છે, બહુ બળ મળે. ઉપવાસ કરે તે મને બહુ ગમે.'

વળી, સંતોને કહે : 'ઉપવાસી યુવકોને ખૂબ જમાડશો ને રાજી રાખશો. યુવકોને સાચવીએ તો ટકે ને સાધુ થાય. ઉપેક્ષા ન રાખવી.'

વળી, કોઈ ઉપવાસી સાંજે સાદું પાણી પીવાની રજા માગવા આવે તો કોઈ વાર દયા કરીને 'હા' કહે. મોટા ભાગે 'પાણી ન જ પીવું' એમ કહે. પીઠમાં ધબ્બો મારીને આશીર્વાદ આપે : 'જાઓ, તરસ નહિ લાગે. પાણી પીશો નહિ. પાણી પીવે તો નળ ભરાઈ જાય. પાણી ન પીવે ને નિર્જળા ઉપવાસ કરે તેના ઉપર મહારાજ બહુ રાજી થાય.'

સાથે સાથે યુવકોને કૌપીન પહેરવા માટે પણ ખાસ ઉપદેશ આપે અને કહે : 'કૌપીન પહેરવી. ભેળું કરીને મેળાવીને જમવું. અને પછી ૫૧ માળા ફેરવવી. તે યુવક સાધુ જ છે. માટે તમે સૌ યુવકો સાધુ સમાન જ છો.' એમ વહાલથી કહે.

---

૧૬. પાછળથી પ્રમુખસ્વામી મહારાજે તેને દીક્ષા આપી, સાધુ આનંદસ્વરૂપદાસ નામાભિધાન કર્યું. આ ભાઈઓ પિતાશ્રીના સખત વિરોધ સામે, હરગોવિંદ માસ્તરના ભાણા તરીકે માતૃપક્ષે મળેલા સત્સંગને ભારે કઠિનાઈથી સાચવતા. તેથી સ્વામીશ્રીનો વિશેષ રાજીપો મેળવતા.

તેમજ વાતો મોઢે કરાવવાનો પણ એટલો જ આગ્રહ. એક યુવકને આજ્ઞા કરી રાખે કે 'બધા યુવકોની વાતો મોઢે લેવી. કોઈ ન આપે તો મને કહેશો. સાંજે બધાના પાઠ લઈ લેવા.' પોતે સ્નાન કરતી વખતે બધાને વાતો બોલાવે.

રાત્રે સમાગમમાં હંમેશાં યુવકોને બેસવાની આજ્ઞા કરે. કોઈ મોટા સંત કે હરિભક્તની પાસે બેસીને વાતો સાંભળવાની આજ્ઞા કરે, એ સવારે બધું જ પૂછે : 'કોણ કોણ યુવકો આવ્યા હતા ? કયો યુવક આવ્યો ન હતો ? કોણે વાત કરી ? શું શું વાત કરી ?' એમ યુવાનોના જીવન ઘડતરનો અનેક રીતે ખટકો સ્વામીશ્રી જાતે રાખતા ને સતો પાસે રખાવતા.

તણખાનું કલ્યાણ

સ્વામીશ્રી સ્નાન કરવાની તૈયારી કરતા હતા. ત્યાં સગડીમાંથી કોલસો ઊડીને ડાબી છાતીથી છેક ઉપર ગળા પાસે પહોંચ્યો. નાનો ફોડલો થઈ ગયો. ગુણવંતે તુરત પૂછ્યું : 'બાપા ! દાઝ્યા કે શું ?' સૌ ચિંતામાં પડી ગયા.

ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'તણખાનું કલ્યાણ થઈ ગયું. એને કલ્યાણ કરવું હતું એટલે વળગ્યો !' એમ સહજ રમૂજ કરી.

સ્નાન કરીને ઊઠ્યા ત્યારે સાધુ થવાનો પ્રશ્ન નીકળ્યો. એ વખતે સ્વામીશ્રી ધોતિયું પહેરતા હતા. સ્વામીશ્રી કહે : 'અમે નાના હતા ત્યારે જૂનાગઢથી સાધુ આવે ત્યારે સાધુ થવાનું કહીએ. એટલે સાધુ કહે : 'ના, હમણાં બનાવવા નથી. હમણાં નહિ.' એમ કહે. ને અમે સામા જઈને કહીએ : 'અમને સાધુ બનાવો.' એમ ખેંચાખેંચ હાલે.' એમ પોતાનો નાનપણનો સાધુ થવાનો ઇશક બતાવ્યો.

લોચો ન રાખવો...

કથા પ્રસંગમાં સ્વામીશ્રી કહે :

'આપણે સંપ-સુહૃદભાવ કેળવવા. ધર્મ-નિયમ કડક પાળવાં. શ્રીજી-મહારાજે ધર્મ-નિયમ પળાવવા માટે જ પ્રથમ લોજપુરમાં આવી ગોખલો પૂરી દીધો. જેથી બાઈ-ભાઈને સંબંધ જ ન રહે. માટે એ લોચો ન રાખવો. પૂજાવા-મનાવાનો આગ્રહ પણ ન રાખવો. પુરુષોત્તમ કોઈ થયું નથી ને થશે નહિ. માટે ઉપાસના ચોખ્ખી - શ્રીજીમહારાજ પુરુષોત્તમ ને સ્વામી મૂળ અક્ષર - એમ સમજવી અને મોક્ષનું દ્વાર એકાંતિક સત્પુરુષ - ગ.પ્ર. ૫૪, ગ.મ. ૫૪, સા. ૭

અને ગ.પ્ર. ૨૭ પ્રમાણે. આમ, ચોખ્ખી ઉપાસના સમજીને, ધર્મ-નિયમ શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે પાળીને વર્તીશું, તો સત્સંગ ઘણો જ વધશે.

'ત્રણ વસ્તુ મુખ્ય રાખવી : (૧) દરેક સંત તથા હરિભક્તનો મહિમા કહેવો અને સમજવો; પણ મુખ્યપણે એક-બેનો ન કહેવો. તેમાંથી દુઃખ વધે. (૨) વળી, બૈરાંથી છેટે ચાલવું; તેને ઉપદેશ કરવાનો આગ્રહ રાખવો નહિ. (૩) ધર્મ-નિયમ અને ઉપાસના - આ ચોખ્ખાં રાખવાં. ઉપાસનામાં ફેર હશે તો અક્ષરધામમાં નહીં પુગાય અને ધર્મ-નિયમમાં ફેર હશે તો બ્રહ્મરૂપ નહિ થવાય. માટે આજ્ઞા અને ઉપાસના મુખ્ય રાખવાં. આપણું વર્તન વાતું કરશે.

'સર્વદેશી વાતો કરવી. તે કળા સમજવી. કોઈ દેવ-દેવતાનો કે અવતારનો નિષેધ ન કરવો. સ્વામીએ વાતમાં કહ્યું છે કે 'સમજવું યથાર્થ, પણ બોલવું ઘટે તેમ.' આપણે મંદિરોમાં દર્શને જવું. આખો સત્સંગ આપણો છે; પણ 'આપણું જુદું છે' એમ માની, વાડો ન બાંધવો. લક્ષ્મીનારાયણ દેવ આપણા છે; દર્શને જવું, સેવા કરવી, થાળ કરવો; એમ વહેતી સર રાખવી. તો બળ રહેશે.

'કોઈ આપણું વાંકું બોલે તો આપણો અવગુણ વિચારવો. જો આપણામાં વાંક ન હોય ને વાંકું બોલે, તો એમ માનવું કે 'ભવિષ્યમાં ભૂલ થવાની હશે, તે ચેતવે છે,' પણ અવગુણ તો લેવો જ નહિ. એમ વર્તીશું તો મહારાજ આપણામાં ભળશે.

'શાસ્ત્રીજી મહારાજે મંદિરો કર્યાં ત્યારે આફ્રિકા નહોતું, મુંબઈ નહોતું. ફક્ત આશાભાઈ ને મોતીભાઈ હતા ને ઝોળી હતી. તેના ઉપર મંદિરો થયાં છે. માટે મોટાપુરુષ તો દૃષ્ટિમાત્રે મંદિર કરે છે. ગુણાતીત જ્ઞાનનાં બચ્ચાં આપણા માથાના મુગટ છે – એમ મહિમા સમજવો. સંગઠનભાવ કેળવવો. મંડળમાં ખટપટ રહેવા ન દેવી. દાસના દાસ થઈને રહેવું. દાસ થવામાં નુકસાની નથી, પણ હાથીએ બેસવામાં નુકસાની છે. કોઈ વખત પડાય. માટે જેમાં નુકસાની ન હોય તેવું દાસત્વ રાખવું.

'ભગવાનના ભક્તમાં સુહૃદભાવ રાખવો. નિર્દોષબુદ્ધિનો હોલાઉપાડ કરવો. ગ.પ્ર. ૧૬નું – વિવેકનું વચનામૃત વિચારવું ને સિદ્ધ કરવું. ભગવાનના ભક્તના ગુણ ગાવા. એકના નહિ, બધાના ગાવા. તો જીવ બ્રહ્મરૂપ થઈ જાય. માટે હવે સૌએ સંપ, સંગઠન, સુહૃદભાવ ને ધર્મ-નિયમ, આ પાંચ વાનાં રાખવાં તો બ્રહ્મરૂપ થઈ જવાશે. વ્યવહારમાર્ગ ને મોક્ષમાર્ગ મોટાપુરુષોએ શીખવાડ્યો છે, તો તે માર્ગે ચાલવું ને મંદિરનું મમત્વ રાખવું, તો જ સત્સંગ વધશે.'

રાજીપો જોઈએ છે ?

વજુભાઈ શેઠને સ્વામીશ્રી સાથે ખૂબ આત્મીયભાવ. સ્વામીશ્રી અવાર-નવાર તેમની સાથે ગમ્મત કરે. અને મુદ્દાની વાતો કરી સભાને આનંદના હિલોળે ચડાવે.

આજે વજુભાઈ કહે : 'બાપા ! રાજી રહેજો.'

સ્વામીશ્રી આ સાંભળી ખૂબ હસ્યા ને કહે : 'ગુરુ ! અમારો રાજીપો જોઈએ છે ?'

'એટલે તો આપની પાસે આવીએ છીએ.'

'શેઠબાપા !' સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું : 'અમારો રાજીપો થાય તો બૈરાં મરી જાય, દીકરા મરી જાય, ધંધામાં ખોટ...'

'રાખો, રાખો.' વજુભાઈ બોલી ઊઠ્યા : 'ઈ રાજીપો આપની પાસે રાખો.'

'અમારો રાજીપો તો એવો હોય !' સ્વામીશ્રી આ વાક્ય એવી રીતે બોલ્યા કે સત્સંગીમાત્રને જાણે નિષ્કામ ભક્તિનો સિદ્ધાંત દૃઢ કરાવી દેવો ન હોય ! જો કે મોટાપુરુષ આવું ઇચ્છતા કે કરતા નથી હોતા, પણ ખરા ભક્તે આવી તૈયારી તો રાખવી જ પડે, એવો કાંઈ મરમ સ્વામીશ્રીએ જાહેરમાં જણાવી દીધો.

આપણે ઈ ખાડામાં પડવું નથી

એક સત્સંગી યુવકના લગ્નનો પ્રશ્ન ગૂંચાયો હતો. કારણ એ હતું કે તે આંતરજ્ઞાતીય લગ્ન હતાં. તે ઉકલે તેના આશીર્વાદ લેવા તે સ્વામીશ્રી પાસે આવ્યો. પોતાના મિત્ર પિનાકીન બ્રહ્મભટ્ટને પણ આ વાતચીતમાં સાથે રાખ્યા હતા.

થોડી વાર વાત સાંભળી સ્વામીશ્રીએ પિનાકીનને પૂછ્યું : 'આને ત્યાં જ લગ્ન કેમ કરવાં છે ? એના બાપા કહે છે ત્યાં કરી લે.'

'પણ બાપા !' પિનાકીનભાઈએ કહ્યું : 'એને ત્યાં જ લગ્ન કરવાં છે.'

'ત્યાં જ શું કામ ?' સ્વામીશ્રીએ વાત દોહરાવી. પછી પેલા યુવકનો સંકોચ તથા દૃઢતા જોઈ કહે : 'માળો બોલતો નથી, કહે ને - પ્રેમ થઈ ગયો છે !' એમ કહી ખડખડાટ હસી પડ્યા.

પછી કહે : 'એક શરતે તારા બાપાને સમજાવું.' યુવક આતુરતાથી સ્વામીશ્રીના મુખારવિંદ સામે તાકી રહ્યો હતો. સ્વામીશ્રી કહે : 'તું કૌપીન

પહેરવાની હા પાડ !'

'બાપા ! અખાડાનો લંગોટ તો પહેરું જ છું.'

'ઈ નો હાલે, કૌપીન પહેરવી પડે. આ પિનાકી પહેરે છે તે બતાવશે.'

પછી તેમને કહે : 'નીચે કોઠારમાંથી કૌપીન બતાવજો.'

'કોઠારમાંથી લઈ લઉં ?' પિનાકીને પૂછ્યું.

'ના.' સ્વામીશ્રી કહે : 'કોઠારમાંથી જોઈને એવી બનાવડાવજો.' એમ કહી ઊભા થતાં થતાં કહે : 'બેય ભેગાં ફરો છો ?'

'હા, બાપા !' પેલા યુવકે સંકોચથી કહ્યું.

'અત્યારે બ્રહ્મચર્ય રાખજે, જો તારા બાપાને વાત કરશું.' એમ કહી સ્વામીશ્રી હસતાં હસતાં લઘુ કરવા ગયા.

યુવકોના જીવનની અંતરંગ વાતો સ્વામીશ્રી જાણતા, રસ લેતા, પૂછતા અને નિયમોના બંધને બાંધી સંયમ-સદાચારના પાઠ ટૂંકા સંવાદોમાં એવા મર્મસ્પર્શી રીતે આપતા કે દરેક યુવકને 'યોગીને રીઝવવાનું' તાન રહ્યા કરતું.

પેલા યુવકે વિદાય લીધી. સ્વામીશ્રી લઘુ કરીને આવ્યા. તે દરમ્યાન પિનાકીનને એ વિચારો જ ઘોળતા હતા કે 'ભવિષ્યમાં આપણો આવો પ્રશ્ન થાય તો સીધી બાપાને જ વાત કરીને પતાવી દેવું.'

એટલામાં સ્વામીશ્રીએ હાથ ધોઈને હસતાં હસતાં પિનાકીનભાઈનો હાથ પકડ્યો. આંખોમાં આંખો પરોવી કહે : 'હં...અ...હં...અ પિનાકી બહુ બળિયા !'

પછી ઢોલિયા પર બેસતાં કહે : 'ગુરુ ! આપણે ઈ ખાડામાં પડવું નથી.'

'પણ બાપા ! મારા દેખતાં તો તમે આને ખાડામાં નાખ્યો !'

'ઈ તો માને એવા નહોતા. તમે તો માનો એવા છો. આપણે તો સાધુ થવાનું છે !' સ્વામીશ્રીએ એવી રીતે અંતર પકડીને વાત કરી કે એની ચોટ સીધી મર્મસ્થાનને વીંધી નાખે.

થોડી વારે પોતે આડા પડખે થયા. અને પિનાકીનને 'ભગતજી મહારાજનું જીવન ચરિત્ર' મોટેથી વાંચી સંભળાવવા આજ્ઞા કરી.

સાગર જેવાં દીલડાં જેનાં

તા. ૫મીએ પવઈ અક્ષર વાડીએ ઉત્સવ કર્યો. શરૂ શરૂમાં અવારનવાર સંતો પવઈ વાડીએ જતા. શહેરની વચ્ચે દાદર મંદિરના બંધિયાર વાતાવરણથી અહીં થોડી છૂટ સૌ અનુભવતા. કથાવાર્તા-ભજન કરી, સાંજે સૌ મંદિરે પાછા

ફરતા. સ્વામીશ્રીના સાંનિધ્યમાં પણ આવા કાર્યક્રમો યોજાતા. ઉત્સવ પ્રિય સ્વામીશ્રી બહુ રાજીખુશીથી સંમતિ આપતા. સંતો-હરિભક્તોને રમાડવા-જમાડવા - ભગવાનની સ્મૃતિ આપવી, એ તો એમનું જીવન હતું.

હંમેશ મુજબ આ વખતે પણ સ્વામીશ્રીએ ત્યાગવલ્લભ સ્વામીએ અગાઉથી સૂચના આપી. મિષ્ટાન્નમાં મોતૈયાના લાડુ તથા પૂરી અમુક પ્રમાણમાં મંદિરેથી જ બનાવી લઈ જવા કહ્યું. એંઠી વસ્તુઓ ત્યાં બનાવી લેવા જણાવ્યું.

આવો પ્રસંગ હોય ત્યારે સ્વામીશ્રીનું મન ઝાલ્યું ન રહે. પોતાના ઉદાર સ્વભાવ મુજબ સ્વામીશ્રીએ રાત્રે સભામાં જ સૌને પવઈ વાડીએ સત્સંગનો લાભ લેવા આમંત્રણ આપી દીધું. લોહચુંબક સમી આકર્ષક સ્વામીશ્રીની સંનિધિનો આવો લાભ કોણ છોડે ? ૩૦૦ જેટલા હરિભક્તો પવઈ આવી પહોંચ્યા.

સ્વામીશ્રી પણ પવઈ વાડીએ પધાર્યા. અન્ય કાર્યક્રમો શરૂ થાય એ પહેલાં પોતાની હંમેશની ટેવ મુજબ ઠાકોરજીનાં દર્શન કરી, સ્વામીશ્રી રસોડામાં આવી પહોંચ્યા. હરિભક્તોની સંખ્યા જોઈ પોતે પરિસ્થિતિ પામી ગયા હતા. તેથી રસોડામાં પ્રવેશતાં જ જાણે મોટો અપરાધ થઈ ગયો હોય તેમ, દયામણે મોઢે, ગભરાયા હોય તેમ ખચકાતા કહેવા લાગ્યા કે 'માણસો ખૂબ વધી ગયા છે, શું કરીશું ?'

ત્યાગવલ્લભ સ્વામી અનુભવી અને અગમચેતીવાળા; તેથી વધારાની રસોઈ તૈયાર કરી દીધી હતી. તે બતાવતાં સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! વાંધો આવશે નહિ.'

સંતોની આવી સમયસૂચકતા જોઈ સ્વામીશ્રી ખૂબ રાજી થયા.

કથા-કીર્તનના કાર્યક્રમ પછી ઠાકોરજીને થાળ ધરાવી સૌને ખૂબ જમાડ્યા. સ્વામીશ્રી પણ ઠાકોરજી જમાડી બપોરની કથા એક ખૂણામાં વંચાવતા હતા. રસોડાના સંતો પણ સામે જ જમવા બેઠા હતા. જગ્યા સાંકડી એટલે એક જ જગ્યામાં બધી વ્યવસ્થા કરવી પડતી. સંતો જમી ચૂક્યા હતા. કથા પૂરી થઈ કે તુરત સ્વામીશ્રી ઊઠ્યા ને ડોલતાં ડોલતાં હરખાતાં સંતો નજીક આવ્યા. એક ડબામાં મોતૈયાના લાડુ પડ્યા હતા. તેમાંથી પોતાના હાથમાં પકડાય એટલા લાડુ લઈ દરેકને પત્તરમાં પીરસ્યા. 'આ ઘનશ્યામ સ્વામી સૌરાષ્ટ્રના ખરાને ! તેમને આ લાડુ બહુ ભાવે.' એમ કહી હસતાં હસતાં ચાર લાડુ તેમના પત્તરમાં પણ મૂક્યા. આમ, સંતોને અલૌકિક સ્મૃતિ આપી. સૌને લાડ લડાવતી સ્વામીશ્રીની મનોહર મૂર્તિ જ સૌને મુગ્ધ કરી દેતી. સેવાનો-પ્રવૃત્તિનો થાક કે

ફેર કોઈને ચઢતો જ નહિ.

ખોળો બાપાનો અમે ખૂંદતા રે લોલ

આજે રાત્રે મને કહે : 'ભાદરા મંદિરની મૂર્તિઓ સર્વોપરી થશે. ભારે ડંકો વાગી જશે. બ્રહ્માંડમાં આવી મૂર્તિઓ ક્યાંય નહિ હોય. તમે જયપુર જઈ આવો હોં.'

મેં કહ્યું : 'બાપા ! હું જઈશ.'

એટલે રાજી થયા ને બોલ્યા : 'ઈશ્વર સ્વામીને લાગણી બહુ.' આવી મીઠપ એમની વાણીમાંથી સદા ટપકતી.

એક વખત મને કહે : 'હું સૂઈ જાઉં ત્યારે હંમેશાં રાત્રે તમારે આવીને મળી જવું. આખા દિવસમાં કદાચિત્ આપણે મળાય નહિ. તે સૂતી વખતે મળી શકાય.'

આમ તો દિવસમાં સેવા પ્રસંગમાં અનેક વાર મળતા, પણ છતાં સ્વામીશ્રી આવું મોહ પમાડે એવું બોલતા. ત્યારથી રોજ રાત્રે એમનાં તાળવે કે પગનાં તળિયે ઘી ઘસ્યા પછી સ્વામીશ્રી લઘુ કરવા જાય અને સૂતાં પહેલાં સોડ તાણતાં અચૂક પૂછે : 'ઈશ્વર સ્વામી ગયા ?'

એટલે મારે ઉત્તર આપવાનો કે 'ના, બાપા ! આ રહ્યો. બહુ સારી ઊંઘ આવી જશે. ૬-૦૦ વાગ્યા સુધી ઊંઘ આવશે.' આ ઉત્તર પણ એમણે જ શીખવાડેલો. તે જ ઉત્તર આપવાનો.

પછી ગુણવંતને પૂછે : 'ગુણુભાઈ છે ?'

'હા, બાપા !' એમ સૌ સેવકોની રાતની છેવટની હાજરી પૂરી તેઓ આરામમાં પધારતા.

માંદગીમાં ઘણી વાર મંગળ પ્રવચનનો કાર્યક્રમ રહેતો નહિ. છતાં વહેલી સવારે એમના ઓરડામાં દાખલ થઈએ એટલે જાણે જાણતા જ હોય એમ પૂછે : 'ઈશ્વર સ્વામી આવ્યા ?'

'હા, બાપા !'

આપણે સાદ પૂરીએ એટલે તુરત બોલે : 'વાંસો લ્યો.' અને સ્વામિનારાયણ પ્રકાશ કે કોઈ ગ્રંથનું વાચન શરૂ કરવાનું. આખી રાત તો પોતાને ઊંઘ આવી ન હોય, પણ જ્યારે વહેલી સવારે આંખ સહેજે મળી જાય ત્યારે નિંદરને ઠેલતાં, તાળી વગાડતાં, હોંકારા કરતાં તેઓ ઉત્સાહથી શ્રવણ કરતા ને અમને સૌને ભક્તિમાં - મૂર્તિમાં જોડતા.

બીજે દિવસે સ્વામીશ્રી બપોરની કથામાં આવ્યા. એક સંતે કેટલીક વસ્તુઓ મગાવેલી, તેનું લિસ્ટ મગાવ્યું. પછી બોલ્યા : 'આપણે એના અવગુણની સામું જોવું નહીં. એના જેવું થવું નહીં. એણે મગાવેલી વસ્તુઓ મોકલી આપીએ.'

પછી કથા વંચાઈ ત્યારે કહે : 'ચોવીસ કલાક કથા સાંભળો એ લખાશે.'

સ્વામીશ્રી બીજા એક મુમુક્ષુનો પત્ર આવ્યો તે ઉપરથી વાત કરતાં કહે : 'આને મારામાં મનુષ્યભાવ આવે છે. મને ખાનગીમાં કહે કે 'મને તમારામાં મનુષ્યભાવ આવે છે.' મેં કહ્યું : 'શું કારણ છે, તે મનુષ્યભાવ આવે છે ? મારી ભૂલ હોય તો કહો.' એટલે કહે : 'ના, કોઈપણ કારણ વિના અવગુણ આવી જાય છે, એટલે મનમાં બળતરા બહુ થાય છે.'

પછી બોલ્યા : 'બહુ પદાર્થ ભેગા કરવાની ટેવ પડી ગઈ હોય તે સારું નહિ. અમારે તો જૂનાગઢમાં સોય જોઈતી હોય તોપણ ગુરુને કહેવું પડે, પણ જાતે મગાવાય નહિ.'

વચનનો પ્રતાપ

મુલુંડના પ્રતાપભાઈ દાણી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેમને ચાની દુકાન હતી, પરંતુ ચાના ભાવ ગગડી જવાથી ખોટ આવી. વળી, ઉધાર ખરીદી કરીને વેપાર કરતા. તેથી ઘણી મોટી નુકસાની વેઠવી પડી. લેણદારો દરરોજ ઉઘરાણીએ આવવા લાગ્યા. આથી તેઓ કંટાળી ગયા ને દુકાન તથા રૂમ વેચીને દેવું ચૂકવી, જે કંઈ રકમ વધે તે લઈ, દેશમાં-વતનમાં જઈને નાનો ધંધો શરૂ કરી શાંતિથી રહેવું - એમ વિચારી, બધી તૈયારી કરી લીધી હતી. પણ ગુણવંતભાઈને વાત કરી ત્યારે તેઓ તેમને સ્વામીશ્રી પાસે લઈ આવ્યા.

પ્રતાપભાઈએ સ્વામીશ્રીને 'દેશમાં જઈ પોતે સુખી થાય' તે માટે આશીર્વાદ માગ્યા. ત્યારે સ્વામીશ્રીએ બે થાપા માર્યા ને આશીર્વાદ આપી કહ્યું : 'દુકાન ને ઓરડી કાઢશો નહીં, અહીં જ રહેજો. અહીં સુખી થશો. દેશમાં જવું નથી. ત્યાં સુખી થવાશે નહીં.'

પ્રતાપભાઈએ અહીંના દેવાની વાત કરી. તેમની આંખમાં આંસુ આવી ગયાં. સ્વામીશ્રી કહે : 'દેવું નીકળી જશે, બીજો સંકલ્પ કરશો નહિ.' એમ કહી તેમની છાતીએ હાથ ફેરવી, ફરી આશીર્વાદ આપ્યા. તેમને શાંતિ થઈ ગઈ.

પ્રતાપભાઈએ વેચવાનું બધું નક્કી કરી રાખેલું, પરંતુ સ્વામીશ્રીના વચનમાં

વિશ્વાસ લાવી તેઓ મુંબઈ જ રહ્યા. સ્વામીશ્રીના આશીર્વાદ પ્રમાણે સમય જતાં તેઓ સર્વ પ્રકારે સુખી થઈ ગયા. આમ, સ્વામીશ્રીના વચનમાં વિશ્વાસ રાખવાથી ભક્તોને જરૂર લાભ થતો. પણ, અણીના સમયે વચન મનાઈ જાય તો.

એક ભગત માટે જોઈતી વસ્તુઓ સ્વામીશ્રીએ મંગાવી. તેમાં ધાબળી પાતળી હતી. તેથી ભગત કહે : 'પાતળી ધાબળી છે.' તેમનું મન જરા કોચવાયું.

સ્વામીશ્રી કહે : 'હવે ભલે રહી. જેવી ધાબળી મળી તેવી રાખવી.'

આ વાતને બે દિવસ થઈ ગયા. આજે સવારે સ્નાન કરતી વખતે નિરંજન સ્વામીને સ્વામીશ્રી કહે : 'મારો ઢુંસો આજે ભગતને આપવો છે. માટે લાવજો.'

ત્યારે તેઓએ કહ્યું : 'નવા ઢુંસા છે તેમાંથી આપીશું, કારણ કે નવા ઢુંસા આપને ફાવે નહિ.'

'હા, લાવજો. બે-ત્રણ જો હોય તો હું મારી મેળે પસંદ કરીને આપીશ.' સ્વામીશ્રીએ કહ્યું અને પોતાના અતિ કૃપાળુ સ્વભાવનું સૌને દર્શન કરાવ્યું.

બપોરે ૪-૦૦ વાગે ઉત્થાપનનાં દર્શન-ધ્યાન કરી, સ્વામીશ્રી બાજુના ઓરડામાં ઑફિસમાં પધાર્યા. પ્રકાશ-પત્રિકાના લવાજમ અંગેનાં છાપેલાં પોસ્ટકાર્ડ લખાતાં હતાં તે જોયાં. તેમાં પાછળની સરનામાની બાજુ કોરી હતી. તેથી સ્વામીશ્રીએ પૂછ્યું : 'અહીં શું લખવાનું ?'

કામ કરતા સંતે કહ્યું : 'કંઈ વિશેષ સૂચના હોય તો લખવાની, નહિ તો કોરું જાય.'

સ્વામીશ્રી કહે : 'ખાલી ન જવા દેવું, સ્વામીની વાતું છપાવવી, પણ ખાલી ન જવું જોઈએ.'

બૈરાંએ ઘણાનું બગાડ્યું

એવામાં ઝારોળાવાળા જશભાઈ દર્શને આવ્યા. સ્વામીશ્રીએ તેમને હંમેશાં દર્શને આવવા માટે કહ્યું : 'નિત દર્શને આવજો.'

જશભાઈ કહે : 'શરદી થઈ છે. રોજ આવવું મુશ્કેલ છે.'

સ્વામીશ્રીએ આગ્રહ ચાલુ રાખ્યો : 'ના, નત્ય દર્શને આવશો. દસ મિનિટ બેસી આશીર્વાદ લઈને જશો.'

એમના ગયા પછી સ્વામીશ્રી કહે : 'મારો વા'લો કહે, 'નત્ય નહિ આવું.' સાધુ બનાવી દેવો હતો, પણ બૈરાં કર્યાં એટલે બગડી ગયું. આમ થાય છે. બૈરાંએ ઘણાને સાધુ થતા બગાડી દીધા.'

પછી ગોંડલવાળા કાન્તિભાઈ મિસ્ત્રી બાથરૂમમાં આવ્યા. એટલે સ્વામીશ્રી કહે : 'આને પણ સાધુ બનાવી દેવા હતા. વાત થઈ હતી, નક્કી થયું હતું, પણ બૈરાં કર્યાં એટલે બગડી ગયું.'

તા. ૮મીએ સવારે વચનામૃતની કથા થતી હતી. ગ.પ્ર. ૫૫નું વચનામૃત વંચાતું હતું, ત્યારે સુનીલભાઈ દમણિયા હાર લઈને આવ્યા. સ્વામીશ્રી કહે : 'હાર પ્રસાદીનો કરો.' પછી હસતાં હસતાં કહે : 'હાર ઘણા પહેર્યા, એની રુચિ થતી નથી.' પછી ખૂબ હસીને કહે : 'અમારે એક સાધુ હતા. તે હાર ગળામાંથી કાઢે જ નહિ !' સભામાં સૌને આનંદ કરાવ્યો.

બપોરે હર્ષદભાઈ તથા સુનીલભાઈ દમણિયાને બહાર જવાનું હતું. તેમને કોઈને મળવાની ઉતાવળ હતી. સ્વામીશ્રી કહે : 'જમીને જાવ. સો કામ મૂકીને જમી લેવું, ને હજાર કામ બગાડીને-મૂકીને મોક્ષ કરી લેવો.'

આરામ કરતાં પહેલાં કહે : 'હરિભૂષણ સ્વામી ક્યાં છે ? બોલાવો.'

તેઓ આવ્યા એટલે કહે : 'આજે કથામાં પૂજન થયું ત્યારે તમે ક્યા હતા ? દોઢસો રૂપિયા ખોયા.'

તેમણે કહ્યું : 'ડૉક્ટર સ્વામીએ જમી લેવા કહ્યું. તેથી જમવા માટે ગયો.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'જમવા પછી જવું. કોની કોની રસોઈ હતી, તે શું ખબર પડે ? વર્તમાન ધરાવ્યાં હોય, તે સેવા પણ આવી નહિ. તેથી મારે કહેવું પડ્યું, દોઢસો રૂપિયા ખોયા. હવેથી રોજ હાજર રહેશો.' એમ ખટકો રાખવા કહ્યું.

એવામાં એક સંત ત્યાં આવ્યા. એટલે એક યુવક કહે : 'સ્વામી ! આ બહુ સેવા કરે. હાથે ચાનાં વાસણ સાફ કરે, કોઈ મદદમાં નહિ.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'ભગવાન મદદમાં છે. કોઈ કેમ નથી ? ભગવાન છે !' એમ કહી મહારાજનું અનુસંધાન જણાવ્યું.

મન બહુ મોટું

સાંજે ૪-૦૦ વાગે ગુણવંતને મેવાની પ્રસાદી આપવા લાગ્યા, ત્યારે તેમણે કહ્યું : 'આ રહી, મને પ્રસાદી મળી છે.'

સ્વામીશ્રી કહે : 'થોડી પ્રસાદી નજરમાં આવે નહિ. અમે દીધેલું બહુ. મન બહુ મોટું. તેથી થોડામાં ગમે નહિ.'

બીજે દિવસે સવારે સ્વામીશ્રી બાથરૂમમાં જતા હતા. એ જ વખતે બાથરૂમ સ્વચ્છ કરીને બે યુવકો બહાર નીકળતા હતા. સ્વામીશ્રીએ દૂર ખસીને

રસ્તો આપ્યો ને ઊભા રહ્યા. બન્ને યુવકો પસાર થઈ ગયા એટલે સ્વામીશ્રી બાથરૂમમાં પધાર્યા અને પાટલા ઉપર બેઠા. મહાન હોવા છતાં વિનય, નિર્માનીપણું તો સ્વામીશ્રીનાં જ !

સ્નાન કરતી વખતે મહુવાવાળા દરજી છોકરાની ઓળખાણ પૂછી. અને સાધુ થવા કહ્યું, છોકરાએ હા પાડી એટલે સ્વામીશ્રીએ તેને ખૂબ ખૂબ આશીર્વાદ આપ્યા.

સ્નાન કરતાં કરતાં સ્વામીશ્રી યુવકો પાસે સ્વામીની વાતું મોઢે બોલાવતા. શ્લોકો બોલાવતા. યુવકો સાત પ્રકરણમાંથી જે વાત મોઢે કરી હોય તે બોલે. ઘણુંખરું ખૂણે ખાંચરેથી ગોતીને નાની નાની વાતો મોઢે કરી હોય. તેઓ વાતો બોલે ને તેમાં ભૂલ કરે તો તુરત સ્વામીશ્રી સુધારતા. કોઈ અટકી જાય તો આગળનો શબ્દ પણ સંભારી આપતા. ત્યારે ખ્યાલ આવે કે સ્વામીશ્રીને સાતેય પ્રકરણની ઘણી ખરી વાતો આ ઉંમરે પણ બરાબર મોઢે છે.

ભાદરા-ગુણાતીતનગરના સ્થાનની લાઈટ ફિટિંગની સામગ્રી, વાયર, ટ્યૂબ લાઈટ, બલ્બ, સ્વીચ વગેરે સર્વે ખરીદવાનાં હતાં. તે માટે સ્વામીશ્રી મને તથા સિદ્ધેશ્વર સ્વામી, સુનીલભાઈ દમણિયા, હર્ષદભાઈ, એ.પી. પટેલ વગેરેને વાત કરી રહ્યા હતા.

બધી જ વસ્તુ વિગતથી સાંભળી. પછી સ્વામીશ્રી કહે : 'વસ્તુ સસ્તી ને સારી મળે તે માટે ધૂન કરો.'

ધૂન કરતાં કરતાં કહે : 'શાક સસ્તું ને સારું આવે તેમ વસ્તુઓ સારી ને સસ્તી મળી જાય !' એમ હસતાં હસતાં ધૂન કરી.

તા. ૧૦મીએ બપોરે ૧૧-૧૫ કલાકે સ્વામીશ્રી સભામાં પધાર્યા. ટપાલ લખવા બેસતા હતા અને એક હરિભક્તને કહે : 'સ્વામીની વાતો વાંચો. રણછોડભાઈ(આર.યુ. પટેલ) સમજાવશે.'

તેમણે સ્વામીની વાતુંનું પુસ્તક હાથમાં લીધું ને પૂછ્યું : 'કઈ વાતો વાંચું બાપા ?'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'આ તો સોનાની લગડી છે, એમાંથી જે જે વાંચો તેમાં સોનું જ નીકળે.'

જગતારણ કારણ દેહ ધરે

બપોરે સ્વામીશ્રી આરામમાં પધાર્યા. તે પહેલાં ગુણવંતભાઈ સ્વામીશ્રીને

ગળા પર બર્નોલ લગાડતા હતા. ત્યારે સ્વામીશ્રી કહે : 'આ તણખો ઊડ્યો તો તેને સંબંધ થયો. તે ઝાડનું કલ્યાણ થઈ ગયું. કયા જંગલમાં ઝાડ થયું હશે ? તેનો કોલસો થયો.'

'ઠેઠ ઝાડનું કલ્યાણ થઈ ગયું ?'

'હા ગુરુ ! આ તો વાત જ જુદી છે.'

'આખા જંગલનુંય કલ્યાણ થઈ ગયું ?'

ત્યારે સ્વામીશ્રી કહે : 'ના, એક ઝાડનું જ કલ્યાણ થયું.'

નિરંજન સ્વામી વગેરેને આ સાંભળી બહુ આશ્ચર્ય થયું.

તા. ૧૧મીએ મંગલ પ્રવચન સમયે 'સ્વામિનારાયણ પ્રકાશ'નો પાઠ થતો હતો. સ્વામીશ્રી કહે : 'ઈશ્વર સ્વામીનો લેખ નથી.'

તે વખતે ડૉક્ટર સ્વામી કહે : 'ઈશ્વર સ્વામી ગામડાં ફરતા હતા. જયપુર ગયા હતા !'

ત્યારે સ્વામીશ્રી કહે : 'એ તો ટપાલમાં લેખ લખીને નાખે. પોસ્ટમૅન ટપાલમાં આપી જાય.' પછી પ્રવચનમાં પણ આ જ વાતનો ઉલ્લેખ કર્યો.

ત્યારે હું 'પ્રકાશ'માં 'યોગી ચરિતમ્' લખતો. ક્યારેક ન લખ્યું હોય ત્યારે સ્વામીશ્રી આ રીતે ખટકો રખાવતા. જો કે આ રીતે મોટાપુરુષ આપણને સેવા કરવાની તક જ આપતા હોય છે. જેથી આપણને એમનાં મનુષ્ય તથા દિવ્ય ચરિત્રોની જાણ થાય, એમના સ્વરૂપની ઓળખાણ થાય. દૃઢતા થાય. બાકી એમને કોઈ સ્વાર્થ હોતો નથી. એ તો પોતાનું કાર્ય અદા કરતા જ રહેતા હોય છે, ચાહે કોઈ એની નોંધ લે કે ન પણ લે !

'જોગી ત્યાં હું...'

સવારે ૧૧-૦૦ વાગે આરામમાંથી ઊઠ્યા ત્યારે વાત કરી : 'આજે સ્વપ્નું આવ્યું કે શાસ્ત્રીજી મહારાજને ટ્રેનમાં જવું હતું. ત્યારે સ્ટેશનમાં મને આજ્ઞા કરી : 'જાવ જોગી ! ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં વ્યવસ્થા કરો.' હું ત્યાં ગયો એટલે ગાડીમાં ડોસી બેઠી હતી. એટલે થર્ડ ક્લાસના ડબ્બામાં જઈને બેસી ગયો. ત્યાં શાસ્ત્રીજી મહારાજ આવ્યા ને મને કહ્યું : 'જોગી ! અહીં કેમ બેસી ગયા ? ચાલો ત્યાં.' (ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં). એટલે મેં કહ્યું : 'ત્યાં ડોસી છે.' એટલે શાસ્ત્રીજી મહારાજ કહે : 'જોગી ત્યાં હું. તમે અહીં બેઠા એટલે હું પણ અહીં જ બેસીશ.' 'જોગી ત્યાં હું ને હું ત્યાં જોગી.' એમ ત્રણ-ચાર વાર બોલ્યા.

બપોરે ગઢડા મધ્ય પ્રકરણ ૪૯ વચનામૃતની કથા થતી હતી. ત્યારે સ્વામીશ્રીએ એક યુવકને કહ્યું : ‘મહારાજ ભગવાનમાં વૃત્તિ રાખવાનું - કથા, કીર્તન, ધ્યાન, ભજન કરવાનું કહે છે ને તમારું મન રમતગમત(ક્રિકેટ)માં પહોંચી ગયું છે.’ એમ કહીને સૌને હસાવ્યા. પછી આરામ કરવા પધાર્યા ત્યારે બોલ્યા : ‘હમણાં તો આઠ દિવસથી સ્વામી રોજ દર્શન દે છે.’

બપોરે ૪-૨૦ કલાકે સ્વ. કવિ બોટાદકરના સુપુત્ર કાન્તિલાલભાઈ આવ્યા. પાનાચંદ શેઠ તેમને લાવ્યા હતા. તેમને જોઈને સ્વામીશ્રીએ એકદમ કહ્યું : ‘શેઠ આવ્યા.’

ત્યારે તેઓ કહે : ‘બાપા ! હું શેઠ નથી. હું મોતના મુખમાં છું. હું પામર પ્રાણી છું.’

પછી કહે : ‘મને દરદ થયું છે. ડૉક્ટરો મને ગભરાવી દે છે. જો કે તેઓ મારા મિત્રો છે.’

સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું : ‘આપને સારું થઈ જશે.’ પછી વર્તમાન ધરાવ્યાં ને બીડી છોડવા કહ્યું.

‘બાપા ! કોઈ વાર એક-બે બીડી પીવાઈ જાય તો માફ કરી દેશો.’

‘માફ છે.’

‘બાપા ! છાતીએ હાથ ફેરવો. જો આપને છાતીએ હાથ ફેરવવાનો વાંધો ન હોય તો !’

‘લાવો, હાથ ફેરવીએ.’ એમ કહી આખા શરીરે હાથ ફેરવ્યો. સ્વામીશ્રીએ તેમને પૂજા આપી. મૂર્તિઓની ઓળખાણ કરાવી. રોજ પૂજા કરવા કહ્યું.

એક હરિભક્ત તેમને કહેવા લાગ્યા કે ‘તમે સવારે આવો તો નીચે જ સ્વામીશ્રીનાં દર્શન થઈ જાય, દાદરા ન ચડવા પડે.’

ત્યારે સ્વામીશ્રીને શેઠ કહે : ‘ના, બાપા ! એવી કૃપા કરો કે આવતા અઠવાડિયે દાદરા ચડી શકું તેવી શક્તિ મળે.’

પછી સ્વામીશ્રીએ તેમને ફરીથી આશીર્વાદ આપ્યા ને પાંચ સ્વામીની વાતો બોલ્યા. કાંતિભાઈએ વિદાય લીધી.

શરન આયે કો લેત ઉગારી

સાંજે સ્નાન કરવા પધાર્યા ત્યારે સ્વામીશ્રીનાં દર્શને અશ્વિનભાઈ પોપટ આવ્યા અને કહેવા લાગ્યા કે ‘મારા મિત્રોને લાવ્યો છું.’

સ્વામીશ્રીએ તેમને સૌને આવકાર્યા ને બોલ્યા : 'આવો, સેવા કરો. મિત્રો, ઈંડાં-બીંડાં ખાતા હશે ?'

'ના, બાપા ! સારા છે.'

'સારા બનાવવા છે.' સ્વામીશ્રીએ તેમના ઉદ્‌ગારો સુધાર્યા. કારણ, કોઈ બહારથી સારા જણાય, પણ ખરેખરું સારાપણું તો સંત સમાગમથી જ પ્રાપ્ત થાય છે.

પછી કાન્તિભાઈ ગોંડળવાળાને કહે : 'બીડી-પાન છોડી દીધાં ?'

તેઓ કહે : 'બીડી છોડી. પાન ખાઉં છું.'

ત્યારે સ્વામીશ્રીએ તેમના હાથમાં પાણી આપતાં કહ્યું : 'લ્યો, 'હવે પાન છોડી દઈશ' - એમ કહો.' પછી નિયમ લેવરાવ્યો.

સ્વામીશ્રી રાત્રે સ્નાન પછી હંમેશાં સભામાં આવી, સ્વામીની વાતોનું નિરૂપણ કરતાં. આજે એક હરિભક્ત આવ્યા હતા. સ્વામીશ્રી એક વાતનું નિરૂપણ કરતાં કહે : 'સાધુ સાથે હેત હોય તો હંમેશાં મંદિરે દર્શને આવી જાય. આમને બોલાવવા પડે. 'આવો' તેમ કહેવું પડે. પણ સાધુ આપણા મનાયા હોય તેને એમ કહેવું ન પડે કે 'દર્શને આવજો.' એ તો એની મેળે જ આવી જાય.'

વાતોમાં મોક્ષના ચાર માર્ગ વિશે વાત આવી. મેં પૂછ્યું : 'પિપીલિકા માર્ગ એટલે શું ?'

સ્વામીશ્રી કહે : 'આડો-અવળો, હરતો-ફરતો જાય તે પિપીલિકા માર્ગ.' બધા હસી પડ્યા. એ જ વખતે સ્વામીશ્રી કહે : 'કાન ટોપી લાવો.'

નિરંજન સ્વામી સભામાં બેઠા હતા. તેમણે કહ્યું : 'બાપા ! આપની પાસે જ ટોપી પડી છે.'

સ્વામીશ્રીને ખોળતાં ટોપી મળી આવી, એટલે કહે : 'પિપીલિકા માર્ગ.'

આ સાંભળીને સભામાં બેઠેલા સૌ સંતો-હરિભક્તો ખૂબ જ હસી પડ્યા.

'પ્રકાશ' હાથમાં ઉપાડે તો પાપ બળી જાય !

તા. ૧૨-૧૨-'૬૮, સવારે મંગળ પ્રવચનમાં 'સ્વામિનારાયણ પ્રકાશ'નો પાઠ થતો હતો. સ્વામીશ્રી એકદમ જ બોલી ઊઠ્યા : 'પ્રકાશ અદ્‌ભુત બહાર પડે છે.'

'કેમ અદ્‌ભુત ! બાપા ?' એક સંતે પૂછ્યું.

'અંદર સબીજ જ્ઞાન આવે છે.' સ્વામીશ્રીએ કહ્યું : 'પ્રકાશ' હાથમાં

ઉપાડે, પાપ બધાં બળી જાય. દર્શન કરે, વાંચે, તો પંચ મહાપાપ બળી જાય. માટે બધાએ પાઠ કરવો.'

સ્વામીશ્રી 'પ્રકાશ'ની પ્રવૃત્તિને ખૂબ વેગ આપતા. અને સંતોને પણ તેમાં લેખો લખવા પ્રેરતા. અને છપાય પછી તે લેખની પ્રશંસા કરી, પ્રોત્સાહિત કરવાની એમની ગજબની કળા હતી.

સ્વામીશ્રી આજે સવારે સ્નાન કરતી વખતે એક યુવકને કહે : 'આજે તમે ઉપવાસ કરો.' તેણે હા પાડી. એટલે સ્વામીશ્રી કહે : 'તમારું નામ શું ?'

એટલે તેણે કહ્યું : 'રાજેશ.'

'રાજેશ પટેલ એટલે રાજા જેવા. એ તો ઉપવાસ કરી શકે.'

'રાજેશ' નામનો અર્થ કરી, સ્વામીશ્રીએ તેને આશીર્વાદ આપી, ઉપવાસ માટે વધુ પ્રોત્સાહિત કર્યો.

સવારની સભામાં વાત કરી : '૩૦ વર્ષ પહેલાં અમે ગોંડળથી જૂનાગઢ મોટરમાં જતા હતા. મોટર ગાડા જોડે અથડાઈ. આગળનો કાચ ફૂટી ગયો. હું આગળ જ બેઠો હતો, પણ કાંઈ ન થયું. ભગવાને રક્ષા કરી.'

પછી મ્વાન્ઝા યુવક મંડળે પ્રગટ કરેલ 'યોગી પ્રકાશ' અંકનો સભામાં પાઠ કરાવ્યો.

બપોરે આરામમાંથી ઊઠ્યા ત્યારે યોગેશ્વર સ્વામી મેવો લાવ્યા. આ વખતે મેં સ્વામીશ્રીને સંસ્થાનું પ્રતીક (અક્ષર દેરી) તેમજ અન્ય ચિત્રો બતાવ્યાં. સ્વામીશ્રી તે જોઈને ખૂબ જ રાજી થઈ ગયા. પછી યોગેશ્વર સ્વામીએ મેવો જમવા આપ્યો ત્યારે સ્વામીશ્રી કહે : 'લાવો, ઈશ્વર સ્વામીને જમાડીએ.'

મેં કહ્યું : 'બાપા ! પહેલાં આપ જમો.'

ત્યારે તેઓ કહે : 'આવું સરસ કામ કર્યું તે ઈનામ આપવું જોઈએ ને !' એમ કહી ખૂબ જ હેતથી પ્રસાદી આપી. આ રીતે નિરંજન સ્વામી, એ.પી. પટેલ, યોગેશ્વર સ્વામી તથા ગુણવંત દાણી સૌને પ્રસાદી આપી. પછી પોતે થોડું જમ્યા, પણ અમને બધાને ત્રણ વાર પ્રસાદી આપી.

થોડી વારમાં બાબુભાઈ દવાવાળા તથા ઘાટકોપરના ચીમનભાઈ શેઠ ડોંગરે મહારાજની પારાયણમાં સ્વામીશ્રીને આમંત્રણ આપવા માટે આવ્યા. તેમણે વિનંતી કરી એટલે સ્વામીશ્રીએ મહંત સ્વામીને બોલાવ્યા. અને હર્ષદભાઈને મળીને સોમવાર-મંગળવારે આવવા માટે જણાવ્યું. અને કહ્યું કે 'અમારે બૈરાં દૂર હોય અને આસન જુદું હોય, તેવી વ્યવસ્થા કરી આપશો.'

બંનેએ ખૂબ જ રાજી થઈને બધી જ વ્યવસ્થા કરવા જણાવ્યું.

તેમના ગયા પછી સ્વામીશ્રી કહે : 'પહેલાં મોટા સંતો બોલતા તે તરત જ થઈ જાય. 'રોગ મટી જાય,' તો તરત જ ધડાકો. શાસ્ત્રીજી મહારાજ જે બોલતા તે થતું.'

ત્યારે સ્વામીશ્રીને દવે સાહેબે કહ્યું : 'આપ વચન બોલો છો તે પણ સત્ય થાય છે.'

ત્યારે સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા : 'હું જ માંદો પડ્યો ત્યાં બીજાં વચન શાનાં સત્ય થાય !'

સહુ હસી પડ્યા. પછી કહે : 'જૂનાગઢમાં નારણદાસ સ્વામી કહેતા, 'વૈદ્યો નારાયણો હરિઃ' 'દુઃખનું ઓસડ દહાડા.' એ વાક્ય ત્રણ વખત બોલ્યા ને કહે : 'વખત જાય તેમ દુઃખ હળવું થતું જાય.'

વિવિધ વિનોદ

સ્વામીશ્રીની નાદુરસ્ત તબિયતમાં સખત શરદીની મુખ્ય તકલીફ માટે ડૉ. મિનોચર મોદીની સલાહ પ્રમાણે સારવાર થઈ રહી હતી. છતાં રોજ સવારે ૫ થી ૬ મંગળ પ્રવચનનો લાભ સ્વામીશ્રી આપતા હતા. 'પુરુષોત્તમ પ્રકાશ' ઉપર રોજ નિરૂપણ કરી, સંતોને મનનીય ઉપદેશ આપતા. સવારે તેમજ રાત્રે દસ થી પંદર મિનિટ સભામાં બિરાજી સૌને દર્શન આપતા. સવારે ક્યારેક વચનામૃત સમજાવતા, તો સાંજે સ્વામીની વાતું ઉપર નિરૂપણ કરતા.

બીજે દિવસે સવારે કથા પ્રસંગમાં આફ્રિકા જવાની વાત નીકળી. આફ્રિકાના હરિભક્તો આર.યુ. પટેલ ને સી.એમ. પટેલ હાજર હતા. સ્વામીશ્રી કહે : 'તમે તૈયારી કરો. ત્યાં જઈને બધાને ઉશ્કેરો.'

'પ્રેરણા આપો' એમ બોલવાને બદલે સ્વામીશ્રી ભૂલમાં 'ઉશ્કેરો' બોલ્યા, તેથી સૌ હસવા લાગ્યા. ભેળા સ્વામીશ્રી પણ હસવા લાગ્યા. એ પણ એમની એક ખાસિયત હતી.

પછી વાત કરતાં કહે : 'કથાનું માહાત્મ્ય શું ? એક કલાક કથા સાંભળે તો લાખ રૂપિયાને ખર્ચે જે પુણ્ય થાય તેનાથી વધુ પુણ્ય થાય.' એમ સમજાવ્યું.

ગુણાતીતચરણદાસ સવારે કથામાં ન આવ્યા, તેથી તેમને યાદ કર્યા ને કહે : 'આપણે ગુણ લેવો – રાત્રે વાંચતા હશે અથવા તબિયત સારી નહિ હોય, પણ તે વિના સૂઈ ન રહે – એમ ગુણ લેવો.'

વળી કહે : 'રૂપિયા લાખ હોય તો કેફ રહે કે રૂપિયાની શેર બાજરી હશે તોપણ છોકરાંને ભૂખે મરવા નહિ દેવાય. તેમ ભગવાન પુરુષોત્તમ નારાયણ મળ્યા તે કેફ રાખવો.'

બપોરે કથા શરૂ થઈ ત્યારે મહંત સ્વામી બેસતા ત્યાં તકિયો ન હતો. એટલે સ્વામીશ્રી એકદમ બોલ્યા : 'અરે ! કોઈ તકિયો લાવો. ભક્તિ બુઢ્ઢી થઈ કે શું ?' આ સાંભળી સૌ હસી પડ્યા.

જી રે સંત બડા પરમારથી

તા. ૮મીએ રવિસભામાં મોહનભાઈ રાઠોડને કંઠી પહેરાવવાની વાત નીકળી હતી. ઈશ્વરભાઈ દેસાઈએ આ પહેલાં બે-ત્રણ વાર સ્વામીશ્રીને વિનંતી કરી હતી કે તેમને કંઠી પહેરાવે. સ્વામીશ્રીએ આજે સામેથી વાત કાઢી. ઈશ્વરભાઈને કહે : 'મોહનભાઈ માટે તમે સોનાની કંઠી કરાવી આપો.'

ઈશ્વરભાઈએ હા પાડી. એટલે સ્વામીશ્રીએ તુરત હરિભાઈ સોનીને બોલાવ્યા ને કેટલું સોનું જોઈશે ? વગેરે વિગત પૂછી. વળી, 'ઘડામણના પૈસા લેવાના નહિ,' તેવી હરિભાઈને આજ્ઞા કરી. આમ, કંઠીનું નક્કી કરી લીધું.

તા. ૧૫-૧૨-'૬૮ના બીજા રવિવારે કંઠી તૈયાર થઈને આવી. સાંજે સભામાં મોહનભાઈને વર્તમાન ધરાવી, સ્વામીશ્રીએ સોનાની કંઠી જાહેરમાં પહેરાવી. મોહનભાઈને સ્વામીશ્રી પ્રત્યે સદ્ભાવ ઘણો હતો, પણ ઘણા વખતથી કંઠી ધારણ નહોતી કરી તે સ્વામીશ્રીએ ઈશ્વરભાઈને નિમિત્ત બનાવી તેમને સ્વામિનારાયણની કંઠી બાંધી આશ્રિત કરી દીધા.

અહીં એક યુવકને સ્વામીશ્રી કહે : 'આપણે આ સત્સંગ પહેલાં, પછી ભણવાનું. એંજિન પહેલું પછી ડબ્બા. બીજાને નિષ્ઠા કરાવવી તે સેવા કરી લેવી.'

આમ, પ્રસંગોપાત્ત તેમજ વ્યક્તિ પ્રમાણે સ્વામીશ્રી આજ્ઞા કરતા ને પોતાની રુચિ જણાવતા.

બીજી સવારે સ્નાન કરવા બેઠા ત્યારે સ્વામીશ્રીએ ટ્યૂબ લાઈટ બંધ કરાવી. બાથરૂમમાં અંધારું હતું. તેથી નિરંજન સ્વામી કહે : 'લાઈટ કરો. અંધારું છે.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'લાઈટ ન કરશો. પાવર બચે. ના'વામાં લાઈટની જરૂર નહિ. વીજળી ઓછી બળે તો મંદિરની સેવા થાય. આપણે બીજી સેવા ન કરી શકીએ તો આ સેવા કરી લઈએ.'

આજે એકાદશી હોવાથી જૂના મંદિરે દર્શને પધાર્યા. પાછા ફરતાં ગોંડલ બાપુ વિક્રમસિંહજીની તબિયત જોવા ગયા હતા.

બીજે દિવસે બાબુભાઈ દવાવાળાના આગ્રહથી, ચર્ચગેટ સ્ટેશન પાછળ હૉકી ગ્રાઉન્ડ ઉપર યોજાયેલ ડોંગરે મહારાજની ભાગવત કથામાં પધાર્યા.

સ્વામીની દયાના આશક

તા. ૨૦મીએ વહેલી સવારે સ્વામીશ્રીએ પૂછ્યું : 'કોણ છે ? કેટલા વાગ્યા ? સાડા ચાર થયા ?

'બાપા ! પોણા પાંચ વાગ્યા છે.'

'આજે સ્વામીએ દર્શન દીધાં. બહુ તેજસ્વી મૂર્તિ. શાસ્ત્રીજી મહારાજ સારંગપુર હતા. જૂની ધરમશાળા આચાર્યની હવેલીની જગ્યાએ હતી, ત્યાં સ્વામી પૂજા કરવા બેઠા. મને કહે : 'પાસે બેસો.' એટલી વારમાં આંખ ખૂલી ગઈ.'

પછી કહે : 'ઊંઘમાં સ્વામી બહુ સુખ આપે. હું એમ બોલું : 'સ્વામીની દયાથી ઊંઘ આવી જાવ, સ્વામીની દયાથી ઊંઘ આવી જાવ,' એટલે આંખ મળી જાય. પછી કલાક - બે કલાકે લઘુ કરવા ઊઠું. ત્યારે ઓઢીને સૂવું એટલે બોલું : 'સ્વામીની દયાથી ઊંઘ આવી જાવ.' ત્યારપછી સ્વપ્નની વાત કરી.

પછી પાંચના ટકોરા પડ્યા એટલે કહે : 'શ્રીજીજીવન છે ?' શ્રીજીજીવન સ્વામી હંમેશાં ૫-૦૦ વાગે સ્વામીશ્રીને ઉઠાડવા આવતા. શ્રીજીજીવન સ્વામી ત્યાં જ બેઠા હતા. તેમણે કહ્યું : 'હા બાપા ! પાંચ મિનિટથી આવ્યો છું.'

પછી સ્વામીશ્રી કહે : 'લ્યો ઉઠાડો હવે !'

વળતી રાત્રે સભામાં દિલ્હીથી ચંદ્રકાંતભાઈ ત્રિવેદીનો પત્ર આવેલો તે વંચાવ્યો. તેમાં દિલ્હીના હરિભક્તો મંદિર માટે જગ્યા લેવા પ્રયત્ન કરી રહ્યા છે – તે સંબંધી વાત હતી. તે માટે તેઓ ગવર્નરને મળવા ગયા હતા. ગવર્નરને મળતાં પહેલાં પણ ચંદ્રકાંતભાઈનો પત્ર હતો. તેમાં તેમણે ગવર્નર માટે એક પ્રસાદીનો હાર મંગાવેલો. સ્વામીશ્રીએ મહંત સ્વામીને ખાસ આજ્ઞા કરી, સારામાં સારો હાર બનાવવા કહ્યું ને કહે : 'હેતના ટેભા મૂકજો.' સાથે બે કલગી પણ તૈયાર કરાવી. હાર તથા કલગી શિવુભા રાણા સાથે પ્લેનમાં દિલ્હી મોકલ્યાં. હરિભક્તોએ હાર તથા કલગી ગવર્નરને અર્પણ કર્યાં હતાં. ગવર્નરે મંદિર માટે જગ્યા આપવા સંમતિ આપી હતી.

સભા બાદ સ્વામીશ્રી આરામમાં પધાર્યા. સૂતાં પહેલાં દવા લઈ રહ્યા

હતા. ગવર્નરની વાત પૂછવા લાગ્યા : 'બધાના ગવર્નર એક હશે કે જુદા ? મુંબઈના પણ એ જ ગવર્નર કે બીજા ? ગવર્નરને શું પગાર હશે ? તેમને કામ શું કરવાનું ? બહુ કામ ! બધું કામ ટેલિફોનથી કરતા હશે.' આમ, એક પછી એક પ્રશ્નો પૂછવા લાગ્યા.

'આપ તો વગર ટેલિફોને કામ કરો છો,' રમેશભાઈ દવેએ કહ્યું.

એ વખતે સ્વામીશ્રીના હાથમાં દવાની ગોળી હતી. તેની સામું જોતાં સ્વામીશ્રી બોલ્યા : 'અમારે આ ટેલિફોન !' એમ કહી સૌને ગમ્મત કરાવી.

સ્વામીશ્રી રાત્રે આરામ કરવા પધારે ત્યારે હંમેશાં ડૉક્ટરી મિટિંગ થાય. તેમાં મુખ્યત્વે ડૉ. ભગુભાઈ તથા તેમના ચિ. ડૉ. મહેન્દ્રભાઈ, તેમના મિત્ર પ્રતાપભાઈ, ડૉ. દલ, ડૉ. દેસાઈ, ડૉ. ત્રિવેદી, ડૉ. શાહ તથા કિશોરભાઈ, રમેશભાઈ, ગુણવંતભાઈ તથા સંતોમાં ડૉક્ટર સ્વામી, નિરંજન સ્વામી, યોગેશ્વર સ્વામી વગેરે અમે સૌ હાજર હોઈએ.

મહેન્દ્ર પટેલ તથા ડૉ. દેસાઈ આજે આવ્યા ન હતા. ડૉક્ટરો ઓછા હતા. તે યાદ કરતાં સ્વામીશ્રી કહે : 'ડૉક્ટરો ઓછા છે.'

રાત્રે દવા લેવાના નિમિત્તે સૌ સત્સંગી ડૉક્ટરો એકત્રિત થતા તેમને સ્વામીશ્રી બોલાવી-ચલાવી સુખ આપતા. લાભ તો ડૉક્ટરોને મળતો હતો. તેમાંથી કોઈ વંચિત રહે તે સ્વામીશ્રીને ગમતું નહિ, તે સહેજે જણાઈ આવતું. શિષ્યનું રૂડું કરવાનો આવો આગ્રહ ગુણાતીત સંત વગર કોણ રાખી શકે ?

મૂર્તિ અખંડ કેમ રહે ?

તા. ૨૨મીએ સવારે કથા પ્રસંગમાં સ્વામીની વાત બીજા પ્રકરણની ૭૦મી ઉપર બોલ્યા : 'પ્રેમાનંદ સ્વામીને મહારાજે કહ્યું કે મૂર્તિ અખંડ રહે તેનાં સાધન જુદાં.' પછી પોતે કહ્યું : 'સાધન શું ? અક્ષર-ગુરુને ઓળખીને રાજી કરવા.

'જૂનાગઢના એક હરિભક્ત પૂજા મૂકવા ફાટેલાં-તૂટેલાં ગંદાં કપડાં રાખે. મૂર્તિઓ પણ મઢ્યા વગરની ગમે તેમ રાખે. તે જોઈ એક દિવસ જાગા સ્વામીએ કહ્યું : 'આવાં પૂજાનાં કપડાં કેમ રાખ્યાં છે ? તારાં છોકરાં જેવા તો ભગવાનને જાણ !'

આજે એક નવા નાના સંત મંગળ પ્રવચનમાં નહોતા આવ્યા. સ્વામીશ્રીએ તેમને સંભાર્યા. વાતો કરતાં કરતાં સ્વામીશ્રીની દૃષ્ટિ બધે ફરી જતી. બધાની હાજરી પૂરાઈ જતી. કોઈ ન આવ્યું હોય તો ટકોર પણ કરતા.

કથા પ્રસંગમાં નાની વાતોમાં મોટી વાત સ્વામીશ્રી કરી દેતા. સત્સંગના ઘણા શબ્દોના ટૂંકા અર્થ કે કેટલીક સરળ વ્યાખ્યા બહુ સચોટ રીતે આપતા. સભામાં પોતે પૂછ્યું : 'હેતનું લક્ષણ શું ?' પછી કહે : 'યાદ કરે તે.'

બપોરે ૧૨-૦૦ વાગે 'હરે' તથા સ્વામીશ્રી ટપાલનું કામ બંધ કરીને 'હરે' કરવા ઊઠ્યા. ત્યારે અ.નિ. હરમાનભાઈના જમાઈ દિનેશભાઈએ ફોટો ખેંચવા તૈયારી કરી. સ્વામીશ્રી એકદમ કહે : 'જમ્યા પહેલાં ફોટો આવે ?' આ સાંભળીને સૌ ખૂબ જ હસી પડ્યા. એટલામાં બે-ત્રણ ફોટા પણ ખેંચાઈ ગયા હતા.

સાંજે ૫-૪૫ કલાકે કવિ બોટાદકરના પૌત્ર ચંદ્રકાન્તભાઈ દર્શને આવ્યા. તેઓ સીધા જ સ્વામીશ્રીના પગ દાબવા બેસી ગયા. થોડી વારે સ્વામીશ્રીએ પૂછ્યું : 'આ કોણ આવ્યા છે ?'

એટલે ગુણવંતે કહ્યું : 'કાન્તિભાઈના દીકરા ચંદ્રકાંતભાઈ છે.'

ત્યારે સ્વામીશ્રી ઉમળકાથી એકદમ બોલ્યા : 'અરે, તમે ક્યારે આવ્યા ? હું તો ઓળખી શક્યો નહિ. મેં ચશ્માં પહેર્યાં હતાં. તેથી ઓળખી શક્યો નહિ !'

આવા સહજ ઉદ્‌ગારોથી સૌ હસવું રોકી શક્યા નહિ.

તા. ૨૩મીથી અમદાવાદના અંબાલાલભાઈ, કચરાભાઈ તથા રાજપુર મંડળના હરિભક્તો તરફથી પાંચ દિવસનું પારાયણ સ્વામીશ્રીએ યોજ્યું હતું. સ્વામીશ્રી સવારે વચનામૃતની કથા કરતા. વચનામૃતનાં અદ્‌ભુત રહસ્યો સહજ રીતે સમજાવી, સ્વામીશ્રી સૌને અલૌકિક આનંદ આપતા. સાંજે હરિલીલામૃત તથા ભક્તચિંતામણિની કથા મારી પાસે કરાવતા.

સંબંધ સાચવવો

કથા પ્રસંગમાં સ્વામીશ્રી કહે :

'પૂર્વના સંસ્કાર વગર ભગવાનનો સંબંધ થતો નથી. તે સત્પુરુષના સંબંધને સાચવવો. ભગવાન ભક્તના પ્રારબ્ધનો થર પણ ઉડાડી નાખે; પણ જો આપણે બાધા-આખડી કરીએ તો ભગવાન રક્ષા ન કરે.

'લોધિકાના દરબાર અભેસિંહજી, મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીના દૃઢ નિષ્ઠાવાળા ભક્ત હતા. એક વખત તે માંદા પડ્યા. તાવ કોઈ રીતે ઊતરે નહિ.

'એક બાવો દરરોજ લોટ માગવા આવે. દરબારના બહેન બાવાને લોટ આપે. બાવાને ખબર પડી કે દરબાર માંદા છે. તેમને અણઉતાર તાવ છે.

બોલતા પણ નથી. તેથી તેણે બહેનને કહ્યું : 'સ્વામિનારાયણમાં શું વળ્યું ? દીવો ઠરી જાતો હોય તો દિવેલ પૂરીએ તો પ્રકાશ થાય. મારી માતાનો એવો પ્રતાપ છે. તેનો દોરો દરબાર કાંડે બાંધે તે તરત સાજા થઈ જાય.' એમ કહી તેણે એક કાળો દોરો મંત્રીને આપ્યો. બહેન કહે : 'ભાઈ કાંડે તો દોરો ન બાંધવા દિયે.' બાવા કહે : 'તો ખાટલે બાંધજો.' અભેસિંહ બાપુ સૂતા હતા ત્યાં બહેને તેમની જાણ બહાર ખાટલાને પાયે દોરો બાંધી દીધો.

'રાત્રે મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ બાપુને દર્શન દીધાં. અને કહ્યું : 'અલ્યા અભેસિંહ ! ખડ ખાધું કે ?'

'દરબાર ઊભા થઈ ગયા ને સ્વામીને ખાટલે બેસવા કહ્યું. સ્વામીએ બેસવાની ના પાડી. ખાટલામાં દરબારે ખડની પૂળી દીઠી. ઉપાસનામાં ફેર પડ્યો તેથી સ્વામી ખાટલે ન બેઠા. બાપુને આ વાત સમજાઈ નહિ.

'સવારે દરબાર ઊઠ્યા. ખડની પૂળી અદશ્ય થઈ ગઈ. સ્વામીનાં દર્શનથી તાવ ઊતરી ગયો તેથી ખાટલો ઉપાડી લીધો. દરબાર પછી દાતણ-પાણી કરવા બેઠા ત્યાં ખાટલાને પાયે કાળો દોરો બાંધેલો દીઠો. આ જોઈ બહેનને પૂછ્યું : 'આ શું છે ?' બહેને કહ્યું : 'આશાપુરી માતાના બાવાજી આવ્યા હતા. તે તમને તાવ ઊતરે તે માટે દોરો દઈ ગયેલા. તમે તો બાંધવા ન દ્યો. તેથી ખાટલે બાંધ્યો ને તમારો તાવ ગિયો.'

'આ સાંભળી, સ્વામી રાત્રે ખાટલે કેમ ન બેઠા અને 'ખડ ખાધું કે ?' એમ કેમ બોલ્યા, તે દરબારને સમજાઈ ગયું. તેમણે બહેનને કહ્યું : 'આવું ન કરવું.' પછી તો ગામમાં ખબર પડ્યા કે બાપુને તાવ ઊતર્યો. બાવાને પણ ખબર પડ્યા. બાવાજીના મનમાં કે 'મારા દોરાથી તાવ ઊતર્યો. તે હવે બાપુ પાસે જઈને ઈનામ લઈ આવું.' એમ વિચારી તરત જ બાપુ પાસે આવ્યા.

'દરબારે બાવાને જોઈ કહ્યું : 'તારી માતાએ ઉતારેલો તાવ મને પાછો આપ. મારો તાવ તો મારા ભગવાન સ્વામિનારાયણ ઉતારશે. મારે તારો ઉતારેલો મંદવાડ જોઈતો નથી. મારે તો સ્વામિનારાયણ ભગવાન વિશે પતિવ્રતાપણું છે.'

'આ બાવો બીચારો ક્યાંથી તાવ પાછો લાવી શકે ? તાવ તો સ્વામીનાં દર્શનથી વહ્યો ગયો હતો. આવા દોરા-ધાગા કરી ગામને બગાડે, તેથી દરબારે તે બાવાને ગામ બહાર કાઢી મૂક્યો.

'રાખે ટેક, મળે અનેક.' એક સ્વામિનારાયણ ભગવાનનો આશરો રાખીએ તો કામ સિદ્ધ જ થાય, પણ જ્યાં ત્યાં ચોખા મૂકતાં ફરીએ તો ભગવાન

સામું ન જુએ.

'એક ગુરુકા આશરા, એક ગુરુ કી આશ;
ઈતનેસે રાજી રહીઓ, ઓરન સે ઉદાસ.'

'ભગવાનની ઈચ્છા વગર સૂકું પાંદડું પણ હાલતું નથી. ગ.પ્ર. ૭૨ના વચનામૃતમાં કહ્યું છે કે ભક્તનું કર્મ કઠણ હોય, કાળ કઠણ હોય, પણ જો ભગવાન ને સંતની નિષ્ઠા પાકી હોય, તો તે કાળ કે કર્મ એનું કાંઈ ભૂંડું કરી શકતાં નથી. અને જો નિષ્ઠા કાચી હોય, તો ભગવાન પંડે આશીર્વાદ આપે તોય પત્તો ન લાગે. નિષ્ઠામાં કાંઈક ફેર એટલે ? ગાડું બે ગાડાં ? ના, આંખમાં પડળ આવે એટલું જ. આંખમાં જરાક જ મોતિયો આવી ગયો હોય પણ કશું દેખાય નહિ, જ્યારે દાક્તર કાઢે ત્યારે તરત જ પ્રકાશ થાય. બધું દેખાવા માંડે. પડળ શેર-બશેરનું ન હોય ! તેમ નિષ્ઠા કાચી હોય તે પડળ હોય, તો આનંદ ન આવે. પણ ભગવાન ને સંત દયાળુ છે, તે જો આશરો બળવાન હોય તો તે એ પડળ ઉખાડી નાખે.'

ઉપદેશનું તાદૃશ્ય

બીજે દિવસે પ્રથમનું ૬૮મું વચનામૃત વંચાવ્યું. જેમાં ચૈત્ર સુદ નોમના દિવસે જ મહારાજે વાત કરી છે. સ્વામીશ્રી કહે : 'નોમનો - ઉપવાસનો દિવસ.'

ત્યારે વજુભાઈ શેઠ કહે : 'ભગવાન પણ ઉપવાસ કરતા ?'

'ભગવાન ઉપવાસ કરે ત્યારે જ ભગવાન કહેવાય ને !' સ્વામીશ્રીએ લહેકાથી જણાવ્યું.

વચનામૃતમાં વાત આવી કે મહારાજ જગન્નાથપુરીમાં ઠાકોરજીની મૂર્તિમાં પ્રવેશ કરીને પૂજારીનો ભક્તિભાવ, છળકપટ દેખતા. તે વખતે સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ સામે જોઈને બોલ્યા : 'સ્વામી ! જુઓ છો ને !' પછી હસતાં હસતાં પોતે કહેવા લાગ્યા : 'હા, જોઉં છું.' એટલે આખી સભા હસી પડી.

પછી 'પ્રવેશ એટલે શું ?' એ પ્રશ્ન પૂછ્યો. એ જ વખતે માઇક બંધ પડી ગયું. સ્વામીશ્રીએ તેને ટકોરા મારીને કહ્યું : 'ખોટું પડી ગયું છે.' ત્યાં માઇક ચાલુ થયું. એટલે બોલ્યા : 'જો આ પ્રવેશ થયો.' આ સાંભળતાં જ સભામાં હાસ્યરસ ફરી વળ્યો.

રાત્રે સ્નાન કરતાં એક યુવક 'સ્વામીની વાત' બોલ્યા. તેમાં આવ્યું કે

સાધુએ દોઢ શેર અન્નથી વધુ ન ખાવું. એટલે યુવકોએ કહ્યું : 'બાપા ! ત્રણ વખત ખાઈએ, તો દોઢ શેરથી ઘણું વધી જાય.'

એટલે સ્વામીશ્રી કહે : 'આ તો એક ટંકે પાંચ શેર ખાઈ જતા. એટલે સ્વામીએ લખ્યું.' એમ કહેતાં સૌને આનંદ કરાવ્યો.

સ્વપ્ન અવસ્થા !

તા. ૨૫મીએ સવારે કથા પ્રસંગમાં સારંગપુરનું ૬ઠ્ઠું વચનામૃત 'એક એક અવસ્થામાં બબ્બે અવસ્થાનું' વંચાતું હતું. ત્યારે સ્વામીશ્રીએ વચ્ચે વજુભાઈ શેઠને પૂછ્યું : 'આજે દુકાન બંધ છે ?'

એટલે તેમણે કહ્યું : 'દુકાન ખુલ્લી છે, બાપા ! બૅન્કો, ઑફિસો વગેરે બંધ છે.'

ત્યારે ઈશ્વરભાઈએ પૂછ્યું : 'આ દુકાન ખુલ્લી છે એ કઈ અવસ્થા છે ?'

તુરત સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા : 'એ સ્વપ્ન અવસ્થા છે.'

આ સાંભળીને આખી સભા હસી પડી.

કથા વખતે માણેકલાલ શેઠનું ધ્યાન બીજે હતું, એટલે સ્વામીશ્રી કહે : 'બીજે ધ્યાન રાખવું નહિ. અહીં આવ્યા પછી બધું ભૂલી જવું. હરગોવિંદભાઈ વઢવાણવાળા સમાગમ કરવા જતા ત્યારે દુકાન બંધ કરી કહેતા : 'હવે કથામાં જાઉં છું, તે ભેગી ન આવતી.' કથા સાંભળતાં દુકાન, માલ, ઉઘરાણી કોઈ વિચાર ન રહેવો જોઈએ.'

વળી કહે : 'અક્ષરપુરુષોત્તમની વાત ઘણા ખરા નથી માનતા, પણ આ અક્ષરપુરુષોત્તમની વાત માન્યે જ છૂટકો છે. એક જન્મે, બે જન્મે સમજણ કરવી પડશે. આપણે સમજી ગયા તે ફર્સ્ટમાં આવી ગયા. હાથે વાધરી ન છોડે તો દાંતે છોડાવશે. એમ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે. અત્યારે અક્ષરપુરુષોત્તમની જય બોલો તો જોડાં ને લાકડીઓ ઊડે. આ જ્ઞાન થશે તેને મહારાજ ધામમાં તેડી જશે.'

અહીં મંગળ પ્રવચનમાં સ્વામીશ્રીની આજ્ઞાથી હરિસંભવ મહાકાવ્ય વંચાતું. તે ઘણી વાર સ્વામીશ્રી સંબોધન કરતાં કહે : 'શંભુ કાવ્ય વાંચો.' અથવા 'શંભુસિંહ કાવ્ય વાંચો.'

આ શબ્દપ્રયોગથી સૌ હસી પડતા. ઘણા નવીન શબ્દો, ભલેને ગુજરાતી હોય, પણ સ્વામીશ્રીના શબ્દકોશમાં ન હોય તે બોલવામાં સ્વામીશ્રી એક અભણની જેમ કઠિનાઈ બતાવતા, ને પછી જે તે ઉચ્ચાર કરતા ત્યારે ખરી

ગમ્મત થતી. આમ, તેઓ જાહેરમાં પણ સ્વાભાવિકપણે અજ્ઞાનતા બતાવતા. તેઓ પણ સૌ સાથે હસતા ત્યારે જણાતું કે એમને કાંઈ હરખ-શોક નથી. માત્ર સૌને રાજી કરે છે.

એક સાંજે ઈશ્વરભાઈ દેસાઈ સાથે તેમના એક શીખ મિત્ર દર્શને આવ્યા. સ્વામીશ્રી તેમની સાથે હિન્દીમાં વાત કરતા હતા. થોડી વાર પછી શીખે કહ્યું : 'મેરે બાબા ભી સાથમેં હૈ !'

ત્યારે સ્વામીશ્રી પૂછવા લાગ્યા : 'ક્યાં છે તમારો બાબો ?' એમ કહીને આસપાસ જોવા માડ્યા.

આ સાંભળીને સૌ હસી પડ્યા. હિન્દીમાં 'બાબા' બોલ્યા એટલે સ્વામીશ્રી પિતાજીને બદલે બાબો - બાળક સમજ્યા. સ્વામીશ્રીએ આ જાણ્યું ત્યારે તેઓ પણ ખૂબ હસી પડ્યા.

બીજે દિવસે સવારે હરિસંભવ મહાકાવ્યની કથા વખતે પુરાણી સંતે મંગળાચરણ કર્યું. તેમાં *'જન્મ્યા કૌશલ...'* એ મહારાજની સ્તુતિ બોલી મંગળા-ચરણ પૂરું કર્યું. એટલે તરત સ્વામીશ્રીએ *'જેનું નામ રટ્યા થકી...'* એ શ્લોક ઉપાડ્યો. પછી સંતોએ શ્લોક ઉપાડી લીધો ને પૂરો કર્યો. તેમજ *'વાણી અમૃતથી...'* એ શ્લોક પણ સૌ સંતો બોલ્યા. આમ, ઈષ્ટદેવની સ્મૃતિ સાથે ગુરુની પણ સ્તુતિ કરવાનું સ્વામીશ્રી જાણે સૂચવી દેતા.

દિન પ્રતિ કેફ અનંતા

અહીં નિગોઝ કૉર્પોરેશનવાળા ગોવિંદભાઈ, નટુભાઈ, મનુભાઈ, બાબુભાઈ, રજનીકાંતભાઈ તથા ઇન્દુભાઈ વગેરે ભાઈઓ તરફથી પારાયણ યોજાયું હતું.

કથા પ્રસંગમાં સ્વામીશ્રી કહે : 'જ્યાં પુરુષોત્તમ નારાયણ પ્રગટ થયા તે ભૂમિ જ અક્ષરધામ થઈ ગઈ. મહારાજ વનમાં ફર્યા તે જે જે પ્રાણી - સિંહ વગેરે મળ્યા, તે પાવન થઈ ગયા. ને ભરતખંડમાં મનુષ્ય દેહ ધરશે.

'ચારણ રાજાના ગુણ ગાય છે – ગામ-ગરાસ કે પૈસા લેવા. આ તો ભગવાનના ગુણ ગાઈએ છીએ. તે મહારાજ અક્ષરધામ આપશે.'

સ્વામીશ્રીના શબ્દોમાં વિશ્વાસનો રણકાર ભારોભાર દેખાતો હતો. એમના આવા શબ્દોની ચોટ કોઈને પણ લાગી જાય તો એને પણ વિશ્વાસ પ્રાપ્ત થાય, દૃઢ થાય. આ જ પ્રગટના સાંનિધ્યનો - સમાગમનો મજકૂર હતો.

તા. ૨જીએ, બ્રાહ્મણ સમાજ - ઘાટકોપરના આમંત્રણથી શ્રીમદ્‌ભાગવત પારાયણ પ્રસંગે પધાર્યા હતા. દ્વારકાધીશ પીઠના જગદ્‌ગુરુ શંકરાચાર્ય તથા શંભુ મહારાજે સ્વામીશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. તેમજ ગુણાનુવાદ કર્યા હતા. ઘાટકોપર, સ્વામિનારાયણ મંદિરે પણ દર્શન કર્યાં હતાં.

બીજે દિવસે પોષી પૂનમનો - અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો દીક્ષા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો. હર્ષદભાઈ, શાસ્ત્રી નારાયણ ભગત તથા મહંત સ્વામીએ સ્વામીશ્રીના પ્રેરક પ્રસંગો વર્ણવ્યા હતા. વર્ષોવર્ષ આ મહોત્સવ ઊજવવા, સ્વામીશ્રીએ આદેશ સાથે આશીર્વાદ આપ્યા હતા.

શિષ્યના પ્રાણસમા આદરણીય

પારાયણની પૂર્ણાહુતિને દિવસે રાત્રે અંબાલાલભાઈ બકરી પોળવાળાને અમદાવાદ જવાની ઇચ્છા હતી. સાંજે પૂર્ણાહુતિ થતાં પ્રથમ પૂજન કરીને તેઓ જવાની ઉતાવળમાં હતા.

સ્વામીશ્રીએ તેમને પૂછ્યું : 'આટલી ઉતાવળમાં કેમ છો ?'

'બાપા ! અત્યારે ગાડીમાં નીકળી જવું છે. ગાડી ચૂકી ન જવાય તેથી પૂજન વહેલું કરી લીધું.' અંબાલાલભાઈએ કહ્યું.

સ્વામીશ્રી કહે : 'ગાડી નહીં ચૂકો. થોડી વાર લાભ લ્યો.'

પણ અંબાલાલભાઈનું મન વિચારે ચડ્યું. 'ગાડી ચૂકી જવાશે' - એ વિચારમાં જ હતા ત્યાં ઇન્કમટેક્સ ઑફિસર ચાવડા સાહેબ તેમના સસરા ગોહિલ સાહેબ સાથે આવી પહોંચ્યા. તેમના ઘરે આવતીકાલે સ્વામીશ્રીની પધરામણી ગોઠવાઈ હોવાથી તેમણે, 'અમદાવાદની ચાર ટિકિટો કૅન્સલ કરવી કે કેમ ?' તે સ્વામીશ્રીને પૂછ્યું. સ્વામીશ્રી કહે : 'ટિકિટ લાવો. તમે રોકાઈ જાવ. કાલે ઠાકોરજી પધારશે.'

સ્વામીશ્રીએ તેમની ટિકિટ લઈ તરત જ અંબાલાલભાઈને આપી. કહે : 'લ્યો, જાવ હવે. આરામ કરતાં કરતાં પહોંચી જવાશે. હિસાબ ચાવડા સાહેબ સાથે કરી લ્યો.'

પછી અંબાલાલ કુર્લાવાળાને કહે : 'એ ગુરુ ! આમને સ્ટેશને મૂકી આવો.'

પછી અમદાવાદ મંદિર માટે ધોતિયાંના તાકા અંબાલાલભાઈ સાથે મોકલવાના રહી ગયા હતા તે એક યુવકને તે લઈને બોમ્બે સેન્ટ્રલ સ્ટેશન પર મોકલ્યો. પરંતુ સિગ્નલ મળી ચૂક્યું હતું. ટ્રેન ચાલુ થઈ ગઈ હતી. બાલુભાઈ

બ્રહ્મભટ્ટે પોતાની વગ વાપરી ટ્રેન તત્કાળ થોભાવી. સૌ બેઠા, તાકા પણ ગોઠવાઈ ગયા અને ટ્રેને સ્ટેશન છોડ્યું.

અંબાલાલભાઈ આજુબાજુની હૈયેહૈયું દળાય તેવી ત્રાસદાયક ભીડને જોઈ રહ્યા. તેમને થયું : 'જો બાપાએ આ રિઝર્વેશન ટિકિટ માટે જ મને રોક્યો ન હોત, તો આખી રાત ઊભાં ઊભાં જ મુસાફરી કરવી પડત.' તેમણે મનોમન સ્વામીશ્રીનો આભાર માન્યો.

ભક્તોના સુખની કાળજી માટે સામર્થ્ય વાપરતાં સ્વામીશ્રીને સંકોચ નહોતો, પરંતુ પોતાના સુખ માટે પણ પોતાના જ સામર્થ્યને રુંધી રાખતા આવા વિરલ ગુરુ, શિષ્યના પ્રાણસમા આદરણીય બને તેમાં શી નવાઈ ?

તા. ૪થીએ સવારે મંગળ પ્રવચનમાં ઉમિયાશંકર ત્રિવેદી આવ્યા. સ્વામીશ્રીએ પૂછ્યું : 'કાલે ગુણાતીતાનંદ સ્વામીની દીક્ષા તિથિ પ્રસંગે સમૈયામાં આપ ન આવ્યા. આપને યાદ કર્યા હતા.'

આમ, સમૈયાની મોટી સભામાં પણ કોણ હાજર છે, કોણ નથી ? તેનું સ્વામીશ્રી અચૂક ધ્યાન રાખતા ને સૌને ટકોર કરી જાગ્રત પણ કરતા.

નવા મુમુક્ષુઓને વર્તમાન ધરાવવાનો આગ્રહ સ્વામીશ્રી બહુ રાખતા. ગમે તેવું કામ હોય, ગમે તેવો અગત્યનો પત્ર લખતા હોય કે વાંચતા હોય ને સભા ચાલતી હોય, પણ સ્વામીશ્રી કોઈને વર્તમાન ધરાવવા તરત જ તૈયાર થઈ જાય. હોંશે હોંશે વર્તમાન ધરાવે ને પૂછતા જાય : 'બીડી-સીડી પીવાય છે કે ?'

બપોરે કથા વખતે અર્જુનકાકાને બેસવા માટે યુવકો રજાઈ મૂકવી ભૂલી ગયા હતા. વળી, તેમની તબિયત સારી નહિ તેમજ અવસ્થાને લીધે પણ સ્વામીશ્રીએ સૂચના આપી હતી કે 'નીચે ગાદલું તથા પાછળ ઓશીકાં મૂકી તેમને માટે આસન કરવું.'

સભા ચાલતી હતી. સ્વામીશ્રીની નજર પડી કે અર્જુનકાકા નીચે બેઠા છે, એટલે તરત જ કથા બંધ રખાવી. સ્વામીશ્રીએ ગાદલું મૂકવા કહ્યું. વ્યવસ્થિત બેઠક ગોઠવાયા પછી જ સ્વામીશ્રીએ કથાનો પ્રસંગ આગળ ચાલવા દીધો. જ્ઞાન સાથે સરભરા - પ્રેમને પણ સ્વામીશ્રી મહત્ત્વનું સ્થાન આપતા. વયોવૃદ્ધ જૂના હરિભક્તોની ખૂબ જ દેખરેખ રાખતા.

ભેળા ભગવાન આવ્યા છે

અમદાવાદથી ખુશાલભાઈ પૂનમનો સમૈયો કરવા આવ્યા. સ્વામીશ્રી

દાતણ કરતા હતા. ત્યાં દર્શન કરવા માટે આવ્યા. એટલે સ્વામીશ્રીએ પૂછ્યું : 'કોણ કોણ આવ્યા છે ?'

તેમણે કહ્યું : 'હું એકલો જ આવ્યો છું.'

'ભેળા ભગવાન આવ્યા છે.' સ્વામીશ્રીએ સ્નેહપૂર્વક કહ્યું.

એક હરિભક્ત તેના છ-આઠ મહિનાના બાબાને પગે લગાડવા લાવ્યા. સ્વામીશ્રી કહે : 'કોણ છે ?'

તેઓ કહે : 'મારો બાબો છે.'

એટલે સ્વામીશ્રી એ નાના બાબાના માથે હાથ ફેરવીને કહે : 'એલા કોણ છે ? ક્યાંથી આવ્યો છે ?' એમ બાળકને પૂછતા જાય, એની સામે જોતાં, હસીને આનંદ કરાવતા જાય. બીજામાત્ર આ ચેષ્ટાથી આનંદ પામતા હતા, જ્યારે સ્વામીશ્રી એ બાબાના ભૂત-ભાવિ ને વર્તમાનને જોતાં હરખતા હતા. જનમ જનમથી ભટકતા એ બાળકને આખરે મોકો મળ્યો ખરો !

મંગળ પ્રવચનમાં સ્વામીશ્રીએ વાત કરી હતી કે 'પુરુષોત્તમ પ્રકાશનું ૫૦મું પ્રકરણ શાસ્ત્રીજી મહારાજ સૌને મોઢે કરાવતા. અમે મોઢે કરેલું.'

આ પછી મગનભાઈ તથા વજુભાઈ ખત્રી તરફથી પારાયણ શરૂ થયું હતું. તા. ૯મીએ કથા પ્રસંગમાં બોલતાં માઇકમાં વારંવાર અવાજ આવ્યા કરતો હતો. તે સ્વામીશ્રી કહે : 'કંઈક રોગ થયો લાગે છે. માલ સારો પણ અવાજ કર્યા કરે છે.'

પછી ગ.પ્ર. ૫૪ વચનામૃત સમજાવતાં કહ્યું : 'સ્વધર્મ શું ? મહારાજમાં પતિવ્રતાપણું ને નિયમ. નિયમ પાળે પણ મહારાજમાં પતિવ્રતાપણું ન હોય તો કંઈ નહિ.'

દર્શનથી આનંદ

વળતી સાંજે શાસ્ત્રીશ્રી પાંડુરંગ આઠવલે દાદાજી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીની સાધુતા અને ભક્તિભાવને પ્રગટ કરતી મનનીય વાતો તેમણે સંતો તથા હરિભક્તો સમક્ષ કરી. સ્વામીશ્રીના આશીર્વાદ લઈ તેઓ જઈ રહ્યા હતા ત્યારે સ્વામીશ્રી કહે : 'આપની વાતો સાંભળી આનંદ થાય છે.'

શાસ્ત્રીજી કહે : 'આપનાં તો દર્શનથી આનંદ થાય છે.'

❀ ❀ ❀

અધર અમૃત રસપાન : યુવાનોને...



સ્વામીશ્રીના મુંબઈના બે માસના નિવાસ દરમ્યાન, મુંબઈ યુવક મંડળની ઈચ્છાથી મંડળના સંચાલકો કિશોરભાઈ દવે, રમેશભાઈ દવે, જનકભાઈ દવે, બાળમુકુંદ ભટ્ટ વગેરેએ મળીને સ્વામીશ્રીને વિનંતી કરી કે 'આપ અમને યુવકોને એક દિવસ આગવો બે કલાકનો લાભ આપો.'

આજથી દસ વર્ષ પહેલાં યુવકોને જાતે ૪-૦૦ વાગે ઉઠાડી, તેમની જ પથારીમાં બેસી જઈ કલાકો સુધી જ્ઞાનગોષ્ઠિ કરનાર, યુવકોના પ્યારા સ્વામીશ્રીએ સામેથી આવેલી આ પ્રાર્થના તરત જ સ્વીકારી લીધી.

તા. ૧૧-૧૨-'૬૮, શનિવારે સાંજે ૪-૧૫ વાગે મુંબઈ - અક્ષર ભવનમાં પહેલે માળે આ સભા યોજાઈ. કિશોરભાઈએ તથા મહંત સ્વામીએ વાતો કરી. યુવકોએ સ્વામીશ્રીને પૂછવાના મુદ્દાના પ્રશ્નો, ભેગા મળીને પહેલેથી જ નક્કી કર્યા હતા. તે રમેશ દવેએ બધા વતી સ્વામીશ્રીને ક્રમ વાર પૂછ્યા. સ્વામીશ્રીએ તેના ઉત્તરો કર્યા.

'ગુણાતીત સંતને સંગે બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં જોડાવું' એ સમગ્ર ચેતન સૃષ્ટિના ધ્યેયરૂપ સિદ્ધાંતને આંબવા માટે, જે પાયાનું જ્ઞાન અને સદ્‌વર્તન જોઈએ તેની સ્વામીશ્રીએ પ્રશ્નોત્તરીના રૂપમાં વિશુદ્ધ સમજ આપી.

આ પ્રશ્નોત્તરી અદ્‌ભુત હતી. સ્વામીશ્રી એકધારું સવા કલાક સુધી બોલ્યા. પછી સૌએ આરામમાં જવા વિનંતી કરી તો કહે : 'મને અહીં જ આરામ છે. બાપને દીકરો સારો થાય તો સવા શેર લોહી ચઢે. તેમ તમે ઉપાસના-આજ્ઞામાં સવાયા થાવ તેમાં અમને શેર લોહી ચઢે.'

પછી આશીર્વાદ આપ્યા અને બધા યુવકોને જાતે પેંડાનો પ્રસાદ આપ્યો.

પોણા બે કલાક ક્યાં ગયા તેની કોઈને ગમ પડી નહિ. સાક્ષાત્ ગુણાતીત સંતના મુખકમળમાંથી પરાવાણીરૂપે દ્રવતા વિશલ્યકરણી ઔષધિ સમા સબીજ

ગુણાતીત જ્ઞાનનું પાન કરવામાં બધા લીન બની રહ્યા. જે સાંભળ્યા પછી બીજા કોઈની સાઈદી (સાક્ષી) લેવા જવું ન પડે. સર્વ સંશયોને નાશ કરનારું, જીવનમાં વણી લેવા જેવું, અમૃત પાથેય સમું, આ દિવ્યાતિદિવ્ય જ્ઞાન, સર્વ જનને માટે માયાનો અંધકાર ભેદી, અક્ષરને બારણે જવા માટે દીવારૂપ હતું.

દેશ-પરદેશના દરેક યુવક મંડળ મહારાજ, સ્વામી અને પ્રગટ સત્પુરુષને યથાર્થ રૂપમાં ઓળખી, આ શુદ્ધ જ્ઞાનના ભાગીદાર થાય અને સ્વામીશ્રીને સંગે રહી યુવાની દીપાવે, એવી આ પ્રશ્નોત્તરી સૌને માટે પ્રેરણાત્મક બની રહી.

જળના અદમ્ય રાશિને પેટાળમાં સમાવવા અશક્તિમાન ધરતીમાંથી જેમ સરવાણીઓ ફૂટી નીકળે, તેવો સ્વામીશ્રીના દિવ્ય વ્યક્તિત્વનો આ અનુભવ હતો. યુગલોપાસનાના સનાતન પ્રતીક સમાં દિવ્ય સ્વરૂપો - અક્ષર અને પુરુષોત્તમને અને પ્રગટ સંતને ઓળખવાની અને જીવન ઘડતરની વાતો સ્વામીશ્રીએ માધુર્ય સભર અને ઓજસ્વી શૈલીથી કહી હતી.

પ્રશ્ન : 'મુંબઈ અજંપા નગરીમાં યુવકો રહે છે. જેમાં રાત-દિવસ વિષયનો યોગ અનેક રીતે રહે છે. અને બધી વસ્તુ મનમાં પેસે. તો શહેરમાં રહેવા છતાં નિર્લેપ રહેવાય, થવાય અને સત્સંગ ગૌણ ન થાય, તે માટે શો ઉપાય કરવો ?'

ઉત્તર : 'શહેરમાં કે જંગલમાં રહીએ, પણ જો ચોટ નિશાન ઉપર હોય તો વાંધો ન આવે. ઋષિમુનિઓ જંગલમાં રહેતા, પણ નિશાન ચૂક્યા તો પરાભવ થયો. ભલે તમે શહેરમાં રહો, પણ મહારાજને અંતર્યામી જાણીને વર્તવું. *'તન કી જાણે, મન કી જાણે.'*

'ભગવાન ને સત્પુરુષ મનનું જાણે છે. એથી અજાણ્યું કાંઈ છે જ નહિ. કાંઈક ખોટું કરતાં હોય ત્યારે તેના મનમાં બીક રહે કે 'મહારાજ આ જાણે છે, તો મારાથી કેમ કરાય ?' શહેર, ગામડાં કે વનનો પ્રશ્ન નથી; પણ ગમે ત્યાં ને ગમે ત્યારે મન શુદ્ધ જોઈએ. મહારાજ-સ્વામીની ઉપાસના અને વચનની ખટક દૃઢ રાખવી. જો કોઈ નાનું વચન લોપાઈ ગયું હોય, તો જાણે મોટું વચન લોપાયું હોય એવી બીક રાખવી. જનક રાજા ને દાદાખાચરને આવી બીક રહેલી, તો પંચ વિષયથી પરાભવ ન થયો. આજ્ઞામાં વર્તે તેને પંચ વિષય ન નડે. અમારા માટે જે મહારાજે નિયમ કહ્યો છે તે પ્રમાણે અમારે વર્તવું; શિક્ષાપત્રી, ધર્મામૃત ને નિષ્કામ શુદ્ધિ પ્રમાણે અષ્ટ પ્રકારે અમારે બ્રહ્મચર્ય પાળવાનું. તમારે પંચ વર્તમાન પાળવાં. તેમાં જો લેશમાત્ર ફેર ન પડે, તો તમે પણ ત્યાગી જ છો.

ગૃહસ્થના ધર્મ સાચવવા કઠણ છે. તે જો બરાબર સાચવે, તો તે ત્યાગી કરતાં પણ શ્રેષ્ઠ થઈ શકે.

'મહારાજે વચનામૃત વરતાલના ૧૦માં કહ્યું છે કે ગૃહી-ત્યાગીનો મેળ નથી; પરંતુ જેની સમજણ મોટી તે મોટો. સમજણમાં જ્ઞાન, આશરો અને ભગવાન કર્તા છે, તે રહ્યું છે. પળે પળે ભગવાન જાણે છે – એમ અંતર્યામી જાણ્યા હોય તો બીક રહે. શહેરમાં પણ નિર્બાધ રહેવાય. આશરો ન હોય તો વનમાંય પરાભવ પામી જવાય. એકલશૃંગી ઋષિને કોઈ પ્રસંગ જ નહોતો. તેમના બાપ વિભાંડક ઋષિ પણ જ્ઞાની હતા. પરંતુ દીકરાને યોગે બંધાણા. એકલશૃંગીને પણ બંધન થયું. માટે ભગવાનનો આશરો રાખે અને તેમની રુચિ સમજી, નાનાં-મોટાં વચનની ખટક રહે, તો આજ્ઞામાં રહેવાય ને ભગવાનનું વચન ન લોપાય. તમે શહેરમાં ભલે રહ્યા, પણ, શ્રીજીમહારાજ આપણા ઈષ્ટદેવ છે, શાસ્ત્રીજી મહારાજ એ આપણા ગુરુ છે, અને બધું જ તેઓ જાણે છે – એમ સમજીને વૃત્તિ નિયમમાં હોય તો વાંધો નહિ. માટે આજ્ઞા અને ઉપાસના બે દૃઢ જોઈએ.'

પ્રશ્ન : 'અક્ષર અને પુરુષોત્તમની ઉપાસના એટલે શું ? તે કેમ અને કોના થકી શીખવી ? તે ઉપાસના જીવનમાં કેવી રીતે દૃઢ થાય ?'

ઉત્તર : 'અક્ષર એટલે સનાતન અક્ષરધામ. મહારાજનું સ્વરૂપ ગુણાતીત. મહારાજે ભાદરાના વશરામભાઈ વગેરે હરિભક્તો સમક્ષ 'મૂળજી શર્મા (ગુણાતીતાનંદ સ્વામી) એ અક્ષરબ્રહ્મનો અવતાર છે' એ મહિમા કહ્યો. જૂનાગઢમાં સંવત ૧૯૦૪ની સાલમાં મહામુક્ત સદ્. ગોપાળાનંદ સ્વામીએ એ મહિમા પ્રવર્તાવ્યો. વશરામભાઈ પાસે સ્વામીએ 'ગુણાતીતાનંદ સ્વામી એ અનાદિ મૂળ અક્ષરબ્રહ્મ છે' તે વાત કરાવી. વળી, સદ્. માધવચરણદાસ સ્વામી દ્વારા પણ આ વાતની પ્રસિદ્ધિ કરાવી. મહારાજ સર્વોપરી, સર્વ અવતારના અવતારી છે; અને ગુણાતીત સ્વામી મૂળ અક્ષર છે. અક્ષરને જાણ્યા વગર પુરુષોત્તમના ધામમાં ન જવાય. બારોબાર પુરુષોત્તમ જણાય નહિ.

'વચનામૃત લોયાના ૭માં મહારાજે કહ્યું છે કે 'અક્ષરધામરૂપ-બ્રહ્મરૂપ થાય તેને જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર છે.' ગુણાતીત સ્થિતિને પામે તો જ પુરુષોત્તમને વરણીય થવાય. સ્વામીની વાતુંમાં શિવલાલભાઈનો પ્રશ્ન છે કે 'બ્રહ્મરૂપ કેમ થવાય ?' સ્વામીએ અંતર્યામીપણે જવાબ દીધો છે : 'આ સાધુને બ્રહ્મરૂપ જાણીને મન-કર્મ-વચને સંગ કરે છે તે બ્રહ્મરૂપ થાય છે.' તે ઉપર

ગુણાતીત સ્વામીએ વરતાલનું ૧૧મું વચનામૃત વંચાવીને કહ્યું જે, 'આવો થાય છે ત્યારે પુરુષોત્તમની સેવામાં રહેવાય છે.' બીજો કોઈ આવું બોલી ન શકે. તેને તો એમ થાય કે 'આમ તે કહેવાતું હશે ?' બીજા બધા સાર્વજનિક સાધુ; પણ ગુણાતીત એક જ. ગુણાતીતને જ બ્રહ્મરૂપ જાણીને મન-કર્મ-વચને જો તેનો સંગ કરે તો બ્રહ્મરૂપ થાય.

'મન-કર્મ-વચને કેમ સેવવા ? તો વચને કરીને તેમનામાં જે અનંત કલ્યાણકારી ગુણો રહ્યા છે તે ગાવા. મને કરીને તેમને નિર્દોષ સમજવા અને દેહે કરીને તે કહે તેમ કરવું. ગીતામાં પણ અક્ષરપુરુષોત્તમનો મહિમા કહ્યો છે, પરંતુ તેમાં તેમની સમજણ પ્રમાણે ગોલોક વગેરેની વાત લખી છે. મહારાજે સીધી લીટીની સમજૂતી આપી છે. અક્ષર જો ગુણાતીતને નહિ માને અને એ રૂપ જો નહિ થાય, તો ફરી જનમ લેવા પડશે. મહારાજ એમ ને એમ ધામમાં નહિ લઈ જાય. 'મારો દીકરો છે તે એમ ને એમ લઈ જઉં' એવું મહારાજ ન કરે. મહારાજ પાસે એમ નથી. ત્યાં શિફારસ ન ચાલે. રાજા પાસે સારાં કપડાં પહેરવાં જોઈએ ને સારા વાળ ઓળાવીને જવું જોઈએ, તો ત્યાં બેસાય. એમ ને એમ ન જવાય.

'પ્રમુખસ્વામી દિલ્હી રાષ્ટ્રપતિને મળવા ગયા હતા. તે ત્યાં સાત ચોકી હતી. તો પુરુષોત્તમ નારાયણ પાસે કેટલી ચોકી હોય ? માટે બ્રહ્મરૂપ થવું. અક્ષરરૂપ બની જઈએ તો પુરુષોત્તમ નારાયણની સેવામાં રહેવાય. જેમ વાણિયાનો દીકરો વાણિયો, બ્રાહ્મણનો દીકરો બ્રાહ્મણ, કણબીનો દીકરો કણબી, તેમ *'બ્રહ્મ સંગ બ્રહ્મ હોય, કીટ સંગ કીટ.'*

'બે પ્રકારના બ્રહ્મ છે. વાચ્યાર્થ બ્રહ્મ અને લક્ષ્યાર્થ બ્રહ્મ. વાચ્યાર્થ બ્રહ્મ હોય તે બોલી જાણે : 'એસા હૈ તેસા હૈ' - એમ ફડાકા મારે, પણ હોય કાંઈ નહિ. તેમાં પાણી કાંઈ ન હોય.

'લક્ષ્યાર્થ બ્રહ્મ એટલે મૂર્તિમાન સ્થિતપ્રજ્ઞ. તેને ઓળખાવવા ન પડે, પોતાની મેળે જ ઓળખાય. પોતાને મોઢે વાત ન કરે કે 'હું અનાદિ છું.' શિવલાલ નિષ્ઠાવાળા હતા તો તેને વાત કરી.

'એક જણ ગુણાતીત સ્વામીને પૂછવા આવ્યો કે 'બ્રહ્મરૂપ કેમ થવાય ?' તેને નિયમ-ધર્મની ખખા હતી. તેથી સ્વામીએ કહ્યું કે 'અગિયાર નિયમ પાળે તો બ્રહ્મરૂપ થવાય.' પછી બીજો હતો તેને આશરાનું બળ હતું. તેણે પૂછ્યું કે 'બ્રહ્મરૂપ કેમ થવાય ?' ત્યારે સ્વામીએ કહ્યું કે 'આ સાધુને બ્રહ્મરૂપ જાણીને

મન-કર્મ-વચને તેનો સંગ કરે તો બ્રહ્મરૂપ થવાય. મહારાજને પુરુષોત્તમ જાણ્યા વિના મહારાજના ધામમાં ન જવાય.'

'આખો સત્સંગ પુરુષોત્તમ જાણે છે; પણ કોઈ મહારાજને રામ જેવા જાણે છે, કોઈ કૃષ્ણ જેવા જાણે છે. સાધુ ગામડે જાય ત્યારે પહેલાં દેવની જય બોલે, પછી મહારાજની જય બોલે. પરંતુ *'જિસકે ગાડે બેસના ઈસકા ગીત ગાના.'* મહારાજની જ જય પહેલી બોલવી જોઈએ. પરંતુ આ તો જેનું ખાઈએ, જેની ચૂંદડી ઓઢીએ, એની જય ન બોલે. સ્વામિનારાયણનાં મંદિરોમાં પણ પહેલી જય દેવની બોલે છે. જૂનાગઢમાં સ્વામીએ ચોખ્ખું કર્યું, પહેલી મહારાજની જય બોલે. બીજી જગ્યાએ મહારાજની જય ત્રીજે નંબરે બોલે.

'મહારાજે ગ.પ્ર. ૫માં કહ્યું છે કે 'રાધિકાએ સહિત શ્રીકૃષ્ણનું ધ્યાન ધરવું.' 'આરાધિતા ઇતિ રાધા. અહીં મહારાજે ગર્ભિતપણે અક્ષર સહિત પુરુષોત્તમના ધ્યાનની વાત કરી છે. પરંતુ જેમ આકાશમાં બીજ (બીજનો ચંદ્રમા) ઊગ્યો હોય તે બતાવવા માટે એમ કહેવું પડે કે 'જુઓ, આ ખોરડા ઉપર બીજ છે.' એમ પહેલાં નિશાન નોંધવું પડે. પછી આપણે ખોરડાને થોડું જોઈએ છીએ ? નિશાન બીજ ઉપર છે. તેમ શ્રેષ્ઠ ભક્ત ભેળું મહારાજનું ધ્યાન કરવાની વાત આમાં છે. કડિયા જેમ કમાન બાંધવા ઢોલો કરે છે, પછી જ્યારે કમાન બંધાઈ જાય ત્યારે ઢોલાને કાઢી નાખે છે. આ તો ઢોલાને વળગી પડ્યા છે. પરંતુ *'એહી ચણેકી દાલ ઔર એહી ચણેકી રોટી, જબ ખાયેગી તબ ભૂખ જાયેગી.'* તેમ અક્ષરે સહિત પુરુષોત્તમની નિષ્ઠા વગર છૂટકો નથી. આ નિષ્ઠા વિના બાપા ધામમાં નહિ લઈ જાય.

'પહેલાં સંપ્રદાયમાં બધા ગોપાળાનંદ સ્વામીને કૃષ્ણ સમજતા. પણ શાસ્ત્રમાં કહ્યું છે કે કૃષ્ણ તો નોખા છે અને અક્ષર તો કૃષ્ણથી મોટા છે. ત્યારે મૂળ અક્ષર ગોપાળાનંદ સ્વામી એમ લઈ મંડ્યા. સ્વામી શાસ્ત્રીજી મહારાજ સ્વામીએ બેય મૂર્તિ પધરાવી. ગુણાતીતાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી, બેય સેવામાં છે. પુરુષોત્તમ ભેગા ગુણાતીત સ્વામી આવ્યા છે તેમ સમજાશે, તો જ ધામમાં જવાશે. આમ માનો કે આમ માનો, પણ સાધુને અને તમને (યુવકોને) બેયને સમજવાનું છે. સાધુએ તો લૂગડાં એમનાં (મહારાજનાં) પહેર્યાં છે તો તેને તો વધુ સમજવું પડે. તેણે તો શ્રીજીમહારાજનો આશરો કર્યો છે ને તે જો મોળી વાત કરે તો મહારાજ કબૂલ ન કરે. જેમ કોઈ મોટો અમલદાર હોય ને તે વાંકમાં આવ્યો હોય, તો રાજા તેને વધુ દંડ દે. તેમ જો

સાધુ થઈ આ નહિ માને તો મહારાજ તેને વધુ ઠોકાડશે. માટે ગુણાતીત સ્વામી અક્ષરધામ છે અને મહારાજ પુરુષોત્તમ નારાયણ છે. તેમનો આશરો કરે તો અક્ષરધામમાં જાય.'

પ્રશ્ન : 'શાસ્ત્રીજી મહારાજ અને પ્રગટ સત્પુરુષનું સ્વરૂપ કેમ સમજીએ તો આ ને આ દેહે આત્યંતિક કલ્યાણ થાય ?'

ઉત્તર : 'પ્રગટ સ્વરૂપને એકાંતિક સમજવા. ભગતજી મહારાજ કહેતા કે મને પરમ એકાંતિક કહેજો પણ ભગવાન ન કહેશો. તેમાં મહારાજ ને સ્વામી આવી ગયા. આ તો ભગવાનપણું રાખવા જાય તો દંડો પડે ને ! વડવાનળ જેવા પરમ એકાંતિક હોય તે ખારા જીવને મીઠા કરે. આ કંઈ ઓછી વાત નથી. તેના હાથમાં કેવી લગામ છે ! એકાંતિક સંત ભગવાનનું સ્વરૂપ છે. મહારાજ તેમાં સદાય નિવાસ કરીને રહ્યા છે. ભગવાન તેમનાથી જરાય છેટા રહેતા નથી.

'સંત માનજો મારી મૂરતિ રે, તેમાં ફેર નથી એક રતિ રે;
સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે.'

'આ કોણે કીધું ? શ્રીજીમહારાજે જાતે કહ્યું છે. પરમ એકાંતિકમાં ભગવાન, અક્ષર બધું આવી જાય છે. આમ ન સમજાય તો ભૂલા પડે. જો સત્પુરુષને ભગવાન કહે, તો તેનો વંશ ન હાલે.

'મહારાજે પરમ એકાંતિક થવાનું કહ્યું છે. પરમ એકાંતિકમાં બધું આવી જાય છે. મહારાજ પુરુષોત્તમ, સ્વામી અક્ષરધામ અને ગ.પ્ર. ૫૪ના વચનામૃત પ્રમાણે એકાંતિક એ મોક્ષનું દ્વાર છે; એમ સમજવાનું છે.

'આવા સત્પુરુષને ઓળખે નહિ અને પછી માળા ઘમકાવે તોય મહારાજ તેને ધામમાં ગરવા ન દિયે, કારણ કે,

'મોક્ષ મારગે દીધાં કમાડ, કડી જડી બારણે.'

'જૂનાગઢમાં એક સાધુ હતા, તે 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' એમ ભજન કરતા. પછી એક દી' કોઈએ તેમને પૂછ્યું : 'તમે સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ભજન કરો છો તેનો અર્થ તમે સમજ્યા ? સ્વામી એટલે ગુણાતીતાનંદ સ્વામી અને નારાયણ એટલે સહજાનંદ સ્વામી.' આ સાંભળી તે તપી જઈને કહે : 'એમ છે ! હવે હું નહિ કહું. હવે 'સહજાનંદ, સહજાનંદ' એમ ભજન કરીશ, સ્વામીનું નામ ન લઉં.'

'આપણને કોઈ સંન્યાસી સામા મળે તે આપણે તેમને પગે લાગી કહીએ

કે 'મહારાજ, નમો નારાયણ !' તો તે સામે 'નમો નારાયણ' એમ કહે; પણ જો તેમને 'મહારાજ, જય સ્વામિનારાયણ !' એમ કહીએ તો જવાબ ન આપે ને ધખીને કહે : 'સ્વામીપંથી હો !' સ્વામીરૂપ થવું ત્યાં એણે વેર બાંધ્યું. પછી ક્યાંથી અક્ષરધામમાં જવાય ? પૂર્ણ પુરુષોત્તમ, સર્વ અવતારના અવતારી, સર્વોપરી એવા સહજાનંદ સ્વામી વિના બીજો ભગવાન કોઈ થયો નથી ને થવાનો નથી, પરંતુ જે પરમ એકાંતિક સંત છે તેને ભગવાન સાથે એકાત્મપણું છે. જેમ આપણા દેહને અને જીવને એકાત્મપણું છે, તેવું પરમ એકાંતિકને ભગવાન સાથે એકાત્મપણું છે. ભગવાન સહજાનંદ સ્વામી એક જ છે, તેને લઈને મુક્તાનંદ સ્વામી જેવા સંતને પણ ભગવાન જેવા કહેવાય – એમ મહારાજે લોયા પ્રકરણ ૧૩ના વચનામૃતમાં કહ્યું છે. માટે પરમ એકાંતિક કહીએ તેમાં કાંઈ બાકી રહેતું નથી. પ્રગટ ભગવાન લખે તો બાધ આવ્યો ગણાય. પ્રગટ ગુણાતીત સ્વરૂપ સૌને થાવું છે.'

પ્રશ્ન : 'આપ યુવાનોને સત્સંગમાં આવવાનું અને નાની વયમાંથી સત્સંગ જીવનમાં દૃઢ કરવાનો આગ્રહ રાખો છો, તેનો હેતુ શો છે ?'

ઉત્તર : *'પુત્રનાં લક્ષણ પારણામાં.'* નાની ઉંમરમાં જે છોકરો રોતો હોય, 'ઉં ઉં' કરતો હોય, તો સમજવું તેમાં કાંઈ માલ નથી. પણ જે નાચે, કૂદે, જુસ્સાબંધ રહે, ઘોડિયું તોડી નાખે - તેને જોઈ એમ થાય કે આ છોકરો સારો થશે. તેમ યુવકો સારા ચારિત્ર્યવાન થાય તો માબાપ રાજી થાય. મોટાપુરુષની દૃષ્ટિ થાય. પણ છોકરો બીડી ફૂંકવા મંડી પડે, નાટક-સિનેમા જુએ ને છેક બગડી જાય ત્યારે સાધુ પાસે લાવે અને કહે : 'આને સુધારો.' પણ એને શું સુધારે ! એ તો છાશ બગડી ગઈ તે નાખી જ દેવાની. નાનપણથી સંસ્કાર લાગે તો તે જ આગળ કામમાં આવે. અત્યારથી પાંચ માળા ફેરવે તે સંસ્કાર લાગી જાય, તો મોટી ઉંમર થાય તોય દોષ ન આવે. એકાંતિક ભક્ત થઈ જાય. ગુણાતીતાનંદ સ્વામીએ સ્વામી જાગાભક્તને કહ્યું કે 'મેં બસેં છોકરાઓને બ્રહ્મવિદ્યા ભણાવી છે.' ત્યારે જાગા સ્વામીએ પૂછ્યું : 'સ્વામી ! તે ઓળખાય કેમ ?' ત્યારે સ્વામીએ કહ્યું કે 'જેને એકાંતિક સંતમાં વગર કર્યું સહેજે હેત થઈ જાય તે બ્રહ્મવિદ્યા માંહેનો છે તેમ જાણવું. આ બસોમાંનો એક એક બીજા બસોને બ્રહ્મવિદ્યા ભણાવે.'

'કૉલેજોમાં ઘણા છોકરાઓ હશે. તે બીડીયું ફૂંકતા હશે. માસ્તરોને થપાટું મારતા હશે. અત્યારના છોકરાઓ તો બાપનું કહ્યું પણ નથી માનતા. યુવકો

સુધરે એ માટે સત્પુરુષનું તાન છે. અને એમને સુધારવા એ સત્પુરુષનું કામ છે. પછી ભવિષ્યમાં મોટપ મળે; પ્રૉફેસર, ડૉક્ટર થાય; પણ આશરો ન છોડે. લાખો રૂપિયા પેદા કરે તોય સત્સંગ ન જાય; કારણ કે તેના ઉપર સત્પુરુષની દૃષ્ટિ પડી ગઈ.

'ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢના નવાબના બાગમાં પધરામણીએ ગયા હતા. ત્યાં એક ઝાડ ઉપર મોર બેઠો હતો. સ્વામી હંમેશાં નીચી દૃષ્ટિએ જ ચાલતા; પણ અચાનક તેમની દૃષ્ટિ આ મોર ઉપર પડી. પછી સ્વામી મંદિરે ગયા. ત્યારબાદ એક પારધી આવ્યો અને મોર ઉપર બંદૂકના ભડાકા કરવા માંડ્યો; પણ દરેક ભડાકે એક તસુનો ફેર પડી જાય. આ જોઈ બાગના માળીએ કહ્યું : 'તું સો ભડાકા કરીશ તોય આ મોર મરવાનો નથી. કારણ કે તેના ઉપર ગુણાતીતની દૃષ્ટિ પડી ગઈ છે.' તેમ મોટાપુરુષની દૃષ્ટિ આપણા ઉપર પડી જાય તો પંચ વિષયના ભડાકા વાગે તોય તે સામી નજરે ન જાય ને તેથી પરાભવ પણ ન થાય.

'મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી અમારી સાથે યુવક હતા ત્યારે ફરતા હતા. તે સંસ્કાર લાગ્યા તો સાધુ થયા. પણ જો સામું ન જોયું હોત તો સાધુ થાત ? પાંચસોનો પગાર ખાતા હોત. શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિ પડી ગઈ ને 'સંસાર ખોટો છે, પંચ વિષય ખોટા છે' એમ થઈ ગયું ને સત્સંગમાં લગની લાગી ગઈ ને જગત નીસરી ગ્યું ને ભગવાન વરણીય થયા.

'શાસ્ત્રીજી મહારાજ ચૌદ વરસના હતા ત્યારે શ્રીજીમહારાજના મળેલા સદ્‌ગુરુ વિજ્ઞાનાનંદ સ્વામીની તેમના ઉપર દૃષ્ટિ પડી ગઈ ને સાધુ થઈ ગયા. તેમને પાછા લાવવા માબાપે કેસ કર્યા પણ કાંઈ થયું નહિ. કામ પાકી ગયું. પછી ભગતજી મહારાજને મળ્યા અને લાખોનાં કલ્યાણ કર્યાં.

'તમે નાની ઉંમરમાં મંદિરે આવો, સમાગમ કરો. મોટાપુરુષ વાતું કરે તેથી જ્ઞાન થાય. 'અક્ષર કોણ ? પુરુષોત્તમ કોણ ?' તે બધું સંત સમજાવે. કૉલેજમાં બધા પ્રૉફેસરો લૌકિક ભાષણ આપે છે. આપણે તેમાં આ શબ્દો મૂકી દેવા. બધા અંતે ક્યાં જવાના છે ? આ દેહરૂપી ઘર અંતે ખાલી કરવું પડશે. તાવ-તરિયો આવે તે ખાલી કરાવવાની નોટિસો છે, એમ તમારે ભાષણમાં સમજાવી દેવું.

'અહીં તમને બધાને સંસ્કાર પાડવા બોલાવીએ છીએ. ધ્યાન પડ્યું મૂકીને શું કામ મોટાપુરુષ બોલાવે છે ? સંસ્કાર પાડવા બોલાવે છે. નહિ તો ધ્યાન ધરે

તો કોણ ના પાડે છે ? મોટાપુરુષ બોલાવે, પ્રસાદિયું આપે, તે જ્યારે મોટા થાવ ત્યારે સ્વામિનારાયણ ભગવાનની નિષ્ઠા ન જાય. લાખો પ્રૉફેસરો હશે, પણ આપણે કાંઈ બોલાવવા જઈએ છીએ ? તે તેના કેફમાં અલમસ્ત અને આપણે આપણા. પણ જે સંસ્કારી હોય તેને બોલાવીએ. તમને શું કામ બોલાવીએ છીએ ? સંસ્કાર પાડવા. દાક્તર હોય તે દરદીને આકર્ષવા મફત દવા આપે છે. સંત પ્રસાદી આપે છે તેથી સંસ્કાર થાય, ને તે સંસ્કારે કરીને મોટાપુરુષની દૃષ્ટિ પડી જાય. ને તેણે કરીને એકાંતિક થઈ જાય.'

પ્રશ્ન : 'ભગવાન સિવાય બીજા કશામાંય સુખ નથી અને વિષય દુઃખરૂપ છે તે વિચાર કેવી રીતે રહે ?'

ઉત્તર : 'સરપને સરપ જાણ્યો છે તો મૂર્તિમાન સરપ જ્યારે સામો આવ્યો હોય ત્યારે મનમાં એમ થાય કે 'આવો, સરપ બાપુ મળીએ ?' ન જ થાય. એમ પંચ વિષયનો અભાવ થવો જોઈએ. વિષ્ટાને આપણે કાંઈ ખોળામાં બાંધી લઈ જઈએ છીએ ? તેનો પ્રથમથી જ અભાવ છે. વિષ્ટાને વિષ્ટા જાણી છે. સુરતના ખાડામાં બેસવાનું મન ન થાય. માથું ફાડી નાંખે. ક્યારે બહાર જઈએ એમ થાય. તેમ વ્યવહારમાં રહીએ તોપણ તેની આસક્તિ ન રાખવી. દાદાખાચર, પર્વતભાઈ વ્યવહારમાં રહ્યા હતા, પણ વૃત્તિ ભગવાનની મૂર્તિ સામી હતી. મોટાપુરુષનો સંબંધ થઈ જાય તો આસક્તિ નીકળી જાય.

'દેહમાંથી જીવ નીકળી જાય પછી તે વસ્તુ વહાલી રહે ? ગમે તેવું રૂપાળું કે ઊજળું હોય પણ પછી કોઈ પાસે સૂઈ રહે ? ન સૂઈ રહે, કારણ કે તેમાંથી આત્મા નીકળી ગયો. આત્મામાં તેજ છે. તેમ 'ભગવાનની મૂર્તિમાં સુખ છે' એવો મહિમા જાણે તો આસક્તિ નીકળી જાય, નિર્દોષ બની જાય, એકાંતિક ભક્ત જ બની જાય. પંચ વિષયનો અભાવ સમાગમથી થાય. આ પવઈનો કૂવો મહિનો ગાળ્યો તો પાણી થયું, પણ એક ઘા મારે કામ ન થાય.

'બહોત કાળ કરત સત્સંગા, તબ હોત સંશય કા ભંગા.'

'સમાગમ કરો. પંચ વિષયની આસક્તિ નીકળી જાય પછી આપણે ખાઈએ, પીએ તેમાં તાન ન લાગે. શાક મોળું થયું હોય તો 'કેમ મોળું છે ?' એમ ક્રોધ ન થાય. સવાદ નીકળી જાય. દેહને ભરણપોષણ પૂરતું અન્નરૂપી ભાડું આપે, પણ સવાદ ન રહે. શું ખાધું તે યાદ ન રહે. કોળિયા મહારાજને આપે : 'મહારાજ ! જમો, મહારાજ ! જમો,' એમ કરે. દેહના ભાવે જમીએ તો ખારું-મોળું લાગે. લવિયો દરજી સ્વાદમાં મર્યો.'

પ્રશ્ન : 'શ્રીજીમહારાજ પ્રગટ કેવી રીતે છે ? અને તેઓ વરણીય કેમ થાય ?'

ઉત્તર : 'શ્રીજીમહારાજ સત્સંગમાં શાસ્ત્ર દ્વારા, મૂર્તિ દ્વારા, આચાર્ય દ્વારા અને સંત દ્વારા એમ ચાર દ્વારે રહ્યા છે.

'શ્રીજીમહારાજે ગ.મ. ૫૪ના વચનામૃતમાં ચારે પ્રકારની બુદ્ધિ ભગવાનના એકાંતિક સંતમાં કરવાની આજ્ઞા કરી છે. અને જેણે તે નથી કરી તો 'ગો' કહેતાં બળદિયો ને 'ખર' કહેતાં ગધેડા જેવો તેને જાણવો. તે ઉપર શ્લોક છે : 'યસ્યાત્મબુદ્ધિઃ કુણપે...'[૧૭]

'ખારવા ગામમાં મૂળીના સાધુ આવેલા. ગામમાં અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાવાળા હરિભક્તો હતા. તેમણે મહારાજની સાથે સ્વામીની મૂર્તિ પણ પૂજામાં રાખેલી. આ જોઈ તે સાધુઓએ કહ્યું : 'સ્વામીની મૂર્તિ પૂજામાં કેમ રાખો છો ?' હરિભક્તો પાકા હતા. તેમણે કહ્યું : 'સ્વામી ! કાઢો ગ.મ. ૫૪નું વચનામૃત.' પછી આ વચનામૃત વંચાવી કહ્યું : 'ચાર પ્રકારની બુદ્ધિ ભગવાનના એકાંતિક સંતમાં કરવાનું આમાં કહ્યું છે અને જેણે તે નથી કરી તે આખલા ને ગધેડા જેવો છે.'

'અમારે આખલા ને ગધેડા જેવા નથી થવું, તેથી મહારાજની સાથે સ્વામીની મૂર્તિ રાખીએ છીએ. એકાંતિકમાં ચાર પ્રકારની બુદ્ધિ કરીએ તો મહારાજ વરણીય થાય.'

પ્રશ્ન : 'પરીક્ષામાં પાસ થવાના આપ આશીર્વાદ આપો છો છતાં કોઈ વખત સિદ્ધ ન થાય તોપણ એકસરખી સ્થિતિ કેમ રહે ?'

ઉત્તર : 'સવિકલ્પ અને નિર્વિકલ્પ એમ બે પ્રકારની સ્થિતિ છે. એમાં ભગવાનનું વચન એ જ નિર્વિકલ્પ સ્થિતિ. 'પરચો ઇચ્છે તેને પામર જાણવો.' માર્ગે ચડાવવો હોય તેને આપે. લાઇનમાં આવ્યા પછી પરચો ઇચ્છે તેને ક્યાં સમજણ છે ? વારે ઘડીએ પરચા માગે તે પામર. પરચા પળે પળે થાય છે. તમે આ લાઇનમાં બેઠા એ પરચો, નહિ તો ક્યાંય રખડતા હોત ! તમારું મન ખેંચી

---

૧૭. **અર્થ :** જે પુરુષને વાત, પિત્ત અને કફરૂપ ત્રણ ધાતુમય શરીરમાં આત્મબુદ્ધિ છે અને સ્ત્રી-પુત્રાદિકમાં આત્મીયબુદ્ધિ છે અને ભૂમિના વિકારભૂત પ્રતિમાદિકમાં પૂજનીય દેવતાબુદ્ધિ છે અને જળમાં તીર્થબુદ્ધિ છે, તે પુરુષને જો આત્મબુદ્ધિ આદિક બુદ્ધિઓ ભગવાનના એકાંતિક જ્ઞાની ભક્તમાં ન હોય તો તેને આખલો અને પશુઓમાં પણ કનિષ્ઠ એવો ગધેડો જાણવો. (શ્રીમદ્‌ભાગવત : ૧૦/૮૪/૧૩)

લીધું છે એ જ પરચો છે. છોકરા તો ધોકા લઈને ફરતા હોય ! સમીપમાં બેઠા એ મન ખેંચાણું. તેથી પંચ વિષયમાં મન ઓછું જાય. લાઈનમાં લાવવા પરચો આપે; પછી જ્ઞાન આપે ને પછી એકાંતિક ધર્મ સિદ્ધ કરાવે. વારે વારે પરચો માગે, તે કેટલા પરચા દેવા ?

'શાસ્ત્રીજી મહારાજ લોકોને ખેંચવા સમાધિ કરાવતા. પછી જ્ઞાનસમાધિ કરાવતા. પછી, 'મોટાપુરુષ એ ભગવાનની મૂર્તિ છે' એવું જ્ઞાન થઈ જાય. મોટો બારિસ્ટર હોય તેને પણ પહેલાં એકડો લખવો પડે. પછી મોટા થાય એટલે ન લખે. એક હરિભક્તને શાસ્ત્રીજી મહારાજે પરચા ઘણા દીધેલા; પણ પછી એક વાર પરચો ન દીધો તે પાછા પડી ગયા ને કહે : 'સ્વામી ખોટા છે. તેમનામાં બુદ્ધિ નથી. કાંઈ નથી.' એમ થયું. માટે જ્ઞાનસમાધિ શીખવી.'

પ્રશ્ન : 'દુઃખ આવે ત્યારે અંતર ઝાંખું પડી જાય છે, તે ઝાંખું કેમ ન પડે ?'

ઉત્તર : 'શ્રીજીમહારાજે ગ.પ્ર. ૭૦ના વચનામૃતમાં કહ્યું છે કે સત્સંગ કરવો તે પોતે પોતાના જીવના કલ્યાણને અર્થે કરવો, પણ કોઈ પદાર્થની ઇચ્છા તો રાખવી જ નહિ. 'હું સત્સંગ કરું તો મારો દેહ માંદો છે તે સાજો થાય અથવા વાંઝિયો છું તે દીકરો આવે...' એવી જાતની ઇચ્છા રાખીને સત્સંગ ન કરવો. સકામભાવથી સત્સંગ ન કરવો. આશરો કર્યો તેમાં ડગવું નહિ. મોટા-પુરુષ કહે કે 'જાવ, તમને નોકરી મળી જશે કે કામ સિદ્ધ થશે,' પણ જો તે પરચો ન થયો તો કહે : 'સ્વામી વચનસિદ્ધ નથી.' *'તું મારી જકરમાં તો હું તારી ફકરમાં.'* માટે ભગવાન દયાળુ છે, તે સારું કરશે જ. સંતોષ માની ભજન કરીએ તો ભગવાનને થાય કે 'મારા ભક્તને થોડોક પગાર ?' પછી ભગવાન એની મેળે ગ્રેડ વધારી દે.

'માટે જ્ઞાનમાં સુખ છે અને અજ્ઞાનમાં દુઃખ છે. અજ્ઞાનમાં પરચા ઇચ્છે. મહારાજ-સ્વામીનો આશરો થયો ને એકાંતિક ધર્મ સિદ્ધ થયો, તેને માગવાનું-જાણવાનું કાંઈ રહ્યું જ નથી.'

પ્રશ્ન : 'યુવાની કેમ દીપે ?'

ઉત્તર : 'મોટાપુરુષનો સમાગમ કરીએ ને તેમના આશીર્વાદ થાય ને વર્તન ચોખ્ખું થાય, ત્યારે યુવાની દીપે. બીડી ન પીએ. સિનેમા-હૉટલમાં ન જાય. ભલે પછી પગાર હજાર - બે હજારનો હોય, પણ પંચ વિષયમાં મન ન જાય. કાયમ સમાગમ જોઈએ. આવવું-બેસવું તો અંતરે સમાધાન થાય. પ્રશ્ન ન

પૂછે તો શું સમાધાન થાય ? શું જ્ઞાન મળે ? પાસે બેસે નહિ તો જ્ઞાન થાય નહિ. 'સ્વામી ! જય સ્વામિનારાયણ' કહી વહ્યો જાય તેને જ્ઞાન ન થાય. ટાઈમનો ભોગ આપવો જોઈએ. સત્પુરુષના આશીર્વાદ ને નિયમ પાળવાથી, વર્તમાન પાળવાથી, યુવાની દીપી જાય. પછી બીક ન રહે. માયા હોય તે ફાટી મરે. માટે સમાગમથી યુવાની દીપે.'

પ્રશ્નોત્તર પછી સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું :

'આજે શનિવારે યુવક મંડળની સભા થઈ. પ્રશ્નોત્તર થયા. જાણવા-સમજવાનું મળ્યું. એક એક પ્રશ્નના બે રાત સુધી ખુલાસા થાય. એક પ્રશ્નના ખુલાસામાં ઓછામાં ઓછા ચાર કલાક થાય. ઘડીકમાં ખુલાસો ન થાય. ટાઈમ જોઈએ. ટૂંકમાં ખુલાસા કર્યા છે.

'શ્રીજીમહારાજ જ્યારે વર્ણીવેશે લોજ આવ્યા ત્યારે સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીને જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ આ અનાદિ પાંચ ભેદ સંબંધી પ્રશ્ન પૂછ્યા. પછી મુક્તાનંદ સ્વામીએ નમ્રભાવે કહ્યું કે 'મારા ગુરુ પાસેથી હું જે શીખ્યો છું તે પ્રમાણે જવાબ દઉં છું.' એમ કહી પાંચ ભેદના ખુલાસા કર્યા. ત્યારે મહારાજે રાજી થઈ કહ્યું :

'એ પ્રશ્ન મેં પૂછ્યા છે બહુને, કહેતાં કઠણ થયા સહુને;
તેની તમને લાગી નહિ વાર, માટે તમે મોટા નિરધાર.'

'ટૂંકમાં મુક્તાનંદ સ્વામીએ ખુલાસો કર્યો. મહારાજને અહીં ગોઠી ગયું કે સંતો સારા છે. બીજે તો મહારાજને મારવા ધોડ્યા હતા. તોતાદ્રિમાં મહારાજે આ પ્રશ્ન પૂછ્યા તો કહે : 'છોકરા ! તું આજકાલનો, તે આવા પ્રશ્ન પૂછી અમારી લાજ લેવા આવ્યો છું ?' એમ કહી મહારાજને કાઢી મૂકેલા. મહારાજને પોતાના પ્રશ્નોનું લોજમાં સમાધાન થયું, તેથી ત્યાં ટક્યા. તેમ મનનું સમાધાન થાય પછી ભગવાન ને સત્પુરુષ કેમ છોડાય ? ભગવાન ને સત્પુરુષ પ્રધાન થઈ જાય. વ્યવહાર ગૌણ થઈ જાય.

'તમને આશીર્વાદ આપવામાં આવે છે કે તમારા ઉપર શાસ્ત્રીજી મહારાજ રાજી રહે. તમે ચારિત્ર્યવાન થાવ. માબાપની આજ્ઞા પાળો, શુદ્ધ વર્તન ને શુદ્ધ ઉપાસના રાખો. મહારાજ, સ્વામી અને બધા રાજી થાય. ધામમાં લઈ જાય ને બેડો પાર કરી દે.

'બોલો સહજાનંદ સ્વામી મહારાજની જય. અક્ષરપુરુષોત્તમ મહારાજની જય. શાસ્ત્રીજી મહારાજની જય.'

પુણ્યપર્વણીના શુભાશિષ

તા. ૧૪મીએ મંગળ પ્રવચનમાં હરિસંભવ મહાકાવ્યની કથામાં સૂર્યાસ્તનું વર્ણન આવ્યું. તે સાંભળી સ્વામીશ્રી કહે : 'શ્રીજીમહારાજને પડ્યા મૂકીને સૂર્યાસ્તનું કેમ વર્ણન આવ્યું ?'

નારાયણ ભગત કહે : 'આ તો મહાકાવ્ય છે. એમાં આવાં વર્ણનો આવે.'

'કાવ્ય તો કીર્તનને કહેવાય. એમાં શું મહાકાવ્ય છે ?' સ્વામીશ્રી બોલ્યા. પણ પછી જાતે જ સમાધાન કર્યું : 'મહારાજ પ્રગટ થયા તે સૂર્યનું, ઝાડપાન બધાંનું વર્ણન આવે. મહારાજનો સંબંધ થયો તે વર્ણન થવું જ જોઈએ.'

સંબંધનો મહિમા બતાવી સ્વામીશ્રીએ વિવિધ વર્ણનોને માન્યતા આપી, નહિ કે મહાકાવ્યની દૃષ્ટિએ !

કથા પ્રસંગ જ્યારે ગંભીર બની જાય, ત્યારે સ્વામીશ્રી અચૂક કંઈક રમૂજ રજૂ કરે. કથા અને વાતાવરણને હળવું બનાવી દે. સૂર્યાસ્તનું વર્ણન આવ્યું એટલે સ્વામીશ્રી કહે : 'ગુણાતીત ! શું આવ્યું ? જેમ સૂર્ય અસ્ત થયો ત્યારે ઢીલો પડી ગયો, તેમ ગુણાતીત અસ્ત થઈ ગયા !' (ગુણાતીતચરણ લગભગ ઝોલાં ખાતા હોય.)

પછી એકદમ ગંભીર થઈ કહે : 'આજે પ્રશ્ન એ નીકળે છે કે આ મકરસંક્રાન્તિને દિવસે એકાદશી કેમ આવી ? એનું શું માહાત્મ્ય ?'

તિથિ-તહેવારોને સ્વામીશ્રી બહુ મહત્ત્વ આપતા. અને કોઈ વિશિષ્ટ મેળ ગોઠવાયો હોય તો ચર્ચા પણ કરતા. ત્યારે એક જૂના પ્રણાલીરક્ષક મહાપુરુષનું એમનામાં દર્શન થતું. સામે બેઠેલા આધુનિક યુવાનો કે સંતોને એમાં સૂઝ કે રસ જડતાં નહિ, પણ સ્વામીશ્રીની એક વિશિષ્ટ શૈલીનો આસ્વાદ જરૂર મળતો.

ઉત્તરાયણના આશીર્વાદ આપતાં કહ્યું : 'ભગવાનના ભક્તમાં નિર્દોષ-બુદ્ધિ થાય, અભાવ ન આવે, દિવ્યભાવ રહે, એ વિશેષ પુણ્યપર્વણી. એકતા, સંગઠનભાવ ને સેવા.

'એક સાહેબ આવેલા. બધા પરમહંસોને સાથે જમતાં જોઈ કહે : 'આટલા બધા સાથે જમે છે ! સંન્યાસીમાં તો બધા જુદા જુદા બેસે છે.' સંપ, સુહૃદભાવથી બધા રહે છે – એવો ભાર પડી ગયો.'

આજે સ્વામીશ્રીએ એ પણ સૂત્ર આપ્યું કે 'સેવાભક્તિ એ પણ બ્રહ્મવિદ્યા છે.' અધ્યાત્મ શબ્દો ઉપરનાં સ્વામીશ્રીનાં પ્રાકૃત ભાષ્યો એટલાં તો સચોટ

રહેતાં કે હૃદય સોંસરવાં ઊતરી જાય. રસ્તો જડે ને આગળ વધવાની સૂઝ પડે. બ્રહ્મવિદ્યાનાં એમનાં સરળ સૂત્રો ને અર્થોનું એક જુદું બ્રહ્મસૂત્ર - 'વ્યવહારુ બ્રહ્મસૂત્ર' પણ જરૂર તારવી શકાય.

દ્રોહ ઉપર વાત કરતાં કહે : 'વઢવાણના એક સાધુ મોજીદડ આવેલા. ગુરુ ગણેશ ભગત તથા અમને કહે : 'તમને કૂવામાં નાખી દઈશું. સવારમાં વહેલા ઊઠી કીર્તન શું ગાવ છો ? અમને સૂવા દેતા નથી. આ સાધુ પછી અઠવાડિયામાં જ ગુજરી ગયા હતા.'

બ્રહ્મઅગ્નિ સમક્ષ ઓકેલો દ્વેષ કોઈને પણ ભસ્મીભૂત કરી દે છે – એ સૌને સમજાયું.

આજે જૂના મંદિરેથી બે અજાણ્યા સંતો આવ્યા અને સ્વામીશ્રી પાસે ગરમ ધાબળી માંગી. તરત સ્વામીશ્રીએ બંને સંતોને એક એક ધાબળી આપી રાજી કર્યા. કોઈ ઓળખાણ નહોતી પણ સ્વામીશ્રીને સૌ ઓળખતા હતા. મહારાજના સાધુ જાણી સ્વામીશ્રીએ ઉત્સાહથી તેમની સેવા કરી.

મહિમાદૃષ્ટિમાં સર્વત્ર ચૈતન્ય સૃષ્ટિ

સ્વામીશ્રી રાત્રે આરામમાં પધારતા હતા, ત્યારે કોઈ ભાદરા મંદિરના ઠાકોરજીના હાર લાવ્યું. સ્વામીશ્રીએ તે ભાવથી જોયા. તેની ચર્ચા ચાલી. કોઈ કહે : 'આ કાળા તો નહિ પડી જાય ને ?'

સ્વામીશ્રી કહે : 'ગુરુ ! એ કાળા ન પડે. એ તો ચૈતન્ય થઈ જાય.'

કેશવચંદ્ર આમનની પ્રેરણાથી એલેમ્બિક કેમિકલ વર્કર્સની ભારતભરની જુદી જુદી શાખાના મેનેજરો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. પોતાની નીચે કામ કરતા અધિકારીઓને સ્વામીશ્રીનો યોગ કરાવવાનો તેમને ભારે ઉત્સાહ હતો. નિગોઝવાળા ગોવિંદભાઈ અને ભાઈઓ તરફથી આજે બાલ-યુવક મંડળ માટે મંદિરમાં ભોજન સમારંભ યોજ્યો હતો.

તા. ૧૯મીએ પારાયણની પૂર્ણાહુતિ હતી. ઘણા હરિભક્તોની રસોઈ હતી. નાના એવા અક્ષર ભવનના હરિમંદિરમાં ૪૦૦ ભક્તો જમવાના હતા. એમાં ૫૦ તો ડૉક્ટરો હતા. ખૂબ જ ભીડ રહી. બપોરે ૨-૧૫ વાગે બધાને જમાડી, આશીર્વાદ આપી, વળાવી, સ્વામીશ્રી આરામ કરવા જતા હતા. તે વખતે ડૉક્ટર સ્વામીને પૂછ્યું : 'બધા ડૉક્ટરો જમી ગયા ?' ડૉક્ટર સ્વામીએ હા પાડી. તરત સ્વામીશ્રી કહે : 'ડૉ. ઠક્કર આવ્યા હતા ?'

'ના.' ડૉક્ટર સ્વામીએ કહ્યું.

સ્વામીશ્રીએ તેનું કારણ પૂછ્યું. પછી કહે : 'ભલે ન આવ્યા. આપણે તેમને પીરસણું મોકલો.' સ્વામીશ્રીએ યાદ રાખી તેમને પ્રસાદ-પીરસણું (ટિફિન) મોકલાવ્યું. તેઓ પ્રસંગોપાત્ત દર્શને આવતા પણ સ્વામીશ્રી તેમને ભૂલ્યા નહિ.

આમ, કદાચ કોઈ જમવા ન આવી શકે તો તેને પીરસણું મોકલવાની હદ સુધી સ્વામીશ્રી નાના-મોટા સૌની રાખ-રખાવટ કરતા.

સવારે યુવક મંડળની સભામાં પ્રવચન કરતાં સ્વામીશ્રી કહે : 'આ વસંત પંચમીથી આવતી વસંત પંચમી સુધીમાં આપણે શું કર્યું ? કેટલા વધ્યા ? કેટલા ઘટ્યા ? એનો તરજુમો કરવો.'

સ્વામીશ્રી 'નામું કાઢવું' એમ બોલવાને બદલે 'તરજુમો' બોલ્યા. સૌ હસી પડ્યા.

આમ, ઘણી વખત સ્વામીશ્રી બોલે ત્યારે વ્યાકરણ, ભાષા કે શબ્દ-પ્રયોગમાં ભારે ગોટાળો કરે, તેમ છતાં એમની વાણી સાંભળવી સહુને ગમતી. વ્યાકરણદોષ કે બીજી રીતે ભાષાદોષથી ભરેલું પોતે બોલે, તેમાં પણ સૌને અનેરો આનંદ થતો અને જે આદેશ હોય તે પણ વધુ દૃઢ થતો.

અકળ લીલાઓનું પળે પળે સર્જન

લગભગ પ૬ દિવસ સુધી સ્વામીશ્રીએ મુંબઈમાં અલૌકિક સુખ આપ્યું. હરિભક્તોએ પણ તન, મન, ધનથી સેવા કરી, અવિરત સારો લાભ લીધો.

તા. ૨૦મીએ સવારે વેસ્ટર્ન એક્સપ્રેસમાં સ્વામીશ્રી અટલાદરા જવા નીકળ્યા. સ્ટેશન પર ખૂબ ગિરદી હતી. સ્વામીશ્રી પોતાની સીટ ઉપર બિરાજી ગયા હતા.

એવામાં ડૉ. દલ તેમના મિત્ર ડૉ. ભુલાભાઈ પટેલને લઈને આવ્યા. તેઓ એમ.બી.બી.એસ.ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓની પરીક્ષા લેવા સુરત જઈ રહ્યા હતા. તે વાત સ્વામીશ્રીને કરી કે 'એમ.બી.બી.એસ.ના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવા સુરત જાય છે, આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી એકદમ રાજી થઈ ગયા ને તેમનું માથું નમાવી વાંસામાં આશીર્વાદનો ધબ્બો આપી દીધો ને કહે : 'જાઓ, આશીર્વાદ છે, પાસ થઈ જશો.'

આ સાંભળતાં જ કેબિનમાં હાસ્યનું મોજું ફરી વળ્યું. સ્વામીશ્રી

નિર્દોષભાવે બધા સામે જોવા લાગ્યા. એટલે ડૉ. દલ કહે : 'બાપા ! આ તો મોટા ડૉક્ટર છે. ને વિદ્યાર્થીઓની પરીક્ષા લેવા જાય છે, દેવા નહીં.'

'એમ !' સ્વામીશ્રી પણ હસી પડ્યા ને કહે : 'લ્યો, આશીર્વાદ ! જાવ, બધા વિદ્યાર્થીઓ પાસ થઈ જશે...' એમ કહી ફરી ધબ્બો આપ્યો અને ફરી હાસ્યનું મોજું ફેલાઈ ગયું કે આશીર્વાદ ભુલાભાઈને અને કામ થશે વિદ્યાર્થીઓનું !

આવી અકળ લીલાઓ સ્વામીશ્રીની નિર્દોષતામાંથી પળે પળે પ્રગટતી.

મોટાસ્વામીના સંકલ્પની પૂર્તિ

વસંત પંચમીના શુભ દિવસે સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઉદ્‌ઘાટન સભા સવારે ૮-૪૦ વાગે શરૂ થઈ. સ્વામિનારાયણ મહામંત્રની ધૂન તથા પ્રાર્થનાથી મંગલાચરણ થયું. આજના સભાપતિ ધારાસભ્ય જશવંતલાલ શાહ હતા. વડોદરાના મેયર ડૉ. ઠાકોરભાઈને હસ્તે ટાવર તથા દરવાજાનું ઉદ્‌ઘાટન થયું.

પ્રવચન કરતાં ડૉ. ઠાકોરભાઈએ 'આ દરવાજામાંથી જે પસાર થાય અથવા ટાવરનાં દર્શન કરે, ટકોરા સાંભળે તે સર્વેનું કલ્યાણ થાય' તેવા રૂડા આશીર્વાદની સ્વામીશ્રી પાસે યાચના કરી હતી.

સ્ટેન્ડિંગ કમિટીના સભ્ય લલિતભાઈ પટેલે ભોજનશાળાનું ઉદ્‌ઘાટન કરતાં જણાવ્યું હતું કે, 'આજ સુધી સ્વામીશ્રી દ્વારા સમાજ કલ્યાણનાં અનેક કાર્યો થયાં છે તથા ભવિષ્યમાં પણ આવાં પરોપકારી કાર્યો થતાં રહે.'

સમારંભના સભાપતિ જશવંતલાલ શાહે 'ધર્મ' શબ્દનો અર્થ સમજાવતાં કહ્યું : 'જે ધારણ કરે છે તે ધર્મ છે. જે ધારણ કરવાથી આપણા નિઃશ્રેયસ્‌ની સિદ્ધિ થાય છે તે ધર્મ છે. તે ધર્મ-જાગૃતિનું કાર્ય આજે પૂજ્ય સ્વામીશ્રી કરી રહ્યા છે.'

અંતમાં સ્વામીશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ ગુરુવર્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજના ૧૦૫મા જન્મ મહોત્સવની સભા શરૂ થઈ. યોગેશ્વર સ્વામીએ *'જય જય યજ્ઞપુરુષ સુખકારી'* એ કીર્તન ગાયું. આફ્રિકા સત્સંગ મંડળના પ્રમુખ રણછોડભાઈ યુ. પટેલે સ્વામીશ્રીની આજ્ઞાથી પ્રવચન કરતાં જણાવ્યું કે 'પૂજ્ય સ્વામીબાપા આફ્રિકા પધારે ત્યારે અત્રેથી શક્ય એટલા તમામ હરિભક્તોને પણ સાથે પધારવા અમારું હાર્દિક આમંત્રણ છે. આવવા-જવાના સ્ટીમરના ભાડા સિવાયનો આફ્રિકામાં હરવા-ફરવાનો ખર્ચ આફ્રિકા મંડળ ભોગવશે.' એમ તેમણે જણાવ્યું હતું.

બાલુભાઈ ટી.ટી.એ યુવક પ્રવૃત્તિનો ખ્યાલ આપીને, ઉનાળામાં અટલાદરામાં યોજાનાર અદ્‌ભુત યુવક અધિવેશનમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા તમામ યુવકોને બળભરી હાકલ કરી હતી. આશાભાઈ, મણિભાઈ બ્રહ્મભટ્ટ, ખેંગારજીભાઈ ચૌહાણ વગેરે હરિભક્તોએ મનનીય પ્રવચનો કર્યાં હતાં.

આ મહોત્સવની વિશિષ્ટતા એ હતી કે સભા સ્થાન માટે મંદિરના પાછળના ભાગમાં જ્યાં નવા ઉતારા બાંધવામાં આવ્યા છે ત્યાં વિશાળ સભામંડપ બાંધવામાં આવ્યો હતો. સ્વામીશ્રી તથા સંતો માટે મંદિરના ઓટલા પર બેઠક ગોઠવવામાં આવી હતી. રમણભાઈ, આશાભાઈ પટેલ, બકુભાઈ અમીન, ભાઈલાલભાઈ(પીપલગવાળા), મણિભાઈ સલાડવાળા, મહેન્દ્રસિંહ ચૌહાણ, અંબાલાલભાઈ સેજાકૂવાવાળા વગેરે હરિભક્તોએ સ્વામીશ્રીને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તથા સૌને દર્શનાદિકનો લાભ મળે તે પ્રકારની તકેદારી રાખીને ઉતારાની તથા સભામંડપની વ્યવસ્થાની જવાબદારી લીધી હતી.

પ્રમુખસ્વામીએ પ્રવચન કરતાં સર્વ હરિભક્તોને શિસ્ત અને એકતા સાથે અક્ષરપુરુષોત્તમનો સિદ્ધાંત પ્રવર્તાવવા અનુરોધ કર્યો હતો. શાસ્ત્રીજી મહારાજે કેવા કપરા સંજોગોમાં મંદિરો ઊભાં કર્યાં, તે કહી સમૈયાઓનું મહત્ત્વ સમજાવ્યું હતું. અંતમાં સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં ગુરુહરિ સ્વામી શાસ્ત્રીજી મહારાજે પ્રવર્તાવેલ ઉપાસના કાર્યને આગળ ધપાવવા તથા પ્રતિ વર્ષ ઓછામાં ઓછું એક વાર મહેળાવ જાત્રા કરવા અનુરોધ કર્યો હતો. શાસ્ત્રીજી મહારાજના પરમ કૃપાપાત્ર પૂજ્ય મોટાસ્વામીના સંકલ્પથી સોનાનાં સિંહાસનો, સભામંડપ, ટાવર, દરવાજો તથા ભોજનશાળા તૈયાર થયાં છે. તેમણે શાસ્ત્રીજી મહારાજની સાથે રહી, અપાર ભીડો વેઠી, ઉપાસના પ્રવર્તન કાર્યમાં સહકાર આપ્યો છે. તેમની ખોટ પુરાય તેવી નથી. એમ કહી, વડોદરા શહેરના વધતા સીમાડાઓ અટલાદરાને વીંધીને પાદરા સુધી પહોંચી જશે, અને અટલાદરા વડોદરાની મધ્યમાં આવી જશે એવા રૂડા આશીર્વાદ સ્વામીશ્રીએ આપ્યા હતા.

આ સમૈયે પધારેલ આશરે ૧૦,૦૦૦ની માનવ મેદનીની તમામ પ્રકારની સગવડ સાચવવામાં નડિયાદ, ડભાણ, વડોદરા, ગોરિયાદ, ભરૂચ, વિદ્યાનગર, જંબુસર, આણંદ, ધાવટ વગેરે ગામોના સ્વયંસેવકોએ સેવા બજાવી હતી.

સલામ મોળી ન પડવી જોઈએ

વસંત પંચમીનો સમૈયો ઊજવી, હજારો હરિભક્તોને દર્શન-સમાગમનો

લાભ આપી, સ્વામીશ્રી શનિવારે સવારે કંડારીવાળા મથુરભાઈના દીકરા ડૉ. વિઠ્ઠલભાઈ, જેઓએ વર્ષો સુધી જર્મનીમાં અભ્યાસ સાથે સત્સંગ સાચવ્યો હતો, તેમના દવાખાનામાં પધરામણી કરી. તેમને ખૂબ આશીર્વાદ આપી, કંપાલાવાળા આશાભાઈના નવા મકાનમાં ઠાકોરજી જમાડ્યા. મુંબઈ જતાં આ બંને કાર્યક્રમો ગોઠવાયા હતા; પરંતુ સ્વામીશ્રીની તબિયત અચાનક વધારે લથડતાં, હરિભક્તોએ રાજીખુશીથી તે કાર્યક્રમો મોકૂફ રાખ્યા હતા.

અહીં સભા પ્રસંગમાં સ્વામીશ્રીએ કહ્યું : 'દાદાખાચરને ઘેર મહારાજ ત્રીસ વરસ રહ્યા. પૂર્ણ પુરુષોત્તમ નારાયણને તેમણે રાજી કરી લીધા. ત્રીસ વરસ મહારાજ રહ્યા, પણ મહિમા એવો સમજેલા કે કેફ લેશમાત્ર મોળો પડ્યો નહિ. છકમાં ને છકમાં રહ્યા. આપણને કેમ કેફ મોળો પડી જાય છે ? એક-બે દી' રહી કેફ ઊતરી જાય છે. રાત-દી' વાતું-વચનામૃત વાંચીએ છીએ, છતાં રાત-દી' કેફ ને આનંદના ફુવારા કેમ છૂટતા નથી ? તે ઉપર વાત કરીએ.

'અમે ઘણાં વરસ પહેલાં સારંગપુર મંદિરને કામે લીંબડી ઝવેરભાઈ દીવાન સાહેબને ત્યાં ગયા હતા. નિર્ગુણ સ્વામી ભેગા હતા. અમારે તુમાર (પત્ર-વ્યવહાર)નું કામ હતું. દીવાન સાહેબે સ્વામીને પોતાની ખુરશીમાં બેસાડ્યા. તે વખતે ઉનાળાના દિવસો હતા. તે દી' વીજળી-પંખા નહિ. વીજળી ઘંટડી નહિ. ઝવેરભાઈ દીવાન સાહેબ તેમના ઓરડામાં બેઠા હોય અને તેમનો પટાવાળો નોકર બહાર બેસીને દોરીથી વીંઝણો ખેંચીને તેમને અંદર પંખો નાખે. કંઈક કામ હોય ત્યારે દીવાન સાહેબ બોલે : 'પટાવાલે !' ત્યારે પટાવાળો 'જી, સા'બ' કહેતો, સલામ ભરી તરત સામે ઊભો રહે.

'દીવાન સાહેબ તેને કહે : 'ફલાણાને આ તુમાર આપી આવ.' પટાવાળો 'જી, સા'બ' બોલી, સલામ ભરી, તુમાર આપી આવે અને પાછો પંખે બેસી જાય. વળી પાછા દીવાન સાહેબ કંઈક કામ અંગે બાલાવે - 'પટાવાલે !' તો તરત જ 'જી, સા'બ' કરતોક સલામ ભરી ઊભો રહે. પગાર રૂપિયા પાંચ જ મળે, પણ સલામ તાજી ને તાજી. પચાસ ધક્કા ખવરાવે તોય મોળી સલામ નહિ. 'અહોહો, દીવાન સાહેબે મને બોલાવ્યો !' જુઓ, પાંચ રૂપિયા જ મળે, પણ કેવો ઈશક !

'આવો મહિમા જો ભગવાનનો ને સંતનો હોય, તો સલામ મોળી ન પડે. કેફ વર્ત્યા જ કરે. નહિ તો સત્પુરુષ કંઈક આજ્ઞા કરે તો કહે : 'મને એકને જ દેખ્યો છે ?' એમ થઈ જાય. તાજો ને તાજો પ્રેમ રહેવો જોઈએ. મનુષ્યભાવ જ

નહિ. મોળી વાત જ નહિ.

'ભાવનગરમાં વજેસંગ દરબારે કાયદા ઘડવા એક દી' ગરાસિયાઓની મિટિંગ ભરી. તે દી' ચા-પાણી નહિ, પણ સરસ બાવળાની તમાકુથી હોકો ભરે. તે વજેસંગ બાપુએ પહેલાં હોકાની બે ફૂંક મારી ને પછી પચાસ ગામના તાલુકદાર ગરાસિયાને પીવા દીધો. તેણે પછી વીસ ગામના તાલુકદારને દીધો. એમ ફરતો ફરતો હોકો એક-બે ગામના તાલુકદાર પાસે આવ્યો અને તેને પણ બે ફૂંક મારવા મળી. તેનો તેને કેફ ચડી ગયો. અઢારસો પાદરના ધણી વજેસંગ દરબારનો હોકો મને પીવા મળ્યો !

'પછી તો ગામમાં ગ્યો ને છકમાં ને છકમાં ફરે. ગામમાં જે રસ્તે આવે તેને મારે-ઝૂડે. કોઈ પૂછે તો કહે : 'તું મારી જોડે બોલવા યોગ્ય નથી, મેં વજેસંગનો હોકો પીધો છે.' પછી કોઈ ભાઈબંધે પૂછ્યું : 'તું ફાટ્યો ફાટ્યો કેમ ફરે છે ? વજેસંગે કંઈ ગામડાં દીધાં છે ?' આણે કહ્યું : 'ના, દીધું કંઈ નથી, પણ તેના હોકાની બે ફૂંક મારી છે. તેનો મને કેફ છે.'

'આવો કેફ આવે તો કાંઈ બાકી ન રહે.

'ન ગઈ ગગા ગોદાવરી કાશી, ઘેર બેઠા મળ્યા અક્ષરવાસી;
તપ રે તીરથમાં હું કાંઈ નવ જાણું, સહેજે સહેજે હું તો સુખડાં રે માણું;
જેરામ કહે સ્વામી સહેજે રે મળિયા, વાતની વાતે વહાલો અઢળક ઢળિયા.'

'આપણે એવાં શું સાધન કર્યાં કે મહારાજ મળ્યા ? શાસ્ત્રીજી મહારાજ મળ્યા ? તે એમની એક દયાથી જ મળ્યા ! આપણને બોલાવી આશીર્વાદ આપે છે, તે કેટલાં ભાગ્ય ! અમદાવાદમાં એક કરોડપતિ શેઠિયો આંબલી પોળમાં સ્વામીનાં દર્શન કરવા આવ્યો હતો. પણ સ્વામીએ તેની સામું ન જોયું. ભગવાન ને મોટાપુરુષ જીવને ઓળખે, પછી તેના સામું વાત કરે. આ જીવ પાત્ર છે તેમ ઓળખે.

'મહારાજનો આશરો રાખવો. તેનો કેફ રાખવો. અહીં આવવું. આ મોટો વેપાર હાલે છે. ઘણા સટ્ટા કરે છે. રોજ પૈસા ખોવે. 'કાલ આવશે, પરમ દી' આવશે' એમ આશામાં રહે, પણ આવે કાંઈ નહિ. પણ ટેવ પડી તે છોડે નહિ. ઘરનાં ઘર વેચી મારે. આખી જિંદગી વહી જાય. આશામાં ને આશામાં રહે – છકો-પંજો આજકાલ આવવો જ જોઈએ. તેને કેટલો કેફ છે. તેમ આપણે મહારાજ પુરુષોત્તમ નારાયણ, મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીત સ્વામી અને શાસ્ત્રીજી મહારાજ મળ્યા છે, તેના કેફમાં રહેવું. વાતમાં કેફ રાખવો. છકમાં ને છકમાં

રહેવું. મોળી વાત જ નહિ.

'બળ ભરી વાતું મુખે કરવી, મોળી વાત કે'દી ન ઊચ્ચરવી;
મુખોમુખ થઈ ઓળખાણ, કોઈ વાતની ન રહી તાણ;
માટે નિઃશંક થઈને રહેવું, મુખે સ્વામિનારાયણ કહેવું.'

'એવો કેફ જ્યારે સદાય આવે, ત્યારે પુરુષોત્તમ ભગવાનનો સાંધો થયો.'

'જેવા ભગવાન મળ્યા છે તેવા ઓળખાય તો પછી બીજા ભગવાન ખોળવા ન પડે. જેવા સાધુ મળ્યા છે તે ઓળખાય તો બીજા સાધુ ખોળવા ન પડે. જેવી પ્રાપ્તિ થઈ છે તેવી ઓળખાય તો બીજી પ્રાપ્તિ ખોળવી ન પડે. જેવો સંબંધ થયો છે તેવો ઓળખાય તો બીજે સંબંધ ન કરવો પડે.'

તા. ૨૯મીએ બાજવા ડાહ્યાભાઈને ત્યાં પગલાં કરી, કરચિયા થઈ, ફર્ટિલાઈઝર નગરમાં પધાર્યા. અહીંના અધિકારીઓએ સ્વામીશ્રીનું સ્વાગત કરી, સત્સંગ સભા યોજી હતી. રાત્રે બોચાસણ પધાર્યા.

તા. ૩૦મીએ વિદ્યાનગર છાત્રાલયમાં યુવકોને સત્સંગનો લાભ આપ્યો.

બીજે દિવસે ખેતીવાડી કૉલેજમાંથી પ્રૉફેસરો અને સ્ટાફના સભ્યો મળી, આશરે ૧૦૦ જેટલા મુમુક્ષુઓ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સારસાવાળા પ્રભુદાસભાઈ તરફથી તેમના પૌત્રની બાધા ઉતારવા નિમિત્તે બોચાસણમાં રસોઈ હતી. સાંજે સંતોના ઓટે ખેતરમાં દર્શન કરી, આણંદ ખેતીવાડી કૉલેજમાં પધરામણી કરી.

નડિયાદમાં સંતરામ મંદિરના આદ્ય સ્થાપક સંતરામ મહારાજના પ્રથમ શિષ્ય લક્ષ્મણદાસજી મહારાજનો શતાબ્દી મહોત્સવ ઊજવાતો હતો. વર્તમાન મહંત જાનકીદાસજી મહારાજ તથા તેમના ઉત્તરાધિકારી નારણદાસજીના આગ્રહને વશ થઈ, સ્વામીશ્રી તા. ૧-૨-'૬૯, સંતો-હરિભક્તોના સંઘ સાથે નડિયાદ પધાર્યા હતા. લગભગ ૧૦,૦૦ જેટલા મુમુક્ષુઓની ભવ્ય સભા હતી. સભાના મુખ્ય મહેમાન સ્વામીશ્રી હતા. કૃષ્ણશંકર શાસ્ત્રી તથા પ્રમુખસ્વામીનાં પ્રવચનો બાદ સ્વામીશ્રીએ પરાવાણીનો આસ્વાદ કરાવ્યો. ચકોર પક્ષીની જેમ સૌ અનિમેષ નેત્રે સ્વામીશ્રીને જોઈ રહ્યા હતા.

સભા બાદ વયોવૃદ્ધ જાનકીદાસજી મહારાજને મળી, લક્ષ્મણદાસજી મહારાજનાં સમાધિ સ્થાને દર્શન કરી, ડભાણ દર્શન કરી, રાત્રે ૮-૩૦ વાગે અમદાવાદ આવી પહોંચ્યા.

શ્રીપુરમાં સત્સંગનાં પૂર

અમદાવાદના હરિભક્તોની ઘણા લાંબા સમયથી કરાયેલ પ્રાર્થના સ્વીકારી સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા. તા. ૧-૨-'૬૯ થી તા. ૨-૩-'૬૯ સુધી સ્થાનિક તથા આજુબાજુના હજારો હરિભક્તો ને અન્ય મુમુક્ષુઓએ દર્શન-સમાગમનો લાભ લીધો. એક માસ દરમિયાન અંબાલાલભાઈ, કચરાભાઈ, સોમચંદ શેઠ, સોમાભાઈ ચાવાળા, બબુભાઈ કોઠારી, ખેંગારજીભાઈ, મણિભાઈ બ્રહ્મભટ્ટ, ધીરુભાઈ ચૌહાણ, કે.કે. દવે સાહેબ તથા છબીલદાસ કાચવાલા તરફથી ચાર પારાયણો થઈ. તા. ૨ના સાધુ નારાયણપ્રસાદદાસનાં આધ્યાત્મિક ચિત્રોનું પ્રદર્શન સ્વામીશ્રીના વરદ હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

સ્વામીશ્રી દરરોજ સવારે એક વચનામૃત વંચાવી નિરૂપણ કરતા. સવારે ૯-૦૦ થી ૧૦-૦૦ સંતસ્વામી 'સ્વામીની વાતું' ઉપર વાતું કરતા.

પ્રમુખસ્વામી, હું તથા ચીમનલાલ શાસ્ત્રી 'હરિલીલાકલ્પતરુ' ગ્રંથની પારાયણ વાંચતા. રાત્રે જાહેર સત્સંગ સભા થતી.

તા. ૧૮મીએ અમદાવાદ જૂના મંદિરે વાર્ષિક પાટોત્સવ પ્રસંગે સ્વામીશ્રી દર્શને પધાર્યા હતા.

તા. ૨૦મીએ સવારે રઢુ જતાં નારોલના સેશન્સ જજ બાબુભાઈ ત્રિવેદીને ત્યાં પધાર્યા હતા. અન્ય જજો અને વકીલો પણ દર્શને આવ્યા હતા ને સ્વામીશ્રીનાં દર્શન કરી ખૂબ રાજી થયા હતા. રઢુનાં બાઈઓના મંદિરમાં તા. ૨૧મીએ મૂર્તિપ્રતિષ્ઠા કરી.

અહીં દુષ્કાળ નિમિત્તે રમણભાઈ, તુલસીભાઈ વગેરે ભક્તોએ સંસ્થાના સામાજિક કાર્યક્રમોના ઉપક્રમે ૭૦૦ ગાયોનું ૫-૬ મહિના પાલન કરવાની જવાબદારી ઉપાડી લીધી હતી. તેથી સ્વામીશ્રીએ ખૂબ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. જિલ્લા કૉંગ્રેસ પ્રમુખ જમનાશંકર પંડ્યા પણ આ પ્રસંગે હાજર રહેલા અને ગોપાલનની પ્રવૃત્તિમાં સહકાર આપવા બદલ સંસ્થાનો આભાર માન્યો હતો.

એક ઘડી આધી ઘડી, તાકી પુનિ આધ...

તા. ૨૩મીએ સવારે યુવક મંડળની સભામાં યુવકોનો કાર્યક્રમ રાખ્યો હતો. યુવકોએ અંગ્રેજી, સંસ્કૃત વગેરે ભાષાઓમાં પ્રવચનો કર્યાં. સાંજે

ઍલેમ્બિકના વાઈસ પ્રેસિડેન્ટ કેશવચંદ્ર અમીન સાથે ઍલેમ્બિકના તમામ મૅનેજરો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીએ આ પ્રસંગે આશીર્વાદ આપતાં કહ્યું હતું કે 'તમે બધા અહીં આવ્યા તો આજની ૨૩મી તારીખ, ૫-૩૦નો સમય, આ મંદિર, બધું યાદ કરજો. આ સત્સંગમાં બેઠા તે આપણા મોટાં ભાગ્ય સમજવાં. એક ભરવાડને ગઢડાના મંદિરનો દરવાજો ગમી ગયો. મરતાં દરવાજો યાદ આવ્યો. તે મહારાજ પધાર્યા ને ધામમાં તેડી ગયા. તપ કરીને મરી જાય પણ ભગવાન તેડવા ન આવે. આશરો બળવાન જોઈએ. ભૂત વળગે છે તે નથી મેલતું, તો ભગવાન અને સંત કેમ છોડે ?'

તા. ૨૫મીએ હરિજયંતી પ્રસંગે ૫૧ યુવકોએ સ્વામીશ્રીની આજ્ઞાથી નિર્જળા ઉપવાસ કર્યા હતા. દરેક એકાદશી વખતે પણ આવી રીતે યુવકોને ઉપવાસ કરાવતા.

પુરવઠા પ્રધાન બાબુભાઈ જશભાઈ, આરોગ્ય પ્રધાન મહારાજા ફતેહસિંહ ગાયકવાડ, નાણાપ્રધાન જશવંત મહેતા, મહેસૂલ પ્રધાન પ્રેમજીભાઈ ઠક્કર, નાયબ ગૃહપ્રધાન જયરામભાઈ, જસ્ટિસ બી.જે. દીવાન, રિટાયર્ડ ગવર્નમેન્ટ પ્લીડર હરિપ્રસાદ ચોકસી, ઈડર મહારાજા દલજિતસિંહ, ચૅરિટી કમિશનર ચોખાવાલા તથા શહેરના અગ્રણી ડૉક્ટરો, વકીલો, સામાજિક કાર્યકર્તાઓ, સ્કૂલ અને કૉલેજના પ્રિન્સિપાલો વગેરે દર્શને આવતા ને સ્વામીશ્રીને મળી ખૂબ રાજી થતા.

તા. ૧-૩-'૬૯ના અમદાવાદ બાઈઓના મંદિરમાં વેદોક્ત વિધિ અનુસાર મૂર્તિપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. મહેળાવના છોટાભાઈનાં ધર્મપત્ની ડાહીબા તથા હેતાબાએ આ નિમિત્તે મોટી સેવા કરી હતી. સાંજે મોટા મંદિરે તથા વઢવાણ ગાદીના મંદિરે દર્શન કરવા પધાર્યા હતા.

જનમ સુફલ કરે જંતનો

એક બપોરે ઠાકોરજી જમાડી સ્વામીશ્રી વચનામૃતની કથા કરાવતા હતા. 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'ના જનરલ મૅનેજર દવે તથા એબીન રૉય મંદિરે દર્શને આવ્યા. કથા વંચાતી હતી. ત્યાં સ્વામીશ્રીનાં દર્શન કરતાં કહે : 'અમને રામકૃષ્ણ પરમહંસ અને વિવેકાનંદ સ્વામીનાં સાક્ષાત્ દર્શન આ યોગીજી મહારાજમા થાય છે.'

પછી સ્વામીશ્રીએ તેમને વર્તમાન ધરાવ્યાં. અક્ષરપુરુષોત્તમ અને

શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ તથા 'લાઇફ એન્ડ ફિલોસોફી'નું પુસ્તક આપ્યું અને હર્ષદભાઈને અંગ્રેજીમાં વાત કરવા કહ્યું.

સ્વામીશ્રી કહે : 'પ્રસાદ લેવો પડશે. જમવાનું તૈયાર છે, હાલો !'

સ્વામીશ્રીનો પ્રેમ જોઈ તેઓ બોલ્યા : 'અમને ધબ્બો મારો, આશીર્વાદ આપો - અમે સુખી થઈએ.'

પછી પૂછ્યું : 'આ અમે કંઠી પહેરી તે હવે શું કરવાનું ?'

સ્વામીશ્રીએ માળા ઊંચી કરી, કહે : 'હંમેશાં પાંચ માળા ફેરવજો. પાંચ વર્તમાન પાળવાં : દારૂ-માંસ ન ખાવાં, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો. બોત અચ્છા નિયમ હૈ. જરૂર પાળના. કોઈ આપદા નહીં રહે.' એમ કહી જમવા લઈ ગયા.

ગાયોની સેવા એ ભગવાનની સેવા

અહીં એક દિવસ હરિલીલાકલ્પતરુની કથા બાદ ગાયોનાં પાલન માટે ખરડો કરાવ્યો. સ્વામીશ્રીએ સંસ્થા તરફથી ૭૦૦ ગાયોનું ૫-૬ મહિના સુધી પાલન કરવાની સેવા હાથ ધરી હતી. તે પ્રસંગે આશીર્વાદ આપતાં કહ્યું : 'આ ખરડો કર્યો તે શ્રીજીમહારાજની સેવા થઈ. શ્રીજીમહારાજ ગાયો રખાવતા. શાસ્ત્રીજી મહારાજ મંદિરમાં ગાયો રખાવતા. ઠાકોરજીને ગાયનું દૂધ ધરાવે. મંદિરમાં કોઈ ગાયોની ખબર બરાબર ન રાખે ત્યારે નિર્ગુણ સ્વામી વઢતા કે 'તમારાં પેટ ભરો છો ને ગાયોનું જોતા નથી ?' એમ કહી સેવા કરાવતા. રમણભાઈ, તુલસીભાઈ વગેરેએ ખરી સેવા કરી. સાતસો ગાયોને પાંચ મહિના પાલન કરવામાં રૂપિયા પિસ્તાલીસ હજાર થશે.'

નિજજન કે તુમ વિઘન મિટાયે

અહીંના શિવાભાઈ હરિભાઈ પટેલના નાના ભાઈ ખુશાલભાઈ સ્વામીશ્રીના નિષ્ઠાવાન ભક્ત. સ્વામીશ્રી પ્રત્યે તેમને અપાર પ્રેમ. તેમના ઉપર પાંચ લાખનું દેવું હતું. ધંધામાં થાપ ખાઈ ગયા તેથી વિપરીત દેશકાળ આવ્યા હતા. સ્વામીશ્રીને તેમની પરિસ્થિતિનો ખ્યાલ હતો.

તેથી એક વાર સ્વામીશ્રીએ શિવાભાઈને બોલાવીને કહ્યું : 'ભાઈની પડખે ઊભા રહો તો સારું, એનું કામ થઈ જાય.'

શિવાભાઈ કહે : 'બાપા ! મારું આવડું મોટું ગજું નથી અને હું પાછો

ડૂબી જાઉં !'

છતાં સ્વામીશ્રીએ આગ્રહ ચાલુ રાખ્યો અને ખુશાલભાઈની આ જવાબદારી તેઓ સ્વીકારે તેમાં પોતાનો રાજીપો દર્શાવ્યો.

શિવાભાઈ કહેતા કે 'ખુશાલભાઈના આ કામમાં પડવાની આ અગાઉ રવિશંકર મહારાજ તથા ત્રિભોવનદાસ પટેલે પણ ના પાડી હતી. પરંતુ સ્વામીશ્રીની ઇચ્છા અને આજ્ઞા એટલે આ કામમાં પડ્યો.'

કેવળ સ્વામીશ્રીની આજ્ઞાથી શિવાભાઈ ખુશાલભાઈનું આટલું મોટું દેવું ચૂકવી દેવામાં સહાયભૂત બન્યા. આ બધું તેમનાથી કેવી રીતે થઈ શક્યું તે તેમના માટે આજીવન વણઉકલ્યો પ્રશ્ન રહ્યો ! ખુશાલભાઈનો મોટો બોજ હળવો થઈ ગયો. સ્વામીશ્રીએ જાણે ચમત્કાર કરીને બંને ભાઈઓનાં હૃદય એકમેકથી નજીક લાવી દીધાં !

તા. ૨-૩-'૬૯, વસંતભાઈ ઓઝાની શણગારેલી મોટરમાં બિરાજી, મોટા મંદિરે દર્શન કરી, દાણીલીમડા હીરાભાઈને ત્યાં પધરામણી કરી, અસલાલી નાથાભાઈ તથા જશભાઈની ફેક્ટરીમાં પગલાં કરી, જેતલપુર દર્શન કરી, મહીજડા કાશીકાકાની નવી બંધાતી રાઈસ મિલમાં પગલાં કરી, બારેજા રાઈસ મિલમાં પગલાં કરી, ડુંગરી-ટીંબા થઈ, બપોરે લગભગ ૩-૦૦ વાગે ખેડામાં ગોવિંદભાઈ તથા ચતુરભાઈને ત્યાં ઠાકોરજી જમાડ્યા. અહીં આજુબાજુનાં ઘણાં ગામોના હરિભક્તો દર્શને આવ્યા હતા.

સાંજે ૬-૦૦ વાગે ખેડાથી નીકળી, શાંતિપુરા પ્રભુદાસભાઈ સારસાવાળાના લાટમાં કૂવામાં પુષ્પ છાંટ્યાં, ઠાકોરજીને ચણાનો ઓળો જમાડી, ધોળકા હરિભક્તોને દર્શન આપી, બાવળા હરિજીવનભાઈ કંદોઈને ત્યાં સ્નાન વિધિ, ઉકાળા-પાણી કરી, રાત્રે ૧-૩૦ વાગે સારંગપુર આવી પહોંચ્યા.

આમ, મુંબઈ અથવા ગોંડલ માંદગી નિમિત્તે થોડો આરામ લઈ, સ્વામીશ્રી જ્યારે ગુજરાતમાં પધારતા ત્યારે થોડાક જ દિવસોમાં એવા ભરચક કાર્યક્રમો શરૂ થઈ જતા કે ગમે એટલા સ્વસ્થ અને તંદુરસ્ત માણસનું સ્વાસ્થ્ય પણ હલી જાય. દરેકને સ્વામીશ્રીનો લાભ લઈ લેવાનો મોહ રહે, તેથી આગળ-પાછળનો કોઈ વિચાર કર્યા વિના, પોતાના કાર્યક્રમનો આગ્રહ રાખે. જેને પરિણામે, એમના સ્વાસ્થ્યને જબરજસ્ત હાલાકી પહોંચતી. આવી મુસાફરીઓ ૭૯ વર્ષની ઉંમરે પણ સ્વામીશ્રી ખેડી લેતા. તેમાં પણ ગમે એટલું મોડું થતું હોય પણ રસ્તામાં આવતાં તીર્થોમાં દર્શન કરવાનું ચૂકતા નહિ.

બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના જયંતી પ્રસંગે સ્વામીશ્રીએ સભાનું આયોજન કર્યું. હર્ષદભાઈએ ભગતજી મહારાજના પ્રસંગો વર્ણવ્યા. પ્રમુખ-સ્વામીના પ્રાસંગિક પ્રવચન બાદ સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા.

તા. ૫મીએ સવારે, ઈશ્વરભાઈ મસાલાવાળા તથા બાવાજીભાઈ પુષ્પો લઈ આવ્યા હતા. તેનો સરસ હિંડોળો સંતો તથા તાજપુર મંડળે બનાવ્યો. તેમાં ઠાકોરજી પધરાવી, ગોંડળવાળા ઘનશ્યામભાઈએ *'સોનાનાં બોર ઝૂલે'* એ કીર્તન ઝિલાવ્યું, હરિભક્તો તથા સંતોના અતિ આગ્રહથી સ્વામીશ્રી તથા પ્રમુખસ્વામી ઠાકોરજી સહિત હિંડોળામાં બિરાજ્યા અને સૌને દર્શનનું સુખ આપ્યું. સ્વામીશ્રીએ ભક્તચિંતામણિમાંથી પ્રકરણ ૬૪મું, ફગવાનું વંચાવી આશીર્વાદ આપ્યા હતા.

પ્રસાદીના ચોરામાં અક્ષરપુરુષોત્તમની પ્રતિષ્ઠા

સારંગપુર ગામમાં ચોરા ઉપર મહારાજ પરમહંસો સાથે ઊભાં ઊભાં રોટલા-દહીં જમેલા. તે પ્રસાદીના ચોરાનો સ્વામીશ્રીએ સારો એવો ખર્ચ કરી જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. તે નિમિત્તે મૂળુભા દરબાર, હરસુરભા, માત્રાભા વગેરેએ મળી અહીં ત્રણ દિવસનું હરિલીલાકલ્પતરુ તથા સ્વામીની વાતુંનું પારાયણ યોજ્યું હતું. પ્રમુખસ્વામી તથા હરિપ્રકાશ સ્વામી કથા વાંચતા.

તા. ૮-૩-'૬૯, સવારે પૂર્ણાહુતિ પ્રસંગે ચોરાના ગોખમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજની પટની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી. બોટાદના નગરશેઠ અને અન્ય સત્સંગીઓ પણ હાજર હતા. સ્વામીશ્રીએ આ પ્રસંગે પ્રસન્નતાપૂર્વક આશીર્વાદ આપતાં જણાવ્યું : 'આ ગામ સુખી થશે. અહીં પ્રસાદીના ચોરામાં અક્ષરપુરુષોત્તમ મહારાજ બેઠા તો હવે બધાએ અહીં દરરોજ દર્શને આવવું.'

હરિભક્તોએ ઠાકોરજી સાથે સ્વામીશ્રીનું પૂજન કર્યું. ઘનશ્યામચરણ સ્વામીએ કરતાલ લઈ *'સારંગપુરમાં વ્હાલો પ્રગટ બિરાજે'* એ કીર્તન ગાઈ સૌને અપાર આનંદ કરાવ્યો.

પ્રસાદી સ્થાનોના ઉદ્ધારક

અહીં મંગલ પ્રવચનમાં હર્ષદભાઈ દવે, વાગડના મહીપતસિંહજી વગેરે બેઠા હતા. હું કથા વાંચતો હતો ત્યારે સ્વામીશ્રી પલંગ પર ચરણારવિંદ પ્રસારીને તકિયાને અઢેલીને બિરાજ્યા હતા. ગરમ કાનટોપી પહેરી હતી અને પગથી

છાતી સુધી ગરમ ભગવો ધાબળો ઓઢ્યો હતો. થોડી વારે સ્વામીશ્રી નસકોરાં બોલાવવા લાગ્યા. તેથી મેં વાંચવાનું બંધ રાખ્યું. સૌ હરિભક્તો પણ સ્વામીશ્રીનાં દર્શનમાં એકાગ્ર બની ગયા.

ત્યાં સ્વામીશ્રી જાગીને બોલ્યા : 'વાંચવાનું શરૂ રાખો. બંધ કેમ કર્યું છે ?' પછી ફરી વાર એ જ લીલા કરી અને જાગ્યા.

પછી કહે : 'સાંભળો, વાત કરવી છે.' આથી મેં કથા વાંચવી બંધ રાખી.

સ્વામીશ્રી બોલ્યા : 'હમણાં મને સપનું આવ્યું. કારિયાણીમાં શ્રીજી-મહારાજની પ્રસાદીનાં દરબારનાં મકાનો છે. તે બધાં આપણે વેચાતાં લેવાં. આફ્રિકાના એક હરિભક્ત સેવા કરવાના છે. દરબારને આપણે પાકાં મકાન બાથરૂમ, જાજરૂવાળાં બનાવી દેવાં. આ પ્રસાદીનાં મકાનોનો જીર્ણોદ્ધાર કરી, આ મકાનો વડતાલ આચાર્ય મહારાજને સોંપી દેવાં.'

ત્યારે હર્ષદભાઈએ કહ્યું : 'બાપા ! આપણે પૈસા ખરચીને મકાનો ખરીદ કરીએ, તે આચાર્ય મહારાજને શા માટે સોંપી દેવાં ?'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'આપણે જો મકાન રાખીએ તો તેને સાચવવા માણસ રાખવા પડે; બાજરો, ઘી વગેરે સામગ્રી સારંગપુરથી મોકલવી પડે. વળી, હરિભક્તો કારિયાણી દર્શને આવે તે માટે જમવા-ઊતરવાની બધી સગવડ કરવી પડે. જો આચાર્ય મહારાજને સોંપીએ, તો ત્યાં તેમના તાબાનું મંદિર છે. તેથી બધી જવાબદારી ઊપડી શકે. આપણાથી એ જવાબદારી ઊપડે નહીં.'

આથી હર્ષદભાઈ કહે : 'બાપા ! અમે ગૃહસ્થ છીએ, પણ આવા વહેવારની ખબર પડતી નથી. આપ તો બધું જાણો છો.'

પછી મેં કહ્યું : 'બાપા ! તકતી તો મારવી જોઈએ ને !'

ત્યારે સ્વામીશ્રી કહે : 'તકતી કોણ ના પાડે છે ? એકની બે મારજો.'

બેયને નિષ્ઠા જોઈએ

મુંબઈના હરિભક્ત ભાણજીભાઈ કાયમ સ્વામીશ્રીને પ્રાર્થના કરતા કે 'બાપા ! દીકરો આપો.'

સ્વામીશ્રી હંમેશાં તેમને આશીર્વાદ આપતા, પણ તેમને ત્યાં પુત્રજન્મ થતો નહીં. એથી તેઓ આ સમૈયામાં આવ્યા ત્યારે તેમની સાથેના મોટેરા હરિભક્તો શામજી અદા વગેરે દ્વારા સ્વામીશ્રીને પ્રાર્થના કરી.

સ્વામીશ્રી કહે : 'ઈ તો તરત થાય, પણ ભાણજીભાઈને અક્ષર-

પુરુષોત્તમની નિષ્ઠા હોય તો થાય. એમ નો થાય.'

'પણ બાપા ! એમને નિષ્ઠા તો છે જ ને ! તો જ આટલી સેવા કરે ને !

'ઈ હાચું, પણ એમનાં બૈરાંને હોવી જોઈએ ને ! બેયને નિષ્ઠા હોય તંઈ જ થાય. આપણે તો આશીર્વાદ દીધા જ છે !'

સ્વામીશ્રી જાણતા કે ભાણજીભાઈનાં પત્ની ચુસ્ત જૈન છે. તેમને ગુણાતીત નિષ્ઠા થવાનો કોઈ સંભવ જ નહોતો. પણ સ્વામીશ્રીનો આગ્રહ એવો રહે કે બ્રહ્માંડમાં જીવમાત્રને આ નિષ્ઠા કરાવી, આલોક-પરલોકના સુખના અધિકારી કરવા.

સાંજે બોટાદ થઈ, સ્વામીશ્રી ગઢપુર પધાર્યા.

તા. ૯-૩-'૬૯, સવારે નવા સભામંડપમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા ગુરુપરંપરાની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી, ગોપીનાથજીના મંદિરે તથા લક્ષ્મી-વાડીએ દર્શન કર્યાં. કોઠારી દેવ સ્વામીએ સુંદર વ્યવસ્થા કરી હતી.

બાળકના કાનમાં ગુપ્ત મંત્ર

અહીં કેરિયાના ગણેશભાઈએ સ્વામીશ્રીનાં દર્શન કરી પોતાના પુત્ર લવજીને આગળ કર્યો કહે : 'બાપા ! આ મારો દીકરો.'

સ્વામીશ્રી તેને જોતાં જ ધબ્બો આપીને કહે : 'આને તો અમારે સાધુ કરવો છે !' પછી કહે : 'ગામમાંથી સાકર મગાવો.'

ગણેશભાઈ તરત જ સાકર લઈ આવ્યા. તેની પ્રસાદી સૌને વહેંચાવી સ્વામીશ્રી લવજીના કાન સુધી મુખારવિંદ લઈ ગયા ને કહે : 'સાધુ થવાનો સંકલ્પ રાખજે. શું કીધું ?'

સ્વામીશ્રીનો અંતરનો અભિપ્રાય આવા નાના બાળક પાસે પણ બહાર આવી જતો.[૧૮]

તા. ૧૦મીએ સાંજે બોટાદ થઈ, અડવાળ જવા નીકળ્યા.

રાજકોટના ચંદુભાઈ અનડાના મોટા દીકરા અરુણભાઈ તેમની મોટી ગાડી લઈ સ્વામીશ્રી સાથે ફરતા. તેમણે મોટરમાંથી આગળની એક સીટ કાઢી, સ્વામીશ્રી સારી રીતે આરામ કરી શકે એવી ખાસ વ્યવસ્થા કરી હતી. તેથી સ્વામીશ્રી ઘણી સુગમતાથી આરામ કરતાં કરતાં મુસાફરી કરતા. મુસાફરીમાં

---

૧૮. આ પછી સને ૧૯૮૧માં પ્રમુખસ્વામી મહારાજે તેમને દીક્ષા આપી. હાલ, સાધુ દેવેન્દ્રપ્રસાદદાસ.

મોટે ભાગે પોઢી તો જાય જ નહિ. બાજુમાં સેવક-સંતો બેઠા હોય તેમની પાસે કીર્તનો બોલાવે. વચ્ચે વચ્ચે હોંકારો આપે. એમ પોતે તો જાગ્રત રહે, પણ બીજાને પણ સજાગ રાખે.

અડવાળ, જાળિયા, ખસતા, રંગપર, લીંબડી, મોજીદડ, કંથારિયા, નવાગામ, પાંદડી થઈ, વઢવાણ દર્શન કર્યાં. અમદાવાદમાં અખડાનંદ ઔષધાશ્રમ ચલાવતા, અહીંના અંબાશંકર વૈદ્યરાજે પોતાનું મકાન મંદિર માટે અર્પણ કરવાની ઇચ્છા સ્વામીશ્રી સમક્ષ વ્યક્ત કરી. સ્વામીશ્રી ખૂબ પ્રસન્ન થયા અને કહે : 'તેનો દસ્તાવેજ કરી પ્રમુખસ્વામીને દઈ દ્યો.' વળી કહ્યું : 'મંદિરમાં સિંહાસનની રૂા. ૧,૦૦૧ની સેવા કરવાની છે, તે કરજો. તેની મૂર્તિ પ્રમુખ-સ્વામી પધરાવશે ને પ્રતિષ્ઠા કરશે.'

સ્વામીશ્રીનાં આ મર્મભર્યાં વચન તે સમયે કોણ સમજી શકે ? આ ભલા ભોળા ભક્તરાજે સ્વામીશ્રીની આજ્ઞા મુજબ સેવા મોકલી, સ્વામીશ્રીને રાજી કર્યા.[૧૯]

પછી મૂળી પધાર્યા. નગરજનોએ વાજતે-ગાજતે સામૈયું કરી સ્વામીશ્રીને ગામમાં પધરાવ્યા. સ્વામીશ્રી પ્રથમ સ્વામિનારાયણ મંદિરે દર્શને પધાર્યા. અહીં સદ્‌ગુરુ નારાયણદાસજી મળ્યા. પરસ્પર દંડવત્ કરી ભેટ્યા. બ્રહ્મચારી કૃષ્ણાનંદજીએ હરિકૃષ્ણ મહારાજના ગુલાબનાં પ્રસાદીનાં પુષ્પો સ્વામીશ્રીને અર્પણ કર્યાં. મૂળી પારાયણ દરમ્યાન સ્વામીશ્રીનો ઉતારો હિંમતભાઈ જોષીના ઘરે હતો.

આ દરમ્યાન ખબર મળ્યા કે ભાવનગરના ભક્તરાજ કાનજીભાઈ સોનીને પક્ષઘાતનો હુમલો આવ્યો છે. અને તેમની પણ હવે ધામમાં જવાની ઇચ્છા છે. તેમના પુત્ર બળવંતભાઈએ સ્વામીશ્રીને પ્રાર્થના કરી કે 'બાપા ! એમને ધામમાં લઈ જાવ.'

સ્વામીશ્રી પણ તેમના દુઃખની વાત સાંભળી દ્રવિત થયા અને કહ્યું : 'રોજ રાતે અડધો કલાક ધૂન કરજો. પંદર દિવસમાં મહારાજ ધામમાં લઈ જશે.'

આ પછી અઠવાડિયે ભાવનગરના એક હરિભક્ત મળ્યા તેમને પણ સ્વામીશ્રીએ યાદ કરાવ્યું અને સંદેશો મોકલ્યો : 'ધૂન ચાલુ રાખશો. મહારાજ-સ્વામી અઠવાડિયામાં ધામમાં લઈ જશે.'

---

૧૯. એ પછી સને ૧૯૭૨માં પ્રમુખસ્વામી મહારાજના વરદ હસ્તે વઢવાણ મંદિરે અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રાણપ્રતિષ્ઠા થઈ અને સ્વામીશ્રીની વાણી સત્ય ઠરી.

આમ, બરાબર પંદર દિવસે તા. ૩-૪-'૬૯ના મહારાજ, સ્વામી દિવ્ય દેહે કાનજીભાઈને તેડવા પધાર્યા. અને તેમને દુઃખમાંથી મુક્ત કરી, શાશ્વત સુખના અધિકારી બનાવ્યા.

અહીંની જૈન વાડીમાં સવારે સત્સંગિજીવનની કથા પ્રમુખસ્વામી વાંચતા. સાંજે ભાગવત કથા શાસ્ત્રી ચીમનલાલ કરતા.

તા. ૨૦મીએ મૂળી ઠાકોર સાહેબ હરિશ્ચંદ્રસિંહજી દર્શને આવ્યા, અને દરબારમાં પધરામણી કરવા સ્વામીશ્રીને ખાસ પ્રાર્થના કરી. સાંજે સ્વામીશ્રી દરબારગઢમાં પધાર્યા અને ત્રણેય કુંવરોને વર્તમાન ધરાવ્યાં.

પારાયણ દરમ્યાન સ્વામીશ્રીની આજ્ઞાથી સત્સંગ મંડળ તરફથી મંદિરમાં રોજ થાળ થતો તથા પૂર્ણાહુતિને દિવસે રસોઈ આપવામાં આવી. પારાયણમાં લગભગ ૩૦૦ જેટલા મુમુક્ષુઓએ વર્તમાન ધરાવી, શ્રીહરિનો આશરો કર્યો.

દિવ્ય પ્રતિભાનો પરિચય

પારાયણ દરમ્યાન અમદાવાદના શંકર કવિ આવ્યા હતા. એક સવારે સ્વામીશ્રીની આસપાસ નાના બાળકો બેસી ગયા હતા અને બહુ ભીડ થઈ હતી. તે જોઈ કવિ બોલ્યા : 'છોકરા, દૂર ખસો, પાછળ બેસી જાવ.'

સ્વામીશ્રી તરત જ બોલી ઊઠ્યા : 'છોકરા ન કહેવાય. યુવકો કહેવાય. સ્વામીના સંબંધવાળા બધાયને માનવાચક શબ્દથી બોલાવવા જોઈએ !'

પારાયણની પૂર્ણાહુતિ ધામધૂમથી થઈ. સૌને ખૂબ સમાસ થયો. પારાયણ સર્વોપરી થઈ ગયું. કારણ, શરૂમાં પારાયણ ન થાય તે માટે જૂના મંદિરના ભક્તોનો તેમાં પૂરેપૂરો વિરોધ રહેલો. અમુક સાધુઓએ તો ઉપવાસ ઉપર ઊતરવાની પણ ધમકી આપી હતી. સ્વામીશ્રીને એ વિરોધની જાણ થતાં પારાયણની તારીખ બદલાવી. ફરી કાર્યક્રમ નક્કી કર્યો. આ વખતે એમના પ્રભાવમાત્રે અને સંકલ્પે દેશકાળ તદ્દન ફરી ગયા અને આ પ્રસંગે આચાર્ય મહારાજના આદેશથી અમદાવાદના પાંચ સંતો મંદિરે દર્શન કરવા માટે સ્વામીશ્રીને આમંત્રણ આપવા આવ્યા !

વિરોધનું વાતાવરણ પલટાઈને સહકારમાં પરિણમ્યું, સ્વામીશ્રીની દિવ્ય ઉપસ્થિતિનો પ્રભાવ શું હોય છે તેનો સૌને પરિચય મળ્યો.

તા. ૨૨મીએ સાંજે વિદાય લઈ, સ્વામીશ્રી કુલગ્રામ, બલદાણા, લીંબડી, રાજકોટ, પડધરી, જાયવા, ધ્રોળ થઈને ભાદરા પધાર્યા.

અહીં પ્રમુખસ્વામીના માર્ગદર્શન નીચે સમૈયાની તૈયારીઓ ચાલી રહી હતી. સંતો સાથે ભેંસદડ, ધ્રોળ, જાયવા, જામનગર, ગોરાણા, મેમકા, બદલપુર, નડિયાદ વગેરે ગામોના હરિભક્તો દિવસ-રાત સેવા કરતા હતા. બારદાનવાળા શેઠ તથા ભઈલુભાની લોરીઓ, અરુણભાઈ તથા વસંતભાઈ ઓઝાની મોટરો અખંડ સેવામાં હતી.

સ્વામીશ્રીના આગમનની જાણ થતાં બારદાનવાળા શેઠ, માસુમઅલી શેઠ, જોડિયા તાલુકા પંચાયત પ્રમુખ જીવરામભાઈ, તાલુકા કૉંગ્રેસ પ્રમુખ પ્રવીણભાઈ ઠાકર, મેજિસ્ટ્રેટ માંકડ, પોલીસ કમિશનર ત્રિવેદી, કલેક્ટર રામનાથન, ધ્રોળ પંચાયત પ્રમુખ આણંદસિંહ, ડે. કલેક્ટર ત્રિવેદી વગેરે મહાનુભાવો સ્વામીશ્રીનાં દર્શને આવી ગયા હતા.

અહીં સ્વામીશ્રી સંતોના ભંડારમાં જતા હતા. પ્રવેશદ્વાર પાસે તુલસીના બે છોડ ઉપર સૂકાં માંજર જોઈ સ્વામીશ્રી એક સંતને કહે : 'આ માંજર ઉતારી લ્યો. શાસ્ત્રીજી મહારાજ કહેતા - 'માંજર એ માથાના વાળ છે. તુલસીને માથે ભારરૂપ છે.' માટે માંજર સુકાય એટલે ઉતારી લેવાં જોઈએ !'

માથે પાણા લઈ મોવડી બનતા પ્રમુખસ્વામી

અહીં સ્વામીશ્રીના આશીર્વાદ અને પ્રેરણાથી મંદિરની આજુબાજુનાં મકાન મળવા લાગ્યા હતા.

વાઘા પટેલે સ્વામીશ્રીનું ઐશ્વર્ય જોઈને પોતાનું મકાન આપ્યું હતું. જ્યારે તેનો કબજો મળ્યો ત્યારે સ્વામીશ્રીએ સૌને તે તોડવા મોકલ્યા. પ્રમુખસ્વામી પોતે પણ આ સેવામાં માથે પાણા લઈને થોડે દૂર સુધી લઈ જવાની સેવામાં મંડી પડ્યા હતા !

માંડણ ભગત કહે : 'સ્વામી ! આ કામ આપ ન કરો. અમે બધા છીએ ને !'

'તમે છો, પણ તમને લાભ થશે. મને શું ? માટે કરવા દો.' પ્રમુખ-સ્વામીએ હસતાં હસતાં કહ્યું : 'અહીં ઠાકોરજીના થાળ થશે. સંતો-હરિભક્તો જમશે ! મોટા અવતારોને ન મળે તેવી આ સેવા છે.' એમ કહેતાં તેઓ સેવામાં જોડાઈ ગયા. એમને સેવા કરતાં જોઈને સંતો-હરિભક્તોને પણ ઉમંગ-ઉત્સાહમાં ભરતી ચડી જતી.

આજે એવા બમણા જોમમાં કાટમાળ અને પથરા પ્રમુખસ્વામી તથા સંતો-હરિભક્તોએ જાતે મહેનત કરીને રાતોરાત ખેસવી નાખ્યા. સ્વામીશ્રી

સમાચાર જાણી ખૂબ રાજી થયા.

તા. ૨૬મીએ રાત્રે ૧૨-૦૦ વાગે રાજકોટ થઈ, ગોંડલ પધાર્યા.

૩૦ વર્ષ પછી, ગોંડલમાં સ્વામીશ્રી તા. ૨૭-૩-'૬૯ના રોજ ૧૮૯મો હરિજયંતી મહોત્સવ ઊજવી રહ્યા હતા. કારણ, પ્રતિવર્ષ આ સમૈયો અમદાવાદમાં જ ઊજવાતો. સંતોએ ઘુમ્મટ નીચે છપૈયાનું દૃશ્ય ખડું કર્યું હતું. મહંત સ્વામીએ મુંબઈથી સુંદર હાર મોકલ્યો હતો. જે સ્વામીશ્રીએ ઘનશ્યામ મહારાજને ધારણ કરાવ્યો. સ્વામીશ્રીએ હાર સાથે ઘનશ્યામ મહારાજને દંડવત્ કર્યા.

રાત્રે ૧૦-૧૫ વાગે હરિજયંતીની આરતી ઉતારી. પછી સંતોએ તે હાર સ્વામીશ્રીને પહેરાવ્યો. તે પ્રસાદી હાર સ્વામીશ્રીએ મુંબઈના પ્રેમી હરિભક્ત મગનભાઈ રાજાને સ્મૃતિરૂપે પહેરાવ્યો.

તા. ૨૮મીએ હાઈસ્કૂલનો વાર્ષિક ઉત્સવ હતો. જેમાં વિદ્યાર્થીઓએ સ્વામીશ્રી સમક્ષ અંગ્રેજી, હિંદી તથા ગુજરાતી સંવાદો રજૂ કર્યા હતા. પ્રવચનો અને રાસના કાર્યક્રમ પછી, અહીં કૉલેજ થાય એવા આશીર્વાદ સ્વામીશ્રીએ પાઠવ્યા હતા.

ભાદરાની અલ્પ સેવાનો મહદ્ લાભ

ડાંગરવાના કરસનદાસ અંબાલાલ અને પુરુષોત્તમદાસ મારફતિયા ભાદરા મંદિરની મૂર્તિઓ અમદાવાદથી ભાદરા પહોંચાડી, અહીં સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. કરસનદાસે આ મૂર્તિઓ પહોંચાડવાની સેવામાં પોતાની ટ્રક સાથે લીધી હતી. તે વાત પુરુષોત્તમદાસે સ્વામીશ્રીને ચાલુ સભામાં જ કરી.

સ્વામીશ્રી ખૂબ રાજી થયા. આશીર્વાદ આપ્યા અને સભામંડપમાંથી ઊઠી, કંકુ-ફૂલ વગેરે મગાવી ટ્રક પાસે આવ્યા. ટ્રકને ચાંદલો કરતાં કહે : 'કરસનભાઈ ! તમે અમારી બહુ સેવા કરી છે, તો એકમાંથી સાત ટ્રક થશે !'

આ અણધાર્યા આશીર્વાદથી કરસનભાઈને અત્યંત આનંદ થઈ ગયો. તેમને અનેક ટ્રકો થઈ ગઈ. અલ્પ સેવાને મહદ્ માની, મોટાપુરુષો ક્યારે રંગમાં આવી જાય છે, તેની સૌને પ્રતીતિ આવી. અભિપ્રાય અને રુચિમાં ભળીને તેમણે આ સેવા કરી તેથી જ સ્વામીશ્રીને મન તેનું મહદ્ મૂલ્ય હતું.

'હાલો, ઘનશ્યામને ગોતવા જઈએ'

અહીંના મનસુખલાલ બખ્તરિયા પ્રાથમિક સ્કૂલમાં શિક્ષક હતા. છતાં

વર્ષો સુધી અક્ષર મંદિરમાં સંતોનું મુંડન કરવાની સેવા કરી હતી. તેમના પુત્રો વિનોદ અને હસમુખ બંને સ્વામીશ્રીની પૂજામાં સુંદર કીર્તનો ગાઈ સ્વામીશ્રીને રાજી કરતા.

એક વાર બંને ભાઈઓએ *'હું તો શોધી રહ્યો ધર્મકુમાર રે, કોઈ દેખાડો ધર્મકુમાર'* એ કીર્તન ગાયું. ત્યારે સ્વામીશ્રી બંનેને સંબોધીને કહે : 'ઘનશ્યામને ક્યાં ગોતવા જાવા છે ? હજુ મળ્યા નથી ? હાલો, ગોતવા જાઈએ !'

સ્વામીશ્રીનાં આ મર્મવચનોની બાળકોને શી ગમ પડે ? છતાં સ્વામીશ્રીને તાન રહેતું કે જીવ કેમ કરી પ્રત્યક્ષની વાત દૃઢ કરે !

બંને ભાઈઓએ એક વાર *'સુંદર શ્રીઘનશ્યામ રે, મારે મહોલે પધારો.'* એ કીર્તન ગાયું. સ્વામીશ્રી કહે : 'હજુ ઘનશ્યામ મહોલે પધાર્યા નથી ?'

પછી રાજી થઈને બંનેને ખૂબ જ આશીર્વાદ આપ્યા. વળી આવાં સુંદર કીર્તનો સંભળાવવા બદલ બાળકોને ભટેસા સાહેબ તથા પ્રભુદાસભાઈ પાસે રૂા. ૧૦/- અને બીજાને રૂા. ૫/- એમ ઈનામ પણ અપાવ્યાં.

બાળકોનાં દિલને સ્પર્શી હેત કરવાનું કૌશલ્ય બહુ ઓછા મહાપુરુષોને વરેલું હોય છે, જે સ્વામીશ્રીને સહજ હતું.

અહીં એક હરિભક્ત મંદિરની પ્રવૃત્તિ વિરુદ્ધ પ્રચાર કરતા. આમ સ્વામીશ્રી પ્રત્યે તેમને સદ્ભાવ ખરો. આ વાત સ્વામીશ્રી આગળ કોઈએ રજૂ કરી. સ્વામીશ્રીએ કહ્યું : 'આપણે તેમને સમજાવવા, ફોસલાવવા, તો કોઈ દિવસ પાછા વળી જાય. પણ ઉપેક્ષા ન કરવી.

'અવગુણ ઉપર ગુણ કરે, એ સજ્જન અભ્યાસ;
જો સુખડ સળગાવીએ, આપે સરસ સુવાસ.'

'પરોપકાર કરવો. પરમાર્થ મોટી સેવા છે. આપણો વિરોધી હોય તોપણ આપણે ગુણ લેવો ને સમજાવવો, તો જરૂર પાછો વળી જાય.'

એક વખત સ્વામીશ્રીએ ઉકાળો પીતાં પહેલાં ઉધરસની દવા લેવાની શરૂઆત કરી, ત્યાં ઉધરસ આવી. એટલે સ્વામીશ્રી કહે : 'જો બોલી - 'હું છું, હજી ગઈ નથી !' એમ ઉધરસ કહે છે.' એ સાંભળી સૌ હસી પડ્યા.

અનહદ સૂરના શ્રોતા

એક વાર સ્વામીશ્રી નિજ મંદિરના ઉત્તર દેરામાં મહારાજ, સ્વામી અને ગોપાળાનંદ સ્વામીની મૂર્તિઓ સામે અનિમેષ દૃષ્ટિએ જોતાં, આર્દ્રભાવે દર્શન

કરી રહ્યા હતા. બે હાથ જોડી મહારાજની સામે દૃષ્ટિ પરોવતાં સ્વામીશ્રી મહારાજને કહે : 'જય સ્વામિનારાયણ.'

આ દિવ્ય મિલનના બિન અનુભવી એક સેવકે અજાણતાં કહ્યું : 'કોઈ સાંભળતું નથી.'

જાગ્રતમાં પણ નિર્વિકલ્પ સમાધિનું સુખ નિત્ય અનુભવતા સ્વામીશ્રી તુરત કહે : 'મહારાજ સામે કહે છે, 'જય સ્વામિનારાયણ !' પણ તમને સંભળાય નહિ.'

એમની સ્મિત મધુર આંખોમાં આ બોલાયેલા શબ્દોની પ્રતીતિ ઝળકતી હતી. સૌ વિસ્મિતભાવે આ શબ્દોને વાગોળતા રહ્યા.

તા. ૩-૪-'૬૯, રીબડા સહજાનંદ ઈન્ડસ્ટ્રીઝમાં પગલાં કરી, રાજકોટ થઈ, બપોરે ૧-૩૦ વાગે ભાદરા આવી પહોંચ્યા.

❀ ❀ ❀



અક્ષર તીર્થની આરાધના

ભાદરા મંદિર અને મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ માટે સ્વામીશ્રીનો ઉત્સાહ અવર્ણનીય હતો. હજુ ઉત્સવ તો તા. ૨૩-૪-'૬૯ના હતો, પણ ઉત્સવની તૈયારીઓ જાત દેખરેખ નીચે થાય, એ નિમિત્તે આ સાક્ષાત્ ગુણાતીત જન્મ સ્થાનમાં પોતાને સેવાનો લાભ મળી જાય, તેનો સ્વામીશ્રીને ઉમંગ હતો. આમ તો પ્રમુખસ્વામીએ સંપૂર્ણ જવાબદારી સંભાળી લીધી હતી. પાણીનો પ્રશ્ન વિકટ હતો. નદીના પટમાં અને કાંઠે ક્યાંય પાણી નહોતું. સામે કાંઠે એક કૂવો સાજો હતો. જેમાં કેવળ સ્વામીશ્રીના આશીર્વાદથી જ પાણી ખૂટતું ન હતું.

જોગીની વાણીની બલિહારી

પાણીનો મોટો પ્રશ્ન હલ કરવા સ્વામીશ્રીએ નદીના સામે કાંઠે કૂવો કરવાની આજ્ઞા કરી હતી. તે કર્યો છતાં પાણી નીકળ્યું નહીં. હરિભક્તોની ઘણી મહેનત વિફળ ગઈ.

થોડું વધુ ખોદતાં થોડું પાણી થયું, પણ એન્જિન ચાલુ કરે અને પાંચ મિનિટમાં પાણી ખૂટી જાય. દેવજીભાઈ રત્નાભાઈ મળસ્કે ૪-૦૦ વાગે મંદિરે આવ્યા. તેમને સ્વામીશ્રીને મળવું હતું. તેમણે ઓરડા બહાર દંડવત્ કર્યા. ત્યાં અંતર્યામીપણે સ્વામીશ્રીએ સેવકને કહ્યું : 'બહાર જુઓ, કોઈ આવ્યું છે ? તેમને અહીં બોલાવી લાવો.'

દેવજીભાઈ વગેરે સ્વામીશ્રીની પાસે આવ્યા. સ્વામીશ્રીએ ખબર પૂછ્યા. તેમણે પાણી અંગે માહિતી આપી - 'પાણી કેમ ખૂટી જાય છે ?' ત્યારે સ્વામીશ્રી જાતે કૂવે પધાર્યા અને પાણી માટે આશીર્વાદ આપ્યા. પ્રમુખસ્વામી પણ આ સમયે સાથે હતા.

બાદ અજાભાઈ વગેરે હરિભક્તોને પણ સાથે લીધા. સ્વામીશ્રીએ જાતે

કૂવામાં ફૂલ પધરાવ્યાં અને અન્ય સૌએ પણ સ્વામીશ્રીએ આપેલાં ફૂલ કૂવામાં નાખ્યાં અને એન્જિન ચાલુ કર્યું. જોતજોતાંમાં પાણીની મોટી ટાંકી ભરાઈ ગઈ, પણ પાણી એક તસુ પણ ઓછું થયું નહિ ! સૌ આશ્ચર્યવત્ જોઈ રહ્યા કે આ શું ?

સ્વામીશ્રી દેવજીભાઈને થાપો આપતાં આનંદથી બોલી ઊઠ્યા : 'જાવ, હવે પાણી ખૂટશે નહીં. ત્રણ ટાણાં આપણે હરિભક્તોને સમૈયામાં જમાડવાના છે, તે ત્રણ ટાણાં પાણી આવવું જ જોઈએ ને !'

અને સ્વામીશ્રીના વચન પ્રમાણે પૂરતું પાણી આવવા લાગ્યું. ચોવીસ કલાક એન્જિન ચાલુ રહે છતાં ડગ ન દે એવું પાણી સ્વામીશ્રીની કૃપાથી થઈ ગયું.

અને આશ્ચર્યની વાત તો એ બની હતી કે સમૈયા પછી બીજે દિવસે જ કૂવામાં એક ટીપુંય પાણી ન મળે !

સ્વામીશ્રીની આજ્ઞા થતાં ઠેઠ સામે કાંઠેથી ગામમાં મંદિર અને ધર્મશાળા સુધી પાણીની લાઇન લાવવાની વ્યવસ્થા પ્રમુખસ્વામીએ જાતે રાત-દિવસ ઉજાગરા કરી કરાવી. સમય થોડો હતો. કામ ઘણું કપરું હતું. કારણ, નદીનો પહોળો પટ વીંધીને પાઇપ લાઇનને આ કાંઠે ગામમાં પહોંચાડવાની હતી. ભલભલાની હિંમત હલી જાય એમ હતું. પણ પ્રમુખસ્વામીએ મજૂરો અને સ્વયંસેવકો સાથે રહી, જાતે સેવા કરી કરાવી ને એ કાર્ય પાર પાડ્યું. પાઇપોની સેવા દાવોલવાળા બેચરભાઈ ડાહ્યાભાઈ પટેલે કરી હતી.

તપ ને સેવા એક લાઇનમાં ચાલે

તા. ૫મીએ સવારે સ્વામીશ્રી સ્નાન કરતાં કહે : 'આ વખતે ઉપવાસ કેમ સાંભરતા નથી ? ઉપવાસ વિના ન ચાલે. પણ ઉપવાસ કરીને સૂઈ રહે તે ન ચાલે. કામ કરવું જોઈએ. તપ અને સેવા બેય એક લાઇનમાં ચાલે.'

અહીં ધર્મશાળામાં મોટા મોટા ખાડાની પૂરણીનું કામ ચાલતું હોવાથી સ્વામીશ્રીએ કોઈ યુવકોને અઠવાડિયાથી ઉપવાસ આપ્યા ન હતા. તે સંભારતાં બોલ્યા : 'એક સાથે બધા કરશો કે ત્રણ ત્રણ જણા ઉપવાસ કરશો, તે બોલો.'

પછી પોતાની મેળે જ ત્રણ ત્રણને વારા પ્રમાણે ઉપવાસ આપ્યા. પછી લીંબડીવાળા ભરતને યાદ કર્યો : 'ભરત કેમ ન આવ્યો ? તેલના ભાવ ખાતો હશે. બે હજાર રૂપિયા નફો મળી જશે.' એમ કહીને હસ્યા.

વળી, સૌ યુવકોને આનંદ કરાવતાં સ્વામીશ્રી કહે : 'સભામાં બેસું છું ત્યારે પરસેવો થાય; પણ આરામ કરું છું ત્યારે પંખાની જરૂર પડતી નથી ને

ઓઢી લઉં છું.'

ત્યારે એક યુવક કહે : 'બાપા ! આપની રીત જગતસે ન્યારી !'

એટલે સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'હા... એ ખરું છે. આપણાં ખાતાં જુદાં. આપણો ચોપડો જુદો !'

સૌને આ શબ્દોમા રમૂજ સાથે મર્મ પણ મળ્યો.

સાંજે ૬-૩૦ વાગે સ્વામીશ્રી આરામમાં ગયા. નિયમ પ્રમાણે આજે ગુણવંતભાઈ ટપાલ વાંચવા બેઠા. થોડું અંધારું હતું. ઝાંખો પ્રકાશ હતો. તેથી સ્વામીશ્રીના પલંગ ઉપર ચાદરની આડશ ગોઠવી, ગુણવંતભાઈ લાઇટ કરવા ઊઠ્યા. ત્યારે સ્વામીશ્રી કહે : 'હજુ તો દેખાય છે. બીજી બારી ખોલો. લાઇટ ન કરવી.' પછી તેમણે બારી ખોલીને વાંચવાનું શરૂ કર્યું.

થોડી વાર પછી સ્વામીશ્રી બોલ્યા : 'હવે લાઇટ કરો.'

તેમણે કહ્યું : 'બાપા ! બારી ખોલી તેથી ખૂબ જ પ્રકાશ આવે છે ને દેખાય છે.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'તો સારું. અમે શાસ્ત્રીજી મહારાજ ભેળા રહેતા. સ્વામી કરકસર બહુ કરાવતા. મંદિરનો એક પૈસો ખોટો બગડવા ન દે.' એમ ઘણી વાતો કરી, મંદિર અને ઠાકોરજીનું મમત્વ રાખવા નિર્દેશ કર્યો.

જાણે-અજાણે કલ્યાણ !

એક દિવસ નદીને સામે કાંઠે ચાલતા કૂવા ગાળવાના કાર્યને તથા નદીમાંથી નંખાતી પાણીની પાઇપ લાઇનના કાર્યને નિહાળી, સ્વામીશ્રી ઊંડ નદીને કિનારે શ્રીહરિ સ્નાન કરતા, એ ઘાટ ઉપર વડલા નીચે પધાર્યા. વડલાને પ્રદક્ષિણા કરી દંડવત્ કર્યા. 'હાલો ભેટીએ' એમ બોલતાં બે આજાન બાહુ પ્રસારી, મહારાજની પ્રસાદીરૂપ વડલાને જાણે મહારાજને જ ભેટતા હોય એવા ભાવથી બાથમાં લઈ ભેટ્યા. પછી ત્યાં જ છાંયે સભા ભરી. વડલાને અઢેલીને પ્રસન્ન વદને, ઉગમણે મુખારવિંદે, એક ગોઠણ ઉપર હાથ પ્રસારીને સ્વામીશ્રી લાક્ષણિક મુદ્રામાં બિરાજ્યા હતા. બાજુમાં પોતાની પાઘ મૂકી હતી.

એ સમયે એકાએક જ ઉપરથી કોઈ પક્ષી ચરક્યું, તે સ્વામીશ્રીની પાઘની અંદર જ બરાબર પડ્યું. ક્ષણભર તો બધા જોઈ જ રહ્યા કે આ શું થયું ?

સ્વામીશ્રી તો પૂર્વવત્ એ જ સ્વસ્થ અને પ્રસન્ન ચિત્ત ! જાણે કાંઈ બન્યું જ નથી. સૌ મોઢું બગાડી, ઘડીક ઊંચે તો ઘડીક નીચે આશ્ચર્યવત્ જોઈ રહ્યા

હતા. ત્યારે હાથનું હળવું લટકું કરતાં, હસતાં હસતાં ધીરેકથી સ્વામીશ્રી બોલ્યા : ‘એનું કલ્યાણ થઈ ગયું !’

‘હવે પ્રમુખસ્વામી મંદિરો કરશે’

અહીં સ્વામીશ્રી વહેલી સવારથી જ સંતો-હરિભક્તોને સેવાની સોંપણી કરી દેતા અને પોતે આ મહોત્સવ માટે સંતો-હરિભક્તોમાં અપાર ઉત્સાહ ભરી દેતા. વળી, કામકાજમાં ભારે ચીવટ રાખતા. સ્વામીશ્રીની આવી ખુમારી અને ધગશ જોતાં સૌને કેફ ચડી જતો.

તા. ૬-૪-’૬૯ના મંગળ પ્રવચનમાં સ્વામીશ્રીએ અગમવાણી ઉચ્ચારી : ‘હવે આ અમારું છેલ્લું મંદિર છે. હવે પછીનાં મંદિરો પ્રમુખસ્વામી કરશે.’

ત્યારે કુસુમરાય દીવાને પૂછ્યું : ‘બાપા ! આમ કેમ ? હજુ તો આપે ઘણાં મંદિરો કરવાનાં છે.’

સ્વામીશ્રી કહે : ‘શિખરબદ્ધ મંદિર આ છેલ્લું છે. આપણે શિખરબદ્ધ મંદિરમાં સાધુઓ રાખવા જોઈએ. એટલા બધા સાધુઓ આપણી પાસે નથી. હજુ તો આપણે સાતસો સાધુઓ કરવા છે. જેથી દરેક શિખરબદ્ધ મંદિરમાં સો-સો સાધુ રાખી શકાય. જેમાં પચાસ મંદિરમાં અને પચાસ સાધુઓ ફરતા રહે. તે સાતસો સાધુ પ્રમુખસ્વામી કરશે.’

સવારે સ્નાન કરતી વખતે પણ સ્વામીશ્રીએ સર્વે યુવકોને કહેલું કે ‘આ ભાદરા મંદિરની પ્રતિષ્ઠા છેલ્લી છે. હવે પ્રમુખસ્વામી મંદિર કરશે.’

આવી સ્મૃતિમાં ભાગીદાર થવા વસોના બકુભાઈ અમીન અને મહેન્દ્રભાઈ બાપુને સ્વામીશ્રીએ પત્ર લખ્યો કે ‘તમે જમનાદાસ બાપુજી સાથે પંદર દિવસ વહેલા ભાદરા આવી જજો.’ સ્વામીશ્રીએ આવવા માટે પત્રમાં ભારપૂર્વક લખીને જણાવ્યું હતું કે ‘આ અમારી છેલ્લી મૂર્તિપ્રતિષ્ઠા છે.’

સ્વામીશ્રીએ સ્થળે સ્થળેથી અને ગામેગામથી આવા નિષ્ઠાવાળા હરિભક્તોને બોલાવીને ખૂબ સુખ આપ્યું અને ખૂબ લાડ લડાવ્યા હતા. સાથે સાથે પોતાના ભાવિનાં એંધાણ આપી દીધાં હતાં. પરંતુ સ્વામીશ્રી પોતાની દિવ્ય લીલામાં સૌને મોહ પમાડી દેતા, જેથી કોઈને બીજો અણસાર સુધ્ધાં આવી શકતો નહીં.

બકુભાઈ તથા મહેન્દ્રભાઈ અમીનને સ્વામીશ્રી જાતે પોતાના હાથે જ પીરસીને જમાડતા અને ભક્તોના મનોરથ પૂર્ણ કરતા.

ધર્મશાળાના પ્રાંગણમાં ઊંડા ખાડા હતા, તે પૂરવાનું સેવાકાર્ય દિવસ-રાત ચાલતું હતું. સ્વામીશ્રી રોજ ત્યાં ખુરશી નાખી બિરાજતા કથા કરે, પત્રો લખે, કાર્યકર્તાને સૂચના આપે, પણ સ્થળ છોડે નહિ. તો બબે - ત્રણ ત્રણ માથોડાં ઊંડા ખાડા ગામના હરિભક્તો તથા યુવકોએ ભારે પરિશ્રમ કરી પૂરી દીધા. બધી ભૂમિ સમથળ થઈ ગઈ. જ્યાં સભામંડપ, ભોજનમંડપ, યજ્ઞમંડપ વગેરે મંડપો સારી રીતે શોભી ઊઠ્યા. આમ, ભાદરામાં મહોત્સવ પહેલાં ૨૦ દિવસ આગળથી પડાવ નાખીને કથાવાર્તા, ભજન-ભક્તિ કરતાં કરતાં, સૌને હિંમત ને ઉત્સાહ પ્રેરતાં પ્રેરતાં સ્વામીશ્રીએ સંતો, હરિભક્તો તથા યુવકો પાસે ઉત્સવની અનેકવિધ તૈયારીઓ સારી રીતે કરાવી. એકંદરે સેવા કરનાર તમામને સ્વામીશ્રીના સાંનિધ્ય સાથે એમની પ્રસન્નતા મેળવવાનો આ અનેરો અવસર મળી ગયો, અલૌકિક સ્મૃતિ મળી ગઈ.

પ્રતિષ્ઠાનો સમય નજીક આવી રહ્યો હતો. એવામાં મુંબઈના કોઈ હરિભક્તને દર્શન કરાવવા ઘનશ્યામપ્રસાદ સ્વામી એક સંતને લઈને ભાદરા ગયા. સ્વામીશ્રીએ તેમને રસોડાની સેવામાં રોકી લીધા. વહેલી સવારથી મોડી રાત સુધી અનેક પ્રકારનાં સેવાનાં કાર્યો ચાલતાં હોય, સેંકડો યુવાનો તથા હરિભક્તો સેવા કરતા હોય, એટલે સૌને જમાડવાનું - રસોડાનું કાર્ય પણ આખો દિવસ ચાલતું. સાધન-સગવડ ઓછાં એટલે ભીડો સારો રહે. રાત્રે મોડે સુધી કામ ચાલે. પ્રમુખસ્વામી જાતે ઊભા રહી હરિભક્તોને સુખડી-ગાંઠિયા જમાડતા. એટલે સંતોએ તો ખડે પગે રહેવું પડે.

ટાણે-કટાણે સરભરામાં ખબડદાર

એક વખત કામથી પરવારી ઘનશ્યામપ્રસાદ સ્વામી મંદિરના સભા-મંડપમાં જરા આડે પડખે થયા અને ઊંઘ આવી ગઈ.

એવામાં લગભગ બપોરે ૨-૩૦ વાગે સ્વામીશ્રી તેમની પાસે આવ્યા. જગાડ્યા અને હરિભક્તોને ચા-પાણી કરાવવા આજ્ઞા કરી. ઘનશ્યામ સ્વામી જરા ઝંખવાઈ ગયા, પણ સ્વામીશ્રીના હુંફાળા સ્પર્શથી હળવાશ અનુભવી. બપોરના આવા કટાણે પણ સ્વામીશ્રીને હરિભક્તોની ચિંતા કરતા જોવા, એ તેમને મન આશ્ચર્ય હતું ! પણ સ્વામીશ્રીને મન હરિભક્તોનો મહિમા હતો, હરિભક્તોની સેવા હતી !

તા. ૮મીએ સવારે સ્વામીશ્રી સ્નાન કરતાં કરતાં બોલ્યા : 'આજે

યુવકોએ ઉપવાસ કર્યા તે એક ઉપવાસ એક લાખનો. આઠ લાખના આઠ ઉપવાસ થયા.'

બપોરે કહે : 'આજે ઉપવાસ યુવકોએ કર્યા તે બધું કામ પૂરું થઈ જશે.' એમ ઉપવાસનો બહુ મહિમા કહ્યો ને ખૂબ પ્રસન્નતા જણાવી.

સ્વામીશ્રી બપોરે ઊઠીને ૩-૩૦ વાગે બહાર પધાર્યા ત્યારે બાલમુકુન્દ સ્વામીને કહે : 'જૂનાગઢમાં સંતો ૩-૩૦ વાગ્યાથી એક કલાક ધ્યાન કરે.' એમ ધ્યાનનો આગ્રહ બતાવ્યો.

તા. ૧૩મીએ સાંજે સ્વામીશ્રી આરામમાંથી ઊઠ્યા ત્યારે સામે ઊભેલા હરિભક્તોને કહે : 'પ્રતિષ્ઠા ઉત્સવ છે, માટે યજ્ઞમાં બેસવાનો મહિમા હું બધાને લખીશ એટલે સૌ બેસશે.'

પછી થોડી વાર રહીને બોલ્યા કે 'આ છેલ્લું મંદિર છે.'

ત્યારે ગુણવંતે કહ્યું : 'બાપા ! ઘણાં મંદિર થશે અને આપના હાથે પ્રતિષ્ઠા થશે.'

ત્યારે બોલ્યા : 'આપણી હયાતીમાં હવે ન થાય. મહારાજે પણ પોતાની હયાતીમાં છ મંદિર બાંધ્યાં.'

સમાગમથી દોષ ધોવાય છે

અહીં કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

'ભગવાન મળ્યા પછી કરવાનું એ છે જે, જાણપણારૂપ દરવાજે રહેવું તથા સંગ ઓળખવો તથા હઠ, માન અને ઈર્ષ્યા ન રાખવી.' મહારાજ છતાં ત્રણે વાનાં આવ્યાં અને સુખ ન રહ્યું. મછિયાવમાં ફઈબાએ હઠ રાખી, અલૈયાખાચરે માન રાખ્યું અને ગઢડાના જીવાખાચરે ઈર્ષ્યા રાખી. ત્રણેયનાં પરિણામ સારાં ન આવ્યાં ને મહારાજ કુરાજી થયા.

'સ્વભાવ જાય તો મોટા રાજી થઈ જાય. સ્વભાવ કાઢવાનું ઠેકાણું સંત સમાગમ છે.'

'કુંડળના હોથિયો પટગર હતા. ક્રોધી બહુ. એક દી' ચોમાસાનો વખત હતો. મેઘલી રાત હતી. હોથિયા પટગર બહાર નીકળ્યા હતા. અંધારું ખૂબ. ગારો બધે થયેલો. રસ્તા વચ્ચે કોઈએ ગાડું મૂકેલું તે અંધારામાં તેમનાં ઢીંચણે ગાડું ભટકાયું. હોથિયા પટગરને જે રીસ ચડી તે ગાડાના કાગવાને (આગલા ભાગને) બટકું ભર્યું, તે પોતાના આગલા બે દાંત પડી ગયા. આ તો ગાડાને

બટકું ભર્યું; પણ જો સામો માણસ મળ્યો હોત તો ? ખૂન કર્યા વગર રહે ? આવા ક્રોધી હતા.

'પછી મહારાજના જોગમાં આવ્યા ને ગઢડે ગયા. મહારાજે તેમને સાધુ કર્યા ને નિર્માનાનંદ નામ પાડ્યું. પૂર્વના મુક્ત તેથી મહારાજની દૃષ્ટિ પડી ગઈ. પછી તો કોઈ ધખે, વઢે, તોય રીસ ન ચડે. કોઈ કહે : 'આમ કેમ ? તમે તો ગાડાનેય બટકું ભર્યું હતું ને ?' ત્યારે કહે : 'હોથિયો પટગર મરી ગયો. હવે તો નિર્માનાનંદ થયા.' આમ, હોથિયા પટગરે મહારાજની દૃષ્ટિથી સ્વભાવ જીત્યા.

'સમાગમથી દોષ ધોવાય છે. નિર્દોષ થઈ જઈએ છીએ. ગઢડા મધ્યના ૭માં કહ્યું કે 'સાધને કરીને કસર તો આ જન્મે કે બીજે જન્મે ટળે, પણ તરત જે વિકારમાત્ર ટળવા તે પરમેશ્વરની કૃપા વડે થાય. અને તે કૃપા તો સંતની સેવાએ કરીને થાય છે. સમાગમ કરતાં કરતાં જ્ઞાન થાય, પછે મોટા-પુરુષની કૃપા થાય તો સ્વભાવ ટળે. સત્પુરુષની કૃપાથી શાંત વાતાવરણ થઈ જાય. ઉદ્વેગ-ઉપાધિ ન રહે. સ્વામીને સેવે તો તેના ગુણ આવે જ. 'જેવો સાંઢ હોય તેવું વાછરુ આવે. જેવો ઘોડો હોય તેવું વછેરુ આવે. તેમ જેવા ગુરુ સેવ્યા હોય તેવા ગુણ શિષ્યમાં આવે છે.' ગુરુને સેવ્યા ને ચેલામાં દૈવત આવે તેનું શું કારણ હશે ? તે ઉપર વાત છે :

'આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ પાસે ચાર પાર્ષદો અખંડ સેવામાં રહેતા. આચાર્ય મહારાજ પાસે દેશ-વિદેશના હરિભક્તો માલ, મિઠાઈ, મસાલા જે કાંઈ લાવે તે બધું આ ચારે જણા મૂકે-સાચવે. કોઈને દિયે-લ્યે. આમ, મોજમજા કરે. પણ મહારાજશ્રીના ગુણ પ્રાપ્ત ન કર્યા. પદાર્થ આવે તે પ્રાપ્ત કરે. પછી તો રઘુવીરજી મહારાજ ધામમાં ગયા. તો આ ચારે પાર્ષદો રુવે. આંખમાંથી આંસુડાં બહુ પડે.

'આ જોઈ જાગા સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું : 'સ્વામી ! આવું હેત અમને તમારામાં નહિ.' ત્યારે સ્વામી કહે : 'આ રઘુવીરજી મહારાજ સારુ નથી રડતા, પણ આ પદાર્થ આવવાના હવે બંધ થયા તેનું રુવે છે કે હવે અમને સારા સારા પદાર્થો કોણ દેશે ?' જો ગુણ પ્રાપ્ત કર્યા હોત, તો જે સુખ રઘુવીરજી મહારાજને આવતું તે તેમને આવત. હરિભક્તોને પણ મહિમા રહે કે 'આચાર્ય મહારાજના મળેલા છે. તેમના ગુણ પ્રાપ્ત કરેલા છે.' માટે નિઃસ્પૃહી રહેવું તે જ ઉત્તમ. ભગવાનને પ્રતાપે વસ્તુનો ક્યાં તોટો છે ? ગુણાતીતાનંદ સ્વામી તો મહિને મહિને સાધુની ઝોળી તપાસતા. કોઈ વસ્તુ વધવા ન દે. વધુ

હોય તો કઢાવી નાખે. એવા નિયમ પળાવતા.

'જાગા સ્વામીએ સ્વામીને પૂછ્યું : 'જૂનાગઢ ને ગઢડાના સાધુનાં વર્તનમાં શું ફેર છે ?' સ્વામી કહે : 'કામઢા (મહેનતુ) ખેડુનો શેઢો ગોબરો ન હોય. એના ચાસ સરખા હોય. શેઢા ઉપર જ્યાં ત્યાં ઘાસ ઊગેલું ન રહેવા દે. નકશા દોરે તેવી સીધી લીટી હોય. સાધુને ખટકાથી બરાબર વર્તાવે.' ગુણાતીત સ્વામીને પરતાપે જૂનાગઢમાં સાધુનાં વર્તન ચોખ્ખાં રહેતાં. એક જૂનાગઢમાં એક દીવે દીવો. એક સરખી પથારીએ પથારી. એક ગોળે ગોળો (પાણીનો).

'સ્વામી જૂનાગઢમાં ત્રણ જાતના દીવા રાખતા. એક કથાનો, તે વધુ પ્રકાશવાળો હોય. વાંચવાવાળાને આંખ ન તણાય. બીજો મગિયો, હાલતાં-ચાલતાં કોઈ ભટકાય નહિ તેથી થોડા પ્રકાશવાળો. અને ત્રીજો સૂવાનો, તે સાવ ધીરો.

'જૂનાગઢમાં એક પાણીને ગોળે ૨૦૦ સાધુ પાણી પી લ્યે. દાતણનો ઢગલો કરે. બધા ત્યાંથી દાતણ લઈ લ્યે. સ્વામીનું પોતાનું વર્તન ચોખ્ખું હતું, તો સંત બધાએ વર્તમાન સારધાર પાળ્યાં.'

ગુણાતીતનગરની ગાથા

સ્વામીશ્રીની હાજરી સમગ્ર ભાદરા તીર્થમાં છવાઈ ગઈ હતી. મંદિરે જઈએ તો ત્યાં પણ કથા કરતા સ્વામીશ્રીનાં દર્શન થાય. ધર્મશાળામાં કામ ચાલતું હોય ત્યાં પણ ખુરશી નાખીને બેઠા હોય. ઘાટ ઉપર જઈએ તો ત્યાં પણ એમનાં દર્શન થઈ જાય. એમ જ્યાં જઈએ ત્યાં એમનાં દર્શન થઈ જાય. એમ જ્યાં જઈએ ત્યાં સ્વામીશ્રી સામે મળી જાય. એવા સ્વામીશ્રી સમગ્ર ભાદરા તીર્થમાં જ્યાં જઈએ ત્યાં નજરે પડતા હતા.

ઘણાં વર્ષો પહેલાં શાસ્ત્રીજી મહારાજની પ્રેરણાથી અમદાવાદના ભક્તરાજ પ્રૉફેસર જેઠાલાલ સ્વામિનારાયણ અહીં આવેલા અને ગુણાતીતાનંદ સ્વામીના પૂર્વાશ્રમનાં ઘર, ગામમાં બ્રાહ્મણના ફળિયામાં શોધી કાઢેલાં.

તે પછી શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી રાજકોટમાં રહેતા કૃષ્ણજી અદાના મંડળના હરિભક્તોએ આ ઘર વેચાતાં લઈ, જન્મ સ્થાન ઉપર ઓટો કરી, શ્રીજી-મહારાજનાં ચરણારવિંદ પધરાવેલાં.

બાદ ગુણાતીત જ્ઞાનના ઘણા હરિભક્તો અહીં યાત્રાએ આવતા. શેઠ હીરજીભાઈ પણ અવારનવાર આવતા. તેમને તથા ભાદરાના માંડણ ભગતને

શાસ્ત્રીજી મહારાજે આશીર્વાદ આપેલા કે 'અહીં શિખરબદ્ધ મંદિર થશે.'

રાજકોટનાં ભક્તરાજ ફુલીબાની પ્રેરણાથી માસુમઅલી શેઠે આ નિમિત્તે સારી સેવા કરી અને સ્વામીશ્રીએ અહીં મંદિરની પ્રવૃત્તિ શરૂ કરી. જન્મ સ્થાનની આજુબાજુનાં ઘણાં મકાનો સ્વામીશ્રીની પ્રેરણાથી સંસ્થાએ ખરીદી લીધાં. આ યાત્રાધામની ભવિષ્યની મહત્તાને લક્ષ્યમાં લઈને સ્વામીશ્રીએ અહીં 'ગુણાતીત-નગર' સ્ટેશન કરાવરાવ્યું. ધર્મશાળા માટે મોટી જગ્યા બારદાનવાળા શેઠ પાસે ભેટ લીધી.

મુક્તિજીવન સ્વામી, ભક્તિતનય સ્વામી, અક્ષરસ્વરૂપ સ્વામી, ભગવત્-સિંહ બાપુ, પ્રેમશંકર દવે વગેરે અહીં શરૂથી સેવાકાર્યમાં જોડાયા. મણિભાઈ મિસ્ત્રીએ મંદિરનું બાંધકામ શરૂ કર્યું. મુંબઈના મોહનભાઈ રાઠોડ તથા દુર્ગેશભાઈ જોશી અવારનવાર અહીં આવી કાર્યની દોરવણી આપતા. લક્ષ્મીદાસ ગણાત્રા તથા છોટુભાઈ વકીલ પણ અત્રે અવારનવાર આવી ધ્યાન રાખતા. સ્વામીશ્રીની પ્રેરણાથી એક વર્ષમાં મંદિરનું કામ સંપૂર્ણ થઈ ગયું.

મંદિર માટે મૂર્તિઓ તથા સિંહાસનનું કામ મને સોંપાયું. શ્રીજી-મહારાજની મૂર્તિ અમદાવાદ તૈયાર હતી. તેને અનુરૂપ સદ્. ગુણાતીતાનંદ સ્વામી તથા સદ્. ગોપાળાનંદ સ્વામીની મૂર્તિનો ઑર્ડર જયપુરમાં અપાયો તથા સિંહાસનનો ઑર્ડર મકરાણા હરિપ્રસાદ સોમપુરાને અપાયો. હું તથા દેવચરણ સ્વામી, પ્રગટ ભગત અને પ્રવીણભાઈ ઓડવાળા જયપુરમાં મૂર્તિઓની દેખરેખ માટે રોકાયા. ઘનશ્યામસિંહ બાપુ જાયવાવાળા મકરાણા સિંહાસનના કામની દેખરેખમાં રહ્યા. સાથે મોહનભાઈ ગોળવાળા મિસ્ત્રી તરીકે મુખ્ય હતા.

પ્રતિષ્ઠા અગાઉ એક મહિનો પ્રમુખસ્વામી તથા બાળમુકુંદ સ્વામી ભાદરા પધાર્યા. ધર્મશાળાની જગામાં ખાડાઓ પૂરવા, પાણી લાવવા માટે ગામથી પોણો માઈલ દૂર કૂવો ખોદી પાઇપ લાઇન નાખવી, કૂંડીઓ કરવી, ટાંકી બનાવવી વગેરે કાર્યમાં ભાદરાના હરિભક્તો દેવજીભાઈ, માંડણભાઈ, કુરજીભાઈ, દેવશીભાઈ, માવજીભાઈ, અજાભાઈ, ડાહ્યાભાઈ, દામજીભાઈ, તળશીભાઈ, પીતાંબરભાઈ, વાલજીભાઈ, બોઘાભાઈ, રવાભાઈ, જાદવભાઈ વગેરે તથા યુવકોમાં વાલજીભાઈ તથા ભીમજીભાઈ તેમજ પ્રગટ ભગત, ગુણવંત ભગત, દેવા ભગત તથા ભેંસદડ, ધ્રોળ, જાયવા, જામનગર, રોહીશાળા, વલ્લભીપુર, ગોરાણા, મેમકા, મજોઠ, કંથારિયા, રાજુલા, બદલપુર, નડિયાદ વગેરે મંડળોના હરિભક્તો એક મહિનાથી અખંડ સેવામાં હતા. જોડિયા તાલુકા પંચાયતના

પ્રમુખ જીવરાજભાઈ તથા અન્ય સરકારી અધિકારીઓનો આ કાર્યમાં સંપૂર્ણ સહકાર હતો.

હકાભાઈ તથા ભગવત્સિંહજીએ પ્રતિષ્ઠા પ્રસંગે ઉતારાની વ્યવસ્થા ભાદરા, જોડિયા તથા ધ્રોળમાં કરી હતી. જોડિયાના શેઠ હંસરાજભાઈએ પોતાનો બંગલો તથા ધ્રોળ બાપુએ પોતાનો દરબારગઢ ઉતારા માટે આપ્યા હતા. ગોંડળ મહારાજાએ તંબુઓ તથા શમિયાણાં આપ્યાં હતાં.

રસોડામાં ભક્તિતનય સ્વામી, મોહન ભગત, ઈશ્વરભાઈ મસાલાવાળા, બાવાજીભાઈ તથા ગોરાણા મંડળ હતાં. ઉકાળા-પાણીની વ્યવસ્થા કૃષ્ણાભાઈ તથા નડિયાદ મંડળે કરી હતી. પીરસવાની વ્યવસ્થા ભાદરા મંડળે ખૂબ જ સારી રીતે કરી હતી. પૂછપરછ વિભાગમાં રાજકોટ મંડળ; સ્ટેજ વ્યવસ્થામાં શંભુસિંહ; ઑફિસ કાર્યમાં ગોરધનભાઈ દલ, ચુનીભાઈ ચાતુર્વેદી, કુસુમભાઈ દીવાન, ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ તથા પ્રભાશંકર પંડ્યા; પાગરણ વ્યવસ્થામાં એ.પી. પટેલ, વલ્લભભાઈ તથા રાજુલા મંડળ; સુશોભન કાર્યમાં મહંત સ્વામી તથા સંતો; સભા સંચાલન તથા નગરયાત્રા આયોજનમાં બળવંતરાય બ્રહ્મભટ્ટ તથા બકુભાઈ અમીન; આ રીતે જુદાં જુદાં કાર્યોની જવાબદારીથી પ્રતિષ્ઠા ઉત્સવની સુંદર વ્યવસ્થા જળવાઈ હતી.

ધર્મશાળાની વિશાળ જગામાં ઊંડા ખાડા પૂરી, સપાટ મેદાન ઉપર સુંદર સભામંડપ, યજ્ઞમંડપ, રસોડું અને સ્ટેજ 'જગદીશ મંડપ સર્વિસ'વાળા ભગુભાઈએ સેવા ગણી તૈયાર કર્યાં હતાં.

કરુણાશંકરભાઈ તથા ચીમનલાલ શાસ્ત્રીની દોરવણી હેઠળ તા. ૨૦મીએ યજ્ઞનો આરંભ થયો. ૩૬ યજમાનો બેઠા હતા.

વળતી રાત્રે જાહેર સત્સંગ સભા યોજાઈ, જેમાં હર્ષદરાય દવેએ 'ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર કઈ રીતે છે' તે સમજાવ્યું. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. બાદ રાસની હરીફાઈમાં ઉચ્ચ ઇનામો મેળવનાર લતીપુર સત્સંગ મંડળે રાસનો કાર્યક્રમ રજૂ કરી સહુને ખુશ કર્યા.

પંચ વર્તમાન પાળવાં એ અમૃત વાણી

તા. ૨૨મીએ સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ની સભામાં નારાયણ ભગતે ગુણાતીતાનંદ સ્વામીના મહિમાના શ્લોકોનું ગાન કર્યા બાદ ડૉ. સ્વયંપ્રકાશ સ્વામી, ગોવિંદસિંહજી ચુડાસમા, મહંત સ્વામી, ડૉ. દલ, મણિભાઈ બ્રહ્મભટ્ટ

વગેરેએ પ્રવચનો કર્યાં હતાં, દાસ ભક્તે પ્રતિષ્ઠા ઉત્સવનું કીર્તન ગાયું.

સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું કે 'અમૃત વાણી એટલે ધામમાં જવાનો રસ્તો. શ્રીજીમહારાજની વાણી વચનામૃત, શિક્ષાપત્રી, સ્વામીની વાતું વગેરે અમૃત વાણી કહેવાય. પંચ વર્તમાન પાળવાં એ અમૃત વાણી. મહારાજનો આશરો કરવો. મહારાજે કહ્યું છે કે 'મારો આશરો હશે તો સાત દકાળી પડશે તોપણ અન્ન-વસ્ત્ર આપીશ.' આમ મહિમા સમજી આજ્ઞા પાળવી.'

બાદ યજ્ઞમંડપમાં દીક્ષા વિધિનો કાર્યક્રમ યોજાયો.

બપોરે સ્વામિનારાયણ મંત્રોનું પૂજન થયું. જે જે હરિભક્તો મંત્રો લખી લાવ્યા હતા તેમને યજ્ઞમાં બેસાડી પૂજન કરાવવામાં આવ્યું.

અલૌકિક શોભાયાત્રા અને પ્રતિષ્ઠા ઉત્સવ

સાંજે ૬-૦૦ વાગે નીકળેલી નગરયાત્રામાં સૌથી આગળ નિશાન-ડંકા, ઢોલ-શરણાઈ, ઘોડેસવારો, લતીપુરની ભજન મંડળી, હરિભક્તો, આણદાની ભજન મંડળી, ગુરુકુળ બૅન્ડ, હરિભક્તો, સંતો, ગાડામાં ઠાકોરજીની મૂર્તિઓ, ત્રણ ગાડાંમાં સંતો, હરિભક્તો, એક ગાડામાં સ્વામીશ્રી સાથે પ્રમુખસ્વામી, બાલમુકુંદ સ્વામી અને મહંત સ્વામી, પછી હરિભક્તો અને ત્યારપછી કળશ સાથે મહિલાવૃન્દ. આમ, નગરયાત્રા સુંદર રીતે ગોઠવાઈ હતી. ધૂન-ભજન કરતાં સહુ શિસ્તબદ્ધ ચાલતાં હતાં. સહુનાં હૃદયમાં અપાર ઉત્સાહ અને આનંદ હતો. આખા ગામમાં ફરી નગરયાત્રા સભામંડપમાં વિરમી.

રાત્રે શંકર કવિના આખ્યાન બાદ આણદાની ભજન મંડળીએ આખી રાત કીર્તનો ગાયાં હતાં. હજારો હરિભક્તો આખી રાત સભામાં બેઠા હતા.

બીજે દિવસે સવારે ૧૦-૦૦ વાગે બૅન્ડ-વાજાં, ૫૧ તોપોની સલામી અને સ્વામિનારાયણ મહામંત્રની ગગનભેદી ધૂનના નાદ સાથે અક્ષરપુરુષોત્તમ ને ગોપાળાનંદ સ્વામીની અલૌકિક મૂર્તિઓની ભક્તિ અને ઉત્સાહના દિવ્ય વાતાવરણમાં પ્રાણપ્રતિષ્ઠા થઈ, સેંકડો હરિભક્તોએ આ દિવ્ય દર્શન કરીને શ્રીજીમહારાજના પ્રગટપણાનો અનુભવ કર્યો.

આણંદના રાવજીભાઈ પટેલે શિખર ઉપર ધજા ચડાવી સેવા કરી. દિલ્હીના ભગુભાઈ પટેલે ઠાકોરજીની પ્રથમ આરતી ઉતારી સેવા કરી. ઈશ્વરભાઈ દેસાઈએ ઘુમ્મટ ઉપર ધજા ચડાવી સેવા કરી. મણિભાઈ સલાડવાળાએ મંદિરમાં ઘંટ મુકાવી સેવા કરી.

‘મણિ’ જેવી ભક્તમાળ

ભાદરા મંદિરની ધજા ચડાવવા માટેની રકમની બોલી શરૂ થઈ ત્યારે એક પછી એક હરિભક્તો રકમ બોલવા લાગ્યા. છેલ્લે રૂા. ૨૧,૦૦૦ની જાહેરાત થઈ.

આ વખતે મણિભાઈ સલાડવાળા પણ રકમ બોલતા હતા. તેઓ ૨૦,૦૦૦ સુધી તો બોલી ગયા ! સ્વામીશ્રીએ તેમને આગળ બોલતાં અટકાવ્યા ને કહે : ‘હવે રાખો.’ પછી આણંદના રાવજીભાઈ દૂધવાળાને ધજા ચઢાવવાની સેવાનો લાભ આપ્યો.

બીજે દિવસે સ્વામીશ્રીએ મણિભાઈને પૂછ્યું : ‘મણિભાઈ ! તમારે ધજા ચડાવવા માટે કેટલે સુધી રકમ લખાવવાની ઇચ્છા હતી ?’

‘બાપા ! મારે તો સવા લાખ રૂપિયા સુધી બોલવાની તૈયારી હતી. મારી જમીન વેચીને પણ હું આ સેવા માટે તૈયાર હતો !’

સ્વામીશ્રી તેમની ભાવના અને શૂરવીરતા જોઈને બહુ જ રાજી થયા અને કહ્યું કે ‘તમારા જેવું બળ મહારાજ-સ્વામી સૌને આપે, તો આખો સત્સંગ શૂરવીર ભક્તોનો થઈ જાય !’

મુંબઈ મંડળ, દિલ્હી મંડળ, રાજકોટ મંડળ, કેશવચંદ્ર અમીન તથા કુટુંબીઓ, છગનભાઈ પટેલ તથા કુટુંબીઓ અને જશભાઈ મણિભાઈ (આણંદ) વગેરેએ જુદી જુદી તિથિઓ પર ઠાકોરજીને કાયમી થાળ કરવા દરેકે સેવા નોંધાવી, જેના વ્યાજમાંથી યાવચ્ચંદ્રદિવાકરૌ ઠાકોરજીને થાળ થશે.

ગુણાતીત યુનિવર્સિટી થશે

પ્રતિષ્ઠા વિધિ બાદ સભા ભરાઈ. હરજીવનદાસ બારદાનવાળા, જીવરાજભાઈ, માસુમઅલી શેઠ, ધ્રોળ દરબાર વગેરે જિલ્લાના અગ્રણી કાર્યકરો તથા સરકારી અમલદારો અને દિલ્હી, કલકત્તા, મુંબઈ, આફ્રિકા તથા દેશનાં ગામોગામથી આશરે ૨૫,૦૦૦ જેટલા હરિભક્તો હાજર રહ્યા હતા. સારંગપુરના મહંત સંતસ્વામી તથા કોઠારી સનાતન સ્વામી, અટલાદરાના કોઠારી અક્ષર સ્વામી, ગઢડાના કોઠારી દેવપ્રસાદ સ્વામી, મુબંઈના મહંત સ્વામી વગેરે ૭૫ સંતો આ ઉત્સવમાં ઉપસ્થિત હતા.

પ્રતિષ્ઠા સભામાં ધ્રોળ બાપુએ સંબોધન કરતાં કહ્યું : ‘બાપા પોતાના મનમાં જે સંકલ્પ કરે છે તેને પૂર્ણ કરે છે. સંકલ્પ સિદ્ધ થાય છે. બાપા જે કાર્ય

કરે છે તેનાથી અનેક ગણાં વિશેષ કાર્ય કરવા શક્તિમાન છે. યોગ ને ભક્તિના બળે એમના અંતરમાં ભગવાન બિરાજે છે. ધર્મની આહ્‌લેક જગાવી છે. જે જ્યોત પ્રગટાવી છે, તે કાયમ પ્રસરતી રહે તેવી વ્યવસ્થા કરે એવી વિનંતી કરું છું. ગુણાતીત યુનિવર્સિટી થાય તે માટે પ્રાર્થના કરું છું.'

વિદ્વાન, વિચક્ષણ અને ગુણાનુરાગી એવા ધ્રોળ બાપુ સ્વામીશ્રીના અત્યંત ચાહક હતા. અને સ્વામીશ્રીના ગુણાનુવાદ હંમેશાં પૂર્ણ ભક્તિભાવથી કરતા.

આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું કે 'શાસ્ત્રીજી મહારાજ બોલેલા કે 'ગુણાતીતનગરમાં મંદિર થાય.' ત્રણ ગામ એક થશે – એવું ધ્રોળ બાપુ બોલ્યા તે સિદ્ધ થશે. ગુણાતીત યુનિવર્સિટી થશે. નોટોના થોકડા લોકો મૂકી જશે. શાસ્ત્રીજી મહારાજ અહીં ફરે છે.'

આ દિવ્ય આશીર્વાણીથી ભક્તહૃદય પુલકિત થઈ ગયાં. બાદ હકા બાપુએ આભાર વિધિ કર્યો.

પ્રતિષ્ઠા ઉત્સવ દેવતાઓની સાનુકૂળતાથી ખૂબ જ સારી રીતે ઊજવાયો. સામાન્ય રીતે આ ઋતુમાં ખૂબ પવન ફૂંકાવાથી મંડપ પણ ઊડી જવાની બીક રહેતી હતી. પરંતુ પવન ખૂબ જ અનુકૂળ હતો. વળી, ઉત્સવના ત્રણ દિવસ દરમ્યાન જરાય ગરમી પડી નહિ. વરુણ દેવે કૂવામાં પાણી અખડ વહેતું રાખીને ખોટ આવવા દીધી નહિ. આ ઉપરાંત, પોલીસ અમલદારો, હૉમગાર્ડ્ઝ, રેલવેના તથા એસ.ટી.ના અધિકારીઓ વગેરેએ સંપૂર્ણ સહકાર આપ્યો.

✧

સ્વામીશ્રી ગોંડલ પધાર્યા. અહીંથી સંતો તથા હરિભક્તોના સંઘ સાથે સ્વામીશ્રી ઘોઘાવદર તથા બંધિયા દર્શને ગયા હતા. સમૈયા-ઉત્સવમાં દેશ-વિદેશના એકત્ર થયેલા હરિભક્તો તથા મુંબઈ તેમજ જુદાં જુદાં મંદિરોમાંથી આવેલા સંતોને સાથે લઈને આ યાત્રા કરવાનું સ્વામીશ્રી ચૂકતા નહિ. બધાને લઈને હોંશે હોંશે તીર્થોમાં જાય, સાથે રહીને બધાને સ્થાનનો મહિમા સમજાવી દર્શન કરાવે, સેવા કરાવે. આમ, તીર્થનું મહત્ત્વ વધારે. આ જ એમનું જીવન હતું. એમાં એમને અનેરો આનંદ આવતો.

આજ તો ભગવાન મુમુક્ષુને ખોળે છે

મહુવાના બે મુમુક્ષુઓ બાબુભાઈ પરમાર ને જગજીવનભાઈ ગોહિલ સ્વામીશ્રીનાં દર્શને ગોંડલ આવ્યા. બહુ મોટી સભા ભરાઈ હતી. આ બંને

ભક્તોનો સંકલ્પ હતો કે 'સ્વામીશ્રી પાસે કંઠી બંધાવીને વર્તમાન ધરાવવાં;' પણ આટલી ભીડમાં સ્વામીશ્રી પાસે જવું કેમ ? તેમના મનમાં ચિંતા હતી કે 'આ વખતે વર્તમાન ધરાવવાની તક નહીં મળે !'

થોડી વારમાં એક યુવક તેમની પાસે આવ્યા અને પૂછ્યું : 'તમે મહુવાના છો ?'

'હા.'

'ચાલો, સ્વામીશ્રી તમને બોલાવે છે.' યુવકે કહ્યું.

સ્વામીશ્રી સાથે તેમની આ પ્રથમ જ મુલાકાત હતી. સ્વામીશ્રી કહે : 'મહુવાથી ભગતજી મહારાજના પ્રસાદી સ્થાનમાંથી આવો છો ને ? આવો વર્તમાન ધરાવીએ અને કંઠી બાંધીએ.' એમ કહેતાં સામેથી રાજીપો જણાવતાં તેમને આશીર્વાદ આપ્યા ને વર્તમાન ધરાવી તેમનો મનોરથ પૂર્ણ કર્યો.

તા. ૧-૫-'૬૯, ગોંડલથી સુરેન્દ્રનગર થઈ, વઢવાણ મંદિરે દર્શન કરી, રાતે લીંબડી આવી પહોંચ્યા.

દિવ્યતાની પતિત પાવની ગંગોત્રી

સવારે રામજીભાઈ ખત્રીના ઘરે ઉતારે પૂજા કરવા બિરાજ્યા હતા. ત્યાં ભલગામડાના અગરસંગજી રાણાના પુત્ર ધીરુભા દર્શને આવ્યા. જન્મટીપની સજામાંથી સ્વામીશ્રીના આશીર્વાદથી જ તેઓ નિર્દોષ છૂટ્યા હતા. તેથી ગોંડળ દર્શન કરી, અહીં સ્વામીશ્રીનાં દર્શને આવ્યા.

બન્યું હતું એવું કે સને ૧૯૬૭માં કચ્છમાં નોકરી કરતા તે દરમ્યાન ધીરુભાને ખૂનના આરોપસર જન્મટીપની સજા થયેલી. આ સજા ભોગવવામાં દોઢેક વર્ષ તો વીતી ગયું હતું. કુટુંબીજનો ધીરુભાની આ સજાથી વ્યથિત રહેતા. સુરેન્દ્રનગર રહી અભ્યાસ કરતા તેમના નાના ભાઈ મહાવીરસિંહજીની આ વ્યથા જોઈ, એક વાર સ્વામિનારાયણ ગુરુકુળના ગૃહપતિ અને સ્વામીશ્રીના ભક્ત ઉમેદસિંહજીએ વિગત પૂછી. પછી સ્વામીશ્રીના આશીર્વાદ મેળવવા સૂચન કર્યું ને કહ્યું કે 'એ આશીર્વાદથી તે નિર્દોષ છૂટી જશે.'

મહાવીરસિંહમાં આશાનો સંચાર થયો. તેમણે પિતા અગરસંગજી અને કુટુંબીઓને વાત જણાવી. તરત જ સૌ મૂળી પારાયણમાં સ્વામીશ્રી પાસે પહોંચ્યા અને અરજ કરી કે 'ધીરુભા નિર્દોષ છૂટી જાય તેવી કૃપા કરો.'

સ્વામીશ્રીએ ખૂબ શાંતિથી બધી વિગત સાંભળી. પછી કહે : 'અક્ષર

દેરીની ૧૫૧ મહાપૂજા કરજો. મહારાજ નિર્દોષ છોડી મૂકશે.' પણ તેમને મહાપૂજા શું તે જ ખબર નહોતી. સ્વામીશ્રીએ વિધિ સમજાવ્યો. પછી કહે : 'પહેલાં મહાપૂજા કરજો એટલે મહારાજ આપણો કેસ જલદી હાથમાં લે.' પછી પ્રસાદીનું પુષ્પ આપી કહેલું કે 'આ પુષ્પ ધીરુભાને આપજો.'

અગરસંગજીને સ્વામીશ્રીનાં લાગણીભર્યાં વચનોથી ખૂબ ધરપત મળી. તેમને લાગ્યું કે પુત્રનો વાળ વાંકો નહીં થાય. તેઓ બીજે જ દિવસે અમદાવાદ સાબરમતી જેલમાં પહોંચી ગયા. ધીરુભાને પુષ્પ આપ્યું ને કહ્યું : 'માથે ચઢાવ, બાપાએ આશિષ આપ્યા છે.' ધીરુભાને આવી કોઈ શ્રદ્ધા નહીં, પણ બા-બાપુજીને રાજી રાખવા તેમણે માથે ચડાવ્યું.

અગરસંગજી મહાપૂજા કરાવી, ફરી સ્વામીશ્રીને મળ્યા. સ્વામીશ્રીએ તત્કાલીન જજ સાહેબ પર નિર્દોષભાવે ચિઠ્ઠી લખી આપી કે 'ધીરુભા આપણા પરમ ભક્ત છે. તો નિર્દોષ છોડી મૂકવા.'

અગરસંગજી તે લઈ અમદાવાદ આવ્યા. મણિભાઈ બ્રહ્મભટ્ટ સાથે જજ સાહેબને મળ્યા. તેમણે હા પાડી. પણ બીજે જ દિવસે કોર્ટ ખૂલતાં તેમણે જાહેર કર્યું કે 'તહોમતદારના માણસો મને રૂબરૂ મળી ગયા છે. તેથી આ કેસ બીજી કોર્ટમાં તાત્કાલિક ચલાવવો.'

ધીરૂભાના કુટુંબીઓ ફરી મૂંઝાયા અને ફરી સ્વામીશ્રી પાસે પહોંચ્યા. સ્વામીશ્રીએ પુનઃ ધીરજ બંધાવી : 'બાપુ ! મૂંઝાશો નહીં. મહારાજ કલમ ઉપર બેસી જશે ને 'નિર્દોષ' લખી નખાવશે.'

આ પછી બે દિવસ કેસ ચાલ્યો. તેમાં તો, 'જન્મટીપને બદલે ફાંસી જ થવી જોઈએ' એવો ચુકાદો આવવાની ભારે દલીલો થઈ. પરંતુ ત્રીજે દિવસે આખરી સુનાવણી થઈ. જે ચુકાદો ધીરુભાની તરફેણમાં આવ્યો અને તેઓ કોર્ટમાં નિર્દોષ જાહેર થયા ! સૌ રાજીના રેડ થઈ ગયા. ધીરુભાને તત્કાળ ગોંડળમાં અક્ષર દેરીએ દર્શન કરાવ્યાં. સ્વામીશ્રી તો તે સમયે મંદિરની મૂર્તિ-પ્રતિષ્ઠા નિમિત્તે ભાદરા બિરાજતા હતા. તેથી, 'પ્રતિષ્ઠા પછી જ્યારે લીંબડી પધારે ત્યારે દર્શન કરવાં' એવું સૌએ વિચારેલું.

હજી સુધી સ્વામીશ્રી પાસે ધીરુભાની પ્રત્યક્ષ મુલાકાત થઈ ન હતી. એ ઓલિયા સાધુના આશીર્વાદથી નિર્દોષ છૂટ્યા હોવાની રાહત તેમના દિલને શાંતિ આપતી હતી. એ સંતપુરુષને પ્રત્યક્ષ નિહાળવાનું તેમણે કુતૂહલ હતું.

આજે લીંબડીમાં પ્રાતઃપૂજામાં જ એ મનોહારી મૂર્તિનું તેમને દર્શન થઈ

ગયું. ધીરુભા ધન્ય બન્યા. કોઈએ ઓળખાણ આપી : 'બાપા ! આ ધીરુભા...!'

સ્વામીશ્રીએ હેતથી તેમની સામે જોયું. નજીક બોલાવ્યા ને હાથ પકડ્યો. એ શીતલ સ્પર્શે ધીરુભાના શરીરમાં પવિત્રતાનું આંદોલન પ્રસરી ગયું.

'આપણાથી આવું થાય ?' સ્વામીશ્રીએ ધીરુભાની આંખોમાં કરુણા રેડતા પૂછ્યું.

'કહો, હવે કોઈ દી' નહીં કરું.'

'હા, બાપા ! હવે કોઈ દી' નહીં કરું.'

ધીરુભા આ દિવ્યતા ઝીલતાં કૃતાર્થ થઈ રહ્યા હતા. સ્વામીશ્રી ખૂબ રાજી થયા અને બે ધબ્બા આપી આશીર્વાદ આપ્યા.

આ પછી જ્યારે જ્યારે ધીરુભાને ક્રોધ આવે ત્યારે તેમની આંખો સામે સ્વામીશ્રીની એ કરુણાસભર રમ્યમૂર્તિ તરી આવતી. અને તેઓ અપકૃત્યથી સહજ પાછા વળી જતા. સ્વામીશ્રીની દિવ્યતાની ગંગોત્રીમાં આવા કંઈક જીવને પાવન થવાનું સદ્‌ભાગ્ય મળ્યું; તો કેટલાયને આંગણે પહોંચીને એ ગંગોત્રીએ એવાં અધોગત જીવનને ઊર્ધ્વગત કર્યાં.

વણતેડ્યા નિત્ય આવે રે

તા. ૨-૫-'૬૯, સાંજે અમદાવાદ આવવા નીકળ્યા ત્યારે સરખેજ પાસે અરુણભાઈ અનડાને કહે : 'ગાડી શેઠબાપાને ઘેર લેજો.'

સ્વામીશ્રીએ શેઠ ચંપકલાલ બૅકરના બન્ને દૌહિત્ર સૌરીનભાઈ તથા આસિતભાઈને કોલ આપ્યો હતો કે 'અમે આફ્રિકા જતાં પહેલાં અમદાવાદ તમારા બંગલે જરૂર આવીશું.' સ્વામીશ્રીએ તે કૉલ પૂરો કર્યો.

રાત્રે ૮-૦૦ વાગ્યાનો સમય હશે. બન્ને ભાઈઓ સ્વામીશ્રી મંદિરે પધારવાના હોવાથી ત્યાં જવા તૈયાર થયા. ત્યારે મોટી બહેને કહ્યું : 'રીક્ષામાં જજો. લાઈસન્સ વગર મોટર ચલાવીને જવાય નહીં.' બન્ને ભાઈઓ હઠ પકડીને જ ઊભા રહ્યા. બીજા સહુ અગાસીમાં સૂતા હતા.

ત્યાં તો એકાએક મોટરોની લાઇટો પડી. સૌ પ્રથમ ભાનુભાઈ ગઢિયા તથા અરુણભાઈ અનડા ઉપર આવ્યા અને કહેવા લાગ્યા : 'બહેનો, સહુ અંદર જાવ. સ્વામીશ્રી પધારે છે. પધરામણીની તૈયારી જલદી કરો.'

ઘરના સર્વેના આનદનો પાર ન રહ્યો. ઉતાવળે ઉતાવળે પથારીઓ ઉપાડી લીધી ને ખાટલા ઊંચકીને માર્ગ કર્યો. સહુ દોડાદોડ સેવામાં લાગી ગયા.

સ્નાન વિધિ કરી સ્વામીશ્રી તૈયાર થયા ત્યાં ઉકાળા-પાણીની વ્યવસ્થા થઈ ગઈ હતી. મંદિરેથી ફોન પર ફોન આવવા લાગ્યા કે 'બાપા પધાર્યા છે ? મંદિરે ક્યારે આવે છે ? અહીં હરિભક્તો દર્શનની વાટ જોઈને તપ કરે છે.'

પરંતુ સ્વામીશ્રીએ કહ્યું : 'ખેંગારજી, મણિભાઈ વગેરે સહુ હરિભક્તોને અહીં જ બોલાવો. આપણે તો આજે અહીં ચંપકભાઈ શેઠને ઘેર જ સમૈયો કરવો છે.'

રસોઈની તૈયારીઓ ચાલી. બહેનોએ તત્કાળ રસોઈ આદરી. સંતોએ જુદી રસોઈ કરવા માંડી. શીરો, પૂરી, શાક, કઢી, ભાત વગેરે તૈયાર થયાં ત્યાં સુધીમાં થાળની તૈયારી કરી, સ્વામીશ્રી કહે : 'અહો ! અન્નકૂટ થયો ! આટલી વારમાં મોડી રાત્રે બધું કેમ થયું !'

થોડી વારમાં મંદિરેથી ૪૦થી ૫૦ હરિભક્તો આવ્યા. અને સભા થઈ. 'અખંડ આનંદ'માં આવેલ સ્વામીશ્રીના મહિમાનો લેખ મણિભાઈ બ્રહ્મભટ્ટે વાંચ્યો. સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું : 'આજે તો જ્યાં શાસ્ત્રીજી મહારાજ સાક્ષાત્ બિરાજે છે, ત્યાં શેઠબાપાના ઘેર જ વૈશાખી પૂનમનો સમૈયો કર્યો.' એમ સૌને બ્રહ્માનંદમાં તરબોળ કરી દીધા.

આમ તો ચંપકલાલ શેઠ હતા ત્યારે સ્વામીશ્રી અનેક વખત આવેલા. અને કોઈ વખત ઉકાળા-પાણી, તો કોઈ વખત જમણ, તો વળી કોઈ પ્રસંગે રાત્રિ રોકાણ પણ કર્યું હતું. પરંતુ અનાયાસે અતિથિ બનીને પ્રભુ પધાર્યા હોય તેવો આ પહેલો પ્રસંગ હતો. સૌરીનભાઈ તથા આસિતભાઈને પોતાના જ બાળકો માની, પોતે આપેલું વચન પૂરું કરવા, કેવળ સ્વેચ્છાએ લાડ લડાવવા ને મનોરથો પૂર્ણ કરવા સ્વામીશ્રી પધાર્યા, એ ચંપકલાલ શેઠના કુટુંબ માટે જીવન-ભરનું સંભારણું બની ગયું.

સ્વામીશ્રી અમદાવાદમાં સૌને લાભ આપી, નડિયાદ આવી પહોંચ્યા.

તા. ૪થીએ સવારે નડિયાદમાં ભોજાની તળાવડી, જ્યાં ભગતજી મહારાજ સ્નાન કરવા વારંવાર પધારતા, ત્યાં દર્શન કર્યાં. નડિયાદમાં હરિમંદિર કરવાનો શુભ સંકલ્પ કરી, ધૂન કરાવી. હરિભક્તોને તે માટે તૈયારી કરવા આજ્ઞા કરી.

સાંજે મહાગુજરાત હૉસ્પિટલના ટ્રસ્ટીઓનાં આમંત્રણથી હૉસ્પિટલમાં પધરામણી કરી. સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ. પટેલે સ્વામીશ્રીનું સ્વાગત કર્યું.

સ્વામિનારાયણ મંદિરે દર્શન કરી, પીપલગ થઈ, રાત્રે ૧૧-૦૦ વાગે બોચાસણ પધાર્યા.

યુવાનોના મનમોહન

સામાન્ય રીતે વૅકેશનનો સમય હોય એટલે હેતવાળા કેટલાય યુવાનોની વૃત્તિ સ્વામીશ્રી તરફ દોડી જતી. સ્વામીશ્રી સિવાય કોઈને કંઈ દેખાય જ નહિ. ન સમજી શકાય એવું અનેરુ આકર્ષણ સૌને રહેતું.

વિદ્યાનગરથી બળદેવસિંહ રાણા અને નરેશભાઈ બોચાસણ આવી પહોંચ્યા. આખો દિવસ સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો લાભ લીધો. દરમ્યાન બળદેવસિંહના મનમાં સતત એક ઝંખના રહ્યા કરે કે 'વૅકેશન છે તો સ્વામીશ્રી સાથે ફરીએ તો સારું. વિશેષ લાભ મળે. નજીકનું સુખ મળે.' પણ સ્વામીશ્રીની આજ્ઞા વગર તો એ કેમ શક્ય બને ? વળી, એમ વિચાર પણ આવે કે 'આપણે નવાસવા, બધાથી અપરિચિત છીએ, એટલે નરેશભાઈ જેવા મિત્ર સાથે હોય તો સારું ફાવે. સ્વામીશ્રી નરેશભાઈને પણ આજ્ઞા કરે તો સારો મેળ મળી જાય.' આમ, મનમાં વિચારો ચાલ્યા કરતા હતા.

સાંજ પડી ગઈ. વિદ્યાનગર પાછું જવું પડે એમ હતું. કારણ, તેઓ પૂજા કે કપડાં સાથે લાવ્યા નહોતા. એટલે સ્વામીશ્રી પાસે રજા લેવા ગયા. ઘણા હરિભક્તો દર્શનની લાઇનમાં ઊભા હતા. મનમાં થતું હતું કે 'ઇચ્છા પૂરી થશે કે કેમ ?'

એવામાં તેઓ સ્વામીશ્રીની નજીક આવી ગયા. રજા માગી. ત્યાં સહજભાવે સ્વામીશ્રી બોલ્યા : 'હમણાં વૅકેશન છે એટલે બે દિવસ સાથે ફરો.'

'પૂજા-કપડાં નથી.' એમણે કહ્યું.

'કાલે પૂજા લઈને સીધા ચાણસદ આવજો.' સ્વામીશ્રીએ આજ્ઞા કરી.

બોચાસણથી નીકળતાં તેમણે નરેશભાઈની તપાસ કરી, પણ મળ્યા નહિ. એટલે બળદેવસિંહ વિદ્યાનગર આવી પહોંચ્યા. બીજે દિવસે ચાણસદ જવા વડોદરાની ટ્રેનમાં બેઠા, પણ મનમાં થોડી મૂંઝવણ હતી કે 'આપણે નવા છીએ, સાથે નરેશભાઈ હોત તો વિશેષ મજા આવત.'

વડોદરા ઊતરી તેઓ ચાણસદ જવા બસમાં બેઠા ને તેમના આશ્ચર્ય વચ્ચે એ જ બસમાં નરેશભાઈ પણ ચાણસદ જઈ રહ્યા હતા ! તેમને જોતાવેંત એકદમ પૂછાઈ ગયું : 'તમે ક્યાંથી ?'

'બાપાએ આજ્ઞા કરી છે કે હમણાં વૅકેશન છે તો સાથે ફરો.' નરેશભાઈએ જણાવ્યું.

સ્વામીશ્રીએ અંતર્યામીપણે બળદેવસિંહના બંને સંકલ્પો પૂરા કર્યા તેનો

આનંદ તેમના ઉરમાં સમાતો નહોતો. હેતનો એક મજબૂત તાંતણો સ્વામીશ્રી સાથે કાયમ માટે સંધાઈ ગયો.

બોચાસણથી ઝારોળા, રાસ, દાવોલ થઈ, અટલાદરામાં યોજાયેલ યુવક અધિવેશનની તૈયારીઓ નિહાળી, સૌને આશીર્વાદ આપી, રાત્રે ૧૧-૦૦ વાગે સ્વામીશ્રી ચાણસદ આવી પહોંચ્યા. સ્વામીશ્રીનું મન યુવક અધિવેશનમાં હતું. અટલાદરા રોકાવાની એમની અનન્ય ઈચ્છા હતી, પણ ચાણસદના હરિભક્તોના આગ્રહવશ ત્યાં જવું પડ્યું. અટલાદરામાં અધિવેશનના કાર્યકર્તા તથા યુવકોને ખૂબ બળ અને ઉત્સાહ પ્રેર્યાં.

❀ ❀ ❀

અખિલ ભારતીય યુવક અધિવેશન



સ્વામીશ્રીએ દેશ તેમજ પરદેશમાં સત્સંગનો સર્વાંગી વિકાસ સાધવા ગામોગામ યુવક પ્રવૃત્તિ શરૂ કરી, જેથી યુવાનોમાં જાગૃતિ આવતી જાય અને ધાર્મિક સંસ્કારોનું સિંચન થાય. ગામોગામનાં મંડળો એકત્રિત થાય, તેઓમાં સંપ, સુહૃદભાવ અને એકતા પ્રગટ થાય, અને ભેગા મળી એકબીજામાંથી પ્રેરણા પ્રાપ્ત કરી સત્સંગનો વિશેષ વિકાસ કરે, એવો સંકલ્પ અમને સંતોને થયો અને તે માટે યુવકોનું અધિવેશન યોજવાનો પ્રસ્તાવ અમે સ્વામીશ્રી પાસે મૂક્યો. સ્વામીશ્રીએ એ પ્રસ્તાવને સહર્ષ માન્ય કર્યો. પ્રમુખસ્વામી અને મહંત સ્વામી ભળ્યા. તે અંગેની વિચારણા અન્ય સંતો અને અગ્રણી હરિભક્તો તથા યુવકોએ ભેગા મળી કરી. મુંબઈથી એક પરિપત્ર ગામેગામનાં મંડળો પર મોકલવામાં આવ્યો. બળવતરાય બ્રહ્મભટ્ટ પત્ર-વ્યવહાર દ્વારા મડળના કાર્યકર્તાઓને ઉત્સાહિત કરતા હતા. તેમણે બધા મળી ૫૦૦ ઉપરાંત પત્રો લખ્યા.

આ અધિવેશનની જાણ થતાં જ મંડળોએ તૈયારી શરૂ કરી. વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા કાર્યક્રમો ઘડ્યા. તા. ૭-૫-'૬૯ની સાંજ સુધીમાં સમગ્ર ગુજરાતમાંથી આશરે ૫૦૦ જેટલા યુવકો અટલાદરા હાજર થઈ ગયા. તેમાંથી આશરે ૩૫૦ યુવકોએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો. બીજા યુવકો સેવામાં જોડાયા હતા. મંડળના અગ્રણી યુવકો અને વડીલ કાર્યકરો આ પ્રવૃત્તિ નિહાળવા ખાસ હાજર રહ્યા હતા. ૭૫ જેટલા સંતો પણ હાજર હતા.

તા. ૮-૫-'૬૯ના સવારે ૯-૩૦ વાગે અધિવેશનના કાર્યક્રમોનો પ્રારંભ થયો. સ્વામીશ્રી ચાણસદ પારાયણમાં પધાર્યા હોવાથી હાજર રહી શક્યા ન હતા. યુવકોએ પ્રમુખસ્વામી તથા મહંત સ્વામીનું વંદન કરી સ્વાગત કર્યું. ગોંડળ ગુરુકુળના બૅન્ડે સલામી આપી. મહંત સ્વામી તથા મેં પ્રાસંગિક પ્રવચનો કર્યાં. પ્રમુખસ્વામીના શુભ હસ્તે અધિવેશનનું ઉદ્‌ઘાટન થયું. એમણે અધિવેશનનો

હેતુ સમજાવી આશીર્વાદ આપ્યા. પછી સ્પર્ધાઓની શરૂઆત થઈ.

તા. ૮ થી ૧૧ સુધી અધિવેશનનો કાર્યક્રમ ચાલ્યો. દરરોજ સવારે ૮-૩૦ થી ૧૧-૩૦, સાંજે ૫-૦૦ થી ૭-૩૦ અને રાત્રે ૯-૦૦ થી ૧૧-૦૦ જુદી જુદી સ્પર્ધાઓનો કાર્યક્રમ રહેતો. સાથે યુવકોને પ્રેરણાદાયક અન્ય પ્રવચનો ગોઠવવામા આવ્યા હતા.

તા. ૮મીએ સાંજે ૬-૦૦ વાગે સ્વામીશ્રી ખાસ આગ્રહપૂર્વક ચાણસદથી અટલાદરા પધાર્યા અને યુવકોને ગમ્મત સાથે જ્ઞાન આપી, પ્રેરણા અને બળ આપ્યું હતું. રાત્રે ૯-૩૦ વાગે પાછા ચાણસદ પધાર્યા હતા.

તા. ૯-૫-'૬૯, ચાણસદમાં વેદોક્ત વિધિથી યજ્ઞ કરી, બાઈઓના મંદિરમાં સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા કરી હતી. આ નિમિત્તે 'હરિલીલાકલ્પતરુ' તથા 'હરિલીલામૃત'નું પારાયણ પણ યોજાયું હતું.

અક્ષરધામના અક્ષર

પારાયણ દરમ્યાન એક દિવસ સવારે કથા સમાપ્ત થયા પછી સ્વામીશ્રી ઉતારે મૂળજીભાઈ વૈદ્યને ત્યાં પધાર્યા. આગળની ઓસરીમાં સ્વામીશ્રી બિરાજેલા. આજુબાજુ સનાતન સ્વામી અને એક-બે સંતો તથા ગુણવંત દાણી અને બળદેવસિંહ રાણા બેઠેલા. જમવાને થોડી વાર હતી. સામાન્ય વાતચીત ચાલતી હતી.

સ્વામીશ્રીનો એક વિશિષ્ટ પ્રભાવ એવો હતો કે એમના સાંનિધ્યમાં કોઈ ગ્રામ્યવાર્તા - કહેતાં રાજકારણ કે બીજી અર્થહીન વાતો તો કરી શકે જ નહિ. અથવા કોઈની કુથલી કે નિંદાની વાતો તો એમની પાસે થઈ શકે જ નહિ. તેમજ કોઈની હાંસી-મશ્કરી પણ થાય નહિ. છતાં એવું ગંભીર વાતાવરણ પણ બને નહિ કે સૌને ભારેખમ થઈને બેસી રહેવું પડે. સત્સંગની કે કોઈના ગુણદર્શનની કે મહિમાની વાતો જ સૌનાં મુખમાંથી સ્વાભાવિકપણે નીકળે. ક્યારેક હળવો છતાં નિર્દોષ આનંદ પણ રેલાય.

જ્યારે સ્વામીશ્રી એમનેમ ભક્તોથી વીંટળાયેલા બેઠા હોય, ત્યારે પણ સામું જ જોઈ રહેતા હોય. એમની બેસવાની પદ્ધતિ પણ નિરાળી. હળવાશની પળોમાં પોતે ક્યારેક ખોળામાં ઓશીકું રાખી, તે ઉપર એક હાથની હથેળીથી દાઢી ટેકવી, ચારેકોર દૃષ્ટિ ફેરવતાં બેસતા. તો ક્યારેક એક પગથી પલાંઠી વાળી, બીજો પગ ઊભો રાખી, એના ઉપર શરીર ઢાળી બેસતા અને ડાબા

હાથની પહેલી આંગળીના વળી ગયેલા નખથી જમીન ઉપર ટક ટક કરતા. ઘડી ઘડીમાં હસી પડતા. અને ત્યારે એકદમ વેગથી દાઢી ઉપર હાથ ફેરવતા અથવા માથા ઉપર પણ હાથ ફેરવતા અથવા બે હાથની હથેળીઓ ભીડીને પરસ્પર ઘસતા. એમના આ બધા સ્વાભાવિક હાવભાવ ને લટકામાં પણ અલૌકિકતાની અદૃશ્ય લહરીઓ વાતાવરણને ભરી દેતી. આજુબાજુ બેઠેલા ભક્તો દિવ્યતાથી ભીંજાયેલા રહેતા.

આજે સામાન્ય વાતચીત ચાલી. કોઈએ કહ્યું : 'આપના અક્ષર ઘડીકમાં ઉકલે નહિ.'

'હા.' સ્વામીશ્રી કહે.

'બાપા ! પહેલાં આપના અક્ષર સારા હતા કેમ ? બીજાએ કહ્યું.

'હા.'

'હવે કેમ બગડી ગયા ?'

સ્વામીશ્રી કશું બોલ્યા નહિ. તેથી અંદર અંદર જ કોઈ બોલ્યું કે : 'હવે બહુ લખવાનું થયું એટલે બગડી ગયા કેમ ?'

'હા.' સ્વામીશ્રી બોલ્યા.

ત્યાં અચાનક એક સંતે કહ્યું : 'બાપા ! શાસ્ત્રીજી મહારાજના અક્ષર પણ એવા ગરબડ ગોટાળાવાળા હતા. ઉકલે નહિ તેવા.'

આ સાંભળતાની સાથે સ્વામીશ્રીએ તુરત જ પોતાના બંને કાનમાં આંગળી નાખી દીધી. જાણે પોતાના ગુરુ માટેનું જરા સરખું પણ ઊતરતું વેણ સાંભળવા તૈયાર ન હોય ! અને જોરથી માથું ધુણાવતાં કહે : 'ના, ના, શાસ્ત્રીજી મહારાજના અક્ષર તો અક્ષરધામના હતા !' આવો અહોભાવ અહર્નિશ પોતાના ગુરુ તરફ એમને સહજ સ્વભાવે રહેતો.

સાધુતાની મૂર્તિ પ્રમુખસ્વામી

ઉતારે સ્વામીશ્રીએ સર્વે હરિભક્તોને કહ્યું કે 'સૌએ પ્રમુખસ્વામીના જન્મ સ્થળના દર્શને જવાનું છે.'

પ્રમુખસ્વામીના પૂર્વાશ્રમના પિતાશ્રી મોતીકાકા તથા વડીલબંધુ ડાહ્યાભાઈએ પધરામણીની તૈયારી કરી હતી. સ્વામીશ્રી બપોરે ૪-૩૦ વાગે ત્યાં પધાર્યા અને જન્મ સ્થળના ઓરડામાં દંડવત્ કરવા લાગ્યા ! હાજર રહેલા તમામ સંત-હરિભક્તોને પણ કહ્યું કે 'બધા સાત સાત દંડવત્ કરજો.'

પછી બધાને સંબોધીને કહે : 'આ તો પ્રમુખસ્વામીની જન્મભૂમિ ! અહોહો ! આપણાં કેવાં ભાગ્ય કે શાસ્ત્રીજી મહારાજે કૃપા કરીને આપણને પ્રમુખસ્વામી સોંપ્યા !'

'પ્રમુખસ્વામી, સાક્ષાત્ સાધુતાની મૂર્તિ ! સર્વગુણ સંપન્ન. બહુ નિર્માની. ભવિષ્યમાં આ સ્થાનનાં દર્શન કરવા હજારો હરિભક્તો આવશે.'

આવો અસાધારણ મહિમા સાંભળી ત્યાં ઊભેલા નડિયાદ મંડળના હરિશ્ચંદ્ર પંજાબી વગેરે ભક્તોને ખૂબ આશ્ચર્ય સાથે આનંદ થયો.

એક વાર અહીં સ્વામીશ્રી સ્નાન કરીને બેઠા. પછી કહે : 'આજે ઉકાળો પીવો નથી. પેટ બહુ ભારે છે. પબેડા જેવું થઈ ગયું છે.'

નારાયણ ભગત કહે : 'એવું તો કોઈનું શરીર હોતું નથી.'

સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા : 'આપણું શરીર જુદું છે.'

ઉકાળો ન પીવાનું કારણ એ હતું કે જે મોદિયા ઉપર એમનું આસન હતું, તે મોદિયા ઉપર જ એક નાની બાલિકા દોડી આવી હતી. પણ બધા સંતોના ખૂબ આગ્રહથી થોડો ઉકાળો પીધો ને પોતા વતી એક સંતને ઉપવાસ કરવા આજ્ઞા કરી. એમ આજ્ઞા પાળવામાં સ્વામીશ્રી યુક્તિ કરતા, પણ ક્યારેય લેશપણ હુંહાટો એમની ક્રિયામાં દેખાતો નહિ.

અધિવેશનમાં ભાગ લેનારનો મોક્ષ

તા. ૧૦મીએ સ્વામીશ્રી ચાણસદથી અટલાદરા, યુવક અધિવેશનમાં પધાર્યા. આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે 'ભગવાન અને સંતની દયા થાય તો પહેલો નંબર આવે. કૃપા સિવાય કોઈ કાર્ય સિદ્ધ થતું નથી.

'સંમેલનનો હેતુ શું ? જ્ઞાન આપવું તે. જેણે જેણે અહીં કાર્યક્રમ કર્યો તેનો મોક્ષ થઈ ગયો. જેટલું કરવું તે સર્વોપરી કરવું. તેમાં શ્રદ્ધા જોઈએ.'

અહીં યુવકોની વિવિધ સ્પર્ધાઓ – સંવાદ, રાસ, સંગીત, વિવિધ ભાષામાં વક્તૃત્વ, શીઘ્ર વક્તૃત્વ, સ્વામીની વાતો તથા વચનામૃત મુખપાઠ વગેરે જોવા-સાંભળવાનો સ્વામીશ્રીને ખૂબ જ ઉમંગ હતો. સંજોગવશાત્ બધા કાર્યક્રમોમાં હાજર રહી શક્યા નહીં, પણ છેલ્લા કાર્યક્રમો નિહાળી ખૂબ રાજી થયા. બાળકો-યુવકોની શક્તિના પ્રેરણામૂર્તિ સ્વામીશ્રી પોતે જ પોતાનું કાર્ય પ્રસન્નતાપૂર્વક સાશ્ચર્ય નિહાળી રહ્યા હતા.

સર્ટિફિકેટ મઢાવી રાખવાં

તા. ૧૧મીએ સ્પર્ધાઓની પૂર્ણાહુતિ થઈ. સંતો તથા અન્ય કાર્યકર યુવકોએ સ્પર્ધાઓનાં પરિણામો, પ્રમાણપત્રો તથા ઇનામો સાંજે ૭-૦૦ વાગ્યા સુધીમાં તૈયાર કરી દીધાં.

સાંજે યુવકોને પ્રેરણા મળે અને બીજું અધિવેશન આથી પણ વધુ સફળ કેવી રીતે થાય તેવાં સૂચનો કરતાં પ્રવચનો મણિભાઈ બ્રહ્મભટ્ટ, પ્રહ્‌લાદભાઈ પટેલ, મણિભાઈ સલાડવાળા, હકાભાઈ, જશવંતલાલ શાહ (જિલ્લા પંચાયત પ્રમુખ) વગેરેએ કર્યાં. પછી સ્પર્ધાના વિજેતાઓની જાહેરાત થઈ.

રાત્રે ૯-૦૦ થી ૧૦-૩૦ સુધી વિજેતાઓને પારિતોષિક તથા પ્રમાણ-પત્રો સ્વામીશ્રીના હસ્તે અર્પણ કરવામાં આવ્યાં. મેં આભાર વિધિ કર્યો. પારિતોષિક, પ્રમાણપત્રોનું તમામ ખર્ચ સુરતના વજુભાઈ ટાંક તરફથી આપવામાં આવ્યું હતું. સર્વે મંડળોમાં સૌથી વધુ ગુણાંક લઈ જનાર મુંબઈ મંડળને ચાંદીનો 'યોગી યુવક શીલ્ડ' આપવામાં આવ્યો.

અધિવેશનની અંતિમ સભામાં ૫૦૦ જેટલા યુવાનો તથા બાળકોને સંબોધતાં સ્વામીશ્રીએ કહ્યું કે 'સર્ટિફિકેટ મઢાવી રાખવાં. સ્મૃતિ કરીએ, પાઠ કરીએ, તો કામ થઈ જાય. જે જે વસ્તુ મળી તે સાચવી રાખવી.

'આવતું અધિવેશન ગોંડલ ભરવામાં આવશે.'

સ્વામીશ્રીએ સ્વયં જાહેરાત કરી. આ અંગે અગાઉ કોઈ વિચારણા થઈ ન હતી, પણ સ્વામીશ્રીને બાલ-યુવક પ્રવૃત્તિમાં એટલો બધો રસ હતો કે આવતું અધિવેશન ગોંડલ સાક્ષાત્ સ્થાનમાં કરવાનો પોતે જ નિર્ણય લીધો. જેમાં સદેહે હાજર રહ્યા નહિ, પણ પ્રમુખસ્વામી દ્વારા પ્રત્યક્ષ હાજરી આપી. બાળકો-યુવાનોમાં નૂતન પ્રેરણા સિંચી હતી.

આ અધિવેશનનું આયોજન કરવા ને સભામંડપ વગેરેની તૈયારી માટે અમે સૌ સંતો અગાઉથી અટલાદરા આવ્યા હતા. પ્રમુખસ્વામીએ સંપૂર્ણ વ્યવસ્થા કરાવી રાખી હતી. સર્ટિફિકેટો, ઇનામો, ફોર્મ વગેરેની તૈયારી કરવામાં કિશોરભાઈ દવે તથા રમેશભાઈ દવેએ ખૂબ જ સેવા કરી હતી.

કોઠારી અક્ષરસ્વરૂપદાસ તથા ચતુર્ભુજ સ્વામીએ પણ મંદિરમાં ઉતારા-પારાયણ વગેરેની વ્યવસ્થામાં ખૂબ જ સહકાર આપ્યો. ચાર દિવસ સુધી ઠંડું પાણી પીવાની વ્યવસ્થામાં ડાહ્યાભાઈ વલાસણવાળા, ચંદ્રકાંતભાઈ પોરડાવાળા,

અશોક સોમાણી વગેરે યુવકોએ સેવા કરી હતી. ચા, ઉકાળો ને નાસ્તા તથા પીરસવાની સંપૂર્ણ જવાબદારી રમણભાઈ બારોટ અને ગોંડળ ગુરુકુળના વિદ્યાર્થીઓએ કરી હતી. સભાનું સંચાલન બળવંતરાય બ્રહ્મભટ્ટ અને બાલમુકુંદ ભટ્ટ કરતા હતા. સભા વ્યવસ્થામાં મણિભાઈ ચૌહાણ અને સાબરકાંઠા મંડળ તથા ભાવસિંહ ગોહેલ અને બદલપુર મંડળ સંભાળતા હતા. આ રીતે સહુના સહકારથી અધિવેશનનું કાર્ય સફળ થયું.

આ અધિવેશનથી યુવકોમાં જાગૃતિ આવી ગઈ. 'દરેક મંડળ હવે વધુ સક્રિય કાર્યક્રમો કરી વિકાસ સાધશે અને આવતા વર્ષે જ્યારે અધિવેશન ગોંડલમાં ભરાશે ત્યારે સારી રીતે સૌ ભાગ લેશે' – એમ વિશ્વાસ ઉત્પન્ન થયો.

અટલાદરા મંદિરમાં હનુમાનજી, ગણપતિજીનાં શિખરો ઉપર સુવર્ણ કળશ ચઢાવી, વડોદરાના પત્રકારોને મળીને, તેમને આશીર્વાદ આપી, તા. ૧૨મીએ સવારે સ્વામીશ્રી વડોદરા પધાર્યા.

વટપત્તનનાં વધામણાં

વડોદરા સત્સંગ મંડળના કાર્યકર હરિભક્તો ધુળાભાઈ પટેલ, મહેન્દ્રસિંહ ચૌહાણ, કૃષ્ણાભાઈ, મગનભાઈ પટેલ, લાલજીભાઈ ચૌહાણ, હિમાભાઈ પટેલ, આશાભાઈ, રણછોડભાઈ, જેસંગભાઈ, રમણભાઈ, વિષ્ણુભાઈ, વાસુદેવભાઈ વગેરેએ મળી સ્વામીશ્રીની ૭૮મી જન્મ જયંતી વડોદરામાં ઊજવવાનું નક્કી કર્યું. પ્રમુખસ્વામીની સંમતિ મળતાં કાર્યકરોએ તૈયારી કરવા માંડી. મંડળ નાનું છતાં ખૂબ જ ઉત્સાહી અને સંપીલું, તેથી તેમના કાર્યમાં ભગવાન મળ્યા અને આર્થિક વ્યવસ્થા થઈ ગઈ. સભા સ્થાન માટે કલા ભુવનનું મેદાન મળી ગયું. સ્વામીશ્રીનો ઉતારો હિમાભાઈને બંગલે રાખ્યો. સંતોનો ઉતારો શ્રેયસ્ હાઈસ્કૂલમાં હતો. હરિભક્તો માટે શહેરમાં જુદાં જુદાં મકાનોમાં વ્યવસ્થા થઈ હતી. હરિભક્તોને જમવાની વ્યવસ્થા કાછિયા વાડીમાં કરવામાં આવી હતી.

કલા ભુવનના મેદાનમાં ૧૫,૦૦૦ હરિભક્તો સારી રીતે બેસે એવો સુંદર મંડપ બનાવ્યો હતો. એક બાજુ મધ્યમાં સ્ટેજ પર સ્વામીશ્રી, પ્રમુખસ્વામી તથા વિદ્વદ્વર્ય કૃષ્ણશંકર શાસ્ત્રી માટે બેઠક બનાવી હતી. સ્ટેજની બાજુમાં ઠાકોરજીના ચાંદીના સિંહાસનમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની ઘીની મૂર્તિઓ બનાવી પધરાવી હતી. ઘીમાંથી મૂર્તિઓ બનાવી મહોત્સવ ઊજવવાનો અખિલ સ્વામિનારાયણ સંપ્રદાયમાં આ પ્રથમ જ પ્રસંગ હતો. સ્ટેજની ડાબી બાજુએ ૭૫

ઉપરાંત સંતો બિરાજ્યા હતા. તેમાં ઘનશ્યામદાસ સ્વામી, બાલમુકુંદ સ્વામી, અક્ષરસ્વરૂપદાસ કોઠારી, મહંત સ્વામી વગેરે હતા. ઠાકોરજીના સિંહાસનની જમણી બાજુ મુખ્ય મહેમાનો માટે વ્યવસ્થા ગોઠવી હતી.

સ્વામીશ્રી તા. ૧૨મીએ સવારે ૧૦-૦૦ વાગે સભામંડપમાં પધાર્યા. સભામંડપના મુખ્ય પ્રવેશદ્વાર પર વેદોક્ત વિધિથી સ્વામીશ્રીનું સ્વાગત થયું. પછી દક્ષિણ ભારતના શરણાઈ ને ઢોલકના નાદ તથા જયનાદો ને સ્વામિનારાયણ મહામંત્રની ધૂનથી વાતાવરણ દિવ્ય બનાવતાં હરિભક્તોએ સ્વામીશ્રીને મંચ ઉપર પધરાવ્યા. શરણાઈવાદન કરવા ચાર કલાકારો ખાસ મદ્રાસથી આવ્યા હતા.

મણિશંકર શાસ્ત્રીએ શાસ્ત્રોક્ત વિધિથી ઠાકોરજીનું ષોડશોપચાર પૂજન કરાવ્યું. પૂજન વિધિમાં મહંત સ્વામી તથા સંતો બેઠા હતા. ભારતની ગંગા, યમુના, કાવેરી, ગોદાવરી, નર્મદા, તાપી, સતલજ વગેરે ૭૮ નદીઓનું પાણી લાવવામાં આવ્યું હતું.

મણિભાઈ સલાડવાળા, મણિશંકર શાસ્ત્રી વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં. 'સ્વામીશ્રી આપણી વચ્ચે સો વર્ષ સુધી રહી સત્સંગને સુખ અર્પે' – એવી પ્રાર્થના કરી હતી. પછી સ્વામીશ્રીનું પૂજન થયું અને સંતો તથા હરિભક્તોએ ભેગા મળી એક લાખ દીવડાની આરતી કરી.

સ્વામીશ્રી આશીર્વાદ આપતાં *'જેનું નામ રટ્યા થકી...'* એ અષ્ટક બોલ્યા ને કહ્યું કે 'જેનું નામ-સ્મરણ કરવાથી મલિન સંકલ્પો નાશ થઈ જાય. રોજ અષ્ટક બોલીએ છીએ, પણ અંતરમાં ઉતારીએ તો કામ થઈ જાય. ગુરુની મોટાઈ વડે આપણી મોટાઈ છે. શાસ્ત્રીજી મહારાજે મહાન કાર્ય કર્યું છે. બીજા કોઈથી આવું કાર્ય ન થાય. આ સભામાં શ્રીજીમહારાજ અને ૫૦૦ પરમહંસો બિરાજે છે. સંતો ગુલાબનો ક્યારો શોભે એમ શોભે છે. આ ઉત્સવ વડોદરા મંડળે ઊજવ્યો. તેમાં શ્રીજીમહારાજ અને શાસ્ત્રીજી મહારાજનો મહિમા પ્રવર્તે છે. નિર્ગુણદાસ સ્વામી આ કલા ભુવનમાં ભણેલા. અક્ષરપુરુષોત્તમની ઘીની મૂર્તિઓનાં દર્શન કરી છાતી ઠરી જાય છે.' પછી સભા વિસર્જન થઈ.

સાંજે ૫-૦૦ વાગે યોગી પરિવાર મિલનની બીજી સભા થઈ. પ્રમુખસ્વામી, સ્વયંપ્રકાશ સ્વામી, આચાર્ય નારાયણ ભગત, આશાભાઈ તેમજ હકાભાઈએ 'યુવક પ્રવૃત્તિ અને સ્વામીશ્રી' એ વિષય પર પ્રવચનો કર્યાં હતાં. શંકર કવિએ સ્વામીશ્રીના મહિમાનું કીર્તન ગાયું.

અંતમાં સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું : 'આજે એકાદશી છે. ૬૦,૦૦૦ બ્રાહ્મણોને એક વર્ષ સુધી જમાડે અને જેટલું ફળ મળે એટલું ફળ મળે છે. આવો એકાદશીનો મહિમા શાસ્ત્રીજી મહારાજ કહેતા. આવાં વ્રત પાળવાથી દેશકાળ સુધરે છે. કોઈ જાતની આધિ-વ્યાધિ રહેતી નથી. શ્રીજી-મહારાજે પાંચ વર્તમાન પળાવ્યાં. પોલ રહેવા ન દીધી. શિક્ષાપત્રીની જેટલી આજ્ઞા પાળીએ તેટલો વહેવાર સુધરે.

'શાસ્ત્રીજી મહારાજે ૮૭ વર્ષ સુધી એકાદશી કરી. નિયમ-ધર્મ પાળ્યાં. ત્યારે આજે સંતો ને હરિભક્તો પાળે છે. ગુરુ સોળ આના પાળે તો શિષ્ય બે આની પાળે, ગુરુ મોઈ-દાંડિયા રમે તો શિષ્ય ક્યાંયનું ક્યાંય વર્તે. સંતો નિયમ-ધર્મ પાળે તેથી દેશકાળ સારા થાય. હરિભક્તોના વહેવાર સુધરે. પણ એકાદશીએ ત્રણ ટાણાં ઝાપટે તો ક્યાંથી સુધરે ?'

વળી, સાચા સંતનાં લક્ષણો *'હાંજી ભલા સાધુ...'* એ કીર્તન ગાઈ સમજાવ્યાં ને કહ્યું : 'વર્તન વાતું કરશે.'

ઠાકોરજીની સંધ્યા આરતી બાદ સભા વિસર્જન થઈ.

રાત્રિસભામાં વડોદરા બાળ મંડળે દાંડિયા-રાસનો કાર્યક્રમ કરી તેમજ બદલપુર બાળ મંડળે *'સહજાનંદ સ્વામીની ઘોડી'* એ સંવાદ ભજવી, સહુને આનંદ કરાવ્યો. મહંત સ્વામીએ પ્રાસંગિક પ્રવચન કર્યું. પછી સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું : 'આ અક્ષરધામની સભા છે. આવો જોગ ફરી ન મળે.' વળી, *'માણસનો અવતાર મોંઘો...'* એ કીર્તન બોલી, મનુષ્ય દેહની દુર્લભતા સમજાવી અને આ મનુષ્ય દેહે ભગવાન ભજી લેવાનો નિર્ધાર કરી લેવા સૌને જણાવ્યું.

નિર્ભય પુરુષો જ ગુરુપદ સ્વીકારી શકે

તા. ૧૩મીએ સવારે ૮-૪૫ વાગે સ્વામીશ્રી સભામાં પધાર્યા. મુખ્ય પ્રવેશ દ્વાર પર ગોંડળ ગુરુકુળના બૅન્ડે સ્વાગત કર્યું. પછી મંચ ઉપર સ્વામીશ્રીને પધરાવ્યા. આચાર્ય નારાયણ ભગતે વેદગાન કર્યું. મણિભાઈ બ્રહ્મભટ્ટના સંદેશા-વાચન બાદ હર્ષદરાય દવે તથા આફ્રિકા સત્સંગ મંડળના પ્રતિનિધિ રવિભાઈ પંડ્યાએ સ્વામીશ્રીના ગુણાનુવાદ કરતાં પ્રવચનો કર્યાં.

કૃષ્ણશંકર શાસ્ત્રીએ પ્રવચન કરતાં કહ્યું : 'સાધુનો માર્ગ, ગુરુ થવાનો માર્ગ ભયથી ભરેલો છે. તે માર્ગ સ્વામીશ્રી જેવા નિર્ભય પુરુષો જ સ્વીકારી શકે.

આપણી પાસે નિર્ભય થવા જ્ઞાન, સાધના, ક્રિયા કે ઉપાસના નથી. આપણે વાસનાના પ્રમુખ છીએ. સ્વામીશ્રી ઉપાસનાના પ્રમુખ છે. જેને અક્ષરરૂપ થવું છે, તેને ઉપાસનાની જરૂર છે. તે વિના અક્ષરરૂપ થઈ શકાતું નથી. અત્યારે તો અહંભાવ, ખુરશી અને પદવીની વાસનાનો સમુદ્ર ઘૂઘવી રહ્યો છે, ત્યારે ઉપાસનાના વહાણ દ્વારા તરી જવાય છે. આવા મહાન પુરુષનો ઉત્સવ ઊજવાય છે તે આપણાં અહોભાગ્ય છે. અત્યારે માનવ પોતાને અને દેશને ભૂલી ગયો છે. તેમાં કોઈ હાથ પકડનાર પુરુષની જરૂર છે. સ્વામીશ્રીનો પ્રભાવ અપાર છે. દિવ્ય અગ્નિ આપણાં સમગ્ર કર્મ ને પાપ બાળવા સમર્થ છે.

'સોલા વિદ્યાપીઠમાં પણ સ્વામીશ્રીની જયંતી ઊજવાય એવી ઇચ્છા રાખું છું.'

સ્વામીશ્રી સાથે અનન્ય પ્રેમને કારણે આવા હેતના ઉદ્‌ગારો શાસ્ત્રીજીના મુખમાંથી નીકળી જતા. ભાગવત વિદ્યાપીઠમાં પોતાના ઘરઆંગણે સ્વામીશ્રીની જયંતી મનાવવાનો પ્રસ્તાવ તેમના મુખમાંથી સ્નેહવશ સરી પડ્યો.

હૃદયશુદ્ધિનું યંત્ર

ત્યારબાદ મુંબાદેવી સંસ્કૃત પાઠશાળાના પ્રિન્સિપાલ ભાઈશંકર પુરોહિતે જણાવ્યું :

'દુનિયામાં વિરલ પુરુષો બહુ થોડા જોવા મળે છે. એવા વિરલ પુરુષોમાં પણ જેને પોતાની વિરલતાનો ખ્યાલ ન હોય એવા પુરુષ તો વળી અતિ દુર્લભ છે. સાચો નિર્દોષ એ છે કે જેને પોતાના નિર્દોષપણાનો પણ ખ્યાલ નથી. મહત્તા તેની સાચી જેને પોતાની મહત્તાનું ભાન નથી. સ્વામીશ્રી એ કક્ષાના પુરુષ છે. તેઓ નાનામાં નાના માણસની ખબર રાખે છે, ત્યારે સહુને પોતાના સગા લાગે છે. સર્વ શાસ્ત્રોના સારરૂપ વાણી ઉચ્ચારે ત્યારે પરમ ગુરુ જેવા લાગે છે ને આપણને જ્યારે જીવનની દિશાનો ખ્યાલ ન હોય ત્યારે એવું સૂચન કરી ઉચ્ચ જીવન તરફ દોરી જાય છે. ત્યારે એમનામાં અંતર્યામી સ્વરૂપનું દર્શન થાય છે. મોટા મોટા ધર્મગુરુઓ પણ જ્યારે સંસ્કારો આપવામાં નિષ્ફળ નીવડ્યા છે, ત્યારે સ્વામીશ્રી સાદી સરળ ભાષામાં ટૂંકા સમયમાં એ કાર્ય કરે છે. ત્યારે એમની શક્તિનો ખ્યાલ આવે છે.

'બુદ્ધિવાદથી પરમાત્માનું અસ્તિત્વ સમજવું કે સમજાવવું અઘરું છે, જ્યારે પરમાત્માનું અસ્તિત્વ નથી એવું સમજાવવું સહેલું છે. જે પુસ્તકોના થોકડાથી

નથી થતું, તે આવા પુરુષોના પરિચયમાં આવવાથી સહેજે બને છે. ગમે તેટલું જ્ઞાન હોય ને વ્યાખ્યાન કરી શકતો હોય, પણ હૃદયની શુદ્ધિ વિના પરમાત્મા તેના હૃદયમાં વાસ કરે નહિ. આજે એ હૃદયની શુદ્ધિનું કાર્ય યોગીજી મહારાજના પ્રસંગમાં આવનાર નાના-મોટામાં થતું દેખાય છે. અહીં સ્વામીશ્રીની દૃષ્ટિમાં નાના-મોટા સહુ એક છે.

'ઐશ્વર્ય, યશ વગેરે છ ગુણો સ્વામીશ્રીમાં પ્રત્યક્ષ દેખાય છે. આ લક્ષણો પરમાત્મા કે તન્મય બનેલા ભક્તોમાં દેખાય છે. આવા પુરુષોની ઉપસ્થિતિ લોકકલ્યાણ માટે જ છે.

'લોર્ડ માઉન્ટ બેટને કહેલું : 'જો ભારતમાં ચાર-પાંચ ગાંધીજી જેવા હોય, તો ભારત ખૂબ આગળ આવી જાય.' તેમ ચાર-પાંચ યોગીબાપા જેવા સંતો હોય, તો વિશ્વની ઘણી સમસ્યાઓનો ઉકેલ આવી જાય.

'આપણે પહેલાના યોગીઓ ને સિદ્ધોની વાત સાંભળીએ છીએ કે સાપની ચાબુક બનાવી વાઘ ઉપર સવારી કરતા. એ કદાચ થઈ શકે, પણ આજના યુવાનને વશ કરવો એ એથી પણ અઘરું કાર્ય છે. એ સ્વામીબાપા કરે છે.

'આવા પુરુષ આપણી વચ્ચે ઘણાં વર્ષ રહી કલ્યાણ કરે એ જ પ્રાર્થના.'

યુવક સંજીવ ત્રિવેદીએ કીર્તન ગાયું. સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં વીરા ભગતનું દૃષ્ટાંત આપ્યું : 'આપણે પૂર્વે મહારાજના યોગમાં આવ્યા હોઈશું, તો આજ શાસ્ત્રીજી મહારાજનો યોગ થયો. તપસ્વી ને ત્યાગી રહી ગયા. ત્યાગ-વૈરાગ્ય હાય, પણ આશરો ન હોય તો ભગવાનનો જોગ ન થાય.'

ત્યારબાદ અક્ષરપુરુષોત્તમની ઘીની મૂર્તિઓ બનાવનાર કારીગરોને આશીર્વાદ આપ્યા. તેઓએ સેવાભાવથી ભગવાન ને સંતની પ્રસન્નતાર્થે મૂર્તિ બનાવી હતી, તેથી સહુ રાજી થયા.

અંતમાં, વડોદરા મંડળ તરફથી મહેન્દ્રસિંહે, મુંબઈ મંડળ તરફથી મહંત સ્વામીએ અને સમગ્ર સત્સંગ વતી પ્રમુખસ્વામીએ નાથા ભગતે લાવેલો ૭૮ રંગના વિવિધ ગુલાબનો ભવ્ય હાર સ્વામીશ્રીને અર્પણ કર્યો હતો.

પછી હરિભક્તોએ ઠાકોરજીનું તથા સ્વામીશ્રીનું પૂજન કર્યું. ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, મદ્રાસ, સિકંદરાબાદ, બનારસ, કલકત્તા, પોંડીચેરી વગેરે સત્સંગના દેશનાં કેન્દ્રોમાંથી તથા નૈરોબી, લંડન વગેરે પરદેશનાં કેન્દ્રોમાંથી મળી, આશરે દસથી બાર હજાર હરિભક્તો હાજર રહ્યા હતા.

ઉત્સવ પછી જ્યાં સંતોનો ઉતારો હતો, ત્યાં શ્રેયસ્ હાઈસ્કૂલમાં તથા

બાબુભાઈ સિનોરવાળાને ત્યાં કુમકુમ સોસાયટીના વાસ્તુ પ્રસંગે પધરામણી કરી, જમી ને અટલાદરા પધાર્યા.

સીસું ધરબી દેવું

તા. ૧૪મીએ સભા પ્રસંગમાં *'હરિગુણ ગાતાં'* કીર્તન ઉપર વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું :

'રાજા હરિશ્ચંદ્ર સત્‌ને માટે ભંગીને ઘેર વેચાયા. રાણી અને કુંવરને પણ વેચ્યાં. આવી દૃઢતા ધારે તે મુખિયા - આજ્ઞાની દૃઢતા જોઈએ. મનમુખી દુઃખિયા રહે છે. તેમ આપણે કોઈ કાળે દુઃખિયા ન રહીએ. જો દૃઢતા હોય તો મહારાજ સહાય કરે. એક મહારાજનો આશરો હોય અને સર્વોપરી નિષ્ઠા હોય, તો મહારાજ રક્ષા કરે. અને 'તુમ બી આ જાઓ, તુમ બી આ જાઓ,' એમ કરીએ તો દુઃખ જ થાય.

'શ્રીજીમહારાજે વરતાલના પાંચમા વચનામૃતમાં કહ્યું છે કે 'આશરો હોય ને મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તોપણ તે દુઃખ થકી રક્ષાના કરનારા ભગવાન વિના બીજાને ન જાણે.'

'અર્જુન ભગવાનની મરજી પ્રમાણે જ વર્ત્યા તો ભગવાનના અનન્ય ભક્ત કહેવાયા. ચાર ભાઈ રહી ગયા અને આનો પહેલો નંબર લાગી ગયો. શ્રીજીમહારાજે અમદાવાદમાં નરનારાયણની મૂર્તિ પધરાવી દીધી.

'દૃઢતા ન હોય તો તરત મનમાં વિચાર થાય કે 'મહારાજે મારું કાંઈ કર્યું નહિ, મારું નખ્ખોદ કાઢી નાખ્યું.' ખરા હરિભક્તનું લક્ષણ તો ગ.છે. ૨૫માં કહ્યું છે : 'દેહમાં કોઈક દીર્ઘ રોગ આવી પડે તથા ખાવા અન્ન ન મળે, વસ્ત્ર ન મળે; ગમે એટલું સુખ-દુઃખ આવે તોપણ ભગવાનની ઉપાસના, ભક્તિ, નિયમમાં રંચમાત્ર મોળો ન પડે અને રતિવા સરસ થાય.' આ શ્રીજીમહારાજની શ્રીમુખની વાણી છે. આવો હોય તે ફર્સ્ટ નંબરમાં પાસ થાય. સેકન્ડ, થર્ડમાં નહિ.

'ભક્તવત્સલ ભગવાન સહાયમાં બેઠા જ છે. માહાત્મ્યે સહિત ભગવાનનો નિશ્ચય હોય, સંત ને સત્સંગીનું માહાત્મ્ય પણ જાણતો હોય ને તે ભક્તનું કર્મ કઠણ હોય, કાળ કઠણ હોય, તોપણ તે ભક્તનું કાળ ને કર્મ બેય ભૂંડું કરી શકતા નથી. મહારાજ પુરુષોત્તમ અને સંત અનાદિ અક્ષરબ્રહ્મ. આવી નિષ્ઠામાં જો કાંઈક ફેર હોય તો તેનું ભગવાન રૂડું કરવાને ઇચ્છે તોપણ રૂડું થતું નથી. ઉંમર થાય અને પડળ આવે, આંખમાં કણું પડે ત્યારે ડૉક્ટર ખેંચી લે

તો તરત ભડાકો થાય, તેજ દેખાય. તેમ ભગવાન ને સંતની નિષ્ઠા પાકી છે, તો કર્મ ને કાળ કઠણ હોય તોય વાંકો વાળ ન કરી શકે.

'ભગવાન આશીર્વાદ દીએ. સાક્ષાત્ હાજર હુકમ હોય તોય પાયો કાચો એટલે પડે હેઠો. મકાનનો પાયો કાચો હોય તો પડે હેઠું. સિમેન્ટ રેડ્યો હોય તો ન પડે. નર્મદાનો પુલ સીસું રેડીને કર્યો છે; તેમ કરે તો ન પડે. નિષ્ઠા કાચી હોય તેમાં ભગવાન શું કરે ? નિષ્ઠા ને આજ્ઞા બે મુખ્ય જોઈએ. સીસું ધરબી દેવું જોઈએ.

'સંત રાત-દી' ફરે છે શું કરવા ? ધર્માદો લેવા ? ધોતિયાં લેવા ? ના. નિષ્ઠા પાકી કરાવવા ફરે છે. નિષ્ઠા હોય તો બીજા દેવની આસ્થા રાખે નહિ. ઘરમાં બીજા ક્ષુદ્ર દેવની મૂર્તિ પધરાવીને કહે : 'સ્વામી ! મારું સારું કરો.' પણ ક્યાંથી કરે ?

'દૃઢતા જોઈને રે, તેની મદદ કરે મુરારિ.'

'અહીં પણ બ્રહ્માનંદ સ્વામીએ એ જ કહ્યું અને મુક્તાનંદ સ્વામીએ પણ આમ કહ્યું : 'એવી દૃઢતા ધારે તે મુખિયા.'

'હાણ-વૃદ્ધિ ભગવાનનાં ટાળ્યાં ટળે છે. તો ભગવાનના ભક્તને હિંમત ન હારવી.

'કદરજને જ્ઞાનની દૃઢતા હતી, તો કેટલાંય વર્ષો થઈ ગયા છતાં સ્વામીએ તેને યાદ કર્યા, ને સહી કરી. કોઈ ઓળખતું નથી, પણ દુઃખ ન લગાડ્યું. વાસુદેવ-દેવકી ભગવાનનાં માબાપ હતાં, છતાં બાર વર્ષ જેલમાં રહેવું પડ્યું.

'આમાં ચારે પદનો સિદ્ધાંત શો છે ? એકમના થઈ સંપ-સુહૃદભાવે પ્રભુને ભજીએ તો હરિને રીઝીએ. બે બળદિયા જુદા ખેંચે તો ગાડું સરખું હાલે ? જોડના સરખા હોય તો એકદમ પહોંચાડી દે. તેમ સંત-હરિભક્તને એકમના થઈ પ્રભુ ભજી લેવા. મહારાજની મૂર્તિમાં જોડાઈ જઈએ તો શાંતિ થઈ જાય. આ કીર્તનનો સાર - દૃઢતા રાખવી.'

સત્સંગ બહાર કસાઈવાડો

વળી, કથા પ્રસંગમાં કહ્યું કે –

'મોક્ષ શું ? આ સંતો ભેગા બેસાય-ઉઠાય, કથાવાર્તા થાય. દર્શન-સ્પર્શન થાય એ મોક્ષ. પણ ઊંધે માથે લટકે ને તપ કરે, તે મોક્ષ નહિ.

'વિદ્યાશક્તિ ને સહનશક્તિ એ બે રાખવાં. સત્સંગમાં દરેકનો ગુણ લેવો,

સેવા કરવી તે સુહૃદભાવ. એ હોય તો આગળ વધાય. કોઈનું મન ઉદાસ હોય તો જીવને બચાવવો. કસાઈવાડે ગાય જતી હોય તે બચાવે. ધૂડ જેવો હોય તોય અમે રાખી લઈએ.' સ્વામીશ્રીના આ હૃદયોદ્‌ગાર જીવો ઉપર એમની અપાર કરુણા દર્શાવતા હતા.

તા. ૧૬મીએ મગનભાઈ સાધીવાળાના બંગલાનું વાસ્તુ કરી, વરણામા તથા પોરના હરિભક્તોને દર્શન આપી, કારવણ થઈ, તા. ૧૭મીએ સાંજે લીંગસ્થળી પધાર્યા.

સ્થાનિક સત્સંગ મંડળના હરિભક્તો રણછોડભાઈ, ડાહ્યાભાઈ વગેરેએ અહીં સુંદર હરિમંદિર તૈયાર કર્યું હતું.

બીજે દિવસે સ્વામીશ્રીએ વિધિપૂર્વક અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિ-પ્રતિષ્ઠા કરી. આજુબાજુના ઘણા હરિભક્તોએ આ ઉત્સવનો લાભ લીધો.

સાંજે વડોદરા, છાણી થઈને ધર્મજ ઈશ્વરભાઈને ત્યાં પધાર્યા. બીજે દિવસે ધર્મજની ગર્લ્સ હાઈસ્કૂલમાં જાહેર સત્સંગ સભા યોજી હતી, જેનો ગામની ભાવિક જનતાએ સારો લાભ લીધો હતો.

મૂળ સરભાણના વતની ઘનશ્યામભાઈને ધર્મજમાં ઈશ્વરભાઈ મગનભાઈને ઘેર સ્વામીશ્રીનાં સૌ પ્રથમ દર્શન થયાં. તેમની વિચારસરણી 'સર્વોદય'ની હતી. સ્વામીશ્રીનાં દર્શન થતાં જ તેમના બધા વિચારો શમી ગયા. સ્વામીશ્રીએ તેમને પૂજા આપી અને કહ્યું : 'ઘેર જાવ, ઘરનું કામકાજ કરજો અને પૂજા કરજો.'

ઘનશ્યામે વિચાર્યું : 'ઘેર જઈશું તો સંસારમાં પડવું પડશે.' તેથી તેમણે એક સંત દ્વારા સ્વામીશ્રીને કહેવડાવ્યું કે 'સાધુ થવાની ઇચ્છા છે.'

આ જાણી સ્વામીશ્રી રાજી થયા અને બોલ્યા : 'અહોહો, આ તો સામે ચાલીને આવ્યા છે. અને બીજાને તો નળ ચડી જાય એટલી વાત કરીએ તોપણ સાધુ થવાની ઝટ હા ન પાડે. માટે બહુ બળિયા છે.'

પછી ઘનશ્યામે કહ્યું : 'બાપા ! ઘરમાં મોટો હું છું અને પિતાને ટી.બી.નું દર્દ છે.'

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'ઘરનું કામ અમે કરીશું, પણ તમે ત્યાગી થઈ જાવ.'

પછી ઘનશ્યામને પાર્ષદની દીક્ષા આપી, હરિપ્રસાદ ભગત નામ આપ્યું, રાજીપો દર્શાવ્યો.

એક અઠવાડિયું બોચાસણ રોકાઈ, ચરોતરના હરિભક્તોને દર્શન-

કથાવાર્તાનું સુખ આપ્યું. તા. ૨૭મીએ કોઠારી ભક્તિવલ્લભ સ્વામીના સમાધિ સ્થાન ઉપર શ્રીજીમહારાજનાં ચરણારવિંદ પધરાવ્યાં.

ગરમીને લીધે સ્વામીશ્રીને શરીરે અળાઈ થઈ હતી. એક દિવસ કહે : 'ઈશ્વર સ્વામીને બોલાવો. એ ભૂંહી દેશે. (પાવડર લગાડી દેશે.) એનો હાથ બહુ હળવો.'

એમના શબ્દપ્રયોગમાં પણ ઘણું રહસ્ય હતું. 'પાવડર લગાડી દો,' એમ ક્યારેય કહેતા નહિ. 'પાવડર ભૂંહી દો,' એમ બોલતા. જાણે ન છૂટકે, દવા તરીકે લગાડવો પડતો હોય, તેવો કુત્સિતભાવ એમના શબ્દોમાં હતો. જો કે સેવા આપવાનો જ ઉદ્દેશ મુખ્ય હશે.

તા. ૨૮મીએ પેટલાદ થઈ, સોજિત્રા આંખની હૉસ્પિટલમાં હરિહરભાઈના આગ્રહથી પુષ્પ છાંટી, મધુભાઈ કલકત્તાવાળા સાથે બાઈઓનાં મંદિરમાં દર્શન કરી, ગાડા પધાર્યા.

બીજે દિવસે સવારે અહીંના મંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા કરી. રઢુ - પુરુષોત્તમપુરાના હરિભક્તોને રસ્તામાં મળી, ધોળકા પ્રેમચંદભાઈના જીનમાં પગલાં કરી, હરિજીવનદાસને ત્યાં ઉકાળા-પાણી કરી, રાત્રે ૧૧-૦૦ વાગે લીંબડી આવી પહોંચ્યા. બાદ રાજકોટ થઈ ગોંડલ પધાર્યા.

એક દિવસ સ્વામીશ્રી ખુરશી પર બિરાજી મંદિરે દર્શને જઈ રહ્યા હતા. ત્યાં દરવાજામાં કૂતરું દાખલ થયું. સ્વામીશ્રી તે જોતાં જ બોલી ઊઠ્યા : 'હાટ કૂતરા.' કૃષ્ણકાન્તભાઈએ જમણી બાજુએ ખુરશી લીધી હતી. સ્વામીશ્રી કહે : જાવ, કૂતરાને કાઢો. આજ્ઞા પાળો.'

તેમણે તુરત જ ખુરશી બાજુમાં કોઈ હરિભક્તને સોંપી, પગથિયાના ત્રીજા રમણેથી કૂદી, દોડીને કૂતરું હાંકી કાઢ્યું. સ્વામીશ્રી તેમની આજ્ઞા પાળવાની તત્પરતાથી ઘણા રાજી થયા અને પાછા ફર્યા ત્યારે રાજીપો બતાવી ખૂબ થાપા માર્યા.

સત્પુરુષ થકી જ તત્ત્વજ્ઞાન પમાય

અહી ગુજરાતની કૉલેજોના તત્ત્વજ્ઞાનના પ્રૉફેસરોની બે દિવસની સેમિનાર નૈમિષારણ્ય ગુરુકુળમાં હતી. આ પ્રસંગે સ્વામીશ્રીએ તત્ત્વજ્ઞાન પરિષદના પ્રાધ્યાપકોને આશીર્વાદ આપતાં કહ્યું :

'શ્રીજીમહારાજે પોતાનાં ૨૬૨ વચનામૃતોમાં તત્ત્વજ્ઞાન મૂક્યું છે. પોતાની

પરાવાણી ગોઠવી છે. પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી – એમ ચાર પ્રકારની વાણી કહી છે. ભગવાનની વાણી પરાવાણી કહેવાય; એક વાર વાંચી જઈએ એટલે અર્થ ન સમજાય, વિચારણા કરવી જોઈએ. તમામ શાસ્ત્રોનો સાર શ્રીજીમહારાજે વચનામૃતમાં ગોઠવ્યો છે.

'તત્ત્વજ્ઞાન એટલે મૂળ સિદ્ધાંત. મૂળ સિદ્ધાંત સમજાયા વગર - જીવનમાં ઉતાર્યા વગર, બીજી ગમે તેટલી વાતો કરીએ તેનું કાંઈ ફળ ન થાય. આપણે ખેતરમાં અનાજ ઉગાડવા કોશ જોડીએ, પાણી વાળીએ, બધું કરીએ, પણ જો મૂળમાં બીજ ન વાવ્યું હોય તો કાંઈ ઊગે નહિ. શ્રીજીમહારાજે વચનામૃતમાં પાયાનું તત્ત્વજ્ઞાન પ્રવર્તાવ્યું છે, પણ તે એક દિમાં ન સમજાય. તેનું શ્રવણ કરી, મનન અને નિદિધ્યાસન કરવાં જોઈએ, તો તેનો સાક્ષાત્કાર થાય. હિંદુસ્તાનની બધી યુનિવર્સિટીના પાંચ હજાર પ્રૉફેસરો ભેગા થાય ને આ તત્ત્વજ્ઞાન સંબંધી વિચારણા, પોતાના કામનો ભોગ આપીને કરે, તો મેળ મળે. વચનામૃત જેણે પોતાની મેળે ઉપર ઉપરથી વાંચ્યું હોય તે તો 'ગઢડાનો દરબાર ને લીંબડો' આટલું જ તેનું રહસ્ય સમજે. સ્વામિનારાયણના હજારો સત્સંગીઓ વચનામૃત વાંચે છે પણ મુદ્દો હાથ ન આવે. ઊંડા ઊતરવું જોઈએ. કૂવામાં ૭૦ ફૂટ જાય પછી મીઠું પાણી આવે, ધોધ છૂટી જાય.

'પ્રૉફેસરો અહીં આવ્યા, સારું થયું. આ વખતે થોડા આવ્યા છે. 'ઉતારો મળશે કે કેમ ?' પણ અહીં એવું નથી. અમારું બહુ મોટું મન છે. પાગરણ કે ખાવાનો તોટો નથી. માટે બધાએ આવતી વખતે જરૂરથી આવવું. આ સંપ્રદાયને તો આગળ ઉપર, આખો હિંદુસ્તાન તેમજ અમેરિકા વગેરે પરદેશો પણ માનશે. તમારી પેઢીઓ તે જોશે.

'ગુરુકૃપા વિના તત્ત્વજ્ઞાન મળતું નથી. એક જણ મુંબઈની લાઇબ્રેરીમાં વાંચવા જતો. તેમાં એક પુસ્તકમાંથી 'ઘોડે કેમ ચડવું ?' તે વાંચ્યું. પછી દેશમાં ગયો. ત્યાં એક દરબારને ત્યાં મહેમાન થયો. દરબારને ત્યાં ઘોડી હતી. એણે કહ્યું : 'મને ઘોડી બેસવા આપો. મને આવડે છે.' પછી તો પુસ્તકમાં વાંચેલું તેમ બેસવા ગયા. ત્યાં તો ઘોડીએ હેઠા પાડ્યા. દરબારે કહ્યું : 'તમે કહેતા હતા ને કે મને આવડે છે !' તેણે કહ્યું : 'હું તો મુંબઈમાં લાઇબ્રેરીમાં પુસ્તક વાંચીને બેસવાનું શીખ્યો હતો.' દરબારે કહ્યું : 'એમ ચડતાં ન આવડે. ઘોડી પ્રત્યક્ષ મળવી જોઈએ.'

'શ્રીજીમહારાજે અનુભવનું જ્ઞાન પ્રવર્તાવ્યું છે. લાઇબ્રેરીમાં વાંચીને

તત્ત્વજ્ઞાન તૈયાર ન થાય. સત્પુરુષ થકી જ તત્ત્વજ્ઞાન પમાય. આ સંપ્રદાય ફક્ત કાઠી-કોળીનો નથી, પણ વિદ્વાનોનો પણ છે. શ્રીજીમહારાજ વખતે સર્વ કલામાં પારંગત સંતો હતા. જૂનાગઢના નવાબ, ગોંડળના દરબાર વગેરેને શ્રીજી-મહારાજે સંતો દ્વારા જીતી લીધા.

'ભગવાન ઓળખાઈ જાય તે તત્ત્વજ્ઞાન સાચું. હિંદુસ્તાનમાં ધર્મ પ્રવર્તાવવા લાખો પ્રૉફેસરો ભેગા થાય. કોઈ સારે મારગે ન જતો હોય, તો તેને સારે મારગે ચઢાવવો તે પણ તત્ત્વજ્ઞાનનું અંગ છે.

'વિદ્યાર્થીઓ બધા તત્ત્વજ્ઞાનમાં વળે તેવા અમારા આશીર્વાદ છે વિદ્યાર્થીઓને તમારે વાત કરવી, શરમાવું નહિ. કટિબદ્ધ થઈ તત્ત્વજ્ઞાનનો ફેલાવો કરો.'

સુદામા નગરીમાં જ્ઞાનયજ્ઞ

તા. ૧-૬-'૬૯, સવારે ગોંડલથી નીકળી, ધોરાજી મંદિરમાં પીપલાણાના જોગી સ્વામીને મળીને, કુતિયાણા મંદિરે દર્શન કરી, પોરબંદર હેમેન્દ્રભાઈને ત્યાં પધાર્યા.

બીજે દિવસે સવારે લોહાણા મહાજન વાડીમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં સુશોભિત મંડપમાં પારાયણનો પ્રારંભ થતો હતો. હરિલીલાકલ્પતરુની કથા શાસ્ત્રી અનુપમ ભગત તથા મેં વાંચી હતી. સાંજે શ્રીમદ્‌ભાગવતની કથાનું વાચન શાસ્ત્રી સિદ્ધેશ્વરદાસ અને શાસ્ત્રી નારાયણ ભગત કરતા હતા. તેમના આ પ્રથમ પ્રયાસે જ સ્વામીશ્રીના આશિષથી તેઓ કથામૃતનું સુંદર પાન કરાવી સૌને તૃપ્ત કરતા હતા. સાંજે ૫-૦૦ થી ૬-૦૦ વાગ્યા સુધી એક કલાક સંતો કીર્તનો ગાતા અને સ્વામીશ્રી તેનું નિરૂપણ કરી બ્રહ્માનંદ કરાવતા.

રાતની સભામાં સ્વામીશ્રીએ હરિલીલાકલ્પતરુનો મહિમા કહેતાં કહ્યું કે 'ભાગવત પારાયણની જેમ આ ગ્રંથની પારાયણમાં હજારો મુમુક્ષુઓ, સ્પેશિયલ ટ્રેઈનો કરીને સાંભળવા આવશે. હજારો પ્રતો છપાશે. આ ગ્રંથની પારાયણ શાસ્ત્રીજી મહારાજ બહુ કરાવતા માટે કથાનો લાભ સૌએ લેવો. પાનું હાથમાં લઈ વાંચતા એવું અંતકાળે યાદ આવે, કામ થઈ જાય.'

તા. ૫મીએ રાત્રે ૯-૦૦ વાગે અત્રેના ભાવિક ભક્તોએ સ્વામીશ્રીનું સન્માન કરવા એક જાહેર સભા પોપટભાઈ કક્કડ(ધારાસભ્ય)ના પ્રમુખપદે યોજી હતી. સભામાં હર્ષદભાઈ, હકાભાઈ, કાનજીભાઈ દત્તાણી, પ્રમુખસ્વામી, મહંત

સ્વામી, રાવલ સાહેબ અને પ્રમુખ પોપટભાઈએ મનનીય પ્રવચનો કર્યાં હતાં.

પારાયણ દરમિયાન ગામના પ્રતિષ્ઠિત ગૃહસ્થો સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો લાભ લેવા આવતા હતા અને સૌ આનદનો અનુભવ કરતા. પારાયણનો અલૌકિક લાભ લેવા માટે અનેક ગામોમાંથી હરિભક્તો આવ્યા હતા. વલ્લભદાસ શેઠ ઘીવાળા અને શેઠ હરજીવનદાસ બારદાનવાળા દર્શને આવ્યા હતા. હરજીવનદાસ શેઠે સ્વામીશ્રીનો અપાર મહિમા કહ્યો કે છેલ્લાં ૧૦-૧૫ વર્ષથી સ્વામીશ્રીના મને ઘણા અનુભવો થયા છે. ગીતામાં સાધુનાં જે લક્ષણો દર્શાવ્યાં છે તે સંપૂર્ણ યોગીજી મહારાજમાં છે.

શંકર કવિ પણ રાત્રે પોતાની વિશિષ્ટ શૈલીમાં સ્વામીશ્રીનો મહિમા અને ભક્તિરસથી પૂર્ણ આખ્યાનો કહી સૌને પ્રસન્ન કરતા હતા. મણિભાઈ સલાડવાળા પણ જોશીલી શૈલીમાં વાતો કરતા.

સ્વામીશ્રીની પ્રસન્નતાર્થે આ પારાયણમાં મથુરભાઈ, રામજીભાઈ રબારા, વિનુભાઈ, નરેન્દ્રભાઈ, માલદેવભાઈ, જોધાભાઈ અને ગોરાણા મંડળ, લખુભા, ભરતસિંહ, એન્જિનિયર શાહ સાહેબ, પ્રિન્સિપાલ જાની સાહેબ, ગિરધરભાઈ, કાન્તિભાઈ શેઠ અને અન્ય ભક્તોએ સાત દિવસ સતત ખડે પગે રહી સેવા કરી હતી. કેશુભાઈ જયંતીલાલ, ચંદુલાલ નરભેરામ મહેતા, રણછોડભાઈ અને છોટુભાઈ પણ સેવામાં જોડાયા હતા.

તા. ૮મીએ રવિવારે પારાયણની પૂર્ણાહુતિ ધામધૂમપૂર્વક થઈ. હેમેન્દ્રભાઈ, તેમનાં કુટુંબીજનો અને હરિભક્તોએ ઠાકોરજી અને સ્વામીશ્રીનું પૂજન કરી અલભ્ય લાભ લીધો.

લાલવડની ગરિમા તળે ગોષ્ઠિ

પોરબંદરમાં પારાયણ કરી, સ્વામીશ્રી વરજાંગ જાળિયા, કુતિયાણા થઈ, ધોરાજી પધાર્યા.

ધોરાજી સત્સંગ મંડળમાં સભ્યો ઘણા ઓછા હોવા છતાં તેમના હૃદયની ભક્તિ જોઈ સ્વામીશ્રીએ અહીં પારાયણ કરવાનું નક્કી કર્યું. આ અંગેની સંપૂર્ણ તૈયારીઓ સ્વામીશ્રીની આજ્ઞા અનુસાર કરી.

તા. ૯-૬-'૬૯ના પારાયણનો પ્રારંભ થયો. સવારે હરિલીલાકલ્પતરુની કથાનું વાચન પ્રમુખસ્વામી, શાસ્ત્રી શ્રીહરિદાસ, શાસ્ત્રી અનુપમ ભગત તથા હું કરતા. સાંજે ભક્તચિંતામણિની કથા થતી અને શ્રીમદ્‌ભાગવતની કથા શાસ્ત્રી

નારાયણ ભગત વિદ્વત્તાપૂર્ણ શૈલીમાં કરી સભાજનોને આનંદ કરાવતા.

દરરોજ સવારે ૫-૦૦ વાગે દાસ ભક્ત(ગાનાના પુરુષોત્તમદાસ)ની દોરવણી હેઠળ હરિભક્તો પ્રભાત ફેરી કાઢતા અને સ્વામિનારાયણ મહામંત્રની ધૂનથી વાતાવરણ દિવ્ય બનાવતા. સવારે ૫-૦૦ થી ૬-૦૦ સ્વામીશ્રી મંગલ પ્રવચનમાં અદ્‌ભુત જ્ઞાનવાતો કરી બળ આપતા. બપોરે ઠાકોરજીને જમાડ્યા બાદ વચનામૃત ઉપર સ્વામીશ્રી નિરૂપણ કરી આનંદ કરાવતા. રાત્રે સભામાં પ્રમુખસ્વામી, મહંત સ્વામી, બાલમુકુંદ સ્વામી, હર્ષદભાઈ, એ.પી. પટેલ, હકાભાઈ વગેરે સત્સંગ સંબંધી વાતો કરતા.

સ્વામીશ્રી જેવા ભગવત્‌સ્વરૂપ સંતનાં દર્શન હજારો મુમુક્ષુઓ કરે, અક્ષરધામના અધિકારી બને – એવા શુભ આશયથી, તા. ૧૪મીના રોજ અહીં નગરજનોએ સ્વામીશ્રીની શોભાયાત્રા યોજી હતી. ખુલ્લી શણગારેલી મોટરમાં ઠાકોરજી તથા સ્વામીશ્રીને પધરાવ્યા હતા. સંતમંડળી, ધોરાજીની રામભજન મંડળી, દાસ ભક્ત તથા શંકર કવિ ભજન અને ધૂનની રમઝટ બોલાવતા હતા. સૌથી છેલ્લે કળશ સહિત મહિલા મંડળ ચાલતું હતું. ઠેર ઠેર ગામની મુમુક્ષુ જનતાએ અક્ષત અને પુષ્પથી સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. સાંજે ૬-૩૦ વાગે નગરયાત્રા દશા શ્રીમાળી છાત્રાલયમાં સભાના રૂપમાં ગોઠવાઈ ગઈ.

ધોરાજી નગરપાલિકાના પ્રમુખ હરિભાઈના અધ્યક્ષપદે સન્માન સમારંભ શરૂ થયો. આ પ્રસંગે ગામના પ્રતિષ્ઠિત નાગરિકો, ડૉક્ટરો, વકીલો, પ્રૉફેસરો, વેપારીઓ વગેરે હાજર રહ્યા હતા. સ્વામીશ્રીની આજ્ઞાથી મેં અંગ્રેજીમાં પ્રાસંગિક પ્રવચન કર્યું. હકાભાઈ અને અન્ય વક્તાઓએ પણ સ્વામીશ્રીની સાધુતાનાં ગુણગાન ગાતાં પ્રવચનો કર્યાં હતાં. સ્વામીશ્રીના આશીર્વાદ બાદ શાસ્ત્રી નારાયણ ભગતે વેદગાન કર્યું. પારાયણ દરમિયાન છેલ્લા ત્રણ દિવસ શંકર કવિ આખ્યાનો કહી આનંદ કરાવતા.

તા. ૧૫ના સવારે પારાયણની પૂર્ણાહુતિ થઈ. ૪,૦૦૦ ઉપરાંત હરિભક્તોએ દર્શન અને પૂજનનો લાભ લીધો. આ પ્રસંગે સ્વામીશ્રીએ ધોરાજીમાં હરિમંદિર કરવાનો શુભ સંકલ્પ કર્યો ને તે માટે મુકુંદભાઈ શેઠ તથા હરિભાઈને ભલામણ કરી.

પારાયણ દરમિયાન ભાયાવદર, ઉપલેટા, રાજકોટ, ગોંડલ, જામકંડોરણા વગેરે ગામોમાંથી ઘણા હરિભક્તો પધાર્યા હતા. નાથાલાલ તથા કાંતિભાઈ પંચમીઆ, નથવાણી, મકવાણા, જાદવજીભાઈ, મુકુંદભાઈ શેઠ, શાંતિભાઈ,

દીવાન સાહેબ વગેરે હરિભક્તોએ આ પારાયણ પ્રસંગે ખૂબ જ સેવા કરી સ્વામીશ્રીને રાજી કર્યા.

સાંકરી મંદિરનો ઉદ્‌ભવ

સ્વામીશ્રી જૂનાગઢ પધાર્યા. અહીં સુરત નજીક સાંકરીના શેઠ સોમાભાઈ નારણભાઈ પટેલને સ્વામીશ્રીનું આકસ્મિક મિલન થઈ ગયું. જેના કારણે તેમનું સમગ્ર જીવન આધ્યાત્મિક માર્ગે વળી ગયું.

ગુજરાત ફાયનાન્સિયલ કોર્પોરેશનના મૅનેજિંગ ડાયરેક્ટર નગીનદાસ શાહ તેમને જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરે દર્શને લાવ્યા હતા.

મંદિરનાં પગથિયાં ચડતાં જ સ્વામીશ્રીનાં દર્શન થયાં. સ્વામીશ્રીને ખુરશીમાં બેસારી યુવકો-સંતો મંદિરમાં દર્શને લઈ જતા હતા. નગીનદાસ શાહે સોમાભાઈને કહ્યું : ‘તમે ખૂબ નસીબદાર છો, એક મહાન સંતનાં હું તમને દર્શન કરાવું. બહુ મોટા પુણ્ય વિના એમનાં દર્શન થતાં નથી.’

સોમાભાઈને આશ્ચર્ય થયું. નગીનદાસે મંદિરમાં સ્વામીશ્રીનાં દર્શન કર્યાં. સ્વામીશ્રી તેમને ઓળખી ગયા ને થાપો માર્યો. તેમણે સોમાભાઈની ઓળખાણ કરાવી. પછી કહ્યું : ‘બાપા ! આપના આશીર્વાદથી, જે પ્લાન્ટ અને મશીનરીના વેચાણ માટે છેલ્લા એક વર્ષથી અમે પ્રયત્ન કરતા હતા, તે વેચાણ અને દસ્તાવેજ, સહી-સિક્કા વગેરે કોર્ટ મારફત આજે થઈ ગયા છે. અને તે મિલ આ સોમાભાઈએ લીધી છે.’

સ્વામીશ્રી ખૂબ રાજી થયા. તેઓ નીચા નમીને સ્વામીશ્રીને પગે લાગ્યા. એટલે સ્વામીશ્રીએ પીઠ પર બે-ત્રણ ધબ્બા આપી દીધા અને બોલ્યા : ‘મહારાજ સુખિયા કરી દેશે.’

એ પછી મુંબઈમાં સોમાભાઈને સ્વામીશ્રીનો અનેક વાર યોગ થયો. તેઓ સ્વામીશ્રીના નિષ્ઠાવાન ભક્ત બન્યા. પાછળથી પોતાના ગામ સાંકરીમાં - સ્થાનિક ભક્તોની મદદથી સ્વામિનારાયણ મંદિર સ્થાપ્યું. આજીવન સ્વામીશ્રી અને સત્સંગના અનન્ય સેવક બની રહ્યા અને તન, મન ને ધનથી ખૂબ સેવા કરી.

સોમનાથની સંનિધિમાં સત્સંગ

તા. ૧૮મીએ સવારે જૂનાગઢથી નીકળી બીલખા, નથુરામ શર્માના આનંદાશ્રમમાં પધરામણી કરી. સભામાં પૂજારીએ સ્વામીશ્રીનું વિધિપૂર્વક પૂજન

કરી પ્રશસ્તિગાન કર્યું. ભીખાભાઈ જોશીને ત્યાં ઉતારે પધાર્યા. ગામની ધર્મશાળામાં જાહેર સત્સંગ સભા યોજી હતી. સાંજે નિવૃત્ત કલેક્ટર જોબનપુત્રા સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

બીજે દિવસે જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરે ફરીથી દર્શન કર્યાં. પ્રખર લોકકવિ મેરુભા ગઢવી દર્શને આવ્યા હતા.

સાંજે શાપુર થઈ, વેરાવળ આવી પહોંચ્યા.

અહીં છેલ્લાં કેટલાંક વર્ષોથી સત્સંગ મંડળની સ્થાપના થયેલ. નિયમિત રવિવારની સભા થતી. મંડળના કાર્યકર્તાઓ મોતીભાઈ પટેલ, મહેતા વગેરેએ મળી, 'વેરાવળમાં પારાયણ થાય' - એવો શુભ પ્રસ્તાવ મૂક્યો. આર્થિક સ્થિતિ સામાન્ય, છતાં સત્સંગ-પ્રચારની ધગશવાળા સહુએ એ પ્રસ્તાવ ઝીલ્યો. શુભ હેતુથી આરંભ કરેલ કાર્યોમાં ભગવાન મદદ કરે જ.

વલ્લભભાઈ રાજુલાવાળાએ અગાઉથી વેરાવળ આવી પૂર્વ તૈયારીઓ કરી દીધી. સ્વામીશ્રીનો ઉતારો અગ્રણી હરિભક્ત રતિલાલ જાદવજી શેઠને બંગલે હતો. પારાયણ માટેનું સ્થળ 'લોહાણા મહાજન વાડી'માં રાખ્યું હતું.

તા. ૨૦-૬-'૬૯ના સવારે સ્વામીશ્રીના ઉતારાથી વાડી સુધી શોભાયાત્રા કાઢી. પછી કથાનો પ્રારંભ થયો. સવારે સત્સંગિજીવનની કથા પ્રમુખસ્વામી વાંચતા. સાંજે ભક્તચિંતામણિની કથા હું કરતો અને શ્રીમદ્ભાગવતની કથા શાસ્ત્રી નારાયણ ભગત વાંચતા. રાત્રે જાહેર સત્સંગ સભાઓ યોજાતી. સ્થાનિક તથા આજુબાજુનાં ગામોમાંથી હજારો મુમુક્ષુઓ આ કથામૃત ને દર્શનનો લાભ લેવા આવતા. આ પારાયણથી સત્સંગ મંડળમાં ખૂબ જ જાગૃતિ આવી અને વેરાવળની પ્રજાને ખૂબ જ ગુણ આવ્યો.

અહીંના ભાવિક ભક્ત અને ડેપ્યુટી એન્જિનિયર મૂળ ઝાડેશ્વરના મોતીભાઈ પટેલ, વેરાવળ આવ્યા પહેલાં ભાવનગરમાં હતા. ત્યાં ફરીથી બદલી થવા છતાં તેમણે વેરાવળનો હુકમ મેળવવા પ્રયત્નો કર્યા હતા. પરંતુ તે નિષ્ફળ જતાં ભાવનગર આવવું પડ્યું હતું. બે વર્ષ પહેલાં સારંગપુરમાં ફૂલદોલ ઉત્સવે સ્વામીશ્રીએ તેમને વિગત પૂછી : 'ક્યાં છો ?'

'બાપા ! ભાવનગર છું.'

'પણ બાપા ! તેમની બદલી વેરાવળ થાય તો સારું.' સાથે ઊભેલા ભાવનગરના હરિભક્તે કહ્યું.

સ્વામીશ્રી તરત જ બોલ્યા : 'આપણે વેરાવળ જવું છે !'

સ્વામીશ્રીના સંકલ્પે અને કૃપાએ જે ક્યારેય શક્ય નહોતી તે બદલી થઈ ગઈ અને તેઓ વેરાવળ આવી ગયા.

આ વખતે પારાયણમાં તેમણે સેવાનો ખૂબ લાભ લીધો. અને પૂર્ણાહુતિ નિમિત્તે સ્વામીશ્રી અને સંતોને રસોઈ આપી પોતાના ઘરે પધરાવ્યા. છેલ્લો ગ્રુપ ફોટો પાડ્યો ત્યારે ફોટોગ્રાફરની ઇચ્છા કે ફક્ત સ્વામીશ્રીનો જ ફોટો લેવો; પણ સ્વામીશ્રી મોતીભાઈનું કાંડું પકડી નજીક ખેંચતાં કહે : 'સેવક સાથે જ જોઈએ !'

મોતીભાઈને થયું : 'આવું અલૌકિક સુખ આપવા જ સ્વામીશ્રીએ બદલી કરાવી આપી હશે !' તેમને લાગ્યું કે પોતે કૃતાર્થ થઈ ગયા છે.

તા. ૨૨મીએ સાંજે સંતો-હરિભક્તો સાથે સ્વામીશ્રી પ્રભાસપાટણ પધાર્યા. ગીતામંદિરે દર્શન કરી, તીર્થજળ માથે ચઢાવ્યું. ભગવાન શ્રીકૃષ્ણની પ્રસાદીનો પીપળો છે ત્યાં દર્શન કર્યાં. પીપળાને પાણી ચડાવ્યું. ત્રિવેણી સંગમમાં બ્રાહ્મણોને દક્ષિણા આપી. સોમનાથ મહાદેવનાં દર્શન કર્યાં. સંતોએ સમુદ્રસ્નાન કર્યું. ગામમાં પુરાતન શ્રીકૃષ્ણ મંદિરનાં દર્શન કરી, વેરાવળમાં નિરાશ્રિત વંડાએ, જ્યાં સંતોનો ઉતારો હતો, ત્યાં પધરામણી કરી. સર્વ સિંધીભાઈઓનો ખાસ આગ્રહ હતો કે તેમની જગ્યા સ્વામીશ્રી પાવન કરે. લગભગ ૫૦ જેટલા સિંધીભાઈઓને વર્તમાન ધરાવ્યાં, પૂજા દીધી. ત્યાં સભા કરી, સૌને સત્સંગનો લાભ આપી, આશીર્વાદ આપ્યા.

બીજે દિવસે સવારે સંતો સાથે કાલવાણીમાં દર્શન કર્યાં. શ્રીજીએ એક રાતમાં ૫૦૦ સંતોને પરમહંસ દીક્ષા આપી, એ સ્થાન સ્વામીશ્રીને મન અતિ મહત્ત્વનું હતું. જ્યારે અહીં પધારે ત્યારે આ સ્થળે અચૂક આવવાનું જ. સંપ્રદાયમાં સંતો વધે – એવા શુભ સંકલ્પો કરી, ધૂન કરવાની જ. આ સ્થાનનો સ્વામીશ્રીને અપ્રતિમ મહિમા, તે સ્થળ સાથે એકરૂપ થઈ જાય. જલદી ખસે નહિ. જાણે શ્રીહરિ સાથે આ સ્થાનમાં કોઈ વિશિષ્ટ તાદાત્મ્ય અનુભવતા ન હોય !

કેશોદ રાજાણી ઓઈલ મિલ તથા નથવાણી ઓઈલ મિલમાં પગલાં કર્યાં, સાંજે સભા કરી, વંથલી મંદિર તથા સૂર્ય કુંડ દર્શન કરી, પટેલ વંડામાં સભા કરી, રાત્રે જૂનાગઢ આવી, વળતે દિવસે જેતપુર દર્શન કરી, ગોંડલ આવી પહોંચ્યા.

અગમ-નિગમના નિયંતા

આ પંચતીર્થીમાં સ્વામીશ્રી રોજ કચ્છના સુખપુર ગામના કાનજીભાઈ પરબતભાઈના નામનું પારાયણ કરાવતા. કાનજીભાઈએ કચ્છની પંચતીર્થી

(૧૯૫૬) વખતે સ્વામીશ્રીને મંદિરમાં પણ પ્રવેશવા દીધા નહોતા. અને અત્યંત કડવાં વચનો કહી અપમાનિત કર્યા હતા. પોતે વચનામૃતના ઊંડા અભ્યાસી, કથાવાર્તાના ઈશકી અને ભુજ મંદિરમાં તેમના ઉપદેશથી ૧૮ યુવાનો સાધુ થયા હતા. જીવન અણિશુદ્ધ રાખતા અને ચાર યજ્ઞો કરાવી કીર્તિ પણ મેળવી હતી. પણ સ્વામીશ્રીનો ભરપૂર દ્રોહ કર્યો અને સને ૧૯૫૯માં સર્પદંશથી અપમૃત્યુને વર્યા પછી ભૂત થયા હતા. પોતાની પુત્રી બાઈ વેલીના દેહમાં પ્રવેશ કરી આખું ઘર રંજાડતા. આમ ને આમ દસ વર્ષ વીતી ગયાં. સૌ કંટાળ્યા હતા. બાઈ વેલીનો દેહ પણ ટકે તેમ લાગતું ન હતું. વળગાડ એવો હતો કે કોઈની કાંઈ કારી ફાવી નહોતી.

એવામાં નૈરોબીના ભક્ત અને મૂળ સુખપુરના વતની કરસનભાઈ એન. લખમણ દેશમાં આવી પહોંચ્યા. તેમણે નૈરોબીમાં સ્વામીશ્રીની પધરામણી કરાવી, ગઢડાની કળશ મહોત્સવની સેવા પણ કરી હતી. તેના પ્રતાપે જ તેઓ સુખી થયા હતા. કાનજી પરબતના સંબંધીઓ કરસનભાઈને બાઈ વેલીની પાસે લઈ ગયા. કરસનભાઈને જોતાં જ વેલીમાં રહેલા કાનજીભાઈ બોલી ઊઠ્યા : 'મારો દીકરો આવ્યો !'

'હા, શું કામ છે ?'

'મારે જોગીડાને મળવું છે.'

'હું કોઈ જોગીડાને ઓળખતો નથી.' કરસનભાઈને પોતાના ગુરુ યોગીજી મહારાજ માટે આવો તુચ્છકાર ભરેલો શબ્દ ન ગમ્યો. તેથી તેમણે અકળાઈને કહ્યું.

'પણ તારો ભાઈબંધ, ને મારો જમાઈ દેવશી છે તેના ગુરુ યોગીજી મહારાજની વાત કરું છું.' કાનજીભાઈએ સ્પષ્ટતા કરી.

'એમનું તમારે શું કામ છે ?'

'મારે એમની માફી માગવી છે.' આટલું બોલતાં બાઈ વેલીનો અવાજ રુંધાઈ ગયો. તેમાં રહી કાનજીભાઈ બોલી રહ્યા હતા : 'હું માફી માગીશ તો જ મારો ઉદ્ધાર થશે.'

'પણ કાનજીબાપા ! તમે તો જ્ઞાની હતા. તમારા ઉપદેશથી તો કેટલાય સાધુ થયા હતા. ને તમારી આ અવગતિ ?'

કાનજીભાઈ(બાઈ વેલી)નો અવાજ શિથિલ થઈ ગયો હતો. પસ્તાવાની બળતરા સાથે તેમણે કહ્યું : 'તું પણ માનતો નથી ને ? મેં જોગી જેવા એકાંતિક

સાધુનો દ્રોહ કર્યો હતો, તે તને નથી ખબર ? તેમને મંદિરમાં દર્શન કરવાની ના પાડી, તેનું આ ફળ છે. વચનામૃતના પાને પાને સત્પુરુષનો મહિમા છે તે હું જાણું છું; પણ અવળા પક્ષે કરીને મેં એમના જેવા સત્પુરુષને ધુત્કાર્યા હતા, કાઢ્યા હતા. પણ શ્રીજીમહારાજના વખતમાં જેવી લાલા પાળાની દશા થઈ હતી, તેથી ભૂંડી દશાને પામ્યો છું. મને જોગી મહારાજ પાસે લઈ જા. તું ધારીશ તો મને છોડાવી શકીશ... મને ગોંડલ લઈ જા.' કાનજીભાઈ વેલીના દેહમાં હવે જાણે તરફડતા હતા. રોમે રોમ સળગતું હોય તેવી વેદના અનુભવતાં તેઓ ફરી ફરી કરસનભાઈને કરગરતા રહ્યા.

કરસનભાઈએ હિંમત કરીને વેલીબાઈને ગોંડલ લઈ જવાની તૈયારી કરી.

સ્વામીશ્રી તે સમયે રાજકોટ હતા. એમને કરસનભાઈ મળ્યા ને વિગત કહી. સ્વામીશ્રી કરુણાથી કહે : 'લાવો, તેમને વર્તમાન ધરાવીએ. તમારો હાથ લાવો.'

'પણ બાપા ! મેં તો વર્તમાન ધરાવ્યાં છે.' કરસનભાઈએ કહ્યું.

'તમને નથી ધરાવતા. ભગતને (કાનજીભાઈને) ધરાવીએ છીએ.' સ્વામીશ્રીએ સહજતાથી કહ્યું.

કરસનભાઈએ કહે : 'એમ કાનજીભાઈનો મોક્ષ થશે ?'

'હા, થશે. અમારે પંચતીર્થી કરવા જવાનું છે. તેમાં જો ૧૮ દિવસની પારાયણ કરાવે તો મોક્ષ થઈ જાય. તમે પૂછી જોજો.'

'પણ સ્વામી ! તેમની એવી આર્થિક સ્થિતિ નથી.'

'તેમાં શું ? ખરચ આપણે કરશું ને પારાયણ તેમના નામની કરાવીશું !' સ્વામીશ્રીએ એવો અદ્‌ભુત તોડ કાઢ્યો કે જેમાં જીવનું શ્રેય કરવાની સ્વામીશ્રીની ભદ્રભાવના છતી થતી હતી.

કરસનભાઈ અને કાનજીભાઈના કુટુંબીઓ તરત સંમત થયા. અને આખી પંચતીર્થી દરમ્યાન રોજ જુદા જુદા હરિભક્તોની પારાયણમાં સ્વામીશ્રી 'કાનજી પરબત નિમિત્તે' એમ સંકલ્પ કરાવી પારાયણ કરાવતા.

પંચતીર્થી પછી સ્વામીશ્રી ગોંડળ રોકાયા. ત્યારે બાઈ વેલીને કરસનભાઈ અક્ષર દેરીમાં પ્રદક્ષિણા કરવા મોકલતા. તે પુરુષની જેમ જ દંડવત્ કરતી. અને પ્રદક્ષિણા પણ જોરથી અને ભાવથી ફરતી.

પૂર્ણાહુતિનો દિવસ આવતાં જ કાનજીભાઈએ વેલીના દેહમાં રહ્યા કહ્યું : 'હવે મારો મોક્ષ થશે, તે મારે ક્યાં જવાનું છે, તે યોગીજી મહારાજને

પૂછી આવો.'

આ અગોચર ભૂમિકાની વાત કોણ કહી શકે ? કોણ જાણી શકે ? પરંતુ સ્વામીશ્રીની શક્તિ અને સામર્થ્યમાં કરસનભાઈને વિશ્વાસ. તેથી ચર્મચક્ષુએ કરીને ન જોઈ શકાય એવી અગમ-નિગમની વાતો સ્વામીશ્રી સહજ - સરળ રીતે, હથેળીમાં જળનાં ટીપાંની જેમ પોતાના વિશ્વાસુ ભક્તોને દેખાડતા.

કરસનભાઈએ પૂછ્યું ત્યારે સ્વામીશ્રી કહે : 'બદરિકાશ્રમમાં તપ કરવા જવાનું છે. પછી સત્સંગમાં જન્મ ધરશે ને મોક્ષ મળશે.'

કરસનભાઈએ આવીને વેલીબાઈના દેહમાં રહેલા કાનજીભાઈને આ વાત જણાવી. ત્યારે રાજી થકા તેમણે કહ્યું : 'કરસનભાઈ ! તમારો ઉપકાર ક્યારેય નહિ ભૂલું. તમે મને મોક્ષ અપાવ્યો. હવે હું જાઉં છું !'

તેમણે ચમત્કારિક રીતે બાઈના દેહમાંથી વિદાય લીધી. તરત જ વેલીબાઈ સ્ત્રીસહજ લજ્જા અને રીતભાતમાં વર્તવા લાગ્યાં.

જ્યારે સૌ સુખરૂપે સુખપુર પહોંચ્યા ત્યારે કાનજીભાઈનાં માતુશ્રી કરસનભાઈના ઘરે આવી પહોંચ્યાં અને ઉત્સાહથી કહે : 'મારા કાનજીનો મોક્ષ થઈ ગયો તે મેં નજરે જોયું !'

'શું વાત છે !' કરસનભાઈને નવાઈ લાગી. 'કેવી રીતે ? શું જોયું ?' તેમણે પૂછ્યું.

'ત્યાં પૂર્ણાહુતિ કરી તે દિવસે મારા કાનજીને વિમાનમાં બેસીને જતો જોયો. કાનજી હંમેશાં પહેરતો તેવી જ લાલ પાઘડી પહેરી હતી.'

કરસનભાઈ તો આ ચમત્કારો જોતાં સ્વામીશ્રીનો વધુ ને વધુ મહિમા સમજી રહ્યા હતા. સ્વામીશ્રીએ કાનજીભાઈના ઉદ્ધારની પ્રતીતિ તેમનાં માતુશ્રીને આ વિશિષ્ટ દર્શન કરાવીને આપી !

પરંતુ આ પ્રકરણે હજુ વિચિત્ર અને અજાયબ વળાંક લીધો. હજુ પણ વેલીબાઈને દેહમાં ભૂતનો ભાવ આવી જતો. તેઓ ધૂણતાં. ફરી સૌની વિનંતીથી તેમને લઈને કરસનભાઈ સ્વામીશ્રી પાસે ગોંડળ પહોંચ્યા. અને વાત કરી કે 'હજુ વેલીબાઈનો ભૂતથી છૂટકારો થયો નથી.'

ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'કાનજીભાઈનો તો મોક્ષ થઈ જ ગયો છે, પણ તેમને એક મુસલમાન ભાઈબંધ હતો. તે મરી ગયો પછી સર્પ થયેલો. પણ કાનજીભાઈની મિત્રતાની ગાંઠ એવી કે તે કરડ્યો ને કાનજીભાઈ મૃત્યુ પામ્યા !'

કરસનભાઈ આ વિશિષ્ટ વાતને સાંભળી રહ્યા હતા. તેમને અનહદ આશ્ચર્ય થયું, કારણ કે કાનજીભાઈ સર્પદંશથી મૃત્યુ પામ્યા હતા તે વાત તેમણે સ્વામીશ્રીને કરી જ નહોતી !

સ્વામીશ્રી તો આગળ કહેતા જતા હતા : 'પછી તે સાપે દેહ મૂકી દીધો, પણ કાનજીભાઈની પાછળ પાછળ ગોંડલ સુધી આવ્યો. તે શુભ સંસ્કાર પડી ગયા ને મુમુક્ષુતા ઉદય થઈ છે, પણ પ્રારબ્ધયોગ પૂરો થયો નથી. તેથી બાર મહિના સુધી તે વેલીબાઈના શરીરમાં પ્રવેશ કરશે, ને જતો રહેશે. વરસ પછી બદરિકાશ્રમમાં જતો રહેશે. માટે ચિંતા કરશો નહિ.'

કરસનભાઈએ વતનમાં જઈ જ્યારે આ વાત કહી ત્યારે સૌ દિંગ થઈ ગયા. સ્વામીશ્રી જીવમાત્રની ગતિને, ગતિના રહસ્યને અને તે રહસ્યોના ઉકેલને ખૂબ ઊંડાણપૂર્વક જાણે છે. એ અમાપ, અગાધ શક્તિનો જીવંત દાખલો તેમની સામે મૂર્તિમાન ઉપસ્થિત હતો. કોઈને શંકા ન રહી.

બરાબર એક વરસે વેલીબાઈ સંપૂર્ણ સ્વસ્થ થઈ ગયાં. તેમને પણ સ્વામીશ્રીમાં ભક્તિભાવ થયો. અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા કરી, પોતાનો મોક્ષ સાધી લીધો. તેમના કુટુંબીજનો કરસનભાઈના ઋણી બન્યા અને સ્વામીશ્રીના ભક્ત બન્યા.

કોને ઠોકર ન લાગે ?

અહીં તા. ૨૭મીએ સવારે ૮-૧૫ વાગે પોતાનું પ્રિય વચનામૃત ગ.પ્ર. ૭૬મું મોઢે બોલી તેનું નિરૂપણ કરતાં ભીડા-ભક્તિનો મહિમા સ્વામીશ્રીએ સમજાવ્યો :

'ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી અને માની એ ચાર પ્રકારના મનુષ્ય તે જો હરિભક્ત હોય તોપણ તે સાથે અમારે બને નહિ.' મહારાજે ગઢડા પ્રથમના ૭૬મા વચનામૃતમાં આ કહ્યું છે. ક્રોધી તો વા હારે(સાથે)ય બાટકે. આપણો વેપાર સારો હાલતો હોય તે જોઈને ઈર્ષ્યાવાળો હોય તે બળે. *'માની કેનું માને નહિ, હરિ હરાવવા બકે હોડ.'* જેને જેના રાજમાં રહેવું તે સાથે ખરાબ સ્વભાવ રખાય ? તેમ આપણે ધામમાં જાવું હોય તો રૂડા સ્વભાવ રાખવા. માન મોટો શત્રુ છે, તેને આધારે બધા દોષ છે. મહારાજ આ સાડા ત્રણ લીટીમાં બધી વાત કરે છે.

'જેને પંચ વર્તમાનમાં કોઈ વાતે ખોટ ન હોય, તેને ગમે તેવા વચનમાં

ભીડામાં લઈએ અને એનું ગમતું મુકાવીને અમારા ગમતામાં રાખીએ તોપણ કોઈ રીતે દેહપર્યંત મુઝાય નહિ, એવો તે પાકો સત્સંગી છે...'

'પંચ વર્તમાનમાં ખોટ ન હોય તેને ઠોકર ન લાગે. ગમે તેવા ભીડામાં રાખે, તોય 'સત્સંગ છોડી નથી જાવું,' એવી દૃઢતા એને મનમાં હોય. સંત કહે : 'છાનામાના અહીં બેસી રહો' – એમ ધાર્યું છોડાવે, ત્યારે કાચો હોય તેને વસમું લાગે ને ધક્કો લાગે. ગમે તેટલા વચનના ભીડામાં કારસામાં લીએ. તેનું ગમતું મૂકી અમારા ગમતામાં રાખીએ તો વરસ, બે વરસ ન મુઝાય ? ના, દેહપર્યંત ન મુઝાય. સંત રસોઈ લ્યે, ધર્માદા ડબલ લ્યે, સેવા લીએ, ત્યારે કાચો હોય તે તો 'સ્વામી ! રાખો, રાખો, રાખો' એમ કહી દે. પણ કોઈને બૈરાં-છોકરાંથી કંટાળો આવ્યો કે 'આ તો કાંહી ગ્યા (કંટાળી ગયા), મરે તો સારું, ટાઢા પાણીએ ખસ જાય.' આવું થતું નથી, કારણ કે તેમાં ભાવ છે. તેથી તેનો અભાવ ન આવે.

'દાદાખાચરને ઘેર પાંચસો પરમહંસો રહેતા હતા. દાદાખાચરને કેટલો ભીડો પડતો હશે ? આપણે ઘેર પાંચસો મહેમાન આવી પડે ત્યારે કેવી મૂંઝવણ થાય ?

દાદાખાચર બધાને રસોઈ કરાવી જમાડતા. એક સંતે મહારાજને કહ્યું : 'મહારાજ ! લોટમાં કાંકરા આવે છે.' મહારાજે હુકમ કાઢ્યો : 'દાદાખાચરની ઘંટીમાં કાંકરા આવે છે, તો તમે બધા સંતો જાતે ઘંટીએ દળો.' સંતો વિચારમાં પડ્યા : 'આ તો નખ્ખોદ કાઢ્યું. કોણ મહારાજ પાસે જઈને બોલ્યું ?'

'પછી તો મહારાજની આજ્ઞા હતી તેથી બધા સંતો જાતે ઘંટીએ દળતા જાય ને મહારાજને સંભારી કીર્તન ગાય : *'ઘંટીને ઘમકારે દળવા આવજો.'*

'મહારાજે આ સાંભળ્યું. 'આ તો મનેય ભેગો લીધો !' પછી મહારાજે સંતોને આજ્ઞા કરી : 'હવે દળવું રહેવા દ્યો. કરતા હોય તેમ કરજો.'

'આવો ભીડો મહારાજ આપતા કોઈ રીતે મુઝાય નહીં. થોડો ઘણો કીધો ? ગમે તેવો ભીડો આપે તોય મુઝાય નહિ.

'એવો જે થાય તેને માથે પછી હાથ મૂકવો ન પડે. ભીડો ખમવાના ગુણ હોય તેના ઉપર સહેજે હિંસોરો આવે. અને એવા ગુણ જેનામાં ન હોય તેના ઉપર હેત ન થાય. 'જાવા દ્યો ને ! પીળે પાને ખત છે,' એમ થાય.'

❀ ❀ ❀



ફરત હુરત ભવપીરા, સોઈ સંત સુધીરા

૭૮ વર્ષની પ્રૌઢ વયે કેવળ જનકલ્યાણના પરમ શુભ આશયથી, દેહના ભાવને જરાપણ ગણકાર્યા સિવાય સ્વામીશ્રી રાત-દિવસ ગામોગામ વિચરણ કરતા.

ગોંડલમાં પુરુષોત્તમ માસની એકાદશીનો ઉત્સવ ઊજવી, બારશે પારણાં કરી, સવારે સોનગઢ પાસે જીંથરી - ટી.બી. હૉસ્પિટલમાં દુલા કાગની તબિયત જોવા પધાર્યા. ચંદુભાઈ અનડાની મોટરમાં સો માઈલની મુસાફરી કરી.

દુલા કાગે સ્વામીશ્રીનું સ્વાગત કરી, હાર પહેરાવ્યો. સ્વામીશ્રીના આશીર્વાદથી બાપુની તબિયત સુધારા ઉપર હતી. હકાભાઈ, પ્રમુખસ્વામી, મહંત સ્વામીએ થોડી વાતો કરી. સ્વામીશ્રીની આજ્ઞા થતાં મેં *'આંખથી યોગીબાપાને મેં જોયા'* એ વિજયદાન ગઢવીનું કીર્તન સંભળાવ્યું. બાપુ ડોલી ઊઠ્યા ને બોલ્યા : 'કીર્તનમાં બાપાનું વર્ણન હૂબહૂ કરેલું છે.' કાગ બાપુએ પણ પોતાની કવિવાણીમાં સ્વામીશ્રીનો યોગ કેવી રીતે થયો વગેરે વાતો વિગતે કરી. આ પ્રસંગે હૉસ્પિટલના ઘણા દર્દીઓ, ડૉક્ટરો તથા કર્મચારીઓ અહીં એકત્રિત થઈ ગયા હતા. તે સૌને બાપુની વાણીથી સ્વામીશ્રીની દિવ્ય શક્તિનો ખ્યાલ આવ્યો. સ્વામીશ્રીએ પણ બાપુને રાજી થઈ રૂડા આશીર્વાદ આપ્યા.

૧૨-૩૦ વાગે અહીંથી વિદાય લઈ, ભાવનગર આવ્યા. અહીં ભાવિ મંદિરના સ્થળ ઉપર જ સુંદર મંડપ બાંધવામાં આવેલો. આજે અહીં સ્વામીશ્રીના સાંનિધ્યમાં સમૂહ-ભોજનનો કાર્યક્રમ હતો. માસુમઅલી શેઠ, ફીદુભાઈ, અબ્દીભાઈના બંગલે પધરામણી કરી, મહાલક્ષ્મી મિલમાં પધાર્યા. પછી શિહોરના હરિભક્તોને દર્શન આપી, ફરીથી જીંથરી હૉસ્પિટલમાં પધાર્યા.

ડૉક્ટરોએ સ્વામીશ્રીને ફૂલહાર કર્યા. કાગ બાપુએ ડૉક્ટરોને સ્વામીશ્રીનો મહિમા સમજાવતાં કહ્યું કે : 'આજે ભગવાન સ્વામીશ્રી દ્વારા પૃથ્વી ઉપર

વિચરણ કરી સૌને મુક્તિ આપે છે.'

ગઢપુર દર્શન કર્યાં. ભાવનગરથી દર્શને આવેલા કલેક્ટર તથા અન્ય અમલદારોને મળ્યા. સાંજે મોટા મંદિરે તથા લક્ષ્મીવાડીએ દર્શન કરી, બોટાદ થઈ, સારંગપુર પધાર્યા.

તા. ૨૯મીએ જસદણ, ભૂપતસિંહ બાપુને ઘેર પધરામણી કરી, રાત્રે ગોંડલ ભોજપરામાં રવિસભામાં આશીર્વાદ આપી, મંદિરે પધાર્યા.

વહેતી અમૃતરસની લહાણી

સારંગપુરથી ગોંડલ આવતાં સ્વામીશ્રી સાથે સાત-આઠ મોટરો હતી. સંતો-હરિભક્તોનો સંઘ મોટો હતો. સ્વામીશ્રીએ સૌને આગળથી પહોંચી જવા આજ્ઞા કરી. જસદણ પસાર થઈ ગયું ત્યારે સ્વામીશ્રીએ ગાડી ચલાવી રહેલા અરુણભાઈને પૂછ્યું : 'આ કયું ગામ આવ્યું ?'

'બાપા ! જસદણ છે.'

'ગાડી પાછી વાળો, આપણા ભૂપતનું ગામ છે. હકાભાઈના ભાણા થાય. તેને ઘેર જવું છે. તેને મળ્યા વિના ન જવાય.' સ્વામીશ્રીએ ભાવથી કહ્યું.

પછી ધીરે ધીરે કહેવા લાગ્યા : 'તમે અમારી સેવા કરો છો, તેમ ભૂપતભાઈએ અમારી ઘણી સેવા કરી છે. અમે તેને કથાવાર્તા બહુ કરી છે. નોમ-એકાદશીના ઉપવાસ કરાવ્યા છે. શ્રાવણ માસનાં એકટાણાં કરતા. બપોરે સભામા કથા વંચાવતા. આમ, અમે તેને બહુ લાડ લડાવ્યા છે. પણ જીવ સંસારમાં પડે છે તે માયાની વિટંબણા વળગે છે. પછી સત્પુરુષનું સુખ લેવા નવરો ન પડે. અમારે તો સૌનું સારું કરવું, તે સામે ચાલીને જઈએ.' સ્વામીશ્રી સહજભાવે જીવકલ્યાણની એમની અસ્ખલિત ગંગાની પ્રતીતિ કરાવી રહ્યા હતા. ભૂપતભાઈનું ઘર આવતાં સુધી સ્વામીશ્રીએ ભૂપતભાઈને આપેલાં સુખની સ્મૃતિ કરાવી.

રાત્રિના ૮-૩૦ થયા હતા. ભૂપતભાઈ ઘરે ન હતા. તેમનાં ધર્મપત્નીએ તેમની તપાસ કરાવવા માણસ મોકલ્યો. સ્વામીશ્રીએ તેમના દસ વર્ષના કુંવર જયદેવસિંહજી પાસે પૂજા-આરતી કરાવ્યાં અને ખૂબ ખૂબ આશીર્વાદ આપ્યા.

અરુણભાઈ તથા બીજા બે-ત્રણ ભાવિકોને સાથે રાખીને ઘરમાં બધે પગલાં કર્યાં અને બોલ્યા : 'ઘર આખું પ્રસાદીનું થઈ ગયું !' એમ કહી, કુંવર જયદેવસિંહજીને સંબોધતાં કહે : 'તમારા બાપુને આવતીકાલે ગોંડલ મોકલજો.

'સ્વામીએ તમારી બહુ રાહ જોઈ' - તેમ કહેજો.'

ભૂપતભાઈ રાત્રે ઘરે આવ્યા ત્યારે સ્વામીશ્રી પધારી ગયા તેની ખબર પડતાં જ તેમને ઘણો આનંદ થયો અને ન મળી શક્યા તેનું દુઃખ પણ ઘણું જ થયું. બીજે દિવસે સ્વામીશ્રીનાં દર્શન ગોંડલ જઈને કર્યાં, તે પછી જ તેમને શાંતિ થઈ. આવા કરુણામૂર્તિ સ્વામીશ્રી હતા. નિજભક્તોની આવી સંભાવના કરતા. પોતાનું સંતબિરુદ અહર્નિશ જાળવતા.

'મૂળથી સડેલું તેથી ઝેર ચડ્યું'

જસદણ છોડીને સ્વામીશ્રીની મોટર આગળ વધી રહી હતી. સ્વામીશ્રીની કથાવાર્તાનો દોર મોટરમાં ચાલુ જ હતો. વાત નીકળતાં સ્વામીશ્રી કહે :

'આફ્રિકા જવાની હા પડાઈ ગઈ છે, તે જવું પડશે. પલેનમાં બેસવું ને ઝેર ખાવું તે સરખું લાગે છે ! લંડન તો જવું જ નથી. બહુ આગ્રહ કરશે તો કહીશ : 'ધામમાં લઈ જવો છે ?' પ્રમુખસ્વામીને મોકલશું. તે ભલે જાય. હવે તમે બધા ફરજો. તમને બધું દેખાડી દઈએ. અમારું દેહ હવે ખમે નહીં. પહેલી બે વખત ગયા ત્યારે કફ, ઉધરસ અને ખરેટી લાવ્યા. હવે શું આવે છે તે જોવાનું છે...'

પછી સને ૧૯૬૬માં સંસ્થામાંથી નીકળી ગયેલા કેટલાક સંતોની વાત નીકળી.

'બાપા ! તે કેમ ચાલ્યા ગયા હશે ? હેત તો બહુ દેખાડતા.' નારાયણ ભગતે પૂછ્યું.

'બીજામાં હેત તેથી. અવગુણ-અભાવ સંબંધવાળાનો બહુ લીધો, તેથી ગયા. પણ આપણે તેમને સંભારવા જ નહીં. ગયા એ ગયા. લાધો પાળો પણ ગયો. જાગા સ્વામી કહેતા : 'અમે સ્વામીને અનંત ભગવાનના ભગવાન કહીએ; પણ સહજાનંદ સ્વામીના દાસ કહીએ. પણ લાધાએ ભગવાન ઠરાવ્યા તો ગયો...'

'ગુણાતીતાનંદ સ્વામી તો અક્ષરબ્રહ્મ હતા, ને તેનેય ભગવાન ઠરાવ્યા તો ઠેકાણું ન રહ્યું. તો આમને તો પહેલેથી જ પોલું હાલ્યું આવે. મૂળથી સડેલું હોય, પછી તે ખાય તો શું થાય ? ઝેર ચડે. તેમ ઝેર ચડ્યું છે તે ઊતરે તેમ નથી. વગર મોટપે મોટપ માની લીધી. પોતે કૂવામાં પડ્યા ને અનેકને કૂવામાં નાખ્યા.'

✧

પુરુષોત્તમ માસ દરમ્યાન સ્વામીશ્રી ગોંડલ બિરાજ્યા ત્યારે આખો મહિનો એક પછી એક પારાયણ યોજવામાં આવી. અમદાવાદવાળા અંબાલાલભાઈ, કચરાભાઈ, સોમચંદભાઈ, જમનાલાલ, શંકરલાલ, પ્રહ્‌લાદભાઈ વગેરે હરિભક્તો તેમજ ભાવનગરના હર્ષદરાય હરગોવિંદદાસ ભટ્ટ તથા ધર્મજવાળા એ.પી. પટેલ તરફથી પારાયણો ચાલતી રહી. લગભગ ૫૦૦ જેટલા હરિભક્તો દૂર દૂરથી પધારી, સ્વામીશ્રીના સાંનિધ્યમાં દર્શન-સમાગમનો લાભ લેતા.

આ પારાયણની વિશેષતા એ હતી કે સ્વામીશ્રી જાતે વ્યાસપીઠ ઉપર બિરાજી, વચનામૃત વાંચી નિરૂપણ કરતા. આ પ્રકારનો લાભ ભાગ્યે જ પ્રાપ્ત થતો. પછી 'સ્વામીની વાતું' બાલુમુકુંદ સ્વામી વાંચતા અને સાંજે 'હરિ-લીલામૃત' તથા 'ભક્તચિંતામણિ'ની કથા શાસ્ત્રી નારાયણ ભગત કરતા, તથા મારી પાસે કરાવતા.

અહીં વસોના બકુભાઈ અમીન તેમનાં પત્નીને લઈને સ્વામીશ્રીનાં દર્શને તથા આશીર્વાદ લેવા આવ્યા હતા. તેમનાં પત્નીને કેન્સર છે તેવું નિદાન થયું અને અમદાવાદના કેન્સરના નિષ્ણાત ડૉક્ટર દેવેન્દ્ર પટેલે તાત્કાલિક ઑપરેશન કરાવવાની સલાહ આપી. ઑપરેશન ઘણું મોટું અને જોખમી હતું. તેમણે સ્વામીશ્રીને બધી વાત કરી. સ્વામીશ્રી ધીરેથી કહે : 'ઑપરેશન કરાવવું નથી. દવા કરાવજો. અક્ષર દેરીનું જળ તથા પ્રસાદીનું પુષ્પ આપશું તે રોજ આપશો.'

બકુભાઈ રાજી થયા. બંનેને સ્વામીશ્રી પ્રત્યે અપાર શ્રદ્ધા અને વિશ્વાસ હતાં. સ્વામીશ્રીએ તેમને આઠ દિવસ ગોંડલ રોક્યા અને રોજ પ્રસાદીનો થાળ તેમને જમવા માટે મોકલતા. દિવસે દિવસે તેમને આરામ થવા લાગ્યો. અને થોડા દિવસોમાં તદ્દન આરામ થઈ ગયો.[૨૦]

---

૨૦. 'વગર ઑપરેશને ગંભીર રોગ સાવ મટી ગયો તેનું કારણ સ્વામીશ્રીના આશીર્વાદ છે' એ વાત બકુભાઈએ જ્યારે ડૉક્ટર દેવેન્દ્ર પટેલને કરી ત્યારે ડૉક્ટરે પણ સ્વામીશ્રીનાં દર્શન કરવાની ઇંતેજારી બતાવી.

સને ૧૯૭૦માં સ્વામીશ્રી વિદેશયાત્રાથી અમદાવાદ પધાર્યા ત્યારે બકુભાઈએ ડૉ. દેવેન્દ્ર પટેલને સ્વામીશ્રીનાં દર્શન કરાવ્યાં. ડૉક્ટરે બકુભાઈ સમક્ષ - કેન્સરનો રોગ સાચે જ મટી ગયો છે કે કેમ ? તે ચકાસવા માટે તે ભાગ ખોલીને જોવા માટે ઇચ્છા દર્શાવી. બકુભાઈએ ડૉક્ટરની આ વાત સ્વામીશ્રીને કહી. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું કે 'દરદ મટી ગયું છે, માટે નવું કંઈ કરવું નથી.' ત્યારબાદ તેમનાં પત્નીએ ઘણાં વરસ કોઈ જ તકલીફ વિના સારી રીતે પસાર કર્યાં.

વાતની વાત

અહીં કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ જણાવ્યું કે –

'જગતમાંહી સંત પરમ હિતકારી.' બ્રહ્માનંદ સ્વામીએ ગોડીમાં કહ્યું કે દુનિયા તો હિતકારી, પરંતુ સંત એ પરમ હિતકારી છે. ઝાડને કુહાડી મારો તો સહન કરે, તેમ સંતને મારે કે ગમે તે કરે, તોય 'મારનારનું ભૂંડું થાવ' એમ સંકલ્પ ન કરે. શિક્ષાપત્રીમાં શ્લોક છે :

'ગાલિદાનં તાડનં ચ કૃતં કુમતિભિર્જનૈઃ ।
ક્ષન્તવ્યમેવ સર્વેષામ્ ચિન્તનીયં હિતં ચ તૈઃ ॥'

'પરમ હિતકારી એટલે શું ? દરેક જીવને માયા પાર કરી અક્ષરધામમાં લઈ જાય. વચનામૃત પ્રથમના ૬૭માં કહ્યું છે કે 'કોઈ સત્પુરુષ છે તેને આ લોકનાં સુખમાં તો પ્રીતિ જ નથી અને પરલોક જે ભગવાનનું ધામ તથા ભગવાનની મૂર્તિ તેની વાસના છે. અને તેનો સંગ કરે તેનું પણ એવી જ જાતનું હિત કરે જે, આ મારો સંગી છે તેને આ સંસારની વાસના તૂટી જાય ને ભગવાનને વિશે પ્રીતિ થાય તો ઘણું સારું છે. અને જેટલું કાંઈ જતન કરે તે સર્વે દેહને મૂકીને ભગવાનના ધામમાં ગયા કેડે સુખ આપે એવું જ કરે, પણ દેહનાં સુખને અર્થે તો કાંઈ ક્રિયા કરે જ નહિ.' સત્પુરુષ આપણું આ હિત ઇચ્છે. આ લોકની વાસના તૂટી જાય તેવું કરે, કારણ કે આ લોકના પદાર્થ બંધનકર્તા છે. જીવ આ લોકના પદાર્થમાં ચોંટી જાય, પછી તેને 'શું કરવા આવ્યો છું ?' તેની વિસ્મૃતિ થઈ જાય. સંત તેને તેમાંથી જગાડે.

'એક ગામમાં બે ભાઈ સત્સંગી હતા. તેમાં એક સામાન્ય સત્સંગી હતો અને બીજો શિરોમણિ હતો. તેમાંથી જે સામાન્ય સત્સંગી હતો તે નાનો ભાઈ દેહ મૂકી ગયો ને ભૂત થયો. મોટા ભાઈ તો નત મંદિરમાં બેસે, સત્સંગમાં જીવન ગુજારે. એમ કરતાં મોટા ભાઈને દેહ છોડવાનો વખત આવ્યો. તે મહારાજ વિમાન લઈ તેડવા આવ્યા. ત્યાં નાનો ભાઈ જે ભૂત થયો હતો તે આગળ આવીને ઊભો. મોટા ભાઈને તેનામાં હેત હતું. તેથી વિમાનમાંથી તેની સામું જોયું. મહારાજે જોયું કે 'આને હજુ ભાઈમાં વાસના છે;' તેથી વિમાનમાંથી કાઢી નાખ્યો. તે બેય ભૂત થયા.

'પછી ઘરનાં માણસોને દેખા દે. ત્યારે બધાએ કહ્યું : 'તું તો મહારાજના ધામમાં જવાનું કહેતો હતો ને કેમ ભૂત થયો ?' ત્યારે આણે કહ્યું : 'મને ભાઈમાં

વાસના હતી તેથી મહારાજે મને વિમાનમાંથી કાઢ્યો ને ભૂત થયો; પણ અમે કોઈને કનડશું નહિ. સાધુને જ્યારે રસોઈ આપો, ત્યારે બે લાડવા આ ગોખલામાં મૂકજો. અમે તે પ્રસાદી ખાશું.'

'એમ કરતાં એક દી' જૂનાગઢના સદ્‌ગુરુ બાળમુકુંદ સ્વામી તેને ઘેર આવ્યા. તો તે ભાઈઓને કહ્યું : 'તમે અહીં ક્યાંથી ? જાવ, બદરિકાશ્રમમાં !' એમ કહી અંજલિ છાંટી, બદરિકાશ્રમમાં મોકલી દીધા.

'તેમ જો ક્યાંય પણ થોડી વાસના રહી જશે, તો મહારાજ કાઢી નાખશે. માટે વાસના રહેવા ન દેવી. આ આંટીઘૂંટીવાળી વાત છે. વ્યવહાર કરવો, પણ પૂંછલેલ ઢોરની જેમ કરવો. પૂંછલેલ ઢોરને લાકડાના ટેકા આપી ઊભું કરીએ ત્યારે માંડ ઊભું થાય, પણ જ્યારે ટેકા લઈ લઈએ ત્યારે ધબ દઈને બેસી જાય.

'સમાગમની આસક્તિ રાખવી. સમાગમમાં ન જવાયું હોય તો અંતરમાં બળતરા થવી જોઈએ. કો'ક દી' જો દુકાન વહેલી ન ઊઘડી હોય, તો અંતરમાં બળતરા થાય કે 'ઘરાક વહ્યું ગ્યું હશે ને બજારનો વકરો ગુમાવ્યો.' પણ સમાગમમાં ન જવાયું હોય તો બળતરા ન થાય, પણ એમ થાય કે 'ઈ ની ઈ વાત સાંભળવાની છે. સાધુ નત ભગવાનની જ વાત કરે છે અને વળી 'કાલ ઊઠી મરી જવું છે' એવી નત વાત કરે છે. માટે રોજ ઊઠીને શું સમાગમમાં જવું ?' પણ આવું ન સમજવું, કારણ કે નત સમાગમ કરતાં કરતાં કો'ક દિ' એવી વાત કરે કે અંતર ભેદાઈ જાય ને શાંતિ થઈ જાય. જ્ઞાનનો સ્વાદ આવવો જોઈએ. કેટલાક ગવૈયા ગાવાનું ગાય તે ઊઠવાનું મન ન થાય. રસવાળાને સાંભળવું ગમે. જેને રસ ન હોય તે તો એમ વિચારે જે, 'હવે આ ઊઠે તો સારું.'

'ભીમસેન એક દી' શિવના દેરામાં ગ્યો ને રાગડા તાણી ગાવા માંડ્યો. એક કુંભારનો ખોલકો ખોવાણો હતો. તેણે ભીમસેનના રાગડા સાંભળી વિચાર્યું કે 'આ મારો ખોલકો ભૂંકતો લાગે છે.' એમ જાણી શોધતો શોધતો શિવના દેરામાં આવ્યો ને ભીમસેનને ગાતો જોયો અને કહ્યું : 'મારો ખોલકો ક્યાં ?' ભીમસેને કહ્યું : 'અહીં ખોલકો-બોલકો કોઈ નથી. આ તો હું પંડે ભીમસેન છું ને ગાઉં છું.' આ સાંભળી કુંભારે કહ્યું : 'આવું ગધાડા જેવું ગવાય ? ગાણું, વાવણું ને દુઝાણું – એ ત્રણે સરખાં જોઈએ તો જ શોભે.'

'શાસ્ત્રીજી મહારાજ વાત કરતા હોય ને રાતના બે વાગી જાય તોય ઊઠવાનું મન ન થાય. તેમની વાતમાં રસ એવો પડે. બીજા તો બડી બડી વાતો કરતા હોય, પણ મીઠા વગરના શાક જેવું. ટાઢા પોરની વાતું જેવી તેમની વાતું :

'આ શાસ્ત્રમાં આ વાત છે, આ શાસ્ત્રમાં આ વાત છે.' એમ નિશાન વગરની વાતો કરે તે ક્યાં ઘા વાગે ?

'વાતની વાત શું જે, શાસ્ત્રીજી મહારાજને ઓળખવા.'

એક દિવસ શાસ્ત્રીજી મહારાજના પ્રસંગો યાદ કરી સ્વામીશ્રીએ કહ્યું : 'સ્વામી પંચતીર્થીમાં ગણોદ પારાયણ કરી, માણાવદર રાત્રે પહોંચ્યા. કાનજી મિસ્ત્રીએ ખેતરમાં શક્કરિયાં કરેલાં. સૌ ભૂખ્યા હતા. બીજી કોઈ વસ્તુ હતી નહિ. તેથી શાસ્ત્રીજી મહારાજ કહે : 'શક્કરિયાં તો શક્કરિયાં. તે લાવો.' પછી લાવ્યા એટલે માટલામાં ભરી તાપ કરીને શેક્યાં. બફાયેલાં શક્કરિયાં સૌને પીરસ્યાં. એવાં મીઠાં લાગ્યાં કે વાત ન પૂછો. બધા આઠ આઠ શક્કરિયાં જમી ગયા.'

કોઈએ પૂછ્યું : 'બાપા ! આપે કેટલાં ખાધાં હતાં ?'

ત્યારે કહે : 'મેં ત્રણ ખાધેલાં. આવી રીતે શક્કરિયાં ઉત્સવ કરેલો.

'સોજિત્રામાં પારાયણ હતી. ત્યારે છેલ્લા બે દિવસ સ્વામીએ ખીચડી કરાવેલી. ત્યારે કહે : 'મારે જાતે ઘી પીરસવું છે.' તે બધાને દોઢ પાશેર ઘી પીરસ્યું. ખૂબ જમાડ્યા. મોટાપુરુષ આ રીતે સ્મૃતિ કરાવે.'

અધિક માસની સોમવતી અમાસે પારાયણની પૂર્ણાહુતિ થઈ. વરસાદની જ્યાં જ્યાં ખેંચ હોય તે દૂર થાય – તે માટે અક્ષર દેરીમાં રોજ અડધો કલાક ધૂન કરવામાં આવતી.

ઈન્દ્ર દોડી આવે છે

અહીં ગોવિંદસિંહજી ચુડાસમાનો ફોન આવ્યો કે 'ગુજરાત રાજ્યના મંત્રી જયરામભાઈ પટેલ સ્વામીશ્રી પાસે વરસાદની વિનંતી કરવા આવે છે.'

આ વરસે આખા ગુજરાતમાં વરસાદ ન હતો. ગરમી પુષ્કળ પડતી હતી. માણસો માટે અનાજ-પાણીની પણ અછત હતી. ઢોર-ઢાંખર માટે ઘાસપૂળો ન હતો. આવી પરિસ્થિતિમાં જયરામભાઈ સ્વામીશ્રી પાસે આવે એ સંભવિત હતું.

તા. ૧૩-૭-'૬૯, જયરામભાઈ પટેલ આવ્યા. સ્વામીશ્રીએ તેમને સત્કાર્યા. ભાવિ દુષ્કાળનું વર્ણન તેમના મુખેથી સાંભળી સ્વામીશ્રીનું હૃદય દ્રવી ઊઠ્યું. પોતે જયરામભાઈ, ચુડાસમા સાહેબ તથા અન્ય અધિકારીઓ તથા સર્વ સંતો-હરિભક્તો સાથે અક્ષર દેરીમાં પધાર્યા. સ્વામિનારાયણ મહામંત્રની ધૂન શરૂ કરી. અડધો કલાક ધૂન ચાલી ત્યાં આકાશમાં વાદળો ઘેરાયાં ને ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો ! જયરામભાઈ તો અક્ષર દેરીમાં હર્ષથી આનંદિત થઈ

ગયા. જે આશાથી તેઓ આવ્યા હતા, તે આશા સ્વામીશ્રીએ તત્કાળ પૂર્ણ કરી !

સ્વામીશ્રી પ્રતિ તેમના અંતરમાં જે અહોભાવ પ્રગટ્યો તેનું વર્ણન કરવું સાચે અશક્ય હતું ! રાજકોટના બાલકૃષ્ણ શુક્લે પણ વરસાદ માટે તથા રાજકોટમાં મૅડિકલ કૉલેજ થાય માટે આશીર્વાદ માંગ્યા હતા.

ભક્તિના એમાં ભરિયા છે ભંડાર રે

મુંબઈથી મહંત સ્વામી તથા સંતોએ ૬ ફૂટ લાંબો ને ૧૫ કિલો વજનનો એક બહુ મોટો હાર કેશવચંદ્ર અમીન, સુનીલભાઈ દમણિયા તથા મગનભાઈ રાજા વગેરે સાથે પ્લેનમાં ગોંડલ મોકલ્યો.

સ્વામીશ્રીએ તે હાર ઘનશ્યામ મહારાજને પહેરાવ્યો. કંઠમાં શોભી રહેલા હાર સહિત મૂર્તિનાં દર્શન કરતાં સ્વામીશ્રી થાકતા ન હતા.

હરિભક્તોએ આ હાર સ્વામીશ્રીને પહેરાવવા બહુ આગ્રહ કરેલો, પરંતુ સ્વામીશ્રી કહે : 'આ હાર તો ઘનશ્યામ મહારાજના કોટમાં જ શોભે.'

આ હારની પ્રશંસા કરતા સ્વામીશ્રી બોલ્યા : 'કેટલી ભક્તિ ? એક કલાકમાં તૈયાર કરીને પલેનમાં મોકલી પણ આપ્યો. એક એક ફૂલને પાંચ પાંચ દંડવત્ કરીએ તો ઓછા છે.' આમ, સાચી ભક્તિ પ્રત્યે પોતાની પ્રસન્નતા જણાવી. ભક્તિની મહત્તા જણાવી.

રાત્રિસભામાં આ હાર મુંબઈના હરિભક્તોએ સ્વામીશ્રીને પહેરાવ્યો. સ્વામીશ્રીએ તે પ્રસાદીનો હાર મગનભાઈ રાજાને પહેરાવી બહુ રાજીપો દર્શાવ્યો.

સ્વામીશ્રી મંદિરની નાનામાં નાની બાબતમાં પણ ઊંડો રસ લેતા અને દરેક કાર્યમાં ખૂબ જ તકેદારી રખાવતા. કૃષ્ણકાંત બ્રહ્મભટ્ટ, હર્ષદ ચાવડા તથા સુરેન્દ્ર પંચાલ[૨૧] વગેરે યુવકોને રાત્રે ગુરુકુળમાં સૂવાની આજ્ઞા કરતા ને વહેલી સવારે ૬-૦૦ વાગે ગુરુકુળ તેમજ મંદિરની લાઇટ ઠારવાનું ખાસ કહેતા. મંદિરમાં કૂતરાં આવતાં હોય તો મંદિરમાં ફરતા વંડા અને વાડનાં બાકાં પૂરી દેવા પણ ખાસ સૂચના આપતા. એમ વિવિધ પ્રકારની સેવા સોંપતા.

'પહેલું કામ આ કરજો'

એક વખત 'આફ્રિકા ગેસ્ટ હાઉસ'માં ચોરી થઈ. તેથી સ્વામીશ્રી કહે : 'કોણ લઈ જાય છે તે ખોળી કાઢવું જોઈએ.'

---

૨૧. હાલ, સાધુ જ્ઞાનવલ્લભદાસ.

ત્રણ-ચાર દિવસે યુવકોએ ચોર પકડ્યો ને પોલીસ ચોકીમાં સોંપી દીધો. સાંજે પી.એસ.આઈ. વીસાણા સાહેબ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા ત્યારે તેમણે ચોરની વાત ઉચ્ચારી.

સ્વામીશ્રીએ એ વાત જાણી એટલે તરત જ બોલ્યા : 'સાહેબ ! એને મારશો નહીં ને છોડી મૂકજો. તમે જાવ એટલે પહેલું કામ આ કરજો. અમે રાજી થઈશુ.'

તા. ૧૬મીએ પટેલ બોર્ડિંગમાં વિદ્યાર્થીઓને સંબોધતાં સ્વામીશ્રીએ કહ્યું હતું કે 'તમે બધા અક્ષર મંદિર પાસે રહો છો, તો દર્શન કરવા આવવું. આઠ કલાક અભ્યાસ કરવો. જૂઠું ન બોલવું. ચોરી ન કરવી. નાટક-સિનેમા ન જોવાં.'

રથયાત્રાનો ઉત્સવ સ્વામીશ્રીના સાંનિધ્યમાં ખૂબ જ ધામધૂમથી ઊજવાયો. ઘુમ્મટ નીચે સંતોએ સુંદર રીતે રથ શણગારી ઠાકોરજીને પધરાવી, રંગબેરંગી વસ્ત્રોથી અલૌકિક શોભા કરી હતી. સાંજે ૫-૩૦ વાગે સ્વામીશ્રી રથનાં દર્શન કરવા પધાર્યા. ધૂન, કીર્તન બાદ ગુરુકુળના વિદ્યાર્થીઓએ બૅન્ડ-વાદન કર્યું. કલેક્ટર ચુડાસમા સાહેબ, કલેક્ટર કુસુમભાઈ દીવાન, એ.પી. પટેલ, શાસ્ત્રી નારાયણ ભગત, સિદ્ધેશ્વર સ્વામી, મહંત સ્વામી, બાળમુકુંદ સ્વામી વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં. સંધ્યા આરતી સુધી સભામાં બિરાજી, સ્વામીશ્રીએ સૌને આનંદ કરાવ્યો.

આ અરસામાં અમદાવાદથી મણિભાઈ બ્રહ્મભટ્ટ, અક્ષરપુરુષોત્તમ હાઈસ્કૂલ અને ગુરુકુળના કામ અંગે ગોંડલ આવ્યા હતા. સ્વામીશ્રી સાથે રાત્રે ઉકાળો-નાસ્તો કરતાં હાઈસ્કૂલની વાત નીકળી.

સ્વામીશ્રી મણિભાઈને કહે : 'ડભાણમાં તમોને આશીર્વાદ આપેલા તે યાદ છે ને ? રંકમાંથી રાજા બનાવ્યા !'

મણિભાઈએ હાથ જોડી કહ્યું : 'હા, બાપા ! એ વખતે હું સામાન્ય શિક્ષક હતો. ૨૫૦ રૂપિયા પગાર મળતો. મારે સ્કૂલ કરવા વિચાર હતો. પછી આપે આશીર્વાદ લખી આપ્યા : 'જાવ, બે સ્કૂલ થશે.' મને ખ્યાલ પણ નહીં કે બે સ્કૂલ થાય; પણ કેવળ આપની દૃષ્ટિથી જ - બે નહિ પણ ત્રણ સ્કૂલ થઈ !'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિથી બધું થયું.'

દક્ષિણા !

એક વખત રણછોડ ધરમશી લાખાણીએ સ્વામીશ્રી પાસે વર્તમાન

ધરાવીને કંઠી બાંધી. અને ભેટમાં રૂપિયા બે પ્રહ્‌લાદભાઈને આપ્યા. ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'અમારી દક્ષિણા તો બાકી રહી. અમને તો આપો !'

રણછોડભાઈ વિચારમાં પડી ગયા કે 'સ્વામીશ્રી શું માંગશે ?' તેમણે હાથ જોડી કહ્યું : 'બાપા ! આપને શું દક્ષિણા આપવી ?'

સ્વામીશ્રી હસીને કહે : 'તમે બીડી પીવો છો તે છોડી દો એ અમને દક્ષિણા મળી ગઈ !' એમ કહેતાં તરત જ હાથમાં જળ આપી, બીડી ન પીવાનો સંકલ્પ સ્વામીશ્રીએ અક્ષર દેરીમાં કરાવ્યો. તેમણે બીડી છોડી દીધી.

આ વાતને એક અઠવાડિયું વીતી ગયું. સ્વામીશ્રી સભામાં બિરાજમાન હતા. રણછોડભાઈ સ્વામીશ્રીને દંડવત્ કરીને પગે લાગ્યા. ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું : 'ઓલું પાપ ગયું ?' પણ રણછોડભાઈ સમજી ન શક્યા. તેથી સ્વામીશ્રી સામે જોઈ રહ્યા. સ્વામીશ્રીએ સ્પષ્ટતા કરી : 'બીડીનું !'

તરત જ તેમણે કહ્યું : 'બાપા ! આપના આશીર્વાદથી બીડી ગઈ છે તે પાછી યાદ જ આવી નથી. આપના પુણ્ય પ્રતાપથી મારી બુદ્ધિ પવિત્ર બની ગઈ છે. મને બીડીનો સંકલ્પ થયો નથી. બધા કહે છે, 'બીડી મૂકી દેવાથી તબિયત પર ખરાબ અસર થાય છે,' પણ એ વાત ખોટી છે.'

સ્વામીશ્રી તેમના ઉપર રાજી થયા ને હસીને બોલ્યા : 'અમારી દક્ષિણા તમે પૂરી આપી ખરી.' એમ કહી વાંસામાં પ્રેમથી ધબ્બો આપ્યો.

તા. ૨૦મીએ નડિયાદના જમનાદાસભાઈ અમીન, ગોંદિયાવાળા સંસદ સભ્ય અને ઉદ્યોગપતિ મણિભાઈ પટેલને સ્વામીશ્રીનાં દર્શને લાવ્યા હતા. સ્વામીશ્રીએ તેમને વર્તમાન ધરાવી, મધ્ય પ્રદેશમાં સત્સંગ-પ્રચારનું કાર્ય કરવા આજ્ઞા કરી.

સ્વામીશ્રીના ગોંડલ મુકામ દરમ્યાન સ્થાનિક સંતો બાલમુકુંદ સ્વામી, સિદ્ધેશ્વર સ્વામી, રામચરણ સ્વામી, નિર્ગુણદાસ સ્વામી, ભક્તિકિશોર સ્વામી, યોગીપ્રસાદ સ્વામી, જ્ઞાનપ્રિય સ્વામી (બાપુ સ્વામી) વગેરે સંતોએ રાત-દિવસ સેવા બજાવી, તમામ વ્યવસ્થા સાચવી હતી. મથુરભાઈ રસોડાની વ્યવસ્થામાં હતા. કૃષ્ણકાંત બ્રહ્મભટ્ટ તથા હર્ષદ ચાવડાએ મહેમાન હરિભક્તોની ખૂબ જ સરભરા કરી, સ્વામીશ્રીનો રાજીપો મેળવ્યો હતો.

તા. ૨૩મીએ સાંજે ગુરુકુળમાં વિદ્યાર્થીઓને વિવિધ વિષયો અને પ્રવૃત્તિઓ માટે ઇનામ વિતરણ કર્યું. વિદ્યાર્થીઓની સત્સંગમાં અને અભ્યાસમાં ખૂબ પ્રગતિ થાય એવા આશીર્વાદ આપ્યા.

શૂળીનું દુઃખ કાંટે

નાની બોરુના ઠાકરશી કેશવજી પટેલ[૨૨] ગુરુકુળમાં અભ્યાસ કરતા. સ્વામીશ્રી ગુરુકુળના વિદ્યાર્થીઓને બહુ હેત કરતા. ઠાકરશીભાઈના અક્ષર સારા, તેથી સ્વામીશ્રી કહેતા : 'અક્ષર મોતીના દાણા જેવા. બહુ સારા. મારે અક્ષર સુધારવા છે.' એમ હેત કરીને કહેતા.

ઠાકરશીભાઈને અંતરમાં પ્રથમથી વૈરાગ્ય. તેથી સાધુ થવાનો સંકલ્પ હતો. પરંતુ સ્વામીશ્રીએ કહ્યું : 'હજુ એક વરસ ભણી લો. પછી કરીશું.'

થોડા સમય પછી ઠાકરશીના પિતાશ્રી કેશવ ગોકળે રાજીખુશીથી પોતાના પુત્રને સ્વામીશ્રીને અર્પણ કર્યો ત્યારે પ્રસન્નાપૂર્વક આશીર્વાદ આપતાં સ્વામીશ્રી બોલ્યા : 'તમારા બે દીકરામાંથી એક અમને સાધુ બનાવવા માટે સોંપ્યો, તે તમારી અડધી મિલકત તમે અમને આપી છે, એમ માનીશું. તમે તમારું સર્વસ્વ શાસ્ત્રીજી મહારાજને આપી દીધું છે !'

પિતા-પુત્રે સ્વામીશ્રીને દંડવત્ કર્યા. સ્વામીશ્રી મોજમાં આવી ગયા હતા. એમણે આશીર્વાદ આપ્યા : 'શ્રીજીમહારાજ તમારી સદાય રક્ષા કરશે. અને શૂળીનું દુઃખ કાંટે મટાડશે.'

સ્વામીશ્રી પ્રસન્ન થયા તેથી કેશવભાઈના અંતરમાં શાંતિ વ્યાપી ગઈ.

એક વાર કેશવભાઈના પુત્ર અરજણભાઈ તથા તેમનાં દીકરી વીંછીયાથી જસદણ બસમાં જતાં હતાં. એકાએક બસ એક ઝાડ સાથે અથડાઈ. તેમાં છ માણસ મૃત્યુ પામ્યા. અરજણભાઈ પણ બેશુદ્ધ થઈ ગયા હતા. દીકરીને પણ થોડું વાગ્યું હતું. રડારોળ થઈ ગઈ.

એવામાં એક ભાઈ બે નારિયેળ લઈને આવ્યા ને અરજણભાઈને નારિયેળનું પાણી પાયું. થોડી વારમાં એક મોટર આવી. તેના ડ્રાઈવરે જસદણ હૉસ્પિટલ સુધી અરજણભાઈને પહોંચાડ્યા. જસદણમાં પૂરતાં સાધન નહીં. તેથી રાજકોટ ફોન થતાં ત્યાંથી એમ્બુલન્સ આવી અને ઝડપી સારવાર મળી ગઈ.

અરજણભાઈને જીવવાની કોઈ આશા ન હતી. સૌ રોકકળ કરી રહ્યા હતા. ત્યાં ગોંડલ - અક્ષર મંદિરનો પ્રસંગ કેશવભાઈની નજર સમક્ષ તરવરી રહ્યો. જાણે સ્વામીશ્રી આશીર્વાદ આપી રહ્યા હોય ! પુત્રને અર્પણ કર્યો તે વખતે કહ્યું હતું : 'જાઓ, તમારું શૂળીનું દુઃખ કાંટે મટશે.' તે તેમને પ્રત્યક્ષ થયું.

---

૨૨. હાલ, સાધુ નારાયણભૂષણદાસ.

સ્વામીશ્રીના મંદ હાસ્યસભર મુખારવિંદનાં દર્શન થયાં.

કેશવભાઈએ ઘરનાં બધાંને હિંમત આપી કહ્યું : 'સ્વામીશ્રીના આશીર્વાદ છે. અરજણને કંઈ જ નહીં થાય.' સૌને હિંમત આપી. સર્વેનાં અંતરમાં શાંતિ થઈ ગઈ.

બરાબર તેર કલાકે અરજણભાઈ ભાનમાં આવ્યા. ડૉક્ટરોએ કહ્યું : 'મૃત્યુ સામે માનવીનો વિજય થયો છે. બીજી રીતે કહીએ તો કોઈ દૈવી શક્તિએ જ મૃત્યુ પામેલા અરજણભાઈમાં પ્રાણ પૂર્યા છે. તેમાં તમારા સૌની પ્રાર્થના અને શ્રદ્ધાનો જ વિજય છે.'

વચનમાં વિશ્વાસ

આ વખતે સૌરાષ્ટ્રમાં દુકાળનું વરસ હતું. તેમાં ખાસ કરીને બોટાદ તાલુકામાં તેની વિશેષ અસર હતી. તાજપુરના કરમશી લખમણ પટેલ તથા અન્ય હરિભક્તો મજૂરીકામ માટે જામનગર ગયા હતા. પરંતુ આઠ દિવસ સુધી કાંઈ કામ ન મળ્યું. ઘરનાં ભાતાં ખવાઈ ગયાં. તેઓ નિરાશ થઈ તાજપુર પાછા ફરતા હતા, ત્યારે રાજકોટમાં ખબર પડી કે સ્વામીશ્રી ગોંડલમાં બિરાજે છે. તેથી તેઓ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા.

સ્વામીશ્રી સભામાં બિરાજમાન હતા. સૌ સભામાં સ્વામીશ્રીને દંડવત્ કરવા લાગ્યા. સ્વામીશ્રીએ હાથના ઈશારે તેમને પાસે બોલાવ્યા અને આવવાનું કારણ પૂછ્યું. તેમણે બધી વાત વિગતથી કરી. ત્યારે સ્વામીશ્રી કહે : 'તમે જામનગર ગયા ત્યારે અહીં દર્શન કરીને કેમ ન ગયા ? જો દર્શન કરીને ગયા હોત, તો તમને ત્યાં કામ મળી જાત. પરંતુ હવે તમે ઘેર જાવ છો તો કાંઈ વાંધો નથી, પણ પહેલાં ભાદરા-ગુણાતીતનગર દર્શન કરીને જાવ. તમારે ઘર છોડીને બીજે જવું નહિ પડે.'

સ્વામીશ્રીના વચનમાં કરમશીભાઈને વિશ્વાસ હતો. તેથી તેઓ અને બે-ત્રણ હરિભક્તો ભાદરા દર્શન કરીને તાજપુર ગયા અને નાનો એવો ધંધો શરૂ કર્યો. તેમાં પાધરું પડી ગયું. કમાણી સારી થઈ. જેઓ સ્વામીશ્રીની આજ્ઞા અનુસાર ભાદરા ગયા વિના સીધા જ તાજપુર ગયા હતા, તેમના પ્રારબ્ધમાં મજૂરી જ રહી.

એક વખત જમ્યા પછી બપોરની કથામાં સ્વામીશ્રી બ્રહ્માનંદ કરાવતા, છેલ્લાનું ૮મું વચનામૃત નિરૂપતા હતા. મહાતમ સ્વામીને જોઈ સ્વામીશ્રી કહે :

'મહાતમ સ્વામી સારંગપુરમાં રહે. ત્યાં મોર બહુ. ખેતરમાં તથા મંદિરમાં પણ આવે. તેને ઉડાડવા માટે મહાતમ સ્વામી મોર બોલાવે. દૂરથી જોયા વિના પણ ખબર પડી જાય કે મહાતમ બોલ્યા !'

એમ સ્મૃતિ કરાવી અને વચનામૃત પૂરું થયા પછી કહે : 'મહાતમ સ્વામી ! મોરલો ઉડાડો જોઈએ.' એટલે તેમણે જોરથી મોર ઉડાડતા હોય એમ, લહેકો કરીને 'ટેંહુક ટેંહુક' બોલ્યા.

આ સાંભળીને સ્વામીશ્રી તથા સભાજનો સૌ ખૂબ જ હસી પડ્યા. આમ, જાહેરમાં પણ સ્વામીશ્રી આવા નિર્દોષ, રમૂજી પ્રસંગો ઉપસ્થિત કરી, સૌને સ્મૃતિ આપતા.

ગોંડલના કવિ ઘનશ્યામભાઈ પ્રસંગોપાત્ત સવારે પૂજામાં તથા સભામાં સ્વામીશ્રીનાં મહિમાનાં સ્વરચિત અદ્‌ભુત કીર્તનો ગાઈ સૌને આનંદ કરાવતા. હાર્મોનિયમ ઉપર જીલુભા સંગત આપતા.

અંતરમાં શાંતિ ને અક્ષરધામની પ્રાપ્તિ

તા. ૨૫મીએ નિયમની એકાદશીને દિવસે, સવારે ૫-૩૦ વાગે સંતો-હરિભક્તોએ ગુરુપૂજનનો લાભ લેવા ઉત્સવ યોજ્યો. સભામાં સ્વામીશ્રી માટે સુશોભિત આસન બનાવ્યું હતું. આસન જોઈ સ્વામીશ્રી કહે : 'ઘરમાં ઘરમાં આવું ન કરવું.' પછી સંતોના આગ્રહથી સંકોચ પામતા બિરાજ્યા. હરિભક્તોએ ઠાકોરજી સહિત સ્વામીશ્રીનું પૂજન કર્યું. સંતોએ આપેલી સરળ સંસ્કૃતની પરીક્ષાઓનાં પ્રમાણપત્રો સ્વામીશ્રીએ સૌને વહેંચ્યાં. આશીર્વાદ આપતાં કહ્યું :

'આશીર્વાદ એટલો દેવામાં આવે છે કે પૂજન કર્યું તેનું ફળ શું ? સત્સંગમાં નિર્દોષબુદ્ધિ, દિવ્યભાવ ! કોઈનો અવગુણ-અભાવ ન આવે તે ફળ. જો ફળ ન મળે, તો પૂજન કર્યું ન કહેવાય. ગઢપુરમાં શ્રીજીમહારાજે ઉત્તરાયણનો સમૈયો કર્યો. બધાએ પૂજન કર્યું. પછી મહારાજે સંતોને આશીર્વાદ આપતાં કહ્યું : 'જાવ, પાંચસો પરમહંસો ! તમારાં શાસ્ત્રમાં નામ રહી જશે.' તો એવા શૂરવીર પાક્યા. તેમનું અનામ ન થયું. દેહ પડ્યો ત્યાં સુધી સત્સંગમાં રહ્યા.

'શાસ્ત્રીજી મહારાજ સારંગપુર હતા. ત્યારે સંતોને આશીર્વાદ દીધેલા : 'જાવ, સંતો ! તમે મંદિરનાં કામ કર્યાં તે અક્ષરધામમાં તમને બેસાડીશ.'

'એમ તમને આશીર્વાદ આપીએ છીએ કે બધા સંસ્કૃતમાં પારંગત થાવ. કોઈને શ્રીજીમહારાજનાં કાર્યમાં મનુષ્યભાવ ન આવે. સત્સંગમાં નભી જાવ.

કોઈ દિ' ઘેર જવાનું મન ન થાય. તે આજે આશીર્વાદ છે.

'ભગતજી મહારાજ અને વિજ્ઞાનાનંદ સ્વામીના આશીર્વાદથી શાસ્ત્રીજી મહારાજ મોટા થયા. તેઓ કાશી ભણવા જતા હતા ત્યારે હરિભક્તોએ કહ્યું : 'આ તો અમારાં અંતર શુદ્ધ કરવાની સાવરણી છે. તે રાખો.' શાસ્ત્રીજી મહારાજ કાશી કરતાં શ્રેષ્ઠ અહીં ભણ્યા અને સભાજિત થયા.

'એવો આશીર્વાદ સંતો-હરિભક્તોને મળે. બધા મોટા મોટા હરિભક્તોએ સત્સંગમાં નિર્દોષબુદ્ધિ રાખીને, આ અલૌકિક સમાજ શાસ્ત્રીજી મહારાજે બાંધ્યો છે, તેમાં મનુષ્યભાવ ન આવે તે એક કરવાનું છે. જો આમ ન કરે ને લાખ રૂપિયા સેવા કરે તોય તે ન્યૂન છે. અને આ કરે ને એક પઈ પણ ન આપે તોપણ તે શ્રેષ્ઠ છે.

'દિવ્યભાવ હશે તેને મહારાજ અક્ષરધામમાં બેસાડશે. કોઈનો અવગુણ ન લેવો. કોઈની ક્રિયા ન જોવી. જાગા સ્વામી વાત કરતા : 'પારકો આકાર, પારકી ક્રિયા ને પારકો દોષ ન જોવો.'

'આ શીખી લઈએ તો હૃદયમાં શાંતિ ને સુખ વર્તે. પછી ઘેર બેઠા હોઈએ કે નોકરી કરતા હોઈએ કે ઑફિસમાં બેઠા હોઈએ, પણ હૃદયમાં સુખ વર્તે.

'જો આપણે કોઈનો અવગુણ લીધો નથી, નિયમ પાળ્યા છે, તો હૈયામાં ટાઢું જ વર્તે.

'શુભ દિવસનો આશીર્વાદ છે. શ્રીજીમહારાજ બધાને અક્ષરધામમાં બેસાડશે. કોઈ દિ ભૂંડો સંકલ્પ ન થાય ને અંતરમાં શાંતિ રહે તેવા આશીર્વાદ છે.'

ગોંડલ દરબાર વિક્રમસિંહજી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. થોડા દિવસ ઉપર જ તેમને હૃદયરોગનો હુમલો થયો હોવાથી, સ્વામીશ્રીએ તેમને છાતી ઉપર હાથ ફેરવી, આશીર્વાદ આપ્યા હતા.

વ્રત-નિયમ તથા પ્રણાલીના પરિપોષક

અક્ષર દેરીમાં ઠાકોરજી સમક્ષ બિરાજી સ્વામીશ્રીએ સંતો-હરિભક્તોને ચાતુર્માસના નિયમો આપ્યા. શ્રીજીમહારાજ જેમ સંતો-હરિભક્તોને વર્તાવતા તે પ્રકારે સૌને વર્તાવવાનું તાન સ્વામીશ્રીને કેટલું છે, તે આ પ્રસંગથી જણાઈ આવતું ! પોતે તો મહારાજની આજ્ઞા પ્રમાણે અણિશુદ્ધ નિયમમાં વર્તી સર્વેને પ્રેરણા આપતા, છતાં ભક્તો પણ સત્સંગના નિયમ પરાયણ જીવન જીવે એ અંગે એમનો આગ્રહ સદાય રહેતો.

મહારાજે શિક્ષાપત્રીમાં વિશેષ નિયમોની આજ્ઞા કરી, પણ તેનું સંત-હરિભક્તોના સમાજમાં સારી રીતે પ્રચલન સ્વામીશ્રીએ કરાવ્યું. ચાતુર્માસ આવતાં પહેલાં પત્રો લખીને ગામોગામ હરિભક્તોને સજાગ કરે. એક એક હરિભક્તને પત્ર લખી, અમુક સામાન્ય અને અમુક તેના અંગ પ્રમાણે નિયમો આપે. યુવકોને મુખપાઠ કરવાના નિયમો આપે. સંતો-યુવકોને શ્રાવણ માસનાં ધારણાં-પારણાં તો ખરાં જ. વિશેષ માળા અને દંડવત્‌ના પણ નિયમો આપે. એમની આવી રુચિ જોઈને કેટલાક ગૃહસ્થો પણ ધારણાં-પારણાંનાં વ્રત લેતાં. એમાં કોઈ પાકાં ધારણાં-પારણાં કરે, ચાંદ્રાયણ કરે, તો તો સ્વામીશ્રી વિશેષ રાજી થાય.

વચનામૃતના પાઠ, સ્વામીની વાતુંનો પાઠ આદિ સદ્‌ગ્રંથોનું વાચન-પારાયણનું પ્રચલન પણ સ્વામીશ્રીએ બહુ આગ્રહપૂર્વક ભક્તોમાં શરૂ કરાવ્યું. આમ, ચાતુર્માસનું નિમિત્ત ઊભું કરી, સૌ વિશેષ તપ કરે, ભજન-ભક્તિ કરે અને ખાસ તો મહારાજની આજ્ઞા પાળે, એ સ્વામીશ્રીએ સંપ્રદાયમાં સામૂહિક રીતે સૌને દઢ કરાવ્યું. સંપ્રદાયની પ્રણાલિકાને જીવંત કરી. આ નિયમો અંગે કથાવાર્તાના પ્રસગમાં, અગત મુલાકાતમા અને પત્ર-વ્યવહારમાં પણ ખટકો રાખી, સ્વામીશ્રી નાના-મોટા સર્વને ખૂબ પ્રોત્સાહન આપતા રહેતા. જેથી કોઈ મોળો ન પડે. નિરંતર મહિમા અને બળની વાતોથી, સર્વને આત્મબળ પ્રેરતા રહેવાનું કાર્ય તો સ્વામીશ્રીની નિશ્રામાં અખંડ ચાલુ જ રહેતું. તેમાં ક્યારેય ઓટ આવતી નહિ. કોઈ જરાપણ મોળો પડે તો અંતર્યામી સ્વામીશ્રી એની વહારે પહોંચી જ ગયા હોય ! સ્વપ્નમાં દર્શન દઈને, અંતરમાં પ્રેરણા આપીને કે પછી પ્રત્યક્ષપણે, એમના બળના શબ્દોનાં વેધક તીરો ભક્તની રક્ષામાં પહોંચી જ ગયાં હોય !

આજે પણ સૌને નિયમો આપ્યા પછી સ્વામીશ્રીએ જણાવ્યું કે 'વિશેષમાં વિશેષ નિયમ શું ? કોઈનો અવગુણ-અભાવ ન આવે તે. સૌએ ખબરદાર રહેવું.'

એકાદશી માહાત્મ્ય

આ રીતે એકાદશી આદિ વ્રતોનું સ્વામીશ્રી વારંવાર પ્રતિપાદન કરી, હરિભક્તોમાં તેનું પ્રવર્તન કરાવતા. નહિ તો ગૃહસ્થાશ્રમમાં તો એકાદશીના સામાન્ય વ્રતો માટે પણ ઘણી શિથિલતા જોવા મળે.

સ્વામીશ્રી કહેતા : 'ચાતુર્માસમાં વ્રતો કરવાં. ઢૂંઢિયા વ્રત કરે છે પણ

તેમને મતે કોઈ ભગવાન નથી. કોને પ્રસન્ન કરે ? છતાં વ્રત કરે છે. આપણે તો ભગવાન પ્રસન્ન થાય છે. વ્રત અફળ જતું નથી. એક લાખ ઋષિને સાઠ હજાર વર્ષ જમાડીએ તેટલું પુણ્ય એક એકાદશી રહેવાવાળાને થાય છે. એકાદશી વ્રતમાં આ લખ્યું છે. આપણે શ્રીજીમહારાજને પ્રસન્ન કરવા એકાદશી કરીએ છીએ.

'ખાંડ કે સાકરમાં પાણી રેડીએ તો તે ગળ્યું લાગે. ઓલ્યા ઢૂંઢિયા તો રેતીમાં પાણી ઢોળે છે. તે વહી જવાનું. આ જીવ કેટલાંયે વરસોથી જમતો આવ્યો છે. જેટલું સમુદ્રમાં પાણી છે, તેટલું માતાનું ધાવણ ધાવ્યો છે. રાજાના, શેઠિયાના તમામ અવતાર તેણે લીધા છે. હવે એ ચકરાવો પૂરો કરવા આ છેલ્લો જન્મ કરી લેવો. એકાદશીનું વચનામૃત મ. ૮ છે. શ્રદ્ધાથી વ્રત કરે તેનું પુણ્ય મળે.

'અમે જૂનાગઢમાં બસો સાધુ નિર્જળા ઉપવાસ કરતા ત્યારે સવારથી વાચનનો ઘોષ થાતો. કોઈ ભક્તચિંતામણિ તો કોઈ વચનામૃત વાંચે. અહોહો ! એવું દિવ્ય વાતાવરણ લાગે ! બપોરે સૂએ નહિ. એવાં નિયમ-વ્રત પાળે છે તેના ઉપર મહારાજ રાજી થાય છે.

'અમે અડવાળ ગયા હતા. એક જણને તાવ આવ્યો હતો. તેને આઠ દિ' લાંઘણ કરાવી. પોલારપુરના વૈદ્ય આવે તે ખાવા ન દે. પેટમાં ધૂડ ગઈ હતી. અપવાસ નહિ પણ લાંઘણ કરાવે. તેને તે ટાણે શીરો શેકીને દ્યો તો ઊપડી જ જાય. ભાલનાં ડોળાં પાણી તે તાવ આવે. તે રોગે કરીને ખાતા નથી. તેમ આપણે એકાદશીને દિ'એ અનાજ ઉત્પન્ન થયું જ નથી, એમ આતમબળે કરીને માનવું. પાણીયે ન પીવું. 'કૂવા ખાલી છે' એમ માનવું.

'કારિયાણીમાં મહારાજે સાધુ, પાળા, બ્રહ્મચારી, દરબારો બધાને નિર્જળા એકાદશી કરવા આજ્ઞા કરી. સુરાખાચરનો સગો માણસિયો ખુમાણ પણ એકાદશી કરી રહ્યો હતો. તે નત (નિત્ય) પાંચ ટાણાં ખાતો. તે પહેલા ૯-૦૦ વાગ્યાનું શિરામણ ગયું. ૧૧-૦૦નું ગયું. પછી ૧-૦૦ વાગ્યાનું ખાવાનું ગયું. પછી તો જ્યાં ૨-૩૦ વાગ્યા ત્યાં તો માણસિયો મરવા જેવો થઈ ગયો.

'સુરાખાચર મહારાજ પાસે દોડ્યા ને કહ્યું : 'મહારાજ ! આ માણસમારી એકાદશી આવી છે તે એકનો જીવ લીધો. મહારાજ ! માણસિયો મરુ ગ્યો. બોલતો-ચાલતો નથી. ચત્તોપાટ પડ્યો છે. આ માણસમારી સાંજ સુધી તો આવા કેટલાંનાય જીવ લેશે.'

'મહારાજ આ સાંભળી બોલ્યા : 'હોય નહિ, હાલો માણસિયાને જોવા.'

પછી મહારાજ ને બધા માણસિયા પાસે આવ્યા. માણસિયાની આંખ્યું ઊંડી ઊતરી ગઈ હતી. મોઢે ફીણ આવી ગયાં હતાં. ચત્તોપાટ પડ્યો હતો.

'મહારાજે જોયું, વાત તો સાચી છે ! પછી મહારાજે કહ્યું : 'સાકરનું પાણી કરો.' પછી મહારાજે ચમચીથી પાશેર પાણી તેના મોઢામાં પાયું. પછી માણસિયે આંખ ખુલ્લી કરી. મહારાજે કહ્યું : 'અલ્યા, મડુ ગ્યો તો ને ? કેમ બોલતો નહોતો ?' માણસિયે કહ્યું : 'મહારાજ ! માણસમારી આવી તે શેનો બોલું ? મારાં પાંચ ટાણાં ખોટાં કર્યાં.' મહારાજ બોલ્યા : 'સુરાખાચરે ગમ્મત કરી તે હું દર્શન દેવા આવ્યો. એકાદશીએ અન્ન ન લેવાય.'

'મહારાજ પંડે અપવાસ કરતા. આપણે એકાદશી કરીએ છીએ તો હિંદુસ્તાનનો દિવસ આવતો થયો. એક કુળમાં જો એક ભક્ત નીકળે, તો તેની એકોતેર પેઢીનો ઉદ્ધાર થાય. તો લાખો ભક્ત નીકળે તો હિંદુસ્તાનનો ઉદ્ધાર કરી નાખે.

'એકાદશી વ્રતથી શરીરને નુકસાની થતી નથી. એકાદશીમાં અગિયાર ગુણ છે. તાવતરિયો ન આવે, ગેસ ન થાય, માંદા ન પડાય, પંદર દિ'એ રેચ લેવો ન પડે, ભૂખ સવારે કકડીને લાગે, અજીર્ણ થયું હોય તે બધું બેસી જાય, તાજા થઈ જઈએ. એવો મહિમા છે.

'વૈષ્ણવમાંય એકાદશી કરે છે. જૈનમાં બહુ ઉપવાસ કરે. વરસી તપ કરે. અમે સમઢિયાળા ગયા હતા. ત્યાં નાગરદાસનો દીકરો માંદો પડ્યો હતો. શાસ્ત્રીજી મહારાજ તેને જોવા ગયા હતા. છોકરો પાણી માગે. નાગરદા કહે : 'ન્યાં તળાવ ભર્યાં છે તે ત્યાં પીજે.' ૬૩ લાંઘણો કરાવેલી. તેના બાપે છોકરાને પાણી ન દીધું. આટલું તપ કરે છે તોય દેહ પડતો નથી, તો આપણે એક દિ એકાદશીનો ઉપવાસ કરવાથી શું મરી જવાના છીએ ?

'આપણે આ ઉપવાસ કરીએ છીએ તે ભગવાન ભક્તિ માનશે. આપણને આશરો છે. તેથી સુગમ થઈ જાય. બદરિકાશ્રમમાં સો ઉપવાસ કરે, શ્વેતદ્વીપમાં હજાર ઉપવાસ કરે, તેટલું પુણ્ય અહીં એક ઉપવાસ કરવાથી થાય છે. જેને ખપ છે તેને આ વ્રત કઠણ પડતું નથી. ખપ જેને ન હોય તે તો સત્પુરુષ થડમાં હોય તોય ન આવી શકે. ભગવાનનો આશરો છે તેને દુઃખ રહેતું નથી. આપણને ખરી પ્રાપ્તિ થઈ છે. ઈષ્ટદેવ સહજાનંદ સ્વામી સર્વોપરી ભગવાન મળ્યા, તે આપણા પુણ્યનો પારાવાર નથી.

'આ બ્રહ્માંડમાં આપણા તુલ્ય ભાગ્યશાળી માનો એ જ ભૂલ્ય !'

'અમારા જૂનાગઢમાં એક છોકરો પ્રદક્ષિણાથી પડ્યો. તે હસવા મંડી પડ્યો. પછી બીજા માણસે કહ્યું : 'આટલે બધેથી પડ્યો !' એમ કહી ઊંચે બતાવ્યું. તે રોવા મંડી પડ્યો. એમ મોળી વાત કરી તો રોવા મંડી પડ્યો. 'અહોહો ! ઉપવાસ ! પાણી પીવાનું નથી' એમ કહેતાં રહેવું, પણ કોઈ કહે : 'અલ્યા, તું મરી જઈશ.' તો તે મોળો પડી જાય. *'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જો ને.'*

'આનંદમાં રહેવું, કેફમાં રહેવું. લાખ રૂપિયા લૉટરીમાં આવે તો ગરીબને કેવો કેફ આવે છે ! જ્ઞાન-ભક્તિનો કેફ રાખવો. તે કેફ આવવા માટે મોટા-પુરુષનો સમાગમ કરવો.'

પછી ગુરુકુળમાં પધરામણી કરી. પ્રાર્થના મંદિર શણગાર્યું. ગુરુકુળ વતી ગૃહપતિ કમ્પાલાના સેવાભાવી ભક્તરાજ ચુનીભાઈએ, હાઈસ્કૂલ વતી પ્રિન્સિપાલ પ્રહ્લાદભાઈએ તથા વિદ્યાર્થીઓ વતી માછીમાર યુવાન ભક્ત હરિશ્ચંદ્રે સ્વામીશ્રીને પવિત્રાના હાર પહેરાવ્યા. બધા જ વિદ્યાર્થીઓએ સમૂહમાં આરતી ઉતારી. બૅન્ડ દ્વારા સ્વામીશ્રીનું અભિવાદન કર્યું.

❀ ❀ ❀



પાવનકારી દિનચર્યા

ગોંડલમાં સ્વામીશ્રીનો નિત્યક્રમ પણ અત્યંત મંગળદાયક ને સ્મૃતિદાયક હતો. ગોંડલમાં એમનો ઉતારો સભામંડપના ખૂણાના ઓરડામાં રહેતો. સ્વામીશ્રી કોઈ દિવસ આ ઓરડામાં એકલા તો સૂવે જ નહિ. એક-બે સંતો અને એક-બે યુવકો-સેવકોને સાથે જ સુવાડે. ક્યારેક કોઈક આઘુંપાછું થાય તો તેમને સવારે ઊઠીને મીઠો ઠપકો આપે કે 'સાથે કેમ નહોતા સૂતા ?'

સ્વામીશ્રીને પવન બિલકુલ ફાવતો નહિ, તેથી ઓરડાની બધી બારીઓ બંધ રખાવે. ફક્ત એક અરધી બારી ખુલ્લી રખાવે અને કહે : 'નહિ તો ગેસ થાશે !' બાકી બધાં જ વેન્ટિલેશન, બારીઓ ઉપર પડદા નંખાવે, જેથી જરાપણ પ્રકાશ આવે નહિ. ઝાંખો દીવાનો પ્રકાશ હોય તોપણ તેમને ઊંઘ ન આવે.

આમ, બારી-બારણાં બંધ હોય, પવન બિલકુલ ન હોય, એટલે સાથે સૂતેલા સેવકોને ખૂબ જ ગરમી અને ગૂંગળામણ થાય. તેથી કદાચ કોઈ વાર રાત્રે કોઈ સેવક બહાર જઈને સૂઈ જાય તો સવારે સ્વામીશ્રીનો મીઠો ઠપકો તેને અવશ્ય સાંભળવો જ પડે. સેવકોને માટે પણ આ એક વિશિષ્ટ પ્રકારની ભીડા-ભક્તિ હતી.

પાછળનાં વર્ષોમાં સ્વામીશ્રીને ઊંઘ ઓછી આવતી. કારણ, રાત્રે વખતો-વખત લઘુ કરવા ઊઠવું પડે. વળી, માંદગી દરમ્યાન ઊંઘ બહુ ઓછી થઈ ગઈ હતી. રાત્રે ઊંઘની ગોળી લે પછી જ ઊંઘ આવે, તે છતાં રાત્રે લઘુ કરવા તો ઊઠવું જ પડે. સવારે લગભગ ૪-૦૦ વાગ્યા પછી સંપૂર્ણ જાગ્રત થઈ જતા. જો રાત્રે ઊંઘ મોડી આવે, તો વહેલી સવારે ૫-૦૦ થી ૫-૩૦ વાગ્યા સુધી પોઢી રહે. કદાચ ૪-૦૦ વાગે ઊઠી ગયા હોય તોપણ સેવકોને જગાડે નહિ, પોતે પથારીમાં પોઢી રહે. ૫-૦૦ વાગે એટલે એક-બે સેવકોને ઊઠાડી, નાહી-ધોઈ પરવારવા મોકલી આપે.

૫-૩૦ વાગે પોતે 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ....' મંત્ર બોલતાં પથારીમાં બેઠા થાય એટલે બાકીના સેવકો તુરત જ જાગી જાય. મચ્છરદાની ઊંચી કરી સૌ આજુબાજુ ગોઠવાઈ જાય. સ્વામીશ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની ઊભી ચિત્ર-પ્રતિમા બે હાથમાં લઈ, બરાબર નીરખીને દર્શન કરે. ચરણસ્પર્શ કરે અને છાતીએ તેમજ મસ્તકે મૂર્તિ અડાડે. પછી સેવકો હાથ, પગ, કેડ દબાવે. કોઈને ઝોલું આવતું હોય તો સ્વામીશ્રી તેનો હાથ ખેંચીને જગાડે. અને પછી તેનો હાથ દાબવા માંડે અને બોલે : 'ગુરુ ! ઝોલાં આવે છે ! ઝોલાં ન ખાવાં ! તમારે છે કાંઈ દખ (દુઃખ), બહુ સુખિયા. હું એકલો જ દુઃખિયો, તે ઊંઘ આવે નહિ. તમારી ઊંઘ મને આપો ને...!' એમ કહેતાં જાય અને સૌને ગમ્મત કરાવતા જાય.

પછી સૌ હરિભક્તો ઓરડા બહાર દર્શનની રાહ જોતાં ઊભા હોય તે અંદર આવે. સૌ ધીરે ધીરે ચારેય બાજુ ગોઠવાઈ જાય. ઓરડો ચિક્કાર ભરાઈ જાય. કોઈ વયોવૃદ્ધ કે કોઈ મોટેરા ભક્ત પાછળથી આવે તો તેમને આવકાર આપી, યોગ્ય સ્થાને બેસાડવાનું સ્વામીશ્રી ક્યારેય ચૂકે નહિ. વયોવૃદ્ધ હોય તેને ખાસ કરીને સ્વામીશ્રી ભીંતે અઢેલીને જ બેસાડે.

દરેક સંત-હરિભક્તને સંભારે, કોઈ ન આવ્યું હોય તો તેમને બોલાવવા મોકલે. પછી શ્રીજીમહારાજનું અષ્ટક બોલાય. ત્યારપછી જ મંગળ પ્રવચન શરૂ થાય. ક્યારેક નિષ્કુળાનંદ કાવ્ય, વચનામૃત, સ્વામિનારાયણ પ્રકાશ કે કોઈ નવું પુસ્તક હોય તે વંચાવે અને વાતો કરે અથવા પ્રભાતિયાં બોલાવી વાતો કરે. કથા સાંભળતાં ઘણી વાર બધાને લાગે કે સ્વામીશ્રીને જરા ઊંઘ આવતી લાગે છે, પણ પોતે એટલા બધા તો સાવધાન હોય કે એકદમ 'હરે, હરે...' કરે અને સૌને ખબરદાર કરે.

નાહવા પધારતા પહેલાં સેવકોને બોલાવે. કૌપીન કાઢી, ધોતિયાના એક છેડે બાંધે. ગરમ ધાબળી ઓઢી શૌચ જાય. પછી સેવક હાથ ધોવરાવે. એક લાકડાના પાટિયા ઉપર ધૂડ પલાળીને તૈયાર હોય, તેનાથી સાધારણ ગરમ પાણીથી હાથ ધોવરાવતા. ડાબો હાથ દસ વાર અને બંને હાથ નવ વાર - એમ બરાબર ઓગણીસ વાર હાથ ધૂવે. ધૂડ થોડી વધી હોય તો વધારે વાર હાથ ધોઈને વાપરી નાખે, પણ પાટિયા ઉપર ધૂડ રહેવા દે નહિ. જો કે સેવકને માપની જ ધૂડ પલાળવાની આજ્ઞા ખરી; અને જો કોઈ નવો સેવક વધારે ધૂડ પલાળે તો અગાઉથી થોડી કાઢી નાંખે. પછી પોતાની કૌપીન પણ જાતે જ ધૂવે

અને ફરી ધૂડથી હાથ ધોઈ નાખે.

પછી પાણી રેડાવી તે જગ્યા ચોખ્ખી કરાવે. સ્વચ્છ ગાળેલાં-હુંફાળા પાણીથી હાથ ધોઈ, કોગળા કરે અને સેવક કચરેલું દાતણ ધોઈને આપે તે પાટલા ઉપર બિરાજી કરવા લાગે. બીજા હાથમાં દાંતે ઘસવાનો પાવડર (શુદ્ધ આયુર્વેદિક દંતમંજન) ઝીણા કાગળમાં મૂકેલો પકડી રાખે. તે દાતણ ઉપર પાવડર લઈ દાંત, દાઢ વગેરે બરાબર ઘસીને સાફ કરે. પછી દાતણ પકડેલા હાથે વાટકામાં મીઠાવાળું ગરમ પાણી લઈ બેથી ત્રણ કોગળા કરે. તે પ્રમાણે થોડી વારે કોગળા કરતા જાય, વળી દાતણ પણ બરાબર બે દાંત વચ્ચે ચાવતા જાય. એ પ્રમાણે બંને દંતપંક્તિ બરાબર ખુલ્લી રાખીને દાતણ ચાવતા જાય ને ઘસતા જાય. અને 'ચપ-ચપ' એવો મધુર ધ્વનિ કરતા જાય. છેલ્લી અવસ્થા સુધી એમના ઘણાખરાં દાંત ને દાઢ સાબૂત હતાં.

બાજુમાં સેવક પાણી આપવા બેઠા હોય તેને તરત ટકોર કરતાં કહે : 'વાતો બોલો, નવરા ન રહેવું...' દાતણ સારી રીતે કરે. નાનો લોટો ભરીને ગરમ પાણીના કોગળા સાથે કરતા જાય. પછી દાતણ પાછળથી ચીરેલું હોય ત્યાંથી બે ચીર કરી, ઉલ ઉતારવા લાગે. આખી જીભ બહાર કાઢી સારી રીતે ઉલ ઉતારે. મૂછ ઉપર કે દાઢી ઉપર પણ કાંઈ મેલું ચોંટ્યું હોય તોપણ ચીરને આડી કરીને ઘસીને લઈ લે. કોગળા કરતા જાય. પછી બન્ને ચીર પોતે સારા પાણીથી ધોઈ નાખે. અને સેવકને તે નાખી દેવા કહે. કોઈ સેવક પ્રસાદી જાણી દાતણ સંતાડી રાખવા પ્રયત્ન કરે, તો પોતાની સામે જ નંખાવી દેવરાવે. પાટલા ઉપર તથા નીચે દાતણના કૂચા રહી ગયા હોય તે લેવાના સેવક ભૂલી જાય તો પોતે જાતે લઈને વાટકામાં નાખી, કોગળા કરવાનો વાટકો બાજુમાં મૂકે અને લઘુ કરવા પધારે. પછી સેવકને બોલાવે.

પાટલા ઉપર બિરાજે અને પાણી રેડાવી આજુબાજુની બધી જગ્યા સાફ કરાવે. સેવક માપનું (સાધારણથી થોડું વધારે) ગરમ પાણી તૈયાર રાખે. ગાતરિયું કઢાવી નંખાવે. સેવક પહેલાં હાથ ધોવરાવે પછી સ્વામીશ્રી સ્ટીલનો લોટો હાથમાં લઈને નાહવાનું શરૂ કરે. પહેલાં કોગળા કરે. ડાબા હાથમાં લોટો રાખી, જમણા હાથે જ મુખારવિંદ ધૂવે. મુખ બરાબર સાફ કરે. શરદી થઈ હોય તો કોઈક વાર છીંકે. પછી નાક સાફ કરી, ધોતિયાના છેડા ઉપર લોટાથી પાણી ઢોળે અને જમણા પગ ઉપર પાણી રેડી, જમણો પગ ધૂવે, પછી ડાબો પગ, પછી પાછળ વાંસામાં - કેડ ઉપર પાણી રેડે. નાહતી વખતે કોઈ પાછળથી

આવીને શરીર ચોળે તો તુરત પાછું જોઈને રોકે અને દૃષ્ટિથી (ઈશારાથી) કહે : 'ગુરુ ! રાખો, મહારાજ ધખે.' પછી તેના બંને હાથ પકડી પાણીથી ધોવરાવે અને તેને બાજુમાં ઊભા રહેવાનું કહે. પાછળથી સ્નાન કરાવવાની સેવા યુવકોને આપતા ને હેત કરતા.

નાહી રહે એટલે બે સેવકો સ્વામીશ્રીના બગલમાં હાથ નાખી ઊભા કરે. સ્વામીશ્રી ધોતિયાનો આગળનો છેડો ભેગો કરી નિચોવે અને ડિલ લૂછે. બીજો સેવક વાંસાનો ભાગ ઝોળીથી (લૂગડાનો કકડો) લૂછે અને પછી તે ઝોળી સ્વામીશ્રીના હાથમાં આપે એટલે સ્વામીશ્રી મોઢું લૂછે. છાતી તથા પેટનો ભાગ લૂછે. પછી પાછળથી સ્વચ્છ ધોતિયું પહોળું કરીને સેવક આપે એટલે સ્વામીશ્રી ધોતિયું પેટ ફરતું ગોળ વીંટી, એક હાથે પકડી રાખે, બીજા હાથે શરીર બરાબર લૂછી, ભીનું ધોતિયું નીચે છોડી દે. ઝોળી પણ નીચે પડતી મૂકી દે, એટલે સેવક પગમાંથી ભીનું ધોતિયું અને ઝોળી ખેંચી લે અને ઝોળીથી ચરણારવિંદ લૂછી નાંખે.

સ્વામીશ્રી સ્નાન કરીને બહાર પધારે અને એક સ્વચ્છ આસન ઉપર ધોતિયું કેડે બાંધીને કૌપીનની દોરી બાંધી, કૌપીન પહેરી લે. પછી ધોતિયું પહેરે. એક સેવક બગલમાં હાથ ટેકવે એટલે પાછળનો છેડો ભેગો કરીને નાખી દે. અને કહેતા જાય : (આંખનો અલૌકિક ઈશારો પણ કરતા જાય) 'આમ શીખી જાવું. હોશિયાર થાવું...(સેવામાં)' પછી આગળનો છેડો ભેગો કરે, પેટ નીચે ખોસે અને લટકતો છેડો પણ જરા બાજુમાં સારી રીતે ખોસે. જેથી ધોતિયું મોટું હોવા છતાં ઘણું ઊંચું આવી જાય. એક પગે ઘૂંટી સુધી માંડ ઢંકાય પણ બીજા પગે તો ગોઠણ નીચે જ આવીને ઊભું રહે. સ્વામીશ્રી પાટલી કોઈ દિવસ વાળતા જ નહિ અને હંમેશાં જાડાં ધોતિયાં જ પહેરતા.

પછી ગરમ પાણીથી હાથ ધોવે અને સેવક રૂમાલ આપે તેનાથી હાથ લૂછી ગાતરિયું પહેરે. સ્વામીશ્રી ગાતરિયું વ્યવસ્થિત ભાગ્યે જ પહેરતા. શરીર ઉપર બે હાથની ફરતું, ખભા ઉપર - બે છેડા નાખી દે. એટલે બંને છેડા ગમે એમ લટકતા હોય. (શિયાળામાં ગાતરિયું ગાંઠ મારીને - બાંધીને પહેરતા. પાછળથી ગરમ ગાતરિયાં ઓઢતા.)

સેવકે આગળથી પૂજા પાથરી રાખી હોય તે આસન ઉપર બેસે. સામે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ નવરાવીને સેવકે પધરાવી હોય, ચંદન તૈયાર કરેલું હોય, તે ઠાકોરજીને ચર્ચે. (વર્ષો પહેલાં પોતે જાતે જ ઠાકોરજીને સ્નાન-ચંદનાદિ

કરતા અને ઠાકોરજીની આત્મનિવેદી ભક્તિ સંપૂર્ણપણે કરતા). પછી પોતે જમણા હાથે કપાળમાં તિલક કરે અને ડાબા હાથમાં કાચ પકડી રાખે. ક્યારેક કપાળમાં તિલક બે વાર કરે, જેથી જરા ઘાટું થાય. ઘણી વાર ખેંચીને તિલક કરે એટલે ઠેઠ મસ્તકના ઉપરના ભાગ સુધી તિલક તાણે. એટલે પોતે ઘણી વાર સૌને કહેતા કે 'તિલક તાણવું !' ('કરવું' નહિ પણ 'તાણવું', એટલે સૌને દેખાય તેવું કરવું). પછી ચાંદલિયાથી મોટો લાલઘૂમ ચાંદલો કરે. કેટલીક વાર આજુબાજુ મોટેરા હરિભક્ત કે નાના બાળકો બેઠા હોય અને જો તેમણે કપાળમાં તિલક ન કર્યું હોય તો સ્વામીશ્રી તેમને સૌને જાતે તિલક-ચાંદલો કરી આપતા અને સૂચવતા કે આમ હંમેશાં તિલક કરવું.

પછી ધ્યાન કરી, આહ્‌વાન કરી, પૂજાની મૂર્તિઓ પાથરે. પુષ્પો ચઢાવે તે પણ કલાત્મક રીતે. ઘણુંખરું મોગરો અને ગુલાબ હોય, તો એક પછી એક પુષ્પો ગોઠવી, આકૃતિ અને રંગમાં સુંદર સજાવટ કરે. શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ વચમાં હોય, તેથી તે મૂર્તિને ફરતાં ચારેય બાજુ પુષ્પો ગોઠવી, પોતાના ગુરુ પ્રત્યેની વિશિષ્ટ ભક્તિ અદા કરે.

એક ધ્યાનથી માળા ફેરવતાં સ્વામીશ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિમાં નિમગ્ન થઈ જતા. પછી એક પગે ઊભા રહી માળા કરતા. પ્રદક્ષિણા-દંડવત્ કરી, પ્રાર્થના કરી, પ્રસાદ ધરતા. પછી ભક્તોનાં દુઃખ નિવારણને માટે હરિકૃષ્ણ મહારાજને સ્નાન કરાવેલા જળમાં, શ્રીજીમહારાજનાં અસ્થિ, વસ્ત્ર અને માળાનો મણકો ઝબોળી, પૂજાનાં પ્રસાદીનાં પુષ્પોની પાંખડીઓ પણ તેમાં ખાસ નાખતા. આ જળથી હજારો મનુષ્યોના અસાધ્ય રોગો નાબૂદ થયા છે અને અકલ્પ્ય મનોરથો સિદ્ધ થયા છે. પછી સ્વામીશ્રી પ્રસાદીનાં પુષ્પો સૌને ઉછાળી, ઉછાળીને વહેંચતા અને અલૌકિક સુખ આપતા. ત્યારબાદ શણગાર આરતી કરવા પધારતા.

શણગાર થતા હોય ને આરતીને થોડી વાર હોય તો ગોખમાં બેસી સંતોને વાતો કરતા. તે પહેલાં નિજ મંદિરમાં પધારી દરેક મૂર્તિને ધારી ધારી નીરખતા, શણગાર જોતા અને મૂર્તિઓની અલૌકિક શોભાના વખાણ કરતા. ખાસ કરીને ઘનશ્યામ મહારાજની મૂર્તિ પાસે પધારે ત્યારે અચૂક ચરણસ્પર્શ કરતા. અને ક્યારેક ઘનશ્યામ મહારાજને પૂછતા પણ ખરા કે 'મજામાં છો ને...!' સવારના થાળ બરાબર ભરાય છે કે નહિ, તે પણ તેમની દૃષ્ટિ બહાર જતું નહિ. પછી ઘણું કરીને મધ્ય મંદિરમાં, ક્યારેક ઘનશ્યામ મહારાજ પાસે બે

હાથમાં આરતી ઝાલી, સુંદર રીતે હાથ ડોલાવતા, વિવિધ મુદ્રામાં આરતી ઉતારતા. અદ્‌ભુત દર્શન આપતા.

આરતી શરૂ કરતા પહેલાં ઘંટારવ કરાવે. ક્યારેક પોતે પણ ઘંટ વગાડે. 'ડંકો મારવો છે !' એ સૂત્રના ધારક સ્વામીશ્રીને ઘંટારવ ખૂબ પ્રિય. ઠાકોરજીનાં દર્શન કરતાં પણ ઘણી વાર ઘંટડી ખખડાવી લે અને મહાપૂજા કે બીજી કોઈ પૂજા વિધિ પ્રસંગે તો વારંવાર ઘંટડી ખખડાવી, ભક્તોને આનંદ પમાડવાનું ચૂકતા નહિ.

પછી દરેક મંદિરમાં દંડવત્, મંદિરની ફરતી પ્રદક્ષિણા, હનુમાન-ગણપતિનાં દર્શન વગેરે નિત્યક્રમ કરી નીચે પધારે.

શણગારમાં જતાં પહેલાં નીચે અક્ષર દેરીમાં દર્શન, ચરણારવિંદ ઉપર ગુલાબનાં પુષ્પોથી પૂજા, પ્રદક્ષિણા, શાસ્ત્રીજી મહારાજની આરસની પ્રતિમાનાં દર્શન અને પુષ્પોથી પૂજા વગેરે વિધિ કરીને જ ઉપર મંદિરમાં જતા.

ત્યારપછી ઉકાળા-પાણી કરવા પધારે. સામે કેટલાક સંતો-હરિભક્તો તો હોય જ. પોતે સાધારણ રીતે એકથી બે નાનાં થેપલાં અને ત્રણથી ચાર રકાબી ઉકાળો ગ્રહણ કરે, બાકી વિવિધ વાનગીઓ હોય તે પ્રસાદીરૂપે સામે બેઠેલા ભક્તોને વારંવાર આપી આપીને ખુશ કરે. તે વાનગીઓ પોતે ચાખી પણ ન હોય ! છતાં તેનાં વખાણ કરતા જાય ને સૌને વહેંચતા જાય. સૌને વહેંચવામાં જ એમને અનેરો આનંદ આવતો. પછી થૂંકદાનીમાં હાથ ધૂવે અને કોગળા કરે.

બાદ સભામંડપમાં પધારી કથાવાર્તા શરૂ કરે, ગમ્મત સાથે જ્ઞાન સૌને પીરસે. સૌને બ્રહ્માનંદનો અલૌકિક અનુભવ કરાવે. બ્રહ્મવિદ્યાના ગહન પાઠો પણ હસતાં હસતાં સૌને સમજાવે. કોઈને જ્ઞાનનો ભાર ન લાગે, છતાં જ્ઞાનનો પ્રત્યક્ષ અનુભવ પણ થાય. પછી બીજા ભક્તો પાસે કથા કરાવે અને પોતે પત્ર-લેખન કરે. ઘણું કરીને જમણા પગને વાળીને તે ઉપર ટેકો ગોઠવી, પેડ મૂકીને, જમણા હાથથી નીબ સુધી પેન બરાબર જકડીને પકડીને ભારે હાથે લખવાની ટેવ. અક્ષરો અલૌકિક. જો લખતાં લખતાં પોતે વાંચે અને ક્યારેક પોતાના જ અક્ષરો પોતાને ન ઉકલે તો તેના ઉપર ખૂબ ચેકા મારીને ફરીથી તે લખે.

બરાબર ૧૧-૩૦ના રાજભોગ આરતીના ડંકા થાય ત્યાં સુધી પોતે કથાવાર્તા અને પત્રલેખન કરે. પછી સૌને આરતીમાં મોકલે. અને પોતે રસોડે પધારે અને મહેમાનોને જમવાને માટે આસન, પાટલા, થાળી, વાટકા, પ્યાલા વગેરે મુકાવે. સૌ હરિભક્તોને ખૂબ તાણ કરીને જમાડે. વળી, સૌની રુચિ પણ

સાચવે. કોઈને દૂધ, દહીં, છાશ વગેરે પણ પીરસાવે. પછી પોતે સંતો સાથે જમવા પધારે અને સાધારણ રીતે ત્રણથી ચાર ફૂલકા તથા દૂધીનું, પરવળનું મોળું શાક, મગની પાતળી દાળ અને ગળી ગયેલા થોડા ભાત. ભાતની સાથે ક્યારેક મગના મોળા પાપડ જમે. આંબા-હળદર હોય તો ખાસ જમે. મિષ્ટાન્ન ક્યારેય લે નહિ. કોઈ બહુ આગ્રહ કરે તો ચપટીમાં આવે એટલું લઈ લે, પણ દાળમાં ચોળી નાંખે. ખીર, ગળી રોટલી ક્યારેક જમે. પાછળથી થૂલી અને મગની દાળ વિશેષ જમતા, પણ સાથે બેઠેલા સંતોનાં પત્તર તો પોતે ખૂબ હોંશે હોંશે ભરી દે, છલકાવી દે, ગજા ઉપરાંત સંતોને પીરસે અને સંભારણું રાખવા કહે. જમ્યા પછી થૂંકદાનીમાં જ હાથ ધોઈ કોગળા કરે. બંને હાથ કાંડાના ઉપરના ભાગ સુધી ચોળીને ધોવાની ટેવ. મીઠાના પાણીના કોગળા કરે. રૂમાલથી હાથ-મોઢું લૂછતાં એવા તો ઓડકાર ખાય કે જાણે ખૂબ જમ્યા છે. જમતાં જમતાં 'મહારાજ જમો, સ્વામી જમો' એમ બોલવાની ખાસ ટેવ.

પછી સભામંડપમાં પધારી કથા કરાવે. વચનામૃત વંચાવી ખૂબ હળવી વાર્તા કરી, સૌને ગમ્મત કરાવે. બપોરની કથામાં બહુ જ્ઞાન-ગમ્મત કરે. બપોરની કથામાં ક્યારેક સભામંડપમાં સૌની સાથે ઘઉં વીણવા બેસે અથવા કોઈ શાક ફોલવાનું હોય તોપણ પ્રેમથી ફોલે.

કથા સમાપ્તિ પછી સૌને આજ્ઞા કરે : 'કરતા હોય તેમ કરો.' પછી પોતે આરામમાં પધારે.

સવારના ભાગમાં પાણી ઓછું પીએ, પણ જમ્યા પછી ખૂબ પીએ. એકસાથે તુંબડી ભરી પી જાય અને તુંબડી ઊંધી કરી, જરા ખંખેરીને જ સેવકને પાછી આપે, જેથી તુંબડીમાં પાણી ન રહે. પછી લઘુ કરી આરામમાં પધારે. (પાછળથી લઘુ કરવાની વ્યવસ્થા પલંગની બાજુમાં જ કરવામાં આવતી.)

આરામમાં જતાં પહેલાં સૌ સેવકોને પૂછે : 'આજે શેની સ્મરતિ કરશું...?' એમ કહી ગઢડા, સારંગપુર, બોચાસણ, અમદાવાદ, અટલાદરા, ભાદરા વગેરે મંદિરો અને શાસ્ત્રીજી મહારાજની વારાફરતી સ્મૃતિ કરવાનું નક્કી કરે. પછી સોડ ખેંચી - યોગનિદ્રામાં ભક્તોના સુખને અર્થે પધારે.

બપોરે ઉત્થાપન પહેલાં અક્ષર દેરીમાં પધારે. એકાવન પ્રદક્ષિણા કરે; તે પણ ધીરી ચાલે, માળા ફેરવતાં. ઉત્થાપન પછી ધ્યાન કરે. પછી અક્ષર દેરીના મહિમાની, સત્સંગના જૂના ઇતિહાસની અદ્‌ભુત વાતો કરે. અક્ષર દેરીનો અપરંપાર મહિમા કહે.

પછી સૌ સંતો-હરિભક્તોને સેવામાં મોકલે અને પોતે સભામાં કથા શરૂ કરાવે. પોતે પત્ર વાંચે-લખે. ક્યારેક ઢળતી સંધ્યાએ સંતો-હરિભક્તો સાથે ઘાટ ઉપર કે વાડીમાં પધારે અને સભા કરી, દર્શનનું અલૌકિક સુખ આપે.

પાછળથી અશક્તિને કારણે અમારી સંતોની ખૂબ વિનંતી પછી માલિશ કરવાની રજા આપી હતી. તેથી રોજ સાંજે સુખડના તેલથી કે બદામના તેલથી અમે પગે માલિશ કરતા. જો કે સ્વામીશ્રીને તો માલિશનું તેલ છે એમ જ કહેવામાં આવતું, પણ વૈદ્યોની સૂચનાથી બદામનું તેલ પણ સાથે વાપરતા. સ્વામીશ્રી આનાકાની બહુ કરે. પૂછે : 'શું ફાયદો પડે ?'

'બાપા ! થાક ઊતરી જાય, શક્તિ આવે.'

'શક્તિ તો આવતી નથી.'

'બાપા ! શક્તિ ધીરે ધીરે આવે.'

'ઠેક, ત્યારે કરી લ્યો.'

આવી રોજની ગડમથલ પછી, નાના બાળક જેવો વાર્તાલાપ કરતાં કરતાં સ્વામીશ્રી છેવટે પરવાનગી આપે. આવી આનાકાની ઘણી બાબતોમાં થતી. શરૂઆતમાં વહેલી સવારે માલિશ કરતા ત્યારે પગે, કેડે, બાવડે, વાંસામાં એમ માલિશ કરતા. પાછળથી પગે જ માલિશ કરતા.

સંધ્યા આરતી પછી સ્નાન વિધિ, ઉકાળા-પાણી કરી, કથામાં પધારતા. રાત્રે સૂતા પહેલાં મસ્તકે, તાળવામાં અને પગનાં તળિયાંમાં વૈદકીય સૂચનાથી ગાયનું ઘી ઘસવામાં આવતું. પછી 'ભગવાન ભજી લેવા... ભગવાન સૌનું ભલું કરો...' સૂત્રો બોલી, સૌ સેવકોને યાદ કરી, ફરીથી યોગનિદ્રામાં પોઢી જતા.

સ્વામીશ્રી શિયાળામાં અને ચોમાસામાં સાતથી આઠ ઓઢવાનાં ઓઢતાં. તેમાં ગરમ સોડ, શાલ, ધાબળા, રજાઈ ઓઢતા. ઉનાળામાં પણ સોડ ને ગરમ ધાબળા હોય જ. રાત્રે ઘણુંખરું પડખાભેર સૂવાની ટેવ. તેમજ ઘણું કરીને જમણો પગ ડાબા પગના સાથળમાં ગોઠવીને ગોરખ આસન વાળીને પણ સૂવાની ટેવ અને થોડી થોડી વારે પડખું ફેરવવાની અને પગ હલાવવાની ટેવ.

શિયાળામાં અને ચોમાસામાં અખંડ સગડી પાસે રખાવે. શરૂઆતમાં હીટર મૂકતા, પણ તેની તેઓ ના પાડતા અને કહેતા કે 'હીટરથી માથું ચઢી જાય છે.' પણ આફ્રિકામાં (સને ૧૯૬૦માં ખાસ કરીને રોડેશિયામાં) સગડીનો અભાવ; તેથી પોતાની નામરજી છતાં હીટર વાપરવું પડતું. ત્યારે હીટરની આગળ પાણીની થાળી ખાસ મૂકાવતાં અને કહેતા કે 'એનાથી તાપ ઓછો

લાગે છે.'

સને ૧૯૬૦ની પ્રથમ માંદગી પહેલાં સ્વામીશ્રી હંમેશાં નીચે જ પથારીમાં સૂતા. આ માંદગીમાં સૌ હરિભક્તોના અત્યંત આગ્રહથી એમણે પાટ-પલંગ ઉપર સૂવાનું શરૂ કર્યું.

'આ માંદગીમાં ઊંઘ ઓછી આવે છે' – એવી સ્વામીશ્રીની ફરિયાદથી તે માટેના ઉપાયો શરૂ થયા. બાકી મોટાપુરુષ તો ભક્તોનાં સુખને અર્થે યોગનિદ્રા ગ્રહણ કરે અને મૂકે. એમને સુષુપ્તિ અવસ્થા જ ન હોય ! છતાં લૌકિક રીતે સ્વામીશ્રી બહુ મનુષ્યભાવ જણાવતા અને ઊંઘ અંગે ઘણી ફરિયાદ કરતા. તે માટે વિવિધ ગોળીઓ લેતા. બીજા પણ શિરોબસ્તિના, તક્રધારાના, તૈલધારાના, Infra red raysના વિવિધ ઉપચારો કરવામાં આવેલા, પણ કોઈ ઉપાયો સ્વામીશ્રી માટે સફળ નીવડતા નહિ. ત્યારે સૌને જણાતું કે 'આ તો આપણને કેવળ સ્મૃતિ આપવા માટે જ સ્વામીશ્રી આવી લીલા કરે છે.' શરૂઆતમાં વૈદ્યોએ તાળવામાં દૂધીનું તેલ ઘસવાની સલાહ આપી, તે આનાકાનીથી શરૂ થયું. પાછળથી તાળવામાં અને પગના તળિયામાં ગાયનું ઘી ઘસતા. આમ, અલૌકિક સુખ આપતા.

ઉનાળામાં સ્વામીશ્રીને વાંસામાં, બાવડામાં, માથામાં, બધે તાપોલિયાં થતાં. તેથી બહુ આનાકાની પછી ગરમીનો પાવડર લગાડવાની છૂટ આપતા અને થોડા વખતમાં તે બેસી પણ જતા.

ખૂબ કાગળ લખવાને કારણે સ્વામીશ્રીને ખાસ કરીને જમણા હાથનો બાવડાનો-ખભાનો ભાગ ઘણી વાર બહુ દુઃખતો. તે એટલી હદ સુધી કે પોતે ક્યારેક નાહવાનો લોટો પણ ઉપાડી ન શકતા. ત્યારે સેવકો બાવડા ઉપર માલિશ કરતા.

એવી જ રીતે હંમેશાં પૂજામાં, મંદિરોમાં અને તીર્થોમાં ખૂબ દંડવત્ કરવાથી સ્વામીશ્રીને બંને ઘૂંટણની નીચે ચામડી સોરાઈ જતી અને ખરજવા જેવું થઈ જતું, ત્યારે રોજ રાત્રે ચેષ્ટા પછી તે જગ્યાએ દવા ઘસવા દેતા.

અને પગના અંગૂઠાના નખ પણ ખૂબ ચાલવાથી અને સેવાના પરિશ્રમથી જાડા કોકડી જેવા થઈ ગયા હતા. તે નખ કાપવાની બહુ તકલીફ પડતી. તેમાં ઘણી વાર અંદરના નૈયા સુધી નખ લેવાઈ જાય તો નૈયું પાકતું અને સ્વામીશ્રીને બહુ પીડા થતી. તેથી બે વાર તો અંગૂઠામાં - નૈયાનું ઑપરેશન પણ કરાવવું પડેલું.

ક્યારેક પરિશ્રમથી પિચોટી ખસી જતી ત્યારે જૂના માણસો પાસે જૂની પદ્ધતિ પ્રમાણે પિચોટી બેસાડતા, ઘણી વાર મોટાસ્વામી(યજ્ઞપ્રિયદાસ સ્વામી)એ પણ સ્વામીશ્રીની પિચોટી બેસાડી હતી.

તેવી જ રીતે કફની તકલીફ થઈ જતી, ત્યારે છાતીએ શેક પણ કરાવતા. ક્યારેક બાજરાની રાબ પણ પીતા. કબજિયાતની તકલીફને કારણે શરૂઆતમાં લીકવીડ પેરાફીન લેતા અને પાછળથી મિલ્ક ઓફ મેગ્નેસિયાની ગોળીઓ લેતા.

પાછળનાં વર્ષોમાં આવા અનેક પ્રસંગોએ, અનેક નાના-મોટા રોગ ધારણ કરી, સ્વામીશ્રીએ કેવળ સ્મૃતિ આપવા ભક્તોને અપાર સેવા-સુખ આપ્યાં છે.

જેહ સંગ નેહ કર્યો તેને નવ વિસરો

સાક્ષાત્ સ્થાનમાં સૌને અપાર સુખ આપી, રાજકોટ જતાં રસ્તામાં સહજાનંદ એન્જિનિયરિંગમાં પગલાં કર્યાં. રાજકોટમાં અદાની દેરીએ સૌ હરિભક્તોએ ગુરુપૂજનનો લાભ લીધો. વલ્લભીપુરવાળા સંન્યાસી નિત્યાનંદજી મહારાજ અહીં સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

સ્વામીશ્રી ગામોગામ પત્રો લખે, પણ છેલ્લા થોડા સમયથી અમરેલી કાગળ લખે ત્યારે રતિભાઈ સોનીનું નામ લખવું ભૂલી જાય કે ન લખે. એટલે રતિભાઈને મનમાં થયું કે 'સ્વામીશ્રી આપણને ભૂલી ગયા !' અને વધુ ઓછું તો એટલા માટે લાગ્યું કે 'દેશા શામળા અને ભગવાન શામળા સ્વામીશ્રીના બાળ ગોઠિયાના કુટુંબને જ ભૂલી ગયા !' આ વાતનો તેમના મનમાં ઘણો અજંપો અને રંજ રહેતો.

આ વખતે સ્વામીશ્રી રાજકોટ હતા ત્યારે રાજુલાવાળા પૂનાભાઈ રજા લેવા આવ્યા. સ્વામીશ્રી તેમને કહે : 'રાજુલા જાવ છો, તો અમે પ્રસાદ આપીએ છીએ તે અમરેલી રતિભાઈને આપજો. કોણ રતિભાઈ ? ઓળખ્યા ? કાળા પાકીટવાળા ! તેને અમારા 'જય સ્વામિનારાયણ' કહેજો. પછી જ રાજુલા જવાનું રાખશો.'

પૂનાભાઈએ જ્યારે પ્રસાદ અને સ્વામીશ્રીના સમાચાર રતિભાઈને આપ્યા ત્યારે તેમની આંખમાંથી આંસુ સરી પડ્યાં.

મોટાપુરુષને આપણે ભૂલી જઈએ, પણ એ આપણને કદી ભૂલતા નથી. આ વાતની પ્રતીતિ તેમને થઈ.

રવિસભામાં સૌને લાભ આપી, સ્વામીશ્રી સાંજે લીંબડી થઈ, તા. ૨૮મીએ સવારે અમદાવાદ પધાર્યા.

અહીં પણ ઘણા હરિભક્તોએ ગુરુપૂજનનો લાભ લીધો. હરિભક્તોને મીઠો આદેશ આપ્યો કે 'અત્યારે જેમ ઘણા આવ્યા છો તેમ રોજ ૯-૦૦ થી ૧૦-૩૦ વાગ્યા સુધી મંદિરમાં આવવું તે નિયમ લ્યો.'

રાજ્યના ખેતીવાડી પ્રધાન માધવલાલ શાહને ગુરુપૂર્ણિમાના આશીર્વાદ આપી, મોટે મંદિર દર્શન કરી, રાત્રે ૮-૦૦ વાગે ડભાણ આવ્યા. અહીં જીવાભાઈના નવા ઘેર સ્નાન વિધિ કરી, દેરીએ દર્શન કર્યાં. અને હરિભક્તોને ડભાણમાં હરિમંદિર કરવા આજ્ઞા કરી.

યજ્ઞકુંડનાં દર્શન કરી, રાત્રે ૧૧-૫૦ વાગે બોચાસણ આવી પહોંચ્યા. હજારો હરિભક્તો ચાતકની જેમ સ્વામીશ્રીનાં દર્શનની રાહ જોતા હતા. ૧૨-૧૦ સુધી સભામાં બિરાજી સૌને દર્શન આપ્યાં.

વિદ્યાનગર છાત્રાલયમાંથી કિરીટભાઈ, બળદેવસિંહ રાણા વગેરે યુવકો પૂનમના સમૈયા ઉપર સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. મોડી રાત્રે સ્વામીશ્રી દરેક યુવકને વ્યક્તિગત મળ્યા. યુવકોને પ્રશ્નો પૂછ્યા. ૧૫ દિવસના ધારણાં-પારણાં ઘણા યુવકોને આપ્યાં. ૧૨-૩૦ વાગે આરામમાં પધાર્યા. યુવકોને ગોષ્ઠિ કરવા આજ્ઞા કરી.

તા. ૨૯-૭-'૬૯, ગુરુપૂર્ણિમાના ઉત્સવમાં આશરે ૧૦,૦૦૦ જેટલા ભક્તો એકત્રિત થઈ ગયા હતા. મણિભાઈ ભટ્ટ, શાસ્ત્રી નારાયણ ભગત, મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી, હર્ષદભાઈ, આશાભાઈ તથા પ્રમુખસ્વામીનાં વક્તવ્યો બાદ સ્વામીશ્રીએ શુભ આશીર્વાદ આપ્યા :

'આવી રીતે ગુરુપૂજનનો મહિમા બધાએ કહ્યો. આપણે સાંભળ્યો. ગ્રહણ કર્યો. શ્રવણ-મનન કર્યા પછી સિદ્ધાંત શું જે, આ શાસ્ત્રીજી મહારાજે સંપ્રદાય સ્થાપ્યો તેમાં કાયમ નિયમ-ધર્મ પાળી રહેવું તે મુદ્દો છે. શાસ્ત્રીજી મહારાજ જેવા મહાન પુરુષ જેવું આપણાથી થઈ શકાય નહિ. શાસ્ત્રીજી મહારાજે સારંગપુરમાં ભવ્ય મંદિર બાંધ્યું. તે કહેતા : 'આ થાંભલા સત્સંગ કરાવશે.'

'આપણે ભગવાનના ભક્તમાં સુહૃદભાવ રાખવો. કોઈનો અવગુણ ન લેવો. જાતે ભીડો વેઠવો. આપણું ગોદડું બીજાને દઈએ તે સુહૃદભાવ. ભગવાનના ભક્તને ઊનું પાણી આપી, આપણે ટાઢે પાણીએ નાહી લેવું. સ્વામીએ સુહૃદભાવ પ્રવર્તાવ્યો.

'ભગતજી મહારાજનું પુસ્તક ફરી છપાવ્યું છે તે દરેકે લઈ લેવું.

'અહીં સભામંડપ કરવો છે, તે પોર આપણે નવા સભામંડપમાં બેસીએ તેની ધૂન કરો.'

મુંબઈના સંતોએ મોટો હાર મોકલેલો તે પ્રમુખસ્વામીએ ગુરુપૂજનમાં સ્વામીશ્રીને અર્પણ કર્યો. કેશવચંદ્ર અમીને ગુલાબનો હાર પહેરાવ્યો. ક્રમ વાર સૌએ ગુરુપૂજન કર્યું. ૧-૦૦ વાગ્યા સુધી ગુરુપૂજન ચાલ્યું હતું.

ગુરુપૂર્ણિમા પછી સ્વામીશ્રી બોચાસણ રોકાયા હતા. મહંત સ્વામી વગેરે સંતો વિદ્યાનગર ગયા હતા. બોચાસણમાં દૂધપાક-માલપૂઆની રસોઈ હતી. સ્વામીશ્રીએ એક ડબ્બામાં દૂધના ચોખ્ખા માલપૂઆ તથા દૂધપાક લઈને મોતીભાઈ તથા પ્રવીણને વિદ્યાનગર મોકલ્યા. બધા સંતો, પાર્ષદો તથા છાત્રાલયમાં યુવકોને ખાસ આ પ્રસાદ આપવા સાથે પત્રમાં લખી જણાવ્યું.

અહીં પોપાબાઈનું રાજ નથી

અહીં મંગળ પ્રવચનમાં વાત કરી :

'શ્રીજીમહારાજે એવો ધારો બાંધ્યો કે તેમાં પોલ નભે નહિ. આજ્ઞા વિરુદ્ધ કામ કરે તે નભે નહિ. હરબાઈ અને વાલબાઈ બે આત્મનિષ્ઠ બાઇયું હતી. મહારાજ સામું બોલી : 'અમને શું નડતર છે ?' મહારાજે તેમને બહાર કાઢી. શ્રીજીમહારાજની આજ્ઞા વિરુદ્ધ કોઈ વર્તે તેનું હાલે નહિ. તેને સુખ ન આવે, શાંતિ ન રહે, અશાંત થઈ જાય. મહારાજે ત્યાગી-ગૃહસ્થના નિયમ બાંધ્યા છે, તે પ્રમાણે સારધાર ચાલ્યા જાય તો અક્ષરધામમાં મહારાજ બેસાડે.

'ત્યાગીના ત્રણ ગ્રંથ : શિક્ષાપત્રી, ધર્મામૃત અને નિષ્કામ શુદ્ધિ. તે પ્રમાણે ત્યાગી વર્તે તો તેને શાંતિ રહે. ગૃહસ્થને અગિયાર નિયમ પ્રમાણે વર્તવું. મહારાજે સૌને સદે તેવો ધોરી માર્ગ પ્રવર્તાવ્યો. અત્યારે બાણશય્યામાં સૂવાનું નથી, પણ પાંચ વર્તમાન પાળવાનાં છે. પહેલાં ઋષિમુનિઓ તપ બહુ કરતા તોય ઉદ્ધાર નહોતો થતો. અત્યારે કળિયુગમાં સદે તેવું સુગમ કર્યું છે. અત્યારે તમને ઝાડ નીચે મૂકીએ તો નભાય ?

'પાંચસો પરમહંસ જંગલમાં પડ્યા રહેતા હતા. તેમને આપણા જેવો જ દેહ હતો. સોનાનો નહોતો. મહારાજે તેમને ઓઘાનો આશરો લેવાની ના પાડી હતી. વળી, કૂતરું ન સંભળાય તેટલે દૂર રહેવું. આવું અત્યારે હોત તો કોઈ ત્યાગી થવા ન આવત. મહારાજે વિચાર કરી, નભાય તેવું કર્યું.

'અમે પચાસ વરસ બેસી નથી રહ્યા. હરિભક્ત-સંતની સેવા કરી છે. અત્યારે પાંચ વરસથી બેઠા છીએ.

'સ્વામી છતાં જૂનાગઢથી આવેલા નાપાડના બાલમુકુંદ સ્વામી સાધુ, પાર્ષદ, હરિભક્ત માંદા હોય તેની સેવા ખૂબ કરે. શાસ્ત્રીજી મહારાજ તેમને મોકલે. માંદાની વિષ્ટા સોત ધોઈ નાંખે. એવા ભાયલીના નીલકંઠ સ્વામી હતા. અડવાળના બાપુભા તેમને વખાણતાં કહેતા : 'નંદ જેવા છે.' પાકી રસોઈ ન લે. ખીચડી-રોટલો ખાઈ લે. શાસ્ત્રીજી મહારાજ તેમના ઉપર બહુ રાજી. ધર્મવાળા સંતોનો ભાર પડે. વર્તન સારાં હોય તો ભાર પડે.

'અમે સદ્. કૃષ્ણચરણદાસ સ્વામી ભેગા ફરતા, તે સોય મંગાવવી હોય તોય ગુરુને કહીએ. બારોબાર કોઈને ન કહીએ. એવાં જૂનાગઢનાં વર્તન હતાં.

'શાસ્ત્રીજી મહારાજે દાળિયા ફાકી, ઝોળી માગી, પેટે પાટા બાંધી, મંદિર કર્યાં છે. સંતોનાં વર્તન જબરાં હોય તો ભાર પડે. આપણું હાલે છે તે વર્તનથી હાલે છે. જો આપણે માગવા મંડી પડીએ તો કોઈ ન આપે. ધોયેલા મૂળા જેવા રહીએ. નિયમ-ધર્મ પાળીએ છીએ તો શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ આપણા ઉપર રાજી છે.

'શ્રીજીમહારાજે સાધુને ફરવા મોકલ્યા. સાધુએ કહ્યું : 'મહારાજ ! અમને વાતું કરતાં નથી આવડતી.'

'જાઓ, તમારું વર્તન વાતું કરશે.' એમ કહી મહારાજે ગામડે મોકલ્યા. સરપ કે વીંછી કરડે તોય હલે-ચલે નહિ, તેવું ધ્યાન ધરતા.

'આવી પારાયણો શ્રીજીમહારાજની દયાથી થાય છે. *'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જો ને...'* માટે, આનંદમાં રહેવું. ભગવાન ને સંતની કૃપા મેળવવી. તેઓ બળ ને આશીર્વાદ આપે.'

ભક્તમન રંજન

મુંબઈના નાનુભાઈ બક્ષી વડોદરામાં સ્થાયી થયા હતા. તેમને આંખે મોતિયો આવવાથી તેઓ આ ગુરુપૂર્ણિમાએ બોચાસણ ન જઈ શક્યા. તેમના મનમાં તેનું ઘણું દુઃખ હતું કે 'આ વખતે સ્વામીશ્રીનાં દર્શન ન થયાં અને સમૈયાનો લાભ ન મળ્યો.' તેઓ મનોમન સ્વામીશ્રીનું ચિંતવન કરતા અને ચાતુર્માસના નિયમોનું શ્રદ્ધાપૂર્વક પાલન કરતા.

સમૈયા પછી તેમના પર એકાએક સ્વામીશ્રીનો પત્ર આવ્યો : 'નાનુભાઈ !

તમે ન આવ્યા. અમારે તમારી બહુ સ્મૃતિ થઈ. ગુરુપૂર્ણિમાના સમૈયામાં આપના વતી દર્શન કર્યાં છે !'

સ્વામીશ્રીના આ શબ્દોથી નાનુભાઈના હૃદયમાં જાણે પ્રેમ-ભક્તિની સરવાણીઓ વહેવા લાગી. તેમની આંખોમાં હર્ષાશ્રુ આવી ગયાં. અહો ! સ્વામીશ્રી કેવા દયાળુ ! હજારો મનુષ્યોમાં પણ તેઓ મને ન ભૂલ્યા ! એ મારું કેવું મહદ્ ભાગ્ય ગણાય !

શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિ

સ્વામીશ્રીએ અહીંથી 'સ્વામિનારાયણ પ્રકાશ' દ્વારા સર્વ હરિભક્તો ઉપર આશીર્વાદ પત્ર લખ્યો :

તા. ૧-૮-'૬૯, બેસતો માસ, સંવત્ ૨૦૨૫ના શ્રાવણ સુદી ૪, વાર શુક્રવાર, સાંજના ૫-૦૦ વાગે, બોચાસણ.

'આશીર્વાદ પત્ર છે.

'અહોહો ! 'પ્રકાશ' સર્વોપરી ચાલી રહ્યું છે. વાહ ! વાહ ! આ 'પ્રકાશ' ભવિષ્યમાં બહુ જ વધશે. હજારો આજીવન સભ્ય થઈ જશે. તેવા આશીર્વાદે 'પ્રકાશ'ના ગ્રાહકની પડાપડી થશે. આ 'પ્રકાશ' ચલાવનાર કોણ છે ? પરમ પૂજ્ય સ્વામી શાસ્ત્રીજી મહારાજ છે. તો એવા પુરુષની દૃષ્ટિ પ્રકાશ તથા પત્રિકા ઉપર પડી છે. તો વગર પ્રયાસે હજારો ગ્રાહકો થઈ જાશે. જુઓ દૃષ્ટાંત : જૂનાગઢના નવાબ સાહેબે સ્વામીને પ્રાર્થના કરી કે 'હે સ્વામી ! તમો મારા બગીચામાં પધારો.' પછી મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી ૫૦ સંતો-હરિભક્તો સાથે લઈને બગીચામાં પધાર્યા. સ્વામીના આસન માટે મોટી ગાદી નાખેલી. તેમાં સ્વામીને બેસાડ્યા. બીજા સંતોને ગાદલામાં બેસાડ્યા. સ્વામીએ ખૂબ ધર્મ, જ્ઞાન, વૈરાગ્યની વાતો નવાબ સાહેબને કરી. નવાબ સાહેબ ખૂબ રાજી થઈ ગિયા. ને પછી ઠાકોરજી સાથે સ્વામીની આરતી ઉતારી. ૨,૦૦૦ કોરી ભેટ મૂકી. ધોતિયાં બધા સંતોને ગણીને ઓઢાડ્યાં. સ્વામી એક કલાક રોકાણા. પછી સ્વામી ઊઠ્યા. નવાબ સાહેબને ખૂબ આશીર્વાદ દીધા. પછી સ્વામી ચાલ્યા. સ્વામી હંમેશાં નીચી દૃષ્ટિ રાખીને ચાલતા, પણ એક મોર ઝાડ ઉપર બેઠેલ તેના ઉપર સ્વામીની દૃષ્ટિ પડી. તે મોક્ષ થઈ ચૂક્યો. પછી સ્વામી તથા સંતો મંદિરે પધાર્યા.

'પછી એક પારધી આવ્યો ને મોર ઉપર બંદૂકના ધડાકા કર્યા પણ મોરને

લાગે નહિ. એક દોરાવા ખસી જાય. પણ મોરને કાંઈ ન થીયું. ત્યાં નોકર સત્સંગી હતો. તે કહે : 'તું દસ ધડાકા કર પણ મોરને વાગશે નહિ. તેના ઉપર મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીની દૃષ્ટિ પડી છે.' પછી મોરને કાંઈ ન થયું. તેમ જેના ઉપર શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિ પડી જાય, તેના ઉપર કાળ-કર્મ અને માયાનો હુકમ લાગે જ નહિ. તેમ આ પ્રકાશ પરમ પૂજ્ય સદ્ગુરુ સ્વામી શાસ્ત્રીજી મહારાજે ચલાવ્યું છે. તે ખૂબ ચાલશે. આખા બ્રહ્માંડમાં ડંકો વાગશે. માટે વહેલી તકે ગ્રાહક બની જવું. ટૂંકમાં લખેલ છે, માટે બળ રાખજો. પ્રકાશ આવે ત્યારે પાઠ કરી લેવો. તે અમારી ખાસ આગ્રહભરી અરજ છે. એ જ, રવિવારે પત્રિકા વાંચીને સભા ભરવી.'

બીજે દિવસે પેટલાદમાં મંદિર માટે જમીન આપવા મોહનભાઈએ સંકલ્પ કર્યો. મહેળાવ તથા વડતાલ દર્શન કરી, રાત્રે ૭-૪૫ વાગે વિદ્યાનગર આવી પહોંચ્યા. અનેક કાર્યક્રમોમાંથી સમય કાઢીને સ્વામીશ્રી છાત્રાલયના વિદ્યાર્થીઓના પ્રેમવશ અહીં પધાર્યા હતા. આજે સવારથી સંતોએ પારાયણનો પ્રારંભ કર્યો હતો. બે દિવસ સવારે વ્યાસપીઠ ઉપર સ્વામીશ્રી બિરાજ્યા અને યુવકોને વચનામૃત ગ.પ્ર. ૫૮ તથા સારંગપુર ૧૦ સરળ રીતે, સુંદર સમજાવ્યાં હતાં. સાંજે સ્વામીની વાતુંની પારાયણ થતી.

પારાયણ દરમ્યાન સ્વામીશ્રીએ છાત્રાલયના વિદ્યાર્થીઓને વ્યક્તિગત મુલાકાત આપી હતી. સ્વામીશ્રીએ દરેકનો પરિચય મેળવી, આશીર્વાદ આપતાં કહ્યું : 'શ્રીજીમહારાજ અને ગુરુ શાસ્ત્રીજી મહારાજને આગળ રાખી અભ્યાસ કરવો તથા સવાર-સાંજ મંદિરે દર્શન કરવાં અને વ્યસનનો ત્યાગ કરી પવિત્ર જીવન જીવવું.'

રોજ વિદ્યાનગર તથા ખેતીવાડી કૉલેજના પ્રિન્સિપાલો, પ્રૉફેસરો સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો લાભ લેતા. આજુબાજુનાં ગામોમાંથી પણ લગભગ ૫૦૦ જેટલા હરિભક્તો કથામાં આવતા. જયકૃષ્ણ ભગત, કાનજી ભગત, મણિભાઈ, આપાભાઈ, જશભાઈ, રાવજીભાઈ, બળદેવસિંહ તથા કિરીટભાઈએ સર્વ વ્યવસ્થા સારી રીતે સાચવી હતી. ભાઈકાકા તથા ચીમનભાઈ દેસાઈ પણ અવારનવાર દર્શન તથા આશીર્વાદનો લાભ લઈ જતા.

આપણે સાચી જગ્યાએ આવીએ છીએ

તા. ૪થીએ કરમસદ પધરામણી કરી, રાત્રે ૧૦-૩૦ વાગે અટલાદરા

આવી પહોંચ્યા. અહીં પણ કાનમના હરિભક્તો મોટી સંખ્યામાં એકત્રિત થઈ ગયા હતા.

બીજે દિવસે સવારે ડી.આઈ.જી. રાઈટર સાહેબ દર્શને આવ્યા હતા. તેઓ જ્યારે પણ સમય મળે ત્યારે જ્યાં સ્વામીશ્રી હોય ત્યાં દર્શનનો લાભ લઈ લેતા. જૂનાગઢથી તેમને સ્વામીશ્રીનો યોગ થયો, પણ ત્યારપછી અવિરત સંબંધ જાળવી રાખ્યો. તેઓએ આજે એક સારી વાત કરી કે 'સામાન્ય રીતે સૌ કોઈ કાંઈ ને કાંઈ આ લોકની ઇચ્છા હોય તે સિદ્ધ કરવાની આશાએ સ્વામીશ્રીનાં દર્શને આવે છે. પણ આપણાં મોટાં ભાગ્ય છે અને પરમેશ્વરની કૃપા છે કે એ ઇચ્છા પૂરી કરવા આપણે બીજે ક્યાંય ન જતાં અહીં આવીએ છીએ. સાચી જગ્યાએ આવીએ છીએ.'

સ્વામીશ્રીના અટલાદરા મંદિરના રોકાણ દરમ્યાન દર્શને આવેલા મહાનુભાવોમાં વડોદરા શહેરના મેયર ડૉ. ઠાકોરભાઈએ જણાવ્યું કે 'યોગીજી મહારાજ જેમ અખંડ ભગવાનમય બની ગયા છે, તેમ થાય તો પ્રભુની પ્રાપ્તિ થાય. યોગીજી મહારાજની જેમ ભગવાનમાં એકાગ્ર મન થઈ જવું જોઈએ.'

ડૉ. ઠાકોરભાઈ સ્વતંત્ર મિજાજના અને ભગવાનમાં બહુ શ્રદ્ધા નહિ ધરાવનારા હોવા છતાં, સ્વામીશ્રીની સાધુતાથી એવા તો પ્રભાવિત થઈ ગયા હતા કે સ્વામીશ્રીનાં દર્શનનો લહાવો ક્યારેય ચૂકતા નહિ. સ્પષ્ટવક્તા ને કોઈની શેહમાં નહિ આવનારા આ ડૉક્ટર, અતિ આદરપૂર્વક સ્વામીશ્રીને ચાહતા. ભગવાનના અસ્તિત્વની તેઓ દરકાર નહોતા કરતા, પણ સ્વામીશ્રીમાં રહેલા ભગવત્‌તત્ત્વને નિહાળી, તેમની બુદ્ધિએ દાદ માગી લીધી હતી. તેઓ અટલાદરા આવતા ત્યારે સીધા સ્વામીશ્રી પાસે દર્શને દોડી આવતા. પછી તેમની અરુચિ છતાં સ્વામીશ્રી તેમને હેતપૂર્વક ધીરે રહીને મંદિર ઉપર ઠાકોરજીનાં દર્શને હાથ પકડીને લઈ જતા. ભગવાનના દિવ્ય વિગ્રહનો મહિમા સમજાવતા અને પોતે પણ જે કાંઈ છે તે પોતાના ઇષ્ટદેવ શ્રીજીમહારાજ અને ગુરુ શાસ્ત્રીજી મહારાજને લીધે છે, તે વાત બહુ દૃઢતાપૂર્વક કહેતા. આમ, એક નાસ્તિક બુદ્ધિજીવીને પણ હેતપૂર્વક સાચી વાત સમજાવવાની સ્વામીશ્રીની કળા અલૌકિક હતી. દરેકની માનીનતાને સ્વીકારી, સહી લઈ, આદરથી પોતાની દિવ્યતાનો અનુભવ કરાવવાની સ્વામીશ્રીમાં એક દૈવી શક્તિ હતી. જે દરેકને ચમત્કારિક રીતે અસર કરતી.

‘ઈ તમને નો દેખાય, અમને દેખાય’

આ પ્રસગે આવા જ એક મહાનુભાવે સ્વાનુભવ વર્ણવતા જણાવ્યુ હતુ કે –

‘હું તદ્દન નાસ્તિક. ભગવાન કે સંતમાં જરાપણ માનું નહિ. પણ ૧૯૫૫માં મને અસાધ્ય બીમારી આવી. કીડનીનો ટી.બી. થયો. હું જાતે ડૉક્ટર. ઘણા ઉપાયો કર્યા. મોટા મોટા ડૉક્ટર મિત્રોને બતાવ્યું. પણ ફેર પડે નહિ. છેવટે અમેરિકા જઈ નિષ્ણાતોને બતાવ્યું. તેઓ પણ યોગ્ય સારવાર આપી શક્યા નહિ. એક વાર વડોદરામાં મારે બંગલે એક ભાઈએ આવીને મને મમતાથી કહ્યું કે ‘ભલભલા ડૉક્ટરો ઈલાજ કરી શકતા નથી તો યોગીજી મહારાજના આશીર્વાદ લ્યો. તેઓ મહાન સંત છે. એમને અહીં બોલાવીએ. તેઓ જો રાજી થઈ થાપો આપે, તો જરૂર સારું થઈ જાય.’ મને તો બિલકુલ શ્રદ્ધા ન હતી. પણ કેટલાક સ્નેહીજનોના અતિ આગ્રહથી યોગીજી મહારાજની પધરામણી ઘેર કરી.

‘તેઓ મારે ઘેર પધાર્યા. હું જેવો નમ્યો તેવો મને વાંસામાં ધબ્બો આપ્યો ને બોલ્યા : ‘ડૉક્ટર ! તમારું દરદ આજથી ગયું.’ બધા કહેવા લાગ્યા કે ‘હંમેશાં લોહી પડે છે. બહુ તકલીફ છે. મોટા મોટા ડૉક્ટરોએ હાથ ધોઈ નાખ્યા છે.’ ત્યારે સ્વામીશ્રી ફરી હસતાં હસતાં બોલ્યા : ‘હવે કશું થાય નહિ. ઈ તમને નો દેખાય, અમને દેખાય.’ એટલું બોલી તેઓ કંઈક પ્રાર્થના કરવા લાગ્યા.

‘હું તો આ બધું જોઈ જ રહ્યો હતો. એમાં પણ યોગીજી મહારાજની નિર્દોષતા, નિધડક અને ચિંતામુક્ત હાસ્ય જોઈ મને ઘણું આશ્ચર્ય થયું. ત્યારથી મારો અસાધ્ય રોગ ગયો. હું કોઈ દિવસ ભગવાનમાં નહોતો માનતો, પણ તે દિવસથી ભગવાન જેવા તત્ત્વમાં પ્રતીતિ આવી ને યોગીજી મહારાજને ભગવાન જેવા પુરુષ માનું છું !’

‘એ સમગ્ર વિશ્વના છે’

પાદરા તાલુકા પંચાયતના પ્રમુખ અંબાલાલ વૈદ્યે જણાવ્યું હતું કે ‘ભગવાન પ્રાપ્ત કરવાની કળા યોગીજી મહારાજ દ્વારા જ મળી શકે.’ તો સ્વામીશ્રીના અતિ પ્રશંસક અને કુશળ વહીવટકર્તા ગુજરાત વિદ્યુત બોર્ડના ચેરમેન શાંતિકુમાર રાજાએ કહ્યું : ‘યોગીજી મહારાજ સૌરાષ્ટ્રમાં પ્રગટ થયા એટલે કાંઈ સૌરાષ્ટ્ર કે ગુજરાતના નથી, પરંતુ એ સમગ્ર વિશ્વના છે. દેશમાં જ્યાં સુધી આવા સંતપુરુષો

વસે છે, ત્યાં સુધી દેશનું ભાવિ ઉજ્જવળ છે. એમનાં દર્શન પૂરતાં નથી, પણ એમનો આદર્શ જીવનમાં ઉતારવાની જરૂર છે.'

ઉદ્યોગપતિ લલિતચંદ્ર મગનભાઈ પટેલે પોતાનો પ્રતિભાવ વ્યક્ત કરતાં કહ્યું : 'આપણે બધા સંસારચક્રમાં ફસાયેલા છીએ. યોગીજી મહારાજ જેવા સંતપુરુષ આપણને બહાર કાઢે છે.'

જિલ્લા પંચાયત પ્રમુખ મૂળજીભાઈ ભટ્ટ, પુનિત મહારાજના શિષ્ય રામ ભક્ત, શ્યામ ભક્ત, જિલ્લા પોલીસ અધિકારી ઝાલા સાહેબ વગેરે દર્શન કરી કૃતકૃત્ય થયા.

મહેર કરી જબ સંતા !

અહીં વડોદરામાં નોકરી કરતા પ્રભાકર દિગંબર ગોરે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સાથે નોકરી કરતા યોગેશ ઠાકર પ્રભાકરને સ્વામીશ્રીનો બહુ મહિમા કહી અહીં લાવ્યા હતા.

પ્રભાકરને અન્ય શાસ્ત્રોનું વાચન ઘણું હતું. ધર્મગ્રંથોમાં ઉપનિષદ, વેદાંત, સ્વામી વિવેકાનંદનાં પુસ્તકો તેમજ વિનોબા ભાવેનાં પુસ્તકોનો બહુ અભ્યાસ હતો. એક તાંત્રિકનો યોગ થઈ જતાં પ્રભાકર તેના ચક્કરમાં પડી ગયા. અને ઘણી મૂંઝવણમાં હતા.

પણ સ્વામીશ્રીની મૂર્તિનાં દર્શનથી જ તેમને અપૂર્વ શાંતિ થઈ અને તેઓ રવિવારની સભામાં નિયમિત જવા લાગ્યા. તેમને સમજાઈ ગયું કે 'શાસ્ત્રોનું વાચન ત્યાં સુધી જ કામનું છે જ્યાં સુધી સત્પુરુષ ન મળે ! સત્પુરુષ મળે તો જ તે શાસ્ત્રના સાચા અર્થ સમજાય છે. અન્યથા અવળા અર્થો હૃદય-મનમા ઘર કરી જાય અને અવળે માર્ગે ચડી જવાય.'

એ પછી પ્રભાકર ગોરે તાંત્રિકની પકડમાંથી છૂટા થયા. અને સ્વામીશ્રી પાસે વર્તમાન ધરાવી સત્સંગી બન્યા.

તા. ૭મીએ સાંજે અટલાદરાથી નીકળી, કંડારી ડૉ. વિઠ્ઠલભાઈ મથુરભાઈના નવા બંગલે પગલાં કરી, વાસણાવાળા વલ્લભભાઈના પ્રેસમાં પધરામણી કરી, રાત્રે ૯-૦૦ વાગે ભરૂચ, જગદીશભાઈને બંગલે ઉતારે આવી પહોંચ્યા.

અહીં સ્વામીશ્રીની પ્રસન્નતાર્થે શહેરના આગેવાન ડૉક્ટર, સંપ્રદાયનો બૌદ્ધિક રીતે ક્યાસ કાઢનાર, જ્ઞાની અને નિષ્ઠાવાન ભક્તરાજ મગનભાઈએ મંદિર માટે, સ્ટેશન પાસે આવેલ પટેલ સોસાયટીમાંની પોતાની સુંદર જમીન

અર્પણ કરી. તે સ્થાનમાં શુક્રવાર, તા. ૮-૮-'૬૯,' સવારે ૯-૩૦ વાગે સ્વામીશ્રીના પરમ પુનિત હસ્તે, સેંકડો હરિભક્તોની હાજરીમાં ખાતમુહૂર્ત થયું. બાદ સાંજે સુરત જવા વિદાય લીધી.

રાત્રે સુરત જદાખાડીમાં, વિશાળ મોતી બાગમાં હજારો ભક્તોએ અતિ આતુરતાપૂર્વક રાહ જોયા પછી સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. ઉતારો પીજવાળા જશભાઈ ત્રિકમભાઈને બંગલે હતો. સ્વામીશ્રીએ અહીં જલદી મંદિર કરવા સૌને પ્રેરણા આપી અને સેવા કરવા પ્રોત્સાહિત કર્યા.

મૌનનો જાદુ

સ્વામીશ્રીના આગમનના સમાચાર વર્તમાનપત્રોમાંથી વાંચી, શનિવારે સાંજે રવિશંકર મહારાજ વૃદ્ધાવસ્થા છતાં એકલા સ્વામીશ્રીનાં દર્શને દોડી આવ્યા હતા. દર્શનથી જ કૃતાર્થ થયા. સ્વામીશ્રીની ઇચ્છાથી રવિશંકર મહારાજે કહ્યું હતું કે 'યોગીજી મહારાજ વગર બોલ્યે ઉપદેશ આપે છે. બીજા ઘણું બોલતા હોય, પણ તેમનો ઉપદેશ લાંબો જતો નથી. જ્યારે સ્વામીશ્રીનો ઉપદેશ હૃદયમાં ઊંડો ઊતરી જાય છે.'

સ્વામીશ્રીએ પણ એટલા જ ઉમળકાથી જણાવ્યું હતું કે 'આજે હું રવિશંકર મહારાજને સંભારતો હતો. તે મનમાં ભાવના હતી, તો આંહીં આવી મળ્યા. ૮૩-૮૫ વરસ છતાં કેવું કામ કરે છે ! દૈવી શક્તિ તેમનામાં બહુ છે. તેઓ ઘણાં રાહતનાં કામ કરે છે. આવા પરમાર્થી પુરુષ ભરતખંડમાં ૧૦૦ વરસ સાજા-નરવા રહી ઘણાં કામ કરે, તેવી સ્વામી-શ્રીજીને પ્રાર્થના !'

ખરેખર ! સ્વામીશ્રીના શુભ સંકલ્પથી સેવાકર્મ કરતાં કરતાં રવિશંકર મહારાજે ૧૦૦ વર્ષ આયુષ્ય ભોગવ્યું હતું. અને છેલ્લે તેમની સેવામાં રહેતા પુંજાભાઈ પાસે અન્ય ધાર્મિક ગ્રંથોની સાથે યોગીજી મહારાજનાં દિવ્ય ચરિત્રોનો ગ્રંથ 'યોગી ચરિતમ્' ખાસ વંચાવતા અને પોતે પ્રસન્નતાપૂર્વક સાંભળતા.

સુરતમા દરરોજ સવારે મંગળ પ્રવચનમાં, પૂજામા, સવાર-સાંજ તથા રાતની સભામાં હજારો મુમુક્ષુઓ લાભ લેવા પધારતા. વાડીમાં ઊભા રહેવાની જગા મળતી નહીં. યુવક મંડળની ખાસ સભામાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું હતું : 'અહીં ૨૫૦ યુવકો આવતે વર્ષે થવા જોઈએ. યુવકોએ વર્તન શુદ્ધ રાખવું. નીચી દૃષ્ટિ રાખી ચાલવું. અભ્યાસ કરવો. નિયમ-ધર્મ પાળવાં.'

રવિવારની સભામાં યુવકોએ ફૂલના સુંદર હિંડોળામાં ઠાકોરજીને ઝુલાવ્યા

હતા. સ્વામીશ્રી માટે પણ ફૂલથી સુશોભિત આસન ગોઠવ્યું હતું.

રાત્રે સભામાં મોટી હવેલીના વૈષ્ણવાચાર્ય ગોસ્વામી વ્રજરત્નલાલજી મહારાજ સભામાં આવ્યા હતા. યોગીજી મહારાજ સાથેના મેળાપની તેમની ભાવના આજે પૂર્ણ થઈ હતી – એમ તેમણે જણાવ્યું હતું. શાસ્ત્રી નારાયણ ભગતે સંસ્કૃતમાં પ્રવચન કર્યું.

તા. ૧૧મીએ મંદિરે તથા પાઘનાં દર્શન કર્યાં. સાંજે વાડીમાં સૌએ સમૂહ પૂજાનો લાભ લીધો. વ્યક્તિગત પધરામણીનો કોઈએ આગ્રહ રાખ્યો ન હતો.

અહીં ચાર દિવસના જ્ઞાનસત્રમાં આશાભાઈ, મગનભાઈ, અંબુભાઈ, જયંતીભાઈ કેશવરામ શુક્લ, નારણભાઈ, રાવજીભાઈ બ્રહ્મભટ્ટ, જશવંતલાલ તથા યુવકોમા હરિકૃષ્ણભાઈ, મહેન્દ્રભાઈ, સુરેશભાઈ, ધીરેન્દ્ર વીંછી, જશવંતલાલ જરીવાળા, અરુણ શુક્લ, પ્રાણજીવનદાસ બમનં, છગનભાઈ બાબરિયા, જીવરાજભાઈ, દુર્લભભાઈ વગેરે મંડળે સારી સેવા કરી હતી.

'મૂર્તિમાં દૈવત મૂકે, તે આપણામાંય મૂકે'

તા. ૧૨મીએ સાંજે મોટી ચોવીસી મણિલાલ દેસાઈને ત્યાં પધરામણી કરી, બિલિમોરા હીરાભાઈને ત્યાં સંધ્યાકર્મ કરી, રાત્રે ૧૦-૦૦ વાગે વલસાડ ડાહ્યાભાઈને બંગલે આવી પહોંચ્યા. રાત્રે 'ગીતા સદન'માં જાહેર સત્સંગ સભા યોજાઈ હતી. જેમાં આજુબાજુનાં ગામડાંના ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો. 'વલસાડ, ધરમપુર તથા વાંસદામાં હરિમંદિરો થાય' – તેવો શુભ સંકલ્પ સ્વામીશ્રીએ કર્યો.

અહીં 'ગીતા સદન'માં જાહેર સત્સંગ સભામાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'ભગવાન અને સંતના મહિમાની વાતું સાંભળવા ન મળે. બીજાં છાપાં અને વ્યાવહારિક વાત ખૂબ સાંભળવા મળે. ઘણાં પુણ્યવાળાને જ આ કથાવાર્તા સાંભળવાનું મળે છે. આ વલસાડ શહેરમાં ઘણા માણસો છે, પણ અહીં સભામાં બસો-ત્રણસો જ આવ્યા છે. લૉટરીમાં રૂપિયો નાખીએ ને નસીબ ફાટે તો તેર હજાર રૂપિયા મળી જાય. નસીબ વગર બીજા હજારો નાખે પણ પઈયે ન આવે. આપણી લૉટરી લાગી ગઈ. આ જોગ મળી ગયો, નહીં તો વલસાડમાં આટલા સંતો ક્યાંથી આવે ?

'સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ સારંગપુરમાં હનુમાનજી પધરાવ્યા છે. તે

મંદિરની ધજા દેખે ને ભૂત નાસી જાય છે. તે હનુમાનજીની પ્રતિષ્ઠા વખતે ગોપાળ સ્વામીએ આરતીના પાંચ આંટા માર્યા ત્યાં તો મૂર્તિ ધ્રૂજવા માંડી - દૈવત આવ્યું. પછી બધાએ કહ્યું : 'સ્વામી ! દૈવત ઓછું મૂકો, નહિ તો ગઢડે, ધોલેરે કોઈ નહિ જાય.' તોય અત્યારે હજારોની માનતા ત્યાં થાય છે. સત્પુરુષનો મહિમા મોટો છે. તેમનો સમાગમ મન, કર્મ, વચને કરવો જોઈએ. મૂર્તિમાં દૈવત મૂકે તો આપણામાં કેમ ન મૂકે ?

'વડતાલમાં ગોપાળાનંદ સ્વામી હતા, ત્યારે એક હરિભક્ત રોજ વાતું સાંભળવા આવે. સ્વામીએ તેને છ મહિના સુધી સાંખ્યની વાત કરી : 'દેહ ખોટો છે. દેહના સંબંધી, પૈસો-ટકો બધું ખોટું છે. કાલ સવારે મરી જવાનું છે.' આમ, ખૂબ વાતું કરી, પણ તેને વાત લાગી નહિ. છ મહિના થયા ત્યાં આ ભગતની બકરી મરી ગઈ. તે સ્વામી પાસે આવી રડવા માંડ્યો અને બકરી મર્યાનું દુઃખ સ્વામીને કહેવા લાગ્યો. સ્વામી તેને આશ્વાસન આપવાને બદલે સામા રડવા લાગ્યા. ઓલ્યો કહે : 'સ્વામી ! તમે શા માટે રુવો છો ?' સ્વામીએ કહ્યું : 'મેં તને છ મહિના સુધી જ્ઞાન કર્યું તે એળે ગયું, તેના દુઃખે રોવું છું. મારું જ્ઞાન તેં પાણીમાં નાખ્યું, પથરા જેવો રહ્યો તેનું મને રડવું આવે છે.'

'સદ્‌ગુરુની વાત લાગવી જોઈએ, નહિ તો *'કથા સૂણી સૂણી ફૂટ્યા કાન, અખા કહે તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન.'*

'સમાગમની છાપ પડી જવી જોઈએ. નરસિંહ મહેતાની દીકરીનું મામેરું ભગવાને પૂર્યું. બીજા જૂનાગઢમાં ઘણા નાગર છે, તેનું ભગવાન મામેરું નથી પૂરતા. નરસિંહ મહેતા હતા ત્યારે નાગરોએ તેમને નાત બહાર કર્યા. વરસ નાત બહાર રહ્યા. મજેવડીને દરવાજે પર્ણકુટિ બાંધીને રહેતા હતા. હવે બધા નાગર ત્યાં માથાં ઘસવા જાય છે કે 'અમારી નાતમાં નરસિંહ મહેતા મોટા ભગવાનના ભગત થઈ ગયા;' પરંતુ જ્યારે હતા ત્યારે પાણીયે ન પાયું.

'પ્રગટ હોય ત્યારે કોઈ ન જાણે રમાપતિની રીત;
હરિકૃપાથી હરિજન જાણે, જગત આંધળું ભીંત.'

'આંધળું ભીંત તે કેવું ? ઊલટી નિંદા કરે એવું.

'જ્ઞાનતંતુ ખીલે ત્યારે ભગવાન અને સંતને ઓળખી શકાય. અહીં કથામાં બેઠા છીએ તે ઊઠીએ ત્યારે 'અમે તમારું કંઈ લઈ જતા નથી,' એમ ખંખેરીને ન જાવું. એક કેરી ખાઈએ છીએ ને કેવો રસ આવી જાય છે ! માટે ઊઠતાં-બેસતાં આ વાર્તા યાદ રાખવી. નાટકવાળા ત્રણ વાગ્યા સુધી ચલાવે

તોય કોઈ ત્યાંથી ઊઠતો નથી. જો તે વહેલું બંધ કરે તો બધા કહે : 'શા માટે બંધ કર્યું ?' એમ સ્વાદ આવી જાય છે.

'અહીં નવો સત્સંગ છે. પહેલું મૂરત (મુહૂર્ત) કર્યું છે. બહુ બેસાડીએ તો જતા રહે.

'માખી ચંદન પરહરી, દુર્ગંધ હોય ત્યાં જાય;
પાપી હરિકથા ન સાંભળે, કાં ઊંઘે કાં ઊઠી જાય.'

'એક સૂરદાસ હતા. તે કોઈ દી' કથા સાંભળવા ન જાય. કોઈએ તેને કહ્યું : 'સૂરદાસ ! હાલો કથા સાંભળવા.' સૂરદાસે કહ્યું : 'હું નવરો નથી.' ઓલ્યાએ કહ્યું : 'ચાલો ને ! આખું ગામ કથા સાંભળવા આવે છે.' સૂરદાસ કહે : 'મારું કામ લઈને આવું.' પછી તો સૂરદાસ ભીંડીમાંથી રેસા કાઢવાનું કામ લઈ કથા સાંભળવા આવ્યા. ત્યાં તો થોડી વારે તેમને ઊંઘ આવી ગઈ. તે થાંભલે અઢેલીને બેઠા હતા. મોઢું ખુલ્લું રહી ગયેલું. ત્યાં એક કૂતરું આવ્યું ને મોઢામાં લઘુ કરી ગયું. કૂતરું તો આમ બગાડીને વહ્યું ગયું. થોડી વારે સૂરદાસ જાગ્યા, પછી કોઈએ પૂછ્યું : 'સૂરદાસજી હરિરસ કેવો ?' સૂરદાસ કહે : 'હરિરસ ખારો ખારો !'

'જ્ઞાન એકદમ કરવા માંડીએ તો પચે નહીં.

'બહોત કાળ કરત સત્સંગા, તબ હોત સંશય કા ભંગા.'

'એક દી'એ જ્ઞાન ન થાય. હરાજીમાંય ત્રણ વાર બોલે છે. એક વાર, બે વાર, જાય છે. પછી 'ત્રણ વાર' એમ આપી દે.

'હેતનાં વચન મનાય. પહેલાં હેત થાય ને પછી ધીરે ધીરે વાત કરીએ તો તે મનાય.'

'પરઉપકારે પળ પળમાં રે, ઊપજે ઇચ્છા અંતરથી'

અહીં સ્વામીશ્રીએ કૃષ્ણજી અદાના પૌત્ર નારાયણભાઈને યાદ કર્યા. કોઈએ કહ્યું : 'તેઓ હાલમાં નથી.' આ છતાં સ્વામીશ્રી નીકળ્યા.

મોટર તીથલ રોડ પરથી પસાર થઈ રહી હતી, એ જ વખતે સ્વામીશ્રીએ ત્યાંના હરિભક્ત ડાહ્યાભાઈને કહ્યું : 'નારાયણભાઈના ઘરે મોટર લઈ લો !'

ત્યારે તેમણે કહ્યું : 'બાપા ! એ નથી.'

'તેમનું ઘર તો છે ને !' સ્વામીશ્રી હસીને બોલ્યા : 'તેનાં દર્શન કરીશું.'

પછી તેમના ઘર પાસે મોટર આવીને ઊભી રહી. સ્વામીશ્રી મોટરમાંથી

ઊતર્યા, તેથી સર્વે સંતો-હરિભક્તો પણ ઊતરી ગયા. ઘર પાસે જઈ તાળાને સ્પર્શ કરી, સ્વામીશ્રીએ પોતાના માથે હાથ મૂક્યો ને બોલ્યા : 'આવા હરિભક્તના તાળાનો સ્પર્શ ક્યાંથી ?'


સ્વામીશ્રીની આવી અસાધારણ મહિમાની સ્થિતિ અને હરિભક્તો પ્રત્યેની પ્રીતિ જોઈને સર્વેનાં મસ્તક સ્વામીશ્રીનાં ચરણોમાં વારંવાર નમી રહ્યાં.

નારણભાઈ વલસાડ આવ્યા. તેમને જ્યારે આ વાતની ખબર પડી, ત્યારે તેમનું હૃદય ભરાઈ આવ્યું અને ગદ્‌ગદ થઈ ગયા.

ડાહ્યાભાઈ પટેલ, બચુભાઈ મિસ્ત્રી, મૂળજીભાઈ શાહ, બાબુભાઈ બ્રહ્મભટ્ટ તથા રાવજીભાઈએ બે દિવસ સારી સેવા કરી હતી.

તા. ૧૪-૮-'૬૯, સાંજે સૌરાષ્ટ્ર એક્સપ્રેસમાં સ્વામીશ્રી મુંબઈ પધાર્યા.

❀ ❀ ❀



વિશ્રામ લીલા

દાદર મંદિરમાં સ્વામીશ્રીના આગમનથી સંતોના ઉત્સાહની કોઈ સીમા નહોતી. સંતોએ સજ્જ કરેલા કાચના હિંડોળામાં તથા ચાંદીના હિંડોળામાં ઠાકોરજીનાં ભાવથી દર્શન કર્યાં. કોઠારી સ્વામી તથા ત્યાગવલ્લભ સ્વામીએ સુંદર મોટા હાર સ્વામીશ્રીને અર્પણ કર્યા.

મુંબઈ પધાર્યા ત્યારથી સ્વામીશ્રીને સંપૂર્ણ આરામ આપવાની સૂચના ડૉક્ટરોએ આપી હતી. તેથી સવારે પૂજામાં ફક્ત હરિભક્તોને સ્વામીશ્રીનાં દર્શનનો લાભ મળતો. પત્રવાચન, પત્રલેખન, મંગળ પ્રવચન કે અન્ય પ્રવચનો, મુલાકાતો વગેરે સંપૂર્ણ બંધ કરી દેવાયાં હતાં. મુંબઈના પ્રખ્યાત અને સ્વામીશ્રીના અંગત ડૉક્ટર મિનોચર મોદીની સલાહ હતી કે 'સ્વામીશ્રીને હમણાં થોડાં અઠવાડિયાં સંપૂર્ણ આરામ આપવો. પછી પણ હવે બને એટલો વધુ આરામ આપવાની જરૂર છે. પ્રવચનો, રોજનાં એક-બે ગામોનું વિચરણ, પધરામણી કે અન્ય દોડધામ સદંતર બંધ કરવી.' આવી તેણે આગ્રહભરી વિનંતી સમગ્ર સત્સંગ સમાજને કરી હતી.

ઉંમરના કારણે, સતત વિચરણ, પધરામણી વગેરે શ્રમપૂર્ણ કાર્યક્રમોથી સ્વામીશ્રીને ખૂબ જ અશક્તિ અને થાક અનુભવાતો હતો. અને તેની શરીર ઉપર દિન-પ્રતિદિન વધુ અસર જણાતી હતી. હરિભક્તો તેમનું જીવન હતા, તેથી કોઈને પણ નારાજ ન કરતાં તેઓ સતત શ્રમ લેતા રહેતા હતા.

તા. ૨૨મીએ સાંજના સમયે સાયનથી સંગીતાચાર્ય વલ્લભ સ્વામી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. કૃષ્ણશંકર શાસ્ત્રી પણ આવેલા. સ્વામીશ્રીએ તેમને કહ્યું : 'આપ આશીર્વાદ આપો મટી જાય.'

એટલે શાસ્ત્રીજીએ સ્વામીશ્રીને કહ્યું : 'આ આપની વિશ્રામ લીલા છે, ભક્તોના નિરોધને માટે...'

અહીં સ્વામીશ્રી આરામ જરૂર કરતા, પણ એમની આજ્ઞાથી કથાવાર્તા, પારાયણ-ઉત્સવોના પ્રસંગો સંતો દ્વારા ચાલુ રખાવતા. પોતે ક્વચિત્ અનુકૂળતાએ હાજરી આપતા. સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય જલદી સારું થઈ જાય એવા શુભ સંકલ્પથી મુંબઈમાં પારાયણો ચાલી. વજુભાઈ શેઠ, સાંતાક્રુઝ તથા ખાર સત્સંગ મંડળ, ધનજીભાઈ ચૌહાણ, ગોરેગાંવ, કાલબા દેવી, ચોપાટી, બોરીવલી, અંધેરી, માટુંગા, દાદર, સાયન, વડાલા, કુર્લા, ઘાટકોપર તથા ફૂલ મંડળી અને હરિભાઈ સોની તરફથી પારાયણો યોજાઈ. જેમાં હરિલીલાકલ્પતરુ, હરિલીલામૃત તથા ભક્તચિંતામણિની કથા સંતો વારાફરતી કરતા.

તા. ૨૪મીએ બપોરના કથા પ્રસંગમાં સ્વામીશ્રીએ કા. ૯ અને ૧૧, વચનામૃતો વંચાવ્યાં. પછી કારિયાણીના પ્રસાદીના ઓરડાની વાત કરતાં કહે : 'ઉપર છાપરું કરવું જોઈએ. લાખો રૂપિયા ખર્ચવા જોઈએ (ઓરડાની મરામત અને સાચવણી માટે). શ્રીજીમહારાજ સાક્ષાત્ રહેલા. લાખો રૂપિયા આપતાં ન મળે. અબજો રૂપિયાની કિંમત કહેવાય. જુઓ, લોયા ને કુંડળના ઓરડા પ્રસાદીના પડી ગયા. આપણે પહેલાં કારિયાણીના ઓરડા રિપેર કરાવેલા. સારંગપુરનો ચોરો આપણે રિપેર કરાવ્યો.' એમ મહારાજનાં પ્રસાદી સ્થાનો સાચવવાનો મહિમાપૂર્વક આગ્રહ જણાવ્યો.

બપોરે સ્વામીશ્રી સંતોને કહે : 'આજે પવિત્રા એકાદશી છે, તો મંદિરે (મોટા મંદિરે) દર્શન કરવા જજો ને મારા વતી દર્શન કરજો, પ્રણામ કરજો ને બે દંડવત્ કરજો.' એમ ભલામણ કરી, સંતોને દર્શન માટે મોકલ્યા.

વળતી સવારે સંતો આગળ વાત કરતાં કહે : 'આજે શાસ્ત્રીજી મહારાજે દર્શન દીધાં. અમે વડિયા ગયા હતા. પછી ઉતારો કર્યો. પછી એક હરિભક્તને ત્યાં હું તથા શાસ્ત્રીજી મહારાજ રસોઈ કરવા ગયા. શાસ્ત્રીજી મહારાજ ત્યાં નાહવા પધાર્યા. પછી મેં ધાબળી એમને ઓઢાડી. પછી રસોઈ કરી. સૌ જમ્યા. પછી હું ઘોડાગાડી બોલાવી લાવ્યો. તેમાં બેસીને બે માઈલ દૂર સ્ટેશને ગયા. ને ત્યાં સ્ટેશને એક કલાક રોકાયા. હકાભાઈ સાથે હતા. ત્યાં મારી આંખ ઊઘડી ગઈ...'

અક્ષરત્વનાં એંધાણ

રાત્રે ઉકાળા-પાણી પછી વરસાદના સમાચાર પૂછ્યા. પછી ગુણવંતભાઈને બોલાવીને ટપાલના સમાચાર લીધા. ગુણવંત કહે : 'આપ આરામ કરો છો એટલે બધા બહુ રાજી થાય છે.'

એ સાંભળી સ્વામીશ્રી બોલવા લાગ્યા : 'આપણે હજારો વર્ષ સેવા કરી, હજારો રૂપિયા મંદિરમાં સેવા કરાવી...' એમ આંખો બંધ કરીને બોલી રહ્યા હતા. જાણે પોતાના અક્ષરત્વનાં એંધાણ આપતા ન હોય ! વળી કહે : 'ભજન કરી લેવું, ચોવીસ કલાક સ્વામિનારાયણ, સ્વામિનારાયણ...!'

સ્વામીશ્રીએ એક વહેલી સવારે, જૂનાગઢના સંતોની પોતાના પર કેવી કૃપાદૃષ્ટિ હતી, તે બધી વાત કરી. પછી કહે : 'મને સારણગાંઠનું ઑપરેશન કરાવ્યું. ત્યારે મૂત્રકચ્છ બંધાઈ ગયેલ. જૂનાગઢના સદ્‌ગુરુ ત્યાગવલ્લભ સ્વામી મારી તબિયત જોવા આવ્યા ને મને શરીરે હાથ ફેરવી આશીર્વાદ આપ્યા. તે મૂત્રકચ્છ છૂટી થઈ ગઈ.' આમ, જૂની પ્રસાદીની વાત કરી.

શરૂમાં અહીં પ્રમુખસ્વામી કથાવાર્તા તથા પધરામણીનો લાભ આપતા.

તા. ૨૭મીએ બળેવ - નારિયેળી પૂનમના પવિત્ર દિવસે પવિત્રાનો એક બહુ મોટો હાર બી.કે. મોદી તરફથી સંતોએ બનાવ્યો હતો. જે પૂજા વખતે પ્રમુખસ્વામીએ સ્વામીશ્રીને અર્પણ કર્યો. પવિત્રાનો સુંદર હિંડોળો સંતોએ બનાવ્યો હતો, જે સ્વામીશ્રીનાં દર્શનને માટે ખાસ, એમના ઓરડાની સામે ગોઠવીને રાખ્યો હતો. એમાં ઠાકોરજી ઝુલાવી સ્વામીશ્રી સંતો ઉપર ખૂબ પ્રસન્ન થયા. રક્ષાબંધન તથા જનોઈ વિધિનો લાભ પ્રમુખસ્વામીએ સૌને આપ્યો હતો.

બુધવાર, તા. ૩-૯-'૬૯, જન્માષ્ટમી ઉત્સવ રાત્રે ધામધૂમથી મંદિરમાં બાલમુકુંદ સ્વામીની હાજરીમાં ઊજવાયો. અમદાવાદથી અર્જુનભાઈ, અંબાલાલભાઈ વગેરે હરિભક્તો આવ્યા હતા. સ્વામીશ્રી સભામાં આવી શક્યા નહીં. સ્વામીશ્રી મંદિરના બીજા માળે બિરાજતા હોય અને નીચેના માળે મંદિરના સભાગૃહમાં ઉત્સવો થતા હોય ત્યારે સ્વામીશ્રીનું મન સદા ત્યાં જ રહેતું. ડૉક્ટરો અને હરિભક્તોની પ્રાર્થનાથી સ્વામીશ્રી સભામાં પધારે નહિ, પણ એમનાથી રહી શકાય નહિ. પોતે વારે વારે સેવકોને બધી વિગત પૂછે : 'શું થાય છે ? કેવી સભા થઈ છે ? કેટલા હરિભક્તો આવ્યા છે ? કોણ કોણ આવ્યા છે ? વજુભાઈ શેઠ આવ્યા છે કે નહિ ? મોહનભાઈ રાઠોડ આવ્યા છે કે નહિ ? કોણે કોણે વાત કરી ? શું વાત કરી ?' આ બધું સતત પૂછ્યા કરે. સત્સંગ તથા હરિભક્તો પ્રત્યેની લાગણી અને આત્મબુદ્ધિની પરાકાષ્ઠા આ સમયે સ્વામીશ્રીના એક એક પ્રશ્નમાં અને પૂછવાના ભાવમાં જણાયા વગર રહેતી નહિ.

અહીં સમાગમ માટે આવેલા અમદાવાદના અર્જુનકાકાને જમવામાં તીખું ને તળેલું ઓછું ફાવતું, એટલે મોળું અને તળ્યા વગરનું જમતા.

સ્વામીશ્રીએ ત્યાગવલ્લભ સ્વામીને બોલાવીને કહ્યું : 'અર્જુનકાકા મોળું જમે છે, તો તમે ખબર રાખજો. અને તેમના શરીરને અનુકૂળ જમવાનું બનાવી આપજો.'

અર્જુનકાકા સભામાં ભીંતને અઢેલીને બેસતા. એક વાર પાછળ તકિયો ન હતો. તેથી સ્વામીશ્રીએ ચાલુ સભાએ મને બોલાવ્યો ને અર્જુનકાકાને માટે તકિયો લઈ આવવાની આજ્ઞા કરી. આમ, હરિભક્તોની ખબર બહુ રાખતા.

મલાડથી ડૉ. પદ્મકાંત પરીખ દરરોજ સાંજે ૪-૩૦ વાગે સ્વામીશ્રીની તબિયત જોવા માટે આવતા. એ વખતે ઠાકોરજીને પ્રસાદ ધરીને પૂજારી લાવે. સ્વામીશ્રી સંતો-યુવકોને આપે. ડૉ. પરીખને પણ યાદ કરીને પ્રસાદ આપે.

એક દિવસ વજુભાઈ શેઠ બી વગરની દ્રાક્ષ લાવેલા. તે ડૉ. પરીખને આપીને કહે : 'લો, આ બાબા માટે.'

થોડી વારે બીજી દ્રાક્ષ આપી તેમને કહ્યું : 'લો, આ તમે અહીં હમણાં જ જમી જાવ.' એ રીતે સ્વામીશ્રી હેત વરસાવીને હરિભક્તોને સુખ આપતા.

સ્વામીશ્રીએ વિશેષ માંદગી ગ્રહણ કરી હતી. અશક્તિ ઘણી રહેતી. સહેજ શ્રમમાં નાડીના ધબકારા વધી જતા. ઊંઘની તકલીફ તો હતી જ. આ દિવસોમાં સ્વામીશ્રીએ કૃષ્ણશંકર શાસ્ત્રીના શબ્દોમાં કહીએ તો વિશ્રામ લીલા (માંદગીની લીલા) ગ્રહણ કરી હતી. ભગવાન સાથે તદ્દ્ભાવને પામેલા સંતમાં ભગવાન જ સમ્યક્ પ્રકારે નિવાસ કરતા હોવાથી, ભગવાન જ સંતમાં રહીને વિવિધ લીલાઓ દ્વારા - સંતની સેવાનો લાભ, લીલા-સ્મરણનો લાભ મુમુક્ષુઓને તથા ભક્તોને આપતા હોય છે.

સેવાનું અખૂટ સરવૈયું

તા. ૪-૯-'૬૯, વહેલી સવારે સેવકોને પોતાની વાત કરતાં કહે :

'પ્રમુખસ્વામીને શાસ્ત્રીજી મહારાજે ચાદર ઓઢાડી ત્યારે મને એમના માથે હાથ મૂકવા કહ્યું. મેં પચાસ વર્ષ સેવા કરી છે, કથાવાર્તા ને હરિભક્તોની સરભરા કરી છે. પગ વાળીને બેઠો નથી. અદાની દેરીએ (રાજકોટ) પથરા ઊંચકતા, ડાંગરામાં રોટલા ઘડતા ને રાત્રે નદીમાંથી પાણી સારીને છાંટતા.

'સોળ વર્ષનો હતો ત્યારે આવેલો. તે સ્વામી શાસ્ત્રીજી મહારાજ અને અદા(કૃષ્ણજી અદા)ના વચને બોચાસણ ગયા. વિજ્ઞાનદાસ સ્વામીની બહુ સેવા કરી છે. જોડના સાધુ ભગવત્‌સ્વરૂપ સ્વામી આંધળા હતા, તેમની સેવા કરી.

કૃષ્ણચરણ સ્વામી પણ મારા ઉપર બહુ રાજી. એમણે મને બોચાસણ જવા રાજી થઈને રજા આપી. શાસ્ત્રીજી મહારાજ અને સંતોની પણ બહુ સેવા કરી. ખાનદેશના પુરુષોત્તમ સ્વામીની સેવા કરી. પ્રમુખસ્વામીને રાજી કર્યા. સંતસ્વામીને રાજી કર્યા. બધાને રાજી કર્યા. પગ વાળીને બેઠો નથી. સેવા જ કરી છે.'

આવી વાતો ક્વચિત્ સ્વામીશ્રી કરતા. જે બીજાને અનન્ય પ્રેરણારૂપ બની રહેતી.

આજે વચનામૃત વરતાલ ૧૩મું વંચાયું. એમાં શ્રીજીમહારાજનું વર્ણન આવ્યું. શ્રીજીમહારાજની ઉપર સોનાના ઈંડાએ સહિત છત્ર બિરાજમાન હતું. એવી શોભાને ધરતા થકા શ્રીજીમહારાજ વિરાજમાન હતા. આ સાંભળીને સ્વામીશ્રી તુરત બોલ્યા : 'મહારાજ કેવા શોભતા હશે ? એ વખતે આપણે હોત તો કેવી મજા પડત ?' પ્રત્યક્ષ દર્શનનો મહિમા સમજાવતાં સ્વામીશ્રીએ ઇષ્ટભક્તિનું દર્શન કરાવ્યું. મહારાજ સિવાય જેને કંઈ વહાલું જ ન હોય, એ જ આ ભાવ વ્યક્ત કરી શકે.

વચનામૃતમાં આગળ વાત આવી કે ઘણાંક જીવને પોતાને સન્મુખ કરવા હોય ત્યારે સમાધિ કરાવે છે.

'અત્યારે તો મહારાજ ઓરડામાં જ રહે છે, એટલે કોઈનુંય કલ્યાણ નહિ થતું હોય !' એક સંત રમૂજમાં બોલ્યા.

એ સાંભળી સ્વામીશ્રી કહે : 'પચાસ વર્ષ તો કલ્યાણ કર્યાં, હવે એક મહિનો ઓરડામાં પડી રહીશું, એમાં શું ?' સ્વામીશ્રીએ પણ રમૂજ સાથે સમર્થન આપતા સૌને આનદ કરાવ્યો.

શરણાગત તણા લાડ પાળો સદા

અહીં પ્રમુખસ્વામીના પૂર્વાશ્રમના ભાણાભાઈ પ્રવીણભાઈ ઓડવાળા સ્વામીશ્રીની સેવામાં હતા. કોઈ કામ પ્રસંગે તેમને જયપુર મોકલવાના હતા. સ્વામીશ્રીની આજ્ઞા લઈને તે અમદાવાદ જવા નીકળ્યા અને ત્યાંથી જયપુર જવાનું હતું.

થોડા દિવસમાં અમદાવાદમાં હિન્દુ-મુસલમાનનાં તોફાનો ફાટી નીકળ્યાં. અને દસ-બાર દિવસ સુધી તેના તરફથી કાંઈ સમાચાર ન આવ્યા. તેથી પોતાના સેવક પ્રત્યેની અત્યંત લાગણીથી સંતોને પૂછવા લાગ્યા : 'પ્રવીણ કેમ આવ્યો નહીં ? તેને આપણે મોકલવો ન હતો, પણ (જયપુરથી) તાર આવ્યો

એટલે મોકલવો પડ્યો. ખૂબ સેવા કરતો. આપણી રક્ષા કરતો !'

પછી અમદાવાદ તાર કરવા આજ્ઞા કરી, પણ અમદાવાદમાં કરફ્યુ હતો તેથી તાર નહીં પહોંચે - એમ સંતોએ કહ્યું. ત્યારે સ્વામીશ્રી કહે : 'તાર ન કર્યો તે સારું કર્યું. તેની માને ઓડ ખબર પડે તો બહુ ચિંતા કરે.'

રાત્રે ફરી પ્રવીણને યાદ કર્યો. માતા પોતાના પુત્રની ઘડી ઘડી ચિંતા કરે એવું વાત્સલ્ય સ્વામીશ્રીના શબ્દે શબ્દમાંથી ઝરતું હતું.

પછી કહે : 'ખેંગારજીભાઈને ટેલિફોન કરો.'

રાત્રે ૧૦-૪૫ કલાકે ખેંગારજીભાઈને ફોન કર્યો. તેમણે કહ્યું : 'પ્રવીણ અહીં શાહીબાગમાં આપણા મંદિરમાં સુખરૂપ છે.'

આ સમાચાર જાણીને સ્વામીશ્રીને અત્યંત શાંતિ થઈ.

તા. ૮મીએ બપોરે જમ્યા પછીની કથામાં હું એક હાથે વચનામૃત પકડીને વાંચતો હતો. સ્વામીશ્રીની નજર પડી એટલે મને થોભાવ્યો અને કહે : 'વચનામૃત બે હાથે પકડીને વાંચવું. આ તો પરાવાણી છે. ચોપડીની જેમ ન પકડાય.' એમ કહી બે હાથે વચનામૃત ગ્રંથ પકડાવ્યો. પછી પોતે માર્મિક હસવા લાગ્યા.

ઊંઘ બુદ્ધિશાળી છે

એક દિવસ સવારે ડૉક્ટર સ્વામી તથા સંતોને સ્વામીશ્રી કહે : 'આજે બે-અઢી કલાક ઊંઘ આવી. ૧૦-૦૦ થી ૧૧-૩૦ અને વચ્ચે એક કલાક !'

સંતોએ કહ્યું : 'હવે આપ સૂઈ જાવ. હજુ ૬-૦૦ વાગવાની વાર છે.'

સ્વામીશ્રી કહે : 'હવે ઊંઘ ન આવે. આખી રાત ન આવી. ઊંઘ બુદ્ધિશાળી છે, તે જાણે છે - હવે કથાનો ટાઈમ થયો છે. એટલે હમણાં નહિ આવે. સવારે ઉકાળા-પાણી પછી આવશે !'

'ઊંઘ બુદ્ધિશાળી છે.' સ્વામીશ્રીનો આ નવતર શબ્દપ્રયોગ સાંભળીને સર્વે સંતો ખડખડાટ હસી પડ્યા. સ્વામીશ્રી પણ હસવા લાગ્યા. રૂમમાં હાસ્યનું મોજું ક્યાંય સુધી ફરી વળ્યું.

છેલ્લાં સાતથી આઠ વર્ષથી રાત્રે સૂતાં પહેલાં સ્વામીશ્રી ઊંઘની ગોળી લેતા. સ્વામીશ્રીની તબિયત જોવા કોઈપણ ડૉક્ટર કે વૈદ્ય આવે એટલે સ્વામીશ્રી તેમને પૂછે :

'દવા વગર ઊંઘ ન આવે ?...'

'દવા વગર ઊંઘ ક્યારે આવશે ?...'

'દવા વગર ઊંઘ આવે એવું કરી આપો...'

એક દરદીની જેમ, પોતે ઘણા સમયથી દુઃખી થતા હોય એવી અદાથી ને ભાવથી સ્વામીશ્રી પૂછતા. જેના આશીર્વાદથી અનેક દરદીઓનાં હઠીલાં દર્દો પણ પલવારમાં મટી જતાં હતાં, તે સ્વામીશ્રી આવાં મનુષ્ય-સહજ વિધાનોથી સૌને ભૂલવણીમાં મૂકી દેતા ! સદા યોગ સમાધિ કે નિત્ય જાગ્રત સમાધિમાં રહેતા સ્વામીશ્રી ઘણી વાર કહેતા કે 'પહેલાં (લગભગ ૫૦ વર્ષ સુધી) અમે ઊંઘને બહુ ઠેલી છે. વહેલા સવારે ૩-૦૦ કે ૩-૩૦ વાગે ઊઠી જઈએ. રાતે ૧૧-૩૦ કે ૧૨-૦૦ વાગે સૂઈએ. બપોરે સેવા કરીએ કે વાંચીએ. ઊંઘ આવે તો આંખમાં પાણી નાંખી જાગીએ, પણ બપોરે ક્યારેય આરામ કરીએ નહિ. કથામાં ઝોલાં આવે તો પગે ચીંટલા ખણીએ. એમ ઊંઘને બહુ જાકારો દીધો છે, તે હવે સામી થાય છે ! ઢૂંકડી નથી આવતી. પહેલાં સામે આવીને ઊભી રહેતી, ત્યારે અનાદર કર્યો એટલે અત્યારે કનડે છે.' એમ પોતે ઘણી વાર સંતોને પોતાની ઊંઘનું રહસ્ય સમજાવતા.

હેતની રેલે એક અખંડિત ધાર

ઈશ્વરભાઈ દેસાઈનો પુત્ર રાજેન્દ્ર[૨૩] સ્વામીશ્રીને સ્નાન કરાવવા માટે દાદર મંદિરે હંમેશાં સમયસર આવી જતો.

એક વખત તે થોડો મોડો પડ્યો. હાથમાં અભ્યાસના પુસ્તકો હતાં. તે પાટિયા પર મૂકીને સ્વામીશ્રીને સ્નાન કરાવવા માટે તૈયાર થયો. ત્યાં સ્વામીશ્રી કહે : 'તમારા ચોપડા (પુસ્તકો) લાવો. અમારે જોવા છે. પછી નાહીએ.'

સ્વામીશ્રીએ એક પછી એક વિષયનાં બધાં પુસ્તકો જોતાં દરેક વિષયમાં ચોકસાઈ અને ઊંડાણથી પૂછ્યું. સ્નાન કરવામાં પંદર મિનિટ મોડું થયું; પરંતુ સ્વામીશ્રીની હેત કરવાની રીત અદ્‌ભુત હતી, જે સામી વ્યક્તિના અંતરમાં એમની મૂર્તિ ઉતારી દેતી. પોતાના અભ્યાસનાં બધાં પુસ્તકો પ્રસાદીનાં થયાં, તેથી રાજેન્દ્ર પણ બહુ રાજી થઈ ગયો.

ડૉ. મિનોચર મોદી અવારનવાર સ્વામીશ્રીને જોવા આવી જતા. તેમને મળીને સ્વામીશ્રી બહુ રાજી થતા. તે આવવાના હોય તે દિવસે સવારથી સ્વામીશ્રી તેમને સંભારતા હોય; 'મોદી સાહેબ આવ્યા ?' એમ વારે વારે પૂછે.

અકારણ દયાનો અસ્ખલિત સ્રોત સ્વામીશ્રીમાંથી વહ્યા કરતો. પછી તે

---

૨૩. હાલ, સાધુ શ્વેતવૈકુંઠદાસ.

મોટા ડૉક્ટર હોય કે અન્ય મુમુક્ષુ. દરેકનું ભલું કરવાની શુભ ભાવનાની વણથંભી કલ્યાણગંગા સ્વામીશ્રીના સાંનિધ્યમાંથી સર્યા કરતી હતી. સર્વનું શ્રેય કરવા જ જાણે આવ્યા ન હોય ! એમની કરુણાસભર આંખો, મુખ તથા વાણી એનાં સાક્ષી હતાં. એના મૂળમાં કરુણા અને પ્રેમના સાગર સમા એમના હૃદયમાં સર્વના શ્રેયની ભરતીના ઉછાળા સર્વદા આવ્યા જ કરતા હતા. તેથી જ દરેક ઉપર પ્રસન્નતા વરસાવ્યા વગર પોતે રહી શકતા નહિ. અને એમના એ રાજીપાના સ્પર્શથી જ ભક્તોનાં હૃદય સદા પુલકિત રહેતાં. કોઈ અગમ્ય આનંદનો અનુભવ સૌ એમના સાંનિધ્યમાં કરતા.

મુંબઈના હૃદયરોગના નિષ્ણાત ડૉક્ટર રુસ્તમ જાલ વકીલ સ્વામીશ્રીની તબિયત જોવા આવી ગયા હતા. તેમણે ખાસ જણાવ્યું હતું કે 'તબિયતમાં ખાસ ચિંતાનું કારણ નથી, પણ ઉંમરના કારણે હૃદયમાં નબળાઈ છે. એટલે આરામની ખાસ જરૂર છે.' ડૉ. નાથુભાઈ પટેલ પણ સ્વામીશ્રીને તપાસવા આવી ગયા હતા. આ ઉપરાંત, ડૉ. ભગુભાઈ પટેલ, ડૉ. દલ, ડૉ. પરીખ, ડૉ. મહેન્દ્ર પટેલ, ડૉ. દેસાઈ વગેરે હંમેશાં સ્વામીશ્રીની સારવારનું સતત ધ્યાન રાખતા રહેતા.

વળતી રાત્રે ઉકાળો પીતી વખતે સ્વામીશ્રીએ વરસાદના સમાચાર પૂછ્યા.

'પહેલાં આપ ઉકાળો પી લો, પછી વાંચીએ.'

સ્વામીશ્રી કહે : 'ના, તમે સંભળાવો.'

એવામાં મહારાષ્ટ્ર રાજ્યના મંત્રીશ્રી નારાયણરાવ પાટીલ આવ્યા. તેમને મળ્યા. આશીર્વાદ આપ્યા. તેઓ ગયા એટલે સ્વામીશ્રી કહે : 'સૂઈ રહેવું નથી ફાવતું. આમ બેસીએ તો સારું લાગે. કંઈ દેશના નવા સમાચાર છે ?' મેં ના પાડી.

પછી, છોકરાઓ અમેરિકા બહુ જાય છે, એ વાત નીકળી. કોઈ કહે : 'ત્યાં પૈસો બહુ મળે એટલે સૌ જાય છે.'

'પણ પૈસો બચે નહિ. ફેલમાં જતું રહે. ત્યાંનું પાણી સારું નહિ. અહીં ભલે સો રૂપરડી મળે, પણ ખાઈ-પીને ભગવાનનું ભજન તો કરે. એમાં કાંઈ નહિ.' જરા અણગમો બતાવતાં સ્વામીશ્રી બોલ્યા.

શાસ્ત્રીજી મહારાજ સાથે હોટ લાઈન

સારંગપુરમાં ધર્મકુળનું સિંહાસન કરવાનું હતું. તે અંગે સ્વામીશ્રીએ જયસુખભાઈ કોઠારીને સેવા કરવા કહ્યું. કોઠારીએ આજ્ઞા સ્વીકારી લીધી. એટલે સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજનો જૂનો સંકલ્પ છે. તે પૂરો થાય પછી હું

એમને તાર કરીશ : 'તમારો સંકલ્પ પૂરો કર્યો છે.' તે બહુ રાજી થશે.'

ગુરુ સાથેનો એકતાર અને ઋણ પૂર્ણ કર્યાનો આનંદ એ શબ્દોમાં હતો.

કથા પ્રસંગમાં કહે : 'સંતનો મહિમા સમજીએ તો શાંતિ રહે. સંબંધનો મહિમા સમજવો જોઈએ. તો અંતરમાં અખંડ શાંતિ રહે.'

તા. ૧૦મીએ રાત્રે ઉકાળો પીતી વખતે કોઠારી ભક્તિપ્રિય સ્વામી આવ્યા. તેમને પ્રસાદી આપી. કોઠારી સ્વામીએ રાખી મૂકી. એ જોઈ સ્વામીશ્રી કહે : 'પ્રસાદી તરત ખાઈ જવી, રાખી ન મુકાય. નહિ તો કોઈ ભાગ પડાવે.'

મને મૂઠી ભરીને દ્રાક્ષ આપવા લાગ્યા. દ્રાક્ષ થોડી હતી એટલે મેં લેવાની આનાકાની કરી. તો સ્વામીશ્રી કહે : 'ખાવને ! ખાધે ખૂટશે નહિ, બમણું આવશે.'

હૃદયોદ્‌ગાર

ઉકાળો પીતી વખતે સ્વામીશ્રી કહેવા લાગ્યા : 'આ બધા પચાસ હજાર છોકરા અમેરિકા જતા રહ્યા. આપણે એને સાધુ કરવા'તા. તો કેવા શોભે ! આપણે ત્રણ સંકલ્પ છે. એક તો દરેક મંદિરમાં સો સો સાધુ કરવા. પચાસ મંદિરમાં રહે ને પચાસ ફરે, વાતું કરે, તો બીજા સાધુ થાય. એમનેમ ન થાય. વાતું કરવી જોઈએ. તો થાય ને !'

પોતાના સંબંધમાં આવનાર હરકોઈને - અગર કોઈપણ ભણેલા-ગણેલા સંસ્કારી યુવાનને સ્વામીશ્રી સાધુના સ્વાંગમાં જ જોતા. દરેકને સાધુ બનાવવાનું જ એમને તાન જણાતું. આખરે તો ગુણાતીત સંત ખરા ને !

સૂતાં પહેલાં ઊંઘની ગોળી લેતા હતા. સૌએ કહ્યું : 'બાપા ! અમારી ઊંઘ લો.'

'આપણે બીજાની ઊંઘ ન જોઈએ. ગોળીની જ ઊંઘ જોઈએ.' સ્વામીશ્રીએ સૌના મનોરથ મોળા પાડી દીધા. ભક્તોનું કષ્ટ તો પોતે લીધું હતું, તો વળી પાછું તેમને કાં વહેંચે ?

સ્વામીશ્રીને પગે કળતર રહેતું. એટલે સંતો સંધ્યા આરતી પછી સ્વામીશ્રીને પગે અને પીંડીએ માલિશ કરતા. ત્યારે પણ સ્વામીશ્રી કંઈ ને કંઈ પ્રસંગ કાઢી વાતો કરે-કરાવે.

તા. ૧૪મીએ સ્વામીશ્રી કહે : 'ભગતજી મહારાજનું જીવન ચરિત્ર વાંચીએ છીએ, બહુ મજા આવે છે. આચાર્ય મહારાજ પધાર્યા અને સાતસો સાધુઓ સાથે હતા, તંબૂ તાણ્યા હતા – એ બધી વાત આવી. પછી ભગતજી

મહારાજને વિમુખ કર્યા હતા, છતાં એમનું સીધું દૂધ, દહીં બધું લીધું – એ વાત આવી. આંખમાં આસુડા આવી ગયાં, બહુ અપમાન થયું (ભગતજી મહારાજનું), એ પ્રસંગ આવ્યો હતો.'

પછી ઉકાળો પીને ઢોલિયા ઉપર બેઠા હતા, ત્યારે દવા લેતાં લેતાં કહે : 'મહારાજના વખતમાં આવું કાંઈ નહિ. પાંચસો પરમહંસો હતા, બધા ઓઘામાં સૂઈ રહેતા. ગુણાતીતાનંદ સ્વામી કાંઈ દવા લેતા નહોતા. ભગતજી મહારાજ પણ નહોતા લેતા. શાસ્ત્રીજી મહારાજ પણ કોઈ દિવસ નહિ. શાસ્ત્રીજી મહારાજની બહુ વિશાળ દૃષ્ટિ, બધાને નભાવવા ઉપર તાન. એ વગર આવાં મોટાં મંદિરો થાય નહિ. બહુ વિશાળ દૃષ્ટિ.'

બીજે દિવસે સવારે નિત્ય વિધિ, પૂજા પછી, ઉકાળા-પાણી કરતાં કહે : 'અમે ક્રિયા વગર રહ્યા નથી. કંઈ ને કંઈ સેવા-ક્રિયા ગોતી કાઢીએ. મંદિરમાં જઈએ તે ભંડારમાં ગરી જઈએ ને સેવા ગોતી લઈએ. કોઈ કહે ને કરીએ એમ નહિ. ન હોય તો શોધી કાઢીએ. કોઈ ના પાડે તો કહીએ : 'ભાઈસાબ ! મને કરવા ઘો ને !' એમ મંડી પડતા.'

ત્યાગવૃત્તિથી પણ ઉપભોગ નહિ

વાતવાતમાં લીંબુની વાત નીકળી. સ્વામીશ્રી કહે : 'ગોંડલમાં અડધું લીંબુ પીધું હતું તે અઠવાડિયા સુધી પગે વા રહ્યો હતો.'

સ્વામીશ્રીને ખટાશ ફાવતી નહિ અને એવી ટેવ પણ પાડેલી ખરી - કોઈ દિવસ લીંબુનું શરબત લે નહિ. માંદગીમાં મોસંબીનો રસ પણ લે નહિ. 'શરદી થઈ જાય' એમ કહી, ટાળી નાંખે. એક ટંક ઠાકોરજી જમાડ્યા પછી ફળફળાદિ, શરબત એવું કંઈપણ ગ્રહણ કરે નહિ. તરછોડે નહિ, પણ 'ફાવતું નથી' એમ કહી ત્યાગ કરે. છતાં બીજાને પ્રેમથી ખવરાવે-પીવરાવે. સ્વામીશ્રી 'ત્યાગ કરીને ભોગવવાની' ઉપનિષદ-ભાવનાથી પણ પર જણાતા.

આજે ગોવિંદભાઈ નિગોઝવાળાની રસોઈ હતી. ભૂલા મહારાજ કરીને મુંબઈમાં એક જૂના વયોવૃદ્ધ હરિભક્ત હતા. એ ભૂલા મહારાજને ગોવિંદભાઈએ જમવા નિમંત્ર્યા હતા ને પછી તેમને ધોતિયું પણ ઓઢાડ્યું.

આ જોઈ સ્વામીશ્રી રાજી થયા અને કહ્યું : 'સારું કર્યું, શાસ્ત્રીજી મહારાજના મળેલા, જૂના છે.'

કોઈ ગરીબ ભક્તજનને ભેટસોગાદ આપે તો સ્વામીશ્રી બહુ રાજી થાય.

પોતે પણ સામેથી અપાવે. એમ પરસ્પર હરિભક્તોમાં હેત-પ્રીત વધે એમાં બહુ રાજી.

કરુણા કરી જન ઉરમાં વસવું

તા. ૧૯મીએ રાત્રે સ્વામીશ્રી ઉકાળો લઈ રહ્યા હતા, એવામાં પીપૂડીવાળા બાવાને સંભાર્યો, જેનું નામ અર્જુનદાસ હતું.

સ્વામીશ્રી મુંબઈ પધારતા ત્યારે રોજ સવારે પૂજામાં એક ભગવી અલફીધારી બાવો લાંબી-ગોળ પીપૂડી લઈને આવતો અને સ્વામીશ્રી પૂજા કરતા હોય ત્યારે પીપૂડી વગાડી મુજરા કરતો. સ્વામીશ્રી એના ઉપર રાજી થતા અને રોજ એને પ્રસાદ અપાવતા અને પીપૂડી વગાડવા કહેતા. પણ ઘણા હરિભક્તોને આ પ્રકારની એની ખલેલ ગમતી નહિ. ઘણા મોં મચકોડતા. છતાં સ્વામીશ્રી એટલી તો પ્રસન્નતા બતાવે કે કોઈ બોલી શકે નહિ અને બાવો રોજ અચૂક આવે. એક વખતે એણે વસ્ત્રની માગણી કરી હતી તો સ્વામીશ્રીએ એને કોઠારી સ્વામી પાસે એક ધોતિયું પણ અપાવેલું.

પાછળથી સ્વામીશ્રી જુહુ પધાર્યા હતા ત્યારે ત્યાં પણ એ વહેલી સવારે પૂજામાં આવી પહોંચ્યો હતો. એને પણ સ્વામીશ્રીના સ્વરૂપમાં - હાસ્યમાં હેત થઈ ગયું હતું.

આજે ઉકાળો પીતાં પીતાં સ્વામીશ્રીએ પૂછ્યું : 'એ છે કે નહિ...?' કારણ, હમણાં એ દેખાયો નહોતો. સંબંધમાં આવેલા એક અલ્પ જીવ ઉપર કેટલી દયા !

અક્ષર ભવનમાં એક શ્વેત વસ્ત્રધારી સાધારણ બાવો આવેલો. સ્વામીશ્રીનાં દર્શન કરી એણે કંઈક માંગણી કરી. ભક્તોને ખબર પડી કે 'આ પૈસા લેવા આવ્યો છે.' એટલે સૌએ એને મંદિરમાંથી નીચે ઉતારી મૂક્યો. પણ સ્વામીશ્રીએ મગનભાઈ ખત્રીને એની પાછળ દોડાવ્યા અને છસો રૂપિયા એને જોઈતા હતા તે અપાવ્યા. સ્વામીશ્રીની કરુણા આગળ સૌ ઝાંખા પડી ગયા.

ભગતજી મહારાજના જન્મ સ્થાનના જીર્ણોદ્ધારની વાત ચાલતી હતી. ભગતજી મહારાજ અઢેલીને બેસતા એ થાંભલો બાંધકામમાં વચમાં આવતો હતો. એટલે કોઈએ 'એ થાંભલો ફેરવવો કે નહિ ?' એ સંબંધી પૂછ્યું. તરત સ્વામીશ્રીએ સમાધાન કર્યું : 'થાંભલો જ્યાં છે ત્યાં જ રાખવાનો, જરાપણ ફેરવવો નહિ.'

બ્રહ્મમહોલની ચૈતન્ય લીલા

આગલી રાત્રે સ્વામીશ્રી, જે બહારના ઓરડામાં પોતે રોજ પૂજા કરતા હતા, ત્યાં પોઢ્યા હતા. ઘણી વાર મોડી રાત સુધી સ્વામીશ્રીના ઓરડામાં ઘોંઘાટ બહુ સંભળાતો. એટલે બહાર સૂવા પધારતા અને એ ઓરડાનું નામ જાતે 'બ્રહ્મમહોલ' પાડ્યું હતું.

અમદાવાદમાં એ વખતે કોમી રમખાણ ચાલતું હતું. સ્વામીશ્રી એના સમાચાર રોજ પૂછતા. આજે રાત્રે ઉકાળો પીધા પછી, અમદાવાદમાં વાતાવરણ શાંત થઈ જાય – એ નિમિત્તે ધૂન કરાવી હતી.

સ્વામીશ્રીને જલદી આરામ થઈ જાય એ હેતુથી રોજ રાત્રે સભામાં સંતો-હરિભક્તો ધૂન કરતા હતા. પૂજામાં દંડવત્ તથા પ્રદક્ષિણા બંધ કરવા ડૉક્ટરોએ સ્વામીશ્રીને ખાસ ભલામણ કરી હતી. જે સ્વામીશ્રીએ ન છૂટકે, બહુ કચવાતા મને સ્વીકારી હતી.

શું કામ મોળું વાટવું ?

તા. ૨૨મીએ જળઝીલણીનો સમૈયો 'ગેટ વે ઑફ ઇન્ડિયા' ઉપર દર વર્ષની માફક ઊજવ્યો હતો. સ્વામીશ્રી નહોતા આવી શક્યા, પણ બાલમુકુંદ સ્વામી, મહંત સ્વામી વગેરેને મોકલ્યા. ત્યાગવલ્લભ સ્વામી રોકાયા હતા. તેમને પણ આજ્ઞા કરી : 'સમૈયો કરી આવો, દરિયાની હવા ખાઈ આવો.'

ગણેશોત્સવમાં લોકો ધામધૂમ કરે છે, તો આપણા સમૈયામાં પણ બૅન્ડ-વાજાં જોઈએ – એવો આગ્રહ સ્વામીશ્રી રાખતા. ભાડે બૅન્ડ લાવવાની પણ મરજી બતાવતા.

છેલ્લાં દસ વર્ષથી સત્સંગના રંગે રંગાયેલા આઈત્યા સોમાએ સુશોભિત હોડીમાં સંતો સહિત ઠાકોરજીને જળવિહાર કરાવ્યો. આ મૂકસેવકે પોતાનો માછીમારનો ધંધો સંપૂર્ણ છોડી દીધો હતો. શુદ્ધ શાકાહારી થઈ ગયા હતા. પોતે જીવનનિર્વાહ પૂરતી તેમની હોડી દરિયામાં ફેરવવા ભાડે આપતા અને તન, મન, ધનથી ખૂબ સેવા કરતા. સ્વામીશ્રીએ તેને ઘેર પધરામણી કરી હતી.

બપોરે ૩-૩૦ વાગે અમે પાછા આવ્યા ત્યારે સ્વામીશ્રી કહે : 'મેં આજે ચાર સમૈયા કર્યા – ગોંડલ, સારંગપુર, અહીંનો ને ભાદરાનો. ભાદરાની ઊંડ નદીમાં સમૈયો કર્યો.'

'બાપા ! હોડી લાવ્યા હતા ?' અમે પૂછ્યું.

'હા, મોટી સ્ટીમર હતી, ને તેમાં મહારાજ ને અનંત કોટિ મુક્તો બેસાડ્યા હતા. શું કામ મોળું વાટવું ?' એમ કહી હસવા લાગ્યા.

માંદગીને કારણે સ્વામીશ્રી સમૈયામાં હાજર રહી ન શક્યા, પણ માનસીમાં 'સમર્તિ'(સ્મૃતિ)નો સમૈયો મન મૂકીને અતિ ઉત્સાહપૂર્વક ઊજવ્યો !

રાતે સંતોએ એમના ઉતારા પાસે મોટી કથરોટમાં પાણી ભરી, સ્વયં સંચાલિત નાની હોડીમાં ઠાકોરજીના વિહારનાં દર્શન સ્વામીશ્રીને કરાવ્યાં.

ઉપાસના-મંદિરના આગ્રહી નિર્માતા

આ અરસામાં નિર્મળસિંહ રાણા, કલકત્તામાં બિલાડાના દીવાન સાહેબ માધવસિંહની સાથે રહેતા અને એરોનોટિક એન્જિનિયરીંગની ટ્રેનિંગ લેતા હતા. સ્વામીશ્રી કલકત્તા હરિભક્તોને દસ-પંદર દિવસે મંદિર કરવા માટે પત્રો લખતા.

આ કાર્યના અનુસંધાનમાં નિર્મળસિંહે 'સેવા કરવાનું બળ મળે અને મંદિર માટે જમીન લેવાઈ જાય,' તેના આશીર્વાદ મેળવવા માટે સ્વામીશ્રીને પત્ર લખ્યો. જેના પ્રત્યુત્તરમાં સ્વામીશ્રીએ તેમને જ મુંબઈ તેડાવ્યા.

સ્વામીશ્રીના સ્વાસ્થ્યને લક્ષ્યમાં રાખી દૂરથી જ દર્શન કરવાનાં હતાં. મુલાકાત શક્ય ન હતી. મોટેરા હરિભક્તો સ્વામીશ્રીની રૂમની બહાર બેસી રહેતા. સૌને માટે પ્રવેશ બંધ હતો.

પરંતુ સ્વામીશ્રીએ જાતે જ તેમને રૂમમાં બોલાવી, બહુ હેત કર્યું અને મંદિર માટે બળની વાત કરી.

પછી સ્વામીશ્રીએ એકાએક પૂછ્યું : 'તમને કેટલો પગાર પડે છે ?'

તેમણે કહ્યું : 'અત્યારે ટ્રેનિંગમાં કશું ન મળે.'

'ઘરેથી કેટલા મોકલે છે ?' સ્વામીશ્રીએ વળતો પ્રશ્ન પૂછ્યો.

'મહિને બસો રૂપિયા.'

'કેટલા ભેગા થયા છે ?'

નિર્મળસિંહે પ્રત્યુત્તર આપતાં કહ્યું : 'બાપા ! ખર્ચમાં બસો પૂરા પડતા નથી. પરંતુ મારે અમેરિકા ભણવા જવાની ઇચ્છા છે, તેની ટિકિટના સાત હજાર રૂપિયા પડ્યા છે.

'આપણે શરૂઆત કરીએ તો બધા ભળે.' સ્વામીશ્રીએ પોતાની ઇચ્છા વ્યક્ત કરી.

'હું અને કનુભાઈ રોજ મળીએ છીએ.' તેમણે જણાવ્યું.

'પણ તમે શરૂઆત કરો તો બધા ભળે ને !'

અત્યાર સુધી સ્વામીશ્રીએ આટલા ઊંડાણથી બધી પૂછપરછ કરી, તેનું કારણ હવે તેઓ સમજ્યા કે સ્વામીશ્રી આ સાત હજાર રૂપિયા આપવાનું કહે છે. તેથી તેમણે કહ્યું : 'બાપા ! આ વસંત પંચમીની સભામાં હું સાત હજાર રૂપિયા આપી દઈશ.'

સ્વામીશ્રી કહે : 'દાજી બાપુ ધખશે તો ?' એમ કહી હસવા લાગ્યા !

પ્રત્યુત્તરની રાહ જોયા વિના જ સ્વામીશ્રીએ કહ્યું : 'જમીન લેવાય એટલે ખાતમુહૂર્ત કરવા અમે આવીશું. પછી તરત પ્રતિષ્ઠા કરવી છે. પાયા યુવકોએ ખોદવા. મજૂરોને બોલાવવા નથી.'

પછી પાણી મગાવીને દેરીનાં પુષ્પ નાખી, પોતાની આંગળી બોળી સ્વામીશ્રી કહે : 'આ પ્રસાદીનું પાણી પાયામાં નાખજો.'

નિર્મળસિંહ હાર લાવ્યા હતા, તે હાર સ્વામીશ્રીને પહેરાવ્યો. સ્વામીશ્રીને નબળાઈ ઘણી હતી. પરંતુ તેમણે ઊભા થવા માટે કોશિશ કરી એટલે મેં તથા એક યુવકે સ્વામીશ્રીને ઊભા કર્યા.

સ્વામીશ્રીએ ધાર્મિક વિધિ કરતા હોય તેમ પ્રસાદીનું જળ તેમના હાથમાં આપી સંકલ્પ કરાવ્યો.

નિર્મળસિંહે તક ઝડપી ટાણાની સેવા કરી, સ્વામીશ્રીનું વચન અધ્ધર ઝીલ્યું, તેથી સ્વામીશ્રી ખૂબ રાજી થયા. તેમના ભાઈ માધવસિંહ દીવાન સાહેબે પણ સ્વામીશ્રીની આજ્ઞાથી એટલી જ સેવા કરી.

એ પછી કલકત્તામાં ખરડો શરૂ થતાં ભગવાનદાસ અજમેરા (પાનુભાઈના પિતાશ્રી), નંદલાલકાકા, દલપતભાઈ અજમેરા, કાનજીભાઈ શેઠ, પ્રવીણભાઈ શેઠ, મણિભાઈ મહેતા, પ્રસન્નવદન બક્ષી, કનુભાઈ ફડિયા વગેરે હરિભક્તો ભળ્યા અને મંદિરની જમીન લેવાઈ ગઈ.[૨૪]

---

૨૪. સ્વામીશ્રી પરદેશથી પધાર્યા. એમનું સ્વાસ્થ્ય સારું ન હતું, પણ એમનો પત્ર કલકત્તા આવ્યો : 'કલકત્તામાં જમીન લેવાઈ ગઈ છે. ખાતમુહૂર્તનું નક્કી થઈ ગયું છે. પ્રમુખસ્વામી ખાતમુહૂર્ત કરવા પધારે છે, તો અમે આવ્યા બરાબર સમજજો. સર્વોપરી મંદિર થઈ જશે.'

પ્રમુખસ્વામી મહારાજ ખાતમુહૂર્ત કરવા પધાર્યા. સાક્ષાત્ સ્વામીશ્રી પધારતા હોય તેવી જ અનુભૂતિ સૌને થઈ. મંદિરનો પ્રારંભ થઈ ગયો.

'આનંદ-વિજયના ડંકા'

સંધ્યા ટાણે સંતો સ્વામીશ્રીના પગે માલિશ કરતા હોય, બીજું કોઈ ઓરડામાં હોય નહિ. સ્વામીશ્રી આ સમયે અચૂક કંઈ ને કંઈ વાતો ઊખેળતા. કંઈ સૂચનો પણ આપતા. ટકોર પણ કરતા. એક વખત કહેવા લાગ્યા : 'સવારે આરતીમાં નગારું વગાડવું. મહાપૂજામાં વગાડવું.'

'છગનભાઈ ના પાડે છે.' સેવકે કહ્યું.

'શું કામ ના પાડે છે ? એમાં મને કાંઈ તકલીફ નથી. આરતીમાં નગારું વાગવું જ જોઈએ. જુઓ, આ ગણપતિવાળા અવાજ નથી કરતા ? (સામે નિશાળમાં ઊજવાતા ગણેશ મહોત્સવમાં રેકોર્ડ્સ મોટેથી વાગતી હોય એ અવાજ). એમાં કાંઈ નહિ.' એમ દલીલ કરી, આરતીમાં નગારું વગાડવાનું ચાલુ કરવાની બહુ ભલામણ કરી.

આરતી પ્રસંગે ઘંટડી, ઝાલર, નગારું ને ઘંટારવ થવો જ જોઈએ, એવો સ્વામીશ્રીનો ખાસ આગ્રહ રહેતો. પોતે મહાપૂજામાં બેઠા હોય તો ઘંટાનાદ વારે વારે કરે. ગોંડલ શાસ્ત્રીજી મહારાજના ઓરડામાં દર્શને જાય, ત્યાં ઘંટડી પડી હોય તો તુરત વગાડે. સભામંડપમાં ઠાકોરજી પાસે પણ દર્શન કરતાં બાજુમાં પડેલી ઘંટડી હાથમાં લઈ અચૂક વગાડે. કોઈ વિધિ-કર્મકાંડ ચાલતો હોય તોપણ ઘંટડી ઉપર એમની પહેલી નજર પડે અને જરૂરથી વગાડે. ઘંટાનાદ-ડંકાનાદના પ્રિય સ્વામીશ્રી હંમેશાં દરેક કાર્યમાં બ્રહ્મનાદ કરતાં કહેતા કે 'ડંકો મારવો છે !' કોઈ કામ મોળું એમને ગમતું નહિ, એટલે ઉત્સાહના ડંકા વારંવાર પોતે વગાડતા અને સૌને જાગ્રત રાખતા.

સેવા લાખોની ને તેજ તાંદુલના

તા. ૨૪મીએ ઠાકોરજીના રૂમમાં સ્વામીશ્રી પ્રાતઃપૂજા કરી રહ્યા હતા. વજુભાઈ શેઠ દર્શને આવ્યા. તેમના પુત્ર સુમને અમેરિકાથી પત્ર લખેલો તે તેઓ સાથે લાવ્યા હતા. પૂજા પછી તેમણે સ્વામીશ્રીને તે પત્ર આપ્યો ને કહે : 'સુમન લખે છે કે હું અહીં અમેરિકામાં ધર્મ-નિયમ પાળું છું.'

સ્વામીશ્રી એકદમ રાજી થઈ ગયા. હાથમાં પત્ર લઈ કુતૂહલથી જોવા લાગ્યા ને કહે : 'આ કાગળ સભામાં વાંચો.' પત્ર વંચાઈ રહ્યો એટલે કારણ સમજાવતાં કહે : 'સાંભળો, આ કાગળ સભામાં કેમ વંચાવ્યો ? શું કારણ ? કે

આટલે દૂર દેશમાં રહે છે તોય નિયમ-ધર્મ પાળે છે. તે શાથી રહે ? તો મોટા-પુરુષની દૃષ્ટિ અને પ્રેરણાથી રહે.' એમ કહી ખૂબ રાજીપો વ્યક્ત કર્યો.

હર્ષદભાઈ કહે : 'બાપા ! આ સુમન વજુભાઈ શેઠનું સારંગપુરના સોનાના સિંહાસનનું દેવું વાળશે.'

સ્વામીશ્રી તરત જ બોલી ઊઠ્યા : 'એ તો વજુભાઈ પાસે જ કરાવવું છે.' એમ કહેતાં તેમને પ્રસાદીનો હાર પહેરાવ્યો. ને કહે : 'સુદામાનાં તાંદુલ અને વિદુરની ભાજી બધા યાદ કરે છે.'

'તો પછી બાપા ! વજુભાઈ તાંદુલ જેટલી સેવા કરશે.' હર્ષદભાઈએ ગમ્મતમા કહ્યું.

સ્વામીશ્રી તરત જ બોલ્યા : 'ભગવાન અને મોટાપુરુષ આગળ તો ગમે તેટલા લાખો રૂપિયા તોડી નાખે (ખર્ચ કરે) તોય તે તાંદુલ બરાબર જ છે !'

સ્વામીશ્રીની આ મહિમાસભર વાતથી સૌ આશ્ચર્યચકિત થઈ ગયા. અને સેવાનો સાચો હાર્દ સમજ્યા.

અલૌકિકતાની આરપાર

તા. ૨૫મીએ બપોરની કથામાં વચનામૃત વર. ૧૩મું વંચાતું હતું. એમાં મહારાજની મૂર્તિનું વર્ણન આવ્યું : '...અને હસ્ત કમળે કરીને એક દાડમનું ફળ ઉછાળતા હતા.' એ સાંભળી સ્વામીશ્રી તુરત બોલ્યા : 'કેવી મજા આવતી હશે ! મહારાજ કેવા શોભતા હશે !'

'અત્યારે પણ એ જ સુખ આવે છે.' નારાયણ ભગતે કહ્યું.

'મંદવાડમાં શું સુખ આવે ?'

'આંબો તે આંબો. લીલોયે આંબો ને સૂકોયે આંબો.' નારાયણ ભગત બોલ્યા.

વચનામૃતમાં આગળ શબ્દો આવ્યા : 'તે ભગવાનની મૂર્તિ દેખવામાં તો મનુષ્ય સરખી જ આવતી હોય, પણ એ અતિશય અલૌકિક મૂર્તિ છે.'

આ સાંભળી સ્વામીશ્રી એકદમ બોલ્યા : 'ઈ મુદ્દો પાછો પકડ્યો.' એમ ભાર મૂકતાં રહસ્ય સમજાવ્યું કે મનુષ્યરૂપમાં અલૌકિકતા જોવી. નારાયણ ભગતના કથનને માર્મિક રીતે સમર્થન આપ્યું.

થર થર ધ્રૂજત રહત વચન મેં

ઊંઘના એક ઈલાજ તરીકે ડૉક્ટરોએ સ્વામીશ્રીને બદામ, ઈલાયચી અને

સાકર ખાવા સૂચવ્યું. આજે ડૉક્ટરોની હાજરીમાં એ પ્રયોગ કર્યો. ધીરે ધીરે જાણે મમળાવતા હોય એમ ચાવતાં ચાવતાં એકાદ બદામ, ઈલાયચી ને સાકર જમતા હતા. પછી પોતાની લાક્ષણિક શૈલીમાં હાથ ઊંચો કરીને ડૉક્ટરોને બદામ વગેરે વહેંચવા લાગ્યા. પછી જાણે બીતાં બીતાં બોલતા હોય એમ પૂછવા લાગ્યા : 'જિંદગીમાં પહેલી વાર બદામ ખાધી ! કોઈ દી' ખાધેલી નહિ. વાંધો તો નહિ ને ? ઈલાયચી પણ ખાધેલી નહિ. નિયમ ખરો ને ! કંઈ બાધ નહિ ને ?'

એવા તો નિર્દોષભાવે સ્વામીશ્રી પૂછી રહ્યા હતા કે જાણે કોઈ મોટો અપરાધ ન થઈ ગયો હોય !

'બાપા ! આ તો દવા તરીકે છે. એમાં કાંઈ વાંધો નહિ.' ડૉ. ભગુભાઈએ નમ્રતાથી કહ્યું. ત્યારે સ્વામીશ્રીએ થોડી હાશ અનુભવી; પણ ફડકો સંપૂર્ણ તો મટ્યો નહિ. અલ્પ વચનના પાલન ઉપર પણ આટલું તાન !

એક દિવસ સ્વામીશ્રી ઉકાળો પી રહ્યા હતા. એવામાં કોઈએ ક્રિકેટની વાત કરતાં કહ્યું કે 'અહીં મેચ છે.'

અત્યંત દુર્લક્ષતાથી સ્વામીશ્રી બોલ્યા : 'ગામ હોય ત્યાં ઢેઢવાડો હોય !'

'ડૉક્ટર સ્વામી ક્રિકેટ રમતા.' કોઈ ફરી બોલ્યું.

'ઈ દાટી દેવું, સંભારવું નહિ.' એમ કહેતાં ક્રિકેટની વાત ઉપર ઘણો અણગમો બતાવ્યો.

એક વાર એક મોટા હરિભક્ત ક્રિકેટ મેચ જોવા ગયા હતા અને સ્વામીશ્રી મુંબઈમાં હતા. તે રાત્રે સભામાં સ્વામીશ્રીએ તેમને ઠપકો આપ્યો હતો.

ભગવાનને ભૂલીને જગતની રમત-ગમતમાં મન જાય એ સ્વામીશ્રી કેમ સાંખી લે ?

ફાયદાના ગણિતજ્ઞ

બીજે દિવસે સવારે પૂજામાં માણેકલાલ શેઠ બહુ પ્રસાદ લાવ્યા. બદામ-પૂરી, પેંડા વગેરે. સ્વામીશ્રીએ પૂજા કરતાં કરતાં વિનોદભાઈને પૂછ્યું : 'આટલું બધું શું છે ?'

'આજે અમારા નાના બાબાનો જન્મ દિવસ છે.'

'બીજું કાંઈ છે ?' બે વાર પૂછ્યું. વિનોદભાઈ કાંઈ બોલ્યા નહિ. પછી ધીરેથી કહે : 'આજે મારાં માતુશ્રીની તિથિ છે.'

'એમ કહો ને !' વાતનો મેળ મળતાં સ્વામીશ્રી વિશેષ પ્રસન્ન થયા અને

કહે : 'આપણે માંદા પડ્યા તે ત્રણ ફાયદા થયા. એક તો રસોઈના ઢગલા. બીજું, પ્રસાદના ઢગલા. ને ત્રીજું, સૂવાના ઢગલા !' એમ કહી આખી સભાને ખડખડતી કરી મૂકી.

દરેક વાતમાં સ્વામીશ્રી કંઈ ને કંઈ ફાયદાઓ ગોતી કાઢતા અને સૌને આનદ કરાવતા.

સર્વધર્માન્ પરિત્યજ્ય

બપોરે ઠાકોરજી જમાડતાં સ્વામીશ્રીએ વાત કાઢી કે 'અમે તો લોટો પાણી ભરી રાખીએ. હાથ એંઠા થાય એટલે ધોઈને એક કકડો રાખીએ તે લૂઈ નાંખીએ. વર્ણાશ્રમ ધર્મ (એંઠું-જૂઠું) બરાબર પાળવાના.'

'ચચાણામાં આપનું વેલણ, પાટલી વગેરે છે.' મેં કહ્યું.

'અમે તો ગામડે ગામડે રસોઈ કરી છે. અમે સાથે ચાળણી, વેલણ ને બે ગરણાં - એક લોટ ચાળવા ને એક દાળ-ચોખા સાફ કરવા રાખીએ. નામ લખી રાખીએ, ને પછી કામ થઈ જાય એટલે ખંખેરીને મૂકી રાખીએ. આટલી વસ્તુ સાથે રાખવાની જ.'

રસોઈની વાત નીકળી એટલે પોતે કહેવા લાગ્યા : 'અમે પહેલાં ભીંડાનું શાક ખાતા.'

'સરગવાની શીંગ.' અમે યાદ કરાવ્યું.

'હા, એ પણ. બડથલ કરતા. તુવેર હોય તે બાફીને ખાંડી નાખીએ ને પછી ચણાનો લોટ, મીઠું-મસાલો કરીને સરસ બનાવીએ.'

'મગ ભાવે ?'

'હવે નહિ.'

'સર્વધર્માન્ પરિત્યજ્ય.' સ્વામીશ્રીએ સર્વ પરિત્યાગની વાત કરી, વાતને ટાળી દીધી.

વાર્તાલાપમાં એમની કળાને કોઈ ન પહોંચે. જેટલું કહેવું હોય, એટલું જ કહે. ઓછું પણ મુદ્દાસર બોલે. આડી-અવળી વાત લંબાવે નહિ. માનસશાસ્ત્રના મર્મજ્ઞ હોય એમ એવી કળાથી વાત કરે કે વાતની ધારી અસર સાંભળનાર ઉપર પડે જ ! 'પબ્લિક સ્પીકિંગ'નો કોર્સ એમણે કર્યો નહોતો, છતાં સભામાં વાત કરવાની એમની છટા ને ભાવ સૌને રંજન કરી દેતા. સભા પ્રમાણે વાત અને વિષય છેડે. વીસ કે પચ્ચીસ મિનિટથી વધારે વાત ન કરે. બહુ મોટી સભા

હોય ને મોડું થતું હોય તો પાંચ મિનિટ જ બોલે, પણ સૌનાં મન જીતી લે. વચનામૃતના કથા પ્રસંગમાં ક્યારેક મુદ્દાની વાતો કાઢે, પણ પિસ્તાલીસ મિનિટથી વધારે તો નહિ જ. એમનું પ્રવચન કે પછી વાર્તાલાપ સદા આનંદ-દાયક અને પ્રેરક બની રહેતા, ત્યારે સૌને આ સર્વજ્ઞ પુરુષનો મહિમા સમજાતો. કારણ, સભામાં બેઠેલા સૌનાં મનની કિતાબ ખૂલી જતી; મુઝવણો દૂર થતી; સંશયો છેદાઈ જતાં; અને પ્રેરણાનાં પીયૂષપાનથી શાશ્વત શાંતિનો અનુભવ થતો.

તમને જોઈને શાંતિ થાય છે

સાંજે સુનીલભાઈ દમણિયા પાસે લાંબા શ્વાસ લેવાનું શીખતા હતા. મહાપરાણે ત્રણ ઊંડા શ્વાસ લીધા. નાના બાળકની જેમ સ્વામીશ્રીએ આ પ્રક્રિયા કરી બતાવી.

ઉકાળા-પાણી પછી રાત્રે પલંગમાં બિરાજ્યા અને જાતે કહેવા લાગ્યા : 'હવે સારું થતું જાય છે. પહેલાં બોલાતું નહોતું, હવે બોલાય છે. સ્વામી ધારે તો એક દી'માં સારું થઈ જાય. સ્વામીએ (શાસ્ત્રીજી મહારાજે) છ્યાંશી વર્ષ દેહ રાખ્યો. અટલાદરામાં માંદા હતા તે વૈદ્યે ના પાડી કે આરામ કરજો, પણ બીજે દિવસે સ્વામી સવારે સારંગપુર જતા રહ્યા. સ્વામીએ ગોરિયાદમાં કહેલું : 'વૈશાખ સુદ ચોથને દિવસે કે છ્યાંશી વર્ષે દેહ પડશે. હું ધામમાં જઈશ ત્યાં સુધી મને કંઈ થવાનું નથી.' સ્વામીને માંદગી આવી નથી. ત્રણ જગ્યાએ આરામ કર્યો ને પછી ધામમાં પધાર્યા. ને મને કહેલું કે 'એક તમને જોઈને શાંતિ થાય છે.'

તા. ૨૮મીએ સવારે અને સાંજે પ્રથમ જ વાર સ્વામીશ્રીએ યુવકો, બાળકો તથા હરિભક્તોને પોતાના આસને બિરાજી, લાઇનમાં સૌને દૂરથી દર્શન આપ્યા હતા.

❀ ❀ ❀



મહિમા વધ્યો સમુદ્ર કો...

તા. ૩૦મીએ પારલા-જૂહુ સ્કીમમાં દક્ષિણ આફ્રિકાવાળા રજનીકાંતભાઈ પટેલના બંગલે વિશેષ આરામ માટે પધાર્યા. મુંબઈમાં રહેતા એમના સાળા કનુભાઈ અમીન તથા દિલીપભાઈએ બધી વ્યવસ્થા કરી હતી.

મૂળ વસોના કનુભાઈ અમીનને વૈષ્ણવ સંપ્રદાયના સંસ્કાર, છતાં કૉલેજ જીવનમાં 'સાધુ-સંન્યાસીઓ સમાજને બોજારૂપ છે,' વગેરે માન્યતાઓ અને ભ્રાંતિઓ તેમને રહ્યા કરે. પાછળથી જ્યારે જ્યારે સ્વામીશ્રી મુંબઈ હોય ત્યારે પારલામાં ગોરધનદાસ શેઠના બંગલાની સામે કન્યાશાળાના હૉલમાં સભા સમયે કનુભાઈને સ્વામીશ્રીનાં દર્શન થતાં. પરંતુ પડાપડી કરતા ભક્તો અને પોતાની વ્યાવહારિક મુશ્કેલીઓ કહી સ્વામીશ્રીના ધબ્બા દ્વારા આશીર્વાદ મેળવતા ભાવિકો તેમજ ધબ્બો આપતી સ્વામીશ્રીની મૂર્તિમાં કનુભાઈને નર્યો દંભ દેખાતો.

આ અરસામાં તેમણે શરૂ કરેલ એક ગૃહ સોસાયટીમાં શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર ભક્ત જશભાઈ અમીનના પુત્ર દિનકરભાઈ હંમેશાં આવતા. તેમના કારણે અવારનવાર સ્વામીશ્રીની વાતો નીકળે. તે મહિમાની વાતોથી કનુભાઈનું સ્વામીશ્રી વિશેનું કુતૂહલ વધતું ગયું. 'સ્વામીશ્રી બીમાર છે, હવાફેર કરાવવાની ભક્તોની ઇચ્છા છે,' વગેરે વાતો સાંભળતાં કનુભાઈએ વિચાર્યું કે આ સેવા આપણાથી થઈ શકે ખરી.

તેમણે સાંભળેલું કે સ્વામીજી હવાફેરની વાત નીકળે ત્યારે દરિયા કિનારાનો આગ્રહ રાખે છે. તેમણે વાતવાતમાં દિનકરભાઈને કહ્યું કે 'મારા બનેવી રજનીકાંતભાઈનો બંગલો ખાલી જ છે. તેઓ આફ્રિકા રહે છે ને મને બંગલો સોંપીને ગયા છે. તો આપણે તેમાં સ્વામીજીને બોલાવીએ.'

દિનકરભાઈએ વાત આગળ ચલાવી અને બીજા અનેક ભક્તોના આગ્રહ છતાં રજનીભાઈનો સુંદર સગવડવાળો બંગલો સ્વામીશ્રીએ પાવન કર્યો.

જૂહુની આ ભૂમિ જાણે ઘણા કાળથી સંતચરણાંકિત થવા રાહ જોતી હોય તેમ તે ઇચ્છા પૂરી થઈ અને સ્વામીશ્રી આજે આ બંગલામાં પધાર્યા.

આડા સૂશું !

બપોરે જમતાં પહેલાં મકાનમાં જુદા જુદા ઓરડા, કમ્પાઉન્ડ તથા બાગમાં વ્હીલચૅર-ખુરશીમાં બેસીને ફર્યા. પછી જમવા બિરાજ્યા. એવામાં કેશવચંદ્ર અમીન દિલ્હીથી હરિભક્તોનાં પત્રો, ફળફળાદિ તથા સમાચાર લઈને આવ્યા. સ્વામીશ્રી બહુ રાજી થયા. દૂર દૂરના હરિભક્તો પત્રો દ્વારા સ્વામીશ્રીને મળે એમા પણ એમને બહુ આનદ જણાતો.

અહીં ખાસ કોઈ સંતો, હરિભક્તોને આવવાની છૂટ રાખી ન હતી. એમાં પણ જમતી વખતે તો કોઈ સાથે બેસે જ નહિ. નહિ તો સ્વામીશ્રી પોતાની ટેવ મુજબ બીજાને જમાડે, પણ પોતે કશું જમે જ નહિ.

સ્વામીશ્રીએ કેશવચંદ્ર અમીનને જમીને જવા કહ્યું. શિસ્તના આગ્રહી અમીને કહ્યું કે 'હું અત્યારે નથી જમતો.'

પોતાના હાથનું લટકું કરતાં સ્વામીશ્રી એકદમ બોલ્યા : 'જમવું પડશે. આડા સૂશું !' એમ આગ્રહ કરી, પ્રસાદી આપી જમાડ્યા. બીજાનાં સુખમાં જ સ્વામીશ્રીએ પોતાનું સુખ માનેલું હતું.

સાંજે ઉકાળો પીધા પછી સભા ભરીને બેઠા હતા. સભામાં ગોરધનભાઈ હાથીભાઈનો ડ્રાઇવર બેઠો હતો. સ્વામીશ્રીએ એને પૂછ્યું : 'આજે ન આવ્યા (ગોરધનભાઈ) ?'

'આજે તબિયત સારી નથી ને, એટલે નથી આવ્યા.'

'એમને ગમે ત્યારે અહીં (દર્શને) લાવવા. (સામાન્ય રીતે આખો દિવસ આવવાની બંધી હતી). જૂના છે. એમણે શાસ્ત્રીજી મહારાજની બહુ સેવા કરી છે. ત્યારે કોઈ ન હતું. એ એકલા હતા.' સ્વામીશ્રીએ બહુ ભાવવાહી ભાષામાં ગોરધનભાઈની પ્રશંસા કરી. શાસ્ત્રીજી મહારાજના મળેલા ખરા ને !

'ઈ કો'...

અહીં જૂહુ સ્કીમમાં કનુભાઈ અમીનના બનેવી, 'જો'બર્ગના રજનીકાંતભાઈના સુંદર બંગલામાં સ્વામીશ્રીનો ઉતારો હતો. છતાં સ્થાનિક હરિભક્તો દીનુભાઈ અમીન વગેરેને સ્વામીશ્રી પૂછવા લાગ્યા : 'અહીં કોણ

કાર્યકર્તા છે ? બધું કોણ લાવે-કરે છે ? કોણે માથે ઉપાડેલું છે ? આ લાભ મળ્યો છે તે સેવા કરી લેજો. બધાની સરભરા બરાબર કરશો. બધાને જમાડજો. જોઈતું-કરતું, નાસ્તા-પાણી લાવી આપજો. ચીમનભાઈ, આપાભાઈ, બાલુભાઈ, આ સમૈયો છે તે લાભ લઈ લેજો. પછી 'ઈ કો' તેના જેવું ન થાય.'

એમ કહી હસતાં જાય ને વાત કરતાં જાય : 'એક ગામમાં બધા ગરાશિયા રહેતા હતા. બહારથી કોઈ મહેમાન આવ્યા. પછી ડાયરામાં બધા કહેવા લાગ્યા, 'મારે ત્યાં જમવા આવજો.' બધાંએ કહ્યું પછી મહેમાને પૂછ્યું કે 'મારે કોને ઘેર જવું, ઈ કો.' તે કોઈ બોલ્યું નહિ. એમ ન કરવું.' સ્વામીશ્રીએ આ વાત કરી, સૌને ખૂબ ગમ્મત કરાવી અને સેવામાં પ્રેર્યા.

આણંદથી શાંતિભાઈ દૂધવાળાના નાનકડા પુત્ર શંભુભાઈ અહીં સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. ઠાકોરજી જમાડ્યા પછી સ્વામીશ્રીએ એક સંતને આજ્ઞા કરી : 'આ નાના શંભુભાઈને મુંબઈ બતાવો.'

સંતે કહ્યું : 'બાપા ! હરિભક્તો બધા ચાલ્યા ગયા છે. કોઈ મોટર નથી. એટલે કાલે બતાવીશું.'

સ્વામીશ્રી કહે : 'કાલે તો રવિવાર છે, રવિવારે શું જોવાનું હોય ? આજે જ બતાવો ! ફોન કરીને મોટર મંગાવો.'

જગતથી તદ્દન વિરક્ત એવા સ્વામીશ્રી મહાન માનસશાસ્ત્રી હતા. એક બાળકના મનની ઇચ્છાઓ જાણી તેની ભાવના પૂર્ણ કરતા. આમ, નાના-મોટા સૌને ભગવત્ સન્મુખ કરતા.

અહીં કૃષ્ણશંકર શાસ્ત્રી પણ અવસર મળતાં અવારનવાર દર્શને આવી જતા. રવિવારની યુવક મંડળ, વડીલ મંડળની સભાઓ પણ આ બંગલામાં જ રખાઈ. આમ, આ મકાન તીર્થસમું બની ગયું. ડૉક્ટરોની સૂચનાથી બપોરે તથા રાતે સ્વામીશ્રી સભામાં દસથી પંદર મિનિટ દર્શન આપતા. ક્યારેક બે-ત્રણ મિનિટ માટે જ્ઞાનવાતો પણ કરી લેતા.

હાઈકોર્ટ

એક દિવસ વહેલી સવારે સ્વામીશ્રીએ અમારી પાસે વાત કરતાં કહ્યું :

'ગોંડલની મહાપૂજાની સેવામાંથી કોઈ વસ્તુના બિલના પૈસા ન કાપવા (ચુકવવા). ગોંડલનું આપણે વધારવું છે. તે હાઈકોર્ટ છે. ત્યાં સેવા કરે તો બધા વધે.

'શાસ્ત્રીજી મહારાજે મને આજ્ઞા કરી હતી કે 'ગોંડલની મહાપૂજા કરાવજો.' તે આજ્ઞા પાળું છું. મેં મારા માટે એકે પાઈ માગી નથી. કુબેરભાઈ કહેતા : 'જોગી ખરા સાધુ છે, સાધુ બહુ સારા, આટલાં વરસથી સાથે ફરીએ છીએ, પણ કંઈ માગતા નથી.'

'મારે આઠેય મંદિર સરખાં છે. સારંગપુરનું સિંહાસન કરાવ્યું; અટલાદરા મંદિરનું સિંહાસન કરાવી દીધું; દાદર મંદિરે રસોઈ, ધોતિયાંની સેવા કરાવું; ગઢડા તથા સારંગપુર મંદિરમાં દર મહિને ગોંડલથી હજાર-હજાર થાળ માટે મોકલાવું છું.

'મેં બધા સદ્‌ગુરુની સેવા કરી છે. વાસણ ઊટક્યાં છે. શાસ્ત્રીજી મહારાજ કહે તેમ કર્યું છે. જો ફરી સાજો થઈ જાઉં, તો ફરી સેવા કરવા મંડી પડું. મોટા-સ્વામીની સેવામાં ગોંડલથી સાધુ આપ્યા. ઘનશ્યામ સ્વામીને શ્વેતવૈકુંઠ આપ્યા, અક્ષર સ્વામીને બાલમુકુન્દ સ્વામી આપ્યા. મારી સાથે આફ્રિકા સેવામાં આવવાના હતા, પણ બોચાસણ તેમની સેવામાં રાખ્યા. આમ, બધાની સેવા જ કરી છે.'

માંદામાં ફર્સ્ટ !

તા. ૧-૧૦-'૬૯, રાત્રે આરામમાં પધારતાં પહેલાં સ્વામીશ્રીએ યાદ કર્યું : 'કિશોરભાઈને નાસ્તો કરાવજો.' પોતે ગોળી લેતાં કહ્યું : 'આપણે આ (દવાનો) નાસ્તો.' એમ કહી હસ્યા. વળી કહે : 'કાલે ગાંધી જયંતી, બહુ મોટો ઉત્સવ. ગાંધીજીએ સ્વરાજ્ય અપાવ્યું.'

'બાપા ! આપે માળા ફેરવીને અપાવ્યું.' એક સેવકે કહ્યું.

'ના, શાસ્ત્રીજી મહારાજે અપાવ્યું. અમે તો દેરીમાં પચીસ માળા ફેરવતા, શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદથી મળ્યું. પણ હવે રહેશે નહિ !'

પછી અત્યારના ભણતરની વાત નીકળી. સ્વામીશ્રી કહે : 'અમારે તો *'પ્રભુ તને પ્રસન્ન તે કેમ થાય, તારા દિલનું કપટ કેમ જાય ?'* ને *'પ્રભુ તું એક છે, સર્જ્યો તેં સંસાર.'* (એવી કવિતાઓ આવતી).' વગેરે સ્મૃતિ કરી.

'બાપા ! આપનો પહેલો નંબર આવતો ને ?!' સેવકે પૂછ્યું.

'હા, ફર્સ્ટ.'

'અત્યારે પણ દુનિયામાં ફર્સ્ટ !'

'અત્યારે તો માંદામાં ફર્સ્ટ છે !' સૌ ખડખડાટ હસી પડ્યા. એટલે કહે : 'આમ પણ ફર્સ્ટ (દુનિયામાં) અને માંદામાં પણ ફર્સ્ટ નંબર.'

પછી ડૉક્ટરોને પ્રસાદીના હાર પહેરાવી, આશીર્વાદ આપી, વિદાય આપી. ઘણી વાર એકનો એક હાર પહેલાં ડૉ. ભગુભાઈને પહેરાવે ને પછી એ જ હાર પાછો લઈને એમના દીકરા ડૉ. મહેન્દ્રભાઈને પહેરાવે. એવું અલૌકિક ચરિત્ર કરતા. સ્વામીશ્રીનો ભાવ એવો નિર્દોષ કે સામી વ્યક્તિ ભાન ભૂલીને એમના સ્વરૂપમાં ખોવાઈ જતી.

સાંજે સ્વામીશ્રીને સ્નાન કરાવવા યુવકો આવતા. પણ એમાં એક શરત હતી. જેણે નિર્જળા ઉપવાસ કર્યો હોય, એને જ સેવા મળે. જો કોઈ નવા યુવકો સેવામાં આવે તેમને બીજે દિવસે ઉપવાસ કરવો પડે. સ્નાન કરતી વખતે સ્વામીશ્રી અચૂક પૂછે : 'આજે કોને કોને ઉપવાસ છે ?'

એક સાંજે સ્વામીશ્રીએ પિનાકીન બ્રહ્મભટ્ટની સામે જોઈને પૂછ્યું.

'બાપા ! આપે ઉપવાસ આપ્યો છે તે કર્યો છે.' પિનાકીનભાઈએ કહ્યું : 'પણ બાપા ! ડૉક્ટરે ઉપવાસ કરવાની ના પાડી છે. દવા ચાલે છે ને !'

'કિયો પૂછે છે ? ઉપવાસથી કાંઈ ન થાય.' સ્વામીશ્રીએ આત્મબળ પ્રેરતાં કહ્યું. ઉપવાસાદિક વ્રત માટે સ્વામીશ્રીનો આવો આગ્રહ હતો. એમાં નાના બાળકોનો પણ સમાવેશ થતો.

બાલુભાઈ બ્રહ્મભટ્ટના સૌથી નાના ચિરંજીવી હરિકૃષ્ણને સ્વામીશ્રી સભામાં ઊભો કરતા અને કહેતા : 'જુઓ, આ સેંપલ ! આજે નિર્જળા ઉપવાસ કર્યો છે. કેવો સત્‌યુગ વર્તે છે ! નહિ તો આવા નાના છોકરા ઉપવાસ કરે ? પાંચ ટાણાં ખાવા જોઈએ. એક દી' ભૂખ્યા ન રહી શકે.'

જમતી વખતે માણેકલાલ શેઠને યાદ કરતાં કહે : 'કીર્તનો સારાં ગાયાં.'

વાતવાતમાં ગાંધી જયંતી વિશે સ્વામીશ્રી પૂછવા લાગ્યા : 'શું કરશે, દાન-પુણ્ય કરશે ?'

'આપ કેમ બહુ સંભારો છો ?' એક સેવકે પૂછ્યું.

'શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કર્યાં'તાં ને એટલે !' એમ કહી, ભગવાન અને મોટાપુરુષના યત્‌કિંચિત્‌ સંબંધનો મહિમા બતાવ્યો.

ઔષધસમ આપે ઉત્તમ ઉપદેશજી

જમી રહ્યા પછી, બપોરની કથામાં વચનામૃત પંચાળાનું ૫મું વંચાવ્યું. એમાં વાત આવી કે 'ભગવાન ને ભગવાનના સંતની આગળ તો માનને મૂકીને, દાસાનુદાસ થઈને નિર્માનીપણે વર્તવું, તે જ રૂડું છે.'

એ શબ્દો આવ્યા એટલે સ્વામીશ્રી બોલ્યા : 'ઈ મુશ્કેલ. ઈ પર્વતભાઈએ કર્યું. દાદાખાચરના ગોલા થયા. બૈરાં-છોકરાના તો ગોલા છીએ, તો ભગવાનના ભક્તના કેમ ન થઈએ ? આ તો 'હું અમીન,' 'હું પટેલ,' એમ થઈ જાય. આમને (એક હરિભક્તને સંબોધીને) કહ્યું હોય તો થાય ? ડંડો લે ! આમને (બીજા હરિભક્તને સંબોધીને) કહીએ તો કહે : 'હું શેનો થાઉં ? ઈ તો મારો સમોવડિયો છે.' કાગળ આવ્યો હોય તોપણ આપવા ન જાય. આ સંત ને આ ભગતના ગોલા થવાનું કહીએ તો મુશ્કેલ પડે. ઈ મુશ્કેલીનું કામ છે.'

કોઈએ પૂછ્યું : 'કેમ થવાય ?'

'નિષ્ઠાવાળાના ગોલા થવું, બધાયના નહિ.' એમ ગંભીર વાતો કરી, સૌને વિચારમાં મૂકી દીધા. સ્વામીશ્રીએ અમુક નામો સભામાં લીધાં, પણ બધા સમજી શક્યા કે 'આ વાત આપણને પણ એટલી જ લાગુ પડે છે.' પ્રેમપ્યાલો પાતાં પાતાં સ્વામીશ્રીએ આજે સૌને કડવો ઘૂંટડો પણ ગળે ઉતારી દીધો ! સૌને જાણપણું આપ્યું.

જમતી વખતે સ્વામીશ્રી કહે : 'આજે સ્વપ્નું આવ્યું હતું. રસોડામાં ગયો. કોઈ હતું નહિ. મને થયું : '૧૦-૦૦ વાગ્યા છે, કેમ હજુ રસોઈ નથી કરી ?' પછી મેં દસ શેરની રોટલી, બે તાવડી ઉપર અડધો કલાકમાં કરી. બાલમુકુંદ સ્વામી હતા. એ મદદ કરવા લાગ્યા. ત્યાં આંખ ઊઘડી ગઈ.'

તા. ૪થીએ રાત્રે માલિશ કર્યા પછી પ્રાણાયામ કરવા, સ્વામીશ્રીએ મહંત સ્વામી તથા નારાયણ ભગતને બોલાવ્યા. સંતોએ સ્વામીશ્રીને પહેલાં આસન વાળવા કહ્યું. સ્વામીશ્રી કહે : 'મને પદ્માસન આવડે છે.' એમ કહી એકદમ સરળતાથી પદ્માસન વાળી બેસી ગયા. પછી પ્રાણાયામ માટે સંતોના બતાવ્યા મુજબ શ્વાસ લેવા લાગ્યા. આ વખતે મુખદર્શન અલૌકિક હતું. પછી ટૂંકા શ્વાસ લેવાનું નક્કી થયું, તે પ્રમાણે ટૂંકા શ્વાસ લેવા લાગ્યા. ધીરે ધીરે હંમેશાં પ્રયત્ન કરવાનું નક્કી થયું. દિવસમાં આ માટે અમુક સમય પણ મુકરર કરવામાં આવ્યો.

આમ, સ્વામીશ્રી સૌની મરજીમાં ભળી જઈ, પોતાના લાડીલા સંતોને રાજી કરતા અને સ્મૃતિ આપતા. પછી જો કે એ કાર્યક્રમ લાંબો ચાલી શક્યો નહોતો.

આશીર્વાદ સંહિતા

એક યુવક યુ.કે.થી આવ્યા હતા. તેમને સ્વામીશ્રીને મળવું હતું અને આશીર્વાદ લેવા હતા. શ્રીહરિ સ્વામીએ સ્વામીશ્રીને તેમની ઇચ્છા જણાવીને

કહ્યું કે 'તેમને ઉતાવળ છે.'

ઘણું કરીને તો ભક્તાધીન સ્વામીશ્રી સૌ કોઈની આવી ઇચ્છાઓ સરળતાથી પૂરી કરતા. પણ આજે સ્વામીશ્રી કંઈ જુદા ભાવમાં આવી ગયા.

'આશીર્વાદ લેવા હોય તો સાંજે ૪-૦૦ વાગે આવજો. ઉતાવળે આશીર્વાદ ન અપાય. ને ઉતાવળે આશીર્વાદ આપીએ તે ફળે પણ નહિ. કોઈની પાસેથી આપણે પૈસા લેવા હોય, તો ઉતાવળ કરીએ - 'દે, દે, દે,' તો ન આપે, પણ ધીરેથી જઈએ તો મળે. તેમ આશીર્વાદ લેવા હોય તો ઉતાવળ ન કરાય. શાંતિથી અપાય. તમે લંડનથી આવ્યા. ત્યાં કેટલું રહ્યા ?'

'ચાર વર્ષ.'

'તો એક દિવસ અમારે માટે કાઢો. તમારે ઉતાવળ ને હું માંદો. બે વાત કેમ બને ? સાંજે નિરાંતે આવજો.'

સ્વામીશ્રીએ ખૂબ હેતથી છતાં સ્પષ્ટતાથી આશીર્વાદ મેળવવાનો વિધિ અને એનું ગૌરવ સમજાવ્યાં. આશીર્વાદનો ખપ હોય તો મહિમાપૂર્વક પ્રયત્ન થાય, નહિ તો પછી એ આશીર્વાદનો પ્રકાર અને ફળ માત્ર ઔપચારિક બની રહે છે.

સોળ શબ્દના આશીર્વાદ

બીજે દિવસે શ્રીજીમહારાજનું શ્રાદ્ધ હતું. જમવાની શરૂઆત કરતાં સ્વામીશ્રીએ પત્તરમાં એક અંજલિ પાણીની નાંખી ને પછી બીજી અંજલિ નાંખતા કહે : 'આજે શ્રીજીમહારાજનું શ્રાદ્ધ, બે અંજલિ નાંખીએ, બધું અધિક.' ખીર તથા માલપૂઆનો ટુકડો પત્તરમાં લીધો.

'આજના શ્રાદ્ધનો બહુ મહિમા.' એમ કહી મહંત સ્વામી અને બધા સંતોને ત્રણ વાટકા દૂધપાક જમવાની આજ્ઞા કરી. સ્વામીશ્રીનું આંકડાશાસ્ત્ર પણ આગવું હતું. કોઈને જમાડવા હોય ત્યારે પહેલાં મહારાજને સંભારીને જમાડે. પછી કહે : 'અક્ષર ને પુરુષોત્તમ બે તો લેવા જ પડે. અને ત્રીજા મુક્ત' - એમ કહી ત્રીજી વાર પણ પીરસાવે. આમ, સૌને જમાડવામાં એમને અનેરો આનંદ આવતો.

બપોરે જમ્યા પછીની સભામાં સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપતાં કહ્યું : 'શ્રીજીમહારાજ ને એકાંતિક સંતમાં નિર્દોષબુદ્ધિ રહેશે અને હરિભક્તોના દેશકાળ સુધરશે એવા અમારા અંતરના રૂડા આશીર્વાદ છે.'

સોળ શબ્દના આશીર્વાદમાં સ્વામીશ્રીએ સૌનાં મન તૃપ્ત કરી દીધાં.

સાંજે ઉકાળાપાન પછી નારાયણરાવ પાટિલને મળીને સ્વામીશ્રી સભામાં પધાર્યા. *'મોહનને ગમવાને ઇચ્છો માનની...'* એ બે પદ બોલાવ્યાં અને વાતો કરતાં સ્વામીશ્રી કહે :

'જા ઘેર હરિકથા-કીર્તન નાહિ, સંત નહિ મિજમાના;
તા ઘેર જમડા ડેરા દેવત, સાંજ પડે મસાના.'

'ગોંડલમાં સીદીભાઈના બગલામા પધરામણી નહોતી કરી, પછી પધરામણી કરી ત્યારે આ સાખી શાસ્ત્રીજી મહારાજ બોલ્યા હતા.'

ગાંધી જયંતીની વાત સ્વામીશ્રી આ દિવસોમાં બહુ ઊખેળતા. આજે કહે : 'કવર ઉપર રેંટિયાના ફોટા છપાયા છે એવા મહારાજના ફોટા, મહારાજના સિક્કા કર્યા હોય તો કેવું ?'

તા. ૬ઠ્ઠીએ વચનામૃત ગ.પ્ર. ૩૪મું વંચાતું હતું. એમાં મહારાજની મૂર્તિનું વર્ણન સાંભળતાં સ્વામીશ્રીએ કહ્યું : 'મહારાજ વાત કરતી વખતે પાઘ પહેરી રાખતા, ઉતારતા નહિ.' એમ સૌને સૂક્ષ્મ દર્શન કરાવ્યું.

નાહતી વખતે રોજ બીજે દિવસે ઉપવાસ કરનારનું લિસ્ટ તૈયાર થાય. આજે ચોસઠ ઉપવાસીની યાદી થઈ હતી. ભરત મહેતા તેમના એક પાડોશી પંજાબી ભાવિક સદ્‌ગૃહસ્થને સ્વામીશ્રીનાં દર્શને લઈ આવ્યો હતો. તેમને આવતાવેંત જ સ્વામીશ્રીએ ઉપવાસ કરવાની આજ્ઞા કરી. તેમણે હા પાડી. પછી સહેજ કહ્યું : 'આજે મારે ઉપવાસ છે.'

'કેમ ?'

'સોમવાર છે.'

'બીજો કરી નાંખો !'

'ભલે.'

પોતાનું વચન અધ્ધર ઝીલનાર આ પંજાબી ભક્ત ઉપર સ્વામીશ્રી એકદમ રાજી થઈ ગયા અને આશીર્વાદનો થાપો આપ્યો : 'લ્યો, બે કિલો બળ.' એમ કહી વિશેષ રાજીપો બતાવ્યો.

યુવકો સ્વામીશ્રી પાસે રમૂજમાં કિલોના માપથી બળ માંગતા. સ્વામીશ્રી તેમને રાજી કરવા કિલોબંધ બળ આપતા. આધ્યાત્મિક-માનસિક બળનાં આવાં તોલમાપ સ્વામીશ્રી જેવા પુરુષ સિવાય બીજે ક્યાં જડે ? આમ, સ્વામીશ્રી યુવકોને ખૂબ લાડ લડાવતા.

સ્વામીશ્રી ઉકાળો લઈ રહ્યા હતા. એક સંતે સ્વામીશ્રીને કહ્યું કે 'અમુક

યુવક મોળા પડી ગયા છે.'

એ સાંભળી સ્વામીશ્રી કહે : 'એવું ન બોલવું. 'બહુ શૂરવીર છે' - એમ કહેવું, તો બળમાં રહે. નહિ તો મોળો પડી જાય. એમાં ત્રણ મુદ્દા છે : એક તો જે સાધુ થવા આવે એને વૈરાગ્યની વાત કરવી જોઈએ. બીજું, એની રાખ-રખાવટ કરવી જોઈએ. ત્રીજું, સાધુ થયા પછી બાર મહિના એને પાછું બળ આપવું જોઈએ. વૈરાગ્યની વાતો કરી દૃઢ કરવો જોઈએ, તો ટકી જાય. શાસ્ત્રીજી મહારાજ સાધુ કરે એને નિર્ગુણ સ્વામી, અક્ષર સ્વામી બધા ટેકો આપે. અમે લઈ આવીએ પછી પ્રમુખસ્વામી, મહંત સ્વામી, સ્વયંપ્રકાશ સ્વામી, સંતસ્વામી બધાએ વાતું કરવી જોઈએ.'

હિંમતનું કીર્તન

ઈડરના મહારાજા સાહેબ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેઓ અહીં અવારનવાર દર્શને આવતા અને સ્વામીશ્રી પ્રત્યે ખૂબ સદ્‌ભાવ રાખતા. સ્વામીશ્રી પ્રસાદીના હાર આપે તે ઘરે લઈ જાય, ગુલાબની એક પણ પાંખડી નીચે પડવા ન દે. આજે સ્વામીશ્રીએ તેમને જમવાનું ખાસ આમંત્રણ આપ્યું.

'શું જમશો ?' સ્વામીશ્રીએ પૂછ્યું.

'ઓર્ડિનરી.'

સ્વામીશ્રીએ બે-ત્રણ વાર પૂછ્યું. પછી સંતોને સૂચના આપી. તે પ્રમાણે ઢાંકી રાખવા કહ્યું અને સાથે ત્રણ-ચાર માણસોને પણ લાવવા કહ્યું.

હરિભક્તો પાસે સત્સંગની વાતો કરાવી. સંતો પાસે *'હરિગુણ ગાતાં...'* એ કીર્તન ગવરાવ્યું. સ્વામીશ્રીને આરામનો સમય થઈ ગયો હતો, એટલે સંતોએ કીર્તન અડધેથી બંધ રાખ્યું. સ્વામીશ્રીએ એ કીર્તન પૂરું ગવરાવ્યું.

પછી એનો મહિમા સમજાવતાં કહ્યું : 'આ કીર્તન રોજ કેમ ગવરાવીએ છીએ, ખબર છે ? શાસ્ત્રીજી મહારાજ બહુ ગવરાવતા. આ હિંમતનું કીર્તન છે. એ વખતે ઘણી મુશ્કેલી. તે શાસ્ત્રીજી મહારાજ સંતોને સમજાવે : 'વસુદેવ-દેવકીના જેવું ક્યાં આપણે દુઃખ છે ? આ કાઢી મૂકે કે મારે, એ દુઃખ ન કહેવાય.' એમ હિંમત આપી તો મંદિરો થયાં. ને હિંમત ન રાખી હોત તો આવું કાર્ય થાત ? *'હિંમતે મર્દા તો મદદે ખુદા.' 'હિંમત સે હરિ ઢૂંકડા, કાયર સે હરિ દૂર.'* હિંમત ન હારવા માટે કીર્તન. કોઈ કામ ઉપાડીએ - ફળીભૂત ન થઈએ, તો પડ્યું ન મૂકવું. શાસ્ત્રીજી મહારાજ બળ આપતા.' પછી આરામમાં પધાર્યા.

બીજે દિવસે વહેલી સવારે ૪-૦૦ વાગ્યા પછી ઊંઘ આવી. ૬-૦૦ વાગ્યા સુધી સ્વામીશ્રી પોઢી રહ્યા. ઉઠાડવાનો સમય થઈ ગયો હતો. એટલે હું નજીક ગયો. તો નસકોરાં બોલતાં હતાં અને ક્યારેક મોટા ઉચ્છ્‌વાસ લેતા હતા. એમાં સુવાસ આવતી હતી. આ એક વિશિષ્ટ અનુભવ હતો.

ઉઠાડવા માટે ત્રણ-ચાર સાદ કર્યા, પણ ઊઠ્યા નહિ. પછી સહેજ હાથથી સ્પર્શ કર્યો ને સાદ કર્યો : 'બાપા !' એટલે ઊઠી ગયા ને એકદમ કહે : 'આજે મહુવાનાં દર્શન થયાં. રાજુલાથી મહુવા ગયા. શાસ્ત્રીજી મહારાજ સાથે હતા.'

અવારનવાર આવી રીતે સ્વપ્ન-દર્શનની વાત કરતા. ઘણી વાર ઊંઘ ન આવે તો આખી રાત ભજન કરતા.

હસ્તિપદં સર્વપદમ્

સાંજે ઉકાળો લેતી વખતે સ્વામીશ્રીએ નિર્ગુણ સ્વામીને યાદ કર્યા.

'કોઈ એમને કેમ સંભારતું નથી ? બહુ પક્ષ રાખ્યો.'

'મુંબઈનો સત્સંગ એમણે વધાર્યો.' મધુએ કહ્યું.

'આખા દેશનો. બધાનાં દુઃખ ટાળે.'

'અમે એમના દર્શન કરેલાં.' મધુએ કહ્યું.

'તમે દર્શન કરેલાં ?' સ્વામીશ્રીએ બીજા સંતોને પૂછ્યું.

'ના. અમારે તો આપનામાં બધા આવી ગયા.' સંતોએ કહ્યું.

'હસ્તિપદં સર્વપદમ્ !' સ્વામીશ્રી કહે.

'આ તો પરદેશી સાધુ છે.' નારાયણ ભગત બોલ્યા.

'અક્ષરધામના !' સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા.

'આ લોકમાં કેમ રહી શકતા હશે ?' નારાયણ ભગતે પૂછ્યું.

'પહેલાં હેત કરે, સદ્‌ભાવ કરે, જ્ઞાન આપે ને પછી મોક્ષ કરે.' એમ પ્રત્યુત્તર આપતાં સ્વામીશ્રીએ સમજાવ્યું કે જીવોના મોક્ષને માટે જ કેવળ કરુણા હેતુથી રહે છે.

અખંડ ધ્યાન

સંતોના આગ્રહથી ને ડૉક્ટરોની સૂચનાથી સ્વામીશ્રી ક્યારેક ક્યારેક પ્રાણાયામ કરતા. મહંત સ્વામી તથા નારાયણ ભગત સ્વામીશ્રીને પ્રાણાયામની રીત બતાવતા.

'બાપા ! મારા એક મિત્ર પૂછતા હતા કે તમારા સ્વામી ધ્યાન કરે છે કે નહિ ?' નારાયણપ્રસાદ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું.

'અખંડ ધ્યાન કરે છે.' સ્વામીશ્રીએ સહજ કહ્યું.

'બાપા ! કામ કરતા હોય ત્યારે ?' નારાયણ ભગતે પૂછ્યું.

હકારમાં મસ્તક હલાવતાં સ્વામીશ્રી કહે : 'સ્વામિનારાયણ, સ્વામિ-નારાયણ કરીએ.'

ઉકાળા-પાણી પછી સ્વામીશ્રી સભામાં પધાર્યા. નારાયણ ભગત ગુણાતીતાનંદ સ્વામીના મહિમાનો શ્લોક બોલ્યા : 'મહાધ્યાનાભ્યાસં...'

'એ તો મનેય આવડે છે. કંઈ નવું જમાડો ને...!' સ્વામીશ્રીએ કહ્યું.

પછી એક હરિભક્તને વાત કરવા કહ્યું. તેમણે કહ્યું : 'આ શ્લોકમાં એમ આવ્યું કે કલ્યાણનું મૂળ અહીં છે.'

'હા, અહીં કલ્યાણ છે.' સ્વામીશ્રીએ સમર્થન કરતાં કહ્યું : 'સ્વામી વગર કલ્યાણ ક્યાં છે ? અહીં ટિકિટ મળે છે. બીજે તો બધે ફીફાં ખાંડે છે. હાલો, આરામમાં.' એમ કહી આરામમાં પધાર્યા.

વૃત્તિ દ્વારા સેવન

સ્વામીશ્રી જેમના બંગલામાં ઊતર્યા હતા તે રજનીભાઈને કનુભાઈ અમીને પત્ર દ્વારા જણાવ્યું હતું કે 'તમારા બંગલામાં યોગીજી મહારાજને થોડા દિવસ માટે ઉતારો આપ્યો છે.'

રજનીભાઈએ તરત જ જો'બર્ગથી વળતો તાર કર્યો. તે સ્વામીશ્રી પૂજા કરતા હતા ત્યારે મળ્યો. તેમણે કનુભાઈને જણાવ્યું હતું કે 'મારા બંગલાનો આવો સદુપયોગ થાય છે, તેથી મને બહુ આનંદ થયો છે. સ્વામીજી અને ભક્તોને વ્યવસ્થિત રીતે રાખશો અને જ્યારે તેઓ બંગલામાંથી વિદાય લે ત્યારે મારા તરફથી રૂા. ૧,૦૦૦ની ભેટ ધરજો !' સ્વામીશ્રી તે સાંભળી રાજી થયા.

કનુભાઈ તો તાર વાંચી, આશ્ચર્યચકિત થઈ ગયા. તેમને થયું કે 'આ સ્વામીજી અહીં રહ્યા થકા વિદેશમાં રહેનારનું અંતઃકરણ કઈ રીતે બદલી શકે ? શું એમની પાસે કોઈ દિવ્ય શક્તિ હશે ?' તેમને સ્વામીશ્રી અને સંતોની નાની નાની ક્રિયામાં અભાવ આવી જતો. તે બદલ તેમણે હીણપત અનુભવી.

થોડા જ દિવસમાં બીજા શુભ સમાચાર આવ્યા કે 'રજનીભાઈ આફ્રિકામાં રહી દારૂની લતે ચડ્યા હતા તે હવે વ્યસનમુક્ત થયા છે !'

કનુભાઈને મન આ બીજો ચમત્કાર હતો. ખુદ રજનીભાઈનાં પત્ની કહેતાં કે 'ભગવાન પણ તેમને દારૂ છોડાવી ન શકે.' પરંતુ સ્વામીશ્રીએ કેવળ સંકલ્પ-બળથી અને વૃત્તિ દ્વારા તે કાર્ય સાધ્યું હતું. કનુભાઈએ હર્ષદભાઈ દવે સાથેની કલાકોની ગોષ્ઠિ પછી આ વાત જીવમાં દૃઢ કરી કે 'યોગીજી મહારાજ સાચા સત છે. મોક્ષનું દ્વાર છે.'[૨૫]

મુંબઈના મેયર જમિયતરામ જોશી તા. ૯મીએ દર્શને આવ્યા. સવારે ૧૦-૩૫નો સમય હતો. જવા માટે તેઓ ખૂબ ઉતાવળ કરતા હતા. ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'સાંભળો, આ કર્યું એટલું જ કામનું છે. બાકી વ્યવહારનું તો ચાલ્યા કરે.' એમ કહીને બેસાડ્યા અને પ્રસાદ લેવા પણ રોક્યા.

સ્વપ્નામાં પણ નીચી ટેલ

એક દિવસ બપોરે ૩-૧૫ વાગે આરામ કરીને ઊઠ્યા. પછી કહે :

'આજ સૂતી વખતે જૂનાગઢની સ્મૃતિ કરતો હતો. જાગા સ્વામીના ઓરડાનાં દર્શન કર્યાં. અદા જ્યાં ગોષ્ઠિ કરતા હતા તેનાં દર્શન કર્યાં.

'પછી ગોંડલ આવ્યા. ત્યાં હું, દાજી બાપુ ને નાનો જયંતી (સારંગપુરના) ગૌશાળામાં ગયા. ત્યાં ત્રણ-ચાર દિવસનું છાણ-વાસીદું ભેગું થયેલું. મેં દાજી બાપુને કહ્યું : 'આ સાફ કરીએ.' દાજી બાપુ કહે : 'કોઈ માણસ પાસે કરાવીશું.' મેં કહ્યું : 'હું જ માણસ ! બીજો ક્યાં ગોતવા જવો ?'

'પછી તો મેં અને નાના જયંતીએ સૂંડલા લીધા ને માથે લઈને બે ગાડાં છાણ ઉકરડે નાખી દીધું. ને ગૌશાળા ચાંદી જેવી ચોખ્ખી કરી દીધી. પછી ઘઉંનું કુંવળ છાંટી દીધું, તે ભીનું ન લાગે. પછી ગાયો આવીને બેઠી. બધા હરિભક્તોય આવ્યા. આવું ચોખ્ખું જોઈને પૂછ્યું : 'આ કોણે કર્યું ?' મેં કહ્યું : 'દેવતા આવીને કરી ગયા ! ઇન્દ્ર, બ્રહ્મા વગેરે દેવતા કરી ગયા !'

'પછી દાજી બાપુ સૂકા દાતણનો ટોપલો લઈને ઉકરડે નાંખવા જતા હતા. મેં કહ્યું : 'દાતણ નાખવાં રહેવા દ્યો. એક દિવસ ઉપવાસને દિવસે મુંબઈ સવારે ૧૦-૦૦ વાગે પાંચમા માળે પધરામણીએ ગયો હતો, તે સવા રૂપિયો

---

૨૫. આ પછી પ્રમુખસ્વામી મહારાજ જ્યારે દક્ષિણ આફ્રિકા પધાર્યા ત્યારે રજનીભાઈ એમનાં દર્શને આવ્યા. ખૂબ નિર્માનીભાવે પોટલાં ઊંચકવાથી માંડીને નાનામાં નાની સેવા કરી સ્વામીશ્રીને રાજી કર્યા. તેમના પુત્રો કૌશિક અને મનોજે પણ પ્રમુખસ્વામી મહારાજને રાજી કરી સત્સંગમાં સારો વિકાસ સાધ્યો.

(ભેટમાં) મૂક્યો. એવી રીતે પૈસા આવે છે. તે દાતણ ફેંકી ન દેવાય. ઠાકોરજી માટે રોજ નવાં લાવવાં, પણ આપણા માટે તો આને પાણીમાં પલાળીને બે-ત્રણ દિવસ ચલાવવાં.'

સ્વામીશ્રીએ આ સ્વપ્નની વાત જુદે જુદે પ્રસંગે ચારેક વખત કરી હતી.

'આવો દરિયાભાઈ...!'

અહીં ભાદરવા વદિ અમાસ, તા. ૧૦મીએ સાંજે ૪-૧૫ વાગે દરિયે પધાર્યા. ધનજીભાઈની મોટરમાં બીચ સુધી ગયા. ત્યાંથી વ્હીલચેરમાં છેક પાણી સુધી ગયા. ત્યાં ઠાકોરજીને સ્નાન કરાવ્યું અને પાછા આવ્યા.

દરિયે જતાં પહેલાં અને દરિયે જઈને આવ્યા પછી 'આવો દરિયાભાઈ મળીએ' એમ બોલતાં સ્વામીશ્રી ખૂબ હસતા હતા.

સ્વામીશ્રીએ આના અનુસંધાનમાં એક પ્રસંગ કહ્યો :

'જૂનાગઢના ઈશાનંદ બ્રહ્મચારી પોરબંદર દરિયે નાહવા ગયા. તેઓ દરિયાને કહે : 'આવો દરિયાભાઈ ! મળીએ.' ને પછી નાહવા પડ્યા ને મોજું આવ્યું ને પડ્યા હેઠા !' આ વાત બે વાર કરીને બહુ હસ્યા.

સાંજે ૬-૦૦ વાગે આરામમાં ગયા ત્યારે સૂતાં સૂતાં આ વાત કરી બોલ્યા : 'આવો દરિયાભાઈ ! મળીએ.' એમ કહીને ખૂબ હસ્યા.

સ્વામીશ્રીના નિર્મળ હાસ્યમાં સૌ સંતો, યુવકો, હરિભક્તોનું હાસ્ય ભળી ગયું. સર્વત્ર બ્રહ્માનંદનું મોજું ફરી વળ્યું.

રાત્રે ૧૧-૧૫ કલાકે લઘુ કરવા ઊઠ્યા ત્યારે ગુણવંતભાઈ હાથ ઝાલવા ગયા. એટલે કહે : 'તમે હજુ કેમ જાગો છો ? સૂઈ જાવ.'

પછી લઘુ કરીને ઊઠ્યા ત્યારે બોલ્યા : 'પાંચસો બગાસાં આવે છે. બગાસાં સારાં નહીં.' એમ કહેતાં પોતે પોઢી ગયા. જો કે તે રાત્રે ઊંઘ જ આવી ન હતી.

દાક્તર શું ભગવાન છે ?

આ અરસામાં ઈશ્વરભાઈ ધર્મજવાળા દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીએ તેમને આગ્રહ કરીને રોક્યા. તા. ૧૨મીએ વહેલી સવારે સ્વામીશ્રી દાતણ કરતા હતા. ત્યાં ઈશ્વરભાઈ અને નટુભાઈ પીજવાળા સ્વામીશ્રીને દંડવત્ કરીને બેઠા. અને પૂછ્યું : 'બાપા ! આપને આફ્રિકા જવાનું આ માંદગીમાં શું થશે ?'

તરત જ સ્વામીશ્રીએ કહ્યું : 'તમે તમારો પાસપોર્ટ તૈયાર કરો !

નૈરોબીની પ્રતિષ્ઠા કરવા હું જ જઈશ. અને હું જ પહેલી આરતી ઉતારીશ !'

ઈશ્વરભાઈ તો દિંગ થઈ ગયા. હાથ જોડીને પૂછ્યું : 'પણ બાપા ! ડૉક્ટરોએ પ્લેનમાં મુસાફરી કરવા ના પાડી છે. તેથી જઈ નહીં શકાય તો ?'

સ્વામીશ્રી એકદમ ભાવમાં આવી ગયા ને બોલ્યા : 'દાક્તરો શું ભગવાન છે ? મારે તો નૈરોબીના હરિભક્તોને રાજી કરવા છે અને હું જઈશ. તબિયત સારી નહીં રહે તો પ્રતિષ્ઠા કરીને પાછો આવીશ અને પ્રમુખસ્વામી ત્યાં ફરશે.'

સાક્ષાત્ મહારાજને ભલામણ

પછી પારલામાં રહેતા ચીમનભાઈને સ્વામીશ્રીએ બોલાવ્યા. તેઓ કહે : 'બાપા ! નોકરી નથી. ખર્ચા પોસાતા નથી. દેશમાં જમીન છે, તો ત્યાં જવા વિચાર છે.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'ના, અહીં રહી જજો. નોકરી મળી જશે. દેશમાં જવું નથી.'

ત્યારે ગુણવંતભાઈએ કહ્યું 'બાપા ! આપણા ગોરધનભાઈ, જે મફતલાલ ગ્રુપમાં કામ કરે છે, તેમને ભલામણ કરો.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'શ્રીજીમહારાજને, ભગવાનને ભલામણ કરી છે ! બીજાને શું ભલામણ કરવી'તી ! સાક્ષાત્ મહારાજને કહી દીધું છે, નોકરી મળી જશે !'

એટલે ચીમનભાઈ કહે : 'બાપા ! મને પણ વિચાર હતો કે અહીંથી દેશમાં ગયા પછી આવી સેવા નહીં મળે, તે આપે અહીં રાખીને બહુ કૃપા કરી.'

સ્નાન કરતી વખતે એક સંતને બોલાવીને સ્વામીશ્રી કહે : 'ચાંદ્રાયણ વ્રત પૂરું થયું છે, તો હવે ધારણાં-પારણાં ન કરશો.'

તે સંતે કહ્યું : 'દર વરસે ચાર માસનાં ધારણાં-પારણાં કરું છું. તો નિયમ થઈ જાય.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'અતિ સર્વત્ર વર્જયેત્' એમ બહુ સારું નહિ.'

એટલે એ સંતે હાથ જોડીને કહ્યું : 'હા બાપા ! હવે ઉપવાસ નહીં કરું.' એટલે સ્વામીશ્રીએ રાજીપો દર્શાવ્યો.

સ્વામીશ્રી જમી રહ્યા હતા ત્યારે ગુણાતીતાનંદ સ્વામીની વાત નીકળી. સ્વામીશ્રી કહે : 'ગુણાતીતાનંદ સ્વામી કોઈથી દબાય નહિ. એ તો આચાર્યના પણ આચાર્ય હતા.' એમ સ્વામીના મહિમાની ઘણી વાતો કરી.

બપોરે બંગલાના કમ્પાઉન્ડમાં વ્હીલચેરમાં બેસીને ફર્યા. પછી દરિયે જવા નીકળ્યા. છેલ્લા બે દિવસથી દરિયે જવાનો કાર્યક્રમ ચાલતો હતો. બે દિવસ પહેલાં દરિયા કિનારે નારિયેળ ગળાવીને નારિયેળમાં જ પાણી રાખીને સંતોના આગ્રહથી સ્ટ્રોથી નારિયેળ પીધું હતું. જો કે ફાવ્યું નહોતું, એક-બે સ્ટ્રો તૂટી પણ ગઈ, પણ સૌને રાજી કર્યા. બારીના કાચ ખુલ્લા રાખ્યા હતા, જેથી દરિયાની હવા આવે. નહિ તો સ્વામીશ્રીના મોટરમાં બધી બારીના કાચ હંમેશાં બંધ જ રહેતા. પછી ભલેને ઉનાળો હોય ! મોટરમાં જ બેસીને કિનારે એક આંટો મારીને પાછા ફર્યા હતા.

ફોટા પાડવાની ભારે ફી

આજે સાંજે સ્નાન સમયે ભૂદરજી મારૂ સ્વામીશ્રીનો ફોટો પાડવા આવ્યા.

સ્વામીશ્રી કહે : 'એવા ફોટા નો પડાય.'

'પણ બાપા ! પાડવા ઘો તો સારું.' ભૂદરજીભાઈએ આગ્રહ કર્યો.

સ્વામીશ્રી કહે : 'કાલે અપવાસ કરો તો પાડવા દઉં.'

ભૂદરજીભાઈ સંમત થયા. સ્વામીશ્રીએ બધા યુવકોને બાજુમાં ખસેડી પાણીની ડોલ નજીક મુકાવી, સ્નાન કરવા લાગ્યા. ને કહે : 'લ્યો, હટ પાડી લ્યો... પાડી લ્યો.'

ત્યાં કોઈ નજીક આવ્યું. સ્વામીશ્રી કહે : 'તમે બાજુ રો. અમારા ફોટા પાડવાના છે !'

ભૂદરજીભાઈએ ચાર-પાંચ ફોટા લીધા. પછી સ્વામીશ્રીએ ફરી તેમની પાસે ઉપવાસનું નક્કી કરાવ્યું.

સ્નાન કરીને ઊઠ્યા ત્યારે પિનાકીનભાઈને કહે : 'પચાસ કૌપીનો લઈ લેશો, નિરંજન સ્વામી પાસેથી. બધાએ કૌપીન પહેરવી. તમે બધા બ્રહ્મચારી છો. બૈરાં ન કર્યાં હોય તે બ્રહ્મચારી.'

એટલે ગુણવંતે સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! યુવકોને બ્રહ્મચારી કહ્યા એટલે સાધુથી પણ મોટી પદવી થઈ !'

એટલે સ્વામીશ્રી કહે : 'હા, સાધુથી પણ મોટી પદવી આપી !' આમ, યુવકો પ્રત્યે વિશેષ રાજીપો બતાવ્યો.

આ વખતે કિરણ દોશીએ પૂછ્યું : 'બાપા ! યુવકોએ આપની તબિયત માટે ઉપવાસ કર્યા, તેથી હવે તબિયત સારી દેખાય છે.'

એટલે સ્વામીશ્રી તેના સામું જોઈને, બાલસહજ નિર્દોષભાવે કહે : 'ગાલ-બાલ ફૂલી ગયા છે ?'

સૌ આ સાંભળી હસી પડ્યા. કિરણે કહ્યું : 'હા બાપા ! મુખારવિંદ ખૂબ જ ભરાવદાર થઈ ગયું છે.'

સ્વામીશ્રી યુવકોને વારંવાર ઉપવાસ આપે અને કહે : 'યુવકો ઉપવાસ કરશે એટલે મારી તબિયત સારી થઈ જશે.' દેશમાં અશાંતિ હોય, ભારત-પાકિસ્તાન યુદ્ધ થયુ તેવા પ્રસગે, તેમજ અમદાવાદમા હુલ્લડ ચાલ્યું તેવા પ્રસંગોએ સ્વામીશ્રી યુવકોને ઉપવાસ કરાવી, શાંતિ થાય તેવો સંકલ્પ કરાવે અને જ્યારે યુવકો ઉપવાસ કરે ત્યારે આપોઆપ તેનું પરિણામ સ્વામીશ્રીની કૃપાથી સારું આવતું.

વહાણ કાંઠે આવે છે

વળતી સવારે ૫-૦૦ વાગે ઊઠ્યા અને કહે : '૧-૩૦ વાગે ઊંઘ ઊડી ગઈ. બહુ સ્તુતિ કરી. ઊંઘ ન આવે. પછી પડખું ફેરવ્યું ને ઝોલું આવી ગયું. ઊંઘ ઊડી ત્યારે ટકોરા સાંભળ્યા. મને એમ કે ૨-૦૦ વાગ્યા હશે. એક ટકોરો પડ્યો, બીજો ને ત્યાં ત્રીજો પડ્યો... ને ટનનન ચોથો પડ્યો. ૪-૦૦ વાગી ગયા. કાંઠે વહાણ આવી ગયું.'

લગભગ રોજ આવું થતું. પછી સવારે ઊઠે ત્યારે કહે : 'મધદરિયેથી કાંઠે વહાણ આવી ગયું.' એટલે સ્તુતિ કરતાં કરતાં - સ્મૃતિ કરતાં કરતાં - ભજન કરતાં કરતાં ૪-૦૦ વાગી જતા ને વહાણ કાંઠે લાંગરતું !

આ ઉપરથી ખ્યાલ આવે કે સ્વામીશ્રીને આખી રાત કેટલી તકલીફ પડતી હશે ! ઊંઘ આવે નહિ એટલે બગાસાં ખાતાં પડખાં ફેરવતા. સાથે ભજનનો દોર ચાલુ રાખતાં રાત તો પૂરી કરતા; પણ જેમ દરિયો ઓળંગવો કઠણ પડી જાય ને જ્યારે કાંઠે આવીએ ત્યારે શાંતિ થાય, તેમ સ્વામીશ્રી સવાર પડતાં હાશ અનુભવતા. જો કે આ પણ એમની એક વિશિષ્ટ માનુષિક લીલા જ હતી !

અહીં એક હરિભક્ત તેમના કુટુંબીઓ સાથે પોતાના પુત્રને સાધુ ન કરવા માટે વિનંતી કરવા આવ્યા. ત્યારે સ્વામીશ્રી કહે : 'તમે આવા સારા ભક્ત થઈને આવી વાત કરવા આવ્યા છો ? તમારે તો રજા આપવી જોઈએ ! હર્ષદભાઈએ ઈશ્વર સ્વામીને આપ્યા તો કઠણ પડ્યું ? બધા છોકરા નાના હતા ને મોટાને આપ્યા. મા-બાપ તો સૌને ના જ પાડે ને ! એની થોડી રજા હોય ? આ બધા

સાધુને મા-બાપે મોકલ્યા છે ? અમે બનાવ્યા ત્યારે બન્યા છે. શાસ્ત્રીજી મહારાજ ઘરે ન રહ્યા, બાપે કૉર્ટમાં કેસ કર્યો. પણ ન ગયા. તો આટલાં મંદિરો બાંધી કેટલા જીવનાં કલ્યાણ કર્યાં ! અમને પણ રજા આપી નહોતી. તોય થઈ ગયા. એમ રજા તો કોઈનેય મા-બાપ આપે જ નહિ.'

એટલે તેમણે વિનંતી કરી કે 'ઘરમાં બધાંનાં અંતરમાં પ્રવેશ કરો ને હા પડાવો. સાધુ થયા પછી પાછો ન આવે તેવી કૃપા કરો.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'તે મહામુક્ત છે. તમારી ૭૧ પેઢી તારશે. માટે ત્યાગી થાશે તો સારું.'

પછી તેઓ કહે : 'રાત્રે ઘરે સૂવા આવતો નથી. તો આજ્ઞા કરો.'

ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'વૈરાગ્ય હોય તો સૂવા ન આવે. એમાં શું બગડી ગયું ?'

'આપની સાથે ફેરવો, પણ શરદ પૂનમે સાધુ કરો.'

'હમણાં કરવો નથી. ચાર-છ મહિના ફરે. આ ગુણુભાઈ ફરે છે તેમ. પછી તમે બધાં રાજી થઈને રજા આપો ત્યારે બનાવીશું. પાકો કરીને બનાવીશું.'

'તો અમારે વાંધો નથી.'

તેમના ગયા પછી સ્વામીશ્રી બોલ્યા : 'ટાણે ખબર પડે.'

પછી ગુણવંતને કહે : 'તમે મારી વાતને પુષ્ટિ કેમ ન આપી ?'

ગુણવંતે હાથ જોડીને કહ્યું : 'બાપા ! મેં કહ્યું છે : 'તેને અમારી સાથે ફરવા મોકલો. પછી ચાર-છ મહિને એનું અંતર પલળે ને પાકો બરાબર થાય ત્યારે સ્વામીશ્રી સાધુ બનાવશે.' તે સાથે ફરે તેમાં સૌ રાજી છે.'

સ્વામીશ્રી કહે : 'તો સારું. પહેલાં ફેરવ્યા પછી સાધુ બનાવાશે.'

આમ, મુમુક્ષુને સાધુ બનાવવા માટે સ્વામીશ્રી બહુ આગ્રહ રાખતા. તેમના કુટુંબીઓને સમજાવવા પણ બહુ પ્રયત્ન કરતા.

તા. ૧૩મીએ મોટરમાંથી ઊતરીને, વ્હીલચૅરમાં બેસીને ઠેઠ દરિયા સુધી ગયા ને દરિયાનાં મોજાંમાંથી હાથ બોળીને પાણી લીધું ને માથે ચઢાવ્યું. ઠાકોરજીને સ્નાન કરાવવા કહ્યું અને મધુભાઈએ લીંબુ માથે ફેરવી, રોગ દરિયામાં નાખ્યો. સ્વામીશ્રીએ ફૂલના હાર પણ દરિયામાં નાખ્યા. આવી કંઈ કંઈ લીલા સ્વામીશ્રી કરતા-કરાવતા અને સૌને મોહમાં નાખતા. ભલા, સૌ એમનામાં જોડાયેલા રહેતા. એ જ એમનો સંતોષ હતો. બાકી મોટાનો અભિપ્રાય કોણ જાણી શકે ?

દરિયા કિનારે વ્હીલચેરમાં બેસીને થોડું ફર્યા. પછી એક જગ્યાએ સભા કરી. હરિભક્તો નારિયેળ લાવ્યા તે લોટામાં ગાળીને, ઠાકોરજીને ધરીને પછી જ પીધું. મોટરમાં કહે : 'દરિયે જઈએ તો નારિયેળ પીવું જ જોઈએ.'

વળી પૂછ્યું : 'બધા સંતોને નારિયેળ પાયાં.'

'હા.'

'કોણે ?'

'ભગવાનજીભાઈએ.' મેં કહ્યું. તે સાંભળી બહુ રાજી થયા.

ઉપવાસના દરજ્જા

રાત્રે ઉતારે સ્નાન કરતી વખતે ઉપવાસીની યાદી કરાવી. સત્તર યુવકો થયા. એવામાં ભૂદરજી મારૂ ફોટો પાડવા આવ્યા. સ્વામીશ્રીએ તેમને ગઈકાલે ઉપવાસની શરતે ફોટો પાડવા દીધો હતો, તે અનુસંધાનમાં પૂછ્યું : 'આજે ઉપવાસ કર્યો છે ? કેવો ફર્સ્ટમાં કે સેકન્ડમાં ? પાણી પીધું છે ? ચા-દૂધ કાંઈ પીધું નથી ને ?' સ્વામીશ્રીએ તેની બરાબર ઊલટ તપાસ કરી.

તે કહે : 'બાપા ! ચા-દૂધ તો નથી લીધું, પણ નારિયેળનું પાણી પીધું છે.'

'ઈ નો બકે !' સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા : 'લ્યો, કાલે બીજો ઉપવાસ કરી નાખજો !'

સ્વામીશ્રી એક યા બીજા નિમિત્તે યુવકોને સંયમની સરાણે ચડાવતા અને આદર્શ વર્તનના તેજથી તેજસ્વી બનાવતા.

સ્વામીશ્રી અત્રેથી વિદાય લેવાના હતા. સૌ નીકળવાની તૈયારીમાં પડ્યા હતા. સ્વામીશ્રી હરિભક્તોને મળી રહ્યા હતા. કનુભાઈ અમીનને બોલાવીને આશીર્વાદ આપ્યા. સ્વામીશ્રીની વિદાય સભા ચાલુ જ હતી, એવામાં કનુભાઈના મિત્ર ભાનુભાઈ પટેલ આવી પહોંચ્યા.

ગર્ભશ્રીમંત કુટુંબના આ યુવાન ખૂબ બુદ્ધિશાળી અને વ્યવહારકુશળ હતા. તેમના ભાઈનું હૃદયરોગના હુમલામાં અચાનક અવસાન થયું હોવાથી ભાનુભાઈને તીવ્ર આઘાત લાગ્યો હતો. અને તાત્કાલિક હૉસ્પિટલમાં ખસેડવા પડ્યા હતા. થોડા આરામ પછી તેમને સારું થવા લાગ્યું, પણ ઘરે જવાનું તેમનું મન ન હતું. તેથી કનુભાઈએ તેમને સૂચવ્યું કે 'બંગલે રહેવા આવો.'

સ્વામીશ્રી આજથી અક્ષર ભુવનમાં જઈ રહ્યા હતા. તે જ દિવસે ભાનુભાઈને પણ હૉસ્પિટલમાંથી રજા મળી. અને તેઓ સીધા જ જૂહુમાં આ

જ બંગલે આવી પહોંચ્યા.

કનુભાઈએ ભાનુભાઈનો પરિચય આપ્યો. સ્વામીશ્રીએ પણ તેમને ખૂબ આશીર્વાદ આપ્યા. છાતીએ હાથ ફેરવ્યો ને કહે : 'સારું થઈ જશે. કાંઈ દુ:ખશે નહિ. મહારાજ રક્ષામાં બેઠા જ છે.' એમ કહી ફૂલહાર પહેરાવી સ્વામીશ્રીએ વિદાય લીધી.[૨૬]

રસ્તામાં જૂહુ સ્કીમમાં જ રહેતા અહીંના જાણીતા આર્કિટેક્ટ અને કનુભાઈ અમીનના સ્નેહી બી.જી. ભટ્ટના ઘરે પધરામણી રાખી હતી. અહીંના મુકામ દરમ્યાન તેમણે અવારનવાર સ્વામીશ્રીનો લાભ લીધો હતો. સ્વામીશ્રીની નિર્મળતા અને નિર્દોષતાએ બીજાઓની જેમ બી.જી. ભટ્ટ ઉપર પણ વશીકરણ કર્યું. અને આ પધરામણી દરમ્યાન તેઓ સ્વામીશ્રીની ખૂબ નજીક આવી શક્યા.[૨૭]

---

૨૬. સ્વામીશ્રીની વિદાય પછી, કનુભાઈ હંમેશાં ભાનુભાઈ પાસે પંદર દિવસ દરમ્યાન પોતે જોયેલી વિશેષતાઓ, આશ્ચર્યો અને હરિભક્તોના અનુભવો વર્ણવતા કે 'ભાનુભાઈ ! આ યોગીજી મહારાજ તો કોઈ ગજબ સાધુ છે. આપણે માનતા તેવા બાવા નથી. તેમને મધરાતે પણ ઊંઘ આવતી નહિ. જ્યારે આખું શહેર ભર ઊંઘમાં હોય, ત્યારે પોતાના સેવકો પાસે ગ્રંથ વંચાવીને સાંભળતા હોય ! તે દૃશ્ય મને આજે પણ નવાઈ ઊપજાવનારું લાગે છે. ઘણી વાર રાતે ઊઠીને હું એમની રૂમમાં ડોકિયું કરતો, પણ ફાનસના અજવાળે કોઈ અજબની શાંતિ એમની ઊંઘ વિનાની આંખોમાં જોવા મળતી. એમના નિર્મળ જીવનનો મને પ્રત્યક્ષ અનુભવ થયો છે.'

આ બધું સાંભળી ભાનુભાઈને અનેક પ્રશ્નો ઊઠતા. હર્ષદરાય દવે હંમેશાં આ મિત્રોના પ્રશ્નોનું સમાધાન કરતા અને ધીરે ધીરે ભાનુભાઈને સ્વામીશ્રી પ્રત્યે અજબ આકર્ષણ થતું ગયું. તેઓ વૈષ્ણવ હોવાના નાતે સ્વામી ચિન્મયાનંદજીના ગીતા-વાર્તાલાપોમાં પણ જતા. પણ અંતરમાં ડહોળાતા પ્રશ્નોનું નિરાકરણ ન સાંપડતા તેઓ નિરાશ થતા. અહીં તેમના તમામ પ્રશ્નો વિરમ્યા અને તેઓ વર્તમાન ધરાવી સ્વામિનારાયણના આશ્રિત થયા.

તેમના આ પગલાંએ કુટુંબીઓમાં સન્નાટો ફેલાવી દીધો. માતાએ તો 'ધર્મ શા માટે બદલ્યો ?' એમ કહી ખૂબ ઠપકો આપ્યો; પણ ભાનુભાઈ મક્કમ રહ્યા. 'મેં સમજી-વિચારીને કંઠી પહેરી છે. કેમ કે ખરું વૈષ્ણવપણું કેવળ સ્થૂળાચારમાં નથી એ હું અહીંથી સમજ્યો છું.' આ મક્કમતાએ તેમના મિત્રવર્તુળમાં પણ આશ્ચર્ય જન્માવ્યું, પણ ધીરે ધીરે સૌને સાચી વાત સમજાતી ગઈ અને સૌ નિષ્ઠાવાન સત્સંગી બન્યા.

૨૭. આર્કિટેક્ટ હોવાથી અનેક સંત-મહાત્માઓ સાથેના પરિચય છતાં સ્વામીશ્રીનાં દર્શન પછી તેમને બીજે ક્યાંય રસ પડ્યો નહીં. અને તેમણે પોતાની આવડત ➤

સ્વામીશ્રી તેમને આશીર્વાદ આપી, રાતે દાદર - અક્ષર ભવનમાં આવી પહોંચ્યા.

થાનનો મહિમા

'ઘરે આવ્યા.' એમ ચાર-પાંચ વાર સ્વામીશ્રી બોલ્યા. પાર્લા પણ સંભાર્યું, હરિભક્તોને સંભાર્યા. બંગલાનાં વખાણ કર્યાં. પછી કહે : 'અહીં થાનમાં (સ્થાન) આવ્યા.'

રમેશ દવેએ કહ્યું : 'મોટાપુરુષ જ્યાં હોય ત્યાં અક્ષરધામ.'

'આ અક્ષરધામ.' સ્વામીશ્રીએ કહ્યું.

રમેશભાઈએ પૂછ્યું : 'પાર્લામાં નહિ ?'

'સંત જ્યાં હોય ત્યાં અક્ષરધામ...' સ્વામીશ્રીએ ખુલાસો કર્યો.

તા. ૧૫મીએ ત્યાગવલ્લભ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'કાલે વજુભાઈ શેઠની રસોઈ છે. શું કરીશું ?'

'પૂરણપોળી.' સ્વામીશ્રી કહે : 'કાલે ગુરુવાર, શાસ્ત્રીજી મહારાજનો વાર, એમને પૂરણપોળી પ્રિય હતી. બધા સંતોને પણ એ પ્રિય. મારી પાસે પણ અડવાળમાં બાપુભા સાહેબે પૂરણપોળી કરાવેલી. શાસ્ત્રીજી મહારાજ કહે : 'પૂરણપોળી કરો.' પછી સવા શેર દાળ મળી ગઈ. સવા શેર ખાંડ ને ઘી ને મેં પૂરણપોળી બનાવીને શાસ્ત્રીજી મહારાજને પાંચ જમાડી ને બાપુભાને સાત જમાડી.'

'બાપા ! આપ કેટલી જમ્યા ?' એક સેવકે પૂછ્યું.

'પાંચ.' સ્વામીશ્રીએ જણાવ્યું.

જો શાસ્ત્રીજી મહારાજે જમાડી હોય તો પાંચ જમ્યા હોય ! નહિ તો માત્ર જમાડવાનો જ સ્વાદ લે એવા આ પુરુષ હતા. કારણ, એ વખતે તો સ્વામીશ્રી જે દિવસે સારી રસોઈ હોય ત્યારે ખાસ ઉપવાસ કરતા ! એમ સારા વિષયમાં, સ્વાભાવિક અરુચિ રાખતા.

આજે સ્નાન વખતે સ્વામીશ્રીએ વાસુદેવ દવેને ઉપવાસ આપ્યો. ગુણવંતભાઈએ કહ્યું : 'બાપા ! વાસુ એમ કહે છે કે એક તો હું સાવ નબળો છું. તેમાં બાપા ઉપવાસ આપે. તેથી શરીરમાં લોહી ક્યાંથી રહે ?'

પણ સ્વામીશ્રી માટે ભક્તિરૂપ બનાવી અદા કરી. સ્વામીશ્રીના અક્ષરધામગમન પછી તેમના સ્મૃતિ મંદિરનું સંપૂર્ણ આયોજન તેમના હસ્તક થયું અને સહકુટુંબ સંસ્થાની સેવામાં ઓતપ્રોત થઈ ગયા.

એટલે સ્વામીશ્રી બોલ્યા : 'લ્યો થાપો, ઉપવાસ કરવાથી લોહી ચડશે.'

આ નવા પ્રકારનો આશીર્વાદ સાંભળીને વાસુ ચકિત થઈ ગયો અને આસપાસ ઊભેલા સૌ યુવકો હસી પડ્યા.

પ્રથમ દર્શનનો ચાર્જ !

આજે અશ્વિન પોપટ તેમના મિત્રોને લઈને સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીએ અશ્વિનને ઉપવાસ આપ્યો અને સાથે આવેલા યુવકની ઓળખાણ પૂછી. અશ્વિન કહે : 'પહેલી જ વાર દર્શને આવે છે.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'ઉપવાસ કર્યો છે ?'

'ના, બાપા !'

સ્વામીશ્રી બોલ્યા : 'ઉપવાસ પહેલી જ વાર કરાવીએ.' અને તેને ઉપવાસ આપતાં કહ્યું : 'ઉપવાસ કરશો ? લ્યો થાપો.'

અશ્વિનના મિત્રે મસ્તક નમાવી થાપો લીધો. ત્યારે સ્વામીશ્રી કહે : 'કેવા મોટા છે ! વગર ઓળખાણે આપણું વચન માન્યું !'

ત્યાં ઊભેલા મંદારને સ્વામીશ્રી કહે : 'તારો ભાઈ જગદીપ આવ્યો છે ?'

'ના, બાપા !'

'ઉપવાસની બીક લાગતી હશે. એટલે નહિ આવ્યો હોય.' એ સાંભળી સૌ હસી પડ્યા. પણ પછી તરત જ મંદારને કહ્યું : 'આવતીકાલે તમારી સાથે જગદીપ પણ ઉપવાસ કરે, એમ કહેશો.' એ સાંભળી સૌ ખૂબ જ હસી પડ્યા.

રાત્રે ૧૨-૧૫ મિનિટે લઘુ કરવા માટે ઊઠ્યા. ગુણવંતભાઈ તથા નિરંજન સ્વામી સ્વામીશ્રીને હાથ ઝાલીને પથારીમાં સૂવાડવા લઈ ગયા. ત્યારે સ્વામીશ્રી બંનેના હાથ પર ભાર દઈને ટેકે ચાલતાં બોલ્યા : 'ગુણુ ભગત ! બહુ તકલીફ પડે છે.' વળી કહે : 'આત્માને શું દુઃખ ! દેહને દુઃખ છે. આત્મારામ માનીએ તો કંઈ દુઃખ જ નથી.' એમ બોલતાં બોલતાં પોઢી ગયા.

ભક્તોને સેવાની વિધવિધ તક

બીજે દિવસે પ્રીતમભાઈ સોની રાજકોટ પાછા જતા હતા. તેમને સારંગપુરમાં સોનાનાં સિંહાસનનાં કામ માટે બોલાવ્યા હતા. ભાદરા મંદિરના ઠાકોરજીનાં ઘરેણાંને લગતું કામ રૂપિયા ત્રણસોમાં ઊધડું આપેલું. રાજકોટ જવા માટે ભાડા બાબત તેમને પૂછ્યું, એટલે તેઓ કહે : 'જવા-આવવાનું ભાડું

રૂપિયા પચાસ આપો.'

'એક વખતનું લ્યો ને !'

'મારી પાસે બધા પૈસા વપરાઈ ગયા છે.'

પછી સ્વામીશ્રીએ જવા-આવવાના રૂપિયા પચાસ અપાવ્યા, પણ કહેવા લાગ્યા : 'ત્રણસોમાં કામ રાખ્યું તે પચાસ ઓછા કરો ને ! અઢીસો રાખો.'

'આ તો ઓછામાં ઓછા ભાવ છે.'

'પહેલાં વધુ કહેતા હતા, પણ આપણે ઓછો ભાવ કરાવ્યો છે.' મેં કહ્યું.

એટલે સ્વામીશ્રી કહે : 'અમારે તો જૂનો સંબંધ છે ને ઘણાં કામ કરાવ્યાં છે. તે ભાદરાની આટલી સેવા માની લઈશું. જાવ, પચાસ રૂપિયા ઓછા, અઢીસો આપીશું.'

પ્રીતમભાઈએ તે પ્રમાણે કબૂલ રાખ્યું. આ રીતે ટિકિટભાડાના પચાસ રૂપિયા, કામ કરાવ્યું તેમાં વાળી લીધા. આમ, સ્વામીશ્રી વ્યવહારમાં, દેવકાર્યમાં ઘણું કસતા - એ રીતે દેવદ્રવ્યમાં કરકસર કરી, ઠાકોરજીની સેવાનો લાભ આપતા.

ઉપવાસની રમૂજ

યુવકોને માટુંગા કિરણ દોશીને ઘરે જમવા જવાનું હતું. તેથી કોઈને ઉપવાસ કરવાનો નહોતો. સ્વામીશ્રીને થયું કે 'ઉપવાસ વગર દિવસ ખાલી ન જવો જોઈએ.' શનિવારે આઠમ, રવિવારે નોમનો ઉપવાસ સૌને હતો જ. એટલે શનિવારે ઉપવાસ ન આપી શકાય. શુક્રવારે જમવાનો કાર્યક્રમ હતો. એટલે બે-ચાર યુવકો બળમાં આવીને આગ્રહથી ઉપવાસ માગવા લાગ્યા, પણ સ્વામીશ્રી કહે : 'જમવા જવાનું, તેથી ઉપવાસ ન કરાય.'

પછી એક યુવકે ગમ્મત માટે કહ્યું : 'તો કાલે ઉપવાસ કરીએ અને શનિવારે જમવાનો કાર્યક્રમ રાખો. એટલે શુક્રવારે ઉપવાસ થઈ શકે.'

એ વિચાર સ્વામીશ્રીને એકદમ ગમી ગયો અને સાત યુવકોને ઉપવાસ આપ્યા. આમ, રમૂજ થઈ ! કિરણભાઈને ત્યાં યુવકોને જમવાનો કાર્યક્રમ શનિવારે ગોઠવાયો.

'આપ પહેલાં બહુ ઉપવાસ કરતા.' કિરણે કહ્યું.

'એટલે તો તમે ઉપવાસ કરો છો, નહિતર કોણ કરે ?' એમ સૌને આનંદ કરાવતા અને રાજીખુશીથી તપ પણ કરાવતા.

સ્વામીશ્રી મુંબઈમાં જ્યારે બિરાજતા હોય ત્યારે સભામાં વજુભાઈ શેઠ

સ્વામીશ્રીની સામે બેઠા હોય ! સભાના અંતે સ્વામીશ્રી જ્યારે આશીર્વાદ આપતા હોય ત્યારે મરક મરક હસતાં જાય ને બોલતાં જાય કે 'સૌ તને, મને સુખી થાવ એવા રૂડા આશીર્વાદ છે.'

તુરત વજુભાઈ સ્વામીશ્રીને યાદ કરાવે કે 'બાપા ! ધન કાં ન બોલ્યા ?'

એટલે વળી હસતાં હસતાં સ્વામીશ્રી કહે : 'હા, તને, મને અને ધને સૌ સુખી થાય એવા આશીર્વાદ છે.'

આ લગભગ હંમેશનો ક્રમ હતો. સ્વામીશ્રી ગમે તે કારણે 'ધન' શબ્દ બોલવો ભૂલી જાય ને વજુભાઈ સંભારી આપે. ત્યારે જાણે પોતે ભૂલી ગયા હોય એમ કહે : 'હા માળું, ધન તો રહી ગયું !'

વજુભાઈ શેઠ વણિક ભક્ત ને વળી વેપારી, એટલે ધનનું યાદ કરાવે અને સભામાં ભારે ગમ્મત થાય. સ્વામીશ્રી ખડખડાટ હસી પડે અને મસ્તક ઉપર એકદમ હાથની હથેળી ઘસતાં પોતાનું વચન સુધારી લે. એ સમયના સ્વામીશ્રીનાં દર્શન અલૌકિક રહેતાં. આ દિવ્ય લીલામાં એવું ગર્ભિત સૂચન પણ હોય કે 'હું તને અને મને સુખી કરવા માટે આવ્યો છું. ધનથી સુખી રાખવાની મારી જવાબદારી નથી.' અલબત્ત, શ્રીજીમહારાજના સમયથી પોતાના આશ્રિતનાં અન્ન, વસ્ત્ર ને આબરૂ સાચવવા તો બંધાયેલા જ છે.

પત્રમ્ પુષ્પમ્...

ઘણી વાર જ્યારે સભામાં સ્વામીશ્રી સેવા માટે જાહેરાત કરતા ત્યારે પણ આવું બનતું. સ્વામીશ્રી કહેતા હોય કે 'આ શુભ કાર્ય છે ને સૌએ સારી સેવા કરવાની છે.' તે વખતે પણ વજુભાઈ તરફ એમની દૃષ્ટિ જતાં સ્વામીશ્રી હસતાં હસતાં પોતાનું વિધાન સુધારી લેતા કે 'સૌ ફૂલ નહિ ને ફૂલની પાંખડી, પણ સેવા કરજો.' કારણ, વજુભાઈ ગમ્મતમાં દલીલ કરતાં કે 'બાપા ! ફૂલ તો નહિ, પણ પાંખડી અમે આપી શકીશું.' તેથી સ્વામીશ્રી તેમના જ શબ્દો દોહરાવી સભાને આનંદ કરાવતા અને મર્મમાં સમજાવી પણ દેતા કે 'ભલે પાંખડી આપો, પણ મન મૂકીને, નિર્દોષભાવે આપજો. આ સાધુને તો કાંઈ જોતું નથી, પણ ઠાકોરજી માટે માગે છે.'

❀ ❀ ❀

છેલ્લો કટોરો પ્રેમનો



એક સવારે ઉકાળો પીધા પછી ગોળી લઈને સ્વામીશ્રી ઢોલિયા પર બેઠા અને ડૉ. ભગુભાઈ પટેલ, ડૉ. દલ તથા ડૉક્ટર સ્વામીને રૂમમાં બેસાડ્યા. બીજા બધાને બહાર જવા કહ્યું. હું ઢોલિયા પાછળ બેકરેસ્ટ પકડીને ઊભો હતો.

સ્વામીશ્રી ડૉક્ટરોને સંબોધીને કહે : 'મારે એક ખાનગી વાત કરવી છે. કાલે રાત્રે કરવાનો વિચાર હતો. પછી થયું, સવારે વાત કરીશું; એમ નક્કી કર્યું.

'એક વરસથી આફ્રિકા જવાની વાત ચાલે છે. બધાને ઉત્સાહ છે. એક લાખ રૂપિયા ટિકિટના ખર્ચે છે. એટલે ત્યાંના હરિભક્તોને રાજી કરવા છે. મૂર્તિપ્રતિષ્ઠા કરીને પ્લેનમાં પાછા આવવું. માટે તમે કોઈને વાત કરતા નહિ, પણ જવું છે.'

ડૉ. ભગુભાઈ તથા ડૉ. દલ કહે : 'બાપા ! આપની તબિયત સારી થઈ જાય, કાર્ડિયોગ્રામ બરાબર આવે અને નાડીના ધબકારા બરાબર થઈ જાય તો જાવ.'

'બધું જ સારું થઈ જશે. અમારા આશીર્વાદથી બધાના રોગ મટે છે, મડાં બેઠાં થાય છે, તો શાસ્ત્રીજી મહારાજના પ્રતાપથી મને મટી જશે. માટે આ વાત ખાનગી રાખજો. મારા સંકલ્પમાં તમે ભળજો. આ વાત કોઈને કરશો નહીં.' સ્વામીશ્રી ભાવમાં આવી દૃઢતાથી બોલી રહ્યા હતા. ભક્તવત્સલ સ્વામીશ્રીએ નાદુરસ્ત તબિયતમાં પણ આફ્રિકા જવાનો નિર્ણય આ રીતે જાહેર કર્યો.

તા. ૨૧મીએ બપોરે થાળ ધરતાં સ્વામીશ્રી કહે : *'અટક મટક'*વાળું કીર્તન, *'વસ્યો છે છોગલાવાળો'* થાળ બોલતાં પહેલાં રોજ બોલવું. 'મહારાજ આવા શણગાર પહેરી જમવા બેઠા છે' – એમ સ્મૃતિ થાય.'

સમાગમથી ઠંડાગાર

સાંજે સૌને માટે આઇસક્રીમ લાવવામાં આવ્યો હતો. સ્વામીશ્રીના

ઓરડાની નીચેના માળના ઓરડામાં સ્વામીશ્રી પધાર્યા. બધા સંતો આઈસક્રીમ જમતા હતા. તેમની વચ્ચે આવી બિરાજ્યા.

એક સંતે કહ્યું : 'બાપા ! આઈસક્રીમ ખાવ.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'મને સાજો રાખવો છે ?'

કોઈએ કહ્યું : 'જરા હાથ અડાડો.'

એટલે સ્વામીશ્રી પત્તર નજીક આંગળી લઈ જાય, પણ અડાડે નહિ. અને જાણે કરંટ લાગતો હોય તેમ પાછી ખેંચી લે. પછી આંગળી ઘસવા મંડે. પોતે જાતે જમે નહીં, પણ જમાડે. તેમાં કોઈ માટે ભાવફેર નહીં. વળી બોલે : 'બધામાં સ્વામી શાસ્ત્રીજી મહારાજ જમે છે. આઈસક્રીમ લોકો ખાય છે - ઠંડક માટે, પણ ભગવાન ને સંતના સમાગમમાં રહીએ તો ઠંડાગાર કરી નાખે.'

રાત્રે સ્વામીશ્રીને શાસ્ત્રીજી મહારાજની ચિત્રિત મૂર્તિ બતાવી. તો કહે : 'મારી છે, શાસ્ત્રીજી મહારાજ નથી.'

બધા કહેવા લાગ્યા કે 'બાપા ! આ શાસ્ત્રીજી મહારાજ છે.'

તોપણ કહે : 'અમારી છે.' એમ કોઈ રીતે માન્યા નહિ.

બીજે દિવસે સવારે ઊઠીને પણ શાસ્ત્રીજી મહારાજના ફોટાને જોઈને સ્વામીશ્રી કહે : 'અમારી મૂર્તિ છે.'

પછી નાનો ફોટો બતાવ્યો ને કહ્યું કે 'આના ઉપરથી આ મૂર્તિ બનાવી છે.'

ત્યારે કહે : 'હાં... હવે બરાબર.' પછી ફરી પૂછ્યું ત્યારે કહે : 'અમારી જ મૂર્તિ છે.'

ગુરુ સાથે આવું તાદાત્મ્ય સેવતા સ્વામીશ્રી આજે અલૌકિકભાવમાં બોલી રહ્યા હતા. વારંવાર એક જ જવાબ મળ્યો ત્યારે સૌને શાસ્ત્રીજી મહારાજનાં અંતિમ વચનો સાંભરી આવ્યાં કે 'હું તે યોગી ને યોગી તે હું.'

ગુરુભક્તિની અગમ્ય રીત

સંધ્યા સ્નાન વખતે આજે પાંચ યુવકોને ઉપવાસ આપ્યા. પછી થોડા ગંભીર થઈને કહે : 'હું તમને બધાને અપવાસ કરાવી બહુ દુઃખ દઉં છું નહીં ?'

'હા, બાપા !' કોઈ યુવક ન બોલ્યા એટલે પિનાકીને કહ્યું.

સ્વામીશ્રી ભાવમાં આવી ગયા : 'એવું 'દુઃખ દઉં છું' એવું નો કહેવાય. તમે નથી ઈસતા (ઇચ્છતા) કે હું સારો થઈ જઉં !'

સ્વામીશ્રી ઘણી વાર ગુરુભક્તિ અદા કરવાની આવી અગમ્ય રીતો

શીખવતા. અને પોતાની રુચિ પ્રમાણે વર્તાવી સૌને શુદ્ધ કરતા.

શરદ પૂર્ણિમાના ઉત્સવ માટે સ્વામીશ્રી મુંબઈથી વિદાય લઈ રહ્યા હતા. રાત્રે સ્વામીશ્રી સ્નાન કરીને પછી ધોતિયું પહેરી રહ્યા હતા ને બધા યુવકો સ્વામીશ્રીની આજુબાજુ વીંટળાઈને ઊભા હતા.

'હવે બધા યુવકોએ તિલક-ચાંદલો કરવો અને હંમેશાં હરિજયંતી ને એકાદશીના બે નિર્જળા ઉપવાસ કરવા જ. કો' કરીશ. કરશો ને ?' સ્વામીશ્રીએ નક્કી કરાવ્યું.

પછી કહે : 'આ વખતે બધા યુવકોએ બહુ સેવા કરી. ઉપવાસ પણ બહુ કર્યા. બધાનો મોક્ષ થઈ ગયો. બધા સંભારી રાખજો.' એમ સૌને આશિષ આપ્યા.

તા. ૨૩મીએ વહેલી સવારે ઊઠ્યા ત્યારે બોલ્યા : 'કેટલા વાગ્યા ?'

એટલે મધુભાઈ કહે : 'પોણા ચાર થયા.'

ત્યાં નારાયણ ભગત આવ્યા. તે કહે : 'પોણા પાંચ થયા છે.'

એટલે સ્વામીશ્રી બોલ્યા : 'લ્યો, આ મધુ ભગત[૨૮] તો મધદરિયે ને કિનારાની વચ્ચે રાખત. નારાયણ ભગત તો નાવ કિનારે લાવ્યા.' એમ ગમ્મત બહુ કરાવી. કારણ, સવાર પડી એટલે સ્વામીશ્રીનું નિદ્રા-લીલારૂપી નાવ કિનારે પહોંચી ગયું હતું.

કૂકડો કહે છે...

આજે સુદ તેરસ હતી. વહેલી સવારે સ્વામીશ્રી મુંડન કરાવવા બેઠા હતા. એવામાં કૂકડો બોલ્યો. 'બાપા ! કૂકડો બોલ્યો.' નારાયણ ભગતે કહ્યું.

વતું કરાવતાં સ્વામીશ્રી બોલી ઊઠ્યા : 'કૂકડો કહે છે, ભગવાન ભજો.'

ખૂબ જ સહજતાથી અને ધીરેથી એવું તો માર્મિક રીતે બોલ્યા કે આપણને ચોટ લાગી જાય.

'પણ બાપા ! એ તો આખો દી' બોલે છે.' નારાયણ ભગતે સ્પષ્ટતા કરી.

'ત્યારે તો કોઈ મુસલમાન રહેતો હશે.' એમ કહી સ્વામીશ્રીએ સામાન્યતઃ વાત વાળી લીધી.

મોક્ષની બોણી

બોરીવલીના હરિભક્ત કેશવભાઈ સ્વામીશ્રીનું વતું કરતા હતા. વતું

૨૮. મધુભાઈ જસાણી.

થઈ રહ્યા પછી સ્વામીશ્રી કહે : 'હાથ બહુ હળવો, વનમાળીભાઈ જેવો હળવો હાથ છે.'

કેશુભાઈએ ખૂબ ભાવથી વતું કર્યું હતું. તેથી સ્વામીશ્રી બહુ રાજી થયા ને આશીર્વાદ આપ્યા.

એટલામાં મધુ કહે : 'બાપા ! અત્યારે તો વાળ કપાવ્યા પછી ટીપ (બોણી) આપવી પડે છે. સલામ ભરે તેના પૈસા આપવા પડે.'

'જાઓ, અક્ષરધામ આપ્યું ! મોક્ષ આપ્યો !' સ્વામીશ્રીએ એકદમ હાથ ઊંચો કરી, એકાએક આશીર્વાદ આપ્યા ને કહે : 'વ્યવહારે સુખી થાય ને મોક્ષ મળે એથી બીજું શું વધુ ?'

કેશવભાઈ અને શંકરભાઈ દર સુદ તેરસના સંતોનું મુંડન કરતા. તેથી આ વખતે સ્વામીશ્રીએ તેમને સેવાનો લાભ આપ્યો.

આજે સવારે ઉકાળો લેતી વખતે પણ સ્વામીશ્રીએ ઉતાવળ કરી. 'જાવું ખરું ને !' એમ કહીને ઉકાળો ઓછો લીધો.

પછી જમવા બેઠા ત્યારે યોગેશ્વર સ્વામીએ આગ્રહ કર્યો. તે વખતે પણ પ્લેનમાં જવાનું બહાનું બતાવ્યું. ને જમવામાં ઉતાવળ કરી. સ્વામીશ્રી કહે : 'છોકરા પરીક્ષા આપવા જાય તે પગ થરથરે. ખાવાનું ન ભાવે.'

'બાપા ! આપણે ક્યાં એવું છે ?' અમે કહ્યું.

'એવું જ.'

'આપને પરીક્ષાનો એવો અનુભવ ખરો ?' અમે પૂછ્યું.

'આપણે તો પાસ જ હોઈએ, પણ બીજાને જોઈએ ને તે ખબર પડી જાય.' સ્વામીશ્રીએ બાલ્યકાળની વાત કરી અને કહે : 'હટ પહોંચી જઈએ. પ્લેનમાં રાજકોટ ઊતરીએ એટલે સોનાના. ત્યાં સુધી પગ થરથરે. આપણે રેલ-ગાડી, મોટર ફાવે, પણ આવું ન ફાવે.' એમ કહી સ્વામીશ્રીએ ઘણી ઉતાવળ કરી.

પછી મને કહે : 'તમે જમજો. અમારે તો ઘડપણ આવ્યું એટલે જમાય નહિ, તમારે જુવાનિયાને વાંધો નહિ.'

જમીને નીચે મંદિરમાં પધાર્યા. ઠાકોરજીનાં દર્શન કર્યાં. 'દંડવત્ કરું ?' સ્વામીશ્રીએ પૂજારીને પૂછ્યું. પૂજારીએ તબિયતને કારણે હાથ જોડી ના પાડી. પછી સભામાં પધાર્યા. નૈરોબી મંદિરની મૂર્તિઓ આફ્રિકા જતી હોવાથી તેની આરતી ઉતારી. હીરાલાલ ખત્રી તે લઈને અમદાવાદથી આવ્યા હતા. તેમને તથા સંતોને આશીર્વાદ આપ્યા.

પૂરા બે માસ અને નવ દિવસ મુંબઈમાં ડૉક્ટરોની સૂચના મુજબ સારવાર ને આરામ લઈ, સૌને દર્શનનું અલૌકિક સુખ આપી, સ્વામીશ્રી ગોંડલ જવા વિમાની મથકે આવી પહોંચ્યા. પણ વિમાન ઘણું મોડું પડ્યું હતું. તેથી લગભગ એકથી દોઢ કલાક વિમાની મથક ઉપર સભા ભરીને સંતો પાસે કીર્તનો ગવરાવ્યાં. હજારોની સંખ્યામાં હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

૧-૧૦ વાગે પ્લેન ઊપડ્યું. આગળના ભાગમાં સ્વામીશ્રી માટે પથારી કરી હતી તેથી પોઢી ગયા. ૨-૪૫ વાગે રાજકોટ આવ્યું ત્યારે પોતે ગાતરિયું વાળીને તૈયાર થયા. તેવામાં પ્લેનના પાઇલટ તથા સ્ટુઅર્ટ્સ દર્શને આવ્યા. સ્વામીશ્રીને પગે લાગી ઓળખાણ આપી : ‘આ પ્લેન હંકારી લાવ્યા તે.’

સ્વામીશ્રી ઘણા જ રાજી થયા ને અંતરથી આશીર્વાદ આપતાં કહે : ‘જાઓ, અક્ષરધામ (આપ્યું) !’

સંતોએ પાઇલટને સમજાવ્યું. તે ઘણા રાજી થયા.

અહીં પણ સેંકડો હરિભક્તો સામે લેવા આવ્યા હતા. તેમને દર્શન આપી, સ્વામીશ્રી ૩-૪૫ વાગે ગોંડલ પધાર્યા.

શ્યામ સુંદર રંગભીને

નાની નાની ક્રિયામાં પણ સ્વામીશ્રીનું જાણપણું, સેવકભાવ-ભક્તિભાવ જોઈને હૃદયમાં નિત્ય અહોભાવ પ્રગટે. મુંબઈથી નીકળી સ્વામીશ્રી ગોંડલ પધાર્યા. મંદિરે પહોંચ્યા પછી સીધા અક્ષર દેરી તથા ઠાકોરજીનાં દર્શન કર્યાં. સેંકડો હરિભક્તો સ્વામીશ્રીની દૃષ્ટિ-પ્રસાદી માટે આતુરતાથી વીંટળાયેલા હતા. સૌનાં હૃદયની ઊર્મિવર્ષા ઝીલીને સ્વામીશ્રી પોતાને ઉતારે પધાર્યા. આ ઊર્મિ-સાગરના હિલોળામાં ઝિલાતા ગમે તેવા ધીર પુરુષનું મસ્તક જરા જેટલું તો ઉન્નત થાય જ અને ભાવના પૂરમાં જરૂર તણાય; પરંતુ સ્વામીશ્રીની વાત ન્યારી હતી.

આ વખતે સ્વામીશ્રીના ઉતારાના આગળના ભાગમાં એક કાચની કૅબિન બનાવવામાં આવી હતી; જેથી દર્શનાર્થીઓ સુખેથી દર્શન કરે અને સ્વામીશ્રીને કોઈ અગવડ ન પડે. તેમજ ઠંડી-પવનથી પણ સુરક્ષિત રહેવાય. આ કૅબિનમાં સ્વામીશ્રી માટે પાટ ઉપર સુંદર ઊંચું આસન બનાવ્યું હતું.

સૌએ સ્વામીશ્રીને પાટ ઉપર બિરાજવા પ્રાર્થના કરી.

‘પહેલાં ઠાકોરજી પધરાવો પછી હું બેસીશ.’ સ્વામીશ્રીએ એટલી તો

અંતરની સહજતાથી કહ્યું, ત્યારે આપણને સહેજે સમજાઈ જાય કે આ પુરુષ નિત્ય એમના પ્રિયતમ સાથે જ રમણ કરે છે, એક પળમાત્ર પણ એનાથી મન-કર્મ-વચને વિખૂટા પડતા નથી.

કોઈએ કહ્યું : 'બાપા ! આ પાટ તો જૂની છે.'

'પણ રૂમ તો નવો છે ને !' સ્વામીશ્રીએ પોતાનો દાવો સાચો કર્યો.

નવીનતા કશી જ ન હતી, કારણ, સભામંડપના એક ખૂણાના ભાગને કાચના બારણાથી આવરી લીધો હતો. પણ સ્વામીશ્રીને મન એ બધું જ નવી રીતે રજૂ થયેલું જણાતું હતું. એટલે પોતાના ઇષ્ટને પધરાવ્યા વગર પોતે કેમ એને અંગીકાર કરે ?

અનાદિ મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની ૧૮૪મી જન્મ જયંતી, શરદ પૂર્ણિમાના પરમ માંગલિક દિવસે, હજારો હરિભક્તોની હાજરીમાં ખૂબ જ ભવ્યતાપૂર્વક ઊજવાઈ.

શરદ પૂર્ણિમાને દિવસે સભામંડપમાં ખાસ તૈયાર કરાવેલ કાચની કૅબિનમાં સ્વામીશ્રી પૂજા કરવા બેઠા. સહુને દર્શનનો અપૂર્વ લહાવો મળ્યો. પૂજા બાદ દેરીમાં દર્શન કરી, મંદિર ઉપર શિખરમાં આરતી કરી, આરામમાં પધાર્યા.

સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ વાગ્યા સુધી યુવક મંડળની ખાસ સભા ભરાઈ. પ્રમુખસ્વામી તથા સંતસ્વામીનું બૅન્ડથી સ્વાગત કરી યુવકોએ ગુરુવંદના કરી. આશાભાઈ, મણિભાઈ પટેલ, મણિભાઈ સલાડવાળા, ભટેસા, ડૉક્ટર સ્વામી તથા પ્રમુખસ્વામીએ યુવક મંડળોનો વિકાસ કેવી રીતે સાધી શકાય, તે વિશે પ્રેરક પ્રવચનો કર્યાં.

બપોરે રાજભોગ આરતી બાદ આશરે દસ હજાર ઉપરાંત હરિભક્તોએ ઠાકોરજીનો મહાપ્રસાદ લીધો.

રાત્રે ૮-૩૦ થી ૧૨-૦૦ વાગ્યા સુધી શરદોત્સવ સભા યોજવામાં આવી. ધૂન તથા સ્તુતિ બાદ હર્ષદભાઈએ અ.નિ. મહારાજા વિક્રમસિંહે અક્ષર મંદિરના વિકાસમાં આપેલી સેવાની સ્મૃતિ કરાવી શ્રદ્ધાંજલિ અર્પણ કરી. સદ્‌ગતના આત્માની શાંતિ માટે ધૂન તથા પ્રાર્થના બાદ સ્વામીશ્રી પ્રથમ આરતી ઉતારી આરામમાં પધાર્યા. પ્રમુખસ્વામી, સંતસ્વામી, બાલમુકુંદ સ્વામી તથા અન્ય સંતો અને અગ્રણી હરિભક્તોએ બીજી ચાર આરતી થોડા થોડા અંતરે ઉતારી.

ગુરુકુળના વિદ્યાર્થીઓએ સિદ્ધેશ્વર સ્વામી લિખિત સંવાદ ખૂબ જ સુંદર રીતે ભજવ્યો. ઘનશ્યામ મહારાજનાં બાળચરિત્રો અને મિત્રો સાથેની લીલા

તથા વર્તમાનકાળે સ્વામીશ્રી દ્વારા ઘનશ્યામ મહારાજ કેવી રીતે પ્રગટ છે તે રહસ્ય સુંદર રીતે આ સંવાદમાં વણી લેવામાં આવ્યું હતું.

ગુરુકુળના વિદ્યાર્થીઓએ વાયોલીન, સરોદ, હાર્મોનિયમ વગેરે વાદ્યો સાથે સ્તુતિ ગાઈ. બાળ વિભાગ તથા યુવક વિભાગ તરફથી જુદા જુદા રાસ ગોઠવવામાં આવ્યા હતા. વચનામૃતની નવી આવૃત્તિ, સત્સંગ સોપાન અને સત્સંગ વાચનમાળા – આ ત્રણ પુસ્તકોનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. સત્યપ્રિય સ્વામીએ પરિશ્રમ લઈ આ પુસ્તકો તૈયાર કર્યાં હતાં. આશાભાઈ પટેલ, રવિભાઈ પંડ્યા, બાલમુકુંદ સ્વામી વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં. છેલ્લી આરતી પહેલાં હરિભક્તોએ ઠાકોરજી તથા સંતોનું પૂજન કરી, ધોતિયાં ઓઢાડ્યાં. રાત્રે ૧૨-૦૦ વાગે સભા પૂરી થયા બાદ દૂધ-પૌંઆનો પ્રસાદ વહેંચાયો. ૧૨-૧૫ વાગે દેરીમાં તથા શિખરમાં આરતી થઈ.

આ મહોત્સવમાં કચ્છ, ગુજરાત, સૌરાષ્ટ્ર અને ઠેઠ મુંબઈથી હજારો હરિભક્તો આવ્યા હતા. બાલમુકુંદ સ્વામી, સિદ્ધેશ્વર સ્વામી, રામચરણ સ્વામી તથા અન્ય સંતો-હરિભક્તો માટે ઉતારા, પાગરણ, ઉકાળા, નાસ્તા વગેરેની સુંદર વ્યવસ્થા કરી હતી. પીરસવામાં ટપુભા ઝાલા અને ગોંડળ યુવક મંડળ, કૃષ્ણાભાઈ અને નડિયાદ મંડળ, તથા બચુભાઈ અને દેવચડી મંડળે સારી સેવા બજાવી. સભામંડપ તૈયાર કરવાનું કામ વલ્લભભાઈ અને રાજુલા મંડળે કર્યું હતું. ઉતારા, પાગરણની વ્યવસ્થા હરભમજી બાપુ તથા ભગવત્‌સિંહ બાપુએ કરી હતી. આ વખતે ગોંડળ યુવક મંડળની સેવા નોંધપાત્ર હતી. હોમગાર્ડ્ઝના કાર્યકરોએ સંરક્ષણ વિભાગમાં ઘણી સારી સેવા બજાવી.

રાત્રે ૧૨-૦૦ વાગ્યા પછી સ્વામીશ્રી આરામમાંથી લઘુ કરવા ઊઠ્યા ત્યારે ગુણવત, યોગેશ્વર સ્વામી તથા રાજેન્દ્ર (આણંદ) હાજર હતા. સ્વામીશ્રીએ પૂછ્યું : 'પૂજન થઈ ગયું ?'

યોગેશ્વર સ્વામી કહે : 'હા, અડધો કલાક ચાલ્યું.'

સ્વામીશ્રી કહે : 'અડધો કલાક નહિ, કલાક ચલાવવું જોઈએ. હું હાજર નહીં ને ! ધણી વિનાના ધોરશિયા.'

'બીજા પ્રોગ્રામ હતા ને !' ગુણવંતે કહ્યું.

'પ્રોગ્રામ બંધ રખાવવા જોઈએ. શાસ્ત્રીજી મહારાજ હતા ત્યારે પૂજન વહેલું કરાવે. ઠાકોરજીની સેવા સારી થાય.' સ્વામીશ્રીએ પોતાનો અભિપ્રાય જણાવ્યો.

બીજે દિવસે જમ્યા પછી બપોરની કથામાં સ્વામીશ્રી વડતાલ પ્રકરણનું

પંદરમું વચનામૃત વંચાવતા હતા. એમાં મોટાપુરુષના કોપની વાત આવી. ત્યારે સ્વામીશ્રીએ પૂછ્યું : 'સંતનો કોપ શું ?' પછી પોતે જ એ પ્રશ્નનો ઉત્તર કરતાં કહ્યું : 'સંત કોઈને ઠપકો ન દે; પણ 'આ સારો નથી' એમ (સંતને) થઈ જાય એ કોપ. એમાં જીવનું ભૂંડું થઈ જાય.'

સત્પુરુષનો આગ્રહ

તા. ૨૬મીએ બપોરની કથામાં વડતાલ પ્રકરણનું સોળમું વચનામૃત સ્વામીશ્રી વંચાવતા હતા. એમાં એમ વાત આવી : 'આગ્રહ તો કેવળ ભગવાનના ભજનનો અને ભગવાનના ભક્તનો સત્સંગ રાખવાનો છે.'

સંતસ્વામીએ આનો અર્થ સમજાવતાં કહ્યું કે 'ભગવાન અને મોટા સંત આ લોકમાં આવીને આપણી જેવા થઈને રહે છે અને એમની દરેક ક્રિયા આપણને સત્સંગમાં નભાવવાની હોય છે – એ જ આગ્રહ.'

સ્વામીશ્રીએ પણ આ ઉત્તરને સમર્થન આપ્યું અને પુષ્ટિ આપતાં કહ્યું : 'જીવને (આપણને) અભાવ ન આવે એ જ ભગવાન અને મોટાપુરુષનો આગ્રહ હોય છે.'

અક્ષર મંદિરમાં સેવા કરતા હર્ષદ ચાવડા સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રી કહે : 'કૃષ્ણકાંત ક્યાં છે ? એને બોલાવો.'

હર્ષદ કૃષ્ણકાંતને બોલાવીને લાવ્યા. એટલે સ્વામીશ્રીએ બંનેને આશીર્વાદ આપતાં કહ્યું : 'અહીં સેવા સારી કરશો.' પછી બંનેને છાતી ઉપર હાથ ફેરવતાં હેતથી બોલ્યા : 'સ્વામી ને મહારાજ, શાસ્ત્રીજી મહારાજ તમારા હૃદયમાં અખંડ રહેશે. આ શુભ શરદ પૂનમનો આશીર્વાદ છે. દિવાળી, બેસતા વરસના આશીર્વાદ કરતાં આ આશીર્વાદ મોટો કહેવાય. આ વાત મનમાં લખી રાખશો.' એમ બહુ હેતપૂર્વક સામેથી આશીર્વાદ આપ્યા.

ડર્બનવાળા ઊર્મિલાબહેન જે. પટેલ તથા તેમના સુપુત્રો વિજય તથા દેવેશ તરફથી પારાયણ યોજાઈ હતી. વચનામૃત તથા સ્વામીની વાતુંની કથા પ્રમુખસ્વામી તથા સંતસ્વામી સવારે કરતા, સાંજે પુરાણી શ્વેતવૈકુંઠ સ્વામી ભક્તચિંતામણિ વાંચતા.

દક્ષિણ આફ્રિકાથી સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો લાભ લેવા આવેલા આ ભક્તને આ વખતે સ્વામીશ્રીનો અધિક મહિમા સમજાયો. પારાયણ દરમ્યાન તેમના પુત્ર દેવેશને તાવ આવ્યો, તેઓ ગભરાઈ ગયા : 'આને કશું થાશે તો

સૌને શું જવાબ આપીશ ?' વલસાડમાં રહેતા ભાઈને સત્સંગ નહીં અને ઘરઆંગણે ડર્બનમાં પતિને સત્સંગ નહીં.

પરંતુ બીજે દિવસે મંગળ પ્રવચનમાં સ્વામીશ્રી પોતાનાં લાક્ષણિક લટકાં સાથે કહે : 'તાવ-તરિયાથી ગભરાવું નહીં, આશરો દૃઢ જોઈએ. આપણને કોણ મળ્યા છે ? એનું ધાર્યું જ થાય છે.'

ઊર્મિલાબહેનને સમજાઈ ગયું કે સ્વામીશ્રી નિષ્ઠાની દૃઢતા કરાવી રહ્યા હતા. તેમણે સ્વામીશ્રી પર જ છોડી દીધું. અને દેવેશ બીજે દિવસે જ સાજો થઈ ગયો.

તેમણે ગોંડળ રસોઈ આપવા સંકલ્પ કર્યો, પણ તે દિવસે સી.ટી. પટેલની રસોઈ હતી. સ્વામીશ્રીએ સી.ટી. પટેલને બોલાવી, તેમની રસોઈ બીજે દિવસે ગોઠવી અને તેમનો સંકલ્પ પૂરો થયો.

ઊર્મિલાબહેનના પતિ જયંતીલાલ ડર્બનમાં પ્રતિષ્ઠિત ઍડવોકેટ અને હિંદુ પ્રજાના માનીતા સજ્જન હતા. તેમનો સત્સંગ-પ્રવૃત્તિ માટે પ્રથમથી જ વિરોધ હતો. પરંતુ ઊર્મિલાબહેન ખાનગી રીતે સત્સંગનો લાભ લેતાં.

સ્વામીશ્રીને તેઓ બીજા હરિભક્તો પાસે પત્રો લખાવી પ્રાર્થના કરતા, ત્યારે સ્વામીશ્રી જણાવતા : 'જયંતીલાલને સત્સંગ થશે પણ સમય લાગશે. તેમને પ્રમુખસ્વામી સત્સંગ કરાવશે.'[૨૯]

પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રી દેરીમાં પધારતા. આરામ કરી, ૧૦-૩૦ થી ૧૧-૦૦ સુધી કથામાં બિરાજતા. બપોરની કથામાં એક વચનામૃત વંચાવી સંતસ્વામી પાસે નિરૂપણ કરાવતા. સાંજે ૫-૦૦ વાગે ભક્તચિંતામણિનું એક પ્રકરણ સાંભળી આરામ કરતા. રાત્રે ૮-૩૦ થી ૯-૦૦ સભામાં સંતો પાસે કીર્તનો સાંભળ્યા બાદ આરામમાં જતા. સ્વામીશ્રીના આરામની પૂરી તકેદારી અને વ્યવસ્થા રામચરણ સ્વામી સાચવતા.

તા. ૨૮મીએ બપોરે સ્વામીશ્રી જમી રહ્યા હતા. યોગેશ્વર સ્વામીએ સ્વામીશ્રીના પત્તરમાં ભાત પીરસ્યો અને કહે : 'આ પુરુષોત્તમપુરાનો ભાત છે, તુળશીભાઈ લાવ્યા છે. પંખાળીનો ભાત ગુણ ભરીને લાવ્યા છે.'

તે સાંભળી સ્વામીશ્રી ધીરેથી કહે : 'ભગવાન ભજે તો બધું જ મળી રહે.

---

૨૯. સને ૧૯૭૭માં પ્રમુખસ્વામી મહારાજ ડર્બન પધાર્યા ત્યારે જયંતીલાલે એમનું સ્વાગત કર્યું હતું અને પોતાના બંગલામાં જ સ્વામીશ્રીને ઉતાર્યા હતા. ઊર્મિલા-બહેનની ભક્તિભાવથી તેમના હૃદયમાં પણ ભક્તિના સંસ્કારોનો ઉદય થયો.

ભજન કરે તો એની મેળે ઢગલા થાય. ભજન કરવું જોઈએ.'

બપોરે ૪-૦૦ વાગે સ્વામીશ્રી સભામાં પધાર્યા. સંતો પાસે *'સંત વિના રે સાચી કોણ કહે'* એ કીર્તન ગવરાવ્યું. તેમાં પંક્તિ આવી, *'સંત વચન કટુ કહે, આપવા આપણો રંગ.'*

સંતોને અટકાવતાં સ્વામીશ્રી કહે : 'સંત કટુ વચન કહે તો કોઈ ઊભો રહે ? તો રંગ પણ ન લાગે. રંગ ક્યારે આવે ? સંતનું વચન મનાય તો.'

રાત્રે સ્નાનાદિક પછી સ્વામીશ્રી ઉકાળો લઈ રહ્યા હતા. વાતમાં વાત નીકળી : 'ભાદરામાં એક સંત બધા હરિભક્તોને પ્રેમથી પીરસે - કરે.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'જમાડવાનું જ કામ છે, જ્ઞાનનું કામ નથી.'

હરિભક્તોને સેવા-ચાકરીથી રાજી કરીએ, તો હેત થાય અને પછી જ્ઞાનની વાત મનાય – એમ સ્વામીશ્રી અવારનવાર કહેતા.

બળદની મુક્તિ

આ અરસામાં મંદિરનો ગોરિયો બળદ બહુ બીમાર પડી ગયો. પશુ ચિકિત્સકે ઇન્જેક્શનો આપ્યાં, પણ સાજો ન થયો. ભક્તિકિશોર સ્વામી સ્વામીશ્રી પાસે આવ્યા ને વાત કરી. ત્યારે સ્વામીશ્રીએ ગુણવંતભાઈને કહ્યું : 'તમે જઈને દવા કરો.' એમ કહી તેમને ભક્તિકિશોર સ્વામીની સાથે જવા આજ્ઞા કરી.

તેમણે જઈને જોયું. પછી સ્વામીશ્રી પાસે આવીને તેઓ કહે : 'બાપા ! બળદ બહુ માંદો છે. આપ આવો, દર્શન આપો ને દૃષ્ટિ કરો, તો સાજો થાય.'

સ્વામીશ્રી ખુરશીમાં બિરાજી બળદ જ્યાં આંબલી નીચે હતો ત્યાં આવ્યા. સ્વામીશ્રીએ દૃષ્ટિ કરીને કહ્યું : 'બહુ રિબાય છે. હવે ધામમાં જાય તો સારું.' પછી પ્રસાદીનું જળ મગાવીને પાયું ને સંકલ્પ કર્યો કે 'બળદ ધામમાં જાય.'

સ્વામીશ્રી ઉતારે પાછા ફર્યા. થોડી વારમાં જ સમાચાર આવ્યા કે 'બળદ ધામમાં ચાલ્યો ગયો.'

ભક્તિકિશોર સ્વામીએ કહ્યું : 'હરિજનને બોલાવીએ.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'તેને ન બોલાવાય, આ તો મુક્ત છે.' તેમ કહીને ખાડો ખોદાવી, દાટી દેવા માટે આજ્ઞા કરી.

❀ ❀ ❀



સોણલે પરાગ રાગ

સ્વામીશ્રી અનેક પ્રસંગોએ સ્વપ્નાંની વાતો કરતા. શ્રીજી અને સંતો સાથે સદા રમણ કરતા સ્વામીશ્રી આવાં કેટલાંક ચરિત્રો આપણને સ્મૃતિમાં સાચવવા ને અનુભવમાં મૂકવા માટે ભેટ આપતા. પણ તેઓ રૂપિયે એક આની જ જણાવતા !

સ્વામીશ્રી જમતાં જમતાં કહે : 'ભગતજી મહારાજ જમો, ભગતજી મહારાજ દર્શન દ્યો.' એમ કહી આંખમાં હસવા લાગ્યા. કહે :

'ઓગણીસો પાંસઠમાં રાજકોટમાં જાગા સ્વામીનાં દર્શન થયાં હતાં. ભગતજી મહારાજનાં દર્શન ક્યારેય થયેલાં નહિ, તે આ વખતે ગોંડલમાં થયાં. શાસ્ત્રીજી મહારાજનાં દર્શન અઠવાડિયામાં એક વાર તો થાય જ; કંઈ ગાડામાં જતા હોઈએ અથવા જમાડતા હોઈએ. ભેળા બહુ રહેલા ને ! એમ બધી વાતો છે.'

આજે તા. ૩૧-૧૦-'૬૯, વહેલી સવારે ૨-૧૦ વાગે સ્વપ્નામાં ભગતજી મહારાજનાં દર્શન થયેલાં. તે સ્વામીશ્રી સૌને કહેતાં થાકતા જ ન હતા. જે મળે એને વાત કરે : 'આજ તો ભગતજી મહારાજનાં દર્શન થયાં.'

દર્શનની રાતે, પરોઢિયે ૪-૩૦ વાગે પોતે ઊઠ્યા, સેવકોને જગાડ્યા ને વાત કરવા લાગ્યા. વાત એટલી બધી મોટી હતી કે એમની છાતીમાં સમાતી ન હતી ! વાત કરતાં કરતાં હૈયું ભરાઈ જતું હતું અને શબ્દો ઊછળતા હતા. સ્વામીશ્રી કહે :

'ચાર કામ કર્યાં, એમાં પોતે રાજી થયા. સારંગપુર સોનાનું સિંહાસન કર્યું, તે શાસ્ત્રીજી મહારાજનો શુભ સંકલ્પ. ભગતજી મહારાજની દેરી બનાવી, છત્રી કરાવી, પ્રતિષ્ઠા કરી મૂર્તિઓ પધરાવી. જન્મ સ્થાનનું કામ શરૂ કરાવ્યું. ચોથું, ભગતજી મહારાજનું ચરિત્ર વાંચ્યું.

'સાક્ષાત્ દર્શન દીધાં !

'ઓરડામાં પાટલા ઉપર બેઠેલા. નાહી, ધોઈ, પૂજા કરીને, કપાળમાં

તિલક-ચાંદલો હતો. ધોળું ધોતિયું પહેર્યું હતું ને ઉપર ધોળું વસ્ત્ર ઓઢ્યું હતું. છાતી ખુલ્લી, માથે ફેંટો બાંધેલો.

'રૂડા રૂપાળા લાગતા હતા. કપાળમાંથી તેજ નીકળતું હતું. શરીરમાંથી તેજ નીકળતું હતું.

'શું તેજસ્વી મૂર્તિ ! તેજ તેજ છૂટે !

'એક બાજુ પચાસ-સાઈઠ સંતો બેઠા હતા, બીજી બાજુ હરિભક્તો હતા. હું ગયો. હું ઓળખું નહિ. મને એક હરિભક્તે કહ્યું : 'આ ભગતજી મહારાજ.'

'મેં દંડવત્ કર્યા. બહુ રાજી થયા. મને કહે : 'રાખો, સુખી છો ને ?'

'હા, બાપા ! સુખી છું.'

'માથે હાથ મૂક્યા : 'અહીં બેસો.' થડમાં બેઠો.

'ઘણે વખતે દર્શન દીધાં.

'હું વાત કરું (મનમાં) 'દર્શન થાય તો સારું,' પણ દર્શન થાય નહિ. આજે થયાં. શુક્રવારે. મને શાંતિ થઈ ગઈ.

'હું ઊઠ્યો. નિરંજન સ્વામીને પૂછ્યું : 'કેટલા વાગ્યા ? બે ને દસ. આનંદમાં ઊંઘ આવે નહિ. પછી શાસ્ત્રીજી મહારાજને સંભાર્યા. ઊંઘ આવી ગઈ. ૪-૩૦ વાગી ગયા. શાંતિથી વાત કરી.

'મોટાપુરુષનાં દર્શન ક્યારે થાય ? રાજીપો હોય, નિર્દોષબુદ્ધિ હોય તો થાય.

'ભગતજી મહારાજનું જીવન ચરિત્ર મુંબઈ વાંચતા. અહીં વાંચ્યું. હું સાંભળું. બહુ મુદ્દાની વાતો. શાસ્ત્રીજી મહારાજ ઉપર ભગતજી મહારાજનો બહુ રાજીપો. જૂનાગઢનો પ્રસંગ (ભગતજી મહારાજ તથા જાગા સ્વામી સમૈયામાં ભેગા થયા) સાંભળો, તો ખુશ થઈ જાઓ.

'મોટાપુરુષનાં દર્શન થયાં. મને શાંતિ થઈ ગઈ. બહુ સુખ આવ્યું. હવે તબિયત સારી થઈ જશે. મોટાપુરુષનાં દર્શનથી સારું થઈ જાય.

'સ્વામીએ ના પાડી, 'સોળે આને એક આની કહેવું.'

આવી તો અનેક સ્વપ્નાંની વાતો જે શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ પ્રત્યેની સ્વામીશ્રીની પરા-ભક્તિનો પરાગ આપણાં અંતરમાં રાગ જગાડતી.

આજે રાજકોટ જિલ્લાની હાઈસ્કૂલોના હેડમાસ્તરોની કેળવણી વિષયક એક પરિષદ અક્ષરપુરુષોત્તમ હાઈસ્કૂલમાં યોજી હતી. મંદિર, દેરી તથા સ્વામીશ્રીનાં દર્શન પામી, સર્વ આચાર્યો ખૂબ પ્રભાવિત થયા હતા.

સ્વામીશ્રી મંદિરમાં બિરાજતા હતા તેથી ગામોગામથી અને દેશોદેશથી હરિભક્તો, સરકારી અધિકારીઓ, યાત્રાળુઓ મોટી સંખ્યામાં દર્શને આવતા રહેતા. વિદ્યાર્થીઓની સ્પેશિયલ બસો પણ ઘણી આવતી. દરેકની રહેવા-જમવાની વ્યવસ્થા સંપૂર્ણ સચવાય, તે માટે સ્વામીશ્રી અવારનવાર બાલમુકુંદ સ્વામી તથા સિદ્ધેશ્વર સ્વામીને પૂછપરછ કરતા. દરેકની પૂરી બરદાસ્ત થાય ને અક્ષર મંદિરનો ગુણ લઈ જાય તેવી તકેદારી સ્વામીશ્રી રખાવતા.

પ્રમુખ-પરાગરજ પ્રેમી

સવારે નાસ્તો કરતાં દેવચરણ સ્વામીને બોલાવીને કહ્યું : 'તમને કોઈ દી' દર્શન થાય ?'

'ના, બાપા !'

'લ્યો, ગુરુ ! ખરા છો ને ! પ્રમુખસ્વામી ઈ શાસ્ત્રીજી મહારાજનું સ્વરૂપ અને શાસ્ત્રીજી મહારાજમાં ભગતજી મહારાજ રહેલા કે નહીં ?'

'હા, બાપા ! રહેલા.' દેવ સ્વામીએ ટૂંકમાં કહ્યું.

'તો પ્રમુખસ્વામીનાં દર્શનમાં (ભગતજી મહારાજ) આવી જાય. આવી ના નો પડાય !'

સ્વામીશ્રીએ સુંદર તર્કબદ્ધ વાત કરીને પ્રમુખસ્વામીનો મહિમા સમજાવ્યો. ઢેબરાં લઈ જઈને પ્રમુખસ્વામીને જમાડવા કહ્યું અને બોલ્યા : 'પ્રમુખસ્વામીને સેવા કરીને રાજી કરી લેવા ! શું ?'

સ્વામીશ્રી દેવ સ્વામી તથા સંતોને પ્રમુખસ્વામીના મહિમાની વાતો ઘણી વાર કરતા.

ગોંડલ રહેતા ભગવાનજી માંડવિયા ઉત્તમ મુમુક્ષુ યુવક હતા. આથી સ્વામીશ્રી તથા સંતો સાથે તેમને સારું હેત થઈ ગયું.

સ્વામીશ્રીને સ્નાન કરાવવા માટે તેઓ આવતા. તેમને વધુ અભ્યાસ માટે અમેરિકા જવાની ઇચ્છા હતી. સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપ્યા. તેમણે પાસપોર્ટ-વિઝાના પ્રયત્નો કર્યા, પણ પરવાનગી મળતી ન હતી.

આ તૈયારીઓમાં તેઓ કેટલાક દિવસ દર્શને આવી શક્યા નહીં. તેથી સ્વામીશ્રીએ તેમને સંભાર્યા. કહે : 'ભગવાનજીભાઈને બોલાવો. એને અમેરિકા જવું છે. અહીં સેવામાં આવે, નવરાવે, તો આશીર્વાદ મળે. તો જવાનું થાય. પણ સેવા વગર આશીર્વાદ ન મળે.'

સંતોએ ભગવાનજીભાઈને બોલાવ્યા. તેઓ આવ્યા ત્યારે સ્વામીશ્રી કહે : 'ગુરુ ! સેવામાં કેમ આવતા નથી ?'

'બાપા ! વ્યાવહારિક મુશ્કેલી છે.'

તેમણે પરવાનગી નથી મળી તે વાત કહી. સ્વામીશ્રી કહે : 'એ તો બધું આશીર્વાદથી ટળી જાય. માટે રોજ નવરાવવા આવવું. અમે તમારી વાટ જોઈએ અને તમે મોઢું ન દેખાડો !'

ભગવાનજીભાઈ આ હેત પાસે નમી પડ્યા અને નિયમિત આવવા લાગ્યા. થોડા જ દિવસમાં સ્વામીશ્રીના આશીર્વાદથી પાસપોર્ટ અને વિઝા મળી ગયા.

સ્વામીશ્રીએ સભામાં તેમને વિદાય આપતાં ઠાકોરજીનો હાર પહેરાવી, કંકુનો ચાંદલો કરી આશીર્વાદ આપ્યા. સાથે નિયમ-ધર્મમાં રહી સત્સંગ કરવા આજ્ઞા કરી.

અમેરિકા પહોંચ્યા પછી તેમણે સત્સંગ-પ્રવૃત્તિમાં સારો રસ લીધો અને સત્સંગ-વિકાસની ઘણી પ્રવૃત્તિઓ હાથ ધરી. ખાસ કરીને કેનેડામાં વર્ષો સુધી સત્સંગ-સેવા કરી, મંડળના સૂત્રધાર રહ્યા. અન્ય મુમુક્ષુઓને પણ સત્સંગમાં ખેંચ્યા. આમ, સત્સંગ પરાયણ રહી જીવન સાર્થક કર્યું.

તા. ૧-૧૧-'૬૯, રાત્રે ઉકાળાપાન વખતે સ્વામીશ્રી, સંતસ્વામી, પ્રમુખસ્વામી, કોઠારી સ્વામી, ડૉક્ટર સ્વામી વગેરે બેઠા હતા. સંતસ્વામીએ સ્વામીશ્રીને તબિયતના સમાચાર પૂછ્યા : 'કેમ તબિયત રહે છે ? શું તકલીફ છે ? ફાવે છે કે નહિ ?' વગેરે

સ્વામીશ્રી તેના જવાબો ટાળતા હોય એમ સંતસ્વામીને સામેથી કહેવા લાગ્યા : 'આપની તબિયત સારી રહે. આપ જેવા પુરુષથી સત્સંગમાં બહુ સમાસ થાય.' એમ સંતસ્વામીનો મહિમા ગાવા લાગ્યા. પછી કાંતિભાઈ મિસ્ત્રીને આજ્ઞા કરી કે 'રોજ સવાર-સાંજ બે પપૈયાં સંતસ્વામી માટે લાવવાં.'

આમ, સ્વામીશ્રી મોટેરા સંતોનો મહિમા સમજાવતા અને જાતે એમની ખબર રાખતા.

આઈ એમ યંગ

તા. ૪થીએ રાત્રે સ્નાન વખતે ઘણા યુવકો સેવામાં એકત્રિત થઈ ગયા હતા. યુવકો સાથે સ્વામીશ્રી બહુ ગમ્મત કરે. એમને અંગ્રેજી શીખવાડવાનું કહે. એટલે યુવકો અંગ્રેજી શબ્દો કે નાનાં નાનાં વાક્યો સ્વામીશ્રી પાસે બોલાવડાવે,

પછી એનું ગુજરાતી કરી બતાવે.

આજે યુવકોએ સ્વામીશ્રીને પાઠ આપ્યો કે 'આઈ એમ યંગ.' એનો તરજુમો કર્યો – 'મારામાં યુવાન જેવી શક્તિ છે.'

સ્વામીશ્રી એમ બોલવાને બદલે બોલ્યા કે 'ભગવાનની શક્તિ છે.' એમ સુધારીને બોલ્યા અને સૌ યુવાનો હસી પડ્યા, પછી જ સૌને ખ્યાલ આવ્યો કે નાની નાની બાબતોમાં પણ સ્વામીશ્રી ભગવાનનો સંબંધ અળગો કરી શકતા નથી. ખરેખર ! તેઓ ભગવન્મય પુરુષ છે.

પારાયણની પરંપરા ચાલુ હતી. ડર્બનવાળા પાર્વતીબહેન, લુસાકાવાળા કાંતિભાઈ વગેરે તરફથી પારાયણો યોજાઈ. સવારે ડૉક્ટર સ્વામી તથા કોઠારી ભક્તિપ્રિય સ્વામી પારાયણ કરતા. સાંજે ભક્તચિંતામણિની પારાયણ યોગેશ્વર સ્વામી કરતા.

તા. ૬ઠ્ઠીએ સ્વામીશ્રીની તબિયત સંપૂર્ણ સ્વસ્થ થઈ જાય તેવા શુભ સંકલ્પથી ૧૨૫ યુવકોએ નિર્જળા ઉપવાસ કર્યો હતો.

સવારે લીંબડીના ભરતભાઈએ સ્વામીશ્રીની વ્હીલચૅર હાંકવા માંગી. સ્વામીશ્રી તુરત કહે : 'ઈશ્વર સ્વામીને દ્યો. જે ગાર્ડ ગાડી હાંકે તો જ સરખી હાલે.' એમ કહી મને જ તે હાંકવા કહ્યું.

સ્વામીશ્રીની એક વિશેષતા કહો કે કૃપા - પણ જે સંતો, યુવકો જે સેવા કરતા હોય, તેમાં જ જોડી રાખે અને સ્મૃતિ આપે - સુખ આપે. અમુક ચોક્કસ સેવામાં નિયુક્ત કોઈ સંત કે યુવક એ સમયે હાજર ન હોય તો તેને ખાસ બોલાવરાવે, એટલો સમય રાહ જુએ ને પછી એના દ્વારા જ એ સેવાકાર્ય કરાવે. આવી અપાર કરુણા સૌ ઉપર વરસાવતા.

બપોરની કથામાં ગ.પ્ર. ૨૮મું વચનામૃત વંચાયું. એનો સાર કહેતાં સ્વામીશ્રીએ કહ્યું : 'મોટપ શું ? ગાદી મળે, પાટ મળે ઈ ? હૃદયમાં શાંતિ રહે એ મોટપ. મોટાપુરુષના ગુણ આવ્યા હોય તો હૃદયમાં શાંતિ રહે.'

રાત્રે માલિશ વખતે, આરતીના ડંકા થયા. સ્વામીશ્રી કહે : 'આરતી થઈ.'

પછી સૂતાં સૂતાં જાણે નિસાસો નાખતા હોય એમ દર્દીલા અવાજે બોલ્યા : 'પહેલાં હું દેરીમાં સેવા કરતો, લાડ લડાવતો. ત્યારે બગીચામાં ફૂલ લેવા જાઉં. પછી લૂગડામાં બાંધી તરત આરતી ઉતારું.'

જ્યારે અત્યારે પથારીમાં સૂતાં સૂતાં આરતીનો ઘંટારવ સાંભળતા સ્વામીશ્રી ખરેખર દુઃખ અનુભવતા હતા. તેઓ પ્રત્યક્ષ ભક્તિના પૂજારી હતા !

માનસીમાં પ્રત્યક્ષ પ્રદક્ષિણા

તા. ૮મીએ વહેલી સવારે ૪-૪૫ વાગે સ્વામીશ્રી પથારીમાં બેઠા થયા. પછી કહે : 'આજે મનમાં એંશી પ્રદક્ષિણા કરી. માનસીમાં દેરી સંભારી ને એંશી પ્રદક્ષિણા કરી હતી.'

આ કેવી ભક્તિ ! માનસીમાં પ્રદક્ષિણા ! તે પણ એક, બે નહીં, પૂરી એંશી પ્રદક્ષિણા ગણીને ફર્યા ! દેરીનો કેવો મહિમા ! પ્રદક્ષિણાનો કેટલો મહિમા !

એક બપોરે જમવા પધાર્યા ત્યારે થાળમાં કેરી આવી. એટલે પૂછ્યું : 'અત્યારે કેરી ક્યાંથી ?'

યોગેશ્વર સ્વામીએ કહ્યું : 'મુંબઈથી મગનભાઈ ખત્રી લાવ્યા છે.'

સ્વામીશ્રી અત્યંત પ્રસન્ન થયા અને બોલ્યા : 'શિયાળામાંય કેરી અને ઉનાળામાંય કેરી, બહુ કે'વાય !... કેરી ક્યાં થઈ ? ક્યાં આંબો ? ક્યાં પાકી ? કોણે વેચી ? કોણે લીધી ? ક્યાં અહીં આવી ?' એમ ઉપરાઉપરી પ્રશ્નો કરી કહે : 'સ્વામીની વાતુંમાં કહ્યું છે, જે ઝાડનું ફળ જમે, જે ઢોરનું દૂધ-દહીં જમે - એ સર્વને સંસ્કાર લાગે છે. તે આ કેરી જમ્યા ને આંબાને સંસ્કાર લાગ્યા. આંબાને ખબર હશે કે મારી કેરી કોણે ખાધી ?!'

પ્રીત ગઠરિયા

મુંબઈથી મગનભાઈ ખત્રી કુટુંબ સાથે ગોંડલ અન્નકૂટ ઉત્સવનાં દર્શન કરવા આવ્યા હતા. ભાદરા દર્શને જવાની તેમની ઇચ્છા હતી.

સ્વામીશ્રીએ બપોરે રામચરણ સ્વામીને બોલાવીને કહ્યું : 'રાજકોટ અરુણભાઈ અનડાને ટેલિફોન કરીને તેમની મોટર મંગાવો.'

રામચરણ સ્વામીએ ફોન કરી પૂછ્યું તો સ્વામીશ્રી હાલમાં ગોંડલ રોકાવાના હતા તેથી તેમની મોટર ખોલી હતી. સ્વામીશ્રીએ ગણાત્રા સાહેબ, ભાનુભાઈ ગઢિયા વગેરે દરેક હરિભક્તને ફોન કરાવ્યા; પરંતુ કોઈની મોટર હાજર ન હતી તો કોઈની મોટર બગડી હતી.

સ્વામીશ્રી કહે : 'અનડાને કહો - રિપેર થઈ જાય એટલે લાવે.'

બે દિવસ પછી ચંદુભાઈ અનડાએ રાજકોટથી તેમના પુત્ર રજનીને બસમાં મોકલ્યો અને કહ્યું : 'સ્વામીશ્રી જે હરિભક્તોને ભાદરા દર્શન કરવા માટે મોકલે તેમના માટે ટેક્સી ભાડે કરી લેજે અને રાજકોટ-ભાદરા બધે દર્શન

કરાવી, જમવા રાજકોટ આપણે ઘરે લઈ આવજે.'

રજની ગોંડલ આવ્યો ત્યારે મોમ્બાસાના રાવજીભાઈ પટેલની મોટરનું નક્કી થઈ ગયું હતું.

રજની રામચરણ સ્વામીને મળ્યો અને ચંદુભાઈની ભાવના જણાવી. જ્યારે સ્વામીશ્રીએ આ વાત જાણી, ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'અનડા કુટુંબની શ્રદ્ધાને, સેવાને ધન્ય છે !' પછી રજનીને ખૂબ આશીર્વાદ આપ્યા.

આ વખતે મોમ્બાસાના રાવજીભાઈ પટેલ ખાસ પોતાની પરદેશી ગાડી લઈને દેશમાં આવ્યા હતા, જેથી સ્વામીશ્રીને ફેરવવાની સેવા થઈ શકે. પરંતુ સ્વામીશ્રીનું વિચરણ બંધ હતું. પોતે ગોંડલમાં બિરાજમાન હતા. છતાં સ્વામીશ્રીએ રાવજીભાઈનો પ્રેમ ને સેવાભાવ જોઈને તેમને ખાસ ગોંડલ રોક્યા હતા. ને જે જે નવા હરિભક્તો ગોંડલ આવતા તેમને રાવજીભાઈ પોતાની મોટરમાં જૂનાગઢ, ભાદરા, ગઢડા કે સારંગપુર જ્યાં સ્વામીશ્રીની આજ્ઞા થાય ત્યાં યાત્રા કરાવતા. જાણે સ્વામીશ્રીને જ પોતાની મોટરમાં ફેરવતા હોય, એટલા ઉમંગથી તેઓ સેવા કરતા.

સ્વામીશ્રીના વચને હરિભક્તોને સેવાનો ખૂબ જ ઉમંગ રહેતો ને એમનો પડ્યો બોલ ઝીલતા. કલકત્તાથી નંદલાલકાકા આવેલા. સ્વામીશ્રીએ તેમને થોડા દિવસ ગોંડલ રોકી, દર્શન-સમાગમનો લાભ આપ્યો. પછી રાવજીભાઈ સાથે મોટરમાં બધાં તીર્થોની યાત્રા કરાવી, ગઢડા તેમને ગામ પહોંચતા કર્યા. સ્વામીશ્રી હરિભક્તોની આટલી બધી સંભાવના કરતા, હરિભક્તોની હરિભક્તો દ્વારા સેવા કરાવવાનું પણ એમને ગમતું. જેથી પરસ્પર હેત-પ્રીત વધે.

આત્મનિવેદીની અતૃપ્તિ

તા. ૯મીએ બપોરે સ્વામીશ્રી જમવા પધાર્યા કે તરત પૂછ્યું : 'દેરીમાં થાળ ધરાવ્યો કે નહિ ?'

સ્વામીશ્રી માટે જુદી મોળી રસોઈ બનતી. તે થાળ દેરીમાં ધરાવવાની સ્વામીશ્રીની આજ્ઞા હતી. તે માટે પોતે અવારનવાર પૂછતા. કારણ, ઘણી વાર ઉતાવળ હોય ત્યારે થાળ ધરાવવાનો રહી જતો.

આજે એકદમ કહેવા લાગ્યા : 'મને ખબર છે થાળ નથી ધરાવ્યો. પંદર દિવસથી થાળ ધરાવ્યા વગર મને જમાડે છે. દેરીમાં ધરાવ્યા વગર જમાય જ નહિ. આત્મનિવેદી ભક્તનાં લક્ષણ શું ? એમનેમ જમાડી દે છે.'

પછી ફરીથી થાળ ભરાવ્યો. પોતે જોયું કે બધી વસ્તુઓ મૂકી છે કે નહિ અને મને રોજ થાળ દેરીમાં ધરાવવા લઈ જવા આજ્ઞા કરી. જમતાં જમતાં પણ ઘણી વાર સુધી બોલતા રહ્યા :

'મને ખબર છે, થાળ ધરાવતા નથી. મુંબઈમાં સારું, ૧૧-૩૦ વાગે ઠાકોરજીના થાળ ભેગો આપણો થાળ પણ લઈ જાય. અહીં કોઈ ધરાવે નહિ.' એમ ઘણા અકળાઈ ગયા.

સ્વામીશ્રી નાનામાં નાની સામાન્ય વસ્તુ પણ ઠાકોરજીને અર્પણ કર્યા વગર - ધરાવ્યા વગર અંગીકાર કરતા નહિ. તેથી ઠાકોરજીનો આ અપરાધ તો એમને મન અસહ્ય થઈ પડ્યો. પરાભક્તિના ઉપાસક સ્વામીશ્રીને પોતાની પરાધીનતા આવા પ્રસંગે સાલતી હતી.

દિવાળીના મંગળ પ્રભાતે સ્વામીશ્રીએ ઘણા વખત પછી જાહેરમાં સૌ હરિભક્તોને દર્શન તથા આશીર્વાદ આપ્યા હતા. ચોપડા પૂજનમાં સ્વામીશ્રી આરતી કરવા દેરીમાં પધાર્યા. અન્નકૂટને દિવસે સ્વામીશ્રી ઠાકોરજી સમક્ષ પોતાની લાક્ષણિક શૈલીમાં થાળ બોલી, સંતો-હરિભક્તો સાથે ઠાકોરજીની આરતી ઉતારી હતી.

દર્શન-મિલન

તા. ૧૦-૧૧-'૬૯, બેસતા વર્ષના શુભ દિને, સૌને મળવાનો સ્વામીશ્રીને ખૂબ જ ઉત્સાહ; પણ તબિયતને કારણે અને ડૉક્ટરોના નિયમને લીધે બહુ બહાર નીકળી શક્યા નહિ. જો કે પથારીમાં સૂતાં સૂતાં તો બધી સૂચના આપે જ અને નાના-મોટા હરિભક્તોની ખૂબ સંભાવના કરાવે.

સાંજે ૪-૦૦ વાગે સભામાં પોતે માઈક માગીને વાત કરી :

'પહેલાં બધા હરિભક્તોને મળતા, વાતો કરતા, આશીર્વાદ આપતા. એક સાથે સમૈયામાં હજારો હરિભક્તો આવે, પણ બધાને મળીએ. કોઈને ન મળ્યા હોય એવું નહિ. પણ હવે પ્રકરણ બદલાયું છે. ડૉક્ટરે બોલવાની ના પાડી છે, ઓછું બોલવું. જે વખતે જે પ્રકરણ હોય એમ કરવું પડે. દેશ એવો વેશ. તો હવે દર્શનથી આશીર્વાદ માની લેવાના. બધાને મળાય નહિ, તો કોઈએ એમ ન રાખવું કે 'સ્વામી મળ્યા નહિ. સામું જોયું નહિ, વાત કરી નહિ, આશીર્વાદ ન આપ્યા.' સભામાં જેટલા હરિભક્તો છે બધાને આપણે ઓળખીએ - 'આ ગામના છે,' નામ પણ ઘણાંનાં આવડે, પણ બધાને બોલાવાય નહિ. તો કોઈએ

મનમાં ન લાવવું. દર્શન થયા તે મળ્યા એમ માની લેવું. આશીર્વાદ માની લેવા. વળી, પ્રકરણ ફરશે તો બધાને મળશું.' એમ અંતરના મીઠા ઉદ્‌ગારોથી સ્વામીશ્રીએ સૌને પ્રત્યક્ષ આશીર્વાદ કરતાં, પ્રત્યક્ષ મળવા કરતાં પણ અનેક ગણું વધારે સુખ આપી દીધું. સ્વામીશ્રીનો એક એક શબ્દ પ્રેમ-વાત્સલ્યથી નીતરતો હતો. હરિભક્તો ખરેખર એમાં તરબોળ થઈ ગયા હતા.

સ્વામીશ્રી માંદગીને બિછાને પણ મંદિરની નાની-મોટી પ્રવૃત્તિ અંગે બહુ કાળજી લેતા. દરેક સંત તથા યુવકને એ માટે સૂચના આપતા રહે. રોજ રાત્રે સૂતાં પહેલાં, રાજકોટના ચુનીભાઈ ચાતુર્વેદી પાસે રિપોર્ટ લે. તેઓ સ્વામીશ્રી પોઢવા જાય એ પહેલાં અચૂક આવી જાય અને સમાચાર આપે : 'બધાંને સારી રીતે પીરસાઈ ગયું, બધાંને જમાડાઈ ગયું, બધું વધેલું ઢંકાઈ ગયું, વાસણ ઊટકાઈ ગયાં, મુકાઈ ગયાં, બધે તાળાં મારી દીધાં વગેરે.'

આખા દિવસનાં અનેક સોંપાયેલાં કાર્યો પૈકી રસોડાનું આ છેલ્લું બુલેટીન સાંભળ્યા પછી સ્વામીશ્રી રાજી થાય ને કહે : 'હાં બસ.' એમ પ્રસન્નતા બતાવે.

મંદિરમાં હજારો હરિભક્તો આવે. એ સૌની સગવડ સારી રીતે સચવાય, બધા મહેમાનો રાજી થાય, સાથે મંદિરની તમામ કાર્યવાહી પણ પદ્ધતિસર નિયમિત થતી રહે, એ અંગે સ્વામીશ્રી બહુ ખટકો રાખતા-રખાવતા.

અન્નકૂટની તૈયારી ચાલતી હોય પણ ખૂબ કાળજી રખાવે. ઘીના ડબ્બામાંથી ઘી લેવાઈ ગયું હોય પછી પણ એને ફરી ગરમ કરાવી, ઘી એકઠું કરાવે. એવી રીતે તેલ પણ. અન્નકૂટનાં વાસણોમાં પણ ચોંટી રહેલું ઘી-ચાસણી વગેરે એકઠું કરાવે. એક ટીપું પણ વેડફાવા ન દે. એવી જ રીતે શાક સુધારવામાં પણ સુઘડતા અને ચોકસાઈ રખાવે. મંદિરની ચીજ-વસ્તુઓ ઠાકોરજીની ગણાય. એ જરા સરખી પણ બગડે તો ઠાકોરજીનો ગુનો ગણાય. સ્વામીશ્રી એમ કેમ થવા દે ?

તા. ૧૨મીએ બપોરની સભામાં અમદાવાદના એક યુવકને સંબોધીને સ્વામીશ્રીએ કહ્યું : 'અમે બેસવાના હોય તો મોટર આપે, નહિ તો નાહી જાય. પણ એમ ન કરવું. બધા સંતોને પણ બેસાડવાના. કો' બેસારીશ. બધા એક બાપના દીકરા છે. ક્યાં નોખું છે ? બધાને બેસારવા. બધાની સેવા કરશો તો ભગવાન એકની દસ મોટરો આપશે. કાયમ ક્યાં મોટર લેવાની હોય ? આ માંદા પડ્યા તો હમણાં ક્યાં મોટર માંગીએ છીએ ? કો'ક દી હોય.'

'બાપા ! આપ માંદા પડતા નથી. બધા આપને માંદા પાડે છે.' એક

હરિભક્તે સિફારસ કરી.

'બધાને દોષ ન દેવાય, દોષ આપણો.' સ્વામીશ્રીએ કહ્યું.

દિવ્ય દૃષ્ટિવાળા પુરુષને બીજાનો દોષ કેમ ભાસે ?

આજે ટપાલમાં દિવાળી કાર્ડ ઘણાં આવેલાં. કેટલાંકમાં મહારાજની મૂર્તિઓ હતી. એ બધી મૂર્તિઓ સ્વામીશ્રીએ હરિભક્તોને પૂજાની મૂર્તિ તરીકે આપી દેવા જણાવ્યું.

જમનાજી જોતાં વાટલડી

ચંદ્રકાંતભાઈ ત્રિવેદી દિલ્હી ખાતે દેના બૅંકના ઉપરી હતા. તેમનો પત્ર હતો : 'મંદિર માટે જમીન મળી જવામાં છે.'

એ સાંભળી સ્વામીશ્રી બહુ રાજી થયા. સાથે મંદિરનો પ્લાન હતો ને તાત્કાલિક મંદિર કરવા માટેની વાત લખેલી.

જમતાં જમતાં સ્વામીશ્રી કહે : 'નિર્ગુણ સ્વામી હોત તો બહુ રાજી થાત. એમને મંદિર કરવાનો બહુ ઉત્સાહ. આપણે માંદા પડી ગયા, નહિ તો આખા દેશમાં ડંકો મારી દઈએ.'

તા. ૧૭મીએ પણ બપોરે જમતાં જમતાં દિલ્હીની વાત કાઢી : 'શિખર-બદ્ધ મંદિર થાય તો સારું. જમનાજીને સેવા જોઈતી હશે તો થશે. (દિલ્હી) ચોરાશી બંદરનો વાવટો કહેવાય, મંદિર થાય તો બહુ શોભે.'

જજમેન્ટ

આજે રાત્રે *'હરિગુણ ગાતાં...'* એ કીર્તન બોલાવરાવ્યું. લગભગ રોજ બોલાવરાવતા. ક્યારેક તો દિવસમાં બે વાર બોલાવરાવે. આજે પોતે જાતે એનો મરમ સમજાવતાં કહ્યું :

'આ કીર્તન શું કામ વારે વારે બોલાવીએ છીએ, તે તમે સમજ્યા ? આમાં મુક્તાનંદ સ્વામીએ છેલ્લે જજમેન્ટ આપી દીધું : *'થઈ એકમના પ્રભુને ભજીએ.'* સંપ-સુહૃદભાવ રાખી, એકમના થઈ, ભગવાન ભજવા. એમ મુદ્દો સમજાવ્યો.'

સ્વામીશ્રીના સાંનિધ્યમાં આણંદના અંબાલાલ કરસનદાસ તથા મુંબઈના નાનુભાઈ બક્ષી તરફથી પારાયણો યોજાયાં હતાં. ડૉ. જમનાદાસભાઈ નિયમિત સ્વામીશ્રીની તબિયત જોતા. અમદાવાદવાળા શિવલાલભાઈ પરમારના દીકરા ડૉ. જે.એસ. પરમાર ઑસ્ટ્રેલિયા જતાં પહેલાં સ્વામીશ્રીના આશીર્વાદ લેવા

આવ્યા હતા. તેમણે સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય જોવાનો લાભ લીધો. અને યોગ્ય સૂચનો આપ્યા હતા.

તા. ૨૦મીએ દેવદિવાળી, પ્રબોધિની એકાદશીનો ઉત્સવ સ્વામીશ્રીના સાંનિધ્યમાં ઊજવાયો.

પૂજા પછી સ્વામીશ્રીએ સૌને પ્રસાદ વહેંચવાની ના પાડી. પોતે આરતીમાં પધાર્યા. થોડી વાર હતી એટલે બારીના ગોખમાં બેઠા ને કહે : 'આ એકાદશીએ અમદાવાદ હોઈએ. સવારે નીકળી જઈએ, તે મંદિરે (કાળુપુર) દર્શન કરી, મિસ્ત્રીને મેડે સભા થાય. ને પછી આંબલી પોળ ને બધે પધરામણીએ જઈએ. શાસ્ત્રીજી મહારાજ મિસ્ત્રીને મેડે પધારતા ને સભા કરતા. શાસ્ત્રીજી મહારાજના વખતથી સભા થાય છે.'

'આપ સાથે હો ?' નિરંજન સ્વામીએ પૂછ્યું.

'દીકરો તો સાથે હોય જ ને !' એમ કેફમાં બોલ્યા.

પછી આરતી કરી, દર્શન કરી, રસ્તામાં જે મળે તે બધાને કહે : 'આજે ઉપવાસ કરવાનો.' નીચે આવતાં દેરી આગળ નડિયાદ મંડળ મળ્યું, તેમને નિર્જળા ઉપવાસ કરવાનું કહ્યું. દેરીમાં શાસ્ત્રીજી મહારાજ આગળ એક મોટી ઉંમરના જૂના હરિભક્ત હીરજીભાઈને કહ્યું. પછી બહાર નીકળી ઑફિસ આગળ એક વૃદ્ધ પટેલ ગોપાળભાઈને પણ ઉપવાસ કરવાનું કહ્યું. રાજપુરના ત્રિભુવનદાસ માસ્તરને કહ્યું. એ કહે : 'મેં જિંદગીમાં કર્યો નથી.'

'કો' કરીશ.' સ્વામીશ્રીએ આગ્રહ કર્યો.

સભામંડપનાં પગથિયાં ચઢતાં કાંતિભાઈ મિસ્ત્રીના નાની ઉંમરના દીકરા જયંતીને પણ ઉપવાસની યાદ આપીને 'ચાલો આરામમાં' કહી આરામમાં પધાર્યા.

ઉકાળો પીતાં પીતાં દિલ્હીની વાત કરી : 'દિલ્હીમાં મંદિર કરવું જ છે. શાસ્ત્રીજી મહારાજ પધરાવવા છે જ. આપણી તો ઇચ્છા છે જ. પછી બધાની મરજી.'

'બાપા ! આપ ઇચ્છા કરો તો થાય જ.' મેં કહ્યું.

'આપણે તો કાંઈ નહિ, પણ દોલતરામભાઈ કહી ગયા છે એટલે.' સ્વામીશ્રી બીજાની સાખે બોલ્યા.

નડિયાદના પીઢ સત્સંગી અને સાક્ષર દોલતરામભાઈ કૃપાશંકરને જ્યારે સમજાયું કે અક્ષરપુરુષોત્તમ ઉપાસના શાસ્ત્રોક્ત અને શ્રીજીમહારાજના સિદ્ધાંત પ્રમાણે છે. ત્યારે તેઓ બોલેલા કે 'ભવિષ્યમાં લોકો શાસ્ત્રીજી મહારાજની

સોનાની મૂર્તિ પધરાવી, આરતી ઉતારશે.' એ સંદર્ભમાં સ્વામીશ્રી બોલ્યા.

સાંજે ભટેસા તરફથી શાકોત્સવ નિમિત્તે લીલાં શાકભાજી સુંદર ઠાકોરજી સમક્ષ સંતોએ ગોઠવ્યાં હતાં. સ્વામીશ્રીએ આરતી ઉતારી, મધ્ય મંદિરના આરસના ઉંબરા ઉપર બેસી, જોખી જોખીને શાકની પ્રસાદી સ્વામીશ્રીએ સૌને આપી. વેપારીની અદાથી પોતે બોલતા હતા કે 'લ્યો શાક, પ્રસાદીનાં શાક...' એમ અદલ શાકના વેપારી બનીને અલૌકિક દર્શન આપતા હતા.

તા. ૨૧મીએ હૃષીકેશ સ્થિત દિવ્ય જીવન સંઘના સેક્રેટરી સ્વામી કૃષ્ણાનંદજી દર્શને આવ્યા હતા. મંદિર તથા મૂર્તિઓનાં દર્શન કરી, સ્વામીશ્રીની મુલાકાતથી બહુ પ્રભાવિત થયા હતા.

કાર્તિક પૂર્ણિમાનો ઉત્સવ પણ ધામધૂમથી ઊજવાયો. આણંદથી બાવાજીભાઈ હજારી પુષ્પોના મોટા મોટા ત્રણ હાર લાવ્યા હતા. અક્ષર-પુરુષોત્તમ મહારાજ તથા ઘનશ્યામ મહારાજની મૂર્તિઓ હારથી અલૌકિક શોભતી હતી. સ્વામીશ્રીએ શણગાર આરતી ઉતારી. એક પ્રદક્ષિણા કરી, હનુમાન-ગણપતિજીનાં દર્શન કર્યાં. છેલ્લા એક અઠવાડિયાથી સાંજે સ્વામીશ્રી મંદિરમાં અક્ષર ઘાટ, વાડી વગેરે જુદાં જુદાં સ્થળે પધારતા અને સભા કરતા.

સવારે મંદિરમાં ઘનશ્યામ મહારાજ આગળ દર્શન કરી રહ્યા હતા. પાછા વળતાં કહે : 'દર્શન કરવા દ્યો ને, ભાઈસા'બ. હમણાં હવે નહિ આવવા મળે.' આજે પૂનમ હતી એટલે ખાસ પધાર્યા હતા.

'ઘનશ્યામ મહારાજ કાંઈ કહે છે ?' મેં પૂછ્યું.

'દિલ્હીમાં ઝટ મંદિર કરો ને શાસ્ત્રીજી મહારાજને બેસાડી દેવા છે.' સ્વામીશ્રીમાં રહી ઘનશ્યામ મહારાજ સાક્ષાત્ બોલ્યા.

સ્વામીશ્રીને પગે કળતર થતું હોવાથી રોજ સવારે અથવા સાંજે પગે માલિશ કરતા. એ વખતે સ્વામીશ્રી ઘણી જૂની જૂની વાતો કરે. તા. ૨૫મીએ કહે : 'શાસ્ત્રીજી મહારાજને અહીંનું બહુ મમત્વ. એક વાર મેં કાગળ લખ્યો કે 'અહીં ધોતિયાં નથી.' તે બોચાસણથી પચાસ ધોતિયાં કોથળો ભરીને મોકલી આપ્યાં. અહીં પોતે જાતે ખાતર ઉપાડતા. માથે છોગલું બાંધે. ભગવો કકડો માથે વીંટાળે તે એક છેડો છોગલાની જેમ લટકતો હોય ને ખાતરના ટોપલા નાંખે. ને બીજા સાધુઓ પાસે પણ (કપાસવાળા) ખેતરમાં ઢગલી કરાવે. અહીં મહા-પૂજા મોકલે. પોતે ગામડે ફરે ને મહાપૂજાઓ અહીં મોકલે. ને પોતે આવે ત્યારે સાથે લેતા આવે.'

ભગવાનના પક્ષના નિરાળા પ્રતિનિધિ

આ દિવસોમાં રાજકોટ મુકામે જનસંઘનું અધિવેશન હતું. સ્વામીશ્રીની ખ્યાતિ હિન્દુ ધર્મના રક્ષક, પોષક અને પ્રસારક તરીકેની સર્વત્ર પ્રસરી રહી હતી. તેથી જનસંઘના કેટલાક પ્રતિનિધિઓ અક્ષર દેરીએ દર્શને આવ્યા. દેરીમાં દર્શન કરી, ઠાકોરજીનાં દર્શન કરી, સૌ સ્વામીશ્રીના ઉતારે આવ્યા. ત્યારે ખબર મળી કે 'સ્વામીશ્રી વાડીમાં વાસુદેવ સ્વામીના ઓટે સભા કરી બિરાજમાન થયા છે.'

જનસંઘના સર્વે પ્રતિનિધિઓએ ત્યાં જઈ સ્વામીશ્રીનાં દર્શન કર્યાં. સ્વામીશ્રી બોલ્યા : 'કહો, ઓળખાણ આપો, ક્યાંથી બધા આવ્યા છો ?' સૌએ પરિચય આપ્યો. સ્વામીશ્રી તેમની ભગવી ટોપી પહેરેલી જોઈ ઘણા રાજી થયા. પછી ડૉ. દેવશીભાઈ પટેલને કહ્યું : 'આ બધા મહેમાનોનો આભાર માનો.'

ડૉ. દેવશીભાઈ પ્રખર કૉંગ્રેસી કાર્યકર અને એક વખતના કૉંગ્રેસના ધારાસભ્ય હતા. પરંતુ સ્વામીશ્રીની આજ્ઞા થતાં જ તેમણે જનસંઘના કાર્યની પ્રશંસા કરીને આભાર વિધિ કર્યો.

પછી સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા અને પૂછ્યું : 'જનસંઘ એટલે કયા મંડળનો સંઘ ?' આ નિર્દોષ પ્રશ્નથી સૌ હસી પડ્યા. પછી સંઘના કાર્યકરોએ સ્વામીશ્રીને સમજાવ્યું. સ્વામીશ્રી કહે : 'આ ભગવી ટોપી કેમ પહેરી છે ?'

'સ્વામી ! આ ભગવી ટોપી એ જનસંઘની નિશાની છે, પ્રતીક છે.' કાર્યકરોએ કહ્યું.

સ્વામીશ્રી અત્યંત રાજી થયા અને સૌને સાંજે જમવા રોકાવાનું કહ્યું અને એક સંતને બોલાવીને, થાળ થાય એટલે તરત જમાડી દેવા માટે ભલામણ કરી.

સ્વામીશ્રીના બાળસહજ નિર્દોષ મુખારવિંદમાં સૌને સાક્ષાત્ પરમ તત્ત્વનાં દર્શન થઈ ગયાં હોય તેવું સૌએ અનુભવ્યું. ભગવાનના પક્ષના પ્રતિનિધિ તરીકે ભૂમિ ઉપર વિચરતા ભગવાનના આ વારસદારને, દુન્યવી પક્ષો કે રાજકારણની ગંધ સુધ્ધાં અડી નહોતી. તેઓ તો બધાને ભગવાનના ભાવે જોતા ને સન્માનતા. એમને જે ગમતું તેનો નિર્દેશ કરતા ને રાજીપો પણ વરસાવતા.

સર્વોપરી પારાયણ

બપોરે આરામમાંથી જાગ્યા ત્યારે રાજુલાથી દર્શને આવેલા જેઠાભાઈ અને દીપુભા ગોહિલ સ્વામીશ્રી પાસે આવ્યા. દર્શન કરી બેઠા. જેઠાભાઈએ

પ્રસ્તાવ મૂક્યો : 'બાપા ! મારે એક દિવસની પારાયણ કરાવવી છે.'

'૫૦૦ રૂપિયા ખરચ થાય.' સ્વામીશ્રીએ કહ્યું.

'પણ બાપા ! હું તો પચાસ આપી શકું.' જેઠાભાઈએ બધો ખર્ચ આપવા નામરજી બતાવી.

'જુઓ, જેઠાભાઈ !' સ્વામીશ્રી સમજાવવા લાગ્યા : '૫૦૦માં ધોતિયાં ઓઢાડવાં, જમણવાર કરવો, પારાયણ કરવી, બધું આવી જાય. સવારથી સાંજ સુધીનું !'

'ના, બાપા ! મારાથી નહીં થાય.'

'તો ૩૦૦ રાખો.' સ્વામીશ્રીએ તોડ કાઢ્યો.

'એ પણ વધારે છે. મારાથી તો ૫૦ રૂપિયા દેવાશે.' જેઠાભાઈ ટસના મસ ન થયા.

દીપુભા અને કેટલાક સેવકો આ રસિક વાર્તાલાપ માણી રહ્યા હતા. એકાએક સ્વામીશ્રીએ દીપુભા તરફ જોયું ને કહે : 'એ ગુરુ ! એમ કરો. તમારા પંચોતેર, ને આ જેઠાભાઈના પંચોતેર ! લ્યો આશીર્વાદ !' સ્વામીશ્રીએ બંનેને ધબ્બા આપી દીધા. ને કહે : 'બેયની અડધોઅડધો દિવસની પારાયણ આવી ગઈ !' જેઠાભાઈએ આ સૂચન માન્ય રાખ્યું અને પારાયણ યોજાઈ.

પૂર્ણાહુતિમાં જેઠાભાઈ અને દીપુભાને બોલાવી, સ્વામીશ્રીએ કોઠારમાંથી ધોતિયાં મગાવ્યાં. ને કહે : 'પૂજન કરો, ધોતિયાં અમને ઓઢાડો.' પછી બંનેએ ધોતિયાં ઓઢાડ્યાં. સ્વામીશ્રી કહે : 'પુરાણી રહી ગયા !' એમ કહી બંનેને હું કથા કરતો હતો ત્યાં મોકલ્યા. પછી કેફમાં આવીને કહે : 'કો' ભટેસા સાહેબ ! કેવી પારાયણ કરાવી ! હવે બેયનો આભાર માનો. સર્વોપરી પારાયણ થઈ.' પછી ભટેસાએ આભાર માન્યો.

સ્વામીશ્રીના સાંનિધ્યમાં પારાયણો તો ઘણી થઈ, પણ આ રીતની ખેંચતાણ બાદ જે પારાયણ થઈ તેમાં બંને ભક્તોની સાથે ઘણા બધાને તેની સ્મૃતિ રહી ગઈ. તે સમયે પારાયણનો મેળ આવી રીતે મેળવવો પડતો. ગમે તે રીતે દરેકની સેવા લઈને, સત્સંગમાં મમત્વબુદ્ધિ દૃઢ કરાવવામાં સ્વામીશ્રીનો સદૈવ આવો આગ્રહ રહેતો.

મથુરભાઈ પુરુષોત્તમદાસ, હરગોવિંદભાઈ માસ્તર વગેરે તરફથી પણ એક એક દિવસના પારાયણ પ્રસંગો યોજાયા હતા.

સુરતના યુવાન જનક ત્રિવેદી અમેરિકા વધુ અભ્યાસાર્થે જતા હોવાથી

સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપ્યા હતા.

અતિથિ દેવો ભવ

અહીં સ્વામીશ્રીનાં દર્શને અનેક પ્રતિષ્ઠિતો આવતા. સ્વામીશ્રી તેમનું સન્માન કરવાનું ચૂકતા નહિ. અતિથિ સત્કારનો એમને બહુ ઉમંગ. જાણે શું કરી નાખીએ ? એવો વેગ એમનાં અંગેઅંગમાં ઊભરાતો.

આગલે દિવસે પોરબંદરના યુવરાજ આવેલા. સ્વામીશ્રીએ તેમને બધે દર્શન કરાવરાવ્યાં. પ્રસાદ લેવરાવ્યો. ખૂબ આશીર્વાદ આપ્યા.

તા. ૨૭મીએ સાંજે ભારતના વિદ્વાન સંત સ્વામી અખંડાનંદજી આવેલા. સ્વામીશ્રીએ સામે જઈ તેમનું સ્વાગત કર્યું. ફૂલહાર કર્યા. સભામાં પ્રવચન કરવા કહ્યું. તેમણે પોતાના ગુરુનો ઉપદેશ કહી સંભળાવ્યો. પછી સ્વામીશ્રી તરફ જોતાં કહે : 'આપ અમારા ગુરુને સ્થાને છો.'

'આપ અમારા ગુરુ છો.' સ્વામીશ્રીએ વિનમ્રભાવે સામે કહ્યું.

સ્વામીશ્રીની ઇચ્છાથી મંદિરમાં, અક્ષર દેરીમાં બધે દર્શન કર્યાં. પછી ગેસ્ટ હાઉસમાં પ્રસાદ લીધો. બહુ રાજી થયા.

બીજે દિવસે પ્રવચનમાં વાત કરી : *'જે જાય જૂનેગઢ રે, તેને લાગી જાયે હરિની રઢ રે.'* તેવું હવે અહીં છે. *'જે જાશે ગોંડલ રે, તેને લાગશે હરિની રઢ રે...'* આગ્રામાં કબર છે ત્યાં સૌ જોવા જાય છે, પણ અક્ષર દેરીનાં દર્શન કરવા કોઈ આવતું નથી. આ રસ્તેથી જ પસાર થશે, ભલે અંદર દર્શન કરવા નહિ આવે, તો એનો પણ મોક્ષ થઈ જશે. અહીં પા કલાક આવશે તોપણ મોક્ષ થઈ જશે.' એમ અક્ષર દેરીની મહિમાની અને સંતના સંબંધની ઘણી વાત કરી.

તા. ૩૦-૧૧-'૬૯, નોંધણા મંદિરની મૂર્તિઓની સ્વામીશ્રીએ અક્ષર દેરીમાં પૂજા કરી, જેની પ્રતિષ્ઠા પાછળથી પ્રમુખસ્વામીએ કરી હતી. આમ, કેટલાંક સમજદાર સત્સંગ મંડળો મૂર્તિપ્રતિષ્ઠા જેવા મહત્ત્વના પ્રસંગોએ પણ સ્વામીશ્રીના સ્વાસ્થ્યનો પૂર્ણ વિચાર કરી, સ્વામીશ્રીએ પૂજન કરેલ મૂર્તિઓથી સંતોષ માની લઈ, સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે પ્રમુખસ્વામી દ્વારા આવું મહત્ત્વનું કાર્ય સંપાદન કરતા હતા.

નિર્દોષ કરો છો, ભક્તોને મારી થાપા

તા. ૧-૧૨-'૬૯, રાતની સભામાં કીર્તન-ભક્તિના કાર્યક્રમમાં રાજુલાના

વલ્લભભાઈનાં પ્રગટનાં બનાવેલાં કીર્તનો, જેઠાભાઈ ગાઈ રહ્યાં હતાં. સ્વામીશ્રી પ્રસન્ન મુદ્રામાં હતા. કહે : 'બતાવો જોઈ,' એમ કહી જેઠાભાઈ પાસે કીર્તન ઉતારેલાં કાગળિયાં હતાં એ હાથમાં લીધાં. એમાંથી એક કાગળ લઈ, જેઠાભાઈને આપતાં કહે : 'આ કીર્તન ગાઓ.'

એ કીર્તન હતું :

'દુ:ખડાં દૂર કરો, સંકટ સર્વે હરો,
યોગીબાપા ! નિર્દોષ કરો છો, ભક્તોને મારી થાપા.'

જેઠાભાઈએ એ કીર્તન ગાવાનું શરૂ કર્યું અને સ્વામીશ્રી હસવા લાગ્યા. હાથના ઈશારાથી સૌને ગાવાની આજ્ઞા કરી. પોતે સાંભળતા જાય પણ પોતાનું હસવું ખાળી શકતા નહોતા. સર્પદંશવાળી આંગળી - ઉપદેશ-મુદ્રામાં રાખી, હાથનું લટકું કરતા જાય. જ્યારે કંઈક પ્રસન્નતાનો ભાવ બતાવવો હોય ત્યારે સ્વામીશ્રી આ રીતે કરતા, જાણે કહેતા હોય કે 'વલ્લભભાઈ ખરા છે ! પ્રગટનો મહિમા ખરો સમજી ગયા છે ! કીર્તન સારાં બનાવ્યાં છે !' વગેરે ભાવો એ હસ્તમુદ્રામાંથી ફલિત થતા હતા.

છેલ્લું ચરણ આવ્યું : *'સ્વામી જોશો ન કરણી હમારી...'* એ સાંભળીને પણ ખૂબ હસતા રહ્યા. શાસ્ત્રોમાં કહ્યું છે કે ગુરુ કે સંતના ગુણ એમની હાજરીમાં જ ગાવા, એ જ સાચી ભક્તિ છે !

તા. ૩જીએ સવારે ઉકાળો પીધા પછી, સ્વામીશ્રી આરામમાં જઈ રહ્યા હતા. એવામાં પૂજારી નિર્ગુણ સ્વામી સ્વામીશ્રીને બે-ત્રણ પ્રકારની ઘડિયાળ બતાવવા લાગ્યા અને પૂછ્યું કે 'આપ કઈ પસંદ કરો છો ?'

તુરત સ્વામીશ્રી કહે : 'ઈશ્વર સ્વામી કરશે, ઈ એમને પૂછો ! કલ્યાણનું હોય તો મારી પાસે લાવવા.' એમ સૌને ગમ્મત કરાવતા, પોતાનું શું કાર્ય છે ? - એ સ્પષ્ટ જણાવી દીધું. પછી આપણે એમનો કઈ રીતે ઉપયોગ કરવો, એ વિચારી લેવાનું.

૧૧-૦૦ વાગે કંપાલાના આર.યુ. પટેલ આવી પહોંચ્યા. સ્વામીશ્રી તેમને ભેટ્યા-મળ્યા. બહુ રાજીપો બતાવ્યો. આશીર્વાદ આપ્યા. તેમને ડાયાબિટીસની તકલીફ હતી. એટલે એ હંમેશાં થુલાની ભાખરી ને કારેલાનું શાક જમતા. સ્વામીશ્રીએ જાહેરમાં જ પૂછપરછ શરૂ કરી : 'શું જમશો ?' આ વાર્તાલાપ સભામાં માઇક ઉપર જ કર્યો અને પછી તેમ વ્યવસ્થા કરવા સેવકોને સૂચના આપી.

સ્વામીશ્રીના જીવનમાં ખાનગી જેવું કંઈ નહોતું. ઘણી વાર તેઓ જાહેરમાં કહેતા : 'સાંભળો, એક ખાનગી વાત કરીએ.' એમ કહી જાહેરમાં ખાનગી કરતા. સભાની ખોટી અદબ કે એવો ઉપરછલ્લો શિષ્ટાચાર બતાવતા નહિ. એમનું જીવન - જીવનની દરેક ક્રિયા જાહેર હતી. ઘણી વાર તો કથા-વાર્તાના ગંભીર પ્રસંગોમાં પણ કોઈ જરૂરી ચર્ચા - પછી તે એકાદ વ્યક્તિને લગતી હોય, તોપણ જાહેરમાં જ કરતા. શ્રીજીમહારાજ માટે જૂનાગઢના નવાબે કહેલું કે 'ખુદાને કોની અદબ હોય !' એવું સ્વામીશ્રીના જીવનમાં જોવા મળતું.

બીજે દિવસે સ્વામીશ્રી માનસિંહ ચુડાસમાને ત્યાં ભાગવત કથા સાભળવા ખાસ પધાર્યા હતા.

અંતરચક્ષુ ખોલે છે

અહીં ડભોઈ તાલુકાના ભીલુપુર ગામના જીવણલાલ ભાઈલાલભાઈ પટેલ ઉદા ભક્ત સ્વામીશ્રીનાં દર્શને આવ્યા.

તેઓ કબીરપંથી હતા. સાથે રામ-કૃષ્ણાદિક ભગવાનની ઉપાસના પણ કરતા અને જુદાં જ પ્રકારની રુચિ અને રીત-રિવાજથી ઘડાયેલા હતા. વળી, તેઓ બહારનું કે હૉટલનું ખાતા-પીતા નહિ. તેમજ અન્ય ધર્મ કે સંપ્રદાયમાં પણ માનતા નહિ કે અન્ય ધર્મ-સંપ્રદાયની કથા-પારાયણ કે સપ્તાહમાં પણ જતા નહિ. આવી જડ રૂઢિચુસ્તતા તેમનામાં ઘર કરી ગઈ હતી. તેઓ નોકરી અર્થે વડોદરા રહેતા.

સયાજીપુરામા રહેતા તેમના એક મિત્ર રણછોડભાઈ સ્વામિનારાયણ સપ્રદાયના ચુસ્ત સત્સંગી. સ્વામીશ્રી અટલાદરા કે વડોદરા પધારે ત્યારે દર્શને આવવા તેઓ તેમને વારંવાર આગ્રહ કરે, પરંતુ જીવણભાઈ તેમની રૂઢ માન્યતાઓના કારણે કદી પણ સ્વામીશ્રીનાં દર્શને જતા નહિ.

એવામાં વડોદરામાં ભવ્ય પારાયણ યોજાયું. ત્યારે મિત્રના વારંવારના આગ્રહથી તેમને સ્વામીશ્રીનાં દર્શને જવાની ઇચ્છા થઈ. તેમને થયું : પારાયણમાં જઈશું અને દૂરથી સ્વામીશ્રીને નિહાળીશું.

હજુ સ્વામીશ્રી સભામાં આવ્યા ન હતા. ભાવિકો પારાયણનું રસપાન કરતા હતા. બહારગામથી પણ અસંખ્ય ભક્તો આ દિવ્ય લાભ લેવા આવ્યા હતા. થોડી વારે સ્વામીશ્રી ખુરશીમાં બેસીને પધાર્યા અને સભામાં આગળ જતા જ્યાં જીવણભાઈ બેઠા હતા ત્યાં જ ખુરશી નીચે મુકાવી. જીવણભાઈ તરફ દૃષ્ટિ

કરીને તેમને બોલાવવા સૂચન કર્યું. હજારોની જનમેદનીમાંથી આ રીતે એકાએક સ્વામીશ્રીએ તેમને બોલાવ્યા, તેથી તેઓ અતિ આશ્ચર્ય પામ્યા. જીવણભાઈ સ્વામીશ્રી પાસે આવ્યા. તેમને આશીર્વાદનો ધબ્બો મારીને સ્વામીશ્રી કહે : 'ગુરુ ! મોડા મોડા પણ આવ્યા તો ખરા. હવે સત્સંગનો લાભ લઈ લેવો. કાંઈ ખામી નો રહેવા દેવી !'

આ બધું એક પલકારામાં બની ગયું. સ્વામીશ્રી જઈને સિંહાસન પર બેસી ગયા. જીવણભાઈને મનોમંથન શરૂ થઈ ગયું : 'આવું કેમ બની શક્યું ? જેનો કદી પણ પરિચય નથી ને જે મિત્ર તેમને અહીં લાવ્યા હતા તે પણ હાજર નથી. અને સ્વામીશ્રીએ પોતે સામે ચાલીને અંતર્યામીપણે બધી સ્પષ્ટ વાત કરી. વળી, થાપો માર્યો !' તેમને લાગ્યું કે મારામાં કોઈ દિવ્ય શક્તિ જાગ્રત થઈ ગઈ છે ! એક દિવ્ય રોમાંચ તેમણે અનુભવ્યો. ત્યારથી જીવણભાઈનું પરિવર્તન થઈ ગયું. સ્વામિનારાયણ સંપ્રદાયના ઊંડા અને વિશાળ તેમજ મૌલિક તત્ત્વજ્ઞાનની તેમને જાણ થઈ. સ્વામીશ્રીની દિવ્ય અને અગોચર શક્તિનો સ્વાનુભવ થયો. તેમને - સ્વામીશ્રી સાચે જ અંતર્યામી પુરુષ છે - એવી પ્રતીતિ થઈ.

આ વખતે તેઓ ખાસ ગોંડળ આવ્યા હતા. તેમના પિતાશ્રીએ ખૂબ જ શ્રમ લઈને ચણાનો ઓળો બનાવીને સાથે મોકલ્યો હતો. ઠાકોરજીને ધરાવીને સ્વામીશ્રીએ સભામાં મૂઠી મૂઠી ચણા બધાને વહેંચ્યા. સંતો અને હરિભક્તો પણ જમ્યા. સૌ રાજી થયા.

બીજે દિવસે સ્વામીશ્રીએ તેમને કહ્યું : 'બપોરે ચાર વાગે રૂમ ઉપર આવજો. તમોને વર્તમાન ધરાવી કંઠી બાંધીશું.'

તેઓ સ્વામીશ્રીના ઓરડે ગયા પણ અડધો કલાક મોડા પડ્યા. સ્વામીશ્રીએ તેમને સ્વાભાવિક હેતથી કહ્યું : 'ગુરુ ! મોડું કેમ કર્યું ? ચાર વાગે આવવાનું હતું તે ભૂલી ગયા ?'

પછી પ્રેમથી ગળામાં હાથ ફેરવીને તેમની કંઠી બહાર કાઢીને બોલ્યા : 'એકવડી કંઠી છે, આપણે બેવડી કંઠી પહેરાવીએ. મહારાજ ને સ્વામીની ઉપાસનાની ડબલ લાઇન રાખવી છે.' એમ કહી, વર્તમાન ધરાવી કંઠી બાંધી દીધી. પછી બોલ્યા : 'ઓળો મહારાજ-સ્વામી જમ્યા. તમારા બાપાએ બહુ દાખડો કર્યો.'

સ્વામીશ્રીના અંતર્યામીપણાનો આ બીજો અનુભવ મળતાં જ તેમના વિસ્મયનો પાર ન રહ્યો. તેમના પિતાશ્રીએ જ દાખડો કરીને ચણાનો ઓળો

મોકલ્યો હતો. તેની જાણ પોતા સિવાય કોઈને નહોતી ! તેમણે સ્વામીશ્રીને અંતરથી ગુરુ તરીકે સ્વીકાર્યા અને કુટુંબ સહિત દઢ નિષ્ઠાવાન સત્સંગી બની ગયા. પાછળથી સ્વામીશ્રીની વધુ પ્રસન્નતાર્થે પોતાના ચિરંજીવી જગદીશભાઈને પ્રમુખસ્વામીની સેવામાં અર્પણ કર્યા.[30]

મંગલમૂર્તિના મંગલ દાન

કારતક વદિ ૧૩, તા. ૭-૧૨-'૬૯થી ભાયાવદરના સ્ટેશન માસ્તર ચંદુભાઈ હિંમતભાઈ પંડ્યાના પુત્ર દેવેન્દ્રની યજ્ઞોપવીત નિમિત્તે ત્રણ દિવસનું પારાયણ શરૂ થયું. ચંદુભાઈનાં સર્વે કુટુંબીજનો અને સંબંધીઓ પણ ઉપસ્થિત હતાં. યજ્ઞોપવીત વિધિ શરૂ થઈ ગયો હતો.

થોડી વારે સ્વામીશ્રી મંડપમાં પધાર્યા અને કહે : 'ચાલો, અક્ષર દેરીમાં જનોઈ વિધિ કરવી છે.'

પછી મહારાજ-સ્વામીની સન્મુખ બેસી, અક્ષર દેરીનાં ચરણારવિંદનો કાચ ખોલાવી, જનોઈ ચરણારવિંદને સ્પર્શ કરાવીને પોતાના વરદ હસ્તે દેવેન્દ્રને પહેરાવી. ગુરુકુળનું બૅન્ડ વાગી રહ્યું હતું. મોટેરા સંતો-હરિભક્તો હાજર હતા. સ્વામીશ્રી કહે : 'મહારાજ પણ જનોઈ આપતા. ચંદુભાઈએ સત્સંગમાં ચીલો શરૂ કર્યો છે, તો સૌએ લાભ લેવો.'

પછી ભટેસા સાહેબ તથા ત્રિવેદી સાહેબ વગેરેને આજ્ઞા કરી કે 'બટુકનો બડવો દોડાવવા ગુરુકુળમાં જાઓ.'

બધા વાજતે-ગાજતે બૅન્ડ-વાજાં સાથે ગુરુકુળમાં ગયા. બડવો દોડાવી ચંદુભાઈ, હિંમતભાઈ વગેરે સૌ આવ્યા ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'જનોઈ તો બધા દે છે, પણ આવો લાભ કોણ લે છે ?'

ચંદુભાઈનાં સર્વ કુટુંબીજનો પણ સ્વામીશ્રીના આવા ઉદાર ચરિતથી અતિ રાજી થયા અને સ્વામીશ્રી પાસે વર્તમાન ધરાવીને સત્સંગી થયા.

પોતાના ભક્તના આવા માંગલિક પ્રસંગ પણ સ્વામીશ્રી અનેરા ઉત્સાહથી ઊજવતા અને અદ્‌ભુત સ્મૃતિ આપતા. આમ, નિજજનને સદા લાડ લડાવતા. વળી, પ્રેરણા પણ આપતા કે 'આવા માંગલિક સંસ્કારો સત્પુરુષના વરદ હસ્તે સંપાદન કરવા.'

આ વખતે ભારત સાધુ સમાજના સેક્રેટરી સ્વામી આનંદ, સ્વામીશ્રીનાં

---

૩૦. હાલ, નારાયણચરણ સ્વામી.

દર્શને ગોંડલ આવ્યા હતા. સ્વામીશ્રીને મળીને તેઓ ખૂબ પ્રસન્ન થયા.

સ્વામીશ્રીની ધાર્મિક પ્રવૃત્તિથી તેઓ અત્યંત પ્રભાવિત હતા. તેમણે સ્વામીશ્રીને કહ્યું હતું કે 'આજે ભારતમાં મુસલમાનો, ખ્રિસ્તીઓ અને કૉમ્યુનિસ્ટો દેશને છિન્નભિન્ન કરી રહ્યા છે. ત્યારે ભારતીય સંસ્કૃતિનું રક્ષણ આપ જેવા સંતપુરુષોના આશીર્વાદથી થઈ રહ્યું છે. હાલના યુગમાં શિક્ષાપત્રીના પ્રચારની ખૂબ જ જરૂર છે.'

કોઠાર ભગવાનના છે

એક વાર પૂજા પછી સ્વામીશ્રી કહે : 'સારંગપુરમાં શાસ્ત્રીજી મહારાજે વાત કરેલી, આ મંદિરો હરિભક્તોનાં છે. આપણે શું લાવ્યા છીએ અને શું લઈ જવાના છીએ ? આપણે આફ્રિકા જઈએ છીએ તે હરિભક્તો ભાડાં ખર્ચીને વળાવવા આવે છે. 'દેરીનાં દર્શન કરવાં છે,' એમ મહિમા સમજીને આવે છે. માટે સંતોને ખાસ આજ્ઞા છે કે 'સરભરા કરજો, ચા પાજો, જમાડજો.' તમે સરભરા ન કરો તો મારું ખોટું દેખાય. માટે કોઈ અવગુણ લઈને ન જાય. ચાર દિવસ સાચવી લેવું.

'આમ તો આખી જિંદગી આ કરવું, પણ આ તો ભીડો વધારે છે. બધા દિવ્યભાવ લઈને જાય તેમ કરવું.

'આ કોઠાર શાસ્ત્રીજી મહારાજના છે. શ્રીજીમહારાજના છે. માટે કોઈ મહેમાન આવે તો, 'આણી, પાણી ને સાથરો' એ શું ? પહેલાં પ્રેમથી બોલાવવા. પછી પાણી પાવું ને ઉતારો આપવો. જમાડવા ને પછી કથાવાર્તા કરવી. એ 'આણી, પાણી ને સાથરો.'

ઈશ્વરભાઈ ટી.ટી.ના સાળા ભગવાનજીભાઈ તરફથી પારાયણ યોજાઈ. અમદાવાદના નવનીત મણિલાલ બારોટને વધુ અભ્યાસાર્થે અમેરિકા જતા હોવાથી આશીર્વાદ આપ્યા.

એકાદશીએ વચનામૃત મધ્ય પ્રકરણનું સાતમું વંચાતું હતું. એ ઉપર નિરૂપણ કરતાં સ્વામીશ્રી એકદમ ભાવમાં આવી કહે : 'પચાસ જણ હોય, પણ તે શું કરે છે તે બધી ખબર પડી જાય. 'કોણ સૂઈ રહે છે ? કોણ સેવા કરે છે ?' તે સૂતાં સૂતાં ખબર પડે. માટે એમ ન માનવું કે 'સ્વામી સૂઈ ગયા છે.' પછી આંખો પહોળી કરીને કહે : 'સામે જોઈને બેસી રહેવું એ સેવા નહિ.'

આમ, ભગવાનના અંતર્યામી સ્વરૂપનું દર્શન પણ ક્યારેક સ્વામીશ્રી

કરાવતા. ત્યારે જ સૌને જાણપણું રહે કે 'આ પુરુષથી કશું છુપાવી શકાય એમ નથી.' તો સહેજે નિયમન રહે.

થાપાની થાપણ ઝંખતા આબાલવૃદ્ધ

તા. ૯મીએ સાંજે ઘાટ ઉપર સભા ભરેલી. પાછા ફરતાં સ્વામીશ્રી (વ્હીલચૅરમાં) ઘાટનાં પગથિયાં ચઢતા હતા ત્યાં પુરુષોત્તમ ભગત એક ભાઈને લઈને આવ્યા ને કહે : 'બાપા ! ભાઈના બાબાને થાપો (આશીર્વાદનો) જોઈએ છે.' કહો, નાના બાબાને પણ બાપાના કોડ જાગ્યા, એના નાનકડા મનને કોણ હચમચાવી ગયું હશે ?

'ઈ ક્યાં કોઈ ના પાડે છે. થાપો દેવા નવરા જ બેઠા છીએ. લે થાપો ! એકના બે.' એમ કહી નાના બાબાને વાંસામાં હળવેકથી બે થાપા માર્યા, ને રાજી કર્યો.

રાતની સભામાં ઘનશ્યામચરણ સ્વામીએ કીર્તન ઝિલાવ્યું : *'યોગી આવો તે રંગ મને શીદ લગાડ્યો...'*

'શીદ' નહિ, 'ખૂબ... ખૂબ લગાડ્યો.' એમ બોલવાનું સ્વામીશ્રીએ સૂચવ્યું. પછી ઘનશ્યામચરણ સ્વામીએ મુજરા કરતાં કરતાં એ પ્રમાણે ગાઈને કીર્તન ઝિલાવ્યું. સ્વામીશ્રી બહુ રાજી થયા.

પટેલ બૉર્ડિંગમાં વિદ્યાર્થીઓને સત્સંગ લાભ આપ્યો હતો. તેમજ દેવળિયાવાળાં ગંગાબા તથા અમદાવાદના અંબાલાલ ભગત, કચરાભાઈ વગેરે પરિવાર તરફથી પણ સ્વામીશ્રીની પ્રસન્નતા માટે પારાયણો યોજાયાં હતાં.

આવું કોઈ માગતું નથી

તા. ૧૨મીએ અમદાવાદના જજ ઇન્દુભાઈ શેલત સાહેબ આવેલા. તેમના બે દીકરાઓને સ્વામીશ્રીને ખૂબ ભાવથી પગે લગાડ્યા અને કહ્યું : 'બાપા ! આમને ભગવાનની ભક્તિ આપો. ભણતર નથી જોઈતું. ભગવાનની ભક્તિ હશે તો બધું આવશે.'

વળી, દીકરાઓ પાસે સ્વામીશ્રીને દંડવત્ કરાવ્યા. અને સ્વામીશ્રી પાસે દીકરાઓને આશીર્વાદ અપાવડાવ્યા.

સ્વામીશ્રી બહુ રાજી થયા : 'આવું કોઈ માગતું નથી. સાચું કહે છે બીચારા.' એમ બોલતાં જાય અને પ્રસન્ન થતાં જાય.

આપ મેરે બાબા હો

ગણેશપુરી(મુંબઈ)વાળા નિત્યાનંદ બાબાના પટ્ટશિષ્ય મુક્તાનંદ બાબા થોડા દિવસ પહેલાં પૂનામાં હતા ત્યારે રણછોડદાસજી મહારાજે તેમને ખાસ કહેલું : 'તમે ગુજરાતમાં તીર્થયાત્રામાં જાવ છો, તો અક્ષર મંદિર - ગોંડલમાં યોગીજી મહારાજનાં દર્શન કર્યા વિના આવતા નહિ.'

આજે સાંજે મુક્તાનંદ બાબા તેમના ૨૫ જેટલા અગ્રણી શિષ્યો સાથે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીએ બૅન્ડ-વાદનથી તેમનું સ્વાગત કરાવ્યું. તેઓ નજીક આવે તે પહેલાં તો સ્વામીશ્રી આસન ઉપરથી ઊઠવા લાગ્યા. ઢોલિયાના આગળના ભાગથી સ્વામીશ્રી એકદમ નીચે ઊતર્યા અને સારંગપુરથી ઠાકોરજીનો પ્રસાદીનો મોટો હાર આવેલો તે લઈને સામે ગયા.

'બાબા ! ઐસા મત કરો.' તેઓએ આનાકાનીથી હાર લીધો. સ્વામીશ્રીનાં ચરણોમાં મસ્તક અડાડી પ્રણામ કર્યા અને સભામાં બેઠા.

સ્વામીશ્રીની આજ્ઞાથી ભટેસા વગેરે હરિભક્તોએ પણ તેમને હારતોરા કર્યા. સ્વામીશ્રીએ તેમને સભામાં થોડી વાતો કરવા કહ્યું. એ પહેલાં બ્રહ્મચારીજીએ ભજનો ગાયાં.

સ્વામીશ્રી કહેવા લાગ્યા : 'બધાને પાણી પાઓ. પાણીનું પૂછો.' પરંતુ તેઓ વીરપુરથી હમણાં જ પરવારીને આવ્યા હતા, એટલે ના પાડી.

પછી સ્વામીશ્રીની આજ્ઞાથી મુક્તાનંદ બાબાએ પ્રવચન કર્યું :

'ગુરુજીની આજ્ઞા છે તો હું બોલીશ. ગુરુજી બહુ મહાન છે. આખા ભારતમાં એમની ખ્યાતિ છે.' વગેરે હિંદીમાં બોલ્યા પછી ગુરુમહિમા ઉપર વાતો કરી. તેમને ગરમી લાગતી હતી. એટલે સ્વામીશ્રીએ હાથપંખાથી તેમને પવન નાખવા કહ્યું. હું પવન નાખવા લાગ્યો તો કહે : 'ગુરુજી કે સામને મૈં ભી આપકે સમાન શિષ્ય હૂં.' પછી ઇલેક્ટ્રિક પંખો ગોઠવી દીધો.

પ્રવચન પછી સ્વામીશ્રીએ તેમને મંદિરમાં તેમજ ઘાટ વગેરે સ્થળોએ દર્શને જવા કહ્યું. સ્વામીશ્રી ફરીથી તેમને મળવા, આસનેથી ઊભા થતા હતા. એકદમ પાસે આવી જઈને, તેમણે સ્વામીશ્રીને એમ કરતા રોક્યા અને ગદ્‌ગદિત થઈ બોલ્યા : 'આપ ઐસા કરતે હો, યે મેરા અપમાન હૈ. આપ મેરે બાબા હો, નિત્યાનંદ બાબા કા જૈસે મૈં આપકો માનતા હૂં. મૈં અપના માસિકમેં આપકા ફોટો ભી દેતા હૂં.' સ્વામીશ્રીએ તેમને શાલ ઓઢાડી.

તેમણે મંદિર, અક્ષર દેરી, ઘાટ વગેરેનાં દર્શન કર્યાં. ભીંતચિત્રો વગેરે જોઈને બહુ રાજી થયા. ઘુમ્મટમાં યોગીજી મહારાજનું ચિત્ર જોઈને એકદમ બોલ્યા : 'યોગીજી મહારાજ પ્રેમ કી મૂર્તિ હૈ, પ્રેમ સે પકા હુઆ પુરુષ હૈ.'

સ્વચ્છતા જોઈ બહુ રાજી થયા. થોડો પ્રસાદ લીધો અને જતાં જતાં પણ સ્વામીશ્રીને મળવા આવ્યા. સ્વામીશ્રીના બે હાથ પોતાના હાથમાં લઈ, પોતાને માથે મૂકતાં વિન્રમભાવે કહ્યું કે 'જ્યારે તમારી આજ્ઞા થશે, ત્યારે હું આવીશ.'

સ્વામીશ્રીએ તેમને ભેટ પણ મુકાવી. બહુ જ રાજી થઈને વિદાય આપી. તેમનો આવો ભાવ ને આ મિલન જોઈ સૌ મુગ્ધ થઈ ગયા.

તા. ૧૪મીએ સાણંદ યુવરાજ રુદ્રદત્તસિંહજી તથા ગુજરાત વિદ્યુત બૉર્ડના ચૅરમૅન શાંતિકુમાર રાજા સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેમણે પોતાની વ્યથા વ્યક્ત કરતાં કહ્યું : 'આજે દેશ કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે. દેશના જ માણસો દેશને ખુવાર કરવા બેઠા છે. આવી પરિસ્થિતિમાં ગમે તેવા માણસનું મન મુંઝાઈ જાય. પણ જ્યારે યોગીજી મહારાજનાં દર્શન કરીએ છીએ ત્યારે એમ થાય છે કે 'આપણું અહિત નહિ થાય. જ્યાં સુધી આવા પુરુષો આ ભૂમિ ઉપર છે, ત્યાં સુધી આપણું ભવિષ્ય બગડશે નહિ.' રાજકીય પરિસ્થિતિમાં સ્થિરતા આવે અને શાંતિનું સામ્રાજ્ય સ્થપાય તે માટે તેમણે સ્વામીશ્રીને પ્રાર્થના કરી હતી.

સ્વામીશ્રીની તબિયત હવે ઘણી સુધારા ઉપર હતી અને દિવસમાં પાંચ વાર સૌને દર્શન આપતા હતા. સવારે પૂજામા તથા કથામા, બપોરે તથા સાજે મંદિરના પ્રાંગણમાં ફરતી વખતે અને રાત્રે કથામાં.

તા. ૧૫મીથી અમદાવાદવાળા સોમચંદ શેઠ, શંકરલાલ, શિવરામભાઈ, પ્રહ્લાદભાઈ, મંગળભાઈ, સકરચંદ, અંબાલાલ ઘીવાળા તથા દાસ મારફતિયા તરફથી પારાયણ શરૂ થયું હતું. ત્યારપછી આણંદના રાવજીભાઈ દૂધવાળા તરફથી પણ પારાયણ યોજાયું હતું.

ગુજરાતીમાં સમજૂતી

વળતે દિવસે સભામાં સારંગપુરનું ૧૦મુ વચનામૃત વંચાતું હતું. અંતર્દષ્ટિ અને બાહ્યદૃષ્ટિ ઉપર અર્જુનભાઈ ચાવડા વાત કરતા હતા. તાત્ત્વિક વાતો ચાલતી હતી. તેઓ બોલી રહ્યા પછી સ્વામીશ્રીએ અંબાલાલભાઈ(અમદાવાદ)ને કહ્યું : 'તમે ગુજરાતીમાં બોલો, આ કાકા સંસ્કૃતમાં બોલ્યા.'

અંબાલાલભાઈ સ્વામીશ્રીનો અભિપ્રાય સમજી ગયા અને તેમણે વચનામૃતના ભાવાર્થમાં, તેમની સાદી સરળ ભાષામાં પ્રગટ સંતનો મહિમા સમજાવ્યો.

વચનામૃતમાં આગળ શબ્દો આવ્યા કે 'એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે, મને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયુ.'

એટલે સ્વામીશ્રીએ ફરીથી અંબાલાલભાઈને આજ્ઞા કરી કે 'આ ગુજરાતીમાં સમજાવો.'

'બાપાનાં દર્શને સાક્ષાત્ ભગવાનનું દર્શન થયું.' એ ભાવાર્થ ફરીથી અંબાલાલભાઈએ તેમની સરળ ભાષામાં સમજાવ્યો.

આ વાતને સમર્થન આપતાં હોય એમ સ્વામીશ્રી બોલ્યા :

'એવા સંત એકાંતિક જ્યાં હોય ત્યાં ભગવાન પ્રગટ છે. સંતો ઘણા છે. એકાંતિક સંત સ્વામિનારાયણ સંપ્રદાયમાં જ હોય. એની વાત છે.' સ્વામીશ્રીએ સ્પષ્ટતા કરી.

આમ, બપોરની કથામાં બહુ ગમ્મત કરાવતા અને નિજાનંદનું સુખ સૌને વહેંચતા. શાસ્ત્રોની ગહન વાતો પણ સરળ શબ્દોમાં અને પ્રગટનો મજકૂર લાવીને સમજાવવાની અંબાલાલભાઈની ખૂબી હતી. એટલે સ્વામીશ્રી તેમને ગમ્મતમાં કહેતા કે 'ગુજરાતીમાં સમજાવો.'

આ સભામાં નવા ઉત્સાહી યુવાન સત્સંગી ગોંડલના સિવિલ સર્જન ડૉ. હરીશભાઈ ત્રિવેદી અચૂક આવતા. તેમને ઉદ્દેશીને સ્વામીશ્રી ઘણી વાતો કરતા-કરાવતા અને શાસ્ત્રોનાં રહસ્ય સમજાવતા, સંતમાં હેત કરાવતા.

તા. ૨૧મીએ હિંમતનગરના મહારાજા દલજીતસિંહજી તથા સાણંદ યુવરાજ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. અને એક રાત રહ્યા હતા.

આ દિવસો દરમ્યાન ઘણા સંતો-મહાનુભાવો સ્વામીશ્રીનાં દર્શને આવતા. આજે રાજકોટથી આસિસ્ટન્ટ કલેક્ટર તથા પી.ટી.સી. વિભાગના ડાયરેક્ટર વગેરે બંગાળીભાઈઓ ખાસ સ્વામીશ્રીનાં દર્શને આવેલા. સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપ્યા.

'સસારમા રહીને ધર્મ કેવી રીતે પાળવો ?' બંગાળી ભક્તોએ સ્વામીશ્રીને પૂછ્યું.

'જનક વિદેહીની જેમ રહેવું. જેવી રીતે મહારાજ છતાં દાદાખાચર, પર્વતભાઈ વગેરે હતા, તેમની જેમ.'

'દીક્ષા લેવાની જરૂર ખરી ?' બીજો પ્રશ્ન પુછાયો.

'આશરો કરવો પડે. તો ભગવાન રક્ષા કરે. જેમ તમે કોઈને નોકરીમાં રાખવો હોય તો ભણેલો હોય એને રાખો. અહીં પણ આ મંદિર છે, તો આપણે બેઠા છીએ. ને ઝાડ હોય તો ફાવે ?'

સ્વામીશ્રીએ એમની લાક્ષણિક શૈલીમાં જવાબ આપ્યો. પણ ભક્તોના ચહેરા ઉપર સંતોષનો પૂર્ણ ભાવ હતો. કદાચ સ્વામીશ્રીનાં દષ્ટિદાન અને વચનામૃત પાનથી જ તેમણે તૃપ્તિનો ભાવ અનુભવ્યો હશે !

બીજે દિવસે સ્વપ્ન-દર્શનની વાત કરી : 'સવારે ઊઠીને બધી રસોઈ કરી, પૂરી કરી, મને નવાઈ લાગી કે 'હું ચાલી શકતો નથી ને પૂરી કેમ કરી ?' પછી બધાને જમાડ્યા.'

સેવા, સેવા ને સેવા. દરેક વાતમાં સેવા ! પછી તે સ્વપ્નાની વાત હોય કે જાગ્રતની, પણ સ્વામીશ્રીના જીવનમાં સેવા સિવાય બીજો કોઈ મંત્ર જણાતો નહોતો !

દિવાળી પછી ઠંડીની શરૂઆત થતાં સ્વામીશ્રી સવારે પૂજા પછી અક્ષર દેરીમાં દર્શને ન જતાં, ૧૧-૦૦ વાગે જતા. તેમજ રાત્રે સભામાં આવવાનું બંધ કર્યું હતું. આરામ કરતાં કરતાં પણ પોતે સર્વ હરિભક્તોનું ખૂબ જ ધ્યાન રાખતા. મંદિરની નાની-મોટી તમામ પ્રવૃત્તિઓમાં અંગત રસ લેતા. સંતો તથા કાર્યકર્તાઓને સેવા અને સરભરાની સતત દોરવણી આપતા.

યુવાનો વાસનાના ઉકરડા ઉલેચે છે

સ્વામીશ્રીએ શ્રમયજ્ઞનું આયોજન કર્યું હતું. જેમાં વિદ્યાનગર તથા રાજકોટના યુવકો જોડાયા હતા. જો કે સ્વામીશ્રીના સાંનિધ્યમાં અખંડ શ્રમયજ્ઞ ચાલે; પછી તે એક વ્યક્તિ હોય કે અનેક. દર્શન-સમાગમમાં ગામોગામથી હરિભક્તો તથા યુવકો આવતા. તેમાં જે યુવાનો હોય તથા સેવાભાવી હરિભક્તો હોય તેમને નાનું-મોટું મંદિરનું સેવાનું કામ સ્વામીશ્રી ખટકો રાખી સોંપતા. છેવટે સાફસૂફીનું તથા ખેતરનું કામ કરાવતા. દરેકને ભજન કરતાં કરતાં સેવા કરવાનો આદેશ આપતા. સેવા સૌનાં જીવનમાં વણાઈ જાય, તેવો સ્વામીશ્રીનો આગ્રહ. તેથી સહેજે સહેજે સેવા-કાર્યોમાં સૌને જોડતા. સેવાનો અપરંપાર મહિમા સમજાવતા.

વિદ્યાનગરથી સેવા-સમાગમમાં આવેલા યુવકો પાસે સ્વામીશ્રીએ

પોતાના સ્વપ્નની વાત કરી કે 'આજે સ્વપ્નામાં એમણે મંદિરનો ઉકરડો સાફ કર્યો. શાસ્ત્રીજી મહારાજ બહુ રાજી થયા.'

ત્યારે કિરીટભાઈ, આચાર્ય રાજેન્દ્રભાઈ, બળદેવસિંહ રાણા વગેરે યુવકોએ પૂછ્યું : 'બાપા ! આજે અમે ગંદકી સાફ કરીએ ?'

તરત સ્વામીશ્રીએ રાજી થઈને કહ્યું : 'જાઓ, અમે બહુ રાજી થઈશું.'

અને યુવકોએ ઉત્સાહથી ઉકરડો સાફ કરવાનું શરૂ કરી દીધું.

સ્વામીશ્રી પણ હંમેશાં ખબર કાઢવા આવતા અને સેવા કરતા યુવકોને જોઈને બહુ રાજી થતા. ઉકરડાની સાફસૂફી સાથે યુવકોએ બીજી સેવાઓ પણ ઉપાડી લીધી. આ દરમ્યાન કદાપિ કોઈ યુવક ઘરે જવાની રજા માગે તો સ્વામીશ્રી પ્રેમપૂર્વક તેનો ઘરે જવાનો વિચાર ટાળી નાખતા ને તેને સેવામાં જોડી દેતા. સ્વામીશ્રીએ આ યુવકોને પોતાની સાથે રાખી અલૌકિક સુખ આપ્યું. સૌને શ્રીજીમહારાજનાં સુખે સુખિયા કરવા એ એક જ તાન એમને હતું.

દિવસ દરમ્યાન દરેક યુવકને વ્યક્તિગત એકાંતમાં મળતા. જેને જે કોઈ મુશ્કેલી હોય, દોષો પીડતા હોય, તે નિષ્કપટપણે સૌ કહે. સ્વામીશ્રી તેનો ઉપાય બતાવતા. આશીર્વાદ આપી, સારે માર્ગે ચાલવાનું તેને બળ આપતા.

રાજેન્દ્રભાઈ આચાર્યને પણ સ્વામીશ્રીએ એકાંતમાં પાંચ દિવસે નિર્જળા ઉપવાસનું વ્રત આપ્યું. સ્વામીશ્રીએ તેમને બે કૌપીનો પણ આપી. એવી જ રીતે દરેક યુવકને બ્રહ્મચર્યપાલન માટે કૌપીનનો મહિમા સમજાવી, બબ્બે કૌપીનો આપી હતી. આમ, યુવાનો કૌપીનો પહેરે તેનો સ્વામીશ્રી ઘણો આગ્રહ રાખતા.

તા. ૨૩મીએ વહેલી સવારે હું સૂતો હતો ને કોઈએ મારા જમણા ખભાની નીચે, બાજુ ઉપર હળવા હાથેથી બે-ત્રણ વાર ટપલી મારી. હું એકદમ જાગી ગયો. જોઉં તો ત્યાં કોઈ નહીં. બરાબર ૪-૦૦ વાગ્યા હતા. અને ચારના ડંકા પડ્યા. ઘડિયાળમાં એલાર્મ પણ સંભળાયું. આજે કોઈ ઊઠ્યું ન હતું. પછી બધાને ઉઠાડ્યા.

૪-૪૫ વાગે રોજ હું સ્વામીશ્રીને જગાડવા જાઉં અને ઘણી વાર સ્વામીશ્રીના ખભા ઉપર ધીરેથી હાથથી સ્પર્શ કરી, 'બાપા' એમ ધીમો સાદ પાડું. બરાબર એ જ પ્રમાણે આજે સ્વામીશ્રી સ્વયં મને ઉઠાડવા આવ્યા એવો અનુભવ થયો. કદાચ મને એમ ન થઈ જાય કે સ્વામીશ્રીને હું ઉઠાડું છું; પણ 'તને ચાર વાગે ઉઠાડનાર હું છું' એવો પ્રત્યક્ષ અનુભવ સ્વામીશ્રીએ કરાવ્યો. જાગ્રતમાંથી સુષુપ્તિમાં અને સુષુપ્તિમાંથી જાગ્રતમાં લઈ જનાર પણ ભગવાન

અને સંત છે – એ સાંભળ્યું હતું, પણ આજે જાણ્યું, અનુભવ્યું.

આજે સંધ્યાકાળ પછી સ્વામીશ્રીને માલિશ કરતા હતા. એવામાં નારાયણપ્રસાદ સ્વામીની વાત નીકળી. તેમને પેટમાં દુ:ખતું હતું. એટલે મેં કહ્યું : 'ઉકરડાની સેવા બહુ કરી તે દુ:ખવા આવ્યું હશે.'

'સેવાથી ન દુ:ખે.' સ્વામીશ્રીએ તરત કહ્યું : 'અમારે પણ ઘણી વાર ગાડામાં ફરતા તે પિચોટી ખસી જતી. પછી શાસ્ત્રીજી મહારાજ ચોળાવે ત્યારે શાંતિ થાય.'

સૌની પાસે તન તોડી નાખે એટલી સેવા કરાવ્યા પછી, સ્વામીશ્રી સૌને રમાડી, જમાડી, આનંદ પણ એટલો જ આપતા. આજે સુરતના હરિભક્તો ઊંધિયાનો સામાન ને પોંક લાવેલા. તે રાત્રે 'યોગી આશ્રમ'ની અગાશીમાં નાના-મોટા સૌને ભેગા કરી, હોંશે હોંશે ઊંધિયું તથા પોંક જમાડ્યા. પોતે વચમાં ખુરશી નાખીને બેઠા ને માલના વખાણ કરતા જાય ને સૌને પીરસાવતા જાય. પોતે તો જમ્યા નહિ, પણ યુવકો-હરિભક્તોને જમાડીને ખૂબ આનંદ કરાવ્યો.

બીજે દિવસે અમદાવાદથી શેઠ પ્રભુદાસ, ડૉ. જીતુભાઈ તથા અમદાવાદ બાર ઍસોસિયેશનના ચૅરમૅન ભાસ્કરભાઈ, ત્રણે મિત્રો સ્વામીશ્રીનાં દર્શને આવેલા. સ્વામીશ્રીની સાધુતાથી તેઓ એટલા બધા પ્રભાવિત થયા હતા કે સ્વામીશ્રીનાં દર્શન અને આશીર્વાદનો લાભ લેવા તેઓ અવારનવાર આવી જતા. સાંજે તેઓ મોટરમાં જ પાછા ફરવાના હતા.

'તમે રોકાઈ જાવ તો મારું અંતર ઠરે.' એવો તો ભાવથી સ્વામીશ્રીએ આગ્રહ કર્યો કે આ મહાનુભાવોનો ઠરાવ, એ વાત્સલ્યભર્યા શબ્દોથી ઢીલો પડી ગયો. અણુશક્તિથી પણ અનેક ગણી પ્રચંડ શક્તિ સ્વામીશ્રીની અમૃત વાણીમાં હતી, જે મનના મનસૂબાઓનો ભુક્કો બોલાવી શકતી, એથી વધુ મલિન વાસનાઓનો પણ વિનાશ કરી શકતી.

ભક્તિની સૌરભ

તા. ૨૫મીએ વહેલી સવારે પોતાના કાર્યક્રમ અંગે પૂછતાં કહે : 'ત્યાં (મુંબઈમાં) સંતો યાદ કરે છે. અહીં ઊંઘ સારી આવી જાય છે. ત્યાં એની એ ગોળી લેતા હતા. તે ઊંઘ આવતી ન હતી. અહીં ઊંઘ આવી જાય.'

'દેરીનો પ્રતાપ.' સંતોએ કહ્યું.

'હા. એ સાચું. અહીં હું રોજ સંભારું - 'શાસ્ત્રીજી મહારાજ ! ઊંઘ આવો,

ઊંઘ આવો.' તે આવી જાય. શાસ્ત્રીજી મહારાજનો પ્રતાપ. અહીં સાંજે મંદિરમાં ફરવાની બહુ મજા આવે છે. તે સ્થાન સારું તે અહીં રહેવાનું મન થઈ જાય.'

'પ્રમુખસ્વામી બહુ દાખડો કરે છે. ઠંડીમાં ફરે છે. પહેલાં તો અમે ને મોટાસ્વામી ફરતા. તે બહુ ઠઠારો થાય. પ્રમુખસ્વામી એકલા પડી ગયા. બહુ દાખડો કરે છે, સેવા લાવે છે, તો તમો કાગળ લખો.' પછી સૌ મોટા મોટા દર્શને આવે છે ને લાભ લે છે – તે સમાચાર લખવા જણાવ્યું.

'સ્વામિનારાયણ પ્રકાશ'નો પાઠ ચાલુ હતો. વચ્ચે વચ્ચે સ્વામીશ્રી એમની ઇચ્છા પ્રમાણે બોલી રહ્યા હતા :

'ચુનીભાઈ, કિરીટ બાપુને સુરતને ઉતારે મોકલો. ત્યાં બધાંને ગરમ પાણી પહોંચાડે. ઉતારા વાળી નાંખે. આપણે મોટા માણસોનું ધ્યાન રાખવું જોઈએ. આપણે શાસ્ત્રીજી મહારાજ ભેગા રહેલા. મોટાપુરુષ ભેગા રહેલા, તે બધી નજર પડે. મોટા માણસોને સગવડ આપવી પડે. ઉપેક્ષા ન રખાય. આ બધું અમે વધાર્યું છે. તો જો પાછળથી કોઈ સાચવનાર હોય તો વધે, નહિ તો વેડફાઈ જાય. ને સરભરા કરે ને મોટા માણસોનું સાચવે તો બમણું વધે.'

માંદગીના બિછાને સૂતાં સૂતાં પણ સ્વામીશ્રીને હરિભક્તોની સાચવણી ઉપર બહુ ધોરણ રહેતું. હરિભક્તો જે મંદિરમાં આવ્યા હોય, તેની સૂતાં સૂતાં ચિંતા કરતા અને સારી સરભરા કરવા ભલામણ કરતા. સેવા એ સ્વામીશ્રીનો જીવનમંત્ર હતો. હરિભક્તો પ્રત્યેની કદર અને વાત્સલ્ય, સ્વામીશ્રીના શબ્દોમાં ભારોભાર જણાઈ આવતા. એમના હૃદયમાં ભાવો, સત્સંગ પ્રત્યે આત્મબુદ્ધિ અને પ્રીતિ, તે તો આપણી માયિક બુદ્ધિથી પિછાણી શકાય એમ જ નથી !

'પ્રકાશ'નો પાઠ ચાલુ હતો. એમાં એક લેખમાં, ભગવાનને અર્પણ કરીને જ બધી વસ્તુ ગ્રહણ કરવાની વાત આવી. સ્વામીશ્રીએ એ શબ્દ ઝડપી લીધો અને કહેવા લાગ્યા :

'શાસ્ત્રીજી મહારાજ અલૌકિક પુરુષ હતા. પણ કોઈ પૂજા થાય, આરતી થાય, તે ઠાકોરજી (મૂર્તિ) પહેલાં મંગાવે. થાળ ધરવાનો હોય તો મને મોકલે. નિર્ગુણ સ્વામી ધખે, વાર લાગે એટલે. પણ શાસ્ત્રીજી મહારાજ કહે : 'ભલે ધખે.' એવો સિદ્ધાંત. તે સિદ્ધાંત સમજીને અનુવૃત્તિ સાચવીને સેવા કરીએ, તો રાજીપો થઈ જાય. ને અમને પણ ઠાકોરજીને ધરાવીને પાણી આપે, જમાડે, તે બહુ ગમે. ઠાકોરજીને આગળ રાખવા જોઈએ. તો આપણું ચાલે. ને ભગવાનને ભૂલી જઈએ તો આપણું લાંબું નભે નહિ. અમે તો બે-પાંચ વરસ છીએ તે કહી

છૂટીએ; પણ પછીથી જો સચવાય તો વધે, નહિ તો પડી ભાંગે. દાદર(મંદિર)માં મેં આજ્ઞા કરી છે, તે પાંચ થાળ બોલાય છે ને અડધો કલાક જમાડે છે. નહીં તો પૂજારી થાળ ધરાવીને સૂઈ જાય.'

આમ, ઈષ્ટભક્તિ, ગુરુભક્તિ, હરિભક્તો પ્રત્યેની ભક્તિની સુગંધ સ્વામીશ્રીના વ્યક્તિત્વમાંથી અખંડ ફોર્યા કરતી હતી. જાણે ભક્તિનું મૂર્તિમાન સ્વરૂપ ન હોય ! જો ઈષ્ટદેવ પ્રત્યે - ગુરુ પ્રત્યે સાચી ભક્તિ હોય, તો એના આશ્રિત જનો પ્રત્યે પણ ભક્તિ-સેવાભાવ-આદરભાવ-સદ્‌ભાવ અછતો રહેતો નથી, એ અનુભવ સ્વામીશ્રીની વાણી અને વર્તનમાંથી હંમેશાં તાદૃશ થતો.

તા. ૨૯મીએ વડતાલના વિદ્વાન શાસ્ત્રી ગોપીનાથદાસજી સ્વામીશ્રીનાં દર્શનાર્થે આવેલા. વડોદરા પાસે તલસાડીમાં તેઓ ગુરુકુળ કરી રહ્યા હતા. એમાં સ્વામીશ્રીની સહાય ને ભલામણ મેળવવા ખાસ પોતે આવ્યા હતા. અક્ષર મંદિરનાં દર્શન અને સ્વામીશ્રીનો આદરભાવ પામી ઘણા પ્રભાવિત થયા. સ્વામીશ્રીએ તેમની પાસે સભામાં વાતો કરાવી.

બીજે દિવસે સારંગપુરથી મોહન ભગત આવ્યા. તેઓ બે મોટા હાર પ્રસાદીના લાવેલા. તે સ્વામીશ્રીને પહેરાવ્યા. સ્વામીશ્રીએ એક હાર ભટેસાને પહેરાવ્યો અને બીજો હાર વડતાલના શાસ્ત્રીને પ્રેમથી પહેરાવ્યો. સ્વામીશ્રીએ તેમને ભાદરા દર્શને જઈ આવવાની આજ્ઞા કરી અને ત્યાં ઊંડ નદીને કિનારે પ્રસાદીના વડને એ હાર પહેરાવવા કહ્યું. ભાદરા જવા માટે સોમાભાઈની મોટર મોકલી અને ગુરુકુળ માટે સર્વ સત્સંગ સમાજ ઉપર ભલામણ પત્ર લખી આપ્યો. સવારે પૂજામાં પણ તેમની પાસે વાતો કરાવી અને સારી સેવા-સરભરા કરાવી.

રામ ઓળખાય તો !

બીજે દિવસે સાંજે બ્રિગેડિયર ડડવાલ - ગુજરાત એન.સી.સી.ના ડાયરેક્ટર સ્વામીશ્રીનાં દર્શને આવેલા. સાથે કર્નલ સાહેબ હતા. તેઓ ઘણી વાર આવતા. સ્વામીશ્રીએ તેમનાં નામ-ઠામ પૂછ્યાં અને હેતથી આશીર્વાદ આપ્યા.

'મારે ભગવાનનાં દર્શન કરવાં છે, તે થશે કે નહિ ?' સ્વામીશ્રીનાં દર્શનથી પ્રેરણા મળતાં, બ્રિગેડિયરે પહેલો જ પ્રશ્ન આ પૂછ્યો.

'થશે.' સ્વામીશ્રીએ કહ્યું.

'ક્યારે થશે ?'

'તમારી ઇચ્છા ક્યારે છે ? તમારી ભાવના હશે તો જરૂર થશે.' વળી કહે :

'સ્વપ્નામાં કરવાં છે કે જાગ્રતમાં ?' સ્વામીશ્રીએ વળતો પ્રશ્ન કર્યો.

'જાગ્રતમાં.'

સ્વામીશ્રીએ એમને આશીર્વાદ આપ્યા અને જમાડી, પ્રસાદી આપી રજા આપી.

સ્વામીશ્રીનાં દર્શનથી જ ઘણા સંસ્કારી અને દૈવી જીવોને અનુભવ થતો કે 'પોતે ઈશ્વરની ઘણી જ નજીક આવેલ છે;' પણ 'આ સંતમાં જ ઈશ્વર છે - આ સંત સ્વરૂપે જ ઈશ્વર છે' એવી પ્રતીતિ પૂર્વસંસ્કાર વગર, સમાગમ વગર, ગુરુકૃપા વગર ક્યાંથી થાય ?

સાંજે સ્વામીશ્રી સ્નાન કરવાની તૈયારી કરી રહ્યા હતા. ઉત્તરીય ઉતારી ખુલ્લે શરીરે બેઠા હતા. ત્યાં શયન આરતીનો ડંકો પડ્યો. એ સાંભળી સ્વામીશ્રીએ તુરત જ બધા યુવકો તથા અમને સંતોને આરતીમાં મોકલ્યા. પોતે ખુલ્લે ડિલે બાથરૂમમાં બેસી રહ્યા. અને આરતીમાંથી આવ્યા પછી જ સ્વામીશ્રીએ સ્નાન વિધિ શરૂ કર્યો. આવો પ્રસંગ પહેલી જ વાર બન્યો હતો. સ્વામીશ્રી કહે : 'આરતીનો ડંકો પડે તો ગમે તેવું કામ પડતું મૂકીને પણ દર્શન કરવા દોડી જવું.'

આરતીનાં દર્શનનો આવો ખટકો - એ અષ્ટ પ્રકારની પ્રતિમામાં સાક્ષાત્ ભગવાનનો ભાવ હોય તો જ આવી શકે. એ ભાવ સ્વામીશ્રીના ઉદ્‌ગારોમાં હતો. પોતે ઘણી વાર એ ભાવને શબ્દોમાં વણી લેતા કહેતા : 'કટ પહોંચી જવું.'

આ દિવસો દરમ્યાન કલકત્તાવાળા મધુભાઈ પટેલ, હિંમતભાઈ પૂજારા, ગાનાવાળાં હીરાબા તથા ગોંડલ મંડળ - છોટુભાઈ વકીલ, મોહન વેલા, વેલજીભાઈ, નાનજીભાઈ તથા ભગવત્‌સિંહ બાપુ, રાવજીભાઈ મોતીભાઈ વગેરે હરિભક્તો તેમજ ડર્બન મંડળ તરફથી પારાયણો યોજાઈ.

થોડા સમય પછી સ્વામીશ્રી આફ્રિકા પધારવાના હતા. તે જાણ થતાં ગામોગામથી હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને આવતા. સ્વામીશ્રી દરેકને રોકતા, ઘણી વાર પારાયણ કરાવવાની પ્રેરણા આપતા. કથાવાર્તા - દર્શન-પ્રસાદીનું સુખ આપતા. એમ અલૌકિક સ્મૃતિ આપતા. હરિભક્તો નોકરી-ધંધામાંથી સમય કાઢીને દર્શન પૂરતા જ આવ્યા હોય, એકાદ દિવસ જ રોકાવાના હોય; પણ સ્વામીશ્રી દરેકને આગ્રહ કરી, તેના નિર્ણયથી એકાદ-બે દિવસ તો વધુ રોકતા જ અને સમાગમનું અદ્‌ભુત ભાતું બંધાવતા. સાથે મનધાર્યું મુકાવી, ગુરુમુખી થવાના આધ્યાત્મિક પાઠો પણ ભક્તોને દૃઢ થતા.

વિદેશ જતા યુવકો પણ સ્વામીશ્રીના આશિષ લેવા દોડી આવતા. જીવનના નાના-મોટા દરેક પ્રસંગે દરેકને સ્વામીશ્રીના આશીર્વાદની ખૂબ જ મહેચ્છા રહેતી. ઉમરેઠના ઘનશ્યામભાઈ મોતીભાઈ, ઉત્તરસંડાના વિજય પટેલ તથા નડિયાદના નરેન્દ્ર પટેલ વધુ અભ્યાસાર્થે અમેરિકા જતા હોઈ, સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપ્યા હતા.

પાણશીણાવાળા મોતીભાઈ, રાજકોટ મહિલા મંડળ, અચારડાનાં બાશ્રી બાલુબા, પાનરીના દેવજીભાઈ અને જેઠાભાઈ, જાયવાના ઘનશ્યામસિંહ તથા આફ્રિકા મંડળ - આર.યુ. પટેલ, ભટેસા અને મ્બાલેના મૂળશંકર જોશી તરફથી તેમજ ગોંડલનાં ભાનુબેન સીદીભાઈ તરફથી જુદા જુદા દિવસે પારાયણો યોજાયાં હતાં. સ્વામીશ્રી સૌના ભાવ સ્વીકારી, એક એક દિવસના પારાયણ આયોજી મોટો લાભ આપતા હતા.

સ્વામીશ્રીની વિદેશયાત્રાના સમાચાર જાણી, લોકો મોટરોમાં, બસો ભાડે કરીને, ખાસ આયોજનો કરી, ગોંડલ સ્વામીશ્રીનાં દર્શને ઊમટ્યા હતા. સ્વામીશ્રીના આશીર્વાદમાં માત્ર સ્પર્શ અને દર્શનદાન પામીને સૌ ઘેલા ઘેલા થઈ જતા.

ઈષ્ટસ્મૃતિ કે સ્વપ્ન સૃષ્ટિ ?

તા. ૧-૧-૧૯૭૦, આજે સવારે ૪-૪૫ વાગે સ્વામીશ્રીના ઓરડામાં હું ગયો. ભર ઊંઘમાં હતા. ધીરેથી બહુ સાદ કર્યા પછી ઊઠ્યા.

'કોણ ? આવી ગયા ને...!'

થોડી વાર સૂતા રહ્યા પછી ધીરેથી આજનાં સ્વપ્નદર્શનની વાત કરી :

'આજે શાસ્ત્રીજી મહારાજે દર્શન દીધાં. એક ગામમાં ગયા હતા. ગામનું નામ યાદ નથી. પણ શાસ્ત્રીજી મહારાજ સાથે હતા. ઘણા હરિભક્તો પણ સાથે હતા. શાસ્ત્રીજી મહારાજે મને પાણી પાવાનું કહ્યું. પછી એક નાની માટલી હતી તેમાં ગાળી ગાળીને સૌને લોટાથી પાણી પાવા લાગ્યો. પાણી ગાળેલું હતું, પણ આપણે ગાળવું જોઈએ ને ! ફરીથી ગાળીને સૌને આપ્યું. તે શાસ્ત્રીજી મહારાજ ખુરશી પર બેઠા હતા ને ખુલ્લે શરીરે હતા. ને માથે (ફાળિયું) બાંધ્યું હતું. બહુ રાજી થયા. ત્યાં તમે આવી ગયા ને આંખ ઊઘડી ગઈ. શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિ કરું. ઊંઘ ન આવે તો એમને સંભારું, તે તુરત ઊંઘ આવી જાય.'

આમ એકાંતરે, બે-ચાર દિવસના અંતરે અને ક્યારેક રોજ સ્વામીશ્રી

સ્વપ્નદર્શનની વાતો કરતા. એમાં શાસ્ત્રીજી મહારાજનાં જ દર્શનની વાતો હોય અને પોતે એમની સેવામાં હોય, રસોઈ કરીને જમાડતા હોય, એ જ મુખ્યત્વે દર્શન હોય. આ વાતો સાંભળતાં આપણને ખ્યાલ આવે કે આ પુરુષને ત્રણે અવસ્થામાં પોતાના ગુરુનું, ઈષ્ટદેવનું જ રટણ છે - ગુરુમય જીવન છે.

આજે ઉનાના હરજીભાઈ પ્રેમજીભાઈ સવારે ૧૦-૦૦ વાગે દર્શને આવ્યા. તેમને રાજકોટ જવું હતું, પરંતુ સ્વામીશ્રીએ તેમને રોક્યા. તેમને બહુ જરૂરી કામ હતું. તેથી સભા પછી ફરી એક સંત દ્વારા કહેવરાવ્યું. ત્યારે સ્વામીશ્રીએ તેમને બોલાવી કહ્યું : 'આજ તો રોકાઈ જ જાઓ. આવો લાભ ફરી ફરી નહીં મળે.' સ્વામીશ્રીની આજ્ઞાથી તેઓ રોકાઈ ગયા.

આ વાતનો મર્મ તો સ્વામીશ્રી જ જાણતા હતા ! કારણ કે એ પછી થોડા જ વખતમાં સ્વામીશ્રીએ અક્ષરધામગમન કર્યું.

જીવને પોતાનાં કલ્યાણની ખેવના નથી હોતી તેટલી મોટાપુરુષને હોય છે.

મહિમાની અસ્ખલિત ગંગા

બીજે દિવસે એકાદશીએ સ્વામીશ્રીએ સંકલ્પ કર્યો કે 'ગુરુકુળમાં એકાવન બાળકો જો ઉપવાસ કરે તો પોતે બહુ રાજી થાય.'

ઉપવાસીનું લિસ્ટ બનાવવાની જવાબદારી નાનકડા વિદ્યાર્થી ઠાકરશીભાઈને સોંપવામાં આવી. તેમણે યાદી તૈયાર કરી સ્વામીશ્રીને બતાવી. એક પછી એક બધાં નામ બોલાવ્યાં. તે સાંભળી સ્વામીશ્રી રાજી થઈ ગયા અને બોલ્યા : 'મારે માથે હાથ મૂકો' એમ કહીને હાથ પકડવા ગયા.

તેમણે હાથ ખેંચી લીધો ને બોલ્યા : 'બાપા ! એ તો અવળી ગંગા કહેવાય.'

સ્વામીશ્રી હાથ ખેંચવા જ લાગ્યા, પણ ઠાકરશીભાઈએ તેમ થવા ન દીધું.

ફરી સ્વામીશ્રીએ કાગળ હાથમાં લીધો ને તે કાગળ માથા પર તેમજ છાતી પર લગાડ્યો ને બોલ્યા : 'કેવા બળિયા છે યુવકો !'

આમ, બહુ રાજીપો દર્શાવ્યો અને પારાયણમાં પણ સ્વામીશ્રીએ લીંબુના પાણી, મગ, દહીં વગેરે તૈયાર કરાવી બધી સંભાળ લીધી ને સર્વે બાળકો ઉપર અંતરના આશીર્વાદ વરસાવ્યા.

આ પ્રસંગે ૧૫૦ યુવકોએ નિર્જળા ઉપવાસ કર્યા હતા. ગુરુકુળના તમામ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ પણ નિર્જળા ઉપવાસ કર્યા હતા. આવા મોટા સમૂહમાં યુવાનો તથા હરિભક્તો વ્રત-ઉપવાસ કરતા ત્યારે સ્વામીશ્રી બહુ રાજી

થતા. એમને અંદરથી આનંદના ઊમળકા આવતા અને સૌ ઉપર પ્રસન્નતા વરસાવતા. તપ ઉપર સ્વામીશ્રીને સ્વાભાવિકપણે જે અનહદ રુચિ હતી, તેનું પોતે વ્યક્તિગત રીતે અને સામૂહિક રીતે હંમેશાં પોષણ કરતા રહેતા.

તા. ૮મીએ ગુરુકુળના વિદ્યાર્થીઓ અને હાઈસ્કૂલના શિક્ષકોનાં આમંત્રણથી સ્વામીશ્રીના સાંનિધ્યમાં પ્રાર્થના હૉલમાં સભા થઈ. વિદ્યાર્થીઓએ બૅન્ડ-વાદનથી સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. ધૂન-પ્રાર્થના બાદ ચુડાસમા સાહેબ, છોટુભાઈ વકીલ તથા શ્રીકૃષ્ણ પંડ્યાએ સ્વામીશ્રીની તંદુરસ્તી સાથે વિદેશયાત્રા માટે શુભેચ્છા વ્યક્ત કરી. સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ પાઠવ્યા.

બીજે દિવસે વહેલી સવારે વાત કરતાં કહે : ‘સ્વપ્નું આવ્યું. ચાણસદમાં મોટાસ્વામીએ (તાજપુરના ઠાકરશી) દસ શેરનો લોટ બાંધેલો. પછી સૂઈ ગયા. હું રસોડામાં ગયો તે લોટ પડેલો. પછી મોટાસ્વામીને પૂછ્યું, તો કહે : ‘તાવ આવે છે.’ પછી મેં કહ્યું : ‘વહેલું કહ્યું હોત તો !’ પછી દસ શેરની રોટલી ને અધમણનું શાક કરી નાખ્યું.’

વિશ્વવિભૂતિ

આજે પાળિયાદમાં ગાદીના ઉન્નડ બાપુ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેમણે ધર્મની અગત્યતા સમજાવતાં ધર્મપાલન માટેનાં પ્રેરકબળ સમા સ્વામીશ્રીનો બહુ મહિમા દર્શાવ્યો. અને કહ્યું હતું કે ‘સ્વામીબાપા સ્વામિનારાયણ સંપ્રદાયની જ વિભૂતિ છે એવું નથી; પણ સમગ્ર ભારતની, સમગ્ર વિશ્વની વિભૂતિ છે. માટે આ ઉંમરે એમને આરામ મળે એ રીતે આપણે વર્તવું જોઈએ.’

તા. ૧૦મીએ નેપાળના રાજકુટુંબી મૃગેન્દ્ર સમશેર સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. મંદિર તથા સ્વામીશ્રીનાં દર્શન પામી રાજી થયા હતા.

કૃપામૂર્તિ કે કૃપાભિલાષી ?

ગોંડલમાં રહેતા ખૂબ જાણીતા વૈદ્યરાજ ચરણતીર્થ મહારાજને ત્યાં સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા પધાર્યા. એમણે સ્વામીશ્રીને કેટલીક દવાઓ પણ આપી.

વૈદ્યરાજના મકાનમાંથી બહાર નીકળતા સ્વામીશ્રીને એકાએક કંઈ યાદ આવ્યું હોય તેમ બોલ્યા : ‘લે, વૈદ્યરાજના આશીર્વાદ લેવાના તો રહી ગયા.’

તેઓ હંમેશાં સ્વસ્તિ વચન બોલી સ્વામીશ્રીને આશીર્વાદ આપતા. તેથી સ્વામીશ્રી પાછા અંદર જઈ વૈદ્યરાજને બાલસહજ નિર્દોષભાવથી કહે : ‘તમે

આશીર્વાદ આપવા ભૂલી ગયા.'

વૈદ્યરાજ પણ સ્વામીશ્રીની આ નિખાલસતા ઉપર વારી ગયા ને સ્વામીશ્રીને ભેટી પડ્યા. સ્વામીશ્રીએ તેમના બંને હાથ પોતાને માથે મુકાવ્યા ને પછી જ આશ્લેષમાંથી મુક્ત થયા. વૈદ્યરાજ તો જાણતા હતા કે 'લાખો લોકો જેમના આશીર્વાદ ઝંખે છે, તેમને હું શું આશિષ આપવાનો ?'

અહીંથી નીકળતી વખતે સ્વામીશ્રીએ હરિકૃષ્ણ મહારાજ - ઠાકોરજી પોતાની સાથે જ મોટરમાં લેવરાવ્યા. અને મંદિર આવતા સુધીમાં હરિકૃષ્ણ મહારાજના મહિમાની વાતો કરી :

'મેં મૂર્તિની બહુ સેવા કરી છે. આ મૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ પૂજેલી અને પછી માધવપ્રિય સ્વામી પાસે હતી. પછી અમારા ગુરુ કૃષ્ણચરણ સ્વામી પાસે આવી. પછી એમણે મને આપી. એમનો મારા પર બહુ રાજીપો હતો. હું એમની બહુ સેવા કરું. તે મને નીકળતી વખતે (જૂનાગઢથી) રાજી થઈને રજા આપી ને બાળમુકુંદ સ્વામીની સેવા કરવા કહેલું.'

સ્વામીશ્રી એટલા બધા તો પ્રસન્ન હતા કે માંદગી છે એવું જણાય જ નહિ. દસ વર્ષ પહેલાં જે સ્ફૂર્તિ હતી, તેવી તંદુરસ્તી લાગતી હતી. ખોળામાં ઓશીકું રાખી, અઢેલ્યા વગર મોટરમાં ટટ્ટાર બેઠા હતા.

ભક્તોની સરભરાથી સ્વાસ્થ્યની સમતુલા

હરિભક્તોની અવરજવર ખૂબ વધી ગઈ હતી. આખા દેશમાંથી હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને ઘેલા થઈને દોડી આવતા હતા. હરિભક્તોની સેવામાં સ્વામીશ્રી સંતોને ખડે પગે રાખતા અને કહેતા : 'હરિભક્તો ઘણા આવ્યા. બધાને તૃપ્ત કર્યા - જમાડ્યા તેથી મારી તબિયત સારી થઈ ગઈ. હરિભક્તોની સેવા સંતો કરે તો મારી તબિયત સારી થઈ જાય.'

જેના હૃદયમાં ભગવાનની અતૂટ ભક્તિ હોય એ જ ભગવાનના ભક્તનો આવો મહિમા સમજે ને સમજાવે. ભક્તિ ને મહિમા વગર આવો ભાવ દુર્લભ છે.

તા. ૧૩મીએ બપોરની કથામાં સૌને આશીર્વાદ આપતાં અક્ષર દેરીનો મહિમા બહુ કહ્યો :

'અહીં તીર્થમાત્ર આવી ગયાં. અક્ષર દેરીમાં અડસઠ તીર્થ આવી ગયાં. ગોંડલીમાં ગંગા નદી આવી ગઈ. અહીંથી કોઈ રસ્તા ઉપરથી નીકળે ને ગુણ લેશે, મંદિર જોશે ને ગુરુકુળ જોશે, તેનો સત્સંગમાં જન્મ થશે. ને મંદિરમાં

દર્શન કરશે તેનો પણ મોક્ષ થશે.’

તા. ૧૪-૧-’૭૦, મકરસંક્રાંતિના ઉત્સવ નિમિત્તે સૌએ સ્વામીશ્રીનું પૂજન કર્યું. સ્વામીશ્રીની આજ્ઞાથી પ્રમુખસ્વામી સહિત સૌ સંતો ગામમાં ઝોળી માગવા ગયા હતા.

પુનરુક્તિથી આશીર્વચનનું સમર્થન

સાંજે રાજકોટ પધાર્યા. ગોંડલમાં સૌએ ભાવભીની વિદાય આપી. સંતો-ભક્તો રડી પડ્યા હતા. સ્વામીશ્રીની વિદાય સૌને વસમી બની જતી. સૌને અખંડ બ્રહ્માનંદનું સુખ આપતી એ અલમસ્ત મૂર્તિનાં પ્રત્યક્ષ દર્શન-પ્રસંગ જાણે-અજાણે સૌના જીવમાં જડાઈ જતા. વિયોગની એ ક્ષણો પ્રાણહર બની જતી.

રાજકોટમાં અદાની દેરીએ દર્શન કરી, મંદિરે પધાર્યા. મકરસંક્રાંતિ નિમિત્તે સૌ હરિભક્તોએ સ્વામીશ્રીનું પૂજન કર્યું. આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

‘આપણે કોઈનું બગાડવું નહિ. બધાનું હિત થાય એમ કરવું. ભગવાન સૌનું ભલું કરે. આખા હિન્દુસ્તાનમાં, આખા વિશ્વમાં અક્ષરપુરુષોત્તમનો ડંકો વાગે. જુઓ, આપણે કેવા આશીર્વાદ આપ્યા કે ગોંડલ મંદિરના રસ્તેથી કોઈ ચાલે, એ પણ બીજે જન્મે સત્સંગમાં જન્મ લે ને એનું કલ્યાણ થાય.’

આગલે દિવસે જ આશીર્વાદના આ જ શબ્દો સ્વામીશ્રીએ ગોંડલમાં ઉચ્ચારેલા. એ જ વાતને જાણે વિશેષ સમર્થન આપતા હોય એમ, આજે ફરીથી એવા જ વિશાળ ભાવનાયુક્ત આશીર્વાદ આપ્યા. ત્યારે આપણને સમજાય કે મોટાપુરુષ જેમતેમ બોલી જતા નથી, પરંતુ એમનો પ્રત્યેક શબ્દ હંમેશાં સાર્થક હોય છે, જે દિવ્યભાવથી જ મનાય છે.

પ્રગટ બ્રહ્મના આશીર્વાદ

સ્વામીશ્રી બીજે દિવસે મંદિરના હૉલમાં પૂજા કરતા હતા. સ્વામીશ્રીએ તિલક કરવાની શરૂઆત કરી અને યોગીસ્વરૂપ સ્વામીએ કીર્તન ગાવાની શરૂઆત કરી :

‘દર્શન કરવા આવો રે ગોંડલમાં,
ગોંડલમાં અને અક્ષર મંદિરમાં... દર્શન કરવા.’

આ સાંભળી સ્વામીશ્રી બે હાથ ઊંચા કરીને તાળી પાડીને કહે : ‘બોલો બધા, આપણું કીર્તન આવ્યું.’ એમ લહેકાથી કહ્યું.

છેલ્લી કડી આવી :

'બ્રહ્મને સેવી પરબ્રહ્મને પામીએ,
પ્રગટ બ્રહ્મ બિરાજે રે ગોંડલમાં.. દર્શન કરવા.'

એ વખતે સ્વામીશ્રી યોગીસ્વરૂપ સ્વામી સામે એક નજરે જોઈ રહ્યા. અને જ્યારે તેઓ આશીર્વાદ લેવા ગયા ત્યારે બોલ્યા : 'કીર્તન બહુ સારું બનાવ્યું, શું નામ ?'

તેમણે કહ્યું : 'યોગીસ્વરૂપદાસ.'

સ્વામીશ્રી હસીને કહે : 'લ્યો પ્રગટ બ્રહ્મનો આશીર્વાદ !' એમ બે થાપા માર્યા અને પોતાનો રાજીપો દર્શાવ્યો.

અહીં તા. ૧૬મીએ સ્વપ્નદર્શનની વાત કરતાં સ્વામીશ્રી કહે :

'બોચાસણમાં હરિભક્તોના ઉતારામાં શાસ્ત્રીજી મહારાજ થાપ દેતા હતા. તે હું પણ સાથે હતો. ને હરિભક્તો ચાર-પાંચ તગારાં ભેગાં ઉપાડીને લાવે ને માટી-કાંકરા વગેરે નાખે. શાસ્ત્રીજી મહારાજ થાબડે. ને હું પણ સેવા કરતો હતો. એવા દર્શન થયા.'

'દુ:ખ આવે તો મને કાગળ લખજો'

અહીં આશીર્વાદ આપતાં કહ્યું હતું :

'આપણે આશરો દૃઢ રાખવો ને ભજન કરવું – બે મુદ્દા રાખવા, ને સેવા કરવી; એ ત્રણ વાત રાખવી. તો કોઈ દી' દુ:ખ નહિ આવે. ને દુ:ખ આવે તો તમે મને કાગળ લખજો.'

એ જ દિવસે ભાદરા મંદિરે દર્શન કરી આવ્યા.

તા. ૧૭મીએ સવારે પ્લેનમાં ભાવનગર થઈ, બપોરે મુંબઈ આવી પહોંચ્યા. રાજકોટ અને ભાવનગર ઍરપોર્ટ ઉપર હજારો હરિભક્તો દર્શને ઊમટ્યા હતા. સ્વામીશ્રીનાં દર્શન માટે એટલી બધી ગિરદી ને પડાપડી થઈ કે બધી વ્યવસ્થા બેકાબૂ બની ગઈ હતી. ઠેર ઠેર સ્વામીશ્રી પ્રત્યે લોકોને અનેરું ખેંચાણ થયું હતું. સ્થાનિક કલેક્ટરો અને અધિકારીઓ પણ ઍરોડ્રોમ ઉપર સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

આજે અહીં બપોરની કથામાં વચનામૃત વડતાલ ૧૪મું વંચાવતાં કહે :

'મહારાજે સતનો આશરો કરવાનું કહ્યું. પોતાનો આશરો કરવાનું ન કહ્યું. સંત એ મહારાજનું સ્વરૂપ જ છે. સંત ને મહારાજ એક જ છે એમ

મહારાજને કહેવાનું (તાત્પર્ય) છે.'

તા. ૨૩મીએ સવારે સ્વામીશ્રી પૂજા કરી રહ્યા હતા. પૂનમ હતી એટલે અમદાવાદના ખુશાલભાઈ ફળ-ફૂલ આદિના ટોપલા ભરી લાવ્યા હતા, તે સ્વામીશ્રીને બતાવતા હતા. ગિરદી ઘણી હતી. તેથી બીજા આ જોઈ અકળાતા હતા. સ્વામીશ્રી કહે : 'તેમને બતાવવા ઘો, આપણે જોઈએ તો તેમને પ્રેમ થાય ને ડબલ લાવે.' એ પણ મૂંઝાયા તો ખરા. તેમને સ્વામીશ્રીનું પૂજન કરી, આરતી કરવી હતી.

'આરતી કરો.' સ્વામીશ્રીએ જ કહ્યું અને ખુશાલભાઈ પૂનમિયાનો સંકલ્પ પૂરો કર્યો.

તેઓ દર પૂનમે અચૂક હિન્દુસ્તાનમાં સ્વામીશ્રી જ્યાં બિરાજતા હોય ત્યાં પહોંચી જતા ને દર્શન-સેવાનો લાભ લેતા. મૂળ ડાકોરની પૂનમો ભરતા; પણ પાછળથી ડાકોર અધિપતિ રણછોડરાયની પ્રત્યક્ષ પ્રેરણા મળતાં સ્વામીશ્રી સમક્ષ પૂનમો ભરવા માંડ્યા અને સ્વામીશ્રીમાં અત્યંત હેત અને નિષ્ઠાપૂર્વક જોડાઈ ગયા.

આજે સ્વપ્નદર્શનની વાત કરતાં કહે : 'સારંગપુરમાં શાસ્ત્રીજી મહારાજ ધર્મશાળાનું કામ કરાવતા હતા, એવાં દર્શન થયાં. પછી મેં કહ્યું : 'મને સેવા આપો.' પછી કોદાળી લઈને ખોદવા લાગ્યો.'

ઝાડેશ્વરના નારણભાઈ માધવભાઈ પોંડિચેરીથી પાછા વળતાં સ્વામીશ્રીનાં દર્શન માટે અહીં આવ્યા હતા. સ્વામીશ્રી ખૂબ રાજી થયા. ખબર-અંતર પૂછ્યા. ત્યારે સ્વામીશ્રીએ ઘર-વ્યવહાર વિશે પૂછતાં નારણભાઈએ પુત્રની વાત કરી કે 'કિરીટ ભણતો નથી ને પરીક્ષા આપવાની ના પાડે છે.'

સ્વામીશ્રી કહે : 'તે તો ભણશે.' એમ કહી ધબ્બો મારતાં કહે : 'એને તો અમેરિકા મોકલવો છે !'

સ્વામીશ્રીનાં આ વચને તે ભણીને અમેરિકા ગયો. તે વચન ૧૮ વર્ષે ફળ્યું. મોટાપુરુષના શબ્દો વ્યર્થ નથી હોતા. એ આવા પ્રસંગે પ્રતીત થાય.

પછી પોતાની સાથે જમવા બેસાડી, સ્વામીશ્રીએ નારણભાઈને ખૂબ પ્રસાદ અપાવ્યો અને રાજી કર્યા !

મુંબઈમાં સ્વામીશ્રીની સ્નાનાદિક અંગત સેવાનો લાભ લેવા, ઘણા યુવકો-સંતો આવતા. સ્વામીશ્રી સૌને વારાફરતી ઉપવાસ આપતા. કોઈને ઉપવાસ આપેલો હોય તો એની સામું જોઈને કહે : 'ટુ ડે ફાસ્ટ.' અને કોઈને બીજે દિવસે ઉપવાસ કરવાનું કહેવું હોય તો એકદમ હાથનું લટકું કરી કહે : 'ટુમોરો ફાસ્ટ.'

સ્વામીશ્રી એવા તો ઉત્સાહથી આવું અંગ્રેજી બોલતા કે સંતો-યુવકોને એ મૂર્તિ હૃદયમાં વસી જતી. ઉપવાસ કરવામાં આનંદ આવતો.

સ્નાન કરાવતી વખતે યુવકોને 'કામ-ક્રોધાદિક દોષો ટળે' એવા આશીર્વાદ આપતા અને જળ મુકાવતા.

સહન કરે એ એકાંતિક

બીજે દિવસે સવારે ગ.અં. ૮મું વચનામૃત સમજાવતાં કહે : 'કોઈ બે શબ્દ કહે તો ખમવું. આપણી ભૂલ ન હોય તોપણ ખમવું, એ એકાંતિક. સહન કરે એ એકાંતિક.' એમ સ્વભાવ મૂકવાની અને સહન કરવાની વાત એમના ઉપદેશમાં સોંસરી ચાલી આવતી.

જો કે સહન કરવાની પ્રક્રિયા મોટાપુરુષને રાજી કરવા અભિપ્રેત હોવી જોઈએ. 'સહન કરવું એ જ સાધુતા' એવું વારંવાર સમજાવતાં સ્વામીશ્રી કહેતા : 'સહન કરવાથી મોટા જીવમાંથી રાજી થાય, અંતરમાં અખંડ શાંતિ રહે અને આનંદના ફુવારા છુટે.'

સહનશીલતાની વજ્રશિલા ઉપર પોતાના સાધુ-જીવનની ગગનચુંબી ઈમારત ઊભી રાખનાર સ્વામીશ્રી સહનશીલતા, ક્ષમાના પ્રત્યેક ક્ષણે પ્રેરક હતા.

વળી, સવારે દેશી નાટક સમાજના એક કલાકાર સ્વામીશ્રી પાસે આવ્યા ને કહે : 'બાપા ! શાંતિ થાય એવા આશીર્વાદ આપો.'

'અહીં આવતા જાવ તો શાંતિ થઈ જશે.' સ્વામીશ્રીએ સહજભાવે પણ દૃઢતાથી કહ્યું. કારણ, સાચી શાંતિની હાટ એમણે માંડી હતી. અને રાત-દી' શાંતિનો વેપાર કરતા હતા. પણ સમાગમમાં બેસવું પડે.

મુંબઈમાં પણ પારાયણની પરંપરા ચાલુ હતી. મગનભાઈ રાજા, ડૉ. અમૃતભાઈ પટેલ તથા કુટુંબીઓ તેમજ મહેશભાઈ દોશી તરફથી પારાયણો યોજાયાં હતાં. એલેમ્બિક કેમિકલની જુદી જુદી શાખાના મૅનેજરો તથા અધિકારીઓ મળીને લગભગ ૧૦૦ જેટલા મહાનુભાવોને કેશવચંદ્ર અમીન આજે સ્વામીશ્રીનાં દર્શને લાવ્યા હતા.

બીજે દિવસે સવારે સ્વપ્નની વાત કરતાં કહે : 'આજે શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થયાં, પીજમાં. નિર્ગુણ સ્વામીનું ગામ ખરું ને ! પછી ઘઉંની સીઝન હતી. નિર્ગુણ સ્વામી કહે : 'શાસ્ત્રીજી મહારાજ ! ઘઉંનો ખરડો કરો.' પછી તેમના સગા હતા તેમને વાત કરી. તેમણે પાંચ મણ લખાવ્યા. સ્વામી કહે :

'પાંચ મણ ન હોય, દસ મણ લખાવો.' પછી બીજા પણ પટેલિયા હતા. તેમણે કોઈએ પાંચ મણ, દસ મણ ને પંદર મણ એમ લખાવ્યા. તે સો-સવાસો મણ ખરડો થયો. સ્વામી પોતે તળાવની પાળે ગાદલું નાખીને બેઠા હતા ને ત્યાં ખરડો કર્યો. ને સાંજે બધા પટેલિયા ફરવા નીકળ્યા. ને તેમને બોલાવીને ખરડો કર્યો. સ્વામીમાંથી બહુ તેજ તેજ છૂટતું હતું. જાણે તેજનો અંબાર. એમ શોભતા હતા.'

મુંબઈના ફડિયામામા ખૂબ જ વિચક્ષણ, સત્સંગપ્રેમી અને સાધુ-સંતોના પારખુ - મુમુક્ષુ જીવ હતા. તેમને સ્વામીશ્રીનો યોગ થયો. ને સાધુતા જોઈ જીવ મળી ગયો. પોતે જ્ઞાની, વિચારશીલ ને સ્વામીશ્રીનો તાગ કાઢવા પ્રયત્ન કરે, પણ ગમ પડે નહિ. એટલે એક દિવસ તેમની રમૂજી શૈલીમાં સંગીતની ભાષામાં કહે : 'સ્વામીબાપા કેમ તબલાં વગાડે છે તે તો સમજ જ નથી પડતી.'

'શેની ખબર પડે ? અભિપ્રાય જાણે એને ખબર પડે.' સ્વામીશ્રીએ સહજભાવે એકદમ કહી દીધું.

વળતે દિવસે સ્વામીશ્રી સંતો તથા ૬૦ જેટલા મહેમાનો સાથે, ૨૫ મોટરોમાં મુંબઈ - સ્વામિનારાયણ મંદિરે દર્શને પધાર્યા હતા.

સવારે મંગળ પ્રવચનમાં 'સારસિદ્ધિ' પૂરી થઈ ને 'ભક્તિનિધિ' શરૂ કરી. ૫-૪૫ વાગે સભા પૂરી કરી ઊઠતા હતા. સંતો પગે લાગતા હતા. ગુણાતીતચરણદાસ સ્વામીશ્રીને કહે : 'બાપા ! ઊંઘ આવી કે નહિ ?'

'ઊંઘનું શું પૂછો છો ? ભક્તિનિધિની વાત કરો ને ! નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તિની કેવી વાત કરી ? કેવો મહિમા કહ્યો ? પ્રગટની ભક્તિ વગર બીજું બધું આળપંપાળ કહ્યું.' સ્વામીશ્રીએ વાતવાતમાં મરમ સમજાવી દીધો.

❀ ❀ ❀



આફ્રિકા જવું કે નહિ ?

ભક્તોના ભાવનું નિરંતર ખાંતે કરીને જતન કરતા દયાળુ મૂર્તિ સ્વામીશ્રી, દૂર વસતા આફ્રિકાના આબાલવૃદ્ધ ભક્તોને અનેક પ્રકારે પોષણ આપતા. નિયમિત રીતે લખાતા પત્રોરૂપી કૃપાપ્રસાદથી સૌ હંમેશાં સત્સંગનું સુખ મેળવતા. સાથે સાથે સ્વામીશ્રીના નિર્મળ પ્રેમની અદશ્ય ધારા અસ્ખલિતપણે હજારો માઈલ દૂર સૌનાં અંતરદ્વારને સદા ઢંઢોળતી રહેતી. પ્રત્યક્ષ દર્શન-સમાગમ વિના ઘણા ભક્તો બેચેની અનુભવતા. નાના નાના બાળકો અને કિશોરો યોગીબાપાની એ વાત્સલ્યપૂર્ણ છબીને એકીટશે નિહાળતા રહેતા. પણ એ બાપાનાં પ્રત્યક્ષ દર્શન વગર સૌનાં હૃદયમાં કોઈ અગમ્ય વ્યથા અનુભવાતી.

દસ દસ વર્ષનાં વહાણાં વહી ગયાં. પણ હજુયે પૂર્વ આફ્રિકાના એ આબાલવૃદ્ધ ભક્તોની ઝંખના અધૂરી રહી હતી. સને ૧૯૫૫માં સ્વામીશ્રી મોમ્બાસા મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે પધાર્યા હતા. ત્યારથી અહીંના સત્સંગને સારો વેગ મળ્યો. પણ સને ૧૯૬૦માં યુગાન્ડામાં ત્રણ ત્રણ ભવ્ય મંદિરોની મૂર્તિપ્રતિષ્ઠા પછી સારાએ પ્રદેશમાં સ્વામીશ્રીની સંતસુવાસ મહેકવા લાગી. સંપ્રદાય સિવાયના પણ અનેક જિજ્ઞાસુઓ અને મુમુક્ષુઓ એમની સાધુતાનો સ્પર્શ મેળવવા આતુર હતા. સત્સંગ સમુદાય ખૂબ વધી રહ્યો હતો. નવા મુમુક્ષુઓ સત્સંગમાં આવતા થયા હતા. પણ પ્રગટનું સુખ હજુ તેમણે માણ્યું નહોતું. એવામાં કેન્યાના પાટનગર નૈરોબીમાં મંદિરનું નિર્માણ થયું. અને એ નિમિત્તે સૌએ સ્વામીશ્રીને આફ્રિકા પધારવા વિનંતીઓ પાઠવી.

આ બાજુ સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય પણ નરમ રહેતું હતું. દૂર દેશનો પ્રવાસ ખેડવો એમને બહુ ગમતો ન હતો. વળી, અગાઉના બે પ્રવાસોમાં કેટલીક શારીરિક તકલીફ ઊભી થઈ, જે કાયમ માટે ઘર કરી ગઈ હતી. એથી પણ સ્વામીશ્રી આનાકાની કરતા રહેતા. એમાં પણ છેલ્લાં બે-ચાર વર્ષથી સખત

શરદી, સજ્જડ કફ, અશક્તિ વગેરે તકલીફોને કારણે ડૉક્ટરોએ સ્વામીશ્રીને સંપૂર્ણ આરામ માટે સલાહ આપી હતી. આમ, એક તરફ આફ્રિકાના હરિભક્તોનો આગ્રહ અને બીજી તરફ ઉપસ્થિત થયેલી શારીરિક અગવડોને કારણે, કોઈ નિર્ણય આવતો ન હતો.

જેમ જેમ સ્વામીશ્રીનું આવવાનું ઠેલાતું હતું, તેમ તેમ ભક્તોનો ભાવ વધુ ઉત્કટ બનતો જતો હતો. પૂર્વ આફ્રિકાના દરેક સત્સંગ કેન્દ્રમાં, 'સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય સારું રહે અને જલદી આફ્રિકા પધારે,' એ પ્રકારની પ્રાર્થના સતત ચાલુ હતી.

બેસતા વર્ષ(સં. ૨૦૨૫)ના શુભ દિવસે સ્વામીશ્રીએ અક્ષર દેરીમાં 'આફ્રિકા જવું કે નહિ ?' એ અંગે ચિઠ્ઠી નંખાવી. ભગવાનના અખંડ ધારક આ સંતે સૌને મોહમાં મૂકી દીધા. ચાર ચિઠ્ઠીમાંથી બે ચિઠ્ઠી સ્વામીશ્રીએ જાતે જ ઉપાડી. અને બંને ચિઠ્ઠીમાં હકારાત્મક જવાબ મળતાં, સ્વામીશ્રીએ પોતે જ ઉલ્લાસમાં આવી જાહેરાત કરી કે 'આપણે આફ્રિકા જવું છે.'

સ્વામીશ્રીની આ વિલક્ષણતા હતી. જ્યારે જ્યારે કોઈ નિર્ણય લેવાનો પ્રસંગ આવે ત્યારે પોતે જ સૌને દ્વિધામાં મૂકી દે. ઘડીક પોતે કહે કે 'આફ્રિકાના હરિભક્તોનો ભાવ છે, નૈરોબીમાં મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગ છે, જઈ આવીએ. મહારાજ તબિયત સાચવશે.' વળી, ડૉક્ટરો ને મોટેરા હરિભક્તો સ્વાસ્થ્યનો પ્રશ્ન લાવીને મૂકે એટલે પોતે જ કહે કે 'હા, તબિયત સારી નહિ, ડૉક્ટરો ના પાડે છે ન જઈએ.' આમ, પોતે જ સૌને મોહમાં મૂકી દેતા. પણ અંતે ચિઠ્ઠી દ્વારા પોતાનું ધાર્યું કર્યું.

ડિસેમ્બર '૬૯માં એક વર્ષ પછી આફ્રિકા જવાનો નિર્ણય લેવાઈ ગયો. આફ્રિકાના સૌ હરિભક્તોમાં આનંદ આનંદ પ્રસરી ગયો. તૈયારીઓ શરૂ થઈ ગઈ. અને વળી, એકાએક સ્વામીશ્રીની તબિયત બગડી. સૌ મુઝાયા. સ્વામીશ્રીને જેમનામાં અનન્ય વિશ્વાસ હતો એવા મુંબઈના નિષ્ણાત ડૉક્ટર મિનોચર મોદીએ, 'પરદેશની મુસાફરી સ્વામીશ્રી માટે હવે જરાપણ હિતાવહ નથી' એમ સ્પષ્ટ જણાવ્યું. વળી આફ્રિકાના સૌ ભક્તો નિરાશ થઈ ગયા. કારણ, ડૉક્ટરોની સલાહ વિરુદ્ધ સ્વામીશ્રીને પરદેશ લાવવા, તેમને પણ ખૂંચતું હતું.

આ બધી માનુષી લીલાનો સ્વામીશ્રીએ ગોંડલમાં જ અંત આણ્યો. તબિયત એકદમ સુંદર બતાવી. અને પોતે જ સૌને હૈયાધારણ આપી કે 'આફ્રિકા જવું જ છે. અને વસંત પંચમીએ નૈરોબીમાં મૂર્તિપ્રતિષ્ઠા કરવી જ છે,

તૈયારી કરો.'

આફ્રિકાના હરિભક્તોના પ્રેમભાવ અને મહિમાનાં સૌને દર્શન કરાવવા સ્વામીશ્રીએ દેશના પણ કેટલાક હરિભક્તોને સાથે આવવા આદેશ આપ્યો. લગભગ પચીસ જેટલા દેશના હરિભક્તો એક મહિના અગાઉ સ્ટીમર દ્વારા મોમ્બાસા પહોંચી ગયા.

ચકનાચૂર રહત નિત્ય છાકે

તા. ૧-૨-'૭૦, સવારે બહુ મસ્તીમાં હતા. ઊંઘનું પૂછ્યું તો કહે : 'ખૂબ આવી.' પછી તબિયતનું પૂછ્યું તો કહે : 'આજે બહુ સારી છે. ટોપરા જેવી છે.'

'જવું જ છે.' એમ કેફમાં બોલી રહ્યા હતા.

આફ્રિકા જવાની ડૉક્ટરોની ના હતી; પણ આફ્રિકાના હરિભક્તોની ખૂબ ખેંચ હતી, એટલે નાદુરસ્ત તબિયત હોવા છતાં સ્વામીશ્રીએ ભક્તોના પ્રેમવશ થઈ, જવાનો નિર્ધાર કર્યો હતો. પોતે અમલમાં હોય એમ બોલે જતા હતા :

'મહારાજ, સ્વામી બધા ભેગા આવશે. એક બીજું પ્લેન કરવું પડશે. એમાં બધા આવશે. બધા મુક્તો એમાં આવશે.'

'એમના પાસપોર્ટનું શું ?' કોઈએ વચમાં રમૂજ કરી.

'એમને જરૂર નહિ.' એમ નિધડકપણે બોલતા હતા. મહારાજ, સ્વામી અને અનંત કોટિ મુક્તો એમની સાથે અખંડ છે - એમ સમજાવ્યું.

મોક્ષની માત્રા

સ્વામીશ્રી સભામાં વિરાજમાન હતા. આફ્રિકાના એક યુવક સ્વામીશ્રી પાસે આવ્યા ને કહે : 'મારે પાઈલટ થવું છે.'

'મૂકોને બધું. તમને બનાવવા છે. મોક્ષના પાઈલટ કરવા છે.' સ્વામીશ્રીએ પોતાનો અભિપ્રાય કહ્યો. કોઈપણ મુમુક્ષુ ભગવાન સન્મુખ કેમ બને એ જ સ્વામીશ્રીને મન જીવનની સાર્થકતા હતી.

એવામાં સલાડના હરિકૃષ્ણભાઈ અમેરિકા જતા હોવાથી, સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપ્યા અને કંઠી બાંધવા કહ્યું.

'હું ગાયત્રીને માનું છું.' તેમણે કહ્યું.

'કંઠી પણ પહેરો.' એમ કહી સ્વામીશ્રીએ તેમને વર્તમાન ધરાવી કંઠી પહેરાવી. પૂજા આપી અને સમજાવવા લાગ્યા : 'ડબલ ઈન્જિન. નાસિક જતાં

બે ઈન્જિન લગાડે છે. આગળ ને પાછળ. એમ બે ઈન્જિન.' એમ કહેતાં સ્વામીશ્રીએ હરિકૃષ્ણભાઈને નિઃસંશય કર્યા. પૂજા-પાઠ કરવા કહ્યું.

'અમારા યુવકો ત્યાં ઘણા છે. તેનાં સરનામાં આપશું. તમે ટેલિફોન કરજો.'

'આપણે અમેરિકામાં મંદિર કરવું છે.' સ્વામીશ્રીએ એકાએક પોતાનો સકલ્પ જાહેર કર્યો.

પોતાની ખુરશી એ યુવક પાસે ઉપડાવી સેવા આપી. અમેરિકા જતાં પહેલાં સંસ્કારનું ભાતું બાંધી આપ્યું.

સવારે ૧૦-૦૦ વાગે કહે : 'સ્વપ્નું આવ્યું, હું ભંડારમાં હતો. પછી બાળમુકુંદ સ્વામીને પ્રમુખસ્વામીએ બોલાવવા મોકલ્યા. પ્રમુખસ્વામી શીરો હલાવતા હતા. મેં કહ્યું બાળમુકુંદ સ્વામીને કે 'પ્રમુખસ્વામીને શીરો શું કામ હલાવવા ઘો છો ?' પછી આગળ ગયો તો હજારો બ્રાહ્મણો રસોઈ કરતા હતા. ને ચૂરમા પડેલા. મોટા ઢગના ઢગ પડ્યા હતા. કેટલાક બ્રાહ્મણો લાડુ વાળતા હતા. એવા દર્શન થયાં.'

સ્વામીશ્રીને વિદાય આપવા ગુજરાત-સૌરાષ્ટ્રમાંથી સેંકડો હરિભક્તો આવી પહોંચ્યા હતા. ડૉ. મિનોચર મોદીએ પણ સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય સંપૂર્ણ તપાસીને જણાવ્યું હતું કે 'સ્વામીશ્રીની ઇચ્છા હોય તો ભલે આફ્રિકા જાય, પણ ક્યાંય ૫૦ માઈલથી વધારે મોટર પ્રવાસ ન ખેડે, કોઈપણ પ્રકારનો શારીરિક શ્રમ ન વેઠે અને પાંચ મિનિટથી વધુ આશીર્વાદ ન આપે, અને દરેક જગ્યાએ સારી રીતે આરામ લે.'

તા. ૨જીએ ૨૦૦ જેટલા યુવકોએ નિર્જળા ઉપવાસ કર્યા હતા અને 'સ્વામીશ્રીની તબિયત પ્રવાસ દરમ્યાન સારી રહે' - એવી પ્રાર્થના કરી હતી.

બધા સંતોની સાથે ત્યાગવલ્લભ સ્વામીને પણ સ્વામીશ્રી આફ્રિકાના પ્રવાસમાં સાથે લઈ જતા હતા. દાદર મંદિરમાં લગભગ છેલ્લાં દસ વર્ષથી તેઓ રસોડાની તમામ જવાબદારી સંભાળતા. 'રસોડાની બહાર તેમણે પગ નથી મૂક્યો' - એમ કહીએ તો અતિશયોક્તિ ન ગણાય. એટલી નિષ્ઠાપૂર્વક અને મહિમાપૂર્વક તેમણે સેવા બજાવી હતી. મા જેમ બાળકોને સાચવે એવા વાત્સલ્યભાવથી નાના-મોટા સંતો તથા હરિભક્તોને તેમણે સાચવ્યા હતા. આ જવાબદારી ઘણી જ મોટી હતી. તેમની ગેરહાજરીમાં આ કાર્ય એવી જ રીતે ચાલવું જોઈએ. તેથી સ્વામીશ્રીએ ઘનશ્યામપ્રસાદ સ્વામીને સવારે પોતે સ્નાન કરતા હતા ત્યારે બોલાવીને સમજાવ્યા. આટલી મોટી જવાબદારી બરાબર ન

સચવાય એ વિચારથી તેમનું મન પાછું પડતું હતું. 'બધું આવડી જશે' એમ કહી, સ્વામીશ્રીએ તેમને આશીર્વાદ આપ્યા. છતાં તેમનું મન ખચકાતું હતું.

સ્વામીશ્રી એક વાર રસોડામાં આવ્યા. સાથે ઠાકોરજીનો પ્રસાદીનો હાર લાવ્યા હતા. તે ઘનશ્યામ સ્વામીને પહેરાવી દીધો. આશીર્વાદનો ધબ્બો આપ્યો. હેત-પ્રીતથી સૌને વશ કરી, સત્સંગમય કરવાની સ્વામીશ્રીની રીત અનોખી હતી. સ્વામીશ્રીના આશીર્વાદથી જ ઘનશ્યામ સ્વામીએ ટૂંક સમયમાં જ રસોઈમાં સારી કુશળતા પ્રાપ્ત કરી. ઠાકોરજીનો અન્નકૂટ કરવો હોય કે હજારો ભક્તોને જમાડવા હોય - તેમને મન સહજ થઈ ગયું.

પદપંકજ પરમ ઉલ્લાસે હો

સ્વામીશ્રી પરદેશના પ્રવાસે જવાના હોવાથી પાંડુરંગ દાદાજી આજે બપોરે ૨-૦૦ વાગે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રી ઠાકોરજી જમાડી, બપોરની કથા પૂરી કરીને હજી તો થોડી વાર પહેલાં જ પોઢી ગયા હતા.

ડૉક્ટર સ્વામીએ શાસ્ત્રીજીને કહ્યું કે 'આપ જો સાંજે આવો તો મળાશે અને સ્વામીશ્રીને આનંદ થશે.'

શાસ્ત્રીજીનો કાર્યક્રમ ગોઠવાઈ ગયો હતો એટલે તેમનાથી સાંજે આવી શકાય તેમ ન હતું. આથી શાસ્ત્રીજીએ કહ્યું કે 'જો તમને વાંધો ન હોય, તો મને સ્વામીશ્રી સૂતા છે તે દર્શન કરાવો.'

પછી તેમને સ્વામીશ્રીની રૂમ પાસે લઈ ગયા અને અવાજ ન થાય તેમ ધીમેથી બારણું ખોલ્યું. સ્વામીશ્રી બ્લૅન્કેટ ઓઢીને પોઢી ગયા હતા, પરંતુ સ્વામીશ્રીનું એક ચરણ બ્લૅન્કેટની બહાર હતું. તેથી તેનાં દર્શન કરીને શાસ્ત્રીજી કૃતાર્થ થયા. અને અત્યંત સંતોષ પામી હરખભેર વિદાય થયા.

તા. ૩જીએ સવારે ઊઠ્યા પછી ગુણાતીતચરણદાસ કહે : 'બાપા ! આજનું અમૃત વાક્ય કહો.'

થોડી વાર વિચારી સ્વામીશ્રી બોલ્યા : 'જેવી રીતે કેગરનાં લાકડાંને અગ્નિ લાગતો નથી, તેમ આપણે ભક્તિ કરીએ તો માયા પરાભવ ન કરે.'

ટાઢું, ટાઢું ને ટાઢું કેમ રહે ?

સાંજે ૫-૦૦ વાગે અક્ષર ભવનમાં કથાવાર્તાના પ્રસંગમાં સ્વામીશ્રીએ કહ્યું : 'આ બધા ગામેગામથી હરિભક્તો આવ્યા છે. તે શું પરચો જોવા

આવ્યા છે ? ચમત્કાર થાય તે માટે આવ્યા છે ? ના. પોતાનું કલ્યાણ કરવા આવ્યા છે. સંબંધે કલ્યાણ થઈ જાય.

'બધાને આશીર્વાદ આપવામાં આવે છે કે શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ સભારજો, તો અતરમાં ટાઢુ, ટાઢુ ને ટાઢું થશે.'

વિદાય સમારંભ

રાત્રે ૮-૩૦ થી ૧૦-૦૦, માટુંગામાં પોદાર કૉલેજ હૉલમાં વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. શહેરના નગરપતિ જમિયતરામ જોશી તથા કૃષ્ણશંકર શાસ્ત્રીજી ખાસ આવ્યા હતા. ગુજરાતનાં ગામેગામથી તથા દિલ્હી, કલકત્તા વગેરે દૂરનાં કેન્દ્રોમાંથી ૩,૦૦૦ જેટલા હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને આવી પહોંચ્યા હતા. હર્ષદરાય દવે, કૃષ્ણશંકર શાસ્ત્રીજી તથા જમિયતરામ જોશીએ સ્વામીશ્રીના ગુણાનુગાન કરી, સફળ પ્રવાસ અંગે શુભેચ્છા પાઠવી. અટલાદરા મંદિરના કોઠારી અક્ષરસ્વરૂપ સ્વામી, બોચાસણ મંદિરના કોઠારી અક્ષરપ્રિય સ્વામી તથા મુંબઈ મંદિરના કોઠારી ભક્તિપ્રિય સ્વામીએ સ્વામીશ્રી તથા સંતોને ફૂલહાર કર્યા. મુખ્ય મુખ્ય હરિભક્તોએ પણ સંતોને ફૂલહાર અર્પણ કર્યા. આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું :

'બે પ્રકારની ડિગ્રી છે. એક આ લોકની અને બીજી અક્ષરધામની. ભગવાનના ધામમાં જવાય એ ડિગ્રી મેળવવા માટેનો આ મેળાવડો છે. સત્સંગમાં જીવ ગુંથાઈ જાય એ કરવાનું છે. પંચ વિષય ઝેર જેવા થઈ જાય. નાટક, સિનેમા, બીડી, સિગારેટ બધું બંધ થઈ જાય. *કુસંગીના ફેલમાં સત્સંગીના રોટલા.* ભગવાનની ભક્તિ કરવી એ જ જીવનું ભાથું છે. આ સભામાં બેઠા તે અક્ષરધામમાં લેખ લખાઈ ગયો. આ દર્શનથી, કથાવાર્તાથી કલ્યાણ થઈ ચૂક્યું – એમ સમજવું. એમાં શંકા રાખવી નહિ.'

ગુજરાતમા ભાગવતના પ્રખર જ્ઞાતા ને કથાકાર ભક્ત કૃષ્ણશંકર શાસ્ત્રીને જ્યારથી સ્વામીશ્રીનો યોગ થયો, ત્યારથી એક અનોખી પ્રીતિની ગાંઠ સ્વામીશ્રી સાથે બંધાઈ ચૂકી હતી. સ્વામીશ્રીની નિખાલસતા, સાધુતા ને નિર્દોષતા તેમને એટલાં સ્પર્શી ગયાં હતાં કે પોતે સ્વામીશ્રીને પિતાતુલ્ય માનતા ને સ્નેહ કરતા.

આજે સભામાં તેમણે સ્વામીશ્રીને વંદન કરી, રૂપેરી કોરનું, સુંદર રેશમી પીળું ઉત્તરીય ઓઢાડ્યું.

તેઓ જ્યારે સભામાંથી જવા ઊઠ્યા ત્યારે સ્વામીશ્રીએ તેમને નજીક બોલાવ્યા અને એટલા જ પ્રેમથી એ વસ્ત્ર તેમને પોતાના તરફથી ઓઢાડી દીધું. સ્વામીશ્રીની આ ચેષ્ટા કોઈ સમજી શક્યું નહિ, પણ શાસ્ત્રીજીના જ પ્રેમનો પ્રતિભાવ, એમની નિર્મળ મુખાકૃતિમાંથી સહેજે પ્રગટ થતો હતો. શાસ્ત્રીજી વધુ આગ્રહ કરી શક્યા નહિ, પણ બાપાની પ્રસાદી જાણી ભેટ પાછી સ્વીકારી, અને 'આ વસ્ત્રપ્રસાદી ગૃહસ્થને વધુ શોભશે' એમ ધારી, તેમણે સભાપ્રમુખ શ્રી જમિયત જોશીને તે ઉત્તરીય ઓઢાડી દીધું.

સમારંભના કેન્દ્રમાં ચાલી રહેલી પ્રેમની આ આપ-લે સૌનું સતત ધ્યાન ખેંચતી રહી. એક પ્રશ્ન પણ સૌનાં મનમાં મૂકતી ગઈ કે 'સ્વામીશ્રીએ આ વસ્ત્ર કેમ પાછું આપ્યું ?' પણ શાસ્ત્રીજીએ જ્યારે એ વસ્ત્ર પાછું જમિયતરામને ઓઢાડ્યુ, ત્યારે જ સૌને સમાધાન મળ્યું કે 'આવું સુંદર રેશમી વસ્ત્ર, મહારાજની આજ્ઞા વિરુદ્ધ સ્વામીશ્રી ન રાખે.'

શ્રીજીની આજ્ઞાના અખંડ પાલક, કોમળ સ્પર્શને સર્પ સમાન લેખતા સ્વામીશ્રીએ એ વસ્ત્રનો તત્કાળ અનાદર ન કર્યો. શાસ્ત્રીજીની ભાવપૂર્તિ કરીને જ વિનયપૂર્વક એનો ત્યાગ કર્યો. વૈરાગ્યનો આ વિવેકપૂર્ણ અભિગમ પણ સ્વામીશ્રીની સાધુતાનો દ્યોતક બની રહ્યો !

એક ટેક દૃઢ અંતરમાંહી

ગ્રીષ્મના પ્રચંડ તાપમાં પણ પવનના હુંફાળા સ્પર્શથી દૂર રહેતા સ્વામીશ્રીને આફ્રિકામાં નૈરોબીના ઠંડા વાતાવરણમાં કેમ રહેવાશે ? એ પ્રશ્ન મૂંઝવતો હતો. એને માટે શરીર ઉપર ઓઢવાનાં ગાતરિયાં - ઉત્તરીય વસ્ત્ર પણ જો ગરમ હોય તો ઠંડી ખાળી શકાય.

આમ તો સ્વામીશ્રી સુતરાઉ ગાતરિયાં જ હંમેશાં પહેરતા, ને ગાંઠ મારતા. એટલે હૂંફ સારી રહે.

મુંબઈના પ્રેમી ભક્તરાજ જયંતીભાઈ, શરીરને સારી ગરમી આપી શકે એવી કાશ્મીરી શુદ્ધ પશમિનાની ગરમ શાલો લઈ આવ્યા. શાલનો ગરમાવો સ્વામીશ્રીને પસંદ પડી ગયો ને મનોમન ખાતરી થઈ કે 'આ શાલ જો ગાંઠ મારીને ઓઢીએ તો જરૂર ઠંડી લાગશે નહિ.' પણ એમણે તુરત જયંતીભાઈને પૂછ્યું : 'આ પહેરાય ? કેટલામાં પડી ?'

વણિકબુદ્ધિ જયંતીભાઈએ સહજતાથી જવાબ વાળ્યો : 'બાપા ! બજારમાં

બે-ચાર જગ્યાએ ફર્યો, ને આ શાલ બહુ સસ્તામાં મળી ગઈ. ગરમ પણ સારી છે. આપ વાપરો. અમારા જૈન સાધુ-મહારાજો પણ આ શાલ ઓઢે છે.'

જયંતીભાઈની વાતમાં સ્વામીશ્રીને કંઈક વિશ્વાસ બેઠો, પણ એમનું મન પૂરેપૂરું સંશયરહિત થયું નહોતું.

એંશી વર્ષની વયે પણ ગરમ સીવેલું વસ્ત્ર કે ગરમ સ્વેટર પહેરવાનું તો સ્વામીશ્રી કોઈ વાતે સ્વીકારે જ નહિ. ભલે ઠંડીથી દેહ પડી જાય, પણ મહારાજની આજ્ઞા કેમ લોપાય ? આવા કડક વ્રતધારી સ્વામીશ્રીને જ્યારે બધાએ મળીને સમજાવ્યું કે 'આ શાલ સોંઘી છે;' ત્યારે જ એમણે એ અંગીકાર કરી.

આફ્રિકાથી લંડન જતી વખતે પણ જ્યારે સૌ હરિભક્તોએ એમને હાથ-પગનાં ગરમ મોજાં પહેરવાનું સમજાવેલું ત્યારે એમણે ઘસીને ના પાડી દીધી હતી કે 'આપણાથી એ પહેરાય જ નહિ.' નૈરોબીમાં દીનુ ભટેસા તો સારાંમાં સારા હાથ-પગના ગરમ મોજા લઈ પણ આવ્યા, ને અત્યંત પ્રેમ ને આગ્રહપૂર્વક અંગીકાર કરવા વિનંતી કરી, પણ એ વહાલા યુવાનના પ્રેમને પણ આ બાબતમાં સ્વામીશ્રી વશ ન થયા. બીમારી અને વૃદ્ધાવસ્થામાં સાધુને મહારાજે છૂટ આપી હોવા છતાં સ્વામીશ્રી આવા અલ્પ નિયમોને પણ ચુસ્તપણે વળગી રહેતા.

અમૂલ્ય સંભારણું

સ્વામીશ્રી આવતીકાલે તો વિદેશયાત્રાએ જવાના હતા. વાતાવરણમાં થોડી ગમગીની હતી. યુવકો સ્વામીશ્રીનો શક્ય તેટલો લાભ લેવા તત્પર રહેતા.

તા. ૪થીએ સંધ્યા સ્નાન વિધિ પછી સ્વામીશ્રી વસ્ત્રો બદલતાં કહે : 'ગુણુભાઈ ! આ યુવકોએ આપણી બહુ સેવા કરી. આપણે એમને લે'ણી (લહાણી) કરવી છે. લાવો થેલી, બધાને વસ્તુ આપીએ.'

યુવકો તો રાજીના રેડ થઈ ગયા કે આવું અમૂલ્ય સંભારણું સ્વામીશ્રીના હાથે ક્યાંથી ?

ગુણુભાઈએ સ્વામીશ્રીને થેલી આપી, જેમાંથી ક્યારેય કોઈએ કલ્પી ન હોય એવી લે'ણી નીકળી. સ્વામીશ્રી દરેકને થેલીમાંથી કૌપીન કાઢી કાઢીને આપવા લાગ્યા. ને કહે : 'જાઓ, આ લે'ણી ! બધા તાણીને બાંધજો !'

આજીવન બ્રહ્મચર્યના હિમાયતી અને નૈષ્ઠિક બ્રહ્મચર્યના અખંડ ધારક પુરુષ પાસે આપવા જેવી પણ એ જ વસ્તુ હોય છે, જેનાથી વ્યક્તિનું

જીવન ઉન્નત બને, નિષ્કલંક બને અને સત્સંગની દૃઢતા પ્રતિદિન બળવત્તર બનતી જાય.

સત્પુરુષ અનાદિ ગુણાતીત છે

બીજે દિવસે રાત્રે ૮-૪૫ વાગે, પોદાર કૉલેજ હૉલમાં જાહેર સત્સંગ સભામાં મધ્વ સંપ્રદાયના પ્રખર વિદ્વાન પંડિતરાજ ગોપાલાચાર્યજીએ અંગ્રેજીમાં જણાવ્યું કે ‘સ્વામીશ્રી નૈરોબી અને બીજે સ્થળે જાય છે, તે બાજુ નાસ્તિકો ઘણા છે. પણ સ્વામીશ્રી પારસમણિ છે. એમના સ્પર્શથી પથ્થરો પણ સુવર્ણ થઈ જાય છે. યોગીજી મહારાજના - પારસમણિના સ્પર્શથી ત્યાંના નાસ્તિકો પણ થોડા જ સમયમાં આર્યો થઈ જશે.

‘સ્વામીજી એક જાગ્રત સંસ્થા છે. એમને ભગવાનમાં અટલ વિશ્વાસ છે. અનંત સ્ફૂર્તિની મૂર્તિ છે, સાક્ષાત્ યોગીજી મહારાજ.

‘આ કેવળ સ્વપ્ન નથી, પણ વિદ્યમાન ભાવના છે. યોગીજી મહારાજ જે કરવા ઇચ્છે તે કરી શકે છે. તે સિદ્ધ થાય છે.’

અંતમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે ‘આજે આપણે પોદાર કૉલેજમાં સભા ભરી છે. કાલે વિદાય સમારંભ થયો. આજેય અહીં સભા ભરી. આ સત્સંગની સભા - અક્ષરધામની સભા ગણાય. છેલ્લાના બીજા વચનામૃતમાં મહારાજે લખ્યું :

‘પૂર્વે જે કંઈ આપણને સંસ્કાર થયા છે, તે સત્પુરુષને યોગે કરીને જ થયા છે; અને આજે પણ જે કંઈ સંસ્કાર થાય છે તે પણ સત્પુરુષને યોગે કરીને થાય છે. અને જેને આવો મહિમા નથી સમજાતો, તેને મંદબુદ્ધિવાળો જાણવો.’

‘માટે એવા સત્પુરુષનો યોગ જેમ છે તેમ થાય, તો અખંડ અહોભાવ રહે. તે સત્પુરુષ અનાદિ ગુણાતીત છે.

‘જ્ઞાન એટલે શું ? આત્મજ્ઞાન.

‘આત્મા કોણ ? આત્મા એટલે ઘણા જીવાત્મા કહે છે. પણ મહારાજ કહે છે, ‘આત્મા એટલે અક્ષર-ગુણાતીત.’ ગીતાના આઠમા અધ્યાયમાં અક્ષરની વાત છે. સત્સંગિજીવન, વચનામૃત અને હરિલીલાકલ્પતરુ ગ્રંથમાં પણ આ વાત છે. બ્રહ્મરૂપ થઈએ તો જ મહારાજની સેવામાં રહેવાય. મોટી સભામાં કોઈ મેલાં કપડાં પહેરીને આવે તો ધોકાવીને કાઢે. અત્યારે છોકરા ટાટ (સ્ટાર્ચવાળાં) કપડાં પહેરે છે. તેવાં પહેરીને આવે તો બેસવા દે. તેમ અક્ષરધામમાં જવાની

ખૂબી છે. એમ ને એમ બાપા જવા દે તેમ નથી.

'બ્રહ્મરૂપ થાય - એકાંતિક થાય તો જવાય. બધાંની સેવા કરવી પડે, બધાંમાં નિર્દોષબુદ્ધિ રાખવી પડે, કોઈનો અવગુણ-અભાવ ન લ્યે, તો અક્ષર-ધામમાં મહારાજ જવા દે.

'કાંઈક આઘુંપાછું કરશું તો બાપા કહી દેશે : 'જાવ મદ્રાસની જેલમાં.'

'સ્વામી વાતમાં કહે છે : 'આચાર્ય હોય કે નાનો-મોટો ભગવાન હોય કે ભગવાનનો પુત્ર હોય, પણ મહારાજે આ પાંચ વચનામૃત ગ.પ્ર. ૨૩, ગ.મ. ૩૦, ૪૫, અમદાવાદ ૨, ૩ – આ પાંચ વચનામૃતમાં કહ્યું છે તેમ કર્યા વગર છૂટકો નથી.

'ભગવાન પુરુષોત્તમ નારાયણની સમજણ કર્યા વગર છૂટકો નથી. જ્ઞાન સમજે તો તેનામાં ભગવાન રહે.

'આજે પોદાર કૉલેજમાં છીએ. કાલે પાંચ હજાર માઈલ દૂર નૈરોબી હશું. તેમ અક્ષરધામનો પ્લેન ઊડવો જોઈએ. મહારાજ એમ ને એમ પેસવા ન દે. આશરો હશે ને ભક્તિ કરી હશે, તો ધામમાં જવાશે.

'આ દેહનો નિર્ધાર નથી. હાર્ટફેલ ! સવારે તો ભાઈ હતા, પણ તરત દેહ પડી જાય. કેન્સલ (કેન્સર) ! આ પણ એવું છે. માટે,

'કાલ કરવું તે આજ કરવું, આજ કરવું તે અબ;
મૂળ વિનાનું ધોકડું, ઢળી પડશે ઢબ, કરેગા કબ ?'

'બધાંને મૂળ છે, એક દેહને નથી.

'ભગવાનનો આશરો કર્યો હોય પછી દેહ આજ પડે કે પછી સો વરસ કેડે પડે, તેનું કાંઈ નહિ. તે ભગવાનના ધામમાં જ જાય.

'હું જાઉં છું, હું માફી માગું છું. કાલે પ્લેનમાં જવાનું છે તેથી વહેલા ઊઠવાનું છે. તમે કોઈ સભામાંથી ઊઠશો મા. પ્રમુખસ્વામી, મહંત સ્વામી વાત કરશે. છેલ્લે (શંકર) કવિ પાસે વાત કરાવજો. હું જગ્યા ખાલી કરું છું.

'મુંબઈ બંદરના તથા બધા હરિભક્તો તને, મને, ધને સુખી થાય. મહારાજ રક્ષા કરે ને તેડવા આવે.

'આપણે આશરો કરી, ની'મ-ધર્મ પાળી, ભગવાનના ધામમાં જવું છે – તે નિશ્ચય રાખવો.'

❀ ❀ ❀